ચોથી શ્રેણી

પુસ્તક–૧૦૭

તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે
થી
તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
ફાલ્ગુન ૧૦, ૧૯૪૫ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## પંદરમી ગુજરાત વિધાનસભા
## ચોથું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

**પુસ્તક–૧૦૭** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**


| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે** | | |
| **પ્રથમ બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧ | ૧૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૬ | ૭૦ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ ) | ૭૧ | ૧૦૦ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૦૧ | ૧૧૨ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૧૩ | ૧૪૪ |
| રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ–૪૪) ( બેટ દ્વારકા જવા માટે પરિવહનની સવલત આપવા બાબત ) | ૧૪૫ | ૧૪૫ |
| માનનીય અધ્યક્ષશ્રીની સ્પષ્ટતા ( નિયમ–૪૪ ના નિવેદન અંગે) | ૧૪૫ | ૧૪૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૪૬ | ૧૪૭ |
| વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆત | ૧૪૭ | ૧૪૮ |
| માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન ( અગિયારમો દિવસ ) | ૧૪૮ | ૧૭૦ |
| માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાતો | ૧૭૧ | ૧૭૧ |
| (૧) ફિલ્મ 'દિવાસ્વપ્ન'નો શો નિહાળવા અંગે | ૧૭૧ | ૧૭૧ |
| (૨) મેડિકલ કેમ્પના આયોજન અંગે | ૧૭૧ | ૧૭૧ |
| **તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે** | | |
| **પ્રથમ બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૭૨ | ૧૮૩ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૮૪ | ૨૧૩ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન ( બારમો અને છેલ્લો દિવસ ) | ૨૧૪ | ૨૩૪ |
| **બીજી બેઠક** | | |
| તારાંકિત પ્રશ્નો | ૨૩૫ | ૨૪૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૨૪૬ | ૨૮૩ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૨૮૪ | ૨૮૬ |
| અનુમતિ મળેલ વિધેયકો | ૨૮૬ | ૨૮૬ |
| વિધાનસભાની સમિતિના અહેવાલોની રજૂઆતો | ૨૮૬ | ૨૮૬ |
| ગુજરાત, ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક, ૨૦૨૪ | ૨૮૭ | ૨૮૯ |
| ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ(સુધારા) વિધેયક, ૨૦૨૪ | ૨૯૦ | ૨૯૬ |
| બિન–સરકારી સંકલ્પો | ૨૯૭ | ૩૦૩ |
| વન નેશન, વન રેશનકાર્ડના બહોળા પ્રચાર–પ્રસાર અંગે | ૨૯૭ | ૩૦૨ |
| વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સફળ આયોજન અંગે | ૩૦૩ | ૩૧૦ |


પાછળ...

**પુસ્તક–૧૦૭** **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**

**વિષય** **પાના નંબર**

**તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ ફાલ્ગુન ૧૦, ૧૯૪૫ શાકે**


| | | |
|---|---|---|
| તારાંકિત પ્રશ્નો | ૩૧૧ | ૩૨૫ |
| અતારાંકિત પ્રશ્નો | ૩૨૬ | ૩૬૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૩૬૬ | ૩૬૭ |
| વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત | ૩૬૮ | ૩૬૮ |
| ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૪ | ૩૬૮ | ૩૬૯ |
| ધીરૂભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી(સુધારા)વિધેયક, ૨૦૨૪ | ૩૭૦ | ૩૮૦ |
| ગુજરાત સહકારી મંડળી (સુધારા ) વિધેયક, ૨૦૨૪ | ૩૮૧ | ૩૮૬ |
| છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨) ( વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંગે) | ૩૮૭ | ૩૯૪ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭–ક) | ૩૯૫ | ૪૧૬ |
| સત્રાંતે આભાર વિધિ | ૪૧૬ | ૪૧૬ |

ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**મંગળવાર તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે**

**પહેલી બેઠક**

**સભાગૃહ સવારના ૯–૦૦ કલાકે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

**મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશયાલિટી સેવાઓ ઊભી કરવા બાબત**

***15/4/1728 પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા): માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કઈ કઈ મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશયાલિટી સેવાઓ ઊભી કરવાનું આયોજન છે, અને | (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં નીચે મુજબની મેડિકલ કોલેજ સંલગ્ન હોસ્પિટલો ખાતે મલ્ટી/સુપર સ્પેશયાલિટી સેવાઓ ઊભી કરવાનું આયોજન છે:<br>(૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ.<br>(૨) સર સયાજીરાવ જનરલ હોસ્પિટલ, વડોદરા.<br>(૩) નવી સિવિલ હોસ્પિટલ, સુરત.<br>(૪) ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર.<br>(૫) સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર. |
| (૨) | કયા રોગો માટે આ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવનાર છે? | (૨) | |

| | |
|---|---|
| (૧) સિવિલ હોસ્પિટલ, અમદાવાદ | જન્મજાત બાળકોના ખોડખાપણને લગતા રોગો, વૃદ્ધ લોકોને લગતા રોગો, મગજ અને જ્ઞાનતંતુના રોગો |
| (૨) સર સયાજીરાવ જનરલ હોસ્પિટલ, વડોદરા | હૃદય રોગ, કિડનીના રોગ, આંખના રોગો |
| (૩) નવી સિવિલ હોસ્પિટલ, સુરત | હૃદય રોગ, કિડનીના રોગ, મૂત્રાશયના રોગો, મગજ અને જ્ઞાનતંતુના રોગો |
| (૪) ગુરૂ ગોબિંદસિંગ સરકારી હોસ્પિટલ, જામનગર | હૃદય રોગ, મૂત્રાશયના રોગો, પ્લાસ્ટીક સર્જરી, પેટના રોગ |
| (૫) સર તખ્તસિંહજી હોસ્પિટલ, ભાવનગર | હૃદય રોગ, હૃદય અને લોહીની નસોના રોગો, કિડનીના રોગો, મગજ અને જ્ઞાનતંતુના રોગો |

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, સિવિલ હોસ્પિટલ અમદાવાદમાં અનેક પ્રકારની મલ્ટી અને સુપર સ્પેશિયલિસ્ટ સુવિધાઓ ઉપલબ્ધ છે પણ એની સાથે સાથે બીજી કઇ સુવિધાને લગતી કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે?

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ સિવિલ હોસ્પિટલ એ કેવળ સિવિલ હોસ્પિટલ જ નહીં પરંતુ ગુજરાતનું ઘરેણું અને સમગ્ર એશિયાની અંદર સૌથી મોટી મેડિકલ સારવાર ઉપલબ્ધ કરાવતી આપણી સિવિલ હોસ્પિટલ છે. વર્ષે લાખોની સંખ્યામાં ઓ.પી.ડી. અને આઇ.પી.ડી. પણ ત્યાં કરવામાં આવે છે. પરંતુ આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબના વિઝનથી એને ટર્સરી કેર સુધી એટલે સુપર સ્પેશિયાલિટી ફેસેલિટી દરેક વિભાગની મળી રહે એ પ્રકારનું એક આરોગ્ય સિટી બનાવવાનું એમનું સ્વપ્નું હતું એ કામ હવે પૂર્ણતાના અંતમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ન્યૂરો સર્જરી, પિડિયાટ્રિક સર્જરી, કાર્ડિયોથોરાસિક, વાસ્ક્યુલર સર્જરી, ગેસ્ટ્રો સર્જરી, યુરો સર્જરી, ન્યૂરો મેડિસન, પ્લાસ્ટિક સર્જરી સાથેની મલ્ટી સુપર સ્પેશિયાલિટી સુવિધાઓ આપણે ત્યાં ઉપલબ્ધ છે અને આગામી સમયમાં નિયો–નેટોલોજી, જિરીયાટ્રિક, ન્યૂરો મેડિસિન જેવી નવી સુવિધાઓ પણ આપણે ઉપલબ્ધ કરાવવા માગીએ છીએ. આ ઉપરાંત જો આપણે નવી કામગીરી જોઇએ તો ત્યાં હાલમાં મેડિકલ ગર્લ્સ હોસ્ટેલ ૫૨૮ વિદ્યાર્થિનીની ક્ષમતાવાળી રૂપિયા ૫૧ કરોડના ખર્ચે પ્રગતિ હેઠળ, ૮૪૦ દર્દીના સગા રહી શકે તેવી સુવિધા, ૨૮૦ દર્દીના સગા એક સાથે જમી શકે તેવી કેન્ટીન અને ૮ દુકાનની સુવિધા રૂપિયા ૩૬ કરોડના ખર્ચે એ પણ પ્રગતિ હેઠળ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું તો આ મેડિસિટીની જ વાત કરું છું. માનનીય અમિતભાઇ, આ મેડિસિટી પૂરતો જ વિષય છે કે, ત્યાં આગળ તમે કઇ કઇ સુવિધાઓ ઉપલબ્ધ કરાવો છો? આ અમદાવાદ અસારવા સિવિલ હોસ્પિટલનો પ્રશ્ન છે એટલે જવાબ આપું છું. માનનીય અધ્યક્ષશ્રી, પી.એમ.રૂમ રૂપિયા ૧૫.૨૮ કરોડના ખર્ચે, ૯ બોડી એક સાથે પી.એમ. થઇ શકે એવી વ્યવસ્થા, ફાઉન્ડેશનની કામગીરી આપણે પૂરી કરી છે. સ્પેશિયલ રૂમ ૧૦૨ દર્દીઓનો સમાવેશ થઇ શકે તેવા સ્પેશિયલ રૂમના કોમ્પ્લેક્ષના ફાઉન્ડેશનની કામગીર પ્રગતિ હેઠળ રૂપિયા ૬૩ કરોડના ખર્ચે અને ૯૦૦ બેડની જનરલ હોસ્પિટલ અને ૫૦૦ બેડની ચેપીરોગની હોસ્પિટલ, ૯૦૦ બેડની ક્ષમતા ડબલ બેઝમેન્ટ પાર્કિંગ, ૫૦૦ ફોર વ્હિલર, ૫૦૦૦ ટુ વ્હિલર અને ૨૦૦૦ દર્દી અને દર્દીના સગા–સંબંધી એક સાથે બેસી શકે તેવી ઓ.પી.ડી. ડી.પી.આર. મંજૂરી હેઠળ છે એના માટે રૂપિયા ૫૭૦ કરોડના ખર્ચે આ નવી વ્યવસ્થા આપણે ત્યાં ઊભી કરવા જઇ રહ્યા છીએ. પી.જી. હોસ્ટેલ ૪૦૦ વિદ્યાર્થીઓની ક્ષમતા, ૨૦૦ વિદ્યાર્થીઓ એક સાથે જમી શકે તેવી કેન્ટીન જેની વહીવટી મંજૂરી મળી ગઇ છે એના માટે રૂપિયા ૭૫ કરોડ, ડેન્ટલ હોસ્પિટલ ગ્રાઉન્ડ વત્તા સાત માળ ટેન્ડર મંજૂર એના માટે રૂપિયા ૧૦૦.૨૩ કરોડ એટલે રૂપિયા ૯૧૦ કરોડના ખર્ચે ખૂબ મોટી વિશાળ એવા આ આરોગ્ય સિટી મેડિસિટીમાં એટલી બધી ઉપલબ્ધતા આપણે આરોગ્ય માટેની કરી રહ્યા છીએ, જેથી કરીને રાજય જ નહીં પરંતુ આજુ બાજુના રાજયો પણ મોટા પ્રમાણમાં અહીંયા સગવડતા મેળવી શકે એવું આરોગ્ય ધામ આપણે વિકસાવવા જઇ રહ્યા છીએ. આરોગ્ય ધામની સાથે મેડિસિટીમાં મેડિકલ ટુરિઝમ જે શબ્દ એ આ ભારતીય જનતા પાર્ટીમાંથી આવ્યો છે કે આરોગ્ય ધામ કેવા હોવા જોઇએ અને અહીંયા આગળ કેવળ રાજય બહારના લોકો સારવાર કરાવવા માટે આવે એવું નહીં, પરંતુ દુનિયાભરમાંથી સારવાર કરાવવા આવે અને અહીંયા સસ્તી અને સારી સગવડો, સારવાર અહીંયા મળી રહે અને અહીંયા સસ્તી સારવારના કારણે આજે પણ આપણી યુ.એન.મહેતામાં, કેન્સરમાં પછી આઇ.કે.ડી.આર.સી.માં આ બધી જગ્યાએ દૂર દૂરથી લોકો આવી અને પોતાની સારવાર કરાવી જાય છે. આ નવો કન્સેપ્ટ અત્યાર સુધીમાં રાજયના દર્દીઓ બહારના દેશમાં જઇ અને સુવિધાઓ મેળવતા હતા, પરંતુ સમગ્ર સારવાર અહીંયા ગુજરાતમાં જ મળી રહે અને મેડિસિટીનું સ્વપ્ન તે અહીંયા પૂરું થાય છે, પરંતુ એ જયાં પૂરું થતાની સાથે રાજયની અંદર મધ્ય ગુજરાત, દક્ષિત ગુજરાત, જામનગર અને ભાવનગર ખાતે પણ આગામી સમયમાં આવી જ સુવિધાઓ ત્યાં ઉપલબ્ધ થાય તે માટે આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અને માનનીય કનુભાઇના સહકારથી આ બાબતની આપણે શરૂઆત કરી ચૂકયા છીએ અને ધીમે ધીમે આવતા સમયમાં ગુજરાતનો એક પણ ઝોન બાકી નહીં હોય કે જયાં આગળ મલ્ટીસ્પેશ્યાલિટી સુવિધાઓ આપણને નહીં મળતી હોય.

શ્રી બાબુસિંહ સા. જાદવ : માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

શ્રી કરશનભાઇ પું. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, મોદી સાહેબે ઓપરેશન માટેની રૂ.૧૦ લાખની મર્યાદા કરી તો એમાં કયા કયા પ્રકારના ઓપરેશનો થાય છે? અને કઇ કઇ સિવિલમાં તેના ઓપરેશન કરવામાં આવે છે? અને કયારથી આ ૧૦ લાખનો અમલ કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લગભગ ૨૫૦૦ ઉપરની સારવાર અને હોસ્પિટલો એટલે એ આખું મોટું લિસ્ટ છે કે જેની અંદર કયા ઓપરેશનો..

અધ્યક્ષશ્રી : સિવિલમાં તો તમે કોઇ ખર્ચ લેતા જ નથી ને ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ના સિવિલમાં તો આમ પણ નથી લેતા પરંતુ આપણે જે પી.એમ.જે.વાય.માં કાર્ડ છે તે કાર્ડ આપણે ચોક્કસ માગીએ છીએ જેથી કરીને ત્યાં પણ આપણે જે ક્લેઇમ કરીએ એ કલેઇમના રૂપિયા તે જે તે વિભાગને તે હોસ્પિટલને મળે એટલે તેના ડેવલપમેન્ટમાં આ રૂપિયા પણ માનો કે ખાનગી હોસ્પિટલને આપીએ છીએ તો આ સરકારી હોસ્પિટલમાં પણ આપણું આયુષ્યમાન કાર્ડના કલેઇમ આપણે નોંધીએ છીએ અને એ કાર્ડ થકી જે આવક થાય છે તેમાંથી ડોકટરો અને આરોગ્યની સુવિધાઓ એટલે ત્યાં આગળ જે આપણી રોગી કલ્યાણ સમિતિ છે તેમાં પણ ફાળો જમા થાય છે કે હોસ્પિટલ પોતે પોતાની રીતે ડેવલપમેન્ટ કરવું હોય તો એ રોગી કલ્યાણ સમિતિમાં જમા થયેલા ફંડથી તે આગળ વધારી શકે છે.

## ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે

## તારાંકિત પ્રશ્નો

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સરકારી હોસ્પિટલોની ટીકા–ટિપ્પણ ઘણી બધી કરીએ છીએ અને કરવા જેવી પણ છે. પણ જે ગરીબો માટેની કોઇ સારવાર સંપૂર્ણપણે ફ્રી હોય એવી કોઇ જગ્યાએ ઉપલબ્ધ હોય તો એ સરકારી હોસ્પિટલોમાં છે અને તેમાં આપણે બધાએ તે મજબૂત થાય તેવા પ્રયાસો કરવા જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું અને વિનંતી પણ કરવા માગું છું કે, અમદાવાદની સિવિલ હોસ્પિટલની અંદર ટ્રોમા સેન્ટરની અંદર ખૂબ લાંબી લાઇનો હોય છે અને હું વારંવાર ભલામણ કરતો હોઉં છું અને આપણે કોઇને ભલામણ કરીએ એટલે બીજો જે સારવાર લેવાને પાત્ર હોય તેને બદલે બાયપાસ કરીને બીજાને લઇ આવીએ એટલે એકને હંમેશા એ ક્રિટિકલ પેશન્ટને પણ ભોગવવાનો વારો આવે છે. આ ટ્રોમા સેન્ટરની જે બેડની સંખ્યા છે તે વધારવા માગો છો કે કેમ ? અને બીજું, સિવિલ કેમ્પસની અંદર એટલાં બધાં વાહનોનું પ્રદૂષણ ત્યાં થાય છે તો તેનું કોઇ એક જગ્યાએ પાર્કિંગ કરીને અંદર ઇ–કાર્ટથી બધી જગ્યાએ જઇ શકાય જો એવી વ્યવસ્થા થાય તો ત્યાં જે એર પોલ્યુશનથી માંડી અને બીજા જે ટ્રાફિકના પ્રશ્નો છે તે ઘટાડવા માગો છો કે કેમ? ત્રીજો પ્રશ્ન કે અમારી પોરબંદરમાં પણ મેડિકલ કોલેજ અને હોસ્પિટલનું બાંધકામ ચાલે છે એ અટકેલું છે કારણ કે એરપોર્ટનું એલાઇમેન્ટ હજુ નક્કી ન થવાને કારણે આગળનું જે બાંધકામ છે તે અટકેલું છે તો એમાં સિવિલ એવિયેશન ડિપાર્ટમેન્ટ સાથે કો–ઓર્ડિનેશન કરી અને તાકીદે તેનો ઉકેલ આવી જાય કારણ કે એરપોર્ટ પણ એટલું જ જરૂરી છે તો એ કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇનું સૂચન ખૂબ સારું છે. જ્યારે આ ગૃહમાં બેઠેલા ૧૮૨ સભ્યો આરોગ્યની ચિંતા કરતા હોય અને આરોગ્યના કર્મચારીઓ કે જે અમારા પરિવારજનો છે એ પણ ગુજરાતની સાત કરોડ જનતાના આરોગ્યની ચિંતા કરતા હોય ત્યારે સ્વાભાવિક રીતે અમદાવાદ ટ્રોમા સેન્ટરમાં હજી વધારે સુવિધાઓ મળી રહે અને વધુમાં વધુ દર્દીઓ સારવાર લઇ શકે અને કોઇને વેઇટિંગમાં ના રહેવું પડે એ જરૂરી છે. મને કહેતાં આનંદ થાય છે કે આ વખતે બજેટમાં બ્લેક સ્પોર્ટ એટલે કે એ હાઇ–વે કે જ્યાં વધારેમાં વધારે એક્સિડન્ટની શક્યતા છે એવી ૨૫ જગ્યાઓએ ટ્રોમા સેન્ટર બનાવવાની ચિંતા પણ આપણે કરી છે. પોરબંદરમાં વિમાનનું લેન્ડિંગ થયા પછી જે રન–વે છે એમાં જે હૉસ્ટેલ બિલ્ડિંગ ચાલુ કર્યું હતું એ પોર્શન આવી રહ્યો છે. પહેલાં આપણને એરપોર્ટ ઓથોરિટી તરફથી એનું એન.ઓ.સી. પણ મળી ગયું હતું પણ એને રીવાઇવ કરવામાં આવ્યું. એટલે આપણે હાલ પૂરતું કામ બંધ કર્યું છે. સિવિલ એવિએશન સાથે એની ચર્ચા વારંવાર થઇ રહી છે અને જે પટ્ટો રન વેમાં આવે છે એટલા પટ્ટા પૂરતું કામ હાલ આપણે સ્થગિત કર્યું છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કચ્છ જિલ્લાની ભૂજ ખાતેની સરકારી હૉસ્પિટલ પી.પી.પી. મૉડેલથી ચાલે છે. ત્યાં ગરીબ લોકોને આયુષ્યમાન કાર્ડ અંતર્ગત મફત સારવાર મળી રહે એ માટે વ્યવસ્થા કરવા માગો છો કે કેમ અને એ પી.પી.પી. મૉડેલની પૉલિસીને ૧૦ વર્ષ પૂર્ણ થઇ રહ્યાં છે. તો રિવ્યુમાં ગરીબ લોકોનો સમાવેશ કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂજ ખાતે ચાલતી હૉસ્પિટલ જે આપણે પી.પી.પી. મૉડેલ પર આપી છે એમાં સરકારી ભાવે જ આપણે દર્દીઓની સારવાર કરવાની હોય છે, પરંતુ આયુષ્યમાન કાર્ડની જે વાત કરી રહ્યા છે એમાં રૂ. ૧૦,૦૦,૦૦૦/–ની મર્યાદા છે. એની સાથે એ હૉસ્પિટલ એમ્પેનલ્ડ છે એવું મારું બિલકુલ માનવું છે.

### ગીર અભયારણયની પ્રવાસીઓ દ્વારા મુલાકાત

*** 15/4/1720 શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર અભયારણ્યની કેટલા પ્રવાસીઓએ મુલાકાત લીધી હતી, | (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં ગીર અભયારણ્યની ૧,૯૩,૪૧૫ પ્રવાસીઓએ મુલાકાત લીધેલ. |
| (૨) | તે પૈકી ભારતીય પ્રવાસીઓ અને વિદેશી પ્રવાસીઓની સંખ્યા કેટલી છે, અને | (૨) | (નીચેના કોષ્ટક મુજબ) |
| (૩) | આ પેટે સરકારને કેટલી આવક થઇ છે? | (૩) | રૂ.૪,૯૨,૦૦,૩૫૦/– |

| પ્રવાસીઓ | પ્રવાસીઓની સંખ્યા |
|---|---|
| ભારતીય | ૧,૮૬,૯૧૮ |
| વિદેશી | ૬,૪૯૭ |

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગીર અભ્યારણ્ય ખાતે પ્રવાસીઓ માટે સરકાર દ્વારા શું સગવડતાઓ કરવામાં આવેલ છે?

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર અભ્યારણ્ય ખાતે સિંહ સદનમાં રિસેપ્શન સેન્ટર, સોવેનિયર શૉપ, ઇન્ટર પ્રેઝેન્ટેશન ઝોન, વુડ ગઝેબો, એક્ઝિટિંગ ગઝેબો, પાથ વે, પાર્કિંગ, સિંહ દર્શનની સુવિધા તેમજ નેચર કેમ્પ સાઇટ ખાતે ઇન્ફોર્મેશન કિઓસ્ક, કિચન એરિયા, હેન્ડ વૉશ એરિયા, ડાઇનિંગ હૉલ, પાઠશાળા, ઓપન લાયબ્રેરી, બોય્ઝ એન્ડ ગર્લ્સ ડોરમેટરી, ટીચર્સ ટેન્ટ, ઓવર હેડ વૉટર ટેન્ક, પાર્કિંગ એ જ રીતે સોવેનિયર શૉપ, ટ્રેનિંગ સેન્ટર, રિસેપ્શન ગઝેબો, વૉટર કાઉન્ટર, પાર્કિંગ, ચિલ્ડ્રન પ્લે એરિયા જેવી વિવિધ પ્રકારની સુવિધાઓ આપવામાં આવે છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર અભ્યારણ્ય સમગ્ર ગુજરાતનું ઘરેણું છે અને આપણે જાણીએ છીએ કે સમગ્ર એશિયા ખંડમાં જંગલમાં વિચરતા સિંહ માત્રને માત્ર આપણા ગીર અભ્યારણ્યમાં છે અને રાજ્ય સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપીએ કે ઉત્તરોત્તર સિંહની સંખ્યામાં પણ વધારો થઇ રહ્યો છે. જંગલની મૌલિકતા જળવાઇ રહે એ માટે ત્યાં ઓનલાઇન પરમિટની સુવિધા રાખવામાં આવી છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ પરમિટની આવક ક્યાં જમા કરવામાં આવે છે અને એ રકમ ક્યા ક્યા કામોમાં વાપરવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગીર અભયારણ અને ગીર પરિચય ખંડ મુલાકાતની ફીની આવક ગુજરાત સ્ટેટ લાયન કન્વર્ઝેશન સોસાયટી, જૂનાગઢમાં જમા કરવામાં આવે છે. ગુજરાત સ્ટેટ લાયન કન્વર્ઝેશન સોસાયટી જમા કરાવેલ રકમ મુખ્યત્વે સિંહના સંરક્ષણ સંવર્ધનનાં કામો ઉપરાંત સિંહોના સ્વસ્થ જીવન, વન્ય જીવો બચાવ રાહત કાર્ય તેમજ મુલાકાતીઓની પ્રાથમિક સુવિધાઓ જેવી કે, પૉર્ટેબલ એક્સ-રે મશીન, સાબર અને જંગલી ભૂંડો માટે પવનચક્કી સાથે પાણીના બે પોઇન્ટ, ડિજિટલ હૅન્ડ વૉકી-ટૉકી, મોબાઇલ વાયરલેસ સેટ, અભયારણ વિસ્તારમાં હોજ/તળાવ બનાવવાની કામગીરી, બેરિયર અને બેરિકેટ ખરીદવાની કામગીરી, સાઇન બોર્ડ બનાવવાની કામગીરી, અભયારણ વિસ્તારમાં ચોકી માટે સોલર લાઇટની વ્યવસ્થા, દવાઓ તેમજ તેને લગતી તમામ સાધન-સામગ્રીની ખરીદી માટે વાપરવામાં આવે છે. સિંહ બાબતેની જનજાગૃતિ માટે કાર્યક્રમ કરવામાં આવે છે. એ જ રીતે ઓફિસ-મકાનનું બાંધકામ, ચેકપોસ્ટનું બાંધકામ આવી અલગ અલગ પ્રકારની વિવિધ કામગીરીઓ આ આવકમાંથી કરવામાં આવે છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો મારા ગીર વિસ્તારમાં વન્ય પ્રાણીઓ માટે સારી સુવિધા સાથેની હૉસ્પિટલ આપવા બદલ અને એક સનસેટ પોઇન્ટ સરકારશ્રીએ બનાવી આપવા બદલ હું સરકારશ્રી અને વિભાગનો ખૂબ ખૂબ આભાર માનું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાસણ ગીરમાં લાખોની સંખ્યામાં મુલાકાતીઓ આવે છે અને તેના બુકિંગની ઓનલાઇન પ્રક્રિયા છે. બુકિંગ કરાવ્યા પછી કોઇ મુલાકાતી પરમિટ કેન્સલ કરાવે તો રકમ પરત કરવામાં આવે છે કે કેમ? અને એન.આર.આઇ. ટુરિસ્ટ ઓચિંતા સાસણ ગીર આવતાં હોય છે તો તેમના માટે ૧૦ ટકા ઓફલાઇન બુકિંગ રિઝર્વ રાખીએ તો સ્થળ પર બુકિંગ કરાવીને સિંહ દર્શન કરી શકે તેવી કોઇ સુવિધા આપવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અભયારણની મુલાકાત માટે આવતાં સૌ મુલાકાતીઓ માટે ગુજરાત સરકારની www.girlion.gujarat.gov.in સાઇટ પરથી ઓનલાઇન બુકિંગ કરવામાં આવે છે. મુલાકાતી જો મુલાકાતની તારીખથી ૧૦ દિવસ પહેલાં બુકિંગ કેન્સલ કરાવે તો જમા કરાવેલી રકમના ૭૫ ટકા, મુલાકાતની તારીખથી ૫ દિવસ પહેલાં બુકિંગ કેન્સલ કરવામાં આવે તો ૫૦ ટકા, મુલાકાતની તારીખથી ૨ દિવસ પહેલાં બુકિંગ કેન્સલ કરાવે તો ૨૫ ટકા રકમ પરત ચૂકવવામાં આવે છે. છેલ્લી ઘડીએ બુકિંગ કેન્સલ કરાવે તો રકમ પરત કરવામાં આવતી નથી. સોમવારથી શુક્રવાર સુધીમાં ૧૫ની સંખ્યામાં અને શનિવાર, રવિવાર અને તહેવારમાં જે મુલાકાતીઓ આવે છે તેમને સુવિધા આપીએ છીએ. માનનીય સભ્યશ્રીએ જે એન.આર.આઇ.ની વાત કરી છે તે તેમનું સૂચન છે.

### જી.એમ.ઈ.આર.એસ. હેઠળ નવી મેડિકલ કોલેજો

***15/4/1730 ડૉ. હસમુખ પટેલ (અમરાઈવાડી) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે. –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જી.એમ.ઈ.આર.એસ. હેઠળ કેટલી નવી મેડિકલ કોલેજો મંજૂર થઇ, અને, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં છેલ્લા બે વર્ષમાં જી.એમ.ઈ.આર.એસ. હેઠળ પાંચ નવી મેડિકલ કોલેજો મંજૂર થઇ છે. |

(૨) તેમાં કુલ કેટલી બેઠકો મંજૂર થઇ? (૨)

| મેડિકલ કોલેજ | મંજૂર બેઠકો |
|---|---|
| ગોધરા–પંચમહાલ | ૧૦૦ |
| રાજપીપળા– નર્મદા | ૧૦૦ |
| નવસારી | ૧૦૦ |
| મોરબી | ૧૦૦ |
| પોરબંદર | ૧૦૦ |
| કુલ | ૫૦૦ |

ડો. હસમુખ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણું ગુજરાત રાજ્ય આરોગ્યની સુવિધા સુદઢ બને તે માટે હૉસ્પિટલ અને દવાખાના સાથે સાથે શિક્ષણ ઉપર પણ ભાર એટલો જ ભાર મૂકે છે. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, વર્ષ ૨૦૦૯માં જી.એમ.ઇ.આર.એસ.ની સ્થાપના કરેલી તે અંતર્ગત તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જી.એમ.ઇ.આર.એસ. હેઠળ કેટલી નવી મૅડિકલ કૉલેજો મંજૂર થઇ અને સાથે સાથે નવી મૅડિકલ કૉલેજનું ભંડોળ કોના દ્વારા અને કઇ રીતે ચૂકવવામાં આવે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હાલમાં ગુજરાત રાજ્યમાં જી.એમ.ઇ.આર.એસ. દ્વારા સંચાલિત કુલ–૧૩ મૅડિકલ કૉલેજ અને હૉસ્પિટલ છે. ગત વર્ષે પાંચ નવી મૅડિકલ કૉલેજો આપી છે. જી.એમ.ઇ.આર.એસ. દ્વારા સંચાલિત મૅડિકલ કૉલેજો અને હૉસ્પિટલોમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર ૬૦–૪૦ના ધોરણે ગ્રાન્ટ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં રૂ.૯૭૬ કરોડ ફાળવી દેવામાં આવ્યા છે. એક મૅડિકલ કૉલેજના ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો ખર્ચ લગભગ રૂ.૫૦૦થી ૫૫૦ કરોડ થતો હોય છે. આવી પાંચ મૅડિકલ કૉલેજ કાર્યરત થઇ છે. પહેલું વર્ષ, બીજું વર્ષ પણ હવે ચાલુ થઇ ગયું છે. આ પાંચ મેડિકલ કૉલેજો માટે આપણે રૂ. ૨૫૦૦ કરોડથી વધુ કૅપિટલ ઇન્વેસ્ટમેન્ટ કરીશું. મહેકમ એ અલગ વિષય છે. આપણે સેલ્ફ ફાઇનાન્સ કૉલેજો કરતાં ખૂબ ઓછી ફી લઇએ છીએ. અગાઉની આપણી જે ૮ મેડિકલ કોલેજો છે એમાં રૂ.૪૨૮૭ કરોડ કૅપિટલ ઇન્વેસ્ટમેન્ટ માટે એટલે કે બાંધકામ માટે વાપર્યા છે. સોસાયટીની ૧૩ કૉલેજોના સંચાલન માટે અત્યારસુધીમાં રાજ્ય સરકારે રૂ.૫૨૪૪ કરોડની રકમ ફાળવેલ છે. જેની સામે ટ્યુશન ફીની આવક રૂ.૨૨૧૬ કરોડ છે. યુ. જી.ની ૨૧૦૦ સીટો, પી.જી.ની ૩૦૦ સીટો એમ કુલ મળીને ૨૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૭૪૩ એટલે કે, ૭૨ ટકા વિદ્યાર્થીઓ સરકારશ્રીની વિવિધ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ મેળવે છે. એમ. વાય. એસ. વાય. કન્યા કેળવણી પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજના, સી. એમ. એસ. એસ. યોજના, ફ્રી–શીપ કાર્ડ યોજના જેવી યોજનાઓ દ્વારા વિદ્યાર્થીઓ ફીમાં રાહત મેળવતા હોય છે. વર્ષ ૨૦૨૩–૨૪માં ૧૩ મેડિકલ કૉલેજોની ટ્યુશન ફીની અંદાજિત આવક રૂ.૩૭૫ કરોડની સામે ૧૩ કૉલેજો અને ૧૪ હૉસ્પિટલોનો અંદાજિત ખર્ચ રૂ.૧૨૫૦ કરોડ થાય છે. જેની સામે સરકારશ્રી તરફથી કૉલેજો અને હૉસ્પિટલોના ખર્ચ માટે રૂ.૮૪૩.૨૧ કરોડ ફાળવવામાં આવેલ છે. આ ઉપરાંત ૬ સરકારી મેડિકલ કૉલેજોમાં યુ. જી.ની ૧૪૦૦ બેઠક, પી. જી. ની ૧૩૨૯ બેઠકો ઉપલબ્ધ છે. વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૮૯૫ કરોડની જોગવાઇ કરેલ છે. જેની સામે ફીની આવક રૂ.૭.૩૭ કરોડ છે. આપણે જે જી. એમ. ઇ. આર. એસ. કૉલેજ ચલાવીએ છીએ એની ફીની બાબત સ્કોપમાં નથી પરંતુ આ સભાગૃહ, સમગ્ર ગુજરાત તથા વિદ્યાર્થીઓના લાભ માટે આ જવાબ આપી રહ્યો છું. ૧૩ મેડિકલ કૉલેજોમાં કુલ ૨૪૦૦ સીટો છે. જેમાં એમ. વાય. એસ. વાય.માંથી લાભ લેતાં વિદ્યાર્થીઓની સંખ્યા ૮૫૯ છે. કન્યા કેળવણીમાંથી લાભ લેનાર વિદ્યાર્થીનીઓની સંખ્યા ૩૬૩ છે. પોસ્ટ મેટ્રિક સ્કોલરશીપ યોજનામાં ૧૦૫, સી. એ. એમ. એસ. એસ. માં ૧૮૨, ફ્રી શીપકાર્ડમાં ૨૩૪ની સંખ્યા છે. આમ, કુલ સંખ્યા ૨૪૦૦માંથી ૧૭૪૩ વિદ્યાર્થીઓની ફી રાજ્ય સરકાર ભરે છે અને મદદ કરે છે. આ કૉલેજોનો સૌથી મોટો ફાયદો એ છે કે, ૧૫ ટકા સીટો આપણે કેન્દ્રને આપી દેવી પડે. એના બદલે આ ૧૫ ટકા સીટો એટલે કે, ૩૦૦ જેટલા ગુજરાતના જ વિદ્યાર્થીઓને આપણે એડમિશન આપી શકીએ એવી આ વ્યવસ્થા છે.

અધ્યક્ષશ્રી:ટ્યુશન ફી બાબતનો આંકડો માનનીય મંત્રીશ્રીને પૂછીને સુધારી લેવો.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, હાલ તાપી જિલ્લામાં કોઇ સરકારી મેડિકલ કૉલેજ નથી. તો આવનારા દિવસોમાં તાપી જિલ્લામાં જી. એમ. ઇ. આર. એસ. કે અન્ય કોઇ મેડિકલ કૉલેજ શરૂ કરવાનું આયોજન છે કે કેમ? અને જો જવાબ હા માં હોય તો આ કૉલેજ કેટલા સમયમાં શરૂ કરવામાં આવશે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબનું સપનું છે કે, દેશના દરેક જિલ્લાઓને મેડિકલ કૉલેજની સુવિધા તથા સારવાર માટે હૉસ્પિટલ મળવી જોઇએ. ગુજરાતના એકપણ જિલ્લામાં આગામી

સમયમાં મેડિકલ કૉલેજ નહીં હોય એવું નહીં બને અને તાપી જિલ્લા માટે ખૂબ ઝડપથી નિર્ણય લઇ ઉત્તમ પ્રકારની સારવારવાળી મલ્ટિસ્પેશિયાલિટી હૉસ્પિટલ બનાવવા જઇ રહ્યા છીએ.

શ્રી બાબુસિંહ સા. જાદવ : માનનીય અધ્યક્ષશ્રી, જી. એમ. ઇ. આર. એસ. હસ્તકની નવી મેડિકલ કૉલેજોમાં એમ. બી. બી. એસ. ના પ્રથમ વર્ષની ફીનું ધોરણ કેટલું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જી.એમ.ઇ.આર.એસ. હસ્તકની નવી મૅડિકલ કૉલેજો ખાતે પ્રથમ વર્ષ એમ.બી.બી.એસ. ફીનું ધોરણ રૂ. ૩,૩૦,૦૦૦/– છે. યુ.જી. તથા પી.જી.માં અભ્યાસ કરતા કુલ ૨૪૦૦ વિદ્યાર્થીઓ પૈકી ૧૭૪૩ એટલે કે ૭૨ ટકા વિદ્યાર્થીઓ પોસ્ટ મેટ્રિક વિગેરે યોજનાનો લાભ લઇ રહ્યા છે. સરકારી ક્વોટામાં ૩.૩૦ મૅનૅજમૅન્ટ ક્વોટામાં ૯.૦૭ અને એન.આર.આઇ. ક્વોટામાં ૨૨,૦૦૦ યુ.એસ. ડૉલર ફીનું ધોરણ છે.

**જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલ**

***15/4/1736 શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કે,–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલના બાંધકામનું આયોજન છે કે કેમ, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) | જામનગર ડેન્ટલ કોલેજ ખાતે નવી યુ.જી હોસ્ટેલ બનાવવા માટે રૂ. ૩૭.૩૮ કરોડની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. |
| (૩) | ઉકત સ્થિતિએ આ બાંધકામ કયા તબક્કે છે? | (૩) | સદર કામગીરી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પ્રગતિ હેઠળ છે અને ગ્રાઉન્ડ ફ્લોર સ્લેબ લેવલનું કામકાજ થયેલ છે. |

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જામનગરની ડૅન્ટલ કૉલેજ ખાતે યુ.જી અને પી.જી અભ્યાસક્રમની કેટલી સીટો મંજૂર થયેલી છે અને આ અનુસંધાને બોય્સ અને ગર્લ્સનો રેશિયો શું છે? બીજું, નવી બની રહેલ યુ.જી. હૉસ્ટેલની સુવિધા નોર્મ્સ પ્રમાણે પૂરતી છે કે કેમ? એ જણાવવા વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર ડૅન્ટલ કૉલેજ ખાતે યુ.જી અભ્યાસક્રમમાં કુલ ૧૨૫ સીટો અને પી.જી.માં ૧૯ સીટો મંજૂર થયેલ છે. બોય્સ અને ગર્લ્સનો રેશિયો ૩૦:૭૦નો છે. એટલે ૭૦ ટકા વિદ્યાર્થીઓ છે અને ૩૦ ટકા વિદ્યાર્થિનીઓ છે. યુ.જી.ના કુલ ૩૨૫ જેટલા વિદ્યાર્થીઓ અને પી.જી.ના ૫૭ વિદ્યાર્થીઓ મળી ૬૮૨ વિદ્યાર્થીઓ માટે ડૅન્ટલ કાઉન્સિલના નિયમ છે એ પ્રમાણે ૬૦ ટકા હોવા જોઇએ. આપણી પાસે ૪૧૦ વિદ્યાર્થીઓની ક્ષમતાવાળી હૉસ્ટેલ હોવી જોઇએ એની સામે હયાત હૉસ્ટેલની ૪૦૦ની ક્ષમતા છે અને નવી બનનાર ગર્લ્સ હૉસ્ટેલની ૩૩૦ની ક્ષમતા એમ ૭૩૦ વિદ્યાર્થીઓને સમાવી શકાય એટલે કે ૧૦૦ ટકા કરતાં વધારે ક્ષમતા આપણને ઉપલબ્ધ થશે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૭મી ફેબ્રુઆરીના દિવસને ભારતીય પ્રૉટીન દિવસ તરીકે મનાવવામાં આવે છે. માણસના શરીરમાં પ્રૉટીન લેવા માટે દાંતની જરૂર પડે છે. દાંત માટે ડૉક્ટરની જરૂર પડે છે. એના માટે જામનગરમાં ડૅન્ટલ કૉલેજ ખાતે હૉસ્ટેલ નિર્માણ પામી રહી છે ત્યારે હૉસ્ટેલના બાંધકામનો વિસ્તાર કેટલો છે? અત્યાર સુધીમાં આ બાંધકામમાં કેટલું કામ થયું છે? અત્યાર સુધીમાં કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

અધ્યક્ષશ્રી : પ્રૉટીન માટે કેમ દાંતની જરૂર પડે? હા, ચાવવા માટે જરૂર પડે છે. એ બરાબર છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જામનગર ડૅન્ટલ કૉલેજ ખાતે નિર્માણાધીન હૉસ્ટેલ છે એનો બાંધકામ વિસ્તાર ૧૧૨૫૮ ચો.મી છે. હાલમાં જે બાંધકામ થઇ રહ્યું છે એ પ્રથમ ફ્લોર સ્લેબ લેવલ સુધી પહોંચ્યું છે. ગ્રાઉન્ડ ફ્લોરમાં વેઇટિંગ એરિયા, રિસેપ્શન, સિક્યુરિટી રૂમ, રિક્રિએશન રૂમ, કાફે, વોર્ડન કવાર્ટર્સ, લોન્ડ્રી રૂમ, પાર્કિંગ વિગેરે છે. પ્રથમ માળમાં મૅડિકલ કાઉન્સિલિંગ રૂમ છે જેમાં કીચન, ડાઇનિંગ એરિયા, લાઇબ્રેરી, રિક્રિએશન એરિયા અને પ્રથમ માળથી સાતમા

માળ સુધી ૩૩૦ વિદ્યાર્થીઓના સમાવેશ સાથેના ૧૬૫ રૂમોની સગવડ છે. દરેક રૂમમાં બાલ્કની અને ફર્નિચરની સુવિધાઓ સાથેનું છે. અત્યાર સુધીમાં આપણે રૂ.૨૮.૨૨ કરોડ જેવો ખર્ચો કરી ચૂક્યા છીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રૉટીન માટે દાંત જોઇએ અને દાંત માટે ડૉક્ટર જોઇએ. ડૅન્ટલ કૉલેજમાં વર્ગ–૧ અને વર્ગ–૨નું મંજૂર મહેકમ કેટલું છે? એમાંથી કેટલી જગ્યાઓ ભરેલી છે અને કેટલી ખાલી છે?

અધ્યક્ષશ્રી : પ્રૉટીનમાં ગુજરાતના ખેડૂતોએ ભેગા થઇને વે પ્રૉટીન કર્યું છે. વે પ્રૉટીન આખા દેશને આપી શકાય એટલું અને ડાયરેક્ટ પી શકાય એવું છે. અહીંયા અમૂલના માધ્યમથી વેચાય પણ છે. આપની જાણકારી માટે કહું છું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ બાંધકામનો પ્રશ્ન હતો એટલે મહેકમની જે વિગતો હોવી જોઇએ એ મારી પાસે હાલ નથી.

**અબડાસા તાલુકામાં ચેરનું વાવેતર**

*** 15/4/1536 શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા** (અબડાસા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા તાલુકામાં વન વિભાગ દ્વારા કેટલા હેક્ટરમાં ચેરનું વાવેતર કરવામાં આવ્યું , અને

(૧)

| વર્ષ | વાવેતર(હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૨૭૦ |
| ૨૦૨૩–૨૪ | ૩૩૫ |

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૬૨.૧૮ |
| ૨૦૨૩–૨૪ | ૯૬.૦૨ |

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું પહેલા તો કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકારનો આભાર માનું છું. અત્યારે જે ખેતી થઇ રહી છે તે રીતે દરિયામાં પણ સાહેબ ખેતી થાય છે. એ શેવાળ દ્વારા લીલી શેવાળની ખેતી છે. એ લીલી શેવાળ ૧૦ રૂપિયે વેચાય છે. ૪૫ દિવસમાં તૈયાર થાય છે અને સૂકી ભૂકો કરીને ૧૦૦ રૂપિયે વેચાય છે. બીજું ગુજરાત સરકાર અને આપણા પ્રવાસન અને યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી મૂળુભાઇ સાહેબનો આભાર માનું છું કે અત્યારે ૨૫૦ કરોડ રૂપિયા જે પાસ કર્યા છે. એનાથી..

અધ્યક્ષશ્રી : આપના પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા કચ્છના અબડાસા વિસ્તારમાં તારીખ ૩૧–૧૨–૨૦૨૩ અંતિત ચેરનું વાવેતર કેટલું થયું અને એની પાછળ કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મિષ્ટી પ્રોજેક્ટ માનનીય દેશના વડાપ્રધાન આદરણીય શ્રી મોદી સાહેબે વર્ષ ૨૦૨૩–૨૪માં કેન્દ્ર સરકાર દ્વારા દરિયાકિનારાની અંદર ૯ રાજ્યો અને ૩ કેન્દ્ર શાસિત રાજ્યો. આમ આપણે મિષ્ટીના ગુજરાતીમાં આપણે ચેરના વૃક્ષો કહીએ છીએ. આપણા માટે ગૌરવ લેવાની વાત છે કે કોપ–૨૮(સી.ઓ.પી.) જે દુબઇમાં યોજાયો હતો ત્યારે ગુજરાતને આ મિષ્ટી પ્રોજેક્ટ ઉપર આખા વિશ્વ સામે પ્રેઝન્ટેશન કરવાનો મોકો મળ્યો. દરિયાનું ધોવાણ કઇ રીતે અટકાવી શકાય એવું દુનિયાની સામે એક પ્રેઝન્ટેશન કરવાની તક મારા વિભાગને મળી હતી. આપણે સૌ ભાગ્યશાળી છીએ કે સી.ઓ.પી. ની અંદર આ મિષ્ટી પ્રોજેક્ટની અંદર એક પ્રેઝન્ટેશન કરવાનો મોકો મળ્યો. જે રીતે સભ્યશ્રીએ વાત કરી તેમ આ પ્રોજેક્ટ વર્ષ ૨૦૨૩ થી ૨૦૨૮ એમ ૫ વર્ષ માટેનો આ પ્રોજેક્ટ છે. જયારે આ પ્રોજેક્ટનો ગુજરાતમાં શુભારંભ કરવામાં આવ્યો ત્યારે કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય તરફથી ભૂપેન્દ્ર યાદવજીના વરદ હસ્તે ૬ઠ્ઠી જુલાઇના રોજ દ્વારકા ખાતે વર્ષ ૨૦૨૩–૨૪માં આની શરૂઆત કરવામાં આવી છે. એ જ રીતે લગભગ એમણે જે વાત કરી છે એ મુજબ ૩૩૫ હેકટરમાં તેમના વિસ્તારમાં આ પ્રોજેક્ટ કરવામાં આવશે. એ પ્રોજેક્ટ ૫ વર્ષમાં પરિપૂર્ણ કરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ ચેરના મેન્ગ્રોવ્ઝના જે વૃક્ષો છે. એ દરિયાકિનારે પર્યાવરણ બચાવવા માટેના અતિ મહત્ત્વનાં આ વૃક્ષો છે. શહેરી વિસ્તારની આસપાસ જે સ્ટ્રીટ એરિયામાં છે એ મોટા પાયે કપાઇ રહ્યાં છે, કારણ કે ત્યાં વન વિભાગનો કે શહેરી વિકાસ વિભાગનો કે રેવન્યુ વિભાગનો કોઇ કંટ્રોલ નથી. રેઢા પડ્યા છે અને રેઢા કપાય છે. તો એને અટકાવવા માટે કોઇ ખાસ યોજના બનાવવા માગે છે કે કેમ? બીજું કે આપણે આ જે વાવેતર કરીએ છીએ એમાં ઉજરી ગયા ને ગુજરી ગયા. આવું થતું હોય છે. એવું ન થાય એટલા માટે લોક ભાગીદારી લાવીને જે ઉદ્યોગોએ ખૂબ મોટા પાયે જંગલની જમીન મેળવી હોય કે રેવન્યુની જમીન કે ગૌચરની જમીન મેળવી હોય એમને સાથે જોડીને આ ચેરના વૃક્ષો પુનઃ જેટલા હતા એટલા પ્રમાણમાં જળવાઇ રહે એ માટેનું કોઇ આયોજન કરવા માગે છે કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું આ ખૂબ સરસ સૂચન છે. આ ચેરના વૃક્ષોની વાત કરીએ તો દરિયાનું ધોવાણ અટકાવવા માટે ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. સભ્યશ્રીએ કહ્યું તેમ જે જગ્યાએ ઇન્ફ્રાસ્ટ્રકચર, કોઇ જગ્યાએ બ્રિજનું કામ ચાલતું હોય તો એવી જગ્યાએ વૃક્ષ કાપવામાં આવે છે. એ પરમિશન લઇને કાપવામાં આવે છે અને જેટલા કાપે એનાથી ડબલ ઉગાડવામાં આવે છે. અત્યારે અમે નવતર પ્રયોગ કર્યો છે કે જયાં જયાં અમે એફ.સી.આઇ.ની પરમિશનો આપીએ છીએ, ત્યાં દરેક કંપનીઓને એનાથી ૪ ગણા મેન્ગ્રોવ્ઝના વૃક્ષો ઉગાડવાની શરતે આપીએ છીએ. સભ્યશ્રીએ કહ્યું તેમ ગુજરાત એક એવું રાજય છે, પશ્ચિમ બંગાળ પછી બીજા નંબરનું રાજય ગુજરાત છે કે જે મેન્ગ્રોવ્ઝના વૃક્ષ ઉગાડવામાં આગળ છે. જે રીતે દેશના વડાપ્રધાન આદરણીય શ્રી મોદી સાહેબે ૧૩ જગ્યાએ મિષ્ટી પ્રોજેકટની શરૂઆત કરી, ત્યારે બધા જ લોકો દરિયાકિનારે ગયા હતા અને અમે એક પ્રોજેકટ બનાવ્યો છે. જે કંપનીઓ છે એ લોકોના સી.એસ.આર. ફંડની અંદર અમે વલસાડથી લઇને હજીરાથી લઇને ભરૂચથી લઇને આ ટાઇપના અમે બધા ચેરના વૃક્ષો ઉગાડીએ છીએ. માનનીય અર્જુનભાઇના સૂચનને આવકાર કરીને દરિયાનું ધોવાણ કેવી રીતે અટકાવી શકાય એના માટે પ્રયત્ન કરીશું.

અધ્યક્ષશ્રી : એમનું એવું કહેવું છે કે બિહાઇન્ડ અર્બન એરિયા ત્યાં આગળ જયાં ફોરેસ્ટનો એરિયા નથી, જયાં રેવન્યુનો પણ ના હોય અને અર્બનનું પણ ના હોય, કોનો વિસ્તાર એ નક્કી ના કર્યું હોય એના માટે ચાર–પાંચ વિભાગની એક મિટિંગ તમે રાખી દેજો.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : આની અંદર અમુક એરિયા અમારા ફોરેસ્ટનો એરિયા છે, અમુક નંબર સરકારી નંબર છે અને અમુક જે દરીયાકિનારાના નંબર છે એ બિન નંબરી નંબરો છે ત્યાં કોઇનો નંબર નથી પણ જે કંઈ એવો એરિયા હશે ત્યાં સક્ષમ અધિકારીની પરમીશન લઇને ત્યાં વાવીશું અને માનનીય સભ્યશ્રીનું ખૂબ સરસ સૂચન છે.

અધ્યક્ષશ્રી : એના માટે એક મિટિંગ કરજો. મિટિંગ કરીને કો–ઓર્ડીનેશન કરીને ન હોય એને આઇડેન્ટીફાય કરો કે કોણ કોની રિસ્પોન્સિબિલિટી લેશે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે કચ્છ જિલ્લાના દરેક તાલુકાવાર શહેરનો વિસ્તાર કેટલો છે અને જે પ્રકારે અત્યારે વાત કરી કે અમે વાવેતર કરીશું તો એ કઇ કઇ સરકારી યોજના હેઠળ વાવેતર કરવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, લખપત તાલુકાની અંદર લગભગ ર૮પ.૧૮ ચોરસ કિલોમીટરની અંદર, અબડાસા તાલુકાની અંદર ર૬પ ચોરસ કિલોમિટરની અંદર, મુંદ્રા તાલુકાની અંદર પ૩.૩૪ કિલોમીટર નોટીફાઇડ ચેર વિસ્તાર આવેલો છે. સન ર૦રર–ર૩ અને ર૦ર૩–ર૪ની અંદર અલગ અલગ યોજનામાંથી આ ઝાડનું વાવેતર એમના તાલુકામાં કર્યા છે એની અંદર raised bed એની અંદર ૪૯પ હેકટર, રોપા લગભગ અમે ૭૯ લાખ ર૦ હજાર જેટલા રોપા વાવ્યા છે. એ જ રીતે બીજ વાવેતર એની અંદર બીજથી પણ વાવીએ છીએ અને એમાં લગભગ ર૦૦ હેકટરની અંદર ૮ લાખ રોપા વાવ્યા છે. સૌ પ્રથમ જે રીતે આપે અંબાજીની અંદરથી સીડ બોલની અંદર જે રીતે વૃક્ષો વાવ્યા હતા તો આ વખતે અમારો વિભાગ સૌ પ્રથમ વખત સીડ બોલ, આ જે વૃક્ષો વાવવા પડે છે, દરીયાની અંદર જઇ નથી શકતા, કાદવ કીચડની અંદર રોપાય જાય છે તો પહેલી વખત અમે પાયલોટ પ્રોજેકટ કર્યો છે, ડ્રોનથી અમે બીજ નાખીને પહેલી વખત પ્રોજેકટ કર્યો છે એની અંદર સફળતા મળી છે તો આવનારા દિવસોમાં એનો કેવી રીતે વ્યાપ વધારી શકાય એના માટે પણ અમે પ્રયત્ન કરીશું. એ જ રીતે અમે સન ર૦ર૩–ર૪માં raised bed **માં** એમના વિસ્તારની અંદર લગભગ રપ૦ હેકટરની અંદર ૪૦ લાખ રોપા વાવ્યા છે, એ જ રીતે બીજ વાવેતરમાં ૯૦ હેકટરની અંદર ૩ લાખ ૬૦હજાર રોપા વાવ્યા છે. એની અંદર લગભગ ૯૮૯૪ જેટલા માનવદિન થયા છે. આ વખતે પહેલીવાર કેમ્પા વાવેતર યોજના હેઠળ raised bed વાવેતરમાં ૬૩૭ હેકટર અને બીજ વાવેતરની અંદર ર૬૩ હેકટર, ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા પણ લગભગ ૬૦ હેકટર જેટલા અને બીજ વાવેતર ૧પ૦ હેકટર જેટલા વાવ્યા છે. એમ જોવા જઇએ તો એકંદરે ર૩પપ હેકટરની અંદર રપ૮ લાખ ૮૪ હજાર રોપાઓ અને ૧,૧૮,૭૬૭ જેટલા માનવદિન ઉત્પન્ન થઇ અને લોકોને રોજીરોટી પણ મળી છે.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ માનનીય મંત્રીશ્રીના જવાબમાં મને મળી ગયો છે.

શ્રી અમિત ચાવડા: માનનીય અધ્યક્ષશ્રી, દરીયાકિનારાનું ધોવાણ અટકાવવા માટે અને પર્યાવરણની જાળવણી માટે આ ચેરનું વાવેતર ખૂબ જરૂરી છે અને એટલા માટે દર વર્ષે સરકાર વન વિભાગ લાખો કરોડો રૂપિયા ખર્ચીને વાવેતર કરે છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં આ વાવેતરને નુકસાન કરવા બાબતે કેટલાક ઉદ્યોગો પોતાના ફાયદા માટે એનું નિકંદન જે કાઢી રહ્યા છે એવી કેટલી ફરિયાદો મળી છે અને એની સામે કોઇ કાર્યવાહી કરી છે કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો અમે જે ઉદ્યોગોને પરમિશન આપતા હોઇએ છીએ તો એમને ત્રણ ગણા, ચાર ગણા વાવવાની શરત સાથે પરમિશન આપીએ છીએ અને એનું મોનિટરિંગ અમારો વિભાગ જ કરે છે. જેટલા હેકટરમાં આપીએ છીએ એ એને ઉગાડવાની જવાબદારી સાથે આપીએ છીએ. સ્વાભાવિક છે કે ગુજરાતમાં ઇન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ થતું હોય ત્યાં આ રીતના ઝાડ જે કપાતા હોય એની જગ્યાએ અમે ચાર ગણા જેટલાં વૃક્ષો ઉગાડીએ છીએ અને જે

ફરિયાદ આવી હોય છે એની સામે એકશન પણ લેવામાં આવે છે અને NGTમાં ઘણા બધા લોકો જાય છે એના દ્વારા પણ દંડ કરવામાં આવે છે પણ અમે બને ત્યાં સુધી ચેરનાં વૃક્ષો જેટલા વધુ ઉગે એ રીતના પ્રયત્ન કરીએ છીએ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા પણ માગું છું અને વિનંતી પણ કરું છું કે જે રીતે દેશની અંદર હેરિટેજ બિલ્ડિંગો છે એની જાળવણી કરવા માટે એને હેરિટેજ તરીકે ડિકલેર પણ કરીએ છીએ. આપણા ઘણાં એવાં વૃક્ષો અલગ અલગ વિસ્તારોમાં છે જે અત્યારે જૂજ પ્રમાણમાં છે અને લુપ્ત થતાં જાય છે. મારી વિનંતી છે કે આવાં વૃક્ષો અલગ અલગ વિસ્તારમાં છે ત્યાં અલગ અલગ જગ્યાએ એના વન ઊભા કરીને આ વૃક્ષોનું વધારે વાવેતર કરવું જોઇએ. હું ગીરની વાત કરું તો ત્યાં રૂખડા નામનું ઝાડ થાય છે. પૂજ્ય મોરારી બાપુએ એના ઉપર કથા પણ કરી છે એ ઝાડ લુપ્ત થતું જાય છે. એનું અલગ જગ્યાએ વન બનાવીને વાવેતર કરીએ તો આવનારા સમયમાં આવનારી પેઢી એ વન જોઇ શકશે અને એને લાગશે કે આવાં વૃક્ષો પહેલાં હતાં. આવું કોઇ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે. જે ટાઇપનાં વૃક્ષોનું કહ્યું એનાં માટે આપનું સૂચન ધ્યાનમાં લઇને કાર્યવાહી કરીશું.

**લાઠી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

***15/4/1708 શ્રી જનકભાઈ તળાવિયા** (લાઠી): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૩૨.૦૦ |
| ૨૦૨૩–૨૪ | ૩૨.૦૦ |

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૧૯.૧૭ |
| ૨૦૨૩–૨૪ | ૧૪.૦૪ |

શ્રી જનકભાઈ તળાવિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલા વિસ્તારમાં કેટલા રોપાનું વાવેતર કરવામાં આવ્યું અને તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૨–૨૩ની વાત કરીએ તો લગભગ ૩૨ હેકટરની અંદર ૨૮,૫૧૧ રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે. એમાં લાઠી તાલુકામાં મુખ્યત્વે લીંબડો, સરગવો, ચરલ, પીપળ, અરડૂસા, ગુલમહોર, પીપળા, જામફળ, સીતાફળ, નીલગિરિ, લીંબુ, રાયણ, સવંતશીશુ, દેશી બાવળ, કરંજ, આવા પ્રકારના જાતજાતના રોપાનું વાવેતર કરવામાં આવ્યું છે અને એની પાછળ લગભગ ૩૨૭૪ માનવદિન ઉત્પન્ન થયા છે. એ જ રીતે વર્ષ ૨૦૨૩–૨૪ની વાત કરીએ તો ૩૨ હેકટર જેટલા એરિયામાં આ વાવેતર કરવામાં આવ્યું છે. ૨૮,૫૧૧ જેટલા રોપા વાવવામાં આવ્યા છે એમાં પણ મેં કહ્યું એમ ઉપર મુજબના અલગ અલગ પ્રકારના બધા જ પ્રકારના રોપાઓ વાવવામાં આવ્યા છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સામૂહિક જમીનમાં થયેલ વાવેતરના લાભોનું તેમજ ખાનગી જમીન પર થયેલ વાવેતરના લાભોનું વિતરણ કેવી રીતે થાય છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામૂહિક જમીન પર થયેલ વાવેતર જેવું કે પટ્ટી વાવેતર અને ગ્રામવન જે સરકારી ખર્ચે વન વિભાગ દ્વારા ઉછેરવામાં આવે છે એ જ રીતે પટ્ટી વાવેતરની અંદર વૃક્ષોની કુલ આવકમાંથી ખર્ચ બાદ કરતાં ૫૦ ટકા જેટલી રકમ તાલુકા પંચાયતને આપવામાં આવે છે અને ૫૦ ટકા રકમ સરકારશ્રીમાં જમા કરવામાં આવે છે. એ જ રીતે ગ્રામવનની અંદર વૃક્ષોના ઉછેર અને કાપણીનો ખર્ચ બાદ કરીને ૭૫ ટકા જેટલી રકમ ગ્રામ પંચાયતને અને ૨૫ ટકા રકમ વનીકરણ વિભાગ પાછળ ખર્ચાય છે. માલિકી અને ખેતરની વાત કરીએ તો માલિકીની અંદર વૃક્ષોના ઉછેર માટે સરકારી સહાય અપાય છે અને વૃક્ષોમાંથી થતી તમામ આવક એ ખેડૂતોના પોતાના ખાતામાં જાય છે.

**વડોદરામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક ખાતે પ્રવાસી સુવિધાઓ**

***15/4/1729 શ્રી ચૈતન્ય મકરંદભાઈ દેસાઈ** (અકોટા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્મારક ખાતે પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવા માટે કોઈ કામગીરી કરેલ છે કે કેમ, | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો તેની વિગતો શું છે, અને | (૨) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકર સ્મારક ખાતે પ્રવાસીઓ માટે સુવિધાઓ વિકસાવવા માટે નીચે મુજબની કામગીરી કરેલ છે:<br><br>કમાટીબાગ ખાતે સંકલ્પભૂમિ સ્મારક:<br>કમ્પાઉન્ડ વોલ અને રિટેનીંગ વોલ<br>એમ્ફીથીયેટર<br>ગેટ, ફલોરિંગ અને લેન્ડસ્કેપિંગ<br><br>કલ્યાણનગર ખાતે ડૉ.બાબાસાહેબ આંબેડકર મેમોરીયલ:<br>અંડર ગ્રાઉન્ડ વોટરપંપ, બોર તથા પાર્કીંગ<br>મ્યુઝિયમ બિલ્ડિંગમાં સ્ટ્રકચરલ ડોમ તથા એલ્યુમિનિયમ કમ્પોઝીટ પેનલ<br>બાથરૂમ અને વીટ્રીફાઈડ ટાઈલ્સ (ફલોરિંગ)<br>ઓડીટોરીયમ તથા એમ્ફીથીયેટર<br>સોવેનિયર શોપ તથા મેડીટેશન સેન્ટર<br>એચ.વી.એસી તથા સબસ્ટેશન<br>રોડ તથા પેવર બ્લોક<br>ફાયર સેફ્ટી |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી પાછળ કેટલો ખર્ચ થયેલ છે ? | (૩) | રૂ.૧૦૭૬.૨૩ લાખ. |

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા જિલ્લામાં ડો.બાબાસાહેબ આંબેડકરના પ્રવાસન માટેની સુવિધા કેટલી વિકસાવવામાં આવી અને હાલ કઇ પરિસ્થિતિ પર છે?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, તા. ૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં ૨ વર્ષમાં ડો. બાબાસાહેબ આંબેડકર સ્મારક છે ત્યાં ડો. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણીના ભાગરૂપે કમાટી બાગ છે જે સંકલ્પભૂમિ છે એમાં પ્રવાસન વિભાગે રૂ.૧૧,૮૧,૦૦,૦૦૦ની ગ્રાન્ટ જિલ્લા કલેકટરને ફાળવી હતી. તે કામ માર્ગ અને મકાન વિભાગે પૂર્ણ કર્યું છે. એમાં જે કામો થયાં છે એ અલગ અલગ કામોમાં કમ્પાઉન્ડ વોલ, રીચાર્જિંગ વોલ, એમ્ફી થિયેટર, ફલોરિંગ, ગેટ, લેન્ડ સ્કેપિંગ, સોવેનિયર શોપ અને મેડિટેશન સેન્ટર, એચ.વી.એસ. સબસ્ટેશન, રોડ, પેવર બ્લોક, ફાયર સેફ્ટી જેવાં કામો માટે રૂ.૧૦.૫૬ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. હાલની સ્થિતિની જે વાત માનનીય સભ્યશ્રીએ કરી છે એના માટે બીજો એક પ્રોજેકટ છે એના માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ છે એને પાર્ટ-૨માં રૂ.૧૪ કરોડની ગ્રાન્ટ આપી છે અને તેમાંથી રૂ.૧૨ કરોડ જિલ્લા કલેકટરને હવાલે સામાજિક ન્યાય વિભાગે મૂકયા છે અને કાર્યપાલક ઇજનેર માર્ગ અને મકાન વિભાગ એનું અમલીકરણ કરે છે અને એમાં આર્કિટેકની નિમણૂક થઇ ગઇ છે અને એમાં આર્કિટેકની ફી પૂરતો ખર્ચ થયો છે. બાકીનાં કામ માટેના નકશા અંદાજો બની રહ્યા છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે ડો. બાબાસાહેબ આંબેડકર સ્મારક બનાવવા માટે રાજય સરકારે જે જાહેરાત કરી હતી એ જાહેરાત મુજબ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે અને જે કામગીરી પૂર્ણ કરવા માટેની ડેડલાઇન આપવામાં આવી હતી કે આટલા ટાઇમમાં સ્મારકની કામગીરી પૂરી થવી જોઇએ જે પૂરી થઇ નથી તો કુલ કેટલી રકમ ફાળવવામાં આવે છે અને કયારે પૂરી કરવામાં આવશે?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં ખર્ચની તો વાત કરી એ પ્રમાણે બે પ્રોજેકટ છેઃ એક પ્રવાસન વિભાગે કર્યો છે અને એક સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગે કર્યો છે. એમાં પ્રવાસન વિભાગનું જે કામ છે એ પૂર્ણ થઇ ગયું છે અને સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગે જે કુલ રૂ.૧૪ કરોડ મંજૂર કર્યા છે એમાંથી આર્કિટેકની ફી જેટલો ખર્ચ થયો છે. બાકીનું કામ અત્યારે કરી રહ્યા છે. એક મેમોરિયલનું છે અને બીજું સંકલ્પભૂમિનું કામ છે. આ બેમાં કુલ ખર્ચ છે. બીજા પાર્ટમાં રૂ.૧૪ કરોડનું કામ છે અને પહેલા પાર્ટમાં રૂ.૧૧ કરોડનું કામ છે એ અમે પૂર્ણ કર્યું છે. એટલે આ રીતે ૧૪ અને ૧૧ કુલ ૨૫ કરોડનો ખર્ચ છે.

**સાબરમતી નદીમાં ગંદુ પાણી છોડવા બાબત**

***15/04/2319 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને આસપાસના વિસ્તારોમાંથી કેમિકલવાળું ગંદુ પાણી સાબરમતી નદીમાં છોડવાને કારાણે સાબરમતી નદી પ્રદૂષિત થતી હોવાની ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (૧) | હા |
| (૨) | જો, હા તો ગંદુ પાણી સાબરમતી નદીમાં છોડવા બાબત ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિભાગને મળેલ ફરીયાદો અન્વયે વન અને પર્યાવરણ વિભાગ કે તેના તાબા હેઠળની કચેરીઓ દ્વારા કોની સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૨) | નીચે મુજબ |

**૦૧/૦૧/૨૦૨૨ થી ૩૧/૧૨/૨૦૨૨**

| ક્રમ | વિસ્તાર | કારણ દર્શક નોટિસ | નોટિસ ઓફ ડાયરેક્શન | લીગલ નોટિસ | ક્લોઝર તથા અન્ય ડાયરેક્શન | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર અને આસપાસનો વિસ્તાર | ૦૭ | ૧૨ | ૦૦ | ૨૩ | ૪૨ |

ઉપરોકત લીધેલ પગલાંઓની યાદી આ સાથે સામેલ છે. (પત્રક: ૧)

**૦૧/૦૧/૨૦૨૩ થી ૩૧/૧૨/૨૦૨૩**

| ક્રમ | વિસ્તાર | કારણ દર્શક નોટિસ | નોટિસ ઓફ ડાયરેક્શન | લીગલ નોટિસ | ક્લોઝર તથા અન્ય ડાયરેક્શન | કુલ |
|---|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ શહેર અને આસપાસનો વિસ્તાર | ૦૫ | ૦૪ | ૦૧ | ૦૯ | ૧૯ |

ઉપરોકત લીધેલ પગલાંઓની યાદી આ સાથે સામેલ છે. (પત્રક: ૨)

**પત્રક – ૧**

**૧ .કારણ દર્શક નોટિસ:**

| ક્રમ નં | ઉદ્યોગનું નામ | કાર્યવાહીની તારીખ |
|---|---|---|
| **૨૦૨૨** | | |
| ૧ | કોઠારી ફેશન કમ્પાઉન્ડ | ૦૧/૦૩/૨૦૨૨ |
| ૨ | નારોલ ટેક્સટાઇલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર એન્ડ એન્વાયરો મેનેજમેન્ટ, સીઈટીપી | ૨૪/૦૭/૨૦૨૨ |
| ૩ | ચીરીપાલ ઇંડસ્ટ્રીઝ | ૧૮/૦૩/૨૦૨૩ |
| ૪ | રામ ટેક્સ ફેબ | ૨૨/૧૧/૨૦૨૨ |
| ૫ | વિનોદ ફેબ્રિક્સ પ્રાઇવેટ લિમિટેડ | ૨૨/૧૧/૨૦૨૨ |
| ૬ | કાંકરિયા ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ પ્રાઇવેટ લિમિટેડ | ૨૨/૧૧/૨૦૨૨ |
| ૭ | ઇંકપ્રેશન એલએલપી | ૧૮/૦૪/૨૦૨૨ |

**૨ .નોટિસ ઓફ ડાયરેક્શન:**

| ક્રમ નં | ઉદ્યોગ નું નામ | કાર્યવાહી ની તારીખ |
|---|---|---|
| **૨૦૨૨** | | |

| | | |
|---|---|---|
| ૧ | મા સિકોતર ડેરી એન્ડ સ્વીટ | ૦૧/૦૭/૨૦૨૨ |
| ૨ | આલોક ટેક્સટાઇલ મિલ્સ | ૨૨/૦૨/૨૦૨૩ |
| ૩ | શનાયા ક્રીએશન | ૧૯/૧૨/૨૦૨૨ |
| ૪ | ચામુંડા ઇલેક્ટ્રોપ્લેટીંગ | ૧૮/૧૦/૨૦૨૨ |
| ૫ | ક્રોમવેલ | ૧૮/૧૦/૨૦૨૨ |
| ૬ | અમીન પ્રોસેસ | ૨૯/૦૮/૨૦૨૨ |
| ૭ | વાય.આર.પ્રિન્ટ | ૨૯/૦૮/૨૦૨૨ |
| ૮ | અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (આઉટફોલ) | ૦૨/૦૭/૨૦૨૨ |
| ૯ | આંચલ ઇલેક્ટ્રોપ્લેટર્સ | ૧૭/૧૧/૨૦૨૨ |
| ૧૦ | યુનિટ ઓફ ઇર્શાદભાઇ | ૧૨/૦૭/૨૦૨૨ |
| ૧૧ | યુનિટ ઓફ રશિદભાઇ | ૨૨/૦૭/૨૦૨૨ |
| ૧૨ | ક્રિષ્ણા મોટો વર્લ્ડ એલએલ્પી | ૧૯/૦૪/૨૦૨૨ |

**૩ . કલોઝર તથા અન્ય ડાયરેકશન:**

| **ક્રમ નં** | **ઉદ્યોગ નું નામ** | **કાર્યવાહી ની તારીખ** |
|---|---|---|
| **૨૦૨૨** | | |
| ૧ | યુનિટ ઓફ સોહેલભાઈ રંગરેજ | ૨૯/૧૦/૨૦૨૨ |
| ૨ | ફાઇન પ્રિન્ટ | ૨૯/૧૦/૨૦૨૨ |
| ૩ | યુનિટ ઓફ શોએબખાન | ૧૦/૧૦/૨૦૨૨ |
| ૪ | યુનિટ ઓફ ગુફરાનભાઈ | ૧૦/૧૦/૨૦૨૨ |
| ૫ | કીંગ ડ્રાયર | ૦૭/૧૦/૨૦૨૨ |
| ૬ | શ્રી રંગ પાવડર | ૦૭/૧૦/૨૦૨૨ |
| ૭ | યુનિટ ઓફ તપેલા ડાઈંગ | ૨૬/૦૯/૨૦૨૨ |
| ૮ | નુપુર મેટલ | ૧૩/૦૭/૨૦૨૨ |
| ૯ | રેશ્મા હેન્ડ પ્રોસેસ | ૧૫/૦૬/૨૦૨૨ |
| ૧૦ | ટાયરો વોશ | ૩૧/૦૫/૨૦૨૨ |
| ૧૧ | મારૂતિ વોશ | ૦૮/૦૪/૨૦૨૨ |
| ૧૨ | મિરા ડાઈંગ | ૨૯/૦૩/૨૦૨૨ |
| ૧૩ | એ. આર. વોશ | ૨૯/૦૩/૨૦૨૨ |
| ૧૪ | ડીસેન્ટ ક્રીએશન્ | ૨૯/૦૩/૨૦૨૨ |
| ૧૫ | અમર ટેક્ષટાઈલ | ૨૯/૦૩/૨૦૨૨ |
| ૧૬ | કંચન પ્રિન્ટર્સ | ૨૯/૦૩/૨૦૨૨ |
| ૧૭ | બહુચર બેવરેજીસ | ૦૮/૦૪/૨૦૨૨ |
| ૧૮ | ડાયનો વોશ | ૦૧/૦૪/૨૦૨૨ |
| ૧૯ | અભય ક્રીએશન | ૨૪/૦૨/૨૦૨૨ |
| ૨૦ | જય શ્રી કિશન વોશ | ૧૯/૦૨/૨૦૨૨ |
| ૨૧ | એમ્બેસી વોશ | ૧૯/૦૨/૨૦૨૨ |
| ૨૨ | રાજેશ ટ્રેડીંગ કુ. | ૨૪/૦૨/૨૦૨૨ |
| ૨૩ | એ.બી.વોટર ઈન્ડસ્ટ્રીઝ | ૨૧/૦૩/૨૦૨૨ |

**પત્રક– ૨**

**૧ .કારણ દર્શક નોટિસ:**

| **ક્રમ નં** | **ઉદ્યોગનું નામ** | **કાર્યવાહીની તારીખ** |
|---|---|---|

| | | |
|---|---|---|
| **૨૦૨૩** | | |
| ૧ | શ્રી રામ ઈન્ડસ્ટ્રીઝ | ૨૩/૦૧/૨૦૨૪ |
| ૨ | પટેલ ડેરી પ્રોડક્ટ પ્રા. લિ. | ૦૨/૦૮/૨૦૨૩ |
| ૩ | શીતલ ટેક્ષટાઈલ | ૧૮/૦૩/૨૦૨૩ |
| ૪ | કદમવાલા ટેક્ષટાઈલ મીલ્સ પ્રા. લિ. | ૧૫/૦૬/૨૦૨૩ |
| ૫ | ઈન્ડીયન કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ (યુનિટ: ડાયસ્ટફ & ઈન્ટરમીડીયેટ) | ૧૨/૧૨/૨૦૨૩ |

**૨ .નોટિસ ઓફ ડાયરેક્શન:**

| **ક્રમ નં** | **ઉદ્યોગ નું નામ** | **કાર્યવાહી ની તારીખ** |
|---|---|---|
| **૨૦૨૩** | | |
| ૧ | સ્ટારલાઈન કાર્સ પ્રા.લિ. | ૧૩/૧૨/૨૦૨૩ |
| ૨ | પોપ્યુલર વ્હીલ્સ પ્રા.લિ. (નેક્ષા કાર્સ) | ૨૨/૦૫/૨૦૨૩ |
| ૩ | પોલીરીચ ઈન્ડસ્ટ્રી | ૦૧/૦૫/૨૦૨૩ |
| ૪ | પપ્પુ માસ્ટરનું એકમ | ૨૯/૦૪/૨૦૨૩ |

**૩. લીગલ નોટિસ:**

| **ક્રમ નં** | **ઉદ્યોગ નું નામ** | **કાર્યવાહી ની તારીખ** |
|---|---|---|
| **૨૦૨૩** | | |
| ૧ | ટેક્ષટાઈલ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ | ૦૬/૦૫/૨૦૨૩ |

**૪ . ક્લોઝર તથા અન્ય ડાયરેક્શન:**

| **ક્રમ નં** | **ઉદ્યોગ નું નામ** | **કાર્યવાહી ની તારીખ** |
|---|---|---|
| **૨૦૨૩** | | |
| ૧ | કે.જી.એન ડાઈંગ | ૨૭/૧૦/૨૦૨૩ |
| ૨ | નવદુર્ગા બ્લોકડીઝસ વર્કસ | ૦૮/૧૨/૨૦૨૩ |
| ૩ | યુનિટ ઓફ ખાન મોઈન તૈયબ | ૧૨/૦૭/૨૦૨૩ |
| ૪ | યુનિટ ઓફ સોનુ ખાન | ૧૨/૦૭/૨૦૨૩ |
| ૫ | યુનિટ ઓફ આશિફ પઠાણ | ૧૨/૦૭/૨૦૨૩ |
| ૬ | કે. જી. એન. હેન્ડ ડાઈંગ | ૩૧/૦૫/૨૦૨૩ |
| ૭ | ટેક્ષટાઈલ કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ | ૦૬/૦૫/૨૦૨૩ |
| ૮ | મમતા હેન્ડ બ્લીચ | ૨૬/૦૪/૨૦૨૩ |
| ૯ | શ્રી અંબેશ્વર ઈલેક્ટ્રોપ્લેટીંગ | ૧૦/૦૨/૨૦૨૩ |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે દેશની જે પ્રદૂષિત નદીઓ કહેવાય એમાં સાબરમતી નદીનો બીજો નંબર આવે છે. આ સાબરમતી નદીની આસપાસ જે ફેક્ટરીઓ આવેલી છે ઓઢવ, નારોલ, શાહવાડી, સૈજપુર મારી વિધાનસભા વિસ્તારમાં આવે છે. ત્યાં સુએઝ ટ્રીટમેન્ટ પ્લાનની પાછળ છેલ્લાં ૨ વર્ષમાં રૂ.૧૩૬ કરોડ રૂપિયા કરતાં પણ વધારેની રકમ ખર્ચાઇ છે. હાઇકોર્ટે પણ અનેક વખત ટકોર કરી છે. હું જયારે પ્રશ્ન પૂછું છું ત્યારે આજે પણ મોટા પ્રમાણમાં પ્રદૂષિત પાણી મોટા પ્રમાણમાં નદીમાં છોડવામાં આવે છે. જે પણ ફરિયાદ કરે હું ધારાસભ્ય તરીકે કહુ છું સ્થાનિક કોઇ એન.જી.ઓ. ફરિયાદ કરે ખાસ કરીને બોર્ડની અંદર જી.પી.સી.બી. બોર્ડમાં એટલે અધિકારી જાય છે, એને નોટિસ પણ આપે છે. નોટિસ આપ્યા પછી જે સેટિંગ મોટા પ્રમાણમાં ચાલે છે સાહેબ સમજી લો.

અધ્યક્ષશ્રી : આપ સીધા પ્રશ્ન ઉપર આવી જાવ. આપનો પ્રશ્ન શું છે?

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી નદી દેશની સૌથી પ્રદૂષિત નદીમાં સેકન્ડ નંબરે આવે છે. જેના માટે હાઈકોર્ટે અસંખ્ય વખત ટકોર કરી હોવા છતાં પણ આજની તારીખે સાબરમતી નદીની અંદર ગંદુ પાણી છોડવામાં આવે છે. જી.પી.સી.બી. બોર્ડ દ્વારા જે કડક પગલાં લેવાં જોઇએ તે નહીં લેવાનાં કારણોસર પણ આ નદીમાં પાણી છોડવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન શું છે? શ્રી શૈલેષભાઇ આપ પ્રશ્ન પૂછો. આપે બે મિનિટ પૂરી કરી દીધી છે.

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે, હાઇકોર્ટની ટકોર પછી પણ આજની તારીખે આ નદીમાં પ્રદૂષિત પાણી છોડવામાં આવે છે. છેલ્લાં બે વર્ષમાં કેટલા ઉદ્યોગોને આ વિષય અંગેની નોટિસો આપવામાં આવી છે અને કેટલા ઉદ્યોગોની સામે પગલાં લેવામાં આવેલ છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ કહ્યું છે તો તેમને પણ તેમનો ભૂતકાળ આપણે યાદ દેવડાવીએ. આ સાબરમતી નદીની અંદર સૌને ખબર છે કે, આપના સમયમાં ત્યાં ગાંડા બાવળ વાવ્યા હતા. ગાંડા બાવળથી આ સાબરમતી નદી ભરેલી હતી. કેટલાંય ઝૂંપડાંઓને કારણે ત્યાં સાબરમતી નદીની અંદર દબાણો ઊભા થયા હતા. પરંતુ આ દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સાબરમતી નદીની અંદર રિવરફ્રન્ટ બનાવ્યો અને તેના થકી આ નદીમાં પાણી ભરવામાં આવ્યું છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના કારણે આ શક્ય બન્યું છે. માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં તેમને મેં છ પાનાનો જવાબ આપ્યો છે અને તેમાં જણાવ્યું છે કે, કેટલા ઉદ્યોગોને નોટિસ આપી છે. તે જવાબ આપને મળી જ ગયો છે. તેમને એક વાત ખાસ યાદ દેવડાવું કે, ૨૦૧૮ની સાલમાં દેશમાં ૩૫૧ જેટલી નદીઓ સી.પી.સી.બી. દ્વારા પ્રદૂષિત જાહેર કરવામાં આવી હતી. તેની અંદર ગુજરાતની ૨૦ જેટલી નદીઓનો સમાવેશ થતો હતો. ત્યારબાદ ૨૦૨૨ની સાલમાં સી.પી.સી.બી દ્વારા તેનો રિપોર્ટ ફરીવાર જાહેર કરવામાં આવ્યો હતો. તેની અંદર દેશની ૩૧૧ જેટલી નદીઓ પ્રદૂષિત જાહેર કરવામાં આવી. તેમાંથી ગુજરાતમાં ફક્ત ૧૩ જેટલી નદીઓ પ્રદૂષિત નદી તરીકે જાહેર થઇ. એટલે સાત જેટલી નદીઓનો પ્રદૂષિત નદીમાંથી ઘટાડો કરવામાં આવ્યો છે. જે નદીઓ પ્રદૂષિત નદીના લિસ્ટમાંથી બહાર નીકળી છે તેમાં બાલેશ્વર ખાડી, કીમ, ત્રિવેણી, અમરાવતી, મેશ્વો અને નર્મદા જેવી નદીઓ છે. માનનીય સભ્યશ્રીને જાણ કરું તો તેની અંદર ભૂખી નદી આ પ્રદૂષિત નદીઓના લિસ્ટમાં ઉમેરાઇ છે. તેનો ઉકેલ અમે લાવીશું. માનનીય સભ્યશ્રી વાત કરતા હતા તો મારે ગર્વ સાથે કહેવું પડે અને માનનીય સભ્યશ્રી ઇમરાનભાઇ ખેડાવાલા પણ બેઠા છે. જે વિધાનસભામાંથી શૈલેષભાઇ નેતૃત્વ કરી રહ્યા છે તે વિસ્તારની ટેક્સટાઇલ, ડાઇંગ, હેન્ડ પ્રિન્ટ ટેક્સટાઇલ યુનિટો ગંદુ પાણી આ સાબરમતી નદીમાં નિકાલ કરતા હતા. તેની અંદર માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની અધ્યક્ષતાની અંદર કોર્પોરેશનના સૌ પદાધિકારીઓ સાથે મિટિંગ કરવામાં આવી હતી. ૩૦૦ જેટલા યુનિટો જે ગંદુ પાણી નદીમાં છોડતા હતા તેના માટે અમે કોર્પોરેશનને સી.ઇ.ટી.પી. પ્લાન્ટ બનાવવા માટે જમીન આપી. તે લોકો શુદ્ધ પાણી હવે નદીમાં છોડી રહ્યા છે. આ બાબતમાં આ સરકાર ખૂબ ચિંતિત છે. અમે બંને મંત્રીઓ ખૂબ ચિંતિત છીએ. ૧૨મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ અમે બંને મંત્રીઓએ આ બધા જ સી.ઇ.ટી.પી.ની મુલાકાત લીધી હતી. જયાં પાણી બહાર નીકળે છે ત્યાં સુધી અમે બંને મંત્રીઓ ગયા હતા અને સ્થળ મુલાકાત લીધી હતી. તેના માટે જે કંઇ પગલાં લેવા પડે તે લેવા અમે તૈયાર છીએ. સાબરમતી નદીમાં જે પ્રદૂષિત પાણી છોડવામાં આવી રહ્યું છે તેના માટે અમે અને અમારી સરકાર ચિંતિત છે. જે કોઇ ઉદ્યોગકાર આ નદીમાં ગંદુ પાણી છોડશે તેમને છોડવામાં આવશે નહીં. પ્રદૂષિત પાણી માટે કોઇ ઉદ્યોગ બંધ કરવો પડે તો તે કરવા અમે તૈયાર છીએ.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ તેમના જવાબમાં જે કારણદર્શક નોટિસ આપી છે તેવું જણાવેલ છે. તેમાં નારોલ ટેક્સટાઇલ ઇન્ફ્રાસ્ટ્રકચર ઓફ એન્વાયરમેન્ટ મેનેજમેન્ટ છે. આ કંપની પોતે સી.ઇ.ટી.પી. ધરાવે છે. આ એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ જે કંપની પાસે છે તેને જ આપણે નોટિસ આપવી પડે છે. તેનો મતલબ એ છે કે, પાણી શુદ્ધ કરવાને બદલે સાબરમતી નદીમાં છોડી રહ્યા છે. તેને નોટિસ આપવાનાં કારણો શું છે? બીજો પ્રશ્ન એ છે કે, નોટિસ ઓફ ડાયરેકશનનો જે જવાબ આપ્યો છે તેમાં અમદાવાદ મહાનગરપાલિકાને નોટિસ ઓફ ડાયરેકશન આપવામાં આવી છે. તો અમદાવાદ મહાનગરપાલિકાને નોટિસ ઓફ ડાયરેકશન આપવાનાં કારણો શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં મારા જવાબમાં કહ્યું છે કે, અમે કોઇ સી.ઇ.ટી.પી. હોય કે બીજા જે હોય તેમને કયારેય છોડવાના નથી. લગભગ અમે ૪૨ જેટલા ઉદ્યોગોને નોટિસ આપી હતી. નોટિસ આપ્યા બાદ ૧૦ જેટલા ઉદ્યોગોએ તેની પૂર્તતા કરી છે અને પછી તે ઉદ્યોગો ચાલુ કર્યા છે. કોર્પોરેશનની વાત કરે છે, અમે કોઇપણ સંસ્થા હોય તેને છોડતા નથી. કોર્પોરેશનની અંદર લોકો દ્વારા ગેરકાયદેસર કનેક્શન એસ.ટી.પી.ની અંદર નાંખી દેવામાં આવ્યા હતા. કોર્પોરેશને નોટિસ આપીને એ બંધ કરાવ્યા હતા. એક રિપોર્ટ પ્રમાણે એન.જી.ટી.એ એક રિપોર્ટ જાહેર કર્યો હતો એની અંદર ૧૧ જેટલા એસ.ટી.પી. અમદાવાદ મહાનગરપાલિકામાં આવેલા છે એની અંદર વર્ષો જૂના એસ.ટી.પી. બનેલા હતા અને એન.જી.ટી.ની ગાઇડલાઇન પ્રમાણે કોરપોરેશન દ્વારા વર્લ્ડ બેન્કમાંથી લોન લઇને નવા અપગ્રેડેશનની કામગીરી ચાલે છે એટલે આવનારા દિવસોમાં એ અપગ્રેડેશન થઇ જશે. એટલે કોરપોરેશન આ રીતે કામગીરી કરી રહ્યું છે એટલે જે પ્રશ્ન હતો એ પ્રશ્ન હવે રહેવાનો નથી.

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, હાલની સ્થિતિએ અમદાવાદ વિસ્તારમાં સાબરમતી નદીમાં નિકાલ કરવામાં આવતા ઔદ્યોગિક પાણીની વિગતો શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાબરમતી નદીમાં પાણીના નિયત માપદંડ પ્રમાણે ટ્રીટમેન્ટ કરીને છોડવાની પરમિશન આપવામાં આવે છે. અમદાવાદ પૂર્વ વિસ્તારની વાત કરું તો ૬ જેટલા સી.ઇ.ટી.પી.માંથી ટ્રીટ કરેલ પાણી મેગા પાઇપલાઇન દ્વારા સાબરમતી નદીમાં નિકાલ કરવામાં આવે છે. નારોલ ટેક્સટાઇલ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર મેનેજમેન્ટ સી.ઇ.ટી.પી.ની અલગ પાઇપલાઇન દ્વારા એનું પાણી કાઢવામાં આવે છે એજ રીતે અમદાવાદના દાણીલીમડા, બહેરામપુરા

વિસ્તારમાં ટેક્સટાઇલ્સ એકમો માટે ધી અમદાવાદ સ્ક્રીન પ્રિન્ટિંગ એસોસીએશન દ્વારા ૩૦ એમ.એલ.ડી. ક્ષમતાના સામૂહિક શુદ્ધિકરણ પ્લાન્ટમાંથી ટ્રીટ કરેલ ઔદ્યોગિક પાણી બંધ પાઇપલાઇન દ્વારા એ.એમ.સી.ના ૧૮૦ એમ.એલ.ડી. પિરાણા એસ.ટી.પી.ના આઉટલેટ પાસે મિક્ષિંગ ચેમ્બરમાં થઇને સાબરમતીની અંદર છોડવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે પોલ્યુટેડ વોટર છે એ પાઇપલાઇનની જગ્યાએ ઘણા ઉદ્યોગગૃહો જમીનમાં પમ્પિંગ કરીને ઉતારી નાંખે છે અને બીજા અમુક લોકો આ પ્રદૂષિત પાણી છે એ પાણીનો નિકાલ કરવા માટે પ્રદૂષણ માફિયાઓ દ્વારા ટેન્કર દ્વારા વોકળાઓમાં, કૂવાઓમાં કે ઝરણાઓમાં નાંખી દે છે અને એ રીતે ગ્રાઉન્ડ વોટર બગાડે છે તો આ બાબત રાજય સરકારના ધ્યાનમાં છે કે કેમ? અને જો હોય તો એને અટકાવવા માટેના કોઇ પગલાં લેવામાં આવ્યાં છે કે કેમ?

વિધાનસભાનું સત્ર બોલાવવાથી માંડીને સત્ર સમાપ્તિ સુધીનું તમામ સંસદીય બાબતો અંગેનું કામકાજ આ વિભાગમાં થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

રાજયના કાયદાઓને અદ્યતન કરી તેને છપાવવાની કામગીરી આ વિભાગમાં થાય છે. આમ, વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગની કામગીરી તાંત્રિક પ્રકારની છે. સદર વિભાગની ઉક્ત કામગીરી મુખ્યત્વે કાયદાના સ્નાતક કક્ષાની પદવી ધરાવતા સીધી ભરતીથી નિમણૂક થતા ઓફીસર્સ દ્વારા કરવામાં આવતી હોઈ, તેઓના કાયદાના જ્ઞાન અને અનુભવની વિભાગની કામગીરીમાં જાહેર હિતમાં જરૂરીયાત જણાતી હોઈ, તેઓને સરકારશ્રીની જરૂરી મંજૂરી મેળવીને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત પુન: નિમણૂક આપવામાં આવે છે.

### છોટાઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ

**15/4/1710 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર): માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી જણાવવા** કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં કેટલા હેકટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૫૦૨ |
| ૨૦૨૩–૨૪ | ૩૫૯ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૨૧૪.૩૫ |
| ૨૦૨૩–૨૪ | ૧૩૭.૧૬ |

### વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ માટે બજેટમાં જોગવાઇ

**15/4/2309 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા): **માનનીય વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ માટે વર્ષ ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ માં વર્ષવાર કેટલી રકમની બજેટમાં જોગવાઈ કરવામાં આવેલ,

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ (લાખમાં)

| **નાણાકીય વર્ષ** | **૨૦૨૧–૨૨ (લાખમાં)** | **૨૦૨૨–૨૩ (લાખમાં)** |
|---|---|---|
| બજેટ જોગવાઈ | ૮૫૪.૯૨ | ૮૦૮.૨૫ |

(૨) જોગવાઈ કરવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૨) તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ (લાખમાં )

| **નાણાકીય વર્ષ** | **૨૦૨૧–૨૨ (લાખમાં) (સુધારેલ અંદાજો મુજબ)** | **૨૦૨૨–૨૩ (લાખમાં) (સુધારેલ અંદાજો મુજબ)** |
|---|---|---|
| ફાળવેલ ગ્રાંટ | ૭૫૦.૦૦ | ૧૦૫૨.૦૬ |

(૩) ઉક્ત ફાળવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઈ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલ રહી?

(૩) તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ (લાખમાં )

| **નાણાકીય વર્ષ** | **૨૦૨૧–૨૨ (લાખમાં)** | **૨૦૨૨–૨૩ (લાખમાં)** |
|---|---|---|
| વપરાયેલ રકમ | ૭૩૦.૦૦ | ૯૨૫.૦૦ |
| વણવપરાયેલ રકમ | ૨૦.૦૦ | ૧૨૭.૦૬ |
| કારણો | વર્ષ–૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ ના કારણો:–<br>૧) વહીવટી કારણોસર રકમ વણવપરાયેલ રહેલ છે. | |

-------

ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ )

**છોટાઉદેપુર જિલ્લામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**15/4/2046 શ્રી અભેસિંહ મોતીભાઇ તડવી** (સંખેડા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું, અને

(૧)

| જિલ્લો | તાલુકો | વાવેલ રોપાની સંખ્યા | |
|---|---|---|---|
| | | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ) |
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૨૯૯૧૧ | ૪૦૫૧૧ |
| | ક્વાંટ | ૩૨૦૦૦ | ૧૧૦૦૦ |
| | પાવીજેતપુર | ૫૩૦૦૦ | ૩૮૭૧૧ |
| | બોડેલી | ૭૦૪૦૦ | ૯૦૪૦૦ |
| | સંખેડા | ૧૫૬૦૦ | ૧૪૮૦૦ |
| | નસવાડી | ૪૬૦૨૨ | ૫૧૫૧૧ |

(૨) ઉક્ત સ્થિતિએ તેની પાછળ કેટલો ખર્ચ વર્ષવાર કરવામાં આવ્યો?

(૨)

| જિલ્લો | તાલુકો | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | |
|---|---|---|---|
| | | ૨૦૨૨-૨૩ | ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ) |
| છોટાઉદેપુર | છોટાઉદેપુર | ૨૬.૭૦ | ૨૬.૬૭ |
| | ક્વાંટ | ૨૪.૦૧ | ૪.૪૩ |
| | પાવીજેતપુર | ૪૪.૨૯ | ૨૨.૫૬ |
| | બોડેલી | ૪૯.૭૮ | ૪૪.૨૭ |
| | સંખેડા | ૧૧.૭૨ | ૧૧.૮૯ |
| | નસવાડી | ૪૨.૪૦ | ૩૧.૧૧ |

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (દસમો દિવસ)**

**વન અને પર્યાવરણ વિભાગ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ, ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ**

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક- ૨૬**

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) (વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વનને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧૦,૮૮,૨૯,૦૦,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૯,૫૬,૨૮,૦૦,૦૦૦/- માગણી ક્રમાંક- ૨૬ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૨૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫ રજૂ કરવામાં આવી.

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક- ૨૭**

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર)(વન અને પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ ને લગતી સેવા અંગેની વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ. ૪૦,૩૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક-૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક –૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક– ૧૨ રજૂ કરવામાં આવી.

**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

**માગણી ક્રમાંક– ૫૧**

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર)(**પ્રવાસન મંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસનને લગતી સેવા અંગેની ઉદ્યોગ અને ખાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૩,૫૮,૭૦,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧૪,૯૯,૧૯,૦૦,૦૦૦/–માગણી ક્રમાંક–૫૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૫૧ રજૂ કરવામાં આવી.**

અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.

અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.

તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.

**રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**

**માગણી ક્રમાંક– ૯૮**

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) (**રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, હું યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને લગતી સેવા અંગેની રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૪,૭૮,૩૯,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૨૨,૧૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક– ૯૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૯૮ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૪ રજૂ કરવામાં આવી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.

**ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ**

**માગણી ક્રમાંક –૧૦૭**

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર)(**ક્લાઇમેટ ચેઇન્જ વિભાગના મંત્રીશ્રી**) : માનનીય અધ્યક્ષશ્રી, હું ક્લાઇમેટ ચેઇન્જ વિભાગને લગતી સેવા અંગેની ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨,૧૩,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૦૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક –૧૦૭ રજૂ કરવામાં આવી.**

ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ )

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૦ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૪–૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **વન અને પર્યાવરણવિભાગ**<br>**માગણી નં. ૨૬** | | |
| *૧ | ૨૪૦૬–વન...જીવન<br>૦૧–વન નિર્માણ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૩,૫૪,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮,<br>પાના નં. ૧૨ અને ૧૩ | ૧૦૦ | આદિજાતિ વિસ્તારોમાં રહેતા આદિવાસી લોકોને વન વિભાગ દ્વારા કરવામાં આવતીહેરાનગતિ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૨ | ૨૪૦૬–વનજીવન<br>૦૧–વન નિર્માણ<br>૦૦૫–વન...ઉપયોગ<br>રૂ. ૨૫,૦૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮,<br>પાના નં. ૧૨ થી ૧૪ | ૧૦૦ | જંગલોની જમીનો અન્ય હેતુઓ માટે ફાળવી દેવાના વધતા કિસ્સાઓની તપાસ કરી તે અંગે યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| ૩ | ૨૪૦૬–વન...જીવન<br>૦૨–પર્યાવરણ લક્ષી...પ્રાણી જીવન<br>૧૧૦–વન્ય...સંરક્ષણ<br>રૂ. ૨,૭૯,૧૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮,<br>પાના નં. ૨૪ થી ૨૮ | ૧૦૦ | ગેરકાયદેસર લાયન શો કરનાર ઇસમો સામે કડક શિક્ષાત્મક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| *૪ | " – – | ૧૦૦ | વનવિસ્તારોમાં અપૂરતી સવલતોને કારણે ગ્રામ્ય–શહેરી વિસ્તારોમાં સિંહ–દીપડા જેવા હિંસક પ્રાણીઓ દ્વારા થતા હુમલાઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૫ | ૪૪૦૬–વન...જોગવાઇ<br>૦૧–વનનિર્માણ<br>૦૭૦–સંચાર અને મકાન<br>૦૧–રસ્તા અને મકાનો<br>રૂ. ૨૦,૨૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮,<br>પાના નં. ૪૦ | ૧૦૦ | વન વિસ્તારમાં બિસ્માર રસ્તાઓની મરામત કરાવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| | | **માગણી નં. ૨૭** | | |
| ૬ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા<br>૦૨–ગટર...સ્વચ્છતા<br>૧૦૬–વાયુ...નિવારણ<br>રૂ. ૮,૪૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮,<br>પાના નં. ૯ | ૧૦૦ | ઔદ્યોગિક વિસ્તારોમાં ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા નિયત કરેલ માપદંડોની ચકાસણી કરાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીત ચાવડા |
| ૭ | – – " – – | ૧૦૦ | સાબરમતી નદીમાં દૂષિત પાણી છોડતા એકમોને સીલ કર્યા બાદ આવા એકમોને સીલમાંથી મુકત કરાવનાર જવાબદાર અધિકારીઓ સામે સખ્તાઇથી પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૮ | " – – | ૧૦૦ | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ દ્વારા પ્રદુષણ ફેલાવતા એકમોને કલોઝર નોટીસો અપાયા બાદ પણ કાર્યરત રહેલા એકમો સામે કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| *૯ | – – " – – | ૧૦૦ | પર્યાવરણના નિયમોનો ભંગ કરતાં રાસાયણિક એકમો | શ્રી અનંતકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૧૦ | – – " – – | ૧૦૦ | ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડ અને સંલગ્ન કચેરીઓના અધિકારીઓ દ્વારા જવાબદારીપૂર્વક કામ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૧૧ | " – – | ૧૦૦ | જોખમી કચરો અને પ્લાસ્ટિક વેસ્ટના પ્રશ્નોના નિરાકરણ માટેઅલગથી ભંડોળ ફાળવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૧૨ | ૩૪૩૫–પરિસ્થિતિ..પર્યાવરણ<br>૦૩–પર્યાવરણલક્ષી..પરિસ્થિતિ<br>૦૦૩–પર્યાવરણલક્ષી…વિસ્તરણ૦૧–EPC-2ગુજરાત…વહીવટ<br>રૂ. ૨૭,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૮,<br>પાના નં.૩૩ | ૧૦૦ | ગુજરાત ઇકોલોજી કમીશન દ્વારા T.P.I.ના અભાવે દરીયાકાંઠાના મેન્ગ્રુવ્સના વાવેતરમાં થતી ગેરરીતિ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| | | **ઉદ્યોગ અને ખાણ વિભાગ**<br>**માગણી નં. ૫૧** | | |
| ૧૩ | ૩૪૫૨–પ્રવાસન<br>૧૯૦–જાહેરક્ષેત્ર..સહાય<br>૦૨–TRS-34પવિત્ર..અનુદાન<br>રૂ. ૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પાનાનં. ૬૯ | ૧૦૦ | પવિત્ર યાત્રાધામોના વિકાસ માટે ફળવાતી રકમના યોગ્ય ઉપયોગની ચકાસણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૪ | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૬૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પાનાનં. ૭૧ | ૧૦૦ | સી.આર.ઝેડની મંજૂરી વિના નો–ડેવલપમેન્ટ ઝોનમાં રીસોર્ટ બાંધકામની મંજૂરી આપનાર જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| *૧૫ | " – – | ૧૦૦ | પ્રવાસન નિગમમાં એમપેનલ્ડ થયેલ ન હોય તેવી એજન્સીઓને ટેન્ડર વિના કામ અપાય છે તે અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૬ | ૩૪૫૨–પ્રવાસન<br>૮૦–સામાન્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૬૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પાનાનં. ૭૧ | ૧૦૦ | પ્રવાસન નિયામકની કચેરીઓમાં કોન્ટ્રાકટ/આઉટસોર્સીંગ ભરતીઓમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| ૧૭ | – – " – – | ૧૦૦ | સ્વદર્શન યોજના હેઠળ કોચરબ આશ્રમ સામેલ ન હોવા છતાં તે અન્વયે થયેલ ખર્ચની તપાસ કરી ગેરરીતિ આચરનાર જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૧૮ | ૩૪૫૨–પ્રવાસન<br>૧૦૪–પ્રમોશન અને પ્રચાર<br>૦૧–પ્રવાસનનો…પ્રચાર<br>રૂ. ૧,૧૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પાનાનં. ૭૨ | ૧૦૦ | કેન્દ્રના આદેશ મુજબ રાજયમાં ૨૬ આઇલેન્ડને નિયત કરી તેને પ્રવાસન યોગ્ય બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૧૯ | ૫૪૫૨–પ્રવાસન..જોગવાઇ<br>૮૦–સામાન્ય<br>૧૦૪–બઢતી અને પ્રચાર<br>૦૨–TRS-37ગુજરાત…બોર્ડ<br>રૂ. ૨,૭૮,૯૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૧૩<br>પાનાનં. ૯૬ | ૧૦૦ | પવિત્ર યાત્રાધામોમાં સંપૂર્ણ રીતે ગંદકી દૂર થાય તે માટેના પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| *૨૦ | – – " – – | ૧૦૦ | સરકાર હસ્તકના અંબાજી મંદિરના વહીવટમાં રહેલ | શ્રી જીગ્નેશ મેવાણી |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ક્ષતિઓ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૧ | – – " – – | ૧૦૦ | અંબાજી મંદિરના ટ્રસ્ટી મંડળમાં પ્રજાના પ્રતિનિધિઓને સ્થાન આપવામાં તંત્રની નિષ્ફળતા. | કાન્તીભાઇ ખરાડી |
| **રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ**<br>**માગણી નં. ૯૮** | | | | |
| ૨૨ | ૨૨૦૪– ખેલકૂદ...સેવાઓ ૧૦૪– ખેલકૂદ અને રમતો<br>રૂ.૨,૧૧,૪૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પાનાનં. ૧૯ થી ૨૧ | ૧૦૦ | ભારત સરકારની માન્યતા પ્રાપ્ત રમતોની યાદી મુજબની તમામ રમતોને માન્યતા આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૨૩ | – – " – – | ૧૦૦ | ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન આપી શકે તે માટે રાજયમાં ખેલાડીઓનું સંપૂર્ણ ઘડતર કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| ૨૪ | – – " – – | ૧૦૦ | એશિયન ગેમ્સમાં રાજયના ખેલાડીઓ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શકે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૫ | – – " – – | ૧૦૦ | રાજયમાં ખેલમહાકુંભ રમત–ગમતની પ્રવૃત્તિઓ સમગ્ર વર્ષ દરમિયાન ચલાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૨૬ | – – " – – | ૧૦૦ | સ્પોર્ટસ કોચની રમતવીરો તૈયાર કરવાની કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૨૭ | ૨૨૦૫– કલા અને સંસ્કૃતિ ૧૦૨– કલા...ઉત્તેજન રૂ.૫૬,૨૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પાનાનં. ૨૪ થી ૨૬ | ૧૦૦ | વિભાગ દ્વારા ગુજરાત ગૌરવ પુરસ્કારો સમયસર આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| *૨૮ | ૨૨૦૫– કલા અને સંસ્કૃતિ ૧૦૩– પુરાતત્વ<br>૦૧–ART-7પુરાતત્વ વિકાસ<br>રૂ.૧૦,૩૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૫<br>પાનાનં. ૨૭ | ૧૦૦ | પુરાતત્વ સંગ્રહસ્થાનોની જાળવણી માટે વિભાગમાં પૂરતા સ્ટાફની ભરતી કરવામાં તંત્રની ઉદાસીનતા. | ગેનીબેન ઠાકોર |
| **કલાઇમેટ ચેઇન્જ વિભાગ**<br>**માગણી નં. ૧૦૭** | | | | |
| *૨૯ | ૩૪૫૧– સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–કલાઇમેટ...વિભાગ<br>રૂ.૨,૧૩,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં.૨૮<br>પાનાનં. ૧૦ | ૧૦૦ | કલાઇમેન્ટ ચેન્જ વિભાગ દ્વારા કરવામાં આવતી વિવિધ કામગીરી પાછળ થતા ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૩૦ | – – " – – | ૧૦૦ | કલાઇમેન્ટ ચેન્જ અંતર્ગત કરેલ કામગીરીઓ જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૩૧ | – – " – – | ૧૦૦ | કલાયમેન્ટ ચેન્જ વિભાગની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૃથ્વી પર કુદરત સાથે સૌથી વધારે ચેડાં કર્યા હોય તો એ માનવજાતે કર્યાં છે. એના કારણે આજે કલાઇમેટ ચેન્જ થઇ રહ્યું છે. આ કલાઇમેટ ચેન્જના કારણે દુનિયા ઉપરની સજીવ સૃષ્ટિ સામે સૌથી મોટો પડકાર આવીને ઊભો રહ્યો છે. પૃથ્વીને નુકસાન કરવાનું કામ પણ માનવીમાં જે સૌથી વધુ બુદ્ધિશાળી અને વધારેમાં વધારે ટૅકનૉલૉજીનો ઉપયોગ કરતાં હોય એ લોકોએ જ કર્યું છે. આપણે જાગ્યા પણ ખૂબ મોડા જાગ્યા. ભારતમાં વર્ષ ૧૯૬૦ પછી વાઇલ્ડ લાઇફ બચાવવા માટેની, વન બચાવવા માટેની જાગૃતિ શરૂ થઇ. વર્ષ ૧૯૭૨માં યુ.એન. કૉન્ફરન્સ ઓન હ્યુમન એનવાયર્નમેન્ટ સ્ટોક હૉમ ખાતે યોજાઇ એમાં ભારત સિગ્નેચરી બન્યું અને એની ભલામણોનો અમલ કર્યો એટલે સ્વર્ગસ્થ ઇન્દિરા ગાંધીએ સૌથી પહેલાં વાઇલ્ડ લાઇફ એક્ટ–૧૯૭૨ રાજસભામાં પસાર કર્યો અને પછી બધા રાજ્યોએ પસાર કર્યો. એના કારણે આપણે વાઇલ્ડ લાઇફ બચાવવાનો ક્રેડિટ વાઇલ્ડ લાઇફ પ્રોટેક્શન એક્ટ–૧૯૭૨ને જાય છે. એને આપણે અભિનંદન આપવા જોઇએ. એમાં એક ગુજરાતીનું સૌથી મોટું પ્રદાન હતું. તેઓ કાંકરિયા ઝૂના સુપ્રિન્ટેન્ડન્ટ હતા. એમની ઉંમર નાની હતી છતાં

વડાપ્રધાનને સમજાવવામાં એમણે ખૂબ મોટો ફાળો આપ્યો હતો એવા રોબિન ડેવિડને પણ યાદ કરીશું. એનવાયર્નમેન્ટ પ્રોટેક્શન એક્ટ-૧૯૮૬ અમલમાં આવ્યો એના કારણે આપણે વાઘ અને સિંહોને બચાવી શક્યા. એ વખતે એમની અંતિમ ક્ષણો ગણાતી હતી અને ફરીથી એમની વૃદ્ધિ થઇ અને આપણા જંગલો એ વાઇલ્ડ લાઇફના કારણે સુરક્ષિત રહ્યા. જંગલને સુરક્ષિત રાખવા હશે તો વાઇલ્ડ લાઇફને પ્રોટેક્ટ કરવી જ પડશે. એના કારણે આપણે ચિત્તાનો પ્રોજેક્ટ પણ અમલમાં લાવ્યા અને હમણાં વરૂ કે જેને ગામડામાં નાર કહેવાય છે. એનું કામ જંગલી ભૂંડ અને જંગલી રોઝને દૂર રાખવાનું છે. જેની ખેડૂતોને ખૂબ મોટી ફરિયાદો છે. એ નાર બચી ગઇ હોત તો આ વાડ કરવાની જરૂર ના રહી હોત. આપણે હવે નારનું પણ બ્રીડિંગ કરીને એને બચાવવાનો પ્રયત્ન કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે મેન્ગ્રુવ્સની વાત કરી. દરિયાકિનારામાં જે આપણું એક્વા કલ્ચર છે એનું બ્રીડિંગ સેન્ટર પણ મેન્ગ્રુવ્સ છે. દરિયાનું પાણી મીઠા પાણીમાં ન ભળી જાય એના માટે પણ મેન્ગ્રુવ્સ જરૂરી છે. આપણે તો મેન્ગ્રુવ્સ કાપવાનું કામ પણ ઘણાં વર્ષો સુધી કર્યું છે. હવે જાગૃત થયા છીએ પણ હજી વધારે જાગૃત થવાની જરૂર છે. ભૂતકાળમાં વનનો ખૂબ મહિમા હતો. આપણા ગીતો, ભજનો અને લગ્ન ગીતોમાં પણ આપણે વનને મહત્ત્વ આપતા હતા. આપણે ત્યાં ગામડામાં હજી પણ ગીતો ગવાય છે કે,

''વનરા તે વનમાં મીંઢોળ ઝાઝાં, મીંઢોળ પરણેને ઝાડ બાળ કુંવરજી.''

વર્તમાન સમયમાં આપણે જંગલની જમીન ડાયવર્ટ કરવાનું કામ ખૂબ મોટા પાયે કરી રહ્યા છીએ. વર્ષ ૨૦૨૦-૨૧માં આપણે ૨૨૦ યુનિટો થકી ૧૨૩૭ હેક્ટર જંગલની જમીન ડાયવર્ટ કરી. વર્ષ ૨૦૨૧-૨૨માં ૧૯૬ દરખાસ્તો, ૪૪૩.૪૮ હેક્ટર જમીન જંગલની પ્રવૃત્તિમાંથી ઇન્ડસ્ટ્રીયલ પ્રવૃત્તિ તરફ ડાયવર્ટ કરવામાં આવી. વર્ષ ૨૦૨૨-૨૩માં ૭૪ યુનિટ માટે ૩૧૮ હેક્ટર જમીન જંગલમાંથી બિનજંગલમાં ડાયવર્ટ કરવામાં આવી. લગભગ બે હજાર હેક્ટર એટલે કે પાંચ હજાર એકર જમીન માત્ર ત્રણ વર્ષમાં બિનજંગલમાં ફેરવી નાંખવામાં આવી અને તેમાં પણ માનીતા લોકોને વિશેષ ફાયદો આપવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, સુરતમાં હજીરાની જે જમીન મીટરમાં વેચાય તે જંગલી જમીન ઉદ્યોગ ગૃહોને આપી દેવામાં આવી અને તેના બદલામાં મીટરમાં વેચાય તેટલા રૂપિયામાં એકર મળી જાય તેવી જમીન આપણે સ્વીકારી લઇએ અને એ પણ જેટની ઝડપે ચાલે. ArcelorMittal Nippon Steel Ltd. (AM/NS)ને ૩૦૦ મેગાવૉટ વીજળીનું પાવર સ્ટેશન બનાવવા માટે જમીન આપવાની એક દરખાસ્ત થઇ. કોઇ દિવસ તેણે ૩૦૦ મેગાવૉટનું પાવર સ્ટેશન બનાવ્યું જ નહીં પણ આ જમીનનો કબજો ગેરકાયદેસર રીતે લઇ લીધો અને તેના ઉપર સ્ટીલ પ્લાન્ટનો ઝેરી સ્લેગ નાંખવાનું કામ કરવામાં આવ્યું. વર્ષો સુધી તેના ઉપર દબાણ રહ્યા બાદ એક જાગૃત નાગરિક હાઇકૉર્ટમાં ગયા એટલે સરકારે તે જમીન અને દબાણ પણ રેગ્યુલરાઇઝ કરી દેવામાં આવ્યું અને જંગલની જમીન આપી દેવામાં આવી. તેની સામે જે આદિવાસી ભાઇઓ જગલમાં જ રહે છે, જે જમીન ઉપર તેનો પ્રથમ અધિકાર છે, આપણા બંધારણમાં પણ જોગવાઇ છે, તેમાં આજે પણ જે જંગલની જમીનો અપાય છે તેની મેક્સિમમ લિમિટ ૧૦ એકર સુધીની છે પણ બે એકર કરતાં વધારે એક પણ જમીન આ વન અધિકાર કાનૂન વર્ષ ૨૦૦૬ અંતર્ગત આપી શકાઇ નથી. આજે ૩૩,૬૯૮ પડતર દાવાઓ છે. આજે ત્યાં ૧૭૦૦ કિ.મી.ના દરિયાકિનારામાં મોટા પાયે ટુરિઝમ વિકસી શકે તેમ છે. દરિયામાં પણ એક્સપ્લૉરેશન કરીને દરિયાઇ સંપત્તિનો પણ ઉપયોગ કરી શકીએ છીએ તે કરતાં નથી. દરિયાનો ઉપયોગ ડીપ-સી પાઇપલાઇન નાંખી ઉદ્યોગોનું પાણી દરિયામાં ઠાલવવા માટે કરવામાં આવે છે. કારણ કે જમીન ઉપર તો આપણે ફરિયાદ કરીશું પણ દરિયાના માછલાંઓ કે દરિયાઇ વનસ્પતિ ક્યારેય ફરિયાદ કરવાના નથી. અમારે ત્યાં જેતપુરના ઉદ્યોગોના પાણીએ આજુબાજુના બે-ત્રણ જિલ્લાના ભૂગર્ભનું પાણી ખરાબ કરી નાખ્યું, ખેતીનો નાશ કરી નાખ્યો. હવે આ પ્રદૂષિત પાણી રૂ.૮૦૦ કરોડના ખર્ચે નવી બંદર પાસે ઠાલવવાનું નક્કી કર્યું છે. રોજગારી મળે જેતપુરમાં, ઉદ્યોગો ચાલે જેતપુરમાં તો અમારે ત્યાં ડીપ-સી નાખવા શું કામ આવો છો? તમે ઉદ્યોગો આપો અમને વાંધો નથી પણ અમારે આવું પ્રદૂષણ જોઇતું નથી. અમારે ત્યાં આ પાણી ઠાલવવાનું ચલાવવા નહીં દઇએ. આ પાણી આવવા દેશો તો આખો દરિયાકિનારો જાગૃત થઇ જવાનો છે એટલે મારી આપના મારફતે વિનંતી છે કે, આ ડીપ-સી પ્રોજેક્ટ બંધ કરો. ત્યાં જ રીસાઇકલ કરીને ઉદ્યોગોને આપો, ઉદ્યોગોને ન વાપરવું હોય તો ખેડૂતોને આપો. તમારો કચરો મારા આંગણામાં શા માટે નાખો છો. કોઇ પણ સંજોગોમાં આ ચલાવી નહીં લેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં બરડો ડુંગર છે, આમ તો અમારા વનમંત્રીનું ભાણવડ પણ અમારા મહારાણા ભાણ જેઠવાનું હતું પરંતુ જામસાહેબ થોડા મજબૂત એટલે એમણે જીતી લીધું નહીંતર તમે પણ અમારામાં હોત, બરડો પણ અમારામાં હોત.

અધ્યક્ષશ્રી : આમ પણ મેર ઉદાર હોય છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : ના સાહેબ, અમારે ત્યાં જે રાજપૂતો રાજ કરતા હતા તેના આજે માત્ર ૪૦૦ પરિવારો જ છે. એક બાજુથી નવાબ દબાવે, એક બાજુથી ગોંડલ દબાવે, એકબાજુથી જામ સાહેબ દબાવે એટલે અમે તો કાયમ ચારે બાજુથી દબાયેલા જ રહ્યા છીએ. આ વખતે બરડા ડુંગરને જાગૃત કર્યો અને ઓલ્ટરનેટિવ હોમ ફોર ધી લાયન પ્રોજેક્ટ થકી સિંહ વસાવવાનું કામ થયું એ માટે હું માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. બરડામાં અમારી જેઠવાઓની રાજધાની ઘુમલી સહિત પર્યટન સ્થળ બરડા સર્કિટ બનાવવાનું આયોજન કર્યું એ બદલ પણ હું આભાર માનું છું. પોરબંદરમાં મોકર સાગર પક્ષી

અભયારણ્ય વિકસાવવાની કામગીરી પણ ઝડપથી થાય એ માટે હું વિનંતી કરું છું. આ ધરોહર સમા અભયારણ્યમાં વિદેશથી લાખો પ્રવાસી પક્ષીઓ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના આપણા માનનીય મંત્રીશ્રી યુવાન છે. અન્ય રાજ્યોમાં રમત ગમત ક્ષેત્રે જે પ્રગતિ થઇ છે એમાંથી આપણે ઘણું શીખવા જેવું છે. હરિયાણાના જે–તે વખતના માનનીય મુખ્યમંત્રીશ્રી હુડ્ડા સાહેબ મને મળ્યા હતા. મેં એમને પૂછ્યું કે, તમે ઓલિમ્પિકના છમાંથી ચાર મેડલ કઇ રીતે લઇ આવ્યા? એનું કારણ શું છે? એનું મુખ્ય કારણ એ હતું કે, ગ્રામ્ય વિસ્તારમાં ગ્રામ્ય સ્ટેડિયમ બનાવવામાં આવ્યું હતું અને ગામના શિક્ષિત વ્યક્તિને કોચ બનાવવામાં આવ્યો હતો. જેના કારણે હરિયાણાના ગ્રામ્ય વિસ્તારના યુવક–યુવતીઓને મેડલ મળ્યા છે. ભરૂચના ઈખર ગામના લોકોએ લોકફાળાથી ઈન્ટરનેશનલ કક્ષાનું સ્થાનિક સ્ટેડિયમ બનાવ્યું. એમાં એક સ્થાનિકમેનને ગ્રાઉન્ડમેન બનાવામાં આવ્યો. આ એક જ ગામમાંથી બે ખેલાડીઓ આગળ આવ્યા. આપણે પણ આવું કરી શકીએ. આપણે જ્યાં સુધી ગ્રામ્ય વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર નહીં બનાવીએ, કોચ નહીં આપીએ ત્યાં સુધી સ્પૉર્ટ્સમાં આંતરરાષ્ટ્રીય મેડલની વાત તો ભૂલી જઇએ પણ નેશનલ કક્ષાએ પણ આપણે આગળ જઇ શકીશું નહીં. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, ગુજરાતમાં સૌથી લાંબો દરિયાકિનારો હોવા છતાં આપણે વૉટર સ્પૉર્ટ્સમાં ખૂબ પાછળ છીએ. બધી જ જગ્યાએ વૉટર સ્પૉર્ટ્સની યોજનાઓ છે પણ આપણા રાજ્યમાં નથી. માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી વિનંતી કરું છું કે, અમારા વિસાવાડા પાસે મૂળ દ્વારકામાં નવો બીચ બનાવવાનું આયોજન છે ત્યાં વૉટર સ્પૉર્ટ્સની યોજના લાવીને આઇકોનિક સેન્ટર બનાવવામાં આવે અને દરિયાકિનારે વૉટર સ્પૉર્ટ્સને લગતી બીજી રમતો પણ ઊભી કરવામાં આવે એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

શ્રી ગણપતસિંહ વે. વસાવા(માંગરોળ):માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરા વન અને પર્યાવરણ વિભાગની માંગણી નં. ૨૬ અને ૨૭ લઇને આવ્યા છે એમાં મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના સૌથી લોકપ્રિય નેતા અને વિશ્વના સૌથી શક્તિશાળી વ્યક્તિ તરીકે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ અમારા માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે છેલ્લા બે દાયકાથી 'સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌના પ્રયાસ'ના મંત્રથી આજે ગુજરાત સમગ્ર દેશનું રોલ મૉડલ બન્યું છે ત્યારે ગુજરાતમાં આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ વનો અને પર્યાવરણની જાળવણીમાં ખૂબ સારી કામગીરી થઇ રહી છે. આ વિભાગની તમામ પ્રવૃત્તિઓ સારી રીતે ચાલે એ માટે આ વર્ષના બજેટમાં ૨૫ ટકાનો વધારો કરીને રૂ. ૨૫૮૬ કરોડની જોગવાઇ કરી છે એ બદલ હું રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણા મંત્રીશ્રી અને માનનીય વન મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. પર્યાવરણ અને વનોની જાળવણી માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ જયારે આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે સમગ્ર દેશમાં ગુજરાત પહેલું રાજ્ય હતું કે જેણે પર્યાવરણની જાળવણી કરવા માટે અલગથી નવો વિભાગ એટલે કલાઇમેટ ચેન્જ વિભાગની શરૂઆત કરી હોય તો આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી હતી. એવા જ સારા પ્રયાસોના કારણે આજે આપણે બધા ગુજરાતમાં વન સંવર્ધનની વાત હોય કે જીવસૃષ્ટિની વાત હોય વિગેરેમાં ખૂબ સારી કામગીરી જોઇ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ જે અભિનંદન આપ્યા છે એ ગુજરાતમાં જે સારા કાર્યો થઇ રહ્યા છે, એના કારણે આપ્યા છે. વનોનું મહત્ત્વ તથા પર્યાવરણનું સંતુલન અને તેનું મહત્ત્વ આપણે બધા ખૂબ સારી રીતે જાણીએ છીએ. ઋતુચક્રનું નિયંત્રણ કરવાનું કામ, આબોહવાની જાળવણી કરવાનું કામ, જમીનની ફળદ્રુપતાનું રક્ષણ કરવાનું કામ, વિનાશકારી પુર આવ્યું હોય, વિનાશકારી વાવાઝોડું આવ્યું હોય એ બધામાં રક્ષણ કરવાનું કામ આપણા જંગલો તથા વૃક્ષો કરતા હોય છે. સૌથી મહત્ત્વની વાત એ છે કે, આપણે જંગલોના આધારે વરસાદ લાવવામાં સફળ થઇએ છીએ. આ ઉપરાંત, આપણને વનોના કારણે અન્ય લાભો મળે છે. જેમ કે, જલાઉ લાકડાની વાત હોય, ગૌણ પેદાશોની વાત હોય કે વન ઔષધિઓની વાત હોય એવા અનેક લાભો આપણને જંગલો દ્વારા પ્રાપ્ત થઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સમગ્ર વિશ્વ જયારે ગ્લોબલ વૉર્મિંગનો સામનો કરી રહ્યું છે ત્યારે વર્તમાન સમયમાં સમગ્ર વિશ્વમાં સૌથી મોટો કોઇ પ્રશ્ન હોય તો એ પર્યાવરણનો પ્રશ્ન આપણા સૌના માટે પડકારરૂપ બન્યો છે ત્યારે પર્યાવરણની જાળવણી કરવી, વૃક્ષોમાં સતત વધારો કરવો, જંગલમાં વધારો થાય એની જવાબદારી માત્ર સરકારોની નહીં, પરંતુ આપણા સૌની સંયુક્ત જવાબદારી બને છે. આવનારી પેઢીને આપણે સ્વચ્છ પાણી અને હવા આપી શકીએ તથા હરિયાળું અને સમૃદ્ધ વારસો આપવાની જવાબદારી આપણા સૌની બને છે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને એટલા માટે યાદ કરવા પડે છે કે, વર્ષ ૨૦૦૪ પહેલાં ગુજરાતમાં વન મહોત્સવો થતા હતા, પરંતુ માનનીય મુખ્યમંત્રીશ્રીની હાજરી હોય, થોડા ઘણા અધિકારી મિત્રોની હાજરી હોય, પત્રકાર મિત્રોની હાજરી હોય અને ગુજરાતમાં એક જગ્યાએ કાર્યક્રમ થઇ જાય. પરંતુ માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે પ્રજાને સાથે જોડવા માટે ભાવનાત્મક રીતે ગુજરાતની જનતા પણ જોડાય એના માટે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ આ રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે એમણે સાંસ્કૃતિક વનોની શરૂઆત કરી. આ સાંસ્કૃતિક વનોની ઐતિહાસિક સ્થળોએ, ધાર્મિક સ્થળોએ તથા પ્રવાસનને લગતા મહત્ત્વના સ્થળોએ શરૂઆત કરી. આ વર્ષે ૨૩મું સાંસ્કૃતિક વન 'હરસિદ્ધિ વન'નું દ્વારકા ખાતે માનનીય મુખ્યમંત્રી સાહેબના હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું છે. આપણે એ જ પ્રકારે વનનું મહત્ત્વ સમજીએ છીએ અને વનોની પૂજા કરીએ છીએ. આદિવાસી સમાજ તો વિશેષ વનો સાથે જોડાયેલો છે ત્યારે આપણે જાણીએ

છીએ કે વૃક્ષ આપણું મિત્ર જ નહીં, એને સંત પણ કહેવામાં આવે છે. એ મૌન રહીને, ખૂબ સહન કરીને આપણને ઉપદેશ આપે છે કે વનો ઉપર પથ્થર ફેંકનારને પણ વૃક્ષ છાંયડો આપવાનું છોડતું નથી, એને ફળો આપવાનું છોડતું નથી અને ઓક્સિજન આપવાનું કામ ચાલુ રાખે છે. આપણી સાથે ખરાબ કરનારનું આપણે ભલું ઇચ્છીએ એવો એક સંત તરીકેનો ઉપદેશ આપવાનું કામ આ વૃક્ષો કરતા હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉનાં વર્ષોમાં અમને બરાબર યાદ છે કે, વર્ષો સુધી વન વિભાગ અને આદિવાસી સમાજ હંમેશા જંગલોમાં આમને–સામને લડતો રહેતો, ઝઘડતો રહેતો પરંતુ રાજય સરકારે એ વનોની જાળવણી કરવાનું કામ કરવા સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ ઊભી કરી. આજે ૩૮૦૦ કરતા વધારે આ સહભાગી વન વ્યવસ્થા મંડળીઓ ઊભી થઇ. એના ૧૪ લાખ જેટલા તો સભ્યો છે. એમાં પણ વિશેષ ગૌરવ લેવા જેવી બાબત એ છે કે ૫ લાખ જેટલી મહિલાઓ, બહેનો એમાં મેમ્બર છે. ૫૪.૬૮ લાખ હેકટરની જાળવણી આજે વન વિભાગની સાથે સાથે મારો આદિવાસી સમાજ પણ એમાં સહભાગી થયો છે, એ પણ આપણા સૌના માટે ગૌરવની બાબત છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જે ઘાસ એકત્રિકરણ કરવાનું કામ પણ કરે છે. જયારે જરૂર પડે ત્યારે ઘાસની તંગી ઊભી થાય ત્યારે પશુઓની જરૂરિયાત પ્રમાણે ઘાસચારો પૂરો પાડવાનું કામ કોઇ કરતો હોય તો એ ગુજરાતનો વન વિભાગ કરે છે. ભારત સરકારે ગુજરાતની અંદર સરવે કર્યો. આ માનનીય નરેન્દ્રભાઇના પ્રયાસોનું કેવું સારું પરિણામ આવેલ છે તેનું ઉદાહરણ આપું છું. ભારત સરકારે વર્ષ ૨૦૦૩માં સરવે કર્યો. વન બહારના વૃક્ષોની સંખ્યા અંગેનો સરવે કર્યો ત્યારે ૨૫.૧૦ કરોડ વૃક્ષો હતા. વર્ષ ૨૦૨૧માં ફરી સરવે થયો ત્યારે તે વધીને ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયા. એટલે કે કેટલો મોટો વધારો આપણે ત્યાં થયો છે એ આપણે આના પરથી ખૂબ સારી રીતે સમજી શકીએ છીએ.

**માનનીય સભાપતિશ્રી શૈલેષભાઇ પરમાર અધ્યક્ષસ્થાને**

એ જ પ્રમાણે ગુજરાત એ જૈવિક વિવિધતાની દૃષ્ટિએ પણ દેશમાં ખૂબ સમૃદ્ધ રાજય ગણી શકાય એ પ્રકારનું આપણું રાજય છે. ૪ જેટલા રાષ્ટ્રીય ઉદ્યાન, ૨૩ જેટલા વન્ય જીવ અભ્યારણ્ય અને એક કન્ઝર્વેટિવ રીઝર્વ મળીને ૨૮ જેટલા રક્ષિત વિસ્તારો ગુજરાતમાં આવેલા છે એ આપણા સૌના માટે ગૌરવની બાબત છે. આપણા સૌના માટે ગર્વ લેવા જેવી બાબત એ પણ છે કે કચ્છનું રણ કે જયાં લાખોની સંખ્યામાં લેસર ફલેમિંગો તથા ગ્રેટર ફલેમિંગો, દર વર્ષે અંદાજે ૩થી ૫ લાખ જેટલા ફલેમિંગો ગુજરાતની આ કચ્છની ધરતી પર આવતા હોય છે. ત્યાં ઇંડા મૂકીને હજારોની સંખ્યામાં બચ્ચાઓને જન્મ આપે છે. આ ફલેમિંગોનું રક્ષણ કરવાનું કામ, એના રહેઠાણોને કોઇ નુકસાન ના કરે એ જાળવણી કરવાનું કામ વન વિભાગ ખૂબ સારી રીતે કરી રહ્યો છે એ બાબતનું આપણને સૌને ગૌરવ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર દેશમાં ગુજરાતની ઓળખ જેવા એશિયાઇ સિંહો એ માત્ર ગુજરાતમાં છે. એક સમય એવો હતો કે ૨૦ કરતા પણ ઓછા સિંહોની સંખ્યા ગુજરાતમાં રહી ગઇ હતી. આજે ગુજરાત સરકાર અને વન વિભાગના સારા પ્રયાસોના કારણે અને સાસણ ગીર અને આજુબાજુના સૌરાષ્ટ્રના લોકોના સહયોગના કારણે જે સિંહોની માત્ર ૨૦ કરતા ઓછી સંખ્યા હતી, તે સંખ્યા ૨૦૨૦માં સરવે થયો ત્યારે ૬૭૪ જેટલી સંખ્યા પહોંચી છે એ પણ આપણા સૌના માટે ગૌરવની બાબત છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન કરું છું.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી(કપરાડા) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના આદરણીય મુખ્યમંત્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના નેતૃત્વમાં આદરણીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી તેમના વિભાગની માગણી ક્રમાંક–૨૬ અને ૨૭ લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જીવનમાં જન્મ અને મૃત્યુ એ બન્ને સમયે આપણને લાકડાની જરૂર હોય છે. બાળકનો જન્મ થાય ત્યારે ઘોડિયાની જરૂર પડે અને મૃત્યુ સમયે અંતિમ સંસ્કાર માટે પણ લાકડાની જરૂર હોય છે. જીવનમાં એક સમય એવો હતો કે કોરોના જેવો વાયરસ આવ્યો, તે સમયે વનને યાદ કરવા પડે. બરાબર મને યાદ છે તા.૨૪ માર્ચ, ૨૦૨૦ના દિવસે કોરોના વાયરસની શરઆત થઇ. એ સમયથી સતત દોઢ–બે વર્ષ સુધી કોરોના જેવી મહામારી આવી એ સમયે માણસને ઓક્સિજનની શું વેલ્યુ હોય, ઝાડ અને જંગલની શું મહત્તા હોય એ ત્યારે ખબર પડી. હંમેશા આપણું ઓક્સિજન શુદ્ધ હોય તો માણસ સાતત્યપૂર્ણ જીવન જીવી શકે છે એવા સમયે આપણા સમગ્ર ગુજરાતની અંદર અને ખાસ કરીને દક્ષિણ ગુજરાતથી હું આવું છું ત્યારે દક્ષિણ ગુજરાતની અંદર પહાડો, જંગલો, અને ઝરણાંઓમાં રહીને જીવન જે જીવે છે એ સૃષ્ટિ અને એ દૃષ્ટિ એ આપણા સમગ્ર ગુજરાતની અંદર આપણે સાતત્યપૂર્ણ વિકાસ માટે વન અને પર્યાવરણના જતનના ક્ષેત્રમાં પણ ગુજરાત હરણફાળ ભરી રહ્યું છે ત્યારે હાલમાં COP 28માં આપણા માનનીય યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ દ્વારા ગ્રીન ક્રેડિટ પહેલની શરૂઆત કરેલ છે. નેટ ઝીરોના લક્ષ્યાંક હાંસલ કરવા અને મિશન લાઇફ થકી પર્યાવરણને અનુરૂપ જીવન શૈલીના સિદ્ધાંતોથી પર્યાવરણનું રક્ષણ કરવા સરકાર કટિબદ્ધ છે ત્યારે રાજયના જૈવિક વિવિધતાથી સમૃદ્ધ ગાઢ વનો, નદીઓ અને જળપ્લાવિત વિસ્તારો, રાષ્ટ્રીય ઉદ્યાન–અભ્યારણ્યો ઘાસિયા મેદાનોને સંરક્ષિત કરવા તેમજ વન વિસ્તારના બાહ્ય વિસ્તારોમાં પણ વૃક્ષાવરણમાં વધારો કરવા સરકાર મક્કમ છે. અત્યારે અમારા આદરણીય પૂર્વ કેબિનેટ મંત્રીશ્રી અને ધારાસભ્યશ્રી ગણપતભાઇએ સમગ્ર ગુજરાતનું અને વનોનું વર્ણન કર્યું છે એને દોહરાવતો નથી પરંતુ ખેડૂતોની આજીવિકામાં વૃદ્ધિ સાથે વન વિસ્તારના વિકાસને વેગ આપતી એગ્રો ફોરેસ્ટ્રી યોજનાનો વ્યાપ વધારી આવતાં વર્ષમાં ૩૧ હજાર હેકટરમાં વાવેતર કરવાની નેમ સાથે સરકાર આગળ વધી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે સને ૨૦૨૪-૨૫ના વર્ષના અંદાજપત્રમાં વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ રૂપિયા ૨૫૮૬ કરોડની જોગવાઇ કરી છે જેમાં મહત્ત્વની કામગીરી વિશે જણાવું તો વન વિસ્તારની બહારના વિસ્તારોમાં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ.૫૫૦ કરોડની જોગવાઇ કરી છે. વન્ય પ્રાણીઓની વ્યવસ્થા અને વિકાસ માટે રૂ.૪૦૦ કરોડની જોગવાઇ કરી છે. વન વિસ્તાર વિકાસ અને ઇકો-રિસ્ટોરેશન કાર્યક્રમ હેઠળ રૂ.૧૮૫ કરોડની જોગવાઇ કરી છે. ધરોઇ-અંબાજી સહિત રાજયના વિવિધ વિસ્તારોમાં ઇકો-રીસ્ટૉરેશનની કામગીરી માટે રૂ.૩૧ કરોડની જોગવાઇ કરી છે. ધરોઇ-અંબાજી સહિત રાજયના વિવિધ વિસ્તારોમાં ઇકો-રીસ્ટૉરેશનની કામગીરી માટે રૂ.૩૧ કરોડની જોગવાઇ કરી છે. મહત્ત્વનાં પ્રવાસન સ્થળો નજીક નવી સફારીની રચના અને ઇકો-ટુરિઝમ સાઇટના વિકાસ માટે રૂ.૩૭૨ કરોડના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે. રાજ્ય સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા હાંસલ કરવામાં આવેલ સિદ્ધિઓ વિશે જણાવું તો સામાજિક વનીકરણ ક્ષેત્રે કરાયેલ વૃક્ષ ગણતરી પ્રમાણે સન ૨૦૦૩માં કુલ ૨૫.૧૦ કરોડ વૃક્ષનો અંદાજ કાઢવામાં આવેલ હતો. એ જ પ્રમાણે સન ૨૦૨૧ની વૃક્ષ ગણતરી મુજબ ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયેલ છે. સને ૨૦૦૩ની સરખામણીમાં ૫૮.૩૬ ટકા વૃક્ષોની સંખ્યામાં વધારો નોંધાયેલ છે. વન વિસ્તાર બહાર વૃક્ષોની ઘનતા સન ૨૦૦૩માં ૧૪.૧૦ વૃક્ષ પ્રતિ હેક્ટર હતી જે વધીને વર્ષ ૨૦૨૧માં ૨૫.૭૪ વૃક્ષ પ્રતિ હેક્ટર થયેલ છે. માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં મારું સમર્થન કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, વન અને પર્યાવરણની જે માગણી નં. ૨૬ અને ૨૭ લઇને આવ્યા છે એમાં મારું સમર્થન આપવા ઊભો થયો છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સાસણ અને ગીર એ અમારા માટેનું પહેલાં પણ કહ્યું હતું કે અમારું ઘરેણું છે. ત્યાં રહેનાર સિંહો પણ અમારું ઘરેણું છે. ગીરમાં એશિયાઇ સિંહો રહે છે, આખા વિશ્વમાં બે જગ્યાએ સિંહો છે. એક આફ્રિકા અને આપણા ગુજરાતમાં ગીરમાં. આ સિંહોની જાળવણી કરવા માટે આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીજીની દીર્ઘદષ્ટિ અને એમનું વિઝન એ આવનારા કેટલાંય વર્ષોનું છે એ એક પ્રોજેક્ટ ઉપરથી આપણે અંદાજ કાઢી શકીએ. એમણે અમારા ગીર માટે અને સિંહોના સંવર્ધન અને ગીરની જાળવણી માટે લાયન પ્રોજેક્ટ નામનો એક પ્રોજેક્ટ ગીર માટે બનાવીને ત્યાં ગીરના લાયનને સારી સુવિધા મળે એના માટેના પ્રયત્નો કર્યા છે. એ પ્રોજેકટ નીચે જૂનાગઢ મુકામે પીપળિયા ગામ ખાતે ૨૧ હેક્ટર જમીનમાં સિંહો માટે સિંહની અંદર કોઇપણ ખામી હોય અથવા આવનારા સમયમાં ઉત્તરોત્તર એમની વસતિમાં વધારો કેમ કરી શકાય એના માટે રિસર્ચ સેન્ટર ખોલવા માટે દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ એનો સમાવેશ કર્યો છે એટલે ગીરની તમામ પ્રજા વતી માનનીય નરેન્દ્રભાઇ મોદીજીનો આભાર માનું છું અને સરકારશ્રીનો પણ આભાર માનું છું. આ પ્રોજેક્ટ નીચે અમારા સાસણમાં વન્ય પ્રાણીઓની અંદર વનની અંદર અંદરોઅંદર ફાઇટના કારણે કોઇ પ્રાણીને ઇજા થાય કે બીજાં કોઇ કારણોસર સિંહોને ઇજા થાય તો એમને રેસ્ક્યુ કરીને હોસ્પિટલમાં લાવીને સારવાર થતી હોય છે. હમણાં જ અમારા સાસણ મુકામે વિભાગ અને સરકાર દ્વારા કમસે કમ ૭ કરોડ રૂપિયા જેવી માતબર રકમ આપીને વન્ય પ્રાણીઓ માટે, માણસો માટે હોસ્પિટલની સુવિધા સરકાર કરે છે પણ વન્ય પ્રાણીઓ માટે રૂપિયા ૭ કરોડ જેવી માતબર રકમ આપીને સારામાં સારી સારવાર એમને મળી રહે, ટેકનોલોજી સાથેની સારવાર મળી રહે એ માટેની હોસ્પિટલનું કામ આજે પ્રગતિમાં છે. આ માટે વિભાગ અને માનનીય વન મંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું. એવી જ રીતે અમારે ત્યાં સાસણ ખાતે લોકો પ્રવાસે આવતા હોય છે ત્યારે ખાલી સિંહનું દર્શન કરતાં હોય છે. એની સાથોસાથ એમને આનંદ મળી રહે એના માટે માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરા પાસે અમારી ઘણા સમયથી માગણી હતી કે એક સારો સનસેટ પોઇન્ટ આપવામાં આવે તો ટુરિસ્ટ અને બાળકો આનંદ લઇ શકે. એ પણ સરકારશ્રીએ હમણાં લગભગ ૩ મહિના પહેલાં અમારા મંત્રીશ્રી મુળુભાઇ બેરાજીએ લોકાર્પણ કરીને લોકોને સારી સુવિધા મળે એના માટે કરોડોના ખર્ચે સનસેટ પોઇન્ટ બનાવ્યો છે એ આવકારદાયક છે. સિંહોની સંખ્યા ઘણી બધી વધી છે અને સમય નથી નહીં તો ગીર માટે ઘણું બોલી શકાય, પણ માનનીય મંત્રીશ્રી, એક ખાસ વાત કરવાની છે કે હમણાં ૨૦મી તારીખે મારા સ્નેહી અને વડીલ માનનીયશ્રી અર્જુનભાઇએ બરડા પ્રોજેક્ટની વાત કરી હતી અને સિંહનો પ્રોજેક્ટ વિકસાવવાની વાત કરી હતી. માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આપણે ગીરના સિંહ કોઇને આપીએ તો એક સિંહ પાછળ આપણે બક્ષીસ રૂપે ૧૦ દીપડા પણ આપીએ કે જેથી અમારા વિસ્તારમાં દીપડાની સંખ્યા ઓછી થાય. માનનીય અર્જુનભાઇને કહીશ કે સિંહ આપીશું અને દીપડાં પણ આપીશું એ બરડામાં સ્વીકારજો. માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું અને વનની માગણી છે એમાં માનનીય અર્જુનભાઇ, ગીર વન છે એના માટે અભિનંદન આપ્યા છે તો એની કાપ દરખાસ્ત પાછી ખેંચો એવી પણ વિનંતી કરું છું. આભાર.

શ્રી યોગેશ આર. પટેલ(આણંદ) : માનનીય અધ્યક્ષશ્રી, કલાઇમેટ ચેન્જ વિભાગના માનનીય મંત્રીશ્રી મુળુભાઇ બેરા સાહેબ માગણી નં. ૧૦૭ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેમના સમર્થનમાં હું મારા વિચારો આ ગૃહ સમક્ષ મૂકું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર કલાઇમેટ ચેન્જ અંગેની વૈશ્વિક સમસ્યાઓને નિવારવા કટિબદ્ધ છે. આગામી વર્ષની અંદાજપત્રીય જોગવાઇઓ ગુજરાત રાજયના કલાઇમેટ ચેન્જ પરત્વેના સંવેદનશીલ અભિગમને વધુ એક કદમ આગળ ધપાવશે એવો મને પાક્કો વિશ્વાસ છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દૂરદર્શીભર્યા અભિગમથી જયારે તેઓ આ

ગૃહમાં ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૯માં જ કલાઇમેટ ચેન્જ માટેના એક અલાયદા વિભાગની સ્થાપના કરી હતી. એ સ્થાપના કરીને ગુજરાતને માત્ર ભારત દેશમાં જ નહીં પરંતુ સમગ્ર એશિયા ખંડમાં પ્રથમવાર કલાઇમેટ ચેન્જ વિભાગ સ્થાપીને સિદ્ધિ અપાવી હતી અને એ કાર્યને સંયુકત રાષ્ટ્ર દ્વારા ચેમ્પીયન ઓફ ધ અર્થનો એવોર્ડ તેઓને વર્ષ ૨૦૧૮માં આપીને સન્માન કરવામાં આવ્યું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના માર્ગદર્શન હેઠળ અમારી માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર કલાઇમેટ ચેન્જની બાબતને અગ્રિમતા આપી કલાઇમેટ ચેન્જ અંગે વૈશ્વિક પડકારોનો સામનો કરવા સમગ્ર માનવજાતને ઉત્કૃષ્ટ માર્ગદર્શન પૂરું પાડેલ છે. કલાઇમેટ ચેન્જ વિભાગની આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના આયોજનો વધુ અસરકારક રીતે સફળ થાય એ માટે આશા રાખું છું. ગુજરાત રાજય રહેણાક મકાનો ઉપર સોલાર રૂફ ટોપ સિસ્ટમ સ્થાપિત કરવામાં સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. સમગ્ર રાજયમાં રહેણાક મકાનો ઉપર ૨૩૨૭ મેગાવોટ ક્ષમતાના સૌર ઊર્જા પ્લાન્ટ બેસાડેલા છે અને તે માટે ૫,૮૫,૦૧૭ લાભાર્થીને આમાં આવરી લેવામાં આવ્યા છે. નવીન અને પુનઃપ્રાપ્ય ઊર્જા ઉત્પાદનને પ્રોત્સાહન પૂરું પાડવા અમારી મૃદુ અને મક્કમ સરકાર કટિબદ્ધ છે. જયારે પવન ઊર્જાની નીતિ હેઠળ ચાલુ વર્ષ દરમિયાન ૬૪૩ મેગાવોટ ક્ષમતાના વધારા સાથે રાજયની કુલ પવન વિદ્યુત ઉત્પાદન ક્ષમતા ૧૦૪૩૦ મેગાવોટ થાય છે. જે સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે. રાજયમાં ગુજરાત સૌર નીતિ વર્ષ ૨૦૨૧ તથા ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી વર્ષ ૨૦૨૩ હેઠળ ચાલુ વર્ષે ૧૩૧૫ મેગાવોટ ક્ષમતાના સોલાર પ્લાન્ટ કાર્યરત થયા છે. તેમથતાં રાજયની કુલ સોલાર ક્ષમતા વધીને ૧૦૨૨૨ મેગાવોટ થઇ છે. તદુપરાંત તાજેતરમાં ગુજરાતમાં ૧૩૭૩ મેગાવોટનો વિન્ડ સોલાર હાઇબ્રીડ પ્લાન્ટ પણ કાર્યરત થયેલ છે. આમ રાજયની પુનઃપ્રાપ્ય ઊર્જાની કુલ સ્થાપિત ક્ષમતા ૨૨ ગીગા વોટથી પણ વધુ થયેલ છે જે સમગ્ર દેશમાં બીજા ક્રમે છે. જે આપણા માટે ગૌરવનો વિષય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની શાળા, કોલેજો સુધીના અભ્યાસ કરતાં ધોરણ-૯થી ૧૨ ના વિદ્યાર્થીઓ માટે બેટરી ઓપરેટર દ્વિ-ચક્રી વાહનોનો અમલ કરવામાં આવે છે અને તેમાં પણ અમારા માનનીય મુખ્યમંત્રીશ્રીની સબસિડી પેટે પ્રતિ વાહન રૂ. ૧૨૦૦૦ ચૂકવે છે. રાજયના સરકારી છાત્રાલયો, આદર્શ નિવાસી શાળા, સ્કૂલો, યાત્રાધામના વિશ્રામગૃહો ઉપર છેલ્લાં ૧૦ વર્ષમાં ૫૫૯ સ્થળો ઉપર કુલ ૨૦.૬૦ લાખ પ્રતિ દિવસ ક્ષમતાની સોલાર વોટર હિટિંગ સિસ્ટમ કુલ રૂ. ૩૧ કરોડના ખર્ચે સ્થાપવામાં આવેલ છે. અમારા મંત્રીશ્રી જે આ માગણીઓ લઇને આવ્યા છે એને હું પૂર્ણ સમર્થન કરું છું અને આશા રાખું છું કે આ ગૃહ પણ એ માગણીઓને સ્વીકારે. આભાર. અસ્તુ.

શ્રી હાર્દિક ભ. પટેલ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી માગણી ક્રમાંક-૯૮ રજૂ કરી રહ્યા છે. જેનું સમર્થન કરું છું અને આ બાબતે મારા મંતવ્યો વ્યકત કરી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં રમત-ગમતના સર્વાંગી વિકાસ માટે રાજય સરકાર સતત કાર્યશીલ છે. રાજય સરકાર રાજયના રમત-ગમત અને યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હસ્તકના સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત થકી રાજયના રમત-ગમત ક્ષેત્રે વિવિધ કામગીરી અને નિર્ણયો થકી હરણફાળ ભરી રહ્યું છે. મને ગૃહને જણાવતા આનંદ થાય છે કે તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી દ્વારા વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવેલ હતી. આ મહાકુંભ થકી સમગ્ર રાજ્યમાં રમત ગમતનું વાતાવરણ બદલાઇ ગયું છે. હાલ આ મહાકુંભમાં રાજ્યનાં લાખો બાળકો, યુવાનો, સ્ત્રીઓ અને વડીલો જુદી જુદી સ્પર્ધાઓમાં ભાગ લઇ રહ્યા છે. રાજયના રમત ગમત વિભાગ દ્વારા ખેલાડીઓના સર્વાંગી વિકાસ માટે ઇનસ્કૂલ, જિલ્લા કક્ષાની સ્પોર્ટસ સ્કૂલ, સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર, શક્તિદૂત જેવી યોજનાઓ કાર્યરત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ શ્રી અર્જુનભાઇએ વાત કરી કે, એક સમય એવો હતો કે હરિયાણા રાજયની અંદર અનેક ખેલાડીઓ સ્પોર્ટસની અંદર ગોલ્ડ મેડલ લાવતા હતા. છેલ્લાં દસ-પંદર વર્ષના સમયગાળાની અંદર ગુજરાત રાજયએ રમત ગમત ક્ષેત્રે પોતાની અનોખી પહેલ થકી આ દેશની અંદર એક અલગ છાપ છોડી છે. તેમાં શક્તિદૂત યોજના મહત્ત્વપૂર્ણ યોજના છે. રાજયના રમત ગમત ક્ષેત્રે પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય કક્ષાએ સિદ્ધિઓ હાંસલ કરી રાજ્ય અને રાષ્ટ્રનું નામ રોશન કરે તે માટે વર્ષ ૨૦૦૬માં ગુજરાત સરકાર દ્વારા શક્તિદૂત યોજના અમલમાં મૂકવામાં આવી હતી. તેની વિસ્તૃત વાત કરવા કરતાં શક્તિદૂત યોજનામાં ખેલાડીઓની પસંદગી પોઇન્ટ સિસ્ટમ, ઓલમ્પિક ૨૦૨૪માં ભાગ લેવાની શક્યતાઓ અને નોન ઓલમ્પિક રમતમાં દેશનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓને વાર્ષિક રૂપિયા ૨૫ (પચ્ચીસ) લાખની મહત્તમ મર્યાદામાં તથા અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓને વાર્ષિક રૂપિયા ૫ (પાંચ) લાખ અને યંગ ટેલેન્ટેડ ખેલાડીઓને વાર્ષિક રૂપિયા ૨.૫ લાખની મહત્તમ મર્યાદામાં નીડબેઝ સહાય આપવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે, એક સમયે ગુજરાતને રમત ગમત ક્ષેત્રે ફાફડા જલેબી સાથે જોડવામાં આવતું હતું. પરંતુ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં ગુજરાતે રમત ગમત ક્ષેત્રે વર્ષ ૨૦૨૩માં એશિયન ગેમ્સ અને ઓલમ્પિક ટાર્ગેટ ખેલાડીઓને રૂ.૧૪૧ લાખની સહાય આપવામાં આવેલ છે. તેમજ એશિયન ગેમ્સમાં ભાગ લીધેલ ૨૭ ખેલાડીઓને પ્રતિ ખેલાડી રૂપિયા પાંચ લાખ એમ કુલ રૂ.૩૫ લાખ શક્તિદૂત યોજના અંતર્ગત ચૂકવવામાં આવ્યા છે. સમગ્ર ગુજરાતની અંદર સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા જે ખેલાડીઓ સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઇન્ડિયા દ્વારા આયોજિત નેશનલ સ્પર્ધા રમવા જાય છે તેવા ખેલાડીઓ માટે પંદર દિવસ ઘનિષ્ઠ

નેશનલ ગેમ્સ કેંપનું આયોજન કરવામાં આવે છે. જેના થકી રાજ્યના ખેલાડીઓ રાષ્ટ્રીય સ્તરે સારું પ્રદર્શન કરીને વધુ મેડલો જીતીને લાવે તે માટેનું રાજ્ય સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. રાજ્ય સરકાર ખેલાડીઓને નેશનલ અને ઇન્ટરનેશનલ કક્ષાએ જ્યારે મેડલ જીતીને આવે છે ત્યારે ખેલ પ્રતિભા પુરસ્કાર થકી રૂપિયા દસ હજારથી લઇને આઠ કરોડ રૂપિયા સુધીની રોકડ પુરસ્કાર આપવાની જોગવાઇ કરેલ છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓ માટે આર્થિક સહાયની પણ યોજના કરવામાં આવી છે. ગ્રામીણ સ્તરે ઘણા એવા ખેલાડીઓ છે જે આર્થિક રીતે સક્ષમ ન હોય પણ સચીન કરતાં સારું રમી શકે, સારું એથ્લેટ કરી શકે, સારું સ્વીમિંગ કરી શકે ખેલાડીઓને ૭૫ હજાર રૂપિયા સુધીની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવે છે. એનાથી વિશેષ રાજ્યમાં કાર્યરત વ્યાયામ શાળાને રૂપિયા એક લાખની મહત્તમ મર્યાદામાં સહાય આપવામાં આવે છે. જેના થકી વ્યાયામ શાળાઓમાં પારંપારિક રમતો જળવાઇ રહે અને વારસાને જાળવવાનું કામ કરી શકાય છે. રાજ્યની જે વ્યાયામ શાળાઓ કાર્યરત છે તેમાં શાળાના સંચાલકો દ્વારા વ્યાયામની પ્રકૃતિમાં જો સારી કામગીરી કરવામાં આવે તો અંબુભાઇ પુરાણી એવોર્ડની યોજનામાં રૂપિયા એકાવન હજાર સુધીનો એવોર્ડ પણ આપવામાં આવે છે. સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રકચર ક્ષેત્રે રાજ્યમાં ખૂબ સારી વ્યવસ્થાઓ ઊભી કરવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રી દ્વારા થોડા દિવસ પહેલાં જ ગૃહને જણાવવામાં આવ્યું હતું કે, સાપુતારા ખાતે રાજ્ય સરકાર દ્વારા અત્યાધુનિક રમત ગમત સંકુલનું નિર્માણ કરવામાં આવ્યું છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ રમત ગમત સંકુલો બનાવવામાં આવ્યા છે. આ બાબતે મુખ્યમંત્રીશ્રી અને મંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. આગામી વર્ષોમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય રમત ગમત મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબના પ્રયાસોથી ગુજરાતના ખેલાડીઓ એક નવી હરણફાળ ભરવા જઇ રહ્યા છે તે માટે તેમને અભિનંદન પણ પાઠવું છું. ધન્યવાદ.

માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પ્રવાસન મંત્રીશ્રી મુળુભાઇ બેરા પ્રવાસન માટેની માગણી નંબર-૫૧ લઇને આવ્યા છે તેને સમર્થન આપવા અને મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની પ્રજા વિશ્વ પ્રવાસી પ્રજા છે. તે કંઇક નવું જાણવા, નવું માણવા દુનિયાના ખૂણે ખૂણે જવા માટે એક અલગ પ્રકારની કુતુહલતા ધરાવે છે. એક પ્રવાસી તરીકે દરેક ગુજરાતી હંમેશાં અગ્રિમ સ્થાન ધરાવે છે ત્યારે રાજ્ય સરકારે છેલ્લાં કેટલાંક વર્ષોથી અથાગ મહેનતને કારણે ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે અગ્રિમ સ્થાન અપાવ્યું છે. તેના કારણે દુનિયાના પર્યટનના નકશામાં ગુજરાત મોડલ મહત્ત્વનું પર્યટન ક્ષેત્ર પ્રસ્થાપિત થયું છે.એનો શ્રેય આ ગૃહના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આપણા હાલના વડા પ્રધાનશ્રી આદરણીય મોદીજીને જાય છે. જ્યારે હું કચ્છમાંથી આવું છું અને પ્રવાસન વિશે વાત કરી રહી છું ત્યારે હું ચોક્કસ કચ્છ માટેની વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં બેઠેલા તમામ સભ્યશ્રીઓને ખ્યાલ છે કે, ભૂકંપ પહેલાનું કચ્છ અને અત્યારનું કચ્છ આ બંનેની સરખામણી કરવામાં આવે તો એક અલગ જ કચ્છ જોવા મળે છે. કચ્છનું આજનું વાતાવરણ એક અલગ જ પ્રકારનું દેખાઇ રહ્યું છે, એક અલગ જ વિકાસ દરેક ક્ષેત્રે જોવા મળે છે ત્યારે પ્રવાસન ક્ષેત્રે પણ કચ્છને ફક્ત ગુજરાત કે ભારતના જ નહીં પરંતુ સમગ્ર વિશ્વના ફલક પર મૂકવામાં આવ્યું છે. એ બધું જ આદરણીય પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વના કારણે થયું છે. કચ્છ એટલે અનેક સંસ્કૃતિઓનો સુગમ સમન્વય, કચ્છ એટલે સંતો, મહંતો અને સૂરોની ભૂમિ, કચ્છ એટલે જળ, મૃગજળ અને રણનો અનોખો સમન્વય, કચ્છ એટલે કુદરતના અદભૂત કરિશ્મા સમાન શ્વેત રણ અને આપણે સૌ જાણીએ છીએ કે આપણું ધોરડો ખાતેનું સફેદ રણ જેને સમગ્ર વિશ્વના ફલક પર લાવીને કચ્છને અલગ અને અનોખી ઓળખ અપાવી છે. જ્યારથી ધોરડો ખાતે રણોત્સવની શરૂઆત કરવામાં આવી છે ત્યારથી અત્યાર સુધીમાં કચ્છ પોતાની એક અલગ ઓળખ મેળવી શક્યું છે. હું એવું ચોક્કસ કહી શકું કે પહેલાના વખતમાં જ્યારે કોઇ અધિકારીની કચ્છમાં બદલી થતી તો કહેવામાં આવતું કે, સજાના ભાગરૂપે એમને કચ્છ મોકલવામાં આવ્યા છે. પરંતુ આજે એજ કચ્છમાં અધિકારીઓ બદલી કરાવવા માટે, કચ્છ આવવા માટે પોતાની વાત કરતા હોય છે એવી વ્યવસ્થા સુધી પહોંચાડવાની રાજય સરકારે નેમ લીધી અને ત્યાં સુધી કચ્છને આજે પહોંચાડવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધોળાવીરાની વાત કરું તો આપણે સૌ જાણીએ છીએ કે, પ્રાચીન સંસ્કૃતિને ઉજાગર કરતું ધોળાવીરા આજે સમગ્ર વિશ્વના ફલક ઉપર છે અને વિશ્વમાંથી પ્રાચીન સંસ્કૃતિને જોવા, એનો અભ્યાસ કરવા અલગ અલગ દેશોમાંથી લોકો અહીં આવી રહ્યા છે. એજ રીતે માંડવી બીચની વાત કરું તો ગુજરાતમાં ૧૬૦૦ કિલોમીટરનો દરિયાકિનારો છે એમાંથી ૪૦૦ કિલોમીટરનો દરિયાકિનારાનો વિસ્તાર કચ્છમાં આવેલો છે અને તમામ દરિયાઇ વિસ્તારમાં પ્રવાસન માટે માંડવી બીચનો સારો એવો વિકાસ કરવામાં આવ્યો છે અને હજારો લોકો ત્યાં ફરવા માટે આવતા હોય છે. એજ રીતે એક રોડની હું ચોક્કસ વાત કરવા માગું છું. કહેવા ખાતર તો ફકત એક રોડ બનાવવામાં આવ્યો છે ગઢોલી-સાંતલપુર. કચ્છના લખપત તાલુકાના ગઢોલી ગામથી સાંતલપુર સુધી ૨૭૮ કિલોમીટરનો આ રોડ અને એની વચ્ચે ૨૮ કિલોમીટર જેની ફકત બંને સાઇડ રણ છે અને એની વચ્ચેથી રોડ પસાર થઇ રહ્યો છે એ એક કુદરતી આશીર્વાદરૂપ રોડ બનાવવામાં આવ્યો છે અને એ રોડનું નામ "રોડ ટુ હેવન" જ્યારે આપવામાં આવ્યું છે ત્યારે એ રોડને જોવા માટે ફકત ગુજરાતમાંથી કે ભારતમાંથી જ નહીં પરંતુ વિશ્વના લોકો પણ એ રોડને જોવા આવે છે. જ્યારે ૨૮ કિલોમીટરના એ રોડ પરથી આપણે પસાર થઇએ ત્યારે એ રોડની બંને સાઇડ સફેદ રણ, જાણે સફેદ ચાદરરૂપી કુદરતે પોતાના આશીર્વાદ બિછાવ્યા હોય એ પ્રકારનો કુદરતી નજારો જોવા મળે છે, એ

પ્રકારે એ રોડ બનાવવામાં આવ્યો છે. આ પ્રકારનું રાજય સરકારે કચ્છ અને કચ્છના પ્રવાસન માટે જ્યારે ઉત્તમ કાર્ય કર્યું છે ત્યારે કચ્છના ધારાસભ્ય તરીકે હું આભાર વ્યકત કરું છું અને સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું અને માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી સંજયસિંહ વિ. મહિડા(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી મૂળુભાઇ બેરા સાહેબ માગણી ક્રમાંક–૨૬ અને ૨૭ લઇને આવ્યા છે ત્યારે એમાં હું મારા વિચારો રજૂ કરવા માગું છું અને એમાં મારું સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના સર્વાંગી વિકાસની સાથે સાથે પર્યાવરણનું સંતુલન જાળવવું અતિ આવશ્યક છે. આ માટે રાજય સરકાર વર્ષોથી સજાગ હોય અને વન અને વન્ય જીવનનું સંરક્ષણ તેમજ સંવર્ધન સાથે વન વિસ્તાર બહારના વિસ્તારમાં પણ વૃક્ષારોપણ વધારવા માટે રાજયનો વન વિભાગ સતત પ્રયત્નશીલ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને વન્ય જીવન પર્યાવરણ સંરક્ષણ, સંવર્ધન, વિકાસ અને વ્યવસ્થા માટે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓ, સરકારી મંડળીઓ, સ્વસહાય જૂથો, સહભાગી વન વ્યવસ્થા સમિતિઓ અને લોક સહકારની વૃક્ષોની ઉચ્ચ ગુણવત્તા ધરાવતી દુર્લભ જાતિઓ સંરક્ષણની કામગીરી પર ભાર મૂકેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વનીકરણની પ્રવૃત્તિઓથી વન વિસ્તાર નજીક વસવાટ કરતા વનવાસીઓને રોજગારીનો લાભ મળે છે. સઘન અને લોક ભાગીદારીના પ્રયત્નોથી વનીકરણના કાર્યક્રમને સફળતા મળે છે. ગુજરાતની ઉદ્યમી પ્રજામાં સરકારને કારણે વન વિસ્તાર બહારના વિસ્તારનો વૃક્ષાવરણનો અને વન્ય જીવનની સંખ્યામાં સતત વધારો થયો છે. વન્ય જીવનની સંખ્યામાં સતત વધારો થતા ગુજરાત વન વિભાગ દ્વારા કરાયેલ વૃક્ષ ગણતરી પ્રમાણે સન ૨૦૦૩માં વન વિસ્તાર બહાર કુલ ૨૫.૧૦ કરોડ વૃક્ષોનો અંદાજ કાઢવામાં આવેલ છે. વધીને હવે વર્ષ ૨૦૨૧ની વૃક્ષ ગણતરી મુજબ ૩૯.૭૫ કરોડ વૃક્ષો થયેલા છે એટલે વર્ષ ૨૦૦૩ની સરખામણીમાં ૫૮.૩૬ ટકા વૃક્ષોની સંખ્યાનો વધારો નોંધાયેલ છે. વન વિસ્તાર બહાર વૃક્ષો ગણતાં વર્ષ ૨૦૦૩માં ૧૪.૧૦ વૃક્ષ પ્રતિ હેકટર હતી જે વધીને વર્ષ ૨૦૨૧માં ૨૫.૭૪ વૃક્ષ પ્રતિ હેકટર થયેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૩માં ૭૪મા વન મહોત્સવમાં ૧૦.૮ કરોડ રોપાનું વિતરણ કરવામાં આવેલ છે. રાજયમાં જાન્યુઆરી–૨૦૨૪માં ૨૨ પવિત્ર ઉપવન તૈયાર થયેલ છે તેમજ ૮૩ વન કુટિર તૈયાર થયેલ છે. સામાજિક વનીકરણ યોજનાનો હેતુ સાકાર કરવા હરિત વસુંધરા યોજનામાં વન કવચ મોડલ લેટર ૧૦૦ હેકટર વિસ્તારમાં વાવેતરની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા વન સંવર્ધન સાથે આજીવિકા ધ્યાને લઇ યોજનાઓ બનાવેલ છે. જેમાં વૃક્ષ ખેતી યોજના, એગ્રો ફોરેસ્ટ યોજના, હરિયાળુ ગામ યોજના ગ્રામ વાટિકાની વન વિસ્તાર બહાર વૃક્ષ ઉછેર કરી વાતાવરણ સારું કરી લોકોની આવકમાં વધારો પણ થયો છે. ગુજરાત રાજયમાં વનોની સાથે સાથે વન પ્રાણી સંરક્ષણ માટે પણ પગલાં લેવામાં આવ્યાં છે. પાવાગઢની આસપાસ આવેલ નર્મદા કેનાલ દેવલ ડેમ અને નદી–નાળાંઓ છલકાઇ જાય છે ત્યારે મગર અને અન્ય જળચર જીવો આજુબાજુના રહેણાંક વિસ્તારોમાં આવી પહોંચે છે, પરિણામે મગર દ્વારા માનવ હુમલાની ઘટનાઓ બને છે. મગરોના રેસ્કયુ માટે ગોધરા વન વિભાગની હાલોલ રેન્જમાં ધોબીકુવા ખાતે અનામત જંગલ આશરે ૦.૭૫ હેકટર વિસ્તારમાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વરદ હસ્તે ક્રોકોડાયલ રેસ્કયુ સેન્ટરની સ્થાપના કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, રાજય સરકાર વન્ય જીવન તેમજ તેની ઇકો સિસ્ટમ વિષયમાં સતત સંવેદનશીલ રહી છે. આ પ્રગતિશીલ ગુજરાત વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવણી પર પણ ભાર મૂકવામાં આવેલ છે. તે દિશામાં સતત કાર્યશીલ રહે છે અને માનનીય મંત્રીશ્રી આ માગણી લઇને આવ્યા છે ત્યારે હું મારું સમર્થન આપું છું.

**વિરામ સવારના ૧૦–૫૮થી ૧૧–૩૦**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી અમૂલ ભટ્ટ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મૂળૂભાઇ બેરા સાહેબ જે કલાઇમેટ ચેઇન્જ અંગેની માગણીઓ લઇને આવ્યા છે તેના સમર્થનમાં વાત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે મારા અભ્યાસના રિસર્ચનું એક પેપર પણ છે એટલે આપને વિનંતી છે કે મને એકાદ મિનિટ વધારે આપશો તો સારું રહેશે. કલાઇમેટ ચેઇન્જને સમજવા માટે આપણે કાર્બન ઉત્સર્જન, ઉષ્ણતામાનમાં થતાં ફેરફાર વગેરેને સમજીએ અને પછી આ માગણીને સ્વીકારીએ તો ખૂબ મહત્ત્વનું પૂરવાર થાય. આ અભ્યાસના કેટલાંક અંશ રજૂ કરું છું. ગુજરાતને દેશનો સૌથી મોટો ૧૬૦૦ કિ.મી.નો દરિયાકિનારો મળ્યો છે. અમે એક સાયન્ટિફિક અભ્યાસ કર્યો હતો. એમાં વર્ષ ૧૯૮૬થી ૨૦૧૯ દરમિયાન ગુજરાતની આબોહવામાં ૨.૫ ડિગ્રીનો વધારો જોવા મળ્યો છે. દરિયાકિનારો જેટલો લાંબો એટલી ઉષ્ણતામાનની અસર એ રાજ્ય પર વધારે થતી હોય છે. ૨૧મી સદીના અંત સુધીના અભ્યાસનું તારણ કાઢવામાં આવ્યું છે કે લગભગ પાંચ ડિગ્રી સુધીનો વધારો થશે એટલે કે કલાઇમેટ ચેઇન્જને અસર કરતું ઉષ્ણતામાનનું કારણ એ આપણા માટે ચિંતાનો વિષય છે. આટલા લાંબા દરિયાકિનારાના લીધે વૈશ્વિક રીતે જે વધારો થઇ રહ્યો છે એની સરખામણીમાં વધવાનો છે.

એ સમગ્ર બાબતનો વિચાર જ્યારે દુનિયામાં કે દેશમાં કોઇ રાજ્યને નહોતો આવ્યો ત્યારે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને વર્ષ ૨૦૦૯માં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એવું પ્રથમ રાજ્ય હતું કે જેણે ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની સ્થાપના કરી. માત્ર ભારતવર્ષમાં જ નહિ પણ એશિયામાં સૌ પ્રથમ અને વિશ્વમાં ગુજરાત રાજ્ય ચોથું એવું રાજ્ય હતું કે જેણે ક્લાઇમેટ ચેઇન્જ અંગેનો અલગ વિભાગ ચાલુ કર્યો હતો. આ વિભાગ હેઠળ ગુજરાત એનર્જી ડેવલપમેન્ટ એજન્સી (GEDA) પણ કામ કરે છે. સરકારનું અને આ વિભાગનું મુખ્ય લક્ષ્ય ક્લિન ટૅકનૉલૉજીનો ઉપયોગ કરી પર્યાવરણ સાથે સુસંગત ઊર્જાના સ્ત્રોતોનો વિકાસ કરવાનું છે. ક્લાઇમેટ ચેઇન્જની બાબતમાં માત્ર ભારતમાં જ નહિ પણ વિશ્વમાં ગુજરાત અગ્રેસર બન્યું છે. વર્ષ ૨૦૧૫માં ફ્રાન્સમાં થયેલ પેરિસની કૉન્ફરન્સને યાદ કરીએ તો આપણે એની પાછળનું મુખ્ય કારણ સમજી શકીશું. હું એવું માનું છું અને આ ગૃહને કહેવા માગું છું કે When the goings are tuff એટલે કે જ્યારે મુસીબતો વધતી જાય છે. આ એવી મુસીબત છે કે સમગ્ર વિશ્વએ આની ચિંતા કરવી જોઇએ. We required tuff man to get with it. આપણને એવા મજબૂત અને વૈશ્વિક નેતાશ્રી નરેન્દ્રભાઇ મળ્યા છે એ આ દેશ માટે ગૌરવનો વિષય છે. ગુજરાતનો ક્લાઇમેટ ચેઇન્જ વિભાગ સ્ટેટ ક્લાઇમેટ એક્શન પ્લાન અંતર્ગત ૯ વિભાગોમાં કામ કરી રહ્યું છે. એ પણ આપણી લાઇબ્રેરીમાં જોવા મળે છે. એગ્રિકલ્ચર, વૉટર, હૅલ્થ, ફૉરૅસ્ટ બાયો ડાયવર્સિટી, સી લેવલ રાઇઝ એન્ડ કૉસ્ટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર, એનર્જી એફિસિયન્સી અને રિન્યુએબલ એનર્જી, અર્બન ડેવલપમેન્ટ, વલ્નરેબલ કૉમ્યુનિટી અને ગ્રીન જોબ્સ.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોક્ત ૯ બાબતોમાં વર્ષ ૨૦૧૫ના ડિસેમ્બરમાં યોજાયેલ ક્લાઇમેટ ચેન્જ કૉન્ફરન્સમાં ફ્રાન્સ ખાતે પેરીસ એગ્રીમેન્ટમાં ૧૯૭ દેશોએ હસ્તાક્ષર કર્યા હતા અને આપણે બધા ગર્વ લઇ શકીએ કે આ બધા હસ્તાક્ષરો કરાવવામાં જો કોઇએ મહત્ત્વનો રોલ ભજવ્યો હોય તો દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇએ ભજવ્યો હતો. ગુજરાત પણ આ માટે કટિબદ્ધ છે. ગુજરાતે ૧૯ જુદા જુદા વિભાગોમાં ક્લાઇમેટ ચેન્જ માટેના જુદા જુદા પ્રકલ્પો માટે રૂ.૯ હજાર કરોડનું ફંડ ફાળવ્યું છે. હું ગુજરાતની સિદ્ધિઓની વાત કરું તો નીતિ આયોગે ગત વર્ષે ગુજરાત એનર્જી અને ક્લાઇમેટ ઇન્ડેક્ષ ચેન્જમાં સર્વપ્રથમ બ્રાંચ પ્રાપ્ત કરેલ હોવાનું કહીને સર્વશ્રેષ્ઠ રાજ્ય તરીકે ગુજરાતનું અભિવાદન કર્યું હતું. આજે ગુજરાતમાં ક્લાઇમેટ ચેન્જને બદલવા માટે વિન્ડ પાવર પ્રોજેક્ટની ટોટલ ઇન્સ્ટોલ કૅપેસિટી ૯ હજાર મેગાવૉટની છે. સમગ્ર દેશમાં સ્થપાયેલ વિન્ડ મિલના ૨૩.૨ ટકા વિન્ડ મિલ એકમાત્ર ગુજરાત રાજ્યમાં જ સ્થપાઇ છે. વિન્ડ પાવર પૉલિસી જાહેર કરનાર ગુજરાત પહેલું રાજ્ય હતું. આજે સોલર પાવર કે જે આ કાર્બન ઉત્સર્જનમાં આપણને મદદ કરે છે તેની ગુજરાતની ૮ હજાર મેગાવૉટની ક્ષમતા છે અને દેશની ક્ષમતાના પ્રમાણમાં ૧૩.૨ ટકા છે. આજે ગુજરાતની રિન્યુએબલ એનર્જીની સ્થાપનાની ક્ષમતા૧૮ હજાર મેગાવૉટની છે. ઘરગથ્થું સોલર પેનલ ઇન્સ્ટોલ કરવામાં પણ સાડા ત્રણ લાખ કરતાં વધુ પરિવારોએ બે હજાર મેગાવૉટની ઊર્જા ઉત્પન્ન કરતી સોલર પેનલ પોતાના ઘર પર લગાડી છે. ગુજરાતના સરકારી મકાનો પર પણ સોલર પેનલ મૂકવામાં આવી છે. સોલર વૉટર હિટિંગ સિસ્ટમ પણ પર્યાવરણને અનુકૂળ કામ કરી રહી છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ પંચામૃત યોજના દ્વારા પર્યાવરણમાં ગુણાત્મક સુધારો લાવવાનું કહ્યું હતું. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત ૫૦૦ ગિગાવૉટ ઊર્જા નોન ફોર સેલ એટલે કે કોલસો, લિગ્નાઇટ સિવાયનું રિન્યુએબલ એનર્જીથી ઉત્પન્ન કરવાનું છે જે કાર્બન ઉત્સર્જનને ઘટાડવાનું કામ કરશે. હું માનનીય મંત્રીશ્રી મૂળુભાઇ બેરા જે માગણી લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા(સોમનાથ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રવાસન અને વન પર્યાવરણ વિશે મારી વાત રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં આવેલા મારા વતન ચોરવાડમાં દરિયાકિનારે આવેલ હોલિડે કેમ્પ વર્ષો પહેલાં ટુરિઝમ તરીકે મંજૂર થયેલ છે પરંતુ આજ દિન સુધી ત્યાં કામ થયેલ નથી. મેં માનનીય મંત્રીશ્રીને મળીને રજૂઆત કરેલી છે કે ટેન્ડરની પ્રક્રિયા પૂર્ણ કરીને વહેલી તકે કામગીરી ચાલુ કરવામાં આવે. કારણ કે ત્યાં હજારોની સંખ્યામાં પ્રવાસીઓ આવતા હતા. વર્ષો પહેલાં અમદાવાદથી ચોરવાડ માટે સ્પેશિયલ એસ.ટી. બસ ચાલુ હતી. આજે ખંડેર હાલતમાં હોવા છતાં પણ રોજના ૧૦૦ લોકો મુલાકાત લઇ રહ્યા છે. ખાસ કરીને હું મારી ૯૦, સોમનાથ વિધાનસભામાં જે પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ આવેલ છે તેમાં એક તરફ સરકાર ટુરિઝમ વિકસાવવાની વાત કરે છે અને આપણા ગૃહપ્રધાન કહે છે કે દ્વારકાથી સોમનાથ સુધી બુલડોઝર ફેરવવામાં આવ્યું છે. સોમનાથમાં જી.આઇ.ડી.સી. સામેના વિસ્તારમાં નાના ધંધાર્થીઓ, સોમનાથ તરફ જવાના રસ્તે પ્લાસ્ટિક વીણી ગુજરાન ચલાવતા લોકોના ઘર પણ પાડવામાં આવ્યા છે. સોમનાથ મંદિર તરફ જતાં ટ્રસ્ટ દ્વારા અંદાજિત ૨૫૦ જેટલી દુકાનો ફાળવવામાં આવેલી હતી, સોમનાથ ટ્રસ્ટ તેમની પાસે ભાડું પણ ઉઘરાવતું હતું. આ નાના ધંધાર્થીઓ કોઇ સોમનાથ દાદાની છબી વેચતા હતા, કોઇ ત્રિશૂલ વેચતા હતા, કોઇ ઓમ નામની માળા જેવી ધાર્મિક વસ્તુઓ વેચતા હતા તે લોકોની દુકાન બુલડોઝર દ્વારા તોડી નાખવામાં આવી છે. એકતરફ આપણે ટુરિઝમ વિકસાવવાની અને વધારેમાં વધારે રોજગારી મળી શકે તેવી વાત કરતા હોય ત્યારે ધાર્મિક વસ્તુઓ વેચતા નાના ધંધાર્થીઓની દુકાનો તોડી નાખવાથી આજે ૨૫૦ દુકાનદારો બેરોજગાર છે. ખાસ કરીને જ્યારે સોમનાથ ટ્રસ્ટ પાસે અંદાજિત એક હજાર વીઘા જેટલી જગ્યા છે તો આ દુકાનો તોડતાં પહેલાં તેમને અન્ય સ્થળે જગ્યા ફાળવવી જોઇએ. વહેલી તકે સરકાર સોમનાથ ટ્રસ્ટ સાથે વાત કરીને તેમને જગ્યા ફાળવવાનું આયોજન કરે. જેથી કરીને તે લોકો પોતાની રોજી રોટી ચલાવી શકે.ધાર્મિક રીતે સોમનાથ

દાદાના ડમરું, ત્રિશૂલ, છબી અને માળાનું વેચાણ કરતાં વેચાણકારો સોમનાથ દાદાના મંદિરની સામે બેસતા હોય છે. એટલે સરકાર અને સોમનાથ ટ્રસ્ટ દ્વારા એમને જગ્યા ફાળવવામાં આવે. વન અને પર્યાવરણની વાત કરું તો, વેરાવળ તાલુકાના ઉકડિયા ગામે તા.૩૧/૦૧/૨૦૨૪ના રોજ સાંજે છ વાગ્યે એક દીપડા દ્વારા ચાર વર્ષનાં બાળકને ઉપાડી જઇ બે કિલોમીટર સુધી લઇ જવામાં આવ્યું હતું. આ બાળકનું મૃત્યુ થયેલ છે. મારે ખાસ કહેવું છે કે ગ્રામ્ય વિસ્તારોમાં દીપડાઓની વસ્તી વધતી જાય છે. જંગલોમાં પૂરતો ખોરાક ન મળવાના કારણે તેઓ શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવે છે. આ દીપડાઓ પર જી.પી.એસ. સિસ્ટમ લગાડવામાં આવે તો બાળકો પર હુમલો કરતાં દીપડાને તાત્કાલિક ધોરણે પકડી શકાય. આ દીપડો ચાર કે પાંચ દિવસ પછી પકડાયો હતો. આ સમયે ભયનાં કારણે બાળકો અને અન્ય લોકો પોતાના ઘરની બહાર નીકળતા ન હતા. વન વિભાગ દ્વારા દીપડાના ખોરાકની વ્યવસ્થા કરવામાં આવે તો આ દીપડા શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં ન જાય. આ સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ):માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાનો માટેની માંગણી નં. ૨૭ પરની ચર્ચામાં ભાગ લેવાની મને તક મળી છે ત્યારે પર્યાવરણ વિષય પર આ ગૃહ સમક્ષ મારા વિચારો રજૂ કરવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પર્યાવરણ એટલે આપણી આસપાસનું વાતાવરણ કે જેમાં જળ, જમીન, વનસ્પતિ અને સર્વ જીવોનો સમાવેશ થાય છે. હજારો વર્ષની કુદરતી પ્રક્રિયાને અંતે આ જગત સર્વ જીવો માટે આશ્રયસ્થાનને લાયક બન્યું છે. જળ, જમીન અને જીવસૃષ્ટિઓના નિર્વાહ માટે પર્યાવરણ ખૂબ જ અગત્યનું માધ્યમ છે. જગતમાં બનતી તમામ પ્રાકૃતિક ઘટનાઓ માટે પર્યાવરણ જ અગત્યની ભૂમિકા ભજવે છે. પર્યાવરણમાં વિક્ષેપ ઊભો થાય તો સજીવોના જીવનચક્ર પર માઠી અસર થાય અને સજીવો સામે ખતરો ઊભો થાય છે. આજકાલ વિકાસની દોડમાં પર્યાવરણની જાળવણી કરવાની વાત ન ભૂલાય એ આપણે સૌએ ધ્યાનમાં રાખવું ખૂબ જરૂરી છે. વધતી વસ્તી, વધતા જતા ઉદ્યોગો અને કુદરતી સંશાધનોના વધુ પડતા ઉપયોગના કારણે જળ, જમીન અને હવાનું પ્રદૂષણ સતત વધતું રહ્યું છે. વધતાં જતાં પ્રદૂષણને નિયંત્રણમાં રાખવું એ આપણા સૌની સહિયારી જવાબદારીછે. પ્રદૂષણના નિયંત્રણ માટે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત અનેક પગલાં લેવાયાં છે અને સતત લેવાઇ રહ્યાં છે. આજકાલ ગ્રીન એનર્જી અને બિનપરંપરાગત ઊર્જાને પ્રોત્સાહન આપી પચાવર્રણને દૂષિત થતું અટકાવવા ભારત સરકાર પણ કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેટ ચેન્જ અને કાર્બન ઉત્સર્ગ ઘટાડવા માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીમાં ભારત સરકારે પગલાં લીધાં છે અને વિશ્વને નવીન રાહ ચીંધ્યો છે એ માટે હું આ ગૃહના માધ્યમથી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીને ગુજરાતની પ્રજા વતી અભિનંદન પાઠવું છું. ગુજરાત સરકાર પણ પર્યાવરણ જાળવણી સંદર્ભે ખૂબ જ જાગૃત છે. એટલે આ બાબતની નોંધ લઇ માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને ગુજરાત સરકારના પ્રયાસોને બિરદાવું છું. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ગુજરાતમાં પ્રદૂષણ નિયંત્રણ કરતી અગત્યની સરકારી સંસ્થા છે. રાજ્યભરમાં ૨૭ જેટલી પ્રાદેશિક કચેરીઓ ધરાવતી આ સંસ્થાની વડી કચેરી ગાંધીનગર ખાતે કાર્યરત છે. ઔદ્યોગિક એકમોમાંથી નીકળતા ગંદા પાણી અને જોખમી કચરાના નિકાલની સુવિધા, બાયોમેડિકલ વેસ્ટના નિકાલની સુવિધા, રજિસ્ટર્ડ ઇ-વેસ્ટ ડિસમેન્ટલર્સ અને રી-સાઇકિલંગ ઉદ્યોગો વિકસાવવા માટે આપણું ગુજરાત દેશમાં અગ્રેસર છે. જી.પી.સી.બી. અને એન.આઇ.સી., ગાંધીનગર અને એન.આઇ.સી. ઉત્તરાખંડની ટીમ સાથે સંયુક્ત રીતે જોખમી કચરાનું પરિવહન કરતાં વાહનોની દેખરેખ માટે વ્હિકલ લોકેશન ટ્રેકિંગ સિસ્ટમ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. જે જૂન-૨૦૨૨થી કાર્યરત છે. આ વી.એલ.ટી.એસ. પોર્ટલમાં દસ હજાર જેટલાં વાહનો રજિસ્ટર થયાં છે. આ પોર્ટલ ઉપર રોજ ૧૩૦૦થી ૧૪૦૦ ટ્રિપનું મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. અગાઉથી નક્કી થયેલ રૂટને બદલે વાહન પોતાનો રૂટ બદલે તો આ સિસ્ટમમાંથી એલર્ટ મળે છે. વી.એલ.ટી.એસ. પ્રોજેક્ટને વર્ષ ૨૦૨૩માં ગોલ્ડ કેટેગરીમાં સ્કોચ એવોર્ડ મળેલ છે, જે આપણા માટે ગૌરવની વાત છે. ગુજરાત રાજ્ય પર્યાવરણની સુરક્ષા માટે નવી નીતિઓ બનાવવા તથા ઉદ્યોગો ઉપર ખર્ચ ઘટાડીને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવામાં દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. હાલ આ યોજનાનું વિસ્તરણ કરીને અમદાવાદ અને સાણંદ વિસ્તારના ૧૧૮ ઉદ્યોગોમાં આ યોજના શરૂ કરવામાં આવી છે, જેનાથી અમદાવાદના ઉદ્યોગોના પરિસરની હવાની ગુણવત્તામાં સુધારો થશે. હું આ માગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી કેયુર ના. રોકડિયા(સયાજીગંજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આજે એકબીજાની પૂરક કહેવાય એવા વન પર્યાવરણ અને કલાઇમેટ ચેન્જના વિષયની માગણીઓ લઇને સભાગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે હું કલાઇમેટ ચેન્જ વિષયમાં મારા વિચારો વ્યક્ત કરવા ઊભો થયો છું. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇ કહેતા હતા કે, માનવજાત એવી જાત છે કે જેણે કુદરત સાથે ચેડાં કર્યાં અને ડેવલપમેન્ટના નામે વિશ્વના બધા જ દેશોએ વન, પર્યાવરણની ઉપેક્ષા કરી અને એના કારણે જળવાયુ પરિવર્તનને વેગ આપ્યો છે. જળવાયુ પરિવર્તનના કારણે કુદરતી આફતો જેવી કે સૂકો દુકાળ કે લીલો દુકાળ હોય, વાદળ ફાટવું, રણનું વિસ્તરવું એવી અનેક ઘટનાઓ બને છે. આનાથી વિશ્વમાં જાનમાલને ભારે નુકસાન થયું છે અને એની સાથે વિશ્વની અર્થવ્યવસ્થાને પણ મોટું નુકસાન થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૧૯૯૮થી વર્ષ ૨૦૧૭નો સરવે એવું કહે છે કે, સમગ્ર વિશ્વની અર્થવ્યવસ્થાઓને રૂ.૩ લાખ કરોડનું અને ભારત દેશને રૂ.૮ હજાર કરોડનું નુકસાન જળવાયુ પરિવર્તનના કારણે જે આફતો આવી એમાં થયું છે. ગ્રીન હાઉસ

ગેસોના કારણે તાપમાન વધી રહ્યું છે, ગ્લેસર પીગળી રહ્યો છે આ વિશે મારા આગળના વક્તાઓએ બધી વાતો કરી. ગુજરાતનો ૧૬૦૦ કિ.મી.નો લાંબો દરિયાકિનારો છે એના કારણે આપણને વિશેષ ચિંતા ઉપજાવે એવી પરિસ્થિતિ ભવિષ્યમાં ઊભી થઇ શકે છે. માનનીય અમુલભાઇ ભટ્ટે વર્ષ ૨૦૧૫ની પૅરિસ સમજૂતીની વાત કરી. બધા દેશોએ સાથે ભેગા મળીને નક્કી કર્યું કે આપણે કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો કરીશું પણ એનાથી વિપરીત પરિસ્થિતિ છે. વર્ષ ૨૦૧૫થી આજદિન સુધી આમાં કોઇપણ દેશ ઘટાડો કરી શકયું નથી ત્યારે આપણે નવાં વૃક્ષો વાવી રહ્યાં છીએ. કામ થઇ રહ્યું છે. દરેક દેશ કામ કરી રહ્યું છે. કાર્બન ઉત્સર્જનમાં ઘટાડો થાય, કાર્બન નેટ ઝીરો તરફના લક્ષ્યાંક સાથે દરેક દેશ આગળ વધી રહ્યો છે અને તે માનવજાતની આજની તાત્કાલિક જરૂરિયાત પણ છે. માનનીય અર્જુનભાઇ કહેતા હતા કે સરકાર મોડે–મોડે જાગી છે. અમારી સરકાર તો જાગેલી હતી, તમારી સરકાર જ ઊંઘતી હતી. માનનીય અમૂલભાઇ ભટ્ટ તથા માનનીય યોગેશભાઇએ કહ્યું કે વર્ષ ૨૦૦૯માં કલાઇમેટ ચેન્જ વિભાગની સ્થાપના ગુજરાત સરકારે એટલે કે એ વખતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કરી હતી ત્યારથી સરકાર જાગેલી હતી. રાજ્ય કલાઇમેટ ચેન્જની વાત કરે એ બાબતની તો એશિયા અને વિશ્વમાં નોંધ લેવાઇ હતી. આજે ભારત એક વિકાસશીલ રાષ્ટ્ર છે. વિકાસશીલ રાષ્ટ્ર હોવા છતા સૌરઊર્જા, પવનઊર્જા, હાઇડ્રોજન ટૅકનોલોજીમાં વિશ્વમાં સારામાં સારુ કામ કરીને ઉત્તમ ઉદાહરણ જો પૂરું પાડતું હોય તો ભારત દેશ પૂરું પાડે છે અને આનો ફાળો જતો હોય તો તે યશસ્વી પ્રધાનમંત્રી માનનીય નરેન્દ્રભાઇ મોદીને જઇ રહ્યો છે. એના જ કારણથી વર્ષ ૨૦૧૮માં એમને 'ચેમ્પિયન ઓફ ધ અર્થ એવોર્ડ' યુ.એન. દ્વારા સોલાર એલાયન્સ માટે આપવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, કેમ્બ્રિજ એનર્જી રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા વર્ષ ૨૦૨૧માં ગ્લોબલ એનર્જી અને એનવાયર્મેન્ટ લીડરશીપ એવોર્ડ આપવામાં આવ્યો જે તેમના વૈશ્વિક નેતૃત્વની આ વિષયમાં પ્રતીતિ કરાવે છે. આજના આ વખતના બજેટમાં કલાઇમેટ ચેન્જ એકશન પ્લાન અને ડેશબોર્ડ શરૂ કરવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ રૂ.૫ કરોડની અલાયદી વ્યવસ્થા કરી છે. કલાઇમેટ ચેન્જની વિપરીત અસરો પણ છે. વિકાસ છે તો એ વિકાસની જોડે એની નીતિઓ અને એની અસરો ખાળવા માટે રૂપિયા ૨૦ હજાર કરોડની ગ્રીન બજેટમાં જોગવાઇ કરી છે. આમ ગુજરાત રાજય દેશની રિન્યુએબલ એનર્જીમાં ૧૫ ટકાનો ફાળો ધરાવે છે અને એમાં પણ સોલર એનર્જીની અંદર, સોલર રૂફટોપની અંદર દેશમાં ૮૨ ટકાનો ફાળો ધરાવતું ગુજરાત છે. એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને વિશેષ રૂપે આ તબક્કે અભિનંદન આપું છું. એમાં પણ હું જયાંથી પ્રતિનિધિત્વ કરું છું તે વડોદરા શહેરનો ફાળો સોલર રૂફટોપમાં ગુજરાત રાજયમાં સૌથી મોટો છે એનું મને ગૌરવ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, એકબાજુ જયારે ભગવાન રામની પુનઃપ્રાણ પ્રતિષ્ઠા થતી હતી ત્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૧ કરોડ ઘરને સોલર રૂફટોપથી સજાવવા માટે ઇન્સેન્ટિવ અને યોજના જાહેર કરી. ત્યારે ગુજરાત સરકારે પણ પોતાના બજેટમાં રૂ.૯૯૩ કરોડની જોગવાઇ કરી છે એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. સરકારી, અર્ધ સરકારી કચેરીઓ ઉપર એપેકસ મોડલ હેઠળ ૪૦ મેગાવોટ સોલર યોજના અંતર્ગત રૂ.૧૦૦ કરોડની જોગવાઇ હોય, બેટરી ઓપરેટેડ વ્હિકલની પણ વાત કરી. ૧૨ હજાર પ્રતિ દ્વિચક્રી અને ૪૮ હજાર પ્રતિ ત્રિચક્રી વ્હિકલોને સબસિડી આપવા માટે રૂ.૯ કરોડની જોગવાઇ હોય, વિવિધ કોર્પોરેશનો દ્વારા પણ આપણે ત્યાં બેટરી ઓપરેટેડ વ્હિકલો માટે ટેકસમાં આ વખતે છૂટ આપવામાં આવી છે. બધી જ કોર્પોરેશન પણ આમાં આગેવાની લઇ રહેલ છે. બીજા કેટલાક નાના ઇન્સેન્ટિવ થકી ૩૦ ગીગાવોટ કચ્છની અંદર હાઇબ્રીડ એટલે કે સોલર અને ગ્રીન રિન્યુએબલ એનર્જી, ગૌશાળાઓ, પાંજરાપોળ, શૈક્ષણિક સંસ્થાઓમાં ૧૨ કરોડના ખર્ચે બાયોગેસ પ્લાન્ટ, ગ્રામ પંચાયતોમાં સુધારેલી સ્મશાન ભઠ્ઠી સ્થાપવા માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ. આવી અનેક યોજનાઓ સરકાર લાવી છે ત્યારે હું આ માગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગના માનનીય મંત્રીશ્રી મૂળુભાઇ બેરા સાહેબ તેમના વિભાગની માગણી ક્રમાંક– ૨૬ અને ૨૭ લઇને આ સભાગૃહમાં આવ્યા છે તેના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણની જાળવણી માટે આ બજેટમાં ૨૫ ટકા વધારો કરીને રૂ. ૨૫૮૬ કરોડની જોગવાઇ કરવા બદલ ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો અને નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો હૃદયથી આભાર માનું છું. પર્યાવરણ અને વનની જાળવણી એ દરેક નાગરિકની ફરજ છે. અમારા આદિવાસી લોકો એ જળ, જંગલ અને જમીન સાથે જોડાયેલા છે અને બધી જ રીતે પર્યાવરણ પ્રેમી અમારી આદિવાસી પ્રજા છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ વિસ્તાર પણ ભૌગોલિક રીતે જંગલોથી ભરાયેલો છે. એમાં પણ અમારા આદિવાસીઓ તો ઝાડની પૂજા, પથ્થરની પૂજા, નદીની પૂજા કરનારા અમારા આદિવાસીઓ પર્યાવરણ પ્રેમી રહ્યા છે. આજે પૃથ્વી પર માનવ જાત દ્વારા પર્યાવરણ સાથે ચેડાં થવાના કારણે જે કલાઇમેટ ચેઇન્જના લીધે જે બદલાવ આવી રહ્યો છે, તેની સામે વનને બચાવવા માટે જે પ્રવૃત્તિઓ અત્યારે આપણા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા કરવામાં આવે છે તે ખૂબ જ સરાહનીય કામગીરી કરવામાં આવી છે. એ જ રીતે આપણે અત્યારે અમૃત મહોત્સવની ઉજવણી કરીએ છીએ. એમાં પણ 'મેરી મીટ્ટી મેરા દેશ' કાર્યક્રમ ગામેગામ થયો, તે કાર્યક્રમ અંતર્ગત એમાં પણ વૃક્ષ વાવેતરનો કાર્યક્રમ કરીને જે વન બચાવવાની કામગીરી આપણે કરી છે. એમાં પણ દિલ્હી ખાતે શહીદોને શ્રદ્ધાંજલિ માટે ૭૫ એકરમાં અમૃત વાટિકા બનાવીને વનોની જાળવણી માટે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના સમયમાં અમારા જંગલ

વિસ્તારમાં આર્યુવેદના વૃક્ષો છે એના ઉકાળા અને આયુર્વેદના ફાયદા જંગલ વિસ્તારમાં આદિવાસીઓ માટે ખૂબ આશીર્વાદરૂપ બન્યા છે. શહેરી વિસ્તારના લોકો પણ જંગલ વિસ્તારમાં આવીને એનો લાભ લેતા. ગળો વનસ્પતિ છે એનો ઉપયોગ કરીને લોકોએ કોરોનાકાળમાં એમનું જીવન બચાવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે હું આ સભાગૃહમાં એટલું કહું છું કે આ પર્યાવરણની જાળવણી એ દરેકની ફરજ છે અને શાળાઓમાં પણ બાળકોને પર્યાવરણનું શિક્ષણ આપવું ખૂબ જરૂરી છે. આ બધાં આયુર્વેદનાં વૃક્ષો છે એ આજે ભૂલાતાં જાય છે. હું તો એક સંસ્થા ચલાવું છું. એ નદી કિનારે પાંચ એકરમાં આશ્રમશાળા છે, ત્યાં દરેક પ્રકારનાં વૃક્ષો બાળકો દ્વારા તૈયાર કર્યાં છે. દરેક વૃક્ષને એ બાળકો પોતે ઓળખી શકે કે આ અર્જુનસાગર છે, આ આમળા છે, આ ગળો છે, આ લીમડો છે કે જે ફળાઉ વૃક્ષો છે એ બધાને ઓળખી શકે એ માટેના પ્રયત્નો પણ કર્યા છે અને દરેક જયારે પોતાની જન્મતીથી ઉજવે ત્યારે વૃક્ષનું વાવેતર કરવું જોઇએ, એનીવર્સરી ઉજવીએ ત્યારે પણ વૃક્ષ વાવવાં જોઇએ અને બાળકોને પણ એ બાબતની પ્રેરણા મળવી જોઇએ. આ સભાગૃહમાં માનનીય મંત્રીશ્રી મૂળુભાઇ બજેટ લઇને આવ્યા છે એમાં સૌએ સમર્થન આપવું જોઇએ. એમની માગણીને હું સમર્થન આપું છું. આભાર.

શ્રી જનકભાઇ તળાવિયા(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં આજે હાથ ધરાનાર વર્ષ સન ૨૦૨૪-૨૫ના વર્ષના અનુદાનો માટેની માગણી નં.૯૮ ઉપરની ચર્ચામાં ભાગ લેવાનો જયારે મને અવસર મળ્યો છે ત્યારે હું મારા કેટલાક વિચારો આ સભાગૃહ સમક્ષ રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની અગત્યની કેટલીક કામગીરી અને કેટલીક સિદ્ધિઓની વાત આ ગૃહના માધ્યમથી જણાવવા માગું છું. આ વિભાગ પોતાની વિવિધ શાખાઓ જેવી કે સાંસ્કૃતિક શાખા, ઉજવણી શાખા, સાહસ શાખા, યુથ બોર્ડ શાખા જેવી શાખાઓના માધ્યમથી વિવિધ પ્રવૃત્તિઓ કરે છે. સાંસ્કૃતિક શાખા કલા ક્ષેત્રે જેમણે ગણનાપાત્ર સ્થાન પ્રદાન કર્યું હોય અને વ્યકિતની ઉંમર ૬૦ વર્ષ કરતા વધુ હોય તથા શારીરિક અશકત હોય એવા નિઃસહાય કલાકારોના આશ્રિતોને વાર્ષિક સહાય આપવાનું કાર્ય કરી રહી છે. આ શાખા દ્વારા સન ૨૦૨૩-૨૪ના નાણાકીય વર્ષમાં કુલ ૨૭૨ કલાકારો અને આશ્રિતોને વાર્ષિક ૬,૬૪,૨૦૦ રૂપિયાની આર્થિક સહાય કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની પ્રજા ધાર્મિક સાંસ્કૃતિક ઉત્સવ માણી શકે, એના દ્વારા પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી શકે એના માટે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની ઉજવણીની શાખા દ્વારા નવરાત્રી શકિતપર્વ વર્ષ ૨૦૨૩ની ઉજવણી કરવામાં આવેલ છે. નવરાત્રિ એ ગુજરાતની વૈશ્વિક ઓળખ બની છે ત્યારે આ ઉત્સવને ધાર્મિક રીતે ઉજવવવા માટે ધાર્મિક મહત્ત્વ ધરાવતાં ૧૧ સ્થળોએ નવરાત્રિ મહોત્સવનું આયોજન કરવામાં આવે છે. આ સ્થળે ગુજરાતના જાણીતા કલાકારો દ્વારા માતાજીના ગરબાની જીવંત પ્રસ્તુતિ કરવામાં આવે છે. ૭૭મા સ્વાતંત્ર્ય પર્વ પર્વની રાજ્ય કક્ષાની ઉજવણી વલસાડ ખાતે માનનીય મુખ્યમંત્રી આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના હસ્તે કરવામાં આવી હતી. જેમાં વલસાડની ઐતિહાસિક ધરોહર થીમ પર ૨૫૦ જેટલા કલાકારોએ ધન્ય ધરા વલસાડની એ કાર્યક્રમ રજૂ કર્યો હતો. મને કહેતા ગર્વ થાય છે કે મારા મત વિસ્તાર લાઠી તાલુકાના દૂધાળા ગામમાં ગયા નવેમ્બર મહિનાની ૧૫થી ૨૫ તારીખ વચ્ચે અનોખો જળ ઉત્સવ વર્ષ ૨૦૨૩ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સાત દિવસ સુધી સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. રાજ્યના ૧૧ જેટલા પવિત્ર યાત્રાધામો ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતાં લાખો શ્રદ્ધાળુઓએ એમાં લાભ લીધો હતો. જી-૨૦ આયોજન સમયે પણ અનેક સાંસ્કૃતિક આયોજનો કરીને આ વિભાગે ગુજરાતની સાંસ્કૃતિક ઝાંખી વિશ્વના દિગ્ગજ રાજપુરુષો સામે પ્રસ્તુત કરીને ગુજરાતના સાંસ્કૃતિક વારસાને ઉજાગર કર્યો હતો. ગુજરાત સરકાર દ્વારા ગત તારીખ ૧૭થી ૨૯ નવેમ્બર ૨૦૨૩ દરમિયાન ગુજરાત સરકારના સાંસ્કૃતિક મંત્રાલયના સહયોગથી સૌરાષ્ટ્ર તમિલ સંગમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેના થકી ગુજરાત અને તમિલનાડુ વચ્ચે બે પ્રદેશની બે સાંસ્કૃતિક વિરાસતોનું આદાન-પ્રદાન થયું હતું. સાંસ્કૃતિક વિરાસતોનું આવું અજોડ જોડાણ કરવા માટે હું ભારત સરકાર અને ખાસ કરીને આપણા પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીને અને ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના પ્રતિભાશાળી યુવક-યુવતિઓ સાહિત્ય, કલા અને સાંસ્કૃતિક ક્ષેત્રે પોતાની મૌલિક કૃતિઓ રજૂ કરી શકે એ માટે યુથ બોર્ડ શાખા દ્વારા તાલુકા, જિલ્લા, પ્રદેશ અને રાજયકક્ષાએ યુવા ઉત્સવનું સુંદર આયોજન પણ કરવામાં આવ્યું હતું. ૨૭મા રાષ્ટ્રીય યુવા ઉત્સવ કાર્યક્રમમાં ગુજરાત રાજ્યના તાલુકા, જિલ્લા, પ્રદેશ અને રાજયકક્ષાએ વિજેતા બનેલા ૫૫ જેટલા સ્પર્ધકોએ ભાગ લીધો અને નોંધપાત્ર દેખાવો કર્યા હતા. રાજ્યના આ વિભાગ દ્વારા માઉન્ટ એવરેસ્ટ તથા વિશ્વના દુર્ગમ પહાડો સર કરનારને સહાય બાબતની યોજના પણ અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત વડોદરાની આપણી સાહસી દીકરી નીશાકુમારીને રૂપિયા ૧૫ લાખની સહાય ચૂકવવામાં આવી હતી. રાજ્યના યુવાધનને યોગ્ય તક મળે અને આપણી સાંસ્કૃતિક વિરાસતની સાથે આપણો ભવ્ય વારસો જળવાઇ રહે તેવા શુભ આશય સાથે રાજ્ય સરકારે આ ઉમદા કામ કર્યું છે ત્યારે આ વિભાગની કામગીરીને હર્ષ સાથે વધાવી લઇ આ વિભાગ સંભાળતા આપણા ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબને હર્ષ સાથે અભિનંદન પાઠવું છું અને સાથે માગણીઓને મારું સમર્થન જાહેર કરું છું.

શ્રી હર્ષ સંઘવી(રાજ્યકક્ષાના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજ રોજ આ સન્માનનીય ગૃહ સમક્ષ આગામી નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટેના અંદાજપત્ર માટેની રમત-ગમત, યુવા અને

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ )

સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટેની માગણી ક્રમાંક-૯૮ માટેની કુલ રૂપિયા ૬૦૦.૫૨ કરોડની અંદાજપત્રીય જોગવાઇની માગણીઓ પર મારા વિચારો રજૂ કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, રૂપિયા ૪૫૦ કરોડથી ૧૩૭ કરોડ રૂપિયાનો સીધો વધારો એટલે ૩૫ ટકા જેટલો ખૂબ મોટો વધારો, આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને શેઠ ભામાશા અને અમારા નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ દ્વારા રાજ્યના યુવાનોના વિકાસ માટે આ બજેટમાં ખૂબ મોટી મદદ મળી. હું અનેક બેઠકોની ચર્ચાથી હું મારા આ વિષયની શરૂઆત કરવા માગું છું. હું સર્વ પ્રથમ રાજ્યના રમત-ગમત વિભાગના સૌ અધિકારીઓ અને કર્મચારીઓને આ રાજ્યના સૌ યુવાનો વતી ખૂબ ખૂબ અભિનંદન આપવા માગું છું. રાજ્ય સરકાર દ્વારા જે વિઝન જોવામાં આવ્યું, વિચારવામાં આવ્યું અને નક્કી કરવામાં આવ્યું એને જમીન પર ઉતારવા માટે આ વિભાગના સર્વે કર્મચારીઓએ રાત-દિવસ એક કરીને રાજ્યના યુવાનોનું ભવિષ્ય ઉજ્જવળ કરવા માટેની એક નેમ ધારણ કરીને રાત-દિવસ કામ કર્યું છે તે લોકોને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આ બજેટની જયારે ચર્ચા ચાલતી હતી, ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાણામંત્રીશ્રી મેં જેમ અગાઉ કહ્યું વિભાગ નાણાં મંત્રી લાગે, પરંતુ હૃદય એમનું ખૂબ મોટું છે. રાજયના યુવાનોને વધુમાં વધુ મદદ કઇ રીતે મળે તે માટે મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રી દ્વારા પહેલા દિવસથી કહેવામાં આવ્યું કે તમે હજીપણ વધુ વિચારી શકો છો. તમે હજી વધુ વિચારીને લાવો રાજયમાં ખૂણે ખૂણેથી કઇ રીતે આપણે વધુ ખેલાડીઓ ડેવલપ કરી શકીએ એ રીતે વિભાગ દ્વારા વિચારવામાં આવે અને સંપૂર્ણ રીતે સરકાર દ્વારા એમાં મદદ કરવામાં આવશે અને ૩૫ ટકાનો સીધો વધારો કરીને રાજયના યુવાનો માટે મદદ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ અંતર્ગત યુવક, સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ સ્પોર્ટસ ઓથોરિટી સ્પોર્ટસ બાબતની કામગીરી જોતી હોય છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી આવેલ છે, ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી આવેલ છે એટલે ગ્રંથાલયો જે બને છે એની પણ આ જ વિભાગ દ્વારા દેખરેખ થાય છે. પુરાતત્ત્વ, અભિલેખાગાર, ભાષા નિયામક, ગુજરાત સાહિત્ય અકાદમી, ગુજરાત સંગીત નાટક અકાદમી, ગુજરાત લલિત કલા અકાદમી આ બધું જ આ વિભાગ હેઠળ દેખરેખ કરવામાં આવે છે. રમતગમતની વાતથી હું મારી શરૂઆત કરવા માગું છું. રમતગમત એટલે રાજયના સૌ યુવાનો, રાજયના ભુલકાઓમાં ભવિષ્યમાં પોતાનામાં સ્પોર્ટસમેન સ્પીરીટ ડેવલપ થાય, વ્યક્તિના બાહ્ય અને આંતર મનોજગતને વિકસાવવા માટે રમતગમતનો અનન્ય ફાળો છે. આ રાજ્ય સરકારે ખાસ કરીને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી હતા.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની આખી કહેવત બદલાઇ ગઇ. મારા આ ગુજરાતના યુવાનોને રાષ્ટ્રિય કક્ષાની રમતમાં જયારે ગુજરાતીઓ ભાગ લેવા જતા હતા ત્યારે આપણા સૌના ગુજરાતી દીકરા, દીકરીઓને ફાફડાં, જલેબી, ખમણ, ઢોકળાંના ઉપનામે બોલાવવામાં આવતા હતા. કારણકે મારા રાજયના આ યુવાનોને માટે રાજયમાં તે સમયે કોઇપણ પ્રકારની પ્રોત્સાહન નીતિ નહોતી. રમતગમતક્ષેત્રે એને ડેવલપ કરવા માટેનું વિઝન નહોતું. વર્ષ ૨૦૦૨માં બે, અઢી કરોડની આસપાસ ગુજરાતના યુવાનોને ખાલી નામની આ રકમ ફાળવવામાં આવતી હતી. બે, અઢી કરોડ રૂપિયાથી આજે ૬૦૦ કરોડ રૂપિયા સુધી આ વિભાગ પહોંચ્યો છે. આટલી મોટી આ યાત્રા, આ યાત્રા એમને એમ નથી ચાલતી. આ યાત્રા સંઘર્ષભરી યાત્રા હતી અને દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે આ રાજયના યુવાનો દેશમાં ખમણ, ઢોકળાં, ફાફડાં, જલેબીના ઉપનામે નહીં પરંતુ એ પરાઠા, લસ્સી એ બધાને હરાવીને ગુજરાતને એવોર્ડ અપાવે એવા દીકરા, દીકરી બને તેની દિશામાં આપણી યાત્રા ચાલુ થઇ અને એ યાત્રા આજે દેશમાં એ લેવલ સુધી પહોંચી છે કે કુસ્તી હોય કે રેસલિંગ હોય, બોક્સિંગ હોય કે બેડમિન્ટન હોય, ટેબલ ટેનિસ હોય કે એથ્લેટીકસની રમત હોય આ તમામ ક્ષેત્રોની અંદર ગુજરાતના આપણા યુવાનોએ અનેક મેડલો ગુજરાતને અપાવ્યા છે અને એનું ગર્વ ગુજરાતના વિધાનસભાના સૌ સભ્યોને તો હોય જ પરંતુ ગુજરાતના સૌ નાગરિકોને પણ આ માટે ગુજરાતના એકએક યુવાનો ઉપર ગર્વ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે રાજયના યુવાનોને ડેવલપ કરવા માટે કઇ રીતે આ યાત્રાની શરૂઆત કરી? ઘેર બેઠા ખેલાડીઓ પ્રાપ્ત ન થઇ શકે. પરંતુ ગુજરાતનાં આ હજારો ગામડાઓની અંદર જે યુવાનોમાં જે સ્કીલ હતી એ વિભાગ નહીં પરંતુ સરકાર એ યુવાનોને કઇ રીતે શોધી શકે તે માટે રાજ્ય સરકારે આખી ક્રોનોલોજી બનાવી. સર્વ પ્રથમ ગામડાઓમાંથી, તાલુકાઓમાંથી, જિલ્લાઓમાંથી, મહાનગરોની ગલીઓમાંથી આવા યુવાનોને શોધવાનું નક્કી કર્યું. એના માટે ટેલેન્ટ હન્ટ પ્રોગ્રામ, ટેલેન્ટ હન્ટ પ્રોગ્રામના માધ્યમથી કોઇ યુવાનોની હાઇટ સારી હોય તો એને એ રીતે, કોઇ યુવાનોની દોડવાની સ્કીલ સારી હોય તો એવા યુવાનોને એ રીતે શોધવામાં આવ્યા. ટેલેન્ટ હન્ટથી શરૂઆત થાય એની સાથેસાથે ખેલ મહાકુંભ, ઇન સ્કૂલ યોજના, ડિસ્ટ્રિક લેવલ સ્પોર્ટસ સ્કૂલ યોજના, સ્વામી વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્રની યોજના અને તેના પછી સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી. તે જ રીતે હાઇ પર્ફોર્મન્સ સેન્ટર. આ પ્રકારે તેની જોડે જોડે આપણી શક્તિદૂત યોજના. એટલે કોઇપણ યુવાન ગામડાની ગલીઓમાં રેતમાં રમતો હોય ત્યાંથી શોધીને તેને દેશ અને દુનિયાના દેશોના સ્ટેડિયમોમાં જઇને ભારતનો તિરંગો લહેરાવી શકે ત્યાં સુધીની યોજનાનું પ્લાનિંગ કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જ રીતે વર્ષ ૨૦૧૦માં દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી અને તત્કાલીન મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાતના લાખો યુવાનોને પ્લેટફોર્મ આપવા માટે ખેલ મહાકુંભની શરૂઆત કરવામાં આવી. અહીંયાં જે વડીલો બેઠા છે, પક્ષના

હોય કે વિપક્ષના હોય. કોઇપણ ઘર એવું નહીં હોય કે જેમનાં બાળકો ખેલ મહાકુંભમાં ભાગ લીધો નહીં હોય. કોઇ બોલે અને કોઇ ના બોલી શકે પરંતુ છૂપાઇ છૂપાઇને ખેલ મહાકુંભની અંદર જરૂરથી ભાગ લીધો હશે. કારણકે ખેલ મહાકુંભ એકમાત્ર એવું પ્લેટફોર્મ બન્યું કે જેના થકી કોઇપણ ક્ષેત્રમાં રહેતો વ્યક્તિ તેમાં ભાગ લઇ શકે અને તેમાં જે સારું પર્ફોર્મન્સ કરી શકે તેનું ભવિષ્ય ઉજ્જવળ થઇ શકે. આ માત્ર અમદાવાદ, બરોડા, રાજકોટ કે સુરતમાં નહીં પરંતુ છેવાડાનાં ગામડાંઓ સુધી, ભારત પાકિસ્તાનની બોર્ડરનાં ગામડાં છે અને ત્યાં ૨૦૦ કે ૫૦૦ લોકો રહેતા હોય ત્યાં તેવા ગામડાંઓમાં જઇને ટેલેન્ટ હન્ટનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, ખેલ મહાકુંભનો કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. વર્ષ ૨૦૧૦માં ખેલ મહાકુંભની આ યાત્રા શરૂ થઇ. તે વખતે પહેલા જ વર્ષે ૧૩ લાખ લોકો આ રમતની અંદર ભાગ લીધો. જેની અંદર ૩૬ રમતનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ યોજનાને અનેક સંઘર્ષોનો સામનો કરવો પડયો હતો. આ યોજનાએ  લાખો પરિવારના દીકરા-દીકરીઓનું ભવિષ્ય ઉજ્જવળ કર્યું હોય તેની પણ ટીકા કરવાનો કોઇ અવસર કોઇ વ્યક્તિ દ્વારા છોડવામાં આવ્યો નથી. પરંતુ આ ૧૩ લાખ યુવાનોથી શરૂ થયેલી યાત્રા વર્ષ ૨૦૨૩માં ૫૫(પંચાવન) લાખ સુધી પહોંચી અને વર્ષ ૨૦૨૪માં ગુજરાતના ૬૬ લાખ યુવાનોએ આ રમતોમાં ભાગ લીધો. આ રમત તે ૬૬ લાખ યુવાનોના ભવિષ્ય આવનારા દિવસોમાં ઉજ્જવળ કરવાની છે. ખેલ મહાકુંભ થકી માત્ર સામાન્ય યુવાનો કે સામાન્ય વિદ્યાર્થીઓ જ નહીં પરંતુ તેની સાથે સાથે પેરા એટલે કે દિવ્યાંગો માટે ખાસ કરીને ખેલ મહાકુંભનું આયોજન કરવામાં આવ્યું. તે ખેલ મહાકુંભમાં અનેક દિવ્યાંગો પોતાની પ્રતિભાઓ અલગ અલગ સ્તર પર પ્રસ્તુત કરી શક્યા છે. જે વ્યક્તિ ચાલી ના શકતો હોય, જે વ્યક્તિને ભગવાને કોઇ અંગ ઓછું આપેલ હોય, પરંતુ તેણે તેની જિંદગીમાં સંઘર્ષ કરીને તેની જે કલા અને સ્કીલ છે તેને પ્રસ્તુત કરવાનો અવસર તેને ખેલ મહાકુંભ દ્વારા મળ્યો છે. આવા અનેક દિવ્યાંગ ખેલાડીની યાત્રા ખેલ મહાકુંભથી શરૂ કરી હોય અને તે એશિયા પેરા ઓલમ્પિકની અંદર ગુજરાત અને દેશનું ગર્વ વધાર્યું છે. તે દિવ્યાંગ ખેલાડીઓએ માત્ર દેશને એવોર્ડ અપાવ્યા એટલું જ નહીં પરંતુ સાથે સાથે પોતાના પરિવારને રાજ્ય સરકાર, કેન્દ્ર સરકાર દ્વારા જે રાશિ મળે છે તેના થકી તેનું પરિવાર પણ ચલાવી શકે છે. માત્ર દિવ્યાંગોને પ્લેટફોર્મ આપ્યું એટલું જ નહીં પરંતુ તેના પરિવારને ચલાવવાનું કામ આ ખેલ મહાકુંભ થકી થયું છે. આ વર્ષે ખેલ મહાકુંમ ૨.૦ લાવવામાં આવ્યું. ૨.૦ ના માધ્યમથી ખેલ મહાકુંભમાં નવી ચાર રમતોનો સમાવેશ કરવામાં આવ્યો. ખેલ મહાકુંભ પહેલાં એક-બે મહિના સુધી ચાલતો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આ ખેલ મહાકુંભ આખા વર્ષ દરમ્યાન ચાલશે. જે રમતો વરસાદમાં રમી ના શકાય તો તેને ઇનડોર સ્ટેડિયમમાં લીધી. ઠંડીની સિઝન દરમ્યાન રમાતી રમતો ખુલ્લા મેદાનમાં રમાડવામાં આવશે. આખું ખેલ મહાકુંભનું સ્વરૂપ બદલવામાં આવ્યું. આ ખેલ મહાકુંભ થકી આ વખતે કોઇ વિદ્યાર્થીમાં બે રકમ રમવાની શકિત  હોય, સ્કીલ હોય તો આ વખતના ખેલ મહાકુંભમાં લિમિટ વગર બે રમતોમાં ભાગ લઇ શકશે તેવી વ્યવસ્થા ખેલ મહાકુંભ ૨.૦ માં કરવામાં આવી છે. જેના થકી રાજયના લાખો યુવાનોને ખૂબ મોટો લાભ મળશે. મારી આ સભાગૃહને વિનંતી છે કે, ખેલ મહાકુંભ તે કોઇ પોલિટિકલ કાર્યક્રમ નથી. રાજ્યની તમામ વિધાનસભાના નાના નાના ભૂલકાંઓ જેમનું ભવિષ્ય આ રમત થકી આવનારા દિવસોમાં ઉજ્જવળ થવાનું છે. તેના માટે આપ સૌ લોકો જેમાં શાસક પક્ષના ચૂંટાયેલા પ્રતિનિધિ હોય કે વિપક્ષના હોય, પોતાના વિસ્તારનાં તમામ બાળકોને પ્રોત્સાહન આપવા માટે અને તેમની જે સ્કીલ છે તે તમે ગ્રાઉન્ડ પર જઇને જોશો તો જ તમને અંદાજ આવશે. આપણા વિસ્તારના યુવાનો આવનારા દિવસોમાં શું કરી શકે એમ છે? આપણા રાજયના યુવાનો આજે દેશભરમાં અને દુનિયાભરમાં ડંકો વગાડી રહ્યા છે અને હું ગેરંટી આપી રહ્યો છું કે વર્ષ ૨૦૩૬ની ઑલોમ્પિકમાં ભારત દેશનો તિરંગો લહેરાવવા વાળા ખેલાડીઓમાં ગુજરાતના યુવાનો પણ જરૂરથી હશે. અમે એ દિશામાં કામ કરી રહ્યા છીએ ત્યારે મારી આપ સૌને વિનંતી છે, હું રાજયના યુવાન નાગરિક તરીકે આપને વિનંતી કરું છું. મંત્રી તરીકે કે કોઇ પાર્ટીના સભ્ય તરીકે નહીં પરંતુ એક યુવાન નાગરિક તરીકે વિનંતી કરું છું કે, રમત-ગમતમાં કોઇ પણ પ્રકારના પોલિટિક્સથી અમે દૂર રહીને કામ કરવા માગીએ છીએ. આપ સૌ લોકો પણ સહયોગ કરો અને આપના વિસ્તારમાં જ્યાં રમતોનું આયોજન થાય છે તેમાં જરૂરથી જાઓ અને એ રમતના આયોજનમાં તમને એવું લાગતું હોય કોઇ પણ પ્રકારની ક્ષતિ છે તો આપ જરૂરથી જાહેરમાં કહો. અમને ફરિયાદ કરો અમે એમાં સુધારો લાવવા તત્પર છીએ. હું આપને આ વિભાગના મંત્રી તરીકે કોઇ વધારાની વાત નથી કરતો પરંતુ અનેક એવા દાખલાઓ આપણે દેશભરમાં ગુજરાતે ઊભા કર્યા છે અને એ જોઇને હું કહું છું કે આ વિભાગના બધા જ કર્મચારીઓ/અધિકારીઓ એ રાજયના પ્રત્યેક યુવાનોના વિકાસ માટે રાત-દિવસ કામ કરવા માટે તૈયાર છે અને અનેક સફળતાઓ આપણે વિભાગના કર્મચારીઓની મહેનતથી પ્રાપ્ત કરી છે અને આવનારા દિવસોમાં હજુ વધુ સફળતા જરૂરથી પ્રાપ્ત કરીશું એવો મને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજ રીતે આ યોજના થકી ૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓની તાલુકા કક્ષાએ ટેસ્ટ લઇને પ્રતિભાશાળી ખેલાડીઓની ઓળખ કરવામાં આવશે. આમ તાલુકા કક્ષાથી લઇને રાજ્ય કક્ષા સુધી વિવિધ પ્રકારન સાયન્ટિફિક ફિટનેશ ટેસ્ટ થકી પસંદગી થયેલ ૫૦૦ જેટલા ખેલૈઆઓને લોંગ ટર્મ એથ્લેટિક પ્રોગ્રામમાં અમે જોડવાના છીએ. એટલે કે જે એથ્લેટિકસમાં ભાગ લેવાના છે એમાં તાલુકા કક્ષાથી અલગ અલગ રીતે ચોઇસ કરીશું અને એમાંથી ૫૦૦ ખેલાડીઓ ઉપર અમે ટાર્ગેટેડ કામ કરવાનાં છીએ અને ભવિષ્યમાં એમાંથી સારા ખેલાડીઓ પ્રાપ્ત થશે. ખેલ મહાકુંભ પછી

ઈનસ્કૂલ આવે. ઈનસ્કૂલમાં ખાસ કરીને શિક્ષણ સાથે સાથે રમત–ગમતની તાલીમ આપવામાં આવે છે. રાજયમાં રમત–ગમતનું સ્તર ઊંચું આવે તેવા ઉમદા હેતુસર સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા શિક્ષણ સાથે રમતના સમન્વય યોજના અંતર્ગત રાજયની ગ્રાન્ટેડ અને નોન ગ્રાન્ટેડ શાળાઓમાં ઈનસ્કૂલ પ્રોગ્રામ વર્ષ ૨૦૧૪–૧૫માં ચાલુ કરવામાં આવ્યો. આ યોજનામાં ધોરણ–૧થી ધોરણ–૮ સુધીના વિદ્યાર્થીઓને અમે લઇએ છીએ, એની મોટોરેડિલિટી અને સ્કીલ્ડ ડેવલપ કરવાના પ્રયત્ન હાથ ધરવામાં આવે છે. ત્યાર બાદ વય પ્રમાણે મલ્ટી સ્પોર્ટ્સ એક્સપોઝર આપવા માટે તેનું સિલેક્શન કરીને ડી.એલ.એસ.એસ.યોજનામાં એને ડાઈવર્ટ કરતા હોઇએ છીએ. ઇનસ્કૂલ યોજના ટેલેન્ટ આઈડેન્ટિફિકેશન કરીને ડી.એલ.એસ.એસ.માં જેને ચાન્સ મળે છે તેને એનાથી પણ વધુ ટ્રેનિંગ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત ૩૩ જિલ્લાઓમાં ચાલુ વર્ષે ૨૦૨૩–૨૪માં ૨૩૧ શાળાઓ કાર્યરત છે જેમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા નિયુક્ત થયેલી એજન્સીઓ સ્કૂલો સાથે મળીને આ વિદ્યાર્થી–ખેલાડીઓને પ્રોત્સાહન પૂરું પાડે છે, એ લોકોને ટ્રેનિંગ પૂરી પાડે છે. આ યોજના અંતર્ગત રાજયના ૧,૨૦,૯૬૦ ખેલાડીઓ ટ્રેનિંગ લઇ રહ્યા છે. આ ટ્રેનિંગ અમે વિધાનસભાવાઇઝ કઇ વિધાનસભા ક્ષેત્રમાં કેટલા યુવાનો આ ટ્રેનિંગમાં ભાગ લઇ રહ્યા છે તેનો ડેટા તમામ ધારાસભ્યશ્રીઓને મોકલવાના છીએ. એ ડેટા જે મોકલવાના છીએ તેમાં તેમના પરિવારનો નંબર પણ આપવાના છીએ, જેથી ધારાસભ્યશ્રીને પોતાનાં વિસ્તારનાં બાળકોને કઇ રીતની ટ્રેનિંગ મળે છે એનો અંદાજ આવશે. એથી આગળ વધીએ એટલે વિપક્ષના માનનીય સભ્યશ્રીઓએ પણ આ ચર્ચામાં ભાગ લીધો છે ત્યારે મારી આપ સૌને વિનંતી છે કે, આપ દેશના તમામ રાજયોનો સરવે કરી લેશો. આપણી ડી.એલ.એસ.એસ. યોજના એ દેશની નંબર વન યોજના છે, પરંતુ દેશના અનેક રાજયની યાત્રા આઝાદી પછી સ્પોર્ટ્સ લેવલે ચાલુ થઇ ગઇ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, અમારી યાત્રા, મારા જેવા યુવાનોનું અંદરથી લોહી બળે છે કે, આ યાત્રા આઝાદી પછી જો ચાલુ થઇ ગઇ હોત તો આજે બીજાં રાજયો કરતા, હરિયાણાની જે વાત કરીએ છીએ ને એના કરતા વધારે એવોર્ડ આપણને મળ્યા હો,ત પરંતુ આપણા રાજયના યુવાનો સાથે વર્ષો સુધી અન્યાય થયો એને કારણે વર્ષ ૨૦૦૨થી આ યાત્રા ચાલુ થઇત્યારથી મારા રાજયના યુવાનોની ચિંતા ચાલુ થઇ અને વર્ષ ૨૦૦૨ પછી એ લોકો માટે ઇન્ફ્રાસ્ટ્રકચર રેડી થયું અને વર્ષ ૨૦૦૨ પછી મેડલો પણ એટલી જ સંખ્યામાં વધતા ગયા કારણ કે આ યાત્રા જે આઝાદી પછી ચાલુ કરવાની હતી પરંતુ અનેક સરકારો શું કર્યું, શું ના કર્યું તેની બધાને જ અંદાજ છે. આ યાત્રા વર્ષ ૨૦૦૨થી ચાલુ થઇ છે. વીસ વર્ષની અંદર આપણે આ યાત્રા દરમિયાન અનેક એવોર્ડો, અનેક મેડલો પ્રાપ્ત કરવામાં સફળતા પ્રાપ્ત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ડી.એલ.એસ.એસ.યોજનાના માધ્યમથી રાજયના યુવાનોને જે ડી.એલ.એસ.એસ.યોજનાના લાભાર્થી છે તેમને વિનામૂલ્યે શિક્ષણ, નિવાસ, ભોજન, શાળાનો ગણવેશ, રમતનાં સાધનો, વૈધાનિક ઢબે તાલીમ અને માસિક સ્ટાઇપેન્ડ પણ આ વિદ્યાર્થીઓને આપવામાં આવે છે. રાજય સરકાર આ ખેલાડીઓ પાછળ દર વર્ષે ૧ લાખ ૬૮ હજાર રૂપિયાની પ્રતિ ખેલાડીદીઠ ડાયરેક્ટ સહાય કરે છે. ૩૦ જિલ્લામાં ૪૦ જેટલી સ્પોર્ટસ સ્કૂલ આ રાજયના ૪૮૭૪ ખેલાડી માટે રાજય સરકાર દ્વારા, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા, માનનીય ફાઇનાન્સ મિનિસ્ટર દ્વારા મોટા મને આ ૪૮૭૪ ખેલાડીઓને ૧ લાખ ૬૮ હજાર રૂપિયાની દર વર્ષે સહાય કરવામાં આવે છે. આખા દેશમાં એક પણ એવું રાજય નથી કે જે આ પ્રકારે ભણતરથી લઇને ટ્રેનિંગ સુધીની સંપૂર્ણ જવાબદારી રાજય સરકાર દ્વારા લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સ્કૂલોમાં યોગ ટ્રેનર, ફિઝિયોથેરાપિસ્ટ આવી અલગ અલગ બધી જ વ્યવસ્થા કરવામાં આવી. મને આ સભાગૃહને જણાવતાં આનંદ થાય છે કે, આ ડી.એલ.એસ.એસ. આ ગામોમાંથી શોધાયેલા ખેલાડીઓ જેને આ યાત્રા દરમિયાન રાત–દિવસ મહેનત કરી છે. વર્ષ ૨૦૨૩–૨૪માં આ ડી.એલ.એસ.એસ. સ્ટુડન્ટ દ્વારા રાષ્ટ્રીય કક્ષાએ ૫૭૮ લોકોએ રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચવા સફળતા પ્રાપ્ત કરી, તેમાંથી ૨૦થી વધારે લોકોએ રાષ્ટ્રીય કક્ષાએ ડી.એલ.એસ.એસ.યોજનાના વિદ્યાર્થીઓએ ૨૦ વધારે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કર્યા. ૧૪થી વધારે સિલ્વર મેડલ પ્રાપ્ત કર્યા, બ્રોન્ઝ મેડલના વિજેતા ૨૩ છે આ ડી.એલ.એસ.એસ.યોજના થકી આટલી મોટી સંખ્યામાં આપણે મેડલ લાવવામાં ખૂબ મોટી સફળતા મળી. હમણાં ૧૦ ટકા લોકો નેશનલ તક પહોંચ્યા છે અને અમારું ટાર્ગેટ છે કે વર્ષ ૨૦૨૭ સુધી ૪૦ ટકાથી વધારે વિદ્યાર્થીઓ આ ડી.એલ.એસ.એસ.યોજનાના નેશનલ કક્ષા, ઇન્ટરનેશનલ કક્ષા સુધી કઇ રીતે પહોંચે તે પ્રકારનું અમારું પ્લાનિંગ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ડી.એલ.એસ.એસ.યોજના થકી માત્ર વર્ષ ૨૦૨૩–૨૪માં કુલ–૬ લોકો ઇન્ટરનેશનલ લેવલ સુધી પહોંચ્યા અને ૨ લોકોએ ઇન્ટરનેશનલ લેવલમાં મેડલ પ્રાપ્ત કર્યો. અમારો ટાર્ગેટ જે ડી.એલ.એસ.એસ.છે તે હમણાં સ્કૂલ સુધી છે. હવે આ વર્ષે આ યોજનાને વધારીને ડી.એલ.એસ.સી. એટલે ડી.એલ.એસ.એસ. એટલે ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટસ સ્કૂલની બદલે સાથે સાથે ડિસ્ટ્રિક્ટ લેવલ સ્પોર્ટસ કોલેજ સુધી પહોંચાડવામાં આવ્યું છે અને આ વર્ષે પણ આની અંદર ૧ કરોડ ૭૦ લાખ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. આમાં આ વર્ષે ૨૦૦થી વધારે ખેલાડીઓને કઇ રીતે અમે આગળ વધારીએ અને આ જે યાત્રા છે તે વધુમાં વધુ કઇ રીતે આગળ વધી શકે તેનુ આખું પ્લાનિંગ ચાલુ છે. આ જ રીતે સ્વામિ વિવેકાનંદ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર. રેસિડેન્શિયલ એકેડેમી યોજના મેં અગાઉ પણ મારા પ્રશ્નના જવાબમાં આ સભાગૃહને કહેલુ કે જે આદિવાસી વિસ્તારમાં સ્પોર્ટસ સ્કૂલનું સ્વપ્નું તો ખૂબ દૂરની વાત છે, પણ આવી રેસિડેન્શિયલ હોસ્ટેલનું સ્વપ્નું તો ખૂબ દૂરની વાત છે રોડ પર રમી શકાય એવી પણ પરિસ્થિતિ ન હતી, મેદાનો હતા નહીં અને આ ડાંગ જેવા જિલ્લાની અંદર સાપુતારા તમે

તમારા પરિવાર સાથે જાઓ તો આ વિભાગ દ્વારા જે રેસિડેન્શિયલ યોજનાના માધ્યમથી જે સ્પોર્ટસ સંકુલ બનાવ્યું છે તે જોવા જેવું છે. ખેડાના નડિયાદની અંદર આપણું હાઇ પર્ફોર્મન્સ સેન્ટર જુઓ. યુરોપ અને યુ.એસ.ને શરમાવે એ પ્રકારનું હાઇ પર્ફોર્મન્સ સેન્ટર આપણા ખેડાની અંદર છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ પ્રકારે અહીંયા દાહોદના અનેક જન પ્રતિનિધિઓ છે. દાહોદની અંદર કયા પ્રકારનું સ્પોર્ટસ સેન્ટર બન્યું છે અને ત્યાંથી કેટલા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચ્યા તે પણ જરૂરથી નીહાળવું જોઇએ. ખેલાડીઓની તાલીમ દરમિયાન આવાં જે સેન્ટરો છે ત્યાં આપણે સાયન્ટિફિક ઢબે ખેલાડીઓને ફિઝિયોથેરાપિસ્ટ, યોગ અને ઇન્ટરનેશનલ કક્ષાના અનેક સાધનો એવાં લાવ્યાં છે કે જેના માધ્યમથી જે ટ્રેનિંગ હોય અને ટ્રેનિંગ દરમિયાન એ ખેલાડીઓ પર આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્ટના માધ્યમથી એ ખેલાડીઓના કઇ રીતે સ્ટેપ પડે છે. એના સ્ટેપમાં શું ભૂલો છે? જો ભૂલો હોય તો એને કેવી રીતે સુધારવામાં આવે જેના કારણે ખેલાડીઓને કોઇ પણ રીતે ઇન્જરી ન થાય. એનું પર્ફોર્મન્સ સુધારી શકે એવાં સાધનો પણ આદિવાસી વિસ્તારમાં વિકસાવવામાં આવ્યાં છે. આપણા આદિવાસી પરિવારના અનેક દીકરા–દીકરીઓ ગામની બહાર નહોતા જઇ શકતા. એ આજે શહેરોમાં અત્યાધુનિક પ્રકારની ટ્રેનિંગ પ્રાપ્ત કરી રહ્યા છે અને દેશ અને દુનિયાને મેડલ અપાવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે શક્તિદૂત યોજના છે. શક્તિદૂત યોજના એટલે આ બધા જે મેડલો આવે છે એ ખેલાડીઓ પાછળ રાજ્ય સરકાર ખૂબ ખર્ચ કરે છે. શક્તિદૂત યોજના અંતર્ગત આપણે આ ખેલાડીઓને રાષ્ટ્રીય, આંતર રાષ્ટ્રીય કક્ષાની ટ્રેનિંગ આપવા માટે રૂ.૨૫,૦૦,૦૦૦/– સુધીનો ખર્ચ કરવામાં આવે છે. આ યોજનામાં પણ આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રી સાથે બેઠક પછી આવનારા દિવસોમાં ખૂબ મોટો વધારો જાહેર થવા જઇ રહ્યો છે. એમાં રકમનો વધારો અને સંખ્યાનો વધારો કરવા માટે પણ પ્લાનિંગ કરીએ છીએ. જેના થકી રાજ્યના યુવાનોને હજી વધારે સંખ્યામાં લાભ લેવાનો અવસર પ્રાપ્ત થશે. હું સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરવા માગું છું. હું આ સભાગૃહને જણાવવા માગું છું કે સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં આ રાજ્યમાં કામ થયું હોય તો હું તો છાતી ઠોકીને કહું છું કે એ વર્ષ ૨૦૦૨ પછી જ થયું છે. ડેટા સાથે પણ જવાબ આપી શકીએ છીએ. કલાકો સુધી જવાબ આપી શકીએ છીએ. વર્ષ ૨૦૦૨ પછી આ રાજ્યના યુવાનોને સ્પોર્ટ્સ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અવેલેબલ થયું અને એનું વિઝન દેશના લોકપ્રિય પ્રધાનમંત્રીશ્રીમાં હતું તેના કારણે આપણા રાજ્યએ એક ઇતિહાસ રચ્યો. એ ઇતિહાસ એવો છે કે આજ સુધી આ દેશમાં કોઇ પણ રાજ્ય એવું નથી કે જણે ૧૦૦ દિવસથી પણ ઓછા ગાળામાં નેશનલ ગેમ્સનો વિચાર કર્યો હોય અને એ વિચારને જમીન પર ઉતારીને આયોજન કર્યું હોય. એટલું જ નહિ પણ આ દેશમાં પહેલીવાર આટલા ઓછા દિવસમાં નેશનલ ગેમ્સનું આયોજન કરવાનું બિરુદ ગુજરાત રાજ્યને જાય છે. એની સાથે–સાથે સૌથી વધારે ગેમ્સનું આયોજન કરવાનું બિરુદ પણ ગુજરાત રાજ્યને જાય છે. આ ઉપરાંત સૌથી સારી વ્યવસ્થાઓ આપવાનું બિરુદ પણ આપણા રાજ્યને જાય છે. એક સમયે એવી સરકારો પણ હતી કે મારા દેશના યુવાનોને કાંઇક કરવું હતું કોમન વેલ્થના નામે કરોડો રૂપિયાનો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, આ નેશનલ ગેમ્સનું આયોજન સંપૂર્ણ પારદર્શી રીતે કરવામાં આવ્યું. માત્ર ૧૦૦ દિવસમાં વ્યવસ્થાઓ કરવામાં આવી. દેશમાં સૌથી વધારે ખેલાડીઓએ ભાગ લેવાનું બિરુદ પણ ગુજરાત રાજ્યમાં આયોજન કરવામાં આવેલ નેશનલ ગેમ્સને મળ્યું. એ જ રીતે દુનિયાના સૌથી મોટા એથલેટિક્સ ટેલેન્ટ હન્ટનો પ્રોગ્રામ જેને નીટજેમ પણ કહેવામાં આવે છે. એ નીટજેમનું આયોજન કરવાનો અવસર ગુજરાતને મળ્યો. ગણતરીના દિવસોમાં નીટજેમનું આયોજન કર્યું. એથ્લેટિક ફેડરેશન ઓફ ઇન્ડિયાના પ્રમુખે રાજ્ય સરકારને એક પત્ર લખ્યો કે ''આજ સુધી અનેક રાજ્યમાં આ વ્યવસ્થા કરવામાં આવી છે. અનેક રાજ્યમાં આ જ પ્રકારની નીટજેમનું આયોજન કરવામાં આવ્યું છે. એક–એક વર્ષના ગાળામાં આ પ્રકારનું આયોજન કરવામાં આવ્યું પરંતુ આજ સુધીની સૌથી ઉત્તમ વ્યવસ્થાઓ ખેલાડીઓને ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવી. જેમાં દેશભરમાંથી ૬૧૬ જિલ્લાના યુવાનોએ ભાગ લીધો. ૫૭૦૦થી વધારે વિદ્યાર્થીઓએ આ નીટજેમમાં ભાગ લીધો. મને વિશ્વાસ છે કે આપણી ગુજરાતની ધરતી, આપણી અમદાવાદની ધરતી પર જે નીટજેમનું આયોજન થયું એના થકી આવનારા દિવસોમાં આ દેશને અનેક ખેલાડીઓ મળશે. જે ભવિષ્યમાં ઓલિમ્પિક, એશિયન ગેમ્સમાં ભારતનો તિરંગો જરૂરથી લહેરાવશે તેવો મને ૧૦૦ ટકા વિશ્વાસ છે. સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દેશ માટે એક અત્યાધુનિક મૉડલ છે. આ મૉડલ થકી આંતરરાષ્ટ્રીય કક્ષાના ખેલાડી મેળવવાના છે. ઓલિમ્પિક કક્ષાનો સિન્થેટિક એથ્લેટિક ટ્રૅક, ભારતનો સૌથી મોટો મલ્ટી પરપઝ ઇન્ડોર હૉલ, ઓલિમ્પિક કક્ષાનો અત્યાધુનિક સ્વિમિંગ પુલ, વિવિધ રમતો માટે પ્રૅક્ટિસ ગ્રાઉન્ડ, સ્માર્ટ ક્લાસરૂમ ઇ–લાઇબ્રેરી, આધુનિક જીમ, અગ્નિવીરોનું તાલીમ કેન્દ્ર વગેરે આ સ્વર્ણિમ ગુજરાત સ્પૉટ્ર્સ યુનિવર્સિટીમાં બનાવવામાં આવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, અનેક યુવાનો આ યુનિવર્સિટીમાંથી તાલીમ મેળવીને અગ્નિવીર બનીને મારા દેશની સુરક્ષા કરશે. આવાનારા દિવસોમાં માત્ર મૅડલ જ નહીં અપાવે પણ મારા દેશની સુરક્ષા કરનારા યુવાનોને અગ્નિવીર બનાવવાનું કામ આ સ્વર્ણિમ ગુજરાત સ્પૉટ્ર્સ યુનિવર્સિટી કરવાનું છે. ઓપન લાઇબ્રેરી, ૫૦૦ વ્યક્તિની બેઠક ક્ષમતાવાળા હૉલમાં વિદ્યાર્થીઓ બેસીને ચર્ચા કરી શકે, રાષ્ટ્રીય–આંતરરાષ્ટ્રીય રમતમાં ભાગ લેતાં ખેલાડીઓનો વીડિયો જોઇને પોતાનામાં સુધારો લાવવાનું કામ કરી શકે છે. છેલ્લા એક વર્ષમાં ૫૧૩ વિદ્યાર્થીઓએ સ્વર્ણિમ ગુજરાત સ્પૉટ્ર્સ યુનિવર્સિટીમાં એડમિશન લીધું છે. અમે હજુ

પણ વ્યવસ્થાઓમાં વધારો કરી રહ્યા છીએ. મારી આ સભાગૃહને વિનંતી છે અને મને ૧૦૦ ટકા વિશ્વાસ છે કે આપ જ્યારે આ સ્વર્ણિમ ગુજરાત સ્પૉર્ટ્સ યુનિવર્સિટીની મુલાકાત લેશો તો તમે વિદેશના સ્ટેડિયમમાં જે રીતે ફોટા પડાવો છો તે રીતે આ સ્વર્ણિમ ગુજરાત સ્પૉર્ટ્સ યુનિવર્સિટીમાં જશો તો કહેશો કે આવી સ્પૉર્ટ્સ યુનિવર્સિટી દુનિયામાં ક્યાંય નથી તે પ્રકારની વ્યવસ્થા આ યુનિવર્સિટીમાં કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શક્તિદૂત યોજના અંતર્ગત નિવૃત્ત રમતવીરોને પેન્શન આપવામાં આવશે. બહુ ઓછાં રાજ્યો એવાં છે કે જ્યાં આખું જીવન રાજ્યકક્ષા, રાષ્ટ્રીયકક્ષા અને આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતો માટે પસાર કરનાર રમતવીરોને પેન્શન આપવામાં આવે છે. ગુજરાતમાં ભલે ધારાસભ્યને પેન્શન મળે કે ન મળે પરંતુ મારા રાજ્યના સૌ કલાકાર અને સૌ ખેલાડીઓને જરૂરથી પેન્શન મળશે. તે લોકોને વધુ સારી સુવિધા કઇ રીતે મળે તે દિશામાં આગળ વધી રહ્યા છીએ. અનેક success stories છે. મારા રાજ્યના આદિવાસી સમાજના અને અનેક સમાજના દીકરા-દીકરીઓ ભલે ગામડામાં રહે પરંતુ ગામડાથી ચાલુ કરેલી યાત્રા આજે પેરિસ, લંડન, યુ.એસ.માં આ મારા ગુજરાતના દીકરા-દીકરીઓ ડંકો વગાડી રહ્યા છે. અમે આ એક-એક સક્સેસ સ્ટોરીની બુકલેટ બનાવીને સૌ ધારાસભ્યશ્રીઓને આપવાના છીએ અને મારી વિનંતી છે કે બધા જરૂરથી વાંચે. રાજ્ય સરકાર જ્યારે આ દીકરા-દીકરીઓને મદદ કરે તો તે લોકોની આખી દિશા બદલાઇ જાય. હું આપને વિશ્વાસ અપાવું છું કે અમે એ દિશામાં આગળ વધી રહ્યા છીએ કે જે દિશામાં મારા રાજ્યના દીકરા-દીકરીઓએ ક્યાંય ધક્કો નહીં ખાવો પડે. મારા રાજ્યના દીકરા-દીકરીઓમાં જો સ્કિલ હશે તો ગુજરાતના કોઇ પણ ગામડામાં રહેતાં હશે ત્યાંથી શોધીને અમે તેને સાચી દિશા, સાચી તાલીમ, આર્થિક મદદ આપીશું. ભૂતકાળમાં આપણે વાંચતા હતાં કે નાની મોટી રમત માટે રૂપિયા ભેગા કરવા પડ્યા. અમે એ દિશામાં આગળ જવા માગીએ છીએ, એ રીતે મદદ કરવા માગીએ છીએ કે આ પ્રકારના તમામ ખેલાડીઓને નાની મોટી રમતમાં ડાયરેક્ટ ભાગ લેવો હોય, એસોસીએસન તે લોકોને મદદ ન કરે તો પણ સીધી રીતે મદદ કરી શકીએ. હું શેઠ ભામાશા જેવા માનનીય નાણામંત્રીશ્રીને વિનંતી કરું છું કે આવનારા દિવસોમાં અમે આ યોજના પણ લઇને આવવાના છીએ તમે તે યોજના પણ પાસ કરી દેજો. આપણે રાજ્યના ખૂણેખૂણેથી વિદ્યાર્થીઓને શોધીને દેશ અને દુનિયા સુધી પહોંચાડીશું.

માનનીય અધ્યક્ષશ્રી,આ જ વિભાગ અંતર્ગત રાજ્યનું યોગ બોર્ડ આવે છે. આપણી સંસ્કૃતિ અને આપણી કલા એવા યોગને વર્ષો સુધી દબાવીને રાખવામાં આવ્યું હતું. આ યોગને આજે સભાગૃહ સમક્ષ મૂકવા માટે દેશના લોકપ્રિય આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીને આ રાજ્યના અને દેશના નાગરિક તરીકે બે હાથ જોડીને નતમસ્તક થઇને હું વંદન કરું છું. મારા રાજ્ય અને દેશના હજારો લાખો યુવાનોએ દેશની સંસ્કૃતિ એવા યોગને માત્ર દેશના ખૂણા સુધી જ નહીં પરંતુ, દુનિયાના દરેક ખૂણાઓમાં જે એરોબિક્સ, જીમ થતું હતું અને અનેક ફેન્સી ડાયટની વાતો થતી હતી એ તમામ લોકો આજે ઇન્ટરનેશનલ યોગા ડેના દિવસે પોતાનો ફોટો જલ્દીથી સોશિયલ મીડિયામાં યોગ સાથે મૂકવો એ પણ એક ફેશન સ્ટેટમેન્ટ બની ગયું છે. આપણો યોગ આજે દુનિયાના ખૂણે-ખૂણે સુધી પહોંચ્યો છે ત્યારે ગુજરાતના યોગ બોર્ડ દ્વારા ખૂબ મહેનત કરવામાં આવી છે. હજારો શિક્ષકોએ ડાયરેક્ટ મદદ કરીને ગુજરાતના ખૂણે-ખૂણે જાહેર બાગોમાં, સોસાયટીઓમાં રાજ્ય સરકારના યોગ બોર્ડ દ્વારા નિયુક્ત કરેલા શિક્ષકો દ્વારા રાજ્યના વડીલો અને યુવાનોને સ્કૂલોમાં તેમજ અન્ય જગ્યાએ જઇને યોગના ફાયદાની જાણકારી અને યોગ વિશેની ટ્રેનિંગો આપવામાં આવી. જેનાથી યુવાનોમાં યોગ પ્રત્યેની જાગૃતિ વધી અને યોગમાં ભાગ લેનારાઓની સંખ્યામાં વધારો થયો છે. યોગને એક રમત તરીકે પણ ઓળખાણ આપવામાં આવી. એની કોમ્પિટિશનો ઊભી કરવામાં આવી. ગુજરાત રાજ્ય દ્વારા રાજ્ય સરકારની મદદથી અનેક ઇન્ટરનેશનલ કક્ષાની યોગ ટુર્નામેન્ટનું ગુજરાતના અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવ્યું. દેશ નહીં પરંતુ, દુનિયાભરના લોકો આપણી કલાની પ્રસ્તુતિ કરવા માટે ગુજરાતની ધરતી પર આવે એ આપણા માટે ગર્વની વાત છે. આપણો યોગ અનેક લોકોના જીવન બચાવવાનું કારણ બની ગયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં કેન્સર, લકવા અને બ્રેઇન ટ્યુમર પછી દવાઓ અને મેડિકલની વાતો થતી હતી પણ હવે લોકો પ્રાણાયમ કરવા લાગ્યા છે અને આપણી સંસ્કૃતિ તરફ વળવા લાગ્યા છે. દુનિયામાં ભારતને વિશ્વગુરુ બનાવવાની દિશામાં આગળ વધવા માટે યોગ એક મોટું કારણ બનશે. એક જ વર્ષમાં યોગ ક્ષેત્રે કોઇ એક વિભાગ દ્વારા બે ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો હોય એ પણ ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ બનશે. સુરતમાં ઇન્ટરનેશનલ યોગા ડેના દિવસે એકસાથે એક લાખ ત્રેપન હજાર લોકોએ યોગ કર્યો અને દેશ-દુનિયા સુધી ગુજરાતની વાહ-વાહ થઇ ગઇ. કિલોમીટરો સુધીના રસ્તાઓ પર માત્ર યોગ કરતાં લોકો જ નજરે પડે એવાં દશ્યો દેશ અને દુનિયાભરના લોકોએ પોતાના સોશિયલ મીડિયા પર મૂક્યા. જેનાથી લોકોની યોગ પ્રત્યેની જાગૃતિ વધી.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે, સૂર્ય નમસ્કાર એ એક સૌથી મોટો ઉપાય છે. સો દર્દનો એક જ ઉપાય એટલે સૂર્ય નમસ્કાર. આ સૂર્ય નમસ્કારને દુનિયાભરમાં પ્રખ્યાત કરવા માટે આ વર્ષે રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતનાં ૧૦૮ સ્થળોએ સામૂહિક સૂર્ય નમસ્કાર યોજીને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં ગુજરાતનું નામ નોંધાવીને સૂર્ય નમસ્કારને દુનિયા સુધી પહોંચાડ્યું છે. મોઢેરા ખાતેનાં દશ્યો એ કોઇ ભારતીય જનતા પાર્ટીની વાત નહોતી. આ વાત ગુજરાત અને આપણી સંસ્કૃતિ સાથે જોડાયેલી વાત છે. આ સૂર્ય નમસ્કારના દશ્યોને દુનિયાભરના લોકોએ પોત-પોતાની વાતમાં જોડ્યા. પરંતુ મને દુઃખ થાય છે કે ટીકા કરનારા લોકોએ આપણા સૂર્ય નમસ્કાર, આપણું મોઢેરા કે આપણા યોગ વિશેની એક વાત તો જરૂરથી મૂકવી જોઇએ. આ ફક્ત યોગ બોર્ડ દ્વારા જ નહીં પરંતુ, રાજ્યના સૌ નાગરિકોના સહિયારા

પ્રયત્નોથી આપણે યોગમાં આટલા એવોર્ડો પ્રાપ્ત કર્યા છે. હું રાજ્યના આ વિભાગને, એમાં કામ કરતાં સૌ કર્મચારીઓને અને યોગ બોર્ડના સૌ શિક્ષકોને ફરી એકવખત ખૂબ ખૂબ અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરાતત્ત્વ અને સંગ્રહાલય વિભાગની વાત કરું તો, આપણા રજવાડાઓએ આ દેશને એક કરવા માટે પોતાનું રાજ આપી દીધું હતું. આવા રજવાડાઓને યાદમાં મ્યુઝિયમ ઓફ રોયલ કીંગડમ આવનારા દિવસોમાં ગુજરાતના નર્મદા સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે બનવા જઇ રહ્યું છે. એમાં કેન્દ્ર સરકારની પણ ખૂબ મોટી મદદ મળી રહી છે. એ જ રીતે, ગુજરાત વંદના મ્યુઝિયમ, વીર બાલક ઉદ્યાન વિગેરે માટે રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયા ખર્ચ થવાના છે. આ એક–એક મ્યુઝિયમો ગુજરાતની ખમીરતા દર્શાવશે. આપણા રાજ્યએ દેશના વિકાસ માટે શું શું કર્યું છે? એ તમામ વિષયો અનેક મ્યુઝિયમોમાં આવવાના છે. એમાં આ વર્ષે રૂ. ૧૦ કરોડ આપ્યા છે. તાનારીરી મ્યુઝિયમ ઓફ મ્યુઝિક બનવાનું છે. તાનારીરી બધા ભૂલી ગયેલા હતા. હમણાં તાનારીરી સ્થળ ઉપર આયોજન થાય છે. ત્યાંના ૨૦ વર્ષ પહેલાનાં દશ્યો મંગાવશો તો અંદાજો આવશે કે કયા પ્રકારની પરિસ્થિતિ હતી? આજે દેશ અને દુનિયાભરના મ્યુઝિક સાથે જોડાયેલા લોકો તાનારીરી જોવા આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું લાઇબ્રેરીની વાત કરવા માગું છું. લાઇબ્રેરી એ રાજ્યના યુવાનો માટે ખૂબ જરૂરી છે. આપણે લાઇબ્રેરીઓનો તાલુકા અને જિલ્લા કક્ષાએ ખૂબ મોટી સંખ્યામાં વધારો કરી રહ્યા છે. હવે આદિવાસી વિસ્તારોમાં જે લાઇબ્રેરી બનશે એ ગ્રીન લાઇબ્રેરી બનાવવાનો કન્સેપ્ટ આપણે આગળ વધારી રહ્યા છીએ. આ લાઇબ્રેરીઓ ગ્રીન લાઇબ્રેરી તરફ જઇ રહી છે. આજે આપણે નૅચર સાથે જોડવાની લાઇબ્રેરીઓ બનાવી રહ્યા છીએ. એ જ રીતે શહેરોમાં જે વિસ્તારમાં કૉલેજો વધારે હોય એ વિસ્તારમાં આપણે રોડ ઉપર લાઇબ્રેરી બનાવવાના છીએ. ફૂટપાથ ઉપર લાઇબ્રેરી કઇ રીતે બની શકે? તે દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ. લાઇબ્રેરી એ રાજ્યના યુવાનો માટે ખૂબ જરૂરી છે અને અમે એ દિશામાં ખૂબ ઝડપથી આગળ કામ વધારી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા વડીલ અને ખૂબ જ અભ્યાસુ ધારાસભ્ય શ્રી અર્જુનભાઇ મોઢવાડિયા દ્વારા ગામોની વાત કરી, હરિયાણાની વાત કરી. મને દુઃખ છે કે આ વર્ષે મારા રાજ્યએ ૨૩૭ મૅડલો નેશનલ કક્ષામાં પ્રાપ્ત કર્યા. એ વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા નહીં પણ હરિયાણાના બે મૅડલની વાત એમણે જરૂરથી કરી. માનનીય અર્જુનભાઇ, મેં આપને કહ્યું એ પ્રકારે જો આઝાદી પછી હરિયાણા અને બધી જગ્યા ઉપર જે રીતે કામગીરી થઇ એ પ્રકારે ગુજરાતમાં આપની સરકારો હતી એમના દ્વારા કામગીરી ચાલુ કરી હોત તો વર્ષ ૨૦૦૨થી અમારે જે નવી શરૂઆત કરવી પડી એ ના કરવી પડી હોત અને રાજ્યના સૌ યુવાનો, રાજ્યના સૌ નાગરિકોમાં સ્પોર્ટ્સ કલ્ચર ડેવલપ થાત. માનનીય અર્જુનભાઇએ ગામડાઓમાં ગ્રાઉન્ડોની વાત કરી. રાજ્ય સરકાર દ્વારા ગઇ વિધાનસભામાં, ગયા ટર્મમાં માનનીય અર્જુનભાઇ હતા નહીં એટલે એમને અંદાજો નહીં હોય પરંતુ ગુજરાતમાં ૨૩૦૦ ગામડાઓમાં ડી.આર.ડી.એ. દ્વારા મેદાનો ડેવલપ કરવાની કામગીરીની શરૂઆત કરવામાં આવી. ૫૫૦ જેટલા ગામડાઓમાં તો મેદાનોની કામગીરી શરૂ થઇ ગઇ છે. ડી.આર.ડી.એ. દ્વારા એનું ફંડ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આવનારા દિવસોમાં દરેક ગામડામાં રમતગમતના મેદાનો ડેવલપ કરવા જઇ રહ્યા છીએ. સ્કૂલોમાં મેદાન હોય કે ન હોય એ મેદાનનો ઉપયોગ કરી શકશે. ત્યાં એથ્લેટિક, વૉલિબોલ, બાસ્કેટ બોલ આ પ્રકારની બધી જ રમતો ગામના લોકો ભેગા થઇ રમવા માગતા હોય તો રમી શકશે અને એના થકી આપણને જરૂરથી ખૂબ મોટી સંખ્યામાં ખેલાડીઓ પ્રાપ્ત થશે. આ જ પ્રકારે વૉટર સ્પોર્ટ્સની વાત કરી છે. હમણાં બે દિવસ પહેલાંનાં દશ્યો આપણે સૌએ જોયા છે. ગુજરાતમાં વૉટર સ્પોર્ટ્સ, બીચ સ્પોર્ટ્સની ખૂબ મોટી સંભાવનાઓ છે. માનનીય અર્જુનભાઇ, સોમનાથના બીચ ઉપર અને પોરબંદરમાં આપણે સાથે મળીને બીચ સ્પોર્ટ્સ ડેવલપ કરવાની સો ટકા કામગીરી કરીશું. આપણે બીચ સ્પોર્ટ્સ ડેવલપ કરવો છે અને એ બાબતે આપણે અનેક રમતોનું આયોજન કરીએ છીએ. અનેક ટુર્નામેન્ટોનું આયોજન કરીએ છીએ. એ જરૂરથી વધારવું જોઇએ એવું મારું પણ માનવું છે. કારણ કે, આપણા રાજ્યમાં એમાં ખૂબ મોટો સ્કૉપ છે. હમણાં દ્વારકા નગરીનાં દશ્યો આપણે સૌએ જોયા છે. મારી ઉંમરના યુવાને પણ સ્કુબા ડાઇવિંગ કરવું હોય તો અનેક દિવસોની ટ્રેનિંગ લેવી પડે. એના પછી એ સાહસ પોતાની અંદર લાવવું એ કોઇ નાની વાત નથી. દુનિયાના લોકો દ્વારકા આવી શકે તે માટે ઇન્ટરનેશનલ લેવલનું ડેવલપમેન્ટ તો થાય જ છે, પણ એની સાથેસાથે આપણી ધરોહર એ ભલે દરિયામાં ડૂબાઇ ગઇ છે પરંતુ આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીએ દ્વારકાને દેશ નહીં, દુનિયાના નકશા ઉપર મૂક્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વારકામાં આવનારા દિવસોમાં હોટલોમાં રૂમો નહીં મળે. આવનારા દિવસોમાં જે હોમ સ્ટે હમણા ૫૦૦ છે અને ૭૦૦૦ રૂમ અવેલેબલ છે, એના બદલે ૧૪૦૦૦ પણ ઓછા પડશે. દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી સ્કૂબા ડાઇવિંગ થકી આની સાંસ્કૃતિક ધરોહર શું છે? આપણું દ્વારકા એ દરિયામાં કેટલા અંદર સુધી એના અવશેષો પડેલા છે એ દુનિયાને ખબર પડી. એક જ દિવસમાં ગુગલમાં સૌથી વધારે સર્ચ એ દ્વારકાનું થયું. દ્વારકાના આ દરિયામાં શું પરિસ્થિતિ છે, એડવન્ચર્સ સાથે જે જોડાયેલા છે, જે સંસ્કૃતિ સાથે જોડાયેલા છે, જે ધર્મ સાથે જોડાયેલા છે. જે સ્કૂબા ડાઇવિંગ સાથે જોડાયેલા છે. એ તમામ લોકો દ્વારકા, દ્વારકા અને દ્વારકા.

માનનીય અધ્યક્ષશ્રી, દ્વારકાનો નાથ મારો રાજા રણછોડ એ હવે ખાલી આ દેશ માટે નહીં, પરંતુ દુનિયા માટે નિરાળો છે. અને આ આપણી દ્વારકાની ભૂમિ પર જોઇએ તો માનનીય અધ્યક્ષશ્રી, હું એ દિવસે દ્વારકા હતો. દ્વારકાના નગરજનોને જોઇએ તો અપાર ખુશી હતી કે અમારું દ્વારકા, જે સાહેબે, આદરણીય શ્રી મોદી સાહેબે તેમના મુખ્યમંત્રી કાળ દરમ્યાન જે

આપણા દ્વારકા, સોમનાથનું જે દેશ અને દુનિયાભરમાં જે માર્કેટિંગ કર્યું. જે વ્યવસ્થાઓ ઊભી કરી, તે પછી દ્વારકામાં દર્શનાર્થીઓની સંખ્યા કેટલી વધી એ આંકડાઓ મારા નથી. એ આંકડા કાગળ પર છે. એમાં અનેકગણો વધારો થયો છે. આ વિઝિટ પછી માનનીય અધ્યક્ષશ્રી, હું ૧૦૦ ટકા કહું છું કે દ્વારકા અને એની આજુબાજુ જેની પાસે પોતાનું ઘર હોય, નાની મોટી વ્યવસ્થાઓ હોય, એ કોઇપણ હવે વેચતા નહીં. (અંતરાય) કોણે કેટલી લીધી એના ડેટા છે, પણ આપણે પડવું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, હોમ સ્ટે. મારે બે ચાર લોકોને મળવાનું થયું. ત્યાંના હોટલ એસોસીએશનના લોકોને મળવાનું થયું. આમાં કોઇ પોલિટિકલ વાત નથી. માનનીય અધ્યક્ષશ્રી, જે હોટલ એસોસીએશનના લોકોને મળવાનું થયું એ લોકોએ ગણાવ્યું કે દેશ નહીં, દુનિયાના કોઇપણ શહેરમાં ૯૪ ટકા ઓક્યુપન્સી કોઇપણ શહેરમાં નહીં રહેતી હોય. પરંતુ આ વ્યવસ્થા પછી હોમ સ્ટેમાં પણ એમને વિશ્વાસ છે કે ૯૦થી ૧૦૦ ટકા ઓક્યુપન્સી આખા વર્ષમાં દ્વારકામાં રહેશે. એ પ્રકારની પરિસ્થિતિ ઊભી થશે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આ રાજ્યના યુવાન નાગરિક તરીકે અને રાજ્યના મંત્રી તરીકે આ રાજ્યના જેટલા મારા સાથીઓ, જેમને રાજ્યના વિકાસમાં ૧૦૦ ટકા વિશ્વાસ છે. ૧૦૦ ટકા ઇચ્છાશક્તિ છે. એ સૌ વતી આ દેશના લોકપ્રિય પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીનો ખૂબ ખૂબ આભાર માનવા માગું છું, કે સાહેબ, આપ દ્વારકા આવ્યા. ભગવાનશ્રી દ્વારકાધીશના ચરણોમાં વંદન કર્યા, એ તો માનનીય અધ્યક્ષશ્રી, એમની આસ્થા છે. પરંતુ આપે જે સ્કૂબા ડાઇવિંગ કરી. મારા દેશનો પ્રધાનમંત્રી એટલો સાહસિક હોય, તો મારા જેવા યુવાનોને તો ગર્વ થાય જ. આ દેશના સવાસો કરોડ ભારતીયોને પણ ૧૦૦ ટકા ગર્વ થયો હશે.

માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથની વાત કરી. સોમનાથના મારા દાદા. માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથની વાત શું કરું? સોમનાથનો વિકાસ ખૂબ આવશ્યક છે. મને આજે ખૂબ આનંદ થયો. વર્ષોવર્ષ પછી કદાચ ગુજરાતના ઇતિહાસમાં પહેલીવાર ભારતીય જનતા પાર્ટીની સરકાર આવ્યા પછી વિપક્ષ દ્વારા કોઇ ત્રિશૂલ વેચવાવાળાની પણ ચિંતા થઇ હોય તો એ પહેલીવાર થઇ હશે. બાકી ચિંતા કોની છે એ મને અંદાજો છે. પરંતુ હું એમને મદદ નહીં કરી શકું. (અંતરાય) ના, ના. સારી વાત. મેં આભાર માન્યો ને. તમે એક માણસ, વિપક્ષમાંથી એક માણસ તો ત્રિશૂલ વેચવાવાળાની ચિંતા કરી. (અંતરાય) તમે મને ફોન કર્યો. મને આનંદ થયો. મને આનંદ એટલા માટે થયો કે હમણા સુધી તો કોઇ એક જ ચોક્કસ સમાજનું કંઇક થતું હોય તો જ સપોર્ટમાં હોય. શ્રી વિમલભાઇ, એક એવા ધારાસભ્ય છે કે જેમણે વર્ષોવર્ષનો કોંગ્રેસનો રેકોર્ડ તોડી નાંખ્યો. ત્રિશૂલ વેચવાવાળાની ચિંતા કરી એ બદલ હું એમનો આભાર માનું છું. (અંતરાય) પરંતુ તમારો ફોન આવ્યા પછી અમારા સંસદસભ્યનો પણ ફોન આવ્યો. અનેક ચૂંટાયેલા પ્રતિનિધિના ફોન આવ્યા. આમ એ લોકોની ચિંતા કરી. હું કહીશ કે તમે ત્રિશૂલ વેચવાવાળાની ચિંતા ન કરો. એના વિકલ્પે એ લોકો સાથે પહેલેથી જ ચર્ચા થયેલી અને જો તમે એ લોકોને ફરીથી મળશો તો ૧૦૦ ટકા સંદેશો તમને પ્રાપ્ત થઇ જશે, પરંતુ સોમનાથમાં લાખોની સંખ્યામાં દર્શનાર્થીઓ આવે છે. એ લોકોને ઘરની જગ્યા કે દસ્તાવેજ કરેલી કે એવી જગ્યા હતી નહીં. પરંતુ જે લાખો દર્શનાર્થીઓ આવતા હોય અને એ દર્શનાર્થીઓ હજારોની લાઇનમાં જયારે ઊભા હોય અને ત્યારે જે દુકાનો એન્ક્રોચમેન્ટ થયેલી હોય અને એ એન્ક્રોચમેન્ટ જગ્યાની જો વ્યવસ્થાઓ આપણે વધારી શકતા હોય..

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, પૂરું કરો...

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ. સોમનાથદાદાની વાત છે. આપ સોમનાથ દાદાના પૂજક છો. આ વાત કોઇ દિવસ ના કપાય. સોમનાથની જે વાત હું એટલા માટે કિલચર કરું છું કે એમના મનમાં કોઇ પ્રશ્ન રહી ના જાય. (અંતરાય )

ઉપાધ્યક્ષશ્રી : માનનીય વિમલભાઇ, તમે બેસો. માનનીય મંત્રીશ્રીનું પ્રવચન ચાલે છે. શ્રી વિમલભાઇ, તમે બેસો.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, આ જગ્યાની સામે જગ્યા ના આપવાની હોય કારણ કે એ લોકોની પોતાની જગ્યા નહોતી. એ લોકોની કોઇ માલિકીની જગ્યા આપણે ડિમોલીશ નથી કરી. એ રાજય સરકાર તમારો, રાજયના નાગરિકોના હક્કનો જે રસ્તો છે, જે સોમનાથ દાદાના દર્શનાર્થીઓ આવે છે એના અવરજવર માટેનો રસ્તો છે એ રસ્તા ઉપર બેસેલા હતા એ લોકોને વૈકલ્પિક આપણે જે રસ્તો બતાડેલો છે કે જયાં ભીડ થતી ના હોય, જયાં વ્યવસ્થામાં તકલીફ પડતી ના હોય ત્યાં એ લોકોને ધંધો પણ ચાલુ રહે, એ લોકોનો ધંધો ત્યાં ગયા પછી ડબલ થશે કારણ કે આપણે સોમનાથના વિકાસમાં એ પ્રકારની કામગીરી કરીએ છીએ કે સોમનાથના દર્શનાર્થીઓની સંખ્યા આવનારા દિવસોમાં ડબલ થવાની છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી હર્ષ સંઘવી : પૂરું, પૂરું માનનીય અધ્યક્ષશ્રી, પણ હું શ્રી વિમલભાઇનો આભાર માનું છું કે એમણે એક નવો ચીલો પાડયો. કોંગ્રેસની માનસિકતામાંથી તમે બહાર આવ્યા એ માટે હું તમારો અભાર માનું છું. (અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : શ્રી વિમલભાઇ, એમને બોલવા દો. તમે બેસી જાવ.

શ્રી હર્ષ સંઘવી : ના, ના સારું છે પણ હું તમને એટલા માટે કહું છું કે તમે કોંગ્રેસની વિચારધારામાંથી બહાર આવ્યા એ માટે હું તમને અભિનંદન આપું છું. હું એટલા માટે અભિનંદન આપું છું. (અંતરાય) મારી આ સભાગૃહને વિનંતી છે (અંતરાય) એમને ખબર છે કે ગયા વખતે પણ એમણે જે માગણી કરી હતી, અહીંયા ગેરંટી આપેલી એ ૨૪ કલાકમાં પૂરી કરેલી

અને હું સો ટકા ખાતરી આપું છું કે જે સાચા પ્રશ્નો છે એનો સો ટકા નિકાલ આવશે. જે લોકોના ધંધા અને રોજગારીનો પ્રશ્ન છે એ લોકોને માહિતી અપાઇ ગઇ છે, એ લોક જોડે બેઠક થઇ ગઇ છે. તમારો કદાચ છેલ્લા દસ–પંદર દિવસથી વિધાનસભાને હિસાબે એમની સાથે સંપર્ક નહીં રહ્યો હોય પરંતુ તમે હમણાં બપોરે વાત કરી લેજો એટલે ખબર પડી જાય. હું સભાગૃહને વિનંતી કરું છું કે રાજયના યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલો આ વિષય છે. આપણે સન ૨૦૩૬માં દેશમાં ઓલમ્પિકનું આયોજન કરવાનું જયારે વિચારાઇ રહ્યું હોય, એના માટે જયારે મહેનત કરી રહ્યું હોય ત્યારે મારા રાજયના યુવાનો જો તિરંગો લહેરાવી શકતા હોય તો આપણે એ લોકોનો જે હક્ક છે, એ લોકોની અંદર જે સ્કીલ છે એને ડેવલપ કરવા માટે મદદ કરવાની છે. એના હક્ક છીનવવા માટે, એના હક્કને મળતી કોઇપણ વિષયની એ પ્રકારની કાપ દરખાસ્ત સૌ લોકો પાછી ખેંચશે. શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા સૌથી સિનિયર સભ્ય અહીંયા બેઠા છે. મને એમના વિચારો, એમની આવડત અને એમની મેચ્યોરિટી ઉપર વિશ્વાસ છે. એ રાજયના યુવાનોના હિતમાં સર્વાનુમતે આ માગણી સ્વીકારશે. એમના જેટલા પ્રશ્ન હતા એ પ્રશ્નને આપણે વાચા આપીશું, સાથે મળીને એને કિલયર કરીશું, પરંતુ આ વિશે રાજયના સૌ ખેલાડીઓને મેસેજ જવો જોઇએ કે ૧૮૨ લોકોએ એક સાથે મળીને આ રાજયના હિતમાં આજે નિર્ણય લીધો છે. આપ સૌનો ખૂબ ખૂબ આભાર.

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર)(વન અને પર્યાવરણ, પ્રવાસન અને ક્લાઇમેટ ચેઇન્જ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સંસ્કૃતિ, સંપદા અને સફરનો સમન્વય લઇ અને હું આ સન્માનનીય ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબના માર્ગદર્શન અને આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના વડપણ હેઠળ આજે હું મારા હસ્તકના વન અને પર્યાવરણ, પ્રવાસન અને કલાયમેટ ચેંજ વિભાગની માગણીઓ લઇને આવ્યો છું અને એમાં આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓ શ્રી અર્જુનભાઇ, શ્રી ગણપતસિંહ વસાવા, શ્રી જીતુભાઇ, શ્રી ભગભાઇ બારડ, શ્રી યોગેશભાઇ પટેલ, શ્રીમતી માલતીબેન મહેશ્વરી, શ્રી સંજયસિંહ મહીડા, શ્રી અમૂલભાઇ ભટ્ટ, શ્રી કેયુરભાઇ રોકડિયા, શ્રીઅરવિંદભાઇ પટેલ અને શ્રીવિમલભાઇ ચુડાસમા આ બધાએ આ વિભાગની કામગીરી છે એમાં પોતપોતાના વિચારો રજૂ કર્યા છે. આ બધા જ વિભાગો જે રીતે આપણ રાજયમાં કામ કરી રહ્યા છે એને બિરદાવ્યા પણ છે અને પોતાનાં સૂચનો છે એ પણ એમણે રજૂ કર્યાં છે. એના માટે હું બધા સભ્યશ્રીઓનો આભાર માનું છું અને જે જે સૂચનો છે એમાં પણ હું પછી વાત કરવાનો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી સંસ્કૃતિ અને વનોની સંભાળ, વૃદ્ધિ તથા તેની ઉપયોગિતા સાથે ભક્તિ અને સુંદરતાની દ્દષ્ટિએ પૂજન–અર્ચન અને રક્ષણ કરવાની પ્રેરણા આપે છે. આપણું રાજ્ય જૈવિક વિવિધતાની દટિએ સમૃદ્ધ છે. રાજ્યમાં ૩૭૮ ચોરસ કિલોમિટર ખૂબ જ ગાઢ વનો છે, ૫૦૩૫ ચોરસ કિલોમિટર મધ્યમ ગાઢ વનો છે અને ૯૫૧૬ ખુલ્લા વનો આપણે ત્યાં આવેલા છે. ૫૪૮૯ ચોરસ કિલોમિટર વૃક્ષાવરણથી વન વિસ્તાર વિસ્તરેલ છે. આપણા રાજ્યમાં ૨૪ અભ્યારણો, ૪ રાષ્ટ્રીય ઉદ્યાનો, એક કન્ઝર્વેશન રિઝર્વ પણ છે. આપણા વડાપ્રધાનશ્રી દ્વારા પર્યાવરણના રક્ષણ અને સંવર્ધન તેમજ જતન સાથે વૃક્ષાવરણ વધારવા માટે ખેડૂતોને આર્થિક લાભ મળે તે ધ્યાને લઇને ગ્રીન ક્રેડિટ પ્રોગ્રામના લોન્ચિંગ સાથે સને ૨૦૭૦ સુધીમાં નેટ ઝીરો હાંસલ કરવાની કટિબદ્ધતા દર્શાવી છે. માનનીય વડાપ્રધાનશ્રીની અધ્યક્ષતા હેઠળ જે જી–૨૦ની બેઠકોમાં સંતુલિત વિકાસ, પર્યાવરણના સંતુલિત વિકાસના ભાગરૂપે મિશન લાઇફના માધ્યમથી સાતત્યપૂર્ણ જીવનશૈલીને પ્રોત્સાહન આપવા માટે થ્રી–આર શૈલીની જે વાત કરી છે એમાં રીડ્યુશ, રીયુઝ અને રીસાઇકલ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. સરકારના પર્યાવરણની જાળવણી અને એના અવિભાજ્ય અંગ એવા જૈવિક વિવિધતા, વૃક્ષો, વન્ય જીવો, ઇકો સિસ્ટમના વિકાસ અને જાળવણી ક્ષેત્રે સતત પ્રયત્ન કર્યો છે. વન અને પર્યાવરણ વિભાગની આ તમામ પ્રવૃત્તિઓને પૂર્ણ કરવા માટે આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ આ વન પર્યાવરણની જોગવાઇઓમાં ખૂબ મોટો વધારો કરીને વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષ માટે રૂપિયા ૨૫૮૬.૧૩ કરોડની જોગવાઇ કરી છે. એના માટે માનનીય કનુભાઇ અને મુખ્યમંત્રીશ્રીનો આભાર વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય સદર છે એમાં રૂપિયા ૨૦૪૭.૨૭ કરોડ, આદિજાતિ પેટા યોજના છે એમાં ૪૩૦ કરોડ રૂપિયા અને ખાસ અંગભૂત યોજના છે એમાં રૂપિયા ૫૮.૨૯ કરોડની જોગવાઇઓ સૂચવેલ છે. કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓ છે એમાં રૂપિયા ૫૨.૧૪ કરોડની જોગવાઇઓ દર્શાવવામાં આવી છે. વન અને પર્યાવરણ વિભાગની કુલ માગણીઓ છે એમાં માગણી નં. ૨૬ અને ૨૭ સભાગૃહ સમક્ષ રજૂ કરી છે. વન્ય પ્રાણી સંરક્ષણના હેતુથી તમામ રક્ષિત વિસ્તારની જાળવણી, જંગલ સફારીનું નિર્માણ, લુપ્ત થતી પ્રજાતિઓનું યોગ્ય રક્ષણ, માનવી અને વન્ય પ્રાણીઓ વચ્ચે ઘર્ષણ અટકાવવા બાબતે જનજાગૃત્તિ શિબિરો અને જળપ્લાવિત વિસ્તારોનું સંરક્ષણ અને ઇકો ટુરિઝમને વેગ આપવા માટે સરકાર કટિબદ્ધ છે. હમણાં માનનીય સભ્યશ્રી પ્રોજેક્ટ લાયનની વાત કરતા હતા. એમાં પણ સને ૨૦૪૭ વિઝન ફોર અમૃતકાળમાં આપણા પ્રધાનમંત્રીશ્રીની પ્રેરણાથી કેન્દ્ર સરકારે પણ આ પ્રોજેક્ટ લાયન માટેની બજેટમાં ત્યાં જોગવાઇ કરી છે અને આપણે પણ વન્ય પ્રાણી રક્ષણ માટે રૂપિયા ૨૯૫.૩૯ કરોડની જોગવાઇ કરી છે. મને જણાવતા આનંદ છે કે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દીર્ઘદષ્ટિથી દેશમાં લુપ્ત થતી ચિત્તાની પ્રજાતિને રાજ્યમાં કચ્છ જિલ્લાના બન્ની વિસ્તારના ઘાસિયા અને ખુલ્લા વિસ્તારમાં બ્રીડિંગ સેન્ટર સ્થાપવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. વ્હેલ શાર્કના સંરક્ષણ માટે માછીમાર ભાઇઓ છે એ ખૂબ

સારું કામ કરે છે. કોઇ વ્હેલ શાર્ક જાળમાં ફસાઇ જાય તો જાળને નુકસાન થતું હોય તો પણ એનું રક્ષણ કરતાં હોય છે. અત્યાર સુધી રૂપિયા ૨૫ હજારનું વળતર આપવામાં આવતું હતું. આ વર્ષે એમાં વધારાના બીજા રૂ.૨૫૦૦૦નો વધારો કરી નુકસાનના વળતર પેટે કુલ રૂપિયા ૫૦૦૦૦. આપવાનું નક્કી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન્ય પ્રાણી સંરક્ષણની પ્રવૃત્તિને કારણે ગુજરાતનું ગૌરવ એવા એશિયાઇ સિંહોએ બરડા વિસ્તારમાં બીજું વૈકલ્પિક રહેઠાણ મેળવ્યું છે જે ભવિષ્યમાં સ્થાનિક વિસ્તારના વિકાસ અને પ્રવાસનની દૃષ્ટિએ આ વિસ્તારમાં રોજગારીની તકો પણ ખૂબ ઊભી થવાની છે એવું માનનીય અર્જુનભાઇએ કહ્યું એ રીતે આ વિભાગ કામ કરે છે. ગીર જંગલ સફારી, આંબરડી સફારી પાર્ક પર્યટકોની સંખ્યામાં વધારાને ધ્યાનમાં લઇને લોકસહકારથી નવાં વાહનો એમાં વસાવવામાં આવ્યાં છે. માનનીય મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શન નીચે જૂનાગઢ જિલ્લાના વિસાવદર તાલુકાના પ્રેમપુરા વિસ્તારમાં વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ હેઠળ વધારાના અભ્યારણ્ય તરીકે જાહેર કરવામાં આવ્યો છે જે જૈવિક વિવિધતા અને વન્ય પ્રાણી સંરક્ષણ માટે રાજ્ય સરકારની કટિબદ્ધતા દર્શાવે છે. વનોનું સંવર્ધન, સંરક્ષણ અને વ્યવસ્થાપન થકી વન અને બહારના વિસ્તારમાં ચાલુ વર્ષે ૮૦૬૪૫ હેકટરમાં વાવેતર કરવાનું આયોજન છે જે ગયા વર્ષની સરખામણીમાં ૨૪ ટકા જેટલું વધારે છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોની આજીવિકા વૃદ્ધિ અને લાકડાની જરૂરિયાત પૂરી કરવા માટે રાજય સરકાર દ્વારા એગ્રો ફોરેસ્ટની યોજના હેઠળ ચાલુ વર્ષે ગયા વર્ષ કરતા બમણું એટલે કે ૩૧૦૦૦ હેકટર વિસ્તારમાં એગ્રોફોરેસ્ટના વાવેતર માટેનો લક્ષ્યાંક આ વર્ષે નકકી કરવામાં આવ્યો છે. વૃક્ષારોપણના સતત પ્રયાસો અને છેલ્લા બે દાયકામાં વન વિસ્તારનો બહારના વૃક્ષોની સંખ્યામાં ૫૮.૩૬ ટકાનો મોટો વધારો નોંધાયો છે. હરિત વસુંધરા યોજના થકી વન કવચ, પવિત્ર ઉપવન, લુપ્ત થતી પ્રજાતિના વાવેતરની વાત કરવામાં આવી હતી. એ રીતે સરકારી પડતર જમીન ઉપર વાવેતર થતી નોંધપાત્ર સિદ્ધિઓ હાંસલ કરી છે. ટેકનોલોજીનો ઉપયોગ કરી આછા વન વિસ્તારમાં ડ્રોનના માધ્યમથી સીડ બોલનો છંટકાવ કરીને વનોને સમૃદ્ધ કરવાના પ્રયાસો હાથ ધરેલ છે. આપશ્રીએ પણ અંબાજીમાં સિડ બોલનો બહુ મોટો લોકભાગીદારીથી કાર્યક્રમ કર્યો અને ત્યાં વૃક્ષોનું વાવેતર કર્યું હતું એ જ રીતે વિભાગે આ કામગીરી હાથ ઉપર લીધી છે. આપણા વડાપ્રધાનશ્રી મોદીસાહેબ જયારે ૨૦૦૪માં આપણા રાજયના મુખ્યમંત્રી હતા, ત્યારે તેમણે પરંપરાગત વિશ્વાસ અને શ્રદ્ધાથી જોડાવાની એક અનોખી પહેલ કરી અને એના કારણે વન મહોત્સવની ખાલી ઉજવણી થતી હતી એના બદલે વન મહોત્સવની ઉજવણી અને એની સાથેસાથે સાંસ્કૃતિક વનોનું નિર્માણ કરવા માટેનો એક મહત્ત્વનો નિર્ણય લીધો હતો. એમાં આજે આપણા રાજયમાં ૨૨ સાંસ્કૃતિક વનો છે એ પૂર્ણ કરીને ૨૩મુ સાંસ્કૃતિક વન છે એ દ્વારકા જિલ્લામાં હરસિદ્ધિ માતાજીનું મંદિર છે ત્યાં અત્યારે સાકાર થઇ રહ્યું છે. અર્બન ફોરેસ્ટ એકટની વાત કરું તો જે શહેરી વિસ્તાર છે એની આજુબાજુના પવિત્ર યાત્રાધામો, ગ્રામપંચાયતો અને અન્ય પ્રવાસન વિસ્તારમાં સુશોભિત રોપાઓનું વાવેતર, ફળાઉ રોપાઓનો ઉછેર અને વિતરણ અને પંચવટી કેન્દ્રની સ્થાપના થઇ રહી છે. અમારા વન વિભાગમાં વાંસ સુધારણાની કામગીરીથી આદિવાસી ભાઇઓને ખૂબ મોટી રોજગારી મળે છે. વનબંધુઓને એક કરોડથી વધુ વાંસનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. આ એક ઐતિહાસિક ઉપલબ્ધી છે. રાજય સરકારના પ્રયાસો થકી વીડીમાં ઘાસનું ઉત્પાદન વધારવા માટે સતત પ્રયત્નો કરી રહ્યા છે. રાજયમાં ઘાસનો પૂરતો જથ્થો ગોડાઉનમાં સંગ્રહ કરેલ છે. કોઇપણ વિપરીત પરિસ્થિતિમાં પણ પહોંચી વળવા માટે પૂરતો ઘાસનો જથ્થો આપણે એકત્રિત કર્યો છે. વીડીઓમાંથી ઘાસ સ્થાનિક ગામના લોકો, ગૌશાળા, પાંજરાપોળ આ બધાને જોઇતું હોય તો વિનામૂલ્યે ગયા વર્ષે અને આ વર્ષે અમે નિર્ણય કર્યો છે કે એ ત્યાંથી વાઢીને લઇ જઇ શકશે. વન સંરક્ષણ, સંવર્ધન હેઠળ રૂ.૪૯૩.૬૭ કરોડ અને સામાજિક વનીકરણમાં રૂ.૪૮૮.૨૦ કરોડની જોગવાઇઓ સૂચવવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા લોકપ્રિય વડાપ્રધાનશ્રીની દીર્ઘદષ્ટિથી સમગ્ર દેશમાં ચેરના વનોના સંવર્ધન માટે નિશ્ચિત કાર્યક્રમ કેન્દ્ર સરકારે જાહેર કર્યો તેના ભાગરૂપે ૬૮૦૦ હેકટર વિસ્તારને આપણે તેમાં આવરી લીધો છે. તેમાંથી સંવેદનશીલ, દુર્ગમ સરક્રિક, કોરીક્રિક, કોટેશ્વર વિસ્તારમાં ૧૦૦૦ હેકટરમાં ચેરનું વાવેતર પૂર્ણ કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે ૧૦ હજાર હેકટર વિસ્તારમાં ચેરનું વાવેતર કરવાનું આયોજન છે. વન સંરક્ષણ ધારા ૧૯૮૦ના અમલીકરણ મુજબ જંગલની જમીનના વપરાશ માટે યુઝર એજન્સી પાસેથી જે રકમ આપણે લઇએ છીએ તેમાં વળતર વનીકરણ વન વિકાસની કામગીરી માટે રૂ.૨૯૩.૯૦ કરોડની જોગવાઇઓ પણ કરવામાં આવી છે. જાપાનની ઇન્ટરનેશનલ કો.ઓપરેટીવ એજન્સી છે તેના સહકારથી (પર્જ–પી.ઇ.આર.જી)ની કામગીરી માટે ઝાયકા પ્રોજેકટ હાથ પર લીધો છે અને તેના માટે આ વર્ષે રૂ. ૧૫૩.૪૭ કરોડની જોગવાઇ કરી છે. આ પ્રોજેકટ કુલ રૂપિયા એક હજાર કરોડનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષ માટે વન અને પર્યાવરણ વિભાગની નવી બાબતો છે તેની વાત કરું તો તેના માટે રૂ.૧૧૩.૯૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. જામનગરમાં પિરોટન ટાપુ અને અન્ય ટાપુના વિકાસ માટે પાંચ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે. રાજ્યના મહત્ત્વના પ્રવાસન સ્થળો જેવાં કે, અંબાજી, બરડો વિસ્તાર, વાંસદા અને કોટેશ્વર સફારીની સ્થાપના માટે રૂ.૨૫(પચ્ચીસ) કરોડની જોગવાઇ કરી છે. હાફેશ્વર ગામથી કેવડિયા સુધી નર્મદા કિનારે નેચર ટ્રેલ શરૂ કરવા માટે રૂ.૩ કરોડની જોગવાઇ કરી છે. રાજ્યની દસ ઇકો ટુરિઝમ સાઇટને વિકસાવવા માટે રૂ.૨ કરોડની જોગવાઇ કરી છે.

રાજ્યના પૂર્વ પટ્ટી વિસ્તારના વનોને તૃણભક્ષી પ્રાણીઓથી સમૃદ્ધ કરવા માટે વલસાડ, વ્યારા, જાંબુઘોડા ખાતે બ્રિડિંગ સેન્ટર સ્થાપવા માટે રૂ.૩ કરોડની જોગવાઇ કરી છે. દક્ષિણ ગુજરાતમાં ભરૂચ, સુરત, વલસાડ, તાપી, ડાંગ વિસ્તારમાં માનવ અને પ્રાણી વચ્ચે જે ઘર્ષણ થાય છે તેને અટકાવવા માટે સુસજ્જ ક્વિક રિસ્પોન્સ ટીમ, એનીમલ એમ્બ્યુલન્સ–૧૯૨૬ શરૂ કરવા માટે રૂ. ૧.૨૫ કરોડની જોગવાઇ કરી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો ટાઇમ તો પૂરો થઇ ગયો છે. હવે એક–બે મિનિટ વધારાની જોઇએ છે?

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : સાહેબ, હજું તો મારો પ્રવાસન વિભાગ બાકી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો પંદર મિનિટનો ટાઇમ પૂરો થઇ ગયો છે.

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : સાહેબ, મારી ત્રીસ મિનિટ હતી અને પછી વધારાની દસ મિનિટ આપી હતી. શ્રી હર્ષભાઇએ વધારે સમય લીધો છે. મને ત્રીસ મિનિટ આપી હતી અને દસ મિનિટ વધારી આપી છે.

અધ્યક્ષશ્રી : શ્રી હર્ષભાઇ થોડું ફાસ્ટ બોલે છે અને તમે થોડું ધીમું બોલો છો.

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : સાહેબ, આપણે ફાસ્ટ બોલીએ. આ બધુ જાણવા જેવું છે.

અધ્યક્ષશ્રી : જાણવા જેવું છે બરાબર છે પણ તમે થોડી ગતિ વધારો. મારે સમયની મર્યાદામાં ચાલવાનું છે. મારે છેલ્લે ત્રણ મિનિટ જોઇશે.

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, નેશનલ વેટલેન્ડ કન્ઝર્વેશન માટે પરિએજ, રાયગઢ, છારીઢંઢ અને ગોસાબારા માટે રૂ.૨.૫૦ કરોડની જોગવાઇ કરી છે. જૂનાગઢ અને સાસણ વચ્ચે વિશ્વના વિવિધ કલાઇમેટિક ઝોનનું પ્રતિનિધિત્વ કરતા બોટનિકલ ગાર્ડન વિકસાવવા માટે રૂ.૨ કરોડની જોગવાઇ કરી છે. ઇન્દ્રોડા આપણું અહીં ગાંધીનગરની નજીક છે ત્યાં જંગલ સફારી અને તેના અપગ્રેડેશન માટે રૂ.૨૦ કરોડની જોગવાઇ કરી છે. મિશન ગતિશક્તિ હેઠળ ઇકો–રિસ્ટોરેશનથી સૌરાષ્ટ્ર, કચ્છ વિસ્તારના શુષ્ક પ્રદેશો છે તેમાં વનસ્પતિઓના વાવેતર તેમજ વિંધ્ય, અરવલ્લી અને સાતપુડા ગિરિમાળાઓના વિસ્તારમાં ઘનિષ્ઠ વનીકરણ અને ધરોઇથી અંબાજી વિસ્તારને હરિયાળું અને લીલુંછમ બનાવવા માટે રૂ.૩૧ કરોડની જોગવાઇ કરી છે. ચંદનની પ્રાદેશિક અને આંતરરાષ્ટ્રીય બજારમાં ખૂબ માંગ છે. તેના માટે ૧૦૦ હેકટર વન વિસ્તારમાં ચંદનનાં વૃક્ષોના વાવેતર માટે રૂ.૭૦ લાખની જોગવાઇ કરી છે. નવા પંદર ઘાસ ગોડાઉન માટે રૂ.૭.૫૦ કરોડની જોગવાઇ, અદ્યતન ટેકનોલોજીની વન વિભાગના વનીકરણ યોજનાઓનું જીઓ ટેગિંગ સાથે જી.આઇ.એસ. મારફતે સઘન નિરીક્ષણ અને મૂલ્યાંકનના હેતુસર કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરની સ્થાપના માટે રૂ.૨ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણું રાજ્ય ઔદ્યોગિક વિકાસની સાથે સાથે પર્યાવરણની જાળવણી માટે અગ્રેસર છે. હાલમાં ગુજરાતના ઔદ્યોગિક એકમોમાંથી ઉદભવતા ગંદા પાણીને શુદ્ધ કરવા માટે આશરે ૮૧૯ એમ.એલ.ડી.ની ક્ષમતા ધરાવતા કુલ ૪૧ રીસાઇકલિંગ સામૂહિક શુદ્ધિકરણ પ્લાન્ટ આવેલા છે. ઔદ્યોગિક ઘન કચરાના નિકાલ માટેની સુવિધા એટલે કે સામૂહિક બાયો મેડિકલ કચરાનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કરવા માટે સુવિધા તેમજ જોખમી કન્ટેનરને સાફ કરવા માટેની સામૂહિક સુવિધાઓ, ઇ–વેસ્ટ રજિસ્ટ્રેશન અને રીસાઇકલિંગ ઉદ્યોગો વિક્સાવવામાં આપણું રાજ્ય દેશમાં પ્રથમ નંબરે છે. પ્લાસ્ટિક કચરા નિયમન અંગે લોકોમાં જાગૃતિ આવે એ હેતુથી ભાદરવી પુનમનો જે મેળો થાય છે એમાં જે પદયાત્રીઓ દ્વારા કચરો અને પ્લાસ્ટિક વેસ્ટ થતો હતો એના માટે આ વર્ષે ઝીરો વેસ્ટ ઉત્સવ કર્યો અને અના કારણે એન.જી.ઓ., સ્વયંસેવકો અને બધાનો સાથ સહકાર લઇ અને સ્થાનિક સ્વરાજની સંસ્થાના સહકારથી પ્લાસ્ટિક કચરો એકત્રિક કરી એનો વૈજ્ઞાનિક ઢબે નિકાલ કર્યો છે. ડાકોર અને દ્વારકાની પદયાત્રા અને અન્ય પદયાત્રાઓ માટે પણ આ દૃષ્ટાંત પૂરું પાડશે. માનનીય અધ્યક્ષશ્રી, જી.પી.સી.બી.ના સહયોગથી અને એન.આઇ.સી.ના સહયોગથી જોખમી કચરાના પરિવહન પર દેખરેખ રાખી શકીએ એ માટે વ્હિકલ લોકેશન ટ્રેકિંગ સિસ્ટમ પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. જોખમી કચરાનું વહન કરતાં વાહનો છે એનું નિયમન અસરકારક રીતે કરી શકાય એના માટે જી.પી.સી.બી.એ પહેલ કરી એવોર્ડ પણ મેળવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાયુ પ્રદૂષણની સમસ્યા નિવારણ માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ એમ ચાર મહાનગરપાલિકામાં કેન્દ્ર સરકારના રાષ્ટ્રીય વાયુ અભિયાન અંતર્ગત આ ચાર શહેરોના હવા પ્રદૂષણ નિયંત્રણ માટે રૂપિયા ૭૯૬ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આમ, વિકાસની સાથે હવાની ગુણવત્તા જળવાઇ રહે એના માટે સરકાર કટિબદ્ધ છે. બાયો મેડિકલ કચરાના સંચાલન માટે પણ ૨૧ જેટલા બાયો મેડિકલ વેસ્ટ ટ્રીટમેન્ટ ફેસેલિટીની સ્થાપના કરવામાં આવી છે. જૈવિક તબિબિ કચરાના સંગ્રહ અને નિકાલનું એક મોટું નેટવર્ક આપણા રાજયમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવાસન વિભાગની માગણી નં.૫૧ લઇને હું આવ્યો છું. આપને બધાને ખ્યાલ છે કે, ૨૦ વર્ષ પહેલાં આપણું રાજય પ્રવાસનની દૃષ્ટિએ નહિવત હતું. આજે છેલ્લા બે દાયકામાં આપણું રાજય ક્યાંથી ક્યાં પહોંચ્યું છે. આ માટે કોઇને યશ આપવો હોય તો આપણા દેશના વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇને આપવો પડે. તેઓ જ્યારે આપણા રાજયના મુખ્યમંત્રી હતા ત્યારે પ્રવાસન ક્ષેત્રે ખૂબ ધ્યાન આપ્યું અને માત્ર રૂપિયા ૧૨ કરોડના બજેટથી લઇને આજે રૂપિયા ૧૬૨૦.૭૧ કરોડનું બજેટ ફાળવવામાં આવ્યું છે આ માટે માનનીય મુખ્ય મંત્રીશ્રીનું સતત દિશા સૂચન અને માર્ગદર્શન મળી રહ્યું છે અને માનનીય નાણામંત્રીશ્રી દ્વારા જ્યારે આવું ઉદાર બજેટ ફાળવવામાં આવેલ છે જેને કારણે આપણું રાજય પ્રવાસનની દૃષ્ટિએ ખૂબ વિકાસ કરી શકશે. મને જણાવતા આનંદ થાય છે કે, આપણા ગુજરાતમાં પ્રવાસનની વાત કરીએ તો લાંબો દરિયાકિનારો,

સુંદર પહાડો, સફેદ રણ, ગીરના સિંહો, ગાઢ જંગલો અને ઐતિહાસિક ધરોહર સોમનાથ, દ્વારકા, અંબાજી, પાવાગઢ જેવા ધાર્મિક સ્થળોના કારણે ગુજરાત દેશ અને દુનિયામાં પ્રવાસીઓના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. દેશ વિદેશથી ગુજરાતમાં આવતા પ્રવાસીઓની સંખ્યામાં ઉત્તરોતર ખૂબ મોટો વધારો થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતા આનંદ છે કે, ગયા વર્ષે ૨૦૨૩ના વર્ષમાં ૧૭.૨૬ કરોડ પ્રવાસીઓએ ગુજરાતના પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી, એમાંથી ૧૭.૦૨ કરોડ સ્થાનિક છે અને ૨૪ લાખ વિદેશી પ્રવાસીઓએ આપણા પ્રવાસન સ્થળોની મુલાકાત લીધી હતી. ગુજરાત સરકારના અથાગ પ્રયત્નોને કારણે ગુજરાત વિદેશી પ્રવાસીઓની મુલાકાત લેનાર રાજયોમાં ગયા વર્ષે પ્રથમ નંબરે રહ્યું છે.માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના અને આપણા મુખ્યમંત્રીશ્રીના માર્ગદર્શનથી પ્રવાસન ક્ષેત્ર માટે જયારે મોદી સાહેબ અહીંયા ગુજરાતમાં મુખ્યમંત્રી તરીકે હતા ત્યારે ખુશ્બુ ગુજરાત અભિયાન શરૂ કરીને આપણે આપણા ગુજરાતના જે પ્રવાસન સ્થળો છે તેને ખૂબ મોટું પ્રમોશન અને આજે આટલા બધા ૧૭ કરોડ જેટલા પ્રવાસીઓ આવ્યા હોય તો તેનું આ પણ એક મુખ્ય કારણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહ સમક્ષ મારી વાત ગરવા ગુજરાતી તરીકે આપણે બધાને ગૌરવ થાય તે પ્રકારનું કામ પ્રવાસનમાં આ છેલ્લા બે દાયકામાં પ્રવાસન ક્ષેત્રે થયું છે અને આંતરરાષ્ટ્રીય સ્તરે પણ તેની નોંધ લેવાય છે. અમૃત સાંસ્કૃતિક વારસા તરીકે ગુજરાતના ગરબાની પસંદગી કરવામાં આવી તે આપણું ગૌરવ છે એટલુ જ નહીં તાજેતરમાં જે વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન છે તે ધોરડો એક ગામ છે તે ગામને વર્લ્ડ બેસ્ટ ટુરિઝમ વિદેશનો એવોર્ડ તેને એનાયત કરવામાં આવ્યો છે. અને વિશ્વના દરેક ખૂણે વસતા ગુજરાતીઓ માટે આ ગર્વની ક્ષણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌરાષ્ટ્ર તમીલ સંગમ ગયા વર્ષે આપણે જે રીતે કાર્યક્રમ સોમનાથ, દ્વારકા અને સ્ટેચ્યૂ ઓફ યુનિટી તમિલનાડુથી ખૂબ મોટી સંખ્યામાં જે ભાઇઓ આવ્યા અને આ એક ભારત સેઇફ ભારત માટેનું એક ઉત્તમ કાર્ય આપણે જે કર્યું છે. એવી જ રીતે પ્રવાસનમાં અને આપણા ગુજરાતમાં પહેલી વખત ફિલ્મ ફેર એવોર્ડનો જે કાર્યક્રમ થયો તે પણ આપણા માટે ગૌરવની વાત છે. ફિલ્મ ફેર એવોર્ડ ગિફ્ટ સિટી ખાતે આ કરવામાં આવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, મેળાઓ, તહેવારો, ઉત્સવો એ આપણે ત્યાં આંતરરાષ્ટ્રીય કાઇટ ફેસ્ટીવલ જેવા અનેક કાર્યક્રમો આપણું વર્ષ જયારે શરૂ થાય ત્યારે આપણે આંતરરાષ્ટ્રીય પતંગ ઉત્સવથી શરૂ કરીએ છીએ અને પૂરું થાય ત્યારે કેલેન્ડર વર્ષ પૂરું થવાનું હોય ત્યારે કાંકરીયા કાર્નિવેલ ખાતે જે કાર્યક્રમો થાય છે ફલાવર શો, નેશનલ બુક ફેર, તરણેતરનો મેળો, કાર્તિકાનો મેળો, નવરાત્રી મહોત્સવ, માધુપુરનો મેળો, યુથ ફેસ્ટીવલ અને હેરીટેજ ફેસ્ટીવલથી લઇ ગાંધીજી જયંતી મહોત્સવથી લઇ અને અનેક કાર્યક્રમો છે એ જિલ્લા વહીવટી તંત્ર અને રાજય સરકારનો પ્રવાસન વિભાગ રંગે ચંગે ઉજવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પતંગ મહોત્સવમાં આપણને ખબર છે કે ગયા વર્ષે દર વર્ષની જેમ વિદેશથી અનેક લોકો જે વર્ષ ૨૦૨૩માં ૭૪ દેશોના ૧૭૬ જેટલા આંતરરાષ્ટ્રીય પતંગબાજો અહીંયા આવ્યા હતા. ૧૪ રાજયોના ૬૭ જેટલા પતંગબાજો તેમજ ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી ૭૨૯ જેટલા પતંગબાજોએ ભાગ લીધો હતો. અહીંયા અમદાવાદ સિવાય રિવરફ્રન્ટ સિવાય ૮ સ્થળોએ પણ પતંગ મહોત્સવનું આયોજન કર્યું હતું. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જયારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે કચ્છનો ધોરડો છે તેમાં સફેદ રણનો અને ત્યાં વર્ષ–૨૦૦૫માં રણોત્સવ શરૂ કરાવ્યું, ત્યારે માત્ર બે દિવસનો ઉત્સવ હતો એ હવે ૧૫૨ દિવસનો ઉત્સવ થયો છે. ચાલુ વર્ષે ૨૦૨૩–૨૪ના અત્યાર સુધીના રણોત્સવમાં આ વર્ષે ૭ લાખ ૪૧ હજાર લોકોએ મુલાકાત લીધી છે. નવરાત્રીમાં પણ એ જ રીતે સૌથી લાંબો નૃત્ય ઉત્સવ છે તેમાં આપણે અહીંયા ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવે છે. એ જ રીતે પ્રવાસનની નીતિઓની વાત કરું તો નવી પ્રવાસન નીતિ વર્ષ ૨૦૨૧થી ૨૦૨૫ અમલમાં છે અને જે આ વર્ષે વાઇબ્રન્ટ સમિટ થઇ તેમાં રૂ. ૧૪,૩૪૭ કરોડના ૬૮ એમ.ઓ.યુ. પણ થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રવાસન વિભાગ દ્વારા રાજયની પ્રથમ હેરીટેજ ટુરિઝમ પોલીસી પણ જાહેર કરવામાં આવી છે. ઐતિહાસિક વિરાસતને આપણે જોવાલાયક પુરાતન સ્થળોને ટુરિઝમ મેપમાં ચમકાવવાનો ઉદેશ છે. હોમ સ્ટેની પોલિસીથી સ્થાનિક લોકોને રોજગારી મળી રહી છે. સિનેમેટિક ટુરિઝમ પોલિસી વર્ષ ૨૦૨૨થી ૨૦૨૭ અમલમાં છે. એ જ રીતે આપણે વર્લ્ડ કલાસ ટુરિસ્ટ ડેસ્ટીનેશન એટલે સ્ટેચ્યૂ ઓફ યુનિટી એના માટે ૪૭ લાખ પ્રવાસીઓ આ વર્ષ ૨૦૨૩માં આવ્યાઅને એમાં તમામ ઉંમરના પ્રવાસીઓ છે. આમ, સ્ટેચ્યૂ ઓફ યુનિટી તમામ ઉંમરના પ્રવાસીઓનું આકર્ષણ કેન્દ્ર બન્યું છે. રાજયના વિવિધ પ્રવાસન સ્થળોએ પ્રવાસીઓની સંખ્યા વધારવા માટે રૂ.૧૨૪૨.૭૫ કરોડનાં વિવિધ વિકાસનાં કામોનું આયોજન છે. અયોધ્યા કે જ્યાં હમણાં જ ભગવાન રામની પ્રાણ પ્રતિષ્ઠા થઇ ત્યાં પણ આપણે આપણા રાજ્યનું યાત્રી ભવન બનાવવા માટે જગ્યા ખરીદી લીધી છે. અયોધ્યા ખાતે લેવાની થતી જમીન માટે વર્ષ ૨૦૨૩–૨૪ના વર્ષમાં રૂ.૪૫ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે અને રૂ.૪૧.૬૯ કરોડના ખર્ચે જમીન ખરીદવામાં આવી છે. એનાથી એક ભવ્ય યાત્રી નિવાસનું પણ નિર્માણ થવાનું છે. વર્ષ ૨૦૨૪–૨૫ના વર્ષમાં કુલ રૂ.૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે અને ચાલુ વર્ષે યાત્રી નિવાસ માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વારાણસી અને અયોધ્યા ખાતે આપણા પ્રવાસન વિભાગે માહિતી કેન્દ્ર શરૂ કર્યા છે. ધરોઇ ડેમ ઉત્તર ગુજરાતનું વર્લ્ડ ક્લાસ ટુરિઝમ સ્થળ બને એના માટે આપણે રૂ.૧૧૦૦ કરોડના ખર્ચે ત્રણ તબક્કામાં કામ હાથ ધરવાનું છે. સુરેન્દ્રનગર જિલ્લાનો ધોળી ધજા ડેમ અને કડાણા ડેમના વિકાસ માટે પણ આ વર્ષે બજેટ જોગવાઇ કરી છે. સોમનાથ ખાતે ચાર ઝોનમાં બીચ ડેવલપમેન્ટ કરવાનું છે. ગીર વિસ્તારમાં પ્રવાસીઓને વધુ સુવિધા મળે એના માટે આઇકોનિક ડેવલપમેન્ટ

ઓફ ગ્રેટર ગીર તરીકે જે બજેટ જોગવાઇ કરી છે એમાં ગીર અને સાસણની આસપાસના વિસ્તારો છે એમાં શ્રી બાઇ આશ્રમ પણ આવી જાય છે અને બાકીનાં બધાં નાનાં-મોટાં સ્થળો લઇ લીધાં છે. એની પણ બજેટમાં જોગવાઇ કરી છે. ગુજરાતના એક માત્ર ગિરિમથક એવા સાપુતારામાં પણ આપણે રૂ.૩૦ કરોડની જોગવાઇ કરી અને ત્યાં હજી વધારે વિકાસનાં કામો હાથ ધરવાનાં છે. એવી જ રીતે ભારત સરકાર દ્વારા આઇકોનિક સ્થળ તરીકે જાહેર કરાયેલા પ્રાચીન નગર ધોળાવીરા ખાતે કુલ ત્રણ ફેઝમાં રૂ.૨૦૦ કરોડના ખર્ચે કામ હાથ ઉપર લીધાં છે. એમાંથી રૂ.૭૬ કરોડનાં કામોનું હમણાં જ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ખાતમુહૂર્ત પણ કર્યું છે. એ જ રીતે રૂ.૨૦ કરોડના ખર્ચે મહિસાગર જિલ્લામાં માનગઢ હિલ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવાનું આયોજન છે. મૂળ દ્વારકા ખાતે પણ આઇકોનિક બીચનો વિકાસ થતાં સબમરીન પ્રોજેક્ટ દ્વારકા માટે જેટી સહિતની સુવિધાઓ માટે રૂ.૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજની માગણીઓ પર ચર્ચા અને મતદાન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવા માટેની દરખાસ્ત કરું છું.

શ્રી અમિત ચાવડા (કૉંગ્રેસ પક્ષના નેતા) : અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડી વાર બાદ) સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રવાસન વિભાગની હું વાત કરતો હતો એમાં બેટ દ્વારકાની વાત થઇ. એનો માસ્ટર પ્લાન તૈયાર થઇ ગયો છે અને આપણે ત્રણ તબક્કામાં કામ કરવાનું છે. મોકર સાગર વેટલેન્ડ કે જ્યાં વિદેશી પક્ષીઓ ખૂબ આવે છે એને રૂ.૧૮૭ કરોડના ખર્ચે વિકસાવવાનું આયોજન છે. કચ્છ જિલ્લામાં આવેલ કોટેશ્વર તીર્થધામ નજીક લક્કીનાળા વિસ્તાર ખાતે ભારતમાં પ્રથમ વખત ''સમુદ્રી સીમાદર્શન'' માટે બોટ રાઇડના વિકાસનો પ્રારંભ કરવામાં આવ્યો છે. તેના માટે રૂ.૨૦૦ કરોડનો પ્રોજેક્ટ છે. તેમાં રૂ.૫૦ કરોડનું કામ પહેલાં તબક્કામાં હાથ ઉપર લીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જંગલ સફારી અને ઇકો-ટુરિઝમની વાત કરું તો વન વિભાગના જુદાં જુદાં સ્થળો જેવાં કે અંબાજી, વાંસદા અને કોટેશ્વર ખાતે જંગલ સફારી પાર્ક શરૂ થનાર છે, આવાં સ્થળો ખાતે જંગલ સફારીની બહારના ભાગમાં પ્રવાસીઓ તથા બીજી પાયાની સુવિધાઓ માટે રૂ.૪૫ કરોડના ખર્ચે આ જંગલ સફારી માટેની સુવિધા વિકસાવવાનું આયોજન છે. સાવલીમાં આવેલ કમળ તળાવ ખાતે રૂ.૭.૪ કરોડ અને ડભોઇમાં તેન તળાવ માટે રૂ.૩.૦૭ કરોડની નવી જોગવાઇ કરવામાં આવી છે. આણંદ જિલ્લાના મલાતજ તળાવ ખાતે ક્રોકોડાઇલ પાર્કને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા અને કનેવાલ તળાવ ખાતે પ્રવાસી સુવિધા વિકસાવવા માટેની જોગવાઇ કરવામાં આવી છે. બનાસકાંઠા જિલ્લાના પાલનપુર પાસે બનાસ નદીના કાંઠે વિશ્વેશ્વર મહાદેવનું મંદિર, સુપ્રસિદ્ધ બાલારામ મંદિર અને જેસોર રીંછ અભયારણ પર્યટનના મહત્ત્વપૂર્ણ સ્થળો માટે રૂ.૨૫ કરોડની જોગવાઇ સૂચવવામાં આવી છે. આખા દેશમાં પહેલીવાર જળઉત્સવ અમરેલી જિલ્લાના લાઠી તાલુકામાં થયેલો અને આદરણીય વડાપ્રધાનશ્રીએ વર્ષ ૨૦૨૩ના 'મન કી બાત' ના ૧૦૭મા એપિસોડમાં આ બાબતનો ઉલ્લેખ કર્યો હતો. રૂ.૩૫ કરોડના ખર્ચે જૂનાગઢના દરબાર હૉલ, ભૂજના આયના મહેલ તથા કચ્છના લખપત કિલ્લા માટેની પણ જોગવાઇઓ કરીને મેમોરિયલ તથા કિલ્લાના વિકાસની કામગીરી હાથ ધરાશે. અમદાવાદ જિલ્લાના લોથલ ખાતે પૈરાણિક આર્કિયોલોજીકલ સાઇટ મળી આવેલ છે. તેના માટે રૂ.૩૦ કરોડની જોગવાઇ કરી છે. ગુજરાત પેવેલિયન બનાવવાના આયોજનમાં રૂ.૮૦ કરોડનો ખર્ચ કરેલ છે. ચાલુ વર્ષે પણ તેમાં રૂ.૩૦ કરોડની જોગવાઇ કરી છે. દેવભૂમિ દ્વારકામાં ત્રિવેણી સંગમ વચ્ચે આવેલા ઇન્દ્રેશ્વર મહાદેવ મંદિર ખાતે ટુરિસ્ટ સર્કિટ માટે રૂ.૨૫ કરોડ, ભરૂચ જિલ્લામાં ભાડભૂત મંદિરની આજુબાજુના વિસ્તાર માટે રૂ.૩ કરોડની સુવિધાઓ, રાજકોટ જિલ્લાના જેતપુર તાલુકાના થાણા ગાલોળ ગામે આવેલ બૌદ્ધ વિહારને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા માટે રૂ.૫ કરોડ, ગુજરાતના મુખ્ય પ્રવાસન સ્થળો રોક ગાર્ડન, સ્કલ્પચર તથા સ્કાય વૉકના વિકાસ માટે રૂ.૮૦ કરોડની જોગવાઇ કરી છે. કચ્છ જિલ્લામાં પ્રવાસન ક્ષેત્રે ખૂબ વિકાસ થઇ રહ્યો છે. તેમાં કચ્છ જિલ્લાના પ્રવાસન ક્ષેત્રને આગળ વધારવા માટે અંજારમાં ગોવર્ધન પર્વત માટે રૂ.૧૯ કરોડ, ટપકેશ્વરી માતાજીના મંદિર માટે ૨૦ કરોડ, પીંગળેશ્વર બીચ માટે રૂ.૫ કરોડ, તેરા હેરિટેઝ વિલેજ અને રૂદ્રાણી ખાતે પણ સુવિધા વિકસાવવાનું આયોજન છે. માનનીય અધ્યક્ષશ્રી, આપશ્રીએ ગયા વખતે કહ્યું હતું કે માનનીય સભ્યશ્રીઓનાં સૂચનનું એક એક કામ લેજો. માનનીય ધારાસભ્યોશ્રી પ્રવાસન સમિતિમાં પણ સભ્ય છે. સમિતિના સૂચનમાંથી દરેક જિલ્લામાં પાંચ-પાંચ સ્થળો લેવા માટે રૂ.૩૦ કરોડની નવી આઇટમનો સમાવેશ કર્યો છે. રાજ્યમાં સર્કિટ બેઝ્ડ ટુરિઝમ ઉપર ભાર મૂકવા માટે ગાંધી સર્કિટ, બુદ્ધિસ્ટ સર્કિટ, કૃષ્ણ સર્કિટ, ઝવેરચંદ મેઘાણી સર્કિટ, કબીરવડ મેગા સર્કિટ અને તે સિવાય આપણે ત્યાં કબીરવડમાં મંગલેશ્વર ઘાટ, શુક્લતીર્થ ઘાટ માટે પણ આ વર્ષે જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પીપીપી પરિયોજના હેઠળ રાજ્યના વિવિધ ક્ષેત્રમાં વિકાસ કરવા માટે બીચ ટુરિઝમમાં માંડવી અને તિથલ બીચ રિસોર્ટનો પણ સમાવેશ કર્યો છે. બોર્ડર ટુરિઝમના વિકાસ માટે બનાસકાંઠાના નડાબેટ ખાતે ''સીમાદર્શન પ્રોજેક્ટ-નડાબેટ'' વિકસાવવામાં આવેલ છે. ગાંધીજીના જીવનમૂલ્યોને ઉજાગર કરતાં પ્રવાસી સ્મારકોમાં દાંડી માર્ચ ટુરિસ્ટ સર્કિટ, નેશનલ સોલ્ટ સત્યાગ્રહ મેમોરિયલ તેમજ પ્રવાસી સુવિધા કેન્દ્ર-દાંડીનો સમાવેશ થાય છે. પોલો ફોરેસ્ટ અને શિવરાજપુર ખાતે પણ ટેન્ટ સિટી વિકસાવવાનું આયોજન કર્યું છે. એ જ રીતે દ્વારકા, નારાયણ સરોવર, કોટેશ્વર, રૈયોલી અને

સ્ટેચ્યૂ ઓફ યુનિટી ખાતે પ્રવાસીઓને માહિતી અને માર્ગદર્શન મળી રહે એ માટે રૂ.૨૫ કરોડના ખર્ચે ટુરિસ્ટ ફેસિલિટેશન સેન્ટર, ટુરિસ્ટ રિસેપ્શન સેન્ટર અને ડોરમેટરી જેવી સુવિધા ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' અને 'આઝાદી કા અમૃત મહોત્સવ' માં આપણે આ વખતે તમિલ સંગમ અને માધવપુરના મેળા દ્વારા લોકો એકબીજાની નજીક આવે એ માટે રૂ.૧૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટકાઉ પ્રવાસન માટે વર્ષ ૨૦૨૪-૨૫માં પ્રવાસન ઉદ્યોગો, આંતરરાષ્ટ્રીય પ્રતિનિધિઓ અને એડવેન્ચર ટુર ઓપરેટર, વેડિંગ ટુરિઝમ, માઇસ ટુરિઝમ, ઇન્ફ્લુએન્સરની ફેમ ટુર માટે રૂ.૧૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. 'આતિથ્યમ્' પોર્ટલ પણ વિકસાવવામાં આવ્યું છે. 'સ્વચ્છ ભારત અભિયાન' અંતર્ગત રાજ્યના પ્રવાસન સ્થળોની સફાઇ માટે રૂ. ૨૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આપણા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન હેઠળ ગુજરાત વિશ્વમાં આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આપણા માનનીય મુખ્યમંત્રીશ્રીના સતત માર્ગદર્શન હેઠળ કામ કરતાં વિભાગ માટે હું જે માંગણીઓ લઇને આવ્યો છું એને સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે અને કાપ દરખાસ્ત પાછી ખેંચે એવી હું અપીલ કરું છું. આ બધી જ માંગણીઓ સર્વાનુમતે પસાર થાય એ જ વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું. અસ્તુ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ જે પ્રશ્ન મૂક્યો એમાં લગભગ બધાનાં કામ આવી ગયા છે છતાં પણ કોઇએ પ્રશ્નો પૂછવા હોય તો હાથ ઊંચો કરે. માનનીય મંત્રીશ્રી આનો જવાબ નહીં આપે પણ માનનીય સચિવશ્રીઓ નોંધ કરે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, છોટાઉદેપુર જિલ્લામાં નાની અંબાજી આસ્થાનું ધામ છે. આ અંગે પ્રવાસન નિગમમાં રૂ.૩ કરોડની દરખાસ્ત કરેલ છે. આ દરખાસ્ત ધ્યાને લઇ મંજૂર કરવામાં આવે અને સંખેડા તાલુકામાં ડુંગરી માતાના મંદિરની દરખાસ્ત પણ બે વર્ષથી મોકલાવેલ છે એ પણ મંજૂર કરવામાં આવે એવી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, મારું માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે, જંગલ ખાતા દ્વારા ગામડાઓમાં વન્ય જીવો અને પ્રાણીઓ જીવિત રહે એ માટે પાણીનાં તળાવો આવેલા છે. આ તળાવો વન્ય જીવો, પ્રાણીઓ અને પ્રકૃતિના નિભાવ માટે મદદ કરે છે. સાથે-સાથે જમીનમાં પાણીના તળને ઊંચા લાવવા માટે મદદરૂપ સાબિત થયા છે. આ તળાવો ખૂબ જૂના છે અને પુરાઇ ગયા છે. આ તળાવોમાં હાલની સ્થિતિએ પાણીનો જથ્થો ઓછો સંગ્રહિત થાય છે તો આ તળાવોને ઊંડા કરવા માંગો છો કે કેમ?

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને સૂચન છે કે, વડોદરા મહાનગરપાલિકા દ્વારા આજવા ખાતે જંગલ સફારી વિકસાવવામાં આવનાર છે. સરકારશ્રી આ માટે સ્પેશ્યલ ગ્રાન્ટ ફાળવે અને બાંધકામ અને વન્ય જીવોના સંરક્ષણ માટે સ્પેશ્યલ નિષ્ણાંતોની મદદ આપે તો વડોદરા મહાનગરપાલિકાને ઘણી મોટી મદદ થશે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારું સૂચન છે કે, અમારું જામનગર છોટી કાશીનું બિરુદ ધરાવે છે. અહીં જે પૌરાણિક મંદિરો આવેલા છે એને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, મારા મત વિસ્તારના દિયોદર અને લાખણી તાલુકાઓમાં તાલુકા મથક ખાતે સ્પૉર્ટ્સ સંકુલ બનાવવામાં આવે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને મારી વિનંતી છે કે, આ જે ટુરિસ્ટ સર્કિટ કરવામાં આવી છે એમાં નરસિંહ મહેતા ટુરિસ્ટ સર્કિટ જૂનાગઢ, સાસણ અને સોમનાથનો પણ સમાવેશ કરવામાં આવે અને માનનીય મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવીને મારી વિનંતી છે કે, જે રીતે દરેક જિલ્લામાં અલગ-અલગ મેડિકલ કૉલેજો બનાવવામાં આવી છે એ જ રીતે દરેક જિલ્લામાં લાઇબ્રેરી અને જીમનું પણ આયોજન સરકારશ્રી દ્વારા થાય.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, પાલિતણા વિશ્વનું જૈનોનું તીર્થધામ છે. પાલિતણા એ.પી.એમ.સી.થી જૂની મામલતદાર કચેરી સુધી બાયપાસ કાઢવામાં આવે. પ્રવાસીઓને ત્યાં આવતા બહુ ટ્રાફિક થાય છે. તો યાત્રાધામમાં લેવા માગો છો કે કેમ?

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, વલ્લભભાઇ પટેલને સરદારનું બિરુદ આપનાર બારડોલી ખાતે સરદાર વલ્લભભાઇ પટેલના નિવાસસ્થાનમાં ત્રણ વર્ષ અગાઉ રૂ.૧૮ કરોડ પ્રવાસન વિભાગમાંથી મંજૂર થયેલા, તે પૈકી પ્રથમ તબક્કાનું રૂ.૬ કરોડનું કામ થયેલ છે. બાકીનું કામ હજુ શરૂ થયેલ નથી. તો ચાલુ કરવા વિનંતી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, પોરબંદર મહાત્મા ગાંધીની જન્મભૂમિ છે અને ત્યાં વિદેશથી ક્રુઝ આવે છે. ક્રુઝમાં વિદેશના પ્રવાસીઓ આવે છે. એક વખત મારે એમની સાથે અનાયાસે મુલાકાત થઇ ગઇ હતી. આખા વિશ્વમાં ગાંધી મૅમૉરિયલો જોવા જેવા હોય છે પણ બર્થ પ્લેસની સ્થિતિ સારી નથી. એટલે આપના મારફતે સૂચન કરવા માગું છું કે પોરબંદરમાં વૈશ્વિક કક્ષાનું મહાત્મા ગાંધીનું એક મૅમૉરિયલ બનાવવામાં આવે તથા જે રીતે સાબરમતી આશ્રમનો વિકાસ થયો છે એ જ રીતે મહાત્મા ગાંધીની જન્મભૂમિનો વિકાસ કરવામાં આવે તો એ ધરોહર બની શકે અને મોટું પ્રવાસન સ્થળ બને તો એનાથી ત્યાં રોજગારી પણ વધે.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ )

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તાર દાંતીવાડાના જંગલ વિસ્તારમાં જે ગામડાઓ છે એમાં વિકાસનાં નવાં કામો કરવા માટે સરકારી સ્કૂલો, ડેરીઓ તથા ગામતળ નીમ કરવાના છે એ બધા માટેની દરખાસ્તો ખૂબ સમયથી પેન્ડિંગ પડી રહેલ છે. એ વિસ્તારમાં સરળતા થઇ જાય તો એ વિસ્તારનાં ગામડાઓનો વિકાસ થાય એવી મારી વિનંતી છે.

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, વડતાલ પવિત્ર યાત્રાધામ છે અને સરકારશ્રીએ તેને યાત્રાધામ તરીકે વિકસવવાનું નક્કી કર્યું છે ત્યારે એના કામો સરકાર લેવલે પેન્ડિંગ છે અને મંજૂરી મળી નથી. તો ઝડપથી મંજૂરી મળે એવી વિનંતી છે.

**કાપ દરખાસ્તો ક્રમાંક –૩, ૫, ૬, ૭, ૮, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૭, ૧૯, ૨૧, ૨૨, ૨૩, ૨૪, ૨૫, ૨૬, ૨૭ અને ૩૦ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૨૬, ૨૭, ૫૧, ૯૮ અને ૧૦૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી: આજે પહેલી બેઠક પછીના અત્યારના વિરામ સમયમાં માનનીય ધારાસભ્યશ્રી દિનેશસિંહ કુશવાહ તરફથી માનનીય મંત્રીશ્રીઓ તથા માનનીય ધારાસભ્યશ્રીઓ માટે ચોથા માળે બૅન્કવેટ હોલમાં બપોરના ભોજન માટેનું આયોજન કરવામાં આવ્યું છે અને તેમનું નિમંત્રણ છે તો તેની જાણકારી આપું છું.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧–૩૯ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે**
**(બીજી બેઠક)**
**સભાગૃહ બપોરના ૨-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન આપવા બાબત

*15/4/1900 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી** (ડીસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | વર્ષ ૨૦૨૨ માં મંજૂર કરેલ અરજીઓ: ૩૭<br>વર્ષ ૨૦૨૩ માં મંજૂર કરેલ અરજીઓ: ૨૮<br>કુલ : ૬૫ |
| (૨) | મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી? | (૨) | વર્ષ ૨૦૨૨ માં ફાળવેલ જમીન : ૨૯૦૦૧ ચો.મી.<br>વર્ષ ૨૦૨૩ માં ફાળવેલ જમીન: ૪૨૫૦૦ ચો.મી.<br>કુલ : ૭૧૫૦૧ ચો.મી. |

શ્રી પ્રવીણકુમાર ગો. માળી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાની અંદર સામૂહિક આરોગ્ય કેન્દ્રો, પેટા આરોગ્ય કેન્દ્રો અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને સરકારી જગ્યાની અંદર કેટલી અરજી મંજૂર કરવામાં આવી અને એ પૈકી કેટલી અરજીઓને જગ્યાની ફાળવણી કરવામાં આવી છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો. લોકોને સરકારી ડિપાર્ટમેન્ટમાં ઝડપથી કામ થાય એ બાબતે સરકારશ્રીએ મહેસૂલ વિભાગમાં તા.૨૩-૨-૨૦૨૨ના રોજ એક પરિપત્ર કરીને જમીન મહેસૂલ નિયમ-૧૯૭૨ હેઠળ જમીનની ઝડપથી ફાળવણી થાય અને ધોરણોમાં એકસૂત્રતા જળવાય તે હેતુથી સુશાસનના ભાગરૂપે આઇ-ઓરા પોર્ટલ ઓનલાઇન કરવામાં આવ્યું છે અને એના કારણે આજે સમગ્ર ગુજરાતમાં જયાં જયાં આ પ્રકારની વ્યવસ્થા હોય છે, ત્યાં આગળ ઝડપથી થતું હોય છે. માનનીય સભ્યશ્રીએ જે રીતે પૂછ્યું છે, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની કુલ ૧૨ અરજીઓ હતી એમાં ૭ નામંજૂર થઇ છે. પેટા આરોગ્ય કેન્દ્રોમાં કુલ ૭૨ અરજીઓ હતી, એમાંથી ૧૨ અરજી નામંજૂર થઇ છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ઝીરો ઝીરો, એટલે કુલ ૮૪ અરજીઓ છે, એમાંથી ૧૯ અરજીઓ નામંજૂર થઇ છે.

શ્રી અનિકેત ગિ. ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત હું પ્રશ્ન પૂછવા માગું છું કે આરોગ્ય કેન્દ્રોને જે જમીન ફાળવવામાં આવે છે, એમાં ગૌચરની જમીનમાં ઘટ ન થાય એ માટે શું વ્યવસ્થા કરવામાં આવેલ છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રીની નવી ગૌચર નીતિ મુજબ ગૌચર જમીન ફાળવવામાં આવે તેની સામે તેટલી જ સરકારી જમીન ગૌચર દરે નીમ કરવામાં આવે છે, જેથી ગૌચરની ઘટ પડતી નથી.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્રો માટે જે જમીન ફાળવી છે, એ પૈકી કેટલી જમીન ગૌચર, ગામતળ અને ખલવાડ અને સરકારી પડતર હેડેની છે અને આ આરોગ્ય કેન્દ્રો માટે જમીન ફાળવવાની નીતિ શું છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પૂછયું છે, તેમાં ગૌચર કુલ ૪૪૫૦૦ મીટર ફાળવવામાં આવી છે. ગામતળ ૪ હજાર મીટર, ખલવાડ ૨૫૦૧ મીટર અને સરકારી પડતર ૨૦૫૦૦ મીટર એમ કુલ ૭૧૫૦૦ મીટર ફાળવવામાં આવેલ છે. ગુજરાત જમીન મહેસૂલ નિયમ ૧૯૭૨ ના વહીવટી હુકમ ૩ તળે જમીન વર્ગફેર કરવામાં આવે છે. સરકારશ્રીએ મહેસૂલ વિભાગમાં તા.૧-૪-૨૦૧૭ના પરિપત્રથી થયેલ જોગવાઇ મુજબ સરકારી જમીન ફાળવવામાં આવે છે તથા ગૌચરની જમીન અને સરકારના મહેસૂલ વિભાગના તા.૧-૪-૨૦૧૫ તેમજ તા.૯-૩-૨૦૧૬ની ગૌચરની નીતિ મુજબ મહેસૂલ વિભાગની પૂર્વ પરવાનગી મેળવીને જમીન ફાળવવામાં આવે છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સરકારી વિભાગો આપણા પોતાની જરૂરિયાત જમીનની હોય છે એ માટે કલેકટરશ્રીને અરજી કરતા હોય છે. એ પછી આખી કામગીરી છે તે ડિસ્ટ્રિક્ટ ઇન્સ્પેકટર ઓફ લેન્ડ રેકોર્ડ ડી.આઇ.એલ.આર. એ કરવાની હોય છે. પરંતુ આ ડી.આઇ.એલ.આર.ની જે કચેરી છે, એમાં અપૂરતો સ્ટાફ હોવાને કારણે આ પ્રોજેકટ મંજૂર થયેલા હોય, પણ જમીન ન મળવાને કારણે એક એક વર્ષ મોડું થતું હોય છે. તો આ બાબતે સરકાર

પાસે માહિતી છે કે કેમ? જો હોય તો ડી.આઇ.એલ.આર.ની અંદર જે ખાલી જગ્યાઓ પડેલી છે એના કારણે સામાન્ય માણસોને તો તકલીફ પડે જ છે, પણ સરકારી વિભાગને પણ એટલી જ તકલીફ પડે છે એનો મારો પોતાનો અનુભવ છે તો એ જગ્યાઓ તાકીદે પૂરવા માગો છો કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો પ્રશ્ન બનાસકાંઠા જિલ્લાનો છે પણ માનનીય સિનિયર સભ્યશ્રીએ પૂછ્યું છે. આપણે પણ એના નિયમ બનાવ્યા છે એ નિયમના ધારાધોરણ મુજબ ૫૦૦ મીટર સુધી હોય તો પેટા આરોગ્ય, પ્રાથમિક આરોગ્યમાં દસ હજાર અને સામૂહિક આરોગ્યમાં દસ હજાર, કલેકટરશ્રીને પણ વિશાળ પાવર્સ આપ્યા છે અને બનાસકાંઠામાં અમારે મોડું થયું છે આવી કોઇ ફરિયાદ મળી નથી છતાં શ્રી અર્જુનભાઇ કંઇ ધ્યાન ઉપર લાવશે તો ચોક્કસ જોઇ લઇશું.

અધ્યક્ષશ્રી : પણ આમાં થોડી ગતિ વધારવી જોઇએ. એમણે વાત કરી છે તો એમનો પ્રશ્ન છે એને રેકોર્ડ ઉપર આપણે લઇએ કે એમની રજૂઆત છે. આવા કોઇ પ્રશ્ન હોય તો એનું ફોલોઅપ કરવું જોઇએ.

શ્રી બળવંતસિંહ રાજપૂત : ચોક્કસ સર.

**બનાસકાંઠા જિલ્લામાં કેનાલોની બાકી કામગીરી**

*15/4/1912: **શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નર્મદાની કયા પ્રકારની કેટલી લંબાઇની કેનાલો બનાવવાનું આયોજન હતું, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા મુખ્ય કેનાલની સાંકળ ૪૧૩.૬૪૨ કિ.મી પરથી સુઇગામ ડાયરેક્ટ વિશાખા નહેરની કુલ ૩૨.૧૮૮ કિ.મી લંબાઇની કેનાલ બનાવવાનું આયોજન હતું. |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઇની કેનાલો બનાવવામાં આવી, અને | (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ ૨૨ કિ.મી કેનાલ બનાવવામાં આવેલ છે. જે કામ હાલ પ્રગતિમાં છે. |
| (૩) | બાકી લંબાઇની કેનાલો બનાવવાનું કામ ક્યારે પૂર્ણ કરવામાં આવશે. **?** | (૩) | બાકી લંબાઇની કેનાલોનું કામ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે |

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે નર્મદા યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં તાલુકાદીઠ કેટલા ગામોને અને કેટલા પિયત વિસ્તારને નર્મદાનો લાભ મળનાર છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠાની અને ખાસ કરીને કૃષિ અને જે પશુપાલકો છે નર્મદા આધારિત જે સિંચાઇ થઇ એના કારણે આખા બનાસકાંઠાની અંદર જમીનોથી માંડી આર્થિક સમૃદ્ધિ ખૂબ હાલમાં જોવા મળે છે. પહેલા જે જમીનોના ભાવ હતા એ હવે લાખો અને કરોડોમાં હવે ત્યાં થવા જઇ રહ્યા છે. નર્મદા યોજના હેઠળ આઠ શાખા નહેરો થકી બનાસકાંઠા જિલ્લાના છ તાલુકાના ૨૩૪ ગામોના કુલ ૧,૬૮,૦૬૩ હેકટર વિસ્તારને સિંચાઇનો લાભ મળનાર છે. જો તાલુકાવાર વાત કરીએ તો ભાભરમાં ૨૮,૭૮૦ અને સમાવિષ્ટ ગામ ૫૩, વાવમાં ૬૬,૯૫૧ સમાવિષ્ટ ગામ ૭૪, સુઇગામ ૩૪,૦૫૭ હેકટર સમાવિષ્ટ ગામ ૩૯. આ ત્રણે ત્રણ તાલુકા માનનીય ગેનીબેનના વિસ્તારના છે અને ખૂબ મોટો લાભ એ વિસ્તારને થઇ રહ્યો છે. સાથેસાથે શ્રી અમૃતજીના કાંકરેજમાં ૧૩,૫૪૨ હેકટર અને ૨૭ ગામોને ત્યાં લાભ મળે છે અને શ્રી કેશાજી આપના વિસ્તારમાં પણ ૩૩૮ હેકટર અને એક ગામને લાભ મળી રહ્યો છે. થરાદની અંદર માનનીય અધ્યક્ષશ્રી જયાંથી આપ પ્રતિનિધિત્વ કરો છો ,..

અધ્યક્ષશ્રી : કોના કોના વિસ્તારમાં છે એવી માગણી માનનીય સભ્યશ્રીએ કરી નથી.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : સર, પણ મને યાદ છે કે કોના વિસ્તારમાં કયા કામ થયાં છે અને કયા બાકી છે.

અધ્યક્ષશ્રી : તમે બધાને જાણો છો એ બરાબર છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, થરાદમાં પણ ૨૪,૩૯૬ હેકટર અને ૪૦ ગામોને આનો લાભ મળી રહ્યો છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે જે નર્મદા આધારિત કમાન્ડ એરિયામાં આવતી જે બ્રાંચ કેનાલો અને ડિસ્ટ્રિબ્યુટિંગ કેનાલો જે તે વખતે બનાવી અને કયાંક નવી બનાવવા માટે રાજય સરકારમાં આખો પ્રોજેકટ મોકલેલો છે, એની કયાંક પ્રાથમિક મંજૂરીઓ મળેલી છે, પણ વહીવટી મંજૂરી મળતી નથી એના કારણે દિનપ્રતિદિન એ કેનાલો તૂટવાથી રાજય સરકારને અને ખેડૂતોને નુકસાન થઇ રહ્યું છે તો મારી આપને વિનંતી છે કે જે અધિકારી આ પ્રોજેકટ બનાવીને કયાંક લંબાઇ વધારવાની છે, કયાંક એનું સમારકામ કરાવવાનું છે કે નાનાં મોટાં કામો માટે વેજપુર અને કે.બી.સી. આ બે કેનાલો માટે રાજય સરકારને મોકલેલું છે તો આ વહીવટી મંજૂરી કયારે આપવામાં આવશે અને આ કામ કયારે ચાલુ કરવામાં આવશે એટલું જાણવા માગું છું?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ ડેમ અને આખી ઈરીગેશનની વ્યવસ્થા, એમાં કેનાલો હોય કે પાઇપલાઇન હોય. પાઇપલાઇન દ્વારા પણ આપણે તળાવો ભરીએ છીએ એટલે મેન્ટેનન્સની આ સતત પ્રક્રિયા આપણી ચાલુ

હોય છે અને સાથે નવી કોઇ દરખાસ્ત હોય અને કમાન્ડ વિસ્તાર સિવાય પણ કયાંક જરૂર પડે તો રાજય સરકારમાં જો પાણીનો જથ્થો અવેલેબલ હોય તો એ પ્રકારની દરખાસ્તો રાજય સરકારમાં વિભાગ કક્ષાએ થતી હોય છે અને લોકોનો અવાજ એ અમારા માટે મહત્ત્વનો અવાજ છે અને એને અમે ઇશ્વર અવાજ માનીએ છીએ અને એ ઇશ્વર અવાજને માની અને વધુમાં વધુ લાભ કેવી રીતે ખેડૂતોને થાય એની આ સતત ચાલતી નિરંતર પ્રક્રિયા છે.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ઉત્તર ગુજરાત માટે જે સુજલામ સુફલામ કેનાલ કરી છે એના મારફતે ખૂબ મોટો ફાયદો થયો છે. પણ મારી વિનંતી છે કે મારા વિસ્તારની અંદર રાહથી નેનાવા સુધી કોઇ કારણસર સુજલામ સુફલામ કેનાલ કરવાની બાકી રહી છે. એ માટે સરવે થયો, ખેડૂતોને સહમત કર્યા હતા પણ ૭ કિલોમિટરનો વિસ્તાર બાકી છે તો એ થઇ જાય તો સારું.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમનું સૂચન છે. પરંતુ ચોક્કસ મેં અગાઉ કહ્યું એમ પ્રજાના હિત માટે જ્યાં શક્ય હોય ત્યાં એ પાઇપલાઇન હોય, તળાવો ભરવાનો વિષય હોય કે લિફ્ટ ઇરિગેશન, લિફ્ટ ઇરિગેશન તો આપણે આદિવાસી વિસ્તારમાં ખૂબ મોટી યોજનાઓ મૂકી છે. કારણ કે પર્વતાળ પ્રદેશ અને ભૌગોલિક વિસ્તારના કારણે ત્યાં પણ કરીએ છીએ. જ્યાં મેદાની વિસ્તાર છે ત્યાં પણ વધુમાં વધુ આ સરકાર અને ઇરિગેશન પીવાનું પાણી અને ખેતરોને પાવાના પાણી માટે બિલકુલ કૃતનિશ્ચયી છે. શક્ય હોય એટલા વધુમાં વધુ કામો કેમ કરી શકાય, અમારો તો મંત્ર છે કે હર ખેતકો પાની એટલે શક્ય હોય તો અને અવેલેબલ હોય તો દરેક સુધી પાણી પહોંચે એનો પ્રયાસ સરકાર કરતી હોય છે.

**અમદાવાદ પોલીસ કમિશનર હેઠળના પોલીસ સ્ટેશનોમાં મંજૂર મહેકમ**

***15/4/2390 : શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ પોલીસ કમિશનરના તાબા હેઠળના તમામ પોલીસ સ્ટેશનોમાં કેટલું મહેકમ મંજૂર થયેલ છે. | (૧) તારીખ ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ પોલીસ કમિશનરના તાબા હેઠળ કોઇ પણ પોલીસ સ્ટેશન માટે મહેકમ મંજૂર થયેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ મંજૂર થયેલ મહેકમ મુજબ કેટ કેટલી જગ્યા કેટલા સમયથી ખાલી છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) મંજૂર મહેકમ મુજબ ખાલી જગ્યા ભરવા સરકારે શું કાર્યવાહી કરી? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, એક તરફ ગુજરાતની અંદર નકલી તલાટી, નકલી ડી.વાય.એસ.પી., નકલી ટોલનાકુ, નકલી પી.એમ.ઓ., નકલી સી.એમ.ઓ., મંત્રીના પી.એ.નકલી, સરકારી કચેરી નકલી, આ બધું નકલી (અંતરાય)

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી ઇમરાન ખેડાવાલા : મારો પ્રશ્ન એ છે કે આ બધું નકલી ચાલી રહ્યું છે.

અધ્યક્ષશ્રી : ધારાસભ્ય નકલી ન હોય. એવું ના બોલી શકાય.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, નકલી ચાલી રહ્યું છે એટલે નકલીને પકડવા માટે અસલી મહેકમ ભરવાની જરૂર છે એની વાત કરું છું. જ્યારે આ બધું નકલી ચાલતું હોય ત્યારે અસલીની જગ્યા ભરવી એ ગુજરાતના માટે અને આપણા સૌના માટે ખૂબ જ જરૂરી છે. માનનીય મંત્રીશ્રી પાસેથી હું એટલું જ જાણવા માગું છું કે આ જગ્યાઓ ક્યારે ભરાશે? અને તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાં કુલ પોલીસ કોન્સ્ટેબલ, હેડ કોન્સ્ટેબલ, પી.એસ.આઇ., પી.આઇ., ડી.વાય.એસ.પી., એ.સી.પી.નું મહેકમ મંજૂર થયેલ છે એમાંથી કેટલું ભરાયેલ છે અને કેટલી જગ્યા ખાલી છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મારે અસલી-નકલીમાં બોલવું નથી. આપે જેમ જણાવ્યું એ પ્રમાણે ધારાસભ્ય તો અસલી જ હોઇ શકે. માનનીય સભ્યશ્રી દ્વારા જે માહિતી માગી છે જેમાં પોલીસ કોન્સ્ટેબલથી લઇને પોલીસ ઇન્સ્પેકટર સુધી કુલ ૧૨,૮૦૪ મંજૂર મહેકમમાં ૯૯૪૮ હાજર છે એટલે કે ૭૮ ટકા જેટલું મહેકમ હાજર છે અને હાલની ભારતીમાં મહેકમનો ગેપ છે એ પૂર્ણ કરવામાં આવશે. પરંતુ એટલું કહું છું કે અમારું ૭૮ ટકા મહેકમ છે એ અમદાવાદમાં ગમે ત્યાં કોઇપણ ગુનેગારને છુપાવશો, છૂપાઇને રહેશે એને ગમે ત્યાંથી પકડીને તમામ લોકોને ન્યાય આપવાની કામગીરી ઝડપથી કરશે અને આ જે મહેકમની ઘટ છે એ પૂર્ણ કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : શ્રી ઇમરાનભાઇના વિસ્તારમાં કોઇ ગુના કે એ રીતે હોય તો તમારે ધ્યાન રાખવું. એમના ઉપર વધારે સ્નેહ રાખવો જોઇએ. (અંતરાય)

શ્રી હર્ષ ર. સંઘવી : મારો એમના ઉપર પૂરો સ્નેહ છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી ત્યારથી તો રામનું રાજ્ય છે અને ગુજરાતની બધી જ પ્રજા સુખી છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રશ્ન આમ તો મહેકમનો છે અને આપે મને સમય આપ્યો છે ત્યારે ચિંતાનો વિષય કરે એવો મુદ્દો મારે મૂકવો છે એટલા માટે હમણા થોડા સમય પહેલા અમારે ત્યાં વેરાવળ મુકામે ૩૫૦ કરોડ રૂપિયાની કિંમતનું ડ્રગ્સ પકડવામાં આવ્યું છે. એ ડ્રગ્સ દરિયા મારફત વેરાવળ સુધી પહોંચ્યું હતું પણ પોલીસની જાગૃતતા,

મારા હોમ ડિપાર્ટમેન્ટની જાગૃતતાના કારણે અને બાતમીદારની જાગૃતતાના કારણે ડ્રગ્સ પકડાયું છે એટલે પહેલા તો હું વિભાગને પણ અભિનંદન આપું અને મારી ગીર સોમનાથ જિલ્લાની પોલીસને પણ અભિનંદન આપું.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન શું છે?

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન એ છે કે સરકારે અને વિભાગે અમારી ગીર સોમનાથ જિલ્લાની પોલીસને તો બિરદાવીને ઇનામ ડિકલેર કર્યું જ છે અને આપ્યું છે પણ જે બોટ માલિક છે, જે બોટ માલિકે આમાં સહયોગ આપ્યો છે અને ડ્રગ્સ પકડવામાં જેણે મદદ કરી છે એ બોટ માલિકને જો ઇનામ આપવામાં આવે તો દરિયાઇ પટ્ટીમાં આવી પ્રવૃત્તિ કરનારને થોડીક રોક લાગે અને માછીમાર લોકો છે એને આવી પ્રવૃત્તિઓ કરતા હોય તો બાતમી મળી શકે તો બોટ માલિકને ઇનામ આપવા માગે છે કે નહીં?

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ભલે અમદાવાદનો હોય માનનીય મંત્રીશ્રી, આપની પાસે વિગત હોય તો આપો.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ભગાભાઇ એક જાગૃત ધારાસભ્ય છે. જે દિવસે આ ખૂબ મોટું એચીવમેન્ટ ગીર સોમનાથ પોલીસ દ્વારા આખું મોટું ડ્રગ્સનું રેકેટ જયારે પકડવામાં આવ્યું ત્યારે જાગૃત ધારાસભ્ય તરીકે એમનો મારા ઉપર ફોન આવેલો. એસ.પી. અને ડી.જી.પી.ની જોડેજોડે એમણે પણ મને સંપૂર્ણ લોકલ માહિતી જે છે એ આપી હતી. એ દરમિયાન જ એમણે મને કહ્યું હતું કે આ માછીમાર સમાજ ખૂબ મોટા પ્રમાણમાં જયારે દરિયામાં જતો હોય, ઇન્ટરનેશનલ બોર્ડર ઉપર જતો હોય આ ખૂબ એક્ટીવ સમાજ છે. વધુ માહિતી મળે એ માટે આપણે એ સમાજને કઇ રીતે પ્રોત્સાહન આપી શકીએ? અમે એ જ દિવસે નકકી કરેલું અને રાજયના અનેક એવા એવોર્ડ હોય છે કે જે એવોર્ડ આપણે આવા સાહસિક લોકોને આપતા હોઇએ છીએ. કાલે જ તાત્કાલિક રાજયના ડી.જી.પી. ગીર સોમનાથ ગયેલા હતા. ગીર સોમનાથ જઇને ગીર સોમનાથ પોલીસને રૂ.૧૦ લાખનું ઇનામ આપી અને સાથેસાથે આ માછીમાર બોટઓનર જે હતા એમને પણ પ્રોત્સાહનનું સર્ટિફિકેટ આપ્યું છે અને ઇનામની રાશી છે એની પ્રોસિઝર અમને જે દિવસે કહેલું ત્યારથી ચાલુ છે અને તાત્કાલિક એ કામગીરી પણ કરવામાં આવશે. આનાથી આપણે વધુમાં વધુ પ્રોત્સાહન લોકોને આપવા માગીએ છીએ જેથી આવા જે બોટ માલિકો છે જે માછીમારભાઇઓ છે, જે દરિયાઇ બોર્ડરમાં જતા હોય એ વધુમાં વધુ પ્રોત્સાહિત થઇને આ પ્રકારની માહિતી અને આ પ્રકારની કામગીરીમાં પોલીસને સહયોગ આપે તે દિશામાં જે એમનું સૂચન છે એ સૂચન આવકાર્ય છે અને આ બાબતે અમે ઝડપથી કાર્યવાહી પૂર્ણ કરીશું.

અધ્યક્ષશ્રી : સત્વરે કરવું જોઇએ.

શ્રી હર્ષ ર. સંઘવી : જરૂરથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે લગભગ ૩૦૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે અને આ જે આંકડા આપ્યા છે, તમે જે માહિતી આપી છે એ ર વર્ષ પહેલાના મહેકમ મુજબ છે. ત્યારે મારે મંત્રીશ્રી પાસેથી એટલું જ જાણવું છે કે એન.સી.આર.બી.ના આંકડા મુજબ અમદાવાદ શહેર જે ૧૦ મેટ્રોસિટી છે એમાં ક્રિમિનલ ક્રાઇમમાં સૌથી અગ્રેસર છે તો માનનીય મંત્રીશ્રી એટલું જણાવે કે અમદાવાદ શહેરની વસ્તીના ધોરણે પોલીસની ઘટ કેટલી છે?

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ કોઇપણ પ્રશ્ન પૂછે ત્યારે પોતે જયારે કોઇના ઉપર માનનીય મંત્રીશ્રી પાસે વાત કરે છે અથવા તો આક્ષેપાત્મક કોઇ વાત કરે છે તો આપની પાસે એના ફિગરો હોવા જરૂરી છે. એ આપના ધ્યાનમાં રહે જ અને જો આપની પાસે પૂરતા પુરાવા ન હોય તો મોઘમ કોઇના ઉપર આક્ષેપ સીધો કરી શકાતો નથી. તો આવો કોઇ આક્ષેપ હોય અને માનનીય મંત્રીશ્રી જવાબ આપે અને પછી જો લાગે કે આક્ષેપ યોગ્ય નથી તો તેવા આક્ષેપોને રેકર્ડ ઉપરથી દૂર કરવામાં આવશે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી શૈલેષભાઇએ ગૃહની જે માગણી હતી ત્યારે પણ ચર્ચામાં એન.સી.આર.બી.ના ડેટાને ટાંકીને અમદાવાદ શહેરના ક્રાઇમની જયારે વાત કરી હતી ત્યારે મારા જવાબની અંદર અમદાવાદ શહેરને અને બીજાં શહેરો મેગાસિટીની જે વાત છે એના આંકડા મેં આપેલા હતા. અમદાવાદ શહેર ક્રાઇમમાં કોઇ મોખરે નથી, પરંતુ અમદાવાદ શહેર શ્રેષ્ઠ જરૂરથી છે. અમદાવાદ શહેર નાની નાની દીકરીઓ ઉપર થતા અત્યાચાર, એની ઉપર થયેલા દુષ્કર્મ એ દુષ્કર્મમાં અમદાવાદ શહેર, ગુજરાત રાજય એ દેશમાં એક માત્ર રાજય એવું છે કે જેને નંબર ઓફ ફાંસી જેટલા દિવસમાં ચાર્જશીટ કરવાની હોય એટલા દિવસમાં ગુનેગારોને સજા અપાવવાની કામગીરી અમદાવાદ પોલીસ, ગુજરાત પોલીસે કરી છે. જે પોલીસ માનવબળની વાત કરી. મેં ગૃહની ચર્ચા દરમિયાન પણ કહ્યું હતું કે પોલીસ પબ્લિક રેશિયો જે હોય છે પી.પી.આર. એ પી.પી.આર.નો રેશિયો વધારવાની દિશામાં આગળ વધવા માટે આ વર્ષે પણ ખૂબ મોટી ભરતી એટલે ૧૧૦૦૦થી વધારે સ્ટાફ આપણે પોલીસમાં ભરીશું. નવા બજેટમાં મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ જે પરમિશન આપી તેના પછી આ વર્ષે બજેટમાં ખૂબ મોટી સંખ્યામાં આપણે સ્ટાફ વધારવાનું નક્કી કર્યું છે. ખાસ કરીને સંખ્યાની જે ઘટ છે તેમાં આ વર્ષે જે ભરતી થશે તેમાં મોટાભાગે આ ઘટ પૂરી કરી લેવામાં આવશે. મારી સભાગૃહને વિનંતી છે કે, એન.સી.આર.બી.ના જે ડેટા આપણે વાંચીએ છીએ ત્યારે આ જે ડેટા અમદાવાદના છે તેની કમ્પેરિઝનમાં અમદાવાદની બરાબરમાં બીજા કેટલા સિટી છે અને તે સિટીમાં આપણો કયો નંબર છે તે જોવું જોઇએ. ઓવરઓલ ક્રાઇમની વાત કરીએ તો ૩૬ રાજ્યોમાંથી ૩૩મો નંબર આપણો છે. બીજાં ત્રણ રાજ્યો આપણા પછીના છે તે અમદાવાદ સિટીની જન સંખ્યા કરતાં નાના છે. મારું એવું માનવું છે કે, પોલીસદળ માટે દરેક ધારાસભ્ય પોત પોતાના વિસ્તારમાં વધુમાં વધુ હોય તેના માટેની માગણી હોવી જ જોઇએ. તે વ્યાજબી

માગણી છે. તે માગણી ઉપર અમે કામગીરી કરીએ છીએ અને તે ઝડપથી પૂર્ણ થશે. પરંતુ ક્રાઇમની વાત છે તે વાત યોગ્ય નથી અને સાચી નથી.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહમાં જ્યારે વેરાવળની વાત થઇ છે ત્યારે સૌ પ્રથમ તો ગૃહમંત્રી અને સમગ્ર પોલીસ ફોર્સને ધન્યવાદ આપું છું. મારો પ્રશ્ન આને લગતો જ છે. આ પોલીસ ફોર્સને વધુ સ્ટ્રેન્ધન કરવા માટે વિવિધ સંવર્ગના પોલીસ અધિકારી અને કર્મચારીની ભરતી અંગેનું કોઇ સૂચિત આયોજન છે? અને છે તો શું છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ જણાવ્યું તેમ આ વર્ષે આપણે ૧૧ હજારથી વધારે લોકોની ભરતી કરી રહ્યા છીએ. ૧૧૪૯૯ લોકોની ભરતી કરી રહ્યા છીએ. ૧૧૪૯૯ લોકોની ભરતીમાં બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર છે, બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ છે, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ છે અને હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (એસ.આર.પી) છે. આના આંકડા જોઇએ તો બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર ૫૯૭, બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૬૬૦૦, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ ૩૩૦૨, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ(એસ.આર.પી.)૧૦૦૦ છે. આ ૧૧૪૯૯ની ભરતી જેવી પૂર્ણ થશે એવી જ મોટાભાગના જિલ્લાઓ અને મોટાભાગનાં શહેરોમાં સ્ટાફની જે કમી છે તે પૂર્ણ થશે.

શ્રીમતી કંચનબેન વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવા માગું છું કે, તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પોલીસદળમાં વર્ગ–૧, વર્ગ–૨ અને વર્ગ–૩માં સંવર્ગવાર કેટલા કર્મચારી અને કેટલા અધિકારીઓની ભરતી કરવામાં આવી છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં ૧૨૮૧૬ લોકોની પોલીસ વિભાગમાં ભરતી કરવામાં આવી છે. ડી.વાય.એસ.પી. કક્ષામાં–૪૧, બિન હથિયારી પોલીસ ઇન્સપેક્ટર–૪૦, બિન હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર–૩૦૦, હથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર–૭૨, ઇન્ટેલિજન્સ ઓફિસર–૨૭, પોલીસ સબ ઇન્સ્પેક્ટર(વાયરલેસ)–૬૨, પોલીસ સબ ઇન્સ્પેટકર(એમ.ટી)–૦૨, બિન હથિયારી એ.એસ.આઇ.–૯૮૩, બિન હથિયારી પોલીસ કોન્સ્ટેબલ(લોકરક્ષક)–૫૨૧૨, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ (લોકરક્ષક)–૭૯૭, હથિયારી પોલીસ કોન્સ્ટેબલ(એસ.આર.પી)૪૫૫૦, ટેકનિકલ ઓપરેટર (વાયરલેસ)–૨૦૦ની ભરતી કરવામાં આવી છે.

**સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કોવિડ–૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવવા બાબત**

*15/4/2317 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કોવિડ–૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિઓના વારસદારોને સરકાર દ્વારા અપાતી સહાયના ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવી છે તે હકીકત સાચી છે, | (૧) હા સાચી છે. |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમોએ કેટલી રકમ મેળવી હોવાનું સામે આવ્યું, | (૨) ગાંધીનગર અને સાબરકાંઠા જિલ્લામાં આવા કિસ્સાની વિગત નીચે મુજબ છે: |

| ક્રમ | જિલ્લો | ઇસમોની સંખ્યા | ચૂકવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ગાંધીનગર | ૩૨ | ૧૬,૦૦,૦૦૦ |
| ૨ | સાબરકાંઠા | ૪ | ૨,૦૦,૦૦૦ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૩) તે પૈકી ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ પરત વસૂલવામાં આવી, | (૩) ગાંધીનગર જિલ્લામાં ૩૨ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે. તેમજ નામ.કોર્ટમાં કેસ ચાલુ હોઇ રકમ વસૂલ લેવામાં આવેલ નથી. સાબરકાંઠા જિલ્લામાં ૪ ઇસમો વિરુધ્ધ પોલીસ ફરિયાદ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ હોઇ રકમ વસૂલ લેવામા આવેલ નથી. |
| (૪) ઉક્ત જિલ્લાવાર કેટલા ઇસમો પાસેથી કેટલી મૂળ રકમ અને કેટલી વ્યાજની રકમ વસૂલવાની બાકી છે, અને | (૪) અને |
| (૫) ઉક્ત સ્થિતિએ બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા? | (૫) |

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, કોવિડના ગુજરાત સરકારના સત્તાવાર આંકડા પ્રમાણે લગભગ ૯૬૦૦ જેટલા લોકોના કોવિડમાં મૃત્યુ થયા હતા. જ્યારે સહાય ચૂકવવાની વાત આવી ત્યારે ૫૦ હજાર કરતાં પણ વધારે લોકોને આ સહાય ચૂકવી છે. નેશનલ ડિઝાસ્ટર રિલીફ ફંડની ગાઇડલાઇન અનુસાર માનવ મૃત્યુમાં ૪ લાખ ચૂકવવાપાત્ર હોય છે. જયારે આ સરકારે માત્ર ૫૦ હજાર રૂપિયા જ ચૂકવ્યા છે. મારા પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે, ગાંધીનગરમાં ૩૨ વ્યક્તિઓ અને સાબરકાંઠામાં ૦૪ વ્યક્તિઓને ખોટા  દસ્તાવેજોથી સહાય ચૂકવવામાં આવી છે. ગાંધીનગરમાં કોર્ટ કેસ હોવાથી વસૂલાત કરી શક્યા નથી. સાબરકાંઠા જિલ્લામાં ચાર વ્યક્તિ છે તેમાં જવાબમાં એવું જણાવેલ છે કે, પોલીસ ફરિયાદ કરવાની કાર્યવાહી ચાલુમાં હોવાથી અમે કોઇ કાર્યવાહી કરી શક્યા નથી. કોવિડ ૨૦૧૯માં આવેલો અને આપણે આજે ૨૦૨૪માં બેઠા છીએ. આટલાં વર્ષ એટલે કે પાંચ વર્ષમાં પોલીસ ફરિયાદ દાખલ ના કરી શકાતી હોય તો આ કાર્યવાહી કયારે કરશે અને કેટલા સમયમાં પૂર્ણ કરશે?

બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વમાં જ્યારે કોવિડ આવ્યો ત્યારે સમગ્ર ભારતમાં જે પરિસ્થિતિનું નિર્માણ થયું હતું એ વખતે આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આખા દેશમાં જે પ્રકારની વ્યવસ્થા ઊભી કરી અને એના ભાગરૂપે ગુજરાત રાજયમાં પણ જે વ્યવસ્થા થઇ એને કારણે અનેક પ્રકારની વેક્સિન વગેરેની સુવિધાઓની આખા વિશ્વએ નોંધ લીધી. ૧૦૦થી વધારે દેશોને આપણે રસી આપી અને અનેક પ્રકારનાં સારાં કામ કર્યાં છે. અમે જવાબમાં સ્વીકારીએ છીએ કે ૩૨ વ્યક્તિઓ અને બીજા ૪ વ્યક્તિઓ પાસેથી ૧૬ લાખ રૂપિયા એની પાસેથી વસૂલ કરવાના થતા હતા. એમાં સ્થિતિ એવી છે કે એ સમયે કોવિડમાં કોઇ વ્યક્તિ મૃત્યુ પામે ત્યારે એ વખતે લાગણી એવી હતી કે કોઇને કોવિડ થયો હોય અને મૃત્યુ પામે ત્યારે અમુક દિવસે ખબર પડે કે આ તો કોવિડના કારણે મૃત્યુ થયું હતું એવા અનેક પ્રકારનાં કારણો હતાં એ સમયે જે લોકોએ આવું ખોટું કર્યું હતું એની સામે પોલીસ ફરિયાદ દાખલ થઇ ગયેલ છે. ડો.તુષારભાઇના જવાબમાં જ સ્પષ્ટ લખ્યું છે કે, ગાંધીનગરના ૩૨ ઇસમો સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને નામદાર કોર્ટમાં કેસ કરેલ છે, પરંતુ હજુ હુકમ આવેલ નથી પણ સાબરકાંઠા જિલ્લાના ૪ ઇસમો સામે પોલીસ કેસ દાખલ કરવાની કાર્યવાહી ચાલુ છે. જે લોકો આમાં સડોવાયેલા હતા એ બધાની સામે આપણે પોલીસ ફરિયાદ અને તપાસ કરીને આપણે પગલાં લીધાં છે અને આવનાર સમયમાં ચોક્કસપણે પગલાં લેવાનાં છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમનો પ્રશ્ન એટલો જ છે કે, જે ચાર જણ બાકી છે એની સામે પોલીસ ફરિયાદ કરવાની છે કે નહીં?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એમાં તપાસ કરીને એ લોકો દોષિત જણાશે તો આપણે ફરિયાદ દાખલ કરી દઇશું.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯ કોવિડ પછી સાબરકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી અને જે કોવિડના પિરિયડમાં શંકાસ્પદ રીતે કોવિડથી મૃત્યુ પામ્યા હોય અથવા તો એ પછી મરણ પામ્યા હોય એમાં જે અત્યારે આક્ષેપ કરવામાં આવી રહ્યો છે એમાં આ જે મરણ થયેલ છે એવું જણાવ્યું છે પણ એ ખરેખર મરણ થયેલા છે કે નહીં? એ હું જાણવા માગું છું.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એન્ડ ઓથોરીટીએ તા.૧૧-૦૯-૨૦૨૧ના પત્રથી જાહેર થયેલ મુજબ ભારત સરકારની એસ.ડી.આર.એફ.ની તા.૧૦-૧૦-૨૦૨૨ની ગાઇડલાઇન અનુસાર જ્યાં સુધી કોવિડ-૧૯ની પરિસ્થિતિ જ્યાં ચાલુ છે ત્યાં આવી પરિસ્થિતિમાં કોવિડ-૧૯થી મૃત્યુ પામેલા વ્યક્તિના વારસદારને સહાય ચૂકવવામાં આવે છે. સાબરકાંઠા જિલ્લામાં કોવિડ-૧૯માં મૃત્યુ પામેલા વ્યક્તિઓના કુલ-૯ વારસદારોએ ખોટા દસ્તાવેજો રજૂ કરી સહાય મેળવેલ હતી એ તમામ વારસદારો વિરુદ્ધ આપણે પોલીસ ફરિયાદ દાખલ કરેલી છે તે પૈકી ૪ ઇસમોને સહાયની રકમ ચૂકવી છે એ ૪ ઇસમો પાસેથી એ રકમ વસૂલ કરવામાં આવેલ છે. જ્યારે ૫ ઇસમોને સહાય ચૂકવવામાં આવેલ નથી. આમ હાલની પરિસ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કોઇ ઇસમ પાસે સહાયની રકમની વસૂલાત કરવાની બાકી રહેતી નથી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, કોવિડ-૧૯માં ખૂબ ખરાબ દિવસો આપણે સૌએ જોયા છે. એ સમયે જે મૃત્યુ થયા એમાં સહાય માટે પણ લોકોએ ખૂબ સંઘર્ષ કર્યો છે ત્યારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એટલું જ જાણવું છે કે, ગુજરાત આખામાં કોરોનામાં કુલ કેટલા મૃત્યુ થયા હતા અને, એ પૈકી કેટલા લોકોને સહાય ચૂકવવામાં આવી? અને જો આખા ગુજરાતની માહિતી ન હોય તો આ બે જિલ્લાની માહિતી આપશો તો પણ ચાલશે. બીજું, કોરોના વોરિયર્સ સરકારી કે અર્ધ સરકારી કર્મચારીઓ હતા એવા કેટલા કર્મચારીઓ આમાં મૃત્યુ પામ્યા છે?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, નામદાર સુપ્રીમકોર્ટે તા. ૨૯-૧૧-૨૦૨૧ના રોજ ગુજરાતનું ઉદાહરણ આપીને દેશમાં પહેલ કરીને જે લોકો મૃત્યુ થયા હતા એને માટે મોબાઇલ એપ્લિકેશન ડેવલપ કરવામાં આવી અને હજારો લોકોને આપણે લાભ આપ્યો હતો અને સુપ્રીમકોર્ટે એની નોંધ લીધી હતી. જે પ્રમાણે એમણે પ્રશ્ન પૂછ્યો છે, આ પ્રશ્ન માત્ર સહાય પૂરતો અને વ્યક્તિઓ પૂરતો જ છે એટલે વધારાની માહિતી જોઇતી હશે તો હું આપને આપીશ.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આપ વ્યકિતગત મળીને માહિતી લઇ લેજો. શું કામ ગૃહની કાર્યવાહી મોટી કરો છો? એમણે કહ્યું કે આપને માહિતી જોઇશે તો અવેલેબલ કરશે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ એટલા માટે પૂછું છું કે આજે પણ કોરોના વોરિયર્સ તરીકે જે લોકોએ કામ કર્યું છે તેઓ સહાય માટે ધક્કા ખાય છે.

અધ્યક્ષશ્રી : આપને વાત કરી કે વિગત જોઇશે તો પહોંચાડશે. તેમને જોઇએ છે એટલે તમે પહોંચાડી દેજો.

શ્રી બળવંતસિંહ રાજપૂત : જી.

### જૂનાગઢ જિલ્લામાંથી નકલી ડી.વાય.એસ.પી. પકડવા બાબત

***15/4/2461: શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાંથી પકડી પાડવામાં આવેલ નકલી ડી.વાય.એસ.પી. દ્વારા કેટલા નાગરીકો સાથે કેટલી રકમની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાનું સામે આવ્યું, અને | (૧) | ૧૯ નાગરીકો સાથે રૂ.૨,૨૬,૫૦,૦૦૦/- કિંમતની છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યાનું સામે આવ્યું છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી રકમ મેળવી છેતરપીંડી અને વિશ્વાસઘાતનો ભોગ બનનારને પરત કરવામાં આવી? | (૨) | રૂ.૨૦,૯૮,૦૦૦/- રોકડા તેમજ રૂ.૪,૦૦,૦૦૦/- કિંમતની એક કાર પરત મેળવેલ છે, ન્યાયિક પ્રક્રિયાને આધીન કાર્યવાહી કરવામાં આવશે. |

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફતે જાણવા માગું છું કે, જૂનાગઢ જિલ્લાની અંદર ગયુ વર્ષ નકલી શબ્દથી ખૂબ પ્રચલિત થયું હતું, જેમાં એક નકલી ડી.વાય.એસ.પી. પણ હતા.

અધ્યક્ષશ્રી : આપ સજ્જન માણસ છો એટલે આક્ષેપમાં નહીં પડીએ આપ સીધી વાત કરો.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢ જિલ્લામાં નકલી ડી.વાય.એસ.પી. જે પકડવામાં આવેલ તેની પાસેથી જે કંઇ પૈસા વસૂલ કર્યા તો કુલ તેમણે કેટલા લોકોને છેતર્યા? રૂપિયા ૨ કરોડ ૨૬ લાખ જેવી છેતરપિંડી થઇ તેની સામે ફકત ૨૫ લાખ જેવી રકમ આવી. હવે બાકીના પૈસા જે છે તે છેતરપિંડીનો જે લોકો ભોગ બન્યા છે તેને સરકાર આપવા માગે છે કે કેમ?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન ઉપસ્થિત કર્યો છે, તે અંગે સર્વ પ્રથમ તો હું આ સભાગૃહને કહેવા માગું છું કે, માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના માર્ગદર્શનમાં રાજય સરકાર દ્વારા જે નિયમો, જે યોજનાઓ બનાવેલી છે તે રાજયના સૌ નાગરિકોના હિતમાં બનાવી છે. રાજયના પ્રત્યેક નાગરિકોને તેનો હક્ક મળે તે માટે રાજય સરકાર હંમેશા યોજનાઓ, નિયમો બનાવતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ નિયમો, આ યોજનાઓ લોકો સુધી ના પહોંચી શકે તે માટે અલગ અલગ નામેથી, અલગ અલગ દિશાઓથી કોઇ પણ વ્યકિત નકલી કે કોઇ પણ વ્યકિત કોઇ પણ દિશાથી આ પ્રકારની છેતરપિંડી કરવા માટે શોર્ટકટ પકડે તો ગુજરાત પોલીસ, ગુજરાતના તમામ વિભાગો ગંભીરતાપૂર્વક આ બાબતે કામગીરી કરી રહ્યા છે. પછી તે ચાહે નકલી કચેરી હોય, ચાહે નકલી વ્યકિત હોય, ચાહે નકલી કોઇ પણ હોય આ તમામ લોકો પર ગુજરાત સરકાર દ્વારા ગંભીરતાપૂર્વક કામગીરી કરવામાં આવે છે ત્યારે જ આ બધા કેસ આ વર્ષની અંદર દાખલ થયા છે. આમાંનો એક પણ કેસ એવો નથી કે કોઇએ ફરિયાદ કરી હોય, કોઇએ અરજી કરી હોય, કોઇએ કાગળ લખ્યો હોય આ બધા જ કેસો સરકાર દ્વારા પ્રોએક્ટિવલી બાતમીદારો પાસેથી જે માહિતી મળી હોય તેના દ્વારા પકડાયેલા કેસો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢની જે વાત છે બાતમીદારના મારફતે પોલીસને માહિતી મળી કે વિનિત બંસીલાલ દવે જે જૂનાગઢની ફેમિલી કોર્ટમાં ડ્રાઇવર તરીકે નોકરી કરતા હતા. ફેમિલી કોર્ટની અંદર ડ્રાઇવર તરીકે નોકરી કરતા વ્યકિતને મનમાં એવું હોય કે કોર્ટમાં નોકરી કરે છે તો કોણ જાણશે અને કોણ પકડશે અને કોણ પૂછશે? પરંતુ મેં આપને જણાવ્યું તે પ્રમાણે સરકાર આ બાબતે ખૂબ જ ગંભીરતાપૂર્વક કામગીરી કરતી હોવાથી પ્રોએક્ટિવલી કામગીરી કરતી હોવાથી પોલીસને બાતમી મળતાની સાથે જ તેમાં વોચ ગોઠવવામાં આવી અને વોચ ગોઠવીને વિનિત બંસીલાલ દવેને પકડવામાં આવ્યો અને એ વિનિત બંસીલાલ દવેને એ ટેકનોલોજીના આધારે તેણે આઇ.કાર્ડ બનાવેલું હતું, તે આઇ કાર્ડના આધારથી તે ભોળા ભલા લોકોને ફસાવવાનો પ્રયત્ન કરતા હતા. અમે આ બધા જ ભોળા ભલા લોકો જે આનામાં ફસાયેલા હતા તે તમામ લોકોને બોલાવીને અને આ પણ આ ફરિયાદ જે દાખલ કરી છે તે ફરિયાદ કોઇપણ અરજદાર જે ફસાયા છે તેમણે નથી કરી. એ પોલીસ

દ્વારા ફરિયાદ દાખલ કરવામાં આવી છે અને ફરિયાદી પણ પોલીસ છે એના પછી તેને પકડવામાં આવ્યા છે. ૨૫ લાખ રૂપિયા જે કહે છે તેમાં ૧૯ લાખથી વધારાની રોકડ રકમ ૨૦ લાખ જેવી રોકડ રકમ છે, તેની કાર છે, ૧૮ લાખ રૂપિયા તેના ખાતામાં ફ્રીઝ કરેલા છે અને બીજા અનેક વિષયો છે કે તેની વસ્તુઓ જપ્ત કરી છે. પરંતુ કોર્ટની પ્રક્રિયા છે તે કોર્ટની પ્રક્રિયા પૂર્ણ કર્યા પહેલાં તે જે રૂપિયા છે, તે જે લોકો ફસાયા છે તેને પરત કરી શકાતા નથી આ આપણા નિયમો છે. સાથે સાથે આ કેસ કડક થાય તે માટે જે ૧૯ જણા ભોગ બનેલા હતા તે સૌ લોકોને ૧૬૪નું નિવેદન લઈને આ કેસને મજબૂત કરવામાં આવ્યો છે. મારી ગૃહના સૌ સાથીઓને વિનંતી છે કે આ પ્રકારનો કોઇ પણ વ્યક્તિને પકડવામાં આવે તો ભૂલથી પણ કોઇએ પોલીસ સ્ટેશન ફોન કરવો નહિ કારણ કે, આ બાબતે કોઇ પણ પ્રકારની છૂટછાટ આપવામાં સરકાર ઢીલ છોડવા માગતી નથી અને આ બાબતે મજબૂતાઇથી જ કામ થશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આજે ચંદ્રશેખર આઝાદજીની પુણ્યતિથિ છે એટલે જે રીતે ચંદ્રશેખરજી ક્રાંતિકારી અને નીડર હતા. એવી જ રીતે આપણા ગૃહમંત્રીશ્રી નીડરતાથી અને પ્રમાણિકતાથી કામ કરી રહ્યાં છે અને એવી જ ક્રાંતિકારી રીતે પોલીસ પણ કામ કરી રહી છે ત્યારે જૂનાગઢમાં જે નકલી ડી.વાય.એસ.પી. પકડાયા એનો મંત્રીશ્રીએ જવાબ આપ્યો એમાં માહિતી આવી ગઇ છે પણ એ કેસની વિગતો શું છે? એની માહિતી આપે.

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી સંજયભાઇ એક જાગૃત ધારાસભ્ય છે અને જૂનાગઢના એક્ટિવ ધારાસભ્ય છે. જૂનાગઢના નાના–નાના વિષય સાથે એ પરિચિત હોય છે. આપણે જાણીએ છીએ કે રાજ્યના યુવાનો મહેનતથી પરીક્ષા આપતા હોય, રાત–દિવસ કામ કરતાં હોય અને શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર દ્વારા ઐતિહાસિક ભરતીઓ બહાર પાડવામાં આવતી હોય ત્યારે ભોળા–ભલા લોકોને ફસાવીને નોકરી આપવાની ખોટી લાલચ આપીને આ વ્યક્તિ રૂપિયા પડાવતો હતો પણ પોલીસે એને પકડીને હજારો લોકોના સપનાં તૂટવા જઇ રહ્યાં હતાં એવા તમામ લોકોનું જીવન બચાવવાનું કામ જૂનાગઢ પોલીસ દ્વારા કરવામાં આવ્યું છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, જૂનાગઢના આ કેસમાં છેતરપિંડી, વિશ્વાસઘાત અને રકમ પરત આપવાની વાત કરી છે ત્યારે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ ગુનાનો મુદ્દામાલ પરત કરવા અંગે રાજ્ય સરકારે કેવા–કેવા પગલાં ભર્યાં છે?

શ્રી હર્ષ સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર રાજ્યમાં વિવિધ પોલીસ સ્ટેશન ખાતે વિવિધ ગુનામાં કબજે લીધેલ મુદ્દામાલ નામ.કોર્ટના સંકલનમાં રહી ઝડપથી હુકમ મેળવી ફરિયાદી અરજદારશ્રીઓને પોતાનો મુદ્દામાલ સરળતાથી મળી રહે અને તે માટે પોલીસ સ્ટેશનના ધક્કા ન ખાવા પડે તે માટે રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રીના માર્ગદર્શનમાં 'તેરા તુજ કો અર્પણ' કાર્યક્રમ શરૂ કરવામાં આવ્યો. આજ સુધીના ઇતિહાસમાં કોઇ પણ રાજ્યમાં આટલા ઝડપથી અનેક કિસ્સાઓમાં લોકોને પોતાનો માલ પરત કરાવવામાં ગુજરાત પોલીસને ખૂબ મોટી સફળતા મળી છે. આ કેસમાં પણ તમામ લોકોને પોતપોતાનો મુદ્દામાલ પાછો આપાવવા માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. રાજ્યના સિનિયર પોલીસ ઓફિસરને આ જવાબદારી આપવામાં આવી છે કે ડે ટુ ડે આ કેસોનું ફોલોઅપ થાય. તારીખોની જાણકારી લઇ અને એ લોકોને એમનો મુદ્દામાલ ઝડપથી કઇ રીતે પાછો મળે તે માટેની ચિંતા કરવામાં આવે. અહીંયા બેઠેલા સૌ ચૂંટાયેલ પ્રતિનિધિઓને પણ એ કાર્યક્રમમાં બોલાવવામાં આવે છે. અહીંયાથી અનેક ધારાસભ્યો એ કાર્યક્રમમાં જાય છે. એ કાર્યક્રમમાં એટલા માટે બોલાવવામાં આવે છે કારણ કે, એમને અંદાજો આવે કે પોલીસ અને કાયદા વિભાગ બંને સાથે મળીને લોકોને પોતાનો મુદ્દામાલ પાછો મેળવવા માટે જે ધક્કા ખાવા પડતા હતા. તો કઇ રીતે આ યોજના કરીને લોકોને એમનો મુદ્દામાલ પરત કરાવવામાં આવે છે. આ કિસ્સામાં પણ એ લોકોને ઝડપથી એમનો મુદ્દામાલ પાછો મળે તે માટે કામગીરી ચાલુ છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આ એક પછી એક જે નકલી પકડાય છે એનાથી લોકોનો અસલી માટેનો વિશ્વાસ પણ ક્યાંક ડગતો હોય છે. મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો કે રૂ.૨ કરોડ ૨૬ લાખની છેતરપિંડી થઇ એમાંથી ફક્ત રૂ.૨૪ લાખની રીકવરી થઇ છે. જૂનાગઢમાં નકલી એ તો આટલી મોટી છેતરપિંડી કરી પણ જે અસલી સાયબર સેલના અધિકારીઓ હતા એમનું પણ ખૂબ મોટા *(xxx)માં નામ આવ્યું અને ધરપકડ થઇ.

અધ્યક્ષશ્રી : આ કેસની બાબત છે?

શ્રી અમિત ચાવડા : જૂનાગઢ જિલ્લાનું છે એટલે એને સુસંગત જ છે.

અધ્યક્ષશ્રી : આ ઘટના પૂરતી જ આપણે ચર્ચા કરીશું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે નકલી પણ છેતરપિંડી કરે અને અસલી પણ લોકો સાથે *(xxx) કરે છે તો કડક કાર્યવાહી કરે અને આ રૂ.૨ કરોડ અને ૨૬ લાખની જે છેતરપિંડી થઇ છે તે તમામ રકમ તાત્કાલિક રીકવર કરીને જેને છેતર્યા છે તેને રકમ પરત મળે તે માટે કડક દાખલારૂપ કાર્યવાહી કરવા માગો છો કે કેમ?

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, દેશના એક પછી એક *(xxx) યાદ કરીએ તો હજુ આ દેશના કરોડો લોકો 2જી કૌભાંડ, 3જી કૌભાંડ, આદર્શ હાઉસિંગ કૌભાંડ, કોમન વેલ્થ કૌભાંડના પોતપોતાના હક્કની રાહ જોઇ રહ્યા છે. કોના ભાગમાં કેટલું આવ્યું તેમાં જવું નથી, આજે નહીં તો કાલે જનતાને ખબર પડવાની જ છે પરંતુ સાથે સાથે અમારા અસલી ધારાસભ્ય ખોટી પાર્ટીમાં ફસાઇ ગયેલા એ લોકો સચવાઇ જાય તો પણ બહુ છે. સરકારને જ્યારે આ પ્રકારની માહિતી કે ફરિયાદ મળે તો કોઇ પણ અધિકારીને બચાવવાના બદલે માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારે કડક કાર્યવાહી કરી છે જે ખૂબ જ નોંધપાત્ર છે. તે પછી પોલીસ પરિવારના લોકો હોય, ધારાસભ્ય હોય, કોઇ ચૂંટાયેલા પ્રતિનિધિ હોય કે રાજકીય પાર્ટી સાથે જોડાયેલ કોઇ પણ વ્યક્તિ રાજ્યના નાગરિકો સાથે છેતરપિંડી કરશે તો તેને છોડવામાં નહીં આવે. જૂનાગઢના બધા જ કિસ્સામાં કેસ દાખલ કરવામાં આવ્યા છે અને તમામ લોકો જેલમાં છે.

### અરવલ્લી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

*** 15/4/1895** શ્રી પી. સી. બરંડા (ભીલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | મંજૂર: ૦૨, ભરાયેલ: ૦૨, ખાલી: ૦ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) | મંજૂર: ૦૨, ભરાયેલ: ૦૨, ખાલી: ૦ |
| (૩) | આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, અરવલ્લી જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની જગ્યાઓ બાબતનો મારો પ્રશ્ન હતો પરંતુ હાલ બંને જગ્યાઓ ભરાયેલી છે તે બાબતે માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું અને આ બંને જગ્યાઓ કાયમી ભરાયેલી રહે અને જિલ્લામાં સુદ્રઢ વહીવટ થાય તે માટે હું અપેક્ષા રાખું છું.

### નર્મદા જિલ્લામાં સરકારી અધિકારીને ડરાવવા/ધમકાવવા અને લાંચ માંગવાના નોંધાયેલ ગુના

***15/4/2469 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૧૫/૧૧/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં નર્મદા જિલ્લામાં સરકારી અધિકારીઓને ડરાવવા, ધમકાવવા અને લાંચ માંગવા અંગેના કેટલા ગુનાઓ નોંધાયા, | (૧) | ૦૬ ગુનાઓ નોંધાયેલ છે. |
| (૨) | ઉક્ત ગુનામાં સંડોવાયેલા કેટલા ઇસમોને પકડવામાં આવ્યા અને કેટલા ઇસમોને પકડવાના બાકી છે, અને | (૨) | સંડોવાયેલ તમામ ૨૧ ઇસમોને પકડવામાં આવેલ છે. |
| (૩) | બાકી ઇસમોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નર્મદા જિલ્લામાં તા.૧૫/૧૧/૨૦૨૩ની સ્થિતિએ એક વર્ષમાં ડરાવવા, ધમકાવવાના ૬ ગુનાઓમાં ૨૧ ઇસમોને પકડવામાં આવેલા તેમાં કોની સામે, ક્યા સરકારી અધિકારીને કેવા પ્રકારના ધમકાવવાના, ડરાવવાના કે લાંચ માગવાના ગુના નોંધાયેલા છે? પકડવામાં આવેલા કયા આરોપીઓને કોર્ટે જામીન આપેલા છે?

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, પીડિતને તમામ રકમ પાછી અપાવવી પડે. એ પીડિત જ્યારે સામેવાળા હોય તો તેને ન અપાવવી અને પીડિત કોઇ સાથે જોડાયેલા ન હોય તો તેને અપાવવી તેવું ન હોય. દરેકને રકમ પરત અપાવવી પડે. કુલ–૯ લોકો ઉપર આ પ્રકારે કેસ કરવામાં આવ્યા છે. (૧)જીતેન્દ્રભાઇ નાથાલાલા વસાવા (૨)રમેશભાઇ વસાવા (૩)શકુંતલાબહેન (૪)મરિયમબહેન (૫)બલીરામભાઇ (૬)રીંકિશભાઇ (૭)મોગરાબેન (૮)કુંતાબેન અને (૯) ચૈતરભાઇ વસાવા. ગુજરાતના વન વિભાગના અધિકારીઓની કામગીરી દરમિયાન જંગલ ખાતાની જમીનમાં ગેરકાયદેસર કપાસનું

વાવેતર કરેલ હતું, તેનું ખેડાણ જંગલ ખાતાએ કરેલું. એના પછી આ જંગલ ખાતાના મારા આદિવાસીભાઇઓ પર નર્મદા જિલ્લામાં ચૂંટાયેલા પ્રતિનિધિ દ્વારા એ લોકો પર અત્યાચાર કરવામાં આવ્યો. આ મારા આદિવાસીભાઇઓને પણ ધાક-ધમકીપૂર્વક મારવામાં આવ્યા. જંગલ ખાતાની જમીન પર જે વાવેતર કરવામાં આવ્યું હતું એ વાવેતર એ લોકોએ નિયમ પ્રમાણે દૂર કર્યું તો આ ગરીબ આદિવાસીભાઇઓ પાસેથી આ રકમની ઉઘરાણી કરવામાં આવી. આ બે લોકો પર બળજબરી કરવામાં આવી અને અનેક પ્રકારની યાતનાઓ એમણે ભોગવવી પડી એ પ્રકારની પરિસ્થિતિ નર્મદા જિલ્લામાં બનેલી હતી. આ તમામ કેસોમાં એક પછી એક આ પ્રકારની જે ઘટનાઓ હતી એના વિશેની બધી માહિતી હું માનનીય સભ્યશ્રીને કાગળ પર આપીશ. પરંતુ, આ ઘટનામાં આદિવાસી સમાજના વન વિભાગના બે કર્મચારીઓ પર જે પ્રકારની ઘટના બની છે એ બહુ દુઃખદ ઘટના છે. આ ઘટનાને સમજવી જોઇએ અને આ પ્રકારની ઘટનાઓ બને એ આપણા માટે યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપનો જવાબ બરાબર છે પણ કોઇપણ પાર્ટીના ધારાસભ્ય માટે આ પ્રકારના સ્પેસિફિક પ્રશ્નો પૂછવામાં ન આવે એવી મારી માનનીય સભ્યશ્રીને વિનંતી છે અને માનનીય મંત્રીશ્રીને પણ વિનંતી છે. માનનીય સભ્યશ્રી, આપ બેઠા-બેઠા વાત કરી શકો નહીં. આપને પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શકો. મારી કોમેન્ટ પર આપ વધારાની ચર્ચા કરી શકો નહીં.

**સાબરકાંઠા જિલ્લામાં તાલુકા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

*** 15/4/1896 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા (હિંમતનગર) : માનનીય મુખ્યમંત્રીશ્રી(પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના તાલુકાઓમાં તાલુકા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | મંજૂર: ૦૮, ભરાયેલ: ૦૮, ખાલી: ૦ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) | મંજૂર: ૦૮, ભરાયેલ: ૦૮, ખાલી: ૦ |
| (૩) | આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય સ્તરે તાલુકા વિકાસ અધિકારીની જે જગ્યા છે એ વિકાસનાં કામોના અમલીકરણ માટે બહુ અગત્યની જગ્યાઓ છે. જિલ્લા વિકાસ અધિકારી, નાયબ જિલ્લા વિકાસ અધિકારી અને તમામ તાલુકા વિકાસ અધિકારીઓની જગ્યાઓ ભરવા બદલ હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય પંચાયત મંત્રીશ્રીને અભિનંદન પાઠવું છું. આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે જગ્યાઓ ભરાયેલી છે એ જગ્યાઓ ખાલી ન પડે એ માટે આપનું શું આયોજન છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે સૂચન કર્યું છે એને અમે ધ્યાનમાં રાખીશું.

**રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવા બાબત**

***15/4/1903 શ્રી રમેશભાઇ વીરજીભાઈ ટીલાળા** રાજકોટ દક્ષિણ)): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં જી.આઇ.ડી.સી. માટે જમીન ફાળવવામાં આવી તે હકીકત સાચી છે, | (૧) | હા |
| (૨) | જો ઉકત બાબતે જમીનની ફાળવણી કરવામાં આવેલ હોય તો કેટલી જમીન કયારે ફાળવવામાં આવેલ છે ? | (૨) | કુલ ૨,૫૬,૫૨૪ ચો.મી. જમીન તા.૧૩/૦૬/૨૦૨૨ના રોજ ઔદ્યોગિક વસાહત સ્થાપવા માટે ફાળવવામાં આવેલ છે. |

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં અને તાલુકામાં જી. આઇ. ડી. સી.ની જમીન ફાળવવા માટેની કેટલી દરખાસ્તો મળી છે? અને તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લાના કયા ગામોમાં જી. આઇ. ડી. સી. માટે સરકારશ્રી દ્વારા જમીન ફાળવવામાં આવી છે?

## તારાંકિત પ્રશ્નો

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગે જી. આઇ. ડી. સી. ને ઝડપથી જમીન મળે અને ગુજરાતમાં ઉદ્યોગો સ્થપાય એ માટે સરળ પદ્ધતિ અપનાવી છે. છેલ્લાં બે વર્ષમાં લોધિકા તાલુકાના છાપરા, પીપરડી અને માખાવડ એમ ત્રણ ગામો માટે દરખાસ્ત મળી છે. રાજકોટ તાલુકાના બે ગામો ગઢકા અને બામોબોર કોક અને સાંગાણી તાલુકાના એક ગામમાં એમ કુલ સાત દરખાસ્તો મળી છે. લોધિકા તાલુકામાં સરકારી ખરાબાથી સર્વે નંબર ૨૮૮ની ૧,૩૧,૭૮૮ ચો.મી., સર્વે નંબર–૨૮૫ની ૧,૨૪,૭૩૮ ચો.મી. અને કુલ ૨,૫૬,૫૨૪ ચો.મી. જમીન જી.આઇ.ડી.સી. માટે સરકારશ્રી દ્વારા ફાળવવામાં આવી છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ હું માનનીય મુખ્યમંત્રીશ્રી તથા માનનીય મંત્રીશ્રીનો ખૂબ આભાર માનું છું કે ગત સમયમાં રાજકોટ જિલ્લામાં લોધિકાના પીપરડી ગામે જી.આઇ.ડી.સી. માટે જગ્યા મંજૂર કરેલ છે. રાજકોટ ઇન્ડસ્ટ્રીયલ હબ છે અને એમ.એસ.એમ.ઇ.ના માધ્યમથી એમને ખૂબ પ્રોત્સાહન મળે છે. રાજકોટ જી.આઇ.ડી.સી. મેટોડાની તમામ પ્રૉડક્ટો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના પામેલી છે. હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જી.આઇ.ડી.સી.ને સરકારી જમીનની જે ફાળવણી કરવામાં આવે છે એ જમીનમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ?

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ વિભાગના તા.૨૨/૦૫/૨૦૧૮ના ઠરાવની જોગવાઇઓ મુજબ ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ, જી.આઇ.ડી.સી.ને સરકાર દ્વારા ફાળવવામાં આવેલી જમીન ૭૦ ટકા બજાર કિંમત અને ૫૦ ટકાના ભાવથી આપવામાં આવે છે. જમીન જેટલી હોય એના ૭૦ ટકાનો ભાગ ૫૦ ટકાના ભાવે આપવામાં આવે છે. મહેસૂલ વિભાગ આટલી સસ્તી જમીન આપે છે. સાથેસાથે ૩૦ ટકા બજાર કિંમતની આપે છે. જયાં નાના પ્લોટો પડે છે એને ૩૦ ટકા બજાર કિંમતે આપે છે. જી.આઇ.ડી.સી.માં કોઇપણ ઉદ્યોગનું એકમ ૩૦૦૦ ચો.મી.થી ઓછા ક્ષેત્રફળવાળા પ્લોટમાં આવે ત્યારે ૫૦ ટકા બજાર કિંમતથી ફાળવવાની રહેશે અને જી.આઇ.ડી.સી.માં કોઇપણ ઉદ્યોગનું એકમ ૩૦૦૦ ચો.મી. કરતાં વધુ ક્ષેત્રફળવાળા પ્લોટમાં ફાળવવામાં આવે તો એની પાસેથી બજાર કિંમત વસૂલ કરવામાં આવે છે.

### અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા બાબત

*** 15/4/2485 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહિવટ)** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરનું નામ કર્ણાવતી કરવા માટે રાજ્ય સરકાર દ્વારા શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | (૧) કેન્દ્ર સરકારને દરખાસ્ત કરવામા આવેલ નથી. |
| (૨) તે અન્વયે ક્યારે કોના તરફથી શા પ્રતિભાવ મળ્યા? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન પૂછવાનો મુખ્ય હેતુ એ છે કે, રાજ્ય સરકાર દ્વારા કોઇ દરખાસ્ત કેન્દ્ર સરકારને કરવામાં આવી નથી તેમ છતા અમદાવાદ શહેરમાં કોઇપણ જાહેર કાર્યક્રમ થાય ત્યારે ધારાસભ્યશ્રી હોય, સંસદસભ્યશ્રી હોય કે કોર્પોરેટર હોય એ 'કર્ણાવતી' શબ્દ લખે છે. જયારે જે શબ્દનો બંધારણમાં ઉલ્લેખ જ નથી, જેનું નામાંકરણ થયેલ નથી, સાહેબે, દરખાસ્ત જ કરેલ નથી છતા ગેરબંધારણીય રીતે ધારાસભ્યશ્રી હોય, સંસદસભ્યશ્રી હોય, કોર્પોરેટર હોય કે કોર્પોરેશનની પત્રિકા બહાર પડે છે એમાં પણ 'કર્ણાવતી' શબ્દનો ઉપયોગ કરવામાં આવે છે. આ ગેરબંધારણીય શબ્દ છે તો એના માટે સરકાર શું જવાબ આપવા માગે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇનું નામ પ્રકાશભાઇ હોય અને એની બર્થ ડે ઉજવાતી હોય તો પ્રેમથી એને હુલામણા નામથી બોલાવતા હોય છે, તો ભાઇ પ્રેમનો આજે બર્થ ડે છે. એ રીતે અમદાવાદ શહેર પ્રાચીન છે. અત્યારે કોઇપણ કોર્પોરેશન તરફથી આપણને દરખાસ્ત મળી નથી એટલે સ્વાભાવિક છે કે આપણે શહેરી વિકાસ વિભાગ દ્વારા સામાન્ય વહીવટ વિભાગ અને ગૃહ મંત્રાલયને મોકલવાની છે. એટલે આવી કોઇપણ પ્રકારની પ્રક્રિયા કરી નથી. પરંતુ પ્રેમથી કોઇને કોઇ નામે બોલાવવું હોય તો કોઇ રોકી પણ શકતું નથી.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીની વાત સાથે સહમત છું. ચૂંટાયેલા કોઇપણ પ્રતિનિધિ એ પાર્લામેન્ટનો સભ્ય હોય કે ધારાસભાનો સભ્ય હોય તે અહીંયા શપથ લે છે અને બંધારણ સાથે બંધાયેલો છે. આમાં કોઇ હેપી બર્થ ડેની વાત આવતી નથી. બંધારણની વાત આવે છે. જયારે કોઇ નામાંકરણ થયું જ ન હોય અને જેનો ઉપયોગ કરવામાં આવે છે એ ગેરબંધારણીય છે. એ ઉપયોગ બંધ કરવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ લોકશાહી છે અને લોકશાહીમાં જેમ કહ્યું કે બંધારણમાં અમદાવાદ જ ફીટ થઇ ગયું છે એવું નહીં પણ ઘણી વખતે ઘણા ગામોમાં એનું જે ઓરિજનલ નામ હોય છે એના સિવાય એને બીજાં નામથી લોકો સંબોધતા હોય છે. એ રીતે અમદાવાદમાં પણ ચોક્કસ અત્યારે અમદાવાદ નામ જ હયાત છે. પરંતુ...

અધ્યક્ષશ્રી : હું જે રીતે શ્રી કિરીટભાઇ ઊંઝા અને ડો. કિરીટભાઇ પાટણ કહું છું એવું?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એવું. એવું જ સાહેબ.

અધ્યક્ષશ્રી : એવું નામ નથી.

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : એવું નામ નથી. પરંતુ..

અધ્યક્ષશ્રી : નામ નથી પરંતુ અલગથી ઓળખ કરવા માટે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શૈલેષભાઇનો અહમદાબાદ પ્રેમ જોવા મળ્યો. મારે પૂછવું છે કે અમદાવાદ શહેરને કર્ણાવતી મહાનગર નામ રાખવા માટેની વિભાગને કેટલી દરખાસ્તો, રજૂઆતો આપશ્રીને મળી છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કનુભાઇ સાહેબને કોઇ સીધી લાઇટનું કનેકશન લેવા અરજી કરી દે એટલે એને કનેકશન મળી જાય નહીં. સીધેસીધી અહીંયા કોઇ અરજી કરે વિભાગની અંદર, કે ભાઇ, આ અમારે નામ બદલવું છે, તો એ એન્ટરટેઇન ના થાય. વધુમાં વધુ એ કોર્પોરેશન અથવા તો નગરપાલિકામાં અથવા તો ગામડાનું હોય તો એ જિલ્લા પંચાયતમાં આપણે મોકલી આપીએ. એના પછી ત્યાં ગામની અંદર ઠરાવ થાય. તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, વિભાગમાં આવે. વિભાગમાં રાજય સરકારમાં વહીવટી વિભાગ દ્વારા આપણે ગૃહ મંત્રાલયમાં દરખાસ્ત કરીએ. આખી પ્રક્રિયા છે. ૧૨ જેટલી દરખાસ્તો સીધી મળી હતી. આપણે સીધી પાછી કોર્પોરેશનને મોકલી આપી છે, પરંતુ અહીંયા કોઇપણ પ્રકારની દરખાસ્ત વિભાગમાં સ્ટેન્ડિંગ કમિટી, કોર્પોરેશન દ્વારા સરકારમાં થઇ નથી, એટલે કોઇ કાર્યવાહી કરવાનો પ્રશ્ન રહેતો નથી.

શ્રીમતી દર્શના એમ. વાઘેલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગામ, શહેરોના નામ બદલવા માટેના માપદંડો કયા કયા છે અને અત્યાર સુધીમાં કેટલા ગામના નામ બદલવામાં આવ્યા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગામ અથવા શહેરનું નામ બદલવા માટેના માપદંડોમાં જો નામ બદલવા માટે કોઇ ખાસ કારણ ન હોય, તો લોકો જે નામથી ટેવાઇ ગયેલ છે તે નામ બદલવાનું ઇચ્છવા યોગ્ય નથી. જે ગામ ઐતિહાસિક પૃષ્ઠભૂમિ ધરાવતા હોય તેવા નામ શક્ય હોય ત્યાં સુધી બદલવા નહીં. ગામનું નામ ભાષાકીય આધારે કે રાષ્ટ્રીય નેતાને આદર બતાવવા માટે કે સ્થાનિક લોકોની લાગણી સંતોષવા માટે બદલવું નહીં. નવું નામ પસંદ કરતા સમયે જે તે રાજય તેમજ પડોશી રાજયમાં સમાન નામ ધરાવતું ગામ કે શહેર ન હોય તેની કાળજી રાખવી, જેથી લોકોમાં મૂઝવણ ન ઉદભવે. નામ બદલવા માટેની દરખાસ્ત રજૂ કરતા સમયે રાજય સરકારે નામ બદલવા માટેનાં કારણો તેમજ નવું નામ પસંદ કરવાનાં કારણો વિગતવાર રજૂ કરવાનાં રહે. ગ્રામ પંચાયતનો સંમતિ દર્શાવતો ઠરાવ, તાલુકા પંચાયતનો સંમતિ દર્શાવતો ઠરાવ અને જિલ્લા પંચાયતનો સંમતિ દર્શાવતો ઠરાવ. આમ, આ માપદંડો છે.

શ્રી અમૂલ ભટ્ટ : *(xxx)

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રી વતી કોઇ સભ્યશ્રી જવાબ આપતા હોય તો એ રેકર્ડ ઉપર ના રહે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓ આ જે છે. એમને મારે કહેવું છે કે અહીંયા પ્રશ્ન એક વખત પૂછો છો, તો તેની પાછળ ડિપાર્ટમેન્ટ બહુ બધી મહેનત કરતું હોય છે. ઘણોબધો ખર્ચ પણ થતો હોય છે. એ વખતે જયારે પ્રશ્નોત્તરીમાં પ્રાયોરિટીમાં આવે એ ટાઇમે હાજર ના રહેવું એ આપણા હિતમાં નથી. પ્રજાના પ્રશ્નોના ઉકેલ કરવા માટેની આપણી રિસ્પોન્સિબિલિટી છે. તો માનનીય સભ્યશ્રીઓએ હાજર રહેવું જરૂરી છે.

### ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટી રીતે ખેડૂત ખાતેદાર બનવા બાબત

*15/4/2464 **શ્રી અમિત ચાવડા** (આંકલાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી**(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાવાર ખોટી રીતે ખેડૂત ખાતેદાર બન્યા બાબતના કેટલા કિસ્સાઓની તપાસ પડતર છે, | (૧) |

| જિલ્લો | પડતર કેસોની સંખ્યા |
|---|---|
| ગાંધીનગર | ૯૪ |
| અમદાવાદ | ૨૦૧ |

(૨) ઉક્ત પડતર કિસ્સાઓ પૈકી કેટલા કિસ્સઓ એક વર્ષ અને બે વર્ષ કરતાં વધુ સમયથી પડતર છે, અને

(૨)

| જિલ્લો | એકથી બે વર્ષ સુધીના પડતર કેસો | બે વર્ષ કે તેથી વધુ સમયથી પડતર કેસો |
|---|---|---|
| ગાંધીનગર | ૧૯ | ૩૦ |
| અમદાવાદ | ૩૭ | ૪૧ |

(૩) આવી તપાસો વહેલી તકે પૂર્ણ કરવા સરકારે શા પગલાં લીધા?

(૩) પડતર કેસો પૈકી કુલ-૦૪ કેસોમાં નામ.હાઇકોર્ટમાં મનાઇ હુકમ થયેલ છે તથા અન્ય પડતર કેસોમાં પક્ષકારોને રૂબરૂ સાંભળી નિર્ણય કરવા સારૂ નોટિસથી બજવણી કરી સુનાવણીની પ્રક્રીયા હાલમાં ચાલુમાં છે.

----------

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અતારાંકિત પ્રશ્નો

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે ખોટા ખેડૂતો બનીને ખેતીની જમીન કબજે કરવાનું એક આખું ષડયંત્ર આખા ગુજરાતમાં ચાલી રહ્યું છે. મોટા પ્રમાણમાં બે નંબરના પૈસાથી આવી ખેતીની જમીનો ખરીદી કાળાં નાણાંને સફેદ કરવા માટેનું આખું નેટવર્ક ચાલે છે. ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાની જ વાત કરીએ તો જે જવાબ આપ્યો છે એ મુજબ ગાંધીનગર જિલ્લામાં...

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

### માળીયા (મિયાણા) તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી

15/4/1890 શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા (મોરબી): માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત) જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં માળીયા (મિયાણા) તાલુકા પંચાયત કચેરીનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, | (૧) | સિવિલ વર્ક પૂર્ણ થયેલ છે. ફર્નિચરનું કામ બાકી છે. |
| (૨) | ઉક્ત મકાન માટે કેટલી રકમની વહીવટી મંજુરી આપવામાં આવી છે? | (૨) | રૂ.૩,૨૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા ત્રણ કરોડ બાવીસ લાખ પુરા) |

### ધ્રાંગધ્રા શાખા નહેરની નવા ધનશ્યામગઢ ડીસ્ટ્રી(ડી–૧૮)ની હળવદ માઈનોર–૧ ની લંબાઇ

15/4/1913 : **શ્રી પ્રકાશભાઇ પરસોતમભાઇ વરમોરા (ધ્રાંગધ્રા): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી નવા ધનશ્યામગઢ ડીસ્ટ્રી (ડી–૧૮) ની હળવદ માઇનોર–૧ની કુલ લંબાઈ કેટલી છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ધ્રાંગધ્રા શાખા નહેરમાંથી નીકળતી નવા ધનશ્યામગઢ ડીસ્ટ્રી (ડી–૧૮) ની હળવદ માઇનોર–૧ની કુલ લંબાઈ ૪૬૪૫ મીટર છે. |
| (૨) | આ પૈકી કેટલી લંબાઈનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને | (૨) | આ માઇનોરમાં કુલ ૪૬૪૫ મીટર લંબાઈનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે. |
| (૩) | સદરહુ માઈનોરમાં કેટલી લંબાઈમાં પાણીનું વહન થાય છે? | (૩) | સદરહું માઇનોરમાં કુલ ૪૬૪૫ મીટર લંબાઈમાં પાણીનું વહન ચાલુ છે. |

### કચ્છ જિલ્લામાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળનાં માર્ગો

**15/4/2209: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા(અબડાસા) : માનનીય મુખ્યમંત્રીશ્રી )માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના નખત્રાણા,અબડાસા અને લખપત તાલુકાઓમાં પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કેટલી દરખાસ્તો આવી છે, અને | (૧) | છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં નીચે મુજબના કામોની દરખાસ્ત આવેલ છે. |

| તાલુકા | માર્ગો | | પુલો | |
|---|---|---|---|---|
| | દરખાસ્ત | મંજૂર | દરખાસ્ત | મંજૂર |
| નખત્રાણા | – | – | ૧૭ | ૧૭ |
| અબડાસા | – | – | ૩ | ૩ |

| | | | |
|---|---|---|---|
| (૨) | તે પૈકી કેટલા અને ક્યા ક્યા માર્ગો મંજૂર થયા છે ? | (૨) | માર્ગો મામુર, પુલોની યાદી પરિશિષ્ટ મુજબ. |

પરિશિષ્ટ

છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાના અબડાસા,લખપત,નખત્રાણા તાલુકાના પી.એમ.જી.એસ.વાય યોજના હેઠળ મંજૂર થયેલ બ્રિજના કામો

| અનુ.ક્રમ | તાલુકો | પેકેજ નં | સ્ટ્રક્ચર નું નામ | સ્ટ્રક્ચરની લંબાઈ (મી) | કુલ રૂ. |
|---|---|---|---|---|---|
| 1 | અબડાસા | જી.જે ૧૩૦૨.પી.૩ બી.આર.૪૨ | લઠેડી ડુમરા સંઘાણ રોડ બોક્ષ કલવર્ટ એટ ચે. ૦+૦૬૦ | ૩૧ | ૧૮૩.૨૮ |
| 2 | અબડાસા | જી.જે ૧૩૦૨.પી.૩ બી.આર.૪૩ | લઠેડી ડુમરા સંઘાણ રોડ બોક્ષ કલવર્ટએટ ચે. ૦+૯૩૦ | ૨૪ | ૧૯૩.૦૯ |
| 3 | અબડાસા | જી.જે ૧૩૦૨.પી.૩ બી.આર.૪૪ | લઠેડી ડુમરા સંઘાણ રોડ વેન્ટેડ કોઝવે એટ ૫+૦૦૦ | ૧૫૮ | ૪૪૪.૫ |
| 4 | લખપત | જી.જે ૧૩૦૬ પી.૩ બી.આર.૦૪ | ઘડુલી સિયોત ઘુનેરી રોડ વેન્ટેડ કોઝવે એટ ચે. 2+૪૦૦ | ૨૬ | ૯૩.૫૭ |
| 5 | લખપત | જી.જે ૧૩૦૬ પી.૩ બી.આર.૦૫ | ઘડુલી સિયોત ઘુનેરી રોડ વેન્ટેડ કોઝવે એટ ચે. ૧૩+૫૧૦ | ૪૭ | ૧૪૮.૩૫ |
| 6 | લખપત | જી.જે ૧૩૦૬ પી.૩ બી.આર.૦૬ | ઘડુલી સિયોત ઘુનેરી રોડ વેન્ટેડ કોઝવે એટ ચે.૧૨+૨૦૦. | ૪૭ | ૧૪૪.૩૩ |
| 7 | લખપત | જી.જે ૧૩૦૬ પી.૩ બી.આર.૦૭ | સુભાષપર મીંઢીયારી પાનધ્રો રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧+૬૭૫ | ૬૯ | ૧૯૧.૯૪ |
| 8 | લખપત | જી.જે ૧૩૦૬ પી.૩ બી.આર.૩૧ | ઘડુલી સિયોત ઘુનેરી રોડ બોક્ષ કલવર્ટએટ ચે. ૧૧+૩૨૫ | ૩૫ | ૧૭૦.૩૩ |
| 9 | લખપત | જી.જે ૧૩૦૬ પી.૩ બી.આર.૪૫ | ઘડુલી સિયોત ઘુનેરી રોડ એટ ચે. ૯+૮૭૫ | ૧૨૩ | ૯૭૫.૨૩ |
| 10 | નખત્રાણા | જી.જે ૧૩૦૯ પી.૩ બી.આર.૧૫ | સુખપર ખીરસરા વેરસલપર એપ્રોચ રોડ વેન્ટેડ કોઝવે એટ ચે.૭+૬૦૦ | ૬૫ | ૧૮૧.૮૯ |
| 11 | નખત્રાણા | જી.જે ૧૩૦૯ પી.૩ બી.આર.૧૬ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૩+૬૦૦ | ૬૫ | ૪૫૨.૨૯ |
| 12 | નખત્રાણા | જી.જે ૧૩૦૯ પી.૩ બી.આર.૧૭ | નખત્રાણા બેરુ રોહા રોડ વેન્ટેડ કોઝવે એટ ચે. ૫+૦૦૦ | ૩૨ | ૧૦૨.૪૬ |
| 13 | નખત્રાણા | જી.જે ૧૩૦૯ પી.૩ બી.આર.૧૮ | નખત્રાણા બેરુ રોહા રોડ વેન્ટેડ કોઝવે એટ ચે. ૮+૫૦૦ | ૪૧ | ૧૧૫.૦૭ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| 14 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૧૯ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૦+૨૦૦ | ૪૦ | ૧૩૨.૭૧ |
| 15 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૨૦ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૦+૩૫૦ | ૩૨ | ૧૪૫.૫ |
| 16 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૨૧ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૦+૬૦૦ | ૩૫ | ૧૪૧.૨૭ |
| 17 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૨૨ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૧+૦૦૦ | ૫૮ | ૧૬૮.૭૮ |
| 18 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૨૩ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૧+૨૦૦ | ૭૫ | ૨૩૯.૧૧ |
| 19 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૨૪ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૪+૩૦૦ | ૩૪ | ૧૩૨.૧૧ |
| 20 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૨૫ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૫+૩૦૦ | ૪૪ | ૧૩૯.૮ |
| 21 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૨૬ | નખત્રાણા બેરુ રોહા રોડવેન્ટેડ કોઝવે એટ ચે. ૧૬+૦૦૦ | ૭૫ | ૨૧૪.૨૧ |
| 22 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.36 | નખત્રાણા બેરુ રોહા રોડ બોક્ષ કલવર્ટએટ ચે.૧૦+૫૦૦ | ૩૪ | ૧૨૯ |
| 23 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૩૭ | નખત્રાણા બેરુ રોહા રોડ બોક્ષ કલવર્ટએટ ચે. ૧૨+૦૦૦ | ૩૮ | ૧૫૬.૦૭ |
| 24 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૩૮ | નખત્રાણા બેરુ રોહા રોડ બોક્ષ કલવર્ટએટ ચે.૧૩+૯૦૦ | ૪૪ | ૧૮૬.૬૯ |
| 25 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૩૯ | નખત્રાણા બેરુ રોહા રોડ બોક્ષ કલવર્ટએટ ચે. ૧૫+૩૦૦ | ૭૫.૫૪ | ૩૧૫.૬૪ |
| 26 | નખત્રાણા | જી.જે ૧૩૦૯<br>પી.૩<br>બી.આર.૪૦ | સુખપર ખીરસરા વેરસલપર એપ્રોચ રોડ બોક્ષ કલવર્ટએટચે. ૩+૪૫૦ | ૩૯ | ૧૫૩.૬૦ |
| કુલ | | | ૨૬ કામ | ૧૩૮૬.૫૪ | ૫૬૫૦.૭૯ |

**પાટણ અને કચ્છ જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત**

15/4/2498 **શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા): **માનનીય મુખ્યમંત્રીશ્રી**(મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** **જવાબ**

## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | વર્ષ–૨૦૨૨ | વર્ષ– ૨૦૨૩ | કુલ |
|---|---|---|---|
| પાટણ | ૬૬,૬૨૦ ચો.મી | ૧,૦૨,૯૭૩ ચો.મી | ૧,૬૩,૫૯૩ ચો.મી |
| કચ્છ | ૧૭,૦૭,૨૬૫ ચો.મી | ૨૬,૩૧,૮૫૩ ચો.મી | ૪૩,૩૯,૧૧૮ ચો.મી |

(૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને

(૨) રૂ. ૪૧,૬૨,૭૮,૧૯૩/–

(૩) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી?

(૩) એક પણ નહીં.

### અમૃત ૨.૦ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકાની કામગીરી

15/4/1897 શ્રીમતી સંગીતાબેન પાટીલ (લીંબાયત): **માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત સુરત મહાનગરપાલિકામાં કુલ ૨૭ કામો હાથ ધરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ હાલ કોઈ કામ પૂર્ણ થયેલ નથી.

(૩) બાકી રહેલા કામ કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

(૩) ઉક્ત તમામ કામો માર્ચ–૨૦૨૬ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

### જામનગર જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

**15/4/1939 શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા (જામનગર(ઉત્તર)) : માનનીય રમત–ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૧) ૨,૨૨૮ (બે હજાર બસ્સો અઠ્યાવીસ) ખેલાડીઓ

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિધ્ધીઓ મેળવેલ છે?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ ખેલમહાકુંભ અને એસ.જી.એફ.આઈ.ની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ મેળવેલ મેડલ્સની વિગત નીચે મુજબ છે:

| કક્ષા | ખેલમહાકુંભ | SGFI |
|---|---|---|
| જિલ્લા કક્ષા | ૨૪ | ૧૩૩ |
| રાજ્ય કક્ષા | ૦૦ | ૦૧ |

- ૧૮(અઢાર) ખેલાડીઓએ DLSS યોજનામાં પ્રવેશ મેળવેલ છે.

### રાજ્યમાં મહિલા સુરક્ષા સમિતિ

15/4/2474 **ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મહિલા ઉપર થતા અત્યાચાર રોકવા માટે રાજ્ય સરકાર દ્વારા રાજ્યની મહિલા સુરક્ષા સમિતિની રચના કરેલ છે કે કેમ,

(૧) ના, જી.
સમિતિની રચના વિચારાધીન છે.

(૨) જો હા, તો રાજ્યની મહિલા સુરક્ષા સમિતિના ચેરમેન અને અન્ય સભ્યો કોણ છે, અને

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત સમિતિની ક્યારે બેઠકો મળેલ છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**ગોત્રી–સેવાસી-સિંઘરોટ રોડ (વ્હાઇટ ટોપીંગ) રીસરફેસીંગ કરવા બાબત**

**15/4/1914 શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ): માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગોત્રી–સેવાસી–સિંઘરોટ રોડ જિ.વડોદરા (વ્હાઈટ ટોપીંગ)ને રીસરફેસીંગ કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ ? | (૧) | હા,જી |
| (૨) | જો હા, તો કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે, અને | (૨) | કુલ લંબાઇ ૭૪ કિ.મી. માટે રકમ રૂ.૨૮૦૦/– લાખ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ આ કામ કયા તબક્કે છે? | (૩) | ઉકત સ્થિતિએ સદર કામનું ટેન્ડર મંજુરી હેડળ હતુ. |

.................................

**આણંદ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન આપવા બાબત**

15/4/1902 **શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ** (સોજિત્રા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે ૬(છ) અરજીઓ મંજૂર કરવામાં આવી. |
| (2) | મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી | (૨) | મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ ૫૦૦૦ ચો.મી જમીનની ફાળવણી કરવામાં આવી. |

----------

**રાજકોટ અને દાહોદ જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો**

**15/4/1926 : શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ અને દાહોદ જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું, | (૧) અને (૨) | પત્રક મુજબ |
| (૨) | તેની કિંમત કેટલી છે, અને | | |
| (૩) | ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી? | (૩) | |

| **જિલ્લાના નામ** | **ધરપકડ કરવામાં આવેલ ઇસમોની સંખ્યા** |
|---|---|
| રાજકોટ શહેર | ૫૬ |
| રાજકોટ ગ્રામ્ય | ४૬ |
| દાહોદ | ૧૧ |

-------------

**પત્રક**

| **જિલ્લાના નામ** | **ડ્રગ્સનો પ્રકાર** | **જથ્થો** | **કિંમત (રૂ.)** |
|---|---|---|---|

| | | | |
|---|---|---|---|
| રાજકોટ શહેર | ગાંજો | ૧૨૦ કિલો ૨૮૦ ગ્રામ | ૧૦૭૯૫૬૦ |
| | ગાંજાના જીવંત છોડ | ૮ કિલો ૩૩૦ ગ્રામ | ૮૩૩૦૦ |
| | મેફેડ્રોન | ૨૨૨ ગ્રામ ૨૬૦ મીલી | ૨૨૪૬૦૦૦ |
| | બ્રાઉન સુગર | ૩૨ ગ્રામ ૧ મીલી | ૧૬૦૦૫૦ |
| | મેથા એમફેટામાઇન | ૪ ગ્રામ ૯૩ મીલી | ૪૯૩૦૦ |
| | કેનાબીઝ સક્રીય ઘટકો | ૫ કિલો ૨૫૦ ગ્રામ | ૨૩૭૦ |
| | કફ શીરપની બોટલો | ૧૩૩૩૮ નંગ | ૨૩૦૭૯૦૦ |
| રાજકોટ ગ્રામ્ય | ગાંજો તથા લીલા છોડવા | ૩૮૫ કિલો ૫૪૯ ગ્રામ | ૪૩૪૦૯૯૦ |
| | ચરસ | ૧ કિલો ૧૦૦ ગ્રામ | ૧૬૫૦૦૦ |
| | મેફેડ્રોન | ૪૫ ગ્રામ ૮ મીલી | ૪૫૮૦૦૦ |
| | અફીણ | ૫૫૦ ગ્રામ | ૨૭૫૦ |
| | પોષડોડા | ૮૮૦ ગ્રામ | ૨૬૪૦ |
| | ટેબલેટ | ૧૨ ગ્રામ | ૨૪૭ |
| | સીરપ | ૭૦૯૩ નંગ | ૭૫૧૪૭૧ |
| દાહોદ | ગાંજો | ૧૨૨૫ કિલો ૬૨૬ ગ્રામ | ૧૨૨૫૬૨૬૦ |
| | અફિણના ઝીંડવા (પોષડોડા) | ૩૬૭ કિલો ૮૬ ગ્રામ | ૧૧૦૩૫૮૦ |

**સુરત જિલ્લામાં પશુધન નિરિક્ષકની મંજૂર જગ્યા**

**15/4/1891** શ્રી મોહનભાઇ ધનજીભાઇ ઢોડિયા (મહુવા (એસ.ટી.)) : માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં પશુધન નિરિક્ષકની કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) | ૨૫ |
| (૨) | તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યા ભરાયેલ છે, | (૨) | ૨૫ |
| (૩) | કેટલી જગ્યા ખાલી છે ? | (૩) | ૦૦ |

**ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસોની સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગર કચેરીમાં નોંધ દાખલ કરવા બાબત**

15/4/2472 **શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના કેટલા આવાસોની સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધો દાખલ કરવામાં આવી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગાંધીનગર શહેરી વિસ્તારમાં ગુજરાત હાઉસીંગ બોર્ડના ૧૧૮ આવાસોની નોંધ દાખલ કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા આવાસોની સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધ દાખલ કરવાની બાકી છે, | (૨) | ઉક્ત સ્થિતિએ કુલ ૬૬ આવાસોની નોંધ દાખલ કરવાની બાકીમાં છે. |

(૩) ઉક્ત બાકી આવાસોની સિટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટ ગાંધીનગરની કચેરીમાં નોંધ દાખલ ન કરવાના કારણો શા છે, અને

(૩) સિટી સર્વે કચેરીઓમાં ઓનલાઇન નોંધ દાખલ કરવા માટેની CSIS (City Survey Information System) માં ગુજરાત હાઉસીંગ બોર્ડના આવાસોની મિલકતના પ્રોપર્ટીકાર્ડમાં હુકમ સિવાયની અન્ય તબદીલી (વેચાણ, વારસાઇ, હક્કકમી, વીલ, વિગેરે) અંગેની નોંધો દાખલ થઇ શકતી ન હોવાના કારણે હુકમ સિવાયની અન્ય તબદીલી અંગેની નોંધ દાખલ કરવાની બાકીમાં રહેલ હતી.

**સુરેન્દ્રનગર જિલ્લામાં નર્મદાની કેનાલ તૂટવા બાબત.**

15/4/2129: **શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર (દસાડા): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર કેટલીવાર નર્મદાની કેનાલો તૂટી,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષ વાર સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર નીચે મુજબની કેનાલો જુદા જુદા સ્થળોએ તૂટી જવાની ઘટના બની છે.

| તાલુકાનું નામ | શાખા નહેરો | વિશાખા નહેરો | પ્રશાખા નહેરો | કુલ |
|---|---|---|---|---|
| (૧) વર્ષ ૨૦૨૩ | | | | |
| વઢવાણ | ૦ | ૦ | ૦ | ૦ |
| લખતર | ૦ | ૧ | ૧ | ૨ |
| લીંબડી | ૧ | ૧ | ૧ | ૩ |
| ચુડા | ૦ | ૦ | ૧ | ૧ |
| ધ્રાંગધ્રા | ૦ | ૦ | ૦ | ૦ |
| દસાડા | ૦ | ૦ | ૧ | ૧ |
| કુલ | ૧ | ૨ | ૪ | ૭ |
| (૨) વર્ષ ૨૦૨૨ | | | | |
| વઢવાણ | ૦ | ૦ | ૦ | ૦ |
| લખતર | ૦ | ૦ | ૦ | ૦ |
| લીંબડી | ૦ | ૦ | ૦ | ૦ |
| ચુડા | ૦ | ૦ | ૦ | ૦ |
| ધ્રાંગધ્રા | ૦ | ૧ | ૦ | ૧ |
| દસાડા | ૦ | ૦ | ૦ | ૦ |
| કુલ | ૦ | ૧ | ૦ | ૧ |

(૨) આ કેનાલોની મરામત પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૨) સુરેન્દ્રનગર જિલ્લાની કેનાલોમાં મરામત તથા નીભાવણીનું કામ ચાલુ હતુ ત્યા સંલગ્ન ઇજારદાર પાસેથી તેમના ખર્ચે કામ કરાવી લેવામાં આવેલ છે તથા જે કેનાલમાં મરામત તથા નીભાવણીનુ કામ ચાલુ ન હતું ત્યા રૂ.૧૨,૦૦૦/- નો ખર્ચ થયેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ જિલ્લાની નર્મદાની કેનાલોની ફેર ચકાસણી કરી મજબુતીકરણ કરવા સરકારે શી કાર્યવાહી કરેલ છે ?

(૩) ઉક્ત સ્થિતિએ કેનાલોના ઓપરેશન અને મેઇનટેનન્સ (O & M) તથા મેઇનટેનન્સ અને રીપેર (M & R) તથા કેનાલ મજબુતીકરણ ની કામગીરી કરાવવામાં આવી રહેલ છે.

**સ્માર્ટ સિટી પ્રોજેક્ટ હેઠળ પોરબંદર શહેરને ફાળવેલ રકમ**

15/4/2486 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:–

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પોરબંદર શહેરમાં સ્માર્ટ સિટી મિશન (પ્રોજેક્ટ) હેઠળ કેન્દ્ર સરકારે કેટલી રકમ ફાળવી, | (૧) અને (૨) | સ્માર્ટ સિટી મિશન (પ્રોજેક્ટ) હેઠળ ગુજરાત રાજ્યના કુલ ૦૬ શહેરોની પસંદગી કરવામાં આવેલ હતી. જેમાં પોરબંદર શહેરનો સમાવેશ થતો નથી. આથી, ગ્રાન્ટ ફાળવણીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત શહેરમાં વર્ષવાર કેટલી રકમ કયા કામો પાછળ વપરાઇ, | | |
| (૩) ઉક્ત વર્ષવાર, શહેરમાં કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલ રહી, અને | (૩) અને (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલા કામો ચાલુ છે તે કયાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | | |

**પંચમહાલ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

**15/4/1893 શ્રી સી. કે. રાઉલજી (ગોધરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૧)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---

**ગાંધીનગર જિલ્લાના અડાલજ–કોબા લીંક રોડને વાઈટ ટોપીંગ કરવા બાબત**

**15/4/1920 : શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)) : માનનીય મુખ્યમંત્રીશ્રી**(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં અડાલજ–કોબા લીંક રોડને વાઈટ ટોપીંગ માટે મંજુરી મળેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામગીરી માટે કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને | (૨) રૂ.૨૬૦૦/– લાખ. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ કામગીરી કયા તબક્કે છે ? | (૩) ટેન્ડર મંજૂર થયેલ છે. |

......................................

**છોટાઉદેપુર જિલ્લામાં સેવાસેતુ કાર્યક્રમ બાબત**

15/4/2400 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે, –

| પ્રશ્ન: | જવાબ: |
|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર | (૧) ૪૨ |

| | | | |
|---|---|---|---|
| | સેવાસેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમો યોજવામાં આવ્યા, | | |
| (૨) | આ કાર્યક્રમમાં કેટલી સેવાઓ આવરી લેવામાં આવી, અને | (૨) | ૫૬ |
| (૩) | ઉક્ત કાર્યક્રમમાં કેટલી અરજીઓ આવી અને કેટલી નિકાલ કરવામાં આવી ? | (૩) | (અ) આવેલ અરજીઓ : ૧૨૫૦૯૪<br>(બ) નિકાલ કરેલ અરજીઓ : ૧૨૫૦૯૪ |

**રાજ્યમાં આઈ.એ.એસ.નું મંજૂર મહેકમ**

15/4/2496 **શ્રી જિજ્ઞેશ મેવાણી (વડગામ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે ,-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આઈ.એ.એસ. અધિકારીઓની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) | મંજૂર જગ્યાઓ – ૩૧૩ |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) | ૫૨ |
| (૩) | ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ રાજ્યના કેટલા આઈ.એ.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે ? | (૩) | ૨૦ |

---------------------------

**અમૃત ૨.૦ મિશન અંતર્ગત આણંદ નગરપાલિકાની કામગીરી**

15/4/1898 શ્રી યોગેશ આર. પટેલ (આણંદ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત આણંદ નગરપાલિકામાં કેટલા કામ હાથ ધરવામાં આવેલ છે, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમૃત ૨.૦ મિશન અંતર્ગત આણંદ નગરપાલિકામાં કુલ–૯ કામ હાથ ધરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે, અને | (૨) | ઉક્ત સ્થિતિએ હાલ કોઈ કામ પૂર્ણ થયેલ નથી. |
| (૩) | બાકી રહેલા કામ કયા સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે? | (૩) | ઉક્ત કામો ડીસેમ્બર–૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

-----------

**નવસારી જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ**

15/4/2501 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ**(વાંસદા): ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલો તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૩૨૭૯૫ (અગ્રતા–૨૦) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી (**મહેસૂલ**)** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** **જવાબ**

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નો

(૧) નવસારી જિલ્લાના જલાલપોર તાલુકાના કરાડી, કરાંખટ, વાંસી તથા બોરસી ગામોમાં સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહેલ હોવા અંગેની મળેલ રજૂઆત બાબતે સંબંધિત અધિકારીને જરૂરી જાણ કરી અહેવાલ મોકલી આપવા જણાવેલ તે અહેવાલ તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ક્યારે મળેલ છે ,

(૧)

| ગામનું નામ | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અહેવાલની વિગત |
|---|---|
| કરાડી | કલેક્ટરશ્રી, નવસારીના તા. ૦૪/૦૩/૨૦૨૧ના પત્ર મુજબ તા.૧૦/૦૧/૨૦૨૦, તા.૦૬/૦૬/૨૦૨૦ તથા તા.૧૭/૧૨/૨૦૨૦ નાં પત્રથી અહેવાલ મળેલ છે. |
| કરાંખટ | કરાંખટ ગામમાં ગેરકાયદેસર ઝીંગા તળાવ આવેલ હોવાની રજૂઆત અંગે ખાતા નં.૨૪૩ વાળી જમીનો રીઝર્વ જંગલ તરીકે ચાલી આવેલ હોય, નાયબ વન સંરક્ષકશ્રી, ઉત્તર વન વિભાગ, વલસાડને જરૂરી દબાણ દૂર કરવા તા.૦૩/૦૩/૨૦૨૧ નાં પત્રથી જણાવેલ છે. જે અન્વયે અહેવાલ મળેલ નથી. |
| વાંસી<br>બોરસી | નવસારી જિલ્લાનાં જલાલપોર તાલુકાનાં વાંસી તથા બોરસી ગામો અંગે પ્રાંત અધિકારીશ્રી નવસારીએ તા.૧૯/૦૫/૨૦૨૧ થી અહેવાલ મોકલેલ છે. |

(૨) ઉક્ત સ્થિતિએ અહેવાલ મુજબ કેટલી જમીનમાં ગેરકાયદેસર ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યાનું સામે આવ્યું ,

(૨)

| ગામનું નામ | કેટલી જમીનમાં ગેરકાયદેસર ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યાનું સામે આવ્યું તેની વિગત |
|---|---|
| કરાડી | મોજે.કરાડી, તા.જલાલપોરનાં નવો બ્લોક નં.૭૦૬ (જુનો બ્લોક નં.૬૬૨) વાળી જમીન અંગે સરકારી રાહે માપણી કરવામાં આવેલ છે. તથા સદર માપણીને MPEDA નાં માસ્ટર મેપીંગ તથા CRZ નાં નકશા સાથે સુપર ઈમ્પોઝ કરવા નિયામકશ્રી ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટીને જણાવેલ છે. જે અંગેનો અહેવાલ મળેલ નથી. |
| કરાંખટ | ક્રમ(૧) મુજબ નાયબ વન સંરક્ષકશ્રી, ઉત્તર વન વિભાગ તરફથી અહેવાલ મળેલ નથી. |
| વાંસી<br>બોરસી | અરજદારશ્રી દ્વારા ગેરકાયદેસર તળાવો વાંસી કે બોરસી કયા ગામે તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ ન હોય કે કોઈ વિગતવાર દસ્તાવેજી પુરાવાઓ સામેલ કરેલ ન હોય, વિગતવાર દસ્તાવેજી પુરાવાઓ મળ્યેથી DILRશ્રી દ્વારા માપણી થયા બાદ જમીન |

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી, અને

(૩)

| ગામનું નામ | ઉક્ત સ્થિતિએ જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી તેની વિગત |
|---|---|
| કરાડી | ૫૫ લીઝ હોલ્ડરોને ઝીંગા ઉછેર પ્રવૃતિ બંધ કરવા નોટીશ આપવામાં આવેલ છે. |
| કરાંખટ<br>વાંસી<br>બોરસી | ક્રમ(૨) ની સ્થિતિએ પ્રશ્ન નથી. |

(૪) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવાનું છે, તે ક્યાં સુધી કરવામાં આવશે?

(૪)

| ગામનું નામ | ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી દબાણ દૂર કરવાનું છે, તે ક્યાં સુધી કરવામાં આવશે તેની વિગત |
|---|---|
| કરાડી | નિયામકશ્રી ગુજરાત કોસ્ટલ ઝોન મેનેજમેન્ટ ઓથોરીટી પાસેથી અહેવાલ મળ્યા બાદ નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવનાર છે. |

| | |
|---|---|
| કરાંખટ | કરાંખટ ગામની પ્રશ્નવાળી જમીન રીઝર્વ જંગલ તરીકે ચાલતી હોય, દબાણ દૂર કરવાની જવાબદારી ફોરેસ્ટ વિભાગની બનતી હોઈ, નાયબ વન સંરક્ષકશ્રી, ઉત્તર વન વિભાગ, વલસાડને જરૂરી દબાણ દૂર કરવા તા.૦૩/૦૩/૨૦૨૧ નાં પત્રથી જણાવેલ છે |
| વાંસી<br>બોરસી | અહેવાલ મુજબ અરજદારશ્રી દ્વારા ગેરકાયદેસર તળાવો વાંસી કે બોરસી કયા ગામે તે બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ ન હોય કે કોઈ વિગતવાર દસ્તાવેજી પુરાવાઓ સામેલ કરેલ ન હોય, જરૂરી દસ્તાવેજી પુરાવાઓ મળ્યેથી માપણી કર્યા બાદ આગળની કાર્યવાહી થઈ શકે તેમ હોય કલેક્ટરશ્રી,નવસારીની કચેરીનાં તા.૦૧/૦૬/૨૦૨૧ નાં પત્રથી અરજદારશ્રીને જાણ કરવામાં આવેલ. જે અન્વયે પ્રત્યુત્તર મળ્યા બાદ આગળની કાર્યવાહી થઇ શકે તેમ છે. |

**ભાવનગર જિલ્લાના મહુવા તાલુકામાં ખનીજની નવી લીઝો આપવા બાબત**

15/4/2280 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા): માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનીજ)** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૨૩/૦૧/૨૪ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ભાવનગરના મહુવા તાલુકામાં કેટલી ખનિજોની નવી લીઝ આપવા આવી, અને | (૧) | કૂલ–૦૨ લીઝો આપવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતીએ ઉક્ત લીઝોમાંથી રાજ્ય સરકારને રોયલ્ટી પેટે કેટલી આવક થઈ ? | (૨) | રોયલ્ટી પેટે કૂલ રૂ. ૨.૧૩ લાખની આવક થયેલ છે. |

**ભરૂચ જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

**15/4/1940 શ્રી ડી.કે.સ્વામી (જંબુસર) : માનનીય રમત–ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને | (૧) | ૫,૧૫૦ (પાંચ હજાર એકસો પચાસ) ખેલાડીઓ |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિધ્ધીઓ મેળવેલ છે? | (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ ખેલમહાકુંભ અને એસ.જી.એફ.આઈ.ની સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ અને રાજ્ય કક્ષાએ મેળવેલ મેડલ્સની વિગત નીચે મુજબ છે: |

| કક્ષા | ખેલમહાકુંભ | SGFI |
|---|---|---|
| જિલ્લા કક્ષા | ૩૬ | ૧૪૩ |
| રાજ્ય કક્ષા | ૦૦ | ૦૧ |

- ૦૬(છ) ખેલાડીઓએ DLSS યોજનામાં પ્રવેશ મેળવેલ છે.

**રાજયમાં ખાનગી ટ્રાવેલ્સ ચલાવવા માટે કોન્ટ્રાક્ટ કેરેજ પરમીટ આપવા બાબત**

15/4/2448 **શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર** (જામજોધપુર) : **માનનીય વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** **જવાબ**

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| | | | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખાનગી ટ્રાવેલ્સ ચલાવવા માટે કોન્ટ્રાક્ટ કેરેજ પરમીટ આપવામાં આવે છે પરંતુ સ્ટેજ કેરેજ પરમીટ આપવામાં આવતી નથી, આ હકીકત સાચી છે, અને | (૧) | હા |
| (૨) | જો હા, તો તેના કારણો શા છે ? | (૨) | મોટર વ્હીકલ એક્ટ, 1988 ની કલમ 99 અને કલમ 100(3) હેઠળ રાજ્ય સરકારે પ્રસિધ્ધ કરેલ જાહેરનામા ક્રમાંક GH/G/94/95/MVR-1093-2769-KH, તા.16.08.1994થી રાજ્યમાં સ્ટેજ કેરેજ સંચાલન કરવા ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનને સત્તા આપેલ હોવાના કારણે ખાનગી ટ્રાવેલ્સને સ્ટેજ કેરેજની પરમીટની મંજુરી આપવામાં આવતી નથી. |

### જૂનાગઢ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજી

15/4/1904 **શ્રી ભગવાનભાઈ લાખાભાઈ કરગટીયા**(માંગરોળ) **: માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએછેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, | (૧) | ૯૩૫ |
| (૨) | ઉક્ત સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને | (૨) | |

| ક્રમ | તાલુકાનું નામ | મંજૂર અરજીઓ | નામંજૂર અરજીઓ |
|---|---|---|---|
| ૧ | કેશોદ | ૭૧ | ૦ |
| ૨ | જૂનાગઢ ગ્રામ્ય | ૧૧૮ | ૦ |
| ૩ | જૂનાગઢ શહેર | ૯૭ | ૦ |
| ૪ | ભેંસાણ | ૬૫ | ૧ |
| ૫ | માણાવદર | ૩૦ | ૦ |
| ૬ | માળીયા હાટીના | ૨૯ | ૦ |
| ૭ | માંગરોળ | ૧૧૬ | ૧ |
| ૮ | મેંદરડા | ૬૪ | ૦ |
| ૯ | વંથલી | ૬૩ | ૦ |
| ૧૦ | વિસાવદર | ૩૭ | ૦ |
| કુલ | | ૬૯૦ | ૨ |

| | | | |
|---|---|---|---|
| (૩) | આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે? | (૩) | (૧) અરજી હેઠળની જમીનોની ભરવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટી ભરવાની બાકી રહેતી હોવાના કારણે,<br>(૨) અરજદારશ્રીનુ મુળથી ખાતેદાર ખેડૂતનું સ્ટેટસ સ્પષ્ટ થતું ન હોવાના કારણે. |

----------

### મહિસાગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત

**15/4/1994** શ્રી માનસિંહ કોહ્યાભાઇ ચૌહાણ (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે,

(૧)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**ગીર સોમનાથ જિલ્લામાં માંગરોળ બંદરમાં જેટી અને ટ્રેટાપોડનું કામ**

**15/4/2446 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ):**માનનીય મુખ્યમંત્રીશ્રી(બંદરો)** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં માંગરોળ બંદરમાં જેટી અને ટેટ્રાપોડનું કામ હલકી અને નબળી ગુણવત્તાનું થયેલ હોવાની કેટલી ફરીયાદો મળી, | (૧) ૫ ફરીયાદો મળેલ છે. |
| (૨) મળેલ ફરીયાદો અન્વયે કઇ કક્ષાએથી તપાસ કરવામાં આવી, | (૨) મળેલ ફરીયાદો બાબતે તજજ્ઞ પાસે તાંત્રિક અહેવાલ તૈયાર કરાવેલ છે. |
| (૩) ઉકત તપાસ દરમ્યાન ઉકત બંદરમાં જેટીની કામગીરીમાં કેવા પ્રકારની ખામીઓ જોવા મળી, અને | (૩) તજજ્ઞ તરફથી મળેલ અહેવાલ ચકાસણી હેઠળ છે. |
| (૪) તે અન્વયે ઉકત સ્થિતિએ ક્યારે કોની સામે શા પગલાં લીધાં ? | (૪) ક્રમ નં–૩ ના ઉપરના જવાબ મુજબ |

**ખેડા જિલ્લામાં રમતના મેદાનો**

***15/4/1930 શ્રી સંજયસિંહ વિજયસિંહ મહિડા (મહુધા) : માનનીય રમત–ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડા જિલ્લામાં જિલ્લા રમત સંકુલ કાર્યરત છે કે કેમ, | (૧) હા |
| (૨) જો હા, તો ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ કેટલી રમતના મેદાનો આવેલ છે, અને | (૨) ઉક્ત જિલ્લા રમત સંકુલમાં ઉક્ત સ્થિતિએ નીચે મુજબની રમતના મેદાનો આવેલ છે.<br>• જુડો હોલ<br>• જીમ<br>• ટેકવેન્ડો હોલ<br>• સ્વિમિંગ<br>• વોલીબોલ ગ્રાઉન્ડ<br>• રેસલીંગ હોલ<br>• આઉટડોર ગ્રાઉન્ડમાં નીચે મુજબની રમતના મેદાન આવેલ છે.<br>(૧) ફૂટબોલ ગ્રાઉન્ડ<br>(૨) આર્ચરી<br>(૩) બીચ વોલીબોલ ગ્રાઉન્ડ<br>(૪) વોલીબોલ કોર્ટ<br>(૫) સિન્થેટીક એથ્લેટિક ટ્રેક |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા રમત સંકુલ પાછળ કેટલો ખર્ચ થયેલ છે? | (૩) રૂ.૧૩૮૩.૬૬ લાખ |

––––––––––

**મહેસાણા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ખાલી જગ્યાઓ ભરવા બાબત**

**15/4/1894 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ)** (ઉંઝા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:–

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યા મંજૂર થયેલ છે, | (૧) મંજૂર: ૦૨, ભરાયેલ: ૦૨, ખાલી: ૦ |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) મંજૂર: ૦૨, ભરાયેલ: ૦૨, ખાલી: ૦ |
| (૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૧)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

(૨)

| મંજૂર | ભરાયેલ | ખાલી |
|---|---|---|
| ૦૨ | ૦૨ | ૦ |

### બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત

15/4/2490 **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા, | (૧) બનાસકાંઠા<br>વર્ષ ૨૦૨૨: ૪૮૬૫૦૦ ચો.મી.<br>વર્ષ ૨૦૨૩: ૪૦૩૮૦૪ ચો.મી.<br><br>મહેસાણા<br>વર્ષ ૨૦૨૨: ૩૪૩૫૭૨ ચો.મી.<br>વર્ષ ૨૦૨૩: ૩૬૩૭૫.૧૪ ચો.મી. |
| (૨) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઇ, અને | (૨) બનાસકાંઠા<br>વર્ષ ૨૦૨૨: રૂ.૧૪,૧૧,૯૬,૭૪૨/–<br>વર્ષ ૨૦૨૩: રૂ.૩૩,૫૯,૬૧,૯૮૦/–<br><br>મહેસાણા<br>વર્ષ ૨૦૨૨: રૂ.૭,૨૧,૭૬,૫૫૦/–<br>વર્ષ ૨૦૨૩: રૂ.૧૩,૩૯,૩૮,૮૫૨/– |
| (૩) ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી? | (૩) ઉક્ત સ્થિતિએ વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કોઇ ફરિયાદ મળેલ નથી. |

### એફ.એસ.એલ.માં સસ્પેક્ટ ડીટેકશન સીસ્ટમ પધ્ધતિથી કેસો/નમૂનાઓનું પૃથ્થકરણ

15/4/1923: **શ્રી અમિત ઠાકર** (વેજલપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** **જવાબ**

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં સસ્પેક્ટ ડીટેક્શન સીસ્ટમ પધ્ધતિથી કેટલા કેસો/નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

૯૩ કેસના ૨૨૪ નમુનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે.

**સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ઈનસ્કૂલ શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

**15/4/1941 શ્રી શામજીભાઈ ભીમજીભાઈ ચૌહાણ ચોટીલા) : માનનીય રમત–ગમતમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં નીચે કોષ્ટકમાં દર્શાવ્યા મુજબની વિગતે કુલ ૧૦,૧૯૫ (દસ હજાર એકસો પંચાણુ) ખેલાડીઓએ તાલીમ લીધેલ છે.

| ક્રમ | જિલ્લાનું નામ | ખેલાડીઓએ લીધેલ તાલીમ |
|---|---|---|
| ૧ | સુરેન્દ્રનગર | ૩૭૦૦ |
| ૨ | રાજકોટ | ૬૪૯૫ |
| | કુલ:– | ૧૦૧૯૫ |

(૨) ઉક્ત સ્થિતિએ "ઈનસ્કૂલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ સુવિધાઓ આપવામાં આવે છે?

(૨) ઉક્ત સ્થિતિએ ઈનસ્કૂલ શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા ફાળવેલ રમતના સાધનો અને મેદાન વિગેરે માટે કેપીટલ ખર્ચ કરવામાં આવે છે. આ યોજનામાં સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા નિયુક્ત કરવામાં આવેલ વિવિધ આઉટસોર્સીંગ એજન્સીઓ દ્વારા પસંદ થયેલ શાળાઓમાં વિવિધ રમતના ટ્રેનર્સ પુરા પાડવામાં આવે છે. શાળા સમય દરમ્યાન ફીઝીકલ એજ્યુકેશનના તાસ અને શાળા સમય બાદ ખેલાડીઓને ટ્રેનર્સ દ્વારા ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવે છે.

**દાહોદ જિલ્લામાં રમતગમત સંકુલ માટે જમીન ફાળવવા બાબત**

15/4/1901 **શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) દાહોદ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમતગમત સંકુલ માટે સરકારી જમીન આપવા અંગેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૧) શૂન્ય.

(૨) મંજૂર કરેલ અરજીઓ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?

(૨) શૂન્ય.

---

**જામનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સનો જથ્થો**

**15/4/1925: શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી** (ડીસા): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જામનગર અને બનાસકાંઠા જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૧) પત્રક મુજબ.

(૨) તેની કિંમત કેટલી છે, અને

અને

(૨)

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઇસમોની ધરપકડ કરવામાં આવી?

(૩)

| જિલ્લાનું નામ | ધરપકડ કરી |
|---|---|
| જામનગર | ૩૬ |
| બનાસકાંઠા | ૩૮ |

---------

**પત્રક**

| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | | |
|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **ડ્રગ્સનું નામ** | **જથ્થો** | **કિંમત (રૂપિયા)** |
| જામનગર | ગાંજો | ૧૩ કિલો ૮૩૩ ગ્રામ | ૧૩૮૩૩૦ |
| | એમ.ડી.પાઉડર | ૬૦ ગ્રામ | ૬૦૦૦૦૦ |
| | અફિણ | ૧૯૨ ગ્રામ | ૫૭૦૦ |
| બનાસકાંઠા | મેફેડ્રોન | ૭૩ ગ્રામ ૦૧ મીલી | ૭૩૦૧૦૦ |
| | ગાંજો | ૧૩૬૧ કિલો ૦૦૮ ગ્રામ | ૧૧૭૫૮૦ |
| | હેરોઇન | ૧૫ કિલો ૫૦૦ ગ્રામ | ૧૫૫૦૦૦ |
| | અફિણ ડુંડા | ૧૬ કિલો ૨૦૦ ગ્રામ | ૧૬૨૦૦૦ |
| | પોશડોડા | ૨૯૩૫ કિલો ૬૬૦ ગ્રામ | ૮૯૧૦૭૫૦ |
| | ચરસ | ૩ કિલો ૩૪૮ ગ્રામ | ૫૦૮૨૦૦ |
| | મેથા-એમ્ફેટામાઇન | ૪ કિલો ૨૬૮ ગ્રામ | ૪૨૬૮૦૦૦૦ |

**રાજ્યમાં નિવૃત્તિ બાદ પુન: નિમણૂકમાં અનામત જાળવવા બાબત**

15/4/2479 **ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)** જણાવવા કૃપા કરશે કે,

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક આપવા બાબતે સામાન્ય વહીવટ વિભાગની મંજૂરી લેવાની થાય છે તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આવી નિમણુંકોમાં અનામતના ધોરણો જાળવવામાં આવે છે કે કેમ, અને | (૨) | ના, જી. |
| (૩) | જો ના, તો તેના કારણો શા છે ? | (૩) | વયનિવૃત્તિ બાદ આપવામાં આવતી નિમણૂક કેવળ ટુંકાગાળાની તેમજ નિયમિત ઉમેદવાર સત્વરે ઉપલબ્ધ ન થયેલ હોય તેવા સંજોગોમાં વચગાળાની વ્યવસ્થાના ભાગરૂપે જગ્યાની કામગીરીની અનિવાર્ય આવશ્યકતા ધ્યાને લઇને કોઇ પણ કેટેગરીના અધિકારી/કર્મચારીના વિશિષ્ઠ જ્ઞાન, કૌશલ્ય અને અનુભવને આધારે કરવાની થાય છે. |

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં શૂન્ય ગૌચર**

15/4/2462 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર કયા ગામોમાં શૂન્ય ગૌચર છે અને કયા ગામોમાં લઘુત્તમ ગૌચર કરતાં ઓછું ગૌચર છે, | (૧) | નીચે સામેલ પત્રક મુજબ |
| (૨) | ઉક્ત ગામોમાં શૂન્ય ગૌચર અને લઘુત્તમ કરતાં ઓછું ગૌચર હોવાના કારણો શા છે અને તેના માટે જવાબદાર કોણ છે, | (૨) | જૂનાગઢ જિલ્લાના ઉક્ત ગામોમાં પ્રથમથી જ શૂન્ય ગૌચર તથા પ્રથમથી જ લઘુત્તમ ગૌચર આવેલ છે. તથા ગીર સોમનાથ જિલ્લામાં તાલાલા તાલુકાના ૭ ગામોમાં મોટાભાગની જમીનો આરક્ષિત જંગલ તરીકે જાહેર થયેલ છે. પ્રથમથી જ ગૌચર નીમ થયેલ નથી. સુત્રાપાડા તાલુકાના ૧ ગામમાં પ્રથમથી જ ગૌચર નીમ થયેલ નથી. અગાઉ જે તે સમયે હયાત પશુધનની સંખ્યાને ધ્યાનમાં રાખીને ગૌચરની જમીન નીમ થયેલ છે. હાલ પ્રવર્તમાન ડેરી ઉદ્યોગનો વિકાસ થતા પશુઓની સંખ્યામાં ઉતરોતર વધારો થતો રહે છે. જેથી હાલના સમયે ગામોમાં ગૌચરની ઘટ હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ જણાય છે. |
| (૩) | ઉક્ત ગામોમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે નીમ કરવા મહેસૂલ વિભાગ તરફથી શા આદેશો આપવામાં આવ્યા છે, અને | (૩) | સરકારશ્રીના મહેસૂલ વિભાગના ઠરાવ ક્રમાંક : જમન/૩૯૧૧/૩૧૯૪/ગ તા.૦૧/૦૪/૨૦૧૫ થી નક્કી થયેલ ગૌચર જમીન વ્યવસ્થાપન નીતિ મુજબ કામગીરી કરવામાં આવે છે. |
| (૪) | ઉક્ત ગામોમાં ક્યાં સુધીમાં વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે.? | (૪) | ઉક્ત ગામોમાં પંચાયત વિભાગ તરફથી ગૌચર નીમ કરવા અંગેની દરખાસ્ત રજૂ થયેથી આગળની નિયમાનુસારની કાર્યાવાહી કરવામાં આવશે. |

ભાગ–૧

| જૂનાગઢ જિલ્લામાં શૂન્ય ગૌચર ધરાવતા ગામો | | |
|---|---|---|
| ક્રમ | તાલુકો | ગામ |
| (૧) | વિસાવદર | સુખપુર, ગોવિંદપરા, દુધાળા, માણંદિયા, વડાળા (શેત્રંજ) |
| (૨) | ભેસાણ | દુધાળા, પાટવડ, નાના ગુજરીયા, મોટા ગુજરીયા |
| (૩) | જૂનાગઢ (ગ્રામ્ય) | ખલીલપુર, પાદરીયા, સેમરાળ, વિજાપુર, વિરપુર, પીપરડી ટીંબો |
| (૪) | જૂનાગઢ (શહેર) | દોલતપરા, ભવનાથ |
| (૫) | માણાવદર | દગડ, ખખાવી, સરાડીયા, વેળવા |
| (૬) | મેંદરડા | સાસણ, ટીંબી |
| (૭) | માંગરોળ | ચોટીવીલડી |
| જૂનાગઢ જિલ્લામાં લઘુત્તમ ગૌચર કરતાં ઓછુ ગૌચર ધરાવતા ગામો | | |
| ક્રમ | તાલુકો | ગામ |
| (૧) | વિસાવદર | હડમતીયા મોટા, નવાણીયા, કોટડા મોટા, શાભાવડલા લશ્કર, કાનાવડલા, વિછાવડ, કોટડા નાના, ઈશ્વરીયા(માંડાવડ), સિરવાણીયા, રબારીકા, હડમતીયા નાના, ભલગામ, જાંબુડા, ઢેબર, માંગનાથ પીપળી, વિરપુર, ચાવંડ નવી, ચાવંડ જૂની, લેરીયા, કુબા રાવણી, છેલણકા, ઝાંઝેસર, ઘોડાસણ, ભૂતડી, માંડાવડ, ચાંપરડા, શોભાવડલા ગીર, મોણપરી નાની, સરસઈ, કાલસારી, લાલપુર, વેકરીયા, મોટી મોણપરી, ઈશ્વરીયા ગીર, બરડીયા, જાંબાળા, લીલીપા. લીમદ્ધા, રતાંગ, પ્રેમપરા, જાંબુડી, જાવલડી, રાજપરા, મુંડીયા રાવણી, વિસાવદર |
| (૨) | ભેસાણ | બામણગઢ, ગળથ, બરવાળા, હડમતીયા ખજુરી, ભાટગામ, હડમતીયા ખાખરા, ભેસાણ, હડમતીયા વિશળ, ચણાકા, ચુડા, ઢોળવા, મેંદપરા, નવા વાઘણીયા, નવી ધારીગુંદાળી, પરબવાવડી, પસવાડા, કરીયા, ખારચીયા, પાટલા, પીપળીયા તડકા, રફાળીયા, રાણપુર, સામતપરા, સાંકરોળા, સરદારપુર, સુખપુર, વાંદરવડ, મોડવા |
| (૩) | જૂનાગઢ (ગ્રામ્ય) | ગોલાધર, વાડાસીમડી, ઝાલણસર, શિયાળ, ચોકી, મજેવડી, કાથરોટા, રૂપાવટી, વડાલ, માખીયાળા, બામણગામ, તલીયાધર, ચોકલી, પત્રાપસર, સુખપુર, બલીયાવડ, વધાવી, મંડલીકપુર, સોડવદર, પાત્તાપુર, ઈવનગર, પલાસવા, તોરણીયા, ઉમરાળા, નવાગામ, ચોરવાડી, આણંદપુર, ઈટાળા, સણાથા, મેવાસા ખડીયા, રામેશ્વર, અવતડીયાનાના, મેવાસાકમરી, થુંબાળા, બાદલપુર, બગડુ, જામકા, સોખડાવદર, બિલખા, બેલા, ખલીલપુર, પાદરીયા, સેમરાળા, ડેરવાણ, વીજાપુર, વિરપુર |
| (૪) | જૂનાગઢ (શહેર) | જૂનાગઢ શહેરી વિસ્તારમાં દોલતપરા તથા ભવનાથમાં શૂન્ય ગૌચર આવેલ છે.જયારે આ સિવાયના શહેરી વિસ્તારમાં લઘુતમ ગૌચર કરતા ઓછું ગૌચર આવેલ છે. |

## ભાગ-૨

| | | |
|---|---|---|
| (૫) | માણાવદર | વાડાસડા, જીંજરી, ગણા, વડા, વેકરી, ચીખલોદ્રા, દેશીંગા, લીંબુડા, ઈન્દ્રા, શેરડી, ચુડવા, ખડીયા, સરદારગઢ, સમેગા, દડવા, જાંબુડા, રોણકી, સણોસરા, એકલેરા, કોડવાવ, થાપલા, ભીતાણા, નાનડીયા, નાકરા, કોઠારીયા, ભાલેચડા, બોડકા, કતકપરા, સારંગપીપળી, નાંદરખા, કોઠડી, આંબલીયા, મટીયાણા, કોયલાણા, બાંટવા, માણાવદર |
| (૬) | મેંદરડા | અરણિયાળા, સીમાસી, મીઠાપુર, ખડપીપળી, ખીમપાદર, નાગલપુર, દાત્રાણા, આલીદ્રા, બરવાળા, ઢાંઢાવાડા, સમઢીયાળા, ચીરોડા, ગુંદાળા, નાજાપુર, મેંદરડા, અમરગઢ, રાજેસર, આંબલા, રાજાવડ, દેવગઢ, માનપુર, મોટીખોડિયાર, નતાળીયા, નાનીખોડિયાર, ઇટાળી, ભાલછેલ, હરિપુર, અંબાળા, લીલવા, ગઢાળી, ચાંદ્રાવાડી, ડેડકીયાળી, માલણકા, ગૂંદીયાળી, ગડકીયા, સૂરજગઢ, નાજાપુર છતરિયા |
| (૭) | માંગરોળ | મીતી, હંટરપુર, લાંગડ, ભાથરોટ, ઘોડાદર, સરમા, સામરડા, સાંઢા, સરસાલી, થલ્લી, વિરોલ, કંકાણા, દિવરાણા, કાલેજ, ચાંખવા, વાડલા, માજક, આંત્રોલી, દિવાસા, બામણવાડા, નગીચાણા, દરસાલી, ચીંગરીયા, ફરંગટા, ઝરીયાવાડા, સાંગાવાડા, શીલ, તલોદ્રા, નાંદરખી, ચંદવાણા, કરમદી, ગોરેજ, મેણંજ, કંકાસા, લોએજ, રહીજ, રૂદલપુર, સુલતાનપુર, ભાટગામ, સકરાણા, વિરપુર, લંબોરા, ઢેલાણા, માનખેત્રા, મકતુપુર, નવા કોટડા, શેખપુર, જુના કોટડા, ચોટીલીવીડી, શેપા, હુસેનાબાદ, શાપુર, આરેણા |
| (૮) | માળીયા હાટીના | પીખોર, ગાંગેચા, અવાણીયા, ગળોદર, બુધેચા, લાગોદ્રા, ખંભાળીયા, કુકરવાડા, વડાળા, બોડી, કેરાળા, ભંડુરી, ઘુમલી, ચોરવાડ, ઝડકા, વિરડી, આંબલગઢ, કાલીભડા, દુધાળા, વડીયા, ઘણેજ, ખેરા, કાણેક, વિસણવેલ, ગડુ, સમઢીયાળા, મોટીઘણેજ, કડાયા, ઈટાળી, વાંદરવડ, અમરાપુરગીર, પાણકવા, ખોરાસાગીર, જાનુડા, સુખપુર, શાંતીપુરા, બરૂલા, પાતળા, ચુલડી, બાબરા, ધરમપુર, કાત્રાસા, જલોંધર, દેવગામ, જંગર, લાછડી, દ્રાબાવડ, લાડુડીગીર, અકાળાગીર, જામવાડી, શેરીયાખાણ, જૂથળ, લાઠોદ્રા |
| (૯) | કેશોદ | ઈન્દ્રાણા, બાલાગામ, સરોડ, બામણાસા, મુળીયાસા, જોનપુર, મંગલપુર, માણેકવાડા, ડેરવાણ, મઘરવાડા, અગતરાય, મઢડા, પાડોદર, અખોદડ, સુત્રેજ, ખમીદાણા, ટીટોડી, ઈસરા, ચાંદીગઢ, હાંડલા, બડોદર, સાંગરસોલા, ચીત્રી, ફાગળી, મોવાણા, પીપળી, નાનીઘંસારી, નુનારડા, મોટીઘંસારી, કણેરી, પ્રાંસલી, અજાબ, મેસવાણ, સોંદરડા, કેવદ્રા, ચર, બાવા સીમરોલી, સીલોદર, ભાટ સીમરોલી, એકલેરા, પાણખાણ, રેવદ્રા, કોયલાણા, કાલવાણી, રંગપુર, શેરગઢ, કેશોદ |
| (૧૦) | વંથલી | બંટીયા, બરવાળા, રવની, ઘંઘુસર, ઉમટવાડા, બાલોટ, રવની, ઘંટીયા, નરેડી, સાંતલપુર, વાડલા, સેલરા, ધુડવદર, રાયપુર, સોનારડી, ધણફુલીયા, કાજલીયાળા નાના, બંધડા, કાજલીયાળા મોટા, કણઝડી, કણજા, નાવડા, ટીકર-પાદરડી, આખા, ગાદોઈ, ખોખરડા, ખંભડી, લુશાળા, ખોરાસા(આહીર), થાણાપીપળી, વસપડા, ભાટીયા, બોડકા, મહોબતપુર, શાપુર, સુખપુર, વંથલી |

| ગીર સોમનાથ જિલ્લામાં શૂન્ય ગૌચર ધરાવતા ગામો | | |
|---|---|---|
| ક્રમ | તાલુકો | ગામ |
| (૧) | તાલાલા | બામણાસા, જાવંત્રી, પીખોર, સાંગોદ્રા, લુશાળા, મંડોરણા, ગાભા |
| (૨) | સુત્રાપાડા | કડસલા |
| ગીર સોમનાથ જિલ્લામાં લઘુત્તમ ગૌચર કરતા ઓછુ ગૌચર ધરાવતા ગામો | | |
| ક્રમ | તાલુકો | ગામ |
| (૧) | વેરાવળ (શહેર) | વેરાવળ, પ્રભાસ–પાટણ |
| (૨) | વેરાવળ (ગ્રામ્ય) | સીમાર, કંદરવા, સારસવા, પાલડી, દેદા, ખેરાળી, છાપરી(ખંઢેરી), ઉકડીયા, હસાવદર, ઉમરાળા, ઉંબા, મોંઢા, વાવડી–આદી, સુપાસી, સીડોકર, વડોદરા–ડોડીયા, આદ્રી, નવાપરા, ડારી, છાત્રોડા, ચાંડુવાવ, ચોડા, આંબલિયાળા, ઇણાજ, મોરાજી, ભેરાળા, મંડોળ, કોડીદ્રા, ગુણવંતપુર, માથાસુરીયા, ખંઢેરી, ભેટાળી, કુકરાશ, ઇન્ક્રોઇ, ઇશ્વરીયા, સવની, ગોવિંદપરા, તાંતીવેલા, ડાભોર, ભાલપરા, મીઠાપુર, નાવદ્રા, બોળાસ,મેઘપુર, સોનારીયા, કાજલી, બાદલપરા, આજોઠા, બીજ, નાખડા |
| (૩) | તાલાલા | ચિત્રોડ,ભોજદે,હિરણવેલ,ચિત્રાવડ,વાડલા,રસુલપરા,મોરૂકા,ધાવા,રમરેચી,જેપુર,ગલિયા વડ,માધુપુર–જાંબુર,હડમતિયા,પીપળવા,ધ્રામણવા,ઘુસિયા, માલજવા, ભીમદેવળ, રામપરા, રાયડી, જમાલપરા, તાલાલા |
| (૪) | સુત્રાપાડા | આણંદપરા, ટોબરા, ખાંભા, મહોબતપરા, રંગપુર, પીપળવા, ટીંબડી, ઘંટીયા(પ્રાંચી), વિરોદર, લાખાપરા, ગોરખમઢી, સુંદરપરા, લાટી, કદવાર, હરણાસા, ઉંબરી, નવાગામ, અમરાપુર, આલીદર, પ્રાંસલી, ભુવાવાડા, ગાંગેથા, વાસાવડ, બલા, સરા, બોસન, ચગીયા, વાવડી(સુત્રાપાડા), મોરાસા, થરેલી, પાદરૂકા, ખેરા, મોરડીયા, સોળાજ, પ્રશ્નાવડા, વડોદરા ઝાલા, બરેવલા, સીંગસર, મટાણા, રાખેજ, થોરડી, ધામળેજ, કણજોતર, સુત્રાપાડા |
| (૫) | કોડીનાર | વલાદર, સાંઢણીધાર, ઘાંટવડ, નગડલા, અરીઠીયા, આલીદર, મોરવાડ, શેઢાયા, ચીડીવાવ, કંટાળા, અરણેજ, વિઠ્ઠલપુર, બોડવા, જીથલા, જમનવાડા, આદપોકાર, છાછર, સિંધાજ, આણંદપુર, નવાગામ, ફાચરીયા, ગોવિંદપુર(ભંડારીયા), કરેડા, સચાજી–રાજપરા, ડોળસા, અડવી, ફાફણી નાની, ફાફણી મોટી, મીતીયાજ,દેવલપુર, ઇંચવડ–નાની, વડનગર, પેઢાવાડા, કડવાસણ, ગોહિલની ખાણ, દુદાણા, માલગામ, વેળવા, પાંચ પીપળવા, જંત્રાખરી, નાનાવાડા, માલશ્રમ, પીપળવા બાવના, કડોદરા, ગીર દેવળી, બરડા, ચૌહાણની ખાણ, પણાદર, પીપળી, દામલી, છારા, સરખડી, કાજ, દેવળી દેદાની, રોણાજ, પાવટી, જગતીયા |
| (૬) | ગીર ગઢડા | નીતલી, નગડીયા, મોતીસર, સોનારીયા, બેડીયા, બંધારડા, ધોકડવા, ખીલાવડ, રસુલપરા, ઉમેદપરા, ગીર ગઢડા, દ્રોણ, ફાટસર, નવા ઉગલા, અંબાડા, મોહબતપરા, લવારી મોલી, નાળીયેરી મોલી, કાકીડી મોલી, ચોરાલી મોલી, પડાપાદર, વડવીયાળા, જરગલી, વેલાકોટ, આંકોલવાડી, ઉબરી, પાંડેરી, ધ્રાબાવડ, સોનપરા, બોડીદર, કણેરી, આંબાવડ, કાણકીયા, જામવાળા, કંસારીયા, ભાખા, થોરડી, પીંછવી, પીંછવા, હરમડીયા, ફરેડા, બાબરીયા, શાણાવાંકીયા, સણોસરી |
| (૭) | ઉના | ઉના, નાંદરખ, વાજડી, ગુંદાળા, મેણ, ભડીયાદર, પાતાપુર, ઉંટવાળા, પસવાળા, ઉમેજ, વાવરડા, ચાંચકવડ, ડમાસા, કંસારી, યાજપુર, નાડેજ, કાણકબરડા, સામતેર, ગાંગડા, સોંદરડા, સોંદરડી, ખત્રીવાડા, સનખડા, સુલતાનપુર, એલમપુર, ભેભા, મઘરડી, સીમાસી, રાણવસી, નાથડ, લામધાર, કોઠારી, આમોદ્રા, ગરાળ, સંજવાપુર, મોઠા, દુધાળા, માણેકપુર, સીમર, ખજુદ્રા, દાંડી, રાજપુત રાજપરા, અંજાર, મોટા ડેસર, કેસરીયા, સોનારી, ભાડાશી, કાજરડી, માઢગામ, રેવદ, સોખડા, લેરકા, ચીખલી, કોબ, ભીંગરણ, તડ, વાંસોજ, નાદણ, ઝાંખરવાડા, સેંજલીયા, ખડા, દેલવાડા, ખાણ, ખાપટ, ભાચા, નાળીયા માંડવી, નવા બંદર, નેસડા, ઓલવાણ, રામેશ્વર |

----------

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ શહેરમાં બી.યુ. પરમીશન વગર ફ્લેટ/મકાન વેચાણ કર્યાની ઘટના**

**15/4/2499 શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા): માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરના ગોતા વિસ્તારમાં બી.યુ. પરમીશન વગર ફ્લેટ/મકાન વેચાણ કર્યા હોવાની અને પઝેશન આપ્યું હોવા અંગેની કેટલી ઘટના સામે આવી, | (૧) | વેચાણના આવા કોઈ કિસ્સા ધ્યાને આવેલા નથી. |
| (૨) | તે અન્વયે કેટલા બિલ્ડર સામે શા પગલાં લેવામાં આવ્યા, અને | (૨) | વેચાણના આવા કોઈ કિસ્સા ધ્યાને આવેલા નથી. પરંતુ બી.યુ.પરમીશન વગર વપરાશ શરૂ કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં રાજ્ય સરકારશ્રી દ્વારા મંજૂર કરવામાં આવેલ સી.જી.ડી.સી.આર.-૨૦૧૭ના ક્લોઝ નં.૩.૬.૯ મુજબ બિન પરવાનગીના વપરાશ અંગે દંડનીય કાર્યવાહી કરવામાં આવે છે. |
| (૩) | બિલ્ડિંગના બી.યુ. પરમીશન વગર વેચાણ કે પઝેશન બિલ્ડરો દ્વારા ન આપવામાં આવે તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૩) | બી.યુ.પરમીશન વગરની મિલકતો જાહેર જનતા દ્વારા ખરીદવામાં ન આવે તે અન્વયે ચેતવણીરૂપ જાહેરાત પણ સમયાંતરે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા સ્થાનિક વર્તમાનપત્રોમાં પ્રસિધ્ધ કરવા સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. |

-----------

**ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં શ્રીસરકાર જમીનને ખાનગી વ્યક્તિના નામે કરવા બાબત**

15/4/2465 **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં કેટલા કિસ્સામાં શ્રી સરકાર થયેલ કેટલી જમીન પરત કરવાના કે અન્ય ખાનગી વ્યક્તિઓના નામે કરવામા હુકમ કરવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | વર્ષ | શ્રી સરકાર જમીનની વિગત |
|---|---|---|
| અમદાવાદ | ૨૦૨૨ | ૦ (શૂન્ય), |
| | ૨૦૨૩ | ૧ (એક)<br>જમીનની વિગત:<br>સ.ન.૨૩૪/૧,મોજે: ગોતા,<br>તા.જી. અમદાવાદ, ક્ષેત્રફળ:<br>૩૩૩૯ ચો.મી |
| ગાંધીનગર | ૨૦૨૨ | ૦ (શૂન્ય), |
| | ૨૦૨૩ | ૦ (શૂન્ય), |

(૨) તે અન્વયે ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સરકારને કેટલી આવક થઈ, અને

(૨)

| જિલ્લો | વર્ષ | આવક |
|---|---|---|
| અમદાવાદ | ૨૦૨૨ | ૦ (શૂન્ય) |
| | ૨૦૨૩ | ૦ (શૂન્ય) |
| ગાંધીનગર | ૨૦૨૨ | ૦ (શૂન્ય) |
| | ૨૦૨૩ | ૦ (શૂન્ય) |

(૩) ઉક્ત શ્રી સરકાર જમીન ખાનગી વ્યક્તિઓના નામે કરવાનું મુખ્ય કારણો શા છે ?

(૩) મહેસૂલ વિભાગના તા.૨૦/૦૬/૨૦૧૯ના ઠરાવ મુજબ સરકારી લ્હેણા પેટે હરાજીમાં સરકારશ્રીના તરફે ખરીદાયેલ જમીન, જે તે માલિક/વારસદારોને રીગ્રાંટ કરવામાં આવેલ છે.

ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે
અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓ પર દુષ્કર્મના બનાવો**

**15/4/2475 ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં મહિલાઓ ઉપર બળાત્કાર, દુષ્કર્મો અને છેડતીના કેટલા કેસો બન્યા છે, | (૧) | પત્રક-૧ મુજબ |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લામાં કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી અને કેટલા ઈસમોની ધરપકડ કરવાની બાકી છે, અને | (૨) | (નીચે કોષ્ટક) |
| (૩) | આવા કિસ્સા બનતા અટકાવવા સરકારે શાં પગલાં લીધેલ છે? | (૩) | SHE Team દ્વારા સતત પેટ્રોલીંગ, ૧૮૧ અભયમ હેલ્પ લાઈન, ગુડ ટચ બેડ ટચ સેમિનાર, પોલીસ સ્ટેશન બેઈઝ સપોર્ટ સેન્ટર, વન સ્ટોપ સેન્ટર, પેરવી ઓફીસરોની નિમણૂક વગેરે અસરકારક પગલાં લેવામાં આવેલ છે. |

| ધરપકડ કરેલ ઈસમોની સંખ્યા | ધરપકડ કરવાના બાકી ઈસમોની સંખ્યા |
|---|---|
| ૨૭૪ | ૧૩ |

.....................

**પત્રક-૧**

**તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨**

| જિલ્લાનું નામ | બળાત્કાર/દુષ્કર્મ | બળાત્કાર/દુષ્કર્મના કારણો | છેડતી | છેડતીના કારણો |
|---|---|---|---|---|
| બનાસકાંઠા | ૩૬ | લગ્ન કરવાના ઈરાદે - ૧૧<br>પ્રેમજાળમા ફસાવી- ૩<br>બળજબરીથી- ૨<br>એકાંતનો લાભ લઈ- ૭<br>મૈત્રી ભાવ કેળવી- ૬<br>ધમકી આપી- ૨<br>ફોટા વાયરલ કરવાની ધમકી આપી- ૩<br>ફેસબુકથી મિત્રતા કેળવી- ૨ | ૩૫ | લગ્ન કરવાના ઈરાદે - ૮<br>પ્રેમજાળમા ફસાવી- ૪<br>એકાંતનો લાભ લઈ- ૬<br>નોકરીની લાલચ આપી- ૨<br>મૈત્રી ભાવ કેળવી- ૨<br>બદકામ કરવાના ઈરાદે- ૨<br>ફોટા વાયરલ કરવાની ધમકી આપી - ૪<br>ગાળો બોલવા બાબતે- ૪<br>ઉછીના પૈસા બાબતે- ૩ |

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | | | | |
|---|---|---|---|---|
| **જિલ્લાનું નામ** | **બળાત્કાર/દુષ્કર્મ** | **બળાત્કાર/દુષ્કર્મના કારણો** | **છેડતી** | **છેડતીના કારણો** |
| બનાસકાંઠા | ૩૯ | લગ્ન કરવાના ઈરાદે – ૧૫<br>પ્રેમજાળમા ફસાવી– ૬<br>બળજબરીથી– ૧<br>એકાંતનો લાભ લઈ– ૪<br>મૈત્રી ભાવ કેળવી– ૭<br>ધમકી આપી– ૧<br>ફોટા વાયરલ કરવાની ધમકી આપી– ૪<br>ફેસબુકથી મિત્રતા કેળવી– ૧ | ૫૬ | લગ્ન કરવાના ઈરાદે – ૧૩<br>પ્રેમજાળમા ફસાવી– ૭<br>બળજબરીથી– ૯<br>એકાંતનો લાભ લઈ– ૫<br>નોકરીની લાલચ આપી– ૨<br>મૈત્રી ભાવ કેળવી– ૩<br>ધમકી આપી– ૨<br>લાલચ આપી– ૧<br>ફોટા વાયરલ કરવાની ધમકી આપી – ૬<br>ગાળો બોલવા બાબતે– ૨<br>ઉછીના પૈસા બાબતે– ૨<br>ફેસબુકથી મિત્રતા કેળવી– ૪ |

**વડોદરા શહેરમાં ફુડ સેફ્ટી ઓફીસરની મંજૂર જગ્યા બાબત**

15/4/2459 શ્રી કેયુર નારાયણદાસ રોકડીયા (સયાજીગંજ): **માનનીય મુખ્ય મંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા શહેર માટે કેટલા ફુડ સેફ્ટી ઓફીસરની જગ્યાઓ મંજૂર થયેલ છે, | (૧) | ૧૫ (પંદર) |
| (૨) | ઉક્ત સ્થિતિએ મંજૂર જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે, કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) | ભરાયેલ જગ્યાઓ -૮ (આઠ)<br>ખાલી જગ્યાઓ–૭ (સાત) |
| (૩) | આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? | (૩) | સત્વરે |

-----------

**મોરબી જિલ્લાના હળવદ ગામના તળાવ અને આસપાસના વિસ્તારોમાં દબાણ**

15/4/2473 **શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–

અતારાંકિત પ્રશ્નો

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | નામદાર ગુજરાત હાઈકોર્ટ તા.૧૮/૦૪/૨૦૦૧ ના રોજ અલગ અલગ સ્પે. સિવિલ એપ્લીકેશનો પર કોમન ઓરલ જજમેન્ટ આપીને મહેસૂલ વિભાગ હસ્તકના તળાવો તથા પાણી સ્રોતોની જાળવણી કરવા તથા તેમાં થયેલ કોઈપણ જાતના દબાણો અગ્રતાના ધોરણે ખુલ્લા કરવા ડાયરેકશન આપેલ છે તેના અનુસંધાને તા.૨૦/૦૬/૨૦૦૧ના રોજ પરીપત્ર પ્રસિધ્ધ કરેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા |
| (૨) | જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લાના હળવદ ગામના સામતસર તળાવ અને આસપાસ કેટલા વિસ્તારમાં કયા પ્રકારના દબાણો થયેલ છે, | (૨) | આશરે ૯૦ (નેવું) કાચા ઝુપડા અને ત્રણ લારીઓ અને એક વાંસની પટીઓથી બનેલ હોટલનું દબાણ થયેલ છે. |
| (૩) | ઉકત દબાણો દૂર ન કરવાના કારણો શા છે, | (૩) | તા.૨૨/૧૨/૨૦૨૨ના રોજ નગરપાલિકા, હળવદના એન્જીનીયર તથા હેડ કલાર્ક દ્વારા સામતસર તળાવ અને આસપાસના વિસ્તારના ઝૂંપડા બાંધીને રહેનાર લોકોને રૂબરૂ સ્વેચ્છાએ દબાણ દૂર કરવા સમજાવતા આશરે ૨૦ જેટલા ઝૂંપડા ખાલી કરેલ હતા તથા અન્ય ઝૂંપડા ધારકોએ તમામ ઝૂંપડા ખાલી કરી આપવાની મૌખિક બાંહેધરી આપેલ તેથી. |
| (૪) | ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉકત દબાણો દૂર કરવા કેટલી ફરીયાદો મળી, અને | (૪) | ૨ (બે) |
| (૫) | ઉકત બાકી દબાણો ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે? | (૫) | બનતી ત્વરાએ. |

----------

**ડીઝાસ્ટર મેનેજમેન્ટ અંતર્ગત કેન્દ્ર સરકાર તરફથી ફાળવેલ રકમ**

15/4/2487 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઇ કુદરતી આપત્તિને પહોંચી વળવા માટે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ કેટલી રકમની માંગણી કરવામાં આવી, અને | (૧) | **અતિવૃષ્ટિ–** રાજ્ય સરકાર દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૨ ના પત્રથી ચોમાસુ-૨૦૨૨ અંતર્ગત રૂ.૧૫૨.૯૯/- કરોડની માંગણી કરવામાં આવેલ છે.<br>**વાવાઝોડું–** બિપોરજોય વાવાઝોડા અંતર્ગત તા.૧૨/૦૭/૨૦૨૩ ના પત્રથી ૭૦૦.૪૨ કરોડની માંગણી કરવામાં આવેલ છે. |
| (૨) | તે અન્વયે ઉક્ત વર્ષવાર કેન્દ્ર સરકાર તરફથી કેટલી રકમ મળી ? | (૨) | **અતિવૃષ્ટિ–** કેન્દ્ર સરકાર દ્વારા માંગણી નામંજૂર કરવામાં આવેલ છે.<br>**વાવાઝોડું–** તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતીએ SDRF માં પૂરતું બેલેન્સ ઉપલબ્ધ હોઇ રકમ ફાળવેલ નથી. |

(૩) મળેલ રકમ પૈકી કેટલી રકમ ક્યા હેતુ માટે વાપરવામાં આવી? (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**છોટાઉદેપુર જિલ્લામાં ખનીજની લીઝો બાબત**

15/4/2401 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ક્યા ખનીજની કેટલી લીઝો આવેલી છે, અને

(૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં તાલુકાવાર ખનીજોની લીઝોની વિગત નીચે મુજબ છે.

| અ. નં. | ખનીજનું નામ | તાલુકાનું નામ | | | | | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | કવાંટ | છોટા ઉદેપુર | જેતપુર પાવી | સંખેડા | બોડેલી | નસવાડી | |
| ૧ | ફ્લોર્સ્પાર | ૨ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૨ |
| ૨ | ડોલોમાઇટ | શૂન્ય | ૬૭ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૬૭ |
| ૩ | ગ્રેનાઈટ | શૂન્ય | ૧ | ૭ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૮ |
| ૪ | સાદીરેતી | શૂન્ય | ૪૦ | ૭૫ | ૭૪ | ૧૨૬ | શૂન્ય | ૩૧૫ |
| ૫ | બ્લેકટ્રેપ | ૧ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૮ | ૯ |
| ૬ | ક્વાર્ટઝાઈટ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૧ | શૂન્ય | ૧ |
| ૭ | ગ્રેવલ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૨ | શૂન્ય | શૂન્ય | ૨ |
| ૮ | માર્બલ | શૂન્ય | શૂન્ય | શૂન્ય | ૧ | શૂન્ય | શૂન્ય | ૧ |
| | **કુલ** | ૩ | ૧૦૮ | ૮૨ | ૭૭ | ૧૨૭ | ૮ | ૪૦૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર સરકારને રોયલ્ટી પેટે કેટલી આવક થઈ ?

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાલુકાવાર સરકારને રોયલ્ટી પેટેની આવક નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકા | સમયગાળો | |
|---|---|---|---|
| | | તા.૦૨/૦૧/૨૦૨૨ થી તા.૦૧/૦૧/૨૦૨૩ (આવક રૂ. લાખમાં) | તા.૦૨/૦૧/૨૦૨૩ થી તા.૦૧/૦૧/૨૦૨૪ (આવક રૂ. લાખમાં) |
| ૧ | બોડેલી | ૧૭૩.૮૭ | ૧૮૧.૧૫ |
| ૨ | છોટાઉદેપુર | ૧૩૧૨.૧૫ | ૧૪૦૭.૯૮ |
| ૩ | જેતપુરપાવી | ૧૩૩૩.૧૬ | ૩૭૮૧.૩૩ |
| ૪ | નસવાડી | ૩૬૪.૧૩ | ૨૫૦.૪૭ |
| ૫ | સંખેડા | ૨૮૨૯.૬૨ | ૧૪૩૩.૧૨ |
| ૬ | કવાંટ | શૂન્ય | ૪૧.૩૯ |
| | **કુલ** | ૬૦૧૨.૯૩ | ૭૦૯૫.૪૪ |

– – – – – – – – – –

**નવસારી અને સુરત જિલ્લામાં શૂન્ય ગૌચર**

15/4/2503 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નવસારી અને સુરત જિલ્લામાં જિલ્લાવાર ક્યા ગામોમાં શૂન્ય ગૌચર છે અને ક્યા ગામોમાં લઘુતમ ગૌચર કરતાં ઓછું ગૌચર છે ,

(૧) સામેલ પત્રક–૧ મુજબ

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત ગામોમાં શૂન્ય ગૌચર અને લઘુતમ કરતાં ઓછું ગૌચર હોવાના કારણો શા છે અને તેના માટે જવાબદાર કોણ છે, | (૨) | સામેલ પત્રક–૨ મુજબ |
| (૩) | ઉક્ત ગામોમાં વૈકલ્પિક જમીન ગૌચર તરીકે નીમ કરવા મહેસૂલ વિભાગ તરફથી શા આદેશો આપવામાં આવ્યા છે, અને | (૩) | સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: જમન/૩૯૧૧/૩૧૯૪/ગ થી નક્કી થયેલ ગૌચર જમીન વ્યવસ્થાપન નીતિ મુજબ કામગીરી કરવામાં આવે છે. |
| (૪) | ઉક્ત ગામોમાં ક્યાં સુધીમાં વૈકલ્પિક જમીન ફાળવવામાં આવનાર છે? | (૪) | ગ્રામ પંચાયત/ તાલુકા પંચાયત/ જિલ્લા પંચાયત તરફથી દરખાસ્ત મળ્યેથી ગૌચર માટે જમીન ફાળવણી કરવા માટે નિયમોનુસારની કાર્યવાહી કરવામાં આવશે. |

**પત્રક–૧**

**નવસારી જિલ્લો:**

| અ.ન | તાલુકાનુ નામ | લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચરના ગામો | શૂન્ય ગૌચર હોય તે ગામો |
|---|---|---|---|
| ૧ | નવસારી (શહેર) | નવસારી (શહેર), વિરાવળ, કબીલપોર, ચોવીસી, છાપરા, ઇટાળવા, તીઘરા, કાલીયાવાડી, વિજલપોર, જલાલપોર | જમાલપોર |
| ૨ | નવસારી (ગ્રામ્ય) | અડદા, આમડપોર, અંબાડા, આમરી, અરસાણ, અષ્ટગામ, આસુંદર, ભટાઇ, ભુલાફળિયા, બુટલાવ, ચંદ્રવાસણસુપા, ડભલાઇ, દંડેશ્વર, દાંતેજ, ધામણ, ધારાગીરી, કાદીપોર, કંબાડા, કસ્બાપાર, ખડસુપા, ખેરગામ, કુરેલ, મહુડી, મોગાર, મોલધરા, મુનસાડ, નાગધરા, નશીલપોર, ઓણચી, પડઘા, પારડી, પરતાપોર, પરથાણ, પેરા, પીનસાડ, પુણી, સદલાવ, સરઈ, સરપોર, સાતેમ, શાહુ, સીંગોદ, સીસોદ્રા(ગણેશ), સુપા, તરસાડી, તેલાડા, ટોળી, ઉગત, ઉન, વચ્છરવાડ, વસર, વેજલપોર, વાડ઼ા(અડદા) | કછોલ, કુંભારફળીયા, નવાપરા, બોરીયાચ, ભુનવાડી, રજવાડા, વીરવાડી, સરોણા, કણબાડ |
| ૩ | જલાલપોર | અબ્રામા, અલુરા, આરક, આટ, ભાઠા, ભીનાર, ભુતસાડ, બોદાલી, બોરસી, છીણમ, ચીજગામ, ચોખડ, ડાભેલ, ડાલકી, દાંડી, દાંતી, દેલવાડા, દિપલા, એથાણ, કડોલી, કાળાકાછા, કલથાણ, કનેરા, કરાડી, કરાંખટ, કરોડ કોઠવા, કોલાસણા, કોથમડી, કુચેદ, મછાડ, મગોબ, મહુવર, મંદિર, માણેકપોર, માંગરોળ, મરોલી, મટવાડ, મીરજાપોર, નડોદ, નીમલાઈ, ઓંજલ, પનાર, પારડી (આરક), પરસોલી, પરુજણ, પેથાણ, પોંસરા, રણોદ્રા, સાગરા, સામાપોર, સંદલપોર, સીમળગામ, સીમલક, સીસોદ્રા (આરક), સુલતાનપુર, ટંકોલી, તવડી, ઊંભરાટ, વડોલી, વાંસી, વેસ્મા, વાડા | સરાવ, આસણા, ડાંભેર, વેડછા, કૃષ્ણપુર, એરુ, હાંસાપોર, ખરસાડ, સડોદરા, ખંભલાવ |
| ૪ | ગણદેવી | અજરાઈ, અમલસાડ, અંભેટા, અંચેલી, આંતલીયા, ભાઠા, બીગરી, બીલીમોરા, છાપર, દેસાડ, દેસરા, દેવધા, દેવસર, ધકવાડા, ધમડાછા, ધનોરી, દુવાડા, એંધલ, ગડત, ગણદેવા, ગણદેવી, ગંધોર, ગોંયદી ભાઠલા, કછોલી, કલમઠા, ફ઼લવાચ, કેસલી, , ખાપરીયા, ખેરગામ, કોથા, માણેકપોર, માસા, મટવાડ, મોરલી ફળીયા, નાંદરખા, પાથરી, પાટી, પીંજરા, પીપલધરા, રહેજ, સાલેજ, સરીબુજરંગ, સરીખુર્દ, સોનવાડી, તોરણગામ, ઊંડાચ લુહાર઼ફળીયા, ઊંડાચ વાણીયા ફ., વાઘરેચ, વલોટી, વણગામ, વાસણ, | કોલવા, ઇચ્છાપોર, વેગામ, વગલવાડ, મોહનપુર, ખખવાડા, વડસાંગળ, મેંધર, ખાપરવાડા |

| | | | |
|---|---|---|---|
| ૫ | ચીખલી | અગાસી, આલીપોર, આમધરા, અંબાચ, બલવાડા, બામણવેલ, બામણવાડા, બારોલીયા, બોડવાંક, ચરી, ચીતાલી, દેગામ, ઢોલુમ્બર, દોણજા, ફડવેલ, ઘેજ, ઘેકટી, ઘોડવણી, ઘોલાર, ગોડથલ, હરણગામ, હોન્ડ, જોગવાડ, કાકડવેલ, કલીયારી, કણભઈ, કાંગવઈ, ખાંભડા, ખરોલી, ખુડવેલ, ખુંધ, કુકેરી, મજીગામ, મલીયાધરા, મલવાડા, માણેકપોર, મીણકચ્છ, મોગરાવાડી, નોગામા, પીપલગભાણ, રાનકુવા, રાનવેરીકલ્લા, રાનવેરીખુર્દ, રેઠવાણીયા, રુમલા, સાદડવેલ, સાદકપોર, સમરોલી, સરૈયા, સારવણી, સોલધરા, સુંઠવાડ, સુરખાઇ, સ્યાદા, તલાવચોરા, ટાંકલ, તેજલાવ, થાલા, ઊંઢવળ, વંકાલ, વાંઝણા, વેલણપોર, | ચાસા, ઝરી, ચીખલી, માંડવખડક |
| ૬ | ખેરગામ | આછવણી, બ્હેજ, ભૈરવી, ચીમનપાડા, ડેબરપાડા, ધામધુમા, ગૌરી, કાકડવેરી, ખેરગામ, નડગધરી, નાંધઈ, નારણપોર, પણંજ, પાણીખડક, પાટી, પેલાડી રુઝવણી, તોરણવેરા, વાડ, વાવ | જામનપાડા, ભૈરવી, વડપાડા |
| ૭ | વાંસદા | આંબાપાણી, અંકલાછ, બારતાડ, બારતાડ(ખા), બેડમાળ, ભીનાર, બીલમોડા, બોરીયાછ, ચઢાવ, ચાપલધરા, ચોંઢા, ચીકટીયા, ચોરવણી, ધાકમાળ, ધરમપૂરી, ઢોલુમ્બર, દોલધા, ગંગપુર, ગોધાબારી, હનુમાનબારી, હોલીપાડા, કામળઝરી, કંબોયા, કણધા, કંડોલપાડા, કંસારીયા, કાંટસવેલ, કપડવંજ, કાવડેજ, કેલીયા, કેળકચ્છ, કેવડી, ખંભાલીયા, ખાંભલા, ખાનપુર, ખરજઇ, ખાટાઆંબા, કુકડા, કુરેલીયા, લાછકડી, લાકડબારી, લાખાવાડી, લીંબરપાડા, લીમઝર, મહુવાસ, માનકુનીયા, મીંઢાબારી, મોળાઆંબા, મોટી ભમતી, મોટી વાલઝર, નાની વાલઝર, નવાનગર, નવતાડ, નિરપણ, પાલગભાણ, પીપલખેડ, પ્રતાપનગર, રંગપુર, રાણીફળીયા, રવાણીયા, રુપવેલ, સરા, સતિમાળ, સીણધઈ, સીંગાડ, સીતાપુર, ઉંમરકુઇ, ઊનાઈ, વાડીચોંઢા, વાઘાબારી, વણારસી, વાંદરવેલા, વાંગણ, વાંસદા, ઝરી, ઝૂજ | ઘોડમાળ, જામલીયા, ઉપસળ, દુબળફળીયા, સુખાબારી, રાજપુર, વાંસકુઇ, કાળાઆંબા, વાટી, ચારણવાડા, નાની ભમતી, સાદડદેવી, તાડપાડા, નાની વઘઇ, મનપુર, રાયબોર, વાંસીયા તળાવ, ખડકીયા, આંબાબારી |
| **કુલ** | | **૩૪૧** | **૫૫** |

**સુરત જિલ્લો:**

| અ.ન | તાલુકાનુ નામ | લઘુત્તમ ગૌચર કરતા ઓછું ગૌચરના ગામો | શૂન્ય ગૌચર હોય તે ગામો |
|---|---|---|---|
| ૧ | ઉધના | ઉધના,ડીંડોલી ,ગોડાદરા | આંજણા, ભેદવાડ, પરવટ, લિંબાયત, ડુંભાલ, પાંડેસરા |
| ૨ | મજુરા | અલથાણ, બમરોલી, વડોદ, ભેસ્તાન, બુડીયા, વાંટા, ગવીયર, મગદલ્લા, રૂંઢ, ભરથાણા, વેસુ, ડુમસ, ભીમરાડ, જીઆવ, ખજોદ, ભીમપોર, ઉન,ગભેણી | ભટાર, ખટોદરા, ઉમરા, પીપલોદ, મજુરા, આભવા, સુલતાનાબાદ, સરસાણા, સોનારી |
| ૩ | કતારગામ | વેડ, ડભોલી | કતારગામ, સીંગણપોર, ટુંકી, અઠવા |
| ૪ | અડાજણ | અડાજણ, જહાંગીરાબાદ, રાંદેર, વરીયાવ, કોસાડ, મોટાવરાછા, પાલણપોર, પાલ | જહાંગીરપુરા, ઉત્રાણ, પીસાદ, અમરોલી, છાપરાભાઠા |
| ૫ | પુણા | નાનાવરાછા, સીમાડા, મગોબ, સરથાણા | પુણા, કરંજ, નવાગામ, ઉમરવાડા, કુલપાડા, કાપોદ્રા |

| | | | |
|---|---|---|---|
| ૬ | માંગરોલ | શૂન્ય | શૂન્ય |
| ૭ | ઉમરપાડા | શૂન્ય | વડગામ, ખૌટારામપુરા, રુંઢીગવાણ |
| ૮ | બારડોલી | શૂન્ય | વડોલી, મોટી ભટવાલ, સરેડી, વાઘેચ સરભોણ, ખરવાસા, તાજપોર-ખુર્દ, નિણત, ખોજ, સમથાણ |
| ૯ | મહુવા | શૂન્ય | શૂન્ય |
| ૧૦ | ચોર્યાસી | શૂન્ય | દખ્ખણવાડા, સુંવાલી, લીમલા, સાબરગામ |
| ૧૧ | ઓલપાડ | કન્યાસી, અંભેટા, કમરોલી, અસનાડ, સેલુત, કદરામા, અટોદરા, ગોથાણ, એરથાણ,કાસલાખુર્દ, દાંડી, કાછબ,ભાંડુત, કાછોલ, સરસ, કઠોદરા, વડોદ, ઓરમા, કીમામલી, નરથાણ, કસાદ, માસમા, જોથાણ, સોંદલાખારા, સોદામીઠા, અછારણ, સીવાણ, બરબોધન, સાંધીયેર, કંથરાજ, તેના, સીમલથુ, સીથાણ, કોસમ, વેલુક, સ્યાદલા, કોબા, કણભી, ઉમરાછી, પીંજરત, કસાદ, નેશ, સાયણ, કરંજ,ઇશનપોર,કરમલા, શેરડી, પારડીકોબા, સેગવાછામા, કીમ, સરોલી, પારડીઝાંખરી, અણીતા, ઓલપાડ, મોરથાણ, રાજનગર,દીહેણ, આડમોર,મીરજાપોર,અરીયાણા, સેગવાસ્યાદલા, વસવારી, કારેલી, સીથાણા, કુડસદ, દેલાસા, મંદરોઇ, વીહારા, મુળદ, આંઘી, ભટગામ, તળાદ, વડોલી, ગોલા, કુંભારી, ભારૂંડી, કપાસી, મીંઢી, હાથીસા, મોર, બોલાવ, ઉમરા, માઘર, ઓભલા, પરીયા, દેલાડ, નઘોઇ, કનાદ, ભાદોલ, પારડીભાદોલી, લવાછા, કાસલાબુજરંગ, કુદિયાણા, કુવાદ, ઠોઠબ, જીણોદ, કુંકણી, ખલીપોર, ટકારમા | સરસાણા,સોંસક, ભગવા,કંથરાજ, બલકસ |
| ૧૨ | કામરેજ | શેખપુર, ઘલુડી, અંત્રોલી, થારોલી, નવીપારડી, ઘોરણપારડી, આખાખોલ, કરજણ, જીયોર,ડુંગરા, ખોલેશ્વર, ભૈરવ, આંબોલી, ચોર્યાસી, વેલંજા, અવ્રામા, ખોલવડ, કામરેજ, દેરોદ,નનસાડ, કોળીભરથાણા, નેંત્રગ, ઘાતવા,દીગસ, માછી,ટીંબા, સામપુરા, દેલાડ, ઓરણા, જાત-ભરથાણા, ઘારુઠા, જોખા, સીમાડી, વાવ, નવાગામ, લસકાણા, વાલક, ખડસદ, કઠોદરા,કોસમાડી, મોરથાણા,સેગવા,આસ્તા, સેવણી, વિહાણ, દેથલી, રૂંઢવાડા, નગોડ, ચીખલી, ડુંગર, ખાનપુર, મીરાપુર, વાસંદા-રૂંઢી, પાલી, અલુરા, વલણ, માંકણા, વલથાણ, લાડવી, કોસમાડ, છેડછા, ઓવિયાણ, ઉંભેળ, પરબ,હલધરૂ,કઠોર, | શૂન્ય |
| ૧૩ | પલસાણા | નિયોલ,હરીપુરા, જોળવા, દસ્તાન, કારેલી, બગુમરા, વાંકાનેડા , ખરભાસી, કરાળા, કરણ, સાંકી, જેતપોર, બારાસડી, ગાંગપોર, સોયાણી, તુંડી, તાંતીઝગડા, તળોદરા, એરથાણ, વડદલા, બલેશ્વર, ભુતપોર, ઘલુડા, ઘામડોદ, પીસાદ, વણેસા, એના, ગોટીયા, ઇસરોલી, લીંગડ, ઇટાળવા, પલસાણા, માર્ખીંગા, કણાવ, વંઝોળીયા, અમલસાડી, મલેકપોર, સીયોદ, પારડીપાતા, વરેલી, કડોદરા, ચલથાણ. | તરાજ, પુણી, લાખણપોર, અંભેટી |
| ૧૪ | માંડવી | શૂન્ય | ખેડપુર, વાઘનેરા, ચોરંબા |
| **કુલ** | | **૨૪૨** | **૫૮** |

**પત્રક:૨**

| **જિલ્લો** | **ઉકત ગામોમાં શૂન્ય ગૌચર હોવાના કારણો** | **ઉકત ગામોમાં લઘુત્તમ કરતા ઓછું ગૌચર હોવાના કારણો** |
|---|---|---|

| | | |
|---|---|---|
| નવસારી | શરુઆતથી જ ગૌચર જમીન ઉપલબ્ધ ન હોવાથી શૂન્ય ગૌચર છે. | પહેલેથી જ ઓછું ગૌચર હોવાથી લઘુતમ ગૌચર કરતા ઓછુ ગૌચર છે. |
| સુરત | ૧. શૂન્ય ગૌચર વાળા ગામોમાં પહેલાથી ગૌચર જમીન આવેલ નથી.<br>૨. શૂન્ય ગૌચર વાળા ગામ ગ્રામ પંચાયત વિભાજિત થવાથી બનેલ હોઇ ગૌચર શૂન્ય છે. | ૧. સિટીના પાંચ તાલુકા (ઉધના, મજુરા, કતારગામ, અડાજણ, પુણા) શહેરી વિસ્તાર/ એસ.એમ.સી. વિસ્તારમાં આવેલ હોવાથી લઘુત્તમ ગૌચરથી ઓછું ગૌચર હોવાનો પ્રશ્ન નથી. (ઢોરોની સંખ્યા નહિવત હોવાથી.)<br>૨. લઘુત્તમ કરતા ઓછું ગૌચર વાળા ગામોમાં પહેલાથી ઓછુ ગૌચર જમીન આવેલ છે.<br>૩. આ સિવાયના તાલુકાના ગામોમાં સમયાંતરે પશુઓની સંખ્યા વધવાને કારણે લઘુત્તમ ગૌચર જમીન કરતા ઓછી થયેલ છે. |
| | ઉક્ત કારણો ધ્યાને લેતાં જવાબદારીનો પશ્ન ઉપસ્થિત થતો નથી. | |

**આઇ.એચ.એસ.ડી.પી. યોજના અંતર્ગત મહુવા શહેરી વિસ્તારમાં બિલ્ડીંગોના બાંધકામ**

15/4/2281 **શ્રી શિવાભાઇ જેરામભાઇ ગોહિલ (મહુવા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૨૩/૦૧/૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આઇ.એચ.એસ.ડી.પી. યોજના (I.H.S.D.P.) અન્વયે મહુવા શહેરી વિસ્તારમાં કેટલા બિલ્ડિંગનું બાંધકામ કરવામાં આવ્યું છે, | (૧) | એકપણ નહી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ આ યોજના અન્વયે કેટલા લાભાર્થીઓને મકાન સોંપવામાં આવ્યા, અને | (૨) | ઉક્ત સ્થિતિએ આ યોજના અન્વયે લાભાર્થીઓ આખરી કરવાની તથા લાભાર્થીઓ પાસેથી લાભાર્થી ફાળો એકત્ર કરવાની કામગીરી પ્રગતી હેઠળ છે જે કાર્ય પૂર્ણ થયેથી લાભાર્થીઓને મકાન સોંપણી કરવામાં આવનાર છે. |
| (૩) | ઉક્ત યોજના અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૩) | ઉક્ત યોજના અન્વયે રૂ.૧૦,૬૬,૧૬,૨૦૬/- નો ખર્ચ કરવામાં આવેલ છે. |

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં નર્મદા કેનાલ તુટવા અથવા લીકેજ થવા બાબત**

**15/4/2450: શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા કેનાલથી ખેડૂતોને આપવામાં આવતા સિંચાઇના પાણીથી કેનાલ તુટવા અથવા લીકેજની સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં કેટલી ઘટનાઓ બની, અને

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબની કેનાલો જુદા જુદા સ્થળોએ તૂટી જવાની ઘટના બની છે.

| જિલ્લાનું નામ | વર્ષ- ૨૦૨૨ | વર્ષ- ૨૦૨૩ | કુલ |
|---|---|---|---|
| સુરેંદ્રનગર | ૧ | ૭ | ૮ |
| મોરબી | ૦ | ૦ | ૦ |
| કુલ | ૧ | ૭ | ૮ |

તથા સુરેન્દ્રનગર જિલ્લાની ૭૧ કેનાલોમાં લીકેજની ઘટનાઓ બની છે.

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઘટનાઓ ન બને તે માટે સરકારે શાં પગલાં લીધા?

(૨) ઉક્ત સ્થિતિએ કેનાલોના ઓપરેશન અને મેઇનટેનન્સ (O&M) તથા મેઇનટેનન્સ અને રીપેર (M&R) તેમજ કેનાલ મજબુતીકરણ માટેના કામો પ્રગતિ હેઠળ છે.

# અતારાંકિત પ્રશ્નો

## ગાંધીનગર જિલ્લાના લિહોડમાં લઠ્ઠાકાંડમાં થયેલ કાર્યવાહી

15/4/2493 : **શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક માસમાં ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લિહોડામાં દેશી દારૂ પીવાના કારણે કેટલા નાગરીકોના મોત થયા, | (૧) | ૦૨ |
| (૨) | ઉક્ત ઘટનામાં સંબંધિત પોલીસ સ્ટેશનના જવાબદાર અધિકારીઓ સામે શા પગલાં લીધાં, અને | (૨) | પ્રાથમિક તપાસ ચાલુ છે. |
| (૩) | આવા બનાવોમાં નાગરીકો મૃત્યુ ન પામે તે માટે ગેરકાયદેસર દેશી દારૂના વેચાણ અટકાવવા શા આદેશો આપવામાં આવ્યા? | (૩) | પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય તેમજ નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગાંધીનગર વિભાગ દ્વારા પ્રોહિબિશનની પ્રવૃત્તિ અટકાવવા અવાર–નવાર પ્રોહીબિશન ડ્રાઇવનું આયોજન કરવામાં આવેલ છે તેમજ પોલીસ અધિક્ષકશ્રી દ્વારા જિલ્લામાં અવાર–નવાર લેવામાં આવતી ક્રાઇમ કોન્ફરન્સ તથા પોલીસ સ્ટેશનની મુલાકાત દરમ્યાન પ્રોહિબિશનની પ્રવૃત્તિ અટકાવવા સૂચનાઓ આપવામાં આવેલ છે. |

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં સરકારી, પડતર, ખરાબા અને ગૌચરની જમીન ફાળવવા બાબત

15/4/2463 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી** (માણાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર સરકારી, પડતર, ખરાબા, અને ગૌચરની કેટલી જમીન ભાડે અથવા વેચાણ આપવાના હુકમો કરવામાં આવ્યા,

(૧)

| જૂનાગઢ | | |
|---|---|---|
| સમયગાળો | જમીનનું સદર | જમીનનું ક્ષે.. (ચો.મી.) |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | સરકારી પડતર | ૧૦૦૭૭.૧૬ |
| | ખરાબો | ૦ |
| | ગૌચર | ૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | સરકારી પડતર | ૨૫૯૮૨.૪૨ |
| | ખરાબો | ૦ |
| | ગૌચર | ૪૯૭૦૦ |

| ગીર સોમનાથ | | |
|---|---|---|
| સમયગાળો | જમીનનું સદર | જમીનનું ક્ષે.. (ચો.મી.) |
| તા.૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ | સરકારી પડતર | ૧૩૨૨૪ |
| | ખરાબો | ૦ |
| | ગૌચર | ૨૦૦૦ |
| તા.૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ | સરકારી પડતર | ૭૯૪૪ |
| | ખરાબો | ૧૦૧૦ |
| | ગૌચર | ૯૮૦૦ |

| | | | |
|---|---|---|---|
| ૨) | ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીન અન્વયે સરકારને કેટલી આવક થઈ, અને | (૨) | રૂ.૩૧,૮૭,૬૨,૪૯૬/– |
| (૩) | ઉક્ત સ્થિતિએ ભાડે અથવા વેચાણ આપેલ જમીનમાં હેતુફેર ઉપયોગ થવાની કેટલી ફરિયાદો સરકારને મળી? | (૩) | શૂન્ય |

## અમદાવાદ અને જૂનાગઢ શહેર/જિલ્લાવાર PI અને PSI સામે તોડકાંડમાં નોંધાયેલ ગુનાઓ બાબત

15/4/2466: **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ–

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ અને જૂનાગઢ શહેર/જિલ્લાવાર કેટલા પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરો સહિત અધિકારીઓ સામે તોડકાંડ બદલ કેટલા ગુનાઓ નોંધાયા,

(૧)

| **શહેર/ જિલ્લા** | **નોંધાયેલ ગુના** | **સંડોવાયેલ પોલીસ ઈન્સ્પેક્ટર અને પોલીસ સબ ઈન્સ્પેક્ટરો સહિતના અધિકારીઓ** |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૦૭ (તે પૈકી ૦૧ FIR રદ તથા ૦૧ કેસમાં બી–સમરી ભરેલ છે.) | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| જૂનાગઢ | ૦૧ | ૦૧ (પો.ઈ.) |

(૨) ઉક્ત શહેર/જિલ્લાવાર કેટલા ઈસમોને પકડાયા અને ક્યા ઈસમોને પકડવાના બાકી છે, અને

(૨)

| **શહેર/ જિલ્લા** | **પકડાયેલ ઈસમો** | **પકડવાના બાકી ઈસમો** |
|---|---|---|
| અમદાવાદ શહેર | ૧૪ | ૦૦ |
| અમદાવાદ ગ્રામ્ય | ૦૦ | ૦૦ |
| જૂનાગઢ | ૦૧ | ૦૨ |

(૩) ઉક્ત બાકી ઈસમોને પકડવા શા પગલાં લેવામાં આવ્યા?

(૩) બાકી ઈસમોને પકડવા તેઓના રહેઠાણ, સગાસંબંધી, ભરોસાના બાતમીદારો તથા મોબાઈલ નંબરોની ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ કરવામાં આવેલ છે. સદર ગુનાની તપાસ હાલમાં ચાલુ છે.

-----------------------

### કચ્છ જિલ્લાના ખારઈ ગામની જમીન માપણી કરી દૂરસ્તી કરવા બાબતે

15/4/2488 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) કલેકટર કચ્છના તા.૦૧/૦૭/૨૦૨૨ના પત્રથી કચ્છ જિલ્લાના લખપત તાલુકાના ખારઈ ગામના સર્વે નંબરોમાં જમીનની માપણી કરી દૂરસ્તી કરીને લીઝમાંથી મુક્ત/છુટી કરવા સરકારને જણાવેલ છે તે હકીકત સાચી છે,

(૧) હા,
કલેકટરશ્રી – કચ્છના તા.૦૧/૦૭/૨૦૨૪ના પત્રથી જમીનની માપણી–દૂરસ્તીના કામે સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગને દરખાસ્ત કરવામાં આવેલ છે.

(૨) જો હા, તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શી કાર્યવાહી કરીને ઉક્ત ગામના કેટલા સર્વે નંબરોવાળી જમીનની માપણી કરી દૂરસ્તી કરવામાં આવી અને કેટલા સવે નંબરવાળી જમીનની માપણી કરી, ક્યા કારણોસર દૂરસ્તી કરવાની બાકી છે, અને

(૨) ૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લખપત તાલુકના ખારઈ ગામની કુલ – ૧૫ અરજીઓની માપણી i-Mojni મારફતે કરી નિકાલ કરવામાં આવેલ છે. જે હદ પૈકીની માપણીની અરજી હોઈ દૂરસ્તીને પાત્ર ન હોવાથી દૂરસ્તી કરવામાં આવેલ નથી.
૨) માપણી ફી ભરપાઈ ના કરવાને કારણે એક અરજી પડતર છે.
૩) લખપત તાલુકાના ખારઈ ગામના સ.નં. ૧૫૪ પૈકી ૭૨ તથા ૧૫૪ પૈકી ૭૩ ની દૂરસ્તી જમીન ઓવરલેપ હોવાથી તેમજ દૂરસ્તી બાબતે તકરાર હોવાથી તેમજ આ બાબત સરકારશ્રીના નિર્ણયાધિન હોવાથી દૂરસ્તી પડતર છે.

(૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરીને દૂરસ્તી કરવામાં આવશે? (૩) ખંડ – ૨ મુજબ સરકારશ્રી દ્વારા નિર્ણય થયેથી.

**છોટાઉદેપુર જિલ્લામાં જૂથ ગ્રામ પંચાયતોની વિભાજન બાબત**

**15/4/2402 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા

કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલી જૂથ ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્તો સરકારને મળી, | (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર મળેલ જૂથ ગ્રામ પંચાયતોની વિભાજનની દરખાસ્તની વિગત :– |

| ક્રમ | તાલુકાનું નામ | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૨૨ | ૨૦૨૩ |
| (૧) | છોટાઉદેપુર | ૦ | ૦૨ |
| (૨) | કવાંટ | ૦૧ | ૦ |
| (૩) | નસવાડી | ૦ | ૦ |
| (૪) | સંખેડા | ૦૨ | ૦ |
| (૫) | બોડેલી | ૦ | ૦ |
| (૬) | જેતપુર પાવી | ૦૨ | ૦૧ |
| કુલ | | ૦૫ | ૦૩ |

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રામ પંચાયતોનું વિભાજન કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષવાર નીચે મુજબ ગ્રામ પંચાયતનું વિભાજન કરવામાં આવેલ છે.

| વર્ષવાર વિભાજીત થયેલ મૂળ ગ્રામ પંચાયતનું નામ | | |
|---|---|---|
| ક્રમ | વર્ષ ૨૦૨૨ | વર્ષ ૨૦૨૩ |
| (૧) | "શૂન્ય" | ૪ |

(૩) કેટલી ગ્રામ પંચાયતની દરખાસ્તો કયા કારણે નામંજૂર કરી છે?

(૩) ૦૧(એક) – ગ્રામ પંચાયતની દરખાસ્ત નામંજૂર કરી છે તેમજ ૦૨(બે) ગ્રામ પંચાયતની દરખાસ્ત દફતરે/પરત કરેલ છે.

**નામંજૂર કરવા અંગેના કારણો** :-

**(૧)** છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાની સણોલી જૂથ ગ્રામ પંચાયતમાંથી કુંડી ઉચાકલમ ગામને અલગ ગ્રામ પંચાયતની દરખાસ્ત બાબતે બંને ગામની વસતિ નિયત વસતિના ધોરણ – ૧૦૦૦ કરતાં ઓછી હોવાથી નામંજૂર કરવામાં આવેલ છે.

**દફતરે/પરત કરવા અંગેના કારણો** :–

**(૧)** જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુર દ્વારા રજૂ થયેલ છોટાઉદેપુર જિલ્લાના છોટાઉદેપુર તાલુકાની અંબાલા જૂથ ગ્રામ પંચાયતમાંથી લેહવાંટ જૂથ, પાડલીયા અને ચક્કાવાડા ગામને અલગ ગ્રામ પંચાયતની દરખાસ્તમાં મૂળ ગ્રામ પંચાયતની મુદત તા.૦૫/૦૫/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે. ત્યારબાદ, ગ્રામ પંચાયતમાં વહીવટદારની નિમણૂક કરવામાં આવેલ હતી.

વહીવટદારશ્રી દ્વારા તા.૦૬/૧૦/૨૦૨૨ના પત્રથી મૂળ ગામ અંબાલાની ગ્રામસભાના તા.૧૬/૦૯/૨૦૨૨ના ઠરાવ સાથે વિભાજનની દરખાસ્ત રજૂ કરેલ હતી. જે દરખાસ્ત પંચાયત, ગ્રામ

ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૩૦/૦૮/૨૦૨૨ના ઠરાવની જૂથ પંચાયત/ગ્રામ પંચાયતના વિભાજન અંગેની સમયમર્યાદા બાબતની શરત નં. (૧) "ગ્રામ પંચાયતની ચૂંટણી થયા પછી (ગ્રામ પંચાયતની પ્રથમ બેઠક મળ્યા તારીખથી) ૩(ત્રણ) માસ બાદ વિભાજન અંગેની કાર્યવાહી હાથ ધરી શકાશે" મુજબ સદરહું દરખાસ્ત વહીવટદારશ્રી દ્વારા રજૂ થયેલ હોઈ મૂળ દરખાસ્ત દફતરે કરી, અંબાલા ગ્રામ પંચાયતની ચૂંટણી થયા બાદ ઉક્ત શરત અન્વયે પુનઃ દરખાસ્ત રજૂ કરવા જણાવેલ છે.

**(૨)** જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુર દ્વારા તા.૨૪/૦૨/૨૦૨૨ના પત્રથી રજૂ થયેલ છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાની વાસણા જૂથ ગ્રામ પંચાયતમાંથી વડદલા ગામને અલગ ગ્રામ પંચાયત આપવા અંગેની દરખાસ્તની ચકાસણી કરતાં, વાસણા જૂથ ગ્રામ પંચાયતની તા.૧૬/૦૧/૨૦૨૨ના રોજ મુદત પૂર્ણ થયેલ છે તેમજ તે ગ્રામ પંચાયતની ચૂંટણી તા.૨૧/૧૨/૨૦૨૧ના રોજ યોજાઈ ગયેલ છે. ચૂંટણી બાદ ગ્રામ પંચાયતની નવી ચૂંટાયેલ બોડીની પ્રથમ બેઠક તા.૧૯/૦૧/૨૦૨૨ના રોજ યોજાયેલ છે.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના તા.૧૬/૦૧/૨૦૦૧ના પરિપત્રની શરત નં.(૧) મુજબ "ગ્રામ પંચાયતની ચૂંટણી થયા પછી એક વર્ષ બાદ વિભાજન અંગેની કાર્યવાહી કરવાની રહેશે." જોગવાઈ કરવામાં આવેલ છે, જે મુજબ દરખાસ્તના સમયે વાસણા જૂથ ગ્રામ પંચાયતની ચૂંટણી થયા બાદ નવી બોડી અસ્તિત્વમાં આવેલ હોઈ, ઉક્ત પરિપત્રની શરતની જોગવાઈ મુજબ ગ્રામ પંચાયતની ચૂંટણી થયા પછી એક વર્ષ બાદ વિભાજનની કાર્યવાહી કરવા અંગે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, છોટાઉદેપુરને તા.૨૪/૦૨/૨૦૨૨ના પત્રથી જણાવેલ છે તેમજ મૂળ દરખાસ્ત જિલ્લા પંચાયતને પરત કરેલ છે.

વધુમાં, ગ્રામ પંચાયતની નવી ચૂંટાયેલ બોડી દ્વારા તા.૨૦/૧૨/૨૦૨૨ના રોજ ઠરાવ કરીને વાસણા જૂથ ગ્રામ પંચાયતની હાલની બોડીની મુદત (તા.૧૮/૦૧/૨૦૨૭ સુધી) પૂર્ણ ન થાય ત્યાં સુધી વાસણા જૂથ ગ્રામ પંચાયતનું વિભાજન ન કરવા ઠરાવ કરેલ છે.

**ભાવનગર જિલ્લાના મહુવા ખાતે રમત ગમત સંકુલ બનાવવા બાબત**

15/4/**2505 શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા) : માનનીય રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે:-**

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા ખાતે રમત-ગમત સંકુલ બનાવવાનું સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને | (૧) ના, જી |
| (૨) જો હા, તો ઉક્ત સંકુલ બનાવવા માટે છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી કરવામાં આવી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

------------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે જમીન ફાળવણી**

15/4/2455 **શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કે:-

રાજ્ય કક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મીઠા ઉદ્યોગ માટે ક્યાં અને કેટલી જમીન ફાળવવામાં આવી છે? | (૧) | એક પણ નહી. |

**રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રીનું નિવેદન (નિયમ-૪૪)**

**બેટ દ્વારકા જવા માટે પરિવહનની સવલત આપવા બાબત**

શ્રી હર્ષ સંઘવી(વાહન વ્યવહાર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ-૪૪ હેઠળ નીચે જણાવેલી જાહેર અગત્યની બાબત ઉપર નિવેદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મને આપ સૌને જણાવતા આનંદ થાય છે કે તાઃ૨૫-૨-૨૦૨૪ના રોજ માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ સુદર્શન બ્રિજનું લોકાર્પણ કરીને જાહેર જનતા માટે ખુલ્લો મુકેલ હતો. બેટ દ્વારકાની જનતાને આઝાદીનાં ૭૫ વર્ષ બાદ ખરા અર્થમાં પરિવહનની સ્વતંત્રતા અપાવવા બદલ હું આપણા લોકલાડીલા પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને બે હાથ જોડી નતમસ્તક વંદન કરું છું અને બેટ દ્વારકાની જનતા વતી સમગ્ર વિશ્વમાં વસતા દ્વારકાધીશના કરોડો ભકતો વતી, બોર્ડર પરના આ ટાપુ ઉપર ધર્મ અને રાષ્ટ્રવાદની વિચારધારાની ચિંતા કરનારા એ લોકો વતી ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સુદર્શન બ્રિજનું લોકાર્પણ કર્યાના માત્ર ૨૪ કલાકમાં જ ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમના બેટ દ્વારકા જવા-આવવા માટેના ચાર (૦૪) રૂટોની સરકારે મંજૂરી આપીને બેટ દ્વારકાના વિકાસના દ્વારો ખોલી દીધા છે. આ અમારી ડબલ એન્જિનની સરકારે ટૂંક સમયમાં જે ત્વરિત ગતિએ કામગીરી કરી છે તે બદલ હું ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બેટ દ્વારકામાં છેલ્લાં હજારો વર્ષોથી ફકત દરિયાઇ માર્ગે હોડી કે વહાણના માધ્યમથી વ્યકિતઓ અને માલ-સામાનનું પરિવહન થતું હતું. કોઇ ગર્ભવતી સ્ત્રીને પ્રસૂતિની પીડા થાય, કોઇ વ્યકિતને અકસ્માત થાય, કોઇ વ્યકિતને હાર્ટ એટેક આવે, કોઇકનાં વ્હાલસોયાં બાળક ઉપર કોઇ તાત્કાલિક સંકટ આવી પડે તેવી પરિસ્થિતિમાં આ લોકો કેવી વ્યથા અનુભવતા હશે તે વ્યથાની ચિંતા કરીને આપણા વડાપ્રધાનશ્રીએ આ બધાને મદદ આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રીમદ ભગવત ગીતાના મુખ્ય ઇષ્ટદેવ ભગવાનશ્રી કૃષ્ણ કે જે લોકોના ભવસાગરને પાર કરાવે છે તે ભગવાન શ્રી કૃષ્ણના દર્શન પરિવહનના અભાવે ઘણા લોકો દર્શનથી વંચિત રહી જતા હતા, આવા લોકોને સાગરપાર કરાવીને દર્શન કરાવવાની ભકતોની લાગણીને આપણા વડાપ્રધાનશ્રીએ સમજી છે, તેના પરિપ્રેક્ષ્યમાં રાજ્ય સરકાર જરૂરી વાહન વ્યવહાર, નવીન બસ સ્ટેન્ડ તથા અન્ય સવલતો પૂરી પાડશે. બેટ દ્વારકામાં તાત્કાલિક આજે જ એક અરજી રેવન્યુ વિભાગને કરી છે. બસ સ્ટેશન માટે નાની જગ્યા માંગીને ત્યાં એક બસસ્ટોપ ડેવલપ કરવાનું છે, આજે જ અમરેલીથી બેટ દ્વારકા, બેટ દ્વારકાથી અમરેલી, માણસા-ગાંધીનગર-અમદાવાદથી બેટ દ્વારકા અને બેટ દ્વારકાથી ગાંધીનગર અમદાવાદ-માણસાની નવી બસો આપી છે. જામનગરથી આપી છે અને આનાથી વિશેષ ભગવાનશ્રી દ્વારકાધીશના દર્શનાર્થીઓ જે હજારોની સંખ્યામાં દ્વારકા આવે છે એ લોકોને દ્વારકાથી બેટ દ્વારકા, ઓખા જવા માટે દરરોજ ત્યાં ત્રણ નવી બસો દ્વારકા-બેટ દ્વારકા શટલ સર્વિસ એસ.ટી. વિભાગ દ્વારા ચાલુ કરવાનું આજે ડિકલેર કરવામાં આવ્યું છે. કાલથી જ આ યોજના ચાલુ કરવામાં આવશે. દર એક કલાકે દ્વારકથી બેટ દ્વારકા જવાની બસ અને બેટ દ્વારકાથી દ્વારકા આવવાની બસ પણ નવી ચાલુ કરવામાં આવશે. આ બસો થકી હજારો લોકો દરરોજ ભગવાન દ્વારકાધીશના ચરણોમાં વંદન કરવા પોતપોતાના પરિવાર જોડે જઇ શકે તે માટેની વ્યવસ્થાઓ આજે જ નવી શરૂ કરવામાં આવી છે.

**માનનીય અધ્યક્ષશ્રીની સ્પષ્ટતા**

**નિયમ-૪૪ ના નિવેદન અંગે**

અધ્યક્ષશ્રી : વિધાનસભા જયારે ચાલતી હોય ત્યારે રાજ્ય સરકાર કોઇ નિર્ણય કરે તો એની જાણ ગૃહની અંદર કરવાની હોય, બારોબાર ના કરી શકાય એટલા માટે માનનીય મંત્રીશ્રીએ મારી પાસે પરમિશન લીધી હતી, મેં પરમીશન આપી છે. એના આધાર ઉપર આ નિર્ણય કર્યો છે. મારા નિર્ણય ઉપર કોઇ ચર્ચા થઇ શકતી નથી. (અંતરાય) એ પહેલાં તમને સમય આપ્યો હતો. તે વખતે તમે ઊભા થયા નથી.

શ્રી હર્ષ ર. સંઘવી : માનનીય અધ્યક્ષશ્રી, ભગવાનશ્રી દ્વારકાધીશના એકેએક દર્શનાર્થી, એકેએક ભક્તોને જઇને પૂછો તો એમને અંદાજ હોય કે આ નિર્ણય કેટલો મહત્ત્વનો છે.

અધ્યક્ષશ્રી : આપનું નિવેદન પૂરું થઇ ગયું. આપ ચર્ચા કરી ન શકો. (અંતરાય) આમાં ચર્ચા ન હોય શ્રી અમિતભાઇ.

**સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો**

**સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન હબના વાર્ષિક અહેવાલો**

શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા (રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન હબના સન ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૨-૨૩નો ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઈલ સિટી લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઈલ સિટી લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તથા કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૨-૨૩નો ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી કનુભાઈ મો. દેસાઈ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો, તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૨-૨૩નો ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી કનુભાઈ મો. દેસાઈ (ઊર્જા અને મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૧-૨૨નો ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વૃદ્ધિ કેન્દ્ર વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૦-૨૧નો ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર (રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અલ્પસંખ્યક નાણાં અને વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૨-૨૩નો ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (માર્ગ અને મકાન મંત્રીશ્રી વતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ, હિસાબો તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ**

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઈન્ફ્રાસ્ટ્રકચર ડેવલપમેન્ટ બોર્ડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**સન ૨૦૨૨–૨૩નો ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો વાર્ષિક અહેવાલ**

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક વિકાસ સત્તામંડળનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ અને વાર્ષિક હિસાબો હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ અને હિસાબો વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી કુંવરજીભાઇ  મો. બાવળિયા (પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૧૬નો આણંદ કૃષિ યુનિવર્સિટીનો ઓડિટ અહેવાલ**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ (કૃષિ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટીનો સન ૨૦૧૬નો ઓડિટ અહેવાલ અને તેના ઉપર લેવાયેલા પગલાંનું નિવેદન તથા વાર્ષિક હિસાબ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૧–૨૨ નો ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનો સન ૨૦૨૧–૨૨ નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના ગુજરાત રાજ્ય દિવ્યાંગ ફંડના વાર્ષિક હિસાબો**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર (સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય દિવ્યાંગ ફંડના સન ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વાર્ષિક હિસાબો તેમજ સન ૨૦૨૧–૨૨ના વાર્ષિક હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૧–૨૨ના ગુજરાત મેરીટાઇમ બોર્ડના વાર્ષિક હિસાબો**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (બંદરો અને મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી વતી આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૨૧–૨૨ના વાર્ષિક હિસાબો તેમજ આ હિસાબોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલ વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**વાર્ષિક હિસાબો અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનું જાહેરનામું**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર (રા.ક.ના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આજના દિવસની કામકાજની યાદીની ક્રમાંક–૨ની પેટા બાબત–૧૫માં દર્શાવેલ સન ૨૦૧૩ના રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમ અન્વયેનું અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગનું તા. ૨૫–૧–૨૦૨૪નું જાહેરનામા ક્રમાંકઃ જીટીએચ/૨૦૨૪/૩/એફસીએસસીએડી/એમકેએમ/ઇ–ફાઇલ/૫/ ૨૦૨૨/ ૧૨૪૧/સી–૧ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**જાહેરનામું વિધાનસભાના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનાં ત્રીજા અહેવાલની રજૂઆત**

**શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : (સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો ત્રીજો અહેવાલ સભાગૃહના મેજ ઉપર મુકવાની રજા લઉં છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : (સમિતિના સભ્યશ્રી)** : માનનીય અધ્યક્ષશ્રી, હું  પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બીન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના  ત્રીજા અહેવાલ  સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ)**

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, કાયદા વિભાગ

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માગણી ક્રમાંક- ૩૯**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તબીબી અને જાહેર આરોગ્યને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૮૨,૮૦,૦૬,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૩૯,૨૪,૯૧,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૩૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૩૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૮ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**

**માગણી ક્રમાંક- ૪૦**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પરિવાર કલ્યાણને લગતી સેવા અંગેની આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૪૮,૧૯,૩૭,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૩,૫૪,૫૩,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૪૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૪૦ રજૂ કરવામાં આવી.**

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરવામાં આવી.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

**કાયદા વિભાગ**

**માગણી ક્રમાંક- ૬૦**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (કાયદા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટને લગતી સેવા અંગેની કાયદા વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧૯,૫૫,૮૧,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ.૪૦,૯૭,૦૦,૦૦૦/- ની માગણી ક્રમાંક-૬૦ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક -૬૦ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક–૨૩ રજૂ કરવામાં આવી.

**સન ૨૦૨૪–૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરની કાપદરખાસ્તોની એકત્રિત યાદી.**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ**<br>**માગણી નં. ૩૯** | |
| ૧ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય૦૧–શહેરી...એલોપથી<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>રૂ. ૭,૬૪,૨૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાનાનં. ૧૨થી૧૫ | ૧૦૦ | રાજ્યમાં અનેક ફાર્મા કંપનીઓ દ્વારા હાનિકારકતથા નબળી ગુણવત્તાવાળી દવાઓનું થતું વેચાણ બંધ કરાવવા માટે આવી કંપનીઓ સામે સખ્તાઇથી પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા<br>(ડૉ. તુષાર ચૌધરી) |
| *૨ | --"-- | ૧૦૦ | સરકારી તબીબી અંગેના કામોના નિકાલમાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| *૩ | --"-- | ૧૦૦ | ધારાસભ્યશ્રીઓ/પૂર્વધારાસભ્યશ્રીઓના લાંબા સમયથી પડી રહેલ મેડિકલ બિલોનો સત્વરે નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| *૪ | --"-- | ૧૦૦ | તબીબી ક્ષેત્રે વ્યાપક ખર્ચ કરવા છતાં રાજયમાં વર્તાતી દવાઓ–ડોકટરોની ઘટ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| *૫ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૧૧૦–હોસ્પિટલ અને દવાખાના<br>રૂ.૨૨,૦૯,૦૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાનાનં. ૨૧થી ૩૮ | ૧૦૦ | રાજયમાં યુવાનોમાં દિનપ્રતિદિન વધી રહેલ હાર્ટ એટેકના કારણોની તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૬ | --"-- | ૧૦૦ | દક્ષિણ ગુજરાતની સિવિલ હોસ્પિટલો અને સરકારી દવાખાનાઓમાં ડોકટરો અને પેરામેડિકલ સ્ટાફની ઘટ પૂરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૭ | --"-- | ૧૦૦ | રાજયની સિવિલ હોસ્પિટલોમાં દર્દીઓને ત્વરિત સારવાર મળી રહે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી<br>(દિનેશભાઈ ઠાકોર) |
| ૮ | --"-- | ૧૦૦ | સિવિલ હોસ્પિટલમાં દર્દીઓ પાસેથી વધુ રકમ વસૂલતી ખાનગી એમ્બ્યુલન્સોની સેવા પર પ્રતિબંધ મૂકી સરકારી એમ્બ્યુલન્સો ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૯ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૦૬–જાહેર આરોગ્ય<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧,૧૦,૧૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાનાનં. ૯૭થી ૧૦૨ | ૧૦૦ | આઇ.વી.એફ.સેન્ટરોમાં જાતિ પરીક્ષણની ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરનાર સામે સખ્ત પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૧૦ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૧૦૧–રોગોનુ..નિયંત્રણ<br>૩૫–પીએમ..મિશન<br>રૂ. ૮૪,૭૯,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧<br>પાનાનં. ૧૦૭ થી ૧૨૨ | ૧૦૦ | પી.એમ.જે.એ.વાયમાં ખાનગી હોસ્પિટલો દ્વારા થયેલ ગેરરીતિઓની તપાસ કરી જવાબદારો સામે કડકાઇથી પગલાં લેવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૧૧ | ૨૨૧૦–તબીબી...આરોગ્ય<br>૧૦૪–ઔષધનિયમન<br>૦૧–HLT-45ખોરાક...તંત્ર<br>રૂ. ૪૯,૪૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧ | ૧૦૦ | ખાદ્યપદાર્થોમાં થતી ભેળસેળઅંગેના વ્યાપક બનાવો છતાં નકકર પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા (વિમલભાઇ ચુડાસમા) |

| | | | | |
|---|---|---|---|---|
| | પાનાનં. ૧૨૩અને૧૨૪ | | | |
| ૧૨ | --"-- | ૧૦૦ | ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ કરતા પકડાયેલ ઇસમો સામે કઈ કાયદાકીય જોગવાઇઓ હેઠળ પગલાં લીધેલ છે તેની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીત ચાવડા (અરવિંદભાઇ લાડાણી) |
| ૧૩ | --"-- | ૧૦૦ | એકવાર વપરાયેલ ખાદ્ય તેલનો વારંવાર ફરી ઉપયોગ કરીને નમકીન વેચતી મોટી કંપનીઓ સામે આકરા પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર (કાન્તીભાઇ ખરાડી) |
| ૧૪ | --"-- | ૧૦૦ | મિનિસ્ટ્રી ઓફ હેલ્થના રીપોર્ટ અંતર્ગતના સ્ટેટ ફૂડ સેફ્ટી ઈન્ડેક્સમાં ગુજરાતને અગ્ર સ્થાન મળે તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર (કિરીટકુમાર પટેલ) |
| ૧૫ | --"-- | ૧૦૦ | વિવિધ ખાદ્યતેલોમાં કરવામાં આવતી હાનિકારક રાસાયણિક તત્વોની ભેળસેળ અટકાવવાખાદ્યસુરક્ષા અંગેના કાયદામાં સુધારો કરી સખ્ત દંડની જોગવાઇ દાખલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર (ડૉ. તુષાર ચૌધરી) |
| | | **માંગણી નં:-૪૦** | | |
| *૧૬ | ૨૨૧૧-પરિવારકલ્યાણ<br>૦૦૧-નિર્દેશઅનેવહીવટ<br>રૂ. ૧,૦૧,૬૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧,<br>પાનાનં. ૧૩૯થી૧૪૨ | ૧૦૦ | કુંટુંબ નિયોજનના બનાવટી આંકડાઓ આપીને કરવામાં આવતી ગેરરીતિની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર (ગુલાબસિંહ ચૌહાણ) |
| ૧૭ | ૨૨૧૧-પરિવારકલ્યાણ<br>૧૦૩-પ્રસૂતી...આરોગ્ય<br>૦૧-HLT-67 બાળ..કાર્યક્રમ<br>રૂ. ૧૨,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૧,<br>પાનાનં. ૧૫૩ | ૧૦૦ | બાળમૃત્યુ દરમાં ઘટાડો કરવા એન.આઈ.સી.યુનું સુદ્દઢીકરણ કરવા ફાળવેલગ્રાન્ટનો પૂરેપૂરો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| ૧૮ | --"-- | ૧૦૦ | પ્રધાનમંત્રી માતૃ વંદના યોજનાનું લાંબા સમયથીબંધ પોર્ટલ પુન: કાર્યરત કરાવી સર્ગભા મહીલાઓને મમતાકાર્ડ દ્વારા સહાય પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ (ડૉ. તુષાર ચૌધરી) |
| | | **કાયદા વિભાગ**<br>**માંગણી નં:- ૬૦** | | |
| ૧૯ | ૨૦૧૪-ન્યાયતંત્રનોવહીવટ<br>૧૦૫-સિવિલ...કોર્ટ<br>૦૧-જિલ્લા...જજ<br>રૂ. ૪,૦૨,૭૭,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬,<br>પાનાનં. ૧૦અને૧૧ | ૧૦૦ | કોર્ટોમાં અપૂરતા સ્ટાફને કારણે સરકારી કામકાજમાં પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| ૨૦ | --"-- | ૧૦૦ | ન્યાયની કચેરીઓમાં ગુજરાતી સ્ટેનોગ્રાફર સંવર્ગનું પૂરતુ મહેકમ ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| *૨૧ | --"-- | ૧૦૦ | ગુજરાતી સ્ટેનોગ્રાફરોને એકથી વધુ કોર્ટોમાં કામગીરી કરવા બદલ વળતર ભથ્થું મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| *૨૨ | ૨૦૧૪-ન્યાયતંત્રનોવહીવટ<br>૧૧૪-કાનૂની..ધારાશાસ્ત્રીઓ<br>૦૧-કાયદાઅધિકારીઓ<br>રૂ. ૧,૭૯,૭૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬,<br>પાનાનં. ૨૩ | ૧૦૦ | ચાર્જશીટ દાખલ થયા બાદ મહત્વના દસ્તાવેજો કોર્ટમાં સમયસર પહોંચાડવા અંગેની કાર્યવાહી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનંતકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| ૨૩ | --"-- | ૧૦૦ | કોર્ટોમાં સરકારી વકીલોની ગેરહાજરીના કારણે વારંવાર પડતી મુદતો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

અધ્યક્ષશ્રી : હવે માગણીઓ અને તેના ઉપર રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કાયદો અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે તેના વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજ્યની અંદર ન્યાય તે બહુ મહત્ત્વની બાબત છે. પરંતુ જે રીતે એન.જે.ડી.જી (નેશનલ જયુડિશિયલ ડેટા ગ્રેડ) અને નીતિ આયોગ ૨૦૧૮ના રિપોર્ટ જોઇએ તો નીતિ આયોગે એવું લખ્યું છે કે, જે રીતે દેશની અંદર અત્યારે કોર્ટોની અંદર કેસોનો ભરાવો થયો છે અને ઝડપથી નિકાલ થતો નથી. આ જ રીતે જો ચાલશે તો ભારતની કોર્ટોની અંદર વર્ષ ૨૦૨૩ની સ્થિતિએ તમામ પ્રકારના પેન્ડિંગ કેસ ૫૦ મિલિયન છે. તેની અંદર ત્રીસ વર્ષથી ઉપરના પેન્ડિંગ કેસની સંખ્યા જોઇએ તો ૧ લાખ ૬૯ હજાર જેટલી છે. ૫ કરોડ જે કેસ છે તેમાંથી ૪.૩ કરોડ કેસ નીચલી કોર્ટોની અંદર ચાલે છે. નીતિ આયોગે નોંધ્યું છે તે પ્રમાણે આ કેસોનો નિકાલ કરવો હોય તો અત્યારે જે રીતે ચાલી રહ્યું છે તે પ્રમાણે ૩૨૪ વર્ષ લાગે. ન્યાય ઝડપી મળવો જોઇએ. આપણે ત્યાં કહેવત છે જસ્ટિસ ડીલે ઇઝ જસ્ટિસ ડિનાઇન. જેટલો ન્યાય મોડો મળે તે ન્યાય ના મળ્યા બરાબર છે. વર્લ્ડ જસ્ટિસ પ્રોજેકટ અને રુલ ઓફ લો ઇન્ડેક્ષ વર્ષ ૨૦૨૩ના જે ડેટા રજૂ થયા એ આપણા સૌના માટે ભારતની સ્થિતિ બહુ ચિંતાજનક છે. સિવિલની અંદર જે ન્યાય મળવો જોઇએ એમાં વિશ્વના ૧૪૨ દેશોમાં ભારતનો નંબર ૧૧૧મો છે અને ક્રિમિનલ જસ્ટિસમાં ૧૪૨માંથી ભારતનો નંબર ૯૩ પર છે અને ઇન્ડિયા જસ્ટિસ રિપોર્ટ ૨૦૨૩ બહાર પડ્યો છે એની અંદર ગુજરાત એ ૫.૬૦ના રેન્કિંગ સાથે ૬ઠ્ઠા ક્રમે છે અને હમણા જ ૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના દિવસે લોકસભામાં જે પ્રશ્ન પૂછવામાં આવ્યો કે, જુદી જુદી હાઇકોર્ટ, સેશન્સ કોર્ટ અને નીચલી કોર્ટોમાં કેટલી જગ્યાઓ ખાલી છે? તો એમાં માનનીય મંત્રીશ્રી અર્જુનરામ મેઘવાલે જે જવાબ આપ્યો છે એ પ્રમાણે ૨૫ રાજયોમાં ત્રીજા નંબરે એટલે કે, ગુજરાતની હાઇકોર્ટમાં ૨૧ જજોની જગ્યા ખાલી છે અને સેશન્સ કોર્ટ અને નીચલી કોર્ટમાં કુલ ૩૭ રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોની અંદર ગુજરાત બીજા ક્રમે છે એટલે પ્રથમ ક્રમે ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ ૧૨૫૦ જગ્યાઓ ખાલી છે અને ગુજરાત બીજા ક્રમે છે અને ૫૩૫ જગ્યાઓ ખાલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આટલી બધી જગ્યાઓ ખાલી હોય અને આપણે ન્યાયની વાતો કરીએ, ગુજરાતને નંબર વન પર લઇ જવાની વાતો કરીએ, ગુજરાતને મૉડેલ રાજય બનાવવાની વાત કરીએ એ બાબત યોગ્ય નથી એટલે તાત્કાલિક આ જગ્યાઓ ભરવી જોઇએ. આપણે ઘણા બધા કાયદાઓ બનાવ્યા, પ્રોહિબિશન એક્ટમાં સુધારો કર્યો, આજે ગુજરાત હાઇકોર્ટમાં પ્રોહિબિશનની અંદર પર ડે ૪૦થી ૪૫ અરજીઓ માત્ર વાહનો છોડાવવા માટેની આવે છે. હું કાયદા મંત્રીશ્રીને અભિનંદન આપીશ કે તેઓ આવતી કાલે કાયદામાં સુધારો લઇને આવી રહ્યા છે. જુદી જુદી કોર્ટોની આપણે નિમણૂક કરી, નાર્કોટીક્સ કે પોસ્કો, આ કોર્ટો છે એની માત્ર રચના કરવાથી કામ નહીં ચાલે પણ એની અંદર સ્ટાફ નથી, એમાં પૂરતા જજો નથી, એમાં પૂરતા વકીલો નથી, એમાં વિષયના નિષ્ણાત સરકારી વકીલો નથી અને એના લીધે જે ઝડપી ન્યાય મળવો જોઇએ એ ન્યાય મળતો નથી. માત્ર બિલ્ડિંગ બનાવવાથી ન્યાય મળી જશે એવું નથી. ભલે આપણે બિલ્ડિંગ સારા બનાવીએ પણ આજે પણ ગુજરાતની નીચલી કોર્ટની અંદર ત્રણથી ચાર કોર્ટોની વચ્ચે એક જ સરકારી વકીલ હોય છે અને એના લીધે ગામડાના લોકોને ન્યાય મેળવવામાં મોટી મુશ્કેલી પડે છે. ઘણી વાર સરકાર પણ ખોટી અપીલો કરે છે અને એના લીધે કેસો પેન્ડિંગ થાય છે અને એમાં ઘણી વાર ખેડૂતોને અથવા નાના કર્મચારીઓને મુશ્કેલી પડે છે એટલા માટે કે ભ્રષ્ટાચારના કેસો થાય, ચાર્જશીટ થાય, તપાસ થાય ત્યારે મોટા માથા કે મોટા અધિકારીઓ હોય એવું નામ આવતું નથી, પણ માત્ર વર્ગ-૩ કે વર્ગ-૪ના કર્મચારીઓ હોય એવું જ નામ આવે છે અને મોટી માછલી છટકી જાય છે અને નાના કર્મચારીઓ આમાં મરી જાય છે. પાસા અને લેન્ડ ગ્રેબિંગના કેસોનો પણ બહુ ભરાવો છે. ટ્રિબ્યુનલની અંદર જજોની નિમણૂક સમયસર થતી નથી. મેં કાયદા મંત્રીશ્રીને રજૂઆત કરી છે કે, રાજયની અંદર ગુજરાત પોલીસ ટ્રિબ્યુનલ છે એમાં જજની જગ્યા ૭ મહિનાથી ખાલી છે. ઘણી વાર લોકાયુક્તે જે ચુકાદો આપ્યો હોય, આપણે ન્યાયની વાત કરીએ છીએ. મેં અગાઉ પણ કહ્યું હતું કે, લોકાયુક્તે જેને દોષિત જાહેર કર્યા હોય એની સામે સમયસર અપીલ થતી નથી, સમયસર હાઇકોર્ટમાં એના જવાબો રજૂ થતા નથી એને કારણે ભ્રષ્ટ અધિકારીઓ છટકી જાય છે અને બીજા જે ભ્રષ્ટ અધિકારીઓ હોય એવું મનોબળ વધે છે અને એની નૈતિક હિંમત વધે છે અને એને કારણે ભ્રષ્ટાચાર અટકતો નથી. એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા જે પણ ભ્રષ્ટાચાર વિરૂદ્ધના કેસો ચાલતા હોય તેની અંદર સમયસર અપીલ થાય અને હાઇકોર્ટની અંદર સમયસર તેની એફિડેવિટ કરવામાં આવે.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ઘણી વખત સરકારી સેશન્સ કોર્ટોની અંદર સરકારી વકીલોની ઉંમર પૂરી થઇ ગઇ હોવા છતાં પણ તેમને દૂર કરવામાં આવતા નથી. પાટણની અંદર જ આવી સરકારી વકીલની ઉંમર ૬૨ વર્ષ કે ૬૫ વર્ષ પૂરી થઇ ગઇ હોવા છતાં પણ ભરતી કરાતી નથી અને તેમને હોદ્દા ઉપરથી હટાવાતા નથી તેના લીધે બીજા જે નવા વકીલો હોય તેમને પ્રોત્સાહન મળતું નથી.

## તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય ફોજદારી ધારાની અંદર સુધારો લાવ્યા બહુ સારી બાબત છે પણ આવતા મહિનાથી તેનો અમલ થવાનો છે ત્યારે તેની જાગૃતિ ફેલાય. મેં કહ્યું તેમ આરોગ્યની અંદર માનનીય મંત્રીશ્રીએ લગભગ છેલ્લા એક વર્ષથી બહુ સારું કામ કર્યું છે અભિનંદન આપું છું. આરોગ્ય અને શિક્ષણની અંદર ઘણી બધી જી.એમ.ઇ.આર.એસ. કોલેજો બનાવી, મેડિકલની અંદર પી.જી.અને યુ.જી.ની અંદર સીટોની અંદર વધારો થયો ઘણી બધી નવી કોલેજો બની, પરંતુ આ તમામ કોલેજો જે છે જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજ હોય કે સરકારી મેડિકલ કોલેજ હોય આની અંદર નિમણૂકના નિયમો એ જુદા જુદા છે એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આટલી બધી સોસાયટી એક્ટ નીચે આટલી બધી તમે મેડિકલ કોલેજો બનાવતા હોય તો એના ભરતી માટેના નિયમો માટેનું એક બોર્ડ બનવું જોઇએ એટલા માટે કે એક સોસાયટીમાં સરકારમાં અથવા સરકારમાંથી સોસાયટીની અંદર જયારે કોઇ અધિકારીની બદલી કરવી હોય અથવા તેને ડેપ્યુટેશન ઉપર મૂકવો હોય તો તેની અંદર કોઇ તકલીફ ન થાય. હમણાં છેલ્લા એક બે વર્ષની અંદર આપણા બધા માટે બહુ ચિંતાનો વિષય છે. આરોગ્યની બાબતમાં કોઇ રાજકારણ હોઇ ના શકે, કોઇ આક્ષેપ પ્રતિઆક્ષેપ ના હોઇ શકે, પરંતુ જે રીતે ૧૮થી ૪૫ વર્ષના યુવાનોનો મૃત્યુ દર વધ્યો છે. આઇ.સી.એમ.આર. નવી દિલ્હીએ હમણાં ૭૭૭ યુવાનોની તપાસ કરી તેની અંદર ૫૯ ટકાથી વધુ યુવાનો હાર્ટ એટેકના લીધે મૃત્યુ પામ્યા છે. આપણે મેડિકલ સાયન્સની અંદર આટલી આપણે પ્રગતિ કરી તેની વાતો કરીએ છીએ, પરંતુ આવા યુવાનોનું આકસ્મિક મૃત્યુ કઇ રીતે થાય છે તેની સાચી તપાસ થઇ શકતી નથી એટલે તેના માટે ઝડપીમાં ઝડપી આવા યુવાનો બચી શકે તેના માટે મેડિકલ સાયન્સની અંદર કંઇ સુધારો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇ વિધાનસભાની અંદર પી.એમ.જે.વાય. યોજના અંગેનો મેં પ્રશ્ન પૂછેલો. ગુજરાતના ઘણા બધા ડોકટરોના પી.એમ.જે.વાય. યોજનાની અંદર લગભગ ૬૦૦થી ૭૦૦ કરોડ રૂપિયા બાકી છે. હમણાં જ પાટણ જિલ્લાની અંદર ડોકટરોએ આ પી.એમ.જે.વાય, આયુષ્યમાન કાર્ડની નીચે તબીબી સારવાર આપવાનું બંધ કર્યું. મેં ડોકટરને ફોન કર્યો તો તેમણે કહ્યું કે સાહેબ અમને પૈસા મળતા નથી. અને તેના લીધે ઘણા બધા ગરીબ દર્દીઓને ઘણી બધી મુશ્કેલીઓ થાય છે. એટલે પી.એમ.જે.વાય યોજનાની અંદર જે કાર્ડની હેરાનગતિ છે તે દૂર કરી જે પણ ડોકટરો છે, ખાનગી હોસ્પિટલો છે તેને નાણાં ચૂકવવામાં આવે. મેડિકલ યુનિવર્સિટીઓ અંગે નિર્ણય લીધો તો માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ બહુ સારો નિર્ણય હતો તો શા માટે પડતો મૂકયો તે મને સમજાતું નથી, પરંતુ જે રીતે કોમન યુનિવર્સિટી એક્ટ લાવ્યા તે રીતે મેડિકલ યુનિવર્સિટી બનાવવામાં આવે તો મને લાગે છે કે, ચોક્કસ મેડિકલ એજ્યુકેશનની અંદર કે મેડિકલ ફિલ્ડની અંદર ઘણો બધો સુધારો આવશે. માનનીય મંત્રીશ્રીને ખાસ વિનંતી છે કે, તમામ લોકો માટે કે જે મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલો અને કોર્પોરેટ હોસ્પિટલો છે તેની અંદર ઘણી વખત તબીબોના ખર્ચ કરતા દવાઓનો ખર્ચ વધી જતો હોય છે એને બહારથી જેનરિક દવાઓ લાવવાની છૂટ મળતી નથી એટલે એવો પરિપત્ર કરવામાં આવે તો ગુજરાતની જનતા અને ગરીબ દર્દીઓને ફાયદો થાય.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર(**મો**રવાહડફ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની માગણી ક્રમાંક–૩૯ અને ૪૦ લઇને આવ્યા છે. એમાં મારું અનુમોદન આપું છું અને એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યમાં નાનામાં નાનો વ્યક્તિ હોય કે ગરીબ કે મધ્યમ વર્ગનો વ્યક્તિ હોય કે પરિવાર હોય. આરોગ્ય પરિવાર વિભાગ એ એક વિભાગ નથી પણ એક પરિવાર છે. આ વિભાગ સરકારના માધ્યમથી કામગીરી કરી રહ્યો છે, ત્યારે જરૂરિયાતમંદ લોકો સુધી આરોગ્યલક્ષી તમામ પ્રકારની સુવિધાઓ કેવી રીતે પહોંચે એવી પ્રતિબદ્ધતા સાથે દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાહેબના વિઝન સાથે એક હોલિસ્ટિક હેલ્થની નવી પરંપરાઓ સાથે કામગીરી કરી રહ્યા છે. દુનિયાની સૌથી મોટી યોજના એટલે આયુષ્યમાન ભારત કાર્ડ યોજના. આયુષ્યમાન ભારત કાર્ડ એટલે રૂ.૧૦ લાખની આરોગ્ય રક્ષા અને આરોગ્ય કવચ પૂરું પાડનારી યોજના. ગરીબ અને મધ્યમવર્ગીય પરિવાર સાથે જોડાયેલી તમામ પ્રકારની સારવાર, તમામ પ્રકારના રોગોનું નિદાન આયુષ્યમાન ભારત કાર્ડ થકી કરવામાં આવે છે. એટલું જ નહિ પણ જે જરૂરિયાતમંદ લોકો છે એમને સારામાં સારી અને સસ્તી દવાઓ ઉપલબ્ધ થાય એના માટે નરેન્દ્ર મોદી સાહેબના વિઝનથી પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રોની પણ શરૂઆત કરવામાં આવી છે. માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી સાહેબનો અભિગમ ગરીબ અને છેવાડાના વ્યક્તિ વિકાસની મુખ્ય ધારામાં આવે અને યોજનાઓનો ૧૦૦ ટકા લાભ મળે એવો છે. રાજ્યના છેવાડાના વિસ્તારમાં રહેતા લોકોને પ્રધાનમંત્રી ભારતીય જન ઔષધિ કેન્દ્રમાંથી ઉત્તમ પ્રકારની દવાઓ મળી રહે એના માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી કામગીરી કરી રહ્યા છે. સૌના માટે સસ્તી દવા અને સૌના આરોગ્ય માટેની દરકાર કરવાના હેતુથી ગુજરાતમાં ૫૧૮ જેટલા જન ઔષધિ કેન્દ્રો કાર્યરત છે. આ તમામ જન ઔષધિ કેન્દ્રોમાં WHO પ્રમાણિત ૧,૭૫૦ જેટલી દવાઓ અને ૨૮૦ જેટલી સર્જિકલ સામગ્રી પણ ઉપલબ્ધ છે. આ દવાઓ અન્ય બ્રાન્ડેડ દવાઓની સાપેક્ષમાં ૫૦થી ૯૦ ટકા જેટલી સસ્તી હોય છે. જેથી કરીને ગરીબ પરિવારનો વ્યક્તિ ગંભીર બીમારીથી પીડાય ત્યારે એમને એવું નથી થતું કે ''આ મોંઘી દવાઓ અમે કઇ રીતે લઇશું.'' આમ, ગરીબમાં ગરીબ પરિવાર પણ આ જન ઔષધિ કેન્દ્રનો ઉપયોગ કરી શકે છે. કોઇ પણ રાજ્યનાં બાળકોમાં તેનું ઊજળું ભવિષ્ય હોય છે અને કોઇ પણ રાજ્ય કે દેશનાં બાળકો સ્વસ્થ હોય છે ત્યારે એ દેશ આત્મનિર્ભર બનતો હોય છે. જો બાળકો તેના બાળપણમાં સંપૂર્ણ રીતે સ્વસ્થ હોય તો એનો શારીરિક અને માનસિક વિકાસ પણ પૂરેપૂરો થતો હોય છે અને તે બાળક સ્વનિર્ભર બનતું હોય છે.

## માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, બાળકોના સ્વાસ્થ્ય પર વધુ લક્ષ્ય રાખીને વધુ એક વિઝન સાથે શાળા આરોગ્ય કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. વર્ષ ૨૦૧૪માં શાળા આરોગ્ય કાર્યક્રમની શરૂઆત થઇ અને આ શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત રાજ્યની તંદૂરસ્ત ભાવિ પેઢી ગુજરાતના સહકારમાં ભાગીદાર બનવા પ્રયાસ કરી શકે તે માટે રાજ્યના ૦થી ૧૮ વર્ષના, આંગણવાડી, પ્રાથમિક શાળા અને માધ્યમિક શાળામાં જતાં તમામ બાળકોના આરોગ્યની તપાસ અને સારવાર નિ:શુલ્ક કરવામાં આવે છે. રાજ્યમાં શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ કુલ ૯૯૨ જેટલી આર.બી.એસ.કે.ની મોબાઇલ હેલ્થ ટીમો છે. દર વર્ષે ગુજરાત રાજ્યમાં ૧ કરોડ ૫૧ લાખ જેટલાં બાળકોની સારવાર નિ:શુલ્ક કરવામાં આવે છે. મારા વિસ્તાર મોરવા હડફના વાડોદર ગામમાં આંગણવાડીની મુલાકાત દરમિયાન એક નાના બાળકને તેની માતા તેને તેડવા આવી ત્યારે મેં તે માતાના આંખમાં આંસુ જોયાં, તેમને પૂછતાં મને જાણવા મળ્યું કે વર્ષોથી જે બાળકની ઝંખના કરતા હતા તે બાળક સાંભળી કે બોલી શકતું નથી. આંગણવાડીમાં આર.બી.એસ.કે.ની ટીમ સાથે તે બાળકનું ટેસ્ટિંગ કર્યા બાદ તે બાળકનું ગાંધીનગર સિવિલ હૉસ્પિટલમાં કોક્લિયર ઇમ્પ્લાન્ટનું નિ:શુલ્ક ઓપરેશન કરવામાં આવ્યું. જે બાળક તેની માતા સાથે વાતચીત કરી શકતું ન હતું તે બાળક આજે બોલતાં અને સાંભળતા શીખી ગયું છે. આ શાળા આરોગ્ય કાર્યક્રમ આવાં લાખો બાળકોને નવું જીવનદાન આપવા માટેનો કાર્યક્રમ છે. તે જ રીતે નાની એવી દીકરી ડાભી ધ્રુવીબેન હ્રદયની બીમારીથી પીડાતી હતી. તે રમવા જાય તો શ્વાસ ચઢી જવાના કારણે તે રમી શકતી ન હતી. આર.બી.એસ.કે. ટીમ દ્વારા તપાસ કર્યા બાદ અમદાવાદ ખાતે યુ.એન. હૉસ્પિટલમાં તેનું નિ:શુલ્ક ઓપરેશન કરવામાં આવ્યું અને તે દીકરી આજે સ્વસ્થ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ૨૫ તારીખ ગુજરાત રાજ્યમાં સોનાનો સૂરજ ઉગવા બરાબર છે. કારણ કે બરોડા અને મધ્ય ગુજરાતમાં વર્ષોથી જે સુવિધાની રાહ જોતાં હતાં તેના માટે દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે એસ.એસ.જી. હૉસ્પિટલના કેમ્પસમાં જ નવી સ્પાઇન, કિડની અને ઓપ્થેલમેટિક હૉસ્પિટલ સેન્ટર ઓ.પી.ડી.ના બાંધકામનું ખાતમુહૂર્ત કરવામાં આવેલું છે અને નાનામાં નાના ગરીબ કુટુંબને ઘરના આંગણે તમામ સુવિધા મળે તેના માટે આદરણીયશ્રી નરેન્દ્ર મોદી સાહેબે આ કામ કર્યું છે. તેની સાથે મધ્ય ગુજરાતને બીજી એક ભેટ આપીને નવી કાર્ડિયાક હૉસ્પિટલનું પણ ખાતમુહૂર્ત કર્યું છે. કોઇને હ્રદયની બીમારી હોય અને તેને તાત્કાલિક સારવાર જોઇતી હોય તો અમદાવાદ સુધી જવું પડતું હતું, પણ મધ્ય ગુજરાતના આજુબાજુના જિલ્લાઓના ગરીબ અને મધ્યમવર્ગના પરિવારો અમદાવાદ સુધી પહોંચી પણ ન શકે તેવી પરિસ્થિતિ હતી ત્યારે મને કહેતાં આનંદ થાય છે કે મધ્ય ગુજરાતના લોકોને આરોગ્યની તમામ સુવિધા ઘર આંગણે મળે તેના માટે કાર્ડિયાક હૉસ્પિટલનું ખાતમુહૂર્ત શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના હસ્તે કરેલું છે. માનનીય અધ્યક્ષશ્રી, આવી ઘણી બધી હૉસ્પિટલ આપણા ગુજરાત રાજ્યની આન, બાન અને શાન છે ત્યારે હું યુ.એન.મહેતાની વાત કરું તો યુ.એન.મહેતા ઇન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રિસર્ચ સેન્ટર એ માત્ર હૉસ્પિટલ નથી પણ ઉત્કૃષ્ટતાનું કેન્દ્ર પણ છે. ગુજરાત કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટની મેં મારી નજરે જોયેલી વાત કરું છું. જ્યારે કોઇ વ્યક્તિને કેન્સર કે ટ્યુમર થયું હોય ત્યારે તેને કેટલી બધી પીડા થતી હોય છે, તેનો પરિવાર પણ સાથે પીડાતો હોય છે ત્યારે આધુનિક ટૅકનૉલૉજી સાથે આરોગ્યની સંભાળ ઉચ્ચતમ ક્વૉલિટી સાથે લોકોને મળી રહે તે માટે સાઇબર નાઇફ રોબોટિક રેડિયો સર્જરી સિસ્ટમ આપણા અમદાવાદ કેન્સર ઈન્સ્ટિટ્યૂટમાં ઉપલબ્ધ છે. શરીરમાં નાનામાં નાનું ટ્યુમર કે કેન્સરની કોઇ પણ પ્રકારની સર્જરી કર્યા વગર સાઇબર નાઇફથી કોમ્પ્યુટર સિસ્ટમનો ઉપયોગ કરીને દર્દીને એક મીલીમીટરથી પણ ઓછા ચોક્કસ ભાગની સારવાર કરી કેન્સરની ગાંઠની સારવાર કરવામાં આવે છે અને નાનામાં નાના વર્ગને પણ આનો સીધો ફાયદો થાય છે. કેન્સરની વાત કરું તો, કેન્સરની સારવારમાં ફોટર અને ઇલેક્ટ્રોનિક થેરાપીથી કામ થતું હોય છે ત્યારે કેન્સરરગ્રસ્ત વ્યક્તિને ઘણી બધી તકલીફો પડતી હોય છે. માનનીય મંત્રીશ્રીએ મધ્ય ગુજરાતને એક મેડિસિટી હૉસ્પિટલ આપેલ છે અને આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખાતમુહૂર્ત કર્યું છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા(હિંમતનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદામંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ ન્યાયતંત્રના વહીવટ માટેની માંગણી લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણી લોકશાહી પ્રક્રિયાના જે ચાર સ્તંભો છે એ ચાર સ્તંભોમાં ન્યાયપાલિકાનો પણ મહત્ત્વનો હિસ્સો છે. આપણા સમાજનો કોઇપણ વ્યક્તિ જ્યારે જુદી–જુદી વિટંબણાઓને કારણે ક્યારેક કાયદાઓની આંટીઘૂંટીમાં અટવાય ત્યારે એ કોર્ટનું શરણું લેતો હોય છે. આપણા ભારતદેશની ન્યાયપ્રણાલિકા પર એનો વિશ્વાસ છે કે, ' હું કોર્ટમાં જઇશ તો મને ન્યાય મળશે'. આપણા ભારતદેશની અને ગુજરાત રાજ્યની કોર્ટોએ અત્યારસુધી તટસ્થતાથી વહીવટ કરીને લોકોને ન્યાય આપ્યો છે એ માટે હું આપણી ન્યાય વ્યવસ્થા, માનનીય કાયદામંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હૃદયપૂર્વક અભિનંદન પાઠવું છું. હમણાં એક માનનીય સભ્યશ્રી નીતિ આયોગની વાત કરતા હતા. આમ તો એમાં દેશ લેવલનો પ્રશ્ન ઊભો થતો હતો. માનનીય શ્રી મોદી સાહેબના આવ્યા પછી ભારત સરકારે ઘણા બધા જૂના અને લોકોને નુકસાન કરતાં કાયદાઓ રદ કરી દીધા છે અને ગુજરાત સરકારે પણ આવા ઘણા કાયદાઓમાં સુધારો કર્યો છે. એમણે કેસોની વાત કરી કે, 'આટલા બધા કેસોનો ભરાવો થયો છે'. ગુજરાત રાજ્યમાં ૧૧૮૫ જેટલી કોર્ટો છે. એમાં ૧૭ લાખ જેટલા કેસોનો નિકાલ કરી દેવામાં આવ્યો છે. એટલે કોઇ કેસોનો ભરાવો થયો છે એમ કહેવું વાજબી નથી. એ જ રીતે, અત્યારના ગુનેગારોની માનસિક સ્થિતિ જોઇએ તો, ગુનેગારોને કડકમાં કડક સજા મળે અને કાયદામાં સુધારો કરવાની જરૂર લાગતી હોય તો આ ભા. જ. પ. ની

સરકારે કાયદાઓમાં સુધારા પણ કર્યા છે અને દાખલારૂપ ગુનેગારોને કડકમાં કડક ફાંસી સુધીની સજાઓ આપવાનું કામ પણ આપણા ન્યાયતંત્રએ કર્યું છે એ અભિનંદનને પાત્ર છે. આ ગુનાઓ માટે ગુજરાત સરકારને બજેટની જોગવાઇ કરવી પડતી હોય છે. આ માટે સ્પેશિયલ ફાસ્ટટ્રેક કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે. આવી ૪૧૮ સ્પેશિયલ કોર્ટો અસ્તિત્વમાં છે. એસ. સી. /એસ. ટી. ની ૪૨ કોર્ટો છે. પોક્સો કેસો માટે પણ ૫૪ કોર્ટોની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યના વકીલોની કલ્યાણકારી યોજનાઓ માટે લગભગ રૂ. ૫ કરોડની જોગવાઇ ગુજરાત સરકારે કરી છે એ માટે હું અભિનંદન આપું છું. એ જ રીતે, કૌટુંબિક ઝઘડાઓ માટે ૮૦ નવી ફેમિલી કોર્ટોની પણ સ્થાપના કરવામાં આવી છે. આના કારણે સામાન્ય ગુનાઓ, ભરણપોષણના કેસો અને બાળકોના કેસોનો તાત્કાલિક ઉકેલ લાવવાના ઉત્તમ ઉદાહરણો પૂરા પાડ્યા છે. માનનીય સભ્યશ્રી બોલતાં હતા એમને હું એ પણ કહું છું કે, કોઇપણ એક-બે મહિના એવા જતાં નથી કે માનનીય મોદી સાહેબ ગુજરાત હાઇકોર્ટમાં માનનીય જજોની નિમણૂક ન કરતા હોય. ગુજરાત સરકારે એના આનુષંગિક કામો હોય, એના મકાનો હોય કે બીજી જોગવાઇઓ હોય તો એના માટે ઘણા બધા પ્રયત્નો કર્યા છે, એટલે હું માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઋષિકેશભાઇ પટેલને અભિનંદન પાઠવું છું કે એમણે ન્યાયતંત્રને મજબૂત કરવા માટે સારામાં સારા પ્રયત્નો કર્યા છે.

ડો. દર્શિતાબેન પા. શાહ(રાજકોટ -પશ્ચિમ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય વિભાગની માગણી નંબર- ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એને હું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

મીઠાં મધુર અને મીઠાં મેહુલા રે લોલ, એથી મીઠી મોરી માત રે જનની જોડ સખી નહીં જડે રે લોલ.

માનનીય અધ્યક્ષશ્રી, સ્ત્રીનું સર્વશ્રેષ્ઠ સ્વરૂપ એટલે માતૃત્વ. એટલા માટે થઇને જ ગરવી ગુજરાતના આપણા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આરોગ્ય મંત્રીશ્રી દ્વારા હંમેશા માતા અને બાળકના આરોગ્ય અને પોષણને પ્રાથમિકતા આપવામાં આવી છે. આ હું કહેતી નથી, પરંતુ એસ.આર.એસ.ના સરવે કહે છે. એસ.આર.એસ.ના સરવે પ્રમાણે વર્ષ ૨૦૦૧માં બાળમૃત્યુ દર જે ૬૦ હતો એ વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૨૦માં ૨૫ થયો છે. વર્ષ ૨૦૦૧માં માતા મૃત્યુદર જે ૨૦૨ હતો એ વર્ષ ૨૦૧૮ અને વર્ષ ૨૦૨૦માં ૫૭ થયો છે. સમગ્ર સૌરાષ્ટ્રવાસીઓ માટે તારીખ ૨૫મી ફેબ્રુઆરીનો દિવસ ખૂબ ઐતિહાસિક અને ગૌરવપૂર્ણ દિવસ હતો. આપણા લોકલાડિલા વડાપ્રધાન આદરણીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા તારીખ ૨૫મી ફેબ્રુઆરીએ રાજકોટ ખાતે રૂ.૪૮ હજાર કરોડનાં વિકાસનાં કામોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. એમાં રાજકોટની આંતરરાષ્ટ્રીય કક્ષાની એઇમ્સ હૉસ્પિટલ અને એની સાથે બીજી ચાર એઇમ્સ હૉસ્પિટલોનું લોકાર્પણ કરવામાં આવ્યું. રાજકોટ ખાતે સમગ્ર ગુજરાતની સૌથી મોટામાં મોટી મધર અને ચાઇલ્ડ હૉસ્પિટલ ૭૯૩ બેડ, રૂ.૧૨૧.૫૧ કરોડની હૉસ્પિટલનું પણ માનનીય વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૧ વર્ષ પહેલાં જૂનાગઢના નવાબ દ્વારા રાજકોટની સિવિલ હૉસ્પિટલમાં રસુલખાનજી હૉસ્પિટલ ચાલુ કરવામાં આવી. ત્યારબાદ જે 'જનાના' હૉસ્પિટલ તરીકે ઓળખાતી હતી. આટલાં વર્ષો પછી આપણા વડાપ્રધાનશ્રી દ્વારા આ જ જગ્યાએ ૭૯૩ બેડની ૧૧ માળની અદ્યતન હૉસ્પિટલનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ જ મોદી સરકારની ગેરંટી છે. જે હૉસ્પિટલનું ખાતમુહૂર્ત કરે છે એ જ હૉસ્પિટલના લોકાર્પણ પણ મોદી સરકાર દ્વારા કરવામાં આવે છે. આ જે હૉસ્પિટલ છે એ ખૂબ અદ્યતન કોર્પોરેટ કક્ષાની હૉસ્પિટલ બનાવવામાં આવી છે. એમાં ૧૧ માળ છે. દરરોજ ૬૦૦ જેટલા દર્દીઓ આ હૉસ્પિટલમાં આવી શકશે. એનાથી પણ વિશેષ નવ અલગ-અલગ ઓપરેશન થિયેટર છે. ૧૮ બેડના લેબર રૂમ છે. પહેલાં રાજકોટમાં એવું હતું કે, માતાની હૉસ્પિટલ અને બાળકની હૉસ્પિટલ વચ્ચે ૧ કિ.મી.નું અંતર હતું. પરંતુ આ હૉસ્પિટલ થવાથી માતા અને બાળક બંને સાથે રહી શકશે. બાળકોની હૉસ્પિટલની ક્ષમતા માત્ર ૨૦૦ બેડની હતી જે હવે આ નવી હૉસ્પિટલમાં ૪૨૩ બેડની કરવામાં આવી છે. આ નવી જે બાળકોની હૉસ્પિટલ છે એ પણ ખૂબ જ અદ્યતન બનાવવામાં આવી છે. હિમોફિલિયાની દર્દીઓ માટે અલગ ક્લિનિક અને અલગ વોર્ડ છે. થેલેસેમિયાના દર્દી માટે અલગ ક્લિનિક અને અલગ વોર્ડ છે. કુપોષિત બાળકો માટે ન્યુટ્રિશિયન હેબિલિટેશન સેન્ટર, મનો દિવ્યાંગ અને દિવ્યાંગ બાળકો માટે અર્લી ડિટેક્શન સેન્ટર અને આવી અનેકવિધ સુવિધાઓ આ હૉસ્પિટલમાં બંને જગ્યાએ આપવામાં આવી રહી છે. ગુજરાતની નારી રણચંડી બનીને કરે છે લલકાર, ગરીબી સામે લડવાનો છે નિર્ધાર, મળ્યો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સહકાર, ગરીબી ભાગે બારોબાર, બારોબાર. હું જયારે વ્હાલી દીકરી યોજના માટે આ હૉસ્પિટલમાં સહાય આપવા માટે ગઇ હતી ત્યારે ત્યાં મને ભાવિશાબેન મકવાણા નામના એક બહેન મળ્યા. એ બહેનને તમામ સવલતોની હૉસ્પિટલના પ્રાઇવેટ નર્સિંગોમાં એવું કહ્યું કે બહેન તમારો કેસ ખૂબ કૉમ્પ્લિકૅટેડ છે અને રૂપિયા બે થી અઢી લાખનો ખર્ચ થશે છતાં બાળક અને માતા બેમાંથી એક જ જણ બચી શકશે. ત્યારે આ બહેન આ સિવિલ હૉસ્પિટલમાં જે 'જનાના' હૉસ્પિટલ છે ત્યાં આવ્યા અને ૧૫ દિવસથી એ બહેન ત્યાં દાખલ હતા. બાળક પણ સ્વસ્થ છે અને માતા પણ સ્વસ્થ છે. બહેનને એકપણ રૂપિયાનો ખર્ચ થયો નથી. આવી આપણી સંવેદનશીલ સરકાર અને આવી આરોગ્ય સુવિધા વધારવા માટે હું તમામ માગણીઓને મારું સમર્થન આપું છું.

શ્રી કેશાજી શિ. ચૌહાણ(દિયોદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ પોતાના વિભાગની માગણી ક્રમાંક- ૩૯, ૪૦ અને ૬૦ લઇને આ ગૃહ સમક્ષ આવ્યા છે તેને હું આવકારું છું, સમર્થન કરું છું અને તેમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ અંગે મારા વિચારો વ્યકત કરું છું.

ફાલ્ગુન ૮, ૧૯૪૫ શાકે

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસ થકી વર્ષ ૨૦૪૭માં આપણા દેશની આઝાદીને ૧૦૦ વર્ષ પૂરા થાય ત્યાં સુધી આપણો દેશ એક વિકસિત દેશ બને, ભારત આત્મનિર્ભર બને, વિકસિત ભારત–વિકસિત ગુજરાતનો નારો સાકાર થાય એ માટે નરેન્દ્રભાઇ મોદી સાહેબની આગેવાનીવાળી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આ ડબલ એન્જિનની સરકાર સંકલ્પબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, શક્તિશાળી નાગરિકો દ્વારા જ શક્તિશાળી ભારતનું નિર્માણ થઇ શકે. દેશને જો શક્તિશાળી બનાવવો હોય તો નાગરિકે પોતની જાતને શક્તિશાળી બનાવવી પડે. કોઇ કવિએ કહ્યું છે કે,

''ખુદી કો કર બુલંદ ઇતના કિ હર તકદીર સે પહેલે,
ખુદ ખુદા બંદે સે પૂછે, બતા તેરી રજા કયા હૈ.''

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકોને સશક્ત અને શક્તિશાળી બનાવવા હોય તો પહેલા તેના આરોગય અને શરીરની ચિંતા કરવી પડે. આપણામાં કહેવત છે કે પહેલુ સુખ તે જાતે નર્યા. જાન હૈ તો જહાન્ હે. એટલા માટે રાજયના નાગરિકોનું આરોગ્ય સારું રહે તે માટે શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની આગેવાની વાળી ગુજરાત સરકાર અને આદરણીયશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબની આગેવાનીવાળો આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ભગીરથ પ્રયત્નો કરી રહેલ છે. લોકોના આરોગ્ય માટે સરકારના એટલા બધા કાર્યક્રમો અને યોજનાઓ છે કે જો બધી યોજનાઓની અહીં ચર્ચા કરવી હોય તો સાત દિવસની સપ્તાહ બેસાડીએ તો પણ ઓછા પડે.

'હરિ તારા નામ છે હજાર, કયા નામે લખવી કંકોતરી.'

માનનીય અધ્યક્ષશ્રી, રાજયની જનતા માટે સરકારની આરોગ્ય લક્ષી યોજનાઓ અને કાર્યક્રમોની ટૂંકમાં વાત કરું તો આરોગ્ય વિભાગના જે કાર્યક્રમો છે. જેવા કે ગ્રામ આરોગ્ય કાર્યક્રમ, એપેડેમિક કાર્યક્રમ, રાષ્ટ્રીય વાહકજન્ય રોગ નિયંત્રણ કાર્યક્રમ, રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન કાર્યક્રમ, રાષ્ટ્રીય રક્તપિત નિર્મૂલન કાર્યક્રમ, રાષ્ટ્રીય અંધત્વ અને દષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ, આયુષમાન આરોગ્ય મંદિર, સ્ટેટ એન.સી.બી. સેલ, ટેલિ મેડિસિન અને ઇ–સંજીવની ઓપીડી, ગુજરાત અર્બન હેલ્થ પ્રોજેકટ વગેરે કાર્યક્રમો આરોગ્ય વિભાગના ચાલે છે.

માનનીય અધ્યક્ષશ્રી, પરિવાર કલ્યાણ યોજનાઓની વાત કરીએ તો આયુષ્યમાન ભારત એટલે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના. જન્મ–મરણ અને લગ્ન નોંધણી તંત્ર, તબીબી સેવાઓ, તબીબી શિક્ષણ અને સંશોધન, ગુજરાત મેડિકલ એજ્યુકેશન અને રિસર્ચ સોસાયટી, ગાંધીનગર. ગુજરાત એઇડસ કંટ્રોલ સોસાયટી, ડેન્ટલ અમદાવાદ, પી.આઇ.યુ., કામદાર રાજય વીમા યોજના, ભારતીય તબીબી હોમિયોપેથી પદ્ધતિ, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત મેડિકલ સર્વિસ કોર્પોરેશન વગેરે યોજનાઓ સરકારની આપણા વચ્ચે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આવી અનેક યોજનાઓ થકી જનતાની આરોગ્યલક્ષી સેવાઓ માટેના યજ્ઞ માટેની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે મારી સૌ સભ્યોને વિનંતી છે કે આ માગણીઓને સર્વાનુમતે મંજૂર રાખીએ અને અંતમાં, શક્તિશાળી ગુજરાત થકી શક્તિશાળી ભારતના નિર્માણમાં સહભાગી બનીએ એ સમયની માંગ છે.

'' યહી સમય હૈ, સહી સમય હૈ. ભારત કા યે અનમોલ સમય હૈ.

આ સમયને આપણે સૌ ગુજરાતીઓ એક થઇને સાચવી લઇએ એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું. ભારત માતાકી જય. જય જય ગરવી ગુજરાત.

**સભાગૃહનો વિરામનો સમય રદ કરવા અંગે**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સંસદીય બાબતોના મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, વિરામનો સમય રદ કરી અને વિરામ બાદનું બાકીનું કામકાજ પૂરું કરીએ.

શ્રી માવજીભાઇ મ. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે વાત કરી છે એને મારો ટેકો આપું છું.

ઉપાધ્યક્ષશ્રી : વિરામનો સમય રદ કરવામાં આવે છે.

ડો.હસમુખ પટેલ (અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ તબીબી અને જાહેર આરોગ્ય પરિવાર કલ્યાણ અંતર્ગત જે માગણી નં.૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એ માટે મને બોલવાની તક મળી છે એ માટે આપ સૌનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માગણી નં. ૩૯માં જુદાજુદા હેડની નીચે રૂ. ૧૨,૨૦૪.૯૫ કરોડની માગણી મૂકવામાં આવેલી છે એ અંતર્ગત first is Medical and Public Health, second is Capital Outlay on Medical and Public Health, third one is Capital Outlay on Housing and fourth one is Loan for the Medical and Public Health. આ અંતર્ગત રૂ. ૧૨,૨૦૪ કરોડનું આયોજન કરવામાં આવેલું છે. માગણી નં. ૪૦ અંતર્ગત રૂ. ૪૮૧૯ કરોડ ફેમિલી વેલફેર અને ૩૫૪ કરોડ કેપીટલ આઉટલે એન્ડ ફેમિલી વેલફેર માટે ફાળવવામાં આવેલા છે. મારા આગળના સાથી મિત્રોએ સરસ મજાની જુદી જુદી હોસ્પિટલો અને જુદી જુદી સહાય યોજનાની વાત કરી પણ એને અંતર્ગત કહું તો તબીબી શિક્ષણ જે છે એ પણ આરોગ્ય વ્યવસ્થાનો મોટો પાયો છે કે જે આરોગ્યની સાથે સાથે તબીબી શિક્ષણ પણ એટલું જ જરૂરી છે. જેથી કરીને આપણે ગુજરાત રાજયને આરોગ્યયુકત રાખી શકીએ એના અંતર્ગત સન ૨૦૦૧માં ગુજરાત રાજયમાં ૯ મેડિકલ કોલેજ હતી અને એ વખતે બેઠકો ૧૧૨૫ હતી. એના હિસાબે સ્ટુડન્ટને બીજાં રાજયોમાં શિક્ષણ લેવા જવું પડતું અને સરવાળે

મોંઘું પડતું અને હેરાન થતા હતા એ વ્યથા આપણી ગુજરાત સરકારે જોઇ અને એમણે ધીમે ધીમે મેડિકલ કોલેજની સંખ્યા વધારવાનું પ્રયોજન કર્યું.

માનનીય અધ્યક્ષશ્રી, હાલના સમયમાં એમ.બી.બી.એસ. માટેની ૪૦ મેડિકલ કોલેજો છે અને એમાં ૭૦૫૦ બેઠકો છે. સાથેસાથે પોસ્ટ ગ્રેજયુએશન એટલે કે એમ.ડી., એમ.એસ. માટે બીજી ૨૦ મેડિકલ કોલેજ છે અને એના માટે ૨૬૭૧ બેઠક છે. આમ, જોવા જઇએ તો સન ૨૦૦૧ની સાપેક્ષમાં દસ ગણો વધારો કરેલ છે. આ માટે આપણી ગુજરાતની સંવેદનશીલ સરકારે ઘણા પાયાના ફેરફારો કરેલા છે. એમાં સન ૨૦૦૯ની અંદર જી.એમ.ઇ.આર.એસ.ની સ્થાપના કરી, એના અંતર્ગત કોલેજો શરૂ કરી, એની સાથેસાથે સન ૨૦૧૬ની અંદર ગુજરાત આરોગ્ય નીતિની અંદર બે જુદા જુદા ફોર્મેટની અંદર મેડિકલ કોલેજો ચાલુ કરી, એક તો બ્રાઉન ફિલ્ડ મેડિકલ કોલેજ એ અંતર્ગત બનાસકાંઠા, અમરેલી, ભરૂચ અને દાહોદની અંદર મેડિકલ કોલેજ શરૂ કરી. બીજી એક ગ્રીન ફીલ્ડ મેડિકલ કોલેજ એના અંતર્ગત નડિયાદ અને વીસનગરમાં મેડિકલ કોલેજ ચાલુ કરી, એની સાથેસાથે આગામી પાંચ વર્ષમાં દસ જિલ્લાઓમાં મેડિકલ કોલેજ સ્થાપવાનું આયોજન કરેલ છે અને આજે સવારના સેશનમાં માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ કહેલું કે દરેક જિલ્લાની અંદર એક એક મેડિકલ કોલેજનું આયોજન કરવામાં આવેલું છે. આનાથી શું થશે કે ૧૫૦૦ બેઠકો બીજી વધશે અને સાથે સાથે અનુસ્નાતક બેઠકોમાં બીજી ૨૪૦૦ જેટલી બેઠકોનો વધારો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, તાજેતરમાં એ.આઇ.આઇ.એમ.એસ. જે રાજકોટ ખાતે હમણાં જ આપણા પ્રધાનમંત્રીશ્રીએ સ્વાસ્થ્ય સુરક્ષા યોજના હેઠળ માનનીય પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતને એક સરસ મજાની હોસ્પિટલ ભેટ આપી, એની સાથે સાથે ડેન્ટલ કોલેજ, ફિઝિયોથેરાપી, હોમિયોપેથિક, આયુર્વેદિક એમાં પણ કોલેજમાં સીટમાં પ્લાનિંગ કરેલું છે. આ થઇ કંસ્ટ્રકશન અને મેડિકલના આયોજનની વાત થઇ. આની સાથે સાથે આરોગ્ય નિયામકની કચેરી તબીબી શિક્ષણ સંશોધન નિયામકની કચેરી, હોસ્પિટલો, દવાખાના, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, સામૂહિક આરોગ્ય કેન્દ્રનું એક સરસ મજાનું માળખું તૈયાર કરેલું છે. આ માળખાથી કેટલો ફાયદો થાય છે એનો દાખલો જોઇતો હોય તો સરસ મજાનું ઉદાહરણ આ કોરોના કાળમાં જોવા મળ્યું કે જેની અંદર દુનિયા જીવવા માટે ફાંફા મારતી હતી, ત્યારે આપણા આ આરોગ્ય કેન્દ્રોએ અને જુદી જુદી સંસ્થાની જે આરોગ્ય સેવાઓ છે એ અને આરોગ્ય કર્મીઓએ ભેગા થઇને સરસ મજાનું કામ કરીને અને માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દીશા–નિર્દેશન નીચે કોરોના કાળમાંથી આપણે આરામથી બહાર નીકળી શકયા.

ઉપાધ્યક્ષશ્રી : ડોકટર, આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી જયંતિભાઇ સો. પટેલ(માણસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય આરોગ્ય અને કાયદા મંત્રીશ્રી ઋષિકેશભાઇ આ ગૃહ સમક્ષ માગણીઓ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના કાર્યમંત્ર સાથે રાજ્યના લોકપ્રિય મુખ્યમંત્રી માનનીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ જનસેવાનું અવિરત કાર્ય કરી રહ્યા છે. એક સમય એવો હતો કે નાગરિકો પોતાના વિસ્તારમાં થતાં નાનાં એવાં કામથી સંતોષ માનતા હતા. પરંતુ આજે લોકોમાં વિકાસ માટે જાગૃતિ વધી છે. જનતાની વિકાસની અપેક્ષા પરિપૂર્ણ કરવા માટે ભારતીય જનતા પાર્ટીની સરકાર બજેટમાં પણ સતત વધારો કરતી રહી છે. આ રીતે વિકાસની અપેક્ષા પૂર્ણ કરવા આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ કૃતનિશ્ચયી છે. ગુજરાતના આરોગ્ય, શિક્ષણ, વીજળી, ઉદ્યોગ અને માર્ગ સહિતના ક્ષેત્રે વિકાસને નવી ઊંચાઇ આપી રહ્યા છે. રાજ્ય સરકારના માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબ આરોગ્યની સુદ્રઢ સેવાઓ ગ્રામીણ સ્તર સુધી પહોંચાડવા કટિબદ્ધ છે. મને કહેતા આનંદ છે કે વર્ષ ૨૦૨૪–૨૫માં અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ માટે રૂપિયા ૨૦ હજાર ૧૦૦ કરોડની જોગવાઇ કરીને લોકોની તંદૂરસ્ત અને ગુણવત્તાસભર સેવા માટે કટિબદ્ધતા દર્શાવી છે. એના માટે હું નાણામંત્રીશ્રીનો પણ ખૂબ ખૂબ આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ દ્વારા કરુણાસભર રીતે તબીબી ક્ષેત્રનો વિકાસ થાય, રાજ્યની જનતાની આરોગ્ય સુખાકારી જળવાય, દર્દીઓને જરૂરિયાતની તમામ પ્રકારની સારવાર માટે રાજ્યની હોસ્પિટલોમાં સેવા મળી રહે એ માટે આ બજેટમાં જે જોગવાઇ કરી છે તેનાથી રાજ્યના ગરીબ અને નિઃસહાય લોકોની દવાખાનાની જરૂરિયાતો ચોક્કસ સંતોષાશે તેવી મને શ્રદ્ધા છે. 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ના નાદ સાથે વૈશ્વિક નેતૃત્વ કરી રહેલા આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબે છેલ્લાં ૧૦ વર્ષથી અકલ્પનીય અને અવિસ્મરણીય ઉપલબ્ધીઓ સાથે ભારત તેની વસુધૈવ કુટુંબકમ્ ની સંસ્કારિતાના માર્ગે અગ્રેસર થઇ વિશ્વબંધુત્વની મહેક પ્રસરાવી છે. કોરોના મહામારીની અંદર આખી દુનિયાએ જોયું છે કે લોકો દરવાજો ખોલતા પણ ડરતા હતા. ગામની અંદર કોઇને કોરોના થયો હોય તો જાણે કોઇ મોટો ગુનો કરી નાખ્યો હોય એવી પરિસ્થિતિ સર્જાઇ હતી. એવા સમયે આપણા પ્રધાનમંત્રીશ્રીએ જે આપણી દવા બનાવતી ફેકટરીઓ હતી ત્યાં જઇ વૈજ્ઞાનિકોને પ્રોત્સાહન પૂરું પાડ્યું. જેના કારણે બે વેક્સિન ટૂંક સમયમાં ભારત દેશમાં ઉપલબ્ધ કરાવી અને એનાથી ભારત દેશના આપણા કરોડો નાગરિકોના જીવન બચાવી શક્યા. ભારત દેશમાં જ વેક્સિન આપી એટલું જ નહીં પણ વિશ્વના દેશોને આપણે વેક્સિન પહોંચાડી અને વસુધૈવ કુટુમ્બકમ્ ની ભાવના મોદી સાહેબે પૂર્ણ કરી છે. એટલા માટે સાહેબનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. કારણ કે 'દુનિયા મૈં લાખો આતે હૈ, લાખો જાતે હૈ, કોઇ નહીં નિશાની. જીસને કુછ કર દીખલાયા, ઉસકી અમર કહાની' આ વીર પુરુષો અને આવા ઋષિ પુરુષો ક્યાંક જ જન્મતા હોય છે. આ દેશનું ગૌરવ છે,

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, અમારું ગૌરવ છે કે અમારા વડનગરમાં, અમારા મહેસાણા જિલ્લાની અંદર બે વીરો પેદા થયા છે. એક ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબ અને આખો દેશ ગૌરવ લઇ રહ્યો છે એવા સૌના હૃદય સમ્રાટ શ્રી નરેન્દ્રભાઇ મોદી. બન્ને અમારું ગૌરવ છે. માનનીય અમિતભાઇ શાહ સાહેબના પ્રયત્નોથી માનનીય આરોગ્ય મંત્રીશ્રીએ પણ અમને માણસાની અંદર ૪૨૫ બેડની સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ ભેટ આપી એ બદલ હું માણસાની જનતા વતીથી શ્રી ઋષિકેશભાઇનો હૃદયથી આભાર માનું છું. એટલું જ નહીં, એમણે મેડિકલ કોલેજની પણ ભેટ આપી એના માટે પણ આભાર માનું છું. લોદરામાં પી.એચ.સી. અને મહુડીમાં સી.એસ.સી. સેન્ટર આપવા માટે જે અમને હૈયાધારણ આપી છે એ માટે એમનો હૃદયથી ખૂબ ખૂબ આભાર માનું છું. મારે તો દરેક મિત્રોને કહેવું છે કે આરોગ્ય માટે કાપ દરખાસ્તો હોય જ નહીં. દરેક સિઝનમાં એક નવો વાયરસ આવતો હોય છે. આખા તંત્રને દોડવું પડતું હોય છે અને આ મિત્રો કાપ દરખાસ્તો લઇને આવે છે. મને તો ખબર નથી પડતી કે કાપ દરખાસ્ત મૂકવાની હોય ત્યાં મૂકો. એકબાજુ તમે એવું કહો છો કે સારવાર બરાબર આપો અને બીજીબાજુ કાપ દરખાસ્ત મૂકો. ચૂંટણી વખતે પ્રજામાં કહેજો કે અમે આવી દરખાસ્તો પણ લઇને જઇએ છીએ. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ માટે જેટલા શબ્દો કહીએ, કારણ કે ગઇકાલે પણ આપણે જોયું કે પ્રધાનમંત્રી હોય અને દરિયાની અંદર ડૂબકી મારે અને આપણી વિરાસતને વંદન કરે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા(કોડિનાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કાયદા મંત્રીશ્રી કાયદા વિભાગ માટે વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાન માટેની માગણી ક્રમાંક-૬૦ લઇને આવ્યા છે તેના સમર્થનમાં મારા વિચાર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારે કાયદા વિભાગની વાત થતી હોય ત્યારે દેશના સર્વ પ્રથમ કાયદા મંત્રી ડો. બાબાસાહેબ આંબેડકરને યાદ કરવા પડે જેમણે બંધારણ સભામાં જયારે બંધારણ અર્પિત કર્યું હતું ત્યારે કહ્યું હતું કે કોઇપણ દેશનું બંધારણ કે કાયદો ગમે તેટલો શ્રેષ્ઠ કેમ ન હોય, પરંતુ તેનો અમલ કરવાવાળી રાજસત્તાની નીતિ અને નિયત સાફ નહીં હોય ત્યાં સુધી એ બંધારણ શ્રેષ્ઠ બંધારણ નહીં થાય. મને એ વાતનો ગર્વ છે કે આજે આ દેશની જે ડબલ એન્જિન સરકાર છે જેની નીતિ બહુ સ્પષ્ટ છે. રાજનીતિ નહીં પરંતુ રાષ્ટ્રનીતિને સમર્પિત આ દેશની સરકાર છે. એની સાથેસાથે દેશથી દેશ અને રામથી રાષ્ટ્ર દ્વારા લોકકલ્યાણની તેની નિયત છે અને સૌથી અગત્યનું વિશ્વનું સૌથી લોકપ્રિય નેતૃત્વ આજે આપણા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજી સંભાળે છે, ત્યારે ઇંગ્લેન્ડના એક કાયદા નિષ્ણાત ડાયસી હતા જેણે રૂલ ઓફ લો એટલે કે કાયદાના શાસનની વાત કરી હતી. આ કાયદાનું શાસન એટલે ભારતના બંધારણની જે વિશેષતા છે ત્યારે દેશમાં પણ આ કાયદાનું શાસન જળવાય જે મૂળભૂત આ બંધારણનું માળખું છે, એ દિશામાં આ સરકાર કટિબદ્ધ છે અને દરેક નાગરિકને સરળ ન્યાય મળી રહે, ન્યાય પ્રક્રિયામાં સુગમતા રહે અને જે પણ ન્યાયપાલિકા છે એ વધુ મજબૂત બને એ માટે શ્રેણીબદ્ધ પગલાંઓ આ સરકાર લઇ રહી છે ત્યારે વર્ષ ૨૦૧૪થી જે દેશની વિકાસ યાત્રા ચાલુ થઇ છે, ત્યારે એમાં આજે ગુજરાત દેશના વિકાસની પારાશીશી તરીકે ઓળખાય છે અને વિકસિત ભારતનું ગ્રોથ એન્જિન ગુજરાત છે એટલા માટે ગુજરાતને આખા વિશ્વમાં ગતિશિલ ગુજરાત તરીકે ઓળખવામાં આવે છે. છેલ્લાં ૫ વર્ષમાં જયારે કાયદા વિભાગની વાત થાય છે ત્યારે લગભગ તમામ તાલુકામાં અને દરેક જિલ્લામાં કોર્ટોની સ્થાપના થયેલી છે જેના કારણે જે ઔધોગિક તકરારો હતી એનો પણ સરળતાથી ઉકેલ આવે છે એટલે ઇઝ ઓફ જસ્ટિસથી ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ વધ્યો છે. નામદાર વડી અદાલત દ્વારા જે પણ તમામ દરખાસ્તો સૂચવવામાં આવે છે એ તમામ દરખાસ્તો મૂળ સ્વરૂપે સ્વીકારવા માટે આ સરકારે આનુષંગિક પગલાં ભરેલાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ડિજિટલ ક્રાંતિનો યુગ છે. ડિજિટલ ઇન્ડિયાના જનક અને પ્રેરક એ આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ જયારે ડિજિટલ ઇન્ડીયાનું જે સુત્ર આપ્યું છે ત્યારે તેના ભાગરૂપે કોર્ટોનું પણ ડિજિટલાઇઝેશન થાય, તેનો જે રેકોર્ડ છે એ પણ ડિજિટલ રહે એ માટે નામદાર વડી અદાલતની જે દરખાસ્ત છે એ મુજબ જરૂરી ફંડની જોગવાઇ પણ આ બજેટમાં કરેલી છે અને તેના કારણે તા. ૨૪ માર્ચ, ૨૦૨૦થી વિડિયો કોન્ફરન્સના માધ્યમથી કેસોની સુનાવણી શરૂ કરેલી છે અને ઇ-ફાઇલિંગની સુવિધાઓ પણ પૂરી પાડવામાં આવે છે. એ દિવસો આપણે જોયા હતા કે જયારે કોર્ટની જે કોર્ટ ફી ચૂકવવામાં આવતી હતી એ આપણે રુબરુ લેવા જતા હતા ત્યારે કદાચ (અંતરાય) ઇ-મેલ માય કેસ સ્ટડી દ્વારા આપણે જે કેસની રોજની જે ઇન્કવાયરી છે, વર્ચ્યુઅલ ઇન્કવાયરી કાઉન્ટર ખોલેલા છે, જેથી કરીને આપણે આપણા સ્થાન ઉપર આપણા કેસની માહિતી મેળવી શકીએ છીએ. લિસ્ટિંગની તારીખ હોય, ચુકાદાની પી.ડી.એફ. હોય તે બધી જ સેવાઓ નિઃશુલ્ક ઘેર બેઠા પ્રાપ્ત કરીએ છીએ. ચુકાદાઓ માતૃભાષામાં પણ અનુવાદિત કરીને વેબસાઇટ ઉપર અપલોડ કરવામાં આવે છે. ગર્વ સાથે કહું છું કે દેશમાં કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરનાર આપણી ગુજરાતની પ્રથમ વડી અદાલત ગુજરાત રાજયની છે અને તેની સાથેસાથે જિલ્લાકક્ષાએ પણ કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવામાં ગુજરાત રાજય પ્રથમ નંબરે છે. માનનીય અધ્યક્ષશ્રી, અંતમાં એટલું જ કહીશ કે, પાંચ આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિક્યુટર અને એડિશનલ પબ્લિક પ્રોસિક્યુટરને સર્વશ્રેષ્ઠ કામગીરી માટે સ્મૃતિચિહ્ન અને સન્માનપત્ર એનાયત કરવામાં આવે છે. માનનીય સાથી પક્ષના ધારાસભ્યશ્રીએ કહ્યું કે, ત્વરિત ન્યાય મળે, તે ત્વરિત ન્યાય મેળવવાની દિશામાં આ સરકાર કામ કરી રહી છે. ત્યારે મારી સાથી પક્ષના મિત્રોને વિનંતી છે કે, આપ કાપ દરખાસ્તો પાછી ખેંચી લો. માનનીય મંત્રીશ્રીની માગણીઓને હું સમર્થન આપું છું.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

શ્રી કાળુભાઇ ચ. રાઠોડ(ઉના) : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલને હું અભિનંદન પાઠવવા માગું છું કે, મારા મત વિસ્તારમાં વર્ષો જૂની ૩૦ બેડની હોસ્પિટલ હતી તેને ૧૦૦ બેડની હોસ્પિટલ કરવામાં આવી છે. તેનાથી ઉના શહેરની પ્રજાને આરોગ્યમાં સારી સગવડતા મળી રહેશે. માનનીય મંત્રીશ્રી માગણી નંબર–૩૯ અને ૪૦ તબીબી અને જાહેર આરોગ્ય સેવા પરિવાર કલ્યાણની લઇને આવ્યા છે તેમાં મારું સમર્થન આપીને મારા વિચારો રજૂ કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ તે પ્રમાણે મારે આજે ટીબીના રોગની વાત કરવી છે. ટીબીના ભયંકર રોગ સામે લડવા ગુજરાત સરકાર દ્વારા હાથ ધરવામાં આવેલી વ્યાપક પહેલ પર હું પ્રકાશ પાડવા માગું છું. ટીબી એકમાત્ર ગુજરાત જ નહીં પરંતુ સમગ્ર દેશમાં જાહેર આરોગ્યને અસર કરતો એક રોગ છે. આ એક એવો રોગ છે જે કોઇની સીમાઓ જાણતો નથી. માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકારના મજબૂત નેતૃત્વ હેઠળ માનનીય શ્રી ઋષિકેશભાઇ પટેલ વિઝન સાથે જાહેર આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગમાં ટીબી સામે લડવા માટે એક આગેવાની કરી છે. જેમાં ટીબીના નિવારણ, નિદાન, સારવાર અને સહાયનો સમાવેશ થાય છે. ટીબીના રોગના કારણે દેશને ઘણું આર્થિક અને સામાજિક નુકસાન પણ થાય છે. ટીબી એક ચેપી રોગ છે. પરંતુ નિયમિત અને સંપૂર્ણ સારવાર લેવાથી ચોક્કસ મટી પણ શકે છે. ટીબી મુક્ત જન આંદોલન તો જ સફળ નિવડે જો ટીબીના દર્દીઓને સાર્વત્રિક કાળજી લેવામાં આવે.આ માટે માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ટીબી મુક્ત ભારત અભિયાન શરૂ કરાવ્યું છે. ટીબીના દર્દીને સાર્વત્રિક સારવાર મળતી થાય તેના માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. ગુજરાત રાજ્યમાં ટીબીના દર્દીઓની નિદાન અને સારવાર તમામ સરકારી આરોગ્ય કેન્દ્રોમાં વિનામૂલ્યે થઇ રહી છે. ગ્લોબલ ટીબી રિપોર્ટ ૨૦૨૩ અનુસાર વૈશ્વિક સ્તરે ટીબીના અંદાજે ૭૫ લાખ કેસોની નોંધણી થયેલ છે. જયારે ભારતમાં અંદાજે ૨૭ લાખ જેટલા ટીબીના કેસો નોંધાયેલા છે. જેમાંથી ગુજરાતમાં વર્ષ ૨૦૨૩માં ૧ લાખ ૪૪ હજાર ૪૩૭ ટીબીના દર્દીઓ નોંધાયેલા છે. ભારત સરકાર દ્વારા આપવામાં લક્ષ્યાંક સામે ગુજરાતે ૧૦૩ ટકા સિદ્ધિ હાંસલ કરેલ છે. ટીબી નિર્મૂલન ક્રાંતિને વેગ મળી રહે તે હેતુથી માનનીય રાષ્ટ્રપતિ દ્વારા પ્રધાનમંત્રી ટીબી મુકત ભારત અભિયાન નામની નવીન પહેલ દ્વારા ટીબીના દર્દીઓને કોર્પોરેટ સેકટર, સ્વૈચ્છિક સંસ્થાઓ, ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ, રાજકીય પાર્ટી અને સંસ્થાઓ દ્વારા પોષણયુક્ત આહાર, સ્પોટ નિદાન અને અન્ય સવલતો મળી રહે તેના માટે જણાવેલ છે. તે અંતર્ગત ગુજરાત રાજ્યમાં ૯૧૧૫ નિક્ષય મિત્ર દાતાઓની પોર્ટલમાં નોંધણી કરવામાં આવેલ છે તથા ૫૭૩૮૭ લોકોએ સંમતિ આપેલી છે. ટીબીના દર્દીઓને નિક્ષય મિત્ર દ્વારા દત્તક લેવામાં આવ્યા છે અને દર્દીઓને ૨,૩,૧૦૩ પોષણ કીટ પણ આપવામાં આવેલ છે. જેમાં ગુજરાત રાજ્ય દેશના અન્ય રાજ્યો કરતાં અગ્રેસર છે. હજું પણ વધુમાં વધુ દર્દીઓને સહાય મળી રહે તે હેતુસર ગૃહના તમામ સભ્યો પોતાના કાર્યક્ષેત્રમાં ટીબીના દર્દીઓને દત્તક લઇ સહાય કરવા માટે મારી નમ્ર અપીલ પણ છે. નિક્ષય પોર્ટલ અંતર્ગત ભારત સરકારશ્રી દ્વારા ટીબીના તમામ દર્દીઓને પોષણયુકત આહાર મળી રહે તે હેતુસર સારવાર ચાલુ રહે ત્યાં સુધી દર મહિને ૫૦૦ રૂપિયાની સહાય ટીબીના દર્દીઓને આપવામાં આવે છે.

ઉપાધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય સભ્યશ્રી મહેશભાઇ ભુરિયા.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા(ઝાલોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આરોગ્ય અને પરિવાર કલ્યાણની માગણી નં.૩૯ અને ૪૦ લઇને આવ્યા છે એમાં મારો સૂર પૂરાવું છું અને સમર્થન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આખું વિશ્વ કોરોનાની મહામારીમાં સપડાયું હતું ત્યારે આપણા દેશે આરોગ્ય સેવાઓમાં પોતાની મહોર લગાવીને દેશના એકે એક નાગરિકની ચિંતા કરી હતી અને દુનિયામાં સૌ પ્રથમ આપણા દેશે કોવિડની રસીની શોધ કરી અને દરેક નાગરિક સુધી પહોંચાડવાની કાબેલિયતભરી કામગીરી આરોગ્ય વિભાગ દ્વારા કરી હતી તેના માટે આપણે સૌએ ગૌરવ લેવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા રૂપિયા ૨૦,૧૦૦ કરોડની જોગવાઇ કરી છે. આટલી માતબર રકમ માત્ર આરોગ્ય ક્ષેત્રના વિકાસ માટે વપરાશે જેમાં ખાસ તો યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યૂટ, અમદાવાદના સહયોગથી ગાંધીનગર, રાજકોટ અને સુરત ખાતે કાર્ડિયાક સારવાર મળી રહે તે માટે કાર્ડિયાક ટ્રિટમેન્ટ સેન્ટર શરૂ કરવામાં આવનાર છે એ જાણીને ખૂબ જ આનંદ થયો છે અને આવા સેન્ટરોની રાજયના દરેક જિલ્લામાં સ્થાપના કરવામાં આવે એવી મારી ખાસ વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વર્ષના બજેટમાં 'નમો શ્રી' યોજના લાવવામાં આવી છે જેમાં સગર્ભા અને ધાત્રી માતાઓના પોષણને વધારે સુદ્દઢ કરી તેમને સક્ષમ બનાવવાની પહેલ કરવામાં આવી છે. અમારા આદિવાસી વિસ્તારોમાં આ યોજનાની ખરેખર તાતી જરૂરિયાત હતી જેનો અમલ કરીને રાજય સરકારે આમારું વર્તમાન–ભવિષ્ય બંને સુધારવાનું કામ કર્યું છે. આવી યોજના લાવવાથી રાજયની લાખો બહેન–દીકરીઓના આશીર્વાદ આ સરકારને મળશે તેની મને ખાતરી છે. આ તબક્કે હું અભિનંદન આપું છું કે, રાજય સરકારે જે રીતે 'નમો શ્રી' યોજનાની જાહેરાત કરીને ગરીબો, વંચિતો, પછાતોની ચિંતા કરી છે તેવી જ રીતે સુપોષિત ગુજરાત મિશન યોજનાની પણ જાહેરાત કરવામાં આવી છે, જેના માટે રાજય સરકારે રૂપિયા ૩૨૦૦ કરોડની જોગવાઇ સામે પોષણલક્ષી યોજનાઓમાં આગામી વર્ષ માટે રૂપિયા ૫૫૦૦ કરોડની માતબર રકમની જોગવાઇ સૂચવેલ છે અને આ યોજના થકી વ્યક્તિના વિકાસ માટે યોગ્ય પોષણ, શિક્ષણ, આરોગ્ય પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બાલ્યકાળ જીવનથી દરેક અવસ્થાને અનુરૂપ પોષણક્ષમ આહાર મળે, જન્મ લેનાર દરેક બાળક, જન્મ આપનાર દરેક માતાની સારીરિક માનસિક તંદૂરસ્તી અને સર્વાંગી વિકાસ કરીને આવનાર પેઢીને સક્ષમ બનાવવાની જો કોઇએ ચિંતા કરી હોય તો માત્રને માત્ર ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. મને કહેતા આનંદ થાય છે કે, આપણી સરકાર તો ખરેખર મા–બાપની ફરજ બજાવે છે. કેન્દ્ર સરકાર અને રાજય સરકારની સંયુક્ત ભાગીદારીથી નવજાત ૬ વર્ષ સુધીનાં બાળકો, આંગણવાડીનાં બાળકો, પ્રાથમિક શાળાનાં બાળકો, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ અને ૧૮ વર્ષ સુધીના શાળાએ ન જનાર ટિનેજર્સની પણ રાજય સરકાર દ્વારા મફત આરોગ્ય તપાસ કરવામાં આવે છે. આ અભિયાન દરમ્યાન બાળકોના શારીરિક–માનસીક વિકાસ પોષણસ્તરની દેખરેખ માટે ડિજિટલ હેલ્થ કાર્ડ આપવામાં આવે છે અને ડિજિટલ હેલ્થ કાર્ડ આપનાર ગુજરાત દેશનું પ્રથમ એક માત્ર રાજય છે. આટલી ચિંતા–પરવાહ કોણ કરે? વિચાર તો કરો કે, કેટ–કેટલી યોજનાઓ ભારતીય જનતા પાર્ટીની સરકારે આપી છે. હું આ તબક્કે રાજયના માનનીય મુખ્ય મંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને રાજયના આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનુ છું અને અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયના વિકાસની વાત થતી હોય, ધરોહરની વાત થતી હોય, વિશ્વ ફલક પર જેની આગવી ઓળખની નોંધ લેવાતી હોય ત્યારે તેના પ્રણેતા ગુજરાતના પનોતા પુત્ર લોકપ્રિય પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ કેવી રીતે ભૂલાય? ગુજરાતે આજે ચારેકોર વિકાસની કેડી કંડારી છે. ગુજરાતનો કોઇ જિલ્લો, તાલુકો, ગામ એવું નહીં હોય જ્યાં રાજય સરકાર કે કેન્દ્ર સરકાર પુરસ્કૃત કોઇ યોજનાના વિકાસનાં કામો ચાલુ ન હોય. આમ દરેક યોજનાઓ થકી વિકાસનાં કામો અમારી સરકાર કરી રહી છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

ડો. પાયલ મ. કુકરાની(નરોડા) : माननीय अध्यक्षश्री, आज माननीय आरोग्य मंत्रीश्री जो मांग नंबर-39 और 40 लेकर आए हैं, उसका मैं समर्थन करती हूं। इसके अंतर्गत 'One Gujarat, One Dialysis Program' के विषय में मैं अपने विचार रखना चाहूंगी। माननीय अध्यक्ष श्री, जब भी Dialysis की बात होती है, तब मुझे मेरी सिविल होस्पिटल में की हुई इंटर्नशिप कि याद आती है। माननीय अध्यक्ष श्री, उस समय में हम वहां OPD में लगभग रोज़ के दस पेशंट ऐसे देखते थे, जो 100–150 किमी दूर से वहां पे सिर्फ Dialysis करवाने के लिए हफ्ते में दो से तीन बार आते थे। वो एक समय था, जब उनके आसपास में कही Dialysis centers available नहीं होते थे। वहीं इंटर्नशिप करते-करते मुझे पता चला कि कई सारी families दूर-दूर से अपना घर, अपना धंधा, अपनी ज़मीन, अपनी खेती, अपना रोज़गार तक छोड़ देते थे और केवल Dialysis करवाने के हेतु से यहां पे सेटल होते थे। आप सोचिए कि घर के एक सदस्य को अगर जो किडनी की तकलीफ है तो उस पूरी family की मानसिक और आर्थिक स्थिति पे क्या असर पड़ता होगा। कई सारे उन families से बच्चों कि बदली करते-करते कभी तो पढ़ाई तक छूट जाती थी। तब मुझे पता चला कि Dialysis किस तरह से समाज और अर्थव्यवस्था पर असर डालता है। उन सब families के लिए 'One Gujarat, One Dialysis Program' एक वरदान है।

माननीय अध्यक्ष श्री, इस प्रोग्राम की शूरूआत हमारे यशस्वी प्रधानमंत्री सम्माननीय नरेन्द्रभाई मोदी जी ने जेब वे यहां के मुख्यमंत्री थे तब गुजरात में 'One Gujarat, One Dialysis Program' कि शुरुआत की। और इतना ही नहीं जब वे प्रधानमंत्री बने तो उनकी पहेली ही टर्म में उन्हों ने इसको राष्ट्रिय लेवल पर शुरुआत की, 'Pradhanmantri National Dialysis Program' के तहत। माननीय अध्यक्ष श्री, आज इस प्रोग्राम के अंतर्गत गुजरात के तैंतीस जिलों में 267 जितने Dialysis सेंटर कार्यरत हैं। और इस में से 14 tribal district भी included हैं, जिस में 51 Dialysis centers आज कार्यरत हैं। ये Dialysis cost free तो होते ही

हैं, साथ ही साथ लगातार Dialysis करने के कारण जो खून की कमी, यानी की एनिमिया जैसे commonly complications देखे जाते हैं, सरकार फ्री erythropoietin injection देती है।

माननीय अध्यक्षश्री, मुझे ये बात कहने में बहोत खुशी हो रही है कि मेरे विस्तार की सीएचसी में 5 मशीनों का एक और Dialysis सेंटर अब इसी महिने सरकार की सहायता से शुरू होने ही वाला है। इसका अर्थ ये है कि इवन नरोड़ा के पेशंट्स को भी सिविल नहीं जाना पड़ेगा। माननीय अध्यक्ष श्री, इंटर्नशिप के दौरान Dialysis के पेशंट्स की मैंने कहानियाँ सुनी है। वह इतनी दर्दनाक थी कि उसे सुन कर किसी कि भी आंखों में आंसु आ जाए। लेकिन मुझे दुसरी ओर गर्व है हमारी सरकार पर, इस संवेदनशील सरकार पर, कि उन्हों ने इन पेशंट्स के दर्द को न केवल समझा, न केवल जाना बलकी उनको बेस्ट पोसिबल वे तक सोल्व करने का प्रयास किया है। और इस के लिए मैं उन सभी दर्दीयों कि ओर से मैं सरकार का दिल से अभिनंदन करना चाहती हूं। आभार माननीय अध्यक्षश्री।

ડો. દર્શના ચં. દેશમુખ(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે માનનીય આરોગ્ય મંત્રીશ્રી જે માગણી નંબર- ૩૯ અને ૪૦ લઇને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપું છું અને મારું સમર્થન આપીને હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, Transforming Life defeating sickle cell and together we heal આ સંકલ્પ સાથે સિકલસેલ એનિમિયા એ ભારતના આદિજાતિ વિસ્તારમાં જોવા મળતો વંશપરંપરાગત એક રોગ છે કે જેમાં સિકલસેલ એનિમિયાના રકતકણો જે હોય છે તેમાં ખામીયુકત હિમોગ્લોબિન એસ જેના થકી કે જે સિકલસેલના રકતકણો છે તે રકતકણમાં જેને ગોળ આકાર હોય છે તે ગોળ આકાર તેને ઓક્સિજન ન મળવાના કારણે અને જરૂરી માત્રામાં ઓક્સિજન નહીં મળવાના કારણે તેનો આકાર દાંતરડા જેવો બની જતો હોય છે અને પરિણામે આ રોગગ્રસ્ત વ્યકિતના શરીરમાં ખૂબ જ ગંભીર પીડા ઉદભવે છે. આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ જુલાઇ, ૨૦૨૩ના રોજ આદિવાસી સમાજના હિતને ધ્યાનમાં રાખીને સિકલ સેલ એનિમિયા એલિમિનેશન મિશન મોડ પર કામગીરી શરૂ કરી છે ત્યારે આ દેશના તમામ આદિવાસી વિસ્તારોમાં વર્ષ ૨૦૪૭ સુધીમાં સિકલ સેલ એનિમિયાને નાબૂદ કરવા માટેનો માર્ગ મોકળો થયો છે અને ભારતની ધરોહરને જીવંત રાખનાર આદિવાસી સમાજના લોકોનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આ મિશન મોડમાં કામ કરવા માટે આ કાર્યક્રમ ખૂબ જ લાભદાયી નીવડશે અને સ્વસ્થ ગુજરાત અને સ્વસ્થ ભારતની સંકલ્પનાને પણ એ સાકાર કરી શકશે. એમાં ગુજરાતના ૧૪ ડિસ્ટ્રિક્ટ જેવાં કે ડાંગ, તાપી, સુરત, નવસારી, વલસાડ, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, અરવલ્લી, પંચમહાલ, દાહોદ, મહિસાગર, બનાસકાંઠા અને સાબરકાંઠાની આદિવાસી વસતીને આવરી લેવામાં આવી છે અને વર્ષ ૨૦૦૬ના સિકલ સેલ એનિમિયા કંટ્રોલ કાર્યક્રમ અંતર્ગત તેમાં જે વસતીનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે તેમાં ૭.૨૨ લાખ જેવા સિકલ સેલ એનિમિયા ટ્રેટ નીકળ્યા છે એટલે કે સિકલસેલ એનિમિયા વાહક દર્દીઓ નોંધાયા છે. તેમાંથી ૩૨૧૯૭ જેટલા સિકલસેલ એનિમિયા ડીસિસ નિદાન કરવામાં આવ્યા છે. તેમાંથી ૧૪,૫૨૨ જેટલા પુરુષો છે અને ૧૭,૨૫૦ જેટલી સ્ત્રીઓ છે. આમ, ૨૭૭૨૯ જેટલા દર્દીઓ સારવાર હેઠળ છે ત્યારે ૮૩૬૦ જેટલા દર્દીઓને હાઇડ્રોક્સિ યુરિયાની મેડિસીનની સારવાર હેઠળ આવરી લેવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મારા નર્મદા જિલ્લાની વાત કરું તો એમાં ૫,૯૩,૯૦૭ જેટલા દર્દીઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે ત્યારે આ સ્ક્રીનિંગ દરમિયાન ૫૩,૨૯૬ જેટલા સિકલસેલ ટ્રેટ એટલે કે સિકલસેલ એનિમિયા વાહક નોંધાયા છે અને તેમાંથી ૧૮૦૨ જેટલા દર્દીઓ સિકલસેલ ડીસિસના છે અને આ દર્દીઓમાં ૮૧૧ જેટલા પુરુષો, ૮૬૨ જેટલી સ્ત્રીઓ છે. આમ, કુલ ૧૬૭૨ જેટલા દર્દીઓ સિકલસેલ એનિમિયાની સારવાર હેઠળ છે ત્યારે ૨૧૫ જેટલા દર્દીઓને હાઇડ્રોક્સિ યુરિયાની સારવાર હેઠળ આવરી લેવામાં આવ્યા છે. જ્યારે વડાપ્રધાને આ મિશન મોડ ઉપર કામગીરી ચાલુ કરાવી છે ત્યારે ગુજરાત સરકાર પણ આ સ્વાસ્થ્યના પડકારને પહોંચી વળવા માટે આરોગ્ય વિભાગ દ્વારા સિકલસેલ એનિમિયાથી પ્રભાવિત વ્યક્તિઓને સારી રીતે સારવાર મળી રહે અને સારી રીતે એમનું જતન થઇ શકે એના માટે મા અમૃતમ અને મા યોજના થકી એમને જે પણ સર્જરીની જરૂરિયાત હોય તે સર્જરી અને સારવાર વિનામૂલ્યે મળી શકે એ પ્રમાણેનું આયોજન કરવામાં આવ્યું છે. સિકલસેલના દર્દીઓને ઘણી વખત બ્લડની જરૂરિયાત પણ પડતી હોય છે. ત્યારે આ બ્લડની જરૂરિયાતને પહોંચી વળવા માટે દરેક નિયત કરેલી બ્લડ બેંકમાંથી એમને વિનામૂલ્યે બ્લડ મળી રહે તેવું આયોજન આ સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. ગુજરાત સિકલસેલ એનિમિયા કંટ્રોલ સોસાયટી વર્ષ ૨૦૧૧થી કામ કરી રહી છે ત્યારે સિકલસેલ એનિમિયાને કંટ્રોલ કરવા માટે જે અમલીકરણ કરવામાં આવ્યું છે એના માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકારની કટિબદ્ધતાના લીધે લોકોની સહભાગિતા સુનિશ્ચિત કરવામાં આવી છે. એમાં વિવિધ સ્તરે જનજાગૃતિના કાર્યક્રમો કરવામાં આવશે. એમાં વિવિધ સ્તરે મોનિટરિંગ મિકેનિઝમને પણ અપલૉડ કરવામાં

આવશે. સ્ક્રીનિંગ અને ઈલેક્ટ્રોફોરેસિસના માધ્યમથી એમને સ્માર્ટકાર્ડ આપવામાં આવશે જેથી કરીને સિકલ સેલ ટ્રેટ અને ડીસિસનું ડાયગ્નોસિસ થઇ શકે અને સરકારી સિવિલ હૉસ્પિટલોમાં આ સારવાર અને દવા પણ મફત મળી રહે છે. આ સિકલસેલ એનિમિયાના દર્દીઓને અવારનવાર ચેપ લાગી જતો હોવાથી એમને રક્ષણ મળી શકે તે માટે હિપેટાઈટીસ–બી અને ન્યુમોકોકલ જેવી વેક્સિનનું પણ સરકાર દ્વારા વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે. સૌથી મુખ્ય મુદ્દો કે આ રોગને નાથવા માટે અને પ્રસારિત થતો રોકવા માટે સમયસર કાઉન્સિલિંગ કરવામાં આવે છે. આભાર.

શ્રી ઋષિકેશ ગ. પટેલ**(**આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને કાયદા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં આરોગ્ય વિભાગની માગણી ક્રમાંક – ૩૯ અને ૪૦ના અનુસંધાને રૂ.૧૭,૩૭૮ કરોડની માગણીઓ લઇને આ સન્માનનીય ગૃહ સમક્ષ ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્ય વિભાગ એટલે માત્ર કર્મચારીઓ નહિ પણ ૭૩,૦૦૦ જેટલા આરોગ્ય પરિવારના સભ્યો ગુજરાત રાજ્યની ૭ કરોડ જનતા માટે દિવસ–રાત નાની–મોટી કોઇ પણ મુશ્કેલી હોય, કોરોના હોય, બિપોરજોય વાવાઝોડું હોય, ક્યાંય એક્સિડન્ટ થયો હોય, ક્યાંય પ્રસૂતા માતાને રાત્રે લેબર પેઇન ઉપડ્યું હોય. કે કોઇ પણ પ્રકારની ૨૪/૭ રાત હોય કે દિવસ હોય મારા આરોગ્ય પરિવારના ૭૩ હજાર જેટલા કર્મચારીઓએ ક્યારેય પણ મોઢું ફેરવ્યા સિવાય પોતાની ફરજો બજાવી છે. આ આરોગ્ય વિભાગની માગણીઓ એટલે જનતા માટેની માત્ર માગણીઓ નહીં પણ લાગણીઓ પણ હું આ ગૃહ સમક્ષ મૂકું છું. આપણે સૌ ૧૮૨ ધારાસભ્યો એટલે એવરેજ ૩ લાખ ૫૭ હજાર લોકોનું પ્રતિનિધિત્વ ધરાવતા ગુજરાતના પ્રત્યેક ખૂણામાં વસતાં દરેક સમાજના ગરીબ, ખેડૂત, મહિલા, યુવાન, બાળકો તમામ વર્ગોના આરોગ્યની ચિંતા આરોગ્ય વિભાગ કરતો હોય છે. નાના મોટા વિષયો સાથે વર્ષોથી સતત પોતાના મત વિસ્તારની નાની મોટી માગણીઓ અને લાગણીઓ લઇને માનનીય ધારાસભ્યશ્રીઓ આવતાં હોય છે. કોઇની પી.એચ.સી.ની માગણી હોય, ક્યાંક દવાની વાત હોય, ક્યાંય નાનાં મોટાં સાધનોની વાત લઇને આરોગ્યની સુવિધાઓની ચિંતા કરતું આ સભાગૃહ.

માનનીય અધ્યક્ષશ્રી, હવે અમે માતાઓ/બહેનો માટે સરસ મજાની ''નમોશ્રી'' યોજના લઇને આવ્યા. માતા મરણ અને બાળ મરણ આ બંને વિષય એવા છે કે જેની અંદર બધાની સંવેદના સામેલ હોય છે. આ વખતે અમારા વિભાગ તરફથી ખૂબ સિવિયર માતાઓ કે જેમણે ગર્ભધારણ કર્યો હોય અને ભવિષ્યમાં ખૂબ મુશ્કેલી પડી શકવાની શક્યતાઓ હોય તેવી માતાઓને એનિમિયાના સિવાયના પણ કેટલાંક કારણોના નિવારણ માટે વિભાગ આવી માતાઓની ઓળખ કરી એક અઠવાડિયા પહેલાં પી.એચ.સી./સી.એચ.સી. કરતાં પણ ઉપરની હૉસ્પિટલમાં લઇ જઇ રૂ.૧૫ હજારની સહાય આપે છે. જેથી કરીને પ્રસૂતા પહેલાં ૭ દિવસ અને પછી ૭ દિવસ એટલે મોટાભાગના ૬થી ૭ પ્રકારના મૃત્યુના કારણો આપણે ટાળી શકીએ અને તેના લીધે બાળમૃત્યુનું કારણ પણ દૂર કરી શકીએ. આવી માગણીઓમાં પણ કાપ દરખાસ્ત ન હોય. મારો કહેવાનો આશય એટલો છે કે આરોગ્ય વિભાગ એ તમામ વર્ગ અને આખા રાજ્યની સતત ચિંતા કરતો અને સતત જાગતો વિભાગ છે. આપણે ઋષિકાળથી માન્યું છે કે આરોગ્ય એટલે સેવા અને સેવાની સાથે જ્યારે રાજ્ય સરકાર છેવાડાના માનવીની ચિંતા કરીને માગણીઓ લઇને આવ્યો હોય ત્યારે મારી લાગણી અને માગણી છે. અનેકવિધ વિષયોને આવરી લઇને આ વખતે તો રૂ.૨૦ હજાર ૧૦૦ કરોડનું બજેટ લાવ્યા છીએ. દર વખતે જે બજેટ આવતું હતું તેના કરતાં લગભગ હું માનું છું કે, કુલ બજેટના ૬.૭૦ ટકાની આજુબાજૂની આ બજેટની વહેંચણી આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાણામંત્રીશ્રીએ કરી છે. ગત વર્ષ કરતાં ૩૨ ટકાના વધારા સાથે જૂની બાબતો ચાલુ રાખીને નવી બાબતો/નવી સુવિધાઓમાં વધારા સાથે આ ગૃહમાં હું જ્યારે માગણીઓ લઇને આવ્યો છું ત્યારે મને વિશ્વાસ છે કે, ગૃહના તમામ સભ્યો તમામ સાત કરોડ ગુજરાતીઓની ચિંતા કરતા હોય એટલે બિલકુલ પક્ષાપક્ષીથી ઉપર બધા એક થઇને આરોગ્ય વિભાગની માગણીઓ પ્રત્યે લાગણીઓ રાખશે એવી મારી પણ લાગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેવાનો વિભાગ એટલે શિક્ષણ અને આરોગ્ય. ભારતીય જનતા પાર્ટીએ આ બંને વિભાગની જવાબદારી મને સોંપી છે ત્યારે મારા માટે ખૂબ ગૌરવનો વિષય છે. અમારી ભારતીય જનતા પાર્ટીમાં કોઇ જગ્યાએ કચાશ હશે પરંતુ, અમારા ઈરાદામાં ક્યારેય ખામી આવી નથી, અમારા ઈરાદાઓ નેક છે. જનતા સુધી પહોંચવાનો અમારો ઈરાદો હોય ત્યારે અંદાજપત્રની માંગણીઓ થકી જુદા–જુદા હૉલિસ્ટિક હેલ્થકેર ફોર ઓલના અભિગમ સાથે રાજ્યની આરોગ્ય સેવાઓનું વિસ્તૃતિકરણ આપણે કરી રહ્યા છીએ. સુપર સ્પેશ્યાલિટી સેવાઓ પૂરી પાડતી આધુનિક હૉસ્પિટલથી લઇને ગ્રામ્યકક્ષાએ છેવાડાના માનવી સુધી પ્રાથમિક પેટા આરોગ્ય કેન્દ્રોનું સુનિયોજિત માળખું જન–જનની સુખાકારીમાં વધારો કરી રહ્યું છે. આયુષ્યમાન આરોગ્ય મંદિરો ૯૯૨૦, પેટા આરોગ્ય કેન્દ્રો ૯૨૩૧, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો ૧૪૯૯, યુ.પી.એચ.સી. ૪૧૭, સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલો ૫૭, ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલો ૧૮, મેડિકલ કૉલેજો ૪૦, દીનદયાળ ઔષધાલયો ૪૦૭, પ્રધાનમંત્રી જન ઔષધિ કેન્દ્રો ૪૧૭ એમ ખૂબ મોટું માળખું છે. દૂર–સુદૂરના વિસ્તારો, દુર્ગમ વિસ્તારો, જંગલો, પહાડો અને દરિયાઇ વિસ્તારો કે જ્યાં પહોંચવું શક્ય ન બને એવા વિસ્તારોને આવરી લેવામાં આવેલ છે. હવે તો દરેક જગ્યાએ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે રોડ કનેક્ટિવિટી કરી દીધી છે. ખૂબ જ ગરીબ લોકો હોય જેને આપણે દરિદ્ર નારાયણ કહીએ છીએ એવા લોકોની સેવાઓ માટેની પણ ચિંતા આ રાજ્ય સરકાર કરી રહી છે. એના માટેનું ખૂબ મોટું માળખું ભારતીય જનતા પાર્ટીની સરકારે બનાવ્યું છે. હાલમાં વસ્તીના ધોરણે જે ફાળવણી થવી જોઇએ એ મુજબ કોઇપણ જગ્યાએ એકપણ કેન્દ્રની અછત નથી. રાજ્યના જુદા–જુદા દસ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને સો પથારીની સુવિધા ધરાવતી પેટા જિલ્લા કક્ષાની હૉસ્પિટલમાં

અપગ્રેડ કરવા હૉસ્પિટલના હયાત મકાનોનું ફર્નિચર, ફિક્સર અને ખૂટતા માનવબળ માટે આપણે રૂ.૩૦ કરોડની વ્યવસ્થા કરી છે. ૨૦થી ૨૫ વર્ષમાં મધ્ય ઝોનના અમદાવાદ અને દક્ષિણ ઝોનના સુરત શહેરમાં વસ્તી તેમજ શહેરી વિસ્તારોમાં વધતી વસ્તીના કારણે અને દિન-પ્રતિદિન શહેરીકરણના કારણે સિવિલ હૉસ્પિટલ, અમદાવાદ તેમજ સિવિલ હૉસ્પિટલ, સુરત ઉપરનું ભારણ વધી રહ્યું છે. ગઇ વખતે આપણે અમદાવાદના સિંગરવામાં ડિસ્ટ્રિક્ટ કક્ષાની હૉસ્પિટલ આપી.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતે બાવળા નજીક પણ એક ડિસ્ટ્રિક્ટ કક્ષાની હૉસ્પિટલ આપી રહ્યા છીએ અને સુરતના કામરેજમાં પણ આપી રહ્યા છીએ. આઉટરના જે ગામોને સીધા સુરત શહેરમાં ન જવું હોય, સીધા અમદાવાદ શહેરમાં ન જવું હોય અને ઉચ્ચ કક્ષાની સારવાર લેવી હોય તો એ પ્રકારની વ્યવસ્થાઓ પણ આ વખતે આપણે વિચારી છે. રાજ્યના ઉત્તર ઝોનમાં ૮, મધ્ય ઝોનમાં ૬, દક્ષિણ ઝોનમાં ૪, સૌરાષ્ટ્ર ઝોનમાં ૧૬ અને કચ્છ ઝોનમાં ૧ એમ કુલ ૩૫ જિલ્લા તેમજ પેટા જિલ્લા હૉસ્પિટલો ખાતે ટ્રોમા કેર સેન્ટરની સુવિધાઓ આપણે સુદઢ કરવા જઇ રહ્યા છીએ. આ માટે વર્ષ ૨૦૨૪-૨૫માં રૂ. ૨૨.૫૯ કરોડની જોગવાઇ કરી છે. ઉત્તર ઝોનમાં માણસા, ડીસા, ઊંઝા, વિસનગર, થરાદ, સિદ્ધપુર, અંબાજી, કડી, મધ્ય ઝોનમાં ખેડા, પેટલાદ, ડાકોર, લુણાવાડા, સંતરામપુર, તારાપુર, દક્ષિણ ઝોનમાં બિલિમોરા, માંડવી, સુરત, ચીખલી, વાંસદા, સૌરાષ્ટ્ર ઝોનમાં જસદણ, જેતપુર, મોરબી, ઉપલેટા, પાલીતાણા, લીંબડી, રાજકોટ, કેશોદ, ધોરાજી, મહુવામાં ટ્રોમાં સેન્ટર તથા ગોંડલ, હળવદ, દ્વારકા, રાજુલા, ધ્રોલ, ચોટીલા અને કચ્છમાં રાપરમાં ટ્રોમાની વ્યવસ્થા કરી રહ્યા છીએ. આપણા હાઇસ્પીડ કોરીડોર છે ત્યાં અકસ્માતની શક્યતા હોય એવા બ્લેક સ્પોટને શોધીને ત્યાં પણ ટ્રોમા કેર મળી રહે એની ચિંતા રાજ્ય સરકાર કરી રહી છે. એના સિવાય આદિજાતિ વિસ્તારના છ જિલ્લાઓમાં નવા વેક્સિન સ્ટોર કરી રહ્યા છીએ. દાહોદ, અરવલ્લી, તાપી, નવસારી, ડાંગ અને સુરત તદઉપરાંત નવા વેક્સિન સ્ટોર પણ આપણે બનાવી રહ્યા છીએ. ગામડામાં આપણે જે પી.એચ.સી., સી.એચ.સી. આપીએ છીએત્યાં કહું તો તમામ સભ્યશ્રીઓને આશ્ચર્ય થશે કે ગ્રામ્ય લેવલ ઉપર આપણે પી.એચ.સી. અને સી.એચ.સી.માં ૨,૨૨,૫૬,૪૯૯ ઓ.પી.ડી. કરી છે અને ૧૭,૦૨,૬૭૫ની આઇ.પી.ડી કરી છે તથા લગભગ ૨,૧૭,૫૨૪ જેટલી ડિલિવરી કરાવી છે. એટલે નીચેથી લઇને ઉપર સુધીનું આપણું માળખુ દિન-પ્રતિદિન મજબૂત થઇ રહ્યું છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર સ્ટ્રેન્ધનિંગ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તબીબી શિક્ષણમાં તો વારંવાર અહીંયા ગૃહ સમક્ષ  ચર્ચા થઇ છે. હું આપને એક પ્રોજેક્શન આપું તો ખૂબ જવાબદારીપૂર્વક કહું છું કે વર્ષ ૨૦૨૭ સુધીમાં ૮૫૦૦ જેટલી યુ.જી.ની સીટ થવાની છે. અત્યારે પી.જી.ની ૨૬૦૦ સીટ છે પણ આપણું પ્રોજેક્શન છે કે આપણે કોઇ અરજી આવી અને કરી દઇએ એવું નથી, પરંતુ પી.જી.ની સીટો વધારવા માટે પણ રાજ્ય સરકાર કૃતનિશ્ચયી છે અને વર્ષ ૨૦૨૭માં સુધીમાં આ એક પ્રોજેક્શન કર્યું છે કે પી.જી.ની ૩૫૦૦ જેટલી સીટો થાય એની આપણે ચિંતા કરી છે. આપણે વર્ષ ૨૦૦૯માં ગુજરાત મૅડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી કરી છે. મેં મારા જવાબમાં કહ્યું હતું કે એનું ખૂબ મોટું બર્ડન રાજ્ય સરકાર ઉપાડી રહી છે. આપણે કૅપિટલ ઇન્ફ્રા અને સાથે રિકેરિંગ કોસ્ટ એટલે મહેકમનો ખર્ચો પણ કરી રહ્યા છીએ. આપણા ત્યાં ખૂબ સ્કોલરશિપ યોજનાઓ છે એની સહાય દ્વારા આ વિદ્યાર્થીઓને સરકાર પૂરેપૂરી મદદ પણ કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હવે આપણે રાજકોટ, જામનગર અને ભાવનગરની ચિંતા કરીએ છીએ. આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે હમણાં જ ૨૫મી તારીખે એઇમ્સ હૉસ્પિટલનું ઉદ્‌ઘાટન કરી દીધું છે. આપણે હાલમાં ૨૫૦ બૅડની ઇન્ડોર ટ્રિટમેન્ટ શરૂ કરી છે. આપણે ૩૦ બેડ આયુષ બ્લોક કર્યા છે અને ૫૦ સીટ સાથે કૉલેજ પણ તૈયાર થઇ ગઇ છે.  આપણે રાજ્યના સામાન્ય ૨૯ સી.એચ.સી. ખાતે રૂ. ૬ કરોડ ૩૮ લાખની જોગવાઇ એમ્બ્યુલન્સ માટેની કરી છે. સામાન્ય વિસ્તારમાં ૧૫૫ જૂના, જર્જરિત, નવા, મંજૂર અને સ્થળફેર થયેલા પેટા કેન્દ્રોના મકાનોના નવીન બાંધકામ માટે આપણે જોગવાઇ કરી છે. આપણે સામાન્ય વિસ્તારમાં જૂના,જર્જરિત, નવા, મંજૂર અને સ્થળફેર થયેલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના મકાનોનું નવીન બાંધકામ મંજૂર કરી દીધું છે. સામાન્ય વિસ્તારમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ૩૫ એક્સ-રે પૂરા કરવાની જોગવાઇ કરી છે. સોનોગ્રાફી પૂરા કરવાની જોગવાઇ કરી છે. ખૂટતી સાધન-સામગ્રી પૂરી કરવાની જોગવાઇ કરી દીધી છે. આપણે સામાન્ય વિસ્તારના ત્રણ સામૂહિક આરોગ્ય કેન્દ્રો ખાતે એન.આઇ.સી.યુ. કરવાની પણ જોગવાઇ કરી છે. વર્ષ ૨૦૨૪-૨૫ના આ વખતના બજેટમાં આપણે ફ્રી ટેસ્ટ વ્યવસ્થાની જોગવાઇ કરી છે. આમ તો કોઇપણ હૉસ્પિટલમાં જાઓ અને ડૉકટર પ્રિસ્પ્રિકશન લખી આપે એટલે ટેસ્ટ કરે પણ કોઇને એમ થાય કે મારે ટેસ્ટ કરાવવા છે તો એ જાતે હૉસ્પિટલમાં જાય અને વગર પ્રિસ્પ્રિક્શને એનું બૉડી ચેક-અપ કરી આપે એવી વ્યવસ્થા પણ આપણે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આદિજાતિ વિસ્તારના ૧૫ સી.એચ.સી.ને એમ્બ્યુલન્સની આ વખતે સગવડ પૂરી પાડીએ છીએ. આદિજાતિ વિસ્તારના ૩૩ જૂના, જર્જરિત અને નવા પેટા કેન્દ્રોના બાંધકામ મંજૂર કરી દીધા છે. આદિજાતિ વિસ્તારના સામૂહિક આરોગ્ય કેન્દ્રોને ૧૮ એક્સ-રે પૂરા પાડવાની જોગવાઇ કરી છે. આ બધી નાની-નાની વાતો એ સ્ટ્રેન્ધનિંગ કરતી બાબતો છે. પી.એચ.સી. હોય આરોગ્ય મંદિર હોય, સી.એચ.સી. હોય કે સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ હોય એમાં કંઇપણ ખૂટતું હોય એની આરોગ્ય વિભાગ સતત  ચિંતા કરી રહ્યું છે. આ તો એક કન્ટિન્યૂઝ પ્રોસેસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આયુષ્યમાન આરોગ્ય મંદિરનો કન્સેપ્ટ સ્વીકાર્યો છે. આપણે આરોગ્ય પરમ ધર્મ કહીએ છીએ. એટલે હેલ્થ અને વેલનેશ સેન્ટરને આયુષ્યમાન આરોગ્ય મંદિર તરીકે કરી રહ્યા છીએ. આ એટલા માટે કરીએ

છીએ કે આયુષ્યમાન મંદિર કરવાની સાથે આપણે પહેલાં જે ટેસ્ટ કરતા હતા એ ટેસ્ટની સંખ્યામાં વધારો કરી રહ્યા છે. સી.એચ.સી.માં ટેસ્ટની સંખ્યામાં વધારો કરી રહ્યા છીએ. આયુષ્યમાન ભારત અંતર્ગત તમામ પેટા આરોગ્ય કેન્દ્રને આયુષ્યમાન આરોગ્ય મંદિર જે બનાવવાનું આયોજન છે એમાં ૭૭૫૩ પેટા આરોગ્ય કેન્દ્રો પૈકી ૭૫૪૯ આપણે કરી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૪૭૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પૈકી ૧૪૭૩ને કરી ચૂકયા છીએ. ૩૯૭ અર્બન પ્રાથિમક આરોગ્ય કેન્દ્રો પૈકી ૩૭૬ કરી ચૂકયા છીએ. ૭૬૦ અર્બન આયુષ્યમાન આરોગ્ય મંદિર કેન્દ્ર પૈકી ૫૦૧ કરી ચૂકયા છીએ. આમ ૯૫ ટકા સિદ્ધિ આપણે હાંસલ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા આરોગ્ય મંદિર કાર્યરત કરીએ તે પહેલા પેટા આરોગ્ય કેન્દ્ર પર રથી ૩ લેબોરેટરી ટેસ્ટ કરતા હતા. હવે એ ટેસ્ટ ૭ પ્રકારના થઇ રહ્યા છે. ભવિષ્યમાં ૧૫મા નાણા પંચ અન્વયે ૧૪ લેબોરેટરી ટેસ્ટ આપણે સી.એચ.સી.માં કરવાના હતા, એ આપણે વધારી રહ્યા છીએ. ૯૧ આવશ્યક દવાઓ આપવામાં આવે છે એ ૧૦૫ પ્રકારની કરીશું. એટલે કે હેલ્થ કેર શહેરોમાં મળી રહે, નગરપાલિકા ક્ષેત્રે મળી રહે, પરંતુ જે પાછળનો વિસ્તાર, ગ્રામ્ય વિસ્તાર છે, ત્યાં રૂરલ એરિયામાં આરોગ્યની સેવાઓનું સ્ટ્રેન્ધનિંગ કરવા માટેનો રાજય સરકારનો ભગીરથ પ્રયાસ છે. આયુષ્યમાન આરોગ્ય કેન્દ્ર ખાતે ૧૨ પ્રકારની આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. ગર્ભાવસ્થા અને બાળજન્મ સંબંધિત સેવાઓ, નવજાત શિશુઓની આરોગ્ય સેવાઓ, બાલ્યાવસ્થા, તરૂણાવસ્થા આરોગ્ય સંભાળ સેવાઓ, કુટુંબ નિયોજન, ગર્ભ નિરોધક સેવાઓ, અન્ય પ્રજનન તંત્રના આરોગ્ય સંબંધિત સેવાઓ, નેશનલ હેલ્થ પ્રોગ્રામ અંતર્ગત ચેપી રોગોની સારવારનું વ્યવસ્થાપન. આમ ૧૨ પ્રકારની વ્યવસ્થા આપણે કરી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૧માં આપણે જોઇએ ને તો આખું બજેટ રૂ. ૯૭૨ કરોડનું હતું. આજે કહેતા આનંદ થાય કે રૂ. ૨૦૧૦૦ કરોડનું બજેટ આપણે રાજયના આરોગ્ય માટે વાપરી રહ્યા છીએ. નીતિ આયોગના એસ.ડી.જી. ઇન્ડેકસમાં સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ–૩ માં આરોગ્યને લગતા સૂચકાંકોમાં આપણે સતત સુધારો કરી દેશના મોટા રાજયોમાં પ્રથમ ક્રમ હાંસલ કર્યો છે. સરેરાશ આયુષ્ય વર્ષ ૨૦૦૧માં ૬૫.૭ વર્ષ હતું, તે અત્યારે વર્ષ ૨૦૨૧માં પાંચ વર્ષ વધીને ૭૦.૪ થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૂચકાંકોમાં તો આપણે ખૂબ મોટો વધારો કર્યો છે. એમાં પણ સતત જેના પર ભાર મૂકવામાં આવે છે, જે ગોલ ઉપર, એમાં ૨૦૧૮–૨૦ના વર્ષના રિપોર્ટ મુજબ માતા મૃત્યુ દર ૫૭ થયો છે, જે વર્ષ ૨૦૦૦માં ૧૫૨ હતો. બાળ મૃત્યુ દર પણ જે ૨૦૦૧ના વર્ષમાં ૬૦ હતો તે ઘટીને ૨૦૨૦માં ૨૩ થયો છે. સતત આપણે સુધારો કરી રહ્યા છીએ. નમોશ્રી યોજના દ્વારા, વિશ્વાસ છે માનનીય અધ્યક્ષશ્રી, કે આખા વર્ષ દરમ્યાન ૧૦થી ૧૨ લાખ જેટલી પ્રસૂતિ થતી હોય, એમાંથી ૩૦ હજાર બહેનો જે મૃત્યુ પામતા હતા તેનાં કારણો આપણે શોધ્યાં. એને જો ૧૫ દિવસ સુધી સારામાં સારી સગવડ કરી હોસ્પિટલ જે છે, એમાં આપણે એને દાખલ કરીને જો સારવાર આપીશું તો આપણે એમાં ઘણોબધો સારો ગોલ એચીવ કરી શકીએ તેમ છીએ. માતા મૃત્યુ, બાળ મૃત્યુમાં પણ સંસ્થાકીય જે દર હતો એ ૫૪.૬ હતો. એ હવે ૯૪.૩ થયો છે. પહેલા ૩ પ્રસૂતિ પહેલા સંભાળની મુલાકાતો લેતી માતાઓ ૬૪.૯ હતી એ વધીને હવે ૮૨.૪ થઇ છે. એનિમિયા ધરાવતી ૧૫થી ૪૯ વર્ષની સગર્ભા સ્ત્રીઓ ૬૦.૮ હતી એ ઘટીને ૫૫.૬ થઇ છે. જે આપણી બહેતર પોષણ સહાય અને આરોગ્ય સંભાળની કામગીરી દર્શાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માધ્યમથી સમગ્ર ગુજરાતને હું અપીલ કરું છું કે કુપોષણનો વિષય એ કેવળ રાજય સરકારનો એકલાનો નથી. રાજય સરકાર પ્રયત્નો કરે. એની દવાઓ, એની સંભાળ, એની માવજત અને સાથે સાથે કેવી રીતે વે ઓફ લાઇફ. એમના ખોરાકમાં શું લેવું એ સમજાવે. પરંતુ જો સમાજ આમાં સક્રિય રીતે સાથીદાર બને અને અહીંયા બેઠેલા તમામ ધારાસભ્ય મિત્રો આમાં જો સહયોગ આપે તો મને વિશ્વાસ છે કે ગુજરાત આમાં ખૂબ વધુ કરી શકે તેમ છે. એમાં સામાજિક અને સરકાર બન્ને જો સાથે મળીને કામ કરશે તો વહેલી તકે કુપોષણમાં, કારણ કે ગુજરાતમાં આપણે એ કબુલવું પડે કે થોડાક પાછળ છીએ. પરંતુ હવે એ દિવસો દૂર નથી કે સમાજ અને સરકાર અને સહકારના સામર્થ્યથી આપણે આવતાં વર્ષોમાં ખૂબ ઝડપથી દેશની અંદર સારામાં સારું સ્થાન હાંસલ કરી શકીએ તેવો મને ચોક્કસ વિશ્વાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ટી.બી.માં પણ ૧૦૦ ટકા સૂચના દર હતો એ વધીને ૧૦૬ થયો છે. સારવારમાં સફળતાનો દર ૮૧ ટકાથી વધીને ૯૦ ટકા થયો છે. મેં કહ્યું એમ કુપોષણને આપણે હરાવવા માટે તૈયાર રહેવાનું છે. એ સામાજિક વિષય છે, પરંતુ એને જો સાથે મળીને આમાં આપણે સૌ ઇનીશીએટીવ લઇશું તો ખૂબ સારું આપણે એમાં પરિણામ મેળવી શકીએ એમ છીએ અને પહેલાં મેં કહ્યું એમ નમોશ્રી યોજનામાં હિમોગ્લોબીન ૬.૫ ગ્રામથી ઓછું હોય, લોહીનું દબાણ ૧૮૦ થી ૧૧૦ એમ.એમ., ઓફએચજી કે તેથી ત્રણ વખતે હોય અને પગે સોજા આવવા, પેશાબની તપાસમાં પ્રોટિન આવતું હોય બોડી માસ ઇન્ડેકસ ૧૭ કરતા ઓછો હોય, સિકલસેલ એનિમિયા થેલેસેમિયા, હિમોફોલિયા જેવા રોગો બે કરતા ફિડસવાળી સગર્ભા હોય આવી બહેનોને આપણે જે મે પહેલાં કહ્યું એમ આપણે બચાવી શકીએ એમ છીએ એ બચાવવાનો પ્રયત્ન આ વખતે રાજય સરકારે ખૂબ ગંભીરતાથી કર્યો છે અને સાથે આવી બધી બહેનો જો ગરીબ કક્ષાની હોય તો એને સારી હોસ્પિટલમાં દાખલ કરવાની અને એ પણ એનો જે સમય હોય એના સાત દિવસ પહેલાં એને હોસ્પિટલમાં દાખલ કરવાની અને સાત દિવસ પછી એને રજા આપીશું. આમ, ૪૦ ટકાથી વધુ મૃત્યુ બાળકના જન્મબાદ સાત દિવસમાં થતા હોય છે એટલે આમાં પણ દેખીતો આપણને ઘટાડો જોવા મળશે. રાજયમાં

દર્દીઓની સારવાર માટે ૬૦ હજાર બેડ ઉપલબ્ધ છે જે સન ૨૦૦૦ની સરખામણીએ ચાર ગણા વધુ છે. જો કે આ વખતે કોઇએ આમાં ટીકા નથી કરી. માનનીય ડો. કિરીટભાઇએ કહ્યું પણ એ પોઝિટિવ વે માં કહ્યું એનો આનંદ છે એટલે ધીમે ધીમે વાતાવરણ સુધરી રહ્યું છે એનો આનંદ છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, વાતાવરણ સુધરી રહ્યું છે પછી એ ગૃહમાં હોય કે બહાર હોય, આરોગ્યનું વાતાવરણ અહીંયા પણ સુધરી રહ્યું છે અને આરોગ્યનું વાતાવરણ બહાર પણ સુધરી રહ્યું છે એટલે ડો.કિરીટભાઇને અભિનંદન આપું છું. મીડિયા હોય કે અહીંયા બેઠેલા મિત્રો હોય એમાં આ પક્ષના હોય કે વિપક્ષના હોય કોઇપણ લોકો આરોગ્ય બાબતમાં જયારે પણ ધ્યાન દોરે એટલે આરોગ્યની ચિંતા રાજય સરકાર કરી રહી છે અને બિલકુલ પોઝિટિવ વેમાં જોવે છે. એને કોઇ દિવસ નકારાત્મક ટીકાના સ્વરૂપમાં નથી લેતા. ચાહે મીડિયામાં પણ કોઇ સમાચાર આવે ચાહે કોંગ્રેસના આપણા મિત્રો તરફથી કોઇ ટીકા અથવા તો સૂચન આવે બિલકુલ પોઝિટિવ વેમાં લઇ અને આરોગ્ય વિભાગ વિભાગ કામ કરી રહ્યો છે. મેડિસિટી તો અમદાવાદમાં બની ચૂકી છે. હવે આપણો પ્રયત્ન છે દક્ષિણ ગુજરાત હોય, મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્ર, સૌરાષ્ટ્રમાં તો એઇમ્સ બની છે, પણ આપણે જામનગર અને ભાવનગરમાં પણ સુપર સ્પેશિયાલિટી સર્વિસીસ ત્યાં આપી શકીએ એ પ્રકારનો પ્રયાસ આપણે કરી રહ્યા છીએ અને સાથે સુરત અને વડોદરામાં આ દિશામાં આગળ વધી રહ્યા છીએ. ગઇ વખતે આપણે શરૂઆત કરી છે, આ વખતે એમાં વધારો કર્યો છે અને વખતોવખત મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાત એમાં સુપર સ્પેશિયાલિટી ફેસિલિટી ત્યાં ઊભી થાય એટલે ત્યાંના લોકોને અમદાવાદ આવવું ના પડે એના માટે મધ્ય ગુજરાત, દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં અલાયદી રીતે સુપર સ્પેશિયાલિટી ફેસિલિટી ત્યાં ઉપલબ્ધ થાય એના માટે રાજય સરકારે પ્રયત્ન ચાલુ કર્યા છે. ડાયાલીસીસ સેવાઓ તો ૨૬૭ જગ્યાએ કરીએ છીએ એટલે અંતરની રીતે, ખર્ચની રીતે લોકોને કોઇને શહેરમાં ના જવું પડે અને ત્યાં અને ત્યાં ૩૦–૪૦ કિલોમીટરના અંતરમાં ડાયાલીસીસ કરવા દાખલ થાય અને ફ્રીમાં ડાયાલીસીસ થઇ જાય અને ૩૦૦ રૂપિયા પણ એને જવા આવવાના મળે એ પ્રકારની વ્યવસ્થા આપણે પહેલાં જ કરી ચૂકયા છીએ અને આ ૨૬૭ ડાયાલીસીસ કેન્દ્રોમાં ૧૨૯૭ મશીનો આપણે કાર્યરત કર્યા છે. જયાં અંદાજે ૪૪ હજાર ડાયાલીસીસ આપણે ગાઇડલાઇન અનુસરીને કરીએ છીએ. એક જ વખત ડાયાલાઇઝર વાપરીએ છીએ. હાલની પરિસ્થિતિએ ટ્રાયબલ વિસ્તારમાં ૧૪ જિલ્લાઓ ખાતે ૫૧ તાલુકાઓમાં આ સેવાઓ સાંકળી લીધી છે અને દર મહિને આપણે ૪૫૦૦ જેટલી ડાયાલીસીસની સારવાર ત્યાં આપીએ છીએ. આ કાર્યક્રમનો કેવળ રાજયના લોકો જ લાભ લે છે એવું નથી પરંતુ ઉત્તર પ્રદેશ હોય, મધ્યપ્રદેશ હોય, રાજસ્થાન છે કે મહારાષ્ટ્ર છે ત્યાંથી પણ લોકો અહીંયા સ્થાયી થઇ અને આ સેવાઓ મેળવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્સર માટે તો અમદાવાદમાં આપણું કેન્સર રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ છે એ આખા દેશમાં ફેમસ થયું છે અને ગયા વખતે દસમા ક્રમે એને સ્થાન મળ્યું છે. પરંપરાગત ચિકિત્સા સરકારી કેન્સર હોસ્પિટલમાંરૂ.પ.૮૫ કરોડનાં સાધનો એવાં છે કે જે ખાનગી હોસ્પિટલોને પોસાય નહીં. એવાં સાધનો મૂકી આપણે કેન્સરની સારવાર કરીએ છીએ. હાલમાં તાજેતરમાં આ વખતના બજેટમાં સાઇક્લોટ્રોન અને પ્રોટોન થેરાપી હાલમાં દેશમાં બે જ ખાનગી જગ્યાએ આ સુવિધા ઉપલબ્ધ છે. અહીંયા કોઇને પ્રોટોન કે સાઇક્લોટ્રોન થેરાપીની જરૂર પડે અને મદ્રાસ જાય તો રૂપિયા ૩૦થી ૪૦ લાખનો ખર્ચ થાય. એ જ વ્યવસ્થા ઓછા ખર્ચે ગુજરાતમાં મળી રહે એના માટેનો ઇનીશીએટીવ આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે લીધો છે અને જી.સી.આર.આઇ.માં એની વ્યવસ્થા કરેલ છે, ત્યારે કેન્સરની લડાઇમાં આપણને ખૂબ મદદ મળશે. જી.સી.આર.આઇ. દ્વારા કેવળ ત્યાં જ કેમો કરીએ એવું નહીં. તમામ જગ્યાએ, તમામ જિલ્લાના મથકોએ આપણે કેમોથેરાપી સારવાર આપી શકીએ એની વ્યવસ્થા કરી છે. ૩ સેટેલાઇટ કેન્સર સેન્ટર ચલાવી રહ્યા છીએ. ૫ હજારથી વધારે સર્જરી, ૩૭ હજારથી વધારે કેમોથેરાપી અને ૫ હજારથી વધારે રેડિયોથેરાપી જી.સી.આર.આઇ. દ્વારા કરીએ છીએ. ૨૦ લાખથી વધારે પેથોલોજિકલ પરીક્ષણો, એક લાખથી વધુ રેડિયોલોજીની તપાસ, ૪૦–૫૦ બોર્નમેરો ટ્રાન્સપ્લાન્ટ આપણે કરીએ છીએ. પહેલા કહ્યું એમ સાઇબર નાઇફના ૫ મશીનો આપણે ત્યાં ઉપલબ્ધ છે. ૨૦ હજારથી વધારે નવા દર્દીઓ નોંધાય છે. રોજના એક હજારથી વધારે દર્દીઓની ઓ.પી.ડી. તથા ૪૫૦થી વધારે ઇન્ડોર પેશન્ટ રહે છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.સી.આર.આઇ.એ કોમ્યુનિટી ઓન્કોલોજી વિભાગ હેઠળ કેન્સર સ્ક્રીનિંગ ઓ.પી.ડી. ચાલુ કરી છે. એ કેન્સરની જાગૃતિ અને કેન્સર સ્ક્રીનિંગ અને કેન્સરની વહેલી તપાસને પ્રોત્સાહન આપવાનો વિષય છે. મેં વાત કરી પ્રોટોન થેરાપી અને કેન્સરમાં બન્ને થેરાપીમાં આપણે સૌથી પ્રથમ બન્યા છીએ. હૃદયરોગ માટે આપણી યુ.એન.મહેતા હોસ્પિટલ સને ૧૯૯૨ની અંદર ૩૬ પથારી હતી અને એક ઓપરેશન થિએટર અને કાર્ડિયાક કેથલેબથી શરૂઆત થઇ હતી. ત્રણ દશકાઓ પછી અને એમાં પણ સને ૨૦૦૦ પછી ૩૬ માંથી ૧૨૫૧ પથારીઓ સાથેની આપણે અદ્યતન સુવિધાવાળી હોસ્પિટલ ઊભી કરી છે. દેશની સૌથી મોટી સીંગલ સુપર સ્પેશિયાલિટી કાર્ડિયાક ટીચિંગ ઇન્સ્ટિટ્યૂટ ગુજરાત ખાતે ઉપલબ્ધ થઇ છે. આપણી સીટો પહેલી ભરાઇ જાય છે. યુ.એન.મહેતામાં હૃદયરોગ સંબંધિત શ્રેષ્ઠ સારવારના પરિણામે યુ.એન.મહેતા હોસ્પિટલમાં સારવાર અને સર્જરી અર્થે આવતા દર્દીઓમાં ૮થી ૧૦ ટકા બહારથી આવે છે. દેશની બહારથી પણ આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૧૨૦૦ બેડની મહિલા અને બાળરોગ હોસ્પિટલ સિવિલમાં તૈયાર થઇ ગઇ છે અને એની સારવારના કારણે પ્રચલિત બની છે. આ સિવાય સિવિલ હોસ્પિટલની અંદર આંકડાકીય વાત કરું, આંકડા આપીએ એટલે

પોતાની જાતે એ પુરવાર કરે કે સિવિલની મહત્તા અને સારવાર કેવી હશે. સિવિલમાં ૯ લાખ ૫૧ હજાર ૩૭૫ ઓ.પી.ડી., ૧ લાખ ૨ હજાર ૪૪૭ આઇ.પી.ડી. અને એમાં ૭૮,૫૮૮ રાજ્ય બહારના દર્દીઓ છે અને આઇ.પી.ડી.માં ૯૩૯૬ દર્દીઓ, યુ.એન.મહેતામાં ૩ લાખ ૩૫ હજાર ૩૨૪ ઓ.પી.ડી., ૪૭,૨૩૦ આઇ.પી.ડી. અને રાજ્ય બહારના કુલ ૪૫,૨૧૬ દર્દીઓ ઓ.પી.ડી.માં અને ૬૪૩૦ દર્દીઓ આઇ.પી.ડી.માં, જી.સી.આર.આઇ.માં ૨ લાખ ૬૯,૫૮૬ અને આઇ.પી.ડી.માં ૭૭,૧૬૯ આ બધી તો સગવડની વાત કરી. પણ હોસ્પિટલ પેશન્ટ કેર ઇમ્પ્રુવમેન્ટ પણ મહત્ત્વની છે અને આપણે એને પણ હાથમાં લીધું છે. હવે કોઇપણ માણસ મોટી હોસ્પિટલમાં જાય, મોટી હોસ્પિટલ હોય એટલે ત્યાં ક્યાં જવું એ ખબર ન પડે. હોસ્પિટલમાં ' મે આઇ હેલ્પ યુ?' કરી અને માણસ બેઠો તો એને ૫૦ ટકા રાહત થઇ જાય કે મારે ક્યાં જવાનું છે અને તરત જ સારવાર મળી રહે એ પ્રકારની શરૂઆત આપણી સરકારે ગઇ વખતથી ચાલુ કરી દીધી છે. સુવિધાજનક અને શ્રેષ્ઠ બનાવવાના લક્ષ સાથે આ પ્રવૃત્તિ ચાલુ કરી છે. હાલ આ મિશન રાજ્યની ૯૩ જાહેર આરોગ્ય સંસ્થાઓમાં ચાલુ કરેલ છે. ગવર્નમેન્ટ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ૬, જી.એમ.ઇ.આર.એસ.માં ૧૩, ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલમાં ૧૬ અને સબ ડિસ્ટ્રિક હોસ્પિટલમાં ૫૮ જગ્યાએ આપણે આ હોસ્પિટલ પેશન્ટ કેર ઇમ્પ્રુવમેન્ટ મિશનની શરૂઆત કરી ચૂકયા છીએ. બીન ચેપી રોગો માટે પણ આપણે ખૂબ સતર્ક છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુરુવારે મમતા દિવસ અને શુક્રવાર એટલે એન.સી.ડી. નોન કોમ્યુનિકેબલ ડિસીઝ માટે કોઇને બી.પી. છે, કોઇને ડાયાબિટીસ છે. કોઇને કિડનીની તકલીફ છે તો ત્યાં જ એને ખબર પડે આપણે એનું ચેકિંગ કરીએ છીએ અને ચેકિંગના આધારે નક્કી થઇ શકે. ઘણી વખત ગ્રામ્ય વિસ્તારની અંદર બી.પી. હોય તો પણ ખબર ન હોય. એને કંઇ મુંજારો થતો હોય કે નાનીમોટી તકલીફ હોય તો ચલાવી લેતો હોય પરંતુ આ એન.સી.ડી. નોન કોમ્યુનિકેબલ ડિસીઝની તપાસ થાય તો ત્યાં એને પહેલી જ વખત ખબર પડે કે મને તો બી.પી. છે. મને તો ડાયાબિટીસ છે એટલે એની બાકીની લાઇફ પણ ક્વોલિટીવાળી થાય એના માટે પહેલું સ્ક્રીનિંગ જરૂરી છે અને એ સ્ક્રીનિંગ કરવાનું કામ કર્યું છે જેથી એની બી.પી.ની દવાઓ, ડાયાબિટીસની દવાઓ એ પી.એચ.સી., સી.એચ.સી. અને સારા ડોકટરો પાસે દવાના ડોઝ સાથે એ પોતાનું જીવન જીવતો થાય એ પ્રકારનું આપણે કર્યું છે. બીન ચેપીનું ગુજરાતની અંદર ડાયાબિટીસ ૧૬.૯ ટકા, સ્ત્રીઓ ૧૫.૮ ટકા, બી.પી.માં ૨૦.૩ ટકા, સ્ત્રીમાં ૨૦.૬ ટકા છે અને એન.સી.ડી. સેલ અંતર્ગત..

અધ્યક્ષશ્રી : એક મિનિટ, તમે ત્રણેય જણા બેસવા માટે બીજું કોઇ લોકેશન લઇ લો. મંત્રીશ્રી બોલે છે એની પાછળ તમે બેઠા છો અને ફરી બીજી વખત જે પણ પ્યૂનમાં હોય એ મંત્રીશ્રી કે ધારાસભ્યશ્રી બોલતા હોય એની પાછળ તમારો ફોટો ન આવવો જોઇએ. કેમેરાવાળા પણ ધ્યાન રાખે અને બેસવાવાળા પણ ધ્યાન રાખે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારના આંકડા મુજબ રાજ્ય તમામ જિલ્લા, કોર્પોરેશન ખાતે એન.સી.ડી. અંતર્ગત રાજયના ૩૦ વર્ષથી કે તેથી ઉપરની વયના ૩,૭૦,૦૦,૦૦૦ લોકો છે એ પૈકી ૨,૬૬,૦૦,૦૦૦ લોકોનું આપણે સ્ક્રીનિંગ કરી ચૂકયા છીએ. ખૂબ મોટી આ ઉપલબ્ધી છે. ચેપી રોગોમાં પણ આપણે ખૂબ આગળ વધી રહ્યા છીએ. વર્ષ ૨૦૨૩ના વૈશ્વિક સ્તરે ટી.બી.ના અંદાજિત ૭૫,૦૦,૦૦૦ કેસોની નોંધણી થયેલી છે. ભારતમાં અંદાજિત ૨૭,૦૦,૦૦૦ ટી.બી.ના કેસો નોંધાયા છે એમાંથી ગુજરાતમાં ૨૦૨૩માં ૧,૪૪,૪૩૭ ટી.બી.ના દર્દીઓ શોધાયા છે જેમાં ભારત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ લક્ષ્યાંક સામે આપણે ૧૦૩ ટકાની સિદ્ધિ હાંસલ કરી છે અને ટી.બી. જેને થયો હોય એ ગરીબ લોકો હોય તો એને જે સરકાર તરફથી મદદ મળે છે એ તો મળે જ છે, એને પૂરક પોષણ પણ મળતું હોય છતાં પણ કંઇ ખૂટતું હોય તો સાહેબે નિક્ષય પોર્ટલની મદદથી એને એડોપ્ટ લેવાનું એક પરિવારને એક જણ એડોપ્ટ લે, એને ૬ મહિના સુધી એની સારવાર ચાલે ત્યાં સુધી એને પૂરક પોષણ આપે, દવાઓ પણ નિયમિત અપાવે કારણકે આમાં એક વખત દવાઓની શરૂઆત થાય અને વચ્ચે જો બ્રેક થાય તો એ ટી.બી. અઘરો થઇ જાય તો એ અઘરો ટી.બી. ન થાય એની ચિંતા પણ રાજ્ય સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિક્ષય મિત્ર ૯૧૧૫ પોર્ટલમાં આપણે નોંધ્યા છે. ૫૭૩૮૭ સંમતિ લોકોએ આપી છે કે અમે વધારાનું પૂરક પોષણ લઇશું અને નિક્ષય મિત્ર દ્વારા આપણે એ લોકોને પોષણ આપીએ છીએ. ટી.બી.ના દર્દીઓને ૨,૩૧,૧૦૩ પોષણ કીટ આપીએ છીએ અને ગુજરાત રાજ્ય દેશના અન્ય રાજ્ય કરતા આ બાબતમાં અગ્રેસર છે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ જે નિક્ષય પોર્ટલ મૂકયું અને એમાં ગુજરાતે સૌથી વધારે નિક્ષય મિત્રો નોંધ્યા છે અને સૌથી વધારે આપણે ટી.બી.ની કીટો આપી રહ્યા છીએ. હજુ પણ આપણે સૌ આપણા વિસ્તારોની અંદર કયાંક કોઇક એવા દર્દીઓ હોય કે જેને પૂરક પોષણની જરૂર હોય તો આપણે પણ જો એક કર્યો હોય તો બીજો કરીએ. બે કર્યા હોય તો ચાર કરીએ. આપણે સૌ ધારાસભ્ય મિત્રો અહીંથી જઇને ટી.બી. માટે આપણા વિસ્તારની અંદર કોઇને પણ પૂરક પોષણની જરૂર હોય તો એને એડોપ્ટ કરીને વધારાનું પૂરક પોષણ આપવાની પણ ચિંતા આપણે સૌએ કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, રેફરલ સુવિધાઓનું માળખું – ૧૦૮ એમ્બ્યુલન્સ સેવાઓ માર્ગ અકસ્માત હોય, સગર્ભાની પીડા હોય, દરેકના માનસ પટલ ઉપર મદદ માટે જો કોઇનું પહેલું નામ આવતું હોય રસ્તામાં એક્સિડંટ થયો હોય અને કોઇ ત્યાંથી પસાર થાય કે તરત જ ૧૦૮ એવું રૂપકડું નામ થઇ ગયું છે. વર્ષ ૨૦૦૭માં ૧૦૮ની આપણે અહીંયા શરૂઆત કરી હતી. શરૂઆતમાં તો લોકો એને મોદીગાડી કહેતા. ૧૦૮ પણ ન કહેતા પણ મોદીગાડી કહેતા. આવી ૧૦૮ આખા રાજયની અંદર

અત્યારે રિસ્પોન્સ ટાઇમ ૧૬ મિનિટનો છે. માનનીય અધ્યક્ષશ્રી, શહેરોમાં ૧૧ મિનિટ અને ગામડાંઓની અંદર, દૂરદરાજ ગ્રામ્ય વિસ્તારની અંદર ૧૮થી ૧૯ મિનિટની અંદર તમે ૧૦૮ ડાયલ કરો એટલે બે રિંગ તો બહુ જ થઇ ગઇ, બીજી કે ત્રીજી રિંગે તરત જ ટેલિફોન ઉપડી જાય તે પ્રકારની વ્યવસ્થાઓ સાથે તેનાં ૧૬ વર્ષ પૂરાં કર્યાં છે. સફળતાનાં વર્ષ પૂરાં કર્યાં એટલું જ નહીં ક્વોલિટી અને કવોન્ટિટીમાં પૂરા કર્યા છે. એકપણ ફોનની ફરિયાદ આજદિન સુધીમાં કોઇ ધારાસભ્યશ્રી ઉપર નહીં ગઇ હોય, કોઇ ઓફિસમાં નહીં ગઇ હોય.

અધ્યક્ષશ્રી : બધા લોકો મજાકમાં કહે છે અને ડાયરામાં ચર્ચા ચાલે છે કે, યમરાજાના પાડા પહેલાં ૧૦૮ પહોંચી જાય છે અને બચાવી લે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૦૮ આપણા રાજ્ય માટે ગૌરવનો વિષય છે. વર્ષ ૨૦૦૮માં ૫૩ એમ્બ્યુલન્સથી ચાલુ થઇ હતી અને આજે ૧૬ વર્ષ બાદ ૮૦૦ એમ્બ્યુલન્સ, ૨ બોટ અને ૬.૫ કરોડની વસતિ અને અત્યારે તો આપણે ૭ કરોડે પહોંચી ચૂક્યા હોઇશું. આટલા બધા નાગરિકોની રાઉન્ડ ધી કલોક સેવા આ ૧૦૮ કરી રહી છે. પ્રસૂતા માતા, બાળ આરોગ્યની સંભાળમાં ખિલખિલાટ ગાડી, ૪૧૪ જેટલાં વાહનો દ્વારા ૧૭૦૪ જેટલી સરકારી હોસ્પિટલમાં આ માતાઓને ઘરે પહોંચાડી શક્યા છીએ. ઘણી વખત ગામડાની અંદર તાજુ જન્મેલું બાળક હોય, એક–બે દિવસ થયા હોય અને ઘરે જવાની ઉતાવળ કરતા હોય, ઘરે જવા માટે રિક્ષામાં જાય, તેને પકડીને લઇ જવા પડે. ચાલીને જાય એટલે વાતાવરણની અંદર તેને કયાંકને કયાંક ચેપ લાગવાની સંભાવના રહેતી હોય છે. ખિલખિલાટ ગાડીની અંદર ખૂબ સુંદર વાતાવરણની અંદર ઘરે પહોંચાડવાનું કામ આપણે કરી રહ્યા છીએ. ૧૦૮ની સેવાઓ ૩૭૦૦થી ૪૦૦૦ દર્દીઓને કટોકટીના સમયમાં આપણે નિઃશુલ્ક સેવા આપીએ છીએ. આ ગૃહ આજે ચાલ્યું તે દરમ્યાન પણ લગભગ ૫થી ૬ હજાર જેટલા દર્દીઓને આ સેવા મળી ચૂકી હશે. આવી સુંદર પ્રકારની આ વ્યવસ્થાઓ છે.

અધ્યક્ષશ્રી : ખિલખિલાટનું સાઇરન જે હસતું હસતું બોલે છે તે હવે ચાલુ રાખો છો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ જ ચાલુ છે સાહેબ ખિલખિલાટ, ખિલખિલાટ. પ્રતિ કલાકે ઓછામાં ઓછા ૨૦થી ૨૫ લોકોનો જીવ આપણે ૧૦૮ એમ્બ્યુલન્સ થકી બચાવીએ છીએ. ૧૪.૫૯ લાખથી વધુ વિકટ પરિસ્થિતિમાં મૂકાયેલી માનવ જિંદગીનો બચાવ કરી ચૂક્યા છીએ. ૫૩.૮૧ લાખ કરતાં વધુ પ્રસૂતા માતાઓને કટોકટીમાં મદદ કરી છે. ખિલખિલાટ દ્વારા બે કરોડ જેટલા લોકોએ સેવા મેળવી હશે. આરોગ્ય સંજીવની રાજ્યની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઇ ગામડાઓમાં ગ્રામજનોને તબીબી સારવાર ઘર આંગણે મળી રહે તે હેતુથી તા.૧૪ ઓગસ્ટ ૨૦૧૪થી તબક્કાવાર કુલ ૭૩ આરોગ્ય સંજીવની મેડિકલ મોબાઇલ યુનિટ કાર્યરત કર્યા છે. જે તે વિસ્તારની ભૌગોલિક પરિસ્થિતિને ધ્યાને લઇ મોબાઇલ હેલ્થ યુનિટ અને સામાન્ય વિસ્તાર માટે મોબાઇલ મેડિકલ યુનિટ, આદિવાસી વિસ્તારો માટે પી.પી.પી. ધોરણે સંચાલન કરી રહ્યા છીએ. આ સેવા હેઠળ ૧,૩૬,૧૯,૯૩૦ કરતાં વધારે લોકોએ છેવાડાના દુર્ગમ વિસ્તારનાં ગામડાઓમાં આનો લાભ લીધો છે. સ્માર્ટ રેફરલની મેં વાત કરી છે. આ રાજ્યની ૨૩૭૩ જેટલી સરકારી હોસ્પિટલને સ્માર્ટ રેફરલ હેઠળ કાર્યાન્વિત કરી ચૂક્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ખોરાક ઔષધ નિયમનમાં ૩૩ ટકા જેટલો આપણા રાજ્યનો ફાળો રહ્યો છે. નિકાસમાં ૨૮ ટકા જેટલો ફાળો છે. ફાર્માસ્યુટિકલ્સમાં આપણે જે જમ્પ માર્યો છે તેની વાત કરું તો આખા ભારત દેશની અંદર ગુજરાત ફાર્માસ્યુટિકલ હબ તરીકે ઓળખાય છે. તેમાં જે દવાઓ બને છે, કેવળ ફોર્મ્યુલેશન નહીં, કાચો માલ લાવી દવા, ટેબલેટ બનાવી અથવા તો શીશીની અંદર પ્રવાહી ભરીને દવા તૈયાર કરવી એટલું નહીં, પરંતુ અહીં રો–મટિરિયલ બને તેના માટે કામગીરી થઇ રહી છે. ચાઇનાથી સૌથી વધારે માલ આપણે ત્યાં ઇમ્પોર્ટ કરવો પડે છે. ઇમ્પોર્ટ કરવો ના પડે અને એક જ જગ્યાએ આ રો–મટિરિયલ તૈયાર થાય તેના માટે ભરૂચની અંદર બલ્ક ડ્રગ્સ પાર્કનું નિર્માણ કરવા જઇ રહ્યા છીએ. બલ્ક ડ્રગ્સ પાર્ક થકી આપણું કિમતી હૂંડિયામણ ચાઇના જેવા કન્ટ્રી ખેંચી જાય છે તે બચી જશે. અહીં આગળ બલ્ક ડ્રગ્સ પાર્કની અંદર આવીને મેન્યુફેકચરિંગ કરીને સીધો ધંધો કરી શકે તે પ્રકારની વ્યવસ્થાઓ કરવા જઇ રહ્યા છીએ. ઇ.સી.થી લઇ કોમન ટ્રિટમેન્ટ પ્લાન્ટ, ઇન્ફલુઅન્ટ પ્લાન્ટ આ બધું જ રાજ્ય સરકાર કરી આપે તે પ્રકારની વ્યવસ્થા આપણે ભરૂચમાં કરીએ છીએ. તે આવીને ઉત્પાદન કરે અને બાકીની બધી ચિંતા રાજ્ય સરકાર કરે અને કાચો માલ પેદા કરે, એ.પી.આઇ. પેદા કરે તે પ્રકારની વ્યવસ્થા આપણે કરી છે. એટલું જ નહીં પણ આપણે ૫૦ ટકા જેવા નાની નાની ડાઇગ્નોસ્ટિક વસ્તુઓ આપણે બનાવીએ છીએ પરંતુ મોટા અને નાના એક જ જગ્યાએ પેદા થાય એના માટે રાજકોટને પસંદ કર્યું છે. ડાઇગ્નોસ્ટિક પાર્ક એટલે ત્યાં આગળ મેડિકલ ડિવાઇસ બને એ પ્રકારની કલ્પના આપણે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારે દરેક જગ્યાએ ક્યાંક ટેક્સટાઇલ્સ પાર્ક હોય, ક્યાંક એગ્રો પાર્ક હોય અને આ વખતે આ બે વસ્તુ એક મેડિકલ બલ્ક ડ્રગ્સ પાર્ક અને મેડિકલ ડિવાઇસ પાર્ક આ બે પાર્ક આવતા સમયમાં ફાર્માસ્યુટિકલમાં ગુજરાતને ખૂબ મોટો જમ્પ અપાવશે. હમણા અહીંયા આગળ કાર્યક્રમ થયો એ દરમ્યાન દુનિયાભરના અને દેશભરના વેપારીઓ આવ્યા હતા એમણે આમાં ખૂબ રસ લીધો છે. આવતા સમયમાં આ બંને સેગ્મેન્ટની અંદર જ્યાં હજુ આપણને એમ લાગે છે કે, ભારત પાછળ છે, ગુજરાત પાછળ છે એમાં આગળ વધવા માટે અને મોટા જમ્પ માટેની વ્યવસ્થા કરવાનો બિલકુલ નિશ્ચય કરી ચૂક્યા છીએ. માનનીય અધ્યક્ષશ્રી, નવી ટેસ્ટિંગ લેબની ફેસેલિટી પણ સુરત ખાતે કરવા જઇ રહ્યા છીએ, અત્યારે

વડોદરામાં ચાલુ છે પરંતુ ત્રણ શિફ્ટ આપણે ચલાવવી પડે છે એટલે આ વખતે સુરતમાં પણ નવી લેબ ટેસ્ટિંગની વ્યવસ્થા કરવાની આપણે ચિંતા કરી છે અને વડોદરા ખાતે ગયા વર્ષે આપણે એનું લોકાર્પણ કરી દીધું હતું. આ વડોદરાની લેબમાં ખોરાકના ૧૨૦૦૦ નમૂનાઓનું ટેસ્ટિંગ કરેલ છે. ટેસ્ટિંગનો જે સમયગાળો છે એની વાત કરું તો આજે દવા આવી એ ટેસ્ટ થઇને આપણા હાથમાં આવે એ ડ્યુરેશન ઘટાડવાના ધ્યેય સાથે કારણ કે, આ જે દવાઓ આવતી હોય છે, આ જે નમૂનાઓ આવતા હોય છે એ સરકારી વિભાગોમાંથી મોટા ભાગના આવતા હોય એ ત્યાં મોકલે અને ત્યાં મોકલ્યા પછી ટેસ્ટિંગ થઇને આપણા હાથમાં રિપોર્ટ આવે એ ડ્યુરેશન ઘટાડવા માટે પણ સરકાર કટિબદ્ધ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાષ્ટ્રીય અંધત્વમાં પણ આપણે દર વર્ષે ખૂબ સારું કરતા રહ્યા છીએ. વર્ષ ૨૦૦૧માં ૪ લાખ જેટલા ઓપરેશનો આપણે કરતા હતા. વર્ષ ૨૦૨૨-૨૩માં ૭ લાખ જેટલા કરીએ છીએ. કોઇ પ્રાઇવેટમાં જાય તો ૭૦થી ૮૦ હજાર રૂપિયાની નેત્રમણી મૂકવામાં આવે છે. એવી નેત્રમણી સરકારી હોસ્પિટલમાં બિલકૂલ ફ્રી આપવામાં આવે છે. આ પ્રકારની સારવાર આપણે ત્યાં આપવામાં આવે છે. ટેલિમેડિસનની વ્યવસ્થાઓ આપણે ખૂબ વિસ્તારી ચૂક્યા છીએ. ટેલિમેડિસન પ્રોગ્રામમાં નવીનતમ પ્રયાસ અંતર્ગત જિલ્લા કક્ષાના હબ સ્થાપિત કરવાની યોજના કરી છે. જિલ્લાદીઠ ૩ સ્પેશિયાલિસ્ટ આપણે ફાળવ્યા છે. ટેલિમેડિસિન પોર્ટલ ઉપર ૩૯૯૪ ડોકટર, ૮૪૩૨ કોમ્યુનિટી હેલ્થ ઓફિસર રજિસ્ટર્ડ કર્યા છે. ૧૦૧૦૭ હેલ્થ ફેસિલિટી આપણે રજિસ્ટર્ડ કરી ચૂક્યા છીએ, ટેલિ કન્સલ્ટેશનનો ૮૧,૬૯,૦૭૪ લાભાર્થીઓએ લાભ લીધો છે અને હવે આ ઇ-સંજીવની ઓ.પી.ડી. એપ્લિકેશન દ્વારા ડોકટરનો સંપર્ક કરી અને મોબાઇલ ઉપર પ્રિસ્ક્રિપ્શન મેળવી નજીકના સરકારી દવાખાનામાં દવા મળી શકે એ પ્રકારની વ્યવસ્થા આપણે કરી છે. પી.એમ.જે.એ.વાય.ની વાત મારે કરવી નથી. ૩ હજાર કરોડ રૂપિયા આ વખતે બજેટમાં આપણે ફાળવ્યા છે. વસતિની દૃષ્ટિએ, વિસ્તારની દૃષ્ટિએ કદાચ કોઇ કલેમ ચૂકવવામાં નંબર ઓફ પેશન્ટમાં આગળ હોઇએ પણ મારી પાસે આંકડા નથી પરંતુ દાવા સાથે કહેવું છે કે, જેટલી વસતિ ગુજરાતમાં છે એ તમામ વસતિ સુધી આપણે પહોંચવાનો ભગિરથ પ્રયાસ કર્યો છે. ૨ કરોડ ૩૮ લાખ કાર્ડ આપણે કાઢી ચૂક્યા છીએ અને હજુ પણ આપણે અટક્યા નથી, હજુ કાર્ડ કાઢવાનું અને પ્રત્યેક ઘર સુધી આરોગ્ય સુવિધાઓ પહોંચી શકે એનો પ્રયત્ન હજુ પણ ચાલુ જ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાન્સપ્લાન્ટેશનની વાત કરું તો અંગદાન આપણા રાજયમાં ખૂબ સારી રીતે પહોંચી ચૂક્યું છે. કોઇ વ્યક્તિ બ્રેઇન ડેડ થયો હોય તો અંગદાન કરી શકે એ માટે અંગોનું પ્રત્યારોપણ કરવા માટે કાર્યકર્તાઓ દ્વારા અંગદાન સુધી પહોંચાડવાની આખી વ્યવસ્થામાં રાજય સરકાર ખૂબ સફળ રહી છે.અને હજુ આ પ્રવૃત્તિ સોટોના માધ્યમથી આગળ વધે તેના માટેનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. ખૂબ બધા આંકડાઓ છે પણ આંકડાઓમાં જતો નથી. સિકલસેલ એનિમિયામાં પણ આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ જયારે પ્રચારક હતા ત્યારે જે દક્ષિણનો આદિવાસી પટ્ટો છે તેમાં એમનો ખૂબ પ્રવાસ રહેતો હતો અને આ સિકલસેલ એનિમિયાનો જે વિષય હતો એ એમના ધ્યાનમાં આવ્યો.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૬થી આપણા ગુજરાતે આમાં ઇનિશિયેટ લીધું છે. ૧ કરોડ ૨ લાખથી વધુ આદિજાતિ વસતિના આ કાર્યક્રમમાં આપણે આવરી લીધા છે અને તેમાંથી ૯૯ ટકા લોકોનું સ્ક્રિનિંગ કરી ચૂક્યાં છીએ. સિકલસેલના લક્ષણો ધરાવતી વ્યકિતઓની સંખ્યા ૭.૨ લાખ. સિકલસેલના દર્દીઓ ૩૨ હજાર એટલે સિકલસેલની અંદર ગુજરાતે આખા દેશની અંદર પ્રથમ પહેલ કરી છે કારણ કે મોદી સાહેબ હતા. આદરણીય પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબ તત્કાલીન મુખ્યમંત્રી હતા એટલે આદિવાસીઓની સિકલસેલની અંદર ચિંતા કરી એમણે ઇનિશિયેટ લીધું હતું. દેશમાં તેમણે સિકલસેલનો કાર્યક્રમ લોન્ચ કર્યો છે પરંતુ ગુજરાતે પહેલેથી જ એ ઇનિશિયેટ એમના જ સમયમાં કરી ચૂકયું છે. આયુષની સેવાઓ પણ ખૂબ સારી રીતે આપણે વિસ્તારી રહ્યા છીએ. ઉત્તર ઝોન હોય, મધ્ય ઝોન હોય, દક્ષિણ ઝોન હોય, સૌરાષ્ટ્ર હોય, કચ્છ હોય દરેક જગ્યાએ સારી રીતે આયુષનો જે વિચાર દુનિયાએ સ્વીકાર્યો છે, ત્યારે એ ઋષિકાળથી ચાલતી પરંપરા આપણા રાજયે સ્વીકારી અને આયુષ સાથે ખૂબ બધા લોકો હવે જોડાતા થયા કેવળ એલોપેથી ઉપર નહીં, પરંતુ પ્રારંભિક જે સારવાર લેવાનો વિષય હોય એટલે આયુર્વેદ તરફ વળવાવાળા લોકોની સંખ્યા ખૂબ મોટા પ્રમાણમાં વધી છે અને વધી છે કારણ કે તેનો પ્રચાર, પ્રસાર અને સાથે તેની મહત્તા પ્રધાનમંત્રી મોદી સાહેબે આખી દુનિયાને સમજાવી છે અને તેના કારણે આજે આયુષમાં દરેક ઝોનમાં ઘણી બધી આયુર્વેદિક હોસ્પિટલો, હોમિયોપેથિક હોસ્પિટલોનો આપણે પ્રચાર, પ્રસાર પણ કર્યો છે અને વધારી પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ૫૭૯ આયુર્વેદિક દવાખાના, ૨૭૨ હોમિયોપેથિક દવાખાના, ૩૩૯ આયુર્વેદ દવાખાના, ૨૬ હોમિયોપેથિક દવાખાના એમ કુલ-૩૬૫ સરકારી આયુર્વેદ અને હોમિયોપેથિક દવાખાનાઓને અપગ્રેડ કરી આયુષ હેલ્થ અને વેલનેથ સેન્ટર તરીકે કાર્યરત કરવામાં આવ્યાં છે. ખૂબ બધુ કામ એમાં કર્યું છે. કાયદામાં પણ જે શરૂઆતમાં વર્ષ ૨૦૦૧-૦૨ની જે પરિસ્થિતિ આખા રાજયની અંદર હતી અને જો દેશની વાત કરું તો દેશમાં પણ હમણાં જ આદરણીય સી.જે.રાજકોટ આવ્યા હતા. રાજકોટનું જે બિલ્ડિંગ જોયા પછી તેમના જે ઉદગાર હતા કે આ હાઇ જ્યુડિશિયરી માટેનું મકાન છે એવા તેમના ઉદગાર હતા. તાલુકાથી લઇ અને હાઇકોર્ટ સુધી આખી જે ન્યાય પ્રણાલી અને ઇન્ફ્રાસ્ટ્રકચર વ્યવસ્થા છે તે આપણે પૂરી કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું બીજી આગળ વાત નહીં કરું પરંતુ માનનીય ડો.કિરીટભાઇએ જે વાત કરી છે તેમાં થોડી વાત કરી લઉં. રાજયમાં સરકારી વકીલોની સંખ્યા પૂરતી છે. રાજયમાં હાલ ૫૮૧ આસિસ્ટન્ટ પબ્લિક પ્રોસિકયુટર કાર્યરત છે.

એડિશનલ પી.પી., એ.જી.પી.ની ૧૫ જિલ્લાઓમાં નવી પેનલની રચના કરવાની કાર્યવાહી પ્રગતિમાં છે. પી.એમ.જે.વાય. યોજનામાં મેં જે વાત કરી તેમ રૂપિયા બાકી નથી. પેમેન્ટ બધુ ચૂકવવા માંડયુ છે, ચૂકવાઇ ગયુ છે. ૫,૬,૭ અને ૮ની જે પોલિસી હતી, તેમાં રૂ.૪૫૦.૬૭ કરોડનું પેમેન્ટ કરવામાં આવેલ છે તેમજ આ સિવાયના રૂટિન પેમેન્ટ એ પણ હવે પ્રોસેસમાં છે. અને જે ચાલુ પોલિસી ૮ છે અત્યાર સુધીમાં રૂ.૧૫૫૬ કરોડના કલેઇમના આપણે પેમેન્ટ કરી દીધા છે. પાટણ જિલ્લામાં જે વાત કરી એ હોસ્પિટલો દ્વારા દર્દીઓને લાભ આપવા, ન આપવાની બાબત સાચી નથી. તેમજ પી.એમ.જે.વાય.યોજનાના હોસ્પિટલ એસોસીએશન દ્વારા આ બાબતે પ્રેસમાં રદિયો આપ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, જી.એમ.ઇ.આર.એસ. સોસાયટીની વાત કરીએ તો સોસાયટીના તારીખઃ ૧-૮-૨૦૧૪ મુજબ ભરતી નિયમો અમલમાં છે. એન.એમ.સી.ના વખતો વખતના અદ્યતન લાયકાત મુજબ ભરતી નિયમો બનાવવામાં આવે છે. તાજેતરમાં એન.એમ.સી.ના નિયમો અનુસાર ભરતી નિયમો સુધારા માટે રજૂ કર્યા છે. બદલી, બઢતી તે સરકારશ્રીના ધારા-ધોરણ મુજબ થાય છે. જી.એમ.એસ.સી.એલ.માં ડ્રગ લિસ્ટમાં ૬૪૮ પાવરની ખરીદી કરવામાં આવે છે. એ ઉપરાંત બીજી ૨૭ નોન એસેન્શિયલ ડ્રગ લિસ્ટની દવાઓની ખરીદી કરવામાં આવે છે. છેલ્લાં વર્ષમાં રૂપિયા ૪૬૩ કરોડની દવાઓ સપ્લાય કરી છેઅને વેર હાઉસ ખાતે રૂ.૧૦૨ કરોડની દવાઓ અત્યારે આપણી પાસે સ્ટૉકમાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, હાર્ટ ઍટેક માટેની વાતમાં ક્યાંય સત્યતા નથી. આપણે કમિટી બનાવી હતી. એનો રિપોર્ટ પણ આપણી પાસે આવ્યો છે. ખાનગી હૉસ્પિટલો જેવી કે યુ.એન. મહેતામાં ૧ ટકા કરતા વધારે હાર્ટ ઍટેકના દર્દીઓ માલૂમ નથી પડ્યા. આ હાર્ટ ઍટેકના કારણે લોકોમાં અવેરનેસ પણ આવી છે એટલે બૉડી ચેક-અપનું પ્રમાણ પણ વધ્યું છે. હાર્ટ ઍટેક માટે વૅક્સિન ક્યારેય જવાબદાર નથી. ઘણી જગ્યાએ આવો પ્રચાર ચાલતો હોય છે. એવો સહેજ પણ વિષય નથી. આપણે અટોપ્સી પણ કરીએ છીએ અને રાજ્ય બિન ચેપી રોગો દ્વારા એની તપાસ પણ કરીએ છીએ. હાઇકોર્ટના જજની નિમણૂક નામદાર સુપ્રીમકોર્ટની ભલામણોના આધારે થાય છે. અત્યારે ૫૨ જગ્યા છે એમાંથી ૩૦ ભરાયેલી છે. રાજ્ય સરકારની ફરજનો ભાગ છે એમાં ગત બજેટમાં ૧૦૧ ડિસ્ટ્રિક્ટ જજ, ૨૫ સિનિયર સિવિલ જજ અને ૫ સિવિલ જજ એમ કુલ મળી ૧૩૧ જજની જગ્યા મંજૂર કરેલ છે. આ વર્ષે ૨૦૨૪-૨૫માં પણ ૮૦ ફેમિલી કોર્ટ માટે ૮૦ ડિસ્ટ્રિક્ટ જજની જગ્યા સાથે ૭૨૦ કોર્ટ સ્ટાફની જગ્યાની પણ બજેટમાં જોગવાઇ કરી છે. હાઇકોર્ટ સ્ટાફ માટે ૭૨૩ની મંજૂરી આપેલ છે. ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને તાલુકા કોર્ટમાં ૪૭૨૬ સ્ટાફની જગ્યા મંજૂર કરેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઇન્ફ્રાસ્ટ્રક્ચરની વાત કરીએ તો લગભગ જોટાણા સિવાય ક્યાંય હવે કોર્ટ બનાવવાની બાકી નથી અને જોટાણામાં પણ કેવળ વિવાદ છે. બાકી તાલુકાથી લઇ હાઇકોર્ટ સુધીની સફર આપણે પૂરી કરી છે. પોક્સો કોર્ટમાં પૂરતો સ્ટાફ નથી. એક્સક્લુઝિવ ૫૪ કોર્ટ છે. ૫૧ ડેઝિગ્નેટેડ કોર્ટ છે. આમ કુલ ૧૦૫ પોક્સો કોર્ટ હાલમાં કાર્યરત છે. તેમાં છેલ્લાં બે વર્ષમાં ૧૪૯૭૩ કેસોનો નિકાલ કરવામાં આવ્યો છે અને બે વર્ષમાં નાર્કોટિક્સના ૪૩૧૬ કેસોનો નિકાલ કર્યો છે. આરોગ્ય વિભાગમાં તો બધા એ સામૂહિક ચિંતા કરવાનો વિષય છે. આમાં નમોશ્રી ઉપર કાપ દરખાસ્ત ના હોઇ શકે. નવી હૉસ્પિટલોના બાંધકામ ઉપર કાપ દરખાસ્ત ન હોઇ શકે. દવાઓની ખરીદી ઉપર ના હોઇ શકે. મારી આખી વાત સાંભળ્યા પછી જે મિત્રો બેઠા છે એ કાપ દરખાસ્ત પાછી ખેંચી લેશે એવો મને પૂરો વિશ્વાસ છે. પહેલી વખત રાજ્ય એક નવો ચીલો પ્રસ્થાપિત કરે કે આરોગ્યની વાત આવે એટલે ૧૮૨ ધારાસભ્યો એક છે. ધન્યવાદ.

માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં આદિપુર ખાતે રામબાગ હૉસ્પિટલ આવેલી છે. જે સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ છે. પૂર્વ કચ્છ જિલ્લામાં એક પણ જિલ્લા કક્ષાની હૉસ્પિટલ નથી અને પશ્ચિમ કચ્છમાં જે હૉસ્પિટલ છે એ પી.પી.પી. ધોરણે ચાલે છે. રામબાગ હૉસ્પિટલને જો જિલ્લા કક્ષાની હૉસ્પિટલ બનાવવામાં આવે તો પૂર્વ કચ્છના ચાર તાલુકા અને પાંચ શહેરને એનો લાભ મળી શકે એમ છે. આપશ્રીના માધ્યમથી મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે રામબાગ હૉસ્પિટલને જિલ્લા કક્ષાની હૉસ્પિટલ જાહેર કરવામાં આવે.

શ્રી અરવિંદભાઇ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારો ધરમપુર વિસ્તાર એ મહારાષ્ટ્રને અડીને આવેલો વિસ્તાર છે અને આદિવાસી વિસ્તાર છે. એમાં અત્યારે ૧૫૦ બેડની મંજૂરી મળેલી છે. દરરોજના ૨૫૦ કરતાં પણ વધારે દર્દીઓ આવે છે અને માસિક ૪૦૦થી ૫૦૦ મહિલાઓની ડિલિવરી થાય છે. એમાં બ્લડ બેંકની મંજૂરી મળેલ છે પણ સ્ટાફના અભાવે હજુ એ કાર્યરત થયેલી નથી. ચોમાસાની સિઝનમાં જે ગામના લોકો આવે એના માટે રેન બસેરા જેવું આયોજન થવું જોઇએ. એ લોકો ગંદકી વધારે કરે છે. આ ઉપરાંત ક્વાર્ટર જર્જરિત છે તો એ વહેલી તકે થાય અને એક્સ-રે મશીનો પણ જૂના છે. એ નવા વસાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : માનનીય સચિવશ્રીઓને મારી વિનંતી કે એ લોકો આ બધું લખી રાખે. આ માગણીઓની પ્રાયોરિટી હોય છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું કે, માંડવીમાં એસ.ડી. કોર્ટ મંજૂર કરી. એક વર્ષ થવા છતાં તેને આનુષંગિક જે કંઇ બાબતો બાકી છે તે પૂર્ણ કરવા વિનંતી છે અને કચ્છ જિલ્લાના એન્ટ્રન્સમાં ભચાઉ મધ્યે ટ્રોમા સેન્ટર છેલ્લાં આઠ વર્ષથી બંધ હાલતમાં છે તે ટ્રોમા સેન્ટર ઝડપથી શરૂ થાય તેવી પણ વિનંતી છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનો ખૂબ ખૂબ આભાર માનું છું. મારા પાલીતાણામાં સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ મંજૂર થઇ ગઇ છે અને મારા ૧૦૨ પાલીતાણા વિધાનસભામાં ત્રણ તાલુકા આવે છે. ત્રણ તાલુકામાં આઠ પી.એસ.સી. છે અને ત્રણ નવા પી.એચ.સી. આપ્યા છે તે ત્રણ પી.એચ.સી.માં એમ્બ્યુલન્સ આપવા મારું સૂચન છે.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે મારા વિસ્તાર જંબુસર માટે કોર્ટ માટે તાલુકા પંચાયતના ભવનની બાજુમાં જગ્યા પણ મંજૂર થઇ ગયેલ છે, તાત્કાલિક આ કામ શરૂ થાય તો આ વિસ્તારના લોકોને ખૂબ સાનુકૂળતા રહે.

શ્રી કમલેશભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, પેટલાદ શહેરમાં સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલ આવેલી છે. વર્ષ ૧૯૯૮થી આજ દિન સુધી સિવિલનો દરજ્જો પ્રાપ્ત હૉસ્પિટલ, દાંતાઓ દ્વારા અને સર સયાજીરાવ ગાયકવાડ દ્વારા વર્ષ ૧૯૦૮માં બનેલું મકાન છે. તેનું નવું મકાન બનાવવા માટે આયોજન કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, જૂનાગઢ હૉસ્પિટલ રૂ.૭૫૦ કરોડના ખર્ચે મંજૂર થઇને શરૂ થઇ ગયેલ છે પણ તેનું સેટઅપ જૂનું છે. નવું સેટ અપ હજુ મંજૂર થયું નથી અને સ્ટાફની અછતના કારણે હૉસ્પિટલના મેન્ટેનન્સની સ્થિતિ બહુ ખરાબ છે. ડૉક્ટરો હાજરી પૂરાવીને જતા રહે છે તો હાજર રહે તેવી વ્યવસ્થા કરાવવા વિનંતી છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, પાવી–જેતપુરનું સી.એચ.સી. જર્જરિત હોય, નવું મકાન બનાવવામાં આવે અને છોટા ઉદેપુર તાલુકામાં મલાજા અને આંતરોલી ખાતે મંજૂર થયેલા નવા પી.એચ.સી.ના મકાનો બનાવવામાં આવે.

શ્રી જિતુભાઇ હ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, આયુષ્માન કાર્ડમાં જ્યારે હૉસ્પિટલમાં દર્દી એડમિટ થયા પછી કન્ફર્મેશન લીધા બાદ તેની સારવાર થાય. સારવાર થયા પછી બે ત્રણ મહિના પછી જ્યારે કેસ ઇન્સ્યોરન્સ કંપનીમાં જાય છે ત્યારે કંપની રિજેક્ટ કરે છે એટલે સરકારનું ખરાબ દેખાય અને ડિસ્પ્યૂટ ઊભો થાય છે તેનું નિરાકરણ લાવવામાં આવે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને જણાવવા માગું છું કે, રાજપીપળા સિવિલ હૉસ્પિટલમાં સિટી સ્કેનની સુવિધા હજુ સુધી ઉપલબ્ધ થઇ શકી નથી તો તે વહેલી તકે ઉપલબ્ધ કરાવવામાં આવે અને રાજપીપળા વિસ્તારમાં ખાનગી ડૉક્ટરને ત્યાં પી.એમ.જે.એ.વાય.ની કોઇ પણ સુવિધા ઉપલબ્ધ થઇ શકી નથી તે વહેલી તકે ઉપલબ્ધ થાય તે પ્રમાણેની વ્યવસ્થા કરવામાં આવે.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને સૂચન કરું છું કે, અમદાવાદની ખાનગી હૉસ્પિટલમાં છેલ્લા ૮–૧૦ દિવસથી આયુષ્માન કાર્ડ બંધ છે. ઘણા લોકોના ફોન પણ આવે છે. આ કાર્ડ ચાલુ કરવા માટે મારી વિનંતી છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા મત વિસ્તાર દિયોદરમાં આવેલ સામૂહિક આરોગ્ય કેન્દ્રને સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનો દરજ્જો આપવામાં આવે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, રાજકોટની પદ્મકુંવરબા હૉસ્પિટલમાં પાછળ નવી ગાયનેક હૉસ્પિટલ બનાવવા માટેનું બજેટ પણ મંજૂર થઇ ગયું છે પણ તે ચાલુ થઇ નથી તો તેને તાત્કાલિક ચાલુ કરવામાં આવે અને રોગી કલ્યાણ સમિતિમાં છેલ્લા એક વર્ષથી નવા સભ્યોની નિમણૂક થયેલ નથી તો તે પણ તાત્કાલિક કરવામાં આવે.

શ્રી કિરીટકુમાર કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઊંઝા મુકામે આવેલ કોટેજ હૉસ્પિટલમાં સો બેડની હૉસ્પિટલની સૈદ્ધાંતિક મંજૂરી મળેલ છે. જેનું પહેલા ફેઝનું કામ પૂર્ણ થઇ ગયેલ છે. પણ બીજા ફેઝનું કામ નાણા વિભાગની ગ્રાન્ટના અભાવે અટવાયેલ છે. તો ઝડપથી પૂર્ણ થાય એવી મારી વિનંતી છે.

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટની સિવિલ હૉસ્પિટલમાં પી.એમ. રૂમની સુવિધા નથી. આ સુવિધા તાત્કાલિક ઊભી કરવા વિનંતી છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજકોટ અને મોરબી વચ્ચે સ્ટેટ હાઇવે પર આવતા ટંકારાની સિવિલ હૉસ્પિટલમાં પરમેનન્ટ એમ.ડી. ડૉકટર નથી. સ્ટેટ હાઇવે હોવાથી અકસ્માતના સમયે ખૂબ જરૂર પડે છે. ડૉકટરની તાત્કાલિક નિમણૂક થાય એવી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, મારા કોડીનાર મત વિસ્તારમાં બે સી.એચ.સી. છે. એમાંથી એક સી.એચ.સી. કોડીનારને અપગ્રેડ કરવામાં આવે અને દરિયાઇ વિસ્તાર હોવાથી બોટ એમ્બ્યુલન્સની મેં રજૂઆત કરી છે એ બાબતે માનનીય મંત્રીશ્રી ઘટતું કરે. પી.એચ.સી. અને સી.એચ.સી. સેન્ટરમાં જે સ્ટાફની અછત છે એ પણ ઝડપથી પૂર્ણ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

તા. ૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં પાટડી અને લખતર એમ બે જગ્યાએ સી. એચ. સી. સેન્ટર છે. પાટડી સી. એચ. સી. નું બિલ્ડિંગ જર્જરિત હાલતમાં છે. તો નવા સી. એચ. સી. મકાનનું બાંધકામ કરવામાં આવે અને એને સબ ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલનો દરજ્જો આપવામાં આવે એવી મારી વિનંતી કરું છું.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, મારા વિસ્તારમાં સી. એચ. સી. સેન્ટર મંજૂર થઇ ગયેલ છે અને કામ પણ ચાલુ થયું છે. વડનગર એ આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સ્થળ છે. આ જગ્યાએ સિવિલ હૉસ્પિટલમાં ઘણા સમયથી રોગી કલ્યાણ સમિતિ મળી નથી. આ સમિતિના ચેરમેન તરીકે ગાંધીનગરના એક્ઝિક્યુટિવ ઓફિસર હોય છે. જિલ્લા કલેક્ટરશ્રીને આ સમિતિના ચેરમેન બનાવવામાં આવે તો આ રોગી કલ્યાણ સમિતિ મળે. સંકલનમાં પણ મેં આ પ્રશ્નની ચર્ચા કરી હતી. મારું સૂચન છે કે, આયુષ્યમાન કાર્ડ હોવા છતાં પણ વર્ક ન કરવાને કારણે હાર્ટ એટેકના કિસ્સામાં સારવાર માટે ડિપોઝિટ મૂકીને તરત જ ઓપરેશન કરવું પડે છે. તો એને ડિપોઝિટ ભરાવીને પાછળથી વર્ક ઈફેક્ટિવ થઇ જાય ત્યારે એને મંજૂરી આપવામાં આવે એવું મારું સૂચન છે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌપ્રથમ તો આપસાહેબને અભિનંદન આપું છું કે, અમારાં સૂચનો ધ્યાને લઇને કેટલાક વિભાગોએ તો એનો અમલ પણ કરી દીધો છે. અમારા સુરત જિલ્લાની સિવિલ હૉસ્પિટલ શહેરમાં આવેલી છે. આના બદલે અમને બારડોલીમાં બીજી સિવિલ કરી આપવામાં આવે એવું મારું સૂચન છે અને અમારે ત્યાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો મંજૂર થઇ ગયેલ છે પરંતુ, જમીન મળતી નથી. જેથી, જમીન વેચાણથી લઇને પણ આ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો બનાવવામાં આવે એવી વિનંતી છે.

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,આણંદ જિલ્લાના તારાપુર ખાતે સી. એચ. સી. નું બિલ્ડિંગ ગામમાં બહુ પાછળના ભાગે આવેલ છે. નવું બિલ્ડિંગ બનાવવાની સરકારશ્રીએ તૈયારી બતાવી છે અને વાંસદા– બગોદરા હાઇવે પર સરકારી જમીન પણ ઉપલબ્ધ છે. આ જગ્યાએ ટ્રોમાં સેન્ટર બની રહ્યું છે. ગુજરાતની બીજા નંબરની સૌથી વધુ પ્રસૂતિ આ સેન્ટરમાં થતી હશે. એક વર્ષમાં ૩૫૦૦થી ૪૦૦૦ પ્રસૂતિ થાય છે. તો હાઈવે પર સી. એચ. સી. બિલ્ડિંગ બનાવવામાં આવે એવી મારી લાગણી છે.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ખેડા સિવિલ હૉસ્પિટલનું મકાન એજન્સી દ્વારા વહેલી તકે પૂર્ણ કરાવવામાં આવે કે જેથી દર્દીઓને એનો લાભ મળે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, માંગરોળ શહેરમાં સી.એચ.સી. કેન્દ્રમાં ડાયાલીસીસના બે જ મશીન છે. દર્દીઓ વધારે હોવાથી ડાયાલીસીસ માટે જૂનાગઢ જવું પડે છે. પાંચ નવા મશીનની મંજૂરી મળેલ છે તો એ વહેલી તકે ફાળવવામાં આવે અને માળીયા તાલુકાના સી. એચ. સી. કેન્દ્રનું મકાન બહુ જ જર્જરિત હાલતમાં છે. આ મકાન નવું બનાવવાની દરખાસ્ત ગાંધીનગર પહોંચી ગઇ છે તો એની વહેલી તકે કાર્યવાહી થાય એવી મારી વિનંતી છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ભુજથી પાનન્ધ્રો દોઢસો કિલોમીટરનું અંતર છે અને બોર્ડર વિસ્તાર છે. પી. એચ. સી. ની માંગણી છે અને નખત્રાણામાં મીની હૉસ્પિટલની માંગણી છે.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, અમારા છોટા ઉદેપુર જિલ્લાના નસવાડી તાલુકામાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર ટેન્ડરમાં છે એવો જવાબ મળે છે, પણ વહેલી તકે એનું ટેન્ડર થાય અને કામ શરૂ થાય એવી વિનંતી છે. મારો આ પ્રશ્ન બે વર્ષથી અટવાયેલો છે.

શ્રી કાળુભાઇ રૂ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા ધંધુકા તાલુકામાં સરકારી દવાખાનાનું બિલ્ડિંગ બિલકુલ જર્જરિત થઇ ગયું છે. નવું મંજૂર થયું છે. તો વહેલી તકે એની કામગીરી શરૂ થાય અને ડૉક્ટરની થોડી અછત છે તો એક–બે ડૉક્ટર ત્યાં મૂકી આપે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મારા તળાજામાં સી.એચ.સી. સેન્ટર એકદમ જર્જરિત થઇ ગયું છે. નવું મંજૂર થયું છે. વહેલી તકે એની કામગીરી ચાલુ થાય એવી વિનંતી છે.

ડો. પાયલ મ. કુકરાની : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મારા મત વિસ્તાર નરોડા વિધાનસભામાં શ્રદ્ધાનગર વોર્ડમાં ઝૂલેલાલ મંદિરની સામે કૉમ્યુનિટી હોલની પાસે એક આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગની જી.એમ.ઇ.આર.એસ. મૅડિકલ કૉલેજ અને હૉસ્પિટલ સોલા હસ્તકની ડિસ્પેન્શરી આવેલ છે જયાં એક ડૉકટર અને એક સ્ટાફ નર્સ અત્યારે હાજર છે. માનનીય મંત્રીશ્રી, ત્યાં ખૂબ વિશાળ જગ્યા છે. આ સરકારી જગ્યાનો યોગ્ય ઉપયોગ કરી અહીંયા મહિલાઓ માટે ગાયનેક ઓ.પી.ડી. સાથેની હૉસ્પિટલ કે મલ્ટીસ્પેશિયાલિટી હૉસ્પિટલનું આયોજન કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, એલ.જી. હૉસ્પિટલમાં એક પોસ્ટમોર્ટમ યુનિટ ઘણા વખતથી બનેલું છે. લગભગ ત્રણ વર્ષથી આ ગૃહ અને આરોગ્ય વિભાગ વચ્ચે ચાલુ થતું નથી. નડિયાદથી માંડી મણિનગર સુધી કોઇપણ ફેટલ થાય તો કાં તો સિવિલ હૉસ્પિટલ અથવા વી.એસ. હૉસ્પિટલ લઇ જવા પડે છે. આને તાત્કાલિક બે વિભાગ અને શહેરી વિકાસ સાથે સંકલન કરી ચાલુ કરવામાં આવે એવી વિનંતી છે.

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (અગિયારમો દિવસ )

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, મને લાગે છે કે અહીંયા બેઠેલા બધા ધારાસભ્યશ્રીઓના વિષયોનું આપને ધ્યાન આવી ગયું હશે. એકાદ વખતે રિવ્યુ લેશો તો મોટાભાગના પ્રશ્નોનો હલ થશે. મોટાભાગે આના નિયમો અને નાણાકીય જોગવાઇને આનુષંગિક કામ કરવાનું છે, પણ આને પ્રાયોરિટી આપવામાં આવે. કારણ કે, આ ધારાસભ્યશ્રીઓની પ્રાયોરિટી છે.

**કાપ દરખાસ્તો ક્રમાંક – ૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૦ અને ૨૩ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૩૯, ૪૦ અને ૬૦ મત માટે મૂકવામાં આવી અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવી.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું વિપક્ષના તમામ માનનીય સભ્યશ્રીઓ જેઓ અત્યારે હાજર છે તેઓ અને જેઓ હાજર નથી એ બધાનો ખરેખર રાજ્યની જનતા અને તમામ ધારાસભ્યશ્રીઓ વતી હૃદયપૂર્વક આભાર માનું છું કે આવા સંવેદનશીલ વિષયમાં આપ સૌએ નર્મદાની માફક સહયોગ આપ્યો છે. આપનો ફરીથી એક વખત ખૂબ–ખૂબ આભાર.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાતો**

**''ફિલ્મ દિવાસ્વપ્ન'' નો શો નિહાળવા અંગે**

અધ્યક્ષશ્રી : મારે કેટલીક જાહેરાતો કરવાની છે. એક તો ભાર વિનાના ભણતર અને પ્રાકૃતિક ખેતી માટેના સંકલ્પને ઉજાગર કરતી શ્રી ગીજુભાઇ બધેકાના એક પુસ્તક ઉપરથી નિર્માણ થયેલી ગુજરાતી ફિલ્મ 'દિવાસ્વપ્ન'નો શો નિહાળવાનું ભોજન સહિત આયોજન કરવામાં આવેલ છે તો રાજ્યના માનનીય મંત્રીશ્રીઓ, સભાગૃહના માનનીય સભ્યશ્રીઓ તેમજ પત્રકાર મિત્રોને આજ તા. ૨૭/૦૨/૨૦૨૪ના રોજ સૅમિનાર હોલ–૪ મહાત્મા મંદિર ખાતે સાંજે ૭–૦૦ કલાકે ઉપસ્થિત રહી, ઉક્ત ફિલ્મને નિહાળવા આપ સર્વને અનુરોધ છે.

**મેડિકલ કેમ્પના આયોજન અંગે**

અધ્યક્ષશ્રી : આવતીકાલ તારીખ ૨૮–૦૨–૨૦૨૪ના રોજ સવારે ૮–૩૦ કલાકે માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા, માનનીય ધારાસભ્યશ્રીઓ અને પત્રકારો માટેના મેડિકલ કેમ્પનું ઉદ્‌ઘાટન કરશે. આ કેમ્પ સવારે ૯થી બપોરે ૪ કલાક સુધી ચાલશે. તો સર્વ સભ્યશ્રીઓ, પત્રકાર મિત્રોએ તેનો લાભ લેવા વિનંતી.

સવારે સાડા આઠે ઉદ્‌ઘાટનમાં કદાચ બધા પહોંચી ન શકે, તો અમે, આરોગ્ય મંત્રી અને બધા હાજર રહીશું, પરંતુ દિવસ દરમ્યાન લાભ લઇ શકાશે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૧૦ વાગ્યે પૂરું થતા સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તારીખ ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૯–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**બુધવાર, તા. ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ દવાખાનાઓનું મહેકમ

***15/4/1654 શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન:**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ પશુ દવાખાનાઓમાં સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમ કેટલું છે ?

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવાનું આયોજન છે ?

**જવાબ:**

(૧) સંવર્ગવાર મંજૂર થયેલ મહેકમની વિગત

| પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | ડ્રેસર, વર્ગ–૪ | પટ્ટાવાળા/ ડ્રેસર કમ એટેંડંન્ટ/ એટેંડંન્ટ (આઉટસોર્સીંગ), વર્ગ–૪ |
|---|---|---|
| **૨૪** | **૭** | **૧૯** |

(૨) સંવર્ગવાર ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગત

| પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ | | ડ્રેસર, વર્ગ–૪ | | પટ્ટાવાળા/ ડ્રેસર કમ એટેંડંન્ટ/ એટેંડંન્ટ (આઉટસોર્સીંગ) , વર્ગ–૪ | |
|---|---|---|---|---|---|
| ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૮ | ૧૬ | શૂન્ય | ૦૭ | ૧૦ (તે પૈકી ૭ જગ્યા આઉટસોર્સથી ભરાયેલ છે.) | ૦૯ |

(૩) દસ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર પશુચિકિત્સા અધિકારી, વર્ગ–૨ સંવર્ગની ભરવાપાત્ર ખાલી જગાઓ ભરવાની કાર્યવાહી અંતિમ તબકકામાં છે. ડ્રેસર,વર્ગ–૪ ,પટ્ટાવાળા/ ડ્રેસર કમ એટેંડંન્ટ/ એટેંડંન્ટ,વર્ગ– ૪ ની ખાલી જગા ભરવાની કામગીરી જિલ્લા પંચાયત દ્વારા આઉટસોર્સથી કરવામાં આવે છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન સુરેન્દ્રનગર જિલ્લાના પશુ દવાખાનાના મહેકમ બાબતે છે. તેમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પશુ ચિકિત્સા અધિકારીઓની ખાલી જગ્યાઓ સામે કોઇ અન્ય વ્યવસ્થા કરેલ છે કે કેમ? જો હા, તો તાલુકાવાર કેટલી વ્યવસ્થા કરવામાં આવી છે? અને મારો બીજો પ્રશ્ન એ છે કે, આ વ્યવસ્થા મારફતે છેલ્લા એક વર્ષમાં કેટલી તાલુકાવાર પશુ સારવાર આપવામાં આવી છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લામાં લગભગ ૧૬ જેટલી ખાલી જગ્યાઓ છે અને તેમાં ૧૩૦ જેટલી જગ્યાઓની જાહેર સેવા આયોગના માધ્યમથી કાર્યવાહી ચાલુ છે અને તે ટૂંક સમયમાં પરિપૂર્ણ થાય એટલે અમે ભરવાના છીએ. અને તેના માટે એમણે જે વૈકલ્પિક વ્યવસ્થાની વાત કરી તો પશુ ચિકિત્સા અધિકારીઓની ખાલી જગ્યાના ભોગે સુરેન્દ્રનગર જિલ્લાના પશુ પાલકો પશુ સારવારની સેવાથી વંચિત ના રહી જાય તેનો રાજય સરકાર દ્વારા પૂરતો ખ્યાલ રાખીને અન્ય વ્યવસ્થા ઊભી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સુરેન્દ્રનગર જિલ્લાના પશુપાલકો તેના પશુઓની સારવારથી વંચિત ના રહે તે માટે વર્ષ ૨૦૨૦–૨૧થી વર્ષ ૨૦૨૧–૨૨ સુધીમાં તબક્કાવાર કુલ ૨૦ ફરતા પશુ દવાખાના કાર્યરત કરેલા છે. વધુમાં આ વર્ષે વધુ ૯

ફરતા પશુ દવાખાના પણ આ ધોરણે કાર્યરત કરેલ છે. આમ, હાલ સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ ૨૯ ફરતા પશુ દવાખાના કાર્યરત છે. જેમાં કુલ–૨૯ પશુ ચિકિત્સા અધિકારી અને ૨૯ ડ્રાઈવર કમ એટેન્ડન્ટ ફરજ બજાવી રહ્યા છે, એટલે કે ૧૬ પશુ અધિકારીઓની ખાલી જગ્યાઓ સામે ૨૯ ફરતા દવાખાના આપી અને અમે આ સેવાઓ આપી રહ્યા છીએ અને તેમણે જે વ્યવસ્થાની વાત કરી છે તો વઢવાણ તાલુકાની અંદર ૪, દસ ગામ દીઠ ફરતું દવાખાનું, થાનગઢ તાલુકામાં ૧, દસ ગામ દીઠ ફરતું દવાખાનું, સાયલાની અંદર–૪, દસ ગામ દીઠ એક ફરતું દવાખાનું, મૂળી તાલુકામાં ત્રણ ગામ દીઠ ૧ ફરતું દવાખાનું, લીંબડી તાલુકામાં ૨, દસ ગામ દીઠ એક ફરતું દવાખાનું, લખતર તાલુકામાં ૨, દસ ગામ દીઠ ફરતું દવાખાનું, ધ્રાંગધ્રા તાલુકામાં ૩, દસ ગામ દીઠ ફરતું દવાખાનું, પારડી દશાળા તાલુકામાં ૪, દસ ગામ દીઠ ફરતું દવાખાનું, ચૂડા તાલુકામાં ૨, દસ ગામ દીઠ ફરતું દવાખાનું, ચોટીલા તાલુકામાં દસ ગામદીઠ ફરતું દવાખાનું કાર્યરત છે. આ વ્યવસ્થા મારફત છેલ્લા એક વર્ષમાં તાલુકાવાર પશુ સારવાર અંગે જણાવું તો વઢવાણ તાલુકામાં ૯૦૬૮ પશુઓને સારવાર આપી છે. થાનગઢ તાલુકામાં ૨૭૫૫ પશુઓને સારવાર આપી છે. સાયલામાં ૫૫૯૩ પશુઓને સારવાર આપી છે અને મૂળી તાલુકામાં ૭૨૬૩ પશુઓને સારવાર આપવામાં આવી છે. લીંબડી તાલુકામાં ૨૬૮૧ પશુઓને સારવાર આપવામાં આવી છે. લખતર તાલુકામાં ૧૬૭૨ પશુઓને સારવાર આપવામાં આવી છે. ધ્રાંગધ્રા તાલુકામાં ૭૬૩૫ પશુઓને સારવાર આપવામાં આવી છે. પાટડી તાલુકામાં ૬૦૪૦ પશુઓને સારવાર આપવામાં આવી છે. ચુડા તાલુકામાં ૩૩૮૯ પશુઓને સારવાર આપવામાં આવી છે. ચોટીલા તાલુકામાં ૯૫૪૧ પશુઓને સારવાર આપવામાં આવી છે. આમ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૫૬૩૭ પશુઓને સારવાર આપવામાં આવી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાત બંને વિસ્તારોમાં ડેરી પશુ સારવાર ક્ષેત્રમાં સારવાર કરવાની પદ્ધતિ છે એ આખા દેશમાં સારામાં સારી છે. છતાં ત્યાં સરકારી દવાખાના પણ એટલા જ છે. એની સામે સૌરાષ્ટ્રમાં પશુ દવાખાનાની સંખ્યા ઓછી છે અને એમાં પણ ત્યાંના ડૉક્ટરો બદલી કરાવીને બીજા વિસ્તારોમાં નીકળી જાય છે. ડેરીનું નેટવર્ક તો નહિવત છે. હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સૌરાષ્ટ્રના પશુ દવાખાનાઓમાં જે ખાલી જગ્યાઓ છે એ પૂરવા માગો છો કે કેમ? મારો બીજો પ્રશ્ન એવો છે કે સૌરાષ્ટ્રમાં અનેક વિસ્તારો એવા છે કે જ્યાં ખેડૂતો વાડી વિસ્તારોમાં રહે છે. એ ગામથી ત્રણ–ચાર કિ.મી. દૂર હોય છે. આવા વિસ્તારો માટે ફરતા દવાખાનાની સંખ્યા વધારવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી કે ડૉક્ટરો બદલી કરાવીને અન્ય જગ્યાએ જતા રહે છે. એના માટે પણ અમે પૂરતી ચિંતા કરીને જગ્યાઓ ભરવાનું આયોજન પણ અમે કરી રહ્યા છીએ અને ટૂંક સમયમાં એ જગ્યાઓ પણ અમે ભરવાના છીએ. સમગ્ર ગુજરાતમાં પશુઓની સારવાર માટે ૧૦ ગામદીઠ ફરતું દવાખાનું કરવાની સમગ્ર ગુજરાતમાં વ્યવસ્થા કરી છે અને આ વખતે ભારત સરકારે ૧૨૭ દવાખાના વધારાના પણ આપ્યા છે અને ૨૫૦ નવા પણ કરવાના છે. એની આ વર્ષના બજેટમાં જોગવાઇ કરી છે. સમગ્ર ગુજરાતના તમામ પશુઓને સારવાર મળે એના માટે રાજ્ય સરકાર પ્રયત્ન કરી રહી છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પહેલાં તો સરકારનો અને માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. મોબાઇલ પશુ દવાખાનાં બધી પાંજરાપોળમાં જતા હોય છે. ગૌશાળામાં પણ જતાં હોય છે. એમાં જો ચોક્કસ ધોરણો નક્કી કરી નાંખે કે અઠવાડિયે એક વખત પાંજરાપોળ અને ગૌશાળા જાય તો સેવાકીય પ્રવૃત્તિઓને લાભ થાય. એવું કરવા માગો છો કે નહિ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, એ વ્યવસ્થા અમે કરેલી છે. જ્યારે જ્યારે પાંજરાપોળને જરૂર પડે ત્યારે ૧૯૬૨ નંબર પર ફોન કરે તો તાત્કાલિક અમારું વાહન ડૉક્ટરની સેવા સાથે ઉપલબ્ધ થાય છે અને એમનું સૂચન છે એમાં પણ અમે આગામી દિવસોમાં વ્યવસ્થા કરીશું.

**છોટાઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી**

*** 15/4/1764:શ્રી જયંતિભાઇ સવજીભાઇ રાઠવા (જેતપુર)** : માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

(૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | ૭૭૮ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | ૯૬૬ |

શ્રી જયંતિભાઇ સ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છોટા ઉદેપુર જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાનું અમલીકરણ ક્યા વર્ષથી શરૂ કરવામાં આવ્યું અને આ યોજનાનો હેતુ શું છે? તથા લાભાર્થીઓને શું લાભ થાય છે? અને તેનાં શું સારાં પરિણામ જોવા મળ્યાં છે?

શ્રી કુંવરજીભાઇ હળપતી : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજનાનું અમલીકરણ વર્ષ ૨૦૦૭-૦૮માં શરૂ કરવામાં આવ્યું. યોજનનો હેતુ આદિજાતિ પશુપાલન વ્યવસાયમાં જોડાયેલા મહત્ત્વની કડીરૂપ મહિલાઓને રોજગારી આપી તેમને પગભર કરવાનો છે. તેમજ આદિજાતિ વિસ્તારમાં પશુપાલન વ્યવસાયનો વિકાસ કરવો, નબળાં પશુઓની જગ્યાએ જાતવાન પશુનો વ્યાપ વધારવાં, પશુપાલન વ્યવસાય માટે જરૂરી મૂળભૂત માળખું ઊભું કરી આદિજાતિ પરિવારની આવકમાં વધારો કરી તેઓના પરિવારનું જીવનધોરણ ઊંચું લાવવું તે આ યોજનાનો મુખ્ય હેતુ છે. આ યોજનાનો લાભ લેનાર લાભાર્થીઓને સારા જાતવાન દુધાળાં પશુ થકી દૂધ ઉત્પાદનમાં વધારો થાય અને પરિણામે આવકમાં વધારો થાય તેવું અમારું આયોજન છે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ નાણાકીય જોગવાઇ કેવી રીતે કરવામાં આવે છે તથા આ યોજના હેઠળ આજદિન સુધીમાં કેટલા રૂપિયાનો ખર્ચ થયેલ છે અને આ યોજના હેઠળ કેટલા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે અને સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ લાભાર્થીઓને કયા-કયા પ્રકારના લાભ આપવામાં આવે છે?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ નાણાકીય જોગવાઇ આદિજાતિ વિકાસ વિભાગની વી.કે.વાય.-૧૯ યોજના અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ચાલુ બાબત તરીકે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે અને આ ઉપરાંત ભારત સરકારશ્રી દ્વારા પણ આ યોજના હેઠળ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ યોજના હેઠળ આજદિન સુધીમાં કુલ રૂ.૪૧૯ કરોડ ૧૭ લાખના ખર્ચે કુલ ૧ લાખ ૬૫ હજાર ૫૦૨થી વધુ આદિજાતિ પશુપાલકોને લાભ આપવામાં આવ્યો છે. આ યોજના હેઠળ આદિજાતિ મહિલા પશુપાલક લાભાર્થીઓને વર્ષ ૨૦૨૧-૨૨ સુધી દૂધાળા પશુ ખરીદી સહાય અને અન્ય સાધન સહાય અંતર્ગત પશુ વીમા, પશુ ટ્રાન્સપોર્ટેશન, પશુ આહાર, પશુ સારવાર અને સબંધિત દૂધ ઉત્પાદક સંઘ દ્વારા પશુપાલનની તાલીમ માટે લાભાર્થીદીઠ રૂ.૫૪ હજાર ૪૦૦ આપવામાં આવે છે. જે પૈકી રૂ.૩૨ હજાર ૪૦૦ સબસિડી અને રૂ.૨૦ હજાર ગુજરાત આદિજાતિ વિકાસ કૉર્પોરેશન દ્વારા લોન આપવામાં આવે છે તેમજ લાભાર્થીનો ફાળો રૂ.૨ હજાર હોય છે. વર્ષ ૨૦૨૨-૨૩થી લાભાર્થીને દૂધાળા પશુ ખરીદી સહાયમાં લાભાર્થીદીઠ યુનિટ કોસ્ટમાં વધારો કરીને રૂ.૭૦ હજાર કરવામાં આવી છે. જે પૈકી રૂ.૪૫ હજાર સબસિડી અને રૂ.૨૨ હજાર ૫૦૦ ગુજરાત આદિજાતિ વિકાસ કૉર્પોરેશન દ્વારા લોન આપવામાં આવે છે તેમજ લાભાર્થીઓનો ફાળો રૂ.૨,૫૦૦ લેવામાં આવે છે. મને કહેતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૨૪-૨૫ના વર્ષમાં અમારી સબસિડી કુલ રૂ.૯૦ હજાર જેટલી થવાની છે. જેથી ગરીબ માણસને સારા પશુ મળે તેવું અમારું આયોજન છે.

**બાગાયતી પાકોને વીમા કવચ હેઠળ આવરી લેવા બાબત**

* 15/ 4/ 2369: **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા** (સોમનાથ): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં થતા કયા બાગાયતી પાકોને વીમા કવચ હેઠળ આવરી લેવામાં આવેલ છે, અને | (૧) રાજ્યમાં કોઇપણ બાગાયતી પાકોને વીમા કવચ હેઠળ આવરી લેવામાં આવેલ નથી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ રાજ્યમાં થતા બાગાયતી પાકોને વીમા કવચ હેઠળ આવરી લેવામાં ન આવેલ હોય તો | (૨) ૧. મોટાભાગના બાગાયતી પાકોમાં ઋતુ આધારિત ઉત્પાદન લેવામાં આવે છે તેમજ જે તે ઋતુમાં એક કરતાં વધુ વખત ઉત્પાદન આવતું હોય સચોટ ઉત્પાદન અંદાજી શકાતુ |

| | |
|---|---|
| તેના કારણો શાં છે? | નથી. |
| | ૨. રાજ્યમાં જ્યારે પણ કુદરતી આપત્તિથી બાગાયતી પાકોમાં નુકસાન થતુ હોઇ ત્યારે તમામ પાસાઓ ધ્યાને લઇ સહાય આપવામાં આવતી હોય છે. |

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા પ્રશ્ન બાગાયતી પાકોનો સમાવેશ કરવા માગો છો કે નહીં તો તેના જવાબમાં ના લખેલ છે તો તેનાં કારણો શું છે? તેનાં કારણોમાં લખેલું છે કે ઋતુ આધારિત ઉત્પાદન લેવામાં આવતું હોય તો તેના કારણે સમાવેશ કરવામાં આવતો નથી. ખાસ કરીને વિશ્વ પ્રખ્યાત કેસર કેરી ગીરસોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં ખૂબ થતી હોય છે અને આજે પણ ખૂબ ઉત્પાદન થાય છે અને એક્સપોર્ટ પણ ખૂબ મોટા પ્રમાણમાં થતું હોય ત્યારે આ પાક વર્ષમાં એક જ વાર લઇ શકાતો હોય અને ઘણા ખેડૂતો આંબાના બગીચા જ હોય છે, બીજું કોઇ વાવેતર ન કરતાં હોય અને ઘણીવાર વાવાઝોડું આવવાના કારણે પાક નિષ્ફળ જવાથી ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થતું હોય અને આખા વર્ષની આવક ઓછી થવાના કારણે ઘણા ખેડૂતો આત્મહત્યા પણ કરતા હોય છે, તો આંબાના વાવેતર કરતાં હોય છે તેનો પાક વીમામાં સમાવેશ કરવા માગો છો કે કેમ? અને આવા અન્ય પાકોનો જો પાક વીમામાં સમાવેશ કરતાં હોય છે તો સરકાર આને પાક વીમામાં સમાવેશ કરવા માગે છે કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બાગાયતી પાકોના પાક વીમામાં સમાવેશ કરવાની જે વાત કરી છે એમાં સામાન્ય રીતે વીમા યોજના પાક ઉત્પાદનના અખતરાઓને આધારે અથવા તો હવામાનના આધારે અમલમાં હોય છે. બાગાયતી પાકોમાં ઋતુ આધારિત ઉત્પાદન લેવામાં આવે છે. જેના કારણે નુકસાની તેમજ પાક ઉત્પાદન અંદાજવામાં ચોક્સાઇ રહેતી નથી. હવામાન બદલાવાથી વિવિધ બાગાયતી પાકોની વિવિધ જાતો પર અલગ–અલગ અસરો જોવા મળે છે. બાગાયતી પાકોમાં ઋતુ મુજબ ફળ–ફૂલ આવતા હોવાથી અને હવામાન બદલાવના કારણે જે–તે સમયે ઋતુ પ્રમાણે ઉત્પાદનમાં કેટલું નુકસાન થાય છે તે સચોટ રીતે નક્કી કરવાનું કામ મુશ્કેલીભર્યુ છે. આથી, વીમાકવચ હેઠળ આવરી લેવામાં આવતા જોખમ અને નુકસાની સામે વળતર આપવાની પ્રક્રિયા ખૂબ મુશ્કેલીભરી છે. આ સંજોગોમાં બાગાયતી પાકોના વીમાકવચના વિકલ્પ તરીકે ખેડૂતોને જ્યારે નુકસાન થાય છે ત્યારે સરકારશ્રી દ્વારા ખાસ કૃષિ રાહત પેકેજ જાહેર કરીને બાગાયતી પાકોમાં વળતર આપવામાં આવે છે. બાગાયતી પાકોના નુકસાન માટે પાક વીમો નથી, પરંતુ સરકારશ્રી કુદરતી આફતોમાં ખેડૂતોની પડખે રહીને મદદ કરે છે. અગાઉ આવેલ કુદરતી આફતોના સમયે સહાય પણ ચૂકવવામાં આવેલ છે.

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સરકારશ્રી દ્વારા ખેડૂતોને બાગાયતી પાકોમાં કુદરતી આફતો થકી થયેલ નુકસાન પેટે સહાય ચૂકવવામાં આવતી હોય છે તો આ સહાયના ધોરણો શું છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, બાગાયતી પાકોમાં કુદરતી આફતો થકી થયેલ નુકસાન પેટે આપવામાં આવતી સહાયના ધોરણો જણાવું તો, સ્ટેટ ડિઝાસ્ટર એસ. ડી. આર. એફ. ના ઠરાવના ધોરણો ઉપરાંત રાજ્ય સરકારના બજેટમાંથી ખાસ કિસ્સામાં ખેડૂતોને વળતર આપવા કૃષિ પેકેજ જાહેર કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧માં આવેલ તાઉ-તે વાવાઝોડાના સમયે મહેસૂલ વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૫ના એસ. ડી. આર. એફ. ના ધોરણો ઉપરાંત રાજ્ય સરકારના બજેટમાંથી રાજ્યસરકારે વાવાઝોડું કૃષિ રાહત પેકેજ જાહેર કરેલ હતું. જેના સહાયના ધોરણો જણાવું તો, ઉનાળું ખેતી પિયત તથા બાગાયતી પાકોમાં એસ.ડી.આર.એફ.ના ધોરણો મુજબ રૂ.૧૩,૫૦૦/– પ્રતિ હેક્ટરે સહાય ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ.૬૫૦૦/– એમ કુલ મળીને રૂ.૨૦,૦૦૦/– પ્રતિ હેક્ટર સહાય આપવાની જોગવાઇ કરેલ છે. બહુ વર્ષીય બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે તેમજ ૩૩ ટકાથી ૫૦ ટકા ઝાડ ઉખડી જવાના કિસ્સામાં એસ.ડી.આર.એફ.ના ધોરણો મુજબ રૂ.૧૮,૦૦૦/– પ્રતિ હેક્ટરની સહાય ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ.૧૨,૦૦૦/– પ્રતિ હેક્ટર એમ કુલ મળીને રૂ.૩૦,૦૦૦/– પ્રતિ હેક્ટરની સહાય આપવામાં આવે છે. બહુ વર્ષીય બાગાયતી પાકોના ૫૦ ટકાથી વધુ ઝાડ ઉખડી જવાના કિસ્સામાં એસ.ડી.આર.એફ.ના ધોરણો મુજબ રૂ.૧૮,૦૦૦/– પ્રતિ હેક્ટરની સહાય ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી રૂ.૮૨,૦૦૦/– પ્રતિ હેક્ટર મળીને કુલ રૂ.૧ લાખની સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૩માં આવેલ બીપરજોય વાવાઝોડા સામે ભારત સરકારના તા.૧૦/૧૦/૨૦૨૨ના એસ. ડી. આર. એફ.ના ઠરાવના ધોરણો ઉપરાંત સરકારશ્રીએ બજેટમાં જાહેર કરેલા ખાસ કૃષિ સહાય પેકેજ ચૂકવવાના માપદંડો જોતાં બાગાયતી પાકોના એસ. ડી. આર. એફ.ના ધોરણો મુજબ રૂ.૧૭,૦૦૦/– પ્રતિ હેક્ટરની સહાય ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ.૮૦૦૦/– પ્રતિ હેક્ટર મળી કુલ રૂ.૨૫,૦૦૦/– પ્રતિ હેક્ટર સહાય ચૂકવવામાં આવે છે. બહુવર્ષીય બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ નુકસાન માટે એસ. ડી. આર. એફ. ના ધોરણો મુજબ રૂ.૨૨,૫૦૦/– પ્રતિ હેક્ટર સહાય ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી વધારાના રૂ.૧૫,૦૦૦/– પ્રતિ હેક્ટર મળી કુલ રૂ.૩૭,૫૦૦/– પ્રતિ હેક્ટર સહાય ચૂકવવામાં આવે છે. બહુ વર્ષીય બાગાયતી પાકોના ૧૦ ટકા કે તેથી વધુ પરંતુ ૩૩ ટકાથી ઓછા ઝાડ ઉખડી જાય, નાશ પામેલ હોય અને એસ.

ડી. આર. એફ. ધોરણો મુજબ કોઇ સહાયના નોર્મ્સ ન હોય તો ખેડૂતોના હિતમાં ખાસ કિસ્સામાં રાજ્યસરકારના ભંડોળમાંથી રૂ.૨૫,૦૦૦/– પ્રતિ હેક્ટરની સહાય ચૂકવવામાં આવે છે. બહુ વર્ષીય બાગાયતી પાકોના ૩૩ ટકા કે તેથી વધુ ઝાડ ઉખડી અથવા નાશ પામેલ હોય તો એ અન્વયે ખાસ કિસ્સામાં એસ. ડી. આર. એફ.ના ધોરણો મુજબ રૂ.૨૨,૫૦૦/– પ્રતિ હેક્ટરની સહાય ઉપરાંત રાજ્ય સરકારના ભંડોળમાંથી રૂ.૧,૦૨૫૦૦/– પ્રતિ હેક્ટર મળી કુલ રૂ.૧,૨૫૦૦૦/– પ્રતિ હેક્ટર સહાય ચૂકવવામાં આવે છે. આમાં ખેડૂતોને ખાતા દીઠ મહત્તમ બે હેક્ટરની મર્યાદામાં સહાય આપવાની જોગવાઇ કરેલ છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, હમણાં અમારા વિસ્તારમાં નારિયેળીના પાકોનું બહુ મોટા પ્રમાણમાં વાવેતર થયું છે. છેલ્લાં ત્રણ–ચાર વર્ષોમાં સફેદ માખીનું આક્રમણ બહુ વધ્યું છે અને ખેડૂતોને બહુ પારાવાર નુકસાન થાય છે. કારણ કે, નાળિયેરીનો પાક ઊંચો હોય છે અને દવા છાંટવી પણ મુશ્કેલ પડે છે. થોડા સમય પહેલા જ મારા ગામમાં લગભગ ૭૦૦૦થી ૮૦૦૦ ખેડૂતોનો એક સેમિનાર રાખવામાં આવ્યો. એમાં આપણા કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાત વૈજ્ઞાનિકો હાજર અને બેંગ્લોરથી પણ વૈજ્ઞાનિકો હાજર રહ્યા. એમણે ખેડૂતોની સાથે સંવાદ કરીને યુનિવર્સિટીમાં ઓર્ગેનિક દવા બને અને ઓર્ગેનિક દવાનો ઉપયોગ થાય એવાં સૂચનો કર્યાં. એટલા માટે મેં રાજ્ય સરકારને રજૂઆત કરી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ તાત્કાલિક જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને દવા બનાવવા માટેનો આદેશ આપી દીધો છે અને ઓર્ગેનિક દવા બનવાનું ચાલુ થઇ ગયું છે. એ માટે પહેલા તો હું સરકારશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રીને ખૂબ–ખૂબ અભિનંદન આપું છું. મારો પ્રશ્ન એ છે કે અમારા ત્યાં જયારે વારંવાર વાવાઝોડું આવતું હોય અને બાગાયતી પાકને નુકસાન થતું હોય ત્યારે સરકારશ્રી ધારા–ધોરણ પ્રમાણે સહાય તો ચૂકવે છે પણ જો ટૅકનિકલ મુદ્દાઓની ચર્ચા કરીને એનો વીમામાં સમાવેશ કરવામાં આવે અથવા પ્રાઇવેટ કંપનીઓ ખેડૂતો પાસેથી વીમો લઇ શકે એવી વ્યવસ્થા કરવામાં આવે તો ખેડૂતોને ઘણી બધી રાહત થાય તેમ છે. તો આવું સરકારશ્રી કરવા માગે છે કે નહીં?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળિયેરી પાકોને સફેદ માખીથી થતાં ઉપદ્રવ અને નુકસાનની વાત કરી છે અને એમણે સૂચનો પણ કર્યાં છે, એમાં જણાવું તો નાળિયેરી પાકમાં સફેદ માખીના નિયંત્રણ અર્થે ખેડૂતોને માર્ગદર્શન મળે તે હેતુથી રવી કૃષિ મહોત્સવ દરમિયાન સેમિનાર તથા પ્રદર્શન યોજીને તથા સ્થાનિક સમાચાર પત્રમાં તેમજ વૉટ્સઅપ થકી ખેડૂતોના ગ્રુપમાં ખેડૂત તાલીમ ઓનલાઇન વેબસાઇટ યોજીને તેમજ તેના જેવા શક્ય હોય તેવા તમામ માધ્યમનો ઉપયોગ કરીને ખેડૂતોને સફેદ માખીના નિયંત્રણ માટે અવગત કરવામાં આવે છે. ખેડૂતોના ખેતરે ઓનફાર્મ તાલીમ અને જીવાત નિયંત્રણ માટે નિદર્શન આપવામાં આવે છે. રાજ્ય સરકારે નાળિયેરી પાકમાં સંકલિત રોગ, જીવાત તથા પોષણ વ્યવસ્થાપન કરતા નવીન વાવેતર માટે ખેડૂતોને સહાયથી પ્રોત્સાહિત કરી શકાય તે માટે ગુજરાત નાળિયેરી વિકાસ કાર્યક્રમની નવી યોજના વર્ષ ૨૦૨૩–૨૪થી અમલમાં મૂકેલ છે. જેમાં ખેડૂતોને નવીન વાવેતર માટે નિયત કરેલ ખર્ચ સામે ૭૫ ટકા સહાય તેમજ સંકલિત રોગ જીવાત તથા પોષણ વ્યવસ્થાપનના નિયત કરેલ ખર્ચ સામે ૫૦ ટકા સહાય આપવામાં આવે છે. માનનીય સભ્યશ્રીનું બાકીનું સૂચન છે તે માટે કેવી રીતે કરવું તે અંગે આગામી દિવસોમાં વિચાર કરીશું

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે બાગાયતી પાકોને પાક વીમા યોજના હેઠળ આવરી લેવામાં આવ્યા નથી. પરંતુ રાજ્ય સરકારે તો પાક વીમો ત્રણ–ચાર વર્ષથી બંધ કરી દીધેલો છે. એના કારણે ખેડૂતોને ખૂબ મોટી નુકસાની ભોગવવી પડે છે. સહાય આપે છે, પરંતુ પાક વીમાના પ્રમાણમાં ખૂબ જ ઓછી છે. તો હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આપણે જયારે વર્ષ ૨૦૧૫માં સુધારેલી યોજના જાહેર કરી ત્યારે એને ખૂબ મોટા પ્રમાણમાં આવકારી અને આપણે જ પાછી બંધ કરી દીધી છે. તો એ યોજના ચાલુ કરવા માગો છો કે કેમ? અને બીજું, ગયા વર્ષે અતિભારે વરસાદથી બાગાયતી પાકોને ખૂબ મોટું નુકસાન થયું હતું, પણ એના માટે હજી સુધી કોઇ વળતર ચૂકવવામાં આવેલું નથી, તો આ વળતર તાકીદે ચૂકવવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, પાક વીમા માટે એમનું સૂચન છે તથા ગયા વર્ષે જે નુકસાન થયું છે એના માટે અમે સહાય ચૂકવી છે. એના વિગતે આંકડા જોઇતા હોય તો મારી પાસે છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે નાળિયેરી જમીન પર થાય છે અને બાગાયત આંબા પણ જમીન ઉપર થાય છે, પરંતુ નિલગીરીનો પાક થયા પછી એ ઇન્કમટેક્સને પાત્ર છે, તો ઇન્કમટેક્સની જે આવક થાય છે એમાંથી રદ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : ભારત સરકારનો મામલો હશે તો આપણામાં નહીં આવે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય સભ્યશ્રીનું સૂચન છે અને ભારત સરકારનો આ વિષય છે.

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી માટે સહાય**

***15/4/2344: શ્રી ગેનીબેન નગાજી ઠાકોર** (વાવ) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે
તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્યના ખેડૂતોને ડ્રમ તેમજ બે પ્લાસ્ટિકના ટોકર(ટબ)ની ખરીદી માટે સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧-૨૨ થી અમલમાં છે તે હકીકત સાચી છે, | (૧) હા, |
| (૨) જો હા, તો તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |

| જિલ્લો | અરજીઓની સંખ્યા |
|---|---|
| બનાસકાંઠા | ૭૪૫૨ |
| પાટણ | ૯૬૮૨ |

(૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

(૩) મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગત નીચે મુજબ છે.

| **વર્ષ ૨૦૨૧-૨૨** | | |
|---|---|---|
| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
| બનાસકાંઠા | ૦ | ૦ |
| પાટણ | ૦ | ૦ |

| **વર્ષ ૨૦૨૨-૨૩** | | |
|---|---|---|
| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
| બનાસકાંઠા | ૭૩૧૯ | રૂ.૧,૪૬,૩૮,૦૦૦/- |
| પાટણ | ૭૭૦૭ | રૂ.૧,૫૪,૧૪,૦૦૦/- |

| **વર્ષ ૨૦૨૩-૨૪ (તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ)** | | |
|---|---|---|
| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
| બનાસકાંઠા | ૦ | ૦ |
| પાટણ | ૧૯૭૫ | રૂ.૩૯,૫૦,૦૦૦/- |

| | |
|---|---|
| (૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે? | (૪) ઉક્ત સ્થિતિએ કોઈ અરજીઓ પડતર નથી. |

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે બનાસકાંઠા અને પાટણના ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદવા માટેની જે યોજના છે. આ યોજનામાં તા.૩૧-૧૨-૨૩ની સ્થિતિએ ૧૭ હજારથી વધારે અરજીઓ આવેલી છે. એ પૈકી વર્ષ ૨૦૨૧-૨૨માં કોઇ અરજી મંજૂર કરેલ નથી અને કોઇ સબસિડીની રકમ પણ ચૂકવેલ નથી. આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ યોજનામાં સબસિડીનું ધોરણ ૨૦૦૦ રૂપિયાનું છે. જયારે ડ્રમ અને ટબ ખરીદવાની કુલ કિંમત ૨૬૦૦ રૂપિયા છે. જે તે જિલ્લામાં નોડલ એજન્સી નક્કી કરેલી છે. પહેલા ડ્રો સિસ્ટમ હતી. હવે ઓનલાઇન અરજી કરવામાં આવે છે. તમામ ખેડૂતો પાસેથી નોડલ એજન્સી પહેલા પૈસા લઇ લે છે અને ખેડૂતોને સબસિડીની રકમ સરકાર જયારે આપે છે ત્યારે મળે છે. આપના મારફતે મંત્રીશ્રીને વિનંતી છે કે આની જે કિંમત નક્કી કરેલી છે

તેમાં વધારાની રકમ ખેડૂતો પાસેથી લઇ લો અને સબસિડીની રકમ નોડલ એજન્સીને બારોબાર ચૂકવો કે જેથી કરીને ખેડૂતોને એડવાન્સ ચૂકવવા ન પડે. આવું કરવા માગો છો કે કેમ? બીજું કે આ સબસિડીની જે યોજના છે તેનું પોર્ટલ ૫ મિનિટ જ ખુલ્લું રાખવામાં આવે છે, તેના લીધે મોટા પ્રમાણમાં ખેડૂતો આનો લાભ લઇ શકતા નથી. તેથી વધારે સમય માટે આ ઓનલાઇન પોર્ટલ ખુલ્લું રાખવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ ડ્રમ અને ટબની વાત કરી છે, એમાં અરજીઓ ખૂબ મોટા પ્રમાણમાં આવી હતી, પણ જયારે એને મંજૂરી આપવાની થઇ ત્યારે ચકાસણી કર્યા પછી અમે એમને કહ્યું ત્યારે, અને આ યોજનામાં સભ્યશ્રીને જણાવવાનું કે કોઇ એજન્સી માધ્યમથી કે કોન્ટ્રાકટ માધ્યમથી કોઇને આપતા નથી. માત્ર ખેડૂતોના ખાતામાં સીધેસીધી રકમ સરકારના નક્કી કરેલા નિયમો અને ધારાધોરણ મુજબ એ સાધનો ખરીદીને જી.એસ.ટી. સાથેનું બિલ રજૂ કરશે તો સીધેસીધા એના ખાતામાં એ પૈસા જમા કરાવીએ છીએ એટલે એ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. બીજી એમની માગણી એ છે કે અરજી કર્યા પછી અમે સમય આપ્યો. વધારાના ૬ મહિના આપ્યા, પણ ખેડૂતો એ પુરાવા સાથે બિલ સાથે રજૂ કરી શકયા નથી, એટલે કે ખેડૂતોનો પ્રતિસાદ વધારે સારો મળ્યો નથી એટલે આ યોજના અમે ડ્રોપ કરી છે.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મંત્રીશ્રીએ એવું કહ્યું કે ખેડૂતોના ખાતામાં રકમ આપવામાં આવે છે. એવું નથી. એના કારણે તો બનાસકાંઠામાં વર્ષ ૨૦૨૧–૨૨માં ઝીરો અરજી બતાવેલ છે. આ તો બે જિલ્લા પૂરતી વાત છે પણ સમગ્ર ગુજરાતમાં પણ ઝીરો હશે. એટલે કહેવાની વાત એટલી છે કે એક નોડલ એજન્સી ખરીદીને ખેડૂતોને આપે છે એમાં કોઇ વાંધો નથી. વાંધો એટલો છે કે નોડલ એજન્સીને સરકાર સબસિડી આપે ત્યારે લે. તમામ ખેડૂતો પાસેથી એડવાન્સ પૈસા લેવામાં આવે છે તે બંધ કરવા માગો છો કે કેમ?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં એડવાન્સ પૈસા અમે કોઇ લેતા જ નથી. વર્ષ ૨૦૨૧–૨૨માં એની ચૂકવણી પણ થયેલ નથી. એટલે એજન્સીનો સવાલ નથી. જયારે ખેડૂતો પસંદગીના ડ્રમ અને ટબ ખરીદીને લાવે છે અને પછી એનું બિલ રજૂ કરે છે, ત્યારપછી એના ખાતામાં પૈસા જમા કરીએ છીએ, એટલે એડવાન્સ લેવાની જોગવાઇ નથી અને લીધા પણ નથી. સભ્યશ્રીનું કહેવું છે કે બનાસકાંઠા જિલ્લામાં એકપણ મંજૂર થયેલ નથી. એના વિશે મારે થોડી વાત કરવી છે. એમાં મળેલ અરજીઓ ૭૫,૧૬૪ અને પાત્રતા ધરાવતા ૭૫,૦૫૪ હતા અને પૂર્વ મંજૂરી ૫૭,૪૬૮ને આપવામાં આવેલી અને સહાય માટે અરજીઓ એટલે અરજી એમણે ખરીદીને કરવાની હતી એવી પણ ૫૭,૪૬૮ હતી પણ સહાય માટેની પાત્રતા માટેની અરજીઓ ૭૩૨૦ આવી હતી એ સહાયની અરજીઓ ૭૩૧૯ ને મંજૂર કરી અને એમના ખાતામાં રકમ અમે જમા કરાવેલ છે.

**રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની ભરતી**

***15/4/2350 શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારો કેટલા છે, | (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોની સંખ્યા : |

| **ટેટ–૧** | **ટેટ–૨** | **ટાટ (માધ્યમિક)** | **ટાટ (માધ્યમિક) દ્વિસ્તરીય** | **ટાટ (ઉચ્ચત્તર માધ્યમિક) દ્વિસ્તરીય** |
|---|---|---|---|---|
| ૩૯૩૯૫ | ૨૩૫૯૫૬ | ૭૫૩૨૮ | ૨૮૩૦૭ | ૧૫૨૫૩ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટેટ અને ટાટ પાસ કેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવી, અને

(૨) છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ટેટ અને ટાટ પાસ ભરતી થયેલ ઉમેદવારોની સંખ્યા :

| વ ર્ષ | ટેટ-૧ પાસ | ટેટ-૨ પાસ | ટાટ (માધ્યમિક) પાસ | | ટાટ (ઉચ્ચત્તર માધ્યમિક) પાસ | |
|---|---|---|---|---|---|---|
| | | | સરકારી | ગ્રાન્ટેડ | સરકારી | ગ્રાન્ટેડ |
| ૨૦૨૨ | ૨૩૦૦ | ૩૩૭૮ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨૦૨૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |

(૩) ઉક્ત બાકી ઉમેદવારોની ભરતી ક્યાં સુધીમાં કરવામાં આવશે?

(૩) જરૂરિયાત મુજબ ભરતી કરવામાં આવશે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર ટેટ અને ટાટ પાસ થયેલા ઉમેદવારોની બહુ ગંભીર સમસ્યા છે. જે પ્રમાણે રાજ્ય સરકારે આંકડા આપ્યા એ પ્રમાણે ટેટ-૧, ટેટ-૨ અને ટાટ એ સન ૨૦૨૩ સુધી પાસ થયેલ ઉમેદવારની કુલ સંખ્યા ૩,૯૪,૨૩૯ છે અને એની સામે માત્ર ૫,૬૭૮ ટેટ-૧ અને ટેટ-૨ પાસ થયેલા ઉમેદવારોને નોકરી આપવામાં આવી છે. ટાટ પાસ થયેલા એક પણ ઉમેદવારને નોકરી આપવામાં આવી નથી. જો આપણે એમની ભરતી કરવા ના માગતા હોઇએ, નોકરી આપવા ન માગતા હોઇએ તો આટલા બધા ઉમેદવારોની પરીક્ષા શા માટે લેવામાં આવે છે? વિદ્યાર્થીને પરીક્ષા પાસ કરવા માટે મહેનત કરવી પડે, કલાસીસ કરવા પડે એટલે જે પાસ થયેલા ઉમેદવારો છે એમની તાત્કાલિક ભરતી કરવા માગો છો કે કેમ? અને જે ભરતી ટાટની કરી નથી એનું કારણ શું?

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે ટેટ, ટાટ પરીક્ષા એમાં ઉમેદવારોની ભરતી કરવામાં આવેલ નથી એ તદ્દન સત્યથી વેગળી વાત છે. આપણે જે પરીક્ષાઓ લીધી ટેટ-ટાટની અને જે પ્રમાણે જગ્યા હોય એ પ્રમાણે ભરતી કરીએ છીએ અને એમાં આપણા જે પરીક્ષાનું વર્ષ એમને આપવું પડશે. શિક્ષક યોગ્યતા કસોટી ટેટ-૧ અને ટેટ-૨ અત્યાર સુધી આપણે જે પરીક્ષાઓ યોજાઇ છે એમાં ટેટ-૧ પરીક્ષાનું વર્ષ ૨૦૧૨ ૪,૦૨૯ વિદ્યાર્થીઓ પાસ થયા. એમાંથી આપણે જે ૧,૯૫૧ની ભરતી કરી. સન ૨૦૧૪માં પરીક્ષા લીધી એમાં ૧૦,૮૧૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા એમાંથી ૧,૯૯૭ ની વિદ્યા સહાયકમાં ભરતી કરેલ છે. સન ૨૦૧૫માં જે એકઝામ લીધી એમાં ૧૫,૪૪૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા એમાંથી આપણે ૧,૪૬૯ વિદ્યાર્થીઓને આપણે વિદ્યાસહાયક તરીકે નોકરી આપી છે. સાથે સાથે સન ૨૦૧૮માં જે એકઝામ લીધી એમાં ૬,૩૪૧ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા એમાંથી આપણે ૨,૪૯૨ વિદ્યાર્થીઓને આપણે વિદ્યાસહાયક તરીકે નોકરી આપી છે. સન ૨૦૨૩ માં જે એકઝામ લીધી એમાં ૨૭૨૧ જે ટેટ-૧ પાસ થયા એમની ભરતીની પ્રક્રિયા અત્યારે ચાલુ છે એમ કુલ ૨૯,૩૯૫ વિદ્યાર્થીઓ પાસ થયા એમાંથી ૭,૮૮૯ વિદ્યાર્થીઓને મેરિટ આધારીત નોકરી આપી છે. જગ્યા પ્રમાણે આપી છે, અહીંયા ૩૦ વર્ષ પહેલાં જે સૂત્ર ચાલતું હતું ''લાગવગ એ જ લાયકાત '' સૂત્ર રદ થયું છે અને હવે મેરિટ પ્રમાણે ભરતી થાય છે અને મેરિટ પ્રમાણે આપણે યુવાનોને મિત્રો ન્યાય આપીએ છીએ એટલે મેરિટ જેમનું છે એમને જ નોકરી મળે છે. સાથેસાથે મારે ટેટ-૨ની વાત કરી છે. ટેટ-૨નું પરીક્ષાનું વર્ષ ૨૦૧૧માં જે એકઝામ લીધી એમાં ૩૬,૧૨૬ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા એમાંથી આપણે ૧૧૬૮૯ વિદ્યાર્થીઓને આપણે નોકરી આપી છે. વર્ષ ૨૦૧૨માં જે ટેટ-૨ની એકઝામ લીધી એમાં ૬૧૩૭ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા, એમાંથી આપણે ૭૧૮૯ વિદ્યાર્થીઓને આપણે નોકરી આપી છે. વર્ષ ૨૦૧૩માં જે એકઝામ લીધી, એમાં ૪૪,૮૦૪ વિદ્યાર્થીઓ ટેટ-૨માં પાસ થયા, એમાંથી આપણે ૪૬૪૯ વિદ્યાર્થીઓને આપણે નોકરી આપી છે. વર્ષ ૨૦૧૪માં જે એકઝામ લીધી એમાં ૨૧,૧૫૮ વિદ્યાર્થીઓ પાસ થયા, એમાંથી આપણે ૩,૪૫૮ વિદ્યાર્થીઓને આપણે વિદ્યાસહાયકમાં આપણે નોકરી આપી છે. અપર પ્રાથમિકમાં સન ૨૦૧૫માં ૩૯૫૨૬ વિદ્યાર્થીઓ પાસ થયા, એમાંથી આપણે ૭૧૬૦ને નોકરી આપી છે. સન ૨૦૧૭માં ૫૦,૭૫૫ વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા, એમાંથી ૬,૮૩૮ની વિદ્યાસહાયકમાં ભરતી કરી છે. માનનીય કિરીટભાઇનો જે પ્રશ્ન છે સન ૨૦૨૩માં જે એકઝામ લીધી એમાં એમણે જે મુદ્દો ઉપસ્થિત કર્યો છે એમાં ૩૭,૪૫૦ ટેટ-૨માં પરીક્ષા લીધી, એમાં વિદ્યાર્થીઓના વિશાળ હિતમાં શિક્ષણના હિતમાં કરાર આધારિત આપણે જે જ્ઞાન સહાયકની ભરતી કરી છે.એમાં ૩૭,૪૫૦ વિદ્યાર્થીઓ પાસ થયા અને એમાંથી ૧૨,૭૧૦ની જ્ઞાન સહાયક તરીકે નિમણૂક આપવામાં આવી છે. કુલ મળીને ૫૦,૯૧૨ વિદ્યા સહાયકોની ભરતી કરી છે અને વત્તા ૧૨,૭૧૦ જ્ઞાન સહાયકની ભરતી કરી છે. સાથોસાથ એમણે ટેટ અને ટાટની વાત કરી.

અધ્યક્ષશ્રી : ત્રણની જ વાત કરી છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ટાટ માધ્યમિકમાં આવી જાય છે.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : ટેટ–૧, ટેટ–૨ અને ટાટની વાત કરી છે.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ટાટની વાત કરી છે એમાં સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ટાટ પાસ થયેલા છે એમાં સને ૨૦૧૩માં ૧૧૨૯ ની ભરતી કરી. વર્ષ ૨૦૧૪માં ૭૪૨, વર્ષ ૨૦૧૬માં ૪૦૬૩, વર્ષ ૨૦૧૭માં ૧૧૧૧, વર્ષ ૨૦૧૯માં ૧૮૩૮ અને વર્ષ ૨૦૨૧માં ૫૯૪૬ એમ કરીને કુલ ૧૫,૨૨૯. આમ, વર્ષ ૨૦૧૩થી ૨૦૨૧ સુધીમાં ટાટ પાસ કુલ ૧૫,૨૨૯ ઉમેદવારોની ભરતી કરવામાં આવેલ છે.

શ્રી ત્રિકમ બિ. છાંગા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે રીતે રાજ્ય સરકારે શિક્ષણ અને શિક્ષકોની ગુણવત્તા સુધારવા માટે ટેટ અને ટાટ પરીક્ષાનું આયોજન કર્યું છે અને એના દ્વારા સમગ્ર રાજ્યમાં શિક્ષણમાં ગુણવત્તામાં ખૂબ મોટું પરિવર્તન અને સુધારો આવ્યો છે. એ સંદર્ભે આપના માધ્યમથી જાણવા માગું છું કે, શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ અને ટેટ–૨ માં અત્યાર સુધી કેટલીવાર એનું આયોજન થયું છે અને એમાં કુલ કેટલી ભરતી કરવામાં આવી છે? બીજો પ્રશ્ન છે કે સરકારી અને બિન સરકારી ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ટાટ પાસે કેટલા ઉમેદવારોની ભરતી કરવામાં આવી?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ ડો. કિરીટકુમારના પ્રશ્નના જવાબમાં કહ્યું છે.

અધ્યક્ષશ્રી : ટેટ અને ટાટમાં કેટલી વખત ભરતી કરી અને કેટલા લોકોની ભરતી કરી?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે એમાં કુલ ટેટ–૧માં ૩૯,૩૯૫ વર્ષ ૨૦૧૨થી ૨૦૨૩ સુધીમાં પાસ થયા હતા, એમાંથી ૭૮૮૯ વિદ્યાર્થીઓની વિદ્યાસહાયક તરીકે ભરતી કરી છે. ટેટ–૨ માં સને ૨૦૧૧ થી ૨૦૧૩ સુધીમાં ભરતી કરી છે એમાં કુલ ૫૦,૯૧૨ વિદ્યાસહાયકમાં પાસ થયા અને વર્ષ ૨૦૨૩માં ટાટ પાસ થયા છે એમને આપણે જ્ઞાન સહાયક તરીકે ૧૨,૭૧૦ની ભરતી કરી છે.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, કચ્છ જિલ્લો એ સરહદી જિલ્લો છે. એશિયાનો સૌથી મોટો જિલ્લો છે અને ત્યાં ૩૫થી ૪૦ ટકા જેટલા શિક્ષકોની ઘટ રહે છે તો એની ભરતી કરવા માગો છો કે કેમ? અને વિદ્યાસહાયકની નિમણૂક કરવાની પદ્ધતિ શું છે? ભૂતકાળમાં ક્યારે ભરતી કરી હતી અને ભવિષ્યમાં ક્યારે ભરતી કરવાનું આયોજન છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, માગણાપત્રક પ્રમાણે ભરતીઓ કરીએ છીએ. પણ માનનીય સભ્યશ્રીની બાબત છે કે કચ્છમાં જગ્યાઓ ખાલી છે. શિક્ષણ વિભાગમાં તા.૩૧–૧૦ ને તા.૩૧–૫ આ બન્ને નિવૃત્તિની તારીખો હોય છે. શિક્ષકોની પ્રતિનિયુક્તિ થતી હોય, કોઇ અવસાન થતું હોય એના કારણે જગ્યાઓ ખાલી રહે છે. અત્યારે કચ્છમાં જ્ઞાન સહાયકની ભરતી ચાલે છે એ ઘટ પૂરી કરીશું. એમણે નિમણૂક કરવા અંગેની કાર્યપદ્ધતિ અંગે વાત કરી છે તો મને કહેતા આનંદ છે કે શિક્ષણ વિભાગ દ્વારા ખાલી જગ્યાઓ ભરવાની મંજૂરી મળ્યેથી સૌપ્રથમ જિલ્લા કક્ષાએથી ખાલી જગ્યાઓની માહિતી મેળવી મંજૂર થયેલ જગ્યાઓ ધ્યાને લઇ જિલ્લાઓને સપ્રમાણ ફાળવણી કરવામાં આવે છે. ત્યારબાદ માગણાપત્રક મેળવી કેટેગરીવાઇઝ જગ્યાઓ નક્કી થયા પછી વર્તમાનપત્રોમાં જાહેરાત આપવામાં આવે છે. ત્યારબાદ ઓનલાઇન વેબ પોર્ટલના માધ્યમથી ઉમેદવારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવે છે. મળેલી અરજીઓના આધારે સૌ પ્રથમ કામચલાઉ મેરિટ યાદી ઓનલાઇન વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવે છે. કામચલાઉ મેરિટ યાદીના સંદર્ભે મળેલ વાંધા અરજીઓની ચકાસણીની પ્રક્રિયા હાથ ધર્યા બાદ અંતિમ મેરિટ યાદી પ્રસિદ્ધ કરવામાં આવે છે. સાથેસાથે મેરિટમાં આવતા ઉમેદવારોને ઓનલાઇન વેબપોર્ટલના માધ્યમથી કોલ લેટર આપી જિલ્લા પસંદગી તેમજ ડોકયુમેન્ટ વેરિફિકેશન માટે રૂબરૂ બોલાવવામાં આવે છે. તમામ જગ્યાઓ ઉપર જિલ્લા પસંદગી થયા બાદ જિલ્લા કક્ષાએ મેરિટ આધારિત શાળા પસંદગી કરીને નિમણૂકના હુકમ આપવામાં આવે છે. વિદ્યા સહાયકોની નિમણૂક અંગેની કાર્યવાહી વર્ષ ૨૦૧૦થી ઓનલાઇન વેબપોર્ટલના માધ્યમથી સૂચારુ રૂપે તેમજ સંપૂર્ણ પારદર્શિતાથી હાથ ધરવામાં આવે છે. આ ઓનલાઇન ભરતી છે એટલે કોઇને એમાં અન્યાય થાય નહીં દરેકને ન્યાય મળે સાથેસાથે રાજ્ય સરકારે તા.૧૪–૯–૨૦૨૨ ના પત્રથી આપવામાં આવેલી મંજૂરી અંતર્ગત કુલ ૨૬૦૦ વિદ્યા સહાયકો ભરવાની જાહેરાત ઓકટોબર–૨૦૨૨માં આપવામાં આવેલ. જેમાં શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૧ ધોરણ–૧થી ૫ ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો માટે ધોરણ–૧થી ૫ ની ૧૦૦૦ જગ્યાઓ તેમજ શિક્ષક યોગ્યતા કસોટી ટેટ–૨ ધોરણ–૬થી ૮ ઉત્તીર્ણ થયેલ ઉમેદવારો માટે ધોરણ ૬થી ૮ની ૧૬૦૦ જગ્યાઓની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત પ્રતિક્ષા યાદી સહિત વિદ્યા સહાયકની ભરતી...

અધ્યક્ષશ્રી : એમનો પ્રશ્ન શું છે?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લે કયારે કરવામાં આવી એ પ્રશ્ન પૂછયો છે?

અધ્યક્ષશ્રી : એટલું જ બોલી જાવ.

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, ભરતી પ્રક્રિયાની કાર્યવાહી ડિસેમ્બર–૨૦૨૩માં પૂર્ણ કરવામાં આવી છે. જેમાં ૨૪૩૦ વિદ્યા સહાયકોને નિમણૂક આપવામાં આવી છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે કોઇ ભરતી કરવામાં આવી નથી એ વાત ખોટી છે. તમે જે માહિતી આપી એની અંદર જ ઝીરો ઝીરો. ટાટ માધ્યમિક, માધ્યમિક દ્વિસ્તરીય અને ઉચ્ચતર માધ્યમિક

દ્વિસ્તરીય એની અંદર ઝીરો માહિતી બતાવી છે. માનનીય મંત્રીશ્રી તમે જે માહિતી આપી અને આ માહિતી બંને વચ્ચે આંકડાની અંદર તફાવત છે. અગાઉ પણ મેં જયારે ૨૦ મી તારીખે પહેલા નંબરનો પ્રશ્ન પૂછયો હતો અને ૬૨ નંબરનો પ્રશ્ન બંનેની માહિતી જુદીજુદી હતી તો આવું કેમ બને છે? એમાં સાચી માહિતી કઇ?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આમાં જે ભરતીની વાત કરી છે. ભરતી એટલે રેગ્યુલરની એ વાત કરે છે અને મેં જ્ઞાન સહાયકની વાત કરી છે. મેં ઝીરો ઝીરો બતાવ્યું છે પણ એ જ્ઞાન સહાયકો વિદ્યાર્થીઓના શિક્ષણના હિતમાં અને વિદ્યાર્થીઓના હિતમાં નિર્ણય લઇને જ્ઞાન સહાયકની ૧૨૭૧૦ની ભરતી કરી છે, એટલે આપણે ભરતીમાં એને જોડતા નથી. પૂરક વ્યવસ્થા કરી છે. વૈકલ્પિક વ્યવસ્થા છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને મારા બે પ્રશ્નો છેઃ એક તો જે જ્ઞાન સહાયક છે એને કાયમી કરવા માગો છો કે કેમ? અને બીજો પ્રશ્ન એ છે કે જ્ઞાન સહાયક પહેલા પ્રવાસી શિક્ષકો આપવાની જોગવાઇ હતી. મારે ત્યાં મહાત્મા ગાંધી ઇંગ્લિશ મિડિયમ સ્કૂલ છે એમાં ૨૮ પ્રવાસી શિક્ષકો કામ કરતાં હતાં. જ્ઞાન સહાયક આપ્યા એટલે એ ૨૮ને છૂટા કરવામાં આવ્યા પણ જ્ઞાન સહાયક માત્ર ૧ જ મળ્યો. ૨૭ જગ્યા એક જ સ્કૂલમાં ખાલી પડી. તો આજે બીજી જગ્યાએથી લઇ આવીને વ્યવસ્થા કરીને ચલાવવું પડે છે એને કારણે આ જે સરકારી સ્કૂલો છે એની સંખ્યા પણ ઘટે છે તો મારો માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન એટલો છે કે કાં તો આ સ્કૂલમાં જ્ઞાન સહાયક આપો અને જ્ઞાન સહાયક ન મળે તો જૂના પ્રવાસી શિક્ષકોને ચાલુ રાખવા માગો છો કે કેમ?

ડો. કુબેરભાઇ મ. ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્યશ્રીએ જે સજેશન કર્યું છે, સૂચન એમનું છે. આ ચિંતા છે એ આપણા બધાની છે. એમાં જૂની પ્રવાસી શિક્ષકોની યોજના હતી એ મંડળોને આપેલી હતી એમાં માત્ર બી.એ. થયેલા વિદ્યાર્થીને લઇને શિક્ષણની સેવા લઇ શકતા હતા, પણ આપણી નવી નીતિ પ્રમાણે ટેલેન્ટેડ અને એજ્યુકેટેડ ટીચરો મળે એના માટે આપણે દ્વિસ્તરીય એકઝામ લઇને જ્ઞાન સહાયકો આપીએ છીએ એટલે તાલીમી શિક્ષક મળે છે. આપણો હેતુ આ છે. એમની વાત સાચી છે કે પ્રવાસી શિક્ષકોની પોલિસી જ્ઞાન સહાયકોની ભરતી કરવાથી બંધ થઇ છે પણ એ પ્રક્રિયા ચાલુ છે. અમે જ્ઞાન સહાયક જયાં જયાં ખાલી જગ્યાઓ છે ત્યાં અત્યારે પ્રોસેસ અને પ્રગતિ ચાલુ છે એટલે ઇંગ્લિશ મિડિયમનો જે પ્રશ્ન ઊભો થયો છે એ પણ અમે આપીશું અને સાથેસાથે ત્યાં વૈકલ્પિક વ્યવસ્થા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી દ્વારા કરવામાં આવી છે. બહારથી વૈકલ્પિક વ્યવસ્થા વિદ્યાર્થીઓના હિતમાં કરી છે.

અધ્યક્ષશ્રી : તમે સામસામે ચર્ચા ના કરો. માનનીય મંત્રીશ્રી, તમે મારી સામે જોઇને બોલો એટલે ત્યાં પ્રશ્ન ઊભો નહીં થાય.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આવનારા સમયમાં વૈકલ્પિક વ્યવસ્થા પૂર્ણ કરીને નવેસરથી જ્ઞાન સહાયકની નિમણૂક કરીશું. વિશેષમાં જૂની પ્રવાસી શિક્ષક યોજના અંતર્ગત શિક્ષકોને જે પગાર આપવામાં આવતો હતો, તેમાં જ્ઞાન સહાયકમાં પ્રાઇમરીમાં ૨૧ હજાર રૂપિયા આપીએ છીએ. માધ્યમિકમાં ૨૪ હજાર રૂપિયા અને ઉચ્ચતર માધ્યમિકમાં ૨૬ હજાર રૂપિયા આપીએ છીએ.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં ટેટ અને ટાટ પાસ કેટલા શિક્ષકોની જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે? ખાલી જગ્યાઓ ભરવા માટે સરકારશ્રીનું શું આયોજન છે અને કેટલા સમયમાં ભરવા માગો છો?

અધ્યક્ષશ્રી : આપની પાસે વિગત હોય તો આપો.

ડો. કુબેરભાઇ ડીંડોર : માનનીય અધ્યક્ષશ્રી, આ દાહોદ જિલ્લાનો પ્રશ્ન પૂછ્યો છે. મારી પાસે માહિતી ૩૩ જિલ્લાની છે. તે માહિતી હું તેમને પહોંચાડી દઇશ. ખૂટતી કડી જે જે જિલ્લાઓમાં છે તે અમે આવનારા સમયમાં પૂર્ણ કરીશું.

અધ્યક્ષશ્રી : શ્રી મહેશભાઇ, તમને આજે જ આ માહિતી પહોંચાડી દેશે. સચિવને સૂચના આપું છું કે આજે જ માનનીય સભ્યશ્રીને આ માહિતી પહોંચાડી દે. પ્રશ્ન ક્રમાંક-૯. દિનેશભાઇ ઠાકોર.

**રાજ્યની એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક**

* 15/4/2373 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર** (ચાણસ્મા) :**માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે-:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ કઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક થયેલ છે અને કઈ યુનિવર્સિટીઓમાં બાકી છે, | (૧) | રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓ પૈકી:<br>તા:૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ<br>નવસારી કૃષિ યુનિવર્સિટીમાં લોકપાલની નિમણૂક થયેલ છે.<br>જ્યારે,<br>આણંદ કૃષિ યુનિવર્સિટીમાં તા:૨૯/૦૧/૨૦૨૪,<br>જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં તા:૦૧/૦૨/૨૦૨૪, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં તા:૦૯/૦૨/૨૦૨૪ અને ગુજરાત નેચરલ ફાર્મીંગ સાયન્સ |

| | | | |
|---|---|---|---|
| | | | યુનિવર્સિટીમાં તા:૦૯/૦૨/૨૦૨૪ના રોજ લોકપાલની નિમણૂક કરવામાં આવેલ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણૂક ન થતાં રાજ્યની કઈ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવી, અને | (૨) | ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણૂક ન થતા રાજ્યની જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત બાકી યુનિવર્સિટીઓમાં ક્યાં સુધીમાં લોકપાલની નિમણૂક કરવામાં આવશે? | (૩) | લોકપાલની નિમણૂક થયેલ હોવાથી લાગુ પડતું નથી. |

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, આણંદ કૃષિ યુનિવર્સિટીમાં તા.૨૯–૧–૨૦૨૪, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં  તા.૧–૨–૨૦૨૪, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીમાં તા.૯–૨–૨૦૨૪ એટલે કે પ્રશ્ન પૂછ્યો ત્યારબાદ લોકપાલની નિમણૂક થઇ છે. તો અત્યાર સુધી લોકપાલની નિમણૂક ન થવાનાં કારણો શું છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીને યુ.જી.સી.એ. ડિફોલ્ટર જાહેર કરેલ છે તેનાં કારણો શું છે?

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ કૃષિ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક બાબતેની વાત કરી છે તેના અનુસંધાનમાં મારે જણાવવાનું કે, યુ.જી.સી.એ. તા.૧૧ એપ્રિલ ૨૦૨૩થી જે કાયદો વિદ્યાર્થી ફરિયાદ નિવારણ અધિનિયમ ૨૦૨૩ની જરૂરી સૂચનાઓની અમલવારી ૩૦ દિવસમાં કરવા માટેનો આદેશ કર્યો હતો. તારીખ ૧૨મી મે સુધી અમલવારી કરવાની હતી. તે બાબતે યુ.જી.સી.એ. સ્મૃતિપત્રો આપ્યા હતા. ડેડલાઇન તારીખ ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધી અમલવારી ન કરી એટલે તેમને ડિફોલ્ટરની યાદીમાં મૂકવામાં આવ્યા હતા. તારીખ ૧૧મી જાન્યુઆરી ૨૦૨૪ના પત્રથી પબ્લિક નોટિસથી ડિફોલ્ટર યાદી પ્રસિદ્ધ કરેલ. જેમાં કૃષિ યુનિવર્સિટીઓના નામ ડિફોલ્ટર તરીકે યાદીમાં આવ્યા પછી લોકપાલની નિમણૂક માટેની કાર્યવાહી શરૂ કરવામાં આવી. જે અંતર્ગત જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ તા.૧–૨–૨૦૨૪ના રોજ લોકપાલની નિયુક્તિ કરેલી. તા.૨–૨–૨૦૨૪ના રોજ યુ.જી.સી.ને ઇ.મેઇલથી જાણ કરવામાં આવેલી. આણંદ કૃષિ યુનિવર્સિટીએ તા.૨૫–૨–૨૦૨૪ના રોજ લોકપાલની નિયુક્તિ કરેલી અને તા.૧૨–૨–૨૦૨૪ના રોજ યુ.જી.સી.ને ઇ.મેઇલથી જાણ કરી. દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીએ તા.૮–૨–૨૦૨૪ના રોજ લોકપાલની નિમણૂક કરી અને તા.૮–૨–૨૦૨૪ના રોજ યુ.જી.સી.ને ઇ.મેઇલથી જાણ કરી તેમજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીએ તા.૯–૨–૨૦૨૪ના રોજ લોકપાલની નિયુક્તિ કરેલી અને તા.૨૧–૨–૨૦૨૪ના રોજ યુ.જી.સી.ને ઇ.મેઇલથી જાણ કરેલ હતી. નવસારી કૃષિ યુનિવર્સિટીનું નામ ડિફોલ્ટરની યાદીમાં ન હતું. કારણકે આ યુનિવર્સિટીએ તારીખ ૩૧મી ડિસેમ્બર ૨૦૨૩ પહેલાં.....

અધ્યક્ષશ્રી : તેમનો પ્રશ્ન શું છે? તેમનો પ્રશ્ન એટલો જ છે કે, મેં પ્રશ્ન પૂછ્યા પછી તમે નિમણૂક કરી. આટલા ટાઇમ સુધી કેમ કાર્યવાહી ના કરી. આટલું બોલી જાઓ તો પ્રશ્ન પતી જાય.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, વિલંબ થવાનાં કારણો છે તેમાં જણાવું તો રાજ્યની ચાર યુનિવર્સિટીઓ અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક કરવામાં આવેલ હતી, પણ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનના સૂચન મુજબ જે તે યુનિવર્સિટીએ યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશનને જાણ કરી દીધેલ. આમ, કૃષિ યુનિવર્સિટી ડિફોલ્ટ થવાથી નાણાકીય કોઇ નુકસાન થતું નથી. કારણકે કૃષિ યુનિવર્સિટીને યુ.જી.સી. તરફથી કોઇ સીધેસીધી સહાય મળતી નથી. રાજ્ય સરકાર અને ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ આઇ.સી.સી.આર. દ્વારા સહાય મળે છે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતી ડિગ્રી માટે યુ.જી.સી.ની માન્યતા લેવાની રહેતી નથી.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ લોકપાલની નિમણૂક માટેનો પ્રશ્ન છે.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીઓ ડિફોલ્ટર તરીકે જાહેર થઇ પછી તાત્કાલિક અસરથી કાર્યવાહી કરી નિયમાનુસાર લોકપાલની નિમણૂક કરવામાં આવેલ છે.

શ્રી સરદારભાઇ શા. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જાણીએ છીએ કે, કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને સરસ માર્ગદર્શન મળે છે અને ખેડૂતોની આવકમાં પણ વધારો થયો છે અને ઉત્પાદન પણ વધ્યું છે. માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, એગ્રિકલ્ચર યુનિવર્સિટીમાં લોકપાલની નિયુક્તિ શા માટે કરવામાં આવે છે અને, એના ધારા–ધોરણ શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીએ ગ્રાન્ટ કમિશન યુ.જી.સી.ના તા. ૧૧–૪–૨૦૨૩ના જાહેરનામાથી લોકપાલની નિમણૂક અને તેના ધારા–ધોરણો નક્કી કરેલા છે. ૨૦૧૯ના વર્ષના નિયમો મુજબ યુ.જી.સી. એ વિદ્યાર્થીઓની ફરિયાદ નિવારણ સમિતિને જાળવી રાખી છે જે એસ.સી. અને એસ.ટી. તથા અન્ય પછાત વર્ગ ઓ.બી.સી., લઘુમતિઓ, દિવ્યાંગો કે મહિલાઓ સાથે સંબંધિત વિદ્યાર્થીઓના કથિત ભેદભાવની ફરિયદો પર વિચાર કરશે. નવા દિશા–નિર્દેશો મુજબ યુનિવર્સિટી અને યુનિવર્સિટી સાથે સંકળાયેલ કોલેજો–સંસ્થાઓના વિદ્યાર્થીઓની ફરિયાદના

નિકાલ માટે લોકપાલની નિમણૂકની જોગવાઇ કરાઇ છે. લોકપાલ તરીકે નિવૃત્ત વાઇસ ચાન્સેલર, નિવૃત્ત પ્રોફેસર, ડીન, એચ.ઓ.ડી. કે રાજય/કેન્દ્રીય યુનિવર્સિટીની રાષ્ટ્રીય સંસ્થાઓ, ડીમ્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે ૧૦ વર્ષનો અનુભવ ધરાવતા હોય તેમની નિયુક્તિ કરી શકાશે. લોકપાલની નિમણૂક ૩ વર્ષના સમયગાળા માટે અને પદ ગ્રહણ કર્યાની તારીખથી ૭૦ વર્ષની ઉંમર થાય તે બે પૈકી વહેલું હોય ત્યાં સુધી તે પ્રમાણે કરવાની રહેશે, બીજી મુદત માટે પણ તેઓ લાયક રહેશે. લોકપાલને પ્રતિ દિવસ એક બેઠક ફી પ્રમાણે ફી અને વાહન–વ્યવહાર માટે થયેલ ખર્ચ પણ આપવાનો રહેશે. યુનિવર્સિટી લોકપાલ સાબિત ગેરવર્તણૂક અથવા ગેરવર્તનના આરોપસર પદ પરથી દૂર કરી શકાશે. લોકપાલની નિયુક્તિ તેમના સંસ્થા સાથેના વ્યક્તિગત સંબંધો, વ્યવસાયિક સંબંધો કે આર્થિક હિતના કારણે નિર્ણય લેવાની સ્વતંત્રતા સાથે સમાધાન ન થાય એ માટે કરવામાં આવી છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, યુ.જી.સી. દ્વારા ડિફોલ્ટર જાહેર કરેલી યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓને આનાથી કોઇ નુકસાન થશે કે કેમ? ડિફોલ્ટર યુનિવર્સિટીમાં જે વિદ્યાર્થી ડિગ્રી મેળવશે એની માન્યતા યથાવત રહેશે કે નહીં?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, વિદ્યાર્થીઓને કોઇ પણ જાતનું નુકસાન થતું નથી અને એને ફરીવાર રિન્યુ પણ કરી દીધી છે એટલે ભણવામાં કે ડિગ્રીમાં કોઇ તકલીફ પડવાની નથી. જે પૂર્તતા કરવાની હતી એ પૂર્તતા કરી દીધી છે એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

### તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના લાભાર્થી

* **15/4/1758 :શ્રી મોહનભાઇ ઢેડાભાઇ કોંકણી** (વ્યારા): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧–૨૦૨૨ | ૮૯૨૩ |
| ૨ | સને ૨૦૨૨–૨૦૨૩ | ૫૯૦૭ |

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વૈવિધ્યકરણ યોજના શું છે અને તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ? અને જો હા, તો બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

શ્રી કુંવરજીભાઇ ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ વિકાસ વિભાગની વી.કે.વાય.૧૯ યોજના અંતર્ગત રાજય સરકાર દ્વારા ચાલુ બાબત તરીકે દર વર્ષે ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા આર્ટીકલ–૨૭૫(૧) જેવી યોજના હેઠળ પણ ગ્રાન્ટ ફાળવવામાં આવે છે. આ યોજના હેઠળ આજ દિન સુધીમાં ૧૩,૩૧,૭૮૪ આદિજાતિ ખેડૂતોને લાભ આપવામાં આવેલ છે અને એ માટે રૂપિયા ૩૪૬.૭૨ લાખનો કુલ ખર્ચ કરવામાં આવેલ છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત તાપી જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષનો લક્ષ્યાંક તેમજ તે સામે મેળવેલ સિદ્ધિઓની વિગતો શું છે?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત તાપી જિલ્લામાં છેલ્લાં પાંચ વર્ષમાં લક્ષ્યાંક તેમજ તેની સામે મેળવેલ સિદ્ધિની વિગત જોઇએ તો વર્ષ ૨૦૨૩–૨૪ લક્ષ્યાંક અમારો હતો ૮૩૧૧ સિદ્ધિ ૭૭૬૩ એટલે કે ૯૩ ટકા અમારી સિદ્ધિ છે. એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૨–૨૩માં ૬ હજારનો લક્ષ્યાંક હતો એની સામે સિદ્ધિ અમારી ૫૯૦૭ એટલે ૯૮ ટકા સિદ્ધિ પ્રાપ્ત કરી છે. વર્ષ ૨૦૨૧–૨૨માં ૯ હજારનો લક્ષ્યાંક હતો તેની સામે ૮૯૨૩ એટલે કે ૯૯ ટકા અમે સિદ્ધિ હાંસલ કરી છે. વર્ષ ૨૦૨૦–૨૧માં ૪ હજારનો લક્ષ્યાંક હતો જે ૪ હજારનો લક્ષ્યાંક પૂર્ણ કરેલ છે અને સો ટકા સિદ્ધિ હાંસલ થઇ છે. તે જ પ્રમાણે વર્ષ ૨૦૧૯–૨૦માં ૬૭૫૩નો લક્ષ્યાંક તેની સામે ૬૫૫૩ હાંસલ કર્યો છે અને ૯૭ ટકા સિદ્ધિ હાંસલ કરી છે.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

માનનીય અધ્યક્ષશ્રી, આમ, તાપી જિલ્લાની કુલ વાત કરવા જઇએ તો ૩૪૦૬૪ અમારો જે લક્ષ્યાંક હતો તેની સામે અમે ૩૩૧૪૬ એટલે કે ૯૭ ટકા તાપી જિલ્લાની અંદર લક્ષ્યાંક હાંસલ કર્યો છે.

ડો. જયરામભાઇ એ. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં ત્રણ વર્ષમાં તાપી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અંતર્ગત તાલુકાવાર કેટલી અરજીઓ મળી? અને કેટલી મંજૂર કરવામાં આવી?

શ્રી કુંવરજીભા ન. હળપતિ : માનનીય અધ્યક્ષશ્રી, તાપી જિલ્લાના કુકરમુંડા તાલુકામાં મળેલી અરજી ૪૮૭ છે લાભાર્થીઓની સંખ્યા ૪૮૨ અને મંજૂર અરજી ૩૯૫ છે. તે જ પ્રમાણે નિઝરની અંદર વર્ષ ૨૦૨૪ની વાત કરીએ તો મળેલ અરજીઓ ૭૩૬ છે લાભાર્થીઓની સંખ્યા ૭૦૩ અને મંજૂર અરજી ૫૫૨. ઉચ્છલ તાલુકાની વાત કરીએ તો મળેલ અરજી ૨૫૫૫ લાભાર્થીઓની સંખ્યા ૨૪૯૯ અને મંજૂર અરજી ૨૪૩૧. સોનગઢ તાલુકાની વાત કરીએ તો મળેલ અરજી ૧૯૨૮ અને લાભાર્થીઓની સંખ્યા ૧૯૯૭ અને મંજૂર અરજી ૧૨૯૬ છે. વ્યારા તાલુકાની વાત કરીએ તો મળેલ અરજી ૮૧૦ અને લાભાર્થીઓની સંખ્યા ૭૩૫ અને મંજૂર અરજી ૨૯૮ છે. એ જ પ્રમાણે ડોરવણ તાલુકાની અંદર મળેલ અરજી ૧૪૦૮ અને લાભાર્થીઓની સંખ્યા ૧૩૭૪ અને મંજૂર અરજી ૯૨૨ છે. એ જ પ્રમાણે વાલોદ તાલુકાની વાત કરીએ તો મળેલ અરજી ૩૮૭ અને લાભાર્થીઓની સંખ્યા ૩૭૩ અને તેની સામે મંજૂર અરજી ૧૪૦ છે અને કુલ ટોટલ આપણે તેની વાત કરવા જઇએ વર્ષ ૨૦૨૩–૨૪ની તો ૮૩૧૧ અને લાભાર્થીઓની સંખ્યા ૭૭૬૩ અને કુલ અરજી જે આવેલ છે તે ૬૦૧૫. તે જ પ્રમાણે વર્ષ ૨૦૨૧–૨૨ની પણ માહિતી છે,

અધ્યક્ષશ્રી : એ કાગળ ઉપર આપી દેજો.

**રાજયમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારાની દરખાસ્તો**

*15/4/1751 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ** (ગાંધીનગર (ઉત્તર)): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની વર્ગ વધારાની કેટલી દરખાસ્તો મળી, અને | **(૧)** બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક શાળાઓની ૩૪૬ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ૨૯૮ દરખાસ્તો મળી. |
| **(૨)** તે પૈકી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવી? | **(૨)** તે પૈકી ૩૨૭ માધ્યમિક શાળાઓને અને ૨૯૧ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને વર્ગ વધારાની મંજૂરી આપવામાં આવી. |

શ્રીમતી રીટાબેન કે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજયની બિન સરકારી અને બિન અનુદાનિત શાળાની અંદર વર્ગખંડ વધારવા હોય તો તેની મંજૂરીની શું પ્રક્રિયા છે? અને આ મંજૂરી મેળવવાના ધોરણો શું છે?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, બિન સરકારી, બિન અનુદાનિત શાળાઓ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ગ વધારવાની પ્રક્રિયા ઓનલાઇન સંપૂર્ણપણે છે. આ દરખાસ્ત મેળવ્યા મંજૂર, નામંજૂરનો નિર્ણય પણ શાળાને ઇ–મેઇલ દ્વારા ઓનલાઇનના માધ્યમથી તેની જાણ કરવામાં આવે છે. જે શાળા વર્ગ વધારવા ઇચ્છતી હોય તે શાળા બોર્ડની વેબસાઇટ પર પણ ઓન લાઇન અરજી કરી વર્ગ વધારવા માટે અરજી કરી શકે છે. તેમના ધારા–ધોરણ સરકારી બિન અનુદાનિત શાળા વર્ગ વધારવા મંજૂર કરવા માટેના ધોરણો બિન સરકારી, બિન અનુદાનિત માધ્યમિક શાળા વર્ગ વધારવાની મંજૂરી ગુજરાત રાજયના માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ વિનિમય ૧૯૭૪ વિનિમય ક્રમાંક–૧૦ મુજબ બિન સરકારી, બિન અનુદાનિત શાળા વર્ગ વધારવાની અરજી કરી શકે છે. વર્ગનું સંચાલન કરવા માટે શાળાઓએ કલાસરૂમ પ્રયોગશાળા, ગ્રંથાલય, ફર્નિચર, સાધન–સામગ્રી આ બધુ વર્ગ વધારવા માટેની પૂરતી સગવડતા હોવી જોઇએ. બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળા ૬થી વધુ વર્ગ આપણે મંજૂર કરી શકતા નથી. ૬થી વધુ વર્ગની મંજૂરી માટે સરકારના શિક્ષણ વિભાગમાં જાણ કરવી પડતી હોય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

**અતારાંકિત પ્રશ્નો**

( તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ )

**રબારી, ભરવાડ અને ચારણ જાતિના લોકોને પ્રમાણપત્રો આપવા બાબત**

**15/4/2343 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ (વાંસદા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર, બરડા અને આલેચના જંગલોના નેસ વિસ્તારમાં રહેતા રબારી, ભરવાડ અને ચારણ જાતિના પરીવારોને તા.૨૬-૧૦-૫૬ ની સ્થિતિએ વસવાટ કરતા કુટુંબો અને તેમના વારસદારો નક્કી કરવા તા.૪/૮/૨૦૨૦ ના રોજ કમિટીની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા જી, |
| (૨) | જો હા, તો ઉક્ત કમિટીની મુદત કેટલા સમયની છે, | (૨) | તા.૦૪/૦૮/૨૦૨૦ ના ઠરાવથી કમિટીની મુદત ત્રણ માસ સુધીની હતી. ત્યારબાદ તા.૧૮/૧૧/૨૦૨૦, તા.૦૪/૦૫/૨૦૨૧, તા.૨૫/૧૧/૨૦૨૧, તા.૨૮/૦૪/૨૦૨૨, તા.૨૭/૦૯/૨૦૨૨, તા.૦૩/૦૨/૨૦૨૩, તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવોથી અનુક્રમે કમિટીની મુદ્દત સમયાંતરે લંબાવવામાં આવેલ હતી. અંતે, તા.૦૧/૦૧/૨૦૨૪ ના ઠરાવથી કમિટીની મુદ્દત તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીમાં સભ્યો કોણ છે, અને | (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીમાં નીચેના ૦૨ સભ્યો છે. જે હાલ કાર્યરત છે.<br>૧.શ્રી ડી.જી.કારીયા, નિવૃત હાઈકોર્ટ જજ, અધ્યક્ષશ્રી<br>૨.શ્રી સી.આર.સંગાડા, નિવૃત અધિક કલેક્ટરશ્રી, સભ્ય સચિવશ્રી, |
| (૪) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કમિટીએ કેટલા કુટુંબો અને વારસદારો નક્કી કર્યા? | (૪) | ઉક્ત કમિટીના અંતરિમ અહેવાલ મુજબ કુલ ૧૧૨૯ કુટુંબો અને તેના કુલ ૨૧૫૧૮ વારસદારો નક્કી કર્યા છે. |

**નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી**

**15/4/1747:શ્રી આર.સી.પટેલ** (જલાલપોર): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | ૭૦૦૦ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | ૪૮૦૨ |

**બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ગ્રેડીંગ યુનિટ સહાય યોજના**

**15/4/1850 :શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ગ્રેડીંગ યુનિટ સહાય યોજના હેઠળ કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને કેટલી સહાય અપાઈ, અને | (૧) વેજીટેબલ કલેક્શન કમ ગ્રેડીંગ સેંટર યોજના હેઠળ લાભાર્થીઓને સીધી કોઇ સહાય આપવાની જોગવાઇ ન હોઇ છેલ્લા બે વર્ષમાં આ હેતુ માટે લાભાર્થીઓને આપેલ સહાય શૂન્ય છે. |

| | | |
|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલા અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને સહાય ચૂકવવાની બાકી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી**

**15/4/1766 :શ્રી મહેન્દ્રભાઇ રમેશભાઇ ભાભોર** (ગરબાડા): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં દાહોદ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | ૧૪૩૬ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | ૧૬૫૯ |

**આણંદ જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન**

**15/4/1773 શ્રી કમલેશભાઇ રમેશભાઇ પટેલ (પેટલાદ):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) | ૧૬ તાલુકા શિબિર<br>૦૪ જિલ્લા શિબિર |
| (૨) | કુલ કેટલા પશુપાલકોએ ઉક્ત શિબિરોનો લાભ લીધો? | (૨) | ૪૭૫૧ |

**અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ માટેની વિશ્લેષણ સમિતિ**

**15/4/2358: ડૉ.તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા): માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઈ માટેની કેટલી વિશ્લેષણ સમિતિઓ છે, | (૧) | વિભાગીય વિશ્લેષણ સમિતિઓના સુપરવિઝન, મોનીટરીંગ અને માર્ગદર્શન માટે રાજ્ય કક્ષાની ૦૧(એક) વિશ્લેષણ સમિતિ તેમજ અનુસુચિત જનજાતિના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ કરવા માટે વડોદરા, સુરત, ગાંધીનગર-૦૧ તથા ગાંધીનગર-૦૨ મળી કુલ-૦૪(ચાર) વિભાગીય વિશ્લેષણ સમિતિઓ મળી કુલ-૦૫(પાંચ) સમિતિઓ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ કેટલી વિશ્લેષણ સમિતિના અધ્યક્ષની જગ્યા કયારથી ખાલી છે, | (૨) | તમામ જગ્યાઓ ભરાયેલ છે. |
| (૩) | ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને, | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) | ઉક્ત જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રિ-મેટ્રીક શિષ્યવૃતિ બાબત**

## અતારાંકિત પ્રશ્નો

15/4/2048 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી** (સંખેડા)**: માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિ આપવા માટે તાલુકાવાર શાળાદીઠ કેટલી અરજીઓ સરકારને મળી,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં અનુસૂચિત જનજાતિના બાળકોને પ્રિ–મેટ્રિક શિષ્યવૃતિ આપવા માટે તાલુકાવાર શાળાદીઠ ૧૮૭૫૪૯ અરજીઓ સરકારને મળેલ છે. જેની તાલુકાવાર અને શાળાવાર વિગત નીચે મુજબ છે.

| અ. નં. | તાલુકાનું નામ | શાળાઓની સંખ્યા | છેલ્લા બે વર્ષમાં મળેલ અરજીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | ૨૭૮ | ૪૬૧૦૮ |
| ૨ | જેતપુરપાવી | ૨૦૯ | ૩૧૯૫૯ |
| ૩ | નસવાડી | ૨૭૩ | ૨૮૩૬૮ |
| ૪ | કવાંટ | ૨૪૦ | ૪૨૮૭૬ |
| ૫ | સંખેડા | ૨૦૭ | ૧૪૭૪૫ |
| ૬ | બોડેલી | ૨૫૪ | ૨૩૪૯૩ |
| કુલ | | ૧૪૬૧ | ૧૮૭૫૪૯ |

(૨) તે પૈકી કેટલા બાળકોને પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચૂકવવામાં આવી,

(૨) તે પૈકી ૧૮૫૧૪૪ બાળકોને પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચુકવવામાં આવી છે.

(૩) ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલા બાળકોની કેટલી પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રકમ ચૂકવવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ૨૪૦૫ બાળકોની પ્રિ–મેટ્રીક શિષ્યવૃતિની રૂ. ૬૩.૧૧ લાખ રકમ ચુકવવાની બાકી છે, જેની વર્ષવાર વિગત નીચે મુજબ છે.

| વર્ષ | બાળકોની સંખ્યા | શિષ્યવૃતિની રકમ |
|---|---|---|
| વર્ષ ૨૦૨૨ (તા. ૦૧/૦૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨) | ૧૮૧૯ | ૫૪.૫૭ |
| વર્ષ ૨૦૨૩ (તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩) | ૫૮૬ | ૮.૫૪ |
| કુલ | ૨૪૦૫ | ૬૩.૧૧ |

(૪) ઉક્ત બાકી રકમ ક્યાં સુધીમાં ચૂકવવાનું આયોજન છે?

(૪) ઉક્ત વર્ષ ૨૦૨૨નું બાકી ચૂકવણું વિદ્યાર્થીઓના આધાર લીંક થયેથી ચૂકવણું થશે, તથા વર્ષ ૨૦૨૩નું રકમનું બિલ તિજોરી કચેરીમાં દાખલ કરેલ છે.

### બનાસકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી

**15/4/1777** :**શ્રી કેશાજી શિવાજી ચૌહાણ** (દિયોદર): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને

(૧) હા,જી

(૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે?

(૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

| **ક્રમ** | **વર્ષ** | **કુલ લાભાર્થીઓ** |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧–૨૦૨૨ | ૧૧૩ |
| ૨ | સને ૨૦૨૨–૨૦૨૩ | ૨૧૬ |

### અમદાવાદ જિલ્લામાં ખાનગી પ્રાથમિક શાળામાં લાયકાત વિનાના શિક્ષકો બાબત.

**15/4/2381: શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લાની ખાનગી પ્રાથમિક શાળાઓમાં માન્ય લાયકાત વિનાના શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે તે હકીકત સાચી છે,

(૧) હા

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓમાં કેટલા લાયકાત વિનાના શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે, અને

(૨)

| તાલુકો | શાળાની સંખ્યા | શિક્ષકોની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ સિટી | ૪૭ | ૨૧૯ |
| દસક્રોઇ | ૭ | ૧૫ |
| સાણંદ | ૩ | ૩ |
| ધોળકા | ૬ | ૧૦ |
| બાવળા | ૬ | ૨૫ |
| ધંધુકા | ૧૭ | ૩૭ |
| ધોલેરા | ૦ | ૦ |
| વિરમગામ | ૧૭ | ૩૬ |
| માંડલ | ૨ | ૩ |
| દેત્રોજ | ૦ | ૦ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

(૩) વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને અસર ન થાય તે હેતુથી ચાલુ શૈક્ષણિક વર્ષ પૂર્ણ થયેથી દૂર કરવામાં આવશે.

**કચ્છ જિલ્લાની સરકારી શાળાઓમાં જ્ઞાન સહાયકની ભરતી**

**15/4/1655: શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લાની સરકારી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કેટલા જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવી, અને

(૧) **પ્રાથમિક શાળાઓની માહિતી :**
કચ્છ જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં ૧૦૨૯ જ્ઞાન સહાયકોની ભરતી કરવામાં આવેલ.

**સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની માહિતી:**
સરકારી માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં ૧૫૦ જ્ઞાન સહાયક (માધ્યમિક)ની ભરતી કરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ ઉકત શાળાઓમાં તાલુકાવાર કુલ કેટલા જ્ઞાન સહાયકો ફરજ બજાવે છે?

(૨) કચ્છ જિલ્લામાં તાલુકાવાર કામ કરતા જ્ઞાન સહાયકની માહિતી

| ક્રમ | તાલુકાનુંનામ | પ્રાથમિક શાળાઓમાં કામ કરતા કુલ જ્ઞાન સહાયક | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં કામ કરતા કુલ જ્ઞાન સહાયક |
|---|---|---|---|
| ૧ | અબડાસા | ૭૧ | ૦૯ |
| ૨ | અંજાર | ૮૦ | ૨૩ |
| ૩ | ભચાઉ | ૧૧૯ | ૧૯ |
| ૪ | ભુજ | ૧૮૭ | ૨૩ |
| ૫ | ગાંધીધામ | ૨૯ | ૦૫ |
| ૬ | લખપત | ૩૫ | ૦૯ |
| ૭ | માંડવી | ૧૦૧ | ૧૪ |
| ૮ | મુંદ્રા | ૫૮ | ૧૪ |
| ૯ | નખત્રાણા | ૧૦૯ | ૨૦ |
| ૧૦ | રાપર | ૧૮૫ | ૧૪ |
| કુલ | | ૯૭૪ | ૧૫૦ |

**છોટાઉદેપુર જિલ્લામાં સરકારી છાત્રાલયો બનાવવા બાબત**

15/04/1950 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલા સરકારી છાત્રાલયો ભાડાના મકાનમાં ચાલે છે ?

(૧) ૦૬

(૨) ઉક્ત જિલ્લામાં કેટલા સરકારી છાત્રાલયોના મકાનો જર્જરિત હાલતમાં છે, અને

(૨) એક પણ નહી

(૩) ઉક્ત જર્જરિત મકાનોના નવીન મકાન બાંધકામ અંગેની કાર્યવાહી ક્યા તબક્કામાં છે ?

(૩) ભાડાના મકાનમાં ચાલતી કુલ –૬ છાત્રાલયો પૈકી ૨ નવીન છાત્રાલય મકાન બાંધકામ ચાલુ છે અને ૪ છાત્રાલયોના મકાન બાંધકામ અર્થે જમીન મેળવવાની કાર્યવાહી ચાલુ છે.

અતારાંકિત પ્રશ્નો

**બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

**15/4/1744 શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી** (ડીસા): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) | લાભાર્થીદીઠ રૂ.૧૨,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં ઉક્ત યોજના અંતર્ગત કેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૩) | ૮૩ અનુસૂચિત જનજાતિ કન્યાઓને |

**રાજ્યમાં બિનસરકારી બિન અનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વર્ગની મંજૂરી**

15/4/1749 **શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| **(૧)** | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ક્રમિક વર્ગની કેટલી દરખાસ્તો મળી, અને | **(૧)** | બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક શાળાઓની ૧૪૮ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ૨૧૧ દરખાસ્તો મળી. |
| **(૨)** | તે પૈકી કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વર્ગની મંજૂરી આપવમાં આવી? | **(૨)** | તે પૈકી ૧૩૩ માધ્યમિક શાળાઓને અને ૨૦૭ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ક્રમિક વર્ગની મંજૂરી આપવામાં આવી. |

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ હેઠળ ગેરકાયદે ચૂકવણી બાબત.**

**15/4/2363: શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર ખાનગી પ્રાથમિક શાળા કે બોગસ પ્રાથમિક શાળાને રેકર્ડ આધારીત શાળા બતાવીને રાઈટ ટુ એજ્યુકેશ એક્ટ – ૨૦૦૯ના પૈસા ગેરકાયદે રીતે વસૂલતી હોવાથી પકડવામાં આવી તે હકીક્ત સાચી છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકો | વર્ષ ૨૦૨૨–૨૩ | વર્ષ ૨૦૨૩–૨૪ |
|---|---|---|---|
| | **જૂનાગઢ જિલ્લો** | | |
| ૧ | જૂનાગઢ | ના | ના |
| ૨ | વંથલી | ના | ના |
| ૩ | કેશોદ | ના | ના |
| ૪ | મેંદરડા | ના | ના |
| ૫ | માણાવદર | ના | ના |
| ૬ | માળીયા હાટીના | ના | ના |
| ૭ | માંગરોળ | ના | ના |
| ૮ | વિસાવદર | ના | ના |
| ૯ | ભેંસાણ | ના | ના |
| | **ગીર સોમનાથ જિલ્લો** | | |
| ૧ | ગીર ગઢડા | ના | હા જી, ખાનગી પ્રાથમિક શાળાની વિગત ધ્યાને આવેલ છે. |
| ૨ | ઉના | ના | ના |
| ૩ | વેરાવળ | ના | ના |
| ૪ | સુત્રાપાળા | ના | ના |
| ૫ | કોડીનાર | ના | ના |
| ૬ | તલાલા | ના | ના |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉકત વર્ષવાર કોને અને કઈ સંસ્થાને કેટલી રકમ રાઈટ ટુ એજ્યુકેશન એકટ – ૨૦૦૯ હેઠળ ગેરકાયદે રીતે ચુકવાઈ હોવાનું સામે આવ્યું, | (૨) | વર્ષ ૨૦૨૩–૨૪માં ચાલુ શૈક્ષણિક સત્રથી ૧ (એક) શાળા ગીર ગઢડા તાલુકાની સ્વામીનારાયણ વિદ્યાલય, મુ. ધોકડવામાં અન્ય વિદ્યાર્થી ન હોવા છતાં રેકર્ડ પર શાળા ચાલુ બતાવી આર.ટી.ઈ. ૨૫% હેઠળના કુલ ૨ (બે) વિદ્યાર્થીઓની વિદ્યાર્થીદીઠ રૂ. ૪૪૦૦/– લેખે કુલ રૂ. ૮૮૦૦/– નું ચૂકવણું શાળાને થયેલ હોવાનું ધ્યાને આવેલ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કોની સામે શાં પગલાં લીધાં, અને | (૩) | સંસ્થાને નોટિસ આપી નાણાં સરકારશ્રીમાં ચલણથી ભરપાઈ કરાવેલ છે અને શાળામાં અન્ય કોઈ વિદ્યાર્થી ન હોય માટે શાળાના વર્ગો બંધ કરી શાળાની માન્યતા રદ કરવાની કાર્યવાહી હાલ ચાલુ છે. |
| (૪) | તે પૈકી કેટલી રકમ કોની પાસેથી પરત વસૂલવામાં આવી અને કોની પાસેથી કેટલી રકમ વસૂલવાની બાકી છે? | (૪) | ઉક્ત સંસ્થા પાસેથી આર.ટી.ઈ. ૨૫% હેઠળ અભ્યાસ કરતાં કુલ. ૨ (બે) બાળકોની ફી રૂ. ૪૪૦૦/– લેખે કુલ રૂ. ૮૮૦૦/– ચાલુ શૈક્ષણિક સત્રની ફી પરત ચલણથી સરકારશ્રીમાં જમા કરાવેલ છે, હવે કોઈ ફી વસૂલવાની બાકી રહેતી નથી. |

**પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

**15/4/1746 શ્રી સી. કે. રાઉલજી** (ગોધરા) : માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) | લાભાર્થીદીઠ રૂ.૧૨,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં વર્ષમાં પંચમહાલ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે? | (૩) | ૧૨૪ અનુસૂચિત જનજાતિની કન્યાઓને |

----------------

**વલસાડ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી**

**15/4/1757:શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ** (ધરમપુર): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧–૦૩–૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧–૨૦૨૨ | ૮૨૦ |
| ૨ | સને ૨૦૨૨–૨૦૨૩ | ૧૨૩૪ |

**અમદાવાદ જિલ્લામાં પશુપાલન શિબિરનું આયોજન**

**15/4/1775 શ્રી કિરીટસિંહ સરદારસંગ ડાભી (ધોળકા):માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–**

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૦૩/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી તાલુકા અને જિલ્લા પશુપાલન શિબિરોનું આયોજન કરવામાં આવ્યું, અને | (૧) ૦૯ તાલુકા શિબિર<br>૦૨ તાલુકા શિબિર |
| (૨) | કુલ કેટલા પશુપાલકોએ ઉક્ત શિબિરોનો લાભ લીધો? | (૨) ૩૫૦૦ |

**આમોદ તાલુકામાં દૂધ સંજીવની યોજનાનો અમલ કરવા બાબત**

**15/4/2126 શ્રી ડી. કે. સ્વામી** (જંબુસર) : માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આમોદ તાલુકામાં દૂધ સંજીવની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) ના, જી. |
| (૨) | જો ના, તો ઉક્ત તાલુકામાં ઉક્ત યોજનાનો અમલ કરવાનું સરકારનું કોઈ આયોજન છે ? | (૨) કોઈ આયોજન નથી. |

**મહીસાગર અને દાહોદ જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ**

**15/4/2374 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહીસાગર અને દાહોદ જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે,

**જવાબ**

(૧)

| જિલ્લો | માધ્યમ | પ્રાથમિક શાળાઓ | માત્ર માધ્યમિક શાળા (ધો.૯-૧૦ ) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો.૯ થી ૧૨) | માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો.૧૧-૧૨ ) |
|---|---|---|---|---|---|
| **સરકારી શાળાઓ** | | | | | |
| મહીસાગર | ગુજરાતી | ૧૧૯૧ | ૦૩ | ૦૬ | ૦૩ |
| | અંગ્રેજી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દાહોદ | ગુજરાતી | ૧૬૩૭ | ૩૧ | ૦૮ | ૦૩ |
| | અંગ્રેજી | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | | |
| મહીસાગર | ગુજરાતી | ૧૨ | ૮૧ | ૧૦૭ | ૦૦ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| દાહોદ | ગુજરાતી | ૨૩ | ૪૩ | ૧૪૮ | ૦૩ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| **ખાનગી શાળાઓ** | | | | | |
| મહીસાગર | ગુજરાતી | ૪૪ | ૨૯ | – | ૧૪ |
| | અંગ્રેજી | ૧૫ | ૦૫ | – | ૦૪ |
| દાહોદ | ગુજરાતી | ૧૩૩ | ૮૫ | – | ૪૫ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક–અ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવાનું આયોજન છે? (૩) જેમ બને તેમ ઝડપથી

**પત્રક–અ**

| સરકારી શાળાઓ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | માધ્યમ | પ્રાથમિક | | | | માધ્યમિક શિક્ષકોની જગ્યા | | ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જગ્યા | | આચાર્યની જગ્યા | |
| | | શિક્ષક | | આચાર્ય | | | | | | | |
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| મહીસાગર | ગુજરાતી | ૪૮૬૪ | ૨૭૫ | ૧૪૧ | ૨૯ | ૧૮ | ૧૭ | ૨૦ | ૨૫ | ૦૮ | ૦૧ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૨ | ૦૦ | ૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | | | | | |
| દાહોદ | ગુજરાતી | ૧૦૦૭૧ | ૧૩૦૬ | ૩૩૬ | ૨૯૧ | ૯૬ | ૪૭ | ૧૭ | ૪૯ | ૧૬ | ૦૧ |
| | અંગ્રેજી | ૦૩ | ૧૧ | ૦૦ | ૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | | | | | |

| ગ્રાન્ટેડ શાળાઓ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| જિલ્લો | માધ્યમ | પ્રાથમિક | | | | માધ્યમિક શિક્ષકોની જગ્યા | | ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જગ્યા | | આચાર્યની જગ્યા | |
| | | શિક્ષક | | આચાર્ય | | | | | | | |
| | | ભરાયેલ | ખાલી | ખાલી | ભરાયેલ | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| મહીસાગર | ગુજરાતી | ૩૬ | ૧૧ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | | ૬૨૦ | ૨૩૫ | ૩૯૨ | ૨૦૬ | ૧૬૭ | ૨૧ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી | | | | | |
| દાહોદ | ગુજરાતી | ૨૦૨ | ૩૬ | | | ૯૦૬ | ૩૩૧ | ૭૧૫ | ૨૩૯ | ૧૨૭ | ૬૭ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | ૦૩ | ૦૩ | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૦ |

નોંધ: જ્ઞાન સહાયકોથી ભરાયેલ જગ્યાઓનો પણ ખાલી જગ્યાઓમાં સમાવેશ કરેલ છે.

------------------------------------

**દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના**

**15/4/1783 શ્રી મહેશભાઈ ભુરીયા** (ઝાલોદ): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) | આ યોજના હેઠળ રૂ.૧,૨૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં વર્ષમાં દાહોદ જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) | રૂ.૩૬૩.૦૩ લાખ |

---------------

ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**અમદાવાદ શહેરની શાળાઓની ફી મંજૂરી બાબત**

**15/4/2355 શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ) જણાવવા કૃપા કરશે કેઃ–**

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ ઝોનની ફી નિર્ધારણ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમદાવાદ શહેરની કેટલી શાળાઓની ફી મંજૂર કરવાની બાકી છે, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ ઝોનની ફી નિર્ધારણ સમિતિ દ્વારા શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે અમદાવાદ શહેરની ૧૦ (દસ) શાળાઓની ફી મંજૂર કરવાની બાકી છે. |
| (૨) | ઉક્ત ફી મંજૂર કરવાની બાકી રહેવાના કારણો શાં છે, અને | (૨) | અમદાવાદ ઝોનની ફી નિર્ધારણ સમિતિ અંતર્ગત ફી નિર્ધારણ માટે શાળાઓની સંખ્યા વધુ હોવાથી તેમજ રૂબરૂ સુનાવણીની માંગ શાળાઓ તરફથી વધારે આવતી હોવાથી સુનાવણી અને આખરી આદેશોની પ્રક્રિયા સમય માંગી લે છે. ઉપરાંત શાળાઓ દ્વારા દરખાસ્તોમાં અધુરી વિગતો / આધારો પૂરતા રજૂ થયેલ ન હોય, તેવા કિસ્સાઓમાં આધારો મંગાવવાની પ્રક્રિયા પણ થતી હોય છે. આમ સુનાવણીની પ્રક્રિયા સમય માંગી લેતી હોય છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત બાકી શાળાઓની ફી ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવશે? | (૩) | ફી નિયમન સમિતિ દ્વારા ફી મંજૂર કરવાની બાકી શાળાઓની ફાઈલોને પ્રાથમિકતા આપી આ કામ બનતી ત્વરાએ નિયમાનુસાર કરવામાં આવશે. |

---------------------------

**મનરેગા યોજના અંતર્ગત ફાળવેલ રકમ**

*** 15/4/2349 : શ્રી અમીત ચાવડા** (આંકલાવ) **: માનનીય ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને કેટલી ગ્રાન્ટ ફાળવી,

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મનરેગા યોજના અંતર્ગત કેન્દ્ર સરકારે રાજ્ય સરકારને ફાળવેલ ગ્રાન્ટની વિગત નીચે મુજબ છે.

**(રકમ રૂપિયા લાખમાં)**

| **કેન્દ્ર સરકાર દ્વારા ફાળવવામાં આવેલ રકમ** | |
|---|---|
| **૨૦૨૨-૨૩** | **૨૦૨૩-૨૪ (તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ)** |
| ૧૭૪૯૮૫.૯૧ | ૧૩૬૮૦૬.૮૪ |

**નોંધ:–** મનરેગા સોફ્ટમાં નાણાંકીય વર્ષ મુજબ માહિતી ઉપલબ્ધ હોઈ, નાણાંકીય વર્ષ પ્રમાણે માહિતી તૈયાર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી ગ્રાન્ટ ફાળવી, અને

(૨) મનરેગા યોજના અંતર્ગત ભારત સરકાર દ્વારા મળેલ ગ્રાન્ટ અન્વયે રાજ્ય કક્ષાએથી કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી નથી, પરંતુ જિલ્લાવાર લાભાર્થીના ખાતામાં રકમ સીધી જ ફંડ ટ્રાન્સફર ઓર્ડર (FTO) દ્વારા જમા થાય છે.

(૩) ઉક્ત વર્ષવાર જિલ્લાવાર ફાળવવામાં આવેલ રકમ પૈકી કેટલી રકમ કયા કારણોસર વણવપરાયેલી રહી?

(૩) મનરેગા યોજના અંતર્ગત કોઈપણ પ્રકારની ગ્રાન્ટ જિલ્લાવાર ફાળવવામાં આવતી ન હોય રકમ વણવપરાયાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પંચમહાલ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી**

**15/4/1769 :શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ** (કાલોલ): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ પંચમહાલ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | ૪૧૦૦ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | ૫૬૫૬ |

**જૂનાગઢ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

15/4/1776 **શ્રી ભગવાનજીભાઈ લાખાભાઈ કરગટીયા (માંગરોળ):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં પશુપાલકોના વિયાણ થયેલ પશુઓ(ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૮૨૪ |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) | ૩.૨૯,૬૬,૪૦૦/- |

**જૂનાગઢ જિલ્લામાં પશુઆરોગ્ય મેળાનું આયોજન**

15/4/1780 **શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં કેટલા પશુઆરોગ્ય મેળાનું આયોજન કરવામાં આવ્યું, | (૧) | ૧૮૮ |
| (૨) | તેમાં કેટલાં પશુઓને સારવાર આપવમાં આવી, અને | (૨) | ૧,૦૭,૯૬૭ |
| (૩) | તેમાં કુલ કેટલાં પશુઓનું રસીકરણ કરવામાં આવ્યું? | (૩) | ૪,૦૬૬ |

**રાજ્યમાં જ્ઞાન સહાયક(માધ્યમિક) યોજના હેઠળ ભરાયેલ જગ્યાઓ બાબત**

15/4/2360 : **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: -

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જ્ઞાન સહાયક(માધ્યમિક) યોજના હેઠળ કેટલી જગ્યાઓ ભરવા માટે કેટલા ઉમેદવારોને નિમણુક આપવામાં આવી, | (૧) | ૫૯૮૫ જગ્યાઓ ભરવા માટે ૪૧૩૮ ઉમેદવારોને નિમણુક આપવામાં આવી. |
| (૨) | ઉક્ત નિમણૂક આપેલ જ્ઞાન સહાયકોને માસિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે, | (૨) | રૂ.૨૪,૦૦૦/- પ્રતિ માસ. |

| | | | |
|---|---|---|---|
| (3) | ઉક્ત જ્ઞાન સહાયકોને માસિક વેતન સમયસર મળતું નથી તે ફરીયાદથી સરકાર વાકેફ છે કે કેમ, અને | (3) | જ્ઞાન સહાયકોની નિમણૂક નવેમ્બર–૨૦૨૩ માસમાં થયેલ હતી. તમામ જ્ઞાન સહાયકોને માસિક વેતન સમયસર ચૂકવણું કરી દીધેલ છે તેથી તેઓને માસિક વેતન સમયસર મળતું નથી તે અંગેની કોઈ ફરિયાદ મળેલ નથી. |
| (૪) | જો હા, તો ઉક્ત ફરીયાદ નિવારવા શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ માટેની ટાસ્ક ફોર્સની રચના બાબત**

15/4/2366 **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે. | (૧) | હા |
| (૨) | જો હા, તો ઉક્ત ટાસ્ક ફોર્સની રચના ક્યારે કરવામાં આવેલ છે, | (૨) | રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના અમલીકરણ માટે ટાસ્ક ફોર્સની રચના આ વિભાગના તા.૦૭/૦૯/૨૦૨૦ના ઠરાવથી કરવામાં આવેલ છે. |
| (3) | ઉક્ત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં કયા પદાધિકારી અને અધિકારીઓનો સમાવેશ થયેલ છે, અને | (3) | ઉક્ત સ્થિતિએ ટાસ્ક ફોર્સમાં નીચેના પદાધિકારીઓ અને અધિકારીઓનો સમાવેશ કરવામાં આવેલ છે.<br>1. માન. મંત્રીશ્રી (શિક્ષણ)<br>2. માન.રા.કા. મંત્રીશ્રી (પ્રાથમિક શિક્ષણ)<br>3. અગ્રસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ<br>4. સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ<br>5. સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ<br>6. સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ<br>7. નિયામકશ્રી, જીસીઇઆરટી, સેક્ટર–૧૨, ગાંધીનગર<br>8. કુલપતિ, ભારતીય શિક્ષક પ્રશિક્ષણ સંસ્થાન, ગાંધીનગર<br>9. શ્રી આર.સી.રાવલ, પૂર્વ નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ<br>10. શ્રી જયેન્દ્રસિંહ જાદવ, મદદનીશ પ્રાધ્યાપક, અમદાવાદ કોર્મસ કોલેજ, અમદાવાદ<br>11. શ્રી ગિજુભાઈ ભરાડ, ભરાડ વિદ્યામંદિર, રાજકોટ<br>12. શ્રી વી.બી. ભેંસદડીયા, નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧, રાજકોટ<br>13. ડૉ. ચેતનાબેન વ્યાસ, નિવૃત્ત ગુજરાત શિક્ષણ સેવા વર્ગ–૧, રાજકોટ<br>14. શ્રી વિવેકભાઈ પટેલ, મેનેજીંગ ટ્રસ્ટી, આનંદનિકેતન ગૃપ ઓફ સ્કૂલ્સ, અમદાવાદ<br>15. શ્રી રૂપેશભાઈ ભાટીયા, પ્રતિનિધિ, વિદ્યાભારતી સંસ્થા<br>16. ડૉ. અશોકભાઈ ઠક્કર, આચાર્યશ્રી, સરકારી માધ્યમિક (RMSA) શાળા, મોટા નાયતા, તા. સરસ્વતી, જિ. પાટણ.<br>17. અધ્યક્ષ, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એન્ડ એસોશીએશન (ગુજરાત) |
| (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટાસ્ક ફોર્સ દ્વારા કયા પ્રકારનું માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું? | (૪) | ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ટાસ્ક ફોર્સ દ્વારા નીચેની વિગતેથી માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવેલ છે;<br>• હાલના ૧૦+૨ ના શાળાકિય માળખામાં બદલાવ લાવીને રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦માં ભલામણ કરવામાં આવેલ ૫+૩+૩+૪ના માળખાના |

અમલીકરણ અંગે.

- પૂર્વપ્રાથમિક તેમજ બાલવાટિકા સંદર્ભે તેની અમલવારી, બાળકોનો પ્રવેશ, તથા અભ્યાસક્રમ અંગે.
- રાજ્યમાં પૂર્વપ્રાથમિક તેમજ આંગણવાડી માટે ઉચ્ચ ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણના શિક્ષકો તૈયાર કરવા અંગે.
- રાજ્યમાં પૂર્વપ્રાથમિક સંસ્થાઓના નિયમન માટે સ્ટેટ પ્રાયમરી રેગ્યુલેટરી બોડીની રચના અંગે.
- NEP 2020 અનુસાર રાજ્યમાં સાર્વજનિક, સ્વનિર્ભર અને અનુદાનિત સહિતની તમામ પૂર્વપ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શિક્ષણની સંસ્થાઓમાં આવશ્યક વ્યવસાયિક અને ગુણવત્તા માનાંકોના અનુપાલનને સુનિશ્ચિત કરવા માટે State School Standards Authority (SSSA)ની રચના કરવા અંગે.
- NEP 2020 સંદર્ભે રાજ્યમાં ન્યાયિક રીતે શાળાઓનું એકત્રીકરણ કરવા અંગે.
- NEP 2020 અન્વયે ધોરણ ૧૦ અને ૧૨ની બોર્ડ પરીક્ષાઓના પરિરૂપમાં ફેરફાર લાવવા માટે રાજ્ય સ્તરની સમિતિની રચના કરવા અંગે.
- NEP 2020 સંદર્ભે હવેથી પ્રાથમિકથી ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષકોની ભરતી માટે ૩ સ્તરિય પસંદગી પ્રક્રિયા યોજવા અંગે.
- રાજ્યના શિક્ષકોને પોતાના વ્યવસાયિક વિકાસ માટે દર વર્ષે ઓછામાં ઓછા 50 કલાક Continuous Professional Development (CPD) માટે તાલીમ કોર્સીસ કરવા અંગે.
- ધોરણ ૩, ૫ અને ૮ના અંતે બાળકો માટે ધોરણ ૧૦ અને ૧૨ની જેમ પરીક્ષાઓનું આયોજન રાજ્યકક્ષાએથી કરવા અંગે.
- NEP 2020 અનુસાર રાજ્યના વંચિત વિસ્તારોમાં ઉચ્ચ ગુણવત્તાની શૈક્ષણિક તકો વધારવા માટે વિશેષ શિક્ષણ ઝોન (SEZ)ની રચના અંગે.
- NEP 2020માં દર્શાવેલ ત્રિભાષા સૂત્ર અમલીકરણ અન્વયે ધોરણ ૧ થી ગુજરાતી ભાષાની સાથે Introductory English તરીકે અંગ્રેજી વિષયની શરૂઆત કરવા અંગે.
- ધોરણ ૬થી ૮માં ગણિત અને વિજ્ઞાન વિષયના દ્વિભાષી પાઠ્યપુસ્તકોના અમલ કરવા અંગે.

**રાજકોટ જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

**15/4/1779 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ (ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૧૭૨૩ |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) | રૂ.૧,૦૩,૩૮,૦૦૦ |

ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે

અતારાંકિત પ્રશ્નો

**નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય**

**15/4/1786 ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ** (નાંદોદ) : માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નર્મદા જિલ્લામાં અનુસૂચિત જનજાતિની કન્યાઓને લગ્ન પ્રસંગે સહાય આપવાની કોઈ યોજના અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિની કન્યાઓને શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) | લાભાર્થીદીઠ રૂ.૧૨,૦૦૦/–ની સહાય આપવામાં આવે છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નર્મદા જિલ્લામાં આ યોજના અંતર્ગત કેટલી અનુસૂચિત જનજાતિની કન્યાઓને લાભ આપવામાં આવેલ છે ? | (૩) | ૭૦૮ અનુસૂચિત જનજાતિ કન્યાઓને |

----------------

**બનાસકાંઠા જિલ્લામાં કોલ્ડ સ્ટૉરેજ યોજના**

15/ 4/ 1756: **શ્રી અનિકેત ગિરીશભાઈ ઠાકર** (પાલનપુર): **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ખેડૂતોને શાકભાજી અને ફળ પાકોના સંગ્રહ માટે કોલ્ડ સ્ટૉરેજની યોજનામાં સરકાર દ્વારા સહાય આપવામાં આવે છે કેમ, અને | (૧) હા, જી |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૨) કોઈ સહાય ચૂકવવામાં આવી નથી. |

**મહેસાણા જિલ્લામાં પ્રાથમિક શાળાઓના ઓરડાની ઘટ**

* **15/4/2050 : શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ) (ઉંઝા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :–**

**પ્રશ્ન**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ મહેસાણા જિલ્લાની કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાની ઘટ છે, અને

**જવાબ**

)૧)

| **પ્રાથમિક શાળાની સંખ્યા** | **ઘટતા ઓરડાની સંખ્યા** |
|---|---|
| ૧૬૨ | ૬૩૨ |

**પ્રશ્ન**

)૨) ઉક્ત ઓરડાઓની ઘટ પૂરી કરવાનું શું આયોજન છે ?

**જવાબ**

)૨)
- ચાલુ વર્ષ ૨૦૨૩–૨૪ માં ૫૨ શાળાના ૩૨૯ ઓરડા માટે ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.
- બાકી રહેતા ૧૧૦ શાળાના ૩૦૩ ઓરડા આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી બનાવવાનું આયોજન છે.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નો

### સુરત જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજનાના લાભાર્થી

**15/4/1760 :શ્રી મનુભાઇ એમ. પટેલ** (ઉધના): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં સંકલિત ડેરી વિકાસ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં નીચે મુજબના લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે. |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
| --- | --- | --- |
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | ૭૭૮ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | ૧૧૭૨ |

### રાજ્યમાં બિનસરકારી બિનઅનુદાનિત ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સળંગ એકમની દરખાસ્તો

15/4/1753 **શ્રી અરવિંદ શાંતિલાલ રાણા** (સુરત- પુર્વ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| **(૧)** તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ શૈક્ષણિક વર્ષ- ૨૦૨૩-૨૪થી બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની સળંગ એકમની કેટલી દરખાસ્તો મળી, અને | **(૧)** બિનસરકારી બિનઅનુદાનિત માધ્યમિક શાળાઓને લગતી માહિતી શૂન્ય છે અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓની ૯૯ દરખાસ્તો મળેલ છે. |
| **(૨)** કેટલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સળંગ એકમની મંજૂરી આપવામાં આવી ? | **(૨)** માધ્યમિક શાળાઓને લગતી માહિતી શૂન્ય છે અને ૯૯ ઉચ્ચતર માધ્યમિક શાળાઓને સળંગ એકમની મંજૂરી આપવામાં આવી. |

### જામજોધપુર અને લાલપુર તાલુકામાં સરકારી પ્રાથમિક શાળાઓના જર્જરિત બિલ્ડિંગ

**15/4/2398 : શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

**પ્રશ્ન** — **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામજોધપુર અને લાલપુર તાલુકામાં કેટલી સરકારી પ્રાથમિક શાળાઓના બિલ્ડિંગ જર્જરિત હાલતમાં છે, અને

)૧)

| **તાલુકો** | **જર્જરિત બિલ્ડિંગ વાળી પ્રાથમિક શાળાની સંખ્યા** |
| --- | --- |
| જામજોધપુર | ૧૬ |
| લાલપુર | ૧૪ |

)૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓનું નવીનીકરણ કરવાનું કોઇ આયોજન છે કે કેમ **?**

)૨)
- જામજોધપુર તાલુકાની ૪ અને લાલપુર તાલુકાની ૪ શાળામાં નવીનીકરણની કામગીરી પ્રગતિમાં છે.
- જામજોધપુર તાલુકાની ૬ અને લાલપુર તાલુકાની ૨ શાળામાં નવીનીકરણની કામગીરી માટેના ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.
- બાકી રહેતી જામજોધપુર તાલુકાની ૬ અને લાલપુર તાલુકાની ૮ શાળામાં નવીનીકરણનું કામ આગામી વર્ષોમાં તબક્કાવાર ઝડપથી હાથ ધરવાનું આયોજન છે.

### અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી

**15/4/1771 :શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા (બાયડ):** માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં નીચે મુજબના |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | ૪૨૦૦ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | ૩૮૦૩ |

લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજનાના લાભાર્થી**

**15/4/1762 :શ્રી રીતેશકુમાર રમણભાઇ વસાવા** ઝઘડીયા): માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) | તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં કૃષિ વૈવિધ્યકરણ યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા,જી |
| (૨) | જો હા, તો આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કેટલા લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે? | (૨) આ યોજના હેઠળ ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં નીચે મુજબના |

| ક્રમ | વર્ષ | કુલ લાભાર્થીઓ |
|---|---|---|
| ૧ | સને ૨૦૨૧-૨૦૨૨ | ૪૨૧૬ |
| ૨ | સને ૨૦૨૨-૨૦૨૩ | ૧૯૨૨ |

લાભાર્થીઓને લાભ આપવામાં આવેલ છે.

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખાણદાણ સહાય યોજના**

**15/4/1778 શ્રી પરસોત્તમભાઇ ખેંગારભાઇ પરમાર (દસાડા):માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં પશુપાલકોના ગાભણ પશુઓ(ગાય/ભેંસ) માટે ખાણદાણ સહાય યોજના હેઠળ કેટલા પશુપાલકોને તેનો લાભ આપવામાં આવ્યો, અને | (૧) | ૫૩૫ |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં આવ્યો? | (૨) | રૂ.૩૨,૧૦,૦૦૦/- |

**અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ માટે ફ્રી શીપ કાર્ડ યોજના**

15/4/2345 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા): **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ખાનગી કોલેજોમાં અભ્યાસ કરતાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે તેમાં વિદ્યાર્થીઓના વાલીની આવક કેટલી ક્યારથી નક્કી કરવામાં આવેલ છે, અને | (૧) | શિક્ષણ વિભાગના તા.૧૬/૦૬/૨૦૧૪ના ઠરાવથી વિદ્યાર્થીઓના વાલીની આવક રૂ. ૨.૫૦ લાખ નક્કી કરવામાં આવેલ છે.<br>આદિજાતિ વિકાસ વિભાગના તા.૧૦/૦૭/૨૦૧૮ના ઠરાવ મુજબ અનુ.જનજાતિની વિદ્યાર્થીનીઓને આવક મર્યાદાના બાધ વિના ફ્રી શીપ કાર્ડ આપવામાં આવે છે. |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત આવક મર્યાદા વધારવાની કાર્યવાહી ક્યા તબક્કે છે? | (૨) આવક મર્યાદા વધારવાની બાબત હાલમાં સરકારશ્રીની વિચારણા હેઠળ નથી. |

**નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ**

**15/4/1784 શ્રી આર. સી. પટેલ (જલાલપોર)** : માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ નવસારી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શાં લાભ આપવામાં આવે છે, અને | (૨) આ યોજના હેઠળ રૂ.૧,૨૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં નવસારી જિલ્લામાં ઉક્ત યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૪૪૯.૧૩ લાખ |

\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-

**રાજ્યમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો અમલ**

**15/4/2370 : શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષથી રાજ્યમાં ખરીફ અને રવી સીઝનમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજનાનો અમલ કરવામાં નથી આવતો તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તેના કારણો શાં છે, અને | (૨) વર્ષ:૨૦૨૦–૨૧થી ૨૦૨૨–૨૩ એમ ત્રણ વર્ષ માટે નિયમોનુસાર ટેન્ડર કરવામાં આવેલ, જેમાં ખુબ ઉંચા પ્રિમિયમ દર મળેલ હોવાના કારણે. |
| (૩) ખેડૂતોને પાક વીમાનું રક્ષણ મળી રહે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે? | (૩) કુદરતી આપતિથી નુકસાનગ્રસ્ત ખેડૂતોને મદદરૂપ થવા રાજ્ય સરકારશ્રી દ્વારા નિયમોનુસાર State disaster response fund(SDRF) તથા જરૂરીયાત જણાયે રાજ્ય બજેટ માંથી સહાય કરવાની જોગવાઈ કરવામાં આવે છે. |

**બનાસકાંઠા જિલ્લાના દાંતા અને અમીરગઢ તાલુકામાં ખેડૂત અકસ્માત વીમા યોજના**

**15/4/1851 : શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની છેલ્લા બે વર્ષની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં ખેડૂત અકસ્માત વીમા યોજના અંતર્ગત કેટલી અરજીઓ આવી? | (૧) દાંતા તાલુકામાં ૩૧ અને અમીરગઢ તાલુકામાં ૨૧ |
| (૨) તે અન્વયે કેટલી અરજીઓનો નિકાલ કરી સહાય ચુકવાઈ, અને | (૨) કુલ ૩૬ અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો, જેમાંથી ૩૧ અરજીઓ મંજૂર કરી સહાય ચૂકવવામાં આવી અને ૦૫ અરજીઓ નામંજૂર કરવામાં આવી. |

| | |
|---|---|
| (૩) ઉક્ત બાકી રહેતી અરજીઓનો નિકાલ કેટલા સમયમાં કરવાનું આયોજન છે? | (૩) અરજદારશ્રીઓ દ્વારા વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર તરફથી માંગવામાં આવેલ ખૂટતા સાધનિક કાગળોની યોગ્ય પૂર્તતા થયેથી વીમા નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર દ્વારા અરજીઓનો નિકાલ કરવાનું આયોજન છે. |

**પ્રાથમિક શાળાઓને સ્વચ્છ રાખવા ફાળવેલ રકમ**

**15/4/2346: ગેનીબેન નગાજી ઠાકોર (વાવ): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓને સફાઇ માટે કેટલી રકમ ચૂકવવામાં આવે છે, | (૧) રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓને સફાઇ માટે શાળાદીઠ વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે નીચે મુજબની પ્રતિમાસ રકમ ચુકવવામાં આવે છે: |

| વિદ્યાર્થી સંખ્યા | માસિક સહાય (રૂપિયામાં) |
|---|---|
| ૦ થી ૧૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૦૦૦/– |
| ૧૦૧ થી ૩૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૮૦૦/– |
| ૩૦૧ થી ૫૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૪૦૦૦/– |
| ૫૦૦ કે તેથી વધુ હોય તેવી શાળાઓ | ૫૦૦૦/– |

| | |
|---|---|
| (૨) ઉક્ત દરો ક્યારથી અમલમાં છે, અને | (૨) ઉક્ત દરો વર્ષ ૨૦૨૦–૨૧થી અમલમાં છે, અને |
| (૩) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે અને કેટલો વધારો કરવામાં આવ્યો? | (૩) વર્ષ ૨૦૧૯–૨૦ સુધી શાળાદીઠ માસિક રૂ. ૧૮૦૦/–ની રકમ ચૂકવવામાં આવતી હતી. જેમાં વર્ષ ૨૦૨૦–૨૧થી શાળાદીઠ વિદ્યાર્થી સંખ્યા પ્રમાણે નીચે મુજબની પ્રતિમાસ રકમ ચુકવવામાં આવે છે: |

| વિદ્યાર્થી સંખ્યા | માસિક સહાય (રૂપિયામાં) |
|---|---|
| ૦ થી ૧૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૦૦૦/– |
| ૧૦૧ થી ૩૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૧૮૦૦/– |
| ૩૦૧ થી ૫૦૦ સુધી હોય તેવી શાળાઓ | ૪૦૦૦/– |
| ૫૦૦ કે તેથી વધુ હોય તેવી શાળાઓ | ૫૦૦૦/– |

**રાજ્યની એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક**

**15/4/2354શ્રીકિરીટકુમાર ચીમનલાલ પટેલ** (પાટણ):**માનનીય કૃષિ મંત્રીશ્રી**જણાવવા કૃપા કરશે કે–:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આવેલ કઈ એગ્રીકલ્ચર યુનિવર્સિટીઓમાં લોકપાલની નિમણૂક થયેલ છે અને કઈ યુનિવર્સિટીઓમાં બાકી છે, | (૧) રાજ્યની યુનિવર્સિટીઓ પૈકી:<br>તા:૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ<br>નવસારી કૃષિ યુનિવર્સિટીમાં લોકપાલની નિમણૂક થયેલ છે. જ્યારે,<br>આણંદ કૃષિ યુનિવર્સિટીમાં તા:૨૯/૦૧/૨૦૨૪, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીમાં તા:૦૧/૦૨/૨૦૨૪, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીમાં તા:૦૯/૦૨/૨૦૨૪અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીમાં તા:૦૯/૦૨/૨૦૨૪ના રોજ લોકપાલની નિમણૂક કરવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણૂક ન થતાં રાજ્યની કઈ યુનિવર્સિટીને યુજીસી દ્વારા ડિફોલ્ટર જાહેર કરવામાં આવી, અને | (૨) ઉક્ત સ્થિતિએ લોકપાલની નિમણૂક ન થતા રાજ્યની જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી અને ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટીને યુજીસી દ્વારાડિફોલ્ટર જાહેર કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત બાકી યુનિવર્સિટીઓમાં ક્યાં સુધીમાં લોકપાલની નિમણૂક કરવામાં આવશે? | (૩) લોકપાલની નિમણૂકથયેલ હોવાથી લાગુ પડતું નથી. |

**બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ**

**15/4/2375: શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર (ચાણસ્મા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–**

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ આવેલી છે, | (૧) | પત્રક–૧ મુજબ |
| (૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને | (૨) | પત્રક–૨ મુજબ |
| (૩) | ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવાનું આયોજન છે? | (૩) | જેમ બને તેમ જલ્દી |

-----------------------------

**પત્રક–૧**

| જિલ્લો | માધ્યમ | પ્રાથમિક શાળઓ | માત્ર માધ્યમિક શાળા (ધો. ૯-૧૦ ) | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો. ૯ થી ૧૨) | માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો. ૧૧-૧૨ ) |
|---|---|---|---|---|---|
| **સરકારી શાળાઓ** | | | | | |
| બનાસકાંઠા | ગુજરાતી | ૨૩૪૩ | ૫૮ | ૮૦ | ૦૬ |
| | અંગ્રેજી | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પાટણ | ગુજરાતી | ૯૭૨ | ૩૮ | ૧૨ | ૦૪ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | | |
| બનાસકાંઠા | ગુજરાતી | ૧૭ | ૨૩ | ૧૬૪ | ૦૧ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૧ | ૦૦ |
| પાટણ | ગુજરાતી | ૧૪ | ૫૭ | ૮૨ | ૦૨ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **ખાનગી શાળાઓ** | | | | | |
| બનાસકાંઠા | ગુજરાતી | ૨૬૮ | ૨૧૦ | -- | ૧૮૫ |
| | અંગ્રેજી | ૯૩ | ૩૪ | -- | ૨૩ |
| પાટણ | ગુજરાતી | ૯૨ | ૩૫ | -- | ૩૭ |
| | અંગ્રેજી | ૩૫ | ૦૮ | -- | ૧૦ |

| પત્રક–૨ | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| **સરકારી શાળાઓ** | | | | | | | | | | | |
| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| બનાસકાંઠા | ગુજરાતી | ૧૬૧૧ | ૧૩૮૪૧ | ૧૪૭ | ૬૯૪ | ૧૦૫ | ૩૮૪ | ૨૨૯ | ૧૨૪ | ૪૪ | ૫૪ |
| | અંગ્રેજી | ૦૪ | ૦૨ | ૦૦ | ૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | | | | |
| પાટણ | ગુજરાતી | ૩૭૦ | ૫૦૮૧ | ૦૭ | ૨૭૦ | ૧૨ | ૧૪૪ | ૨૮ | ૪૪ | ૧૭ | ૧૪ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | | | | |
| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | | | | | | | | |
| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| બનાસકાંઠા | ગુજરાતી | ૩૫ | ૫૯ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઈ નથી. | | ૨૩૮ | ૧૧૩૯ | ૨૩૭ | ૧૦૬૦ | ૨૧ | ૧૬૬ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | ૦૫ | ૦૪ | ૦૯ | ૦૩ | ૦૧ | ૦૦ |
| પાટણ | ગુજરાતી | ૨૨ | ૭૪ | | | ૧૬૮ | ૫૮૫ | ૧૩૧ | ૪૧૮ | ૨૯ | ૧૧૦ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | | | | |

**ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક**

15/4/2361 **ડો. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા) : **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | ગુજરાત આદિજાતિ સલાહકાર પરિષદ (સુધારા) નિયમો–૨૦૦૨ મુજબ ગુજરાત આદિજાતિ સલાહકાર સમિતિની બેઠક સામાન્ય રીતે દર ત્રણ મહિને એકવાર મળવી જોઇએ, તે હકીકત સાચી છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સમિતિની બેઠકો ક્યારે મળેલ છે, | (૨) | એક પણ વખત મળેલ નથી. |
| (૩) | ઉક્ત સમિતિની બેઠક દર ત્રણ માસે મળેલ ન હોય તો તેના શાં કારણો છે, અને | (૩) | ગુજરાત રાજયમાં મંત્રી મંડળમાં થયેલ બદલાવના કારણે આદિજાતિ સલાહકાર પરિષદની પુન:રચના કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ હતી. આદિજાતિ સલાહકાર પરિષદની પુન:રચના કરવાની બાબત સરકારશ્રી કક્ષાએ કાર્યવાહી હેઠળ હતી. જેથી, ઉક્ત સમિતિની બેઠક મળેલ નથી. |
| (૪) | ઉક્ત બેઠક સમયસર નિયમિત મળે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૪) | આદિજાતિ વિકાસ વિભાગના તા.૦૯/૦૮/૨૦૨૩ના જાહેરનામાથી આદિજાતિ સલાહકાર પરિષદની પુનઃ રચના થયેલ છે. તેમજ વિભાગના તા.૧૧/૦૮/૨૦૨૩ના જાહેરનામાથી આદિજાતિ સલાહકાર પરિષદની સ્થાયી સમિતિની પુનઃ રચના થયેલ હોઇ આદિજાતિ સલાહકાર પરિષદની સ્થાયી સમિતિની બેઠક તા.૨૦/૦૯/૨૦૨૩ તથા તા.૨૫/૦૧/૨૦૨૪ના રોજ મળેલ છે. અને આદિજાતિ સલાહકાર પરિષદની બેઠક સત્વરે મળે તે અંગેની કાર્યવાહી પ્રગતી હેઠળ છે. |

----------------------------

**છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના**

**15/4/1782 શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી** (સંખેડા) : માનનીય **આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને વ્યક્તિગત ધોરણે આવાસ આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૧) હા, જી.

(૨) જો હા, તો આ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓને શાં લાભ આપવામાં આવે છે, અને

(૨) આ યોજના હેઠળ રૂ.૧,૨૦,૦૦૦/- ની સહાય આપવામાં આવે છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં ઉક્ત યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૩) રૂ.૩૯૭.૭૧ લાખ

----------------

**અમદાવાદ જિલ્લાની સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા**

૧૫/૪/૨૩૮૩ **શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા** (જમાલપુર-ખાડીયા) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કેટલી સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ છે અને કેટલી શાળાઓમાં ઉપલબ્ધ નથી,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં કુલ ૪૬૬ સરકારી પ્રાથમિક શાળાઓમાં કોમ્પ્યુટર લેબની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે:

| તાલુકો | કુલ સરકારી પ્રાથમિક શાળાઓની સંખ્યા (ધો. ૧ થી ૮ સુધીની) | કોમ્પ્યુટર લેબ ઉપલબ્ધ છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે તેવી શાળાઓની સંખ્યા | કોમ્પ્યુટર લેબ ફાળવવાની બાકી હોય તેવી શાળાઓની સંખ્યા |
|---|---|---|---|---|
| બાવળા | ૫૬ | ૩૨ | ૧૬ | ૮ |
| દસ્ક્રોઇ | ૧૦૩ | ૪૮ | ૪૬ | ૯ |
| દેત્રોજ-રામપુરા | ૫૦ | ૧૧ | ૧૮ | ૨૧ |
| ધંધુકા | ૪૧ | ૧૨ | ૧૯ | ૧૦ |
| ધોલેરા | ૩૬ | ૮ | ૧૩ | ૧૫ |
| ધોળકા | ૮૩ | ૨૮ | ૪૩ | ૧૨ |
| માંડલ | ૩૯ | ૧૨ | ૧૩ | ૧૪ |
| સાણંદ | ૯૭ | ૫૦ | ૩૭ | ૧૦ |
| વિરમગામ | ૭૭ | ૨૫ | ૩૫ | ૧૭ |
| કુલ | ૫૮૨ | ૨૨૬ | ૨૪૦ | ૧૧૬ |

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉપલબ્ધ કોમ્પ્યુટર લેબ પૈકી કેટલી લેબ કાર્યરત છે અને કેટલી લેબ બંધ હાલતમાં છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તાલુકાવાર ઉપલબ્ધ ૨૨૬ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ કાર્યરત છે અને ૨૪૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબનું ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે.

(૩) ઉક્ત લેબ બંધ હોવાના શાં કારણો છે અને આવી કોમ્પ્યુટર લેબ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

(૩) ઉક્ત ૨૪૦ શાળાઓમાં કોમ્પ્યુટર લેબ વિકસાવવા માટે તાજેતરમાં જ વર્કઓર્ડર આપવામાં આવેલ હોઇ ઈન્સ્ટોલેશન પ્રગતિમાં છે.

અતારાંકિત પ્રશ્નો

**કચ્છ જિલ્લામાં પશુ દવાખાનાઓ મંજૂર કરવા બાબત**

**15/4/2217: પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા) માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા પશુદવાખાનાઓ શરૂ કરવા માટે દરખાસ્તો આવી, અને | (૧) |

| અનુ.નંબર | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભચાઉ | ૨ |
| ૨ | ભુજ | ૨ |
| ૩ | લખપત | ૨ |
| ૪ | અંજાર | ૧ |
| ૫ | માંડવી | ૧ |
| ૬ | અબડાસા | ૧ |
| ૭ | નખત્રાણા | ૧ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા દવાખાના મંજૂર કરવામાં આવ્યા ?

| અનુ.નંબર | તાલુકો | સંખ્યા |
|---|---|---|
| ૧ | ભુજ | ૧ |
| ૨ | અંજાર | ૧ |
| ૩ | નખત્રાણા | ૧ |

-------------------

**છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ દાવાઓ**

15/4/1949 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ કેટલા દાવાઓ મળેલા છે, | (૧) | ૧૮,૦૯૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા દાવાઓ મંજૂર કરી સનદો આપવામાં આવી, અને | (૨) | વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ મંજૂર થયેલ દાવેદારોને સનદ નહી પરંતુ મંજૂરી હુકમ/આદેશ પત્ર આપવામાં આવેલ છે. ૭,૨૮૭ દાવાઓ મંજૂર કરી મંજૂરી હુકમ/આદેશ પત્ર આપવામાં આવેલ છે. |
| (૩) બાકી દાવાઓ મંજૂર થયેલ હોવા છતાં સનદો આપવામાં આવી નથી તે હકીકત સાચી છે, અને | (૩) | લાગુ પડતુ નથી. |
| (૪) જો હા, તો તેના કારણો શાં છે ? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની શાળાઓ**

**15/4/2365: શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી કેટલી પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૧)

| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક શાળાઓ** | **માત્ર માધ્યમિક શાળા (ધો. ૯-૧૦ )** | **માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો. ૯ થી૧૨)** | **માત્ર ઉચ્ચતર માધ્યમિક શાળા (ધો. ૧૧-૧૨ )** |
|---|---|---|---|---|---|
| **સરકારી શાળાઓ** | | | | | |
| જૂનાગઢ | ગુજરાતી | ૭૧૩ | ૦૬ | ૦૯ | ૦૧ |
| | અંગ્રેજી | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પોરબંદર | ગુજરાતી | ૩૦૭ | ૦૮ | ૧૨ | ૦૩ |
| | અંગ્રેજી | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૦ |
| **ગ્રાન્ટેડ શાળાઓ** | | | | | |
| જૂનાગઢ | ગુજરાતી | ૦૫ | ૧૧૩ | ૯૩ | ૦૧ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| પોરબંદર | ગુજરાતી | ૦૦ | ૧૯ | ૨૦ | ૦૦ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ |
| **ખાનગી શાળાઓ** | | | | | |
| જૂનાગઢ | ગુજરાતી | ૩૫૫ | ૧૨૮ | ૦૦ | ૧૨૫ |
| | અંગ્રેજી | ૦૬ | ૨૮ | ૦૦ | ૧૯ |
| પોરબંદર | ગુજરાતી | ૭૮ | ૪૩ | ૦૦ | ૩૯ |
| | અંગ્રેજી | ૨૮ | ૦૯ | ૦૦ | ૧૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર ગુજરાતી અને અંગ્રેજી માધ્યમની સરકારી અને ગ્રાન્ટેડ ઉક્ત શાળાઓમાં શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૨) પત્રક – ૧ મુજબ

(૩) ઉક્ત સ્થિતિએ ખાલી જગ્યાઓ ક્યા સુધીમાં ભરવાનું આયોજન છે?

(૩) જેમ બને તેમ ઝડપથી

**પત્રક–૧**

**સરકારી શાળાઓ**

| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| જૂનાગઢ | ગુજરાતી | ૨૬૫ | ૩૫૧૫ | ૦૨ | ૧૪૫ | ૦૧ | ૪૫ | ૦૫ | ૫૪ | ૦૬ | ૦૯ |
| | અંગ્રેજી | ૦૬ | ૦૩ | ૦૦ | ૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | | | | |
| પોરબંદર | ગુજરાતી | ૩૦૪ | ૧૩૯૭ | ૦૦ | ૭૧ | ૦૩ | ૬૧ | ૨૨ | ૩૪ | ૦૩ | ૦૩ |
| | અંગ્રેજી | ૨૮ | ૦૫ | ૦૧ | ૦૦ | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | | | | |

**ગ્રાન્ટેડ શાળાઓ**

| **જિલ્લો** | **માધ્યમ** | **પ્રાથમિક** | | | | **માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **ઉચ્ચતર માધ્યમિક શિક્ષકોની જગ્યા** | | **આચાર્યની જગ્યા** | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | **શિક્ષક** | | **આચાર્ય** | | | | | | | |
| | | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** | **ખાલી** | **ભરાયેલ** |
| જૂનાગઢ | ગુજરાતી | ૧૦ | ૧૨ | ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં આચાર્યની નિમણૂકની જોગવાઇ નથી. | | ૪૯ | ૭૮૯ | ૧૩૬ | ૩૧૫ | ૬૭ | ૧૩૯ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | | | | | |
| પોરબંદર | ગુજરાતી | ૦૦ | ૦૦ | | | ૦૬ | ૧૬૨ | ૩૨ | ૮૩ | ૧૧ | ૨૭ |
| | અંગ્રેજી | ૦૦ | ૦૦ | | | ૦૪ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૧ |

# અતારાંકિત પ્રશ્નો

## મહીસાગર અને આણંદ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી માટે સહાય

**15/4/2376: શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| )૧) | રાજ્યના ખેડૂતોને ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર(ટબ)ની ખરીદી માટે સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં છે તે હકીકત સાચી છે, | )૧) | હા, |
| )૨) | જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ મહીસાગર અને આણંદ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | )૨) | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |

| જિલ્લો | અરજીઓની સંખ્યા |
|---|---|
| મહીસાગર | ૨૦૮૪ |
| આણંદ | ૩૩૮૭ |

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| )૩) | ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને | )૩) | મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગત નીચે મુજબ છે . |

| વર્ષ ૨૦૨૧–૨૨ | | |
|---|---|---|
| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
| મહીસાગર | ૦ | ૦ |
| આણંદ | ૦ | ૦ |

| વર્ષ ૨૦૨૨–૨૩ | | |
|---|---|---|
| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
| મહીસાગર | ૨૦૮૪ | રૂ.૪૧,૬૮,૦૦૦/– |
| આણંદ | ૩૩૮૫ | રૂ.૬૭,૭૦,૦૦૦/– |

| વર્ષ ૨૦૨૩–૨૪ (તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ) | | |
|---|---|---|
| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
| મહીસાગર | ૦ | ૦ |
| આણંદ | ૧ | રૂ.૨,૦૦૦/– |

| ક્રમ | પ્રશ્ન | ક્રમ | જવાબ |
|---|---|---|---|
| )૪) | ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે ? | )૪) | ઉક્ત સ્થિતિએ કોઇ અરજીઓ પડતર નથી. |

## અમદાવાદ શહેર અને જિલ્લામાં અભ્યાસક્રમની પરવાનગી વગર ચાલતી ખાનગી પ્રાથમિક શાળાઓ બાબત

**15/4/2359: શ્રી શૈલેષ મનુભાઇ પરમાર (દાણીલીમડા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમદાવાદ શહેર અને જિલ્લામાં અભ્યાસક્રમની પરવાનગી વગર ચાલતી કેટલી ખાનગી પ્રાથમિક શાળાઓ પકડવામાં આવી, | (૧) | નીચેના કોષ્ટક મુજબ |

| જિલ્લો | ૨૦૨૨–૨૩ | ૨૦૨૩–૨૪ |
|---|---|---|
| અમદાવાદ | ૦ | ૦ |
| અમદાવાદ શહેર | ૦ | ૦ |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉકત શાળાઓ કયારથી કાર્યરત હોવાનું સામે આવ્યું, | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

| | | | |
|---|---|---|---|
| (૩) | ઉક્ત શાળાઓમાં ધોરણવાર કેટલા વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવતો હતો, અને | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |
| (૪) | પરવાનગી વગર શાળાઓ ન ચાલે તે માટે શાં પગલાં લેવામાં આવ્યા ? | (૪) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી |

**રાજ્યમાં જ્ઞાન સહાયક(માધ્યમિક) યોજના હેઠળ ઉમેદવારોને નિમણુક બાબત**

15/4/2351 : **શ્રી અમિત ચાવડા** (આંકલાવ): **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યમાં જ્ઞાન સહાયક (માધ્યમિક) યોજના હેઠળ કેટલી જગ્યાઓ ભરવા માટે કેટલા ઉમેદવારોને નિમણુક આપવામાં આવી, | (૧) | ૫૯૮૫ જગ્યાઓ ભરવા માટે ૪૧૩૮ ઉમેદવારોને નિમણુક આપવામાં આવી. |
| (૨) | ઉક્ત નિમણૂક આપેલ ઉમેદવારો પૈકી કેટલા ઉમેદવારો હાજર થયા, | (૨) | ૪૧૦૮ |
| (3) | ઉક્ત હાજર થયેલા ઉમેદવારો પૈકી કેટલાએ ઉક્ત સ્થિતિએ નોકરી છોડી દીધી, અને | (3) | ૧૨૧ |
| (૪) | ઉક્ત જ્ઞાન સહાયકોને માસિક કેટલું વેતન ચુકવવામાં આવે છે? | (૪) | રૂ.૨૪,૦૦૦/- પ્રતિ માસ. |

**સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ -અંતર્ગત મળેલ રકમ**

**15/4/2362 શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડિયા (પોરબંદર):- માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે**

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત ભારત સરકાર તરફથી કેટલી રકમ મળી,

(૧)

| ક્રમ | વર્ષ | ભારત સરકાર તરફથી મળેલ રકમ (રૂ. લાખમાં ) |
|---|---|---|
| ૧ | ૨૦૨૨-૨૩ | ૫૩૬૨.૯૧ |
| ૨ | ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી) | ૧૭૪૩.૦૦ |

(૨) મળેલ રકમ પૈકી વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ વણવપરાયેલી રહી, અને

(૨)

| ક્રમ | વર્ષ | વર્ષવાર વપરાયેલ રકમ (રૂ.લાખમાં) | વર્ષવાર વણવપરાયેલી રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૨-૨૩ | ૯૮૭૮.૭૮૨ | ૯૩૬૦.૬૨૧ |
| ૨ | ૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી) | ૭૯૬૯.૫૨ | ૩૦૬૧.૭૨૨ |

(૩) ઉક્ત રકમ વણવપરાયેલી રહેવાના કારણો શાં છે ?

(૩) સદર ગ્રાન્ટનો ખર્ચ હિસાબી વર્ષ ( ૧ લી એપ્રીલ થી ૩૧ માર્ચ) પ્રમાણે થાય છે. વર્ષ.૨૦૨૨-૨૩ અંતિત બચત રકમ માર્ચ ૨૦૨૩ ના અંતિત ગ્રાન્ટ ફાળવેલ હોય વણવપરાયેલી છે. તથા વર્ષ.૨૦૨૩-૨૪ (તા.૩૧/૧૨/૨૦૨૩) અંતિત રહેલ બચત રકમનો વપરાશ જાન્યુઆરી ૨૦૨૪ અંતિત કરવામાં આવેલ છે.

**રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્યોને મુખ્ય શિક્ષક એલાઉન્સ પેટે રકમ**

**15/4/2368 શ્રી જિજ્ઞેશ મેવાણી (વડગામ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :-**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાઓમાં આચાર્યોને મહિને મુખ્ય શિક્ષક એલાઉન્સ પેટે કેટલી રકમ આપવામાં આવે છે, | )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો પૈકી મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા શિક્ષકોને ધોરણ ૧ થી ૪ સુધીની પ્રાથમિક શાળા હોય તો રૂ.૧૫૦/માસિક, ધોરણ ૧ થી ૭ સુધીની પ્રાથમિક શાળા હોય તો રૂ.૨૫૦/માસિક તથા પગાર કેન્દ્ર શાળા હોય તો રૂ.૩૦૦/માસિક મુખ્ય શિક્ષક એલાઉન્સ તરીકે આપવાની જોગવાઇ કરવામાં આવેલ છે. |

| | |
|---|---|
| )૨) ઉક્ત દરો ક્યારથી અમલમાં છે, અને | )૨) ઉક્ત દરો તા.૧૦/૧૦/૨૦૦૭ થી અમલમાં છે, અને |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં છેલ્લે કયારે કેટલો વધારો કરવામાં આવેલ ? | (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દરોમાં તા.૧૦/૧૦/૨૦૦૭ બાદ કોઇ વધારો કરવામાં આવેલ નથી. |

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રાથમિક શાળાઓમાં શિક્ષકોની ઘટ**

**15/4/2399: શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહિર (જામજોધપુર): પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૫/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૯૭૯(અગ્રતા-૮) ના અનુસંધાને માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર ૫જ સરકારી શાળાઓમાં માત્ર એક જ શિક્ષક હતા તે હકીકત તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સાચી છે, | (૧) ના. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં હાલ કેટલા શિક્ષકો છે? | (૨) ૭૦. |
| (૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ખાલી જગ્યાઓ પર શિક્ષકોની નિમણૂક ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે? | (૩) જેમ બને તેમ જલ્દી. |

**ગીર સોમનાથ જિલ્લામાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના અન્વયે બાકી પ્રિમિયમ**

**૧૫/૪/૨૩૭૨ : શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ) : માનનીય કૃષિમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ખરીફ-૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર, રાજય સરકાર અને ખેડૂતોએ કેટલી રકમનું વિમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ, | (૧) ખરીફ-૨૦૧૯ના વર્ષમાં પ્રધાનમંત્રી ફસલ બિમા યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૧૫૨૩,૭૫,૭૬,૭૮૬/-, રાજ્ય સરકાર દ્વારા રૂ. ૬૯૨,૫૦,૦૦,૦૦૦/- અને ખેડૂતોએ રૂ.૪૨૬,૦૬,૧૯,૨૯૨/- રકમનું વીમા પ્રિમિયમ ખાનગી વીમા કંપનીઓને ભરેલ છે. |
| (૨) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત વર્ષના વિમા પેટે ગીર સોમનાથ જિલ્લામાં તાલુકાવાર કેટલા ખેડૂતોને કેટલી રકમ ચુકવવાની બાકી છે, | (૨) પત્રક-૧ મુજબ. |
| (૩) ઉક્ત રકમ ચૂકવવાની બાકી રહેવાના કારણો શા છે, અને | (૩) વહીવટી કારણોસર. |
| (૪) તે કયાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૪) ચૂકવણી વીમા કંપની દ્વારા થતી હોઈ તે તાત્કાલિક ચૂકવવા વીમા કંપનીને સૂચના આપવામાં આવેલ છે. |

**પત્રક-૧**

તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ખરીફ-૨૦૧૯ના વિમા પેટે ગીર સોમનાથ જિલ્લાના દાવા ચૂકવવાના બાકી ખેડૂતોની સંખ્યા તેમજ રકમની વિગત

| અ.નં. | તાલુકા | ખેડૂતોની સંખ્યા | ચૂકવવાની બાકી રકમ (રૂપિયામાં) |
|---|---|---|---|
| ૧ | ગીર ગઢડા | ૨૧ | ૧,૧૭,૮૨૬ |
| ૨ | કોડીનાર | ૧૭૩૮ | ૩૫,૧૬,૯૩૨ |
| ૩ | પાટણ વેરાવળ | ૬૧૧૧ | ૩,૧૬,૨૨,૨૮૯ |
| ૪ | સુત્રાપાડા | ૨૮૯૩ | ૫૬,૭૧,૫૭૧ |
| ૫ | તાલાલા | ૫૨ | ૨,૭૮,૫૦૬ |
| ૬ | ઉના | ૧૦ | ૫૮,૭૯૯ |

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

અતારાંકિત પ્રશ્નો

**રાજયમાં પશુધન નિરીક્ષક વર્ગ–૩ની જગ્યાઓ**

**15/4/2348 ગેનીબેન નગાજી ઠાકોર (વાવ): માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન:**

(૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં પશુધન નિરીક્ષક વર્ગ–૩ની કેટલી જગ્યાઓ ખાલી છે,

**જવાબ:**

(૧)

| પશુધન નિરીક્ષકની ખાલી જગ્યાઓ | | |
|---|---|---|
| રાજ્યકક્ષા | પંચાયતકક્ષા | કુલ |
| ૪૯૫ | ૧૨૬ | ૬૨૧ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત સંવર્ગની કેટલી જગ્યાઓ ભરવામાં આવી, અને

(૨)

| અ.નં | વર્ષ | રાજ્યકક્ષા | પંચાયતકક્ષા |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૨ | ૩૨ | ૨૦ |
| ૨ | ૨૦૨૩ | ૧૩ | ૧૯૩ |
| કુલ | – | ૪૫ | ૨૧૩ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત સંવર્ગની ખાલી જગ્યાઓ કયારે ભરવાનું આયોજન છે ?

(૩) દસ વર્ષીય ભરતી કેલેન્ડર અનુસાર પશુધન નિરીક્ષકની રાજયકક્ષાની ભરવાપાત્ર ખાલી જગાઓ ભરવાનું આયોજન છે. જિલ્લા પંચાયત હસ્તકની પશુધન નિરીક્ષકની ભરવાપાત્ર ખાલી જગાઓ ભરવા અંગેની કાર્યવાહી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ દ્બારા કરવામાં આવે છે.

**અમદાવાદ મહાનગરપાલિકાની ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને આનુષંગિક ખર્ચ ચૂકવણી સહાય બાબત.**

**15/4/2384: શ્રી ઇમરાન યુસુફભાઇ ખેડાવાલા (જમાલપુર–ખાડીયા): માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આર.ટી.ઈ એક્ટ–૨૦૦૯ હેઠળ ખાનગી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસને લગતા આનુષંગિક ખર્ચની ચૂકવણી સહાય યોજના હેઠળ વિદ્યાર્થી દીઠ કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે? | (૧) | સદર યોજના હેઠળ પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને રુ. 3000/– ની રકમ ગણવેશ, બૂટ, પૂસ્તકો, પરિવહન ખર્ચ તથા સ્કૂલ બેગ અને અભ્યાસને આનુસાંગિક અન્ય વસ્તુઓ ખરીદવા માટે ચૂકવવામાં આવે છે. |
| (૨) | ઉક્ત યોજના હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩માં અમદાવાદ મહાનગરપાલિકા માટે કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે અને કેટલા વિદ્યાર્થીઓને આવરી લેવાના બાકી છે, અને | (૨) | સદર યોજનામાં વર્ષ ૨૦૨૨–૨૩માં અમદાવાદ શહેરમાં ૯૨૦૪૩ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. કોઈપણ વિદ્યાર્થી બાકી નથી. |
| (૩) | ઉક્ત સ્થિતિએ આનુષંગિક ખર્ચની ચૂકવણીની રકમ વધારવા સરકારને કોઈ રજૂઆત મળેલ છે કે કેમ? | (૩) | અત્રેની કચેરીમાં આવી કોઈપણ રજૂઆત મળેલ નથી. |

**કચ્છ જિલ્લામાં પ્રાથમિક શાળાઓ મંજૂર કરવામાં બાબત**

**15/4/2218 :શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા): માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:**

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર નવી સરકારી પ્રાથમિક શાળા બનાવવા માટે કેટલી દરખાસ્તો આવી,અને

(૧)

| **ક્રમ** | **તાલુકો** | **મળેલ દરખાસ્તો** |
|---|---|---|
| ૧ | અબડાસા | ૦ |
| ૨ | અંજાર | ૧ |
| ૩ | ભચાઉ | ૧ |
| ૪ | ભુજ | ૦ |
| ૫ | ગાંધીધામ | ૦ |
| ૬ | લખપત | ૦ |
| ૭ | માંડવી | ૦ |
| ૮ | મુન્દ્રા | ૦ |
| ૯ | નખત્રાણા | ૦ |
| ૧૦ | રાપર | ૦ |
| કુલ | | ૦૨ |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી શાળાઓ મંજૂર કરવામાં આવી?

(૨)

| **ક્રમ** | **તાલુકો** | **મંજૂર કરેલ દરખાસ્તો** |
|---|---|---|
| ૧ | અબડાસા | ૦ |
| ૨ | અંજાર | ૦ |
| ૩ | ભચાઉ | ૦ |
| ૪ | ભુજ | ૦ |
| ૫ | ગાંધીધામ | ૦ |
| ૬ | લખપત | ૦ |
| ૭ | માંડવી | ૦ |
| ૮ | મુન્દ્રા | ૦ |
| ૯ | નખત્રાણા | ૦ |
| ૧૦ | રાપર | ૦ |
| કુલ | | ૦ |

### છોટાઉદેપુર જિલ્લામાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ જિલ્લાકક્ષાની કમિટીની બેઠકો

15/4/1948 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **માનનીય આદિજાતિ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં છેલ્લા બે વર્ષમાં વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ હેઠળ જિલ્લાકક્ષાની કમિટીની બેઠકો ક્યારે મળી,

(૧)

| **ક્રમ** | **વર્ષ** | **બેઠકની તારીખ** |
|---|---|---|
| ૧ | ૨૦૨૨ | ૦૬/૧૦/૨૦૨૨ |
| ૨ | ૨૦૨૩ | ૧૫/૦૯/૨૦૨૩ |

(૨) ઉક્ત સ્થિતિએ કમિટિએ વર્ષવાર કેટલા દાવાઓનો નિકાલ કર્યો અને કેટલા દાવાઓ પડતર રહ્યા, અને

(૨)

| | | | |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૨ | ૧૯૨ | ૦ |
| ૨ | ૨૦૨૩ | ૧૬૭ | ૦ |
| **કુલ:-** | | **૩૫૯** | **૦** |

(૩) ઉક્ત કમિટીની બેઠકો બોલાવવાના ધોરણો શા છે ?

(૩) વન અધિકાર અધિનિયમ ૨૦૦૬ની જોગવાઇઓમાં જિલ્લાકક્ષાની કમિટીની બેઠકો બોલાવવા અંગેના ચોક્કસ ધોરણો નક્કી થયેલ નથી. પરંતુ, પેટા સ્તરીય સમિતિ તરફથી મળેલ દાવાઓ તેમજ પેટા સ્તરીય સમિતિના હુકમોથી અસંતુષ્ટ વ્યક્તિઓની મળેલ અરજીઓ કે વન અધિકાર સંબધિત મળેલ રજૂઆતો ધ્યાને રાખી સમિતિની જરૂરીયાત મુજબ સંબંધિત જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને તેઓની પરવાનગીથી બેઠક બોલાવવામાં આવે છે.

### જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ખેડૂતોને ડ્રમ અને ટબ ખરીદી માટે સહાય

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નો

**15/4/2367: શ્રી અરવિંદભાઇ જીણાભાઈ લાડાણી** (માણાવદર) **: માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| )૧) | રાજ્યના ખેડૂતોને ડ્રમ તેમજ બે પ્લાસ્ટીકના ટોકર(ટબ)ની ખરીદી માટે સહાય આપવાની યોજના વર્ષ ૨૦૨૧–૨૨ થી અમલમાં છે તે હકીકત સાચી છે, | )૧) | હા, જી. |
| )૨) | જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા કેટલી અરજીઓ મળી, | )૨) | તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ ઉક્ત યોજના હેઠળ સહાય મેળવવા મળેલ અરજીઓની વિગત નીચે મુજબ છે. |

| જિલ્લો | અરજીઓની સંખ્યા |
|---|---|
| જૂનાગઢ | ૮૪૨૨ |
| ગીર સોમનાથ | ૭૫૮૫ |

)૩) ઉક્ત મળેલ અરજીઓ પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલી અરજીઓ મંજૂર કરી કેટલી રકમની સહાય ચૂકવવામાં આવી, અને

)૩)

મંજૂર કરેલ અરજીઓ અને ચૂકવેલ સહાયની વિગત નીચે મુજબ છે.**વર્ષ ૨૦૨૧–૨૨**

| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|
| જૂનાગઢ | ૦ | ૦ |
| ગીર સોમનાથ | ૦ | ૦ |

**વર્ષ ૨૦૨૨–૨૩**

| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|
| જૂનાગઢ | ૫૬૪૦ | રૂ.૧,૧૨,૮૦,૦૦૦/– |
| ગીર સોમનાથ | ૭૫૫૬ | રૂ.૧,૫૧,૧૨,૦૦૦/– |

**વર્ષ ૨૦૨૩–૨૪**
**(તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ)**

| જિલ્લો | મંજૂર કરેલ અરજીઓ | ચૂકવેલ સહાયની રકમ |
|---|---|---|
| જૂનાગઢ | ૩૬૮ | રૂ.૭,૩૬,૦૦૦/– |
| ગીર સોમનાથ | ૭ | રૂ.૧૪,૦૦૦/– |

)૪) ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ કયા કારણોસર પડતર છે? )૪) ઉક્ત સ્થિતિએ કોઇ અરજીઓ પડતર નથી.

### રાજ્યમાં જળાશયોમાં મત્સ્યોદ્યોગ માટેના પરવાના

**15/4/2353: શ્રી અમિતભાઇ ચાવડા** (આંકલાવ): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલા ડેમો/જળાશયોમાં મત્સ્યોદ્યોગ માટેના પરવાના/કોન્ટ્રાક્ટ અપાયેલ છે, અને | (૧) | ૭૧૧ |
| (૨) | તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી આવક થઈ? | (૨) | |

| વર્ષ | રકમ (રૂ.) |
|---|---|
| ૨૦૨૨–૨૩ | ૨૩,૩૮,૧૩,૩૮૦/– |
| ૨૦૨૩–૨૪ | ૨૩,૭૧,૩૦,૫૪૪/– |

### પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા માછીમારોના કુટુંબ માટે સહાય

**15/4/2364: શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર): **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

| **પ્રશ્ન** | | **જવાબ** | |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતીએ પાકિસ્તાની તંત્ર દ્વારા પકડાયેલા ગુજરાતી માછીમારોના કુટુંબના જીવન નિર્વાહ માટે રાજ્ય સરકાર દ્વારા કેટલી રકમની સહાય ચૂકવવામાં આવે છે, | (૧) | દૈનિક રૂ. ૩૦૦/– |

| | | | |
|---|---|---|---|
| (૨) | ઉક્ત સ્થિતીએ ઉક્ત સહાયના દરો ક્યારથી અમલમાં છે, | (૨) | તા.૦૧/૦૪/૨૦૧૯ થી |
| (૩) | ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે કેટલો વધારો કરવામાં આવ્યો, અને | (૩) | તા.૦૧/૦૪/૨૦૧૯ થી રૂ. ૧૫૦/– નો વધારો કરી પ્રતિ દિવસ રૂ. ૩૦૦/– |
| (૪) | ઉક્ત સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા માછીમાર કુટુંબોને સહાય ચૂકવવામાં આવી? | (૪) | |

| વર્ષ | કુટુંબોની સંખ્યા |
|---|---|
| ૨૦૨૨ | ૪૨૮ |
| ૨૦૨૩ | ૨૮૯ |

**રાજ્યમાં શિક્ષણ વિભાગ હસ્તકની સૈનિક શાળાઓ**

**15/4/2371 શ્રી જિજ્ઞેશભાઇ મેવાણી** (વડગામ) : **માનનીય શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ

| | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં શિક્ષણ વિભાગ હસ્તકની સૈનિક શાળાઓ કેટલી છે, | (૧) ૦૫ (પાંચ) |
| ૨ | ઉકત કઇ શાળા ક્યારથી કાર્યરત છે,અને | (૨) શ્રીમતી એમ.જી. પટેલ સૈનિક સ્કૂલ ફોર ગર્લ્સ ખેરવા, તા.જિ. મહેસાણા સપ્ટેમ્બર–૧૯૯૯ થી કાર્યરત છે.<br>સૈનિક સ્કૂલ, રાધનપુર, મુ.વડનગર, તા.રાધનપુર, જિ.પાટણ જૂન–૨૦૦૪થી કાર્યરત છે.<br>રક્ષા શકિત સ્કૂલ, લવાડ, ગાંધીનગર, રક્ષા શકિત સ્કૂલ, ખેરવા, મહેસાણા રક્ષા શકિત સ્કૂલ, ગજોડ(કેરા), કચ્છ એમ આ ત્રણ શાળાઓ નવેમ્બર–૨૦૨૩થી કાર્યરત છે |
| ૩ | ઉક્ત સ્થિતિએ ઉક્ત શાળાઓમાં શાળાવાર કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ? | (૩) |

| ક્રમ | સૈનિક શાળાનું નામ | વિદ્યાર્થી સંખ્યા |
|---|---|---|
| ૧ | શ્રીમતી એમ.જી.પટેલ સૈનિક સ્કૂલ ફોર ગર્લ્સ ખેરવા,મહેસાણા | ૨૮૩ |
| ૨ | સૈનિક સ્કૂલ, રાધનપુર, પાટણ | ૨૧૫ |
| ૩ | રક્ષા શકિત સ્કૂલ, લવાડ, ગાંધીનગર | ૭૭ |
| ૪ | રક્ષા શકિત સ્કૂલ, ખેરવા, મહેસાણા | ૬૧ |
| ૫ | રક્ષા શકિત સ્કૂલ, ગજોડ, કચ્છ | ૩૬ |

**માનનીય અધ્યક્ષશ્રીની સૂચના**

**માનનીય મંત્રીશ્રીઓને યોગ્ય રીતે બ્રિફ કરવા અંગે**

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીઓને યોગ્ય રીતે બ્રિફ કરવા એ વિભાગના સચિવશ્રીઓની જવાબદારી છે. એ આપણા વિભાગના વડા તરીકે જ્યારે ગૃહ સમક્ષ જવાબ આપે છે ત્યારે વારંવાર ચિઠ્ઠી મોકલવી પડે એનો મતલબ હું એવો સમજું છું કે તમે યોગ્ય રીતે બ્રિફ કર્યું નથી. અહીંયા લેખિતમાં વાંચીને જવાબ આપવાની પદ્ધતિ હોતી નથી એટલે તેમને આત્મસાત કરાવવું જોઇએ. તેઓ પોતે આખા વિષયને સમજે તે માટે યોગ્ય રીતે બ્રિફ કરવું એ સચિવ તરીકે તમારી જવાબદારી છે. અહીંયા આવે ત્યારે વારંવાર ચિઠ્ઠી આપ્યા કરવી પડે એ પદ્ધતિ પણ સારી નથી. આપણને ખબર હોવી જોઇએ કે આપણા વિભાગનો પ્રશ્ન છે તો એના પરિપ્રેક્ષ્યમાં કેવા–કેવા પ્રશ્નો માનનીય ધારાસભ્યશ્રીઓ પૂછી શકે છે. તે રીતે માનનીય મંત્રીશ્રીને બ્રિફ કરવાની જવાબદારી આપણે લેવી જોઇએ. હું માનું છું કે ભવિષ્યના સત્રમાં આપણે બધા આ રીતે વર્તીએ.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ )

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ)**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણાં વિભાગ**

**ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ**

**માગણી ક્રમાંક – ૧૨**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)ને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨૬,૫૨,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક–૧૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક – ૧૩**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું વીજળી શકિત પરિયોજનાઓને લગતી સેવા અંગેની ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧૧,૭૫,૩૨,૦૦,૦૦૦/–ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૫૫,૪૫,૫૧,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક –૧૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૫ રજૂ કરવામાં આવી.

તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૭ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૮ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૯ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૨ રજૂ કરવામાં આવી.

**નાણાં વિભાગ**

**માગણી ક્રમાંક – ૧૫**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં વિભાગને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૪૪,૫૭,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી દિનેશભાઇ આ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૭ રજૂ કરવામાં આવી.

ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૮ રજૂ કરવામાં આવી.

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૧૯ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક – ૧૬**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કર વસૂલાત ખર્ચ (નાણા વિભાગ)ને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૫,૧૬,૩૫,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ )

**માગણી ક્રમાંક – ૧૬ રજૂ કરવામાં આવી.**

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૪ રજૂ કરવામાં આવી.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૫ રજૂ કરવામાં આવી.

શ્રી ઇમરાન ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક – ૨૬ રજૂ કરવામાં આવી.

**માગણી ક્રમાંક – ૧૭**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું તિજોરી અને હિસાબ વહીવટને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૨,૭૮,૦૯,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક – ૧૮**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પેન્શન અને અન્ય નિવૃત્તિ લાભને લગતી સેવા અંગેની નાણાં વિભાગની મહેસૂલ ખર્ચ માટેની રૂ.૧,૪૮,૯૨,૧૯,૦૦,૦૦૦/–ની માગણી ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૧૮ રજૂ કરવામાં આવી.**

**સન ૨૦૨૪–૨૦૨૫ના વર્ષના અંદાજપત્ર માટેના અનુદાનો અંગેની માગણીઓ ઉપરનીકાપદરખાસ્તોનીએકત્રિત યાદી**

| અ.નં | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | | **ઉર્જાઅનેપેટ્રોકેમિકલ્સવિભાગ**<br>**માગણી નં ૧૨** | |
| *૧ | ૨૦૪૫–ચીજવસ્તુઓ...શુલ્ક<br>૧૦૩–વસૂલાત...શુલ્ક<br>૦૧ – વીજળી...નિરીક્ષક<br>રૂ. ૨૬,૫૨,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૮અને૯ | ૧૦૦ | ખાનગી વિજ કંપનીઓ પાસેથી ઉંચા ભાવે ખરીદાતી વીજળીને કારણે વિજગ્રાહકો પરનો વધતો બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીશૈલેષપરમાર |
| ૨ | " – – | ૧૦૦ | રાજયમાં ઉદ્યોગોને વિજશુલ્કમાં અપાતી રાહતની સામે આમજનતાને રાહત આપવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| *૩ | " – – | ૧૦૦ | રાજયમાં ફયુઅલ સરચાર્જના નામે વિજશુલ્કમાં કરવામાં આવતા વધારાને કારણે રહેણાંક વિસ્તારના વીજ ગ્રાહકોને પડતો આર્થિક બોજ નિવારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અમીત ચાવડા |
| | | | **માંગણી નં–૧૩** | |
| *૪ | ૨૮૦૧–વીજળીશકિત<br>૮૦–સામાન્ય<br>૦૦૪–સંશોધન અને વિકાસ<br>રૂ.૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૧૫ | ૧૦૦ | સરકારી વિજ કંપનીઓના સારા પરફોર્મન્સના લાભ વિજ ગ્રાહકોને મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જીગ્નેશ મેવાણી |
| ૫ | ૨૮૦૧–વીજળીશકિત<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિદ્યુત...સહાય<br>રૂ. ૨,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૧૫થી ૧૭ | ૧૦૦ | વીજળીના ફિકસ્ડ કોસ્ટની ગણતરી પ્લાન્ટ લોડ ફેકટર (PLF)ના આધારે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| *૬ | ૨૮૦૧–વીજળીશકિત<br>૮૦–સામાન્ય<br>૧૦૧–વિદ્યુત...સહાય | ૧૦૦ | હોર્સ પાવર દીઠ વિજ ખર્ચની ગણતરીને કારણે કૃષિ ઉત્પાદન ખર્ચમાં રહેતી અસમાનતા નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૨,૩૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૫,<br>પાના.નં. ૧૫થી ૧૭ | | | |
| ૭ | " – – | ૧૦૦ | ખેડૂતોની પરવાનગી વગર તેમના ખેતરોમાં ઉભા કરાયેલ વીજપોલ અંગેની વ્યાપક ફરીયાદો છતાં યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| ૮ | " – – | ૧૦૦ | ઉર્જા વિકાસ નિગમ દ્વારા બિલ વિના ખાનગી પાવર કંપનીઓને કરેલ ચૂકવણીની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી<br>(ગેનીબેન ઠાકોર) |
| ૯ | " – – | ૧૦૦ | નાના શહેરો અને ગ્રામીણ વિસ્તારોમાં વારંવાર ખોરવાઇ જતા વિજળી પૂરવઠાના પ્રશ્નનો કાયમી ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી<br>(ઉમેશભાઇ મકવાણા) |
| ૧૦ | " – – | ૧૦૦ | રાજયમાં વીજ ક્ષમતા કરતા ખૂબ જ ઓછું વીજ ઉત્પાદન કરતાં સરકારી વિજમથકોનું સત્વરે આધુનિકરણ કરી વીજ ઉત્પાદન વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| ૧૧ | " – – | ૧૦૦ | સૌર અને પવન ઉર્જાથી ઉત્પન્ન થતી વીજળી સસ્તી હોવા છતાં જર્કના આદેશ મુજબ સરકારી વિજ કંપનીઓ દ્વારા તે ખરીદવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અનંતકુમાર પટેલ<br>(દિનેશભાઇ ઠાકોર) |
| ૧૨ | " – – | ૧૦૦ | રાજયમાં લાંબા સમયથી બંધ ગેસ આધારિત પાવર પ્લાન્ટ પુન: કાર્યરત કરાવી આમજનતા પર પડતો બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| *૧૩ | " – – | ૧૦૦ | વિદ્યુત બોર્ડને પૂરતી સહાય આપવા છતાં વિજ ઉત્પાદનમાં વધારો થાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ ચૌહાણ |
| | | **નાણાવિભાગ**<br>**માગણીનં. ૧૫** | | |
| *૧૪ | ૨૦૫૨–સચિવાલય..સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–નાણા વિભાગ<br>રૂ. ૩૬,૬૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૯૫ | ૧૦૦ | રાજય સરકાર હસ્તકની વિવિધ સંસ્થાઓને આપેલ લોનની સમયસર વસૂલાત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમીત ચાવડા |
| ૧૫ | ૨૦૫૨–સચિવાલય..સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–નાણા વિભાગ<br>રૂ. ૩૬,૬૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૯૫ | ૧૦૦ | લાંબા સમયથી ગ્રાન્ટ યુટીલાઇઝેશન સર્ટીફિકેટ રજૂ ન કરતા વિભાગો પાસેથી ખુલાસા માંગી જવાબદારો સામે શિક્ષાત્મક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા |
| ૧૬ | " – – | ૧૦૦ | જૂન માસમાં નિવૃત્ત થતા સરકારી કર્મચારીઓને એક ઈજાફાનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી દિનેશભાઇ ઠાકોર |
| ૧૭ | – – " – – | ૧૦૦ | દેવાની ભરપાઇ માટે અનામત ફંડના ફાળાની રકમ મહેસૂલી આવક તરીકે દર્શાવાય છે તેની સ્પષ્ટતા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અરવિંદભાઇ લાડાણી |
| ૧૮ | " – – | ૧૦૦ | રાજયના દેવા અને તેની ઉપર વ્યાજ પેટે વધતી જતી માતબર રકમ પર અંકુશ રાખવામાં તંત્રની ઉદાસીનતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૯ | " – – | ૧૦૦ | અંદાજપત્રમાં મહેસૂલી ખર્ચ અને અન્ય ખર્ચાઓ વચ્ચેનોતફાવત સ્પષ્ટ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમૃતજી ઠાકોર |
| *૨૦ | " – – | ૧૦૦ | વિભાગોને ગ્રાન્ટની રકમો ફાળવ્યા બાદ વર્ષાન્તે કરવામાં આવતા ખર્ચાઓમાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી<br>(ગુલાબસિંહ ચૌહાણ) |
| | | **માંગણી નં–૧૬** | | |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૧ | ૨૦૪૩–રાજય...ખર્ચ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–રાજયવેરા આયુકત<br>રૂ. ૪૪,૪૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૧૧ | ૧૦૦ | જીએસટી અધિકારીઓ દ્વારા નાણાકીય ગેરરીતિઓ આચરીને પંચનામુ બદલી નાંખવાની વ્યાપક ફરિયાદો છતાં જવાબદારો સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કિરીટકુમાર પટેલ |
| *૨૨ | – – " – – | ૧૦૦ | GSTના નંબરો આપતા પહેલા સ્થળ તપાસ કરી બોગસ બીલીંગની પ્રવૃત્તિઓ રોકવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ઉમેશભાઇ મકવાણા |
| *૨૩ | ૨૦૪૩–રાજય...ખર્ચ<br>૭૯૭–ગુજરાત...તબદીલી<br>રૂ. ૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૧૬ | ૧૦૦ | કાચા માલની આયાત પર વેપારીઓએ ચૂકવેલા IGSTનું રીફંડ સમયસર આપાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨૪ | " – – | ૧૦૦ | નિયત પ્રમાણ કરતાં વધુ પ્રમાણમાં થતા નાણાકીય વ્યવહારોને નિયંત્રીતકરતી જી.એસ.ટી સોફટવેરની રેડ ફલેગ સીસ્ટમની સુવિધાનો યોગ્ય ઉપયોગ કરી ગેરરીતિ આચરનાર સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | ડૉ. તુષાર ચૌધરી |
| ૨૫ | ૨૦૪૩–રાજય...ખર્ચ<br>૭૯૭–ગુજરાત...તબદીલી<br>રૂ. ૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૧૬ | ૧૦૦ | બોગસ બિલીંગોના વધતા કેસો અન્વયે થયેલ રિકવરીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઇ ચુડાસમા |
| ૨૬ | " – – | ૧૦૦ | ટેકસસ્ટાઇલ અને મેટલ ઇન્ડસ્ટ્રીના ઇન્વર્ટેડ ડયૂટી સ્ટ્રકચરના કારણે થતાં બોગસ બિલીંગ સંબંધમાં જરૂરી કાર્યવાહી કરી યોગ્ય પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇમરાન ખેડાવાલા |
| **માગણી નં.–૧૭** | | | | |
| *૨૭ | ૨૦૫૪–તિજોરી...વહીવટ<br>૦૯૫–હિસાબ...કચેરી<br>૦૧–GES-1નિયામકની કચેરી<br>રૂ. ૩૫,૧૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૯૮ | ૧૦૦ | તિજોરી નિયામક અને તેની તાબાની કચેરીઓમાં અપૂરતાં મહેકમને કારણે સરકારી કામગીરી ઉપર પડતી નકારાત્મક અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| **માંગણી નં–૧૮** | | | | |
| *૨૮ | ૨૦૭૧–પેન્શન...લાભો<br>૦૧–મુલકી<br>૧૦૧–વયનિવૃત્તિ...ભથ્થાં<br>રૂ. ૭૮,૪૩,૦૮,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૬,<br>પાના.નં. ૧૧૧ | ૧૦૦ | વયનિવૃત્તિ ભથ્થાઓ–પેન્શનના કેસોમાં નાની ક્ષતિના કારણે અટવાયેલ બિલોનું સત્વરે નિવારણ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી જીગ્નેશ મેવાણી |

*** આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.**

### અધ્યક્ષશ્રીની જાહેરાત

**અધ્યક્ષશ્રી :** મારે એક જાહેરાત કરવાની છે. અંદાજપત્રમાં સમાવિષ્ટ અનુદાનો માટેની માગણી ઉપરની ચર્ચા અને મતદાન માટે આજે છેલ્લો દિવસ છે. સભાગૃહની આજની બેઠકનો સમય સવારે ૯.૦૦ થી ૧.૩૦ કલાક સુધીનો ઠરાવવામાં આવ્યો છે. વિધાનસભાના નિયમોના નિયમ–૨૨૮(૨) મુજબ સભાગૃહની બેઠક મુલતવી રાખવાના એક કલાક પહેલાં અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચા પૂર્ણ કરવાની થાય છે. આ જોગવાઇ અનુસાર આજે બપોરના ૧૨.૩૦ કલાકે અનુદાનો માટેની માગણીઓ પરની સઘળી ચર્ચાનો અંત આવશે અને જે માગણીઓ પર ચર્ચા ચાલતી હશે તે અને તે સિવાયની બાકી રહેલ બીજી તમામ માગણીઓ એકસાથે સભાગૃહના મત માટે રજૂ કરવામાં આવશે. હવે માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

## માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણાં અને ઊર્જા મંત્રીશ્રી ઉષ્માવાન છે પણ તેમની માગણીઓ સાથે સંમત થઇ શકાતું નથી. સમય બદલાય તેમ આપણી આવક અને પ્રાથમિકતા બદલાય છે. માનનીય મંત્રીશ્રી જે નાણાં વિભાગની માગણીઓ લઇને આવ્યાં છે, તેમાં કુલ મહેસૂલી આવકના ૧૧.૮૦ ટકા રકમ ફક્ત વ્યાજ ચૂકવવામાં જાય છે. ૨૧.૩૩ ટકા મહેસૂલી આવકના પગાર ખર્ચમાં જાય છે અને ૧૧.૯૦ ટકા પેન્શન ખર્ચમાં જાય છે, એટલે કે વ્યાજ ચૂકવણી, પગાર ખર્ચ અને પેન્શન ખર્ચ પાછળ ૪૫.૦૩ ટકાનું ચૂકવણું થાય છે. આ વર્ષના અંતે રૂ.૪ લાખ ૧૭ હજાર ૯૭૮ કરોડનું કરજ થવાનું છે. તેનો હપ્તો ગણીએ તો હાર્ડલી ૪૭ ટકા રકમ આપણે લોક કલ્યાણ માટે ફાળવી શકીએ. મારા મિત્રો ચર્ચા દરમિયાન અગાઉની સરકારે કશું કર્યું નથી, બધું ડબલ એન્જિન સરકારે કર્યું છે તેવી વાત કરતાં હોય છે ત્યારે હું યાદ અપાવું કે વર્ષ ૧૯૬૦ના ઓગસ્ટ મહિનામાં ડૉ. જીવરાજ મહેતાએ ગુજરાતનું પહેલું બજેટ રૂ.૧૧૫ કરોડનું રજૂ કર્યું હતું. આવકનું મોટું સ્ત્રોત એવા મુંબઇનો મહારાષ્ટ્ર રાજ્યમાં સમાવેશ થયો હતો. આ રૂ.૧૧૫ કરોડના ઓછી આવકના બજેટમાં આ સરકારે શું શું કર્યું તેનો ક્યારેય આપણે હિસાબ માંડ્યો નથી.   માનનીય અધ્યક્ષશ્રી, આજનું બજેટ રૂ.૩,૩૨,૪૬૫/- કરોડનું છે અને ક્યાં રૂ.૧૧૫ કરોડ! છતાં પણ એમ કહેવામાં આવે કે, તમે તો આવા ઘરમાં રહેતા હતા. મારો જન્મ થયો ત્યારે ઉપરનું પાકું છાપરું પણ નહોતું. દીવો પણ બે કલાક ચાલતો. હું ભણીને મોટો થયો ત્યારે નળિયાવાળું મકાન બન્યું. હું રોજ ૯ કિલોમીટર ચાલીને મારી સ્કૂલે જતો. નવમા ધોરણમાં મારા પિતાજીએ દસ વર્ષ જૂની દોઢસો રૂપિયાની સાઇકલ લઇ આપી હતી. એ સમયે બંદાએ જે વટ પાડ્યો હતો એ વટ આજે કારમાં પણ નથી. ફર્સ્ટ ક્લાસ ટકોરી લગાવી હતી અને હેન્ડલમાં ફૂમકાં લગાવ્યા હતા. એ સાઇકલ મેં દસ વર્ષ સુધી ચલાવી હતી. અત્યારે હું ગાડીમાં ફરું છું અને એરકન્ડિશનમાં બેઠો છું. હું મારા પિતાજીને પ્રશ્ન પૂછું કે, 'તમે શું કર્યું? આખી જિંદગી જતી રહી તો પણ મને એક સાઇકલ જ લઇ આપી અને હું આજે કારમાં ફરું છું' એમ કહું તો હું નપાવટ દીકરો કહેવાઉ. જૂની સરકારે આમ કર્યું, તેમ કર્યું એવું બહુ બધું ચાલે છે. શ્રી કાંતિભાઇ, સાંભળો તો ખરા. તમે જે મહેલમાં બેઠા છો ને એ પણ જૂની સરકારે રૂ.૧૧૫ કરોડના બજેટવાળાએ બનાવ્યું છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ બેસો. માનનીય અર્જુનભાઇને બોલવા દઇએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ એવી જ વાત થઇ અને એટલે જ પચાસ વર્ષ પૂરા થયા ત્યારે શ્રી અટલબિહારી વાજપાઇજીએ હાઉસમાં કહ્યું હતું કે, 'હું ગમે તેટલી ટીકા કરીશ પણ પચાસ વર્ષમાં કંઇ થયું નથી એવું હું ક્યારેય નહીં કહું. આવું કહીશું ત્યારે આપણા જે પૂર્વજો છે એની સામે તમે પ્રશ્ન ઉઠાવો છો.' રૂ.૧૧૫ કરોડના બજેટમાં આખું ગાંધીનગર બન્યું, ઉકાઇ ડેમ સહિતના બધા ડેમો બનાવ્યા અને વર્ષ ૧૯૮૫ સુધીમાં આપણે આખા રાજ્યમાં ગામે-ગામ વીજળી પહોંચાડી.

અધ્યક્ષશ્રી : માનનીય શ્રી ઇમરાનભાઇ, તમને શ્રી અર્જુનભાઇથી કાંઇ પ્રોબ્લેમ છે?

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા નવા મિત્રો છે. મેં બોડીલાઇન બોલિંગ ન નાંખવાની મારી સ્પીડને કંટ્રોલ કરી છે. મને નાંખવા માટે મજબૂર ન કરતાં. હું આજે બહુ સારી રીતે બોલું છું. બીજા જે જૂના મિત્રો છે એમને ખબર છે કે મારી બોડીલાઇન બોલિંગ જ આવતી હોય. બોલિંગ સ્ટ્રેટ ફોરવર્ડ અને સમજી શકાય એવી ભાષામાં બોલવાનું છે. હું વાત એ કરતો હતો કે, એ સમયે એક પણ રૂપિયાનું કરજ નહોતું અને આજે રૂ.૪,૧૭,૯૭૮/- કરોડનું કરજ કર્યું છે. એ વખતે ક્યારેક આર. બી. આઇ. માં ચાલુ ખાતામાંથી ઓવરડ્રાફ્ટ લેવો પડતો હતો અને વર્ષને અંતે ભરી દેતા હતા. એક રૂપિયાનું કરજ નહોતું અને આજે કરજ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જવાબ આપશે કે, આપણે બધા પેરામીટર પ્રમાણે જ કરીએ છીએ એમાં હું એગ્રી છું. ગુજરાત સમૃદ્ધ રાજ્ય છે તો કરજ શા માટે કરવું પડે? અને એમાં નવું તો કંઇ કરતાં નથી છતાં પણ કરજ થાય છે. કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો થાય છે. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૪,૯૦,૦૦૯ કર્મચારીઓ હતા. આજે ૪,૬૭,૩૯૦ કર્મચારીઓ છે છતાંપણ બજેટમાં ખર્ચ વધતો જાય છે. મેં કહ્યું એમ આ પેઢીએ ખૂબ પરિવર્તનો જોયા છે. કાચા છાપરાંવાળા મકાનમાં રહેતા હતા, દીવો હતો, દીવામાંથી ફાનસ આવ્યું, ફાનસમાંથી પેટ્રોમેક્સ આવી અને એમાંથી સિંગલ ફેઝનો એક બલ્બ સરકારે આપ્યો. ઘરે-ઘરે  વીજળીનાં ફ્રી ક્નેક્શનો આપ્યાં. વર્ષ ૧૯૯૦ પહેલાં આપણા સો ટકા ગામડાંઓમાં આખો દેશ પાછળ હતો, પણ સૌથી પહેલા સો ટકા ઇલેક્ટ્રિફાઇ કોઇએ કર્યું હોય તો એ ગુજરાતની કોંગ્રેસની સરકારે કરી બતાવેલું હતું. એમાં ફ્રી કનેક્શનો આપ્યાં. મેં બે બળદને લઇ કોસ ચલાવેલો છે. બધાને અખતરા કરવા માટે સબસિડી સાથેનું કોસમાંથી ઓઇલ એન્જિન મફત આપ્યું. બિયારણો આપ્યા. દવાઓ લઇ આવ્યા. ફર્ટિલાઇઝર આવ્યું અને ખેડૂતને એ ઓઇલ એન્જિનની જગ્યાએ વીજળીનાં ક્નેકશનો ફ્રી આપ્યાં. મોટરો લગાવી અને મોટરો લગાવ્યા પછી આજે સબમર્શિબલ ચાલે છે, પછી આપણે બાપાને પ્રશ્ન પૂછીએ કે બાપા, તમે તો કોસ ચલાવતા હતા અને આજે તો સબમર્શિબલ છે, પણ એ એના પુરુષાર્થને આભારી છે. અત્યારે આપણે એમ કહીએ છીએ કે અમારે સરપ્લસ વીજળી છે. હું ફક્ત વીજળીની વાત કરું છું. કોંગ્રેસની સરકારે કરજ લીધા વગર ઉકાઇ ડેમ બનાવ્યો અને ઉકાઇ ટી.પી.એસ. થર્મલ પાવર સ્ટેશન બનાવ્યું. એ પણ સ્વદેશી ભેલની ટૅકનોલોજીથી બનાવ્યું. ઉકાઇ ટી.પી.એસ.ના ચાર યુનિટ વર્ષ ૧૯૮૫માં બની ગયા અને પાંચમું અને છઠ્ઠું યુનિટ વર્ષ ૨૦૧૩ અને વર્ષ ૨૦૧૭માં બન્યા. ઉકાઇ ટી.પી.એસ.ની કુલ કૅપિસિટી ૧૩૫૦ મેગાવોટની હતી. એમાંથી આપણે યુનિટ-૧ અને યુનિટ-૨ એ બે રિટાયર્ડ કરી દીધા, એટલે આપણે ઘટીને ૧૧૧૦ મેગાવોટ થઇ ગયા. આ સરકાર આવ્યા પછી ઘટ્યું. ગાંધીનગરનું આખું

યુનિટ એટલે કે ગાંધીનગરનો પાયો આ જી.ઇ.બી.ના ગેસ્ટહાઉસથી નંખાયો છે. હજી તો ઊર્જા ઉપર બોલવાની શરૂઆત થઇ છે. એ બંને યુનિટ ૮૭૦ મેગાવોટના બનાવ્યા. એમાંથી બે યુનિટ વર્ષ ૨૦૧૬માં ૬૩૦ મેગાવોટના થયા. વણાકબોરીમાં ૧થી ૭ યુનિટ ૧૪૭૦ મેગાવોટના થયા અને વર્ષ ૧૯૮૮ સુધીમાં બધા પૂરા થઇ ગયા હતા. સિક્કાના બે યુનિટો થયાં, એની ૨૪૦ તથા ૫૦૦ મેગાવોટ મળી કુલ ૭૪૦ની ઇન્સ્ટોલેશન કૅપિસિટી હતી. વર્ષ ૧૯૯૮માં ત્યાં પણ બની ગયા હતા. કચ્છમાં ૨૯૦ મેગાવોટની ક્ષમતાવાળા લિગ્નાઇટ ટી.પી.એસ. બન્યાં, એમાંથી વર્ષ ૨૦૨૦માં બે યુનિટ રિટાયર્ડ થઇ ગયા.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ, આપણે સમય મર્યાદામાં પૂરું કરવાનું છે. મેં આપને પૂરો સમય આપી દીધો છે. દસ મિનિટ પૂરી થઇ ગઇ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મને થોડો સમય આપવામાં આવે. માનનીય શૈલેષભાઇ તો આવવાના નથી.

અધ્યક્ષશ્રી : આપે માનનીય શૈલેષભાઇનો સમય પણ લઇ લીધો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, દસ મિનિટ જ થઇ છે.

અધ્યક્ષશ્રી : હું એ જ કહું છું કે આજે દસ મિનિટ જ થાય છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, બે–ત્રણ મિનિટમાં શું ફરક પડશે? વધારે સમય નહીં લઉં.

અધ્યક્ષશ્રી : બે મિનિટનો સમય આપી શકું. મારે માનનીય મંત્રીશ્રીનો બે મિનિટનો સમય ઓછો કરવો પડશે. વધારાની બે મિનિટ આપું છું. જલદીથી પૂરું કરો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર લિગ્નાઇટ ૫૦૦ મેગાવોટનું બન્યું. આખા ગુજરાતનું પહેલું ઓઇલ અને ગેસ આધારિત ટી.પી.એસ. બન્યું હોય તો જી.ઇ.બી. હતુ ત્યારે ધુવારણમાં બન્યું. એ પણ ૫૩૪ મેગાવોટનું હતું. એમાંથી બે યુનિટ રિટાયર્ડ કરી નાખ્યા અને નવા બન્યા નહીં. ઉતરાણમાં સી.સી.પી.પી. ૧ અને ૨ વર્ષ ૧૯૯૨–૯૩માં બન્યાં એમાંથી ૧૩૫ મેગાવોટ રિટાયર્ડ કરી નાખ્યું, એ બંધ થઇ ગયું છે. ઉકાઇ હાઇડ્રોપાવર કૉંગ્રેસે બનાવ્યું અને આજે ૩૦૫ મેગાવોટ ચાલું છે. કડાણા અને પાનમ કેનાલ આધારિત યોજના થઇ એમાં ૨૪૦ મેગાવોટનું યુનિટ બન્યું અને બીજા બે યુનિટ બન્યા.  આ બધા જ કૉંગ્રેસના શાસનમાં બન્યાં છતાં હું કરું, હું કરું એ જ અજ્ઞાનતા. એમાંથી બહાર આવી જવું જોઇએ. આ ૩૦ વર્ષમાં ૫૦૦ મેગાવોટ આ સરકારે, સરકારી યુનિટોમાં વધાર્યા નથી પણ ઘટાડ્યા છે. જે ઇન્સ્ટોલ કેપિસિટી હતી એમાંથી ઘટાડ્યા છે અને જે છે એમાંથી શું ચાલે છે? તો લિગ્નાઇટ બેઇઝ પાવર સ્ટેશનની ૧૨૦૦ મેગાવોટની કેપેસિટી છે. એમાંથી માત્ર ૭૦૭ જ ઉપયોગ થાય છે. આપણે બહારથી વીજળી લઇએ છીએ એના કારણે લગભગ બે વર્ષની અંદર આપણે ૩૨૦૦૦ કરોડ રૂપિયાની વીજળી બહારથી ખરીદી છે. એ પણ મોંઘા ભાવની. માનનીય અધ્યક્ષશ્રી, ખાનગી કંપનીઓ પાસેથી આપણે આટલી બધી મોટા પાયે ખરીદીએ છીએ.

**માનનીય સભાપતિ શ્રીમતી સંગીતાબેન પાટીલ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મારે ગ્રીન હાઇડ્રોજનની વાત કરવી છે. હું અભિનંદન આપું. મને કોઇ વાંધો નથી. કે ગ્રીન હાઇડ્રોજનમાં આપણે પહેલ કરી. આજે રાજસ્થાન પછી આપણો નંબર છે. પણ એના માટે તમારે બીડિંગ કરવું જોઇએ. એને બદલે માનીતી ૫ કંપનીઓને તમે દઇ દીધી. એમાં રિલાયન્સ એન્જિનિયરિંગને ૭૪૫૭૦ હેકટર જમીન આપી. અદાણીને ૮૪૪૮૬ હેકટર જમીન આપી. ટોરન્ટ પાવરને ૧૮૦૦૦ હેકટર જમીન આપી. એ.એમ.એન.એસ. આર્સેલર મિત્તલ કંપનીને ૨૨૦૦૦ અને વેલ્સપન કંપનીને ૮૦૦૦. એટલે ૨,૦૭,૪૩૬ હેકટર જમીન આપી છે. પણ, માનનીય અધ્યક્ષશ્રી, આનું બીડિંગ કર્યું હોત..

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થઇ ગયો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : બે મિનિટમાં હું પૂરું કરીશ.

સભાપતિશ્રીઃ બે મિનિટ પણ થઇ ગઇ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : બે મિનિટમાં હું પૂરું કરીશ. બે મિનિટમાં જ. માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે ગ્રીન હાઇડ્રોજન બનાવવો હશે તો એની ઇકો સિસ્ટમ બનાવવી પડશે. ઇકો સિસ્ટમમાં આપણે કોઇ કામ થયું નથી. એમાં કામ કરો એવી મારી વિનંતી છે.

સભાપતિશ્રી : માનનીય સભ્યશ્રી, આપનો સમય પૂરો થઇ ગયો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એક જ મિનિટ. માનનીય અધ્યક્ષશ્રી, હું એ વાત કરતો હતો કે પી. એમ. કુસુમ યોજના છે, એની અંદર ખેડૂતોને આપણે આપવાનું હતું. તો ખેડૂતો પોતાની વીજળી ઉત્પન્ન કરીને પોતાના પૂરતી વાપરે અને બાકીની ગ્રીડમાં આપે. રાજસ્થાન નંબર વન આવ્યું, પણ પી.એમ. કુસુમ યોજનામાં મેં ગયે વખતે પણ કહ્યું હતું કે આ આપણે કરીએ તો ખેડૂતો પગભર થઇ જાય. આદિવાસી ખેડૂતો પણ પગભર થઇ જાય. વધારામાં આપણને પણ મળે. એ ઉપરાંત જે પી.એમ. સૂર્ય યોજના આવી છે એની અંદર જેટલા પણ બી.પી.એલ. ફેમિલી છે, એ તમામને વિનામૂલ્યે આપી શકાય એ માટે પ્રયત્નો કરે તેવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ )

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ઊર્જાવાન નાણામંત્રીશ્રી આદરણીય કનુભાઇ માગણી નંબર– ૧૨,૧૩ અને ૧૫ ઊર્જા અને પેટ્રોકેમિકલ અને નાણાં વિભાગની લઇને આવ્યા છે તેના પર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિશ્વના શ્રેષ્ઠ અર્થશાસ્ત્રી ચાણક્યએ કહ્યું છે કે કોઇપણ રાજયના સુશાસન માટે નાણાની સુયોગ્યતા પાયાનો સિદ્ધાંત છે. જયારથી આ ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીનું શાસન આવ્યું છે ત્યારથી મને લાગે છે ત્યાં સુધી જે રીતે નાણાનો ઉપયોગ થઇ રહ્યો છે એ બિલકુલ સુયોગ્યતા જ કહેવાય. જે રીતે શ્રી અર્જુનભાઇએ વાત કરી કે જયારે આપણું ગુજરાત છૂટું પડ્યું ત્યારે રૂ. ૧૧૫ કરોડ રૂપિયાનું બજેટ હતું. શ્રી અર્જુનભાઇએ ભૂતકાળની પણ વાત કરી. શ્રી અર્જુનભાઇની તો સ્થિતિ સારી હતી, પણ હું તો એક રૂપિયો સાઇકલનું ભાડું આપતો, તો એક કલાક શીખવા માટે સાઇકલ આપતા. આ સમય અમે પણ જોયો છે. એમણે દીવાની પણ વાત કરી. આજે મને કહેતા આનંદ થાય છે કે ભારતીય જનતા પાર્ટીના શાસનમાં ૨૨, ૨૩ વર્ષના દીકરાને જો કહીએ કે જા દીકરા, બજારમાંથી ફાનસ લઇ આવ. તો એ પ્રશ્ન કરશે કે પપ્પા, ફાનસ એટલે શું? આ જમાનો પણ ભારતીય જનતા પાર્ટીના શાસનમાં આપણે જોયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે ભારત સરકાર અને ગુજરાત સરકારને ધન્યવાદ આપવા છે. જી.એસ.ટી. આવ્યા પછી હું જોતો હતો તે પ્રમાણે વર્ષ ૨૦૧૭માં ૫,૦૮,૮૬૩ નોંધાયેલ કરદાતા હતા. એમાં એકદમ વધારો થઇને, ધરખમ વધારો, ૧૩૦ ટકા જંગી વધારા સાથે ૧૧ લાખ ૭૦ હજાર થયેલ છે. વર્ષ ૨૦૧૭–૧૮ માં આપણી પાસે રાજયની જે આવક હતી એ રૂ. ૪૯૦૦૦ કરોડ હતી. એમાં પણ ધરખમ વધારો એટલે કે રૂ. ૧,૦૪,૦૦૦ કરોડ થવા પામેલ છે. આ આપણા ગુજરાતની જે સદ્ધરતા છે અને ગુજરાત જે રીતે આગળ વધી રહ્યું છે અને ગુજરાત જે રીતે વિકાસ કરી રહ્યું છે તેનો આ પુરાવો છે. જયારે આટલા કરદાતાઓની નોંધણી થઇ ત્યારે જી.એસ.ટી. રિટર્ન ફાઇલિંગ સરેરાશ થાય છે ત્યારે એમાં પણ આપણું ગુજરાત આખા દેશમાં પ્રથમ સ્થાને છે. ૯૮ ટકાનું સમયસર રિટર્ન ફાઇલિંગ થાય છે. આપણે ખાલી જી.એસ.ટી.ની આવક આવે એમાં જ આપણે સંતોષ મેળવતા નથી પણ એની સામે આપણે રાહતો પણ એટલી જ આપીએ છીએ. જયારે આ કરદાતાઓને આપણે ૧૮ ટકાથી ઓછી કરીને ૧૨ ટકા આપણે જી.એસ.ટી. કર્યો છે જેથી અનેક વેપારીઓને એનો ફાયદો થયો છે. એનાથી હું આગળ વધું તો આપણે પેટ્રોલની વાત કરીએ, સી.એન.જી., પી.એન.જી.ની વાત કરીએ તો આમાં પણ આપણે ઘણી બધી રાહત આમજનતાને અને ખાસ કરીને જે ગૃહિણીઓ છે એને પણ આપણે ફાયદો કરાવ્યો છે એટલે એમ જોવા જઇએ તો સી.એન.જી અને પી.એન.જી.માં આપણે ૧૫ ટકાથી ઓછા કરીને ફકત ૫ ટકા એટલે એનો અર્થ એ થાય કે કેટલો મોટો આ જનતાને ફાયદો કરાવ્યો છે. પેટ્રોલની વાત કરીએ તો એની અંદર પણ ૨૪૦૦ કરોડ રૂપિયા આપણે પ્રજાને રાહત આપી છે એટલે ૨૬ ટકા હતો એમાંથી ઓછો કરીને ૧૩.૭ ટકા કરીને પ્રજાને સંતોષ આપ્યો છે. આપણે રાહતો પણ ઘણી આપી છે એની વાત કરવા જઉં તો સમય ઘણો જાય. માનનીય અધ્યક્ષશ્રી, મારે ઊર્જા ઉપર વાત કરવી છે. માનનીય અર્જુનભાઇ જે વાત કરતા હતા એ પ્રમાણે હું ખાલી મારા આદિવાસી વિસ્તારની વાત કરું અને ગુજરાતની સ્થાપના થઇ તે સમયે આપણી પાસે ૪૨ સબસ્ટેશન હતાં. ખાલી ૪૨ અને સન ૧૯૬૦ થી ૨૦૦૨ સુધીમાં એટલે કે ૪૨ વર્ષમાં ૭૦૪ સબસ્ટેશન થયાં. આજે મને કહેતાં આનંદ થાય કે સન ૨૦૦૨થી ૨૦૨૩ સુધીમાં એટલે કે ૨૧ વર્ષમાં ૧૬૧૨ નવાં સબસ્ટેશન આપણે ઊભાં કરી શકયા છીએ અને જો આંકડો જોઇએ તો એ લોકોના શાસનમાં હું એવું માનું છું કે બહુ ઓછા પ્રમાણમાં સબસ્ટેશનો ઊભાં થતાં હતાં. આપણે આજે વર્ષે ૧૦૦ની આસપાસ એટલે કે ૯૬ જેટલાં સબસ્ટેશનો દર વર્ષે આપણે નવાં ઊભાં કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, એનાથી આગળ વધીને કહું કે હું આદિવાસી વિસ્તારમાંથી આવું છું. જયારે આપણું રાજય છૂટું પડયું હતું ત્યારે આ ગૃહના મારા આદિવાસી સભ્યો પણ ધ્યાને લે કે ખાલી એક સબસ્ટેશન હતું એટલે અમે કેટલાં વર્ષો સુધી અંધારામાં જિંદગી જીવ્યા છીએ એની તો કલ્પના જ ના કરી શકાય. ત્યાર પછી વર્ષ ૧૯૬૦થી ૨૦૦૨ સુધીમાં એટલે કે ૪૨ વર્ષમાં ઉમરગામથી અંબાજી સુધીના પટ્ટામાં ૧૪ જિલ્લા છે જેની એક કરોડ વસ્તી થવા જાય છે, એમાં ૭૬ સબસ્ટેશનો ઊભાં થયાં. આજે મને કહેતા આનંદ થાય છે કે જે અમારી સરકારે ખૂબ ઝડપથી મહેનત કરીને આજે ૨૧ વર્ષમાં ૨૯૨ સબસ્ટેશન ઊભાં થયાં. માનનીય કનુભાઇએ પ્રશ્નના જવાબમાં બહુ સરસ રીતે જવાબ આપ્યો છે કારણ કે હંમેશા વિપક્ષના લોકો અદાણી હોય કે અન્ય ખાનગી કંપની છે એની વાત વારંવાર અહીં વાગોળતા હોય છે પણ આપણું ગુજરાત વીજ ઉત્પાદનમાં સ્વનિર્ભર બન્યું છે એની વાત હું વારંવાર અહીંયા કરતો હોઉં છું, આપણું ગુજરાત હવે વીજ ઉત્પાદનમાં સ્વનિર્ભર બન્યું છે. સન ૧૯૬૦થી ૨૦૦૨માં આપણી પાસે જે ક્ષમતા હતી એ ૮,૭૫૬ હતી ત્યાર પછી સન ૨૦૦૨થી ૨૦૨૩ સુધીમાં એટલે કે ૨૧ વર્ષમાં ૩૯,૯૩૬ મેગાવોટ અને આજે જયારે અપણી પાસે ૨૧ વર્ષમાં છ ગણાથી વધીને ૪૮,૬૯૨ મેગાવોટ વીજળીની ક્ષમતા ધરાવનારું આપણું રાજય છે એટલે પવન ઊર્જા અગ્રેસર ગુજરાત એટલે કે મને લાગે છે એમાં પહેલાં આપણે એકદમ શૂન્ય હતા આજે આપણે ૧૦૫૪૯ મેગાવોટ વીજળીની ક્ષમતા છે અને મને લાગે છે ત્યાં સુધી આખા દેશમાં આપણો બીજો નંબર છે. જૂના જમાનાની ઘણી બધી વાતો થઇ, મને બરાબર ખ્યાલ છે આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ જયારે કેવડીયા ખાતે આપણા ઉચ્ચ અધિકારીઓ સાથે જયારે શિબિર રાખી હતી ત્યારે એમણે ખૂબ સરસ ઉદાહરણ આપ્યું હતું.કે મારું રાજ્ય કેવું હોવું હોવું જોઇએ? આઇ.એ.એસ. અને આઇ.પી.એસ. તમામ અધિકારીઓને કહે છે કે મારા કરતાં તમારામાં શક્તિ વધારે છે. તેઓ કહે છે કે છોટાઉદેપુરમાં હું વિસ્તારક તરીકે કામ કરતો હતો ત્યારે એક આદિવાસી કપલ પીક–અપ સ્ટેન્ડ ઉપર ઊભું હતું. એ અભણ

હોવાથી બોર્ડ વાંચી શકતું ન હતું. તે સમયે બસ પસાર થઇ ત્યારે આમ તો મોદી સાહેબનો વાતોડિયો સ્વભાવ છે એટલે એમ કહ્યું કે ભાઇ, તમારી બસ આવી ગઇ છે. પણ એ બસમાં બેઠા નહીં. ફરી બીજી બસ આવી તો એમાં પણ ન બેઠા. આથી મોદી સાહેબને એમ થયું કે મારા ઉપર વિશ્વાસ નથી કે શું? પછી આદિવાસી કપલ એવું કહે છે કે અમને પણ ખબર છે પણ એ કાળા અક્ષરવાળી બસ હતી, અમારે લાલ અક્ષરવાળી બસ જોઇએ છે. કારણ કે અમારે ઝડપથી પહોંચવું છે. આજે તો એ બસોને ભૂલી જાઓ, આજે વોલ્વો બસ આવી ગઇ. આદિવાસી પટ્ટીની અંદર આ પ્રકારની ગતિથી વિકાસ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જંગલ વિસ્તાર છે, વૃક્ષો વધારે છે, ફિડરો લાંબા હોય. હું વર્ષ ૨૦૦૯માં ચૂંટણી જીતીને ધારાસભ્ય તરીકે અહીંયા આવ્યો ત્યારે મારા મત વિસ્તારમાં ૩ સબ સ્ટેશનો હતાં. આજે અમારા ૩ તાલુકા આવે છે અને એમાં ઓછામાં ઓછાં ૧૭થી ૧૮ સબ સ્ટેશનો હશે. કેટલા ફિડરો ટૂંકા થયા? તમારે સાતત્યપૂર્ણ રીતે વીજળી આપવી હોય અને ગુણવત્તાસભર વીજળી આપવી હોય તો ફિડરો ટૂંકા કરવા પડે. લાઇનો વ્યવસ્થિત કરવી પડે. ફિડરો જેવા ટૂંકા થાય, અમે તો આદિવાસી વિસ્તારમાંથી આવીએ, ત્યાં એટલાં બધાં વૃક્ષો હોય કે તમારો લાઇનમેન શું કરી શકે? ચોમાસામાં એક વખત વીજળી જાય તો કદાચ અઠવાડિયા સુધી વીજળી ન આવે. ટ્રાન્સફોર્મર ઊભું કરવું હોય તો લખી લખીને થાકીએ તો પણ ઊભું નહીં થાય એવી સ્થિતિ હતી. આજે ઊર્જા વિભાગની સ્થિતિ જોઇએ તો ખેડૂતોને સમયસર કનેકશનો મળે છે. ગુણવત્તાસભર વીજળી મળે છે. હું મશીનરીનો વેપારી હતો, ઓઇલ એન્જિનનો ડીલર હતો. (અંતરાય) આપણા નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન આપું છું. ધન્યવાદ.

શ્રીમતી મનીષા રા. વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે જી.એસ.ટી. અને વેટ વિશેની કામગીરી જે થઇ છે એના વિશે વાત મૂકવાની છે. સમગ્ર ભારતમાં ગુડઝ અને સર્વિસ ટેક્સનો કાયદો સને ૨૦૧૭માં અમલમાં આવ્યો છે, ત્યારથી તમામ કામગીરી ફેઇસલેસ અને ઓનલાઇન કરવામાં આવે છે. એટલે કે નવી નોંધણી, નોંધણીમાં સુધારા–વધારા, રિફંડ માટેની અરજી, વેરાની ચૂકવણી, માસિક કે વાર્ષિક પત્રકો ભરવા જેવી તમામ કામગીરી ઓનલાઇન કરવામાં આવે છે. જી.એસ.ટી. કલેકશનની માસિક એવરેજ રૂપિયા ૧.૬૦ લાખ કરોડ એટલે કે તા.૧–૪–૨૦૧૭થી ડબલ થઇ ગઇ છે. જે જાન્યુઆરી માસમાં રૂપિયા ૧.૭૨ લાખ કરોડ સુધી પહોંચેલ છે. જી.એસ.ટી. કલેકશન એ દેશની આર્થિક પ્રવૃત્તિ, જી.ડી.પી.નો ગ્રોથ અને ઓવરઓલ આર્થિક વિકાસ માટેનું એક સીમાચિન્હરૂપ ગણી શકાય છે. જી.એસ.ટી.ની વાત નીકળી છે તો હાલમાં જ એક વિપક્ષના રાષ્ટ્રીય નેતા અને એમના માતાના લાડલા પુત્ર એવું કહેતા હતા કે જી.એસ.ટી.માં ઉદ્યોગપતિઓ હોય કે કંપનીવાળા હોય એ જી.એસ.ટી. ભરતા નથી. એમના આ જે દીકરા છે, મારે તો એવું કહેવું પડે મમ્માઝ બોય. મમ્માઝ બોયને એવું કોઇ સમજાવે કે આ જેટલી મોટી કંપનીઓ છે, ઇન્ડસ્ટ્રીઝ છે એ બધા જ્યારે કોઇપણ રો–મટિરિયલ ખરીદે છે ત્યારે એ જી.એસ.ટી. ભરે છે એ આ મમ્માઝ બોયને કોઇ સમજાવો.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વાત એવી કરતા હતા કે મોટા ઉદ્યોગપતિઓ હોય જેવા કે અંબાણી, અદાણી છે એ લોકો ટી–શર્ટ ખરીદે છે અને સામાન્ય વ્યક્તિ ટી–શર્ટ ખરીદે છે એ બન્નેને સરખો જી.એસ.ટી. ભરવો પડે છે એ કેવી રીતે બની શકે? કે જે ગાર્મેન્ટનો જે ટેક્સ છે જી.એસ.ટી. એ ૫ ટકાના સ્લેબમાં આવે છે. બહુ વર્ષો પહેલાં જયારે જી.એસ.ટી. લાગુ નહોતો થયો ત્યારે આ ગાર્મેન્ટનો ટેક્સ ૧૮ ટકા ભરવામાં આવતો હતો એટલે આ ડિફરન્સ છે. આ ડિફરન્સ એમને સમજાવો. હજુ એમને જી.એસ.ટી. વિશે સમજવાની જરૂર છે. આ રોંગ મેસેજ જે દેશભરમાં જાય છે એમાં જે રૂલિંગ પાર્ટી છે જે ભારતીય જનતા પાર્ટી છે એની કામગીરી ઉભરીને ઉપર આવે છે. એમાં અમારો તો ફાયદો જ છે. જો એ બોલે છે તો અમને તો ફાયદો જ થાય છે. આવી યાત્રા કરતા રહે એમાં કોઇ વિશેષ નથી (અંતરાય)...

સભાપતિશ્રી : શ્રી ઇમરાનભાઇ, બેઠા બેઠા કોમેન્ટ ન કરો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારે કહેવું છે એમના માટે ડૂબા દેતે હૈ કોઇ નામ તક ભી ખાનદાનોંકા, કિસી કે નામ સે મશહૂર હોકર ગાંવ ચલતે હૈ. એક પંક્તિ આ દેશના યશસ્વી વડાપ્રધાન માટે મારે કહેવી છે.

''હમને તો સમંદર કે રૂખ બદલે હૈ, મોદીજીને સોચને કે સલીખે બદલે હૈ,
આપ કહેતે થે કુછ નહીં હોગા, હમને આપકે ભી સોચને કે તરીકે બદલે હૈ.''

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકો ઉપર કોઇપણ પ્રકારના નવા કરવેરા વગરનું ગુજરાતનું સૌથી મોટા કદનું ઐતિહાસિક બજેટ છે. આ એટલે શકય બન્યું છે કેમકે બધાના જે તિજોરીના ખાતા હતા એ બંધ થયા છે, વચેટિયા નાબૂદ થયા છે અને પ્રજાને એનો સીધો લાભ સરકાર આપે છે. ત્યારે ૨૮ વર્ષથી આ ભારતીય જનતા પાર્ટી ગુજરાતની અંદર રાજ કરે છે ત્યારે પૈસા કયાંથી આવે છે અને કયાં વપરાય છે એનો હિસાબ સરકાર આપે છે. ગુજરાત રાજય પોતાની રેવન્યુ જનરેટ કરે છે અને બી.જે.પી. સરકાર આ નાણાની વાત થતી હોય ત્યારે આટલાં વર્ષની અંદર એક પણ દિવસ પગાર કરવા માટે કે કોઇપણ કામ માટે ઓવરડ્રાફ્ટ લીધો નથી. જે રાજયની તિજોરી તરબતર હોય, ભરચક હોય અને રાજયના નાણામંત્રી અને મુખ્યમંત્રી પણ રાજયનું લેવલ ઉપર આવતું હોય છે જયારે આટલાં સારા કામો થતાં હોય છે અને તિજોરી ભરચક હોય છે ત્યારે. શ્રી અર્જુનભાઇ

નથી, શ્રી અર્જુનભાઇ બહાર નીકળ્યા છે પણ એ પહેલાની વાત કરતા હતા કે આટલાનું જ બજેટ હતું તો પણ સરકાર ચાલતી હતી. બધી યોજનાઓ આવતી હતી. બધાં કામ થતાં હતાં.

માનનીય અધ્યક્ષશ્રી, મારે યાદ કરાવવું છે કે વર્ષ ૧૯૯૫ પહેલા જે બજેટ હતું એ રૂ.૮૦૦૦ કરોડનું હતું, એમાં પગાર કરવાના પણ સાંસા પડતા હતા એટલે પગાર કેવી રીતે કરવો એ ખબર નહોતી પડતી. પગાર કરવાના પૈસા ન હોય એ વખતે કોંગ્રેસના રાજયના વડા દિલ્હી જઇને દિવસો સુધી એમના પ્રધાનમંત્રીને મળવા માટે પ્રયાસો કરતા અને દિવસો સુધી ત્યાં બેસ્યા પછી પણ એમને કોઇ પૂછતું નહોતું. આ લેવલ હતું ગુજરાતના રાજયના નેતાઓનું! અને એ વખતે અંબાજી ટ્રસ્ટને પગે લાગીને ટ્રસ્ટમાંથી પૈસા લઇને પગાર કરવો પડ્યો હતો એવી પરિસ્થિતિ રાજયની હતી. આજે આ રાજયની તિજોરી તરબતર છે. કયાં ૩ લાખ કરોડનું બજેટ અને કયાં રૂ.૮૦૦૦ કરોડનું બજેટ? (અંતરાય)

સભાપતિશ્રી : શ્રી ઇમરાનભાઇ, બેઠા બેઠા કોમેન્ટ ન કરો.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, દેવું પણ એને આપે છે જે ભરવાને લાયક હોય. એમને એમ મળતું નથી. વર્ષો સુધી એવું જોયેલું છે દિલ્હીમાં બેસી રહેતા તોપણ પૈસોય મળતો નહોતો. મારે એક પંક્તિ એના માટે પણ કહેવી છે. ઇસ મોડ પર ગભરાકર થમ ન જાઇએ આપ, જો બાત નઇ હૈ ઉસે અપનાઇએ આપ. ડરતે હૈ નઇ રાહ પર કયું ચલનેસે? હમ આગે આગે ચલતે હૈ આ જાઇએ આપ.

માનનીય અધ્યક્ષશ્રી, તિજોરીનો વિભાગ એ મહત્ત્વનો વિભાગ છે એ તમામ પ્રકારનો મહત્ત્વનો હિસાબ રાખવાનું કામ તિજોરી વિભાગ કરે છે. ૩૩ જિલ્લામાં તિજોરી કાર્યરત છે. ૧૩૭ પેટા તિજોરીઓ છે. ૨ પગાર અને હિસાબી કચેરીઓ છે. ૫ પેન્શન અને ચૂકવણીની કચેરીઓ છે. આમ જોવા જઇએ તો ૧૭૯ કચેરીઓ આ વિભાગમાં કામ કરી રહી છે. તે વખતે કોઇપણ માણસને પૈસા લેવા હોય, કોઇપણ યોજનાનો લાભ લેવો હોય તો તેણે બેન્કમાં લાઇનમાં ઊભા રહેવું પડતું હતું. નાણાં વિભાગ દ્વારા ઇન્ફોર્મેશન ટેકનોલોજીનો ઉપયોગ કરીને ઇ.ગવર્નન્સ દ્વારા કોમ્પ્યૂટરાઇઝ અને ઓનલાઇન કરીને સરળતાથી તેના હક્કના પૈસા ડી.બી.ટી. થ્રુ લઇ શકે છે. એટલે આટલી ટ્રાન્સપરન્સી સરકારમાં આવી છે. ખાસ કરીને મારે એ વાત તરફ એટલા માટે ધ્યાન દોરવું છે કે, અગાઉનાં વર્ષોમાં નાણાકીય જોગવાઇ જાય, વિભાગોમાં નાણાં ફાળવી દેવામાં આવે, વિભાગમાંથી નાણાંનો ખર્ચ થઇ જાય, કઇ યોજનામાં ખર્ચ થયો અને કેટલો ખર્ચ થયો તેનો કોઇ હિસાબ રહેતો નહીં. નાગરિકોને તેની વ્યવસ્થિત જાણકારી પણ મળી શકતી ન હતી. હવે કોમ્પ્યુટરાઇઝ અને ઓનલાઇન મેનેજમેન્ટના લીધે સરકારના જે નિર્ણયો છે તે અને સરકારના આવક અને ખર્ચની તાત્કાલિક માહિતી મળી રહે છે. તેના લીધે જ જે નાણાકીય રકમ કે યોજનાકીય ખર્ચ બાકી હોય તે સમયસર આપણે કરી શકીએ છીએ. ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝ સિસ્ટમના લીધે માનનીય નાણામંત્રીશ્રીએ રજૂ કરેલ બજેટ સામાન્ય જનતા પણ આસાનીથી મેળવી શકે છે. તેવી સિસ્ટમના લીધે સરકારમાં પણ ટ્રાન્સપરન્સી આવી છે તેના લીધે ગુજરાતનો વિકાસ ખૂબ આગળ વધી રહ્યો છે. જ્યારે ઓનલાઇ અને વહીવટમાં ટ્રાન્સપરન્સી છે ત્યારે સરકાર કેવી રીતે કામ કરી રહી છે તેની માહિતી લોકો સુધી પહોંચી છે ત્યારે મને આમાં વખાણ કરવાનું મન થાય. ત્યારે મારે કહેવું પડે છે કે,

"कश्ति चलानेवालों ने जब हार कर दी पतवार हमें,
लहर-लहर तुफान मिले और मौज-मौज मझधार हमें।
फिर भी दिखाए हमने और फिर दिखा देंगे सबको,
इन हालातों में आता है दरिया पार करना हमें।।"

માનનીય અધ્યક્ષશ્રી, મારે પેન્શન માટે વાત કરવી છે. પેન્શનરોને જે પેન્શનનું ચૂકવણું તિજોરી દ્વારા ઇ.પેમેન્ટથી કરવામાં આવે છે. પેન્શનરોને આ બાબતને મુશ્કેલીઓ ના પડે તે માટે ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા ઓનલાઇન જોઇ શકીએ તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. નિવૃત્ત કર્મચારી ઘરે બેઠા હયાતી, ખરાઇ કરી શકે તે માટેની ઉત્તમ સુવિધા આપવામાં આવી રહી છે. ચાલુ નાણાકીય વર્ષ એટલે કે, જાન્યુઆરી ૨૦૨૪ સુધી રાજ્ય સરકાર દ્વારા ૫.૧૨ લાખ પેન્શનરોને રૂ.૨૦૫૮૧ કરોડના નિવૃત્તિ પેન્શનના લાભો ચૂકવવામાં આવ્યા છે. માનનીય નાણામંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપું છું.

શ્રી અનિરુદ્ધ ભા.દવે(માંડવી) : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયના યશસ્વી નાણામંત્રી જે માગણીઓ લઇને આવ્યા છે તે પૈકી માગણી નંબર-૧૫, ૧૬, ૧૭ અને ૧૮ પર હું મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અષ્ટ સિદ્ધિ નૌ નિધિ કે દાતા, અસબર દિન જાનકી માતા. જે વિચારોને લઇને ચાલતી આ સરકાર છે અને હનુમાનજીને જે પ્રકારે માતા જાનકીજીએ આશીર્વાદ આપ્યા કે આઠ સિદ્ધિ અને નવ નિધિ. તે પ્રકારે અમારા કુબેર ભંડારી શ્રી કનુભાઇ જે ભાવથી કામ કરી રહ્યાં છે અને તેમાં પણ અનેક સિદ્ધિઓ સાથે આ વખતનું બજેટ આ સભાગૃહ સમક્ષ લાવ્યા છે. અહીંથી એવી વાત થઇ કે, બાપા કંઇક કરી ગયા હોય, હું આપની વાત કરી રહ્યો છું. બાપાએ કંઇક કર્યું હોય તો છોકરાંઓએ આવું કહ્યું. પરંતુ એમના બાપા જ એવું કહેતા હતા કે, હું સો રૂપિયા મોકલું છું અને ત્યાં પંદર રૂપિયા પહોંચે છે. એટલે એમના બાપાની આ ચિંતા તમે કરતા ન હતા તે અમે કરી રહ્યા છીએ. એમણે ઓ.ડી. લેવાની વાત કરી. એક વખતનો એવો સમય હતો કે સરકારમાં ઓ.ડી.લેવાની ભરમાર રહેતી હતી. નાણામંત્રી ઓ.ડી. લઇ લઇને ગુજરાતને થકવી દેતા હતા.

એક વાત હું આપની સમક્ષ કરવા માગું છું કે, તા.૧૮મી માર્ચ ૧૯૯૧માં તત્કાલીન માનનીય સદસ્યશ્રી દિલીપભાઇ સંઘાણીએ તે વખતના નાણામંત્રીશ્રીને પ્રશ્ન પૂછ્યો હતો કે કેટલી વખત ઓ.ડી. લેવામાં આવ્યો? તે વખતે તત્કાલીન મંત્રીશ્રી છબીલભાઇ મહેતાએ જવાબ આપ્યો કે, ચાર વખત ઓ.ડી. લીધો. ત્યારે તત્કાલીન ગૃહના સદસ્યશ્રી શક્તિસિંહભાઇએ એવું કહ્યું કે, લેખિતમાં છ વખત લખ્યું છે અને આપ ચાર બોલો છો. આવી તો નાણાંની અવ્યવસ્થા હતી. એટલે આવું તો નાણાનું અવ્યવસ્થાપન હતું, સંપૂર્ણપણે ગંભીરતા નાણાંની હતી જ નહીં, તંત્ર તે વખતનું એવું ખાડે ગયેલું હતું કે, એ બાપની ભૂલ સુધારવાનું કહીએ એનું એમને દુઃખ લાગતું હોય તો માફ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, એ વખતે વર્ષ ૧૯૯૪માં ૧૪ વખત ઓ.ડી. લેવામાં આવી. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી બન્યા ત્યારે રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મની પોલિસી અપનાવી અને આજે ડબલ એન્જિનની આ સરકાર રિફોર્મ, પરફોર્મ અને ટ્રાન્સફોર્મની પોલિસી સાથે નાણાં વિભાગ કામ કરે છે અને એ નાણાં વિભાગ જ્યારે કામ કરતું હોય ત્યારે અનેક આવી જે ઢીલાશો હતી, આવી અનેક જે ભૂલો હતી એ ભૂલો સુધારી છે. અહીંથી એવું કહેવાયું કે પગાર ચૂકવવા કે પેશગી ચૂકવવા માટે તિજોરી જ્યારે રાહ જોતી હોય કે હવે કર્મચારીભાઇઓને એમનું પેન્શન આપવાનું બાકી છે, કર્મચારીને પેશગી આપવાની બાકી છે, ત્યારે ભગવતી જગદંબા માં અંબા કૃપા કરતી ત્યારે આ ગુજરાતના કર્મચારીઓનું ભલું થતું હતું. એવી સ્થિતિ ત્યારે હતી એ જગ્યાએ રિફોર્મ લાવીને સાથે સાથે ફક્ત રિફોર્મ લાવ્યા એટલું જ નહીં, પરંતુ ભારતીય જનતા પાર્ટીની સરકારે પોતાના કામ વડે પરફોર્મ બતાવ્યું છે. પરફોર્મ બતાવીને અનેક યોજનાઓ આપી છે અને આ વખતે માનનીય કનુભાઇ જે યોજનાઓ લાવ્યા છે એમાં "અષ્ટ સિદ્ધિ નવ નીધિ" જે મેં કહી એમાં શ્રી મહાલક્ષ્મી યોજના, શ્રી નમો સરસ્વતી યોજના, શ્રી યોજના આવી જે અનેક સિદ્ધિઓવાળી યોજનાઓ છે કે જે છેવાડાના માનવીને ઉપયોગી થઇ શકે એના માટેના કાર્યો લઇને ચાલતી સરકારની વાત કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ૫.૫૦ લાખ પેન્શનરોને નિયમિત પેન્શન મળતું ન હતું. આખી જિંદગી સરકારની સેવા કર્યા પછી વૃદ્ધત્વના સમયે જ્યારે પેન્શનની રાહ જોતા હોય ત્યારે ટપાલીની રાહ જોવાતી હતી પણ ટપાલી ન આવે કારણ કે, એને પૈસા ના મળ્યા હોય, તિજોરીએ સેંકશન કર્યું ન હોય એ સમયે ખૂબ મુશ્કેલી મુશ્કેલી પડતી હતી. જે કર્મચારી રીટાયર થાય એને એક-એક, બે-બે વર્ષ સુધી એનું પી.એફ. અને ગ્રેચ્યુઇટી વગેરે જે કાંઇ ચૂકવણા કરવાના થતા હોય એ તમામ બાબતોમાં મુશ્કેલીઓ પડતી હતી એની જગ્યાએ ડબલ એન્જિનની સરકારે અને માનનીય મોદી સાહેબના નેતૃત્વમાં અને માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં રીટાયર થતાં કર્મચારીને ક્યાંક ક્યાંક તો રીટાયર થાય એના ૬ મહિના પહેલા એની ફાઇલ શરૂ થઇ જાય અને જેવું રીટાયરમેન્ટ આવે કે તાત્કાલિક એની ગ્રેચ્યુઇટી મળી જાય અને એનું પેન્શન શરૂ થઇ જાય એવા સુધારાઓ લાવીને આ સરકાર કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, તિજોરીની એક વાત કરીને મારી વાત પૂરી કઇશ. તિજોરીને પણ ઓનલાઇન જોડી એને કારણે ખૂબ જ ઉપયોગી થયું છે. બીજી દેવાની વાત કરી છે તો કહેવું છે કે, સમગ્ર ભારતમાં સૌથી ઓછું દેવું લેનાર રાજય કોઇ હોય તો એ ગુજરાત બીજા નંબરે છે, એટલે કે નીચેથી બીજા ક્રમે છે એટલે આ રાજય પોતાની સિદ્ધિ સાબિત કરે છે. છેલ્લે ફિક્સલ ડિપોઝિટ અને મેનેજમેન્ટ એક્ટ મુજબ જે ૨૫ ટકાથી ૨૭ ટકા દેવુ વધારી શકાય પરંતુ ગુજરાતે ૧૫.૭૧ ટકા દેવું રાખીને પોતાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે ત્યારે માનનીય નાણામંત્રીશ્રી કનુભાઇ દેસાઇ જે અનુદાનો માટેની માગણી લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન કરું છું.

શ્રી ત્રિકમ બિ. છાંગા(અંજાર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નાણામંત્રીશ્રી વર્ષ ૨૦૨૪-૨૫ના અનુદાનો માટેની માગણી નં.૧૩ લઇને આવ્યા છે જેમાં હું મારું સમર્થન આપું છું અને સમર્થનના સંદર્ભમાં સન્માનનીય ગૃહ સમક્ષ મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે તત્કાલીન મુખ્ય મંત્રી અને વર્તમાન પ્રધાન મંત્રીશ્રીએ જ્યારે ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના અમલમાં મૂકી ત્યારે ઘણા બધા લોકો મજાક કરતા હતા કે, વીજળી છે નહીં તો ક્યાંથી આપશે? જ્યોતિગ્રામ તો માત્ર વાતો છે. અમારા વખતમાં અમે બલ્બ પણ નથી આપી શક્યા વીજળીની તો વાત પછી છે. આવા પ્રકારની મજાક લોકો કરતા હતા પરંતુ તે વાત રાજયની ભારતીય જનતા પાર્ટીની સરકારે પ્રતિપાદિત કરી છે કે આજે દેશનું જયોતિ ગ્રામ યોજનાનું અમલ કરનારું દેશનું સૌ પ્રથમ રાજય ગુજરાત બન્યું છે અને આ ઊર્જાને કારણે નાનાં નાનાં ગામડાંઓ, ગામડાંમાં રહેતાં નાના નાના ધંધાવાળા, રોજગારવાળા, વિદ્યાર્થીઓ માટે, ખેડૂતો માટે ૭/૧૨ના ઉતારાઓ સ્થાનિકે મેળવવા સમગ્ર ગામડાનું અર્થકારણ, અર્થજીવન, સામાજિક જીવન અને તેના આધાર ઉપર સાર્વત્રિક જીવન સુખ અને સમૃદ્ધિમય બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ-૨૦૧૪ સુધી ગુજરાતની ઊર્જા બનેલા પ્રધાનમંત્રીશ્રી વર્ષ-૨૦૧૪માં દેશની ઊર્જા બન્યા. દેશની ઊર્જા બન્યા પછી દસ વર્ષમાં દેશના સીમાડાઓ છોડીને આજે વિશ્વની ઊર્જા બની રહ્યા છે અને સમગ્ર વિશ્વને ઊર્જાનો પ્રકાશ સમગ્ર વિશ્વમાં ભારતમાં પાથરી રહ્યા છે. માનનીય મોદી સાહેબ રાજનીતિમાં પૅરેડાઇઝ સિફ્ટ કર્યું છે. વિકાસની રાજનીતિ રૂપી માનનીય મોદી સાહેબે ક્રાંતિ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં ખેતીવાડી જોડાણની વાત કરીએ તો વર્ષ ૧૯૬૦ થી ૨૦૦૨ સુધી રાજયમાં ૭ લાખ ૩૩ હજાર જ કૃષિ જોડાણો ૪૨ વર્ષમાં જે તે વખતની સરકારોએ આપ્યા હતા. વર્ષ ૨૦૦૨થી ૨૦૨૩ સુધી ૨૧ વર્ષમાં ૧૪ લાખ

૭૧ હજાર ૮૯૭ વીજ જોડાણો એટલે કે વાર્ષિક સરેરાશ ૭૦ હજાર ૯૦ જેટલા વીજ જોડાણો આપી શકાયા છે. ૪૨ વર્ષની સરેરાશ કરતા ૨૧ વર્ષની સરેરાશ ચાર ગણી છે. છેલ્લાં ૧૨ વર્ષમાં રાજયમાં ૧૧ લાખ ૪૮ હજાર ૭૮૫ વીજ જોડાણ આપ્યા, એટલે કે વાર્ષિક લગભગ ૧ લાખના દરે વીજ જોડાણો આપવાની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ પુરવઠાની વાત કરીએ તો વર્ષ ૨૦૦૧-૨૦૦૨માં ૯૫૮ કરોડ યુનિટ વીજળી પેદા થતી હતી. વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૧૦૦ કરોડ વીજળી યુનિટ થઇ છે. આમ, ૧૧૪૨ કરોડ યુનિટનો એટલે કે બમણાંથી પણ વધુનો ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યો છે. એટલુ જ નહીં પરંતુ અમારા કચ્છ જેવા સુકા વિસ્તારોમાં જયારે વરસાદ ખેંચાય છે, વરસાદની અછત સર્જાય છે ત્યારે ખેડૂતોને તેના પાકનું રક્ષણ કરી શકે એટલા માટે ૨ કલાક વધારાની વીજળી પણ આપીને ખેડૂતોના પાક અને રાજયની પ્રગતિમાં રાજ્ય સરકારે મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફિડરની જો વાત કરીએ વીજ લોસને ટાળવા માટે તો છેલ્લાં ૧૨ વર્ષમાં ૩૯૦૦થી વધુ વીજ ફિડરો ઊભા કરવામાં આવ્યા છે અને આના દ્વારા વીજ લોસ ટાળવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. પરાકાષ્ટા તો ત્યાં પેદા થઇ કે જયારે ગત દિવસોમાં, ગત જૂન માસમાં બિપરજોય વાવાઝોડું આવ્યું અને એ વાવાઝોડાની અગમચેતી દુનિયામાં થઇ અને એવું તો સાંભળ્યું કે આપત્તિ આવે પછી કોઇ વ્યવસ્થા કે રેસ્કયુ રિલીફનું કામ થાય, પણ બિપરજોય વાવાઝોડાં પહેલાં આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબની સરકાર અને આદરણીય ઊર્જા મંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબની સરકારે વાવાઝોડાં પહેલાં વિવિધ જગ્યાએ ટ્રકોમાં વીજ પોલ લાદીને એડવાન્સ તૈયારી કરી અને વાવાઝોડું પસાર થયા પછી યુદ્ધના ધોરણે તે કામ આટોપીને ગણતરીના દિવસોમાં ફરી પાછું સમગ્ર રાજયને વીજળીની પુનઃ ઝળહળીત કરવાનું ભવ્ય કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ જ રીતે ખેડૂતોને વીજળી આપવાની વાત હોય તો સામાન્ય રીતે વીજ નિયમન પંચ દ્વારા વીજળીના જે કંઇ દરો નિયત કરવામાં આવ્યા છે તે દરો લગભગ વાર્ષિક ૨૪૦૦ રૂપિયા છે એમાં ૧૭૬૫ રૂપિયા રાજય સરકાર આપે છે. એટલુ જ નહીં પરંતુ વખતો વખત મોંઘવારીના કારણે થતો વધારાનો એક પણ રૂપિયો ખેડૂતો ઉપર નથી લાગ્યો અને એ જ દરે ખેડૂતોને રાજય સરકાર વીજળી આપી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અનુસૂચિત જાતિ, જનજાતિના ખેડૂતોને પણ વીજળીમાં અગ્રિમતા આપવામાં આવે છે. કનેક્શનનો ચાર્જ રૂ.૧,૬૦,૦૦૦/- જેટલો હોવા છતાં પણ એ બધો જ ચાર્જ રાજ્ય સરકાર ભોગવે છે. આ રીતે રાજ્ય સરકાર રાજ્યના ખેડૂતોના વિકાસની ચિંતા કરે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી અને માનનીય ઊર્જા મંત્રીશ્રીને સમગ્ર ગુજરાતની જનતા વતી મારા અભિનંદન આપી આ માગણીઓને મારું અનુમોદન આપી મારી વાતને વિરામ આપું છું.

ચૈતન્યભાઇ મ. દેસાઇ(અકોટા): માનનીય અધ્યક્ષશ્રી, આજે ઊર્જા પેટ્રોકેમિકલ્સ અને નાણાં વિભાગના માનનીય મંત્રીશ્રી દ્વારા માગણી ક્રમાંક-૧૩ પરની ચર્ચામાં મારા મંતવ્યો આપી રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વીજળી એ ઊર્જાનું સ્વરૂપ છે. વીજળી આપણા આધુનિક વિશ્વને ઊર્જા આપતી એક અદૃશ્ય શક્તિ છે અને તે માનવ સંસ્કૃતિનો એક અભંગ અને અનિવાર્ય ભાગ બની ગઇ છે. લાઇટ બલ્બની ચમકથી માંડીને કારખાનાંઓની મશીનરીના ગુંજાર સુધી વીજળી આપણા જીવનના દરેક પાસા જેવાં કે પ્રગતિ, નવીનતા અને સગવડને આગળ ધપાવે છે. ગુજરાત સરકાર દ્વારા સૌર ઊર્જા, પવન ઊર્જા પર ખૂબ ધ્યાન અપાઇ રહ્યું છે. ગુજરાત રાજ્યની ઉત્તરોત્તર વીજ માંગને પહોંચી વળવા સાથે કાર્બન ઉત્સર્જન ઘટાડવા અને ગ્રીન ઊર્જાનું ઉત્પાદન વધારવા ગુજરાત સરકાર દ્વારા નીતિગત નિર્ણયો લેવામાં આવ્યા છે. જેથી વર્ષ ૨૦૩૦ સુધી રાજ્યનો કુલ વીજ પુરવઠાનો ૫૦ ટકા હિસ્સો ગ્રીન ઊર્જા સ્ત્રોતમાંથી મળી રહેશે. આમ જોઇએ તો વર્ષ ૨૦૦૨ પહેલાં ગુજરાત સરકાર દ્વારા કુલ વીજ ઉત્પાદનની ક્ષમતા ૮૭૫૬ મેગા વૉટ હતી. જેમાં સૌર ઊર્જાની ક્ષમતા શૂન્ય અને પવન ઊર્જાની ક્ષમતા લગભગ ૯૯ મેગા વૉટ જેટલી જ હતી. તેની સામે આજે વર્ષ ૨૦૦૨ પછી કુલ ઉત્પાદનની ક્ષમતા તબક્કાવાર વધારીને આજના સમયમાં લગભગ ૪૫,૧૮૨ મેગાવૉટ જેવી થઇ છે. જે વર્ષ ૨૦૦૨ કરતાં પાંચ ગણી વધુ છે. સૌર ઊર્જા અને પવન ઊર્જાની ક્ષમતા ૧૦,૦૦૦ મેગા વૉટથી પણ વધુ છે. આજે ગુજરાત રાજ્યમાં વર્ષે સરેરાશ ૧૦૦ નવાં સબસ્ટેશન બને છે. તા.૩૧/૧૨/૨૦૨૩ સુધી ગુજરાત રાજ્યમાં ૨૩૧૬ વિદ્યુત સબ સ્ટેશન બનાવવામાં આવેલ છે. જેમાં વર્ષ ૨૦૦૨થી ૨૦૨૩ સુધી નવાં ૧૫૮૬ સબ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે. અત્યારે વર્ષે સરેરાશ એક લાખ જેટલા નવા વીજ જોડાણ ખેતી માટે આપવામાં આવે છે. જેમાં વીજ જોડાણ માટે થતો લગભગ પોણા બે લાખનો ખર્ચો ગુજરાત સરકાર ભોગવે છે અને દરેક ખેડૂતને ઉદ્યોગોની જેમ એક અલગ ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે, કારણ કે વર્ષ ૨૦૦૨ અગાઉ પથી ૧૦ ખેડૂત વચ્ચે એક જ ડી.પી. ફાળવવામાં આવતી હતી. જેના કારણે ડી.પી. અવારનવાર બળી જતી હતી. ગુજરાત સરકાર દ્વારા ખેડૂતોને રૂ.૮૨૩૩ કરોડનું વીજ બિલ સબસિડી ફક્ત વર્ષ ૨૦૨૨-૨૩માં આપવામાં આવી છે. સાથે ઇલેક્ટ્રિસિટી પરની ડ્યૂટી ભરવામાંથી મુક્તિ આપવામાં આવેલ છે અને પાછલાં ૧૮ વર્ષથી ખેડૂતો માટે વીજ દરમાં વધારો કરવામાં આવ્યો નથી. ગુજરાતના ખેડૂતો પર વીજ કરનું ભારણ ન થાય તે માટે ખેડૂતોને હોર્સ પાવર આધારિત વીજ જોડાણ માટે ગુજરાત સરકાર દ્વારા સબસિડીની યોજના પણ કાર્યરત છે. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત રૂ.૯૮૫ કરોડના ખર્ચે ૭૧,૦૦૦ કિ.મી.ના ખર્ચે જર્જરિત વીજ વાયરો બદલવામાં આવેલ છે તથા રૂ.૨૩૪૩ કરોડના ખર્ચે ૨૩૬ નવાં સબ સ્ટેશન પણ કાર્યરત કરવામાં આવેલ છે. સોલર એગ્રિકલ્ચર પંપ સેટ યોજનાના અમલીકરણ માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તરફથી પણ સહાયની જોગવાઇ કરેલ છે. જો કે વીજળી પર વ્યાપક નિર્ભરતા પણ પડકારો રજૂ કરે છે. વિદ્યુત

ઉપકરણો અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર પરનું આપણું અવલંબન આપણને વધુ વીજળીના સ્ત્રોત શોધવા પર મજબૂર કરે છે. આ પડકારોનો સામનો કરવા માટે ગુજરાત સરકાર અવિરત રીતે સ્વચ્છ અને કાર્યક્ષમ ઊર્જાના સ્ત્રોત માટે નવીન તકનીકોનું સંશોધન અને તેના વિકાસમાં રોકાણ કરી રહ્યું છે. રાજ્યના વિદ્યુત ગ્રીડની સ્થિતિ સ્થાપકતામાં તકનિકી સુધારા, નવીન વધુ ક્ષમતાના ટ્રાન્સફોર્મર તથા તેને સંલગ્ન યંત્ર સામગ્રીના સુધારાની વ્યવસ્થા સાથે ઊર્જા શક્તિના સંરક્ષણ અને કાર્યક્ષમતાના પગલાને પ્રોત્સાહન આપવાનું આવશ્યક કાર્ય અવિરતપણે કરવામાં આવે છે. નિષ્કર્ષમાં વીજળી એ એક પરિવર્તનશીલ શક્તિ છે. જેને માનવ સમાજમાં ક્રાંતિ લાવી છે. તેની અસર જીવનના તમામ પાસાઓ પર અનુભવાય છે.

(વિરામ – ૧૧:૦૦થી ૧૧:૩૦)

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું નાણાં તેમજ ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગની વર્ષ ૨૦૨૪–૨૫ માટેની માગણી ક્રમાંક–૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ લઇને ઉપસ્થિત થયો છું. આ માગણીઓ પર માનનીય ધારાસભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી નરેશભાઇ પટેલ, શ્રીમતી મનીષાબેન વકીલ, શ્રી અનિરુદ્ધભાઇ દવે, શ્રી ત્રિકમભાઇ છાંગા અને શ્રી ચૈતન્યભાઇ દેસાઇએ પોતાના મંતવ્યો રજૂ કર્યા છે તે બદલ સર્વ સભ્યશ્રીઓનો આભાર માનું છું અને તેમણે વિધાનસભામાં જે અભ્યાસપૂર્ણ નિવેદનો કર્યા છે તે બદલ તેમને અભિનંદન પણ આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે મારે એક જાહેરાત કરવી છે. તા.૨જી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ આ સન્માનનીય ગૃહમાં બજેટની રજૂઆત કરતી વખતે અમારી સરકારે શહેરોના આયોજનબદ્ધ વિકાસ માટે ઇઝ ઓફ લિવિંગમાં વધારો કરવા નવસારી, ગાંધીધામ, મોરબી, વાપી, આણંદ, મહેસાણા, સુરેન્દ્રનગર અને વઢવાણ નગરપાલિકાઓને મહાનગરપાલિકાઓમાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરી હતી. હવે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની સૂચનાથી વધુ બે શહેરોનો ઉમેરો કરતાં આજે હું ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની જન્મભૂમિ પોરબંદર છાયા નગરપાલિકાને તથા ભારતના લોખંડી પુરુષ અને અખંડ ભારતના ઘડવૈયા સરદાર પટેલ સાહેબની જન્મભૂમિ નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકામાં રૂપાંતરિત કરવાની જાહેરાત કરું છું. પોરબંદર છાયા શહેર દરિયાકિનારે આવેલું વિશિષ્ટ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતું શહેર છે. આ શહેર રાષ્ટ્રીય ધોરી માર્ગ અને રાજ્ય ધોરી માર્ગથી રાજ્યનાં મોટાં શહેરો તથા અન્ય રાજ્ય સાથે જોડાયેલ છે. ભગવાન શ્રી કૃષ્ણની નગરી દ્વારકા અને ભોળાનાથની નગરી સોમનાથની વચ્ચે પૂજ્ય ગાંધીબાપુની જન્મભૂમિ આવેલ હોય, અસંખ્ય મુલાકાતીઓ આ શહેરની મુલાકાત લેતાં હોય છે. આ શહેર દરિયાકિનારે આવેલ હોવાથી ટુરિઝમ ક્ષેત્રે, પવન ઊર્જા તેમજ સૌર ઊર્જા અને ગ્રીન એનર્જીના ક્ષેત્રે વિકાસ થવાની વિપુલ તકો ધરાવે છે. તે જ રીતે નડિયાદ શહેર પણ રાષ્ટ્રીય ધોરી માર્ગ એક્સપ્રેસ હાઇ–વે તથા રાજ્ય ધોરી માર્ગથી અન્ય મોટાં શહેરો સાથે જોડાયેલ છે. આ શહેર ગુજરાતના ઇન્ડસ્ટ્રીયલ બિલ પર આવેલ છે. આમ, સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસો ધરાવતાં પોરબંદર અને નડિયાદને મહાનગરપાલિકાનો દરજ્જો મળતાં બંને શહેરોમાં આધુનિક માળખાકીય સુવિધાઓનો વિકાસ થશે અને ઉજ્જવળ તકો પ્રાપ્ત થશે તેવો મને ચોક્કસ વિશ્વાસ છે. નડિયાદ માટે આપણા પૂર્વ દંડકશ્રી પંકજભાઇ દેસાઇની ખાસ રજૂઆત હતી તેમને પણ અભિનંદન આપું છું.

શ્રી પંકજ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને માનનીય નાણાંમંત્રીશ્રી કનુભાઇ દેસાઇ સાહેબનો ખૂબ આભાર માનું છું. લોખંડી પુરુષ સરદાર પટેલ સાહેબનું જન્મ સ્થળ નડિયાદ ઐતિહાસિક વારસો ધરાવતાં શહેરને મહાનગરપાલિકા જાહેર કરી છે તે બદલ હું તેમનો નડિયાદની પ્રજા વતી ખૂબ ખૂબ આભાર માનું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર વિશ્વ આજે ગ્લોબલ વૉર્મિંગ અને ક્લાઇમેટ ચેન્જની વિપરીત અસરનો સામનો કરી રહ્યું છે ત્યારે વિશ્વ નેતા અને આપણા લોકલાડીલા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ સમગ્ર વિશ્વના કલ્યાણ માટે કોલસો, ગેસ જેવાં બળતણનો ઉપયોગ ઓછો કરવા અને ભવિષ્યની વીજ માંગને પહોંચી વળવા માટે ક્લિન અને ગ્રીન એનર્જી દ્વારા ગ્રીન ઓથ ઉપર ભાર મૂક્યો છે.માનનીય વડાપ્રધાનશ્રીના આ આહ્વાનને સિદ્ધ કરવા બિન પરંપરાગત ઊર્જાના વિકલ્પો શોધવા આવશ્યક છે. આપણે રિન્યુએબલ એનર્જી, ગ્રીન હાઇડ્રોજન તથા ગ્રીન એમોનિયા દ્વારા એનર્જી સિક્યુરિટી, ક્લિન એનર્જી અને નેટ ઝીરો કાર્બન એમ ત્રણેય લક્ષ્યાંકો પ્રાપ્ત કરી શકીએ તેમ છીએ. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી શરૂ કરવામાં આવેલ મિશન ગ્રીન હાઇડ્રોજન અંતર્ગત વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં પાંચ મિલિયન મેટ્રિક ટન ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન કરવાનો લક્ષ્યાંક છે. જેમાં ગુજરાત મહત્તમ યોગદાન આપશે. ગુજરાત રાજ્યમાં રિન્યુએબલ એનર્જીના સ્ત્રોત વિપુલ માત્રામાં ઉપલબ્ધ છે. જેના  થકી ગ્રીન હાઇડ્રોજન તથા ગ્રીન એમોનિયાનું ઉત્પાદન કરવાની ક્ષમતા રહેલી છે. રાજ્યમાં નિકાસ કરવા માટેની પૂરતી માળખાકીય સુવિધા તથા વ્યવસ્થા ઉપલબ્ધ છે. જેથી ગુજરાત રાજ્ય ગ્રીન હાઇડ્રોજનના ઉત્પાદન અને નિકાસ ક્ષેત્રે હબ બનવાની ક્ષમતા ધરાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેન્દ્ર સરકાર દ્વારા વર્ષ ૨૦૩૦માં નિર્ધારિત કરવામાં આવેલ ૫૦૦ ગીગાવોટ ગ્રીન એનર્જીના લક્ષ્યાંકને પહોંચી વળવા ગુજરાત રાજ્ય પણ અંદાજિત ૧૦૦ ગીગાવોટ કેપેસિટી સ્થાપિત કરવા કટિબદ્ધ છે. જે દેશના લક્ષ્યાંકના ૨૦ ટકા જેટલી છે. જેનાથી રાજ્યના સસ્ટેઇનેબલ વિકાસ અને ઊર્જા સુરક્ષાને વેગ મળશે તથા સસ્તા દરે વીજળી

પણ ઉપલબ્ધ થશે. શ્રી અર્જુનભાઇ નથી બાકી એમના બધા જ જવાબો આમાં છે. મધ્યમ તેમજ નાના રહેણાંકના ગ્રાહકો સોલર રૂફટોપ યોજનાનો લાભ લઇ શકે તેમજ દેશની ઊર્જાની જરૂરિયાતને પહોંચી વળવા મહત્ત્વનો ફાળો આપી શકે તે માટે માનનીય મોદીજી દ્વારા તાજેતરમાં જ પી.એમ. સૂર્યઘર યોજના જાહેર કરેલ છે. જે થકી સમગ્ર દેશમાં એક કરોડ ઘરો ઉપર સોલર રૂફટોપ સ્થાપિત કરવાનું આયોજન છે. ગુજરાત રાજ્ય રહેણાંક શ્રેણીમાં સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં ગુજરાત ૮૨ ટકા ફાળા સાથે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે ત્યારે પી. એમ. સૂર્યઘર યોજનાનો મહત્તમ લાભ લઇ રાજ્યમાં વધારેમાં વધારે સોલર રૂફટોપ સ્થાપિત કરવામાં આવશે. ભારત સરકાર સાથે કદમ મિલાવી અમારી ડબલ એન્જિનની સરકાર રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ગુજરાતને હબ બનાવવા સતત કામ કરી રહી છે. તેના ભાગરૂપે ઊર્જા ક્ષેત્રને પ્રોત્સાહન આપવા અમે તાજેતરમાં નવી R. E.–policy ૨૦૨૩ જાહેર કરી છે. માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ગુજરાત સમિટ–૨૦૦૩ થકી અવિરત વિકાસ યાત્રાની કેડી કંડારી હતી. આ કેડીમાં આગળ વધતાં માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની અમારી ટીમ ગુજરાતે તાજેતરમાં જ વાઇબ્રન્ટ ગુજરાતની દસમી આવૃત્તિ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે. આ સમિટમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ ક્ષેત્રે આશરે ૨૯૫ જેટલા એમ.ઓ.યુ. થયેલ છે. જેના થકી અંદાજિત ૧૧ લાખ કરોડથી પણ વધુ રોકાણો ગુજરાતમાં થનાર છે અને અંદાજિત ૪,૫૦,૦૦૦ લોકોને પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી મળવાની સંભાવના છે. જે રાજ્યની અર્થવ્યવસ્થાને વેગ આપવાની સાથે–સાથે રાજ્યની ઊર્જા સુરક્ષા પણ સુનિશ્ચિત કરશે. ઓક્ટોબર–૨૦૧૮માં આયાતી કોલસાનો ભાવ રૂ.૭૩૫૮/– પ્રતિ મેટ્રિક ટન જેટલો હતો. જે ઓક્ટોબર–૨૦૨૨માં રૂ.૨૭,૪૭૩/– પ્રતિ મેટ્રિક ટન જેટલો થઇ ગયો છે. આ વિકટ પરિસ્થિતિમાં પણ કેન્દ્ર સરકારના સહયોગથી અમારી સરકારે રાજ્યમાં વીજ કટોકટીની પરિસ્થિતિનું નિર્માણ ન થવા દઇ ખેડૂતો સહિતના તમામ ગ્રાહકોને સતત વીજ પુરવઠો પૂરો પાડ્યો છે. વર્ષ ૨૦૦૨માં ગુજરાત રાજ્યનો Per Capital Electricity Consumption ૯૫૩ યુનિટ હતો. જે આજે વધીને ૨૪૦૨ યુનિટ થયેલ છે. જે વીજ વપરાશમાં તથા ઉપલબ્ધતામાં થયેલ સતત વૃદ્ધિ દર્શાવે છે. વર્ષ ૨૦૦૨માં રાજ્યની મહત્તમ વીજ માંગ ૭૭૪૩ મેગાવોટ હતી. જે વર્ષ ૨૦૨૩માં ૨૪,૫૪૪ મેગાવોટ થયેલ છે. જે છેલ્લાં ૨૧ વર્ષમાં વીજ માંગમાં થયેલ ત્રણ ગણો વધારો એ રાજ્યના સર્વાંગી વિકાસની થકી વીજળીની અગત્યતા દર્શાવે છે. આટલા મોટા પ્રમાણમાં વીજ માંગ હોવા છતાં અમે વિનાવિક્ષેપે રાજ્યના દરેક નાગરિકને સતત અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો ઉપલબ્ધ કરાવેલ છે. જયારે કેન્દ્ર સરકારના સહયોગની રાજ્યના વિકાસ માટે જરૂર પડી ત્યારે માનનીય કેન્દ્રીય સહકારિતા અને ગૃહમંત્રી શ્રી અમિતભાઇ શાહ સાહેબનો સંપૂર્ણ સહયોગ મળેલો છે. એ પછી કોલસાના જથ્થા માટે હોય કે પછી સેન્ટ્રલ સેકટર તરફથી પાવર સપ્લાય માટેનો હોય એમના તરફથી આપણને સતત મદદ અને માર્ગદર્શન મળતું રહ્યું છે. આથી આ તબક્કે હું માનનીય અમિતભાઇ શાહનો આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હજુપણ સતત વધતી આર્થિક વિકાસની ગતિ અને સામાજિક સુવિધાઓને લીધે વીજળીની જરૂરિયાતમાં ઘણો વધારો થવાનો અવકાશ છે, જેને પહોંચી વળવા માટે અમે આગોતરા આયોજનો કરેલા છે. રિન્યુએબલ એનર્જી દરેક સમયે ઉપલબ્ધ ન હોવાના કારણે ગ્રીડની સલામતી તથા વિશ્વસનીયતાની વીજળી પૂરી પાડવા માટે ફૉસિલ ફ્યુઅલ આધારિત થર્મલ પ્રોજેક્ટ્સની જરૂરિયાત રહે છે. વિન્ડ પાવર અને સોલાર પાવર અમુક સમય માટે મંદ પડે છે તે સમયે જયારે વીજ પુરવઠો આપણે સતત આપવો હોય એના માટે ફૉસિલ પાવરની પણ જરૂરિયાત છે, એના માટે આગામી વર્ષોમાં કુલ ૮૦૫૦ મેગાવોટની વીજ ક્ષમતામાં વધારો કરવાનું આયોજન છે. ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રિસિટી કૉર્પોરેશન દ્વારા સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ થકી ૨૪૦૦ મેંગાવોટની વીજક્ષમતા વધારવાનું આયોજન છે. રાજ્ય સરકાર હસ્તકના જાહેર સાહસ જી.એમ.ડી.સી.ને ઓરિસ્સા રાજ્યમાં કુલ બે કૉલ બ્લોકની ફાળવણી કરવામાં આવી છે. જે અંતર્ગત સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ થકી ૪૪૦૦ મેંગાવોટની વીજ ક્ષમતા પ્રાપ્ત કરી ગુજરાત રાજ્યના ગ્રાહકોની ભવિષ્યની માંગને પૂરી પાડવાનું આયોજન છે. આ જે પ્લાન્ટ આવે છે તે કૉલસાની જયાં ખાણ હોય ત્યાં ઇન્સ્ટોલ કરવામાં આવે છે એટલે ટ્રાન્સ્પોર્ટેશનનો સંપૂર્ણ ખર્ચ ઘટી જાય છે. માનનીય અર્જુનભાઇ વારંવાર કહેતા હતા કે, ૨૭૦ મેંગાવોટનો પ્લાન્ટ બંધ થયો. ૩૦૦ મેગાવોટનો પ્લાન્ટ બંધ થયો. અમે ૪૪૦૦ મેંગાવોટના નવા પ્લાન્ટ જયાં કૉલસો મળે ત્યાં જ નાખવા જઇ રહ્યા છે અને એના લીધે સમગ્ર ગુજરાત રાજ્યને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં ઉપલબ્ધ લિગ્નાઇટના જથ્થાને આશરે ૧૨૫૦ મેંગાવોટ લિગ્નાઇટ આધારિત પાવર પ્લાન્ટ કચ્છ, ભાવનગર તેમજ ભરૂચમાં નાખવાનું આયોજન છે. આપણા વિસ્તારમાં જે લિગ્નાઇટ ખાણો છે એનો સંપૂર્ણ ઉપયોગ પૂર્ણરીતે કરવાનું અમે આ રીતે આયોજન કર્યું છે. અમારી સરકાર હંમેશા ખેડૂતોની સાથે રહી છે. ખેડૂતોને ૯૦ ટકાથી વધુ રાહત દરે વીજળી પૂરી પાડી છે તેમજ ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી માફી આપી રાહત દરે વીજકનેકશન આપવું જેવા અનેક ખેડૂતલક્ષી પગલાઓ લેવામાં આવ્યાં છે. રાજ્ય સરકાર દ્વારા એક નવીન અભિગમ અપનાવી ' કિસાન સૂર્યોદય યોજના' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે વર્ષ ૨૦૨૪–૨૫ના અંદાજપત્રમાં અમે રૂ.૧૫૭૦ કરોડની જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં આનંદ થાય છે કે આજની તારીખે આપણે ગુજરાતના ૧૨૦૦૦ ગામોમાં દિવસે વીજળી આપવાનું શરૂ કર્યું છે. આ જ યોજના હેઠળ ખેડૂતોને દિવસે વીજળી પૂરી પાડવા ખૂબ જ મહત્ત્વની બાબતો જેવી કે,

હયાત વીજ માળખાનું સુદઢીકરણ કરવું, દિવસ દરમિયાન વીજ વહનને સંતોષવા માટે જરૂરી વીજ ઉત્પાદન ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. પી.એમ. કુસુમ યોજના અંતર્ગત જયાં ગ્રીડ સપ્લાય ઉપલબ્ધ નથી એવા ઓફ ગ્રીડ વિસ્તારમાં પીયત માટે ડીઝલથી ચાલતા પંપસેટને બદલવા માટે ખેડૂતોને સ્ટેન્ડ એલોન સોલાર એગ્રીકલ્ચર પંપ સ્થાપિત કરવા માટે સહાય આપવામાં આવે છે. કૅનાલ, તળાવો, નદી, ખાડી, ડેમ, ચૅકડેમ, સુજલામ્ સુફલામ્ અંતર્ગત ખેત તલાવડી તેમજ અન્ય વરસાદી સ્ત્રોતોના માધ્યમથી સિંચાઇ માટે વીજ જોડાણ આપવાની ખેડૂતોની રજૂઆત હતી તથા આપણા ધારાસભ્ય શ્રી માળી સાહેબની પણ રજૂઆત હતી અને અમારે સરકારે સરફેશ વૉટરનો ઉપયોગ કરનાર ખેડૂતોને ખેતરમાં વધુ એક વીજ જોડાણ આપવાનો ખેડૂતલક્ષી નિર્ણય કર્યો છે. વન વિસ્તારના સામાન્ય યોજનાના અરજદારો કે જેમને હયાત ગ્રીડથી પરંપરાગત વીજ જોડાણ આપવું ટૅકનો કોમર્શિયલ વાયેબલ ન હોય તે વિસ્તારના અરજદારોને સૉલાર પંપસેટ માટે ભરવાપાત્ર ફાળાની જગ્યાએ નહિવત ફાળો ભરવાનો અને બાકીનો ખર્ચ રાજ્ય સરકાર દ્બારા વધારાની સબસિડીરૂપે આપવામાં આવે છે. આ આદિજાતિ યોજનાના અરજદારોને કોઇપણ ફાળો ભરવાનો રહેતો નથી. આ યોજના માટે વર્ષ ૨૦૨૪–૨૫માં રૂ.૧૫૨.૧૩ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. કાર્યક્ષમ વીજ વિતરણથી રાજયના વીજ ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજ પુરવઠો મળે એ માટે કેન્દ્ર સરકારે રિવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યુશન સેક્ટર સિસ્ટમ એટલે કે આર.ડી.એસ.સી. સ્કીમ જાહેર કરી છે. આ માટે વર્ષ ૨૪–૨૫માં રૂ.૧૨૮૪.૯૧ કરોડની જોગવાઇ કરી છે. આર. ડી. એસ.સી. યોજના હેઠળ વર્ષ ૨૦૨૪–૨૫માં રાષ્ટ્રીય સ્તરે વીજ વિતરણ લોસ ૧૨ થી ૧૫ ટકા તેમજ ગુજરાતમાં ૧૦.૫૦ ટકા સુધી ઘટાડવાનું આયોજન છે. આર.ડી.એસ.સી. યોજનાથી સ્માર્ટ મિટરિંગ, વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુકત વીજ પુરવઠો મળશે તેમજ વીજ વિતરણ કંપનીઓની માળખાકીય સુવિધામાં વધારો થશે અને નાણાકીય વ્યવસ્થા સુચારુ બનશે.

માનનીય અધ્યક્ષશ્રી, સાગરખેડુ વિકાસ યોજના હેઠળ ટ્રાન્સમીશન નેટવર્ક સુદઢીકરણ કરવા માટે રૂપિયા ૨૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આદિજાતિ વિસ્તારોમાં અંદાજિત રૂપિયા ૪૬૫.૭૬ કરોડના ખર્ચે ૧૨૯૪૫ કૂવાનું વીજળીકરણ કરવાનું આયોજન છે. આદિજાતિ વિસ્તારમાં ૧૮ નવાં સબ સ્ટેશન બનાવવાં અને તેને સંલગ્ન વહન લાઇનોની કામગીરી માટે રૂપિયા ૧૮૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. અનુસૂચિત જાતિના અંદાજિત ૫૪૯૫ લાભાર્થીના ઘરોનું વીજળીકરણ કરવાનું આયોજન છે. વર્ષ ૨૦૨૪–૨૫માં અનુસૂચિત જાતિના ૭૧૦ ખેડૂતોને ખેતી વિષયક વીજ જોડાણ આપવાનું આયોજન છે.

માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા, મહાનગરપાલિકા, શહેરી વિકાસ સત્તા મંડળ વગેરે વિસ્તારોમાં રસ્તાઓના વિસ્તૃતીકરણ અથવા હયાત રસ્તાઓને અડચણરૂપ હયાત વીજ વિતરણ રેસાઓ અને વીજ માળખાનું શીફટિંગ, રિપ્લેસમેન્ટ માટે વર્ષ ૨૦૨૪–૨૫માં રૂપિયા ૯૫ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. નવા રસ્તાઓ મંજૂર થાય ત્યારે રસ્તામાં નડતા થાંભલાઓ દૂર કરવા માટે આ વર્ષે સ્પેશ્યલ આયોજન કરવામાં આવ્યું છે. ડિસ્ટ્રિબ્યુશન લોસ ઘટાડવા માટે, જીવ સુરક્ષા સુનિશ્ચિત કરવા તથા ઓવરહેડ ડિસ્ટ્રિબ્યુશન નેટવર્કને અન્ડરગ્રાઉન્ડ કેબલમાં તબદિલ કરવા વર્ષ ૨૦૨૪–૨૫માં રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતોને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળે અને જર્જરિત વીજ વાયરો અને આનુષંગિક ઉપકરણો બદલવાની કામગીરી ઉપરાંત ખેતી વિષયક ફિડરોના વિભાજનની કામગીરી માટે રૂપિયા ૭૫.૪૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. તાઉતે અને બિપરજોય જેવા વિનાશક વાવાઝોડાનો ગુજરાતે સામનો કર્યો છે. તે સમયે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી તથા કેન્દ્રિય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ દ્બારા કેન્દ્ર સરકાર તરફથી સંપૂર્ણ સહયોગ અને સતત માર્ગદર્શન આપવામાં આવેલ અને આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની અધ્યક્ષતામાં ઉચ્ચ અધિકારીઓની બેઠક કરી સમગ્ર વહીવટી તંત્રને કામે લગાડેલ. સમગ્ર તંત્રએ કરેલ અદભૂત કામગીરીની હું પ્રશંસા કરું છું. ઊર્જા વિભાગના કર્મચારીઓએ જે રીતે કામગીરી કરી તે પ્રશંસાને પાત્ર છે. મને કહેતા ગૌરવ થાય છે કે આટલું વિનાશક વાવાઝોડું અને તેના લીધે અપાર નુકસાન થયેલ હોવા છતાં ૭૨ કલાકમાં આપણે વીજ પુરવઠો પુનઃ સ્થાપિત કરી દીધો હતો. અમારા કચ્છના ધારાસભ્યોને આ વાતનો ઘણો બધો આનંદ હતો. આપણી સરકાર આટલેથી નથી અટકતી. આ અનુભવ બાદ કુદરતી આફતો સમયે વીજ ઈન્ફ્રાસ્ટ્રકચરને નુકસાન ન થાય અને વીજ પુરવઠો ખોરવાય નહીં તે હેતુથી ખાસ કરીને દરિયાકાંઠાના વિસ્તારોમાં વીજ માળખાને સાયકલોન પ્રતિરોધક એટલે કે સાયકલોન રેજિસ્ટન્ટ બનાવવા માટે વર્ષ ૨૦૨૪–૨૫ માં રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વીજ પ્રવહન ક્ષેત્રે એટલે કે ટ્રાન્સમિશન નેટવર્કની વાત કરીએ તો સને ૨૦૦૨ પહેલા (અંતરાય) બોલાવો શ્રી અર્જુનભાઇને. સને ૨૦૦૨ પહેલા વર્ષે ૧૬, ૧૭ સબ સ્ટેશન બનતાં હતાં. અમે છેલ્લાં ૧૨ વર્ષથી દર વર્ષે અંદાજિત ૯૫ જેટલા સબ સ્ટેશન બનાવીએ છીએ. તેને આગળ વધારતા આગામી વર્ષે ૩૮૪૦ સરકિટ કિલોમીટર ટ્રાન્સમિશન લાઇન તથા ૯૫ સબ સ્ટેશનો બનાવવાનું આયોજન કરવામાં આવેલ છે. જે માટે રૂ. ૪૮૭૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. સમગ્ર ભારતમાં ૩૧ જાન્યુઆરી ૨૦૨૪ની સ્થિતિએ ૪૪૯૬૯ મેગાવોટ ક્ષમતાના વિન્ડ પાવર પ્રોજેકટ સ્થાપવામાં આવેલ છે. જે પૈકી ૧૧૨૨૪ મેગાવોટની ક્ષમતા સાથે ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. જે દેશમાં સ્થપાયેલા પાવર પ્રોજેકટના ૨૫ ટકા જેટલું થવા જાય છે.

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ )

માનનીય અધ્યક્ષશ્રી,રાજયમાં તા.૩૧ જાન્યુઆરી, ૨૦૨૪ની સ્થિતિએ સ્થાપિત સોલાર પ્રોજેકટની વીજ ક્ષમતા ૧૦૫૪૯ મેગાવોટ છે. જે આશરે ૧૪.૨ ટકાના યોગદાન સાથે દેશમાં બીજા ક્રમે છે. રિન્યુએબલ એનર્જી પ્રોજેકટની કુલ સ્થાપિત ક્ષમતા ૨૩૯૬૭ જે દેશમાં બીજા સ્થાને છે જે સમગ્ર દેશની કુલ સ્થાપિત ક્ષમતા ૧,૮૨,૦૨૭ મેગાવોટ એટલે કે લગભગ ૧૩.૧૭ ટકા જેટલું થાય છે. ઉકાઇ થર્મલ પાવર સ્ટેશન ખાતે ૮૦૦ મેગાવોટ ક્ષમતાનો સુપર ક્રિટિકલ થર્મલ પાવર પ્લાન્ટ, ૧૧૨૫ મેગાવોટ ક્ષમતાનો સૌર ઊર્જા એકમ અને ૧૮૦૦ મેગાવોટ ક્ષમતાની સૌર ઊર્જા એકમોની સ્થાપના કરવાનું આયોજન છે જે માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. રાજયના કેટલાક વીજમથકોનું આધુનિકરણ કરવું ખૂબ જ જરૂરી છે, તેથી વીજ ઉત્પાદન ક્ષેત્રના ખર્ચમાં ઘટાડો થાય અને વીજ મથકોમાં પણ વધારો થાય. આ કામગીરી માટે રૂ.૩૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગેસ ક્ષેત્ર પણ મહત્ત્વનું ક્ષેત્ર છે. આપણા દેશની એલ.એન્ડ જી. ટર્મીનલ રિ–ગેસીફિકેશન ક્ષમતા ૪૨.૭ મેટ્રિક ટન પ્રતિવર્ષ છે જે પૈકી અંદાજે ૬૫ ટકા એટલે કે ૨૭.૭ મેટ્રિક ટન પ્રતિવર્ષની ક્ષમતા ગુજરાતમાં કરવામાં આવેલ છે. સમગ્ર દેશમાં આયાત થતા એલ.એન.જી.નો ૮૫ ટકા હિસ્સો એકલા ગુજરાતનો છે. જી.એસ.પી.સી. સમગ્ર દેશમાં વેપાર કરતી બીજા ક્રમની સૌથી મોટી કંપની છે. વર્ષ ૨૦૨૨–૨૩માં ફેબ્રુઆરી–૨૩ સુધીમાં જી.એસ.પી.સી.એ પ્રતિદિન ૧૧.૮ મિલિયન સ્ટાન્ડર્ડ કયુબિક મીટર કુદરતી ગેસનું વેચાણ કર્યું છે. ગેસ ટ્રાન્સમિશનની રીતે જોઇએ તો ગુજરાત સ્ટેટ પેટ્રોનેટ લિમિટેડ દ્વારા ૨૭૧૫ કિલોમીટર ટ્રાન્સમિશન પાઇપલાઇન નેટવર્ક થકી રાજયના મોટા ભાગના જિલ્લાઓને નેચરલ ગેસનો પુરવઠો, ઘરેલું ગેસ જોડાણ, વ્યાપારિક તેમજ ઔદ્યોગિક એકમો તથા સી.એન.જી. સ્ટેશનોને પૂરો પાડવામાં આવેલ છે. જી.એસ.પી.સી.એલ. અને એની પેટા કંપનીઓ દ્વારા ગુજરાત, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, તેલંગાણા વગેરે રાજયોમાં નેચરલ ગેસ સપ્લાય કરવામાં આવે છે તેમજ વિસ્તૃતીકરણનું આયોજન પણ ચાલી રહ્યું છે. ગુજરાત ગેસ લિમિટેડ ભારતની સૌથી મોટી ગેસ વિતરણ કંપની છે, જે ફેબ્રુઆરી–૨૩ સુધીમાં ગુજરાતના ૨૦ જિલ્લાઓને આવરી લીધેલા છે. ગુજરાત ગેસે આશરે ૩૧૬૦૦ કિલોમિટર લાંબી શહેરી ગેસ વિતરણ નેટવર્ક સ્થાપ્યું છે અને ૫૪૭ સી.એન.જી. સ્ટેશન સ્થાપ્યા છે. ગુજરાત ગેસ પી.એન.જી. ગેસનું આશરે ૧૮ લાખ ૨૨ હજાર ઘરેલું ગ્રાહકોને વિતરણ કરે છે. તેમજ ૪૧૭૭ ઔદ્યોગિક એકમ અને ૧૩૭૦૮ વેપારી એકમોને ગેસ પૂરો પાડે છે. ગુજરાત ગેસ લિમિટેડ દ્વારા ૫૯ સ્મશાન ગૃહોમાં વિનામૂલ્યે પી.એન.જી. ગેસ પૂરો પાડવામાં આવી રહેલ છે. સાબરમતી ગેસ લિમિટેડે ફેબ્રુઆરી–૨૩ સુધીમાં ગુજરાતના પાંચ જિલ્લા આવરી લીધેલા છે. આ કંપનીએ ૧૫૯ સ્ટેશન સ્થાપ્યા છે. પી.એન.જી. ગેસના આશરે ૨ લાખ ૬૫ હજાર ઘરેલું ગ્રાહકોને વિતરણ કરે છે. ૪૧૯ ઔદ્યોગિક એકમ અને ૧૧૧૭ વેપારી એકમોને ગેસ પૂરો પાડે છે. સન્માનનીય ગૃહને જણાવવા માગું છું કે રાજયનો નાણાં વિભાગ નિયત કરવામાં આવેલ ધોરણોનું ચુસ્તપણે પાલન કરી આવક અને ખર્ચનું શિસ્તબદ્ધ રીતે વ્યવસ્થાપન કરી કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આ વિભાગની અસરકારક કામગીરીને કારણે રાજય સરકારે છેલ્લાં ઘણાં વર્ષોથી ઓવરડ્રાફ્ટ નથી લેવો પડયો તેમજ આપણે છેલ્લાં ૧૩ વર્ષથી મહેસૂલી પૂરાંતવાળા બજેટો રજૂ કરી રહ્યા છીએ. આપણા શ્રી અનિરુદ્ધભાઇએ કહ્યું કે પગાર માટે આપણે માતાજી ઉપર આધાર રાખવો પડતો હતો. અહીંયા પેન્શન અને પગાર પહેલી તારીખે અવશ્ય જમા થાય છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીના વિકસિત ભારત એટ ૨૦૪૭ના સ્વપ્નને સાકાર કરવા માટે વિકસિત ગુજરાત ૨૦૪૭નું નિર્માણ કરવા માટેનો રોડમેપ નક્કી કરતું બજેટ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળની અમારી સરકારે રજૂ કર્યું છે. આગામી પાંચ વર્ષમાં ગુજરાત ઉત્પાદન રૂ.૪૨ લાખ કરોડ કરતા વધુ લઇ જવા અમે સંકલ્પબદ્ધ છીએ. દેશના જી.ડી.પી.માં રાજયની હિસ્સેદારી ૧૦ ટકા જેટલી કરી વર્ષ ૨૦૪૭ પહેલાં રાજયની હાલની અર્થવ્યવસ્થાને ૦.૨૮ ટ્રિલિયન યુ.એસ. ડોલરથી વધારી ૩.૫ ટ્રિલિયન યુ.એસ. ડોલર કરવાનું અમારું લક્ષ્ય છે.

માનનીય અધ્યક્ષશ્રી, અગાઉનાં વર્ષો કરતાં અમે કેટલાક વિભાગોની બજેટ જોગવાઇઓમાં નોંધપાત્ર વધારો કરેલ છે. રમત–ગમત અને યુવા સાંસ્કૃત્તિક પ્રવૃત્તિઓની જોગવાઇમાં ૩૫ ટકાનો વધારો થયેલ છે. આરોગ્યની જોગવાઇઓમાં ૩૨ ટકાનો વધારો થયેલ છે. આદિજાતિની જોગવાઇઓમાં ૨૮ ટકાનો વધારો થયેલ છે. શિક્ષણની જોગવાઇઓમાં ૨૬ ટકાનો વધારો થયેલો છે. અન્ન અને નાગરિક પુરવઠાની જોગવાઇઓમાં ૨૫ ટકાનો વધારો થયો છે. વન અને પર્યાવરણમાં ૨૫ ટકા અને ક્લાઇમેટ ચેન્જની જોગવાઇઓમાં ૨૪ ટકા તેમજ ગૃહ વિભાગની જોગવાઇઓમાં ૨૧ ટકાનો વધારો થયેલો છે. આમ, રાજયનું અંદાજપત્ર તૈયાર કરતી વખતે સમાજના સર્વે વર્ગોના આરોગ્ય, સુખાકારી, સલામતિ, શૈક્ષણિક વિકાસ, જરૂરિયાતો તેમજ યુવાઓ ઉપર ભાર મૂકવામાં આવેલ છે. જેના દ્વારા ગરવું, ગુણવંતુ, ગ્રીન, ગ્લોબલ અને ગતિશીલ ગુજરાત બનાવવા માટે કટિબદ્ધ છીએ. જાહેર દેવાની વાત હમણાં થઇ. જાહેર દેવાથી ઊભા કરવામાં આવેલ સંસાધનોનો ઉપયોગ રાજ્ય સરકાર વિકાસ કાર્યો માટે કરે છે. રાજયનો ઊંચો વિકાસ દર અને તે અન્વયે ઊંચું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન આપણી આ વાતની પુષ્ટી કરે છે. દેશની ૫ ટકા વસ્તી ધરાવતું ગુજરાત દેશના જી.ડી.પી.માં ૮.૨૦ ટકા તેમજ દેશની નિકાસમાં ૩૧.૭૫ ટકા હિસ્સો ધરાવે છે. ગુજરાતે છેલ્લા બે દાયકામાં સાતત્યપૂર્ણ વિકાસ કરી જી.એસ.ડી.પી.માં ૧૪.૮૯ ટકાનો વિકાસ દર હાંસલ કરેલ છે. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની આગેવાની હેઠળ ગુજરાત દેશના વિકાસમાં પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી દેશનું ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે અને રાજયની પ્રજાને ડબલ એન્જિનની સરકારના લાભ ખરા અર્થમાં મળી રહ્યા છે.

રાજ્યમાં એકંદર ઘરગથ્થુ ઉત્પાદનના પ્રમાણમાં રાજવિત્તીય ખાધનું પ્રમાણ વર્ષ ૨૦૨૩-૨૪ના સુધારેલ અંદાજ મુજબ નક્કી કરેલ નિયત ૩ ટકાની મર્યાદા સામે ૧.૭૨ ટકા જેટલું નીચું અંદાજેલ છે. રાજ્યના અર્થતંત્રમાં સાતત્યપૂર્ણ રીતે વિકસી રહેલ છે. ચાલુ ભાવે રાજ્યનું એકંદર ઘરગથ્થુ ઉત્પાદન નાણાકીય વર્ષ ૨૦૧૧-૧૨માં ૬ લાખ ૧૫ હજાર ૬૦૬ કરોડ હતું તે વધીને નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં અગ્રિમ અંદાજ મુજબ ૨૨ લાખ ૩૦ હજાર ૬૦૯ કરોડ, અલમોસ્ટ ૪ ગણું સને ૨૦૧૨ થી વધ્યું છે. ગુજરાતના પનોતા પુત્ર અને ભારતના પ્રધાનમંત્રીશ્રી મોદી સાહેબને હું અભિનંદન આપું છું કે, સમગ્ર ભારતમાં ગુડઝ અને સર્વિસ ટેક્સ કાયદો તા.૧-૭-૨૦૧૭થી અમલમાં લાવ્યા. આ કાયદાથી સમગ્ર ભારતમાં 'વન નેશન, વન ટેક્સ'નો સિદ્ધાંત અમલી બન્યો છે. આ કાયદાથી રાજ્ય રાજ્ય વચ્ચે થતી બિનજરૂરી હરીફાઇનો અંત આવ્યો છે. જી.એસ.ટી.ની અમલવારી સાથે રાજ્યના કરદાતાઓની સંખ્યા ૫ લાખ ૮ હજાર હતી જે આજે ૧૧ લાખ ૭૨ હજાર એટલે કે ૧૩૦ ટકાનો વધારો બતાવે છે. તે રીતે જી.એસ.ટી. અને વેટની આવક પણ ૪૯ હજાર કરોડથી વધીને ૧ લાખ ૪ હજાર કરોડ ઉપરાંત થઇ છે. જે માટે હું વેપારી મિત્રો અને જી.એસ.ટી.ના કર્મચારીઓને ખાસ અભિનંદન આપું છું. બાયોમેટ્રિક પદ્ધત્તિથી જી.એસ.ટી. હેઠળ રજિસ્ટ્રેશનની સુવિધા પૂરી પાડવા સમગ્ર રાજ્યમાં ૧૨ જી.એસ.ટી. સેવાકેન્દ્રો ઊભા કરવામાં આવ્યા છે. આ વ્યવસ્થા ઊભી કરનાર ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે. આ વ્યવસ્થાથી કરચોરી અટકાવવામાં મદદ મળશે તેમજ દસ્તાવેજોનો દુરુપયોગ કરી બોગસ રજિસ્ટ્રેશન નંબર લેનાર લોકોને અટકાવી શકાશે. અન્ય રાજ્યો માટે આ એક મૉડેલ વ્યવસ્થા સાબિત થયેલ છે. જે આપણા માટે ગૌરવની વાત છે. આપણા સૌના માટે આનંદની વાત એ છે કે દેશના પ્રથમ જી.એસ.ટી. સેવા કેન્દ્રનો પ્રારંભ આપણા કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારામનજીએ વાપી ખાતે એટલે કે ગુજરાતથી કર્યો હતો. જી.એસ.ટી.ના અસરકારક અમલીકરણના કારણે ટેક્સ બેઝ વધ્યો છે. સને ૨૦૧૭માં જી.એસ.ટી.ની સરળ અને પારદર્શક કર વસૂલાત પદ્ધત્તિના કારણે ગુજરાતના વેપારીઓ પોતાના પત્રકો નિયમિત ભરે શકે છે. જેના પરિણામે જી.એસ.ટી. રિટર્ન ફાઇલિંગમાં સરેરાસ ૯૮ ટકાથી ફાઇલિંગ સાથે ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. આ ઉપરાંત સમગ્ર દેશમાં રાજ્યમાં ઇ.વે બિલ ચકાસણીમાં પ્રથમ ક્રમે અને ઇ.વે. બિલ જનરેટ કરવામાં સતત બીજા સ્થાને રહેતું આવ્યું છે. જી.એસ.ટી., વેટ, વીજકર, વ્યવસાય વેરા થકી વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ગ્રોસ આવક રૂ. ૧,૧૪,૮૬૪ કરોડ થઇ છે. રાજ્યના ઇતિહાસમાં પ્રથમ વખત રૂ.૧ લાખ કરોડની આવકના સીમાચિન્હને પાર કરેલ છે. આ ઇન્ડસ્ટ્રિયલ અને જે ગુજરાતનો વિકાસ થયો છે એના લીધે કરની આવક વધે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં પણ રાજ્ય સરકારના ખાતાની આવકમાં ઉત્તરોત્તર વધારો જોવા મળી રહ્યો છે. ચાલુ વર્ષે જાન્યુઆરી ૨૦૨૪ સુધીમાં રાજ્યને રૂ. ૯૯૨૫૮ કરોડની કુલ આવક થઇ છે. વેટ કાયદા, સેસ કાયદા, વ્યવસાય વેરા કાયદા તેમજ વીજ શુલ્ક કાયદા અંતર્ગત વ્યાજના દર ૧૮ ટકાથી ઘટાડીને ૧૨ ટકા કરી વેપારી વર્ગને મોટી રાહત આપવામાં આવી છે. રાજ્યમાં સ્થાનિક કક્ષાએ રોજગારીનું સર્જન કરતી ઇમીટેશન જવેલરી, ટ્રેડ અને મેટ્રલાઇઝ યાન જેવી ચીજવસ્તુઓ ઉપર વેરાનો દર ૧૮ ટકાથી ઘટાડીને ૫ ટકા કરેલ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : આપનો આભાર.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : થેન્ક યુ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, શાસક પક્ષ અને વિપક્ષના બધા ધારાસભ્યો અને પ્રજા પણ આપના બજેટથી ખુશ છે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : થેન્ક યુ.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એજ્યુકેશન ઇન્સ્ટિટ્યૂશન પ્રવેશ માટે એન્ટ્રન્સ એકઝામ લેતી હોય ત્યારે કેન્દ્ર અથવા રાજ્ય સરકાર દ્વારા પ્રસ્થાપિત કોઇપણ સંસ્થા અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીને વેરા મુક્તિ આપી વિદ્યાર્થીઓ ઉપરના વેરાનું ભારણ દૂર કરેલ છે. સુગર મિલોમાંથી બાય પ્રોડકટ તરીકે નીકળતી મોલાસીસના સપ્લાય ઉપર ૨૮ ટકાને બદલે ફક્ત ૫ ટકા વેરો કરવામાં આવેલ છે. જેના લીધે બાયફ્યુઅલ સસ્તુ થશે અને ગ્રીન ઇકોનોમીને પ્રોત્સાહન મળશે. મેક ઇન ઇન્ડિયાને પ્રોત્સાહન આપવા માટે તમામ પ્રકારના સપ્લાયર્સ દ્વારા પૂરી પાડવામાં આવતી સેટેલાઇટ લોન્ચ સર્વિસીસને વેરા માફીનો લાભ આપવામાં આવ્યો છે. રૂ.૫ કરોડથી વધુ ટર્ન ઓવર ધરાવનાર વેપારી માટે ઇ-ઇનવોઇઝની સુવિધા ચાલુ કરેલ છે, જેથી ઇ-વે બિલ, જીએસટીઆર-૧ તેમજ જીએસટીઆર-૩ બિલ ભરવામાં વેપારીને સરળતા રહેશે. નાના વેપારીઓને વેપાર કરવામાં સરળતા રહે તે માટે અમારી સરકાર સદાય ચિંતિત રહે છે. માસ દરમિયાન ટર્નઓવર ન થયેલ હોય અને વેરાકીય જવાબદારી ન આવતી હોય તેવા નાના કરદાતાને એસ.એમ.એસ.થી પત્રક ભરી શકે એવી સુવિધા કરવામાં આવી છે. ૧.૫ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા નાના વેપારીઓને નાના ઉત્પાદકો, ટ્રેડર્સ તથા રેસ્ટોરન્ટને ખાસ સુવિધા તરીકે ઉચ્ચક વેરો ભરપાઇ કરવાની સુવિધા ત્રિમાસિક ધોરણે પત્રક રજૂ કરવાની સુવિધા પૂરી પાડવામાં આવે છે. વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન રૂ.૧.૫ કરોડથી વધુ ટર્નઓવર હોય એવા ૯૪૦૦૦ થી વધુ કરદાતાઓએ ઉચ્ચક વેરો ભરવાનો લાભ લીધેલ છે. રૂ.૨ કરોડ સુધીનું ટર્નઓવર ધરાવતા કરદાતાઓને વર્ષ ૨૦૨૨-૨૩ માટે વાર્ષિક પત્રક રજૂ કરવું મરજિયાત કરેલ છે. વાર્ષિક રૂ.૫ કરોડથી ઓછું ટર્નઓવર ધરાવતા કરદાતાઓ માટે "ક્વાર્ટલી રિટર્ન, મન્થલી પેમેન્ટ"ની સુવિધા છે, જેમાં કરદાતાઓએ GSTR-3B પત્રક ત્રિમાસિક ધોરણે અને વેરો દર માસે ભરવાનો રહે છે. ગુજરાતમાં અંદાજે ૪ લાખ જેટલા કરદાતાઓ આ સુવિધાનો લાભ મેળવે છે. ચાલુ નાણાકીય વર્ષ માટે રાજ્ય વેરા ખાતાને જી.એસ.ટી., વેટ, ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી અને વ્યવસાય

વેરા માટે કુલ રૂ.૧,૦૫,૬૫૯ કરોડના રિવાઇઝ લક્ષ્યાંક સામે તા.૨૦-૨-૨૦૨૪ની સ્થિતિએ આ આવક રૂ.૧,૦૬,૯૦૯ કરોડ થઇ છે. આમ ફક્ત ૧૧ મહિનામાં જ રાજય વેચાણવેરા ખાતાએ પોતાનો વાર્ષિક લક્ષ્યાંક પૂર્ણ કરેલ છે. સમગ્ર ડિપાર્ટમેન્ટને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નિયામક પેન્શન પ્રોવિડન્ડ ફંડની કચેરી દ્વારા રાજય સરકારના કર્મચારીઓ, પંચાયત કર્મચારીઓ, પ્રાથમિક શિક્ષકો તેમજ ગ્રાન્ટ ઇન એઇડ શાળાઓ અને કોલેજના નિવૃત્ત થતા કર્મચારીઓના પેન્શન અધિકૃત કરવાની કામગીરી કરવામાં આવે છે. રાજય સેવાના કર્મચારીઓના જી.પી.એફ., મકાન પેશગી, વાહન પેશગીના હિસાબો નીભાવવાની કામગીરી પણ આ કચેરી દ્વારા કરવામાં આવે છે. આ કચેરીની કામગીરી ઝડપી અને પારદર્શક બને એ માટે આઇ.એફ.એમ.એસ. સિસ્ટમ મારફતે કરવામાં આવે છે. રાજયના અંદાજે સાડા ચાર લાખથી વધુ પેન્શનરોને દર માસે રૂ.૨૦૦૦ કરોડ પેન્શનનું ચૂકવણું તિજોરી કચેરી દ્વારા ઇ-પેમેન્ટથી સીધેસીધું પેન્શનરના ખાતામાં સમયસર જમા કરવામાં આવે છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં જાન્યુઆરી-૨૦૨૪ સુધીમાં રાજ્ય સરકાર દ્વારા પેન્શનરોને કુલ રૂ.૨૦૫૮૧ કરોડ નિવૃત્તિના લાભો પેટે ચૂકવી આપવામાં આવેલ છે. પેન્શનરોને ઘેરબેઠા તેઓ સિનિયર સિટીઝન હોવાથી, તેમની ઉંમર હોવાથી, તબિયત સારી ન હોવાથી તે લોકો પોતાની હયાતીનો દાખલો આપી શકે તે માટેની વ્યવસ્થા અમારી સરકારે કરી છે. તે માટે અમારી સરકારે જીવન પ્રમાણ પોર્ટલની સુવિધા ઉપલબ્ધ કરાવેલ છે. પેન્શનરોને થતી વિવિધ ચૂકવણીઓ જેવી કે, પેન્શનનું મૂડીકૃત રૂપાંતર, ગ્રેજ્યુઇટીની રકમ વગેરેની ચૂકવણી ઇ-પેમેન્ટથી કરવામાં આવે છે. દરમાસની પહેલી તારીખે પેન્શનની રકમ પેન્શનરોના ખાતામાં અચૂક રીતે જમા કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાણાં વિભાગ હેઠળ તિજોરીઓ તથા હિસાબી સંલગ્ન સંચાલન માટે વર્ષ ૧૯૬૦થી નિયામક હિસાબ અને તિજોરીઓનું તંત્ર કાર્યરત કરેલ છે. આ તંત્ર દ્વારા ૩૩ તિજોરીઓ, ૧૬૫ પેટા તિજોરી કચેરીઓ મારફત રાજ્ય સરકારની આવકો સ્વીકારવાની અને ખર્ચ અંગેના બિલોને લગતી કામગીરી કમ્પ્યુટરાઇઝ સિસ્ટમથી કરવામાં આવે છે. ગુડઝ એન્ડ સર્વિસીસ ટેક્સ અંતર્ગત રાજ્યની આવકોના એકાઉન્ટિંગ માટે અલાયદી ઇ-પે એન્ડ એકાઉન્ટિંગ ઓફિસ ગાંધીનગર ખાતે કાર્યરત છે. રાજ્યની કરની સમયસર ઓનલાઇન વસૂલાત માટે ઓનલાઇન સાયબર ટ્રેઝરી પોર્ટલ કાર્યરત છે. જે અંતર્ગત જી.એસ.ટી., પ્રોફેશનલ ટેક્સ, રોયલ્ટી, રોડ ટેક્સ, લેબર ફી, સિક્યોરિટી ડિપોઝિટ, સ્ટેમ્પ ડયૂટી વગેરે આવકનું ઓનલાઇન કલેકશન થાય છે. આ કચેરીઓમાં મુલાકાત લેતા નાગરિકોની સુવિધાઓ વધારવા માટેનું આયોજન કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્યના અગત્યના જાહેર સાહસની વાત કરું તો માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજીનું સપનું હતું અને તેમણે અદ્યતન ગિફ્ટ સિટીની કલ્પના કરી હતી તે સાકાર થવા જઇ રહી છે. આજે વિશ્વની નામાંકિત બેન્કો, ઇન્શ્યોરન્સ કંપનીઓ તેમજ બે આંતરરાષ્ટ્રીય એક્સચેન્જ અહીં કાર્યરત છે. નવી બિઝનેસ ગતિવિધીઓ જેવી આરબીટ્રેશનની સુવિધાઓ, એરક્રાફ્ટ, શીપ લિઝિંગને મંજૂરી આપવામાં આવેલ છે. દેશનું સૌ પ્રથમ બુલિયન માર્કેટ પણ ગિફ્ટ સિટીમાં શરૂ થયેલ છે. તેથી આવનારા દિવસોમાં ગુજરાત વૈશ્વિક નાણાકીય વેપારનું સૌથી મોટું કેન્દ્ર બનશે. મુંબઇ કરતાં પણ આગળ વધશે તેવી ચોક્કસ આગાહી કરી શકાય છે. હું અંતમાં કહીશ કે નાણાં અને ઊર્જા વિભાગની માગણીઓ પરની ચર્ચા દરમ્યાન પક્ષના અને વિપક્ષના જે કોઇ મિત્રોએ પોતાના મંતવ્યો કે સૂચનો રજૂ કર્યાં છે તે માટે સૌનો આભાર માનું છું. રજૂ થયેલા રચનાત્મક, હકારાત્મક સૂચનોને આવકારું છું અને તેના અમલ માટે યોગ્ય વિચારણા કરીશું. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની લોકપ્રિય સરકારે જ્ઞાન એટલે કે, ગરીબ, યુવા, અન્નદાતા અને નારી શક્તિના વિકાસ માટે આ બજેટમાં ખાસ ભાર મૂકેલ છે ત્યારે વિપક્ષના સાથી મિત્રોએ રજૂ કરેલ કાપ દરખાસ્તો પરત ખેંચે તેવી મારી નમ્ર વિનંતી છે. મેં રજૂ કરેલી માગણીઓને આપ સૌ સર્વસંમતિથી મંજૂર કરો તેના માટે નમ્રપણે સભાગૃહને અનુરોધ કરું છું. વંદે માતરમ્ , જય જય ગરવી ગુજરાત.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, અમારા દરિયાકાંઠા ઉપર બગીચાઓમાં ખારાશને કારણે વાયર વધારે બગડે છે. એલડીસીસી કન્ડકટર જે અત્યારે જયોતિગ્રામમાં આપે છે તો તેને ખેતીમાં સ્પેશિયલ પેકેજમાં આપવામાં આવે તો વધારે ફાયદો થાય. અમારે ત્યાં આદિવાસીઓમાં સીદી બાદશાહની વસતિ છે જે મોટા ભાગે જંગલમાં રહે છે. તેમને આપણે વીજળીના કનેકશન આપીએ છીએ, પણ ૬૫૦૦ રૂપિયા ફીક્સ ચાર્જ વસૂલવામાં આવે છે. તો આવો ચાર્જ તેમની પાસેથી વસૂલ ન કરવામાં આવે તેવી વ્યવસ્થા થાય તેવું મારું સૂચન છે.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરવા માગું છું કે, ધાર્મિક જગ્યા પર લાઇટ આપવાની યોજના હતી તેમાં અમુક કનેકશન રહી ગયા છે તે અપાવવા વિનંતી છે. બીજું અમારે ત્યાં ઉડાપા જે ગરીબ માણસો છે, અતિપછાત છે તેમને કનેકશન આપવાના બાકી રહી ગયા છે તે કનેકશન આપવા વિનંતી છે.

અધ્યક્ષશ્રી : સચિવશ્રીઓને ધ્યાનમાં હશે કે, આ પ્રશ્નો પૂછાઇ રહ્યા છે તે આપે લખવાના છે. ધારાસભ્યની માગણી ઉપરની પ્રાયોરિટી છે. તેના નોટિંગ થાય. તેનું રિપોર્ટિંગ વિધાનસભા થ્રુ આપવાનું થશે. માનનીય મંત્રીશ્રીએ ધારાસભ્યશ્રીઓને જવાબ આપવાના થશે. એટલે આપના ધ્યાન ઉપર આ બાબત રહે.

શ્રી મોહનભાઇ ધ. ઢોડિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન એ છે કે, અંબાજીથી ઉમરગામ સુધીના આદિવાસી વિસ્તારમાં નાના સીમાંત ખેડૂતો રહે છે એની જમીનનું વેચાણ થઇ ગયેલું છે અને ૭/૧૨માં નામ પણ આવી ગયેલ હોય અને

પોતાને સ્વતંત્ર અધિકાર મળી ગયો હોવા છતાં વીજ કનેકશન માટે સંમતિ માગવામાં આવે છે પરંતુ ઘણી વખત સંમતિ આપતા નથી એના કારણે કેટલાક ખેડૂતો વીજ કનેકશનથી વંચિત રહી ગયા છે. તો જેનું વેચાણ થઇ ગયેલું છે, ખેડૂતને સ્વતંત્ર અધિકાર મળી ગયેલ છે છતાં કનેકશન મેળવી શકતા નથી તો જે તે ખેડૂત કૃષિ વીજ જોડાણની માગણી કરે તો સંમતિ વગર આપવામાં આવે એવી વિનંતી છે.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર દરિયાઇ પટ્ટી છે અને ગીરના જંગલના પણ ૧૮ ગામડાં મારા વિસ્તારમાં આવેલ છે એમાં વાડી વિસ્તારમાં કેબલ નાંખવામાં આવે તો ફોલ્ટના પ્રશ્નો ન રહે અને લાઇટ પણ મળી રહે એટલે એનો પણ પ્રશ્ન ન રહે.

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, છોટા ઉદેપુર અને પાવી–જેતપુર તાલુકામાં ખૂબ લાંબી લંબાઇના વીજ ફિડર છે તેનું વિભાજન કરી ફિડરનું અંતર ટૂંકું કરવામાં આવે અને બીજું આદિવાસી ખેડૂતોને સિંચાઇ માટે સોલર વીજ મોટર આપવી જોઇએ.

શ્રી ડી.કે.સ્વામી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, મારા વિસ્તારમાં હવેલી ટપ્પા નામનો એક આખો વિભાગ આવેલો છે, જેમાં ૫૦થી ૬૦ હજાર લોકોની ત્યાં વસતિ છે તો આ વિસ્તારમાં એક પણ સબ સ્ટેશન આવેલું નથી ત્યારે નવું એક સબ સ્ટેશન જો આપવામાં આવે તો આ વિસ્તારના લોકોને વીજળીનો લાભ મળી શકે એમ છે.

શ્રી કેશાજી શિ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપનીના બે પ્રશ્નો છેઃ એક તો દિયોદર ખાતે વિભાગીય કચેરી શરૂ કરવી જોઇએ અને લાખણી ખાતે સબ ડિવિઝન છે એનું વિભાજન કરીને એક અને બે બનાવવાની જરૂર છે અને ત્રીજું દિયોદર ખાતે પેટા તિજોરીનું જે મકાન છે એ લાંબા સમયથી બંધ છે તો એ નવું બનાવવું જોઇએ.

શ્રીમતી મનીષા રા. વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, લગભગ બે વર્ષ પહેલા મારા વિસ્તારમાં સંચાજીપુરા સબ સ્ટેશનની માગણી કરી હતી એ કોર્પોરેશનની જમીન પર સબ સ્ટેશન બનાવવાની માગણી કરી હતી અને કોર્પોરેશને જમીન પણ આપી દીધી છે અને પૈસા પણ ભરી દેવામાં આવ્યા છે તો વહેલીતકે સંચાજીપુરા સબ સ્ટેશન બનાવવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, નગરપાલિકા વિસ્તારો હોય છે એમાં ટાઉન પ્લાનિંગ વખતે સબ સ્ટેશન રાખવાની જોગવાઇ નથી હોતી એટલે રસ્તામાં આપણે રાખવું પડે છે અને એને કારણે અકસ્માતો પણ થાય છે તો ઊર્જા વિભાગ છે એ શહેરી વિકાસ વિભાગ સાથે ગોઠવણ કરીને જે તે ટી.પી.સ્કીમમાં સબ સ્ટેશનો રાખવાની જોગવાઇ કરીને મલ્ટી સ્ટોરેજ બિલ્ડિંગ થતા હોય એમાં કે બીજી જગ્યાએ થઇ શકે એવી ગોઠવણ કરે જેથી અકસ્માતો ઓછા થાય. કાંઠાળ વિસ્તારની અંદર ખુલ્લા વાયરોને કારણે વારંવાર ટ્રીપિંગ થવાના પ્રશ્નો સર્જાય છે તો કાંઠાળ વિસ્તારનાં ગામડાં હોય કે શહેર હોય એ બધી જ જગ્યાએ કેબલ અંડર ગ્રાઉન્ડ નાંખી આપવામાં આવે એવી મારી માગણી છે અને મારા મત વિસ્તારમાં બગવદરના સબ ડિવિઝનમાં સૌથી વધારે ગ્રાહકો છે તો એ સબ ડિવિઝનના બે ભાગ કરવાની માગણી ઘણા વખતથી પેન્ડિંગ છે તો એ મંજૂર કરે એવી વિનંતી છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં માળિયા તાલુકો છે અને બે વિભાજન છે. કાંટીલાના ૧૫ ગામને દહીસરા જવું પડે છે, તો બિલ અને નાની મોટી ફરિયાદ માટે જેતપર ડિવિઝનમાં એનો સમાવેશ કરવામાં આવે અને બીજું આખા સૌરાષ્ટ્રમાં વધારેમાં વધારે વીજ પુરવઠો અમારા મોરબીમાં વપરાય છે લગભગ ૩૦ ટકા તો ત્યાં ડિવિઝન ઓફિસ આપવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી બલરાજસિંહ ક. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને એક વિનંતી છે કે, દહેગામમાં ડિવિઝન ઓફિસ મંજૂર થયેલી છે એ સત્વરે ચાલુ કરવામાં આવે. બીજું દહેગામ ટ્રેઝરી ઓફિસ ચાલુ હતી પણ બંધ કરી દેવામાં આવી છે તો એ પણ ફરી ચાલુ થાય એવી વિનંતી છે.

શ્રી અમિત શાહ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે અમદાવાદ શહેરમાં વચ્ચેથી જે ગ્રીડની લાઇન જાય છે મારી અમદાવાદની સૌથી મોટી સોસાયટી માણેકબાગ સોસાયટી અને આજુબાજૂની ૨૦ સોસાયટીવાળાએ હમણાં મારી સાથે મિટિંગ કરીને માગણી કરી હતી કે આ લાઇન હટાવવામાં આવે તો એ લોકોને ઘણા બધા ફાયદા થાય એવા છે તો આવું કોઇ પ્લાનિંગ છે કે કેમ ?

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, જે રીતે માનનીય મંત્રીશ્રીએ હમણાં કહ્યું કે ઉકઇના જળાશયમાં ફલોટિંગ સોલર પેનલ નાંખવાની વાત કરી તો શું અમારા વડોદરા શહેરની આસપાસ આવેલી પીવાના પાણીના સોર્સ જે આજવા સરોવર છે તેમાં પણ કન્સિડર કરી શકાય કે જેનાથી ફોટો પ્રેપોન અને અલગેનું પ્રોપોગેશન અટકાવી શકાય છે. બીજુ પૂછવું છે કે હાલમાં અમારા વડોદરા શહેરમાં ડિજિટલ મીટર નાંખવાની પ્રક્રિયા ચાલી રહી છે જેમાં સેવા વસતિઓમાં શું આપણે આ ડિજિટલ મીટર આપી અને પ્રિ–પેઇડ સિસ્ટમ આપીએ તો શું એટલી કારગત થઇ શકે?

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરવા માગું છું કે, ગોંડલ તાલુકાનો લુણાવાવ ગામ માટે સબ–ડિવિઝનની માગણી કરેલી છે તે ઘણા વખતથી પેન્ડિંગ છે અને બીજુ ત્યાં ૬૬

કે.વી.સબ–સ્ટેશન તૈયાર થઇ ગયું છે પણ તે એક ઉદઘાટન કરવાના વાંકે બંધ છે તો વહેલી તકે ઉદઘાટન થાય એવી મારી વિનંતી છે.

શ્રી ગૌતમભાઇ ગો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, સૌરાષ્ટ્રનો દરિયાકાંઠાનો પટ્ટો ભાવનગરથી લઇ અને દ્વારકા સુધી તે દરિયાકાંઠાનો પટ્ટો છે અને ચોમાસા દરમિયાન ત્યાં વાવાઝોડાની વધારે અસર થતી હોય છે અને ચાર મહિના પવન પણ વધારે ફૂંકાતો હોય અને નાળિયેરના બગીચા અને મોટાં ઝાડ આવેલા છે તેની વચ્ચેથી જે વીજ લાઇનો જતી હોય તો જો તેને અન્ડર ગ્રાઉન્ડ કરવામાં આવે તો મોટા ભાગના પ્રશ્નો હલ થાય આ મારી મંત્રીશ્રીને વિનંતી છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, દિવસે લાઇટ મારા ભોગંબા તાલુકા અને કાલોલમાં આવે છે પણ સમગ્ર વિસ્તારને દિવસે લાઇટ આપો એવી મારી વિનંતી છે.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે મારે એક મંત્રીશ્રીને વિનંતી છે કે, જે અમારા મોટાભાગે પંચમહાલ જિલ્લામાં જંગલ વિસ્તાર છે મારા મત વિસ્તારમાં બોરીઘા,બુધલ અને મહુલિયા એ સબ સ્ટેશન તૈયાર થઇ ગયા છે પણ જંગલ ખાતાનું સંકલન કરીને વહેલી તકે તે સબ સ્ટેશન ચાલુ થાય એવી મારી વિનંતી છે.

ડો. દર્શિતાબેન પા. શાહ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે, પી.જી.વી.સી.એલ.ના જે નિવૃત્ત કર્મચારીઓ છે તેમને પી.જી.વી.સી.એલ.ની કિલનિકમાં મેડિકલ સહાય મળતી નથી તો એ સહાય આપવા માગો છો કે કેમ ?

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, મારા મત વિસ્તારમાં થરા નગરપાલિકા છે જયાં અમુક વિસ્તાર કૃષિ વીજ જોડાણ હેઠળ લાઇટ મળે છે તો એ જોડાણોને સિટી ફિડરમાં સમાવેશ કરવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને કહેવા માગું છું કે, જૂનાગઢ ગીરનાર વિસ્તારની આજુબાજુ જૂનાગઢ તાલુકાના ગામો છે અને જંગલ વિસ્તાર છે તો ત્યાં દિવસના લાઇટ મળે તેવી વ્યવસ્થા થાય.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનો પહેલાં તો આભાર માનું કે મારા વિસ્તારમાં વોર્ડ નંબર–૬માં ૬૬ કે.વી.ની લાઇન જે રહેણાંક વિસ્તારમાં હતી તો નીચે કોમ્યુનિટી હોલ હોય, માર્કેટ હોય એમાં મારી રજૂઆતના આધારે તાત્કાલિક તેમણે દૂર કરવાની મંજૂરી આપી અને તેનું ટેન્ડર પણ થઇ ગયુ છે તો ઝડપથી એ લાઇન દૂર થાય એવી મારી વિનંતી છે.

શ્રી ભીખાભાઇ ર. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારું એક સૂચન છે મારા પાલિતાણામાં એક વિભાગીય કચેરી છે એમની નીચે આઠ પેટા વિભાગીય કચેરી આવેલી છે. એમાં ૨૪૪ ગામડાં છે અને ૩ શહેર છે તેમાં એક નવા ડિવિઝન માટે વર્ષ–૨૦૨૧માં માગણી પણ કરેલી છે તો માનનીય મંત્રી સાહેબને વિનંતી છે કે, તાત્કાલિક તેમની મંજૂરી આપે. બીજું મારું એક સૂચન છે કે માનનીય જીતુભાઇએ અમને કૉલેજ આપ્યા પછી અત્યારે એફ.વાય. અને એસ.વાય.માં ૭૫૦ વિદ્યાર્થીઓ ભણી રહ્યા છે. એના માટે અમને જમીન પણ મળી ગઇ છે. તો આ મકાનના બાંધકામની જોગવાઇ કરે એવી મારી વિનંતી છે.

શ્રીમતી નિમિષાબેન  મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ટ્રાયબલ વિસ્તાર છે અને છૂટોછવાયો વિસ્તાર છે. જ્યોતિગ્રામ યોજના હેઠળ પોતાના જ ખેતરમાં મકાન બનાવવાનું હોય ત્યારે જીવન જ્યોતિગ્રામ યોજના હેઠળ કનેક્શન લેવાનું થતું હોય છે. તો ૧૦૦ મીટરથી વધારેની ત્રિજ્યામાં ફિડરની જરૂર હોય ત્યારે અરજદાર ઉપર ખર્ચ પડતો હોય છે તો એમાં સુધારો કરવામાં આવે. બીજું કે ટ્રાયબલ અને નોન ટ્રાયબલ વિસ્તારમાં છૂટાછવાયા વિસ્તારમાં ૧૦ ઘર હોય તો એને જીવન જ્યોતિ ગ્રામ યોજનામાં વીજ કનેક્શન લેવામાં આવે છે ત્યારે ટી.ડી.ઓ. પાસેથી એને પ્રમાણિત કરવાનું હોય છે. ટી.ડી.ઓ. જ્યારે મંજૂરી ન આપે ત્યારે આવા અરજદારને પણ ખર્ચ માથે પડતો હોય છે અને એ ભરી ના શકે એવી પરિસ્થિતિ થતી હોય છે. એમાં પણ થોડો સુધારો કરે તો એવા વિસ્તારમાં ઉપયોગી થાય.

શ્રી અનિરુદ્ધ ભા.દવે : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તારમાં મુંદ્રા ઔદ્યોગિક રીતે ખૂબ મોટો વિસ્તાર થયો છે અને ત્યાં લૉડ પણ ખૂબ વધ્યો છે એટલે ત્યાં બે ડિવિઝન કરવામાં આવે. ઉપરાંત ઘોરાડ (ગ્રેટ ઇન્ડિયન બસ્ટર્ડ) નામના પક્ષીનો જે વિષય છે એમાં સુપ્રીમકોર્ટે ના નથી પાડી કે ખેડૂતોને કનેક્શન ન આપો પણ ત્યાં એ.બી.સી.થી કનેક્શન આપી શકાય. તો ખેડૂતોને ઝડપથી કનેક્શન મળે એ માટે મારી વિનંતી છે. બીજું કે સોલર લગાવવા માટે જેમ ઘરને સબસિડી આપીએ છીએ એમ દુકાનદારોને અને વેપારીઓને પણ સબસિડી આપીએ તો વધારે ફાયદો થશે. વિશેષમાં કચ્છ જિલ્લો મોટો છે. તો રસ્તાઓ માટે અને અન્ય ખર્ચ માટે વધારે નાણા ફળવાય એવી વિનંતી છે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય મંત્રીશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પોરબંદરને મહાનગરપાલિકા તરીકે જાહેર કરેલી છે ત્યારે વેરાવળ, પાટણ, ભિડીયા મોટો વિસ્તાર છે, ત્યાં નગરપાલિકા છે અને વચ્ચે એક ભાલપરા ગ્રામ પંચાયત પણ આવેલી છે, જ્યાં અંદાજિત ૨૫,૦૦૦ની વસતી છે તો આ સંયુક્તને મહાનગરપાલિકા તરીકે જાહેર કરવામાં આવે કારણ કે, આખા વિશ્વમાંથી ત્યાં દાદાના દર્શન કરવા માટે લોકો આવતા હોય છે ત્યારે એનો વિકાસ સારી રીતે થઇ શકે.

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ )

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને મારી રજૂઆત છે કે મારા શંખેડા મત વિસ્તારમાં નસવાડી તાલુકામાં ૨૧૨ ગામ આવે છે. ત્યાં હયાત ફિડરો છે અને કૃષિ જોડાણોમાં લોડની ખૂબ તકલીફ પડે છે. તો ત્યાં બે ફીડરો આપવા માટે મારું સૂચન છે.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ગ્રામીણ હોઇ બે ફિડરમાંથી એક ગામનો સમાવેશ કરવામાં આવે છે તો એક જ ફિડરમાં સમાવેશ કરો જેથી કરીને ગામ લોકો હેરાન થતા હોય એ ના થાય.

શ્રી મહેશભાઇ સો. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, દાહોદ જિલ્લામાંથી ડિવિઝન ઓફિસનું વિભાજન કરી ઝાલોદ તાલુકાના લીંબડી મુકામે ડિવિઝન ઓફિસ શરૂ કરવા તેમજ ઝાલોદ તાલુકા કક્ષાનું આદિવાસી અદ્યતન સુવિધાવાળું ભવન મંજૂર કરવા માગણી કરું છું.

શ્રી ઇશ્વરભાઇ ર. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બારડોલી ખાતે રૂરલ અને ટાઉન એમ બે ડી.જી.વી.સી.એલ.ના વિભાગ આવેલા છે અને મને એવું જાણવા મળ્યું છે કે બંનેને મર્જ કરવાના છે. પરંતુ ટાઉનમાં ૩૬,૦૦૦થી વધુ ગ્રાહકો છે અને રૂરલમાં ૪૦,૦૦૦થી વધુ ગ્રાહકો છે. રૂરલમાં એક ડેપ્યુટી એન્જિનિયર અને બે જુનિયર એન્જિનિયરોની જગ્યા ખાલી છે. એને યથાવત રાખવામાં આવે અને ખાલી જગ્યા ભરવામાં આવે એવું મારું વિનમ્ર સૂચન છે.

શ્રી પરષોત્તમભાઇ ખેં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારા મત વિસ્તાર વણોદની આજુબાજુ અનેક ઔદ્યોગિક એકમો આવ્યા છે. ત્યાં એક દસાડા સબ ડિવિઝન છે. તો વણોદને સબ ડિવિઝન આપવામાં આવે એના માટે વર્ષોથી માગણી છે.

શ્રી શિવાભાઇ જે. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા મહુવા શહેરમાં અઢી લાખની વસતી છે. અમે બે બે વર્ષથી ૬૬ કે.વી.ની માગણી કરીએ છીએ, જમીન પણ બતાવી છે તો તાત્કાલિક શરૂ કરવામાં આવે તેવી મારી આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી છે.

ડો. દર્શના ચં. દેશમુખ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ૧૪૮–નાંદોદ વિધાનસભા વિસ્તારના ગરુડેશ્વર તાલુકાના માકડઆંબા ગામમાં ૧૫૦ ઘરની આશરે ૪૫૦ની વસતી છે. આ વિસ્તારને વીજ જોડાણ આપવામાં આવે તેવી વિનંતી કરું છે.

શ્રી કનૈયાલાલ બ. કિશોરી : માનનીય અધ્યક્ષશ્રી, મારા દાહોદ મત વિસ્તારમાં મોટાભાગે ચેકડૅમ આધારિત સિંચાઇ થતી હોય છે. તેમાં દિવાળી થી હોળીના સમયમાં ખાસ વીજળીની જરૂર પડે છે. કારણ કે હોળી પછી કોતરોમાં પાણી હોતું નથી. આ સમય દરમિયાન વીજળીના કલાકોમાં વધારો કરવામાં આવે તેવું મારું સૂચન છે. આ સિવાય દાહોદ નગરપાલિકાને સ્માર્ટ સિટી તરીકે જાહેર કરવામાં આવેલ છે. આવનાર સમયમાં દાહોદને પણ મહાનગરપાલિકા તરીકે જાહેર કરવામાં આવે તેવી વિનંતી છે.

શ્રી દુર્લભભાઇ હ. દેથરિયા : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લો એક ઔદ્યોગિક હબ છે અને ત્યાં બહુ મોટી ઇન્ડસ્ટ્રીઝ આવેલી છે. તાજેતરમાં સિરામિકની ૩૫ થી ૪૦ નવી ઇન્ડસ્ટ્રીઝ આવે છે. એક ઇન્ડસ્ટ્રીઝમાં ત્રણ હજાર કિલોવૉટના કનેક્શનની જરૂર છે. આ રીતે કુલ ૮૦–૯૦ હજાર કિલોવૉટની માંગ ઊભી થવાની છે. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ ઉદ્યોગોને સમયસર કનેક્શન મળે તેવી વ્યવસ્થા કરવામાં આવે. પી.જી.વી.સી.એલ.માં મોરબી જિલ્લો પ્રથમ નંબરે છે તો મોરબીને એક સર્કલ ઓફિસ આપવામાં આવે અને મારા વિસ્તારમાં પડધરી તાલુકામાં એક સબ ડિવિઝન છે તો આ મોટા વિસ્તારને એક બીજી સબ ડિવિઝન ઓફિસ આપવામાં આવે તેવી પણ વિનંતી છે.

શ્રી કિરીટસિંહ સ. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારથી ધોળકા જી.આઇ.ડી.સી. બની ત્યારથી જેટકો મારફત ડબલ ચાર્જ લેવામં આવે છે. મારી આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે જેટકો અને જર્ક બંને મળીને ઝડપી નિર્ણય કરીને અન્ય જી.આઇ.ડી.સી.ની માફક સામાન્ય ચાર્જ લેવામાં આવે તેવી વ્યવસ્થા કરવામાં આવે.

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, મારો મત વિસ્તાર ૮૪–વિધાનસભા આખા રાજ્યમાં સૌથી મોટો વિસ્તાર છે. સૂરત શહેરમાં એક સિટી પ્રાંત કચેરી છે, બીજી બનાવવાની દરખાસ્ત આપી છે તો ઝડપથી મંજૂરી મળે તેવી વિનંતી છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ઉધના વિસ્તાર બહુ મોટો ઔદ્યોગિક વિસ્તાર છે અને અત્યારે અપગ્રેડ થઇ રહ્યો છે. ગોવાલક અને મારૂતિ ઇન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં બે પ્લોટ ફાળવવામાં આવેલ છે. તેના માટે એક ડિવિઝન, સબ સ્ટેશન બનાવવામાં આવે તેવી વિનંતી છે. મારી બીજી માગણી એ છે કે મારા વિસ્તારમાં બે હાઇટેન્શન લાઇન આવેલી છે. મેં માનનીય મંત્રીશ્રી અને જેટકોને વારંવાર વિનંતી પણ કરેલી છે કે અન્ડર ગ્રાઉન્ડ કરીને ઝડપી નિરાકરણ લાવવામાં આવે.

**કાપ દરખાસ્તો ક્રમાંક–૨, ૫, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૪, ૨૫ અને ૨૬ મત માટે મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક– ૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭ અને ૧૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

માગણીઓ ઉપર ચર્ચા અને મતદાન (બારમો અને છેલ્લો દિવસ )

**ગિલોટીન કરેલી માગણીઓ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૪-૨૫ના વાર્ષિક નાણાકીય માગણીઓના પત્રકમાં કુલ ૧૦૮ માગણીઓનો સમાવેશ થયેલો છે. એમાંથી ૫૩ માગણીઓ ચર્ચા દ્વારા પસાર કરવામાં આવેલી છે. બાકી રહેતી ૫૫ માગણીઓ પૈકી ૦૨ માગણીઓ બિન મતપાત્ર હોવાથી એ સિવાયની બાકી રહેતી કુલ ૫૩ માગણીઓ માગણી ક્રમાંક -૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ હું મતદાન માટે રજૂ કરું છું.

**માગણી ક્રમાંક- ૧, ૭, ૮, ૧૧, ૧૪, ૧૯, ૨૧, ૨૪, ૨૫, ૨૮, ૩૨, ૩૪, ૩૫, ૩૮, ૪૧, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૫૨, ૫૩, ૫૫, ૫૬, ૫૮, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૮, ૬૯, ૭૨, ૭૩, ૭૬, ૭૭, ૮૦, ૮૧, ૮૨, ૮૩, ૮૪, ૮૮, ૯૦, ૯૧, ૯૪, ૯૭, ૯૯, ૧૦૦, ૧૦૩, ૧૦૪, ૧૦૬ અને ૧૦૮ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : હું રાજ્ય વિધાનમંડળને લગતી માંગણી ક્રમાંક-૩૬ અને ૩૭ રજૂ કરુ છું.

**માગણી ક્રમાંક- ૩૬ અને ૩૭ મત માટે મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી : મારે જાહેરાત કરવાની છે. આજની પ્રથમ બેઠકના વિરામ સમયમાં માનનીય સભ્યશ્રી દુર્લભભાઇ હ. દેથરીયા તરફથી બપોરના ભોજનનું આયોજન વિધાનસભાના ચોથા માળે કરવામાં આવેલ છે. તમામ ધારાસભ્યશ્રીઓને પધારવા એમણે નિમંત્રણ આપ્યું છે એટલે સૌ સભ્યશ્રીઓને પધારવા વિનંતી છે.

**આર્ટીકલ-૩૭૦ ફિલ્મના શોના આયોજન અંગે**

એક આર્ટિકલ-૩૭૦ના ફિલ્મના સ્પેશિયલ શોનું આયોજન આજ રોજ તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ સાંજે ૭.૧૫ કલાકે સ્ક્રીન નં-૩, સિનેમેક્સ થિયેટર, સુમન ટાવર, સેક્ટર-૧૧, ગાંધીનગર ખાતે કરવામાં આવેલ છે. જેમાં સર્વે ધારાસભ્યશ્રીઓને સહપરિવાર ઉપસ્થિત રહેવા નિમંત્રણ છે. સભાગૃહની પ્રથમ બેઠકનું કામકાજ પૂર્ણ થાય છે અને સભાગૃહ બીજી બેઠક માટે નિયત કરેલ સમય બપોરના ૨.૩૦ કલાકને બદલે બપોરના ૨.૦૦ કલાકે ફરી મળશે. આ સમયના ફેરફારની જાણ માનનીય દંડકશ્રીઓના માધ્યમથી માનનીય મંત્રીશ્રીઓને અને માનનીય સચિવશ્રીઓને કરવામાં આવે.

**સભાગૃહની પહેલી બેઠકનું કામકાજ બપોરના ૧૨.૩૩ વાગ્યે પૂરું થતાં સભાગૃહ માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૨-૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪**

**ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે**

**બીજી બેઠક**

**સભાગૃહ બપોરના ૨-૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં સબસિડી**

* **15/4/2078 શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ**) **કાલોલ : (માનનીય ઉર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

પ્રશ્ન

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં કેટલા ખેડૂતોને વીજ બીલમાં રાહત પેટે કેટલી સબસિડી આપવામાં આવી ?

જવાબ

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં રાહત પેટે ચુકવવામાં આવેલ સબસિડીની વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | ખેડૂતોની સંખ્યા | સબસિડીની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૨ | ૨૭,૪૧૭ | ૨૯.૯૧ |
| ૨૦૨૩ | ૨૯,૩૬૩ | ૩૭.૯૪ |

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યના ખેડૂતોને વીજ બિલમાં કયા કયા પ્રકારની કેટલી સહાય કરવામાં આવે છે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત એ જગતનો તાત છે. ખેડૂત ખેતરમાં રાત-દિવસ મજૂરી કરી વિવિધ ખેતપેદાશો દ્વારા સમાજની જરૂરિયાતો પૂરી પાડે છે. ખેડૂતને તેના ખેતપેદાશની પડતર કિંમત નીચી આવે અને જેના કારણે ખેડૂતને તેની વિવિધ ખેતપેદાશોનું યોગ્ય વળતર મળે તેમજ પરોક્ષ રીતે ખેતપેદાશો આધારિત ચીજવસ્તુઓની કિંમતનો દર સામાન્ય વ્યકિતને પોષાય એવો જળવાઇ રહે તે માટે ખેડૂતો તેમજ સામાન્ય વ્યકિતના વિશાળ હિતમાં ખેડૂતોને વીજ બિલમાં નીચે મુજબની રાહતો આપવામાં આવે છે.

રાજ્યમાં ખેડૂતો માટે બે પ્રકારના વીજદર છેઃ એક હોર્સપાવર આધારિત અને બીજું મીટર આધારિત. હોર્સપાવર આધારિત વીજ બિલ ભરતા ખેડૂતો માટે ગુજરાત વીજ નિયમન આયોગ દ્વારા જાહેર કરેલ વીજ દર રૂ.૨૪૦૦ પ્રતિ હોર્સપાવર્સ, પ્રતિવર્ષ છે, પરંતુ તેમાં ખેડૂતોને રાહત આપવામાં આવેલ છે. જે મુજબ આયોગે નક્કી કરેલા ૨૪૦૦ પ્રતિ હોર્સપાવર્સ, પ્રતિવર્ષના દરને બદલે ખેડૂતોએ ફક્ત ૬૬૫ પ્રતિ હોર્સપાવર્સ, પ્રતિવર્ષના દરથી વીજ બિલ ભરવાનું રહે છે તેમજ વીજદરના તફાવતની રકમ રૂ.૧૭૩૫/- પ્રતિ હોર્સપાવર્સ, પ્રતિ વર્ષ ખેડૂતો વતી રાજ્ય સરકાર સબસિડી સ્વરૂપે ગુજરાત ઊર્જા વિકાસ નિગમને ચૂકવી આપે છે. વીજ ઉત્પાદન ખર્ચમાં વધારાના કારણે વીજ કંપનીઓને થતાં ખર્ચને પહોંચી વળવા માટે વીજ ગ્રાહકો પાસેથી ગુજરાત વીજ નિયમન આયોગ ફોર્મ્યુલા મુજબ વીજ બિલમાં ફ્યુઅલ સરચાર્જની રકમ વીજ ગ્રાહકે ભરવાની થતી હોય છે. પરંતુ રાજ્યના ખેડૂતોને ફ્યુઅલ સરચાર્જ ભરપાઇ કરવામાંથી રાજ્ય સરકાર દ્વારા મુક્તિ આપવામાં આવેલ છે. પૂરેપૂરી રકમ રાજ્ય સરકાર ખેડૂતો વતી સબસિડી સ્વરૂપે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડને ચૂકવે છે. ખેડૂતોને વીજ બિલમાં ઇલેક્ટ્રિસિટી ડ્યૂટી ભરવામાંથી સંપૂર્ણ મુક્તિ આપવામાં આવેલી છે. રાજ્યના ખેડૂતોના વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૨૧-૨૨માં રૂ. ૬૬૫૬ કરોડ અને વર્ષ ૨૦૨૨-૨૩માં રૂ.૮૨૩૩ કરોડ એમ કુલ મળી બે વર્ષમાં રૂ.૧૪,૮૮૯ કરોડની સબસિડી આપવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૨માં રાજ્યના ખેતીવાડી જોડાણ ધરાવતા ખેડૂતોની સંખ્યા ૬ લાખ હતી તેની સામે... (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ સ્કૉપ ઓપન કરી રહ્યા છો. આખા રાજ્યનો પ્રશ્ન બનાવી રહ્યા છો. માનનીય સભ્યશ્રીઓ પછી પંચમહાલ જિલ્લામાંથી આખા રાજ્યનો પ્રશ્ન પૂછશે. એટલે આપ પંચમહાલ જિલ્લા પૂરતું જ રાખશો તો વધારે સારું રહેશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ સ્કીમ આખા ગુજરાત રાજ્યમાં લાગુ પડે છે.

અધ્યક્ષશ્રી : તો પછી માનનીય સભ્યશ્રીઓ આખા ગુજરાત રાજ્યના પ્રશ્નો પૂછી શકશે.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આખા ગુજરાત રાજ્યના પ્રશ્ન પૂછશે તો ડેટા હશે તો આપીશ.

અધ્યક્ષશ્રી : ઠીક છે. માનનીય મંત્રીશ્રી, આ તો આપના ધ્યાનમાં રહે એટલા માટે કહું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આમ, વર્ષ ૨૦૦૨ની સરખામણીમાં ખેડૂતોને વીજ બિલમાં રાહત આપવા માટે સબસિડીમાં છેલ્લા બે દાયકામાં લગભગ પાંચ ગણો વધારો થયેલ છે. તદુપરાંત, બે દાયકામાં ખેડૂતોના વીજ દરમાં કોઇ વધારો કરવામાં આવેલ નથી. જે સરકારશ્રીની જગતના તાત પ્રત્યે લાગણી દર્શાવે છે. મીટર આધારિત વીજ બિલ

ભરતાં ખેડૂતોને વીજ બિલમાં ભરવાના થતાં ફિક્સ ચાર્જનો દર અગાઉ હોર્સપાવર દીઠ રૂ.૨૦/– હતો. આ દરમાં ઘટાડો કરવામાં આવેલ છે. ૭.૫ હોર્સપાવર્સ સુધીના વીજભાર માટે પ્રતિ હોર્સપાવર ફિક્સ ચાર્જ રૂ.૧૦/– કરવામાં આવેલ છે, જ્યારે ૭.૫ હોર્સપાવર્સથી વધુના વીજભાર માટે રૂ.૫/– પ્રતિ હોર્સપાવર્સ માસિક ફિક્સ ચાર્જ નક્કી કરવામાં આવેલ છે. આમ, મીટર આધારિત વીજબિલ ભરતા ખેડૂતોના વીજબિલમાં ભરવાના થતાં ફિક્સ ચાર્જમાં ૫૦થી ૭૫ ટકા જેટલો ઘટાડો કરવામાં આવ્યો છે.

શ્રીમતી નિમિષાબેન મ. સુથાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રાજ્યના ખેડૂતોને વીજ બિલમાં રાહત સિવાય નવા ખેતીવાડી વીજ જોડાણના એસ્ટિમેટમાં કોઇ રાહત આપવામાં આવે છે કે કેમ? અને બીજું, રાજ્યના અનુસૂચિત જાતિ અને આદિજાતિ વિસ્તારના જે ખેડૂતો છે એમના માટે નવીન ખેતીવાડી વીજ જોડાણના એસ્ટિમેટમાં કોઇ વિશેષ રાહત આપવામાં આવે છે કે કેમ?

અધ્યક્ષશ્રી : પહેલા પ્રશ્નનો જવાબ આપે આપી દીધો છે. હવે બીજો ટ્રાયબલ પૂરતો આપી દો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એક ખેતીવાડી વીજ જોડાણ આપવા માટે સરેરાશ ૧ લાખ, ૭૧ હજાર જેટલો ખર્ચ થાય છે, પરંતુ ખેડૂતને રાહત દરે વીજ જોડાણ આપવામાં આવે છે. નવા ખેતીવાડી વીજ જોડાણ માટે ખેડૂત પાસેથી વીજ લાઇન કે ટ્રાન્સફોર્મરનો કોઇ ચાર્જ લેવામાં આવતો નથી. ખેડૂત પાસેથી ફક્ત સર્વિસ કનેક્શન ચાર્જ અને એનર્જી ડિપોઝિટનાં નાણાં જ લેવામાં આવે છે. ૫ હોર્સપાવરના જોડાણ માટે એસ્ટિમેટમાં સામાન્ય જોડાણ માટે ખેડૂતે ૭૮૫૫ રૂપિયા અને ૧૦ હોર્સપાવરના જોડાણ માટે રૂ.૧૪૧૯૦ ભરવાના રહે છે. રાજ્યના અનુસૂચિત જાતિના અને આદિજાતિ વિસ્તારના ખેડૂતોને એસ્ટિમેટમાં વિશેષ રાહત આપવામાં આવે છે. અનુસૂચિત જાતિના અને આદિજાતિ વિસ્તારના ખેડૂતોને એસ્ટિમેટમાં સર્વિસ કનેકશન ચાર્જ ભરવાનો રહેતો નથી. માત્ર એનર્જી ડિપોઝિટનાં નાણાં ભરપાઇ કરવાનાં રહે છે. ૫ હોર્સપાવરના વીજ જોડાણ માટેના એસ્ટિમેટમાં અનુસૂચિત જાતિના અને આદિજાતિના ખેડૂતો માટે રૂપિયા ૧૩૫૫ ભરવાના હોય છે અને ૧૦ હોર્સપાવરના વીજ જોડાણ માટે ફક્ત ૨૧૯૦ રૂપિયા ભરવાના રહે છે. ખેડૂતોને ઉદ્યોગોની જેમ તેમના વીજ જોડાણ માટે આગવું ટ્રાન્સફોર્મર આપવામાં આવે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લાના ખેડૂતોને જે વીજ બિલમાં રાહત પેટે સબસિડી ચૂકવવામાં આવી એના આંકડા તો આપ્યા છે, પણ પંચમહાલ જિલ્લામાં તાલુકાવાર સબસિડી પેટે કેટલી રાહત આપવામાં આવી એ માનનીય મંત્રીશ્રી જણાવે?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર જોઇએ તો ગોધરા તાલુકામાં વર્ષ ૨૦૨૨માં રૂ.૪ કરોડ ૩૭ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૫ કરોડ ૩૯ લાખ. શહેરા તાલુકામાં વર્ષ ૨૦૨૨માં રૂ.૧ કરોડ ૯૩ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૨ કરોડ ૪૭ લાખ, મોરવામાં વર્ષ ૨૦૨૨માં રૂ.૧ કરોડ ૩૦ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૧ કરોડ ૭૩ લાખ, હાલોલમાં વર્ષ ૨૦૨૨માં રૂ.૫ કરોડ ૯૧ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૭ કરોડ ૫૦ લાખ, કાલોલમાં વર્ષ ૨૦૨૨માં રૂ.૭ કરોડ ૯૬ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૧૦ કરોડ ૧૨ લાખ, ઘોઘંબામાં વર્ષ ૨૦૨૨માં રૂ.૪ કરોડ ૩૧ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૫ કરોડ ૩૭ લાખ, જાંબુઘોડામાં વર્ષ ૨૦૨૨માં રૂ.૪ કરોડ ૧૫ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૫ કરોડ ૩૬ લાખ. આમ વર્ષ ૨૦૨૨માં ૨૯ કરોડ ૯૨ લાખ અને વર્ષ ૨૦૨૩માં રૂ.૩૭ કરોડ ૯૪ લાખ. બધુ મળીને રૂ.૬૭ કરોડ ૮૬ લાખની રાહત આપવામાં આવી છે.

**તાપી જિલ્લામાં સૂર્ય ગુજરાત સોલાર રૂફટોપ યોજના**

***15/4/2062 ડૉ.જયરામભાઇ ચેમાભાઇ ગામીત (નિઝર ( માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –:

| પ્રશ્ન | | જવાબ |
|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ યોજના "સૂર્ય ગુજરાત" હેઠળ તાપી જિલ્લામાં કેટલા વીજ ગ્રાહકોએ સોલાર સિસ્ટમ લગાવી, | )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રહેણાંક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ યોજના" સૂર્ય ગુજરાત" હેઠળ તાપી જિલ્લામાં કુલ **૧૩૬૩** વીજ ગ્રાહકોએ સોલાર સિસ્ટમ લગાવી. |

| | | | |
|---|---|---|---|
| )૨) | ઉક્ત સ્થાપિત થયેલ સોલાર સિસ્ટમની કુલ ક્ષમતા કેટલી છે,અને | ) ૨) | ઉક્ત સ્થાપિત થયેલ સોલાર સિસ્ટમની કુલ ક્ષમતા **૫૫૮૨**કિલો**વોટ** છે. |
| )૩( | ઉક્ત વીજ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવી? | ) ૩( | ઉક્ત વીજ ગ્રાહકોને કુલ **રૂ.૮૫૦ લાખ** સબસિડી આપવામાં આવી. |

ડો. જયરામભાઇ એ. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે સૂર્ય ગુજરાત યોજનામાં કેટલી સહાય આપવામાં આવે છે અને તાપી જિલ્લામાં ઉચ્છલ, નિઝર અને કુકરમુંડા તાલુકામાં છેલ્લાં બે વર્ષમાં કેટલા લોકોએ આ યોજનાનો લાભ લીધો છે?

અધ્યક્ષશ્રી : આપના જવાબમાં એક તો આવી ગયું છે. ૧૬૬૩ ગ્રાહકોએ એનો લાભ લીધેલો છે. એટલે એ જવાબ તો મળી ગયો છે. હવે એના પેટા પ્રશ્નમાં બાકી પૂરક હોય તો પૂછો. એના સિવાયનો બાકીનો જવાબ હોય એ આપો.

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના રહેણાક શ્રેણીના વીજ ગ્રાહકો પોતાના ઘરની છત ઉપર સોલાર પેનલ લગાવીને તેના દ્વારા સૂર્ય ઊર્જા ઉત્પન્ન કરી તેના વપરાશ થકી વીજ બિલ ઘટાડી શકે અને સ્વ વપરાશ ઉપરાંત વધારાની વીજળી વીજ કંપનીને વેચી આવક પણ મેળવી શકે. એવા ઉમદા હેતુથી રહેણાક શ્રેણીના ગ્રાહકો માટે સોલાર રૂફટોપ સબસિડી યોજના સૂર્ય ગુજરાત નામથી રાજય સરકારે જાહેર કરેલ છે. ગુજરાત સરકારે સૂર્ય ગુજરાત યોજના ઓગસ્ટ ૨૦૧૯થી શરૂ કરેલ છે. આ યોજનામાં રહેણાક શ્રેણીના વીજ ગ્રાહકો માટે સબસિડીની જોગવાઇ છે. આ યોજના અંતર્ગત રહેણાક શ્રેણીના વીજળીના સ્વ વપરાશ બાદ ગ્રીડમાં આપેલી વધારાની વીજળી કંપની દ્વારા ખરીદવામાં આવે છે. સોલાર રૂફટોપ લગાડવામાં ગુજરાત સમગ્ર દેશમાં પ્રથમ સ્થાને છે. સમગ્ર દેશની રહેણાક શ્રેણીની રૂફટોપ ક્ષમતા ૨૪૭૩ મેગાવોટ છે જે પૈકી ૨૦૨૫ મેગાવોટ ગુજરાતની છે. જે ૮૨ ટકા જેટલી છે. સમગ્ર દેશની કુલ રૂફટોપ ક્ષમતા ૧૦૬૮૧ મેગાવોટ છે, જે કોમર્શિયલ અને બધા ઘરો ઉપર થાય છે. જે પૈકી ૩૨૬૫ મેગાવોટ ગુજરાતની છે જે ૩૦ ટકા જેટલી થાય છે. અત્યાર સુધીમાં રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ યોજના હેઠળ કુલ રૂ.૫,૧૦,૬૮૫ ગ્રાહકોએ સોલાર સિસ્ટમ લગાવી વીજ ગ્રાહકોને કુલ રૂ.૩૦૮૩ કરોડની સબસિડી આપવામાં આવી. રાજયમાં સોલાર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને સ્વ વપરાશથી વીજ બિલમાં રૂ.૨૫૦૦ કરોડની રાહત થઇ છે. આમ સ્વ વપરાશ ઉપરની સૌર ઊર્જાના વેચાણથી રૂ.૩૦૦ કરોડથી વધુ આવક થઇ છે. તાજેતરમાં સૂર્યવંશી ભગવાનશ્રી રામ અયોધ્યાધામ ખાતે નિજ મંદિરમાં સ્થાપિત થયા તે અવસરે માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા પ્રધાનમંત્રી સૂર્ય ઘર અંતર્ગત એક કરોડ ઘરોને સૌર ઊર્જાથી પ્રકાશિત કરવાનું લક્ષ્ય નિર્ધારિત કરેલ છે. હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટે સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા માટે આ યોજનામાં મળતી સબસિડી રૂ. ૧૮ હજાર પ્રતિ કિલો વોટ ૧થી ૩ કિલોવોટ સુધી, રૂ.૯ હજાર સબસિડી પ્રતિ કિલો વોટ ૩થી ૧૦ કિલો સુધી, ગૃપ હાઉસિંગ સોસયટીમાં રૂ. ૯ હજાર સબસિડી પ્રતિ કિલોવોટ ૩૦૦ કિલો વોટ સુધી જેમાં તા.૧૩–૨–૨૦૨૪ના રોજ માનનીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા જાહેર કર્યા મુજબ કેન્દ્ર સરકાર દ્વારા રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટે સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવવા માટેની આ યોજના એમાં મળતી સબસિડીમાં વધારો કરવામાં આવેલ છે. રૂ. ૩૦ હજારની સબસિડી પ્રતિ કિલોવોટ ૧ થી ૨ કિલોવોટ સુધી તથા રૂ.૧૮ હજારની સબસિડી પ્રતિકિલો વોટ ૨થી ૩ કિલો વોટ સુધી અને રૂ.૭૮હજારની મર્યાદામાં ૩ કિલોવોટની સિસ્ટમ માટે આ યોજનાનો ઉદ્દેશ ૭૫ હજાર કરોડથી વધુનું રોકાણ કરી ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી પૂરી પાડીને એક કરોડ પરિવારોને પ્રકાશ આપવાનો પ્રયાસ છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ઊર્જા ક્ષેત્રમાં અત્યાર સુધી આપણે આયાત કરતો દેશ હતો. ૨૦–૨૫ વર્ષ પહેલાં કોઇને કલ્પના નહોતી કે વિન્ડ એનર્જી અને સોલાર એનર્જીમાં આટલું બધું આપણી પાસે પોટેન્શિયલ પડેલું છે. જયારે આપણી પાસે આ પોટેન્શિયલ છે ત્યારે આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જયાં સૂર્ય ગુજરાત અથવા તો પી.એમ. સૂર્ય ગુજરાત યોજના છે એ હેઠળ ગુજરાતમાં તમામ બી.પી.એલ. પરિવારો અને શિડ્યુઅલ ટ્રાઇબ અને શિડયુઅલ કાસ્ટના જે પરિવારો ગ્રામ્ય વિસ્તારમાં વસે છે એને વધારાની સબસિડી આપીને સો ટકા સહાયની આ યોજનાનો અમલ કરવા માગો છો કે કેમ? અને બીજો મારો પ્રશ્ન એ છે કે જે નવા ઘરો શહેરમાં બને છે એ પછી ટેનામેન્ટ હોય કે ફ્લેટ હોય જેટલી કેપેસિટી એ લોકોની છે એના પ્રમાણમાં જે રીતે આપણી રિચાર્જ માટેની ટી.પી.સ્કીમમાં ઇનક્લુડ કરીને ફરજિયાત પાણી રિચાર્જ કરવાની યોજના દાખલ કરેલી એ જ રીતે નવા ઘર કે નવી સોસાયટી બનતી હોય ત્યાં એની મંજૂરીની અંદર આ શરતો રાખી અને બધા જ ઘરો છે એ ઊર્જાના ક્ષેત્રમાં સ્વનિર્ભર થઇ જાય એવું કરવા માગો છો કે કેમ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ બહુ સુંદર સજેશન કર્યું છે. શરૂઆતમાં સરકારનો ઉદ્દેશ વીજળી માટે દરેક ઘર આત્મનિર્ભર બને એનો જ છે અને એના માટે આ જે યોજના મૂકવામાં આવી છે એમાં

દરેકને ૩૦૦ યુનિટ મફત મીનીમમ વીજળી મળશે અને એ માટેની સબસિડી આપવામાં આવશે અને ત્યાર પછી એ ગ્રીડમાં વેચી પણ શકશે અને આ રીતે જેને ઇનીશીએટીવ લઇને કરવું હશે એ બધાને વીજળી મળશે.

શ્રી મોહનભાઇ ઢે. કોંકણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ યોજના સૂર્ય ગુજરાતમાં તાપી જિલ્લામાં સોલાર રૂફટોપ સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વ વપરાશથી વીજ બિલમાં શું રાહત થઇ અને વીજ ગ્રાહકોને સ્વ વપરાશ ઉપરાંતની સૌર ઊર્જાના વેચાણથી શું આવક થઇ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલાર રૂફટોપ યોજના ગુજરાત હેઠળ તાપી જિલ્લામાં સોલાર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વવપરાશ પછી વીજ બિલમાં રૂપિયા ૬ કરોડની બચત થઇ છે અને વીજ ગ્રાહકને સ્વવપરાશ ઉપરાંતની વીજળીના વેચાણથી રૂપિયા ૯૫ લાખની આવક થઇ છે.

**વેરાવળ તાલુકાના બોળાશ ગામે કપીલા નદીને ઉંડી ઉતારવા બાબત**

* 15/4/2530 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ):** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, –

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના બોળાશ ગામે આવેલ કપીલા નદીના પુરના કારણે ખેડૂતોની ખેતીની જમીન અને પાકનું ધોવાણ અટકાવવા નદીને ઉંડી કરવાની કેટલી માંગણીઓ /રજૂઆતો /ફરીયાદો છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, | (૧) | ૧ (એક) |
| (૨) | તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, | (૨), (૩) અને (૪) | પ્રસ્તુત બાબતે વિગતવાર સર્વેક્ષણ થયેથી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરવાનુ આયોજન છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને | | |
| (૪) | ઉક્ત નદીને ઉંડી કરવાની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પુર્ણ કરવામાં આવશે ? | | |

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ૯૦, સોમનાથ વિસ્તારમાં વેરાવળ તાલુકો આવેલો છે તેનું બોડાશ ગામ છે ત્યાં કપીલા નદી આવેલ છે. દર વર્ષે પૂર આવવાના કારણે નદીના બન્ને કિનારાના ખેડૂતોને ખૂબ મોટા પ્રમાણમાં નુકસાન થતું હોય છે. દર વખતે ખોદકામ કરવા માટે જતા હોય છે. પણ ત્યાં હાર્ડ રોક હોવાના કારણે લાઇમ સ્ટોનનો મોટો જથ્થો હોઇ, અને એ મોંઘુ પડતું હોય એના કારણે ઊંડી ઉતારતા ન હોય ત્યારે જો એને ઊંડી ઉતારવામાં આવે, કારણ કે જી.એ.સી.એલ. કંપની જે સૂત્રાપાડા મુકામે આવેલ છે એમણે પણ માગણી કરેલ છે અને અંબુજા સિમેન્ટ જે કોડીનાર છે એમણે પણ અંદાજિત ત્રણ વર્ષ પહેલાં માગણી કરેલ છે. જો નીતિ–નિયમ પ્રમાણે એમને ખોદકામ માટે મંજૂરી આપવામાં આવે તો નદી ઊંડી ઉતરી જાય અને ખેડૂતોને નુકસાન ન જાય. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આપ આ નદી ઊંડી ઉતારવા માગો છો? ક્યારે અને કેટલા સમયમાં?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ ખૂબ ચિંતા કરી છે. અમે તપાસ કરતાં આ કપીલા નદી છે એ વર્ષોથી હજી ઊંડી થઇ નથી. એમનો પ્રશ્ન છે એ ખૂબ વ્યાજબી પ્રશ્ન છે. આ નદીની લંબાઇ ૧૦૮૯ મિટરની છે અને ૧ મિટર ઊંડી કરવાની એમની દરખાસ્ત માનનીય જિલ્લા પંચાયતના પ્રમુખ તરફથી આવી હતી. એમના પત્રમાં લખ્યું હતું કે અમને કંપની સી.એસ.આર.ફંડમાંથી બનાવી આપશે. પણ એમાં થોડો ટેકનિકલ પ્રોબ્લેમના કારણે કોઇ કંપનીએ લેટર આપ્યો ન હતો. પરંતુ માનનીય સભ્યશ્રીની રજૂઆત છે અને લોકોને પાણી મળે, પાણી બચે અને લોકોનું ધોવાણ અટકે એના માટે સરકાર ખૂબ ચિંતિત છે. પરંતુ અમારા વિભાગ પાસે અમે દરખાસ્ત મગાવી લઇશું અને તાત્કાલિક અમારા વિભાગ તરફથી મંજૂરી આપી દઇશું. એમ છતાં ત્યાં આગળ રેતીની જગ્યાએ લાઇમ સ્ટોન છે એટલે એક તો પર્યાવરણની મંજૂરી અને કદાચ ખાણ અને ખનિજ વિભાગની મંજૂરી અલગથી લેવાની રહેશે. તમે આ બધી પ્રોસિજર કરશો તો ૧૦૦ ટકા એને ઊંડી કરીશું. જેથી જે ખેડૂતોને નુકસાન થાય છે. ગયા વખતે વર્ષ ૨૦૨૩માં ધોવાણના કારણે નુકસાન થયું હતું ત્યારે ૭ જેટલા ગામોના ખેડૂતોને રૂપિયા ૭૩ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. ધોવાણની વાત કરીએ તો આપણે સાડા ત્રણ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. એમની રજૂઆત સાચી છે. તમે આપજો તો ૧૦૦ ટકા આપણે કાર્યવાહી કરીશું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી અને સરકાર તેમજ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું કે મારી સને ૨૦૧૯થી માગણી હતી કે અમારી જે હીરણ મોટી નદી છે, ગીરમાંથી નીકળે છે અને ત્રિવેણીમાં સોમનાથ મુકામે દરિયામાં ભળે છે. સાડા અગિયાર કિલોમિટર નદી ઊંડી ઉતારવા માટેની વિભાગે મંજૂરી આપી

દીધી હતી અને મુખ્યમંત્રીશ્રીના વિભાગે પણ મંજૂરી આપી દીધી છે. આ વર્ષે વહેલી તકે કામ ચાલુ થાય એવી માગણી છે અને સરકારને અભિનંદન આપું છું.

અધ્યક્ષશ્રી : આમની એક કિલોમિટર છે અને તમારી તો ૧૧.૫ કિલોમિટરની મંજૂર થઇ ગઇ.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમની રજૂઆત તા.૨૫–૪–૨૦૧૮ની હતી અને તા.૨૭–૮–૨૦૧૯માં શરતી મંજૂરી તો આપી દીધી હતી. પરંતુ જળસંપત્તિ વિભાગ, પર્યાવરણ વિભાગ અને ખાણ ખનિજ વિભાગની મંજૂરી લાવે તો આપણે એ નદી પણ કરી દઇશું. તમે મને કહેજો. આપણે ફોલો–અપ લઇને પૂરું કરી દઇશું.

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિસ્તારમાં પણ આવી હાર્ડ મોરમ વાળી ત્રણ નદીઓ આવેલી છે. સોમનાથ અને જૂનાગઢ જિલ્લો એક જ છે. એટલે એ નદીને જો ઊંડી કરવામાં આવે તો ફેક્ટરીવાળા પથ્થર એમને એમ લઇ જાય અને સરકારને મફતમાં થઇ જાય અને રોયલ્ટીની આવક થાય. તો ખનિજની મંજૂરી લઇ વહેલું મંજૂર કરવામાં આવે તો સરકારને ખૂબ મોટી આવક થાય એમ છે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ત્રણ વિભાગો સંકળાયેલા છે. તમે આપજો એટલે અમે સંકલન કરીને જ્યાં પણ નદી ઊંડી કરવાની હશે તો કરીશું. આવી રીતે જ્યાં પણ નદી ઊંડી કરવી હોય તો સરકાર એના માટે ખૂબ ચિંતિત છે.

અધ્યક્ષશ્રી : પ્રકૃતિને નુકસાન ન થાય એ પ્રમાણેનું અને લોકોને ફાયદો થાય એવું હોય તો એના માપદંડો જોઇને કરવું જોઇએ.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સરકાર દ્વારા તળાવ ઊંડા કરવામાં આવે છે ખૂબ જ સારી વાત છે, પરંતુ ખેડૂતને જયારે માટી જોઇએ છે તો તળાવ ભરેલું હોય અને સિઝનવાર અત્યારે ઘઉં લઇ લઇશું પછી એનામાં ખાતર માટી નાખવાનું હોય તો એના માટે ૭/૧૨ રજૂ કરે એટલે કાયમી છૂટ ખેડૂત માટે આપવામાં આવે તો ખેડૂત સારી રીતે ખેતી કરી શકે. તમે કહેશો ચોમાસામાં લઇ લો એટલે ત્યારે લેવાય નહીં ત્યારે પાક વાવેલો હોય. મગફળી હોય, કપાસ હોય, ઘઉં હોય, એરંડા હોય એટલે જયારે પાક લઇ લે અને તળાવમાં પાણી ઓછું થાય ત્યારે લઇ શકે એવી છૂટછાટ આપવામાં આવે.

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો કપીલા નદીનો પ્રશ્ન છે પણ સુજલામ સુફલામ યોજના ચાલે છે. માનનીય સભ્યશ્રી આપશે તો અમે ખૂબ પોઝિટિવ કરીને જે પણ હશે એ આપણે કરીશું.

શ્રી પ્રદ્યુમનસિંહ મ.જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે જમીન વાવેલી હોય છે સાહેબ.

અધ્યક્ષશ્રી : હા, પણ આ એમના ડિપાર્ટમેન્ટનું નથી.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ જે નદી ઊંડી પહોળી કરવાની યોજના છે એ ખૂબ સારી છે અને ગયા વર્ષે ઘેડ વિસ્તારની અંદર જે ભારે પૂર આવ્યું હતું ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ જાહેરાત કરી હતી કે ઘેડ વિસ્તારની જેટલી નદી, વોંકળા હોય કે તળાવ છે એ ઊંડા, પહોળા કરવામાં આવશે તો એ યોજના તાકીદે શરૂ કરવા માગો છો કે કેમ? અને બીજું, આ સુજલામ સુફલામ યોજના માટેનો સમય આપણી પાસે બહુ ઓછો મળે છે અને આ વર્ષે આ લોકસભાની ચૂંટણી આવશે એટલે આચારસંહિતાને કારણે નવાં કામો શરૂ નહીં થઇ શકે તો એની પહેલા સુજલામ સુફલામના જે કામો છે એ શરૂ થઇ જાય અને જે ઊંડી, પહોળી કરવા માટે જે મશીનરી જોઇતી હોય છે એ મશીનરી જે યુનિટ રેટથી કરાવવાની થાય તો એ મશીનરી અત્યારથી ભાડે રાખીને યુનિટ રેટની જે રૂ.૫ લાખની મર્યાદા છે એ વધારીને રૂ.૧૦ લાખ કરવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ વાત કરી. ગયા વખતે વધારે પૂર આવ્યું એ વખતે મુખ્યમંત્રીશ્રીએ ખાતરી આપી હતી પણ એનો સરવે કરતા પ્રેક્ટિકલ મુદ્દો એટલો થાય છે કે ઘેડ વિસ્તારમાં ખાસ કરીને નદીઓ ઊંડી કરીએ તો એમાં ખારું પાણી આવી જાય એટલે નદીનું પાણી પણ બગડે એટલે સરવે કરીને નદી પહોળી કરવા માટે અમે મુખ્યમંત્રીશ્રી પાસે દરખાસ્ત મૂકી છે. એમણે હા પાડી છે. એ ઉપરાંત સુજલામ સુફલામની વાત કરી એના માટે પણ નિર્ણય થવામાં છે. ૨–૪ દિવસમાં એનું ટેન્ડર થશે અને બાકીની કાર્યવાહી વહેલી તકે શરૂ કરીને સુજલામ સુફલામનું કામ વહેલી તકે પૂરું કરીશું.

અધ્યક્ષશ્રી : શ્રી પ્રદ્યુમનસિંહજીનો જવાબ પણ આપી દો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, સુજલામ સુફલામની વાત કરી. બીજા સભ્યોની પણ ઇચ્છા છે કે સુજલામ સુફલામમાંથી ૧૦૦ ટકા કરવાના છે. કેટલાક ધારાસભ્યોને એમના વિસ્તારમાંથી ૧૦૦ ટકા ખર્ચથી પણ મર્યાદિત સંખ્યામાં તળાવ ઊંડા કરવા માટેની જોગવાઇ અમે રાખી છે.

અધ્યક્ષશ્રી : બંને મંત્રીશ્રીઓએ ખૂબ સરસ જવાબ આપ્યા છે અને સંતોષકારક જવાબ છે.

**વડોદરા શહેરમાં કાર્યરત વ્યાજબી ભાવની દુકાનો બાબત**

***15/4/2512 શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા) સયાજીગંજ :(માનનીય અન્ન. નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા શહેરમાં કુલ કેટલી વ્યાજબી ભાવની દુકાનો કાર્યરત છે, અને | (૧) કુલ ૩૨૨ (ત્રણસો બાવીસ) |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ બંધ પડેલ દુકાનોના સ્થાને છેલ્લા બે વર્ષમાં નવી દુકાનો શરૂ કરવા શી કાર્યવાહી હાથ ધરી છે? | (૨) સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર નવી શરૂ કરવાપાત્ર ૧૬ (સોળ) વ્યાજબી ભાવની દુકાનો પૈકી ૧૪ (ચૌદ) વ્યાજબી ભાવની દુકાનો શરૂ કરવા માન. કલેકટરશ્રી, વડોદરા દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવેલ છે. જ્યારે ૨ (બે) વ્યાજબી ભાવની દુકાન અંગે જાહેરનામું બહાર પાડવાનું બાકીમાં છે. |

શ્રી કેયુર ના. રોકડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મેં જે પ્રશ્ન પૂછ્યો હતો એમાં પ્રવર્તમાન નિયમો અનુસાર ૧૬ વ્યાજબી ભાવની દુકાનો પૈકી ૧૪ વ્યાજબી ભાવની દુકાનો શરૂ કરવા માટે માનનીય કલેકટરશ્રી દ્વારા જાહેરાનામું બહાર પાડવામાં આવ્યું છે. આ જાહેરનામું કયારે બહાર પાડવામાં આવ્યું અને એના પછી શું આગળ કાર્યવાહી થઇ? બીજો મારો પ્રશ્ન છે કે ફેબ્રુઆરી–૨૦૨૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કાર્યરત વ્યાજબી ભાવની દુકાનોની સંખ્યા શું છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા શહેરમાં કુલ ૩૨૨ દુકાનો કાર્યરત છે. એ પૈકીની હાલ જે દુકાનો બંધ છે એવી ૬૯ છે. એ પૈકી ૧૧ દુકાનો વસ્તી અને અંતરના ધોરણે ખોલવાપાત્ર થતી નથી. ૭૫૦૦ની વસ્તીના કારણે એ ખોલવાપાત્ર થતી નથી. કોર્ટ કેસ ચાલે છે અને અપીલ ચાલે છે એવી ૧૬ દુકાનો છે. ૯ દુકાનો મર્જ કરવા બાબતે ખૂબ ઓછા રેશનિંગ કાર્ડ હોવાથી મર્જ કરવાની દરખાસ્ત છે. એક બ્રાન્ચ એફ.પી.એસ. કરેલ છે. ૩ રાજીનામાની અરજી આવેલી છે. ૬–રજા ઉપર ગયેલા હોવાથી, ૬–વારસાઇની કામગીરી ચાલુ હોવાથી, ૧–દુકાન પુનઃ ચાલુ કરવાની હોવાથી. આમ કુલ ૯ બીજી ખોલવાપાત્ર થાય છે. ત્યાર પછી જે બે દુકાનો બાકી રહે છે તેના માટે તા.૨૮–૧–૨૦૨૨ના રોજ ૧૪ દુકાનોનું જાહેરનામું બહાર પાડેલ છે. જાહેરનામું બહાર પડયું તે સમય દરમ્યાન દુકાનદારોને ૨૦ હજાર રૂપિયા કમિશન આપવાની વાત ચાલતી હતી એટલે તેના કારણે જી.આર. કરવામાં વિલંબ થયો છે. એટલે જાહેરનામું બહાર પાડયા પછી તાત્કાલિક કમિટી બોલાવીને નિર્ણય કરી શક્યા નથી. ૨૦ હજારના કમિશન બાબતનો નિર્ણય લેવાઇ ગયો છે અને તે પ્રશ્ન હવે પૂરો થઇ ગયો છે. એટલે અમે ટૂંક સમયમાં આ જે જાહેરનામું થયેલ છે તે મુજબ અમલવારી કરીને જે લોકો નવીન દુકાનો માટે વસતિની સંખ્યા તથા કાર્ડની સંખ્યા મુજબ પાત્રતા ધરાવતા હશે તે પ્રમાણે ફાળવણી કરી આપીશું. તેમનો બીજો પ્રશ્ન એ હતો કે, ફેબ્રુઆરી ૨૦૨૪ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુલ દુકાનોની સંખ્યા કેટલી છે. આખા જિલ્લામાં વ્યાજબી ભાવની જે દુકાનો છે તે પૈકી તાલુકાવાઇઝ વાત કરું તો કરજણ તાલુકામાં દુકાનોની સંખ્યા–૬૫ છે. કાયમી દુકાનો–૫૬ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૪, ચાર્જવાળી–૫ દુકાનો છે. ડભોઇ તાલુકામાં દુકાનોની સંખ્યા–૭૧ છે. કાયમી દુકાનો–૫૬ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૧૧, ચાર્જવાળી–૫ દુકાનો છે. દેસર તાલુકામાં દુકાનોની સંખ્યા–૩૧ છે. કાયમી દુકાનો–૨૫ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૩, ચાર્જવાળી–૩ દુકાનો છે. પાદરા તાલુકામાં દુકાનોની સંખ્યા–૮૧ છે. કાયમી દુકાનો–૬૪ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૫, ચાર્જવાળી–૧૨ દુકાનો છે. વડોદરા રૂરલમાં દુકાનોની સંખ્યા–૮૨ છે. કાયમી દુકાનો–૭૩ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૪, ચાર્જવાળી–૬ દુકાનો છે. વડોદરા શહેરમાં અગાઉ કહેવાઇ ગયું છે તે મુજબ દુકાનોની સંખ્યા–૩૨૨ છે. કાયમી દુકાનો–૨૫૩ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૪, ચાર્જવાળી–૬૫ દુકાનો છે. વાઘોડિયા તાલુકામાં દુકાનોની સંખ્યા–૪૫ છે. કાયમી દુકાનો–૩૮ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૧ ચાર્જવાળી–૬ દુકાનો છે. સાવલી તાલુકામાં દુકાનોની સંખ્યા–૭૩ છે. કાયમી દુકાનો–૬૧ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૧૧, ચાર્જવાળી–૪ દુકાનો છે. શિનોર તાલુકામાં દુકાનોની સંખ્યા–૩૧ છે. કાયમી દુકાનો–૨૨ છે, બ્રાન્ચ એફ.પી.એસ–૮, ચાર્જવાળી–૧ દુકાનો છે. આમ, વડોદરા જિલ્લામાં દુકાનની સંખ્યા કુલ–૮૦૪ છે. કાયમી દુકાનો–૬૪૭, બ્રાન્ચ એફ.પી.એસ.૫૧ અને ચાર્જવાળી દુકાનો–૧૦૬ છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારા બે પ્રશ્નો છે. એક આ જે સસ્તા અનાજની દુકાનો પરથી ઘઉં, ચોખા, બાજરી, ખાંડ, દાળ આપવામાં આવે છે તેમાં સંચાલકોને કમિશન કેટલું આપવામાં આવે છે? કયા અનાજ પર કેટલું કમિશન આપવામાં આવે છે? બીજો પ્રશ્ન એ છે કે, ગોડાઉનમાંથી જે અનાજ સંચાલકોને આપવામાં આવે છે તેમાં ઘટ આવે છે. તો તંત્ર દ્વારા કોઇ વ્યવસ્થા ગોઠવવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી યોગેશભાઇનો જે પહેલો પ્રશ્ન કમિશન બાબતનો છે તેના અનુસંધાને દુકાનદારો કેટલાક સમયથી આંદોલન ચલાવતા હતા. દુકાનદારોને કાર્ડની સંખ્યાના પ્રમાણમાં કમિશન મળતું ન હતું. ઓછું કમિશન મળતું હતું. તાજેતરમાં માનનીય મુખ્યમંત્રી સાહેબે નિર્ણય કરીને હવે જે દુકાનધારક હશે તેમને ઓછામાં ઓછું ૨૦ હજાર રૂપિયા કમિશન મળે તેવો નિર્ણય કર્યો છે. હવે નવા પરિપત્ર મુજબ કમિશન ૨૦ હજારથી ઓછું મળતું હશે, કાર્ડ ઓછા હશે તો ૨૦ હજાર રૂપિયા કમિશન મળશે. તેમાં ઘટતી રકમ સરકાર એટલે કે અમારો વિભાગ ભોગવશે. એટલે કે ૨૦ હજાર રૂપિયા દરેક દુકાનદારને કમિશન મળશે. બીજો સવાલ ગોડાઉનમાંથી જે અનાજ ઉપડે છે તેમાં ઘટ આવે તે બાબત છે. એફ.સી.આઇ.ના ગોડાઉનમાંથી અમારા ગોડાઉનમાં જથ્થો આવે તે વખતે અમે સમ ભરતી કરીએ છીએ. તેની અંદર દરેકનું વજન કરીને ૫૦ કિલોગ્રામની ભરતી કરવામાં આવે છે. સમ ભરતી કર્યા પછી જ નિગમના ગોડાઉન ઉપરથી દુકાનદારને માલ

મોકલીએ છીએ. ઘટનો સવાલ આવતો નથી. લાંબો સમય રહે તો અનાજમાં ભેજ ઉડવાના કારણે થોડીક જ ઘટ પડે. બાકી ઘટનો કોઇ સવાલ આવતો નથી.

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સમિયાલા ગામમાં રેશનિંગની દુકાન છે પણ એનું પેટા પરું લક્ષ્મીપુરા લગભગ ૨ કિલોમીટર દૂર છે અને લક્ષ્મીપુરામાં ગરીબ વસતિ રહે છે. મારે ત્યાં ગામમાં રેશનિંગની દુકાન છે એનું પેટા પરું મુજાર ગામ છે એ લગભગ ૪થી ૫ કિલોમીટરનું અંતર છે ત્યાં આગળ ગરીબ લોકો રહેતા હોય છે. હવે આ ગરીબ લોકોને અનાજ લેવા આવવું હોય તો રીક્ષા લઇને આવવું પડે કે કોઇ સાધન લઇને આવવું પડે છે, એટલે ખૂબ તકલીફ પડે છે તો એના માટે કંઇક કરવા માગો છો કે કેમ? કારણ કે વસતિના ધોરણે આ દુકાનો ફાળવવામાં આવી હોય છે અને જૂથ પંચાયતોમાં એક જ દુકાન હોય એને કારણે લોકોને તકલીફ પડે છે. સાથે સાથે વ્યાજબી ભાવની દુકાનની મંજૂરી માટેનો અગ્રતા ક્રમ કેવી રીતે નક્કી કરવામાં આવે છે અને, એના માટેના ધારા–ધોરણો શું છે?

અધ્યક્ષશ્રી : વેચાણ કેન્દ્ર ત્યાં બને એવું તમારું કહેવું છે ને?

શ્રી શૈલેષભાઇ ક. મહેતા : માનનીય અધ્યક્ષશ્રી, ગરીબ લોકોને દૂર જવું ન પડે એને માટે નજીકમાં કોઇ વ્યવસ્થા ગોઠવવી જોઇએ એવું મારું કહેવું છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનો પ્રશ્ન છે કે, જ્યાં રહેણાક છે એનાથી દૂરના અંતરે શું કરવું અને દૂર હોય તો એને જથ્થો પૂરતો મળતો નથી. માનનીય અધ્યક્ષશ્રી, એના માટેની જોગવાઇ છે કે, ગ્રામ્ય વિસ્તાર હોય તો ૩૦૦૦ની વસતિનું ધોરણ છે એમાં એન.એફ.એસ.એ.ના કાર્ડ ધારકની જનસંખ્યા ૩૦૦૦નું જે ધોરણ છે એના ૭૫ ટકા વસતિ હોય તો એને નવી દુકાન ત્યાં આપી શકાય, પણ ૭૫ ટકા કરતા ઓછી વસતિ હોય તો એ જગ્યાએ આપણે નવી દુકાન ખોલી શકતા નથી, પણ એના બદલે ૩ કિલોમીટરનું અંતર હોય તો વ્યાજબી ભાવની દુકાનની બ્રાન્ચ ત્યાં ખોલી શકીએ છીએ, જેથી દુકાન ધારક અઠવાડિયામાં બે દિવસ ત્યાં જઇને જથ્થો વિતરણ કરી શકે. એટલે આવો કોઇ પ્રશ્ન હોય તો અમારા ધ્યાન ઉપર મૂકજો જેથી આપણે ત્યાં વ્યાજબી ભાવની દુકાનની બ્રાન્ચ ખોલવા માટેની વ્યવસ્થા કરાવીશું જેથી આ પ્રશ્ન રહેશે નહીં.

માનનીય અધ્યક્ષશ્રી, જો કુલ વસતિના ૭૫ ટકાથી વધારે વસતિ હોય તો એ પણ અમારા ધ્યાન ઉપર મૂકજો આપણે ત્યાં નવી દુકાન ખોલવા માટેની વ્યવસ્થા કરાવીશું. બીજી એમણે વાત કરી કે દુકાનો ખોલવા માટેના ધોરણો શું છે? રાજ્ય સરકારના તા. ૨૬–૮–૨૦૧૫ના ઠરાવ પ્રમાણે બ્રાન્ચ અને નવી બંનેની જાણકારી આપું તો બ્રાન્ચ ખોલવા માટે ૩૦૦૦થી ઓછી વસતિ ધરાવતા ગામ માટે ત્યાં હાલ કોઇ વ્યાજબી ભાવની દુકાન ચાલુ હોય તો એ બંધ કરવાની રહેશે નહીં, પરંતુ જો તે દુકાનનું લાઇસન્સ કોઇ પણ સંજોગોમાં રદ થાય કે દુકાનદાર રાજીનામુ આપે તો તે ગામ ખાતે દુકાન ખોલવાની રહેશે નહીં, પરંતુ એ ગામથી નજીક ૩ કિલોમીટરની મર્યાદામાં આવેલ ગામની દુકાન ધરાવતો પરવાનેદાર હોય એને હવાલો સોંપવામાં આવે છે. આવી અન્ય ગામ ખાતે બ્રાન્ચ ખોલવાની જોગવાઇ કરવામાં આવે છે. જો ગામમાં વ્યાજબી ભાવની દુકાન ન હોય તો આ ગામને નજીકના ૩ કિલોમીટરના અંતરે એની સાથે જોડવાનું હોય છે. જો ૩ કિલોમીટરની મર્યાદામાં કોઇ દુકાન ન હોય તો અન્ય ગામની કોઇ વ્યાજબી ભાવની દુકાન સાથે બ્રાન્ચ ખોલીને જોડવાની થાય છે. બ્રાન્ચ ખોલવા માટે ગામમાં ખાસ કરીને જો ૩૦૦૦થી ઓછી વસતિ હોય એ દરેક જગ્યાએ બ્રાન્ચ ખોલી શકાય છે. આ ઉપરાંત ખાસ કરીને અગ્રતાના ધોરણે આપવા માટેની જોગવાઇ છે એમાં સૌથી નજીકના ગામની નજીક વ્યાજબી ભાવની દુકાન હોય તો ત્યાં એ જથ્થો લેવા માટેની જોગવાઇ કરી શકાય છે. નવી દુકાન ખોલવા માટેની જોગવાઇઓ છે એની મંજૂરીની વિગતો આપ કહો તો વાચી સંભળાવું.

અધ્યક્ષશ્રી : ના ના, લાંબો જવાબ થશે માટે આપ માનનીય સભ્યશ્રીને પત્રક પહોંચાડી દેજો. હા, એમની સંમતિ છે.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આપના થકી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં જે દુકાનો ખોલવામાં આવે છે તેનો તફાવત કઇ રીતે હોય છે? ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં કેટલા પોપ્યુલેશનની સંખ્યા પ્રમાણે અને તે બન્નેના તફાવતની તો વાત કરી છે, પરંતુ ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં અંતરનો કોઇ તફાવત છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારના પરિપત્ર તારીખઃ૯–૨–૨૦૨૪ના ઠરાવ પ્રમાણે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ખાસ કરીને વસતિના અને અંતરને ધ્યાનમાં રાખીને જે દુકાન ખોલવા માટેનો આ ઠરાવ થયો છે તેના અનુસંધાને કહીશ તો ગ્રામ્ય વિસ્તાર માટે ગ્રામ્ય વિસ્તારમાં વ્યાજબી ભાવની દુકાન ખોલવા માટે વસતિનું ધોરણ ૩ હજારનું છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લઘુતમ ૭૫ ટકા જન સંખ્યા પર એક દુકાન ખોલવાની આ જોગવાઇ છે. શહેરી વિસ્તાર માટે શહેરી વિસ્તારમાં વ્યાજબી ભાવની દુકાન ખોલવા માટે વસતિનું ધોરણ ૭૫૦૦ની વસતિમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લઘુતમ ૪૮ ટકા જન સંખ્યા પર એક દુકાન ખોલવાનું આ ધોરણ છે. આમાં એટલા માટે થોડી ચોખવટ કરું કે ૩ હજારની વસતિને ધ્યાને લેતા તેમાં ૭૫ ટકા મુજબ ૨૨૫૦ની વસતિને જો એને એન.એફ.એસ.એ.કાર્ડ આપવામાં આવેલા હોય તો સરેરાશ એક રેશનકાર્ડમાં પાંચ વ્યકિત આપણે ગણીએ તો અંદાજિત ૪૫૦ રેશનકાર્ડ થાય. જો એ પ્રમાણે લઇએ તો નવી દુકાન તેને આપણે આ ખોલવા માટેની જોગવાઇ ૩ હજારની વસતિને ધ્યાનમાં રાખીને છે. શહેરી વિસ્તારમાં હમણાં વાત થઇ તેમ તેમાં ૭૫૦૦ની વસતિને ધ્યાને લેતા તેમાં ૪૮ ટકા મુજબ ૩૬૦૦ની વસતિને એન.એફ.એસ.એ.કાર્ડ આપવામાં આવેલા હોય તો સરેરાશ એક રેશનકાર્ડ દીઠ પાંચ વ્યકિતને કુટુંબની

ગણતરી કરતા અંદાજે ૭૨૦ રેશનકાર્ડ એ મુજબ અહીંયા નવી દુકાન ખોલવાની જોગવાઇ થાય, પણ એથી ઓછા હોય તો અલગથી દુકાન આપી શકાતી નથી.

શ્રી ચૈતન્યસિંહ પ્ર. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, વ્યાજબી ભાવની દુકાન અંગેની વારસાઇ અંગેની શું જોગવાઇ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, વ્યાજબી ભાવની દુકાન અંગેની વારસાઇ અંગેની જોગવાઇઓ સરકારશ્રીના તા.૨૬–૮–૨૦૧૫ના ઠરાવ મુજબ વ્યાજબી ભાવની દુકાનની વારસાઇ અંગે પ્રથમ વખતની વારસાઇ અંગેની સત્તાઓ પ્રાંત અધિકારી હસ્તક હોય છે. બીજું, વ્યાજબી ભાવની દુકાનમાં સંચાલકશ્રી વૃદ્ધાવસ્થા અથવા તો ગંભીર પ્રકારની બીમારી, માંદગી હેઠળ હોય અને તે દુકાન ચલાવવા સંપૂર્ણ અશકિતમાન હોય અને તે મતલબનું સિવિલ સર્જનનું તબીબી પ્રમાણપત્ર રજૂ થયેથી તેમના સીધી લીટીના વારસદારને શરતોને આધીન વારસાઇ હક્કની દુકાન તબદિલ કરી શકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એવું જ તે વ્યાજબી ભાવની દુકાનમાં સંચાલકશ્રી મૃત્યુ પામે તો મૃત્યુ પામ્યા અંગેનું પ્રમાણપત્ર તેની સીધી લીટીના વારસદાર દુકાન માટે માગણી કરે તો કોઇ પણ જાતની જાહેરાત આપ્યા સિવાય શરતોને આધિન મૂળ સંચાલકના વારસદારને દુકાન ચલાવવાની મંજૂરી આપી શકાય છે. આ બીજી વખતની વારસાઇ જો ખાસ કરીને હોય તો બીજી વખતની વારસાઇ અથવા તો વિશિષ્ટ સંજોગોમાં રાજય સરકારના આદેશ મેળવવાના રહે છે. પ્રથમ વખતની વારસાઇમાં ચકાસવાના મુદ્દા, શરતો બીજી વખત માટે યથાવત રહેશે, પરંતુ વિશિષ્ટ સંજોગો કોને કહેવાય તો તે નક્કી કરવાની સરકારશ્રીને સત્તા છે. છેલ્લે જયારે આ કોરોનાના સંજોગો ઊભા થયા તે વખતે એક ત્રીજી પણ વારસાઇ તેના અંગે વિભાગ તરફથી નિર્ણય કર્યો હતો. ત્રીજી વખતની વારસાઇની વાત કરીએ તો સરકારશ્રીના તા.૨૬–૧૦–૨૦૨૧ના ઠરાવથી આવશ્યક ચીજ–વસ્તુના વિતરણ સાથે સંકાળાયેલ વ્યાજબી ભાવની દુકાનદારોના કોરોના વાયરસ કોવિડ–૧૯ના સંક્રમણના કારણે દુઃખદ અવસાનના કિસ્સામાં તેઓના વારસદારોને રોજગારી મળી રહે તેમજ પરિવારનું જીવન–નિર્વાહ સારી રીતે કરી શકાય તે બાબત ધ્યાને લઇ વ્યાજબી ભાવની દુકાનદારોના સીધી લીટીના વારસદારોને વિશિષ્ટ સંજોગોમાં ત્રીજી વખતની વારસાઇ દુકાન ફાળવવા માટે સરકારશ્રી દ્વારા સહાનુભૂતિપૂર્વક નિર્ણય કરવામાં આવ્યો છે. જ્યારે કોરોનાના ખાસ સંજોગો ઊભા થયા હતા એ વખતે જે બનાવો બન્યા છે એમના સીધી લીટીના વારસદારોને આ લાભ આપી શકાય છે. સરકારશ્રીના તા.૨૬/૮/૨૦૧૫ના ઠરાવ અંતર્ગત વ્યાજબી ભાવની દુકાનના આડી લીટીના વારસદારની જોગવાઇ આમાં નથી.

**છોટાઉદેપુર જિલ્લામાં "સુર્ય ગુજરાત" (સોલાર રૂફ ટોપ યોજના) બાબત**

*15/4/2403 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર** ( માનનીય **ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે: –

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં"સુર્ય ગુજરાત"(સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ કેટલા ઘરવપરાશના વિજગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે,અને | (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં"સૂર્ય ગુજરાત"(સોલાર રૂફ ટોપ યોજના) હેઠળ ઘરવપરાશના કુલ **૮૧૧** વીજગ્રાહકોની અરજીઓની નોંધણી થયેલ છે . |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નોંધણી થયેલ અરજીઓ સંબંધમાં કુલ વીજ ક્ષમતા કેટલી છે? | (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત નોંધણી થયેલ અરજીઓ સંબંધમાં કુલ વીજ ક્ષમતા **૩૩૨૪**કિલો**વોટ** છે. |

શ્રી રાજેન્દ્રસિંહ મો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફ ટૉપ યોજના સૂર્ય ગુજરાત હેઠળ છોટા ઉદેપુર જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વવપરાશથી વીજ બિલમાં કેટલી બચત થઇ?

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રહેણાક હેતુના વીજ ગ્રાહકો માટેની સોલર રૂફ ટૉપ યોજના સૂર્ય ગુજરાત હેઠળ છોટા ઉદેપુર જિલ્લામાં સોલર સિસ્ટમ લગાવનાર વીજ ગ્રાહકોને સૌર ઊર્જાના ઉત્પાદન અને તેના સ્વવપરાશથી વીજ બિલમાં રૂ.૪ કરોડ ૧૪ લાખની રાહત થઇ છે.

ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

**સુત્રાપાડા તાલુકામાં પ્રાંચી જૂથ યોજના**

***15/4/2489 શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા):** માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પાણી પુરવઠા યોજના હેઠળ સુત્રાપાડા તાલુકામાં પ્રાંચી જૂથ યોજના નું કામ હાલ કયાં તબક્કે છે, | )૧) | • સુત્રાપાડા તાલુકાના ગામોની પ્રાંચી જૂથ યોજનાના<br>○ પેકેજ– ૧ થી ૩ ની કામગીરી પ્રગતિના તબક્કામાં છે.<br>○ પેકેજ– ૪ નું ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| )૨) | ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | )૨) | • પેકેજ– ૧ થી ૩ ની યોજનાકીય કામગીરી ક્રમશ: ડિસેમ્બર–૨૦૨૫ અંતિત પૂર્ણ કરવાનું આયોજન છે.<br>• પેકેજ– ૪ ની યોજનાકીય કામગીરી ટેન્ડર મંજૂર થયેથી ૨૪ માસની સમય મર્યાદામાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| )૩) | આ કામમાં વિલંબના કારણો શા છે ? | )૩) | ખાનગી જમીનમાંથી પાઇપલાઇન પસાર થતી હોય ખેડૂતો દ્વારા આર.ઓ.યુ. મળવામાં વિલંબ, જમીન સંપાદનમાં વિલંબ તથા વન વિભાગની મંજૂરી મેળવવામાં વિલંબ થવાના કારણે યોજનાકીય કામગીરીમાં વિલંબ થયેલ છે. |

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ યોજના ક્યારે ચાલુ કરવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે આ યોજના માટે જે સબ પંપ બનાવવાનો છે એ જમીનનો મુદ્દો હાલના તબક્કે ક્યા સુધી પહોંચ્યો છે? મારા ત્રણેય તાલુકામાં પાણી પૂરું પાડતો મુખ્ય કમલેશ્વર – ૧ ડેમ છે એ વર્ષ ૧૯૫૯માં બનેલો છે. એ ડેમ બિલકુલ જંગલમાં આવેલો છે. આ ડેમ ઉદ્યોગોને અને ત્રણ તાલુકાને પાણી પણ પૂરું પાડે છે. એ ડેમમાં મોટા ભાગે ધૂળ અને કાંપ ભરાઇ ગયો છે. આ ડેમમાંથી કાંપ કાઢવા માટે આપણે કોઇ યોજના બનાવીએ છીએ કે કેમ અને કાંપ કાઢવા માગો છો કે કેમ?

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ બે વિભાગને લગતો પ્રશ્ન પૂછ્યો છે. ખાસ કરીને દરિયાઇ બેલ્ટ ઉપર પીવાના પાણીની સમસ્યા હોય છે. એક વખતે યોજના બન્યા પછી એને સુધારણાની યોજનામાં લેવી પડતી હોય છે. માનનીય સભ્યશ્રી પ્રાંચી જૂથ યોજનાની વાત કરી રહ્યા છે ત્યારે હું આપના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે સુત્રાપાડા તાલુકાના કુલ ૪૬ ગામોને ૩૧ જૂથ યોજનાઓમાંથી કાર્યરત ૪ જૂથ યોજનાઓમાંથી પાણી આપવામાં આવે છે. ૬ ગામો સ્વૈચ્છિક રીતે જૂથ યોજનામાંથી પાણી લેતાં નથી. ૨ ગામોને તાંત્રિક કારણોસર જૂથ યોજનામાંથી પાણી આપી શકાતું નથી અને ૧૫ ગામો એવા છે કે જે કોઇ પણ યોજના સાથે જોડાયેલા નથી. હાલ આપણે જે યોજના બનાવી રહ્યા છીએ એમાં સૂત્રાપાડા તાલુકાની હાલની પીવાના પાણીની સ્થિતિ પણ કહી દઉં પછી એના ઉપરથી અમે સુધારા કરવા જઇ રહ્યા છીએ એની પણ વિગતો આપીશ. સૂત્રાપાડા તાલુકામાં કુલ ગામની સંખ્યા ૪૬ છે. જૂથ યોજનામાં સમાવિષ્ટ ગામો ૩૧ છે. જૂથ યોજનામાં સમાવિષ્ટ ન હોય તેવા ગામો કે જ્યાં પાણી પહોંચતું નથી અથવા જોડાયા નથી એવા ૧૫ ગામો છે. જૂથ યોજના દ્વારા પાણી મેળવતા ગામોની સંખ્યા ૨૩ છે. સ્વૈચ્છિક રીતે જૂથ યોજનામાંથી પાણી ન લેતાં ગામોની સંખ્યા ૬ છે. તાંત્રિક રીતે જૂથ યોજનામાં પાણી ન આપી શકાતું હોય તેવા ૨ ગામો છે. સ્થાનિક સોર્સ દ્વારા પાઇપલાઇન મારફત પાણી મેળવતાં ગામોની સંખ્યા ૨૩ છે. આમ, આ યોજના બની છે. એમાંથી અત્યારે સુત્રાપાડા માં કુલ ૪૬ ગામોમાંથી આ યોજનામાં સમાવિષ્ટ એવા ૩૧ ગામ છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ ટૂંકમાં જવાબ આપો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી પ્રાંચી જૂથ સુધારણા યોજનાની વાત કરી રહ્યા છે ત્યારે માનનીય સભ્યશ્રી પણ જાણે છે કે આ જૂથ યોજના ચાર પૅકેજમાં બની રહી છે. ખાસ કરીને પહેલાં પૅકેજમાં જમીનનો પ્રશ્ન હતો તેમાં તા.૧૫/૦૧ ના રોજ માનનીય ધારાસભ્ય પણ મારી સાથે હતા. સ્થળ ઉપર મુલાકાત લીધા બાદ જમીન મેળવવા માટે લગભગ ગયા અઠવાડિયાની ૨૩મી તારીખે હું તે વિસ્તારના પ્રવાસમાં હતો ત્યારે જિલ્લા કલેક્ટર સાથે વાત

કરીને જમીનનો પ્રશ્ન હલ થઇ ગયેલ છે અને જમીન પ્રાપ્ત થઇ ગઇ છે. હવે આ યોજનાનું કામ ઝડપથી આગળ વધશે. પ્રાંચી જૂથ યોજના પૅકેજ–૧ હેઠળ પ્રાંસલી મુખ્ય હેડવર્ક ઉપર જળ શુદ્ધીકરણનો પ્લાન્ટ, પમ્પિંગ સ્ટેશન સાથે બાકીની કામગીરી, આનુષંગિક કામો થશે અને તા.૨૩/૦૨/૨૦૨૪ના રોજ જમીન અંગેનો હુકમ થઇ ગયેલ છે. પ્રાંચી જૂથ યોજના પૅકેજ–૨ અને પ્રાંચી જૂથ યોજના પૅકેજ–૩ પૈકી ૭૪ અને ૬૧ ટકા જેટલું કામ પ્રગતિમાં છે. પ્રાંચી જૂથ યોજના પૅકેજ–૪ના અમે ૯ વખત ટેન્ડર બહાર પાડ્યા છે. મારી માનનીય સભ્યશ્રીને વિનંતી છે કે આપનો વિસ્તાર છે તો કોઇ ટેન્ડર ભરે તો પૅકેજ–૪ પણ ઝડપથી પૂર્ણ થાય અને તેનો લાભ મળી શકે. માનનીય સભ્યશ્રીએ જે હિરણ–૧ ડૅમની વાત કરી છે તે જંગલ વિસ્તારમાં આવેલો છે. સિંચાઇ, જળ સંપતિ ભાગ હસ્તકનો છે તે વહેલી તકે ડીપનિંગ અને રિનોવેશન થાય તે માટે કાર્યવાહી ચાલુ છે, પણ વન વિભાગ સાથે સંકલન કરીને કાંપ કાઢીને લઇ જઇ શકે તે રીતે ડીપનિંગ થાય તેવું અમારા જળ સંપતિ વિભાગનું પ્લાનિંગ છે.

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ના રોજ ગીર સોમનાથ જિલ્લામાં કઇ કઇ યોજનાઓ પ્રગતિ હેઠળ છે અને આ યોજનાને ક્યારે અને અંદાજિત કેટલી રકમ માટે વહીવટી મંજૂરી મળેલ છે?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગીર સોમનાથ જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પ્રગતિ હેઠળની યોજનાઓમાં જામવાડા જૂથ પાણી પુરવઠા યોજનાની વહીવટી મંજૂરી તા.૦૨/૦૫/૨૦૨૦ના રોજ મળેલી છે અને તેનો અંદાજિત ખર્ચ રૂ.૩.૭૫ લાખ થયેલ છે. આ ઉપરાંત પ્રાંચી જૂથ પાણી પુરવઠા યોજના પૅકેજ–૧, પૅકેજ–૨ અને પૅકેજ–૩ પ્રગતિમાં છે અને તા.૦૭/૦૬/૨૦૧૯થી વહીવટી મંજૂરી મળેલી છે અને તેનો અંદાજિત ખર્ચ રૂ.૧૩૭.૪૫ લાખ થવાનો છે. પૅકેજ–૪ના ટેન્ડર ૯ વખત બહાર પાડવા છતાં કોઇ સ્વીકારતું નથી. જો કોઇ ટેન્ડર સ્વીકારે તો સમયમર્યાદામાં કામ પૂર્ણ થાય તેવો અમારો પ્રયત્ન છે.

**રાજુલા અને જાફરાબાદ તાલુકામાં નર્મદાનું પાણી આપવા બાબત**

***15/4/2528 શ્રી અમૃતજી મોતીજી ઠાકોર (કાંકરેજ):** માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ તાલુકાના ગામોને મળતું નર્મદાનું પાણી નિયમિત ધોરણે ૧૦૦ એલ.પી.ડી.સી. આપવા માટેની યોજના ક્યારે બનાવવામાં આવી, | )૧) | રાજુલા તાલુકાના ગામોની સુધારણા યોજનાને તા.૧૦/૧૦/૨૦૨૨ અને જાફરાબાદ તાલુકાના ગામોની સુધારણા યોજનાને તા.૧૦/૧૦/૨૦૨૨ ના રોજ વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. |
| )૨) | ઉક્ત સ્થિતિએ ઉક્ત યોજના કયા તબક્કે છે, અને | )૨) | ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. |
| )૩) | આ યોજના કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ? | )૩) | ટેન્ડર મંજૂર થયેથી ૨૪ માસની સમય મર્યાદામાં યોજનાકીય કામગીરી પુર્ણ કરવાનું આયોજન છે |

શ્રી અમૃતજી મો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, રાજુલા અને જાફરાબાદના ગામોને નર્મદાનું પાણી નિયમિત મળી રહે તે માટે આ ગૃહમાં અગાઉ પણ અમારા પક્ષના શ્રી અંબરીશભાઇ ડેરે મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, રાજુલા અને જાફરાબાદના દરિયાઇ પટ્ટીના વિસ્તારના શહેરો અને ગામોને પાણીની તકલીફ ન પડે તે માટે ૨૦ એમ.એલ.ડી.નું દરિયાનું ખારું પાણી મીઠું કરવાનો પ્લાન્ટ રદ કરવામાં આવ્યો છે તે પ્લાન્ટ રાજુલા અથવા જાફરાબાદમાં બને તે માટે કોઇ કાર્યવાહી કરવા માગો છો કે કેમ અને જાફરાબાદ અને કોવાયામાં અલ્ટ્રાટૅક સિમેન્ટની ડેડ માઇનિંગ લીઝોમાં પીવાના પાણીનું સ્ટૉરેજ થાય તે માટે આયોજન કરવા માગો છો કે કેમ? અને વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરીને ધ્યાનમાં લઇને માથાદીઠ ૧૦૦ લીટર પાણી આપવામાં આવે છે પણ વર્ષ ૨૦૨૧માં વસતી ગણતરી થઇ નથી તો શહેરો અને ગામોને આપવામાં આવતાં પાણીની માત્રા વધારવા માગો છો કે કેમ?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ તો મારે સભ્યશ્રીનો આભાર માનવો જોઇએ કે એમણે દરિયાઇ પટ્ટીના જે ગામડાઓ છે ત્યાં પીવાના પાણીની સમસ્યા માટે છેવાડાના ગામડા કાંકરેજની ચિંતા કરી એ માટે

| )૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તથા લખતર તાલુકામાં નર્મદાનું શુધ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે પાણી પુરવઠાની કઇ કઇ યોજનાઓ કાર્યરત છે, | )૧) | પાટડી અને લખતર તાલુકામાં એન.સી.ડી–૪ અને એસ–૨ અને એસ–૩ જૂથ યોજનાઓ કાર્યરત છે. |
| )૨) | ઉક્ત યોજના હેઠળ ઉક્ત તાલુકાના કેટલા ગામો સમાવિષ્ટ છે અને કેટલા બાકી છે, અને | )૨) | ઉક્ત યોજનાઓ હેઠળ પાટડી તાલુકાના તમામ ૮૭ ગામો તથા લખતર તાલુકાના તમામ ૪૩ ગામોનો સમાવેશ થયેલ છે. |
| )૩) | ઉક્ત બાકી ગામોમાં ઉક્ત યોજના અન્વયે ક્યાં સુધીમાં પીવાનું પાણી આપવાનું આયોજન છે ? | )૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં સબસિડી**

15/4/2101: **શ્રી ધવલસિંહ નરેન્દ્રસિંહ ઝાલા )બાયડ) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (□) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં કેટલા ખેડૂતોને વીજ બીલમાં રાહત પેટે કેટલી સબસિડી આપવામાં આવી? | (□) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં રાહત પેટે આપવામાં આવેલ સબસિડીની વિગતો નીચે મુજબ છે. |

| વર્ષ | ગ્રાહકોની સંખ્યા | સબસિડીની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૨ | ૭૬,૫૮૪ | ૧૫૬.૯૦ |
| ૨૦૨૩ | ૭૯,૧૫૬ | ૧૯૮.૩૪ |

**તાપી જિલ્લામાં મોટા વીયર/બેરેજનું બાંધકામ**

**2083/4/15 ડૉ.જયરામભાઈ ચેમાભાઈ ગામીત** )નિઝર)**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તાપી જિલ્લામાં મોટા વીયર/બેરેજના બાંધકામનું શું આયોજન છે, | (૧) | ૦૨(બે) વીયરના બાંધકામનું આયોજન છે. |
| (૨) | આ કામોની અંદાજીત રકમ કેટલી છે, અને | (૨) | અંદાજીત રકમ રૂ.૧૭૦૦ લાખ છે. |
| (૩) | ઉક્ત સ્થિતિએ તે કયા તબક્કે છે? | (૩) | વહીવટી મંજુરીની પ્રક્રિયા હેઠળ છે. |

વેરાવળ તાલુકાના ઉમરેઠી ગામથી ઉકડીયા ગામ સુધી સિંચાઇ કેનાલ

15/4/2533 શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના ઉમરેઠી ગામથી ઉકડીયા ગામ સુધી ખેતી માટે સિંચાઇની કેનાલ બનાવવાની કેટલી માંગણીઓ/રજૂઆતો/ફરીયાદો છેલ્લા બે વર્ષમાં સરકારને મળી, | (૧) | એક |
| (૨) | તે અન્વયે શી કાર્યવાહી કરવામાં આવી, | (૨), (૩) અને | પ્રાથમિક વિગતો ચકાસતા, રજૂઆત હેઠળનો વિસ્તાર હિરણ–૨ સિંચાઇ યોજનાના કમાન્ડ વિસ્તાર બહાર હોઇ, તેમજ હિરણ–૨ સિંચાઇ યોજનામા પીવાનુ પાણી અનામત રાખ્યા બાદ પુરતો પાણીનો જથ્થો |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામગીરી ક્યા તબક્કે છે, અને

(૪) ઉક્ત કેનાલની કામગીરી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પુર્ણ કરવામાં આવશે ?

(૪) ઉપલબ્ધ રહેવા પામતો ન હોઇ, રજૂઆત હેઠળના ગામોને હિરણ–૨ સિંચાઇ યોજના થકી પાણી આપવુ શકય જણાતુ નથી.

**છોટાઉદેપુર જિલ્લામાં લિફ્ટ ઈરિગેશન (L.I.) ની યોજના બાબત**

**15/4/ 2404 : શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા ( છોટાઉદેપુર ) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં લિફ્ટ ઈરિગેશન (L.I.)ની યોજનાઓ કેટલા ગામોમાં બનાવવામાં આવી છે, અને | (૧) તા.૦૧/૦૧/૨૦૨૪ ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં અડતાળીસ ગામોમાં ઓગણ પચાસ લીફ્ટ ઈરીગેશન યોજનાઓ બનેલી છે. |
| (૨) તે પૈકી કઇ કઇ યોજનાઓ ચાલુ છે, કેટલી યોજનાઓ અપૂર્ણ અને બંધ છે ? | (૨) જે પૈકી એકવીસ યોજનાઓ ચાલુ છે જ્યારે અઠ્યાવીસ યોજનાઓ વિવિધ કારણોસર કાર્યરત નથી. |

---------------------------

સોમનાથ મંદિરથી ભીડીયા સુધી દરીયાઇ ધોવાણ અટકાવવા બાબત

15/4/2072 શ્રી ભગાભાઇ ધાનાભાઇ બારડ (તાલાલા): માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે, -

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ ગીર સોમનાથ જિલ્લામાં સોમનાથ મંદિરથી ભીડીયા સુધી દરીયાઇ ધોવાણ અટકાવવાની કામગીરી ક્યા તબક્કે છે, | (૧) સદર કામગીરી અર્થે કોસ્ટલ રેગ્યુલેશન ઝોન તેમજ વન–પર્યાવરણ વિભાગની મંજુરી મેળવી, કામગીરી હાથ ધરવાનુ આયોજન છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ યોજના પાછળ કેટલી રકમનો ખર્ચ થયેલ છે, અને | (૨) મોજણી અને સંશોધન કામગીરી અન્વયે આશરે રૂ! ૧૨ લાખનો ખર્ચ થયેલ છે. |
| (૩) તે ક્યારે પુર્ણ કરવામાં આવશે ? | (૩) પ્રસ્તુત કામે મેળવવાની થતી તમામ મંજુરીઓ મેળવી, કામગીરી હાથ ધરવાનુ આયોજન છે. |

**પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ખાનગી એ.પી.એમ.સી.**

25/4/1535:**શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** )પાટણ): **માનનીય સહકાર મંત્રીશ્રી) રાજયકક્ષા)** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કઈ ખાનગી એ.પી.એમ.સી. આવેલી છે,

**જવાબ**

(૧)તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પાટણ જિલ્લામાં ખાનગી માર્કેટનું લાયસન્સ ધરાવતી કુલ–૩ ખાનગી એ.પી.એમ.સી. છે.

8. રાધનપુર એગ્રો પ્રોડક્ટ માર્કેટ પ્રા. લી., રાધનપુર
9. પાટણ માર્કેટયાર્ડ પ્રા.લી., મંદોત્રી–પાટણ
10. સરસ્વતી એગ્રીસ્ટીક ઈન્ફ્રા એલ.એલ.પી., પાટણ

તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં ખાનગી માર્કેટનું લાયસન્સ ધરાવતી કુલ–૧૩ ખાનગી એ.પી.એમ.સી. છે.

1. બનાસ ઈન્ફ્રાકોન પ્રા.લી., રુણી, ધાનેરા.
2. ધરણીધર એગ્રો પ્રોડક્ટ માર્કેટ પ્રા.લી., ઢીમા, વાવ.
3. દેવધાન્ય એગ્રો પ્રોડક્ટ માર્કેટ પ્રા.લી, દિયોદર.
4. ધાનુ એગ્રો પ્રોડક્ટ માર્કેટ પ્રા.લી,ગુંદરી, ધાનેરા.
5. વી.આર.પુરોહીત કૃષિ પ્રોડક્ટ્સ માર્કેટ,ધાનેરા
6. એરોમા કૃષિ બજાર, પાલનપુર.
7. શ્રી અંબિકા ફ્રુટ એન્ડ વેજીટેબલ પ્રા.માર્કેટ,પાલનપુર.
8. એરોમા એગ્રો પ્રોડક્ટ માર્કેટ કંપની,પાલનપુર.

9. રાજારામ કૃષિ પ્રોડક્ટ માર્કેટ,ધાનેરા.
10. બનાસ એગ્રો માર્કેટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર એલ.એલ.પી.,પીલુડા–થરાદ.
11. કેસર કૃષિ પ્રોડક્ટ્સ માર્કેટ,દાંતીવાડા.
12. નીલકંઠ એગ્રીકલ્ચરલ પ્રોડક્ટ માર્કેટીંગ કોર્પોરેશન,ડીસા.
13. શ્રી આર.પી.કૃષિ પ્રોડક્ટ્સ માર્કેટીંગ,ધાનેરા.

(૨) ઉક્ત એ.પી.એમ.સી. વાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સબસિડીની કેટલી રકમ ચુકવવામાં આવી,

(૨) ઉક્ત એ.પી.એમ.સી. વાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ સબસિડી ચુકવવામાં આવેલ નથી.

(૩) ઉક્ત એ.પી.એમ.સી. વાર છેલ્લા બે વર્ષમાં કયા નિયમોનું ઉલ્લંઘન કરાયું, અને

(૩) ઉક્ત એ.પી.એમ.સી. વાર છેલ્લા બે વર્ષમાં કોઈ નિયમોનું ઉલ્લંઘન કરાયાનું ધ્યાને આવેલ નથી.

(૪) તે અન્વયે કઈ એ.પી.એમ.સી. સામે શા પગલાં લેવામાં આવ્યા?

(૪) ઉપર ૩ માં જણાવ્યા મુજબ કોઈ નિયમોનું ઉલ્લંઘન થયાનું ધ્યાને આવેલ ન હોઈ, પગલાં લેવાનો પ્રશ્ન નથી.

**જૂનાગઢ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના**

**15/4/2090 શ્રી સંજય સુખાભાઈ કોરડીયા (જૂનાગઢ) : માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–:**

**પ્રશ્ન** **જવાબ**

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયર અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને

)૧)

| જર્જરિત વીજ વાયર (કિ.મી.) | થાંભલા |
|---|---|
| ૧૩૩૯.૪૫ | ૧૨૬૨ |

)૨) તેના પાછળ કુલ કેટલો ખર્ચ થયો ?

)૨) રૂ. ૫૪૪.૦૭ લાખનો ખર્ચ થયો.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

15/4/2542 : **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રહ્મા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને ઉક્ત યોજના હેઠળ ક્યા કારણોસર સમાવેશ કરવાના બાકી છે, અને

(૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા તાલુકાવાર ગામોની માહિતી આ સાથે પત્રક–૧ અને પત્રક–૨માં સામેલ છે.

જરૂરી માળખાગત સુવિધા, વીજ પ્રવહન, વીજ વિતરણ વ્યવસ્થા અને સરકારશ્રીના નાણાકીય આયોજનને ધ્યાને લઈ કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણનું આયોજન તબક્કાવાર થયેલ. કોઈપણ જિલ્લામાં "કિસાન સૂર્યોદય યોજના" નો અમલ કરતાં પહેલા લોકલ એરિયાનાં હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાના સશક્તિકરણની જરૂરિયાત રહે છે.

(૩) ઉક્ત બાકી ગામોનો ક્યા સુધીમાં ઉક્ત યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે ?

(૩) ઉક્ત બાકી રહેતા ગામોને દિવસે વીજળી આપવાની જરૂરી કામગીરી ડિસેમ્બર–૨૦૨૪ સુધીમાં પૂરી કરવાનું આયોજન છે.

**પત્રક–૧**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા ગામોની વિગત:**

| ક્ર. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામો ની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામોની સંખ્યા | |
| ૧ | હિંમતનગર | ૪૫ | ૧૨૮ | ૧૯ |
| ૨ | ઈડર | ૧૮ | ૨૧ | ૧૧૭ |
| ૩ | ખેડબ્રહ્મા | ૮ | ૩૨ | ૪૫ |

| | | | | |
|---|---|---|---|---|
| ૪ | પોશીના | ૦૦ | ૧૬ | ૪૪ |
| ૫ | પ્રાંતિજ | ૩૬ | ૪૪ | ૨૦ |
| ૬ | તલોદ | ૪૪ | ૫૫ | ૧૮ |
| ૭ | વડાલી | ૧ | ૧ | ૫૩ |
| ૮ | વિજયનગર | ૦૦ | ૦૦ | ૮૪ |

**પત્રક-૨**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા ગામોની**

| ક્ર. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામો ની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામો ની સંખ્યા | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામો ની સંખ્યા | |
| ૧ | બાયડ | ૪૨ | ૬૧ | ૬૦ |
| ૨ | ભિલોડા | ૫૩ | ૫૩ | ૯૩ |
| ૩ | ધનસુરા | ૧૫ | ૧૯ | ૫૩ |
| ૪ | માલપુર | ૧૭ | ૪૮ | ૫૧ |
| ૫ | મેઘરજ | ૨ | ૨ | ૧૨૫ |
| ૬ | મોડાસા | ૨૯ | ૪૪ | ૬૧ |

**વિગત:**

**મહુવા-તળાજા તાલુકામાં વીજલાઈનો**

15/4/2506: **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ** ) મહુવા) :**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (□) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના મહુવા-તળાજા તાલુકામાં કાર્યરત વિન્ડફાર્મ અને સોલાર પ્લાન્ટમાં ઉત્પન્ન થતી વીજળીને વહન કરવા માટે જે વીજ લાઇનો નાખવામાં આવી છે, તેને ક્યારે અને કઈ કક્ષાએથી મંજૂરી આપવામાં આવી છે, અને | (□) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા-તળાજા તાલુકામાં કાર્યરત વિન્ડફાર્મ અને સોલાર પ્લાન્ટમાં ઉત્પન્ન થતી વીજળીને વહન કરવા માટેની વીજ લાઇનો નાંખવા અંગે રાજ્ય સરકાર કક્ષાએ વીજ અધિનિયમ, ૨૦૦૩ની જોગવાઈ હેઠળ તા.૨૮.૦૨.૨૦૨૨, ૦૪.૦૫.૨૦૨૨, ૦૨.૦૭.૨૦૨૨, ૧૯.૦૭.૨૦૨૨ અને ૨૭.૧૨.૨૦૨૨ના રોજ મંજુરી આપવામાં આવેલ છે. |
| (□) ઉક્ત વીજ લાઇન નાખવાથી ખેડૂતોના ખેતરોને થતા નુકસાન બાબતે રાજ્ય સરકારને છેલ્લા બે વર્ષમાં કેટલી ફરીયાદો મળી ? | (□) કુલ ૩૩ ફરિયાદો. |

**નવસારી જિલ્લામાં કેલીયા જળાશય યોજના**

**15/4/2079: રાકેશ ગુણવંતભાઇ દેસાઇ**) નવસારી) :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં કેલીયા જળાશય યોજનાની નહેરોના નહેર સુધારણાના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે, | (૧) કેલીયા જળાશય યોજનાની નહેરોના નહેર સુધારણાના કુલ રૂ.૧૧૫૦.૦૦ લાખના કામો મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | (૨) જૂન-૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |
| (૩) આ કામો થવાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે? | (૩) ૨૨૧૦ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. |

**નવસારી જિલ્લામાં ઉકાઈ જળાશય યોજના.**

**15/4/2081: શ્રી આર.સી.પટેલ** )જલાલપોર) :**માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| )૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ઉકાઇ | )૧( નહેર સુધારણાના કુલ રૂ.૨૨૮૩.૫૨ લાખના કામો મંજૂર કરવામાં આવેલ છે. |

| વર્ષ:૨૦૨૨-૨૩ | | વર્ષ:૨૦૨૩-૨૪ | | કુલ | |
|---|---|---|---|---|---|
| કામોની | રકમ | કામોની | રકમ | કામોની | રકમ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| જળાશય યોજનાની નહેરોના નહેર સુધારણાના કેટલી રકમના કામો મંજૂર કરવામાં આવ્યા છે, | | સંખ્યા | (લાખમાં) | સંખ્યા | (લાખમાં) | સંખ્યા | (લાખમાં) |
| | | ૫ | ૬૦૪.૫૮ | ૭ | ૧૬૭૮.૯૪ | ૧૨ | ૨૨૮૩.૫૨ |
| )૨( આ કામો ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે, અને | )૨( માર્ચ–૨૦૨૪ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. | | | | | | |
| )૩( આ કામો થવાથી કેટલા વિસ્તારને સિંચાઇનો લાભ મળશે? | )૩( ૧૧૧૫૯ હેક્ટર વિસ્તારને સિંચાઇનો લાભ મળશે. | | | | | | |

**રાજ્યમાં વીજળીની જરૂરીયાત**

15/4/2524: **શ્રી જિજ્ઞેશ મેવાણી** ) વડગામ) :**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન** **જવાબ**

(૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર રાજ્યમાં કેટલી વીજળીની માંગ/જરૂરીયાત હતી,

(૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યની કુલ વીજ માંગ/જરૂરીયાત નીચે જણાવ્યા મુજબ હતી.

| માસવાર પૂરી પાડેલ વીજળી )મિલિયન યુનિટ( | | |
|---|---|---|
| માસ | વર્ષ ૨૦૨૨ | વર્ષ ૨૦૨૩ |
| જાન્યુઆરી | ૧૦૬૮૪ | ૧૧૫૭૪ |
| ફેબ્રુઆરી | ૧૦૧૨૯ | ૧૦૯૮૧ |
| માર્ચ | ૧૨૨૧૯ | ૧૨૧૪૮ |
| એપ્રીલ | ૧૨૯૯૧ | ૧૨૯૭૬ |
| મે | ૧૩૩૨૦ | ૧૩૨૧૫ |
| જૂન | ૧૨૫૯૫ | ૧૧૭૫૬ |
| જુલાઇ | ૧૦૨૪૭ | ૧૧૦૯૦ |
| ઓગસ્ટ | ૧૦૦૨૬ | ૧૨૮૯૨ |
| સપ્ટેમ્બર | ૧૧૪૧૩ | ૧૨૮૯૭ |
| ઓક્ટોબર | ૧૧૮૩૦ | ૧૩૬૯૧ |
| નવેમ્બર | ૧૧૭૦૮ | ૧૧૨૭૭ |
| ડીસેમ્બર | ૧૨૦૮૮ | ૧૨૧૪૪ |

(૨)ઉક્ત વીજ માંગને પહોંચી વળવા માટે ઉક્ત માસવાર કેન્દ્ર સરકારના સાહસો પાસેથી કેટલી વીજળી કયા દરે લેવામાં આવી,

(૨)ઉક્ત વીજ માંગને પહોંચી વળવા માટે ઉક્ત માસવાર કેન્દ્ર સરકારના સાહસો પાસેથી જી.યુ.વી.એન.એલ. દ્વારા ખરીદવામાં આવેલ વીજળી અને તેના સરેરાશ દરની વિગત નીચે મુજબ છે :

| માસ | વર્ષ ૨૦૨૨ | | વર્ષ ૨૦૨૩ )પ્રોવિઝનલ( | |
|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ | સરેરાશ દર )રૂ/.યુનિટ( | મિલિયન યુનિટ | સરેરાશ દર )રૂ/.યુનિટ( |
| જાન્યુઆરી | ૩૧૮૨ | ૩.૮૬ | ૩૮૧૬ | ૪.૧૩ |
| ફેબ્રુઆરી | ૨૯૫૪ | ૩.૯૩ | ૩૪૬૭ | ૪.૯૮ |
| માર્ચ | ૩૪૫૧ | ૪.૬૪ | ૩૮૩૩ | ૬.૨૭ |
| એપ્રીલ | ૩૭૯૦ | ૪.૦૫ | ૪૧૧૬ | ૪.૦૭ |
| મે | ૪૦૫૬ | ૪.૭૫ | ૪૧૨૬ | ૩.૯૩ |
| જૂન | ૪૦૩૩ | ૪.૭૬ | ૩૬૮૪ | ૪.૬૩ |
| જુલાઇ | ૩૫૭૦ | ૪.૮૪ | ૩૭૧૪ | ૪.૫૬ |
| ઓગસ્ટ | ૩૬૫૦ | ૪.૪૯ | ૪૧૪૮ | ૪.૧૩ |
| સપ્ટેમ્બર | ૩૮૪૨ | ૪.૬૫ | ૩૯૩૩ | ૩.૯૮ |
| ઓક્ટોબર | ૩૫૬૦ | ૫.૦૮ | ૪૧૭૫ | ૪.૦૫ |
| નવેમ્બર | ૩૬૩૩ | ૪.૨૧ | ૩૬૦૩ | ૪.૦૭ |
| ડીસેમ્બર | ૩૬૬૮ | ૪.૨૮ | ૩૭૬૦ | ૪.૦૧ |

(૩)તે અન્વયે ઉક્ત માસવાર કોને કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૩)તે અન્વયે માસવાર ચુકવવામાં આવેલ રકમની વિગત પરિશિષ્ટ–અ મુજબ છે.

(૪)ઉક્ત ચુકવવામાં આવેલ રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી ?

(૪)ઉક્ત ચુકવવામાં આવેલ રકમની ચૂકવણી જી.યુ.વી.એન.એલ. દ્વારા કરવામાં આવેલ છે. વીજ ખરીદીના ખર્ચની ચૂકવણી અન્વયે જી.યુ.વી.એન.એલ. નાણાંકીય રીતે સ્વતંત્ર સંસ્થા હોવાથી ઉક્ત ચૂકવામાં આવેલ રકમ ગુજરાત સરકાર નાં બજેટમાં ઉધારવામાં આવેલ નથી.

**પરિશિષ્ટ અ**

**કેન્દ્રીય સાહસોને માસવાર ચૂકવેલ રકમ (રૂ.કરોડ)**

| કંપનીનું નામ | વર્ષ ૨૦૨૨ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રીલ | મે | જૂન |
| ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૫૪.૫૦ | ૪૮.૮૯ | ૮૮.૪૬ | ૭૦.૩૦ | ૮૧.૯૬ | ૮૬.૪૯ |
| એનટીપીસી/કેન્દ્રીય પુલ | ૧૧૩૨.૯૬ | ૧૦૭૭.૧૯ | ૧૪૭૪.૮૮ | ૧૪૨૨.૮૯ | ૧૭૯૦.૩૧ | ૧૭૮૫.૪૪ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિ | ૩.૫૦ | ૨.૯૩ | ૨.૯૪ | ૩.૧૭ | ૩.૪૦ | ૪.૯૭ |
| ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન | ૦.૮૯ | ૦.૪૧ | ૦.૧૯ | ૦.૦૭ | ૦.૦૮ | - |
| એસજેવીએન લિમિટેડ (સૌર ઉર્જા) | ૦.૨૨ | ૦.૨૪ | ૦.૨૯ | ૦.૨૬ | ૦.૨૪ | ૦.૨૨ |
| સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (સૌર ઉર્જા) | ૧૯.૩૮ | ૧૯.૯૧ | ૨૧.૧૭ | ૨૧.૫૨ | ૨૦.૫૭ | ૧૯.૪૧ |
| ઓઈલ ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૮૧ | ૧.૬૪ | ૨.૫૧ | ૨.૪૬ | ૪.૧૦ | ૩.૨૦ |
| ટીએચડીસી ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૭.૪૧ | ૪.૫૯ | ૬.૪૭ | ૬.૮૩ | ૧૩.૭૩ | ૯.૯૯ |
| ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (પવન ઉર્જા) | ૦.૩૬ | ૦.૨૬ | ૦.૪૫ | ૦.૭૦ | ૧.૧૪ | ૧.૪૮ |
| એનટીપીસી લિમિટેડ (પવન ઉર્જા) | ૩.૨૯ | ૨.૫૧ | ૩.૭૮ | ૪.૨૩ | ૬.૮૯ | ૪.૧૪ |
| એસજેવીએન લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૦૫ | ૧.૩૭ | ૧.૭૫ | ૨.૩૮ | ૩.૫૪ | ૨.૫૫ |

| કંપનીનું નામ | વર્ષ ૨૦૨૨ | | | | | |
|---|---|---|---|---|---|---|
| | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડીસેમ્બર |
| ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૭૫.૭૯ | ૮૨.૩૫ | ૭૯.૫૫ | ૭૮.૯૧ | ૬૮.૩૮ | ૬૯.૨૬ |
| એનટીપીસી/કેન્દ્રીય પુલ | ૧૬૦૦.૪૩ | ૧૪૯૨.૯૬ | ૧૬૪૪.૩૦ | ૧૬૭૮.૯૭ | ૧૪૨૮.૧૧ | ૧૪૬૨.૮૮ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિ | ૧૨.૧૬ | ૩૨.૫૬ | ૩૩.૭૦ | ૨૬.૮૨ | ૬.૯૯ | ૬.૦૯ |
| ઓઈલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન | - | - | - | - | - | - |
| એસજેવીએન લિમિટેડ (સૌર ઉર્જા) | ૦.૧૫ | ૦.૧૨ | ૦.૧૯ | ૦.૨૫ | ૦.૨૪ | ૦.૨૫ |
| સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (સૌર ઉર્જા) | ૧૫.૧૨ | ૧૧.૬૩ | ૧૬.૩૮ | ૧૭.૭૮ | ૧૬.૮૬ | ૧૭.૧૩ |
| ઓઈલ ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૩.૧૫ | ૨.૭૭ | ૧.૬૯ | ૧.૪૬ | ૧.૪૮ | ૨.૪૨ |
| ટીએચડીસી ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૧૧.૭૬ | ૮.૪૮ | ૪.૪૯ | ૨.૮૭ | ૩.૦૬ | ૭.૯૭ |
| ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૦૩ | ૧.૫૧ | ૦.૮૯ | ૦.૬૫ | ૦.૭૦ | ૧.૩૫ |
| એનટીપીસી લિમિટેડ (પવન ઉર્જા) | ૫.૧૬ | ૩.૫૬ | ૨.૨૨ | ૧.૬૫ | ૧.૬૩ | ૨.૯૦ |
| એસજેવીએન લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૫૯ | ૨.૧૬ | ૧.૩૦ | ૦.૮૬ | ૦.૪૯ | ૧.૨૨ |

| કંપનીનું નામ | વર્ષ ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | જાન્યુઆરી | ફેબ્રુઆરી | માર્ચ | એપ્રીલ | મે | જૂન |
| ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૮૦.૫૦ | ૭૬.૭૯ | ૬૦૪.૩૫ | ૬૩.૭૪ | ૮૮.૬૧ | ૭૬.૯૨ |
| એનટીપીસી/કેન્દ્રીય પુલ | ૧૪૫૦.૮૯ | ૧૬૦૭.૪૦ | ૧૭૬૪.૪૯ | ૧૫૭૨.૮૯ | ૧૪૮૩.૯૬ | ૧૫૮૭.૩૪ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિ | ૬.૯૭ | ૧૦.૮૨ | ૬.૫૫ | ૨.૪૫ | ૧.૮૦ | ૨.૨૨ |
| એસજેવીએન લિમિટેડ (સૌર ઉર્જા) | ૦.૨૬ | ૦.૨૮ | ૦.૨૭ | ૦.૨૭ | ૦.૨૭ | ૦.૨૦ |
| સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (સૌર ઉર્જા) | ૧૮.૪૨ | ૨૦.૦૦ | ૧૭.૬૦ | ૨૧.૪૭ | ૨૨.૦૧ | ૧૬.૨૧ |
| ઓઈલ ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૫૨ | ૧.૫૫ | ૨.૦૪ | ૨.૩૭ | ૩.૨૦ | ૩.૧૮ |
| ટીએચડીસી ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૯.૨૮ | ૪.૦૮ | ૪.૮૧ | ૫.૨૮ | ૧૦.૦૫ | ૮.૯૨ |
| ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (પવન ઉર્જા) | ૧.૬૩ | ૦.૯૩ | ૦.૯૪ | ૧.૨૦ | ૨.૨૦ | ૨.૭૨ |
| એનટીપીસી લિમિટેડ (પવન ઉર્જા) | ૩.૭૫ | ૨.૧૬ | ૨.૩૬ | ૨.૮૯ | ૪.૮૫ | ૫.૧૦ |
| એસજેવીએન લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૧૨ | ૧.૧૧ | ૧.૪૦ | ૧.૭૩ | ૩.૨૩ | ૩.૫૧ |

| કંપનીનું નામ | વર્ષ ૨૦૨૩ (પ્રોવિઝનલ) | | | | | |
|---|---|---|---|---|---|---|
| | જુલાઈ | ઓગસ્ટ | સપ્ટેમ્બર | ઓક્ટોબર | નવેમ્બર | ડીસેમ્બર |
| ન્યુક્લિયર પાવર કોર્પોરેશન ઓફ ઈન્ડીયા | ૧૫૮.૩૨ | ૧૬૩.૦૪ | ૧૭૧.૧૭ | ૧૭૬.૨૦ | ૧૫૯.૩૮ | ૧૪૯.૪૧ |
| એનટીપીસી/કેન્દ્રીય પુલ | ૧૪૮૮.૫૭ | ૧૪૭૭.૦૦ | ૧૩૪૩.૦૨ | ૧૪૭૩.૭૩ | ૧૨૭૪.૯૮ | ૧૩૧૫.૩૮ |
| સરદાર સરોવર નર્મદા નિગમ લિ | ૧૩.૩૦ | ૨૯.૪૮ | ૧૯.૭૭ | ૧૬.૯૫ | ૬.૭૭ | ૬.૭૪ |
| એસજેવીએન લિમિટેડ (સૌર ઉર્જા) | ૦.૧૬ | ૦.૧૪ | ૦.૨૨ | ૦.૨૬ | ૦.૨૦ | ૦.૨૩ |
| સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઈન્ડીયા (સૌર ઉર્જા) | ૧૩.૯૨ | ૧૨.૧૪ | ૧૫.૭૪ | ૧૯.૪૯ | ૧૫.૩૩ | ૧૭.૪૧ |
| ઓઈલ ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૨૨ | ૩.૬૩ | ૨.૩૦ | ૦.૯૭ | ૧.૬૫ | ૨.૫૬ |
| ટીએચડીસી ઈન્ડીયા લિમિટેડ (પવન ઉર્જા) | ૭.૪૦ | ૧૩.૬૬ | ૬.૦૭ | ૨.૨૭ | ૫.૩૩ | ૮.૪૯ |
| ઈન્ડીયન ઓઈલ કોર્પોરેશન લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૦૦ | ૨.૭૬ | ૧.૫૬ | ૦.૪૫ | ૦.૮૪ | ૧.૫૮ |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| એનટીપીસી લિમિટેડ (પવન ઉર્જા) | ૪.૧૪ | ૫.૬૪ | ૩.૨૬ | ૧.૦૪ | ૧.૮૧ | ૩.૩૩ |
| એસજેવીએન લિમિટેડ (પવન ઉર્જા) | ૨.૨૩ | ૩.૭૪ | ૧.૯૨ | ૦.૭૯ | ૧.૧૮ | ૧.૭૫ |

**ઊર્જા પ્રભાગ હેઠળના બોર્ડ–કોર્પોરેશન**

**15/4/2393 શ્રી ઇમરાન યુસુફભાઈ ખેડાવાલા** )જમાલપુર–ખાડિયા : (**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઊર્જા પ્રભાગના તાબા હેઠળના કયા બોર્ડ–કોર્પોરેશન આવેલ છે,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ઊર્જા પ્રભાગના તાબા હેઠળના બોર્ડ–કોર્પોરેશનની વિગતોનીચે મુજબછે:
૧) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ
૨) ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસિટી કોર્પોરેશન લિમિટેડ
૩) ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ
૪) દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ
૫) મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ
૬) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
૭) ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ
૮) ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર કયા બોર્ડ–કોર્પોરેશનમાં કેટલી રકમની ખોટ/આવક થઇ, અને

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે નાણાકીય વર્ષમાં વર્ષવાર બોર્ડ–કોર્પોરેશનની આવક(નફા)ની વિગતો નીચે મુજબ છે:

| ક્રમ | કંપની નું નામ | વર્ષ ૨૦૨૧–૨૨ (રૂ. કરોડમાં) | વર્ષ ૨૦૨૨–૨૩ (રૂ. કરોડમાં) |
|---|---|---|---|
| ૧ | ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લિમિટેડ | ૭૮.૩૫ | ૫૫.૧૨ |
| ૨ | ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રીસિટી કોર્પોરેશન લિમિટેડ | ૫૩૪.૧૭ | ૬૬.૨૭ |
| ૩ | ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિમિટેડ | ૧૮૦૪.૫૯ | ૨૩૭૨.૦૮ |
| ૪ | દક્ષિણ ગુજરાત વીજ કંપની લિમિટેડ | ૧૧૭.૪૩ | ૭૬.૦૧ |
| ૫ | મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ | ૧૩૮.૭૧ | ૬૮.૨૬ |
| ૬ | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ | ૨૩૩.૭૩ | ૫૩.૫૨ |
| ૭ | ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ | ૧૨૭.૬૬ | ૫૭.૬૨ |
| ૮ | ગુજરાત પાવર કોર્પોરેશન લિમિટેડ | ૧૨૫.૩૩ | ૧૫૫.૬૭ |

(૩) બોર્ડ–કોર્પોરેશનની ખોટ ઘટાડવા શું પગલાં લીધા ?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**રાજ્યમાં ખાદ્યતેલના છુટક અને જથ્થાબંધ ભાવ બાબત**

**15/4/2541 શ્રી અમિત ચાવડા** ) આંકલાવ) **:માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે.–**

જવાબ

પ્રશ્ન

(૧( તાની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર **૨૦૨૩/૧૨/૩૧**.
.કિ **૧**રાજ્યમાં ખાદ્યતેલનો છૂટક અને જથ્થાબંધ ગ્રા **૧૫**અને .
નો માસવાર ભાવ શો.ગ્રા.કિહતો,

(૧) ભારત સરકારશ્રીરાજ્ય સરકારના પોર્ટલ પરથી તૈયાર /
**૧**કરેલ પરિશિષ્ટ ,૨,૩,૪ આ સાથે સામેલ છે .

(૨) ઉક્ત ખાદ્યતેલના વધતા જતા ભાવોને અંકુશમાં રાખવા સરકારે ક્યા પગલાં લીધા, અને

(૨) વિગતો પરિશિષ્ટ ક માં આ સાથે સામેલ છે .

(3) ઉક્ત લીધેલ પગલાં બાદ ભાવોમાં કેટલો ઘટાડો થયો?

(3) ખંડ જવાબ મુજબ (૧),

પરિશિષ્ટ : ૧
(જાન્યુઆરી –૨૦૨૨ થી ડીસેમ્બર–૨૦૨૨ )
ગુજરાતના ખાદ્યતેલના છુટક ભાવ
(એકમ દીઠ ૧ કિલોનો ભાવ) રૂપિયામાં

| ક્રમ નં. | માસનુ નામ (વર્ષ :૨૦૨૨) | સિંગતેલ | વધારો/ ઘટાડો | કપાસિયા તેલ | વધારો/ ઘટાડો | પામોલીન તેલ | વધારો/ ઘટાડો | સન ફ્લાવર તેલ | વધારો/ ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧0) |
| ૧ | જાન્યુઆરી–૨૦૨૨ | ૧૬૪ | ૦ | ૧૫૧ | ૦ | ૧૨૪ | ૦ | ૧૫૯ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી - ૨૦૨૨ | ૧૬૧ | -૩ | ૧૫૨ | ૧ | ૧૨૫ | ૧ | ૧૬૦ | ૧ |
| ૩ | માર્ચ -૨૦૨૨ | ૧૬૫ | ૪ | ૧૫૫ | ૩ | ૧૩૩ | ૮ | ૧૬૪ | ૪ |
| ૪ | એપ્રિલ - ૨૦૨૨ | ૧૭૦ | ૫ | ૧૫૮ | ૩ | ૧૪૨ | ૯ | ૧૬૫ | ૧ |
| ૫ | મે– ૨૦૨૨ | ૧૭૪ | ૪ | ૧૬૯ | ૧૧ | ૧૫૦ | ૮ | ૧૭૦ | ૫ |
| ૬ | જૂન–૨૦૨૨ | ૧૭૫ | ૧ | ૧૭૨ | ૩ | ૧૪૮ | -૨ | ૧૭૨ | ૨ |
| ૭ | જુલાઈ–૨૦૨૨ | ૧૭૯ | ૪ | ૧૭૨ | ૦ | ૧૫૧ | ૩ | ૧૭૭ | ૫ |
| ૮ | ઓગસ્ટ - ૨૦૨૨ | ૧૮૨ | ૩ | ૧૭૧ | -૧ | ૧૫૦ | -૧ | ૧૭૮ | ૧ |
| ૯ | સપ્ટેમ્બર - ૨૦૨૨ | ૧૮૩ | ૧ | ૧૭૦ | -૧ | ૧૩૯ | -૧૧ | ૧૭૫ | -૩ |
| ૧૦ | ઓકટોમ્બર - ૨૦૨૨ | ૧૮૪ | ૧ | ૧૬૮ | -૨ | ૧૩૩ | -૬ | ૧૭૧ | -૪ |
| ૧૧ | નવેમ્બર–૨૦૨૨ | ૧૮૮ | ૪ | ૧૭૨ | ૪ | ૧૩૩ | ૦ | ૧૭૧ | ૦ |
| ૧૨ | ડીસેમ્બર - ૨૦૨૨ | ૧૮૬ | -૨ | ૧૬૭ | -૫ | ૧૩૪ | ૧ | ૧૭૮ | ૭ |

(Source: ભારત સરકારશ્રીના પ્રાઈઝ મોનીટરીંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ (કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ)

પરિશિષ્ટ : ૨

(જાન્યુઆરી –૨૦૨૨ થી ડીસેમ્બર–૨૦૨૨ )

ગુજરાતના ખાદ્યતેલના જથ્થાબંધ ભાવ

(એકમ દીઠ ૧૫ કિલોનો ભાવ) રૂપિયામાં

| અ.નં | માસનુ નામ (વર્ષ – ૨૦૨૨) | સિંગતેલ | વધારો/ ઘટાડો | કપાસિયા તેલ | વધારો/ ઘટાડો | પામોલીન તેલ | વધારો/ ઘટાડો | સન ફ્લાવર તેલ | વધારો/ ઘટાડો |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧0) |
| ૧ | જાન્યુઆરી– ૨૦૨૨ | ૨૨૬૭ | ૦ | ૨૨૧૦ | ૦ | ૧૬૭૭ | ૦ | ૨૦૯૫ | ૦ |
| ૨ | ફેબ્રુઆરી - ૨૦૨૨ | ૨૨૩૩ | -૩૪ | ૨૨૧૮ | ૮ | ૧૭૦૮ | ૩૧ | ૨૧૨૬ | ૩૧ |
| ૩ | માર્ચ - ૨૦૨૨ | ૨૩૫૩ | ૧૨૦ | ૨૨૭૮ | ૬૦ | ૧૮૪૭ | ૧૩૯ | ૨૨૯૯ | ૧૭૩ |
| ૪ | એપ્રિલ - ૨૦૨૨ | ૨૪૨૩ | ૭૦ | ૨૩૫૯ | ૮૧ | ૧૯૭૧ | ૧૨૪ | ૨૩૩૨ | ૩૩ |
| ૫ | મે– ૨૦૨૨ | ૨૪૯૯ | ૭૬ | ૨૫૩૦ | ૧૭૧ | ૨૧૪૭ | ૧૭૬ | ૨૪૦૮ | ૭૬ |
| ૬ | જૂન– ૨૦૨૨ | ૨૫૪૫ | ૪૬ | ૨૫૪૩ | ૧૩ | ૨૧૩૮ | -૯ | ૨૪૨૪ | ૧૬ |
| ૭ | જુલાઇ– ૨૦૨૨ | ૨૫૩૮ | -૭ | ૨૫૩૯ | -૪ | ૨૦૬૦ | -૭૮ | ૨૩૯૯ | -૨૫ |
| ૮ | ઓગસ્ટ - ૨૦૨૨ | ૨૫૮૨ | ૪૪ | ૨૫૩૦ | -૯ | ૨૦૫૦ | -૧૦ | ૨૩૮૮ | -૧૧ |
| ૯ | સપ્ટેમ્બર - ૨૦૨૨ | ૨૬૧૫ | ૩૩ | ૨૪૯૩ | -૩૭ | ૧૮૫૭ | -૧૯૩ | ૨૩૭૭ | -૧૧ |
| ૧૦ | ઓકટોમ્બર -૨૦૨૨ | ૨૬૩૫ | ૨૦ | ૨૪૧૨ | -૮૧ | ૧૭૯૬ | -૬૧ | ૨૩૭૨ | -૫ |
| ૧૧ | નવેમ્બર– ૨૦૨૨ | ૨૬૩૧ | -૪ | ૨૪૧૪ | ૨ | ૧૮૧૪ | ૧૮ | ૨૩૯૪ | ૨૨ |
| ૧૨ | ડીસેમ્બર - ૨૦૨૨ | ૨૫૯૩ | -૩૮ | ૨૪૦૧ | -૧૩ | ૧૮૨૧ | ૭ | ૨૪૩૩ | ૩૯ |

(Source: ભારત સરકારશ્રીના પ્રાઇઝ મોનીટરીંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ (કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ)

પરિશિષ્ટ : 3

(જાન્યુઆરી–૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩ )

ગુજરાતના ખાદ્યતેલના છુટક ભાવ

(એકમ દીઠ ૧ કિલોનો ભાવ) રૂપિયામાં

| ક્રમ નં. | માસનુ નામ (વર્ષ: ૨૦૨૩ ) | સીંગતેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. | કપાસિયા તેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. | પામોલીન તેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. | સનફ્લાવર તેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૫) | (૬) | (૭) | (૮) | (૯) | (૧0) |
| ૧ | જાન્યુઆરી -૨૦૨૩ | ૧૮૬ | ૦ | ૧૬૭ | ૦ | ૧૩૪ | ૦ | ૧૭૭ | -૧ |
| ૨ | ફેબ્રુઆરી - ૨૦૨૩ | ૧૮૭ | ૧ | ૧૬૭ | ૦ | ૧૩૨ | -૩ | ૧૭૩ | -૪ |

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | માર્ચ - ૨૦૨૨ | ૧૯૦ | ૩ | ૧૬૭ | ૦ | ૧૩૨ | ૦ | ૧૭૨ | -૧ |
| ૪ | એપ્રિલ–૨૦૨૩ | ૧૯૨ | ૨ | ૧૬૬ | -૧ | ૧૩૫ | ૩ | ૧૭૭ | ૬ |
| ૫ | મે–૨૦૨૩ | ૧૮૯ | -૩ | ૧૬૬ | ૦ | ૧૨૬ | -૮ | ૧૬૫ | -૧૨ |
| ૬ | જૂન–૨૦૨૩ | ૧૮૮ | -૧ | ૧૬૧ | -૫ | ૧૨૪ | -૨ | ૧૬૩ | -૨ |
| ૭ | જુલાઇ–૨૦૨૩ | ૧૯૦ | ૨ | ૧૪૨ | -૧૯ | ૧૧૪ | -૧૧ | ૧૪૯ | -૧૪ |
| ૮ | ઑગસ્ટ–૨૦૨૩ | ૧૯૫ | ૪ | ૧૨૮ | -૧૪ | ૧૦૬ | -૮ | ૧૪૦ | -૯ |
| ૯ | સપ્ટેમ્બર–૨૦૨૩ | ૧૯૧ | -૩ | ૧૨૭ | -૧ | ૧૧૦ | ૪ | ૧૨૮ | -૧૨ |
| ૧૦ | ઓક્ટોમ્બર–૨૦૨૩ | ૧૯૬ | ૫ | ૧૨૭ | ૦ | ૧૦૯ | -૧ | ૧૨૯ | ૧ |
| ૧૧ | નવેમ્બર–૨૦૨૩ | ૧૯૪ | -૨ | ૧૨૭ | ૦ | ૧૦૬ | -૩ | ૧૨૯ | ૦ |
| ૧૨ | ડીસેમ્બર–૨૦૨૩ | ૧૯૨ | -૨ | ૧૨૭ | ૦ | ૧૦૫ | -૧ | ૧૨૬ | -૨ |

(**Source:** ભારત સરકારશ્રીના પ્રાઈઝ મોનીટરીંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ (કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ)

પરિશિષ્ટ : ૪

(જાન્યુઆરી –૨૦૨૩ થી ડીસેમ્બર–૨૦૨૩ )

ગુજરાતના ખાદ્યતેલના જથ્થાબંધ ભાવ

(એકમ દીઠ ૧૫ કિલોનો ભાવ) રૂપિયામાં

| ક્રમ નં. | માસનુ નામ (વર્ષ: ૨૦૨૩ ) | સીંગતેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. | કપાસિયા તેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. | પામોલીન તેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. | સનફ્લાવર તેલ રૂ. | વધારો/ઘટાડો રૂ. |
|---|---|---|---|---|---|---|---|---|---|
| (૧) | (૨) | (૩) | (૪) | (૪) | (૬) | (૭) | (૮) | (૯) | (૧0) |
| ૧ | જાન્યુઆરી -૨૦૨૩ | ૨૬૧૯ | ૨૬ | ૨૪૬૬ | ૬૫ | ૧૮૭૧ | ૫૦ | ૨૪૩૧ | -૨ |
| ૨ | ફેબ્રુઆરી - ૨૦૨૩ | ૨૬૭૪ | ૫૫ | ૨૪૬૨ | -૪ | ૧૮૮૦ | ૯ | ૨૪૬૪ | ૩૩ |
| ૩ | માર્ચ - ૨૦૨૨ | ૨૭૨૭ | ૫૩ | ૨૪૬૩ | ૧ | ૧૯૧૦ | ૩૦ | ૨૪૨૪ | -૪૦ |
| ૪ | એપ્રિલ–૨૦૨૩ | ૨૬૯૪ | -૩૩ | ૨૪૪૧ | -૨૨ | ૧૮૭૫ | -૩૫ | ૨૩૮૬ | -૩૮ |
| ૫ | મે–૨૦૨૩ | ૨૬૮૫ | -૯ | ૨૪૨૧ | -૨૦ | ૧૭૫૧ | -૧૨૪ | ૨૨૨૯ | -૧૫૭ |
| ૬ | જૂન–૨૦૨૩ | ૨૬૧૮ | -૬૭ | ૨૩૭૩ | -૪૮ | ૧૭૦૪ | -૪૭ | ૨૦૯૨ | -૧૩૭ |
| ૭ | જુલાઇ–૨૦૨૩ | ૨૭૫૩ | ૧૩૫ | ૨૦૬૧ | -૩૧૨ | ૧૫૯૧ | -૧૧૩ | ૨૦૦૫ | -૮૭ |
| ૮ | ઑગસ્ટ–૨૦૨૩ | ૨૮૨૯ | ૭૬ | ૧૮૭૪ | -૧૮૭ | ૧૫૨૬ | -૬૫ | ૧૯૦૫ | -૧૦૦ |
| ૯ | સપ્ટેમ્બર–૨૦૨૩ | ૨૬૮૩ | -૧૪૬ | ૧૮૫૭ | -૧૭ | ૧૫૫૪ | ૨૮ | ૧૮૧૪ | -૯૧ |
| ૧૦ | ઓક્ટોમ્બર–૨૦૨૩ | ૨૭૬૯ | ૮૬ | ૧૮૪૮ | -૯ | ૧૪૯૭ | -૫૭ | ૧૭૮૬ | -૨૮ |
| ૧૧ | નવેમ્બર–૨૦૨૩ | ૨૭૩૯ | -૩૦ | ૧૮૪૮ | ૦ | ૧૪૫૬ | -૪૧ | ૧૭૪૫ | -૪૧ |
| ૧૨ | ડીસેમ્બર–૨૦૨૩ | ૨૭૪૩ | ૪ | ૧૮૫૫ | ૭ | ૧૪૬૨ | ૬ | ૧૭૨૮ | -૧૭ |

(Source: ભારત સરકારશ્રીના પ્રાઇઝ મોનીટરીંગ સેલ પોર્ટલ પરના દૈનિક ભાવના ડેટા ઉપરથી સરેરાશ ભાવ (કપાસિયા તેલના ભાવો માટે રાજ્ય સરકારનું પીડીએસ પોર્ટલ)

**પરિશિષ્ટ: ક**

**ખાદ્યતેલના વધતા જતા ભાવોને અંકુશમાં રાખવા સરકારે લીધેલ પગલાની વિગતો**

)૧) ભારત સરકારના ગ્રાહકોની બાબતોનો વિભાગ, અન્ન અને જાહેર વિતરણ મંત્રાલય દ્વારા ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના વધતા જતાં ભાવોને અંકુશમાં રાખવા માટે તા.૦૩/૦૨/૨૦૨૨ના જાહેરનામાંથી સ્ટોક લિમિટ દાખલ કરેલ. આ સ્ટોક લીમીટની મુદત ભારત સરકાર દ્વારા તા.૩૦/૩/૨૦૨૨ના ઓર્ડરથી તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી લંબાવવામાં આવેલ. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ સ્ટોક લિમિટને તા.૩૧/૧૨/૨૦૨૨ સુધી રાજ્યમાં અમલમાં મુકેલ.

)૨) ખાદ્યતેલોની ગેરકાયદેસરની સંગ્રહખોરી રોકવા, ખાદ્યતેલના ઉત્પાદકો અને વેપારીઓ પાસેના ખાદ્યતેલના સાપ્તાહિક જથ્થાની વિગતો માટે ભારત સરકાર દ્વારા વેબ પોર્ટલ https://evegoils.nic.in/eosp/login કાર્યરત કરવામાં આવેલ છે, જેમાં જિલ્લા સ્તરેથી વેપારીઓ પાસેના જથ્થાની વિગતો દર્શાવવા માટેની જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. હાલ સદર પોર્ટલ પર રાજ્યના ખાદ્યતેલ અને ખાદ્યતેલીબિયાંના અંદાજીત કુલ ૧૫૦૦ જેટલા વેપારીઓ, ઉત્પાદકો વગેરે દ્વારા રજીસ્ટ્રેશન કરાયેલ છે.

)૩) નાણાં વિભાગ, ભારત સરકાર દ્વારા તા.૧૦/૦૯/૨૦૨૧ના નોટિફિકેશનથી ક્રુડ સોયાબીન તેલ, ક્રુડ પામોલીન તેલ અને ક્રુડ સનફ્લાવર તેલ પરનો આયાત વેરો )Import Duty) ઘટાડીને ૨.૫ ટકા કરેલ અને ત્યારબાદ તા.૧૩/૧૦/૨૦૨૧ના નોટિફિકેશનથી ડ્યુટી ઘટાડીને "શૂન્ય" કરવામાં આવેલ છે, જે આગામી તા.૩૧/૦૩/૨૦૨૪ સુધી અમલમાં રહેશે.

)૪) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અગાઉ રાજ્ય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવાર નિમિત્તે અંત્યોદય અને બી.પી.એલ કાર્ડ ધરાવતા આશરે ૩3 લાખ કુટુંબોને કુટુંબદીઠ એક લીટર કપાસીયા તેલ રાહતદરે આપવામાં આવતું હતું.

વર્ષ ૨૦૨૧-૨૨થી આ યોજનાનો વ્યાપ વધારીને "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" )એનએફએસએ) હેઠળની તમામ કેટેગરીના) AAY, BPL, APL-1, અને APL-2) કુટુંબોને આવરી લઇ હાલ આશરે ૭૨ લાખ કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહતદરે (મુક્ત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) પ્રતિ કુટુંબ એક લીટર સીંગતેલ આપવામાં આવે છે.

વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૩૮.૪૨ લાખ સીંગતેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ છે. જે માટે કુલ સબસિડી ખર્ચ રૂ.૧૩૩.૯૭ કરોડ થયેલ છે.

વર્ષ ૨૦૨૩-૨૪માં ૧૪૩.૧૭ લાખ સીંગતેલના ૧ લીટર પાઉચનું વિતરણ થયેલ છે. જે માટે કુલ સબસિડી ખર્ચ રૂ. ૧૫૧.૯૭ કરોડ થયેલ છે.

આગામી વર્ષ ૨૦૨૪-૨૫ માં રાજ્યની "રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા" )એનએફએસએ) હેઠળના તમામ કેટેગરીના કુટુંબોને જન્માષ્ટમી અને દિવાળી નિમિત્તે રાહતદરે (મુક્ત બજારના પ્રવર્તમાન ભાવથી નીચા દરે) પ્રતિ કુટુંબ એક લીટર સિંગતેલ આપવામાં માટે કુલ રૂ. ૧૫૯.૬૯ કરોડની બજેટ જોગવાઈ કરવામાં આવેલ છે.

**મહીસાગર અને આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના**

15/4/2550 : **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા) : માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલ છે, | (૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર અને આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા તાલુકાવાર ગામોની માહિતી આ સાથે પત્રક-૧ અને પત્રક-૨માં સામેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા ગામોને ઉક્ત યોજના હેઠળ ક્યા કારણોસર સમાવેશ કરવાના બાકી છે, અને | જરૂરી માળખાગત સુવિધા, વીજ પ્રવહન, વીજ વિતરણ વ્યવસ્થા અને સરકારશ્રીના નાણાકીય આયોજનને ધ્યાને લઈ કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણનું આયોજન તબક્કાવાર થયેલ. કોઈપણ જિલ્લામાં "કિસાન સૂર્યોદય યોજના" નો અમલ કરતાં પહેલા લોકલ એરિયાનાં હાલના તેમજ આ યોજનાનો અમલ કરવાથી થતા વધારાના વીજ લોડને ધ્યાનમાં રાખીને પ્રવહન માળખાના સશક્તિકરણની જરૂરિયાત રહે છે. |
| (૩) ઉક્ત બાકી ગામોનો ક્યા સુધીમાં ઉક્ત યોજના હેઠળ સમાવેશ કરવામાં આવશે? | (૩) ઉક્ત બાકી રહેતા ગામોને દિવસે વીજળી આપવાની જરૂરી કામગીરી ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં પૂરી કરવાનું આયોજન છે. |

----------

**પત્રક–૧**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા ગામોની વિગત:**

| ક. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામો ની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામો ની સંખ્યા | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામો ની સંખ્યા | |
| ૧ | **બાલાસિનોર** | **૨૬** | **૪૬** | **૦** |
| ૨ | **કડાણા** | **૪૪** | **૧૨૬** | **૦** |
| ૩ | **ખાનપુર** | **૧૧** | **૮૬** | **૦** |
| ૪ | **લુણાવાડા** | **૧૬૧** | **૨૩૫** | **૦** |
| ૫ | **સંતરામપુર** | **૬૧** | **૧૪૮** | **૦** |
| ૬ | **વિરપુર** | **૧૦** | **૧૦** | **૪૨** |

**પત્રક–૨**

**તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં તાલુકાવાર કિસાન સૂર્યોદય યોજના હેઠળ સમાવેશ કરવામાં આવેલા ગામોની વિગત:**

| ક. નં. | તાલુકો | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સદર યોજના અંતર્ગત સમાવિષ્ટ થયેલ (પૂર્ણ/આંશિક) ગામો ની સંખ્યા | | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સદર યોજના હેઠળ સમાવિષ્ટ કરવાના બાકી હોય એવા ગામોની સંખ્યા |
|---|---|---|---|---|
| | | તા. ૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામો ની સંખ્યા | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સમાવિષ્ટ કુલ ગામો ની સંખ્યા | |
| ૧ | **આણંદ** | **૨૫** | **૩૭** | **૦** |
| ૨ | **આંકલાવ** | **૮** | **૩૧** | **૦** |
| ૩ | **બોરસદ** | **૧૮** | **૬૪** | **૦** |
| ૪ | **ખંભાત** | **૨૬** | **૩૯** | **૦** |
| ૫ | **પેટલાદ** | **૩૪** | **૫૫** | **૦** |
| ૬ | **સોજીત્રા** | **૧૧** | **૨૧** | **૦** |
| ૭ | **તારાપુર** | **૧૪** | **૩૫** | **૦** |
| ૮ | **ઉમરેઠ** | **૧૨** | **૩૬** | **૦** |

**બિન-પરંપરાગત ઊર્જા અંગેની સોલાર પાવર પોલીસી**

**૧૫/૪/૨૫૪૯ શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા ) પોરબંદર(** માનનીય **ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે -:

)૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બિન-પરંપરાગત ઊર્જા અંગેની સોલાર પાવર પોલીસી- ૨૦૦૯ અન્વયે કેટલા ખાનગી ઉત્પાદક પાસેથી કેટલા યુનિટ વીજળી ક્યા ભાવે ખરીદવામાં આવી,અને

)૧) બિન-પરંપરાગત ઊર્જા અંગેની ૨૦૦૯ની સોલાર પાવર પોલીસી અન્વયે કુલ ૭૨ જેટલા ખાનગી ઉત્પાદકો પાસેથી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખરીદવામાં આવેલ વીજળીની વર્ષવાર માહિતી નીચે મુજબ છે.

| વર્ષ | ખરીદવામાં આવેલ વીજળી (મિલિયન યુનિટ) | સરેરાશ યુનિટ દીઠ ભાવ |
|---|---|---|
| **૨૦૨૨** | **૧૨૧૨** | **૧૩.૪૧** |
| **૨૦૨૩** (પ્રોવિઝનલ) | **૧૧૫૩** | **૧૩.૧૫** |

)૨) તે અન્વયે કેટલા ખાનગી ઉત્પાદકને ઉક્ત વર્ષવાર કેટલી રકમ ચુકવામાં આવી?

)૨) તે અન્વયે ૭૨ ખાનગી ઉત્પાદકોને વર્ષ ૨૦૨૨ માં **રૂ.૧૬૨૬ કરોડ** અને વર્ષ ૨૦૨૩ માં **રૂ.૧૫૧૭** કરોડ) પ્રોવિઝનલ) ચુકવામાં આવેલ છે.

**ઔદ્યોગિક કક્ષાના ગ્રાહકો પાસેથી વીજ ડ્યુટી વસૂલાત**

**15/4/2555 શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** )વાંસદા) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

**પ્રશ્ન** | **જવાબ**

)૧( તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં વીજ વપરાશ કરતા ઔદ્યોગિક કક્ષાના ગ્રાહકો પાસેથી વીજ ડ્યુટી વસુલાય છે કે કેમ,

)૧ (હા, જી.

)૨( જો હા, તો ઉક્ત સ્થિતિએ ઉક્ત ડ્યુટીનો દર કેટલો છે,

)૨ (

| ક્રમ | વીજભાર | વિદ્યુતનું વિતરણ કરતા એકમોના ઔદ્યોગિક કક્ષાના ગ્રાહકોને લાગુ પડતી ડ્યુટીનો દર | સ્વ-વપરાશ માટે વિદ્યુત ઉત્પાદન કરતા ઔદ્યોગિક કક્ષાના ગ્રાહકોને લાગુ પડતી ડ્યુટીનો દર |
|---|---|---|---|
| ૧ | ઉચ્ચ દબાણ | ૧૫% | ૬૦ પૈસા/યુનિટ |
| ૨ | નિમ્ન દબાણ | ૧૦% | |

)૩( ઉક્ત દરમાં ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે કેટલો વધારો-ઘટાડો કરવામાં આવ્યો, અને

)૩) ફેરફાર કરવામાં આવેલ નથી.

)૪( ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તે અન્વયે સરકારને કેટલી આવક થઇ ?

)૪) ₹) કરોડમાં(

| ૦૧.૦૧.૨૦૨૨ થી ૩૧.૧૨.૨૦૨૨ સુધીમાં થયેલ આવક | ૦૧.૦૧.૨૦૨૩ થી ૩૧.૧૨.૨૦૨૩ સુધીમાં થયેલ આવક |
|---|---|
| ૬૯૦૪.૩૬ | ૭૭૭૦.૩૨ |

-----------------

## અતારાંકિત પ્રશ્નો

**નર્મદા જિલ્લામાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ અનાજનું વિતરણ**

**15/4/2123 ડૉ. દર્શના ચંદુભાઈ દેશમુખ** (નાંદોદ) : **માનનીય અન્ન,નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો– ૨૦૧૩ હેઠળ નર્મદા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને | (૧) નર્મદા જિલ્લામાં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ હેઠળ "પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના "અંતર્ગત માહે જાન્યુઆરી–૨૦૨૩થી ડિસેમ્બર–૨૦૨૩ દરમ્યાન કુલ ૩૧,૩૧૩.૫૮ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે. |
| (૨) કયા પ્રમાણથી અને શા ભાવથી વિતરણ કરવામાં આવ્યું? | (૨) માહે જાન્યુઆરી – ૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી નીચે મુજબના સમયગાળા માટે આ યોજના હેઠળ અનાજનું નીચે દર્શાવેલ પ્રમાણથી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવેલ છે. |

(૧) માહે જાન્યુઆરી –૨૦૨૩ થી જુલાઈ – ૨૦૨૩ સુધી તથા માહે સપ્ટેમ્બર–૨૦૨૩ થી ડિસેમ્બર– ૨૦૨૩ સુધી. (ઘઉં તથા ચોખા)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૨૦–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૩–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

(૨) માહે ઓગસ્ટ–૨૦૨૩ માટે (ઘઉં, ચોખા તથા બાજરી)

| યોજના | અનાજનો પ્રકાર | વિતરણ–પ્રમાણ (કિ.ગ્રા.) | વિતરણ ભાવ (રૂ–પૈસા) |
|---|---|---|---|
| એએવાય (AAY) | ઘઉં | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | કાર્ડદીઠ ૧૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | કાર્ડદીઠ ૦૫–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | કાર્ડદીઠ ૩૫–૦૦૦ | |
| અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | ચોખા | વ્યક્તિદીઠ ૨–૦૦૦ | વિનામૂલ્યે |
| | બાજરી | વ્યક્તિદીઠ ૧–૦૦૦ | વિનામૂલ્યે |
| | કુલ | વ્યક્તિદીઠ ૫–૦૦૦ | |

**ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારમાં ડીસેલીનેશન પ્લાન્ટ બાબત**

**15/4/2526 શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી (માણાવદર):** માનનીય **પાણી પુરવઠા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** **જવાબ**

| | |
|---|---|
| )૧) તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાનું ખારૂ પાણી મીઠું બનાવી પીવાનું પાણી પુરૂ પાડવા માટે ડીસેલીનેશન પ્લાન્ટ ક્યા સ્થળે સ્થાપવામાં આવ્યા છે, | )૧) તા.૩૧-૦૧-૨૦૨૪ ની સ્થિતિએ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં દરિયાનુ ખારૂ પાણી મીઠું બનાવી પીવાનુ પાણી પુરૂ પાડવા માટે ૪ સ્થળોએ કુલ ૪ સી વોટર ડી-સેલીનેશન પ્લાન્ટ સ્થાપવામાં આવી રહેલ છે.<br>I. દેવભૂમી દ્વારકા જિલ્લાના ગાંધવી ગામે ૭૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ<br>II. ભાવનગર જિલ્લાના નવા રતનપર ગામે ૭૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ<br>III. કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના ગુંદ્મીયાલી ગામે ૧૦૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ<br>IV. ગીર સોમનાથ જિલ્લાના સુત્રાપાડા તાલુકાના વડોદરા ઝાલા ગામે ૩૦ એમ.એલ.ડી ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ |
| )૨) ઉક્ત સ્થિતિએ કેટલા પ્લાન્ટ કાર્યરત છે, કેટલા કાર્યરત કરવાના બાકી છે, અને | )૨) ઉક્ત સ્થિતિએ કોઇ પ્લાન્ટ કાર્યરત નથી, હાલ તમામ ડીસેલીનેશન પ્લાન્ટની કામગીરી પ્રગતિમાં છે. |
| )૩) છેલ્લા બે વર્ષમાં કાર્યરત પ્લાન્ટમાંથી કેટલા લીટર દરિયાનું ખારૂ પાણી પીવાલાયક બનાવવામાં આવ્યું ? | )૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. તમામ પ્લાન્ટની કામગીરી હાલ પ્રગતિમાં છે. |

---

**સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં સબસિડી**

15/4/2118: **શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર** ) દસાડા :(**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :-

**પ્રશ્ન** | **જવાબ**

(▯)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં કેટલા ખેડૂતોને વીજ બીલમાં રાહત પેટે કેટલી સબસિડી આપવામાં આવી ?

(▯)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ખેડૂતોને વીજ બીલમાં રાહત પેટે ચુકવવામાં આવેલ સબસિડીની વિગતો નીચે મુજબ છે:

| વર્ષ | ગ્રાહકોની સંખ્યા | સબસિડીની રકમ (રૂ. કરોડમાં) |
|---|---|---|
| ૨૦૨૨ | ૭૭,૨૬૫ | ૨૮૦.૯૩ |
| ૨૦૨૩ | ૮૧,૭૩૨ | ૩૯૨.૪૪ |

**ગીર સોમનાથ અને આણંદ જિલ્લામાં ભરતીના પાણીથી થતી ખારાશ અટકાવવા બાબત**

15/4/2536 **શ્રી વિમલભાઇ કાનાભાઇ ચુડાસમા (સોમનાથ) :** માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે,-

પ્રશ્ન | જવાબ

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગીર સોમનાથ અને આણંદ જિલ્લામાં દરીયાની ભરતીના કારણે કિનારાના ગામોની જમીનમાં વધતી જતી ખારાશ અટકાવવા કેટલી રકમ ફાળવવામાં આવી,

(૧) જીલ્લો: ગીરસોમનાથ

| વર્ષ | ફાળવેલ રકમ(રૂ! લાખમા) |
|---|---|
| ૨૦૨૨ | ૧૩૪.૫૬ |
| ૨૦૨૩ | ૭૫.૯૨ |
| કુલ | ૨૧૦.૪૮ |

આણંદ જિલ્લામા દરીયાની ભરતીના કારણે કિનારાના ગામોની જમીનમાં વધતી જતી ખારાશ અટકાવવા કોઇ રકમ ફાળવેલ નથી.

(૨) ઉક્ત ફાળવવામાં આવેલ રકમમાંથી ઉક્ત જિલ્લામાં તાલુકાવાર કેટલી રકમના ક્યા કામો હાથ ધરવામાં આવ્યા,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા કામો પુર્ણ થયા, કેટલા કામો પ્રગતિમાં છે અને કેટલા કામો શરૂ કરવાના બાકી છે, અને

(૨) અને (૩) ગીર સોમનાથ જિલ્લામા ગીર ગઢડા તાલુકામા રૂ! ૧૩૪.૫૬ લાખના ચેકડેમના કામો પૂર્ણ કરવામા આવેલ છે અને સુત્રાપાડા તાલુકામા રૂ! ૪૩.૪૬ લાખના એસ્કેપ કેનાલના કામો પૂર્ણતાના આરે છે.

આ ઉપરાંત સુત્રાપાડા,વેરાવળ અને કોડીનાર તાલુકામા આદ્રી બંધારા,વેરાવળ થી મુળ દ્વારકા ,ટી.આર સુધી સ્પ્રેડીંગ કેનાલના કામના (કન્સલ્ટન્સી ટેન્ડર રકમ રૂ! ૩૨.૪૬ લાખ) પ્રાથમિક નકશા/અંદાજો હાલ મંજુરી પ્રકીયા હેઠળ છે.

(૪) ઉક્ત બાકી કામો ક્યા સુધીમાં પૂર્ણ કરવામાં આવશે ?

(૪) બાકી રહેતા કામો, નિયમોનુસાર મેળવવાની થતી વિવિધ વિભાગોની મંજુરીઓ મેળવી, નાણાકીય ઉપલબ્ધિ મુજબ તબકકાવાર પૂર્ણ કરવાનુ આયોજન છે

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## અતારાંકિત પ્રશ્નો

**ગીર સોમનાથ જિલ્લામાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના**

**૧૫/૪/૨૦૮૯: શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા : (માનનીય ઉર્જા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે–:**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં કુલ કેટલા કિ.મી. જર્જરિત વીજ વાયર અને કેટલા થાંભલા બદલવામાં આવ્યા, અને | )૧) |
| )૨) તેના પાછળ કુલ કેટલો ખર્ચ થયો ? | )૨) રૂ. ૪૭૮.૪૮ લાખનો ખર્ચ થયો. |

| જર્જરિત વીજ વાયર (કિ.મી.) | થાંભલા |
|---|---|
| ૯૬૮.૪૫ | ૧૨૪૨ |

**રાજ્યને જી.એસ.ટી. કાયદા અન્વયે મળવાપાત્ર વળતર**

15/4/2537 **શ્રી કિરીટકુમાર ચીમનલાલ પટેલ** )પાટણ) **: માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧( જી.એસ.ટી.ના વળતરનો પાંચ વર્ષનો સમયગાળો તા.૩૦/૦૬/૨૦૨૨ના રોજ પૂર્ણ થયેલ છે, તે હકીકત સાચી છે, | )૧) હા, જી. |
| )૨( જો હા, તો તે અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર પાસેથી કેટલી રકમ મેળવવાની થાય છે, | )૨) ₹૧૬૭૨.૩૫ કરોડ |
| )૩( ઉક્ત રકમ મેળવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં શા પ્રયાસો કરવામાં આવ્યા, અને | )૩) ધી ગુડ્ઝ એન્ડ સર્વિસીસ ટેક્સ(કોમ્પેન્સેશન ટુ સ્ટેટ્સ) એક્ટ, ૨૦૧૭ની કલમ–૭ની જોગવાઇ મુજબ એકાઉન્ટન્ટ જનરલશ્રી દ્વારા આવકનું ઑડિટ પ્રમાણપત્ર સમયસર મળે તે માટે સંકલન કરવામાં આવેલ છે. વધુમાં, રાજ્યના નાણા વિભાગ દ્વારા કેન્દ્રીય નાણા મંત્રાલય સાથે સંકલન કરવામાં આવેલ છે. |
| )૪( તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે શા પ્રતિભાવો મળ્યા ? | )૪) GST વળતર પેટે કુલ₹ ૧૧૫૫૭.૯૪ કરોડ લેવાના બાકી હતા જે પૈકી₹ ૯૮૮૫.૫૯ કરોડ મળેલ છે .જ્યારે, બાકીની રકમ માટે તાજેતરમાં જ એકાઉન્ટન્ટ જનરલશ્રીની કચેરી તરફથી મળેલ પ્રમાણપત્ર ભારત સરકારને મોકલી આપેલ છે. |

**મહુવા અને તળાજા તાલુકામાં પવનચક્કીઓ કારણે ખેતીને નુકસાન**

2507/4/15 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા)** માનનીય **ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે –:

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| )૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં કેટલી પવનચક્કીઓ સ્થાપવાની મંજૂરી આપવામાં આવી,અને | )૧) તા.૩૦/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લાના મહુવા અને તળાજા તાલુકામાં કુલ ૧૫૩ પવનચક્કીઓ સ્થાપવાની મંજૂરી આપવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| )૨) | ઉક્ત પવનચક્કીઓ સ્થાપવાની ખેડૂતોની ખેતીને થતા નુકસાનને ભરપાઈ કરવા ઉક્ત તાલુકાના કેટલા ખેડૂતોની ફરીયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળી? | )૨) ઉક્ત પવનચક્કીઓ સ્થાપવાથી ખેડૂતોને ખેતીને થતા નુકસાનને ભરપાઈ કરવા ઉક્ત તાલુકાના કોઈ પણ ખેડૂતોની ફરિયાદો સરકારને છેલ્લા બે વર્ષમાં મળેલ નથી. |

**રાજયમાં અકીક ઉદ્યોગ તેમજ પતંગ ઉદ્યોગ પર જી.એસ.ટી.**

**15/4/2552 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** )લુણાવાડા **:** (**માનનીય નાણાં મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:–

**પ્રશ્ન** **જવાબ**

)૧( તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં અકીક ઉદ્યોગ માટેના રો મટીરીયલ અને અંતિમ વસ્તુઓ તેમજ પતંગ ઉદ્યોગ માટેના રો મટીરીયલ અને અંતિમ વસ્તુ પર કેટલો જી.એસ.ટી. ક્યારથી લેવાનો નક્કી થયેલ છે, અને

)૧( (વેરાનો દર)

| **અકીક ઉદ્યોગ** | **વેરાનો દર (CGST+GGST)** |
|---|---|
| અકીક | ૦.૨૫% તા. ૨૫/૦૧/૨૦૧૮ થી |
| અકીકમાંથી બનાવેલ અંતિમ વસ્તુઓ (ઘરેણાં, ઈમિટેશન) | ૩% તા. ૦૧/૦૭/૨૦૧૭ થી |
| **પતંગ ઉદ્યોગ** | **વેરાનો દર (CGST+GGST)** |
| પતંગ ઉદ્યોગ માટેના રો મટીરીયલ (કાગળ) | ૧૨% તા. ૦૧/૦૭/૨૦૧૭ થી |
| પતંગ ઉદ્યોગ માટેના રો મટીરીયલ (ગમ) | ૫% તા. ૦૧/૦૭/૨૦૧૭ થી |
| અંતિમ વસ્તુ (પતંગ) | ૫% તા. ૦૧/૦૭/૨૦૧૭ થી |

)૨( તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જી.એસ.ટી. ના દરમાં ઘટાડો થાય તે માટે ક્યારે શા પ્રયાસો કરવામાં આવ્યા?

)૨ (જી.એસ.ટી. કાયદા હેઠળ ચીજ–વસ્તુઓનાં વેરાના દરમાં સંશોધન કરવાની સત્તા જી.એસ.ટી. કાઉન્સીલ પાસે છે.

**પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાંથી વીજળી ખરીદવા બાબત**

15/4/2551: **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા ) પોરબંદર**) :**માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

----

## તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

**પ્રશ્ન** | **જવાબ**

(૧)તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કેટલા યુનિટ વીજળી કયા દરે પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાંથી ખરીદવામાં આવી,

(૨)તે અન્વયે ઉક્ત માસવાર કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૧) અને (૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પાવર એક્સચેન્જ ઓફ ઈન્ડિયામાંથી છેલ્લા બે વર્ષમાં માસવાર ખરીદવામાં આવેલ વીજળી, તેના દર અને ચૂકવેલ રકમની વિગત નીચે મુજબ છે.

| માસ | ૨૦૨૨ | | | ૨૦૨૩ )પ્રોવીઝનલ( | | |
|---|---|---|---|---|---|---|
| | મિલિયન યુનિટ | ચૂકવેલ રકમ )રૂ-કરોડ) | સરેરાશ પ્રતિ યુનિટ દર | મિલિયન યુનિટ | ચૂકવેલ રકમ )રૂ-કરોડ) | સરેરાશ પ્રતિ યુનિટ દર |
| જાન્યુઆરી | - | - | - | ૦.૧૨ | ૦.૧૪ | ૧૧.૩૮ |
| ફેબ્રુઆરી | - | - | - | - | - | - |
| માર્ચ | - | - | - | - | - | - |
| એપ્રિલ | - | - | - | - | - | - |
| મે | - | - | - | - | - | - |
| જૂન | ૨.૮૭ | ૧.૪૭ | ૫.૧૩ | - | - | - |
| જુલાઈ | ૬.૦૧ | ૩.૬૩ | ૬.૦૪ | - | - | - |
| ઓગસ્ટ | ૬.૫૫ | ૫.૨૬ | ૮.૦૩ | ૪.૧૬ | ૩.૪૯ | ૮.૪૦ |
| સપ્ટેમ્બર | ૬.૩૧ | ૪.૯૩ | ૭.૮૧ | ૨.૨૩ | ૨.૨૪ | ૧૦.૦૩ |
| ઓક્ટોબર | ૨.૬૭ | ૧.૨૦ | ૪.૪૯ | ૩૨.૨૫ | ૩૧.૬૯ | ૯.૮૩ |
| નવેમ્બર | - | - | - | ૦.૩૮ | ૦.૨૯ | ૭.૬૦ |
| ડિસેમ્બર | - | - | - | ૧.૧૫ | ૧.૦૦ | ૮.૭૨ |

(૩)ઉક્ત વીજળી ખરીદવાના મુખ્ય કારણો શા છે ?

(૩) રાજ્યની પ્રજાને અવિરત અને સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળી રહે તે હેતુથી અને ક્યારેક પ્લાન્ટમાં બ્રેક ડાઉનનાં કારણોસર ઊભી થતી પરિસ્થિતિને પહોંચી વળવા તેટલા સમય પુરતી વીજ ખરીદી અન્વયે, લાંબાગાળા/મધ્યમગાળાના કોન્ટ્રાક્ટ કરતા જે તે સમયના ટાઈમ સ્લોટ દરમ્યાન પાવર એક્સ્ચેન્જમાં ઓછા દરે પાવર ઉપલબ્ધ હોય, ત્યારે ખર્ચમાં બચત કરવાના હેતુથી પાવર એક્સ્ચેન્જમાંથી વીજળી ખરીદવાની જરૂરિયાત ઉદભવે છે.

---------

### સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

### સન ૨૦૨૨-૨૩નો ગુજરાત સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઈ મો. દેસાઈ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ઈન્વેસ્ટમેન્ટસ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

### સન ૨૦૨૨-૨૩નો ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસીસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી કનુભાઈ મો. દેસાઈ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત સ્ટેટ ફાઈનાન્સિયલ સર્વિસિસ લિમિટેડનો સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા સમીક્ષા સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

### સન ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડના વાર્ષિક અહેવાલ

શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ધોલેરા ઈન્ટરનેશનલ એરપોર્ટ કંપની લિમિટેડના સન ૨૦૨૦-૨૧, ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના વાર્ષિક અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતાં નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલો, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

### સન ૨૦૨૦-૨૧નો ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમનો વાર્ષિક અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (રા.ક.ના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી વતી સંસદીય બાબતોના મંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય વિકલાંગ (દિવ્યાંગ) નાણાં અને વિકાસ નિગમનો સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી

અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ, સમીક્ષા તથા નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૯–૨૦નો ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો ઓડિટ અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (રા.ક.ના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી વતી સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનનો સન ૨૦૧૯–૨૦નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા હિસાબ સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૧૭–૧૮નો ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો ઓડિટ અહેવાલ**

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ (રાજય કક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનો સન ૨૦૧૭–૧૮નો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના વાર્ષિક અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (રા.ક.ના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી વતી સંસદીય બાબતોના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગના સન ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ તેમજ સન ૨૦૨૧–૨૨ના વાર્ષિક અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૧–૨૨નો ગુજરાત હાઉસિંગ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી ગૃહ નિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ પર મૂકવામાં આવ્યા.**

**સન ૨૦૨૨–૨૩નું ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ કલીયરન્સ સેલનું અંદાજપત્રક**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી ગૃહ નિર્માણ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : મનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત હાઉસિંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સન ૨૦૨૨–૨૩નું સુધારેલ અંદાજપત્રક અને સન ૨૦૨૩–૨૪ના વર્ષનો વાર્ષિક ગૃહનિર્માણ કાર્યક્રમ અને મૂડીના કામોનું અંદાજપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**અંદાજપત્રક સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : મનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મ્યુનિસિપલ ફાઈનાન્સ બોર્ડનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત માહિતી આયોગનો વાર્ષિક અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (સામાન્ય વહીવટ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત માહિતી આયોગનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો.**

**સન ૨૦૦૧નાં ગુજરાત મોટર સ્પીરિટ ઉપકર અધિનિયમ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૧નાં ગુજરાત મોટર સ્પિરિટ ઉપકર અધિનિયમ અન્વયેનું નાણાં વિભાગનું તા.૦૮/૦૯/૨૦૨૧નું જાહેરનામા ક્રમાંક: (જીએચએન–૬૪)એમસીઆર–

૨૦૨૧(૯)ઠ તથા આ જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**જાહેરનામું તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૧૭ના ગુજરાત માલ અને સેવા વેરા અધિનિયમ અન્વયેનાં નાણાં વિભાગનાં,

૧) તા.૦૬/૦૧/૨૦૨૦ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૩) જીએસટીઆર-૨૦૨૦/એસ.૧૬૪(૫૨)ઠ

૨) તા.૦૧/૦૧/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪) જીએસટીઆર-૨૦૨૨/એસ.૧૬૪(૭૮)ઠ

૩) તા.૦૬/૦૬/૨૦૨૨ના જાહેરનામા ક્રમાંક: (જીએચએન-૪૦) જીએસટી-૨૦૨૨/એસ.૧૨૮(૩૫)ઠ

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યું.**

**સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેનાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં જાહેરનામા**

શ્રી કનુભાઇ મો. દેસાઇ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેનાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં તા.૦૬/૧૨/૨૦૨૩નાં જાહેરનામાં ક્રમાંક: ૦૩, ૦૪ અને ૦૫ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**જાહેરનામા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**અનુમતિ મળેલા વિધેયકો**

સચિવશ્રી : માનનીય અધ્યક્ષશ્રી, હું પંદરમી ગુજરાત વિધાનસભાના ચાલુ (ચોથા) સત્રમાં વિધાનસભાએ પસાર કરેલ અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવા સન ૨૦૨૪નાં વિધેયક ક્રમાંકઃ ૧ અને ૩ વિધાનસભાના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

**અનુમતિ મળેલા વિધેયકો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યા.**

**વિધાનસભાની સમિતિઓના અહેવાલોની રજૂઆત**

કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલની રજૂઆત

ઉપાધ્યક્ષશ્રી : ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો છઠ્ઠો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક મંગળવાર, તા.૨૭મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ બે બેઠક વચ્ચેના વિરામ સમયની શરૂઆતમાં માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** બુધવાર, તા.૨૮/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બીજી બેઠકમાં નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને જરૂર પડ્યેથી ગૃહનો સમય લંબાવીને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૪-સન ૨૦૨૪નું ગુજરાત ભાડા, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક.

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૫-સન ૨૦૨૪નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયક.

**૨.** સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૬-સન ૨૦૨૪નું ગુજરાત નશાબંધી (સુધારા) વિધેયક ચર્ચા માટે હાથ ધરવું નહી.

**૩.** ગુરુવાર, તા.૨૯/૦૨/૨૦૨૪ના રોજ નીચે દર્શાવેલા ક્રમમાં સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરવા અને તેની વિચારણા પૂરી કરવી.

(૧) સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક.

(૨) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી (સુધારા) વિધેયક.

(૩) સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

જાહેર હિસાબ સમિતિના પહેલા અહેવાલની રજૂઆત

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી(સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું જાહેર હિસાબ સમિતિનો પહેલો અહેવાલ સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

ફાલ્ગુન ૯, ૧૯૪૫ શાકે

ગુજરાત, ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક, ૨૦૨૪

સંસદીય બાબતોના મંત્રીશ્રીનો પ્રસ્તાવ

શ્રી ઋષિકેશ ગ. પટેલ(વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ કામકાજ સલાહકાર સમિતિના છઠ્ઠા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિનાવિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

**સરકારી વિધેયકો**

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૪**

**ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક, ૨૦૨૪**

**ગુજરાત ભાડાં, હૉટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ, ૧૯૪૭નો અમલ ચાલુ રાખવા અને વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ઋષિકેશ ગ. પટેલ(શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૪નું ગુજરાત ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયકને હું આપની અનુમતિથી દાખલ કરું છું.

**વિધેયક દાખલ કરવામાં આવ્યું.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૪ના ગુજરાત ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભાડાં, હોટલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અમલ ચાલુ રાખવા અને સુધારા બાબતનું વિધેયક એ સુધારા વિધેયક છે એને લઇને આદરણીય સભાગૃહમાં હું પ્રસ્તુત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા મુંબઇ ભાડાં, હોટલ અને નિવાસગૃહ દર નિયંત્રણ અધિનિયમ ૧૯૪૭ને અપનાવી અને કામચલાઉ અધિનિયમ અમલમાં મૂક્યો હતો. આ અધિનિયમની કલમ–૩ ની પેટા કલમ–૩ હેઠળ આ અધિનિયમને કામચલાઉ એટલે કે ટેમ્પરરી કાયદા તરીકે બનાવવામાં આવેલ છે. આ પ્રકારનો ભારતના અન્ય રાજ્યોમાં પણ ઘણા ખરા રાજ્યોએ ટેમ્પરરી કાયદા તરીકે અન્ય કાયદાઓ પણ ઘડવામાં આવ્યા છે. આ અધિનિયમ અમલમાં આવે તે સમયથી મર્યાદિત સમયગાળા માટે અમલમાં મૂકવા અંગે કલમ–૩ની પેટા કલમ–૩માં જોગવાઇઓ છે. આથી આ અધિનિયમની અંદર ૧૦ વર્ષ પછી રિન્યુ કરવામાં આવે છે. જે મુજબ વખતો વખત આ અધિનિયમમાં સુધારો કરી તેમજ તેનું અમલીકરણ અંગેની સમયમર્યાદા આપણે લંબાવી છે. સન ૧૯૪૮, ૧૯૪૯, ૧૯૫૦, ૧૯૬૩, ૧૯૬૫, ૧૯૯૧ અને ૨૦૦૧ તેમજ ૨૦૧૧નાં વર્ષોમાં આ સુધારા અધિનિયમ આપણે અમલમાં મૂક્યો છે. અધિનિયમનો મુખ્ય ઉદ્દેશ ભાડે આપનાર અને ભાડે રાખનાર આ બન્નેની વચ્ચે સ્ટાન્ડર્ડ ભાડું નક્કી કરવા અંગેની જોગવાઇઓ છે. મકાન માલિક અને ભાડૂઆત વચ્ચે બન્નેની સહમતિથી નિર્ધારિત શરતોને આધીન કરાર મુજબ મકાન ભાડે આપવામાં અને મકાન ભાડે રાખવામાં આવે છે. અધિનિયમનો મૂળ હેતુ ભાડે રાખનારના હિતોની જાળવણી કરવી અને સાથોસાથ ભાડે આપનારના હિતોની પણ જાળવણી કરવી. પરંતુ સને ૧૯૪૭નો આપણો જે મુંબઇ અધિનિયમ હતો એની અંદર ભાડે આપવાવાળા કરતાં પણ ભાડે રાખનારની થોડી વધારે ચિંતા થઇ હતી. એને કારણે સુધારા અધિનિયમ આપણે આજ ૨૦૪૭ નો જે કાયદો હતો, એમાં વર્ષ ૨૦૦૧માં સુધારા કરવામાં આવેલા. કામચલાઉ અધિનિયમની મુદતમાં ૧૦ વર્ષ એટલે કે વર્ષ ૨૦૧૧ સુધી વધારો કરવામાં આવેલ. વર્ષ ૨૦૧૧માં પણ રાજ્ય સરકાર દ્વારા મકાન માલિક અને ભાડૂઆત બંનેનું હિત જળવાય એ માટે સુધારા સાથે વર્ષ ૨૦૧૧થી વર્ષ ૨૦૨૧ સુધી ૧૦ વર્ષ સુધી મુદતનો વધારો કરવામાં આવેલ. વર્ષ ૨૦૦૧માં સુધારા અધિનિયમ એમેન્ડમેન્ટ આપણે જે લાવ્યા એમાં અધિનિયમની કલમ–૩માં પેટા કલમ–૨માં સુધારો કરી અધિનિયમની મુદત ૨૦૦૧થી તા.૩૧–૧–૨૦૧૧ સુધી આપણે લંબાવી હતી. અધિનિયમની કલમ–૪ (૧) પછી (૧) ક અને ખ ને આમેજ કરી આ સુધારા અધિનિયમના આરંભે અથવા તો તે પછી બંધાયેલ કોઇ જગ્યાને જેનો કબજો માલિક પોતે ધરાવતો હોય અથવા ખાલી હોય અને આ સુધારા અધિનિયમના આરંભ પછી ભાડે અપાયેલ હોય એવી જગ્યાને સુધારા અધિનિયમના આરંભની તારીખથી ૧૦ વર્ષની મુદત સુધી આ અધિનિયમ લાગુ પડશે નહીં, એટલે કે વર્ષ ૨૦૪૭નો. આ કાયદાની જોગવાઇનો લાભ લઇને મકાન ભાડે આપવાનો અથવા ભાડે રાખવાનો કરાર કરે તો આ કરારના આધારે અધિનિયમથી ભાડૂઆત અને કરાર માલિક બંનેને મુક્તિ મળે છે. અધિનિયમની મુદત વર્ષ ૨૦૦૧ થી વર્ષ ૨૦૧૧ સુધી આપણે લંબાવી છે. અધિનિયમની કલમ–૪(૧) પછી (૧) ક અને ખ આમેજ કરી વર્ષ ૨૦૦૧ના સુધારા અધિનિયમના આરંભે અથવા તો એ પછી બંધાયેલ કોઇ જગ્યાને એનો કબજો માલિક પોતે ધરાવતો હોય અથવા ખાલી હોય અને આ અધિનિયમના આરંભ પછી ભાડે અપાયેલી હોય તો તેવી જગ્યાને સુધારા અધિનિયમના આરંભની તારીખથી ૧૦ વર્ષની મુદત સુધી આ અધિનિયમ લાગુ પડશે નહીં. વર્ષ ૨૦૧૧માં પણ ૧૦ વર્ષનો આપણે મુદત વધારો કર્યો. કલમ–૩માં પેટા કલમ–૨માં સુધારો કરી અધિનિયમની મુદત વર્ષ તા.૧–૪–૨૦૧૧ થી તા.૩૧–

---

* વિધેયક તા. ૧૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

૧-૨૦૨૧ એટલે ૧૦ વર્ષ આપણે લંબાવી છે અને એના પણ એકટ નંબર-૬, ૨૦૧૧ અધિનિયમની કલમ-૪(૧) ખ માં સુધારા અધિનિયમના આરંભની તારીખથી ૧૦ વર્ષની મુદત સુધીના જે શબ્દો હતા એ દૂર કર્યા કારણકે ઉપર એનો ઉલ્લેખ આવતો હતો. અધિનિયમની મુદત વર્ષ તા.૧-૪-૨૦૧૧ થી તા.૩૧-૧-૨૦૨૧ એટલે ૧૦ વર્ષ આપણે લંબાવી છે જેથી આ ૨૦૦૧ના સુધારા અધિનિયમના આરંભે અથવા તો તે પછી બંધાયેલ કોઇપણ જગ્યાને જેનો કબજો એનો માલિક પોતે ધરાવતો હોય અથવા ખાલી હોય અને એ આ અધિનિયમના આરંભ પછી ભાડે અપાયેલ હોય તો તેવી જગ્યાને આ અધિનિયમ લાગુ પડશે નહીં. વર્ષ ૨૦૨૪માં આ અધિનિયમની મુદતમાં આપણે વધારો કરવા જઇ રહ્યા છીએ. વર્ષ ૨૦૨૧ સુધી આ અધિનિયમ આપણો અસ્તિત્વમાં હતો પરંતુ આ કાયદાથી આવેલો આ અધિનિયમ હતો એટલે વર્ષ ૨૦૨૧ થી આ ૨૦૨૪ સુધી એ ઇનએક્ટિવ થયેલો હતો. જેના કારણે આપણે વર્ષ ૨૦૨૪ની અંદર કાયદાના કોઇ પ્રોવિઝનથી લાગુ કરી શકતા નથી એટલે એને વિધાનસભામાં જ લાવવો પડે અને ગૃહમાં જ એને પસાર કરવો પડે. એના કારણે આ સદર અધિનિયમ લઇને ગૃહમાં ઉપસ્થિત થવાનું થયું છે અને આ વિધેયક ૨૦૨૪ તરીકે અમલમાં લાવવાનો રહે છે. આ અધિનિયમની મુદત તા.૩૧-૩-૨૦૨૧ના રોજ પૂર્ણ થતા એને પશ્ચાતવર્તી અસર એટલે કે જે સમય દરમિયાન એ ઇન એક્ટિવ હતો એ સમયમાં પણ આ અધિનિયમ લાગુ પડશે એમ કર્યું છે અને તા.૧-૪-૨૦૨૧ થી તા.૩૧-૩-૨૦૨૬ સુધી ૫ વર્ષ સુધી રિન્યુ કરવા મંત્રીમંડળે મંજૂરી પણ આપેલી છે અને એને લઇને આ ગૃહ સમક્ષ ઉપસ્થિત થયો છું. પ્રશ્ન એ ઊભો થાય કે પહેલાં ૧૦ વર્ષ કરતા હતા આપણે ૫ વર્ષ કેમ કર્યો? એના માટે મહત્ત્વનું એક કારણ વર્ષ ૨૦૦૧ની અંદર આ જ અધિનિયમ માટે કેન્દ્ર સરકાર તરફથી મોડલ એકટ લાવવામાં આવ્યો હતો અને બધા રાજ્યોને મોકલી આપવામાં આવ્યો. જેથી કરીને દરેક રાજ્યો પોતે પોતાની પરિસ્થિતિ પ્રમાણે મોડલ એક્ટ જે રજૂ કર્યો, જે સરકારોને મોકલ્યો,તે તેની ચર્ચા વિચારણા કરી જે તે રાજ્યોમાં લાગુ કરી શકે. પરંતુ આ સમયગાળા દરમ્યાન તેની તરફેણમાં અને તેની વિરુદ્ધમાં અલગ અલગ દલીલો થઇ અને તેની વિચારણામાં હજું પણ થોડો સમય લાગે તેમ હોઇ અને વિચારણા ચાલુ હોઇ આપણે તેને વર્ષ ૨૦૨૬ સુધી એટલે કે પાંચ વર્ષ સુધી પશ્ચાદવર્તી અસર એટલે કે વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૪ અને વર્ષ ૨૦૨૪ થી વર્ષ ૨૦૨૬ સુધી વિચારણા થઇ શકે અને વિચારણા પછી વધુ અસરકારક રીતે બંને પાર્ટીઓ એટલે કે મકાન માલિક અને ભાડૂઆત બંનેને અસરકર્તા થાય અને કોઇને નુકસાન ન થાય તે રીતે કાયદો અમલમાં લાવવા માટેની વિચારણા ચાલુ છે. મકાન માલિક અને ભાડૂઆતો વચ્ચે જે તકરારો ઉપસ્થિત થાય તેના માટે સ્વતંત્ર સત્તામંડળની જોગવાઇ પણ કરવામાં આવેલી છે. નમૂનારૂપ ભાડૂઆત હક્ક ૨૦૨૦ને રાજ્યમાં અમલી બનાવવાની આપણે ચિંતા કરી રહ્યા છીએ. એટલે ખૂબ નાના એમેન્ડમેન્ટ સાથે આ રજૂ કર્યું છે. વર્ષ ૧૯૪૭ અને તેના પછી વર્ષ ૨૦૧૧ અને વર્ષ ૨૦૧૧થી ૨૦૨૧ અને વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૬ સુધીમાં આને ફરીથી પાંચ વર્ષ સુધી પશ્ચાદવર્તી અસરથી લાગુ કરવા માટેનું બિલ લઇને આવ્યો છું. પશ્ચાદવર્તી અસર એટલા માટે કે, આ લો આપણો જે સમયગાળા દરમ્યાન ઇનએક્ટિવ હોય, કાયદો અસ્તિત્વમાં ન હોય અને તે સમયગાળા દરમ્યાન કોઇ કોર્ટના દાવા થયા હોય, કોઇ તકરાર થઇ હોય, કોઇ ટ્રિબ્યુનલમાં તકરાર ચાલતી હોય તો આ જ કાયદો તે તકરારોમાં પણ લાગુ પડે તે રીતના સામાન્ય સુધારા સાથે આ બિલ લઇને આવ્યો છું. વર્ષ ૨૦૦૧ અને ૨૦૧૧માં બૃહદ ચર્ચા આ કાયદા અંગે ગૃહમાં થઇ છે. એટલે આજે સામાન્ય સુધારો લઇને આવ્યો છું અને સૌ સભ્યશ્રીઓ સર્વાનુમતે મંજૂર કરે તેવી વિનંતી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં આ કાયદાને ૨૦૨૬ના વર્ષ સુધી એક્સટેન્શન આપવાની વાત કહી છે. આમાં ભાડાં હૉટેલ અને નિવાસગૃહ નિયંત્રણ અધિનિયમ છે. એટલે હું માનું છું ત્યાં સુધી મૂળ બિલની કોપી આજે હોત તો વધારે અનુકૂળતા રહેતી, પણ ભાડૂઆતો માટે અને હોટલની અંદર ભાડૂઆતો રહે તેના દર નક્કી કરવા બાબતનું આ બિલ હોય તેવું હું માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ત્યાં ખાસ કરીને હૉટેલોની અંદર મહેમાનો આવતા હોય છે. જે રીતે આપણા ઘરની અંદર કોઇ મહેમાન આવે અને ઘરની વ્યવસ્થા જુએ તો ઘર કેવું હશે તેનો આપણને ખ્યાલ આવી જાય છે. એ જ રીતે રાજ્ય બહારના કોઇ પ્રવાસીઓ હોટલની અંદર આવે અને હોટલનો વ્યવહાર અને તેની વ્યવસ્થા અને તેની પારદર્શિતા જોઇને તે રાજ્યની ઇમ્પ્રેશન લઇને જતો હોય છે. જે હોટલો છે તેમાં જે સ્ટાર હોટલો હોય છે તેનું પોતાનું સ્ટાન્ડર્ડ હોય છે. નોન સ્ટાર હોટલો છે તેને રાજ્ય સરકારે પ્રવાસન વિભાગ મારફત પોતાની કેટેગરી આપીને તેનું અપગ્રેડેશન થાય, બહારના જે લોકો આવે તે તેની ઇમ્પ્રેશન લઇને જાય. આપણા અતિથિગૃહો છે, ધર્મશાળાઓ છે તે બધાને એક સ્ટાર આપીને, એક્રેડીશન આપીને તેનું સ્ટાન્ડર્ડ અપગ્રેડ થાય તો આપણા રાજ્યની અંદર પ્રવાસન વધે. દરની અંદર પણ ટ્રાન્સપરન્સી રહે. સાથે સાથે જે મહેમાનો આવે તેની પ્રાઇવસીનું પણ પાલન થાય. અત્યારે જે નાની હોટલો છે તેમાં લોઅર લેવલની પોલીસ છે તેનું ઇન્ટરફિયરન્સ વધારે હોય છે અને તેમને હેરાન કરવાના બનાવ બનતા હોય છે. તેના ઉપર નિયંત્રણ રાખવાની જરૂર છે. મકાન માલિક અને ભાડૂઆતના કરારો છે તેમાં એક વખત ભાડે દઇ દીધું એટલે કાયમી આપણા હાથમાંથી મકાન ગયું તેમ પહેલાં માનતા હતા. પણ એની અંદર સુધારા કરીને જે મકાન માલીક છે, જેણે મૂડીરોકાણ કર્યું છે એનું પણ હિત જળવાઇ અને એ પણ મનમાની બધી જ પ્રકારની ન કરે પણ એ જ્યારે ઇચ્છે ત્યારે ખાલી કરાવી શકે એ પ્રકારની જોગવાઇઓ જરૂરી છે. હું માનું છું ત્યાં સુધી

એનું એક કોમ્પ્રિહેન્સિવ બિલ આ બંને માટેનું લાવવાની જરૂર છે અને ખાસ કરીને ધર્મશાળાઓ બાબતનું જે સૂચન છે એ રાજ્ય સરકાર ધ્યાનમાં લઇ અને એક કોમ્પ્રિહેન્સિવ બિલ લઇને આવે તો રાજયના હિતમાં રહેશે આ બિલને હું સમર્થન આપું છું.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંકઃ ૪, ગુજરાત ભાડાં હોટેલ નિવાસગૃહ દર નિયંત્રણ અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત વિધેયક ઉપર જે મને બોલવાની તક મળી છે એ બદલ માનનીય અધ્યક્ષશ્રી, આપનો, મંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલ સાહેબનો, મંત્રીગણનો અને સૌ સભ્યશ્રીઓનો આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિધેયક ૧૯૪૭થી ચાલુ છે. એ વખતના સંજોગોને જોતા એ વખતે જે ભાડૂઆત હતા એને થોડા વિશેષ લાભો મળતા હતા. મકાન માલિક કરતા પણ સમયે સમયે એમાં સુધારા–વધારા થતા ગયા એનું કારણ હતું. આ જે નિયમોમાં જોગવાઇ ન હતી એટલે મકાન માલિકને એવું થતું હતું કે, ભાડૂઆત મકાન પડાવી લેશે તો? અથવા તો ટેક્સનો કે મેન્ટેનન્સનો જે ચાર્જ રહેતો હતો એનું કોઇ આયોજન ન હતું એના હિસાબે ઘણી વખત મકાન બંધ પડી રહેતા હતા અને ભાડૂઆત લેતા ન હતા અને વાદ–વિવાદ પણ સર્જાતા હતા અને ઘણી વાર મકાનો ખંડિયેર હાલતમાં પડ્યા રહેતા હતા અને આની કમ્પેરિઝનમાં ભાડૂઆત પણ એવું વિચારતા હતા મકાન માલીક ખૂબ ઊંચું ભાડું લે છે અને બળજબરીથી ગમે ત્યારે ખાલી કરાવી દેશે એ ડરથી એ પણ લેતા ન હતા અને એના હિસાબે ઘણી બધી પ્રોપર્ટી અવાવરું પડી રહેતી હતી અને એનો કોઇ ઉપયોગ ન થવાના કારણે રાજયને અને દેશને નુકસાન થતું હતું એના અનુસંધાનમાં આમાં સુધારા–વધારા થયા. વર્ષ ૨૦૦૧માં સુધારો થયો એના પછી વર્ષ ૨૦૧૧માં સુધારો થયો અને એના પછી વર્ષ ૨૦૨૧માં થયો. આમ, માઇનોર સુધારા–વધારા લોકલાગણીને ધ્યાનમાં રાખીને એને કઇ કઇ તકલીફો પડે છે એને આધાર રાખીને કરવામાં આવ્યા. એની સાથે સાથે એ પણ જોવામાં આવ્યું કે, મકાન માલીકો જે ભાડે આપતા હતા એ બધા પૈસાદાર હોય અને આપતા હતા એવું ન હતું, ઘણાની તો આજીવિકા એ ભાડા પર ચાલતી હતી, પણ આ કોઇ નિયમમાં જોગવાઇ ન હતી. એના હિસાબે ભાડૂઆત મકાન લેતા ન હતા અને ભાડૂઆત મળતા ન હતા એવા ઘણા બધા પ્રોબ્લેમો હતા. આની સાથે સાથે જેમ જેમ સમય જતો ગયો એમ વસતિ વધતી ગઇ. જગ્યા તો એની એ રહી જગ્યામાં કોઇ ફરક પડ્યો નહીં એની સાથે સાથે આપણા દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની દૂરંદેશીથી ગુજરાતમાં જે રીતે ઉદ્યોગોનો વિકાસ થયો એના હિસાબે સતત ફ્લો ચાલુ રહ્યો. સ્ટુડન્ટનો, જુદા જુદા ઉદ્યોગકારોનો, જુદા જુદા કામદારોનો એના હિસાબે આવાસોની સંખ્યા પ્રમાણમાં ઓછી થવા માંડી અને ભાડાના દરનું નિયોજન ન હતું એના હિસાબે ઘણા બધા મકાનો સ્પેર પડ્યા રહેતા હતા અને ઘણા બધા ભાડૂઆત ઇચ્છા રાખતા હતા કે મારે મકાન ભાડે જોઇએ છે પણ લઇ શકતા ન હતા. આવી ઘણી બધી સમસ્યાઓ થતી હતી એના હિસાબે આ આ વિધેયકમાં સુધારો લાવવામાં આવ્યો છે. માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને લાવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી ઉદયભાઇ પ્ર. કાનગડ(રાજકોટ –પૂર્વ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ભાડાં હોટેલ નિવાસગૃહ દર નિયંત્રણ (સુધારા) વિધેયક માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને માનનીય મંત્રીશ્રી અને સાથી સભ્યશ્રી જે વિચારો રજૂ કર્યા એમાં હું મારો સૂર પૂરાવું છું, પરંતુ ગુજરાત એક વિકસિત રાજ્ય છે અને લાખો લોકો રોજગારી માટે અહીંયા આવે છે. કારણ કે, રોજગારી આપવામાં દેશમાં નંબર હોય તો એ ગુજરાત રાજ્ય છે. જ્યારે મને ખ્યાલ છે કે, કોરોનાના સમયમાં મેં એવું એક દશ્ય નથી જોયું કે બહારથી ટ્રેનો ભરાઇને ગુજરાતમાં આવતી હોયપણ અહીંયાથી ગુજરાતમાંથી અનેક લોકો પોતાના વતનમાં ટ્રેનમાં જતા હતા તેનો મતલબ કે લોકો રોજગારી માટે ગુજરાતમાં આવે છે અને જયારે ગુજરાતમાં આવતા હોય વેપાર માટે આવતા હોય, કામ માટે આવતા હોય, બિઝનેશ માટે આવતા હોય, શિક્ષણ માટે આવતા હોય, આરોગ્ય માટે આવતા હોય, પ્રવાસ માટે આવતા હોય ત્યારે લોકોને નિવાસની વ્યવસ્થા, હોટલની વ્યવસ્થા કોઇ બહારની કોર્પોરેટ કંપનીમાં સર્વિસ કરતા હોય ત્યારે એક અવિશ્વાસનું વાતાવરણ હતું કે મારું જે મકાન છે તે હું કોઇને ભાડે આપીશ તો ભાડૂઆત છે તે મકાન માલિક નહીં થઇ જાય ને એવો એક ડર લાગતો તો આ જે કંઇ સુધારા વિધેયક છે તે મકાન માલિક અને ભાડૂઆત બન્નેમાં કયાંય કોઇ પ્રકારની તકરાર ના થાય, વિવાદ ના થાય તે રીતે તેનું જે કંઇ બિલ છે તેને હું સમર્થન આપું છું. હું ખાલી મારા રાજકોટની વાત કરું તો જે કંઇ એફોર્ડેબલ હાઉસિંગ મિશન અંતર્ગત રાજકોટ શહેરમાં કુલ–૭૫૮૧૧ આવાસો મંજૂર થયા છે એની સામે ૭૨૯૦૨ આવાસો બનાવવામાં આવ્યા છે ત્યારે એ પણ સરકાર ચિંતા કરી રહી છે ત્યારે ભારત સરકાર દ્વારા ખાસ કરીને મંત્રીશ્રીએ કહ્યું કે ભારત સરકાર દ્વારા વિચારણા અર્થે મોકલવામાં આવેલ વર્ષ ૨૦૦૧નું મોડલ એકટ નજીકના ભવિષ્યમાં રાજયમાં અમલી બનાવવા માટે રાજ્ય સરકાર જયારે પ્રયત્નશીલ છે ત્યારે હાલના પ્રવર્તમાન સંજોગોમાં જે કામચલાઉ એક્ટ છે તેની મુદતમાં વધારો કરવા અંગે માનનીય મંત્રીશ્રીના પ્રસ્તાવને હું આવકારું છું અને સમર્થન આપું છું.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી(ડીસા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ગુજરાત ભાડાં હોટલ અને નિવાસ ગૃહ દર નિયંત્રણ વિધેયકમાં સુધારો જે અહીંયા ગૃહ સમક્ષ લઇને આવ્યા છે જે જોતાં હાલના વર્તમાન સંજોગોમાં જે કામચલાઉ એક્ટ છે તેની મુદતમાં વધારો સૂચવ્યો છે અને બાકીની તમામ વિગતો માનનીય મંત્રીશ્રીએ કહી છે તેમાં મારો સૂર પૂરાવું છું અને આ મંત્રીશ્રીના પ્રસ્તાવને હું આવકારું છું અને સમર્થન આપું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ(સુધારા) વિધેયક, ૨૦૨૪

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૪–સન ૨૦૨૪નું ગુજરાત ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયક, ૨૦૨૪નું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ–૨ અને ૩, કલમ–૧, દીર્ઘ સંજ્ઞા અને ઈનેકિટંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક –૪– સન ૨૦૨૪ના ગુજરાત ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક –૪– સન ૨૦૨૪ના ગુજરાત ભાડાં, હોટેલ અને નિવાસગૃહ દર નિયંત્રણ (અમલ ચાલુ રાખવા અને સુધારા બાબત) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫**

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયક, ૨૦૨૪

**ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ અધિનિયમ, ૨૦૧૫ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી ઋષિકેશ ગ. પટેલ(આરોગ્ય મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલ સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૪નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૪નું ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ એક નાનકડું સુધારા વિધેયક છે. આપણા રાજ્યમાં વર્ષ ૨૦૧૫માં જેમ દેશમાં વિવિધ સ્પેશિયલાઇઝ અભ્યાસક્રમો માટે કોર્સિસ ચાલી રહ્યા છે, યુનિવર્સિટીઓ ચાલી રહી છે તેવી જ રીતે આપણે ત્યાં મહત્ત્વનું એવું આઇ.કે.ડી.આર.સી. (કિડની ડિસીસ રિસર્ચ સેન્ટર) ચાલતું હતું. ડૉ. એચ.એલ.ત્રિવેદી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝને આપણે યુનિવર્સિટીનો દરજ્જો આપ્યો. આમ આપણે દેશમાં જુદી–જુદી જગ્યાએ ચાલતા વિવિધ સ્પેશ્યલાઇઝ કોર્સની જેમ આઇ.કે.ડી.આર.સી. અને ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝની સ્થાપના વર્ષ ૨૦૧૫માં કરી. ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ યુનિવર્સિટીએ રાષ્ટ્રીય અને વૈશ્વિક પ્રતિષ્ઠિત સંસ્થાઓ સાથે ભાગીદારીમાં વિશ્વ સ્તરના સંશોધન કરે છે. જ્ઞાનનું આદાન–પ્રદાન કરે છે. આ યુનિવર્સિટી વ્યવસાયિક રીતે પ્રશિક્ષિત વિશ્વકક્ષાનું માનવબળ સતત મળી રહે એ માટે આરોગ્ય વિજ્ઞાન જેમાં ખાસ કરીને ટ્રાન્સપ્લાન્ટેશનના ક્ષેત્રમાં જ્ઞાન અને વિકાસ માટે અગ્રણી સંશોધન કેન્દ્ર તરીકે કાર્યરત છે. આ સુધારા વિધેયક આપણે એટલા માટે લાવવાની જરૂર પડી કે વર્ષ ૨૦૧૫માં આપણે ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ યુનિવર્સિટીની સ્થાપના કરી. એ વખતે આઇ.કે.ડી.આર.સી.નું પણ અસ્તિત્વ હતું. આ સંસ્થા ટ્રસ્ટ હેઠળ નોંધાયેલી હતી. પરંતુ બંને સંસ્થાઓના સહ અસ્તિત્વ થકી ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન સાયન્સિઝ ચાલી શકે એમ હતી. પરંતુ જે વખતે કાયદો બનાવ્યો એ વખતે એમાં બે – ત્રણ વસ્તુઓ સુધારવાની જરૂર હતી. જેથી કરીને ખૂબ સૂચારું રીતે આઇ.કે.ડી.આર.સી. એ યુનિવર્સિટીનો ભાગ બની રહે એ માટેના સુધારા કર્યા છે. ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (GUTS)નો વી.સી. આઇ.કે.ડી.આર.સી.ના નિયામક તરીકે રહે એ પ્રકારનો એક સુધારો છે. સાથે જે પ્રો–વી.સી.ની જગ્યા ઊભી કરી હતી તેના બદલે સમગ્ર રાજ્યમાં પબ્લિક યુનિવર્સિટી એક્ટ લઇને આવ્યા છીએ. આ સુધારામાં રાજ્યપાલને ચાન્સેલર તરીકે પ્રિતિનિધિત્વ આપીને ખૂબ નાના સુધારા સાથે અને સૂચારું રીતે GUTSનો વહીવટ ચાલે તેના માટેના બે–ત્રણ સુધારા લઇને આવ્યો છું. આ સુધારામાં ખૂબ મોટો સ્કોપ નથી પરંતુ GUTS એ દેશમાં એકમાત્ર આ પ્રકારની યુનિવર્સિટી છે. આ GUTS અને SOTOના માધ્યમથી આપણે દેશભરમાં અંગદાનમાં ખૂબ મહત્ત્વનું કામ કર્યું છે અને ગુજરાતમાં પણ આ મુહિમને વેગ મળ્યો છે ત્યારે મારા આ નાના સુધારા મંજૂર રાખે તેવી મારી વિનંતી છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેમાં આમ તો બહુ નાનો સુધારો છે પણ એક મોટી અને આશાસ્પદ યુનિવર્સિટીનો સુધારો છે એટલે હું બે વાત કરવા માગું છું. ગુજરાત પાસે આતિથ્યભાવ અને શક્તિશાળી વ્યક્તિત્વને સાચવવાની ક્ષમતા કેટલી મોટી છે તે આ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ અને રિસર્ચ સેન્ટર ઉપરથી આપણને ખ્યાલ આવે છે. આપણી બી.જે. મૅડિકલ કૉલેજનાં કિડની ડિપાર્ટમેન્ટ અને

* વિધેયક તા.૨૨મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સિવિલ હૉસ્પિટલનાં કિડની ડિપાર્ટમેન્ટમાં એક ઋષિ જેવા ડૉક્ટર જે વિદેશમાં પ્રૅક્ટિસ કરતા હતા, જેમની પ્રૅક્ટિસ ખૂબ મોટી ચાલતી હતી, જેમની આંતરરાષ્ટ્રીય કક્ષાએ નામના હતી, અહીંયા ક્લાસ-વન અધિકારી તરીકે સ્વાભાવિકપણે તે ચોકઠામાં બેસે નહીં પણ જે તે વખતની સરકારે તેમને આમંત્રણ આપીને તેમને સ્વતંત્ર રીતે એક ઇન્સ્ટિટ્યૂટનો દરજ્જો આપીને આખા દેશમાં એક યુનિક પહેલ કરવામાં આવી.

**સભાગૃહની બેઠકનો વિરામનો સમય લંબાવવા અંગે**

શ્રી બાળકૃષ્ણ ખં. શુકલ(મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ વિરામ બાદ બિનસરકારી કામકાજ હાથ ધરવાનું હોવાથી સભાગૃહ સમક્ષ ચાલી રહેલ સરકારી વિધેયકનું કામકાજ પૂરું થાય ત્યારબાદ વિરામ જાહેર કરવામાં આવે તેવો પ્રસ્તાવ રજૂ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : સૌ સંમત છે? (થોડીવાર બાદ) સભાગૃહ સમક્ષ ચાલી રહેલ સરકારી વિધેયકનું કામકાજ પૂરું થાય ત્યારબાદ વિરામ જાહેર કરવામાં આવે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, તે વખતે આ ઇન્સ્ટિટ્યૂટ આપવાની હિંમત અને વિઝન તે વખતના અધિકારીઓ અને સરકારમાં હતી. તેના કારણે આ ઇન્સ્ટિટ્યૂટ ઓફ કિડની ડિસીઝ અને રિસર્ચ સેન્ટરની સ્થાપના થઇ અને આ ઋષિ પુરુષ જીવ્યા ત્યાં સુધી તમામ સરકારોએ ઓટોનોમી આપી. એમણે સરકારની મદદ તો મેળવી પણ સાથે સાથે સમાજમાંથી પણ ડોનેશન કરીને રાજ્યમાં કિડનીનો એક પણ દર્દી સારવારના અભાવે મૃત્યુ ન પામે તે માટેની વ્યવસ્થા કરી. આ કિડની ઇન્સ્ટિટ્યૂટ માત્ર રાજ્યની જ નહીં પણ દેશની એક મૉડલ ઇન્સ્ટિટ્યૂટ બની. કહેવાય છે કે એશિયામાં આની સમકક્ષ આવે તેવી કોઇ ઇન્સ્ટિટ્યૂટ ન હતી. રિસર્ચમાં આ ઇન્સ્ટિટ્યૂટે ઘણા ટ્રેન્ડ સેટ કર્યા. ડૉ. એચ. એલ. ત્રિવેદી સાહેબ જીવ્યા ત્યાં સુધી તે ઇન્સ્ટિટ્યૂટમાં જ રહ્યા. છેલ્લે જ્યારે મૃત્યુની નજીક હતા ત્યારે પણ તે ઇન્સ્ટિટ્યૂટના એક રૂમમાં જ રહેતા હતા. હું એમના દર્શન કરવા ગયેલો હતો. આવી ઇન્સ્ટિટ્યૂટને પબ્લિક યુનિવર્સિટીનો દરજ્જો મળેલો છે તે ખૂબ આનંદની વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્સ્ટિટ્યૂટના મૉડલ ઉપર જ આપણે કેન્સર અને હાર્ટ ઇન્સ્ટિટ્યૂટ યુ.એન.મહેતા, ઓપ્થલમો ઇન્સ્ટિટ્યૂટ શરૂ થયા. જો ડૉક્ટરને સ્વતંત્રતા અને મોકળાશ આપવામાં આવે તો આપણા ડૉક્ટર શું કરી શકે તેનો દાખલો આપણી આ ચાર ઇન્સ્ટિટ્યૂટ છે. હું એક પડોશી રાજ્યના મુખ્યમંત્રી શ્રી અશોક ગેહલોત સાહેબને લઇને ઇન્સ્ટિટ્યૂટ બતાવવા માટે ગયો હતો. આ ઇન્સ્ટિટ્યૂટના આધારે પ્રેરણા મળે અને આવી ઇન્સ્ટિટ્યૂટનું બીજાં રાજ્યોમાં પણ ઇમ્પ્લીમેન્ટેશન કરવું જોઇએ. જેથી એ ડૉકટરોને સરકારી અધિકારીઓનું ઇન્ટરફિયરન્સ ન રહે, ટ્રાન્સફરની બીક ન રહે, ખટપટ કરીને એમને બહાર કાઢવાની બીક ન રહે અને મોકળાશથી કામ કરી શકે એ માટેનો આ દાખલો છે. કોરોના ચાલતો હતો ત્યારે અમદાવાદમાં એક અધિકારીની બહુ મોટી જોહુકમી ચાલતી હતી અને સરકારમાં પણ જોહુકમી હતી. એને કહેવામાં આવ્યું કે, 'એક દર્દીને યુ. એન. મહેતા ઇન્સ્ટિટ્યૂમાં દાખલ કરવાના છે.' તો એમણે કીધું કે, 'એમાં હું ભલામણ નહીં કરું.' આટલી ઓટોનોમી એ ઇન્સ્ટિટ્યૂટની હતી અને એના ડાયરેક્ટરનો આટલો રિસ્પેક્ટ આ રાજ્યમાં પ્રાપ્ત કરેલ હતો. આ જે યુનિવર્સિટી છે એ ખરેખર આવકારદાયક યુનિવર્સિટી છે. એમાં જે સુધારો આવ્યો છે એ આવકાર્ય છે. પણ હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરીશ કે, આ યુનિવર્સિટીને સરકારી માળખામાંથી કાઢીને એને પણ જે રીતે આઇ. કે. ડી. ની ઓટોનોમી હતી એનાથી વિશેષ ઓટોનોમી આપવામાં આવે. એમાં સરકારનું કોઇ ઇન્ટરફિયરન્સ ન રહે. સેલ્ફ ઇવેલ્યુએશન વારંવાર થાય પણ આપણું કોઇ ઇન્ટરફિયરન્સ ન રહે તો આ યુનિવર્સિટીમાં દેશની એક મોડલ યુનિવર્સિટી બનવાની ક્ષમતા રહેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે ટ્રાન્સપ્લાન્ટેશનના સબજેક્ટમાં આપણે ઘણા પાછળ છીએ. જે રીતે બ્લડ ડોનેશન કરવા માટે આપણને બધાને બીક લાગતી હતી. મેં જાતે જોયેલું છે. સગા-સંબંધીઓ આવ્યા હોય અને ડૉકટર એમ કહે કે, 'દર્દીને બ્લડ આપવું પડે એમ છે' તો જે સગા-સંબંધીઓ હોય એ બધા ડિસએપીઅર થઇ જાય. હું અને આપ જે સમાજમાંથી આવીએ છીએ એમાં આવું બહુ બનતું હોય છે. પણ આજે કોઇ એમ કહે કે બ્લડ જોઇએ છે તો લાઇનો લાગે છે, બહેનોની લાઇનો લાગે છે, કોઇનું સન્માન કરવું હોય તો પણ લાઇનો લાગે છે. એ જ રીતે ઓર્ગન ડોનેશન માટે પણ લાઇનો લાગે એવું વાતાવરણ આપણા રાજ્યમાં ઊભું કરવું જરૂરી છે. અત્યારે પણ ઓર્ગન ડોનેશન સ્વૈચ્છિક રીતે લેવા માટે ખૂબ તકલીફ પડે છે. જો એને યોગ્ય રીતે કાઉન્સલિંગ કરવામાં આવે તો એ ડોનેશન આપવા પ્રેરાય પણ ખરા. મારા એક મિત્રનું ડેથ થઇ ગયું. એ પતિ-પત્ની બંને રોટરી ક્લબમાં કામ કરતાં હતાં. તેઓ મોરબીના હતા અને અમે બંને સાથે ભણતા હતા. ડેથ થઇ ગયા પછી ડેડ બોડી લઇ જતા હતા ત્યારે એમની પત્નીને યાદ આવ્યું કે, 'હું તો બધાને પ્રેરણા આપતી હતી. મારે એમની આંખોનું ડોનેશન કરવું જોઇએ'. ડેડ બોડીને પાછા લઇ આવ્યા અને આંખનું ડોનેશન કર્યું, કારણ કે એ સમયમર્યાદાની અંદર હતું.

માનનીય મંત્રીશ્રી, મેં અભ્યાસ કર્યો છે એટલે કહું છું કે, આઇ. કે. ડી. અને ટ્રોમા સેન્ટર વચ્ચેનું સંકલન યોગ્ય નથી. જો યોગ્ય સંકલન થાય અને જે લોકો ડોનેશન સ્વીકારે છે એ આઇ. કે. ડી. ના જ કાઉન્સેલરો ત્યાં રહે અને એ લોકો જ સમજાવે અથવા તો એની નીચે ટ્રોમા સેન્ટર મૂકાય. અમદાવાદ તો ખૂબ મોટું ટ્રોમા સેન્ટર છે. એ જો એની નીચે મૂકાય તો જે બ્રેઇનડેડ લોકો છે એના ઓર્ગન બહુ સહેલાઇથી આપણને મળી શકે. આપણે ત્યાં ટ્રોમાં સેન્ટરમાંથી બહુ ઓછા ઓર્ગન ડોનેશન મળે છે. એનું મુખ્ય કારણ જાગૃતિ અને કાઉન્સેલિંગનો અભાવ છે. એ કરવાની જરૂર છે. બીજું, રસ્તામાં જે એક્સિડંટ થતા હોય એમાં હું

તો ત્યાં સુધી કહું છું કે આપણે એવો કાયદો લઇ આવવો જોઇએ કે, મારે ઓર્ગન ડોનેશન કરવું નથી એવી જાહેરાત ન કરી હોય તો રાજ્ય સરકાર એના ઓર્ગન ડૉનેશનમાં મેળવી શકે એવો કાનૂન આપણે પસાર કરવો જોઇએ અને દેશમાં આપણે એની પહેલ કરવી જોઇએ. આજે તમિલનાડુ સહિતના ઘણાં રાજ્યો એવાં છે કે જે આપણા કરતાં ખૂબ આગળ છે. એમાં પહેલ રાજ્ય સરકારે કરવાની છે પણ બીજી બધી સંસ્થાઓ જો આ ઉપાડી લે તો હું માનું છું કે ઓર્ગન ન મળવાના કારણે જે લોકો મૃત્યુ પામે છે, એ મૃત્યુ પામવાનો દર ઘટી જાય. આપણે ત્યાં ઓર્ગન ડૉનેશન કોણ કરે? પતિને ઓર્ગનની જરૂર હોય તો પત્ની આપે, એની મા આપે, દીકરી આપે પણ જે ભાઇડાઓ મૂછો ચડાવે છે એ ઓર્ગન ડૉનેશનનું નામ આવે એટલે દૂર ભાગે. આપણે રેશિયો ચકાસીએ તો ખ્યાલ આવશે કે સૌથી વધારે ઓર્ગન ડૉનેશન કરનાર કાં તો મા હોય છે અને કાં તો પત્ની હોય છે. પુરુષો આપતા નથી. એ એવું માને છે કે એ સંવેદનશીલતા મહિલાઓમાં વધારે છે, આપણામાં ઓછી છે. એટલે આ બધામાં ખૂબ મોટાપાયે પ્રચાર કરવાની જરૂર છે. એના માટે સંસ્થાઓની સાથે સંકલન કરી આપણે ડૉનેશન મેળવીએ તો હું માનું છું ત્યાં સુધી ઓર્ગન ડૉનેશનની આપણને જે જરૂર પડે છે તે આપણને અહીંયા જ મળી રહે અને ઘણા બધા લોકો આપણા રાજ્યમાં પ્લાન્ટેશન કરી શકે. ઇંગ્લેન્ડમાં મારા એક સ્નેહી હતા. એ પણ અહીંયા આવી ચેન્નાઇમાં લિવર ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું. એમની પત્નીએ જ ડૉનેશન કર્યું હતું. હવે એમ લાગે છે કે આપણા રાજ્યમાં થોડુંક ડેવલપ થયું છે. ઝાયડસ, એપોલો અને સિવિલ જેવી ઇન્સ્ટિટ્યૂટો કરે છે, પણ સરકારશ્રીની કક્ષાએ જો થાય તો ખર્ચ ઓછો આવે અને એમાં પ્રાઇમ મિનિસ્ટર રિલિફ ફંડ, ચીફ મિનિસ્ટર રિલિફ ફંડ અને બીજા ફંડમાંથી કરી, ગરીબ માણસો ઓર્ગન ડૉનેશન મેળવી ટ્રાન્સપ્લાન્ટેશન કરાવી શકે એવી આપણે વ્યવસ્થા ગોઠવવી જરૂરી છે. આ જે ટૅકનિકલ સુધારાઓ છે એમાં મારો સૂર પુરાવું છું. જય હિન્દ.

શ્રી અમિત ઠાકર(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, આપણા ત્યાં ઓર્ગન ડૉનેશન માટેનું 'ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ' ઇન્સ્ટિટ્યૂટ છે, એ ન તો ફક્ત ગુજરાત રાજ્ય પણ દેશ માટે આસ્થાનું એક કેન્દ્ર બન્યું છે, આશાનું એક કિરણ બન્યું છે. આપણે ત્યાં ૧,૮૦,૦૦૦ કિડની ફેઇલ થાય એની સામે ટ્રાન્સપ્લાન્ટ ૬૦૦૦ થાય છે. ૨,૦૦,૦૦૦ લિવરના ટ્રાન્સ્પ્લાન્ટેશનની જરૂર હોય ત્યાં ૨૫થી ૩૦ હજાર લિવર ટ્રાન્સપ્લાન્ટ થવા જોઇએ એની જગ્યાએ માત્ર ૧૫૦૦ થાય છે. ૫૦,૦૦૦ હાર્ટ ફેઇલિયર થાય એની સામે માત્ર ૧૦ કે ૧૫ હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ થાય છે. કોર્નિયામાં ૧,૦૦,૦૦૦ની સામે ૨૫,૦૦૦ થાય છે. આ બતાવે છે કે હ્યુમન ઓર્ગન એક્ટ વર્ષ ૧૯૯૪માં પાસ થયા પછી આજે પણ એની જે સમજ અને જાણકારી છે, જે ઉત્સાહ છે એનો પ્રચાર કરવામાં કયાંક ઊણપ રહી ગઇ છે. માનનીય નરેન્દ્રભાઇ મોદીએ ૧૦૯મી મન કી બાતમાં આ વાતને લીધી. જે પ્રયાસ થયો એમાં વર્ષ ૨૦૧૩ના પ્રમાણમાં ૫૦૦૦ ટ્રાન્સપ્લાન્ટ થતા હતા જે હવે ૧૫,૦૦૦ સુધી પહોંચ્યા છે. રોડ ઉપર ૧,૬૦,૦૦૦ જો એક્સિડંટ થાય તો એમાં ૬૭ ટકા લોકો હોય છે જેના બ્રેઇનસ્ટેમ ડેથ થતાં હોય છે. એની સામે ૧૩,૦૦૦ પૉટેન્શિયલ જે ડૉનર હોય એમાંથી આપણને મળવા જોઇએ, પરંતુ એ મળતા નથી. રિયાલિટી છે કે ૧,૦૦,૦૦૦ની સામે ૦.૦૫ ટકા આપણને મળતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક વ્યકિત જો બ્રેઇનડેડ થાય તો એ આઠ જીવનને બચાવી શકતા હોય છે. આખા વિશ્વમાં ભારત એ ત્રીજા ક્રમે છે. જયારે ગુજરાત રાજ્યમાં માનનીય નરેન્દ્રભાઇની પહેલથી તથા ગુજરાત સરકારશ્રીના ઇનિશિયેટિવથી વર્ષ ૨૦૧૫માં આપણે દેશની પહેલી યુનિવર્સિટી, 'ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ' ઊભી કરી શક્યા. આના કારણે આપણે ત્યાં ૧૧ જેટલા પ્રોગ્રામો ચાલે છે. ૪૮૪ વિદ્યાર્થીઓને આપણે એમાં એડમિશન આપી શક્યા. એમાંથી સુપર સ્પેશ્યાલિટી વિષય સાથે એન.એમ.સી. માન્ય ટ્રાન્સપ્લાન્ટેશન વિષયને લઇને યુરોલોજીની બેચ હોય કે બીજું. બધા જ વિદ્યાર્થીઓ ભેગા થઇને ૩૩૬ વિદ્યાર્થીઓ તો પાસઆઉટ થઇ શક્યા. આજે માનનીય એચ.એલ. ત્રિવેદીજીની અહીંયા વાત થઇ. હું પણ એમને મારા હૃદયના ઉંડાણથી શ્રદ્ધાંજલિ આપવા માગું છું કે આવા ઋષિ પુરુષ એ ગુજરાતની ભૂમિ ઉપર જન્મ્યા. દેશની બહાર એ આ પ્રકારે પોતાના જ્ઞાનથી માનવ જાતની સેવા કરતા હતા. મારા પરિવારની અંદર મારા સગા ભાઇને જયારે એની પત્નીને કિડની એકદમ યંગ એઇજમાં જયારે ફેઇલ થઇ. મેં જઇને કહ્યું કે આ લોકો ભારતથી દૂર છે, પરંતુ ભારતીય નાગરિક હોવાના કારણે એમને એમના પિતા આપવા માગે છે, પરંતુ ત્યાં હોસ્પિટલની અંદર એમની હાલત ખરાબ છે. સાહેબ, હું શું કરું? મને કહે કે સાહેબ, કાલે સવારે લાવી દો. હું કાલે સવારે પ્રોસિજરમાં લઇ લઇશ. મને આશ્ચર્ય થયું કે જે લોકો આટલા બધા હેરાન છે. મેં તાત્કાલિક વાત કરી. પંદર દિવસની અંદર અહીંયા આવ્યા. સોળમાં દિવસે તો એમણે પ્રક્રિયા ચાલુ કરી દીધી. એક મહિનાની અંદર આખી પ્રક્રિયા કિડની ટ્રાન્સપ્લાન્ટ સાથે થઇ ગઇ. ૬ વર્ષથી એ સારામાં સારું જીવન જીવે છે. આ એચ.એલ. ત્રિવેદી સાહેબના પ્રતાપે છે. હું આ હોસ્પિટલ સાથે એટલા માટે લાગણીથી જોડાયેલો છું કે મારા પિતાના છેલ્લા શ્વાસ પણ આ જ હોસ્પિટલની અંદર થયા. પણ મેં ત્યાં જે સુવિધાઓ જોઇ. એમણે જેટલી બચાવવાની ટ્રાય થાય એટલી કરી.

માનનીય અધ્યક્ષશ્રી, આ હોસ્પિટલની અંદર દર વર્ષે ૩૫૦ જેટલી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટ થાય છે. આજ સુધીમાં ૭૨૩૭ જેટલી કિડનીનું ટ્રાન્સપ્લાન્ટેશન અહીંયા થયું. જે લિવરની અંદર ટ્રાન્સપ્લાન્ટેશન થવું જોઇએ. જે દેશની અંદર થોડાં વર્ષો પહેલા સાવ નવો વિષય હતો. એ વિષયની અંદર પણ અહીંના તજજ્ઞ ડોકટરોએ, અહીંના ડેડીકેટેડ સ્ટાફે, અહીંયા માનવ જાતને સમર્પિત આખી હોસ્પિટલ સિસ્ટમે ૬૩૫ જેટલા લિવરનું પ્રત્યારોપણ કર્યું. આ ખૂબ મોટી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટી ખાતે નજીકના સમયમાં બાળકોમાં કિડની રોગના નિષ્ણાતની ડી.એમ. પિડિયાટ્રિક નેફ્રોલોજી વિષય ચાલુ કરવામાં આવશે. તેમજ લિવર ગેસ્ટ્રોએન્ટોલોજી ટ્રાન્સપ્લાન્ટ કો–ઓર્ડિનેટર, ટ્રાન્સપ્લાન્ટ

રેડિયોલોજી, ટ્રાન્સપ્લાન્ટ પેથોલોજી વગેરે અભ્યાસક્રમ શરૂ કરીને અંગોના પ્રત્યાર્પણના કાર્યમાં તાલીમબદ્ધ તબીબી સર્જન, નર્સીંગ, પેથોલોજી, રેડિયોલોજીસ્ટ, ટેકનિશ્યન, ટ્રાન્સપ્લાન્ટ કો–ઓર્ડિનેટર જેવું માનવબળ ઊભું થવામાં મદદરૂપ થવાનું છે. મને ગુજરાતી તરીકે કહેતા ગૌરવ થાય છે કે યુનિવર્સિટીના તબીબી ઉચ્ચ તજજ્ઞો એ ઓલ ઇન્ડિયા ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સિસની અંદર અહીંથી મદદરૂપ થવા માટે ત્યાં લિવર ટ્રાન્સપ્લાન્ટેશનનો જે પ્રોગ્રામ છે, એ આપણા અહીંના આ હોસ્પિટલના ગુજરાતના ડોકટરો દિલ્હી એઇમ્સને આ આખો વિભાગ ઊભો કરવામાં મદદરૂપ થઇ રહ્યા છે. યુનિવર્સિટી અને સોટો ગુજરાતના સંયુકત સહકારથી અંગદાનની પ્રવૃત્તિને વેગ મળે તે માટે આઇ.ઇ.સી. ઇન્ફર્મેશન, એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન જેવી પ્રવૃત્તિઓ હાથ ધરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટી એ આપણા માટે જ નહીં, પરંતુ આખા દેશ માટે ગૌરવ છે. આ યુનિવર્સિટીનો જેટલો વિકાસ થાય. એક અલગ કેમ્પસ. પહેલા તો ખાલી ૧૫૦૦૦ સ્કવેર ફીટમાં સિવિલ હોસ્પિટલના એક ખૂણા ઉપર આ એચ.એલ. ત્રિવેદી સાહેબના પ્રયાસથી શરૂ થયું, પરંતુ હવે મંજુશ્રી મિલના કમ્પાઉન્ડમાં એ ખૂબ મોટા પ્રમાણમાં ઘણા બધા પરિવારો માટે, કેમ કે આપણને ખબર છે કે ઘરનો એક કમાનાર જો ખાટલે પડે તો આખો ને આખો પરિવાર કેવી રીતે તહેસનહેસ થતો હોય છે. આજની મેડિકલ વ્યવસ્થામાં જે ગરીબ લોકો છે, એમના માટે આ એક દીપકનું કામ કરે છે. રણની અંદર એક વીરડીનું કામ કરે છે. આ હોસ્પિટલ માટે હું જેટલું કહું એટલું ઓછું છે. એના માટે, એની સફળતા માટે શુભકામના પાઠવી મારી વાતને વિરામ આપી વિરમું છું અને શ્રી ઋષિકેશભાઇ જે બદલાવ એમાં લાવ્યા છે એ સૌને લાંબા સમય માટે ખૂબ ઉપયોગી રહેશે. હું તેમને અભિનંદન આપું છું અને સપોર્ટ કરું છું.

ડો. હસમુખ પટેલ(અમરાઇવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિસ સુધારા વિધેયક ૨૦૨૪ જે અત્યારે લાવવામાં આવ્યું છે અને એમાં જે સુધારા રજૂ કરવામાં આવ્યા છે એની પાછળનો ઉદ્દેશ એ છે કે સન ૧૯૮૧માં જયારે આ કિડની ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના થઇ ત્યારે માનનીય અમિતભાઇએ કહ્યું એમ બરાબર છે કે સિવિલ હોસ્પિટલના ખૂણામાં સ્થાપના થઇ હતી એના પછી ઋષિપુરૂષ જેવા એચ.એલ. ત્રિવેદી સાહેબે આખી ઇન્સ્ટિટ્યૂટ ડેવલપ કરી, જેમ જેમ ડેવલપ થતી ગઇ એમ પછી માનનીય નરેન્દ્ર મોદી સાહેબની દીર્ઘદષ્ટિથી ગુજરાત મેડિકલ હબ બન્યું એના હિસાબે કિડની ઇન્સ્ટિટ્યૂટની અંદર, કિડનીની સાથે સાથે લિવર, પેન્ક્રિયાઝ અને યુટ્રસ સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટેશન થવા માંડયા અને કદાચ એમ કહીએ તો ચાલે કે એશિયામાં રેકોર્ડ હશે એટલા સફળતાપૂર્વક ટ્રાન્સપ્લાન્ટેશન થાય છે. આને અનુલક્ષીને વિધેયકમાં સુધારા કરવામાં આવેલા છે એ થોડા ક ટેકનીકલ સુધારા છે. એમાં માનનીય અર્જુનભાઇએ જે ચિંતા વ્યકત કરી હતી કે આને થોડોક સ્વાયત્તતાનો દરજ્જો આપણે આપીએ તો સારી રીતના આ યુનિવર્સિટી ડેવલપ થઇ શકે તો એના અનુસંધાનમાં આની અંદર બે નાના સુધારા રજૂ કરવામાં આવ્યા છે એમાં જે કુલપતિની નિમણૂક છે એની અંદર રાજય સરકાર કુલપતિની નિમણૂક કરશે પણ એની અંદર એમેન્ડમેન્ટ એ રીતનું છે કે કુલપતિને ૨૦ વર્ષનો વ્યવસાયિક અનુભવ હોવો જોઇએ એ ડોકટરનો હોવો જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, એની સાથે સાથે એને ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનનો અનુભવ હોવો જોઇએ અથવા તો ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટેશનના સંશોધન વિષય ઉપરનો એનો અનુભવ હોવો જોઇએ અને એ સાત વર્ષનો અનુભવ હોવો જોઇએ એટલે એ ગવર્નિંગ બોડી સાથે સાથે મેડિકલ સાયન્સનું પણ નોલેજ ધરાવતા હોવા જોઇએ એવા કુલપતિની નિમણૂક કરવામાં આવે અને એ પણ પાંચ વર્ષની મુદત માટે એટલે એક પદ્ધતિ જળવાયેલી રહે નહીં અને નવા નવા આઇડિયા અને નવા નવા ઇન્સ્ટિટ્યૂટને હેલ્પ થાય એ પ્રમાણેના કુલપતિશ્રી આપણને મળતા રહે. બીજી માનનીય અર્જુનભાઇએ ચિંતા વ્યકત કરી તો એના અનુસંધાનમાં એક કાઉન્સિલ બનાવવામાં આવશે, આમાં એક્ઝિકયુટીવ સંચાલક મંડળ જે કહે છે એના પણ વડા આ કુલપતિ રહેશે જેથી કરીને એ ડોકટર સાથેનું કો–ઓર્ડીનેશન તો જાળવી શકશે, સાથેસાથે નાણાંકીય વ્યવહાર કે બીજો કોઇ વહીવટી વ્યવહાર કે પછી રાજય સરકાર સાથે સંકલન જાળવવાનું હોય એનું પણ એ સંચાલન કરી શકશે એની સાથે સાથે કુલપતિ ડીનની નિમણૂક કરવાની રહેશે. ડીન પણ આઇકેડ ઇન્ડિયન કિડની ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિસીસના જે વડા હોય અથવા તો એના જે ડોકટર હોય એ વિભાગના વડાઓમાંથી કરવામાં આવે અથવા તો એ પગારધોરણમાં જે પ્રધ્યાપકો હોય એમનો ઓછામાં ઓછો પંદર વર્ષનો અનુભવ હોવો જોઇએ, એટલે એકેડેમિક લેવલે, મેડિકલ સાયન્સ સાથે એઝ વેલ એઝ ગુજરાત રાજયના જે વ્યવહારો છે એની સાથે સંકલન જાળવીને સરસ મજાના બે નાના સુધારા સાથે જે વિધેયક લાવવામાં આવ્યું છે એના માટે હું માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇને અભિનંદન આપું છું અને સુધારા માટે મારું સમર્થન આપું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના માનનીય આરોગ્ય મંત્રી જે ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટિસ સાયન્સિસ સુધારા વિધેયક બિલ સન ૨૦૨૪ અને ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેસન સાયન્સિસ અધિનિયમ ૨૦૧૫ સુધારવા માટેનું જે બિલ લઇને આવ્યા છે એ બિલને અમે સમર્થન આપીએ છીએ પરંતુ બન્ને અમારા સાથી ધારાસભ્યોએ વાત કરી કે ગુજરાતની અંદર મેડિકલ સાયન્સનો વિકાસ માત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદીએ કર્યો, ભારતીય જનતા પાર્ટીએ કર્યો એવું નથી. ડો. એચ.એલ. ત્રિવેદી સાહેબની ઘણી બધી વાત કરી. ડો. એચ. એલ. ત્રિવેદી સાહેબ એ સન ૧૯૮૧માં કેનેડાથી અહીં આવ્યા, બહુ સુખી સંપન્ન હતા, એ વખતે સમગ્ર દેશની અંદર સૌથી વધુ ઇન્કમટેકસ ભરનાર

કોઇ ડોકટર હોય તો એ ડો. એચ. એલ. ત્રિવેદીસાહેબ હતા. એમના ધર્મપત્ની સાથે અમદાવાદની અંદર સ્થાયી થયા. એ વખતે જ્યારે કિડની ઇન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી ત્યારે કોંગ્રેસની સરકાર હતી.

માનનીય અધ્યક્ષશ્રી, આમ તો વિશ્વની અંદર ધીમે ધીમે મેડિકલ સાયન્સનો વિકાસ થયો એ માનવજાત માટે બહુ જરૂરી છે. ગુજરાતની અંદર જ નહીં, પણ દેશની અંદર પણ એને પ્રોત્સાહન મળવું જોઇએ.જ્યારે જ્યારે સારી બાબત, આરોગ્યની બાબત લઇને આવતા હોય ત્યારે અમે સમર્થન જ કર્યું છે. સૌથી પહેલા વિશ્વની અંદર સને ૧૯૫૪ની અંદર પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન બોસ્ટનની અંદર થયું. ભારતની અંદર ૧લી ડિસેમ્બર ૧૯૭૧માં ક્રિશ્ચિયન મેડિકલ કોલેજ, વેલ્લુર, તમિલનાડુની અંદર થયું અને ગુજરાતની અંદર સને ૧૯૮૧માં શ્રી એચ.એલ.ત્રિવેદી સાહેબે આ કિડની ઇન્સ્ટિટ્યૂટ સ્થાપી એના પછી ૧૯૮૩માં પ્રથમ કિડની ટ્રાન્સપ્લાન્ટેશન થયું. જ્યારે આ પ્રથમ કિડની ૧૯૮૩માં ટ્રાન્સપ્લાન્ટ થઇ એ વખતે ડો. સૂર્યકાન્ત એમ. ત્રિવેદી હતા અને ડો. ત્રિવેદી સાહેબને આજે પદ્મશ્રી મળ્યો. ઘણીવાર કોઇ એવોર્ડથી નહીં પણ વ્યક્તિથી સંસ્થાનું સન્માન થતું હોય છે. એમની સેવાની ભાવના તમે જુઓ તો જ્યારે પ્રથમ દર્દીને કિડની ટ્રાન્સપ્લાન્ટેશન થયું ત્યારે બપોરે ૨ વાગ્યાથી સાંજના ૫ વાગ્યા સુધી ત્રિવેદી સાહેબ એ દર્દીના પલંગ જોડે બેસી રહ્યા. બેઠા પછી એમણે તપાસ કરી કે દર્દીને યુરીનની જે પાઇપ લગાવી છે એમાંથી યુરીન બરાબર પાસ થાય છે કે નહીં? કિડની ફંકશન કરે છે કે નહીં? ત્રણ કલાક પછી એમને સંતોષ થયો ત્યારે એ પેશન્ટને ત્યાંથી દૂર થયા.

માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૧૫માં ૨૬મી માર્ચે માનનીય આરોગ્ય મંત્રીશ્રી આ બિલ શરૂઆતમાં શ્રી નીતિનભાઇ લાવ્યા. શ્રી નીતિનભાઇ આરોગ્ય મંત્રી હતા. શ્રીમતી આનંદીબેન મુખ્યમંત્રી હતા અને અમારા શ્રી બલવંતસિંહ બાપુ દંડક હતા. એ વખતે ઘણી બધી ચર્ચાઓ થયેલી અને તમે અત્યારે વાત કરો છો. જ્યારે અમારા બાપુ શ્રી શક્તિસિંહ સને ૧૯૯૨-૯૩માં આરોગ્ય મંત્રી હતા ત્યારે એમને સમાચાર મળ્યા કે શ્રી એચ.એલ. ત્રિવેદી સાહેબ કિડની ઇન્સ્ટિટ્યૂટ માટે સલાહ લેવા અને ચર્ચા કરવા માટે આરોગ્ય મંત્રીને મળવા માગે છે, ત્યારે આરોગ્ય મંત્રી આદરણીયશ્રી શક્તિસિંહે કહ્યું કે તમે આવું કામ કરતાં હોય ત્યારે તમારે અહીં આવવાની જરૂર નથી. હું ત્યાં આવીશ અને મંત્રીમંડળ અને સચિવ સાથે ત્યાં કિડની ઇન્સ્ટિટ્યૂટમાં જઇ અને એ માટેની ચર્ચા કરેલી. આ બધું માત્ર ભારતીય જનતા પાર્ટીએ નહીં, અમે પણ થોડું કર્યું છે એવું પણ વિચારો.

માનનીય અધ્યક્ષશ્રી, આરોગ્યની અંદર જે વિકાસ થયો એ it is continuance process. કોઇ એક વ્યક્તિ ન કરી શકે, તેમાં કોંગ્રેસનો રોલ છે, ભારતીય જનતા પાર્ટીનો રોલ છે, શ્રીમતી આનંદી બેનનો રોલ છે, શ્રી સુરેશભાઇ મહેતાનો રોલ છે. માત્ર મોદી સાહેબે કર્યું એ બધું બહુ જરૂરી નથી. માત્ર એક વ્યક્તિની વ્યક્તિપૂજા...(અંતરાય)

ઉપાધ્યક્ષશ્રી : આમાં બીજા બધા ક્યાં આવે છે?

ડો. કિરીટકુમાર ચી. પટેલ : દર વખતે માત્ર મોદી સાહેબનું નામ બોલે છે એમાં મને વાંધો છે.

ઉપાધ્યક્ષશ્રી : મોદી સાહેબનું નામ બોલે એમાં તમને શું વાંધો છે? તમને વાંધો ન હોવો જોઇએ.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એ વ્યક્તિપૂજા થઇ. તમને ભારતીય જનતા પાર્ટી પ્રત્યે પ્રેમ હોય તો બધાનું નામ બોલો. આટલા બધા અધ્યક્ષશ્રીઓ થઇ ગયા, ખાલી આપનું જ નામ બોલ્યે જાય? આ બહુ સારી બાબત લઇને આવ્યા છે. સારો ઉદ્દેશ છે.

ઉપાધ્યક્ષશ્રી : સારી બાબત છે એ બોલો.બીજું બધું રહેવા દો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાન્સપ્લાન્ટેશન ઓફ હ્યુમન ઓર્ગન્સ એન્ડ ટિશ્યૂ એકટ ૧૯૯૪ પસાર થયો અને હમણાં માનનીય સભ્યશ્રી વાત કરતા હતા કે ગુજરાતની અંદર આપણે નંબર-૧ છીએ પરંતુ વર્ષ ૨૦૨૩ની અંદર માનનીય મંત્રી સાહેબ, ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટની અંદર દેશની અંદર જો સૌથી પહેલો નંબર હોય તો તેલંગણાનો છે, બીજો નંબર તમિલનાડુ, ત્રીજો નંબર કર્ણાટક, ચોથો મહારાષ્ટ્ર અને આપણે પાંચમા નંબરે છીએ. એની અંદર કોઇ આક્ષેપ નથી પણ પહેલા નંબરે આપણે આવીએ એના માટે આપણે સાથે રહીને આ કામ કરવું જોઇએ અને તા.૧૬ માર્ચ, ૨૦૨૩ ના દિવસે સંસદની અંદર જે પ્રશ્ન પૂછાયો એની અંદર વર્ષ ૨૦૨૦ની અંદર આપણે ગુજરાતની અંદર ૪૪૮ ઓર્ગન ટ્રાન્સપ્લાન્ટ કર્યા અને વર્ષ ૨૦૨૨ની અંદર ૮૧૭ થયા એટલે આપણે ડબલ સંખ્યા થઇ એ માટે જે પણ અધિકારી, ડોકટર હોય એ તમામને અભિનંદન આપું છું, પરંતુ જે રીતે સુધારો લઇને આવ્યા છે એ સામાન્ય સુધારો છે. એમણે કહ્યું કે ઉપકુલપતિ એટલે કે પ્રો-ચાન્સેલરની જગ્યા રદ કરી છે. ઘણીવાર કાયદો લાવવાની ઉતાવળમાં આપણે ટેકનિકલી ભૂલી જતા હોઇએ છીએ. આખા દેશની અને ગુજરાતની કોઇપણ યુનિવર્સિટીની અંદર પ્રો-ચાન્સેલર એટલે કે ઉપકુલાધિપતિની કોઇ જગ્યાએ એજ્યુકેશન યુનિવર્સિટી, મેડિકલ યુનિવર્સિટી હોય. કોઇપણ જગ્યાએ જોગવાઇ નથી એટલે જ્યારે લાવ્યા ત્યારે વિચાર કર્યો હોત તો આ સુધારો લાવવાની જરૂર ન પડી હોત. કોઇપણ યુનિવર્સિટી હોય તેના ચાન્સેલર કે કુલાધિપતિ એ હંમેશા રાજ્યપાલ જ હોય છે. એમાં તમે સુધારો લઇને આવ્યા છો એટલે એ વખતે કદાચ શ્રી નીતિનભાઇને ઉતાવળ થઇ ગઇ હશે તો જે સુધારો લઇને આવ્યા છે એ સુધારાને અમે સમર્થન કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, પરંતુ માત્ર સુધારો લાવવાથી કંઇ થવાનું નથી. કરોડોના ખર્ચે આપણે ઇન્સ્ટિટ્યૂટ બનાવી, બિલ્ડિંગ બનાવી, કરોડો રૂપિયાની ગ્રાન્ટ આપીએ છીએ પરંતુ જે રીતે જોવા જઇએ તો લગભગ ૯થી ૧૦ વર્ષ થયાં. અત્યાર સુધીમાં પ્રો-ચાન્સેલરની કોઇ પોસ્ટ ભરાઇ નથી. તમામ જે કુલસચિવ અથવા કુલપતિ આવ્યા એ ઇન્ચાર્જ હતા. કોઇ રેગ્યુલર

કુલપતિની નિમણૂક થઇ નથી એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે જયારે આરોગ્યની સારી સંસ્થાઓ હોય, એક ઋષિ જેવા વ્યક્તિના નામે આ સંસ્થા બનાવી હોય અને લોકોના આરોગ્ય સાથે, લોકોના જીવન સાથે આ બાબત વણાયેલી હોય ત્યારે જે પણ વાઇસ ચાન્સેલર, ચાન્સેલર કે એના અધિકારીઓની નિમણૂક કરીએ એ મારા નહીં પરંતુ સારા, માનીતા નહીં જે રીતે થાય છે એ રીતે પણ જાણીતા, એક્સ્પર્ટ ખરેખર વિષયની અંદર એક્સ્પર્ટ હોય એમાં રાજકારણથી પર થઇ માત્ર કોઇની ભલામણથી નહીં પણ ખરેખર એક્સ્પર્ટ હોય એવા ચાન્સેલર, વાઇસ ચાન્સેલર, કુલપતિ એવા કુલાધિપતિ અથવા રજિસ્ટ્રારની નિમણૂક કરવામાં આવે. જે રજિસ્ટ્રારની નિમણૂક કરવામાં આવી એની અંદર પણ ગેરરીતિ થઇ છે. મેં હમણાં જ તપાસ કરી હાઇકોર્ટની અંદર કેસ ચાલે છે એટલે જેટલા પણ આપણે રજિસ્ટ્રાર નીમીએ, જેટલા પણ કુલપતિ નીમીએ એમાં મોટાભાગની અંદર હાઇકોર્ટની અંદર કેસ થતા હોય છે એટલે એના લીધે સરકારનો પણ સમય બગડે છે, યુનિવર્સિટીના પૈસાનો પણ વ્યય થાય છે અને યુનિવર્સિટીનો પણ વિકાસ અટકી જાય છે. આ ત્યારે બને છે જયારે ક્વોલિફાય ન હોય એવો સ્ટાફ આપણે ભરીએ છીએ એટલે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે હવે પછી તમામ યુનિવર્સિટીઓમાં ભરતી કરવામાં આવે તો ક્વોલીફાય કુલપતિની નિમણૂક થાય. કિડની હોસ્પિટલમાં માત્ર ૧૦ ટકા સ્ટાફ ભરાયેલો છે. ૧૯૦ની ભરતી બાકી છે. ૧૫૦૦ પોસ્ટ ભરવા માટે એક વર્ષ પહેલા જાહેરાત આવેલી છે.

ઉપાધ્યક્ષશ્રી : ડો. કિરીટકુમાર, ઝડપથી પતાવોને? આમાં સ્ટાફનું કંઇ આવતું નથી. સુધારો છે. ચાલો બે મિનિટ આપું છું. આમાં સ્ટાફનું કંઇ આવતું નથી. ફકત સુધારો છે. કુલપતિનું બરાબર છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૪૦થી ૬૦ ટકા જગ્યાઓ ખાલી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી કૌશિકભાઇ જૈન.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી કૌશિકભાઇ જૈન બે મિનિટ બેસો. ડો.કિરીટકુમાર પૂરું કરે છે અને સમર્થન આપે છે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે સુધારો લઇને આવ્યા છે તેમાં ટેકનિકલી આ જે કિડની ઇન્સ્ટિટ્યૂટ છે તે સોસાયટી એકટ નીચે રચાયેલ છે અને આપણે જે યુનિવર્સિટી બનાવીએ છીએ તે સરકારી છે. એટલે ટેકનિકલી મેં એક–બે એક્સપર્ટને પૂછ્યું કે બંનેનું કોમ્બિનેશન કરવું તે ટેકનિકલી, લિગલી શક્ય નથી. એટલે આ બાબતે કોઇ એક્સપર્ટની સલાહ લઇને કામગીરી કરવામાં આવે તો ભવિષ્યમાં લિગલી લિટીગેશન ઊભા થાય નહીં. માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે તેને અમે સમર્થન કરીએ છીએ. આ સુધારા બાબતમાં ફરીથી કોર્ટમાં કેસ થાય તે જોવાની વિનંતી છે.

શ્રી કૌશિકભાઇ સુ. જૈન(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના આરોગ્ય મંત્રી માનનીય ઋષિકેશભાઇ ટ્રાન્સપ્લાન્ટેશન યુનિવર્સિટી માટેના જે સુધારા લઇને આવ્યા છે તેમાં મારું સંપૂર્ણ સમર્થન છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ યુનિવર્સિટીમાં અત્યાર સુધી કુલ ૭૨૩૭ પ્રત્યારોપણના કામ કરેલ છે. તે પૈકી કુલ ૧૩૮૪ કેડેવર કિડની પ્રત્યારોપણ અને કુલ ૬૪૬ કિડની પ્રત્યારોપણ રોબર્ટ દ્વારા કરવામાં આવેલ છે. આ સંસ્થા ખાતે લિવર, પેન્ક્રિયાઝ અને ગર્ભાશયના રોગોની સારવારની સુવિધા ઊભી કરવામાં આવેલ છે. તે પૈકી ૬૩૫ લિવર પ્રત્યારોપણ, ૨૩ પેન્ક્રિયાઝ પ્રત્યારોપણ અને ૨ ગર્ભાશયના પ્રત્યારોપણ કરવામાં આવેલ છે. હાલમાં કિડની હોસ્પિટલ ખાતે જૂના સંકુલમાં ૪૪૨ પથારી અને નવા સંકુલમાં ૮૫૦ પથારીની સુવિધા સાથે કુલ ૧૨૯૨ પથારી કાર્યરત છે. જેમાં તબીબી શિક્ષણ, તબીબી સેવાઓ અને રિસર્ચ પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા માટે કેથલેબ, ૧૨૮ સ્લાઇડ સિટી સ્કેન, ૩ ટેસ્લા એમ.આર.આઇ., પોર્ટેબલ એક્સ–રે મશીન, અલ્ટ્રા સાઉન્ડ, કલર ડોપ્લર જેવી માળખાકીય સુવિધા ઊભી કરવામાં આવેલ છે. તેમજ એક્સ–રે વિભાગને ફિલ્મલેસ કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. હોસ્પિટલ ખાતે અદ્યતન સાધન સામગ્રી સાથે કુલ ૨૦ ઓપરેશન થિયેટર કાર્યરત છે. આરોગ્ય અંગેની સરકારની વિવિધ યોજનાઓ જેવી કે, આયુષ્યમાન કાર્ડ યોજનાનો તેમજ શાળા આરોગ્ય કાર્યક્રમનો આ હોસ્પિટલમાં ખૂબ જ સારી રીતે અમલ કરવામાં આવે છે. કિડની હોસ્પિટલની પ્રશંસનીય કામગીરીના કારણે દર્દીલક્ષી સારી સેવાઓ અને સુવિધા ઉપલબ્ધ હોવાથી હોસ્પિટલને ઘણા બધા પુરસ્કારો પ્રાપ્ત થયેલ છે. દેશના સર્વોચ્ચ નાગરિક પુરસ્કારમાંથી એક પદ્મશ્રી પુરસ્કાર કિડની હોસ્પિટલના સ્થાપક અને સન્માનનીય ડૉ.એચ.એલ.ત્રિવેદી સાહેબને ભારતના રાષ્ટ્રપતિશ્રી દ્વારા એનાયત કરવામાં આવેલ છે. આ ઉપરાંત આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા દિલ્હી ખાતે કિડની હોસ્પિટલને બેસ્ટ હોસ્પિટલ તરીકેની ઉપાધિ મળેલ હતી. માનનીય રાજયપાલશ્રી દ્વારા કિડની હોસ્પિટલને ગ્લોરી ઓફ ગુજરાત એવોર્ડ મળેલ છે અને ફિક્કી દ્વારા દિલ્હી ખાતે કિડની હોસ્પિટલને બેસ્ટ સર્વિસ માટે પુરસ્કાર મળેલ છે. માનનીય મંત્રીશ્રી ઋષિકેશભાઇ જે સુધારા બિલ લઇને આવ્યા છે તેને મારો સંપૂર્ણ ટેકો છે. ભારત માતાકી જય, જય શ્રી રામ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ (આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું થોડી વિગતો આપવા માગું છું. ખૂબ સકારાત્મક રીતે બધા સભ્યોએ વાત કરી છે. ખૂબ નાના સુધારા છે. સંસ્થા એટલે આઇ.કે.ડી.આર.સી.એ યુનિવર્સિટી હેઠળ કામગીરી કરવાની પ્રો–ચાન્સેલરનો હોદ્દો આપણે નાબૂદ કરીએ છીએ, રાજયપાલને કુલાધિપતિ રાખવાની જોગવાઇ, કુલપતિની લાયકાત અંગેની જોગવાઇ, પ્રો–ચાન્સેલરના અધિકારો કુલપતિને સોંપવામાં આવ્યા એની સ્પષ્ટતાઓ, કુલપતિ હોદ્દાની રૂએ સંસ્થાના નિયામક બને એ વિષય અને સાથે સંસ્થાના ડીનની લાયકાત અંગેની જોગવાઇઓ.

તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ(સુધારા) વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, આમ, સમગ્ર બિલ એ ખૂબ મોટા સ્કોપ સાથે નહીં પરંતુ સૂચારું વ્યવસ્થાના ભાગસ્વરૂપે લાવવામાં આવ્યું છે. અહીંયાથી માનનીય અર્જુનભાઇ, માનનીય ડો.કિરીટભાઇએ વિગતે વાત કરી અને સંસ્થાની ચિંતા પણ કરી. સંસ્થાની પ્રગતિમાં દરેક લોકોનો ફાળો રહ્યો છે. પરંતુ આદરણીય મોદી સાહેબના આવ્યા પછી એક્સેલરેટ થયો છે. વેગમાંથી પ્રવેગમાં પલટાયું છે. આખું સિવિલ કેમ્પસ આપ જોશો તો આપને ખ્યાલ આવશે કે, વર્ષ ૨૦૦૦ પહેલા અને વર્ષ ૨૦૨૩-૨૪માં જે મેડિસિટીનું સ્વપ્ન વર્ષ ૨૦૦૧થી જોવામાં આવ્યું હતું અને યુ.એન. મહેતા, આઇ.કે.ડી.આર.સી. અને GUTS સાથે હવે સંમેલિત કરી એને ઓટોનોમસ સ્ટેટસ જ છે. આઇ.કે.ડી.આર.સી. પોતાનું અલગ અસ્તિત્ત્વ જાળવી રાખે છે એના અસ્તિત્ત્વને આપણે ઓગાળી નાંખતા નથી, પરંતુ આઇ.કે.ડી.આર.સી.ના જે પણ કોઇ હેતુ અને મોટો છે એ GUTS સાથે ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સ્પ્લાન્ટેશન ઓફ સાન્સિસ સાથે બિલકુલ મેચ કરતા છે, એટલે આઇ.કે.ડી.આર.સી. GUTS ની યુનિવર્સિટીના માર્ગદર્શન અન્વયે એકરૂપતા સાથે કામ કરે એના માટેનો આપણો આ હેતુ છે એની સ્વતંત્રતા અલગ રહેવાની જ છે. એની સાથે સાથે યુનિવર્સિટીની અંદર તમામ સત્તાઓ વાઇસ ચાન્સેલર પાસે રહેશે. અધ્યક્ષતાવાઇઝ હાઇ કાઉન્સિલ આપણે બનાવી છે. આ એટલા માટે કર્યું છે સંસ્થા ફલે-ફૂલે અને નાની મોટી જે એરર આપણને લાગતી હતી એ સુધારી GUTS અને આઇ.કે.ડી.આર.સી. બંને સાથે મળી એનો વિકાસ કરે એ દિશા માટેનું આ બિલ છે. આદરણીય શ્રી ત્રિવેદી સાહેબની જે વાત કરી એ બિલકુલ ઋષિપુરુષ છે, જીવનનો મોટો એમણે બનાવ્યો એના કારણે એમણે વાવેલું બિજ આજે વટવૃક્ષ થયું છે અને એને હવા, પાણી અને ખાતર આપવાનું કામ સરકાર કરી રહી છે. બધી જ રીતે નાણાંકીય, કાયદાકીય રીતે આ સંસ્થા કેમ મોટી થાય એના માટેનો સતત પ્રયત્ન આપણે કરતા રહ્યા છીએ અને પ્રયત્ન કર્યા પછી એમને જ કહીએ છીએ સારા ડોકટર વી.સી. બને, અનુભવવાળા આઇ.કે.ડી.આર.સી. એટલે કે જે કિડની, લિવર જેવા મહત્ત્વના અંગોના સંશોધનો ત્યાં થતાં હોય એવા જ લોકો વી.સી. બની શકે એવી જોગવાઇઓ આપણે કરી છે જેથી કરીને આ સંસ્થા પોતાની સ્વાયત્તતા સાથે આવતા સમયમાં ખૂબ સારી રીતે કામ કરી શકે. સરકારનો હેતુ આમાં બિલકુલ સ્પષ્ટ છે. આમાં કોઇ પણ પ્રકારે સંસ્થા હાથમાં લેવી એવું નથી અને હવે તો પબ્લિક યુનિવર્સિટી એક્ટ આપણે લાવ્યા છીએ. ઓટોનોમસ આપવાની દિશામાં ગુજરાત સરકારની ભારતીય જનતા પાર્ટીની સરકાર આજે અગ્રેસર છે એ જ શ્રેણીનું આ એક પગલું છે. માનનીય અર્જુનભાઇએ કહ્યું કે તમિલનાડું અને તેલંગણા એ રાજ્યો આમાં આગળ છે. દેર આયે દૂરસ્ત આયે. આપણે ખૂબ ઝડપથી તેમાં પ્રગતિ ચાલુ કરી છે. વર્ષ-૨૦૨૩ના રોજ વર્ષ-૨૦૨૨નો ગુડ ગવર્નન્સ પુરસ્કાર ગુજરાત સરકારને મળ્યો છે. સાથે સોટોની રચના વર્ષ-૨૦૧૯માં આપણે કરી અને વર્ષ-૨૦૨૧માં બેસ્ટ ઇમર્જિંગ સોટો તરીકેનો એવોર્ડ પણ આપણને મળ્યો છે. અને ટ્રોમા સેન્ટર આનંદ કક્ષ ત્યાં બનાવ્યું છે જે પણ કોઇ અંગદાન કરે તો તેને પ્રોત્સાહન અને આદરણીય દિલીપદાદાએ તો આના માટે ખૂબ સામાજિક ક્રાંતિ, સામાજિક મુહિમતા ઊભી કરી છે. અને દરેક જગ્યાએ જયાં આગળ પણ આવા આપણને બ્રેઇન ડેડ મળે તો તેના કુટુંબીજનોને સમજાવીએ છીએ. કારણ કે અંગદાન કરવું અને તે અંગે સમજાવવું ખૂબ અગત્યનો વિષય છે. શરૂઆત જ ત્યાંથી થાય રિટ્રાયવલ થયા પછી તે પ્રત્યેક દર્દી સુધી પહોંચે તેની આખી વ્યવસ્થામાં પણ સરકાર ખૂબ સહભાગી છે અને જેવી જાણ થાય કે આપણને અંગ મળ્યું છે એટલે એ અંગ બીજામાં રોપાય જાય ત્યાં સુધી ઝડપથી રોપાય તેની ચિંતા આ સરકાર કરી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બેસ્ટ ટ્રાન્સપ્લાન્ટ કો-ઓર્ડિનેટર્સનો એવોર્ડ પણ આપણને વર્ષ-૨૦૧૯નો વર્ષ-૨૦૨૨માં મળ્યો છે. સોટો ગુજરાત અંગદાનની પ્રવૃત્તિને વધુમાં વધુ પ્રમાણમાં વેગ આપવા માટે નાનપણથી જ આપણાં બાળકો અંગદાનનું મહત્ત્વ સમજે તે માટે શાળાના પાઠય પુસ્તકોમાં પણ અંગદાન અંગેના પાઠનો સમાવેશ કરવા માટે ભલામણ કરવામાં આવશે. અંગદાનની પ્રતિજ્ઞા લેવડાવવા માટેનો પણ આપણો પ્રયત્ન ચાલુ છે. અંગદાન માટે વેન્ટિલેટર ધરાવતી સરકારી પ્રાઇવેટ હોસ્પિટલ રિટ્રાયવલ સેન્ટરો તરીકે વધુ પ્રમાણમાં જોડવા માટેનું ગુજરાત સરકારે અનેક ક્ષેત્રની અંદર કામ કર્યું છે, પરંતુ છેલ્લાં ચાર પાંચ વર્ષથી આ જે અંગદાનની પ્રવૃત્તિ, સોટોની પ્રવૃત્તિ સોટો પણ આપણે ત્યાં વર્ષ-૨૦૧૯માં એની રચના થઇ. મળેલા અંગને યોગ્ય વ્યકિત સુધી બિલકુલ મેરિટ ઓર્ડરમાં પહોંચી જાય એની વ્યવસ્થા કોઇને સાહેબ આડા અવળું અને લાગવગ લગાવવાની જગ્યા જ ના મળે એ પ્રકારની વ્યવસ્થા આપણે સોટોમાં કરેલી છે. અને હવે સૂચારુ રીતે એ આખે આખું GUTS યુનિવર્સિટની દ્વારા અંગદાનની પ્રવૃત્તિ, સંશોધનની પ્રવૃત્તિ, અનેકવિધ પ્રવૃત્તિઓ ત્યાં ચાલે એના માટેનો આપણો આ પ્રયત્ન છે. એ પ્રયત્નની અંદર આ નાના મોટા સુધારા થકી તેને વેગ મળે તે માટેનો સરકારનો પ્રયત્ન છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક ૫-સન ૨૦૨૪ના ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૧૬, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઈનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

બિન–સરકારી સંકલ્પો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૪ના ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી:સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૫–સન ૨૦૨૪ના ગુજરાત યુનિવર્સિટી ઓફ ટ્રાન્સપ્લાન્ટેશન સાયન્સિઝ (સુધારા) વિધેયકનું ત્રીજું વાંચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામે બેઠેલાં આપણા ધારાસભ્ય મિત્રો છે પરંતુ જે રચનાત્મક રીતે એક નાના સુધારાઓથી એક બહુ મોટું બળ જયારે આ યુનિવર્સિટીને મળવાનું છે, અંગદાનની પ્રવૃત્તિને મળવાનું છે, સંશોધનની પ્રવૃત્તિને મળવાનું છે એટલે આદરણીય શ્રી અર્જુનભાઇ, ડો. કિરીટકુમાર, શ્રી ઇમરાનભાઇ સૌ સભ્યોનો હું ખૂબ ખૂબ આભાર માનું છું અને આવો જ સહકાર ભવિષ્યમાં પણ મળતો રહેશે. હા, ટીકા ચોક્કસ કરી શકાય, પરંતુ ટીકાની અંદર કયાંક પોઝિટિવ ઝલક આપણને દેખાય અને સરકારને પણ થાય કે સામેથી બોલાય છે તો આપણે તેને આમેજ કરીએ.

**( વિરામ બપોરના ૪–૨૯થી ૫–૦૦ )**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન સરકારી સંકલ્પો**

**વન નેશન, વન રાશન કાર્ડના બહોળા પ્રચાર–પ્રસાર અંગે**

શ્રી અભેસિંહ મો. તડવી(સંખેડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

''ભારત દેશ ૧૪૦ કરોડની વસતી ધરાવતો વિશાળ દેશ છે. વિશ્વની પ્રથમ નંબરની લોકશાહી શાસન વ્યવસ્થા આ દેશમાં પ્રવર્તમાન છે. દેશના દરેક નાગરિકને પ્રાથમિક જરૂરિયાતો જેવી કે રોટી, કપડા અને મકાન માટે બંધારણથી અધિકાર બક્ષેલ છે.

રાજ્યના ગરીબ લોકોની છતની સાથે સાથે જીવન માટે ખોરાકની પણ જરૂરિયાત સંતોષાવી આવશ્યક છે. આ માટે પંડિત દિનદયાલ ઉપાધ્યાયના એકાત્મ માનવતાવાદના સિધ્ધાંતોને મૂર્તિમંત કરવા સરકાર કટિબદ્ધ છે. તેથી જ જરૂરિયાતમંદ તમામ લોકોને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ''રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩'' હેઠળ રાજ્ય સરકાર દ્વારા સસ્તા અનાજની દુકાનો દ્વારા ઘઉં, ચોખા, તેલ, ખાંડ, દાળ, કઠોળ વગેરે સબસિડીયુક્ત જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે.

દેશમાં અને રાજ્યમાં APL અને BPL કાર્ડ ધરાવતા કુટુંબો ખાસ કરીને શ્રમિક વર્ગના હોય છે. આવા લોકોને રોજગારી મેળવવા પોતાના વતનથી દૂર અન્ય સ્થળોએ સ્થળાંતર કરવું પડે છે. ક્યારેક જિલ્લા બહાર તો ક્યારેક રાજ્ય બહાર પણ રોજગારી મેળવવા જવું પડે છે. આવા સ્થળાંતર કરતા લોકોને સસ્તા અનાજની સરકારની યોજનાનો લાભ મળી રહે તે માટે આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે ''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજના બનાવી છે. શ્રમિકો રોજગારી મેળવવા કોઈ પણ જગ્યાએ સ્થળાંતર કરે તો પણ રેશન કાર્ડ ધરાવતા લોકોને સરકારી અનાજ વિતરણની વ્યવસ્થાનો લાભ આપવાના દ્રઢ નિર્ધાર સાથે ઓગષ્ટ– ૨૦૧૯માં ''એક રાષ્ટ્ર, એક રાશન કાર્ડ'' એટલે કે ''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજના અમલમાં મૂકવામાં આવી. તેમાં ગુજરાત રાજ્યને પાયલોટ પ્રોજેકટ તરીકે પસંદ કરીને ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે પોર્ટેબિલિટી દ્વારા વિતરણ વ્યવસ્થા અમલમાં મૂકવામાં આવી. તબક્કાવાર આ યોજનાનું દેશના વિવિધ રાજ્યોમાં અમલીકરણ થયું અને છેલ્લે ૩૬મા રાજ્ય તરીકે આસામમાં આ યોજના લાગુ કરવામાં આવી છે અને આજે સમગ્ર દેશમાં ''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજનાનો અસંખ્ય લોકો લાભ મેળવી રહ્યા છે.

દેશમાં કોરોનાના કપરા કાળમાં લોકડાઉન દરમિયાન આ યોજના શરૂ કરવાથી ખાસ કરીને પરપ્રાંતિય લોકોને તેનો મોટા પ્રમાણમાં લાભ મળ્યો છે.

''વન નેશન, વન રાશન કાર્ડ'' યોજનાનો મુખ્ય ઉદ્ેશ દેશમાં નકલી રાશન કાર્ડ અંતર્ગત થતાં ભ્રષ્ટાચારને રોકવાનો છે. ઉપરાંત કોઈ વ્યક્તિ એક જગ્યાએથી બીજી જગ્યાએ સ્થળાંતર કરે છે તો તેને રાશન મેળવવામાં કોઈ સમસ્યા ઉદ્ભવશે નહીં તે પણ સુનિશ્ચિત કરે છે. આનાથી પરપ્રાંતિય મજૂરોને સંપૂર્ણ ખાદ્ય સુરક્ષા મળશે.

આ યોજનાથી સરકાર દ્વારા તમામ રાશનકાર્ડ ધારક માટે કેન્દ્રીય ભંડાર બનાવીને અને તેને આધાર સાથે જોડીને કુલ પોર્ટેબિલિટીની સુવિધા આપવામાં આવે છે. જેનાથી રાશનકાર્ડ ધારક દેશના રાજ્યમાં, જિલ્લા/તાલુકા અથવા ગામમાં જાય તો પણ તે નોંધણી કરાવીને સરળતાથી રાશન મેળવી પોતાનું અને પોતાના કુટુંબનું ગુજરાન ચલાવી શકે છે. આમ, ગરીબો માટે વરદાનરૂપ આ યોજના અમલમાં મૂકી છે.

આ યોજના દેશના તમામ લોકો સુધી પહોંચી શકે તે માટે ભારત સરકાર દ્વારા ''મેરા રાશન'' મોબાઈલ એપ્લિકેશન જુદી જુદી પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવેલ છે. આ મોબાઈલ એપ્લિકેશન દ્વારા લાભાર્થી પોતાનું રજિસ્ટ્રેશન કરીને

નજીકની વ્યાજબી ભાવની દુકાનની વિગતો મેળવીને લાભ લઈ શકે છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાનો લાભ જરૂરિયાતમંદ લોકો સરળતાથી મેળવી શકે તે માટે ''વન નેશન, વન રાશન કાર્ડ'' એટલે કે ONORCની જાણકારી તમામ નાગરિકો સુધી પહોંચે તે માટે બહોળા પ્રમાણમાં પ્રચાર–પ્રસાર કરવા અને છેવાડાના માણસને યોજનાથી લાભાન્વિત બનાવવા માટે અસરકારક પગલાં લેવાં'' આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મેં આ સભાગૃહ સમક્ષ બિન સરકારી સંકલ્પ રજૂ કર્યો છે, ખાસ કરીને રાષ્ટ્રીય અન્ન સુરક્ષા કાયદા હેઠળ ગુજરાત રાજ્યના ૭૨ લાખથી વધુ કુટુંબોને લાભ મળે છે. ૩.૫૦ કરોડ જનસંખ્યાને પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત સફળતાપૂર્વક અન્ન સુરક્ષા પૂરી પાડવાનું ખૂબ સારું કામ આ સરકાર કરી રહી છે. કોરોનાકાળ દરમિયાન આપણને કોઇ રોટલો, ઓટલો કે પાણી પણ આપતું ન હતું. ઘરનો દીકરો હોય તો પણ આગળ પાણી મૂકીને જતો રહે તેવી પરિસ્થિતિ હતી. માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને એટલા માટે અભિનંદન આપવા પડે કે જ્યારે દેશની જનતા તકલીફમાં હતી, આખા કુટુંબો અસ્તવ્યસ્ત થઇ ગયા હતા, દાહોદના લોકો સૌરાષ્ટ્રમાં જાય, છોટાઉદેપુરના મારા શ્રમિક ભાઇઓ બોટાદ કે ભાવનગર જાય, સૂરતના લોકો અમારે ત્યાં આવે, મોરબીમાં પણ જાય, દ્વારકામાં પણ જાય, આ દેશના શ્રમિક લોકોને તકલીફ પડતી હતી ત્યારે આ કાયદો બનાવ્યો અને આ કાયદાથી અસંખ્ય લોકોના જીવનમાં સકારાત્મક પરિવર્તન આવ્યું છે. આ દેશના વડાપ્રધાને જનતાની સેવા કરી છે તે જનતા ભૂલી નથી. અમે ગામડામાં ગયા હતા ત્યારે મેં એક દાદીમાંને પૂછ્યું કે તમે જીવનનિર્વાહ કેવી રીતે કરો છો ત્યારે તેમણે જવાબ આપ્યો કે ભાઇ, મને રૂ.૧૨૫૦/– વિધવા પેન્શન મળે છે અને આ માનનીય મોદી સાહેબની યોજનાથી અમારા ઘરોમાં અનાજ ભર્યું છે એટલે અમારે કોઇ તકલીફ પડતી નથી.

શ્રી જગદીશભાઇ પ્ર. મકવાણા(નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, બાર વરસે બાવો બોલ્યો, જા બેટા દુકાળ પડેગા. બાર મિનિટમાંથી પાંચ મિનિટ થઇ ગઇ છે. આ સભાગૃહના સન્માનનીય સભ્યશ્રી, અભેસિંહ તડવી જે બિન સરકારી સંકલ્પ 'વન નેશન, વન રાશન કાર્ડ' આ સભાગૃહમાં લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા આ દેશમાં રાષ્ટ્રીય એકતા લાવવા તેમજ લોકોની સુગમતા વધારવાના શુભ આશયથી વર્ષ ૨૦૧૯થી 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજના અમલમાં મૂકેલ છે. જે યોજનાના લાભાર્થી તરીકે નોંધાયેલા કોઇપણ રાશનકાર્ડ ધારક રોજગારી માટે કોઇ એક રાજયમાંથી બીજા રાજયમાં જતા હોય, કોઇ એક રાજયમાં જ એક જિલ્લામાંથી બીજા જિલ્લા, તાલુકા, શહેર કે ગામમાં રોજગારી માટે જતા હોય, પરપ્રાંતીય લોકો હોય, મજૂરો હોય, કારીગરો હોય, ખેતમજૂરો હોય, વિચરતું જીવન જીવતા પરિવારો હોય આવા લોકો જ્યાં વસવાટ કરે છે, જ્યાં રોજગારી મેળવે છે એ સ્થળે એન.એફ.એસ.એ. યોજના હેઠળ આ લાભાર્થીઓને પોતાનું રાશન સરળતાથી ઉપલબ્ધ થાય એ માટે આ 'વન નેશન, વન રાશનકાર્ડ'ની યોજના માનનીય પ્રધાનમંત્રીશ્રીએ અમલમાં મૂકી છે. આપણા માટે ગૌરવની વાત છે કે, ભારત સરકાર દ્વારા આ યોજનાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્યને પાયલોટ પ્રોજેક્ટ તરીકે પસંદ કરી ગુજરાત અને મહારાષ્ટ્ર રાજ્ય વચ્ચે પોર્ટેબિલિટીથી વિતરણ વ્યવસ્થા અમલમાં મૂકેલ અને આ યોજનાનો લાભ દેશના એન.એફ.એસ.એ. હેઠળના તમામ લાભાર્થીઓ મેળવી શકે છે. 'વન નેશન, વન રાશન કાર્ડ' યોજના હેઠળ કોઇપણ સ્થળેથી મળવાપાત્ર અનાજનો જથ્થો મેળવવા માટે લાભાર્થીએ પોતાના રાજ્યમાં રાશનકાર્ડ સાથેનું આધાર સિડિંગ કરેલું હોવું જરૂરી છે. આજે સમગ્ર દેશમાં 'વન નેશન, વન રાશનકાર્ડ' યોજના શરૂ થઇ ગઇ છે. આ યોજના ભારતીયોને ખાદ્ય સુરક્ષાનું અભૂતપૂર્વ સશક્તિકરણ કરે છે. ભારતમાં કરોડો લોકો એક રાજ્યમાંથી બીજાં રાજ્યમાં સ્થળાંતર કરે છે અને કરોડો લોકો એન.એફ.એસ.એ. યોજના હેઠળ સબસિડીવાળા અનાજ ઉપરાંત પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજનાના માધ્યમથી મળતા મફત અનાજનો પણ લાભ મળે છે. મફત મળેલા અનાજના કારણે તેઓનાં બચેલાં નાણાં વડે તેમની આર્થિક ઉન્નતિ થાય છે અને આનાથી ભારતીય કામદારો આત્મનિર્ભર બન્યા છે. જેના કારણે ભારત પણ આત્મનિર્ભર બની રહ્યું છે. કામદારો સ્થળાંતર કરે ત્યારે નવા સ્થળે એમને ખબર હોતી નથી કે આ અનાજ કઇ જગ્યાએથી લેવાનું હોય છે? એ માટે સરકારશ્રીએ 'માય રાશન' એપ શરૂ કરી છે. જેની મદદથી લાભાર્થી પોતાની નજીક વ્યાજબી ભાવની કઇ દુકાન આવેલી છે તેમજ તેમને કેટલો જથ્થો મળવાપાત્ર છે એ બધી જ માહિતી એપ્લિકેશનમાંથી મેળવી શકે છે. લોકોમાં જાગૃતિ આવે એ માટે દર મહિને તાલુકા મથકે વ્યાજબી ભાવના દુકાનદારોની મિટિંગ બોલાવવામાં આવે છે. તેમાં આ યોજના અંગે સમજૂતી આપવામાં આવે છે. પોર્ટેબિલિટીથી અનાજનું વિતરણ થાય અને આ યોજનાના પ્રચાર–પ્રસાર માટે પેમ્પ્લેટ પણ વિતરણ કરવામાં આવે છે. દુકાનો પર બેનરો પણ લગાવવામાં આવે છે. જેના કારણે આ યોજનાનો પ્રચાર–પ્રસાર ઝડપથી થાય અને લોકો આનો વધુમાં વધુ લાભ લઇ શકે. આ યોજનાના અમલીકરણ માટે દરેક વ્યાજબી ભાવના દુકાનદારોને અનાજનો પાંચ ટકા વધારાનો જથ્થો આપવામાં આવે છે. જે વ્યાજબી ભાવની દુકાનેથી વધુ રાશન કાર્ડધારકો 'વન નેશન, વન રાશનકાર્ડ' હેઠળ લાભ મેળવતા હોય તે વ્યાજબી ભાવનો દુકાનદાર જાતે પોતાના લોગઇનમાંથી વધારાની પરમિટ જનરેટ કરી વધારાનો અનાજનો જથ્થો આપી શકે છે. હું મારા સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરું તો, સુરેન્દ્રનગર જિલ્લામાં ૨,૪૯,૨૪૯ કુટુંબો એન.એફ.એસ.એ. યોજના હેઠળ અનાજનો લાભ મેળવે છે. જેમાં કુલ સમાવિષ્ટ જનસંખ્યા ૧૦,૬૯,૧૬૧ લોકોને સીધો પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન

યોજનાનો લાભ મળે છે. જે દર માસે સરકારશ્રીના બેચમાર્ક મુજબ ૯૭ ટકા કરતા વધારે વિતરણ કરવામાં આવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩ જાન્યુઆરી અંતિત ૧,૧૩,૮૭૬ રેશનકાર્ડ ધારકોએ વન નેશન, વન રાશનકાર્ડ યોજના અંતર્ગત લાભ લીધેલ છે. આમ, દર માસે સરેરાશ સુરેન્દ્રનગર જિલ્લામાં જ ૮૭૯૧ રાશનકાર્ડ ધારકો વન નેશન, વન રાશનકાર્ડ યોજના થકી અનાજનો લાભ મેળવે છે. વન નેશન, વન રાશનકાર્ડ યોજના થકી (હિન્દી) **'આપ જહાં રાશન વહાં' ની** વ્યવસ્થા સ્થાપી વિશ્વમાં એક અલગ પ્રકારનો ઇતિહાસ રચ્યો છે ત્યારે ભારત દેશને ભૂખ મુક્ત કરવા માટેના સફળ પ્રયાસ બદલ હું વિશ્વના સર્વાધિક લોકપ્રિય નેતા અને દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. વિશ્વના ઘણા દેશોમાં ભૂખમરો છે, પરંતુ ભૂખમરો દૂર કરવાની આવી વ્યવસ્થા વિશ્વમાં કયાંય નથી. જે માત્રને માત્ર આજના ડિજિટલ ભારતના જમાનામાં કોઇપણ લાભાર્થી દેશના કોઇપણ ખુણામાં અંગૂઠાનો ઉપયોગ કરીને પેટનો ખાડો પૂરી શકે છે. આ માત્ર યોજના જ નથી, આ એક અલગ પ્રકારની આ દેશની ક્રાંતિ છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સમગ્ર દેશમાં એકસૂત્રતા સ્થાપી ભારતને એક મજબૂત રાષ્ટ્ર તરીકે પ્રસ્થાપિત કર્યું છે ત્યારે વન નેશન, વન રાશનકાર્ડ, વન રેંક, વન પેન્શન, વન નેશન, વન જી.એસ.ટી. અને હવે દેશમાં આગામી વર્ષોમાં વન નેશન, વન ઇલેક્શન માટેની કાર્યવાહી પણ શરૂ થઇ ચૂકી છે. ભારતીય જન સંઘના સ્થાપક ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનો એક દ્રઢ સંકલ્પ હતો કે **એક દેશ મે દો વિધાન, દો પ્રધાન, દો નિશાન નહીં ચલેંગે, નહીં ચલેંગે, નહીં ચલેંગે.** આ દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ, આ દેશના ગૃહમંત્રી આદરણીય શ્રી અમિતભાઇ શાહ સાહેબે જમ્મુ–કાશ્મીરમાં એક જ ધડાકે કલમ–૩૭૦ દૂર કરી, ભારત દેશમાં વન નેશન વન પ્રધાન, વન નેશન વન નિશાન અને વન નેશન વન સંવિધાન. માનનીય મોદી સાહેબ બધુ વન, વન અને વન જ કરી રહ્યા છે. ડૉ. શ્યામાપ્રસાદ મુખરજીનો સંકલ્પ માનનીય વડાપ્રધાનશ્રી અને માનનીય ગૃહમંત્રીશ્રીએ પૂરો કર્યો છે ત્યારે એમને હું હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું સૌરાષ્ટ્રમાંથી આવું છું. સૌરાષ્ટ્ર એ સંત, સત્ય અને શૂરાની ધરા છે. સૌરાષ્ટ્રમાં, સૌરાષ્ટ્રનો રોટલો અને ઓટલો બંને મોટો છે. મારા સુરેન્દ્રનગર જિલ્લાની વાત કરીએ તો અમારા સાયલાની લાલજી મહારાજની જગ્યા હોય, અમારું પાટડી તાલુકાનું પીપળી ધામ હોય, એ વીરપુર જલારામ બાપાની જગ્યા હોય, એ સતાધાર જીવરાજ બાપુની જગ્યા હોય, એ પરબધામની જગ્યા હોય, એ સાળંગપુરનું હનુમાનજી મહારાજનું મંદિર હોય, એ બગદાણાવાળા બજરંગદાસ બાપાનું મંદિર હોય, એ પાળિયાદના વીરાનાથની જગ્યા હોય કે જયાં કાયમ માટે હરે હરના સાદ પડતાં હોય, જયાં સતત ભૂખ્યાને ભોજન મળતું હોય, ભાવિ ભક્તોને ભોજન મળતું હોય એમ આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ ખૂબ દયાળુ સ્વભાવના છે અને દયાળુ સ્વભાવના કારણે આ દેશના કોઇપણ ખૂણે વસતો મારો મજૂર હોય, મારા ગરીબ ભાઇ–બહેન હોય જયાં મજૂરી કરતો હોય એને એ જ સ્થાન ઉપર પોતે પોતાના રાશનકાર્ડના માધ્યમથી રાશન કે અનાજમાં મફતમાં મેળવી શકે એ પ્રકારની સુવિધાઓ ઉપલબ્ધ માત્ર ભારત દેશમાં જ થઇ છે ત્યારે હું માનનીય વડાપ્રધાનશ્રીને હૃદયપૂર્વકના અભિનંદન પાઠવું છું. વન નેશન, વન રાશનકાર્ડ યોજનાનો ગુજરાત રાજ્યમાં સૂચારુરીતે અમલીકરણ કરી, છેવાડાના માનવીની ભૂખ દૂર કરવા બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી માનનીય કુવરજીભાઇ બાવળીયા સાહેબને હૃદયપૂર્વકના ખૂબ–ખૂબ અભિનંદન આપું છું. જય જય ગરવી ગુજરાત, જય જય ગરવી ગુજરાત.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ(લીંબાયત) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અભેસિંહ તડવીજી જે સંકલ્પ લઇને આવ્યા છે, એને હું મારું અનુમોદન આપીને મારા વિચારો વ્યકત કરવા ઊભી થઇ છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મોદી સાહેબની દીર્ઘદષ્ટિથી જેવી રીતે એમણે દેશને સાચવ્યા છે, એમનું જે ફ્યુચરનું વિઝન છે એના માટે વાત કરું તો હમારી કાર્યસંસ્કૃતિ બડા સોંચના, દૂર કા સોંચના, સર્વ જન હિતાય, સર્વ જન સુખાય, સોંચના યહ હમારી કાર્યશૈલી હૈ ઔર સોચ સે ભી જ્યાદા, સંકલ્પ સે ભી જ્યાદા હાંસિલ કેસે કરના, ઇસ ઊર્જા કે સાથે હમ કામ કરતે હૈ.

અમારી ભારતીય જનતા પાર્ટી કામ કરી રહી છે અને મોદી સાહેબનું વિઝન છે. એ વિઝનને સાકાર કરવા માટે તેમણે તેમના ૧૦ વર્ષના શાસનકાળમાં જે સૌથી વધારે સારું એવું કામ કર્યું હશે તો જે ગરીબી રેખા નીચે આવતા હતા તેવા ૨૫ કરોડ લોકો ગરીબી રેખાથી બહાર આવી ગયા છે. આ સૌથી મોટું કામ છે. જયારે એમણે આ વિઝનથી લઇને સતત દેશની સુખાકારી અને દેશની સુરક્ષા માટે સતત કાર્યરત છે. જયારથી મોદી સાહેબ વડાપ્રધાન બન્યા છે, ત્યારથી લઇને અત્યાર સુધી છેવાડાના નાગરિકની સતત ચિંતા કરતા આવ્યા છે. જેના કારણે મહદઅંશે વિવિધલક્ષી યોજનાઓ કાઢી છે. જેમાં ખાસ કરીને વાત કરું તો દેશના યુવાનોને રોજગારી મળી રહે તે માટે રોજગારલક્ષી યોજનાઓ કાઢી, જગતનો તાત એવા ખેડૂતો માટે ખેડૂત કલ્યાણ યોજના, મહિલા સશક્તિકરણ માટેની યોજના, બાળકોના શિક્ષણ માટેની યોજના છે. કિસાન સન્માન નિધિ યોજના અને લોકોના આરોગ્યની ચિંતા કરીને પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના પી.એમ.જય યોજના જેવી વિવિધલક્ષી યોજનાઓ લોકોની સુખાકારી માટે કાઢી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે વાત કરવી છે વન નેશન–વન રેશન પર. પરંતુ એ પહેલા મારે પી.એમ.જય, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજનાની પણ વાત કરવી છે. આજે નાનામાં નાનો ગરીબ માણસ હોય, એના ઘરમાં કોઇ બીમારી આવે. હાર્ટ

એટેક આવે કે કિડનીની કે કેન્સરની બીમારી હોય તો એના ઉપર જાણે કે આકાશ ઉતરી આવે એવી રીતે ચિંતામાં આવી જતા હોય છે. એવી પરિસ્થિતિમાં એને ખબર જ ન પડે કે હું શું કરું. તો એના માટે એને કોઇની પાસે હાથ નહીં ફેલાવવો પડે, પોતાનું ઘર ગીરવી નહીં રાખવું પડે, કોઇની પાસે ઉછીના પૈસા નહીં માગવા પડે એટલા માટે પી.એમ.જય એટલે કે પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના એટલે કે આયુષ્યમાન યોજના લઇને આવ્યા. આજે મને કહેતા આનંદ થાય છે કે આ યોજના પૂરેપૂરી દરેક લોકોને ટચ થાય છે. આ યોજનામાં ૧૧૪ જેટલી બીમારીમાં મેડિકલ સહાય પ્રાપ્ત થાય છે. એમાં પણ કેન્દ્ર સરકાર તરફથી ૫ લાખ રૂપિયા અને રાજય સરકાર તરફથી ૫ લાખ રૂપિયા મળીને ૧૦ લાખ રૂપિયાની મેડિકલ સહાય પ્રાપ્ત થાય છે. તો આવી બધી યોજનાઓ જે જુદા જુદા લોકોને ટચ થાય છે એવી યોજના મોદી સાહેબ ૧૦ વર્ષના શાસનમાં લઇ આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે વિધવા સહાય યોજનામાં પણ વધારો કરતા કરતા રૂ.૧૨૫૦ રૂપિયા આપણી ગંગા સ્વરૂપા બહેનોને મળે એની પણ ચિંતા આદરણીય વડાપ્રધાનશ્રીએ કરી છે. આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ રાજય સરકારમાં પણ જેવી રીતે કામ કરી રહ્યાં છે. એમણે દરેક યોજનામાં આ બજેટમાં પણ વધારો કર્યો છે, તો હું ખરેખર તેમને શુભેચ્છા પાઠવું છું કે ગરીબમાં ગરીબ લોકોની, છેવાડાના નાગરિકોની ચિંતા કરીને આ યોજના કાર્યરત છે. ત્યારે હું સાથે સાથે કહું છું કે દેશના અને રાજયના લોકોને જીવન જીવવા માટે જે કંઇ જરૂરી હોય તે છે રોટી, કપડા અને મકાનની જરૂર હોય છે. એટલા માટે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ કર્યું છે કે દેશના ગરીબ લોકોને બે સમયનું ભરપેટ જમવાનું મળે. એના માટે આ યોજના છે ''વન નેશન, વન રેશનકાર્ડ'' યોજના ખરેખર આશીર્વાદરૂપ બની છે. કોરોનાકાળ દરમિયાન જયારે લોકડાઉન લાદવામાં આવ્યું ત્યારે આખો દેશ સ્તબ્ધ થઇ ગયો હતો અને એ દરમિયાન જે લોકો જયાં ગયા હતા કોઇ કામ અર્થે ગયેલું હોય, કોઇ કોઇના ઘરે ગયું હોય, કોઇ ગામડે ગયેલા હોય કે બીજાં શહેર ગયા હોય તો આવા લોકો ત્યાંના ત્યાં જ રહી ગયા હતા. જે શ્રમિકો હતા એમની હાલત વધારે કફોડી થઇ હતી, દયનીય હાલત શ્રમિકોની થઇ હતી. એમને જમવાનું મળતું નહોતું અને એના માટે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ચિંતા કરી અને એની ચિંતામાં આ વન નેશન વન રાશનકાર્ડ યોજના એમણે તે વખતે કાઢી અને વ્યકિતદીઠ પાંચ કિલો અનાજ એટલે કે ઘઉં, ચોખા, દાળ, કઠોળ, તેલ એવી બધી વસ્તુઓ એમને વ્યકિતદીઠ મળે એની ચિંતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કરી. જયારે અનાજ આવતું થયું ત્યારે મોદી સાહેબને નાનામાં નાના મજૂરોએ અને નાનામાં નાના શ્રમિકોએ લાખ લાખ અભિનંદન આપ્યા, આશીર્વાદ આપ્યા, શુભેચ્છા આપી એટલા માટે આ જે યોજના છે એ ખૂબ જ આશીર્વાદરૂપ બની છે. કોરોનાકાળ દરમિયાન આપણે સૌ જાણીએ છીએ કે કેવી પરિસ્થિત હતી? એ મહાભયંકર પરિસ્થિતિમાંથી આપણે બહાર નીકળ્યા છીએ એ પણ આદરણીય વડાપ્રધાનશ્રી મોદીસાહેબને લીધે બહાર નીકળ્યા છીએ. જેવી રીતે એમણે દરેક નાગરિકની ચિંતા કરી છે, લોકોની ચિંતા કરી છે. આજે તમે જુઓ કે એમણે વેક્સિન કાઢી, સ્વદેશી વેક્સિન કાઢી, સ્વદેશી વેક્સિન દરેક જણાને તબક્કાવાર મળે એની પણ ચિંતા ત્યારે મોદી સાહેબે કરી હતી એટલા માટે તમે અને અમે અહીંયા જીવિત હાલતમાં છીએ. ખરેખર હું આનંદથી કહીશ કે આ કોરોનાકાળ દરમિયાન ડોકટરોએ, પોલીસે જે કામગીરી ભજવી એ ખૂબ જ સરાહનીય હતી અને એટલા માટે એ ટાઇમે મોદી સાહેબે દેશને સુરક્ષિત રાખવા અને સલામત રાખવા માટે જે જે નિર્ણય લીધા એ ખૂબ જ સરાહનીય હતા. આ શ્રમિક વ્યકિત જયારે એક ગામડાથી બીજે ગામડે જાય ત્યારે એને રાશનકાર્ડ હોય તો એવા રાશનકાર્ડ ધરાવતા લોકોને આ યોજનાનો લાભ મળતો હોય છે અને એમાં પણ એને કોઇ પૂછવા આવતું નથી કે તમારી પાસે આ યોજનાનો લાભ લીધેલ હોય તો એને આ અનાજ પ્રાપ્ત થતું હતું અને એટલા માટે હું કહું છું કે આ સંકલ્પ લઇને શ્રી અભેસિંહ તડવીજી આવ્યા છે એને મારું અનુમોદન આપું છું. વિરમું છું. નમસ્કાર, જય જય ગરવી ગુજરાત.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અભેસિંહભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કબીરે કહ્યું છે કે ''કબીર કહે કમાલ કો દો બાતા શીખ લો, કર સાહેબ કી બંદગી, ઔર ભૂખે કો અન્ન દે. '' આ દેશની આ સંસ્કૃતિ રહી છે કે આપણે ભૂખ્યાને અન્ન દેવું એ પણ ભગવાનનું કામ માનીએ છીએ અને એટલા માટે આપણે આ રાશનકાર્ડની યોજના હોય કે માનનીય જગદીશભાઇએ વાત કરી એમ અન્નક્ષેત્રો ચાલતા હોય એ કોઇ અપેક્ષા વગર આ કામ થતું હોય છે. વચ્ચે કહી દઉં માનનીય અધ્યક્ષશ્રી, કે આજે પોરબંદર અને નડિયાદ બે નગરપાલિકાને મહાનગરપાલિકાનો દરજ્જો આપ્યો, આ વિધાનસભામાંજ મેં માગણી કરી હતી એટલે માનનીય મુખ્યમંત્રીશ્રીનો અને માનનીય કનુભાઇનો હું આભાર માનું છું અને અભિનંદન આપું છું, પણ મારો પોપટ તો રામ બોલ્યો..

ઉપાધ્યક્ષશ્રી : શ્રી અર્જુનભાઇ, પણ તમે કહ્યું અને સરકારે સાંભળી લીધું અને તરત જ અમલ થયો, તો તમારે કેટલો બધો આનંદ મનાવવો જોઇએ..

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : એટલે તો આભાર માન્યો. એટલે મેં કહ્યું કે મારો પોપટ રામ બોલ્યો. હવે તમારો પોપટ રામ શું કરવા નથી બોલતો? આ જે કાયદો છે એ નેશનલ ફુડ સિકયુરિટી એકટ એ સન ૨૦૧૩માં ડો. મનમોહનસિંહની સરકાર લઇ આવી અને એને કારણે આ દેશની અંદર ગામડાની ૭૫ ટકા વસ્તી અને શહેરની ૫૦ ટકા વસ્તીને ગેરંટી આપી હતી. દેશની પાર્લામેન્ટે કે તમને વ્યકિતદીઠ પાંચ કિલો અનાજ. ચોખા હોય તો ૩ રૂપિયે કિલો અને ઘઉં હોય તો બે રૂપિયે કીલો. એટલે આખા કુટુંબને અનાજ ૨૦ રૂપિયામાં આખા મહિનાનું અને ૨૫૦ રૂપિયામાં આખા વર્ષનું અનાજ આખા કુટુંબને

મળી રહે એવી વ્યવસ્થા ડો. મનમોહનસિંહજીની સરકારે કરીને ગેરંટી આપી હતી. ભલે મોદી સાહેબને તમે ક્રેડિટ આપો એમાં કોઇ વાંધો નથી. આપવી જોઇએ કેમ કે એમણે ર રૂપિયા માફ કરી દીધા. પણ જે આ કાયદો લઇ આવ્યા અને દેશની ૯૦ ટકા જનતાને અનાજ આપવાની ગેરંટી વડાપ્રધાનશ્રીએ આપી એના માટે બે શબ્દો કહેવા જોઇએ. એટલે તમારા પોપટને ક્યારેક રામ કહેવડાવો. (અંતરાય) એ તો મૌખિક ગેરંટી છે. એવી મૌખિક ગેરંટી ૧૫ લાખ રૂપિયાની આપી હતી. આ તો કાનૂનથી આપી. કોઇપણ સરકાર આવે એને આપવું પડે. (અંતરાય) મૌખિક ગેરંટી કોઇની નથી ચાલતી. ખેડૂતોને કહ્યું હતું કે અમે તમારી આવક બમણી કરીશું. ૧૫ લાખ રૂપિયા તમારા ખાતામાં નાખીશું અને વિદેશથી કાળું નાણું લઇ આવીશું.

ઉપાધ્યક્ષશ્રી : તમે સંકલ્પ ઉપર બોલો. સંકલ્પ ઉપર બોલશો નહીં તો બધા શબ્દો રદ કરવામાં આવશે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હાઉસને ઓર્ડરમાં રાખો તો મને કોઇ વાંધો નથી. હજી પણ કવરેજમાં ઓછા ૬૦ ટકા ગેરંટી આપી છે કે દેશના ૬૦ ટકા પોપ્યુલેશનને ગેરંટી આપી છે કે તમને અનાજ આપીશું. આપણા રાજ્યમાં ૬૦ ટકા લોકોને અનાજ નથી મળતું. કવરેજ વધારો અને જે પરિવારો બહાર ગયા છે એને ઉમેરો કરાવો. વર્ષ ૨૦૧૧ કે ૨૦૧૩ની યાદીનો જે સરવે છે એનો રી–સરવે કરી અને કેટલાક પરિવારોને બહાર કાઢવાના છે અને કેટલાક લોકોને લઇ આવવાના છે એ લઇ આવે. રાષ્ટ્રીય કક્ષાએ આ કાર્ડ આપણા શ્રમિકો કે નાગરિકો બીજાં રાજ્યમાં ગયા હોય ત્યાં ચાલે એ આવકાર્ય છે. ટેકનોલોજી આવી છે એટલે કરી શકાય. જેમ શ્રમિકોની વાત થઇ કે ગોધરાના શ્રમિકો કે પંચમહાલના શ્રમિકો સૌરાષ્ટ્રમાં મજૂરી અર્થે આવે તો એનું કાર્ડ સૌરાષ્ટ્રમાં પણ ચાલે અને એનાં બાળકોને ત્યાંનું સ્કૂલનું કાર્ડ આપ્યું હોય એ અહીં સ્કૂલમાં લઇ શકે તો ત્યાંના વિદ્યાર્થીઓ છે એને આપોઆપ ભણવા મળી જાય એવી વ્યવસ્થા ગોઠવાય એવી વિનંતી કરું છું. આ સંકલ્પ લઇ આવ્યા છે એને હું મારું સમર્થન આપું છું.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના.) : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો શ્રી અભેસિંહભાઇ તડવીનો જે બિન સરકારી સંકલ્પ 'વન નેશન, વન રેશનકાર્ડ' લઇને આવ્યા છે હું એને અભિનંદન આપું છું. આ મારા વિભાગનું તો ખરું પણ અહીંથી બાકીના આપણા સન્માનનીય સભ્યો સર્વશ્રી જગદીશભાઇ, શ્રીમતી સંગીતાબેન કે જેમને સમર્થન કર્યું છે અને સાથોસાથ માનનીયશ્રી અર્જુનભાઇએ સમર્થન કર્યું છે. એક સરસ મજાનો 'વન નેશન, વન રેશનકાર્ડ' નો આ બિન સરકારી સંકલ્પ લઇ આવ્યા અને એમાં સમર્થન આપ્યું છે એ સૌને હું અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતીમાં કહેવત છે કે આપણે આપી ન શકીએ તો કંઇ નહીં પણ આંગળી ચીંધ્યાનું પૂણ્ય મળતું હોય છે. આ 'વન નેશન, વન રેશનકાર્ડ' અને આ બિન સરકારી સંકલ્પ વિશે જણાવું તો આપણી આ યોજના છેલ્લા કેટલાક સમયથી અમલવારી થયા પછી વિકસિત ભારત સંકલ્પ યાત્રાના ગામડાના પ્રવાસ દરમિયાન મોટા ભાગના સભ્યો પોતાના વિસ્તારમાં જતા હોય એ વખતે આ બાબતની વાત કરતાં જ હશે અને કરી હશે. પણ આજે મને લાગે છે કે આ લાવવા માટેનો મુખ્ય ઉદ્દેશ ભાઇશ્રી અભેસિંહભાઇનો એ છે કે હજુ પણ જે લોકો આનાથી અજાણ હોય, જાણકારી ન હોય એવા પરિવારો હોય. એ રાજ્યમાં હોય અથવા બહારથી આવતા હોય અથવા આપણા રાજ્યમાંથી બહાર જતા હોય તો આ યોજનાથી વંચિત રહ્યા હોય તો એમને લાભ મળી શકે એવા ઉદ્દેશથી શ્રી અભેસિંહભાઇ આ સંકલ્પ લઇ આવ્યા છે અને બધા મિત્રોનું સમર્થન પણ રહ્યું છે. એટલે ખાસ કરીને મારે આપ સૌને ટૂંકમાં એ વાત કરવી છે કે જ્યારે આ યોજનાની અમલવારી થઇ ત્યારપછી મુખ્ય ઉદ્દેશ એ હતો કે જયાં રહે ત્યાં જ એને અનાજ મળી રહે. એને બીજે લેવા ન જવું પડે એ ઉદ્દેશ સાથે પણ બીજાં રાજ્યમાં ગયા હોય, બીજા તાલુકામાં ગયા હોય, રાજ્ય બહાર ગયા હોય તો ત્યાં પણ એની પાસે એન.એફ.એસ.એ.નું કાર્ડ હોય તો ત્યાં જ એને અનાજ મળી શકે. બહાર પરપ્રાંતમાંથી કોઇ આવ્યા હોય, આપણા રાજ્યમાં કોઇ નાના મોટા કામે કે મજૂરીએ આવ્યા હોય તો એમને પણ જે આધાર આધારિત થમ્સ અંગૂઠો કે આંગળી આપવાનું હોય તો ત્યાંથી એને પણ અનાજ મળી રહે. સાથેસાથે મેં આ વખતે માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ અને અમારા નાણામંત્રીશ્રીને પણ વિનંતી કરી અને એમણે પણ આ વખતે એક વિશેષ જોગવાઇ પણ કરી છે. જેમ એ.ટી.એમ.માંથી પૈસા આપણે લઇ શકીએ એ રીતે આ વખતે એ.ટી.એમ.થી અનાજ લઇ શકાય એવી પણ જોગવાઇ અમારા વિભાગમાંથી કરીએ છીએ એટલે કોઇપણ માણસને મુશ્કેલી ન પડે. જે યોજના છે એનો લાભ મળે. પરિવારમાંથી કોઇ સભ્ય બહાર જાય તો પણ એને ભૂખ્યા સૂવું ન પડે આવા ઉદ્દેશ સાથે, હેતુ સાથે સરસ–મઝાની આ યોજના છે. એમાં પણ હમણાં વાત થઇ કે એન.એફ.એસ.એ. કાર્ડધારકો હોય એને એ કાર્ડ ઉપર જ મળે એને નવું કાર્ડ ત્યાં જઇને કઢાવવાની જરૂર પણ ન પડે. એ કાર્ડ ઉપર જ મળે. આ રીતની સરસ–મઝાની આ યોજના છે, ત્યારે આજનો આ સંકલ્પ માટે હું ભાઇશ્રી અભેસિંહભાઇને અભિનંદન આપું છું. સાથેસાથે આપણા દેશના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ જેમના માર્ગદર્શન હેઠળ સમગ્ર દેશમાં છેવાડાના માનવી સુધી આ યોજનાનો લાભ મળી શકે એવી ચિંતા કરીને એક સરસ–મઝાની આ યોજનાના ભાગરૂપે આપણી વચ્ચે મૂકી છે ત્યારે ખાસ કરીને જે ત્રણેય સભ્યોએ સમર્થન આપ્યું છે એમને પણ હું શુભેચ્છા પાઠવું છું. આ યોજનામાં સમગ્ર દેશમાં કોઇપણ નાગરિકને રેશનિંગ માટે કોઇ અન્ય જગ્યાએ જવું ન પડે અને રાજ્યમાં જયાં રહેતા હોય ત્યાં જ સ્થાનિક સરળતાથી રાશન મળી શકે તેવી સુંદર વ્યવસ્થા ગોઠવી છે ત્યારે ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રીએ મેં આપને કહ્યું તેમ એ.ટી.એમ.ની પણ અમારા વિભાગ માટે જોગવાઇ કરવાની મંજૂરી પણ આપી છે. એવા રાજ્યના મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇના નેતૃત્વમાં રાજ્યમાં જરૂરિયાતમંદ લોકોને અન્ન સુરક્ષા પૂરી પાડવાના ઉદ્દેશથી રાજ્ય સરકાર દ્વારા પણ દર મહિને રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદા એટલે કે

એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ અંત્યોદય કાર્ડધારક હોય કે અગ્રતા ધરાવતા કાર્ડધારકના જે પરિવારો છે એ પરિવારો લગભગ ૭૨ લાખ જેટલા કે એથી વધારે એટલે કુલ સાડા ત્રણ કરોડ જેટલી જનસંખ્યાને આ યોજનાનો લાભ મળી શકે છે. સાથેસાથે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના જેના માટે મારે એટલા માટે કહેવું જોઇએ કે આ યોજનામાં ફ્રીમાં વિનામૂલ્યે જે અનાજની જોગવાઇ ડિસેમ્બર સુધી હતી એને વધારીને દેશના પ્રધાનમંત્રીએ આગામી પાંચ વર્ષ સુધી જાહેરાત કરી છે. આવા પરિવારોને એ કાર્ડદીઠ હવે ૩૫ કિલોગ્રામ અનાજ વિનામૂલ્યે આગામી ૫ વર્ષ સુધી મળવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, જાન્યુઆરી ૨૦૨૪થી આ વિતરણની વ્યવસ્થા છે એને લંબાવીને પાંચ વર્ષ સુધી લઇ ગયા છીએ. રાષ્ટ્રિય અન્ન સલામતી કાયદો ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ સમગ્ર દેશના ૮૦ કરોડથી પણ વધુ આવા લાભાર્થીઓને અન્ન સુરક્ષા સરળતાથી પૂરી પાડવા માટે તેમજ આ દેશના પ્રધાનમંત્રી આદરણીય શ્રી નરેન્દ્રભાઇ જે ડિજિટલ ઇન્ડિયાના સંકલ્પને પૂરો કરવા માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં વન નેશન, વન રેશન કાર્ડ યોજનાની અમલવારી કરવા માટેનો નિશ્ચય કર્યો અને અમલવારી કરી. આ યોજના અંતર્ગત એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ સમગ્ર દેશના ૮૦ કરોડ પૈકીના કોઇપણ લાભાર્થી સમગ્ર દેશમાં કોઇપણ સ્થળે આવેલ હોય એવી કોઇપણ વ્યાજબી ભાવની દુકાનેથી પોતાના અંગૂઠા કે આંગળીની છાપ દ્વારા કે આધાર ઉપર રજિસ્ટર્ડ થયેલા મોબાઇલ ઉપર ઓ.ટી.પી. દ્વારા પોતાની આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરી એના માધ્યમથી પોતે મળવાપાત્ર અનાજનો જથ્થો વિનામૂલ્યે એ જગ્યાએથી મેળવી શકશે. આના માટે ઓગસ્ટ–૨૦૧૯માં વન નેશન, વન રેશન કાર્ડની યોજનાની અમલવારી થઇ અને ત્યારથી શરૂઆતમાં એ સફળ થશે કે કેમ એ શંકા હતી પણ જયારે દેશના પ્રધાનમંત્રીશ્રીએ નક્કી કર્યું કે આપણે નિશ્ચય સાથે આની અમલવારી કરાવવી છે ત્યારે ભારત સરકાર દ્વારા આ યોજનાની પ્રારંભિક તબકકાની અમલવારી ઓગસ્ટ–૨૦૧૯માં શરૂ કરીને સમગ્ર દેશમાં પ્રથમ ૪ રાજયોમાં આની અમલવારી કરવામાં આવી. સમગ્ર દેશમાં પ્રથમ ચાર રાજયોમાં આ યોજનાની અમલવારી શરૂ કરવામાં આવી. જેમાં ગુજરાત અને મહારાષ્ટ્ર બંને રાજ્યો વચ્ચે પોર્ટેબિલિટી ઊભી કરીને વિતરણ વ્યવસ્થા કરવામાં આવી. વર્ષ ૨૦૨૦માં કોરોના મહામારીના લીધે સમગ્ર દેશમાં લાગુ પડેલ લોકડાઉનના કારણે શ્રમિકો, પરપ્રાંતિય મજૂરોને મુશ્કેલી ન પડે તે માટે ભારત સરકાર દ્વારા સમગ્ર દેશમાં વન નેશન વન રેશનકાર્ડ યોજના લાગુ પાડવામાં આવી. જે તે સમયે દિલ્હી, પશ્ચિમ બંગાળ, છત્તીસગઢ જેટલાં ત્રણ રાજ્યો આ યોજનામાં જોડાયાં ન હતાં. આવતા દિવસોમાં જેમ જેમ અમલવારી થઇ તેમ તબક્કાવાર બાકીનાં રાજ્યો આ યોજનામાં જોડાયા. આજે બધાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં આ યોજનાની અમલવારી શરૂ થઇ ચૂકી છે. વન નેશન વન રેશનકાર્ડ યોજના હેઠળ સમગ્ર દેશ લેવલે અને રાજ્ય લેવલે બે પ્રકારની પોર્ટેબિલિટી છે. રાજ્યો–રાજ્યો વચ્ચેની એટલે કે બીજાં રાજયનો કોઇ પરપ્રાંતિય મજૂર અહીં આવેલો હોય તો અહીંથી અનાજ લઇ શકે છે. અહીંથી આપણા રાજ્યનો કોઇ મજૂર બીજાં રાજ્યમાં ગયો હોય તો તે ત્યાંથી અનાજ લઇ શકે છે. રાજ્યો–રાજ્યો વચ્ચેની પોર્ટેબિલિટી એટલે સમગ્ર દેશના કોઇપણ રાજ્યના લાભાર્થી ગુજરાત રાજયમાં રાશન લીધેલ હોય તેની વિગતો તથા ગુજરાત રાજ્યના લાભાર્થીઓએ દેશના અન્ય કોઇ રાજ્યમાં લાભ લીધેલ હોય તેની વિગતોનો આ યોજનામાં સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં આંતરિક પોર્ટેબિલિટી એટલે કે રાજ્યમાં એક જિલ્લામાંથી, તાલુકામાંથી કે ગામમાંથી બીજા જિલ્લા, તાલુકા કે ગામમાં ગયા હોય તે લોકો પણ ગુજરાત રાજ્યમાં કોઇ જિલ્લા, તાલુકા, શહેર કે ગામમાં અન્ય કોઇપણ વ્યાજબી ભાવની દુકાન ઉપર જઇને પોતાનો અનાજનો જથ્થો વિનામૂલ્યે આધારથી મેળવી શકે છે. વન નેશન વન રેશનકાર્ડ યોજના હેઠળ દેશના અને રાજ્યના કોઇપણ લાભાર્થી કોઇપણ રાજ્યના કોઇપણ જિલ્લા, તાલુકા, ગામમાંથી વ્યાજબી ભાવની દુકાનેથી આ જથ્થો મેળવી શકે છે. તેના માટે તેણે આધાર આધારિત ઓળખ પ્રસ્થાપિત કરીને એટલે કે અંગૂઠો આપીને અનાજનો જથ્થો મેળવી શકે છે. કોઇ શ્રમિક સ્થળાંતર કરીને બીજી જગ્યાએ નાના મોટા ધંધા રોજગાર કે વ્યવસાય માટે જતા હોય તો તેવા લોકો આ યોજના થકી રેશનકાર્ડનો ઉપયોગ કરીને અનાજનો જથ્થો મેળવી શકે છે. સ્થળાંતર થતા લાભાર્થીએ વન નેશન વન રેશનકાર્ડ યોજનામાં નવું કોઇ રેશનકાર્ડ કઢાવવાનું નથી પણ હયાત રેશનકાર્ડનો ઉપયોગ કરીને તેના માધ્યમથી આ અનાજ મેળવી શકે છે. પોતાનું સરનામું બદલાયા વગર દર માસે કોઇપણ વ્યાજબી ભાવની દુકાનથી પોતાના અંગૂઠા કે આંગળીના બાયોમેટ્રિક ટ્રાન્ઝેકશનથી આ જથ્થો મેળવવા માટે હક્કદાર છે. જેથી પરપ્રાંતિય શ્રમિકો વતનથી દૂર મજૂરી કરવા જતા કાર્ડધારકો સરળતાથી જે જગ્યાએ ગયા હોય ત્યાંથી અનાજ મેળવી શકે છે. લાભાર્થીઓનો અંગૂઠો જ તેનું રેશનકાર્ડ બની ગયો છે. અંગૂઠો આપે એટલે તે કોઇપણ જગ્યાએથી અનાજ મેળવી શકે છે. લાભાર્થી વતનથી દૂર હોવા છતાં તેઓના રેશનકાર્ડ પર મળવાપાત્ર અનાજનો જથ્થો સરળતાથી મેળવી શકે છે. વધુમાં કોઇ લાભાર્થીના કુટુંબના અમુક સભ્યો બીજે રહેતા હોય, એક રેશનકાર્ડ હોય તેના સભ્યો બીજે રહેતા હોય અને અમુક સભ્યો પોતાના ગામમાં રહેતા હોય તો તેનો આંશિક જથ્થો પણ મેળવીને આ યોજનાનો લાભ લઇ શકે છે. મેં આપને કહ્યું તેમ પરિવારમાંથી કોઇ ધંધા રોજગાર માટે બહાર ગયા હોય તો તે લોકો ત્યાં જઇને આંશિક લાભ આ યોજના થકી મેળવી શકે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વન નેશન વન રેશનકાર્ડ યોજનાનો લાભ લેવા અંગેની વિગતવાર માહિતી છેવાડાના લોકો સુધી પહોંચે તે માટે માનનીય અભેસિંહભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તે આપણા બધાની જાણકારી માટે છે. આપણે સૌ જાણીએ છીએ. વિશેષ માહિતી મળે તો આપણા વિસ્તારની અંદર જઇને લાભાર્થી હોય કે કોઇ વંચિત હોય તેના સુધી પહોંચાડવા માટેનો આ પ્રયત્ન અને પ્રયાસ છે. વન રેશનકાર્ડ યોજનાનો લાભ લેવા અંગેની વિગતવાર માહિતી છેવાડાના લોકો

સુધી સરળતાથી પહોંચે તે માટે ભારત સરકાર દ્વારા મેરા રાશન મોબાઇલ એપ્લિકેશન જુદી જુદી પ્રાદેશિક ભાષાઓમાં તૈયાર કરવામાં આવી છે. જેના દ્વારા લાભાર્થી પોતાનું રજિસ્ટ્રેશન પણ કરી શકે છે. તદુપરાંત પોતાની નજીકની વ્યાજબી ભાવની દુકાન અંગેની વિગતો, પોતાને મળવાપાત્ર જથ્થાની વિગતો, રેશન કાર્ડ સંબંધિત વ્યવહારોની વિગતો, છેલ્લા ૬ માસની માહિતી આના માધ્યમથી મેળવી શકે છે. રાજય સરકાર દ્વારા મેરા રાશન મોબાઇલ એપ્લિકેશન અમલી બનાવેલ છે, જેમાં ભારત સરકાર ઉપરાંત રાજય સરકારની યોજનાનો પણ સમાવેશ થાય છે. ઘઉં, ચોખા ઉપરાંત ચણા, ચણાદાળ, તેલ વગેરેનો આમાં સમાવેશ થાય છે. મળવાપાત્ર જથ્થો, મેળવેલ જથ્થાની વિગત, વિતરણનું પ્રમાણ, કિંમત, છેલ્લા ૬ માસની રસીદ, નજીકની વ્યાજબી ભાવની દુકાનનું નામ-સરનામું અને રેશન કાર્ડને લગતી, ફરિયદને લગતી વિગત અને ફરિયાદનું નિવારણ, ટૂંકમાં ફરિયાદ નિવારણની હેલ્પ લાઇન જેવી સુવિધાઓનો આ મોબાઇલ એપ્લિકેશનમાં સમાવેશ થાય છે અને એના માધ્યમથી આ યોજનાનો લાભ લઇ શકે છે. રાજયો રાજયો વચ્ચેની અને રાજયોની આંતરીક પૉર્ટેબિલિટી વ્યવહારોને પ્રોત્સાહન આપવા તેમજ પૉર્ટેબિલિટીનો ઉપયોગ વધારવા અને વધુને વધુ લોકો સુધી આ જાણકારી પહોંચે તે માટે વર્તમાન પત્રો, સમાચારોના માધ્યમથી પ્રચાર અને પ્રસાર રાજય સરકાર દ્વારા થઇ રહ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજય સરકાર દ્વારા જી.આઇ.ડી.સી. તથા અન્ય ઔદ્યોગિક વસાહતો, બંદરો, રેલવે સ્ટેશન અને ખાસ કરીને જ્યાં પરપ્રાંતિય લોકો રહેતા હોય તેવા સ્થળોએ કેમ્પ કરીને આવા લાભાર્થીઓને લાભ આપવા માટેનો પ્રયત્ન થઇ રહ્યો છે. આ યોજનાનો મહતમ લાભ જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે તે માટે આપણે સૌ માધ્યમ બનીએ એવી મારી આપ સૌને વિનંતી છે. રાજયના ગ્રામ્ય વિસ્તારના નાગરીકો સુધી આ માહિતી પહોંચે અને વધુને વધુ લોકો આ યોજનાનો લાભ લઇ શકે તે માટે રાજય સરકાર દ્વારા વિકસિત ભારત સંકલ્પ યાત્રા દ્વારા આપણે ગામડે ગામડે જઇને આ વાત મૂકી છે, પણ તેમ છતાં ક્યાંય આવા પાત્રતા ધરાવતા લાભાર્થીઓ રહી જતા હોય એને આનો લાભ મળી શકે તેવા ઉદ્દેશ સાથે આ યોજનાનો અમલ કરવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગત વર્ષ જાન્યુઆરી ૨૦૨૩થી ડિસેમ્બર ૨૦૨૩ સુધી રાજયમાં નેશનલ પૉર્ટેબિલિટી એટલે કે એક રાજયથી બીજાં રાજય સુધી કુલ ૧,૧૬,૪૮૮ જેટલા ટ્રાન્ઝેકશન નોંધાયેલા છે. આમ આટલા કુટુંબોને આ રેશનકાર્ડના માધ્યમથી લાભ મળી શકયો છે. વન નેશન વન રેશન કાર્ડની આ સમગ્ર યોજના સૌને માટે આશીર્વાદરૂપ બની રહી છે ત્યારે આપણે સૌ પણ એના સહભાગી બનીએ અને આપણા માધ્યમથી છેવાડાના જરૂરિયાતમંદ લોકો સુધી આ વાત પહોંચે અને વિશેષ લાભ લેવાય એવી મારી આપ સૌને વિનંતી છે. ખાસ કરીને આજે અમારા ત્રણેય માનનીય સભ્યશ્રીઓએ આ સંકલ્પને સમર્થન આપ્યું છે ત્યારે મારી પણ આપ સૌને વિનંતી છે કે આ સંકલ્પના માધ્યમથી આપણા સૌ દ્વારા આ યોજના જરૂરિયાતમંદ લોકો સુધી પહોંચે એવા પ્રયત્નો કરશો, આપ સૌનો આભાર.

શ્રી અભેસિંહ મો. તડવી : માનનીય અધ્યક્ષશ્રી, મારા સંકલ્પમાં નાયબ મુખ્ય દંડકશ્રી જગદીશભાઇ મકવાણા, શ્રીમતી સંગીતાબેન, શ્રી અર્જુનભાઇ અને અમારા વિભાગના મંત્રીશ્રી કુંવરજીભાઇ બાવળિયા સાહેબે ખૂબ વિસ્તૃત રીતે માહિતી આપી કે, આ રાજયમાં જે ગરીબ વર્ગ છે એને પ્રધાન મંત્રીશ્રીનો જે સંકલ્પ છે "વન નેશન વન રાશન" યોજનાનો બધા જ લોકોને લાભ મળે એ રીતે વ્યવસ્થાની એમણે જે વાત કરી છે એનાથી મને સંતોષ છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**વિકસિત ભારત સંકલ્પ યાત્રાના સફળ આયોજન અંગે**

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

''કોઇપણ કાર્યની સફળતા તેની પાછળ રહેલા સંકલ્પને આભારી છે. દઢ સંકલ્પથી જ સફળતા અને સમૃદ્ધિના દ્વાર ખૂલે છે. ભારતવાસીઓ માટે આવું એક કદમ એટલે "વિકસિત ભારત સંકલ્પ યાત્રા". આપણા દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઝારખંડ રાજયમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે ગુલામીની માનસિકતામાંથી બહાર આવીને વર્ષ-૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા.

રાજયના છેવાડાના માનવી કે જે રાજય અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવાની પાત્રતા ધરાવે છે, તેમને આવી યોજનાઓનો લાભ પહોંચાડવા તથા જનજાગૃતિ લાવવા સમગ્ર ભારતમાં "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" શરૂ કરવામાં આવી હતી. ગુજરાતમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યાત્રાનો પ્રારંભ અંબાજીથી કરાવ્યો હતો.

જનસેવા અને લોકકલ્યાણના ઉદ્દેશથી યોજવામાં આવેલ આ સંકલ્પ યાત્રા દરમિયાન લોકોને વિવિધ યોજનાઓની માહિતી પૂરી પાડવામાં આવી હતી અને મળવાપાત્ર લાભ પ્રાપ્ત કરાવવામાં આવ્યા હતા.

વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન આયુષ્યમાન ભારત યોજના, પ્રધાનમંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, દીનદયાલ અંત્યોદય યોજના, પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, જલજીવન મિશન, સ્વામિત્વ યોજના, જનધન યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, પ્રાકૃતિક કૃષિ અને રાસાયણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા

સહિતની ૧૭ યોજનાઓને આવરી લેવામાં આવેલ હતી. સરકારની ઉક્ત યોજનાઓને પાત્ર હોય તેવા એક પણ લાભાર્થી છૂટી ના જાય તે માટે રાજય સરકાર દ્વારા સઘન પ્રયત્નો કરવામાં આવ્યા હતા.

"વિકસિત ભારત સંકલ્પ યાત્રા" લોકોના સપનાઓને સાકાર કરવા માટે સરકારનો અડગ નિર્ધાર સાથેનો સંકલ્પ છે. સમગ્ર દેશ તથા ગુજરાતમાં તા.૧૫મી નવેમ્બર, ૨૦૨૩થી તા.૨૬મી જાન્યુઆરી, ૨૦૨૪ સુધી આ સંકલ્પ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આશરે ૧૪,૫૦૦થી વધુ ગ્રામ પંચાયત સુધી વિકસિત ભારત સંકલ્પ યાત્રા પહોંચી હતી. આવી યાત્રા દરમિયાન ૬૦ લાખથી વધારે વ્યક્તિઓએ ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લીધા હતા. યાત્રા દરમિયાન ૩ લાખથી વધુ વ્યક્તિઓની આરોગ્ય ચકાસણી કરવામાં આવી હતી.

આ સંકલ્પ યાત્રાને સફળ બનાવવા આખા રાજયના વહીવટી તંત્રએ પણ અથાગ પ્રયત્નો કર્યા હતા. ગ્રામ્ય કક્ષાએ પણ અધિકારીઓ અને પદાધિકારીશ્રીઓ દ્વારા એકબીજાના સંકલનમાં રહીને યાત્રાની કામગીરી સુચારુ રીતે પાર પાડવામાં આવી હતી.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી દ્વારા શરૂ કરાવવામાં આવેલ "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"ને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ ગુજરાતમાં વ્યાપક રીતે શરૂ કરવામાં આવી હતી અને તેને અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" ના અજોડ આયોજન બદલ આ સભાગૃહ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.''

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા બિન સરકારી સંકલ્પને ગૃહમાં રજૂ કરવાની જયારે મને તક મળી છે ત્યારે સન્માનીય ગૃહમાં મારે મારા કેટલાક વિચારો રજૂ કરવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતવાસીઓ માટે આવુ એક કદમ એટલે વિકસિત ભારત સંકલ્પ યાત્રા. દેશના યશસ્વી વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદીજીએ ઝારખંડ રાજયમાંથી વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. તેમણે આ પ્રસંગે ગુલામીની માનસિકતામાંથી બહાર આવીને વર્ષ–૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવાના સંકલ્પ લેવડાવ્યા હતા. ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ યાત્રાનો પ્રારંભ અંબાજીથી કરાવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા શરૂ કરવામાં આવેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રાને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વ્યાપક રીતે શરૂ કરવામાં આવી હતી અને તેને અભૂતપૂર્વ સહકાર મળ્યો હતો. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના અજોડ આયોજન બદલ આ સભાગૃહ રાજય સરકારને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. વિકસિત ભારતનું સ્વપ્નું જોવાનું સાહસ આપણો દેશ કરી શકે છે એ વાતની પ્રતીતિ આપણને અત્યારે થઇ રહી છે અને આ સ્વપ્નું પણ સાકાર થશે એવો મને વિશ્વાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મજબૂત વાતાવરણ પણ સમગ્ર ભારતમાં રચાયેલું છે જેનુ એક માત્ર કારણ છે આપણુ ગૌરવ અને વિશ્વના સૌથી લોકપ્રિય નેતા આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ. થોડાં વર્ષો પહેલાં એક સમય એવો આવી ગયો હતો કે આપણા વિદેશી મુદ્રા ભંડારનું તળિયું દેખાઇ ગયુ હતું. આપણે આર્થિક અરાજકતાથી કંગાળ પર આવી ગયા હતા. દેશની અનિર્ણાયક અને ઢીલી નીતિઓને કારણે દેશમાં અસ્થિરતાનો માહોલ પેદા થઇ ગયો હતો. નબળી વિદેશ નીતિ વચ્ચે આતંકવાદ અને છાશવારે થતા બોમ્બ વિસ્ફોટના કારણે સમગ્ર દેશમાં ભયાનક વાતાવરણ ખડું કરી દીધું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આવી પરિસ્થિતિમાં વર્ષ–૨૦૧૪ની નવી આશા–આકાંક્ષાઓ સાથે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી જેવાની રાષ્ટ્રને એક ભેટ મળી છે. અને તે કહેતા મને આનંદ અને ગૌરવની લાગણી થાય છે કે દેશની પ્રજાને અને દેશને આ મહાન ભેટ આપવા માટે આપણુ ગુજરાત ગૌરવ અનુભવે છે. વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ લાલકિલ્લા પરથી ગરીબીને લલકારે છે, આતંકવાદને પડકારે છે, સ્વચ્છતાના સંદેશનો ઉદઘોષ કરે છે, દેશના વિકાસ માટે ભારતવાસીઓને **કદમ સે કદમ મિલાવીને** આગળ વધવાનું આહવાન કરે છે. આપણામાં વિશ્વાસ ભરે છે અને સૌને સાથે, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ જેવા વિકાસના મહામંત્રનો જયઘોષ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં આજે દેશ ભ્રષ્ટાચાર, પરિવાદવાદ દેશને અંદરથી ખોખલો કરતી નીતિઓનો ત્યાગ કરે છે, વિકાસના પાયાની ઇંટો મૂકે છે અને મેક ઇન ઇન્ડિયાનો નારો આપે છે, નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપે છે. જળવાયુ પરિવર્તન ગ્લોબલ ઇકોનોમિક સ્ટાર્ટ અપ પોલિસી, ગ્રીન એનર્જી, આત્મનિર્ભર ભારત અને બીજા કેટલાય વિષયો અને વૈશ્વિક મંચ પર નવિન ભારતની પ્રસ્તુતિ કરે છે. પરિણામ એ આવે છે કે દેશમાં શાંતિ, સ્થિરતા અને વિકાસના નવા યુગનો આરંભ થાય છે. વર્ષ–૨૦૪૭માં દેશને વિકસિત ભારત બનાવવાના પ્રયાસોનો પ્રારંભ થતા દુનિયામાં ભારતની શાખ વધે છે અને આપણું ગૌરવ આપણને પાછું મળી રહ્યું હોય એવી આપણને સૌને પ્રતીતિ થાય છે. મોદી સાહેબના નેતૃત્વમાં યુક્રેન અને રશિયાના યુદ્ધ વચ્ચેથી ભારત એના નાગરિકોને પરત લાવવાની હિંમત અને તાકાત બતાવી શકે છે. કોરોનાના કપરા કાળમાં દેશ મજબૂતાઇથી ઊભો રહી શકે છે. દેશના દરેક નાગરિકને વેક્સિન આપી કોરોના સામે સુરક્ષિત કરી શકે છે. આ વાત સાબિત કરે છે કે વિકસિત ભારતની આપણી યાત્રા સફળ રીતે આગળ વધી રહી છે. દેશ આજે બધાં જ

સેક્ટરોમાં વિકાસ કરી રહ્યો છે. તેજસ જેવા વિમાનો બનાવી રહ્યો છે. જળ, જમીન અને આકાશમાં આપણી સુરક્ષા અભેદ્ય બની છે. આજે આપણે નાપાક હરકતો કરનારાના ઘરમાં ઘૂસીને મારી શકીએ છીએ. માળખાગત સુવિધાઓ ઊભી કરવાની સાથે–સાથે આપણે ચંદ્ર, મંગળ અને સૂર્યનો અભ્યાસ કરવાના સફળ અભિયાન પાર પાડી શકીએ છીએ. દેશ માટે વિકાસના દ્વાર ખોલવા માટે હું આ ગૃહના માધ્યમથી રાજ્યની પ્રજાવતી આદરણીય મોદી સાહેબને ખૂબ–ખૂબ અભિનંદન પાઠવું છું. આદરણીય નરેન્દ્રભાઇની આગેવાનીમાં આપણે વિશ્વની સૌથી મોટી હૅલ્થ સ્કીમ ચલાવીએ છીએ. આપણે વિશ્વનું સૌથી મોટું વૅક્સિન અભિયાન ચલાવ્યું છે. વિશ્વમાં સૌથી વધુ બૅંક એકાઉન્ટ એટલે કે જન–ધન ખાતા પણ આપણે ત્યાં ખૂલ્યા છે. આપણને વર્ષ ૨૦૩૬ના ઓલિમ્પિકનું યજમાનપદ કરવાનો મોકો મળવા જઇ રહ્યો છે ત્યારે દેશનું યુવાધન અને વૈજ્ઞાનિકો હવે ભારતમાં કામ કરવા પરત ફરી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, નવી શિક્ષણનીતિના કારણે ક્રાંતિના મંડાણ થવાની શરૂઆત થઇ રહી છે. ૬૫ કરોડ યુવાનો સાથે ૧૪૦ કરોડ જનતા વડાપ્રધાનની હાકલને ઝીલીને ભારતને પુન: મહાન બનાવવા માટે થનગની રહ્યું છે. વિકસિત ભારતની સિદ્ધિ સુધીની ભારતની આ યાત્રાના આપણે સૌએ સાક્ષી બનવાની સાથે વિકાસની યાત્રાના યાત્રિક પણ બનવાનું છે. આમ, આ સંકલ્પને ગૃહમાં લાવવાનું મને યોગ્ય જણાતાં આ બિન સરકારી સંકલ્પને ગૃહ સામે રાખી રહ્યો છું. જય જય ગરવી ગુજરાત.

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા (નાયબ મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભ્ય રમેશભાઇ ટીલાળા વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો જે સંકલ્પ લઇને આવ્યા છે એમાં હું મારો સૂર રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાન મોદી સાહેબ દ્વારા સમગ્ર દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો રથ ગામડે–ગામડે મોકલવામાં આવ્યો હતો. આ સંકલ્પ ઉપર જ્યારે અમને બોલવાનો મોકો મળ્યો છે ત્યારે દેશના વડાપ્રધાન મોદી સાહેબ નાનામાં નાના માણસની ચિંતા કરતા હોય છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાના કારણે દરેક ગામડાઓમાં જે લોકોને યોજનાનો લાભ નથી મળ્યો એવા લોકોને યોજનાઓનો લાભ મળી શકે એ પ્રકારે આ રથ ગામડે ગામડે ફર્યા હતા. તેમાં અધિકારીઓ/પદાધિકારીઓ અને તમામ લોકો પણ હાજર રહ્યા હતા. આપણે ખાસ કરીને વડાપ્રધાન સાહેબને અભિનંદન આપવા પડે કે જે લોકોને યોજનાનો લાભ લેવો હોય અને ન મળતો હોય એવા લોકોને ઘરે બેઠા યોજનાનો લાભ આપી શકે એ પ્રકારનું કોઇ કામ કરતું હોય તો એ ભારતીય જનતા પાર્ટીની સરકાર, માનનીય નરેન્દ્રભાઇ મોદીની સરકાર કામ કરી રહી છે. ખાસ કરીને આ તકે કહેવું પડે કે, અમે જ્યારે ગામડામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં જતાં ત્યારે ગામડામાં લોકો કહેતાં હતાં કે શ્રી નરેન્દ્રભાઇના કારણે અમારા જીવ બચી ગયા છે. કારણ કે આયુષ્માન કાર્ડ યોજના થકી હજારો લોકોને પોતાના પરિવાર સાથે રહેવાનો મોકો મળ્યો છે. જ્યારે પોતાના ઘર ઉપર આવતી આકસ્મિક બીમારીમાં મોટો ખર્ચ થતો હોય અને પરિવાર પાસે કોઇ નાણાંકીય વ્યવસ્થા ન હોય ત્યારે પોતાના ખિસ્સામાં રૂ.૧૦ લાખનું આયુષ્માન કાર્ડ પડ્યું હોય અને હૉસ્પિટલમાં માણસ એડમિટ થવા જાય ત્યારે આ કાર્ડ આપે તો એક પણ રૂપિયાનો ખર્ચ ન કરવો પડે આ પ્રકારની વ્યવસ્થા ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે જ્યારે અમારા અમરેલી તાલુકાના પ્રતાપપુરા ગામમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રાના પ્રવાસમાં ગયા ત્યારે માલધારી સમાજના એક વ્યક્તિએ ઊભા થઇને કહ્યું કે શ્રી નરેન્દ્રભાઇનું ખૂબ ભલું થાય. મને કેન્સર જેવી ગંભીર બીમારી આવી હતી ત્યારે મારી પાસે કોઇ નાણાંકીય વ્યવસ્થા ન હતી. મારા ખિસ્સામાં આયુષ્માન કાર્ડ પડ્યું હતું તેના થકી મારી સારવારનો રૂ.૮ લાખનો તમામ ખર્ચ સરકારે ભોગવ્યો, તેનું નામ ભારતીય જનતા પાર્ટી છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રાનો ખૂબ સુંદર સંકલ્પ શ્રી રમેશભાઇ ટીલાળા લઇને આવ્યા છે તેને અમારું સમર્થન આપીએ છીએ.

ડૉ. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી ધારાસભ્ય અને ખોડલધામના સાથી ટ્રસ્ટી શ્રી રમેશભાઇ વિકસિત ભારત માટેનો જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની ઘણી વાતો થઇ. શ્રી મોદી સાહેબ દેશના વડાપ્રધાન બન્યા પણ અમે તો આશા રાખીએ કે યુનોના ચેરમેન પણ બને પરંતુ શ્રી મોદી સાહેબે કહ્યું છે કે સ્વાવલંબી બનો. મને તો લાગે છે કે મોદી સાહેબ ન હોય તો અમારું તો જે થવું હોય તે થશે પણ તમારું તો શું થશે? આ સંકલ્પમાં વાત થઇ કે કોઇ પણ કાર્ય દૃઢ સંકલ્પથી જ સિદ્ધ બને છે. વિકસિત ભારત યાત્રાનો અમને વાંધો ન હોઇ શકે. આદરણીય શ્રી વાજપેયીજીએ કહ્યું હતું કે વિકાસ એ કોઇ વ્યક્તિ ઉપર આધારિત હોતો નથી, તે સતત ચાલતી પ્રક્રિયા છે. ભારત દેશ આઝાદ થયો ત્યારે ટાંકણી પણ બનતી ન હતી.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૨–૧૩ સુધીમાં ઘણાં રેલવે સ્ટેશન અને એરપોર્ટ તથા એઇમ્સ, આઇ.આઇ.એમ. જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ બનાવી પણ માત્ર એક વ્યક્તિના આધારે જ દેશનો વિકાસ થયો છે તેવું નથી. ઘણા બધા વચનો આ સંકલ્પમાં આપ્યા હતા, પણ વર્ષ ૨૦૪૭ સુધીની વાત કરી છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાની વાત હતી, દર વર્ષે બે કરોડ કર્મચારીઓની ભરતી કરવાની વાત હતી, ખેડૂતોને દિવસે વીજળી આપવાની વાત હતી. વર્ષો પહેલાં આપણે નાના હતાં ત્યારે મને યાદ છે કે મામાના ઘરે જતાં હતાં ત્યાં બધા ભાઇઓ ભેગા થઇને એક તાકો લાવીને તેમાંથી કપડાં

સીવડાવીને બધા પહેરતાં હતાં. આજે ઘણા લોકો *(xxx) તો તે કોઇ એક વ્યક્તિના આધારે વિકાસ થયો નથી. તેમાં જુદી જુદી ૧૭ યોજનાઓની વાત કરી છે. આ યોજનાઓમાં ઘણી બધી યોજનાઓ લોકો સુધી પહોંચવી જોઇએ તે આજે પણ પહોંચતી નથી. માત્ર ચૂંટણીઓ આવે એટલે યાત્રા શરૂ થાય અને રામના શરણે જવું પડે, કૃષ્ણના શરણે જવું પડે, અંબાજીના શરણે જવું પડે, વિકાસની વાતો થતી હોય ત્યારે વિકાસની વાત કરી અને તમે મત લેવાની વાત કરતાં હોય, ગ્રામ પંચાયતોની વાત કરી છે.

શ્રી જિતેન્દ્રભાઇ સ. વાઘાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપણો દેશ દુનિયાનો સૌથી મોટો લોકશાહી દેશ છે. કોણે ક્યા કપડાં પહેરવા તે માનનીય કિરીટભાઇ નક્કી ન કરી શકે એટલે મારી આપને વિનંતી છે કે આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે. ટીકા કરવી હોય તો કરી શકે પણ આ સન્માનનીય ગૃહના સિનિયર સભ્ય પાસે આ પ્રકારની અપેક્ષા ન હોય.

ઉપાધ્યક્ષશ્રી : આ શબ્દો રેકર્ડ પરથી દૂર કરવામાં આવે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામપંચાયતોની ચૂંટણીઓ થતી નથી.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કિરીટકુમાર, સંકલ્પ પર જ આવો.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ગ્રામપંચાયતોની વાત કરી છે એટલે કહું છું. મોંઘવારીની વાત કરી છે. બાજુના રાજ્યમાં રૂ. ૪૫૦/– માં બાટલો આપતા હોય અને ૧૧૦૦ રૂપિયાની વાત કરતા હોય. અટલ પેન્શન યોજનાની વાત કરી છે તો પેન્શન શરૂ થવું જોઇએ. વાતો કરવાથી કંઇ થતું નથી. હમણાં જ મેં વર્લ્ડ હેપીનેસ ઇન્ડેક્સ યુનાઇટેડ નેશન્સ દ્વારા જે સરવે થયો એના ડેટા જોયા. એમાં ૧૫૦ દેશોમાં ભારતનો નંબર ૧૨૬મો છે. ગુજરાતનો નંબર નથી. મિઝોરમનો પહેલો નંબર છે. ગ્લોબલ ઇન્ડેક્સ મુજબ વર્ષ ૨૦૨૦માં આપણે ૯૪માં સ્થાને હતા. વર્ષ ૨૦૨૩માં ૧૧૧મા સ્થાને. એટલે આ પૂરા પગાર આપવાની યાત્રા લઇને નીકળ્યા હોત, જૂની પેન્શન યોજના આપવાની વાત લઇને નીકળ્યા હોત, વી. સી. ને પૂરતો પગાર આપવાની યાત્રા લઇને નીકળ્યા હોત, આંગણવાડી બહેનોને પૂરો પગાર આપવાની વાત લઇને નીકળ્યા હોત.......

શ્રી વિજયભાઇ ર. પટેલ(નાયબ મુખ્ય દંડકશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય સભાગૃહના માનનીય સભ્યશ્રી રમેશભાઇ ટીલાળાજી જે બિન સરકારી સંકલ્પ વિકસિત ભારત સંકલ્પ યાત્રા લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત ઝારખંડ ખાતેથી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા અમારા આદિવાસી સમાજના જનનાયક એવા બિરસામુંડાની જન્મજયંતિ નિમિત્તે આદિવાસી ગૌરવ દિવસના દિવસથી શરૂ કરવામાં આવી હતી. વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરવા પાછળનો મુખ્ય ઉદ્દેશ છેવાડાનો માનવી કે જે હજુ પણ સરકારશ્રીની કલ્યાણકારી યોજનાથી વંચિત છે એવા નબળા વર્ગના લોકોને જાગૃત કરવાનો છે. આ સરકારશ્રીની કલ્યાણકારી યોજનાઓ એમના સુધી પહોંચે એ માટે માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે સંકલ્પ કર્યો છે કે, **चलो जलाएं दीप वहां, जहाँ अभी भी अंधेरा है।** આ સૂત્રને સાકાર કરવા માટે આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ઘણી બધી યોજનાઓનો લોકોએ લાભ લીધો. જે ગરીબ પરિવારો છે કે જેઓ ગામડામાં રહે છે, ઝૂંપડામાં રહે છે, કાચા મકાનમાં રહે છે, શહેરમાં ભાડાના મકાનમાં રહે છે એવા લોકોને પોતાના સપનાનું ઘર મળી રહે એ માટે આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે વર્ષ ૨૦૧૫માં પ્રધાનમંત્રી આવાસ યોજના અમલમાં લાવીને આવા લોકોને સપનાનું ઘર આપવાનું કામ કર્યું છે. સમગ્ર દેશમાં ચાર કરોડ જેટલા આવાસોનો લાભ આ માનનીય શ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકારમાં આપવામાં આવ્યા છે. આમ તો ઘણી બધી વાતો થઇ છે પણ અમે એવા વિસ્તારમાંથી આવીએ છીએ કે જ્યાં નબળા વર્ગના લોકો રહે છે. આવા લોકો માટે પ્રધાનમંત્રી અન્ન સુરક્ષા યોજના આશીર્વાદરૂપ યોજના છે. કોરોનાની મહામારીથી આજદિન સુધી આ સરકારે ૨ લાખ કરોડ કરતાં પણ વધારે ખર્ચ કરીને આ દેશના ૮૦ કરોડ નાગરિકોને મફતમાં અનાજ આપવાનું કામ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં પણ ૭૨ લાખ જેટલા રેશન કાર્ડધારકોને અને ૩ કરોડ ૫૪ લાખ જેટલા લોકોને મફતમાં અનાજ આપવાનું કામ જો કોઇએ કર્યું હોય તો આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કર્યું છે. આ આયુષ્યમાન ભારતકાર્ડ ગરીબ અને નબળા વર્ગ માટે ખૂબ આશીર્વાદરૂપ છે. આ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં અમારે પણ જવાનું થતું હતું ત્યારે જે લાભાર્થીઓ હતા એ 'મેરી જુબાની, મેરી કહાની' માં કહેતાં હતા કે, 'મારે જીવવાની કોઇ ગેરંટી નહોતી પણ આ આયુષ્યમાન ભારત કાર્ડ થકી મારો ઇલાજ થયો અને આજે હું આપની વચ્ચે જીવિત છું'. આ માટે હું આ દેશના આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ અને માનનીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ કલ્યાણકારી યોજનાઓનો છેવાડાના માનવીને લાભ મળે છે ત્યારે એમના જીવનમાં ખૂબ ખુશહાલી આવે છે. આજે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં અનેક પ્રકારની યોજનાઓનો ઘણા બધા લોકોને લાભ મળ્યો છે ત્યારે આ દેશને ગૌરવ અપાવવાનું કામ આ દેશના આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબે કર્યું છે. ભારતને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવા માટે

* માનનીય ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

માનનીય નરેન્દ્રભાઇ મોદીએ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની શરૂઆત કરી છે. આપણા દેશના જે વૈજ્ઞાનિકો છે એમણે ચંદ્રયાન, દક્ષિણ ધ્રુવ ઉપર આપણા ભારત દેશનો તિરંગો લહેરાવ્યો છે, આ નાનીસૂની વાત નથી. પાકિસ્તાનના લોકો કહેતા થઇ ગયા કે અમારા તો ઝંડા ઉપર ચંદ્રનું નિશાન છે, પણ માનનીય મોદી સાહેબે તો ચંદ્ર ઉપર જઇને તિરંગો લહેરાવ્યો છે. આ જે સન્માન આપવાનું કામ આ દેશના વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે. આપણા ૮૦ કરોડ લોકોને મફતમાં અનાજ આપવું, ૪ કરોડ પરિવારોને આવાસ આપવા, ૧૦ કરોડ લોકોને ગેસનું કનેકશન મળ્યું, ૧૪ કરોડથી વધારે ઘરોમાં નળથી પાણી આપવામાં આવ્યું, ૫૦ કરોડ જેટલા લોકોના આયુષ્યમાન ભારતકાર્ડ ઇસ્યુ કરવામાં આવ્યા. ૫૧ કરોડથી વધારે નાગરિકોને બેંકિંગ સિસ્ટમ સાથે જોડ્યા. ખેડૂતોનું સન્માન કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી ખેડૂત સન્માન નિધિ અંતર્ગત આજે ૧૬મો હપ્તો માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ દેશના કરોડો ખેડૂતોના ખાતામાં નાખ્યા છે. ડાયરેક્ટ ડી.બી.ટી. દ્વારા નાખવામાં આવ્યા છે. કોઇ કરપ્શન નહીં. દિલ્હીમાં માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ એક બટન દબાવે છે તો આ દેશના ૧૧ કરોડ ૩૯ લાખ ખેડૂતોના ખાતામાં ડાયરેક્ટ રૂ. ૨૦૦૦/–નો હપ્તો જાય છે. આમ, જે ગરીબ પરિવારો છે એને માન–સન્માનથી જીવવા માટે આખા દેશમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા શરૂ કરવામાં આવી છે.

ઉપાધ્યક્ષશ્રી : માનનીય કાંતિભાઇ, તમારી જગ્યા ઉપર આવીને બેસો. તમે બીજી જગ્યા ઉપર બેઠાં–બેઠાં ન બોલો.

શ્રી વિજયભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની સરકાર માત્ર સૂત્રો આપતી હતી. ગરીબી હટાવીશું, ગરીબી હટાવવાના નારાથી કોઇ ગરીબી હટતી નથી. ગરીબીને હટાવવી હોય તો નક્કર યોજનાઓ લાવવી પડે. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે અનેક પ્રકારની કલ્યાણકારીઓ યોજનાઓ લાવી જેના કારણે વર્ષ ૨૦૧૪થી આજદિન સુધી આ દેશના ૨૫ કરોડ જે ગરીબ પરિવારો હતા એ આજે ગરીબી રેખામાંથી ઉપર આવ્યા છે. આ માન–સન્માન આપવાનું કામ આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે કર્યું છે ત્યારે માનનીય સભ્યશ્રી જે સંકલ્પ લઇને આવ્યા છે તેને હું મારું ખૂબ–ખૂબ સમર્થન આપું છું.

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી વિધાનસભાના ચોથા સત્રમાં સભાગૃહ સમક્ષ રજૂ કરેલ વિકસિત ભારત સંકલ્પ યાત્રાના બિનસરકારી સંકલ્પ શ્રીમાન રમેશભાઇ ટીલાળાજી જે લઇને આવ્યા છે એની ચર્ચામાં મને ભાગ લેવાનો તથા વિચારો વ્યકત કરવાનો જે ગૌરવવંતો પ્રસંગ મળ્યો છે, તે માટે હું આ સન્માનનીય સભાગૃહના નેતા આદરણીય મુખ્યમંત્રી શ્રીમાન ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિકસિત ભારત સંકલ્પ યાત્રા અંતર્ગત હાથ ધરાયેલી રાજ્ય સરકારશ્રીની કામગીરીને જે સભ્યશ્રીઓ એમાં, માનનીય રમેશભાઇ ટીલાળાજી, શ્રી કૌશિકભાઇ વેકરીયાજી, શ્રી વિજયભાઇ પટેલ, ડો. કિરીટકુમાર પટેલ એમણે ખૂબ સારી વાત કરી છે તે માટે હું એમને પણ હૃદયપૂર્વક બિરદાવું છું. આ દેશના વડાપ્રધાનશ્રી અને વિશ્વના નેતા શ્રીમાન નરેન્દ્રભાઇ મોદીજીનું એક સુદઢ અને દૂરંદેશી નેતૃત્વમાં આજે ભારત આત્મવિશ્વાસથી પરિપૂર્ણ એક ભારત, શ્રેષ્ઠ ભારતના નાદ સાથે વૈશ્વિક નેતૃત્વ કરી રહ્યું છે. છેલ્લાં નવ વર્ષથી આપણો દેશ અકલ્પનીય અને અસ્મરણીય ઉપલબ્ધિઓ અને ધ્યાનપૂર્વકના પરિવર્તન સાથે વિશ્વના અગ્રણી દેશોની હરોળમાં સ્થાન બનાવી ચૂક્યું છે. વિશ્વના કોઇપણ દેશ ઉપર આવી પડેલી વિનાશક ભૂકંપ જેવી પરિસ્થિતિ હોય કે કુદરતી આપત્તિઓમાં ભારત વસુધૈવ્ કુટુંબકમની સંસ્કારિતા માર્ગે અગ્રેસર થઇ રહ્યું છે. વિશ્વ બંધુત્વની મહેક પ્રસરી છે. સંકટ સમયે ખભે–ખભા મિલાવીને ઊભા રહેલા ભારતના નેતૃત્વની આખા વિશ્વએ ભરપૂર નોંધ લીધી છે. આજે આપણા દેશના વડાપ્રધાનશ્રી જે રીતે નેતૃત્વ કરી રહ્યા છે તે રીતે છેલ્લાં નવ વર્ષમાં ભારતનું નેતૃત્વ કરી, દેશને વિકાસની અનેક ઊંચાઇઓ ઉપર લઇ ગયા છે અને હજી વિશ્વના દેશો સાથે જે રીતે ભાઇચારાના સંબંધો બની રહ્યા છે એ માત્ર દેશ નહીં, ગુજરાત નહીં પણ પૂરી દુનિયાને મારું કુટુંબ કહેનારો આખા વિશ્વમાં કોઇ નેતૃત્વ હોય તો તે માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબનું નેતૃત્વ રહ્યું છે. એવા આપણા દેશના વડાપ્રધાન અને આ દેશને આઝાદી ૧૯૪૭માં મળી તેના ૭૫ વર્ષ પછી હાલમાં આપણા યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી એક વિશ્વ નેતા તરીકે ઉભર્યા છે ત્યારે એક નવી ઊર્જા, નવો ઉત્સાહ, નવા જોશ સાથે વિશ્વ ગુરુ બનવા તરફ આપણે જઇ રહ્યા છીએ. એમાં એક જ વાત છે કે દેશ આખો અનુભવી રહ્યો છે કે જયાં બીજાની આશા પૂરી થાય ત્યાં મોદી સાહેબની ગેરંટી શરૂ થતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારતનો સંકલ્પ કોણ કરી શકે? આ દેશની આઝાદીનાં ૭૫ વર્ષમાં ૧૭ જેટલા વડાપ્રધાન થયા, પણ વિચાર નહોતો કર્યો. આ વિચાર કરે તો કોણે કરે? એ પણ આપણને એક આગવું નેતૃત્વ મળ્યું છે કે જેણે આ વિચાર કર્યો છે. ૪ યુગ જતા રહ્યા. આઝાદીનાં ૭૫ વર્ષ થયાં. કળિયુગના અંતનો સમય આવ્યો. ૪,૩૨,૦૦૦ વર્ષ એને પણ થયા. આ એક વિશ્વ નેતા હવે એવા મળ્યા છે કે વિકસિત ભારતનો સંકલ્પ કરવાનો જે વિચાર કર્યો છે. માત્ર ભારત જ નહીં, દુનિયા બોલી રહી છે કે ભારત દરેક ક્ષેત્રમાં આગળ વધી રહ્યું છે. વિકસિત ભારત એક વિરાટ સ્વપ્ન સાથે આગળ વધે છે તે હકીકત આપણે જોઇ રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશની આઝાદીની ચળવળમાં જે ખપી ગયા છે. કોઇએ યાદ કર્યા નથી. હમણા માનનીય વિજયભાઇ પટેલ સાહેબે કહ્યું તેમ એવા ભગવાન બિરસા મુંડાનો જન્મ જે ઝારખંડની ધરતી પર થયો હતો. ત્યાંથી એ ધરતીને સલામ કરીને આ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ વિકસિત ભારત સંકલ્પ યાત્રાની ૧૫મી નવેમ્બર, ૨૦૨૩ના

રોજ જે શરૂઆત કરી હતી. એ માત્ર ઝારખંડ નહીં, પણ પૂરા ભારત વર્ષમાં પરિભ્રમણ કરીને દરેક ગામ સુધી, ફળિયા સુધી, દરેક રાજય સુધી, તાલુકા–જિલ્લા સુધી પહોંચવાનો જે અભિગમ હતો. એની સાથે સાથે આપણા ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં અને આપણા મહામહિમ રાજયપાલની હાજરીમાં મા અંબાજીના ચરણોમાંથી આ યાત્રા પણ ૧૫મી નવેમ્બર, ૨૦૨૩ના રોજ જે ટ્રાયબલ જિલ્લાના ૮ વિસ્તારોમાંથી ૧૯ રથથી જે શરૂ કરવામાં આવી હતી, એમાં પણ હાજર રહેવાનો મને અવસર મળ્યો હતો. એ સંકલ્પ યાત્રા એ માત્ર યાત્રા જ નહોતી, પણ એનો ઉમદા આશય, જે રીતે એમનો વિચાર છે કે આ ભારત વર્ષને ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારત કરવાનો જે સંકલ્પ છે અને એ સંકલ્પને પૂરા ભારત વર્ષ અને પૂરા ગુજરાત, એક એક ગામ, એક એક વ્યકિત, એક એક સમાજ, ૧૪૦ કરોડની દેશની જનતા આ સંકલ્પને સ્વીકારે છે. આ નાનીસૂની ઘટના નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર આપણા ૩૩ જિલ્લા, ૨૪૮ તાલુકા અને ૧૪૬૨૮ ગામ સુધી કુલ ૨૨૫ રથના માધ્યમથી અત્યાર સુધીમાં ૬૧,૯૨,૫૮૯ લોકોએ આ યાત્રામાં ભાગ લીધો છે. પરિવર્તનનું પરિણામ અને પ્રગતિના નવા સીમાચિહ્ન કરવાનું આજે દેશમાં જ નહીં, પરંતુ પૂરી દુનિયામાં મોદી સાહેબની ગેરંટીની ખૂબ ચર્ચા થઇ રહી છે. આ માત્ર લોકોને ભેગા કરવાનું અભિયાન નહોતું. આ અભિયાનની અંદર મોદી સાહેબની ગેરંટી આવતી. એની ફિલ્મ બતાવતા અને લોકો સરકારે કરેલી યોજનાઓની વાતો, અમારા આ ગૃહના તમામ નેતાઓ, માનનીય મુખ્યમંત્રીશ્રીથી માંડી મંત્રીશ્રીઓ, ધારાસભ્યો તમામે એમાં ભાગ લીધો છે. ભારત સરકાર અને રાજય સરકારની ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલાં કામો છે, એની વાત કરવાની છે. સાથે જ ૧૭ નહીં, પણ ૧૫૩ જેટલી યોજનાઓનો લાભ સ્થળ ઉપર આપવાનો નિર્ણય મોદી સાહેબે કર્યો છે. એના લીધે લોકોને ભરોસો થયો કે આ કામ કરનારી સરકાર છે, ગેરંટી આપનારી સરકાર છે. સ્થળ ઉપર ગેરંટી આપે છે. એ વાતનો સંદેશો પણ સમગ્ર ગુજરાત અને દેશભરમાં ગયો છે. એટલે આ દેશ નહીં પણ વિશ્વની જનતાને ભરોસો આવ્યો છે કે આ ભારત વર્ષ એ શ્રી મોદી સાહેબની સન ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતની પરિકલ્પના સાથે આગળ વધી રહ્યું છે એ પણ આ સરકારનું એક મિશન મોર દેશના દરેક લાભાર્થી સુધી પહોંચવાનું, વિકસિત ભારત કયારે થાય એક એક વ્યકિતનો વિકાસ થાય, એમાં મારા કિરીટભાઇ પણ બેઠેલા છે. ડો. કિરીટભાઇ, આમાં કોઇને આપણે ટાળવા માગતા નથી, જ્ઞાતિ, જાતિ, પક્ષ, પાર્ટી નહીં, આખા ભારતની એક એક વ્યકિતનો આપણે વિકાસ કરીશું તોજ સાચો વિકાસ થવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે જયાં સુધી ગામડા સમૃદ્ધ ના થાય ત્યાં સુધી આ દેશ વિકસિત થવાનો નથી. ગામડાથી શરૂઆત કરી અને શહેર હોય, નગરપાલિકાઓ હોય તમામ સમાજો હોય સૌનો સાથ, સૌનો વિકાસ એ અમારો મંત્ર રહ્યો છે અને એ સંકલ્પને લઇને આજે અમે અભિયાનના માધ્યમથી શરૂઆત પણ કરી દીધી છે. આ વર્ષનું ભારત સરકારનું તમે બજેટ જુઓ, આ વર્ષનું ગુજરાત સરકારનું તમે બજેટ જુઓ, નાણાંમંત્રીશ્રીએ પણ ઐતિહાસિક બજેટ રજૂ કર્યું છે. એ રીતે આપણે આગળ ચાલી રહ્યા છીએ એ વિકસિત ભારતની આપણે શરૂઆત કરી છે. એ ભારત માટે આવનારી પેઢીનું જે સ્વપ્નું છે એને પણ સમૃદ્ધ કરવા માટે આપણે આ દીશાની અંદર કામ કરી રહ્યા છીએ. વર્તમાન અને ભાવિ પેઢીને એવું ન થવું જોઇએ કે અમારા વડવાઓએ કંઇ કર્યું નહીં. આપણે એવું કરીને જઇએ કે આવનારી પેઢીનો સમાજ જે વિકસિત ભારતની રાહ જોઇને બેઠો છે એનું ધ્યાન કેન્દ્રિત કરીએ. આ દેશના ચાર સૌથી મોટા વર્ગો છે એક ગરીબ વર્ગ છે, એક ખેડૂત વર્ગ છે, એક મહિલા વર્ગ છે અને એક યુવાન વર્ગ છે. આ ચારે ચારના હાથમાં કામ મળે અને એનો પોતાનો પરિવાર સુખી થાય તો ગામ સુખી થાય, તાલુકો સુખી થાય અને તાલુકો સુખી થાય તો જિલ્લો સુખી થાય, જિલ્લો સુખી થાય તો રાજય સુખી થાય, બધાં રાજયો સુખી થાય તો દેશ સુખી થાય.

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારત થાય, સૌનો સાથ, સૌનો સહકાર, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ એ મંત્રને ભારતીય જનમાનસમાં રાષ્ટ્રભાવનાને પુનઃજાગૃત કરી દેશના વિકાસને અગ્રેસર કરવા પોલિટિકસ વીથ પર્ફોર્મન્સના માપદંડ સાથે દેશની સરકારે સુશાસન સાથે દેશની વિકાસની ગતીને તીવ્ર વેગવંતી બનાવી છે. આ મોદી ગેરંટી એટલે ગેરંટીની પણ ગેરંટી, પૂરી થવાની ગેરંટી છે. ભારત બનશે ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા. તો કેવી રીતે બને? સન ૨૦૧૪માં જયારે દેશના વડાપ્રધાનશ્રીમાન નરેન્દ્રભાઇ મોદી બન્યા ત્યારે આ દેશની અર્થવ્યવસ્થા દસમા નંબરે હતી અને આજે આપણે ત્રીજા નંબરે જવા જઇ રહ્યા છીએ ત્યારે આ નવ વર્ષમાં જે રીતે ભારતનો વિકાસ થયો એ દેશે જોયો, દુનિયાએ જોયો, એટલે આ મોદી સાહેબની ગેરંટીનો લોકોને ભરોસો આવ્યો છે. ધાર્મિક વાત કરીએ તો આ અયોધ્યાના ભવ્ય અને દિવ્ય રામમંદિરનું નિર્માણ અને એનું ઉદઘાટન દેશના વડાપ્રધાનશ્રી કરે તો આટલા યુગો સુધી એનો કેમ કોઇએ કોઇએ વિચાર ના કર્યો? રામ તો ત્રેતા યુગમાં આવ્યા હતા અને આ કળિયુગ આવી ગયો ચોથો યુગ. આ રામ અવતારના મંદિરનું નિર્માણ થવાની ઘડી પણ અત્યારે હતી, એના માટે પણ મોદીજીનું નિર્માણ થયું. આ બે ચોઘડિયા ભેગા થયા એટલે આ બધું થયું છે. દ્વારકા હોય, અંબાજી હોય કે અયોધ્યા હોય, વિષ્ણુના ૨૪ અવતાર હતા અને હવે એને આપણે માનવું પડે. બધા પોતપોતાના ધર્મને માનતા હોય છે. આ ૫૦૦ વર્ષ પછી ઘડી આવી છે એને પણ આપણે આજે યાદ કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૪૭ સુધીમાં ભારત વિકસિત રાષ્ટ્ર બનશે. વિકસિત રાષ્ટ્ર માત્ર શબ્દોથી નહીં, સંકલ્પથી નહીં ખરેખર ધરતી ઉપર એને ઉતારીને આ દિવ્ય અને વિકસિત ભારત થાય તો વિશ્વની મહાસત્તા બને અને એમાં તમને અને મને વાંધો હોય એવું લાગતું નથી અને એ દિવસો હવે દૂર લાગતા નથી. આ મોદી સાહેબનું એકલાનું કામ નથી,

એની સાથે આ દેશનો એક એક જન, ૧૪૦ કરોડ જનતા જોડાય, તમે અને અમે જોડાઇએ તો બને. આપણે કોઇને ગરીબ રાખવા જ નથી. પછી સવાલ ક્યાં છે? આપણે સાથે જ છીએ. આપણે બધા સાથે મળીને એ જ મથામણ કરી રહ્યા છીએ કે વિકસિત ભારત થાય. કોઇ ગરીબ રહેવાનો નથી, કોઇ સમાજ કે પક્ષ રહેવાનો નથી, એક દેશની વાત છે, એક દુનિયા સાથે આપણે જોડાયા છીએ. બીજી કોઇ વાત કરવા જેવી મને લાગતી નથી. સને ૨૦૪૭માં વિકસિત રાષ્ટ્ર બનશે. ચંદ્ર સુધી જવાની વાત એ નાની ઘટના નથી. (અંતરાય) આટલાં બધાં વર્ષો સુધી કેમ ન ગયા? ચંદ્ર તો હતો. ત્યાં સુધી જવાનું વડાપ્રધાને સાહસ કર્યું છે. આના લીધે વિશ્વને ભરોસો આવ્યો છે કે આ દુનિયાનું કોઇ સંચાલન કરી શકે એમ હોય તો ભારત દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ. બાકીના વિષયનો વાત મારા મિત્રોએ કરી છે. જી–૨૦ સમિટના કારણે વિશ્વમાં ભારતનું માન વધ્યું. વિશ્વના દેશો, નેતાઓ, વડાપ્રધાનો, મુખ્યમંત્રીઓ, ઉદ્યોગકારો ભારતમાં આવ્યા અને એનું નેતૃત્વ આ દેશના વડાપ્રધાનશ્રી મોદી સાહેબે કર્યું અને કરોડો રૂપિયાના રોકાણો થયા. એમને ભરોસો છે ભારત પર કે વિકસિત ભારત થઇ રહ્યું છે. એની સાથે જોડાવાથી મૂડી રોકાણમાં કોઇ જોખમ નથી. એ પણ આખી દુનિયાએ જોયું છે, એ મોટી વાત છે. ભારતને મળી આધુનિક વંદેભારત ટ્રેન. આ પણ કોઇ નાની ઘટના તરીકે જોતા નથી. ધાર્મિક અને પૌરાણિક સ્થળોને વિકસિત કરવાની વાત. આજે પણ અમારા વિભાગના મંત્રીશ્રી વાત કરતા હતા, નાણાંમંત્રીએ પણ એ સ્થાનોને વિકસિત કરવાના પ્રયત્નો કર્યા છે. પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીની સરકાર ગરીબો, શોષિતો, પીડિતો, વંચિત વર્ગના કલ્યાણ માટે તથા મહિલાઓ માટે, દિવ્યાંગો માટે, સશક્તિકરણ માટે, અનેક પ્રકારે પ્રયત્નો કરી રહ્યા છે. પરિણામ પણ લાવી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ સરકારના અભિગમના પ્રયત્નોથી એમનું જીવન–ધોરણ પણ ઊંચું આવ્યું છે. પ્રયત્નોનાં પરિમાણો પણ આપણે જોયાં છે. વિકસિત ભારત યાત્રાના સંકલ્પનું આયોજન પણ આપણે જોયું છે. કેવા લોકો આવતા હતા? ઢોલ–વાજા અને બેન્ડ લઇને આવતા હતા કે આમાં શું છે? આ તો મોદી સાહેબની ગેરંટી આવી. મોદી સાહેબે કેટલીક જગ્યાએ તો સીધેસીધી લાભાર્થી સાથે વાત કરી. આખુ ગામ કહે કે ભાઇ મગનભાઇ, તમારી સાથે મોદી સાહેબે શું વાત કરી? તો કહે તમારે મોદી સાહેબને પૂછવું પડે. મોદી સાહેબ કહે તમને લાભ મળ્યો? લાભ મળ્યો તો કેવો મળ્યો? ઘર છે? રહેવા લાયક છે? પહેલાં કરતાં સારું છે ? ખબર–અંતર પૂછે. દેશનો વડાપ્રધાન એક ગામડાના લાભાર્થીને જો પૂછતો હોય તો આનાથી વિશેષ શું જોઇએ? એક સંકલ્પ કરીને પ્રમાણિક રીતે દઢ નિર્ધાર સાથે વિકસિત ભારતના સ્વપ્નને આપણે સાકાર કરીશું. આ સંકલ્પ એટલે વિકસિત ભારતની સંકલ્પ યાત્રા, ભારતના દીર્ઘદ્રષ્ટા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આવતીકાલના ભારતનું એક સ્વપ્ન જોયું છે જેને સફળ કરવા અને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા અગ્રેસર રહ્યા છે. દેશના માનનીય ગૃહમંત્રીશ્રી અમિતભાઇ શાહ સાહેબ પણ તેમની સાથે જોડાયા અને તેમની સાથે જોડાયું આખું ભારત. આ સંકલ્પને નિશ્ચિંત કરવા માટે ગુજરાતે આગવી પ્રતિબદ્ધતા દાખવી અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે પણ અનેક જિલ્લાઓમાં પ્રવાસ કરીને પરિવર્તનશીલ અને પરિણામલક્ષી નેતૃત્વ હેઠળ વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં ગુજરાતના ખૂણે ખૂણે પ્રજાજનોએ એને ઉમળકાથી વધાવી છે. મારે પણ વિકસિત ભારત યાત્રામાં જર કાર્યક્રમોમાં જવાનું થયું હતું. એમાં પણ મને દાહોદ, પંચમહાલ, છોટાઉદેપુર, અરવલ્લી, મહીસાગર ખાતે અનેક કાર્યકર્તાઓને મળવાનું થયું હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આમ, ગુજરાતના ૧૮ આદિવાસી જિલ્લામાં ૧૯ રથોની અંદર આ કાર્યક્રમો ખૂબ સારા થયા છે. ૧૪,૬૨૮ જેટલી ગ્રામ પંચાયતો છે. એકપણ ગ્રામ પંચાયત આપણે બાકી રાખી નથી. ૩૩ જિલ્લાઓની અંદર ઇન્ફર્મેશન એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન વાન એ વાન ગામમાં જાય એટલે આખું ગામ ભેગું થાય કે આ મોદી સાહેબની ગેરંટીવાળી ગાડી આવી અને આ ગેરંટી કાયમી ચાલવાની છે. પૂરા દેશે નક્કી કરી લીધું છે કે એ ગાડીને લોકો સ્વપ્નામાં પણ દેખી રહ્યા છે. વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારત બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની અનેક યોજનાઓનો પણ આપણે લાભ પણ આપ્યો છે અને આવનારા દિવસોની અંદર પણ આપણે લાભ આપવાની યોજના અવિરત ચાલુ રાખીને પણ આ છેવાડાના આદિવાસી વિસ્તારને પણ ધ્યાનમાં રાખીને સિકલસેલ એનિમિયા જેવા રોગો માટે કે જંગલની જમીનો માટે પણ આપણે સ્થળ ઉપર યોજનાનો લાભ આપ્યો છે. બાકી તો આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતમાં કુલ ૧૦,૩૦,૬૯૬ જેટલા લાભાર્થીઓને (સમય સૂચક ઘંટડી) પૂરું કરું છું. અધ્યક્ષશ્રી કહે એટલે મારે સ્વીકારવું પડે.(અંતરાય) વિકસિત ભારત થઇ જાય એટલે તમારે કાંઇ કરવાનું રહેતું જ નથી અને એની સાથે જોડાયેલા રહો તમે એટલું જ કરો બીજું કાંઇ તમારે કરવાનું નથી. આ ઘટનામાં ૬૧,૯૨,૦૦૦ લોકો હાજર હતા એમાંથી ૬૧,૧૬,૦૦૦ લોકોએ આમાં સંકલ્પ લીધો. સ્વૈચ્છિક પોતે વિકસિત ભારત સંકલ્પ યાત્રામાં તહે દિલથી અમે જોડાઇએ છીએ એવો સંકલ્પ લીધો છે એને પણ આપણે સ્વીકારીએ છીએ. આ વિજય છે વિશ્વાસનો. આ વિજય છે પરિણામલક્ષી અને પ્રગતિલક્ષી નેતૃત્વનો કારણકે જ્યાં સાચો સંકલ્પ ત્યાં સફળતા નિશ્ચિત છે. વિકસિત ભારત સંકલ્પ યાત્રા, સંકલ્પ થયો સફળ, હવે પ્રગતિમાં નથી કોઇ અડચણ. વિશ્વાસ થકી વિકાસની વણથંભી સફર, અડગ છે નિર્ધાર, કરીશું સંકલ્પ સાકાર, વિકસિત ભારતના સંકલ્પને મળશે સફળતાનો આધાર. આમાં કાંઇ રોકાય એવું નથી. આ મોદી સાહેબની ગેરંટી છે. આ આત્મ વિશ્વાસથી છલોછલ પોતાના વિરાટ સ્વપ્નાને આંબવા ડગ માંડી રહ્યા છે. પૂનઃ વિજયના સંકલ્પ સાથે મા ભારતીના કલ્યાણ અર્થે આપણે વિકસિત ગુજરાત થકી વિકસિત ભારતના નિર્ણય અર્થે પરિશ્રમની પરાકાષ્ઠા સર્જીએ એ આ સભાગૃહને મારું આહ્વાન છે. સાહેબ, આ બધું આજે છે. ગુજરાત હોય, દેશ હોય અને વિશ્વ જેની રાહ દેખીને બેઠું છે. હજી તો આપણી ચૂંટણી થઇ નથી વિશ્વના દેશો તારીખ નોંધે છે. વડાપ્રધાન અમારે ત્યાં કયારે આવશે? અરબ

કન્ટ્રીમાં હિન્દુસ્તાનના કોઇ વ્યક્તિએ પગ મૂકયો નથી તો ત્યાં પણ જઇને સ્વામિનારાયણ મંદિરનું ૭૦૦ કરોડના ખર્ચે ઉદ્ઘાટન કરે અને ત્યાંની પ્રજા મોદી–મોદી કરે એનાથી વિશેષ આપણા માટે વિકસિત ભારત માટે શું હોઇ શકે? એક નાની શાયરી કહું છું.

''મોદીજી તુમ ચમકતે રહો ચાંદ કી તરહ,
હમારી યે દુઆ હૈ તુમ્હે કભી દાગ ન લગે,
તુમ્હે કભી દાગ ન લગે. ભારત માતા કી જય.''

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ભારત સંકલ્પમાં માનનીય મંત્રીશ્રી બચુભાઇ ખાબડ, માનનીય નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઇ વેકરીયા, નાયબ મુખ્ય દંડકશ્રી વિજયભાઇ પટેલ અને અમારા ભાઇશ્રી ડો.કિરીટકુમાર પટેલે ભાગ લઇને ખૂબ સરસ મઝાની વાત કરી અને આ સંકલ્પને ટેકો આપ્યો એ બદલ બધાનો હું ખૂબ ખૂબ માનું છું.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી : સંકલ્પનો સ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૬.૩૫ વાગ્યે પૂરું થતાં સભાગૃહ ઉપાધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સવારના ૯.૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**
**ગુરુવાર, તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪**
**ફાલ્ગુન ૧૦, ૧૯૪૫ શાકે**
**સભાગૃહ સવારના ૯–૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી અધ્યક્ષસ્થાને**

**તારાંકિત પ્રશ્નો**

**જામનગર મેડિકલ કોલેજ ખાતે નવી યુ.જી હોસ્ટેલ**

***15/4/2135 શ્રીમતી રિવાબા રવિન્દ્રસિંહ જાડેજા** (જામનગર ઉત્તર)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જામનગર એમ. પી. શાહ મેડિકલ કોલેજ ખાતે નવી યુ.જી. હોસ્ટેલના બાંધકામનું આયોજન છે કે કેમ, | (૧) હા, જી |
| (૨) જો હા, તો તેના માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) એમ. પી. શાહ મેડિકલ કોલેજ, જામનગર ખાતે જૂની જર્જરિત હોસ્ટેલ તોડી યુ.જી. બોયઝ હોસ્ટેલ અને પી.જી. હોસ્ટેલના બાંધકામ માટે રૂ.૧૩૦૦૦.૦૦ લાખની રકમ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ આ બાંધકામ ક્યા તબક્કે છે? | (૩) સદરહું કામગીરી પ્રગતિ હેઠળ છે. (ગ્રાઉન્ડ ફ્લોર લેવલ) |

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે સરકારી મેડિકલ કૉલેજ, જામનગર ખાતે યુ.જી. અને પી.જી.ના વિદ્યાર્થીઓ માટે હાલ રહેઠાણની શું વ્યવસ્થા છે. મારો બીજો પ્રશ્ન એ છે કે હૉસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓને કઇ–કઇ પ્રકારની સવલતો પૂરી પાડવામાં આવે છે? અને મારો ત્રીજો પ્રશ્ન એ છે કે વિદ્યાર્થીઓને હૉસ્ટેલમાં રહેવા માટે નેશનલ મેડિકલ કમિશન દ્વારા ક્યા ધારાધોરણો નક્કી કરવામાં આવ્યા છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમ.પી. શાહ સરકારી મેડિકલ કૉલેજ, જામનગર ખાતે તબીબી અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે હાલમાં આપણી જે વ્યવસ્થાઓ છે એમાં ૮ યુ.જી. બોય્ઝ હૉસ્ટેલ છે, એક ઇન્ટર્ન હૉસ્ટેલ છે. એક ન્યુ પી.જી. હૉસ્ટેલ અને એક ઓલ્ડ પી.જી. હૉસ્ટેલ એમ કુલ ૧૧ હૉસ્ટેલ આપણી પાસે ઉપલબ્ધ છે. જેમાં કુલ ૧૩૭૮ યુ.જી. વિદ્યાર્થીઓ પૈકી ૫૫૩ વિદ્યાર્થિનીઓ અને ૮૨૫ વિદ્યાર્થીઓ અને ૬૧૮ અનુસ્નાતક પી.જી. વિદ્યાર્થીઓ મળીને કુલ ૧૯૯૬ વિદ્યાર્થીઓ રહે છે. હૉસ્ટેલમાં મૅસ, કૅન્ટિન, જીમખાના, આઉટડોર ગેમ્સ માટે હૉસ્ટેલ પરિસરમાં પ્લે ગ્રાઉન્ડ, ઇન્ડોર ગેમ્સ, વિવિધ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કૉમન હૉલ જેવી વિવિધ પ્રકારની સુવિધાઓ આપણે પૂરી પાડીએ છીએ. એન.એમ.સી.ના જે નોર્મ્સ છે એમાં યુ.જી.ના કુલ એડમિશન પૈકી ૭૫ ટકા વિદ્યાર્થીઓને એકૉમોડેશન પૂરું પાડવાનું હોય છે જ્યારે પી.જી.ના તમામ વિદ્યાર્થીઓને એટલે કે ૧૦૦ ટકા હૉસ્ટલ એડમિશન આપવું ફરજિયાત છે. નોર્મ્સ મુજબ યુ.જી.ના ૧૧૨૫ અને પી.જી.ના ૫૭૦ મળી કુલ ૧૬૯૫ વિદ્યાર્થીઓ માટે રહેવાની વ્યવસ્થા કરવાની થાય. જેની સામે ૧૯૯૬ વિદ્યાર્થીઓ રહી શકે એટલી વ્યવસ્થા આપણી પાસે ઉપલબ્ધ છે. તદ્ઉપરાંત વિદ્યાર્થીઓને રિક્રિએશન માટેની તમામ સવલતો ઉપલબ્ધ કરાવવાની થાય છે. દરેક વિદ્યાર્થી માટે તેમના રૂમમાં ખુરશી, સ્ટડી ટેબલ તથા કબાટ જેવી મૂળભૂત સુવિધાઓ હોવી જરૂરી છે. દરેક હૉસ્ટેલમાં વિઝિટર રૂમ, સ્ટડી રૂમ, ફુલી એરકન્ડિશન વીથ ઇન્ટરનેટ કનેક્શન પણ આપવાનું રહે છે.

શ્રી મેઘજીભાઇ અ. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૯ ફેબ્રુઆરી ભારતના ચોથા વડાપ્રધાન મોરારજીભાઇ દેસાઇનો જન્મ દિવસ છે અને સાથે–સાથે આજે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ પણ છે. આપના માધ્યમથી વિધાનસભાના સાથીએ પૂછેલા પ્રશ્નમાં વિશેષ જાણવા માગું છું કે જામનગર મેડિકલ કૉલેજમાં સરકાર દ્વારા ક્યા–ક્યા પ્રકારની કામગીરી કરવામાં આવે છે તેનો માનનીય મંત્રીશ્રી વિસ્તૃત જવાબ આપે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ પણ મેં કહ્યું હતું કે દરેક જગ્યાએ આપણને એક સુપર સ્પેશિયાલિટી મળી રહે એ પ્રકારનું આયોજન રાજ્ય સરકાર કરી રહી છે. સુરત, વડોદરા, ભાવનગર અને જામનગર પૈકી હાલ જામનગરમાં ડેન્ટલ કૉલેજ અને હૉસ્પિટલના નવા બાંધકામ અને અપગ્રેડેશન માટેની જે વાત છે એ તાંત્રિક મંજૂરી હેઠળ છે અને રૂ.૭૬ કરોડનું કામ છે. ડેન્ટલ કૉલેજ ખાતે ૩૩૦ વિદ્યાર્થીનીઓ માટે નવી યુ.જી. ગર્લ્સ હૉસ્ટેલનું કામ ચાલુ છે અને અત્યારે આ કામ પ્રથમ ફ્લોરના સ્લેબ લેવલે આવ્યું છે. જેના માટે રૂ.૨૮ કરોડ ૨૨ લાખનું આયોજન છે. આ ઉપરાંત ૭૦૦ વિદ્યાર્થિનીઓ માટે નવી યુ.જી. ગર્લ્સ હૉસ્ટેલનું કામ પણ પ્રથમ માળના સ્લેબ લેવલ સુધી આવ્યું છે. જેનું રૂ.૫૪.૯૫ કરોડનું કામ છે. નવી યુ.જી. તથા પી.જી. મેડિકલ બોય્ઝ હૉસ્ટેલ યુ.જી.ના ૮૦૮ તેમજ પી.જી.ના ૩૦૦ વિદ્યાર્થીઓ માટેના કામ તાંત્રિક મંજૂરી હેઠળ છે. આ કામ રૂ.૧૩૦ કરોડનું છે. નવી એમ.સી.એચ. અને ૧૧૫૦ પથારીવાળી સુપર સ્પેશિયાલિટી

હૉસ્પિટલ બિલ્ડિંગનું ડી.પી.આર. મંજૂરી હેઠળ છે એટલે રૂ.૫૭૫ કરોડનાં કામ મળી કુલ રૂ.૮૬૪.૧૭ કરોડનાં કામ જામનગર ખાતે હાથ ધરાનાર છે.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ હૉસ્ટેલ બાંધકામની અદ્યતન પરિસ્થિતિ શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, નિર્માણાધીન હૉસ્ટેલમાં ૭૦૦ વિદ્યાર્થીઓનો સમાવેશ થઇ શકશે. હૉસ્પિટલમાં વેઈટિંગ એરિયા, રિસેપ્શન, સિક્યુરિટી રૂમ, રીક્રિએશન રૂમ, કાફે, કાઉન્સેલિંગ રૂમ, પાર્કિંગ, ઓપન કૉર્ટ, કિચન, મેસ, ડાઇનિંગ એરિયા, લાઇબ્રેરી, સ્ટડી રૂમ, લોન્ડ્રી અને દરેક વિદ્યાર્થીઓને ફર્નિચરની સુવિધાઓ સાથે દરેક રૂમમાં બાલ્કની વગેરે સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે. હૉસ્ટેલના બાંધકામની કામગીરી તા.૨૧/૦૨/૨૦૨૪ની સ્થિતિએ પહેલા સ્લેબના લેવલ સુધી પ્રગતિ હેઠળ છે.

**સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના**

* **15/04/2144 શ્રી વિનેન્દ્રસિંહ દિલીપસિંહ ઝાલા**(હિંમતનગર)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા:૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલા હેક્ટરમાં વનીકરણની કામગીરી કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૬૩ |
| ૨૦૨૨-૨૩ | ૯૦૮ |

(૨) તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ લાખમાં) |
|---|---|
| ૨૦૨૧-૨૨ | ૨૪૪.૧૬ |
| ૨૦૨૨-૨૩ | ૬૫૬.૭૮ |

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, ભારતમાં યોજાયેલ G-20માં પર્યાવરણનો વિકાસ બહુ અગત્યનો હતો અને તેના અનુસંધાને આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી મોદી સાહેબે અને માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે તેને અગ્રિમતા આપી અને કેમ્પા યોજના તળે સાબરકાંઠા જિલ્લામાં બહુ સરસ ઝુંબેશ હાથ ધરાવમાં આવેલી તે બદલ શ્રી મુળુભાઇ બેરા સાહેબ અને શ્રી મુકેશભાઇ પટેલ સાહેબને અભિનંદન આપું છું. આ તબક્કે હું આરોગ્યમંત્રીશ્રી ઋષિકેશભાઇ પટેલને ઋષિવન બનાવવા બદલ અભિનંદન આપું છું. હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષમાં કુલ કેટલા રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું અને તેની જાળવણી પછી કેટલા રોપાઓ જીવંત રહ્યા છે અને આ કારણસર સામાન્ય લોકોને કેટલી રોજગારી મળી છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારા વિભાગની કેમ્પા યોજના હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૨૬૩ હેક્ટરમાં ૨ લાખ ૯૨ હજાર રોપઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. જે પૈકી ૨ લાખ ૫૪ હજાર જેટલા રોપાઓ જીવંત રહ્યા છે. તેની પાછળ રૂ.૨૪૪.૧૬ લાખનો ખર્ચ થયેલ છે. આ કારણસર ૪૧,૩૮૩ માનવદિન ઉત્પન્ન થયા. વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૯૦૮ હેક્ટરમાં ૮ લાખ ૩૯ હજાર રોપઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. જે પૈકી ૮ લાખ જેટલા રોપાઓ જીવંત છે. તેની પાછળ રૂ.૬૫૬.૭૮ લાખનો ખર્ચ થયેલ છે. આ કારણસર લગભગ ૮૯,૩૫૮ જેટલા માનવદિન ઉત્પન્ન થયા. આમ, બે વર્ષમાં કુલ ૧,૧૭૧ હેક્ટરમાં ૧૧ લાખ ૩૧ હજાર રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. જે પૈકી ૧૦.૪ લાખ રોપાઓ જીવંત રહ્યા છે. તેની પાછળ કુલ રૂ.૯ કરોડ ૯૪ હજારનો ખર્ચ થયેલ છે. આ કારણસર કુલ ૧,૩૦,૭૪૧ માનવદિન ઉત્પન્ન થયા છે.

ડો. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં કેમ્પા યોજના હેઠળ વનીકરણ કાર્યક્રમ દરમિયાન વિજયનગર, પોસીના અને ખેડબ્રહ્મા તાલુકામાં જંગલની જમીન ખેડતાં આદિવાસીઓ સાથે કોઇ ઘર્ષણની કે સંઘર્ષની ઘટના બની છે? જો હા તો તેનાં કારણો શાં હતાં?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જંગલમાં નાના-મોટા બનાવો બનતાં રહે છે પણ અમારા વિન વિભાગ દ્વારા ત્યાંના લોકો સાથે સંકલન કરીને કામગીરી કરવામાં આવે છે એટલે બને ત્યાં સુધી લોકોના સાથ સહયોગથી અમે કામ કરતાં રહીએ છીએ.

શ્રી પી.સી. બરંડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેમ્પા યોજના શું છે? અને આ યોજના હેઠળ કામો મંજૂર કરવાની પદ્ધતિ શું છે? વળતર વનીકરણ કાયદો ૨૦૧૬ હેઠળ નિયમોનુસાર કઇ કાર્યવાહી કરવામાં આવે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વન સંરક્ષણ ધારો-૧૯૮૦ હેઠળ દરખાસ્તની મંજૂરીની શરત મુજબ વસૂલ કરવામાં આવતી વળતર વનીકરણની નેટ પ્રેઝન્ટ વેલ્યુ અન્ય રકમના વહીવટ માટે ભારત સરકાર અને રાજ્ય સરકાર

દ્વારા કોમ્પન્સેટરી એફોરેસ્ટેશન મેનેજમેન્ટ એન્ડ પ્લાનિંગ ઓથોરિટી કેમ્પાની રચના કરવામાં આવી છે. યુઝર એજન્સી પાસે વસૂલ કરવામાં આવતી તમામ રકમ પ્રથમ નેશનલ કેમ્પા એકાઉન્ટમાં જમા થાય છે. તેમાંથી ૯૦ ટકા રકમ રાજ્યને રિલીઝ કરવામાં આવે છે. વળતર વનીકરણના કાયદા–૨૦૧૬ હેઠળ વર્ષ ૨૦૧૮માં નિયમોનુસાર ચૂકવવામાં આવેલાં કામો માટે વાર્ષિક આયોજન એ.પી.ઓ. તૈયાર કરવામાં આવે છે. એમાં રાજ્ય સ્તરે અગ્ર મુખ્ય વન સંરક્ષકના અધ્યક્ષસ્થાને એક એક્ઝિક્યુટિવ કમિટીની રચના થયેલી હોય છે. સાથે–સાથે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષસ્થાને રાજ્યસ્તરની સ્ટિયરિંગ કમિટીની નિમણૂક થઇ હોય છે. ભારત સરકારશ્રીના સ્થળે નેશનલ કેમ્પા હેઠળ એક એક્ઝિક્યુટિવ કમિટી હોય છે. વળતર વનીકરણ કાયદો–૨૦૧૬ અને ૨૦૦૦ના નિયમોનુસાર જમા થયેલ રકમમાંથી મંજૂર થયેલ દરખાસ્તની સામે જરૂરી વળતર વનીકરણની કામગીરી કરવી ફરજિયાત છે. એમાંથી નેટ પ્રેઝન્ટ વેલ્યુ એટલે કે, ૮૦ ટકા લેખે વન સંરક્ષણ ભૂમિ, ભેજ સંરક્ષણનાં કામો લઇ શકાય છે. નેટ પ્રેઝન્ટ વેલ્યુના ૨૦ ટકા નર્સરી, ફ્રન્ટલાઇન સ્ટાફ માટે ક્વાર્ટર્સ, ફોરેસ્ટ રોડ અને અન્ય કામ માટે વાપરી શકાય છે. ત્યારબાદ એનું વ્યાજ કોમ્પોનન્ટ હેઠળ વહીવટી ખર્ચ, વન સંરક્ષણ, વાહનો ખરીદવા માટે તથા કર્મચારીઓની સેવા માટે લઇ શકાય છે.

**મેડિકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતકની જગ્યાઓ**

*15/4/2598 **શ્રી અમિત ચાવડા (આંકલાવ) : માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | જવાબ |
|---|---|

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં કેટલી સરકારી મેડિકલ કોલેજો ક્યારથી કાર્યરત છે,

(૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ૬ (છ) સરકારી મેડિકલ કોલેજો કાર્યરત છે, જેની વિગતો નીચે મુજબ છે.

| મેડિકલ કોલેજનું નામ | સ્થાપના વર્ષ |
|---|---|
| બી.જે.મેડિકલ કોલેજ, અમદાવાદ | ૧૮૭૧ |
| સરકારી મેડિકલ કોલેજ, વડોદરા | ૧૯૪૯ |
| સરકારી મેડિકલ કોલેજ, સુરત | ૧૯૬૪ |
| એમ.પી.શાહ મેડિકલ કોલેજ, જામનગર | ૧૯૫૪ |
| પી.ડી.યુ. મેડિકલ કોલેજ, રાજકોટ | ૧૯૯૫ |
| સરકારી મેડિકલ કોલેજ, ભાવનગર | ૧૯૯૫ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલી નવી સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નીચે મુજબ નવી મેડિકલ કોલેજોને મંજૂરી આપવામાં આવેલ છે.

| કોલેજનો પ્રકાર | વર્ષ | |
|---|---|---|
| | ૨૦૨૨ | ૨૦૨૩ |
| સરકારી | ૦૦ | ૦૦ |
| જી.એમ.ઈ.આર.એસ.<br>(રાજ્ય સરકાર દ્વારા સંચાલિત) | ૦૫ | ૦૦ |
| ખાનગી | ૦૦ | ૦૪ |

(૩) ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ કેટલી બેઠકો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાની બેઠકો નીચે મુજબ છે.

| કોલેજનો પ્રકાર | સ્નાતક બેઠકો | અનુસ્નાતક બેઠકો |
|---|---|---|
| સરકારી | ૧૪૦૦ | ૧૩૨૯ |
| જી.એમ.ઈ.આર.એસ.<br>(રાજ્ય સરકાર દ્વારા સંચાલિત) | ૨૧૦૦ | ૧૧૪ |
| ખાનગી | ૩૫૦૦ | ૧૩૧૮ |
| એઇમ્સ | ૫૦ | ૦૦ |
| કુલ | ૭૦૫૦ | ૨૭૬૧ |

(૪) ઉક્ત સ્થિતિએ સરકારી અને ખાનગી મેડિકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની ફી કેટલી મંજૂર કરવામાં આવેલ છે?

(૪)
- સરકારી મેડિકલ કોલેજોમાં વાર્ષિક ફી સ્નાતક કક્ષામાં રૂ.૨૫,૦૦૦/– તથા અનુસ્નાતક કક્ષામાં મેડિકલ ડિગ્રી: રૂ.૩૦,૦૦૦/–, મેડિકલ ડિપ્લોમાં: રૂ.૨૦,૦૦૦/– અને સુપર સ્પેશ્યાલિટી કોર્ષમાં: રૂ.૪૦,૦૦૦/– મંજૂર કરવામાં આવેલ છે.
- જી.એમ.ઈ.આર.એસ. મેડિકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક

અભ્યાસક્રમની મંજૂર કરેલ ફી અંગેનું પત્રક–૩ આ સાથે સામેલ છે.

- ખાનગી મેડિકલ કોલેજોમાં સ્નાતક અને અનુસ્નાતક અભ્યાસક્રમની મંજૂર કરેલ ફી અનુક્રમે પત્રક–૧, પત્રક–૨ માં સામેલ છે.

**પત્રક ૧(સ્નાતક અભ્યાસક્રમ ની ફી)**

| ક્રમ. | કોલેજનુ નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૧–૨૨ (ફી રૂ.લાખ માં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૨–૨૩ (ફી રૂ.લાખ માં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૩–૨૪ (ફી રૂ.લાખ માં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત, | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદ, | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાતઅદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી.મેડિકલએજ્યુકેશનટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઈન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ,વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડિકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૧ | ડો.એમ.કે.શાહ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા,અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડો.એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર, | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૫ | ડૉ.કિરણ સી પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ,ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૬ | સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ,કલોલ | – | – | - | - | ૮.૨૫ (ADHOC | ૧૫.૭૫ (ADHOC) |
| ૧૭ | સાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, અમદાવાદ | – | – | - | - | ૮.૬૫ (ADHOC | ૧૬.૦૦ (ADHOC) |
| ૧૮ | અનાનીયા કોલેજ ઓફ મેડિકલ એન્ડ રિસર્ચ,કલોલ | – | – | - | - | ૮.૨૫ (ADHOC | ૧૫.૭૫ (ADHOC) |
| ૧૯ | કિરણ મેડિકલ કોલેજ,સુરત | – | – | - | - | ૮.૨૫ (ADHOC | ૧૫.૭૫ (ADHOC) |

**પત્રક ૨ (અનુસ્નાતક અભ્યાસક્રમ ની ફી)******

| ક્રમ. | કોલેજનુ નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૧-૨૨ (ફી રૂ.લાખ માં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ.લાખ માં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ.લાખ માં) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઈન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત, | ૧૫.૮૦ | ૩૦.૪૫ | ૧૫.૮૦ | ૩૦.૪૫ | ૧૫.૮૦ | ૩૦.૪૫ |
| ૨ | સી.યુ.શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૧૬.૨૯ | ૨૫.૦૦ | ૧૬.૨૯ | ૨૫.૦૦ | ૧૬.૨૯ | ૨૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદ | ૧૫.૯૭ | ૨૫.૪૦ | ૧૫.૯૭ | ૨૫.૪૦ | ૧૫.૯૭ | ૨૫.૪૦ |
| ૪ | ગુજરાતઅદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૧૭.૧૦ | ૨૩.૦૦ | ૧૭.૧૦ | ૨૩.૦૦ | ૧૭.૧૦ | ૨૩.૦૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ | ૭.૧૦ | ૨૮.૨૯ | ૭.૧૦ | ૨૮.૨૯ | ૭.૧૦ | ૨૮.૨૯ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૩.૩૪ | ૨૨.૦૫ | ૩.૩૪ | ૨૨.૦૫ | ૩.૩૪ | ૨૨.૦૫ |
| ૭ | એ.એમ.સી.મેડિકલએજ્યુકેશનટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૮.૦૬ | ૨૪.૩૩ | ૮.૦૬ | ૨૪.૩૩ | ૮.૦૬ | ૨૪.૩૩ |
| ૮ | પારૂલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ,વાઘોડીયા | ૧૫.૯૭ (PROVISIO | ૨૫.૪૦ (PROVISION | ૧૫.૯૭ (PROVISIO | ૨૫.૪૦ (PROVISIO | ૧૫.૯૭ (PROVISION | ૨૫.૪૦ (PROVISION |
| ૯ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | – | – | – | – | ૧૫.૯૭ (ADHOC) | ૨૫.૪૦ (ADHOC) |
| ૧૦ | ડો.એમ.કે.શાહ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા,અમદાવાદ | ૧૬.૨૯ | ૨૮.૨૯ | ૧૬.૨૯ | ૨૮.૨૯ | ૧૬.૨૯ | ૨૮.૨૯ |

*****The College/Institutions can devise a fee structure, if the circumstances so warrant, providing differential fee for different degree/diploma courses, provided the average fees, charged from all the students is maintained at par with the fee structure determined by the committee.**

(કૉલેજ/સંસ્થાઓ ફી માળખું ઘડી શકે છે, જો સંજોગો આ પ્રમાણે હોય તો, વિવિધ ડિગ્રી/ડિપ્લોમા અભ્યાસક્રમો માટે વિભેદક ફી પ્રદાન કરીને, તમામ વિદ્યાર્થીઓ પાસેથી વસૂલવામાં આવતી સરેરાશ ફી, સમિતિ દ્વારા નિર્ધારિત ફી માળખાની બરાબર જાળવવામાં આવે.)

પત્રક ૩

જી.એમ.ઈ.આર.એસ. હેઠળની મેડિકલ કોલેજોમાં ફીના ધોરણ નીચે મુજબ છે.

**સ્નાતક ફીના ધોરણ:**

| સરકારી ક્વોટા | મેનેજમેન્ટ ક્વોટા | NRI ક્વોટા |
|---|---|---|
| રૂ.૩,૩૦,૦૦૦/- | રૂ.૯,૦૭,૫૦૦/- | ૨૨,૦૦૦ યુ.એસ. ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ |

**અનુસ્નાતક ફીના ધોરણ :**

| અનુ. નં. | વિષય | સરકારી | મેનેજમેન્ટ | NRI |
|---|---|---|---|---|
| ૧ | એનેસ્થેશિયોલોજી | ૧૧,૨૫,૦૦૦/- | ૧૬,૮૮,૦૦૦/- | ૩૩,૭૫,૦૦૦/- |
| ૨ | ડર્મેટોલોજી | ૧૦,૦૦,૦૦૦/- | ૧૫,૦૦,૦૦૦/- | ૩૦,૦૦,૦૦૦/- |
| ૩ | માઇક્રોબાયોલોજી | ૫,૭૫,૦૦૦/- | ૮,૬૩,૦૦૦/- | ૧૭,૨૫,૦૦૦/- |
| ૪ | ઓબ્સ & ગાયનેકોલોજી | ૧૧,૨૫,૦૦૦/- | ૧૬,૮૮,૦૦૦/- | ૩૩,૭૫,૦૦૦/- |
| ૫ | ઓપ્થલ્મોલોજી | ૧૦,૦૦,૦૦૦/- | ૧૫,૦૦,૦૦૦/- | ૩૦,૦૦,૦૦૦/- |
| ૬ | ઓટોરીનોલેરીંગોલોજી | ૮,૭૫,૦૦૦/- | ૧૩,૧૩,૦૦૦/- | ૨૬,૨૫,૦૦૦/- |
| ૭ | પેથોલોજી | ૬,૨૫,૦૦૦/- | ૯,૩૮,૦૦૦/- | ૧૮,૭૫,૦૦૦/- |
| ૮ | સાયક્યાટ્રી | ૮,૭૫,૦૦૦/- | ૧૩,૧૩,૦૦૦/- | ૨૬,૨૫,૦૦૦/- |
| ૯ | રેસ્પીરેટરી મેડીસીન | ૮,૭૫,૦૦૦/- | ૧૩,૧૩,૦૦૦/- | ૨૬,૨૫,૦૦૦/- |

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ખૂબ વિકાસ કર્યો એની હકીકતો આજના જવાબ પરથી જોવા મળે છે. છેલ્લાં ત્રીસ વર્ષમાં એટલે કે વર્ષ ૧૯૯૫થી આજે વર્ષ ૨૦૨૪ સુધી એકપણ સરકારી કૉલેજ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે ખોલી નથી. છેલ્લાં બે વર્ષમાં ૯ કૉલેજો ખોલી એમાં ૪ ખાનગી અને ૫ જી. એમ. ઇ. આર. એસ.ની કૉલેજો છે. સરકારી કૉલેજ ખૂલે તો સ્નાતક ડિગ્રીની ફી રૂ.૨૫૦૦૦/- પ્રતિવર્ષ અને અનુસ્નાતકની ફી રૂ.૩૦,૦૦૦/- પ્રતિ વર્ષ હોય. એની સામે જી.એમ.ઇ.આર.એસ.માં સરકારી ક્વોટામાં સાડા ત્રણ લાખ રૂપિયા ફી છે અને ખાનગીમાં આ ફી રૂ.૧૫ લાખ છે.

ગરીબનાં બાળકને ભણવા માટે સરકારી વ્યવસ્થાઓ આપવી જોઇએ એ આપવામાં આવતી નથી. અહીંયા જે કુલ સીટો ૭૦૫૦ છે એમાંથી સ્નાતક કક્ષામાં ફક્ત ૧૪૦૦ સરકારી સીટો છે. એટલે કે ૨૦ ટકા સીટો અને ૮૦ ટકા સીટોમાં ઊંચી ફી ભરીને આપણાં બાળકોએ ભણવું પડે છે. મારે આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે, નવા જિલ્લા બન્યા છે એમાં સિવિલ હૉસ્પિટલો બનાવવાનું સરકારનું આયોજન છે એ નવા જિલ્લાઓમાં સરકારી હૉસ્પિટલોની સાથે સરકારી મેડિકલ કૉલેજો કરવા માંગો છો કે કેમ? અને ત્રીસ વર્ષમાં એકપણ સરકારી મેડિકલ કૉલેજ નહીં કરવા પાછળનાં કારણો શું છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણે જી.એમ.ઇ.આર.એસ. સોસાયટીની ૧૩ કૉલેજો બનાવી. પહેલાં ૮ કૉલેજો બનાવી હતી અને પાછળથી ૫ કૉલેજો બનાવવામાં આવી. જી.એમ.ઇ. આર.એસ. સોસાયટીની યુ.જી. અને પી.જી.ની ૩૦૦ એમ ૨૪૦૦ વિદ્યાર્થીઓમાંથી ૧૭૪૩ વિદ્યાર્થીઓને વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓમાં એમ.વાય.એસ.વાય. કન્યા કેળવણી, પોસ્ટમેટ્રિક સ્કોલરશિપ યોજના, સી.એમ.એસ.એસ. યોજના અને ફ્રી–શીપ કાર્ડ યોજનાનો લાભ મેળવીને ફીમાં રાહત આપવામાં આવે છે. ૭૨થી ૭૫ ટકા વિદ્યાર્થીઓ જે આ કૉલેજોમાં એડમિશન લે છે એ લોકો ક્યાંક ને ક્યાંક આપણી વિવિધ સ્કોલરશિપ યોજનાઓના લાભ થકી ડૉકટરો બનતા જ હોય છે. પરંતુ હવે પ્રાયમરી હેલ્થકેર અને ટર્શિયસ હેલ્થકેરની જરૂરિયાત મુજબ ગ્રામ્ય લેવલ સુધી આખા માળખાનું વિસ્તરણ કરવું હોય ત્યારે વધુમાં વધુ ડૉકટરોની જરૂર પડે.સરકારશ્રી દ્વારા તો આ ૧૩ અને બીજી ૬ સરકારી મૅડિકલ કૉલેજો એમ કરી ૧૮ જેટલી સરકારી કૉલેજો ચાલી રહી છે. આ કૉલેજો જી.એમ.ઇ.આર.એસ. સોસાયટી સંચાલિત છે. એમાં પણ જી.એમ.ઇ.આર.એસ. કૉલેજમાં અભ્યાસ કરતા ૭૨થી ૭૫ ટકા વિદ્યાર્થીઓને આપણે આ લાભ આપતા હોઇએ છીએ. સરકારી કૉલેજોમાં વધારે ફી ભરવી પડે છે. આપણી સરકારી મૅડિકલ કૉલેજમાં રૂ.૨૫,૦૦૦/– ફી ચોક્કસ છે, પરંતુ જી.એમ.ઇ.આર.એસ. કૉલેજમાં જે રૂ.૩,૩૦,૦૦૦/– ફી છે અને પી.જી.માં જે ફી છે એમાં કયાંકને કયાંક સરકારીશ્રીની સ્કૉલરશિપથી જે ગરીબ વિદ્યાર્થીઓ છે એના માટેની આપણે વ્યવસ્થા કરી જ છે. બીજું, આપણા બીજા જિલ્લાઓ છે એમાં ૩ જિલ્લાઓ માટેની પ્રક્રિયા ચાલુ છે. વર્ષ ૨૦૧૬માં આપણા ત્યાં બ્રાઉન ફીલ્ડ અને ગ્રીન ફીલ્ડ યોજના હેઠળ કૉલેજો બનાવવાનું ચાલુ છે. બ્રાઉન ફીલ્ડમાં આપણું સેટ–અપ એમને આપતા હોઇએ છીએ, પરંતુ ત્યાં જે સારવાર આપવાની હોય એ પણ સરકારી રાહતદરે આપણે આપવાની હોય છે. એ વધારાની ફેસિલિટી અને નવા બેડ ઊભા કરે. કૉલેજનું એકેડેમિક બિલ્ડિંગ ઊભું કરે. એડમિશન આપે અને સાથે–સાથે ડિસ્ટ્રિક્ટ હૉસ્પિટલમાં આપણે જે મહેકમ ઊભું કરીએ છીએ એના કરતાં પણ વધારે મહેકમ એટલે કે એ લોકોને ભણાવવા માટે જે સુપર સ્પેશિયાલિટી પ્રૉફેસર, આસિસ્ટન્ટ પ્રૉફેસર વગેરે શ્રેણીઓની વધારે ભરતી કરવી પડતી હોય છે. એટલે બ્રાઉન ફીલ્ડમાં ખૂબ મોટી સંખ્યામાં ડૉકટરો ત્યાં ઉપલબ્ધ થતા હોય છે. એ જિલ્લાઓમાં સારામાં સારી સગવડ આપણે આપી શકીએ છીએ. ગ્રીન ફીલ્ડમાં કોઇપણ સારું ટ્રસ્ટ કે સંસ્થા હોય અને એ મૅડિકલ કૉલેજ કરી હૉસ્પિટલ સાથે સારવાર કરવા માગતા હોય તો એના માટેની પણ નીતિ સરકારશ્રીએ ઓપન કરી છે. આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે નક્કી કર્યું છે કે પ્રત્યેક જિલ્લામાં મૅડિકલ કૉલેજ હોવી જોઇએ. એના કારણે આપણે બાકીના જિલ્લાઓમાં પણ આપણી વર્ષ ૨૦૧૬ અંતર્ગત જે નીતિ છે, એ નીતિ અનુસાર કૉલેજો આવતા સમયમાં બનાવવાના છીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારી વાત એટલી જ હતી કે, એક બાજુ રૂ.૨૫,૦૦૦/– ફીમાં વિદ્યાર્થી ભણે છે અને બીજી બાજુ રૂ.૩,૫૦,૦૦૦/– માં ભણે છે અને જે સરકાર સંચાલિત છે. અહીંયા જે ફીનું ધોરણ આપ્યું છે એમાં જી.એમ.ઇ.આર.એસ.માં સ્નાતકના સરકારી ક્વોટામાં જે એડમિશન લે એની ફી રૂ.૩,૩૦,૦૦૦/– છે. (વચ્ચેથી અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, એ વાતની ચર્ચા આપે કરી દીધી છે. માનનીય મંત્રીશ્રીએ એ પણ જવાબ આપ્યો કે જી.એમ.ઇ.આર.એસ. સરકાર સંચાલિત છે. એમણે મૌખિક જવાબ નહીં, પણ લેખિતમાં આપ્યું છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું એ જ કહું છું કે સરકાર સંચાલિત છે તેમ છતાં ફીમાં રૂ.૨૫,૦૦૦/– અને રૂ.૩,૦૦,૦૦૦/– આટલો ફેરફાર છે. માનનીય મંત્રીશ્રીએ એમ કહ્યું કે ૭૨થી ૭૫ ટકા વિદ્યાર્થીઓને આપણે અલગ–અલગ સ્કૉલરશિપ આપીએ છીએ. સરકાર બીજા રસ્તે પણ એને સ્કૉલરશિપ આપે છે તો જી.એમ.ઇ.આર.એસ.ની જેટલી કૉલેજો છે એનું ફીનું ધોરણ સરકારી મૅડિકલ કૉલેજ જેટલું રાખવા માગો છો કે કેમ? અનુસ્નાતકમાં તો રૂ.૧૦–૧૦ લાખ ફી છે. (વચ્ચે અટકાવતાં)

અધ્યક્ષશ્રી : માનનીય અમિતભાઇ, માનનીય મંત્રીશ્રીએ એમ પણ કહ્યું કે, સરકારશ્રી દ્વારા મુખ્યમંત્રીશ્રીની યોજનાઓમાંથી પૈસા આપીને પણ વિદ્યાર્થી ઉપર બર્ડન પડવા દેતા નથી. આ વાત એમણે કરી છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, એ તો કેટલું આપે છે એનું બાયફરગેશન કરીએ તો ખ્યાલ આવશે. જો સરકાર સંચાલિત છે, સરકાર જ અલગ–અલગ સ્કીમમાં સ્કૉલરશિપ આપે છે તો સરકારી મૅડિકલ કૉલેજની ફીનું જે ધોરણ છે એ જ આપણી સૉસાયટીની મૅડિકલ કૉલેજમાં કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે વિદ્યાર્થીઓ મૅરિટમાં આવતા હોય એમને આપણી ૬ સરકારી મૅડિકલ કૉલેજમાં સૌથી પહેલા પ્રવેશ આપીએ છીએ. પરંતુ જે આપણો મુખ્ય વિષય છે તે જે લોકો એફોર્ડ કરી શકે છે, જે લોકોને ડૉકટર બનવું છે અને સરકારી મૅડિકલ કૉલેજ પછીની મૅરિટની યાદીમાં આવતા હોય તો એવા વિદ્યાર્થીઓ અને સાથે–

સાથે એ મેરિટમાં આવતા ગરીબ વિદ્યાર્થીઓ હોય, આ બંને વિદ્યાર્થીઓને ડૉક્ટર બનવાની વ્યવસ્થા આપણે આ સોસાયટી દ્વારા પૂરી પાડીએ છીએ. એમણે કહ્યું એ પ્રમાણે બાયફરગેશન કરવું હોય તો કરવાની તૈયારી છે. ફક્ત એક જ આંકડો આપું તો જી.એમ.ઇ.આર.એસ. કૉલેજમાં અત્યાર સુધીમાં આપણે રૂ.૫૨૪૪ કરોડનો ખર્ચો કર્યો છે અને રૂ.૪૨૮૭ કરોડ કેપિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પાછળ વાપર્યા છે. રૂ.૯૫૩૧ કરોડ સૉસાયટીઓ પાછળ સરકારશ્રી વાપરી રહી છે. સૉસાયટીની મૅડિકલ કૉલેજ માટે સરકારશ્રી આટલા વાપરી રહી છે એની સામે રૂ.૨૨૧૬ કરોડ જેટલી ફી આવી છે. રૂ.૨૨૧૬ કરોડમાં સરકારશ્રીની સ્કૉલરશિપો જે વિદ્યાર્થીઓને મળી હોય અને એ જે ફી જમા થઇ ગઇ હોય એ આંકડો પણ આવી જાય છે. મેડિકલ એજ્યુકેશન મોંઘુ છે, પરંતુ જે ગરીબ વિદ્યાર્થી છે, મેરિટમાં છે, સ્કોલર છે, એ ડોકટર બનવાથી વંચિત રહી ન જાય, એના માટે સરકારે આ વ્યવસ્થા કરી છે.

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, કૉંગ્રેસના માનનીય સિનિયર સભ્યશ્રી જે વાત કરતા હતા. ૩૦ વર્ષ પહેલાનું મને યાદ આવે છે. બેલગામ, જલગાંવ, ચેન્નાઇ, હૈદરાબાદ. આ બધી જગ્યાએ જવા ગુજરાતનો વિદ્યાર્થી મજબૂર હતો. ત્યાં હોસ્ટેલોમાં રેગિંગ થતા હતા. અડધું ભણવાનું છોડીને છોકરાઓ પાછા આવી જતા હતા. આજે ૧૧૦૦ સીટની જગ્યાએ ૭૭૦૦ જેટલી સીટો ઊભી થઇ. તેના માટે ભારતીય જનતા પાર્ટીના સૌ મુખ્યમંત્રીઓ જેમના કાર્યકાળ દરમ્યાન આટલી બધી સીટો ઊભી કરવામાં આવી, એના માટે અભિનંદન આપવા જોઇતા હતા, પરંતુ એ થયું નથી.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાઓ.

શ્રી અમિત ઠાકર : એક સરસ નીતિ રાજય સરકાર દ્વારા નવી મેડિકલ કોલેજો બનાવવા માટે..

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન ઉપર આવી જાઓ. આપણે પ્રશ્નો પૂછવાના છે.

શ્રી અમિત ઠાકર : હા. માનનીય મંત્રીશ્રી, રાજય સરકાર દ્વારા નવી મેડિકલ કોલેજો સ્થાપવા માટે કોઇ નીતિ પ્રવર્તમાન છે કે કેમ? જો હોય તો તે યોજનાનો સમયગાળો કેટલો છે? અને આ નીતિ અંતર્ગત કેટલી કોલેજો કાર્યરત છે અને આ નીતિ અંતર્ગત અન્ય કોઇ જિલ્લામાં કોલેજો શરૂ કરવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : અગાઉના જવાબમાં જે આવી ગયું હોય એટલું આપતા નહીં. એ સિવાય માહિતી આપો.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ તો વારંવાર રિપીટ કરાવવું પડે છે.

અધ્યક્ષશ્રી : અરે પણ આ પ્રશ્નના જવાબમાં જે આવી ગયું છે, તેને રિપીટ શું કામ કરવું?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : જી સર. આપણે આરોગ્ય નીતિ ૨૦૧૬ જાહેર કરી છે. જેની અંદર આપણે બ્રાઉન ફીલ્ડ અને ગ્રીન ફીલ્ડમાં કોલેજો મંજૂર પણ કરીએ છીએ. જે પણ કોઇ સેવાભાવી સંસ્થાઓ જે આપણું હયાત માળખું છે, તે લઇને બનાવવા માગતી હોય તો એ પણ કરીએ છીએ. સાથે તમામે તમામ વસ્તુઓ, એટલે કે કોલેજ બિલ્ડિંગ, હોસ્પિટલ બિલ્ડિંગ અને જમીન સાથે પોતે જાતે કરવા માગતા હોય તો એવી સંસ્થાઓને આપણે ગ્રીન ફીલ્ડમાં કરીએ છીએ અને આ મેડિકલ કોલેજોની પ્રોત્સાહક નીતિ એમાં આપણે જાહેર કરી છે. પહેલા વર્ષ ૨૦૨૨થી ૨૦૨૫ સુધી આપણે એને લંબાવી છે. આ નીતિનો અમલ વર્ષ ૨૦૨૫ સુધી આપણે ચાલુ રાખ્યો છે. રાજયમાં હાલ ૪ બ્રાઉન ફીલ્ડ અને ૨ ગ્રીન ફીલ્ડ એમ ૬ મેડિકલ કોલેજો આરોગ્ય નીતિ ૨૦૧૬ હેઠળ અત્યારે ચાલે છે. બાકીના જિલ્લાઓના આયોજનમાં પણ દેવભૂમિ દ્વારકા, બોટાદ અને ગીર સોમનાથ એમ ૩ જિલ્લાઓમાં નવી મેડિકલ કોલેજો શરૂ કરવા માટે આપણે અરજીઓ મંગાવી હતી. એ અરજીઓ અત્યારે સરકારની સ્કુટિની હેઠળ છે. જેવી સ્કુટિની પૂરી થશે, એટલે એમાંથી જે એલિજિબલ અથવા તો વધારે યોગ્યતા ધરાવતી સંસ્થાને આપણે મેડિકલ કોલેજ બનાવવા માટે એમ.ઓ.યુ. કરીશું. બોટાદમાં આપણને ૫ અરજી મળી હતી. દેવભૂમ દ્વારકામાં ૫ અને ગીર સોમનાથમાં ૭ મળી હતી. એમાંથી બોટાદમાં એકે ફી ભરેલ નથી. દરેકમાં એક એક જણે ફી ભરી નથી, એટલે બાકીનામાં આપણે વિચારણા કરવાની થાય છે. એના પછી જે વ્યક્તિ પસંદ થાય તેને આપણે મેડિકલ કોલેજ બનાવવા માટેની પરવાનગી આપીશું. એન.ઓ.સી. આપીશું. બાકીના જે ૬ જિલ્લા છે તે પણ મેડિકલ કોલેજ બનાવવા પાત્ર વિસ્તાર તરીકે આપણે એને ગણ્યા છે. જેની અરજીઓ મેળવવા માટેની જાહેરાત આપણે આપવાના છીએ.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇનો અને મંત્રીશ્રીનો આભાર માનું છું કે મોરબી મેડિકલ કોલેજ આપી. લગભગ રૂ.૫૦૦ કરોડના ખર્ચે સરકારી મેડિકલ કોલેજ થાય છે. બીજું જે નવી એમ.બી.બી.એસ. મેડિકલ કોલેજ હોય અને જૂની હોય, એને ૫ વર્ષ પૂરાં થઇ ગયાં હોય. એને એક વર્ષની ટ્રેનિંગ ત્યાં ને ત્યાં જ કરવાની હોય છે. માનો કે મારે બે વર્ષ થયાં અને જૂનાગઢમાં પાંચ વર્ષ થયાં. એમાં ડોકટરની એક વર્ષની ટ્રેનિંગ ત્યાં કરવાની હોય તો એમાં વધારાના ડોકટર હોય તો એને બીજે મૂકવા માગો છો કે નહીં?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ સતત ચાલતી પ્રક્રિયા છે. ડોકટરોની ફેરબદલી અને એ બધું થતું રહેતું હોય છે. વહીવટી પ્રક્રિયાનો એ ભાગ છે.

શ્રી કાન્તિલાલ શિ. અમૃતિયા : માનનીય અધ્યક્ષશ્રી, ડોકટરોની તો બદલી થતી હોય, પણ એમ.બી.બી.એસ.ના પાંચ વર્ષ પૂરાં થયાં હોય પછી એક વર્ષ જે ડોકટરને ઇન્ટર્નશીપ હોય, એમાં ઇન્ટર્નશીપમાં માનો કે વધારે ડોકટરો હોય અને નવી કોલેજ થઇ હોય, બે વર્ષ થયાં હોય, તો ત્યાંથી એમને ઇન્ટર્નશીપ માટે બીજા જિલ્લામાં મૂકવા માગો છો કે કેમ?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્ટર્નશીપની વાત છે અને ઇન્ટર્નશીપ મોટા ભાગે જે તે કોલેજમાં કરવાની થતી હોય પરંતુ એમનું જે કહેવું છે એને ટ્રેનિંગ આપણે આપી શકીએ પણ બોન્ડનો જે વિષય છે તો બોન્ડની અંદર એક વર્ષ જેણે સરકારી લાભ લીધો હોય, ફીમાં રાહત મળી હોય, સરકારી કોલેજમાં હોય, જી.એમ.ઇ.આર.એસ.માં અથવા તો બીજી કોઇ કોલેજની અંદર એ ભણતો હોય અને આપણી સરકારી યોજનાઓનો લાભ લીધો હોય તો એને પણ એક વર્ષનો બોન્ડ ફરજિયાત કર્યો છે અને એ પ્રમાણે આપણે પ્રાથમિક દવાખાનાની અંદર મૂકતા હોઇએ છીએ અને ઇન્ટર્નશીપમાં પણ ટ્રેનિંગ આપી શકાય.

અધ્યક્ષશ્રી : શ્રી કાંતિભાઇ, તમારે તો બધું મળી જ જાય છે.

શ્રી યોગેશ આર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો હું ગુજરાતના મૃદુ અને મક્કમ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનું છું આરોગ્ય મંત્રીશ્રીએ જે જાહેરાત કરી કે દરેક જિલ્લામાં મેડિકલ કોલેજ આપવાની છે તો હું જયાંથી આવું છું એ આણંદ બહુ જ મોટું શૈક્ષણિક હબ છે તો અમને અગ્રતાક્રમ આપવામાં આવે અને મારો બીજો પ્રશ્ન છે કે રાજયમાં તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર સ્નાતકની તથા અનુસ્નાતકની બેઠકોમાં કેટલો વધારો થયો છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું એમ એક પણ જિલ્લો શ્રી અમિતભાઇ અને શ્રી યોગેશભાઇ આપણે છોડવાનો નથી. આપના આણંદમાં પણ જે સોસાયટી એ એઝ વેલ એઝ સરકારી જ છે કે જેની અંદર બધી જ યોજનાનો સરકારની સ્કોલરશિપનો લાભ મળે છે. ગરીબ વિદ્યાર્થીઓને કયાંય અન્યાય ના થાય અને જે ફી ભરી શકે એમ હોય એ ફી ભરી શકે. વિદ્યાર્થી હોય તો એને ફી ભરવા દેવી જોઇએ. આની અંદર ગરીબ વિદ્યાર્થીઓ છે એ શિક્ષણથી વંચિત ન રહે, ડોકટર બનવાથી વંચિત ના રહે એના માટે આપણે ચિંતા કરવી જોઇએ અને એના માટે રાજય સરકાર ચિંતા કરી રહી છે. હાલ જે એમણે કહ્યું કે આપણી ૬ સરકારી મેડિકલ કોલેજ, ૧૩ જી.એમ.ઇ.આર.એસ., ૨૦ સ્વનિર્ભર અને ૧ એઇમ્સ એમ આપણી કુલ કુલ ૪૦ મેડિકલ કોલેજો કાર્યરત છે અને સ્નાતકની બેઠકોમાં છેલ્લાં બે વર્ષની અંદર વર્ષ ૨૦૨૨-૨૩માં સરકારીમાં એક પણ વધી નથી. સન ૨૦૨૩-૨૪માં પણ એક પણ વધી નથી અને બાકીનામાં પણ વધી નથી. એન.એમ.સી.ના નોર્મ્સ હોય છે કે આટલી જ સીટો મળે, એનાથી વધારે ના મળે, સરકારી જેટલી પણ મેડિકલ કોલેજ છે અને એ સીટોની દ્દષ્ટિએ અને એન.એમ.સી.ના નોર્મ્સની દ્દષ્ટિએ સેચ્યુરેટ થઇ છે એટલે એનાથી સીટો વધી શકે એમ નથી એટલે ત્યાં સીટો વધી નથી. જી.એમ.ઇ.આર.એસ.માં આપણે ગયા વર્ષે જે ૫ મેડિકલ કોલેજ ઊભી કરીએ છીએ એમાં કુલ ૫૦૦ વધી, સ્વનિર્ભરમાં ૧૫૦ વધી, સન ૨૦૨૨-૨૩નો વધારો, ૨૦૨૩-૨૪માં ૭૦૦નો થયો અને કુલ ૮૫૦ અને એઇમ્સની અંદર ૫૦ સીટથી શરૂ થયેલી છે એટલે ભવિષ્યમાં ત્યાં આગળ વધશે. આમ સન ૨૦૨૨-૨૩માં ૬૫૦ અને ૨૦૨૩-૨૪માં ૭૦૦ એમ ૧૩૫૦ સીટો આપણે ત્યાં વધી છે અને અનુસ્નાતકની અંદર સૌથી વધારે જો સરકારને મુશ્કેલી પડતી હોય તો એ વર્ગ-૧ ના ડોકટરો એમ.ડી., એમ.એસ. જે સ્પેશિયાલિસ્ટ કહેવાય એવા ડોકટરોની આપણને તકલીફ પડતી હોય છે. એના માટે મેં પહેલાં પણ કહ્યું કે સરકારે રોડમેપ બનાવ્યો છે. અત્યારે સરકારીની અંદર કુલ ૨૧૬ જી.એમ.ઇ.આર.એસ.માં ૨૭, સન ૨૦૨૩-૨૪માં વધી, સ્વનિર્ભરમાં સન ૨૦૨૨-૨૩માં ૧૧૭ અને ૨૦૨૩-૨૪ની અંદર ૧૭૧ આમ ૫૩૧ છેલ્લાં બે વર્ષમાં પી.જી.માં વધારો થયો છે. આમાં ડી.એન.બી.ને ડિપ્લોમા કોર્સીસને આપણે નથી ગણતા, પરંતુ ડિપ્લોમા કોર્સીસ વત્તા સી.પી.એસ. આ જે પ્રોજેકશન છે એમાં સી.પી.એસ.ને હાલ નથી ગણતા, પરંતુ પી.જી.ની સીટો એ આવતા સમયની અંદર લગભગ ૩૫૦૦ થાય એ પ્રકારનું રાજય સરકારે વર્કઆઉટ કર્યું છે, પ્રોજેકશન બનાવ્યું છે કે સન ૨૦૨૭ આવે એ વખતે ૩૫૦૦ સીટો હાલના એન.એમ.સી.ના નોર્મ્સ પ્રમાણે આપણને મળે, કાલે ઉઠીને એન.એમ.સી. પોતાના નોર્મ્સ રીલેકસ કરે તો એમાં આ સીટોનો પણ વધારો થઇ શકે છે.

અધ્યક્ષશ્રી : શ્રી અમિતભાઇ, તમારો પ્રશ્ન હવે છે એમાં તો વગર માંગે આપ્યું છે. માંગે તો મા આપે, માનનીય ભૂપેન્દ્રભાઇની સરકાર તો વગર માંગે તમને કોલેજ આપવાની વાત કરી છે. આપનો વિષય આવી ગયો હવે રહેવા દો, બધું આવી ગયું.

**રાજયમાં સરકારી ઇજનેરી કોલેજોનું સંવર્ગવાર મંજૂર મહેકમ**

*15/4/2589 **શ્રી અરવિંદભાઇ જીણાભાઇ લાડાણી** (માણાવદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે:-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં કેટલી સરકારી ઇજનેરી કોલેજો આવેલી છે, | (૧) | ૧૬ (સોળ) |
| (૨) | ઉક્ત કોલેજવાર સંવર્ગવાર મંજૂર મહેકમ પૈકી કેટલી જગ્યાઓ સંવર્ગવાર ભરાયેલ અને કેટલી જગ્યાઓ ખાલી છે, | (૨) | પત્રક-અ મુજબ |
| (૩) | ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને | (૩) | વહીવટી કારણોસર |

(૪) આ ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે? (૪) બનતી ત્વરાએ.

**પત્રક–અ**

| ક્રમ | સંસ્થાનું નામ | વર્ગ–૧ | | | વર્ગ–૨ | | | વર્ગ–૩ | | | વર્ગ–૪ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી | મંજૂર | ભરેલી | ખાલી |
| ૧ | સરકારી ઇજનેરી કોલેજ,ભરૂચ | ૩૮ | ૭ | ૩૧ | ૯૨ | ૮૩ | ૯ | ૧૦ | ૩ | ૭ | ૩ | ૦ | ૩ |
| ૨ | સરકારી ઇજનેરી કોલેજ,ભાવનગર | ૨૨ | ૭ | ૧૫ | ૭૯ | ૬૭ | ૧૨ | ૧૧ | ૨ | ૯ | ૭ | ૨ | ૫ |
| ૩ | સરકારી ઇજનેરી કોલેજ, ભુજ | ૨૩ | ૬ | ૧૭ | ૭૨ | ૪૫ | ૨૭ | ૯ | ૭ | ૨ | ૫ | ૪ | ૧ |
| ૪ | સરકારી ઇજનેરી કોલેજ, દાહોદ | ૧૯ | ૧૦ | ૯ | ૫૬ | ૫૩ | ૩ | ૧૬ | ૮ | ૮ | ૫ | ૨ | ૩ |
| ૫ | સરકારી ઇજનેરી કોલેજ,ગાંધીનગર | ૩૫ | ૧૨ | ૨૩ | ૧૧૩ | ૧૦૬ | ૭ | ૨૧ | ૧૦ | ૧૧ | ૨ | ૧ | ૧ |
| ૬ | સરકારી ઇજનેરી કોલેજ,ગોધરા | ૮ | ૨ | ૬ | ૨૮ | ૪૪ | -૧૬ | ૧૫ | ૮ | ૭ | ૨ | ૨ | ૦ |
| ૭ | સરકારી ઇજનેરી કોલેજ,મોડાસા | ૩૭ | ૧૬ | ૨૧ | ૧૨૭ | ૮૨ | ૪૫ | ૩૨ | ૧૧ | ૨૧ | ૧૩ | ૩ | ૧૦ |
| ૮ | સરકારી ઇજનેરી કોલેજ,પાલનપુર | ૧૦ | ૨ | ૮ | ૩૭ | ૩૮ | -૧ | ૧૨ | ૯ | ૩ | ૬ | ૧ | ૫ |
| ૯ | સરકારી ઇજનેરી કોલેજ,પાટણ | ૨૭ | ૫ | ૨૨ | ૮૩ | ૫૫ | ૨૮ | ૧૦ | ૯ | ૧ | ૫ | ૦ | ૫ |
| ૧૦ | સરકારી ઇજનેરી કોલેજ,રાજકોટ | ૩૬ | ૧૩ | ૨૩ | ૧૧૧ | ૮૯ | ૨૨ | ૧૯ | ૧૦ | ૯ | ૯ | ૩ | ૬ |
| ૧૧ | સરકારી ઇજનેરી કોલેજ,સુરત | ૨૧ | ૮ | ૧૩ | ૫૦ | ૪૭ | ૩ | ૧૨ | ૭ | ૫ | ૦ | ૦ | ૦ |
| ૧૨ | સરકારી ઇજને કોલેજ,વલસાડ | ૨૮ | ૫ | ૨૩ | ૭૫ | ૬૯ | ૬ | ૧૨ | ૪ | ૮ | ૫ | ૧ | ૪ |
| ૧૩ | એલ.ડી. ઇજનેરી કોલેજ, અમદાવાદ | ૯૮ | ૬૦ | ૩૮ | ૨૨૦ | ૨૧૩ | ૭ | ૧૨૩ | ૩૪ | ૮૯ | ૯૬ | ૧૨ | ૮૪ |
| ૧૪ | એલ.ઇ.કોલેજ, મોરબી | ૪૩ | ૧૨ | ૩૧ | ૯૪ | ૭૩ | ૨૧ | ૧૦૦ | ૧૭ | ૮૩ | ૮૦ | ૨૦ | ૬૦ |
| ૧૫ | શાંતિલાલ શાહ ઇજનેરી કોલેજ, ભાવનગર | ૩૫ | ૧૮ | ૧૭ | ૯૦ | ૭૯ | ૧૧ | ૩૭ | ૧૬ | ૨૧ | ૧૬ | ૪ | ૧૨ |
| ૧૬ | વી.જી.ઇ.સી ચાંદખેડા | ૫૪ | ૩૧ | ૨૩ | ૧૪૦ | ૧૩૧ | ૯ | ૩૬ | ૨૦ | ૧૬ | ૬ | ૪ | ૨ |
| | અન્ય* | ૦ | ૪ | -૪ | | | | | | | | | |
| | | ૫૩૪ | ૨૧૮ | ૩૧૬ | ૧૪૬૭ | ૧૨૭૪ | ૧૯૩ | ૪૭૫ | ૧૭૫ | ૩૦૦ | ૨૬૦ | ૫૯ | ૨૦૧ |

* ૧ અધિકારી આચાર્ય એમ.સી.એ. કૉલેજ મણીનગર અને 3 અધિકારી વડી કચેરી, ગાંધીનગર ખાતે ફરજ બજાવે છે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ગુજરાત રાજયની અંદર સરકારી ઇજનેરી ૧૬ કોલેજો આવેલી છે. એમાં વર્ગ–૧, ૨, ૩ અને ૪ ની કુલ ૧૦૧૦ જગ્યા ખાલી છે એ કયારે ભરવામાં આવશે? અને બીજો મારો પ્રશ્ન છે જૂનાગઢ જિલ્લો છે એ ગીર સોમનાથ, જૂનાગઢ અને પોરબંદર એ ત્રણેય વચ્ચે બનેલો હતો. આ ત્રણેય જિલ્લા આજે અલગ થઇ ગયા છતાં પણ ત્રણમાંથી એક પણ જિલ્લાની અંદર સરકારી ઇજનેરી કોલેજ નથી તો નવી બનાવવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછયો છે કે વર્ગ–૧, ૨ અને ૩ની અંદર ખાલી જગ્યાઓ કયારે ભરવામાં આવશે? સરકારી કોલેજની અંદર વર્ગ–૧, ૨ અને ૩ જે નીતિ નિયમો પ્રમાણે રૂટીન પ્રક્રિયા પ્રમાણે આપણે પ્રધ્યાપકોની ભરતી કરતા હોઇએ છીએ, ત્યારે રાજય ઇજનેરી કોલેજ વર્ગ–૩ની મંજૂર, ભરેલી જગ્યાઓ છે એમાં મંજૂર થયેલી વર્ગ–૩ની ૪૭૫ છે અને બાકી રહેલી જે ૨૨૯ જગ્યા માગણાપત્રક સાથે આપવામાં આવેલી છે. વર્ગ–૩ની અંદર આવતા કર્મચારી ઉચ્ચ અભ્યાસ માટે, રાજીનામા અગર એમને સારી તક મળવાથી અવારનવાર જગ્યાઓ ખાલી પડતી હોય છે અને આ એક રૂટીન પ્રક્રિયા છે. વર્ગ–૨ની વિદ્યાશાખા મંજૂર કરેલી, ભરેલી ખાલી જગ્યાઓની જો વાત કરીએ તો વર્ગ–૨ ની અંદર બઢતીના ક્રમાંકથી જોતા માગણાપત્રક સાથે જયારે આપણે માગણી કરતા હોઇએ છીએ ત્યારે જે ફેકલ્ટી છે એના પૂરેપૂરા આપણને માનો કે ૨૪ વાર અધ્યાપકોની મંજૂરી માટે પ્રયત્ન કર્યો છે, પરંતુ એ ૨૪માંથી જે ફેકલ્ટી છે, જયાં નવા અભ્યાસક્રમો છે. ત્યાં આપણને અવારનવાર માગણી કરવા છતાં મળી નથી. પરંતુ ક્રમશઃ પ્રમાણે આ માગણીને આધારે આગળ ભરવાની પ્રક્રિયા શરૂ કરીશું.

## તારાંકિત પ્રશ્નો

ડો. પ્રદ્યુમન ગ. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ આ સરકારી ઇજનેરી કોલેજોમાં મહેકમની માહિતી કોલેજવાર આપી છે ત્યારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ કોલેજમાં સહાયક પ્રધ્યાપક વર્ગ–૨ની વિદ્યાશાખાવાર મંજૂર, ખાલી અને ભરેલી જગ્યાની સ્થિતિ શું છે?

શ્રી પ્રફુલભાઇ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, ભરેલી અને ખાલી જગ્યામાં સહાયક પ્રધ્યાપક વર્ગ–૨ની સ્થિતિ આ પ્રમાણે છે. એપ્લાઇડ મિકેનિકસની અંદર ૮૧ મંજૂર થયેલી છે અને ૭૭ ભરેલી છે. ઓટોમોબાઇલ એન્જિનિયરની અંદર ૩૦ માંથી ૧૨ ભરેલી છે. બાયો મેડિકલ એન્જિનિયરિંગમાં ૨૬માંથી ૧૭ ભરેલી છે. કેમિકલ એન્જિનિયરિંગમાંથી ૫૩માંથી ૫૦ ભરેલી છે. રસાયણશાસ્ત્રમાંથી ૧૧ માંથી ૧૧ ભરેલી છે. સિવિલ એન્જિનિયરિંગમાંથી ૧૨૭માંથી ૯૨ ભરેલી છે. કમ્પ્યુટર એન્જિનિયરિંગમાં ૧૩૦માંથી ૧૨૧ ભરેલી છે. ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગમાં ૧૭૦માંથી ૧૬૮ છે. ઇલેક્ટ્રોનીકસ એન્ડ કોમ્યુનિકેશન એન્જિનિયરિંગમાં ૧૪૭માંથી ૧૪૫ ભરેલી છે. અંગ્રેજીમાં ૪૪માંથી ૩૨ છે. પર્યાવરણ એન્જિનિયરિંગમાં ૨૩માંથી ૧૫ છે. ભૂસ્તરશાસ્ત્રની અંદર ૪ માંથી ૨, ઔદ્યોગિક એન્જિનિયરિંગમાં ૪માંથી ૨, ઇન્ફર્મેશન ટેકનોલોજીમાં ૯૦માંથી ૬૭, ઇન્સ્ટ્રુમેન્ટ એન્ડ કન્ટ્રોલ એન્જિનિયરિંગમાં ૪૯માંથી ૪૬, ગણિતશાસ્ત્રમાં ૯૦માંથી ૯૨, મિકેનીકલ એન્જિનિયરિંગમાં ૨૭૨માંથી ૨૫૩, મેટલર્જીમાં ૯માંથી ૧૦, માઇનિંગ એન્જિનિયરિંગમાં ૧૨માંથી ૩, ભૌતિક શાસ્ત્રમાં ૩૦માંથી ૩૦, પ્લાસ્ટિક ટેકનોલોજીમાં ૪માંથી ૩, પાવર ઇલેકટ્રોનિકસમાં ૧૨માંથી ૧૨, પ્રોડકશન એન્જિનિયરિંગમાં ૨૨માંથી ૨૨, રબર ટેકનોલોજીમાં ૬માંથી ૫, ટેક્સટાઇલ ટેકનોલોજીમાં ૧૧માંથી ૬. આમ ૧૪૬૭માંથી ૧૨૭૪ જગ્યા ભરેલી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇ. એન્જિનિયર છે એટલે તેમને તક આપું છું. તમે પણ એન્જિનિયર છો? તમને પણ આપીશ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જે જવાબ આપ્યો છે તેમાં વર્ગ–૧ની જગ્યાઓ છે તે ૫૩૪માંથી ૩૧૬ જગ્યા ખાલી છે. એટલે ૬૫ ટકા જગ્યા વર્ગ–૧ એટલે કે, એસોસીએટ પ્રોફેસરની ખાલી છે. વર્ગ–૨માં જે સહાયક અધ્યાપકો હોય છે તેમાં ૧૪૬૭ જગ્યામાંથી ૧૯૩ જગ્યાઓ ખાલી છે. વર્ગ–૩માં ૪૭૫ જગ્યાઓમાંથી ૩૦૦ જગ્યાઓ એટલે કે લગભગ ૭૦ ટકા જગ્યાઓ ખાલી છે. વર્ગ–૪માં તો લગભગ બધી જ ખાલી કહી શકાય તેમ છે. ૨૬૦માંથી ૨૦૧ જગ્યા ખાલી છે. આમાં પણ જે દૂરની કોલેજો છે, અમદાવાદ, વડોદરા, સુરત કે રાજકોટ સિવાયની કોલેજો છે તેમાં મોટાપાયે જગ્યાઓ ખાલી રહે છે.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આપ પ્રશ્ન ઉપર આવો.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કહેવા એ જતો હતો કે, અત્યારે મેડિકલ કોલેજોમાં અધ્યાપકો મેળવવા થોડી ક તકલીફ પડે છે, પણ આમાં એસોસીએટ પ્રોફેસરો માટે એવી બહુ મુશ્કેલી હોય તેવું કોઇ માનવાને કારણ નથી. આને કારણે વિદ્યાર્થીઓની ગુણવત્તા ઉપર અસર થાય છે. હજારો વિદ્યાર્થીઓ, યુવાનો, એન્જિનિયરો અત્યારે બેકાર ફરે છે. મારી આપના મારફતે માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, એક ઝુંબેશ શરૂ કરીને આ જે અધ્યાપકો અને ટેકનિશિયનોની જગ્યાઓ છે, ખાસ કરીને દૂરની કોલેજોની જગ્યાઓ ખાલી છે તે તાકીદે ભરવા માગો છો કે કેમ? ત્યાં આગળ ઉમેદવારો મળવામાં મુશ્કેલી હોય તો તેને સ્પેશિયલ પેકેજ આપીને, જે રીતે જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કોલેજોમાં પ્રોફેસરો નથી મળતા ત્યાં આપણે વધારે પગાર આપીને મેળવીએ છીએ. તો જે દૂરની કોલેજો છે તેમાં ભરતી કરવા માગો છો કે કેમ? જેનાથી આપણા વિદ્યાર્થીઓની ગુણવત્તા સારી રહે અને તેઓ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ કોમ્પિટ કરી શકે.

અધ્યક્ષશ્રી :રિમોટ એરિયામાં હાઇ પ્રાયોરિટી આપવાની વાત છે.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછયો છે કે, ફેકલ્ટી પ્રમાણે જગ્યાઓ ખાલી છે. એઆઇસિટીઇના ધારાધોરણ પ્રમાણે જે સ્ટાન્ડર્ડ છે તે મુજબ ફેકલ્ટી સ્ટુડન્ટ રેશિયો ૧:૨૦નો છે. હાલ આપણો ટેકનિકલ શિક્ષણનો ગુજરાત રાજ્યનો રેશિયો ૧:૧૮ છે. ૧૮ સ્ટુડન્ટે એક પ્રાધ્યાપકની આપણે ત્યાં વ્યવસ્થા છે. જ્યારે આપણા ધારાધોરણ પ્રમાણે ૧:૨૦નો રેશિયો છે. તેની જગ્યાએ આપણે ત્યાં ૧:૧૮ છે. ઓલઓવર ગણીએ તો સ્ટુડન્ટની કમ્પેરિઝનમાં પ્રાધ્યાપકોની સંખ્યા બેસ્ટ સ્ટુડન્ટસ માઇનસ કરીએ તો પણ બરાબર છે. માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે કે, જે ફેકલ્ટી ખાલી છે અથવા તો ઘણી જગ્યાએ એક કોલેજની અંદર રેશિયો બરાબર હોય અને અંતરિયાળ કોલેજની અંદર રેશિયોની ઘટ હશે તો ચોક્કસ પ્રકારે સરકાર તેમાં આગળ કાર્યવાહી કરશે.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ અને શિક્ષણ વિભાગને ખૂબ ખૂબ અભિનંદન આપું છું કે, જૂનાગઢ જિલ્લાની અંદર ચાર યુનિવર્સિટી છે. નાનો વિસ્તાર હોવા છતાં બે સરકારી અને બે પ્રાઇવેટ યુનિવર્સિટી છે. હમણાં છેલ્લે નરસિંહ મહેતા યુનિવર્સિટીની અંદર નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય રિસર્ચ સેન્ટર માટે ૧૫ કરોડ રૂપિયાના ખર્ચે આદરણીય મંત્રીશ્રી મૂળુભાઇ બેરાના હસ્તે ખાતમૂહુર્ત થયું છે. નરસિંહ મહેતાના જીવન ઉપર રિસર્ચ કરવાનું માનનીય ભૂપેન્દ્રભાઇ પટેલની સરકાર અભિયાન ઉપાડી રહી છે ત્યારે ધન્યવાદ પાઠવું છું.

અધ્યક્ષશ્રી :આપ પ્રશ્ન હોય તે પૂછો.

શ્રી સંજય સુ. કોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, જૂનાગઢની બાઉદ્દીન સરકારી કોલેજની અંદર માનનીય મંત્રીશ્રી પણ મુલાકાત કરી ગયા છે. રાજ્ય સરકારે તેને હેરિટેઝ પ્રોપર્ટી ઘોષિત કરી છે અને બેસ્ટ

આર્કિટેકચરનું ઉદાહરણ આ કોલેજ છે. તે કોલેજમાં રિનોવેશનની જરૂરિયાત છે, દેશની આઝાદી સાથે આ કોલેજ જોડાયેલી છે તો તેનું રિનોવેશન કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ બાઉદ્દીન કોલેજ મેં જોઇ છે. એક હેરિટેઝ બાંધકામ સ્ટ્રકચર છે. ગયા વખતે આપણે હેરિટેઝની ગ્રાન્ટ જે ફાળવેલી હતી તેમાંની આ બાઉદ્દીન કોલેજ હતી. ક્રમશ આગળ જે કંઇ કરવાની જરૂરિયાત હશે તેના માટે માનનીય સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અર્જુનભાઇએ કહ્યું તેમ ખૂબ જગ્યાઓ લાંબા સમયથી ખાલી છે. ગયા વર્ષની પ્રશ્નોતરીના જવાબની આજના જવાબ સાથે સરખામણી કરીએ તો વર્ષ ૨૦૨૨ અને ૨૦૨૩ના વર્ષની સરખામણી કરીએ વર્ગ–૧ની ૩૦૦ જગ્યાઓ ગયા વર્ષે ખાલી હતી જે આ વર્ષે ૩૧૬ ખાલી છે એટલે ૧૬ ખાલી જગ્યાનો વધારો થયો. વર્ગ–૨ની ૧૭૫ ખાલી હતી જે આ વર્ષે ૧૯૩ થઇ એટલે એમાં પણ વધારો થયો. વર્ગ–૩ની જગ્યાઓ ૨૯૮ હતી એ ૩૦૦ થઇ એટલે એમાં પણ વધારો થયો અને વર્ગ–૪ની ૧૭૯ હતી એ ૨૦૧ થઇ એટલે અમાં પણ વધારો થયો.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ૨૭ વર્ષના શાસન પછી બધા જિલ્લાઓમાં સરકારી કોલેજ નથી ખોલી એનો સ્પષ્ટ સંકેત છે કે, સરકાર ખાનગીકરણને પ્રોત્સાહન આપે છે અને જે સરકારી કોલેજો ભૂતકાળની સરકારો ખોલીને ગઇ છે એ વિદ્યાર્થીને સસ્તુ, સારું અને ઉચ્ચ શિક્ષણ મળે ત્યાં પણ આપણે ભરતી નહીં કરીને આ કોલેજો ક્રમશઃ બંધ થઇ જાય એવી રીતે સંચાલન કરીએ છીએ, ત્યારે માનનીય મંત્રીશ્રીને મારે એટલું જ પૂછવું છે કે, આ ખાલી જગ્યાઓમાં વધારો થયો છે, કદાચ અહીંયા અત્યારે તમારી પાસે માહિતી ન હોય તો પછી આપે કે, એક વર્ષ કરતા વધારે સમયથી કેટલી જગ્યાઓ ખાલી છે? બે વર્ષથી કેટલી જગ્યા ખાલી છે? અને બે વર્ષ કરતા વધારે સમયથી કેટલી જગ્યા ખાલી છે એની માહિતી પત્રકના રૂપમાં શક્ય હોય તો અમને પૂરી પાડે? બીજું કે જે બાકી જિલ્લાઓ છે, શ્રી અરવિંદભાઇની લાગણી એટલી જ હતી કે જે નવા જિલ્લા બન્યા છે, જે જિલ્લામાં સરકારી એન્જિનિયરીંગ કોલેજો નથી એ જિલ્લામાં કોલેજો ખોલવા માગો છો કે કેમ?

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ પ્રશ્ન પૂછ્યો છે કે, પ્રધ્યાપકોની ખાલી જગ્યામાં વધારો કેમ થયો? પણ એનું કારણ છે કે, નિવૃત્તિ, રાજીનામા, મૃત્યુ એવા કારણે આ ખાલી રહી છે પરંતુ મેં જ્યારે વાત કરી એ પ્રમાણે રેશિયો છે એ ૧૮:૧નો છે પણ આપણો સ્ટાન્ડર્ડ રેશિયો ૨૦:૧ છે. માનનીય સભ્યશ્રીએ સરકારી કોલેજની વાત કરી પરંતુ આપણા ગુજરાતમાં વંચિત અને અંત્યોદયનો એક પણ વિદ્યાર્થી ફી વાંકે અભ્યાસ વગર ન રહે એ પ્રકારની રાજય સરકાર સ્કોલરશિપ આપે છે. મારે યાદ અપાવવું છે કે, વર્ષ ૨૦૦૧માં ૧૩ યુનિવર્સિટી હતી આજે ૧૦૮ યુનિવર્સિટી છે. જે પ્રાઇવેટમાં ભણવા જાય છે એની સ્કોલરશિપની વ્યવસ્થા પણ રાજય સરકાર કરી રહી છે.

**અભિલેખાગાર દ્વારા પી.જી.ડિપ્લોમા ઇન આર્કાઇવ્ઝ માટે એમ.ઓ.યુ.**

*** 15/4/2164 શ્રી સંદિપ દેસાઇ (ચોર્યાસી): માનનીય સાંસ્કૃતિક પ્રવૃત્તિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ–**

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત રાજ્ય અભિલેખાગાર દ્વારા કોઇ સંસ્થા સાથે પી.જી.ડિપ્લોમા ઇન આર્કાઇવ્ઝ માટે એમ.ઓ.યુ. થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) | હા, કૌશલ્યા ધ સ્કીલ યુનિવર્સિટી અમદાવાદ સાથે |
| (૨) | જો હા તો, આ એમ.ઓ.યુ. અંતર્ગત કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ કરવામાં આવેલ છે, અને | (૨) | ૧૯ વિદ્યાર્થી (તાલીમાર્થી) |
| (૩) | આ અંગેની ટ્રેનીંગમાં કેટલું સ્ટાઇપન્ડ આપવામાં આવશે? | (૩) | દરેક વિદ્યાર્થીને રૂ.૧૨૦૦૦/– લેખે (છ માસ માટે) |

શ્રી સંદીપ દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ગુજરાત રાજયમાં કેટલી અભિલેખાગાર કચેરીઓ આવેલી છે અને, તેમાં કેવા પ્રકારની કામગીરી થાય છે?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં અભિલેખાગારની વડી કચેરી ગાંધીનગર ખાતે આવેલી છે અને કુલ ૬ કચેરીઓ છે એ પ્રાન્તિય કચેરીઓ છેઃ વડોદરા, રાજકોટ, જામનગર, જૂનાગઢ, ભાવનગર અને પોરબંદર એમ કુલ ૬ પ્રાન્તિય કચેરીઓ છે. બીજાં રાજયો કરતા આપણી અભિલેખાગારની જે કચેરીઓ છે એનું મહત્ત્વ ખૂબ વધારે છે કેમ કે, આપણે અહીંયા ૫૮૨ દેશી રજવાડાઓ હતા અને એમાંથી ૨૬૨ જેટલા રજવાડાઓ ગુજરાતમાં હતા. એમાંથી ૬થી ૭ રજવાડા પ્રથમ વર્ગના હતા, બીજા અને ત્રીજા વર્ગના ૧૫૦ રજવાડાઓ હતા. આ રજવાડાઓ વહીવટ અને વિકાસની દૃષ્ટિએ ખૂબ જ સમૃદ્ધ હતા, જેના લીધે તેમના વહીવટી દફતરો લાખોની સંખ્યામાં આ ખાતાની કચેરીઓમાં સંગ્રહાયેલા છે. આ

બધા દફતરો વહીવટી અને આર્કાઇવ્ઝની દૃષ્ટિએ કાયમી ધોરણે સાચવવા પાત્ર છે. ગુજરાત શૈક્ષણિક સંસ્થાઓ, યુનિવર્સિટીઓ, મહાવિદ્યાલયો, સંશોધન કેન્દ્રની મદદ માટે આર્કાઇવ્ઝના માર્ગદર્શન અને માહિતી માટે એ ખૂબ મહત્ત્વ ધરાવે છે. આ કચેરીઓની કામગીરીની વાત કરું તો વડોદરા, રાજકોટ, ભાવનગર, જૂનાગઢ, જામનગર અને પોરબંદર આ બધી જ કચેરીઓમાં અતિ મૂલ્યવાન દસ્તાવેજોની સાચવણી કરવામાં આવે છે. આ બધી જ કચેરીઓની વૈજ્ઞાનિક ઢબે જાળવણી કરીને ખાતાના વડાને દફતરની જાળવણી અંગે સલાહ–સૂચનો આપવા,રેકર્ડમાંથી માહિતી માગે તે પૂરી પાડવી અને તેને પ્રમાણિત કરી નકલ આપવી. ઐતિહાસિક સંશોધન માટે સંશોધક લોકોને નિયમોની મર્યાદામાં રેકર્ડની સૂચિ તૈયાર કરવી. સંશોધન અને સંશોધકોને પ્રોત્સાહન આપવા માટેની સવલતો, રેકર્ડની માઇક્રો ફિલ્મ તૈયાર કરવી. ખાનગી સંસ્થાઓ અને વ્યકિતઓ પાસે જે ખાનગી રેકર્ડ હોય તેની મોજણી કરી અને મહત્ત્વના રેકર્ડ ભેટ સ્વરૂપે નકલ પણ આપી શકાય અને ખરીદીને લઇ પણ જઇ શકે, લોકોમાં દફતર સંગ્રહનું મહત્ત્વ અને જાગૃતિ કેળવવા માટે સાંસ્કૃતિક, રાજકીય, સામાજિક, આર્થિક અને ધાર્મિક દસ્તાવેજો અને ઐતિહાસિક વારસાની જાળવણી કરવા માટે આ બધી કચેરીઓ કામ કરે છે. આ જો ઇતિહાસ ના હોય તો કાલે આપણે જોયું ૩૭૦ની કલમ હટાવવામાં જો પહેલાનો ઇતિહાસ ના બન્યો હોત તો ઘણી જે મુશ્કેલીઓ હતી તે આ અભિલેખાગારની કચેરી જ છે કે જેમાં વર્ષો જૂનો ઇતિહાસ પડયો છે.

શ્રી મનુભાઇ એમ.પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી મારે માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, આ અભિલેખાગાર કચેરી દ્વારા શરૂ કરવામાં આવેલ પી.જી.ડિપ્લોમાં ઇન આર્કાઇવ્ઝ કોર્સ વિશે માહિતી આપે?

શ્રી મુળુભાઇ હ. બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, આ આખો મહત્ત્વનો જે અભ્યાસ વર્ગ છે તે શરૂ કરવામાં આવ્યો છે. પી.જી.ડિપ્લોમાં ઇન આર્કાઇવ્ઝ કોર્સની માહિતી જે માગી છે તેમાં થોડીક વાત કરું તો આપણો દેશ વિશ્વગુરુનો સંકલ્પ સાકાર કરવા માટે ૫ ટ્રિલિયન અર્થતંત્રના સંકલ્પને સિદ્ધ કરવા માટે આપણા વડાપ્રધાનશ્રીએ જયારે વર્ષ–૨૦૨૦ની નવી શિક્ષણ નીતિ કૌશલ્ય શિક્ષણ સ્કિલ એજ્યુકેશન ઉપર વિશેષ ભાર મૂકયો છે. ભારતને આત્મનિર્ભર માટે અને યુવાનોને રોજગારીની સુવર્ણ તકો ઊભી થાય તેના માટે અભિલેખાગાર ખાતા દ્વારા ડિજિટલ ઇન્ડિયા અને સ્કિલ ઇન્ડિયાના સંકલ્પને સાકાર કરવા માટે આ અભ્યાસ વર્ગ શરૂ કર્યો છે અને વર્ષ–૨૦૨૩–૨૪માં ૧૯ વિદ્યાર્થીઓએ આ કોર્સમાં પ્રવેશ મેળવ્યો છે. છ મહિના થિયરીકલ અને છ માસ પ્રેકિટકલ શિક્ષણ આપવામાં આવે છે અને વિદ્યાર્થીઓને ૧૨ હજાર જેટલું સ્ટાઇપેન્ડ પણ આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે અભ્યાસ વર્ગ છે તેનાથી વિદ્યાર્થીઓને ખાસ કરીને અભિલેખાગાર માટેના કામનું પ્રેકિટકલ અને શૈક્ષણિક જ્ઞાન મળશે અને આ મેળવી તેમને રોજગારી પણ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને ભણતરની સાથે રોજગારી મળે એવા હેતુથી આ અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ અભિલેખાગાર આર્કાઇવ્ઝ વિશે જેટલી આપણામાં જાગૃતિ હોવી જોઇએ તે પ્રમાણમાં ઓછી છે અને તેને કારણે અગત્યના જે દસ્તાવેજો છે તે અજાણતા જ લોસ થઇ જાય છે એટલે રાજય સરકારને મારી વિનંતી છે અને પૂછવા માગું છું કે, આના માટે એક ઝુંબેશના રૂપમાં જે આપણા જૂના આર્કાઇવ્ઝ છે, તેને ડિજીટલાઇઝ કરી અને સાચવી રાખવાના અને તેને જો પ્રોસેસ કરવાની જરૂર પડે કારણ કે જૂના પેપરો હોય છે તેને પ્રોસેસ કરીને તેને સાચવવા માગો છો કે કેમ? અને સાથે સાથે જે અનઓફિશિયલ દસ્તાવેજો છે દા.ત. આપણા જે બારોટના ચોપડા હોય છે એ પણ પેઢીઓ જૂના હોય છે અને તેમાં પણ આપણા જે ભૂતકાળની અંદર જે તે વખતના રીતિ–રિવાજોથી માંડી અને કઇ કઇ પ્રથાઓ હતી, તેના અગત્યના ડોકયુમેન્ટસ છે તે ઉપરાંત મંદિરના પૂજારીઓ હોય છે તો એ પૂજારીઓ પાસે પણ જૂના ઘણા બધા દસ્તાવેજો હોય છે. દા.ત. દ્વારકામાં કોઇ બહારગામથી કે બીજાં રાજયોમાંથી આવે તો તેના જે પૂજારીઓ ગોત્ર પ્રમાણે તેની નોંધ રાખતા હોય છે કે તમારા વડવામાંથી કેવી રીતે આવ્યા હતા, કોણ કોણ આવ્યું હતું. દા.ત. દ્વારકાની અંદર એક મોતીલાલ નહેરૂના ધર્મપત્ની સ્વરૂપા કુમારી આવ્યા હતા તે રેકોર્ડ અમને બતાવવામાં આવ્યો હતો. તો એવા રેકર્ડને ડિજિટાઇઝ કરીને અને કેમિકલ પ્રોસેસ કરીને સાચવવા માટે કોઇ યોજના સરકાર લઇ આવવા માગે છે કે કેમ?

શ્રી મુળુભાઇ હ.બેરા (આયર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અર્જુનભાઇએ જે વાત કરી એમાં અત્યારે જે અભિલેખાગારની કચેરીઓ છે એમાં કેટલીક કચેરીઓમાં ૧૦૦ ટકા ડિજિટાઇઝેશન થઇ ગયું છે અને કેટલીક કચેરીઓમાં ૮૮ ટકા સુધીનું કામ પૂરું થઇ ગયું છે. અભિલેખાગારની કચેરીઓમાં આ બધા રેકર્ડની જાળવણી થાય એટલા માટે જામનગરમાં હમણાં જ નવું મકાન બનાવવાનું કામ પૂરું થયું છે. એવી જ રીતે રાજકોટમાં પણ કામ પૂરું થઇ ગયું છે. આમ, આ બધું રેકર્ડ જળવાય અને ડિજિટલ થાય એના માટે ખૂબ સારી કામગીરી અમારી અભિલેખાગાર કચેરીઓ કરી રહી છે.

અધ્યક્ષશ્રી : માનનીય અર્જુનભાઇએ જે વાત કરી એ પ્રમાણે એક વહીવંચા બારોટ સમાજ છે. એ લોકો વહી બનાવે છે. એમની ડેટા ડૉક્યુમેન્ટેશન કરવાની પદ્ધતિ બહુ સારી છે. એ પરંપરાગત રીતે ડૉક્યુમેન્ટેશન કરે છે. આવા કોઇ ડૉક્યુમેન્ટ હોય તો એને પણ સાચવી શકાય.

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ન્યારા એનર્જી લીમીટેડ કંપની દ્વારા થતા પ્રદૂષણની ફરિયાદો**

* **15/4/2456 શ્રી હેમંતભાઇ હરદાસભાઇ આહીર** (જામજોધપુર): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશો કે.-

# તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
# તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આવેલ ન્યારા એનર્જી લીમીટેડ કંપની દ્વારા હવા, પાણીનું પ્રદુષણ અને વેસ્ટનો નિકાલ યોગ્ય રીતે કરવામાં આવતો ન હોવા અંગેની કેટલી ફરિયાદો સરકારને મળી, | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ મળેલ ફરિયાદની કુલ સંખ્યા – ૧૪. |
| (૨) | મળેલ ફરિયાદ અન્વયે ક્યારે શું કાર્યવાહી કરવામાં આવી, અને | (૨) | ફરિયાદો સંદર્ભે કરેલ કાર્યવાહીની વિગત નીચે પ્રમાણે છે. |

| વર્ષ | કુલ મળેલ ફરિયાદ | સુધારાત્મક નોટિસ | કારણ દર્શક નોટિસ | ફરિયાદ દફ્તરે કરેલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૨૦૨૩ | ૧૧ | ૦૧ | ૦૨ | ૦૮ |

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કંપની સામે શાં પગલા લેવામાં આવ્યા? (૩)

| વર્ષ | કુલ મળેલ ફરિયાદ | સુધારાત્મક નોટિસ | કારણ દર્શક નોટિસ | ફરિયાદ દફ્તરે કરેલ |
|---|---|---|---|---|
| ૨૦૨૨ | ૦૩ | ૦૦ | ૦૦ | ૦૩ |
| ૨૦૨૩ | ૧૧ | ૦૧ | ૦૨ | ૦૮ |

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, નાયરા એનર્જી વિરુદ્ધ છેલ્લાં બે વર્ષમાં ૧૪ જેટલી હવા અને પાણીનું પ્રદૂષણ ફેલાવવા અંગેની અરજીઓ કરવામાં આવી. એમાં માત્ર ૩ અરજીઓમાં સુધારાત્મક નોટિસ આપી છે અને ૧૧ અરજીઓની તપાસ કર્યા વિના જ ફાઇલે કરી દેવામાં આવી. નાયરા એનર્જીની ચીમની દ્વારા પ્રદૂષણ ફેલાવવામાં આવે છે, જેને કારણે આજુ–બાજુના ખેતરોવાળા ખેડૂતો પોતાનો પાક નથી વાવી શકતા. એ લોકો એમનું પ્રદૂષિત કેમિકલવાળું જળ ભૂગર્ભમાં ઉતારી દે છે એના કારણે આજુ–બાજુના ઝાંખર, સિંગચ, મીઠોઇ ગામોમાં પીવાલાયક પાણી તો નથી પણ ખેતીના ઉપયોગમાં પણ ના લઇ શકે એવું પાણી થઇ ગયું છે. મારો પ્રશ્ન એ છે કે ગાંધીનગરથી વિજિલન્સની ટીમ મોકલી આ કંપની વિરુદ્ધ તપાસ કરાવવા માગો છો કે કેમ? અને બીજું કે જે કેમિકલયુક્ત પાણી છે એનો નિકાલ કંપનીએ જ્યાં કરવાનો હોય ત્યાં નિકાલ કરે છે કે ભૂગર્ભમાં ઉતારી દે છે, એ અંગેની તપાસ કરાવવા માગો છો કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યએ કહ્યું કે છેલ્લાં બે વર્ષમાં જે ૧૪ અરજીઓ આવી હતી. એમાંથી ૩ અરજીઓમાં આપણે તપાસ કરી છે અને બાકીની ૧૧ અરજીઓ દફતરે કરી છે. એમાં શ્રી યાસિનભાઇ ગજ્જરે ૪ અરજીઓ કરી હતી. શ્રી કિરપાલસિંહે ૩ અરજી કરી હતી અને શ્રી આર.કે. જાડેજાએ પણ ૩ અરજી કરી હતી. આ લોકો એવા છે કે જેઓ અલગ–અલગ આર.ટી.આઇ. કરીને વિગતો માગતા હોય છે. એમાં જે કિરપાલસિંહની અરજી આવી હતી એમાંથી એક અરજી પર ધ્યાન આપીને એક એકમના સ્ટૉરેજ યાર્ડમાં હિટર પેકના કન્વેયર બૅલ્ટમાં નીચે ડસ્ટ પડતી હતી. આ વાત અમને માલૂમ પડતાં અમે તા.૩/૧/૨૦૨૩ના દિવસે વિઝિટ કરી હતી અને અમે એમને સુધારાત્મક પગલાં લેવાની નોટિસ પણ આપી હતી. આ સુધારો થઇ ગયો હતો. એવી જ રીતે શ્રી રામજીભાઇ સથવારાએ પણ એક જ પ્રકારની ૪ અરજી કરી હતી. એમાંથી ૧ અરજી ધ્યાનમાં લેતા અમે તા.૬/૬/૨૦૨૩ના રોજ એકમની મુલાકાત લીધી હતી. આ મુલાકાત સમયે એમના સ્ટૉરેજ યાર્ડમાં બેરિયર બૅલ્ટ અમુક જગ્યાએ ફાટી ગયેલો દેખાયો હતો. એમને પણ અમે કારણદર્શક નોટિસ આપી હતી. માનનીય ધારાસભ્યશ્રીની તા.૨૩/૪/૨૦૨૩ની જે અરજી હતી. એની મુલાકાત સમયે પણ કન્વેયર બૅલ્ટમાં ખામી દેખાઇ હતી અને એના માટે એમને કારણદર્શક નોટિસ પણ આપી હતી. જે રીતે સભ્યશ્રીએ કહ્યું એમ આમાં વારંવાર અલગ–અલગ વ્યક્તિઓ દ્વારા ફરિયાદ થાય છે ત્યારે અમારા વિભાગ દ્વારા નાયરા લિમિટેડ કંપનીના એકમનો તટસ્થ રીતે વૈજ્ઞાનિક અભ્યાસ થાય એ માટે NEERI દ્વારા આઇ.આઇ.ટી. જેવી સંસ્થાઓ પાસેથી તા.૨૨/૨/૨૦૨૪ના રોજ નિયમ અનુસાર તપાસ કરવાની સૂચના આપી છે. NEERIને અમારા એકમ દ્વારા જે માપદંડો છે એ પ્રમાણે છ માસમાં આ કંપનીની સંપૂર્ણ તપાસ કરવા કહ્યું છે અને એ છ મહિનામાં રિપોર્ટ રજૂ કરશે. આ રિપોર્ટ પ્રમાણે કંપનીમાં જે ખામી દેખાશે એની સામે અમે પગલાં પણ લઇશું અને સુધારાત્મક કામ પણ કરાવીશું.

ફાલ્ગુન ૧૦, ૧૯૪૫ શાકે

તારાંકિત પ્રશ્નો

શ્રીમતી રિવાબા ર. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે જી.પી.સી.બી. બોર્ડ દ્વારા છેલ્લાં બે વર્ષમાં નાયરા એનર્જી લિમિટેડની કેટલી વખત વિઝિટ કરવામાં આવી અને એનું મોનિટરિંગ કરવામાં આવ્યું? મારો બીજો પ્રશ્ન એ છે કે, જી.પી.સી.બી. ઉપરાંત પણ અન્ય કોઇ બહારની સંસ્થા દ્વારા આ એનર્જી કંપનીની કોઇ મુલાકાત લેવામાં આવે છે અથવા તેની મોનિટરિંગની કોઇ પ્રોસેસ કરવામાં આવે છે કે કેમ?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે બોર્ડ દ્વારા મોટા અને રેડ કૅટેગરીના એકમોનું મૉનિટરિંગ કેન્દ્રીય નિયંત્રણ પ્રદૂષણની માર્ગદર્શિકા પ્રમાણે કરવામાં આવે છે પરંતુ ફરિયાદ મળતાં અમે અલગ અલગ તપાસ કરતાં રહીએ છીએ. બોર્ડ એકમ દ્વારા વર્ષ ૨૦૨૨માં આ પ્લાન્ટની ૬ વખત અને વર્ષ ૨૦૨૩માં પાંચ વખત મુલાકાત લેવામાં આવી હતી. આ સિવાય બોર્ડની થર્ડ પાર્ટી ઓડિટ સ્કીમ હેઠળ એકમનું નામાંકિત શૈક્ષણિક સંસ્થા દ્વારા ત્રણ વાર મૉનિટરિંગ કરવામાં આવ્યું હતું. આ એકમમાં નીરિ અને એન.આઇ.ઓ. દ્વારા પણ મોનિટરિંગ કરાવીએ છીએ. દર માસે ગાઇડ સંસ્થા દ્વારા પણ વારંવાર મૉનિટરિંગ કરતાં રહીએ છીએ.

શ્રી દિવ્યેશભાઇ ર. અકબરી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જી.પી.સી.બી. દ્વારા ફરિયાદ મળ્યેથી શું કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ ઉદ્યોગો સામે કાયદાકીય પગલાં લેવાની માર્ગદર્શિકા શું છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ ફરિયાદીનો સંપર્ક કરીને તેની સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે છે. તે જ રીતે જેની ફરિયાદ મળી હોય ત્યાં સ્થળ તપાસ કરીને તેની લેખિત સૂચના આપવામાં આવે છે. મુલાકાત સમયે આપવામાં આવેલ મંજૂરીનું જો ઉદ્યોગ દ્વારા પાલન ન થતું હોય તો તેના ઉપર પગલાં પણ લેવામાં આવે છે. આપેલ સૂચનાનું પાલન ન થાય તો સામાન્ય પ્રકારના ગુના માટે પ્રથમ કારણદર્શક નોટિસ આપવામાં આવે છે અને મધ્યમ ગુના માટે નોટિસ ઓફ ડાયરેક્શન આપીને તેને એક તક આપવામાં આવે છે. ઉદ્યોગ પાસે લાંબાગાળાના કામ માટે સમયમર્યાદા સાથે એક્શન પ્લાનના સુધારાની કામગીરી પણ કરવામાં આવે છે. જ્યારે ગંભીર ગુના માટે બંધ કરવાનો હુકમ પણ કરવામાં આવે છે અને બંધના કારણોની જરૂરી પૂર્તતા કરી કાયદાકીય પાલન કરીને બંધારણને લઇ પ્રથમ મુદત ચાલુ કરવાના અને ત્યારબાદ ફરી તપાસ કરીને બંધ થયેલા ઉદ્યોગોને જો નિયમ પ્રમાણે કામગીરી કરે તો ચાલુ કરવાની સૂચના આપીએ છીએ.

શ્રી હેમંતભાઇ હ. આહિર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જ્યારે જી.પી.સી.બી.ના અધિકારીઓ કંપનીમાં તપાસ અર્થે આવે છે ત્યારે કંપની પોતાના અમુક યુનિટ અથવા અમુક ચીમનીઓ બંધ રાખે છે. જેના કારણે અધિકારીઓના ધ્યાનમાં આ બાબત આવતી નથી તો મારો પ્રશ્ન એ છે કે જે કેમિકલયુક્ત વેસ્ટ પાણીનો નિકાલ ક્યાં કરવાનો હોય છે અને કંપની આ વેસ્ટ પાણીનો નિકાલ ક્યાં કરે છે?

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમે નીરિ દ્વારા છ માસ માટે નિમણૂક કરવાની સૂચના આપી છે. ગંદા પાણીનો નિકાલ સી.ઇ.ટી.પી. પ્લાન્ટ સાથે લિંક કરીને કરવામાં આવે છે.

**માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત સહાય**

*15/4/2160 **શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા** (રાજકોટ દક્ષિણ): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩-૨૪માં માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ટેકનીકલ અભ્યાસક્રમના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચુકવવામાં આવેલ છે. | માન.મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત વર્ષ ૨૦૨૩-૨૪માં ટેકનીકલ અભ્યાસક્રમના ૪૮૧ વિદ્યાર્થીઓને રૂ ૨૩૮.૪૫ લાખ રકમ ચુકવવામાં આવેલ છે. |

શ્રી રમેશભાઇ વિ. ટીલાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ ૨૦૨૩–૨૪માં માનનીય મુખ્યમંત્રીશ્રી શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ટૅક્નિકલ અભ્યાસક્રમના કેટલા વિદ્યાર્થીઓને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે?

અતારાંકિત પ્રશ્નો

શ્રી પ્રફુલ પાનશેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજના સરકારની એક બુસ્ટર ડોઝ પ્રકારની યોજના છે અને સ્કૉલરશિપની યોજના પછી પણ બાળક ક્રાઈટેરિયામાં ન આવે અને તેને ભણવું હોય તો ભણવાની સહાયરૂપે આ યોજના થકી વિદ્યાર્થી ભણી શકે છે. અંત્યોદય સુધીનો એક પણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે હેતુસર એમ.વાય.એસ.વાય. સહાય યોજનાની પૂરક આ સી.એમ.એસ.એસ. સહાય યોજના છે. જેમણે એમ.વાય.એસ.વાય. યોજનામાં લાભ લીધો હોય અને જેને તકલીફ હોય તેઓ સી.એમ.એસ.એસ. સહાય યોજના .......

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો
## (તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથીની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી

**15/4/2601 શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ** (લુણાવાડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આયુર્વેદ અને હોમિયોપેથી અભ્યાસક્રમની સરકારી અને ગ્રાન્ટેડ કોલેજોને મંજૂરી આપવા માટે કેટલી અરજીઓ મળી, | (૧) | શૂન્ય(૦) |
| (૨) | ઉકત સ્થિતિએ કેટલી કોલેજોને મંજૂરી આપવામાં આવી, અને | (૨) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) | ઉકત સ્થિતિએ સરકારને મળેલ અરજીઓ પૈકી કઈ કોલેજોને મંજુરી આપવાની બાકી છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

### સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર મંજૂર મહેકમ

**15/4/2595 શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા** (સોમનાથ): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| | પ્રશ્ન | | જવાબ |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૩ ની સ્થિતીએ રાજ્યમાં સરકારી ડેન્ટલ કોલેજોમાં સંવર્ગવાર કુલ કેટલું મહેકમ મંજૂર થયેલ છે, | (૧) | |

| સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદનું મંજૂર મહેકમ | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગરનું મંજૂર મહેકમ |
|---|---|---|
| વર્ગ–૧ | ૬૪ | ૬૨ |
| વર્ગ–૨ | ૪૮ | ૪૩ |
| વર્ગ–૩ | ૭૬ | ૧૦૧ |
| વર્ગ–૪ | ૬૩ | ૮૪ |
| કુલ | ૨૫૧ | ૨૯૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૨)

| સંવર્ગ | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ | | સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર | |
|---|---|---|---|---|
| | ભરેલી | ખાલી | ભરેલી | ખાલી |
| વર્ગ-૧ | ૪૭ | ૧૭ | ૩૩ | ૨૯ |
| વર્ગ-૨ | ૪૧ | ૦૭ | ૩૦ | ૧૩ |
| વર્ગ-૩ | ૬૩ | ૧૩ | ૮૭ | ૧૪ |
| વર્ગ-૪ | ૪૬ | ૧૭ | ૮૪ | ૦૦ |
| કુલ | ૧૯૭ | ૫૪ | ૨૩૪ | ૫૬ |

(૩) ભરાયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ સીધી ભરતી, કરાર આધારીત અને ફિક્સ પગારથી ભરાયેલ છે, અને

(૩)

| સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, અમદાવાદ | | | |
|---|---|---|---|
| સંવર્ગ | સીધી ભરતી | કરાર આધારીત | ફિક્સ પગાર |
| વર્ગ-૧ | ૪૧ | ૦૬ | ૦૦ |
| વર્ગ-૨ | ૩૮ | ૦૩ | ૦૦ |
| વર્ગ-૩ | ૪૧ | ૦૦ | ૨૨ |
| વર્ગ-૪ | ૦૮ | ૦૦ | ૩૮ |
| કુલ | ૧૨૮ | ૦૯ | ૬૦ |

| સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલ, જામનગર | | | |
|---|---|---|---|
| સંવર્ગ | સીધી ભરતી | કરાર આધારીત | ફિક્સ પગાર |
| વર્ગ-૧ | ૧૨ | ૨૧ | ૦૦ |
| વર્ગ-૨ | ૨૪ | ૦૬ | ૦૦ |
| વર્ગ-૩ | ૦૯ | ૬૪ | ૧૪ |
| વર્ગ-૪ | ૦૦ | ૮૪ | ૦૦ |
| કુલ | ૪૫ | ૧૭૫ | ૧૪ |

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

(૪) આ ખાલી જગ્યાઓ યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે

**છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના આઉટસોર્સીંગ કર્મચારીઓ**

**15/4/2406 શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના તાબા હેઠળના આરોગ્ય

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં આરોગ્ય વિભાગના તાબા હેઠળના આરોગ્ય કેન્દ્રો/હોસ્પિટલ અને

| | | | |
|---|---|---|---|
| | કેન્દ્રો/હોસ્પિટલ અને કચેરીઓમાં વર્ગ–૩ ના કેટલા કર્મચારીઓ આઉટસોર્સીંગથી કામ કરે છે, | | કચેરીઓમાં વર્ગ–૩ ના કુલ–૧૦૭ કર્મચારીઓ આઉટસોર્સીંગથી કામ કરે છે, |
| (૨) | ઉક્ત જિલ્લામાં આઉટસોર્સિંગથી કર્મચારીઓ પૂરી પાડવાની કામગીરી કઇ એજન્સીઓને સોંપવામાં આવેલી છે, અને | (૨) | છોટાઉદેપુર જિલ્લામાં આઉટસોર્સીંગથી કર્મચારીઓ પૂરી પાડવાની કામગીરી,<br>૧. મેસર્સ. ડી.જી.નાકરાણી<br>૨. ઇથોસ એચ.આર. મેનેજમેન્ટ<br>૩. રજસ એન્ટરપ્રાઇઝ<br>એજન્સીઓને સોંપવામાં આવેલી છે, |
| (૩) | ઉક્ત એજન્સીને કર્મચારી દીઠ કેટલી માસિક રકમ ચૂકવવામાં આવે છે? | (૩) | ઉક્ત એજન્સીઓને કર્મચારી દીઠ ચૂકવવામાં આવતી માસિક રકમ આ સાથે પત્રક–અ સામેલ છે. |

**પત્રક–અ**

**જનરલ હોસ્પિટલ– છોટાઉદેપુર**

| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂ. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | જુનિયર કલાર્ક | ૪ | રજસ એન્ટરપ્રાઇઝ | ૮૨૯ | ૨૬૦૮૧ |
| ૨ | ફાર્માસીસ્ટ | ૩ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૩ | ઇલેક્ટ્રીશીયન | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૮૧૫ | ૨૫૬૪૯ |
| ૪ | ડ્રાઇવર | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૭૬૧ | ૨૩૯૩૫ |
| ૫ | લેબ ટેક્નીશીયન | ૪ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૬ | ફિઝીયોથેરાપીસ્ટ | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૫૯ | ૩૦૧૬૫ |
| ૭ | એક્સ–રે ટેક્નીશીયન | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૯૯૦ | ૩૧૧૫૨ |
| ૮ | એક્સ–રે આસિસ્ટન્ટ | ૧ | રજસ એન્ટરપ્રાઇઝ | ૭૮૭ | ૨૪૭૫૯ |
| ૯ | ડેટા એન્ટ્રી ઓપરેટર | ૨ | રજસ એન્ટરપ્રાઇઝ | ૮૨૯ | ૨૬૦૮૧ |
| **કુલઃ–** | | **૧૮** | | | |

**સામૂહિક આરોગ્ય કેન્દ્રો કુલ–૧૨**

| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ–૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂ. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂ. |
|---|---|---|---|---|---|
| ૧ | જુ–કલાર્ક | ૧૨ | મેસર્સ ડી.જી નાકરાણી, ભાવનગર | ૮૨૯ | ૨૬૦૮૧ |
| ૨ | ફીજીઓથેરાપિસ્ટ | ૩ | | ૯૫૯ | ૩૦૧૬૪ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | ડ્રાઈવર | ૯ | | ૭૬૧ | ૨૩૯૩૫ |
| ૪ | લેબ ટેકનીશયન | ૫ | | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૫ | જુ. ફાર્માસીસ્ટ | ૮ | | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૬ | એક્ષરે- ટેકનિશીયન | ૪ | | ૯૦૩ | ૨૮૪૧૪ |
| ૭ | સ્ટાફ નર્સ | ૮ | | ૯૨૨ | ૨૮૯૯૭ |
| **કુલઃ-** | | **૪૯** | | | |

| **પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો કુલ-૩૬** | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ-૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂ. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂ. |
| ૧ | ડ્રાઈવર | ૩૬ | ઈથોસ એચ.આર મેનેજમેંટ. અમદાવાદ | ૧૧૫૮ | ૧૫૩૭૩ |

| **પેટા આરોગ્ય કેન્દ્રો** | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ-૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂ. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂ. |
| NIL | | | | | |

| **જિલ્લા પંચાયત, આરોગ્ય શાખા** | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ-૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂ. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂ. |
| ૧ | ડ્રાઈવર | ૨ | ઈથોસ એચ.આર મેનેજમેંટ. અમદાવાદ | ૧૧૫૮ | ૧૫૩૭૩ |

| **જિલ્લા ક્ષય કેન્દ્ર, છોટાઉદેપુર** | | | | | |
|---|---|---|---|---|---|
| ક્ર.નં. | જગ્યાનું નામ વર્ગ-૩ | ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સંખ્યા | એજન્સીનું નામ | કર્મચારી દીઠ એજન્સીને માસિક સર્વિસ ચાર્જ તરીકે ચુકવવામાં આવતી રકમ રૂ. | કર્મચારીને માસિક ચુકવવામાં આવતી રકમ રૂ. |
| ૧ | જુ-ક્લાર્ક | ૧ | મેસર્સ ડી.જી નાકરાણી, ભાવનગર | ૮૨૯ | ૨૬૦૮૧ |
| ૨ | ડ્રાઈવર | ૧ | | ૭૬૧ | ૨૩૯૩૫ |

**સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે નોંધાયેલ અંગદાતા**

**15/4/2142 શ્રી દિનેશસિંહ રાજેન્દ્રસિંહ કુશવાહ** (બાપુનગર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|

## તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલા અંગદાતા નોંધાયા,

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નીચે મુજબના અંગદાતા નોંધાયેલ છે :–

| **વર્ષ** | **અંગદાતાઓ** |
|---|---|
| ૨૦૨૨ | ૭૦ |
| ૨૦૨૩ | ૪૨ |

(૨) ઉક્ત દાતાઓમાંથી કેટલા અને કયા કયા અંગો દાનમાં મળેલ છે, અને

(૨) ઉક્ત દાતાઓમાંથી નીચે મુજબના અંગો દાનમાં મળેલ છે:–

| **અંગો** | **સંખ્યા** |
|---|---|
| લીવર | ૯૪ |
| કિડની | ૧૯૯ |
| આંખો | ૦૮ |
| સ્વાદુપિંડ | ૦૪ |
| હૃદય | ૩૪ |
| હાથ | ૦૪ |
| ફેફસાં | ૧૪ |
| નાનું આંતરડું | ૦૨ |
| **કુલ સંખ્યા** | **૩૫૯** |

(૩) ઓર્ગન ડોનેશન પ્રવૃત્તિને વેગ મળે તે માટે સરકાર દ્વારા શા પગલાઓ ભરવામાં આવે છે?

(૩)
- રાજ્યમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ આપવા સરકાર દ્વારા ફંડ સ્વરૂપ રૂ.૨૦૦ લાખની SOTTO (સ્ટેટ ઓર્ગન એન્ડ ટીસ્યુ ટ્રાન્સપ્લાન્ટેશન ઓર્ગેનાઈઝેશન (ને જોગવાઈ કરવામાં આવેલ છે.
- સરકાર દ્વારા રાજ્યની હોસ્પિટલો ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિમાં જોડાય અને વધુમાં વધુ પ્રમાણમાં ઓર્ગન ડોનેશન થાય તે હેતુથી ઓર્ગન ડોનેશન કરાવતી હોસ્પિટલને પ્રત્યેક કેસ માટે રૂ.૫૦,૦૦૦ સુધીની સહાય આપવામાં આવે છે .
- અંગદાતા પાસેથી અંગો પ્રાપ્ત કર્યા બાદ અંગો અને પેશીઓની ગુણવત્તા જળવાઈ રહે અને ઝડપથી અંગ પ્રાપ્ત કરતા દર્દીઓમાં પ્રત્યારોપણ કરી શકાય તે હેતુથી સરકાર દ્વારા સ્થાનિક પોલીસ કચેરીની મદદથી રાજ્યના કોઇ પણ શહેરમાં અંગદાન કરાવતી હોસ્પિટલથી અંગ પ્રાપ્ત કરતી હોસ્પિટલ સુધી ગ્રીન કોરીડોરની સુવિધા પૂરી પાડવામાં આવે છે.
- અંગોની ફાળવણીમાં પારદર્શિતા જળવાઈ રહે તેથી સરકાર દ્વારા G-DOT માર્ગદર્શિકાના નિયમોનુસાર National Informatics Centre (NIC) ગુજરાત અને NIC તેલંગણાના સહયોગથી SOTTO ગુજરાતનું સોફ્ટવેર તૈયાર કરવામાં આવેલ છે .સોફ્ટવેરની મદદથી દાનમાં મળેલ અંગોની ફાળવણી રોગોની ગંભીરતા અનુસાર કરવામાં આવે છે અને દર્દીઓની નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લીધા વિના અંગોની ફાળવણી શ્રેષ્ઠ મેચિંગને આધારે કરવામાં આવે છે .
- સરકાર દ્વારા સમાજમાં ઓર્ગન ડોનેશનની પ્રવૃત્તિને વેગ મળે તે હેતુથી અંગદાતાના પરિવારજનોના સન્માનના કાર્યક્રમો કરી સમાજમાં ઓર્ગન ડોનેશન કરવા પ્રોત્સાહન આપવામાં આવે છે .

**અમરેલી જિલ્લામાં પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનો**

**15/4/2330 શ્રી મહેશભાઇ કસવાલા** (સાવરકુંડલા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોના મકાનો જૂના અને જર્જરિત છે, | (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ ની સ્થિતિએ અમરેલી જિલ્લામાં કુલ ૦૮ (આઠ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૩ (ત્રણ) સામૂહિક આરોગ્ય કેન્દ્રો ના મકાનો જુના અને જર્જરિત હાલતમાં છે. |
| (૨) | ઉક્ત આરોગ્ય કેન્દ્રો નવા બનાવવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ,અને | (૨) | • ૦૫ (પાંચ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના બાંધકામો મંજૂર કરવામાં આવેલ છે જે વર્ક ઓર્ડર લેવલે છે.<br>• ૦૩ (ત્રણ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને ૦૩ (ત્રણ) સામૂહિક આરોગ્ય કેન્દ્રોની બાંધકામ માટે આગામી વર્ષોમાં નાણાકીય જોગવાઈ થયેથી વિચારણા કરી શકાશે. |
| (૩) | જો હા, તો કયા સુધીમાં ઉક્ત આરોગ્ય કેન્દ્રોના નવીનીકરણનું કામ પૂર્ણ કરવામાં આવશે? | (૩) | ૦૫ (પાંચ) પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના વર્ક ઓર્ડર મળ્યેથી શક્યતઃ એક વર્ષમાં કામગીરી પૂર્ણ કરવામાં આવશે. |

**ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી માટે પ્રયોગશાળા**

**15/4/2139 શ્રી અમુલ ભટ્ટ** (મણીનગર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ખોરાક અને ઔષધના નમૂનાઓની ચકાસણી કરવા માટે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર હેઠળ રાજ્યમાં કેટલી પ્રયોગશાળા આવેલ છે, | (૧) | કૂલ-૦૩ પ્રયોગશાળા કાર્યરત છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ રાજ્યમાં આવી પ્રયોગશાળાના નવા બાંધકામ અંગે છેલ્લા એક વર્ષમાં કોઇ કામગીરી કરેલ છે કે કેમ, | (૨) | હા. |
| (૩) | જો હા, તો તેના માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કેટલી જોગવાઇ કરવામાં આવેલ છે, અને | (૩) | ૧૫૦ લાખ. |
| (૪) | આ બાંધકામ ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે? | (૪) | વડોદરા પ્રયોગશાળાનું બાંધકામ જી + ૯ માળ સુધી પૂર્ણ થયેલ છે જ્યારે, સુરત પ્રયોગશાળાના બાંધકામના નકશા તથા અંદાજોની કામગીરી પ્રગતિમાં છે . |

**રાજ્યમાં વ્હેલ શાર્કને બચાવવા માટેની યોજના**

**15/4/2154 શ્રી દિવ્યેશભાઇ રણછોડભાઇ અકબરી** (જામનગર દક્ષિણ) **: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતના દરિયા કિનારે મળતી વ્હેલ શાર્કને બચાવવા રાજ્ય સરકારે કોઇ યોજના અમલમાં મૂકેલ છે, | (૧) | હા, જી. |
| (૨) | જો હા, તો સદર યોજનાની વિગતો શી છે, | (૨) | સદર યોજનામાં ગુજરાત સરકારશ્રીના તા.૧૫/૦૩/૨૦૧૨ના ઠરાવ મુજબ માછલી પકડવાની નેટ (જાળ)માં ફસાઇ ગયેલ વ્હેલ શાર્કને બચાવવા નેટ (જાળ) કાપી મુક્ત કરતાં નેટ (જાળ)ને થયેલું કુલ નુકસાન અથવા તો રૂ.૨૫,૦૦૦/-(અંકે રૂપિયા પચીસ હજાર પુરા) એ બે માંથી જે ઓછું હોય, તેટલા પ્રમાણમાં વળતર ચૂકવવાની જોગવાઇ છે. |

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર વ્હેલ શાર્ક સંરક્ષણ યોજના અંતર્ગત કેટલી વ્હેલ શાર્ક બચાવવામાં આવી, અને

(૩)

| વર્ષ | બચાવવામાં આવેલ વ્હેલ શાર્ક |
|---|---|
| ૨૦૨૨ | ૪૧ |
| ૨૦૨૩ | ૩૧ |

(૪) ઉક્ત પૈકી કેટલું વળતર ચૂકવેલ છે?

(૪)

| વર્ષ | ચુકવેલ વળતર (રૂપિયા) |
|---|---|
| ૨૦૨૨ | ૪,૭૨,૫૫૦/- |
| ૨૦૨૩ | ૪,૩૦,૯૦૦/- |

**એજ્યુકેશન લોન પર વ્યાજ સહાય**

15/4/2159 : **શ્રી જીતેન્દ્રકુમાર રમણલાલ પટેલ** (નારણપુરા) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | વર્ષ ૨૦૨૨-૨૩માં એજ્યુકેશન લોન પર વ્યાજ સહાય યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓને વ્યાજ માફીનો લાભ મળેલ છે, અને | (૧) | ૨૪૧ |
| (૨) | ઉક્ત સમયગાળા દરમ્યાન કેટલી રકમની વ્યાજ માફીનો લાભ આપવામાં આવેલ છે ? | (૨) | રૂ.૧૩૪.૨૮ લાખ |

**ફાર્મા કંપનીઓ દ્વારા ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની બનાવટ અને વેચાણ**

**15/4/2582 શ્રી શૈલેષ મનુભાઈ પરમાર** (દાણીલીમડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં આવેલ ફાર્મા કંપનીઓ ગેરકાયદેસર રીતે નશાયુક્ત ડ્રગ્સ કે દવાની ગેરકાયદેસર બનાવટ અને વેચાણ કરે છે તે હકીકત સાચી છે, | (૧) | ના જી. |
| (૨) | જો હા, તો ઉક્ત વર્ષવાર કઇ કંપની કેવા પ્રકારનું ગેરકાયદેસર ડ્રગ્સ અને નશાયુક્ત દવા બનાવતી હોવાનું સામે આવ્યું, | (૨) | લાગુ પડતું નથી. |
| (૩) | તે અન્વયે કઇ કંપની સામે શા પગલાં લીધા, અને | (૩) | લાગુ પડતું નથી. |
| (૪) | ઉક્ત સ્થિતિએ ફાર્મા કંપનીઓમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને દવાનું ઉત્પાદન ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) | તંત્રના અધિકારીઓ દ્વારા ફાર્મા કંપનીઓમાં ગેરકાયદેસર ડ્રગ્સ અને દવાનું ઉત્પાદન ન થાય તે અર્થે ઔષધ વિક્રેતાઓ અને ઉત્પાદક પેઢીઓની તપાસ કરી તેઓના રેકોર્ડની સઘન ચકાસણી કરી જરૂર જણાય તો દવાઓના નમુનાઓ ગુણવતાની ચકાસણી અર્થે લેવામાં આવે છે અને લેવાયેલ દવાઓના પૃથક્કરણ વાસ્તે મોકલવામાં આવે છે. જો આવો કોઇ દવાનો નમૂનો પૃથક્કરણમાં નકલી સાબિત થાય તો જે તે દવાના વિતરક અને ઉત્પાદક પેઢી સામે ઔષધ અને સૌંદર્ય પ્રસાધન ધારા હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે. |

**સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું સંવર્ગવાર મહેકમ**

**15/4/2568 શ્રી કાન્તીભાઇ કાળાભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિ એ સ્પાઇન ઈન્સ્ટીટ્યુટ અને ફિઝીયોથેરાપી કોલેજ, અમદાવાદનું વર્ગ–૧ અને વર્ગ–૨નું મંજૂર થયેલ મહેકમ કેટલું છે,

(૧)

| ક્રમ | સંવર્ગ | મંજૂર મહેકમ |
|---|---|---|
| ૧ | વર્ગ–૧ | ૨૫ |
| ૨ | વર્ગ–૨ | ૨૮ |
| કુલ | | ૫૩ |

(૨) ઉકત વર્ગ–૧ અને વર્ગ–૨ની મંજૂર થયેલ જગ્યાઓ પૈકી સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ક્યારથી ખાલી છે,

(૨)

| સંવર્ગ | ભરાયેલ જગ્યા | કુલ ખાલી જગ્યા | ૧ વર્ષ કરતા ઓછા સમયથી ખાલી | ૧ વર્ષ કરતા વધારે સમયથી ખાલી |
|---|---|---|---|---|
| વર્ગ–૧ | ૦૮ | ૧૭ | ૦૦ | ૧૭ |
| વર્ગ–૨ | ૦૯ | ૧૯ | ૦૦ | ૧૯ |
| કુલ | ૧૭ | ૩૬ | ૦૦ | ૩૬ |

(૩) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૩) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ ન થવાના કારણે જગ્યાઓ ખાલી રહેલ છે.

(૪) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે ?

(૪) યોગ્ય ઉમેદવારો ઉપલબ્ધ થયેથી ભરવામાં આવશે.

**સરકારી ઈજનેરી અને પોલીટેકનિક સંસ્થાઓના અભ્યાસક્રમોને મળેલ NBA એક્રેડીટેશન**

15/4/2161 **શ્રી ઉદય કાનગડ** (રાજકોટ પૂર્વ) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે :–

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારી ઈજનેરી અને પોલીટેકનિક સંસ્થાઓના કેટલા અભ્યાસક્રમોને NBA એક્રેડીટેશન મળેલ છે,

(૧) સરકારી ઈજનેરી કોલેજોના ૧૨ અને સરકારી પોલીટેકનિકોના ૪૨ અભ્યાસક્રમોને NBA એક્રેડીટેશન મળેલ છે

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા નવા ઈજનેરી અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા, અને

(૨) સરકારી ઈજનેરી કોલેજો ખાતે ૧૭ અને સરકારી પોલીટેકનિકો ખાતે ૪૧ નવા અભ્યાસક્રમો શરૂ કરવામાં આવ્યા.

| | |
|---|---|
| (૩) તે વિદ્યાર્થીઓને કઇ રીતે ફાયદાકારક છે? | (૩) વિદ્યાર્થીઓ સહિત વિવિધ હિતધારકોને ગુણવત્તા પર વિશ્વાસ અને ખાતરી આપે છે, અક્રેડીટેડ અભ્યાસક્રમ ઉચ્ચતમ ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરે છે, અક્રેડીટેડ અભ્યાસક્રમ નોકરીદાતાઓનો વિશ્વાસ મજબૂત કરે છે. |

**સુરત અને અમરેલી જિલ્લામાં નકલી ઘી બનાવતી ફેક્ટરીઓ**

**15/4/2579 ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને અમરેલી જિલ્લામાંથી જિલ્લાવાર નકલી ઘી બનાવતી કેટલી ફેક્ટરીઓ પકડવામાં આવી, | (૧) માહિતી શૂન્ય છે . |
| (૨) ઉક્ત ફેક્ટરીમાંથી કયા પદાર્થોમાંથી કેટલું નકલી ઘી બનાવ્યાનું સામે આવ્યું, | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી . |
| (૩) નકલી ઘીનું વેચાણ અને ઉત્પાદન કરતાં ઉક્ત કયા એકમના કેટલા ઇસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી, અને | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૪) ઉક્ત સ્થિતિએ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) ➢ નકલી ઘીનું ઉત્પાદન અને વેચાણ અટકે તે માટે તંત્ર દ્વારા સમગ્ર રાજ્યમાંથી સમયાંતરે “ઘી” ના નમૂનાઓ લેવામાં આવે છે.<br>➢ “ઘી” ઉત્પાદક પેઢી, રીટેલર/હોલસેલર વિગેરેઓના ત્યાંથી સમયાંતરે ઇન્શપેક્શન કરવામાં આવે છે.<br>➢ માર્કેટમાં ચાંપતી નજર રાખી “શંકાસ્પદ ઘી” ના તાત્કાલિક નમૂનાઓ લઇ કાયદા અન્વયેની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. નમૂનો લીધા બાદ આવો જથ્થો સીઝ કરવામાં આવે છે.<br>➢ Food Safety on Wheels (FSW) Mobile Food Testing Van થકી માર્કેટમાં સતત ઘી નું ઉત્પાદન તથા વેચાણ કરતા એકમોની તપાસ કરી સ્થળ પર જ ટેસ્ટીંગ કરવામાં આવે છે. વધુમાં આ વાન દ્વારા જાહેર જનતામાં “નકલી ઘી” અંગે અવેરનેસના કાર્યક્રમો હાથ ધરવામાં આવે છે.<br>➢ FSSAI દ્વારા FoSTaC-Food Safety Training & Certification કાર્યક્રમ અંતર્ગત ખાદ્યચીજોનું ઉત્પાદન કરતા એકમોમાં તાલીમ આપવાની કામગીરી કરવામાં આવે છે. |

----------------

**સિંહ દીપડા દ્વારા માનવ ઘર્ષણ તથા પશુ મારણ અટકાવવા સરકાર દ્વારા લીધેલ પગલા**

15/4/2147 **શ્રી હિરાભાઇ ઓઘવજીભાઇ સોલંકી** (રાજુલા)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં સિંહ અને દિપડા દ્વારા માનવ ઘર્ષણ તથા પશુ મારણ અટકાવવા સરકાર દ્વારા કોઇ પગલાં લેવામાં આવે છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો શું પગલાં લેવામાં આવેલ છે? | (૨) • વન્યપ્રાણી અને માનવ ઘર્ષણના બનાવો અટકાવવા માટે તમામ ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત પેટ્રોલીંગ / મોનીટરીંગ / અવલોકનની કામગીરી કરવામાં આવે છે.<br>• જંગલના બોર્ડરના ગામડાઓમાં વન્યપ્રાણી મિત્રની ભરતી કરવામા આવેલ છે. ટ્રેકર્સોની ભરતી કરવામાં આવેલ છે .<br>• વન્યપ્રાણી વસવાટ વાળા ગામોમાં ગ્રામસભાઓ કરી ગામલોકોને વન્યપ્રાણી સિંહ/દિપડા ધ્યાને આવે તો તે અંગેની તાત્કાલીક વન વિભાગને જાણ કરવા અને વન્યપ્રાણીઓથી દૂર રહેવા જણાવવામાં આવે છે .<br>• વન્યપ્રાણીઓથી સજાગ રહે તે માટે વન વિભાગ દ્વારા પેમ્પ્લેટ છપાવી દરેક ગામોમાં તેનુ વિતરણ કરવામાં આવે છે અને લોક જાગૃતિના કામો કરવામાં આવે છે .લાગુ રેન્જ કચેરીઓના નંબર ગ્રામજનોને આપી વન્યપ્રાણી-માનવ ઘર્ષણ બાબતે તાત્કાલીક કાર્યવાહી માટે સંકલન સાધવામાં આવે છે .<br>• પરપ્રાંતિય મજુરોને રહેણાંકની આસપાસ માંસાહારી ખાધ પદાર્થો રાખી ના મુકે અને ખુલ્લામાં ના સુવે તેવી સૂચના આપવામાં આવે છે .<br>• વન્યપ્રાણીઓ અને માનવઘર્ષણ ઓછુ થાય તે માટે ખેડૂતોના ખેતરોમાં તેમના પાકના રક્ષણ કરવા માટે મંચાણ યોજના અમલમાં મુકવામાં આવેલ છે.<br>• ખાસ કરીને બાળકો અને વૃધ્ધને એકલા ના મુકે અને પોતાની સાથે લાકડી અને ટોર્ચ રાખે તે સમજણ આપવામાં આવે છે .<br>• સિંહ અને દિપડાને રેડીયો કોલર લગાવી તેની હિલચાલનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.<br>• માનવ ઘર્ષણ સાથે સંકળાયેલ વન્યપ્રાણીઓને પકડી તેને અવલોકન અર્થે રાખી જો માનવ મૃત્યુ સાથે સંકળાયેલ જણાય તો તેને મુક્ત કરવામાં આવતા નથી .<br>• પાલતુ પશુઓના વન્યપ્રાણી દ્વારા માલઢોરના મારણ કરવામાં આવતા હોય તેની આર્થિક સહાય માટે સરકારશ્રી દ્વારા વળતર ચુકવવાની યોજના અમલમાં મુકેલ છે અને પ્રર્વતમાન નિયમોનુસાર ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ વિભાગ ઠરાવક્રમાંક-:વપસ/૧૦૨૦૧૫/સી.ફા-.૬૨/ડબલ્યુ તા.૦૫.૦૧.૨૦૨૨ થી વળતર ચૂકવવાની જોગવાઇ અમલમાં છે . લોકજાગૃતિના કામો કરવામાં આવે છે. |

**રાજ્યમાં પશુ મારણના નોંધાયેલા કિસ્સા**

15/4/2148 **શ્રી જયસુખભાઇ વલ્લભાઇ કાકડિયા** (ધારી)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષ દરમ્યાન સિંહ અને દિપડા દ્વારા પશુ મારણના કેટલા કિસ્સા નોંધાયેલ છે, અને

(૧)

| વર્ષ | સિંહ દ્વારા પશુ મારણના કિસ્સાઓ | દિપડા દ્વારા પશુ મારણના કિસ્સાઓ |
|---|---|---|
| ૨૦૨૨ | ૪૬૮૩ | ૨૨૩૧ |
| ૨૦૨૩ | ૫૪૬૮ | ૨૯૬૧ |

| | |
|---|---|
| (૨) ઉક્ત પૈકી કેટલું વળતર ચૂકવવામાં આવ્યું? | (૨) કુલ રૂ. ૧૨,૦૭,૬૪,૦૦૦ /– વળતર ચુકવવામાં આવ્યું. |

**યુ.કે.ની બ્રિટિશ કાઉન્સિલ અને ગુજરાત સરકારના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગ વચ્ચે એમ.ઓ.યુ.**

15/4/2571 **શ્રી જિજ્ઞેશ મેવાણી** (વડગામ): **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટમેન્ટ સમિટ–૨૦૨૪ના ભાગરૂપે યુ.કે.ની શૈક્ષણિક સંસ્થા બ્રિટિશ કાઉન્સિલ અને ગુજરાત સરકારના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક અને સાંસ્કૃતિક વિનિમયને મજબૂત કરવા માટે એમ.ઓ.યુ. કરવામાં આવેલ તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલી રકમના એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે, | (૨) વ્યુહાત્મક (strategic) પ્રકારનો એમ.ઓ.યુ. હોઈ, દ્વિપક્ષીય નાણાકીય ભાગીદારી નજીકના ભવિષ્યમાં નક્કી કરવામાં આવશે. |
| (૩) ઉક્ત એમ.ઓ.યુ. અન્વયે ઉક્ત સ્થિતિએ કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૩) પ્રાથમિક તબક્કામાં છે. |
| (૪) ઉક્ત કરવામાં આવેલ એમ.ઓ.યુ.થી કેટલી રોજગારી ઊભી થવાનો અંદાજ છે? | (૪) કાર્યવાહી પ્રાથમિક તબક્કામાં હોઈ, હાલ તેનો અંદાજ મુકી શકાય તેમ નથી. |

**રાજ્યમાં સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ**

**15/4/2140 શ્રી બાબુસિંહ સારાભાઇ જાદવ** (વટવા)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સાર્વત્રીક રસીકરણ દ્વારા કઈ કઈ રસીઓ આપવામાં આવે છે, | (૧) તા: ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગુજરાતમાં હાલમાં, જન્મથી લઈને ૧૬ વર્ષની ઉંમરના બાળકો અને સગર્ભામાતાઓ માટે ૧૧ ઘાતક રોગો સામે રક્ષણ આપવા માટે હીપેટાઈટીસ બી, ઓરલ પોલીયો રસી, બીસીજી, ડીપીટી(ત્રિગુણી), પેન્ટાવેલેન્ટ રસી( પંચગુણી રસી), ન્યુમોકોકલ વેકસીન, રોટાવાયરસ વેકસીન, ઈન્જેકટેબલ પોલીયો વેકસીન, ઓરી રૂબેલા વેકસીન અને ટીડીની વેકસીન વય આધારિત રાષ્ટ્રીય રસીકરણ સમયપત્રક મુજબ આપવામાં આવે છે. |
| (૨) સાર્વત્રીક રસીકરણ કાર્યક્રમ દ્વારા કયા કયા રોગો સામે રક્ષણ આપવામાં આવે છે,અને | (૨) સાર્વત્રિક રસીકરણ કાર્યક્રમ મારફતે ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ડીપ્થેરીયા, ઊટાટીયુ, ધનુર, હીબ બેક્ટેરિયાથી થતા રોગો, ન્યુમોમોકલ ન્યુમોનીયા, રોટા વાયરસથી થતા ઝાડા, ઓરી અને રૂબેલા જેવા રોગો સામે રક્ષણ પૂરું પાડવામાં આવે છે. |
| (૩) રસીઓની ગુણવત્તા જળવાય એ માટે સરકાર દ્વારા ક્યા પગલાં ભરવામાં આવે છે? | (૩) ભારત સરકાર તરફથી ફાળવવામાં આવતી રસીઓની ઉચ્ચ ગુણવત્તા જળવાય એ માટે તમામ રસીઓની બેચનું કસૌલી ખાતે કવોલીટી ટેસ્ટીંગ થયા પછી ઉત્પાદકથી લઈને તમામ કોલ્ડ ચેઈન પોઈન્ટ પર નિયત કરેલ તાપમાને રસીઓનો સંગ્રહ અને વિતરણ કરવામાં આવે છે. રસીઓના સંગ્રહ માટે અને નિયત તાપમાને જાળવણી માટે કુલ ૨૨૦૦ કોલ્ડ ચેઈન પોઈન્ટ કાર્યરત છે. |

રાજ્યમાં તમામ કોલ્ડ ચેઈન પોઈન્ટ પર નિયત તાપમાન જળવાઈ રહે તે માટે આધુનિક ડીઝિટલ ટેમ્પરેચર લોગર મશીન થકી સતત મોનિટરીંગ કરવામાં આવે છે અને તેની દેખરેખ અને નિયંત્રણ ઈ-વીન સોફ્ટવેર થકી કરવામાં આવે છે. રાજ્યમાં અનિવાર્ય સંજોગો દરમિયાન કોલ્ડ ચેઈન પ્રણાલીને જાળવી રાખવા માટે કન્ટીન્જન્સી પ્લાન અને કોલ્ડ ચેઈનના સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.

**ભુજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

**15/4/2153 શ્રી કેશુભાઈ શીવદાસ પટેલ** (ભૂજ): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાના ભુજ તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**(૨)** તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૩૫૭.૪૦ |
| ૨૦૨૩-૨૪ | ૫૭૭.૦૦ |

**(૨)**

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૭૩૯.૭૦ |
| ૨૦૨૩-૨૪ | ૨૨૬.૪૯ |

**વડનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના**

**15/4/2149 શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ (કે.કે.પટેલ)** (ઉંઝા): **માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લાના વડનગર તાલુકામાં સામૂહિક વન નિર્માણ યોજના હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલા વિસ્તારમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**(૨)** તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં અવેલ છે?

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪૩.૦૦ |
| ૨૦૨૩-૨૪ | ૩૦.૦૦ |

**(૨)**

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૪૭.૨૬ |
| ૨૦૨૩-૨૪ | ૧૯.૬૩ |

**અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રીની ચકાસણી**

**15/4/2394 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા** (જમાલપુર ખાડીયા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને જિલ્લામાં તબીબોની ડીગ્રીની ચકાસણી કયારે કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ચકાસણી દરમ્યાન વર્ષવાર કેટલા નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો મળી આવ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો સામે શાં પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વર્ષ-૨૦૨૨ માં માહે મે થી ડિસેમ્બર સુધીમાં કૂલ-૦૮ (આઠ) અને વર્ષ-૨૦૨૩ માં માહે જાન્યુઆરીથી સપ્ટેમ્બર સુધીમાં કૂલ-૧૬ (સોળ) તબીબોની ડીગ્રીની ચકાસણી કરવામાં આવી.

(૨) ઉક્ત સ્થિતિએ વર્ષ-૨૦૨૨ માં ૦૧ (એક) અને વર્ષ-૨૦૨૩ માં ૦૦ (શૂન્ય) નકલી ડીગ્રી ધરાવતા ડોક્ટરો મળી આવ્યા.

(૩) મળી આવેલ ૦૧ (એક) નકલી ડીગ્રી ધરાવતાં ડોક્ટર સામે પોલીસ કેસ કરવામાં આવેલ છે.

## તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

**વડોદરા શહેરમાં આયુષ્યમાન કાર્ડ**

**15/4/2460 શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા** (સયાજીગંજ)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના અંતર્ગત કુલ કેટલા આયુષ્યમાન કાર્ડ કાઢવામાં આવ્યા છે, અને | (૧) | કુલ ૮૧,૭૪૩. |
| (૨) | બાકી રહેલ લાભાર્થીઓ માટે નવા આયુષ્યમાન કાર્ડ કાઢવા સરકારે શું વ્યવસ્થા કરેલ છે ? | (૨) | "પી.એમ.જે.એ.વાય.-મા'' યોજના હેઠળ આયુષ્માન કાર્ડની નોંધણી માટે યોજના સાથે જોડાયેલ હોસ્પિટલ તેમજ જોડાયેલ એજન્સી નિયુક્ત કરેલ છે. જે થકી જરૂરી પુરાવા રજૂ કરીને લાભાર્થી આયુષ્માન કાર્ડની નોંધણી કરાવી શકે છે.<br>વધુમાં રાજ્ય સરકાર દ્વારા NFSA ના લાભાર્થીઓને "પી.એમ.જે.એ.વાય.-મા" યોજનાનો લાભ આપવા માટે New BIS માં (Beneficiary Identification System) ઈન્ટીગ્રેટ કરેલ છે. જેઓની નોંધણી માટે ભારત સરકાર દ્વારા આયુષ્માન એપ પણ બનાવેલ છે. જે થકી લાભાર્થી પોતાની જાતે આયુષ્માન કાર્ડની નોંધણી કરાવી શકે, ત્યાર બાદ બનેલ કાર્ડને જાતે ડાઉનલોડ પણ કરી શકે છે.. |

**રાજયની મેડિકલ કોલેજોમાં અનુસ્નાતકની બેઠકો**

15/4/2141 **શ્રીમતી રીટાબેન કેતનકુમાર પટેલ** ( ગાંધીનગર ઉત્તર)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં મેડિકલ કોલેજોમાં કેટલી અનુસ્નાતકની બેઠકો છે, અને | (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજયમાં મેડિકલ કોલેજોમાં અનુસ્નાતક અભ્યાસક્રમની કુલ ૨૭૬૧ બેઠકો ઉપલબ્ધ છે. |
| (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસ્નાતકની કેટલી બેઠકોમાં વધારો થયો છે? | (૨) | ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં અનુસ્નાતક અભ્યાસક્રમમાં ૪૦૯ બેઠકોનો વધારો થયો છે |

**ભાવનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ**

**15/4/2151 શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા** (ભાવનગર(પૂર્વ))**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લાના ભાવનગર તાલુકામાં ક્ષેત્રિય વનીકરણ કાર્યક્રમ હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ માં કેટલા હેક્ટરમાં રોપાનું વાવેતર કરવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| વર્ષ | વાવેતર (હેક્ટરમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૩૦ |
| ૨૦૨૩-૨૪ | ૬૭.૦૮ |

(૨) તેની પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે?

(૨)

| વર્ષ | ખર્ચ (રૂ. લાખમાં) |
|---|---|
| ૨૦૨૨-૨૩ | ૧૦.૩૭ |
| ૨૦૨૩-૨૪ | ૧૨.૬૩ |

**આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસન ક્ષેત્રે વિકાસ**

## અતારાંકિત પ્રશ્નો

**15/4/2166 શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે** (માંડવી) **: માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસનના વિકાસ માટે કોઈ આયોજન કરેલ છે કે કેમ, અને | (૧) | હા,જી. |
| (૨) | જો હા, તો તેની વિગતો શું છે? | (૨) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં આંતરરાષ્ટ્રીય સીમા વિસ્તાર ક્ષેત્રોમાં પ્રવાસનના વિકાસ માટે,<br>• બનાસકાંઠા જિલ્લામાં નડાબેટ ખાતે સીમા દર્શન પ્રોજેક્ટ અંતર્ગત ઓપરેશન અને મેન્ટેનન્સની કામગીરી, પ્રવાસીઓના રાત્રિ રોકાણ માટે ટેન્ટ અને પરેડને સંબંધી આનુષંગિક સુવિધાઓ વિકસાવવા આયોજન કરેલ છે.<br>• કચ્છ જિલ્લામાં આવેલ ભારત અને પાકિસ્તાનની સમુદ્રી સીમા એવા સિરક્રિક વિસ્તારની આસપાસ સમુદ્રી સીમા દર્શન વિકસાવવા કન્સલ્ટન્ટની નિમણુક કરવામાં આવેલ છે. |

### ગીર વિસ્તારમાં ખુલ્લા કૂવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવા બાબત

**15/4/2146 ડૉ. પ્રધુમન ગનુભાઇ વાજા** (કોડીનાર)**: માનનીય વન અને પર્યાવરણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર વિસ્તારમાં કેટલા ખુલ્લા કૂવાઓને પેરાપેટ વોલથી સુરક્ષિત કરવામાં આવેલ છે, અને

(૧)

| વર્ષ | સુરક્ષિત કરેલ કૂવાઓની સંખ્યા |
|---|---|
| ૨૦૨૨ | ૬૫૪ |
| ૨૦૨૩ | ૧૦૩૯ |

(૨) ઉક્ત પેટે કેટલો ખર્ચ થયેલ છે?

(૨)

| વર્ષ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ૨૦૨૨ | ૫૮.૭૨ |
| ૨૦૨૩ | ૧૦૮.૫૪ |

### ભાદ્રોડ ખાતે મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર

**15/4/2283 શ્રી શિવાભાઇ ગોહિલ** (મહુવા)**: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૧૫–૦૧–૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભાવનગર જિલ્લામાં કેટલા પ્રાથમિક અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો મંજૂર કરવામાં આવ્યા, | (૧) | તા.૧૫–૦૧–૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કોઇ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) | ઉક્ત સ્થિતિએ મહુવા તાલુકાના ભાદ્રોડ ખાતે મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું બાંધકામ કયા તબક્કે છે, અને | (૨) | મહુવા તાલુકાના ભાદ્રોડ ખાતે પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે જમીન મેળવવાની કાર્યવાહી પ્રગતિમાં છે. જમીન ઉપલબ્ધ થયેથી બાંધકામ શરૂ કરવામાં આવશે. |
| (૩) | ભાદ્રોડ ખાતે ઉક્ત મંજૂર થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ મંજૂર થયેલ છે? | (૩) | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-\-

### રાજયમાં એમ.બી.બી.એસ. અભ્યાસક્રમમાં ફી નું ધોરણ

15/4/2604 **શ્રી અનંતકુમાર હસમુખભાઇ પટેલ** (વાંસદા) **: માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,-

## તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## અતારાંકિત પ્રશ્નો

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.બી.એસ.ની સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીનું ધોરણ શું છે, | (૧) • તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.બી.એસ.ની સરકારી મેડિકલ કોલેજોમાં ફીનું ધોરણ વાર્ષિક રૂ.૨૫,૦૦૦/- છે. • ખાનગી મેડિકલ કોલેજોનું ફીનું ધોરણ પત્રક-૧ માં દર્શાવેલ છે. • તા.૩૧-૧૨-૨૦૨૩ની સ્થિતિએ ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીના ધોરણો નીચે મુજબ છે. |

| બેઠકનો પ્રકાર | સ્નાતક ફીનુ ધોરણ |
|---|---|
| સરકારી ક્વોટા | રૂ.૩,૩૦,૦૦૦/- |
| મેનેજમેન્ટ ક્વોટા | રૂ.૯,૦૭,૫૦૦/- |
| NRI ક્વોટા | ૨૨,૦૦૦/- યુ.એસ. ડોલર અથવા સમકક્ષ વિદેશી ચલણ |

| | |
|---|---|
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં વર્ષવાર, સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત કોલેજોમાં ફીમાં કેટલો વધારો/ઘટાડો કરવામાં આવ્યો, અને | (૨) ઉક્ત સ્થિતીએ છેલ્લા એક વર્ષમાં સરકારી, ખાનગી અને ગુજરાત મેડિકલ એજ્યુકેશન રિસર્ચ સોસાયટી સંચાલિત મેડિકલ કોલેજોમાં કોઈ ફી વધારો/ઘટાડો કરવામાં આવેલ નથી. |
| (૩) ઉક્ત ફી ના ધોરણોમાં વધારો/ઘટાડો કરવાના કારણો શા છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

**પત્રક ૧**

| ક્રમ. | કોલેજનુ નામ | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૨-૨૩ (ફી રૂ.લાખ માં) | ગવર્મેન્ટ ક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ.લાખ માં) | મેનેજમેન્ટક્વોટા ૨૦૨૩-૨૪ (ફી રૂ.લાખ માં) |
|---|---|---|---|---|---|
| ૧ | સુરત મ્યુનિસિપલ ઇન્સ્ટિટ્યુટ ઑફ મેડિકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ, સુરત | ૭.૬૫ | ૧૪.૮૨ | ૭.૬૫ | ૧૪.૮૨ |
| ૨ | સી.યુ.શાહ મેડિકલ કોલેજ, સુરેન્દ્રનગર | ૬.૨૬ | ૧૫.૦૦ | ૬.૨૬ | ૧૫.૦૦ |
| ૩ | જી.સી.એસ મેડિકલ કોલેજ, હોસ્પિટલ એન્ડ રિસર્ચ સેન્ટર અમદાવાદ | ૮.૬૦ | ૧૫.૪૦ | ૮.૬૦ | ૧૫.૪૦ |
| ૪ | ગુજરાતઅદાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સીસ, ભૂજ(કચ્છ) | ૬.૬૫ | ૧૭.૯૦ | ૬.૬૫ | ૧૭.૯૦ |
| ૫ | પ્રમુખ સ્વામી મેડિકલ કોલેજ, કરમસદ | ૮.૭૦ | ૧૬.૧૦ | ૮.૭૦ | ૧૬.૧૦ |
| ૬ | શ્રીમતી એન.એચ.એલ. મ્યુનિસિપલ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૫.૯૩ | ૧૮.૨૫ | ૫.૯૩ | ૧૮.૨૫ |
| ૭ | એ.એમ.સી.મેડિકલએજ્યુકેશનટ્રસ્ટ મેડિકલ કોલેજ, અમદાવાદ | ૭.૩૧ | ૧૮.૪૦ | ૭.૩૧ | ૧૮.૪૦ |
| ૮ | પારૂલ ઇન્સ્ટીટ્યુટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, વાઘોડીયા | ૮.૨૫ | ૧૫.૭૫ | ૮.૨૫ | ૧૫.૭૫ |
| ૯ | બનાસ મેડિકલ કોલેજ, પાલનપુર | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |
| ૧૦ | ઝાયડસ મેડિકલ કોલેજ, દાહોદ | ૭.૬૫ | ૧૬.૦૦ | ૭.૬૫ | ૧૬.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧ | ડો.એમ.કે.શાહ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, ચાંદખેડા, અમદાવાદ | ૮.૬૫ | ૧૬.૦૦ | ૮.૬૫ | ૧૬.૦૦ |
| ૧૨ | ડો.એન.ડી.દેસાઇ ફેકલ્ટી ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, નડીયાદ | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૩ | નૂતન મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર, વિસનગર | ૭.૮૫ | ૧૫.૦૦ | ૭.૮૫ | ૧૫.૦૦ |
| ૧૪ | શાંતાબા મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, અમરેલી | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૫ | ડૉ.કિરણ સી પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ, ભરૂચ | ૬.૮૫ | ૧૫.૦૦ | ૬.૮૫ | ૧૫.૦૦ |
| ૧૬ | સ્વામિનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ એન્ડ રિસર્ચ, કલોલ | - | - | ૮.૨૫ (ADHOC) | ૧૫.૭૫ (ADHOC) |
| ૧૭ | સાલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, અમદાવાદ | - | - | ૮.૬૫ (ADHOC) | ૧૬.૦૦ (ADHOC) |
| ૧૮ | અનન્યા કોલેજ ઓફ મેડિકલ એન્ડ રિસર્ચ, કલોલ | - | - | ૮.૨૫ (ADHOC) | ૧૫.૭૫ (ADHOC) |
| ૧૯ | કિરણ મેડિકલ કોલેજ, સુરત | - | - | ૮.૨૫ (ADHOC) | ૧૫.૭૫ (ADHOC) |

**રાજ્યમાં એમ.બી.એ. અને એમ.સી.એ. કોલેજોમાં બેઠકો**

15/4/2585 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા** (પોરબંદર) : **માનનીય ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે,–

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ રાજ્યમાં એમ.બી.એ. અને એમ.સી.એ. અભ્યાસક્રમની સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં કુલ કેટલી બેઠકો છે, | (૧) | સરકારી, અનુદાનિત અને સ્વનિર્ભર કોલેજોમાં એમ.બી.એ. અભ્યાસક્રમની કુલ ૧૬,૩૧૦ અને એમ.સી.એ. અભ્યાસક્રમની કુલ ૭,૪૮૧ બેઠકો છે. |
શ્રી બળવંતસિંહ રાજપૂત (ઉદ્યોગ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું આલ્કોક એશડાઉન (ગુજરાત) લિમિટેડનો સન ૨૦૨૧–૨૨ તથા ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૧–૨૨ના અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૧) સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ

(૨) સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૧–૨૨નો ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

ફાલ્ગુન ૧૦, ૧૯૪૫ શાકે

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

શ્રી મુળુભાઇ હ.બેરા(આયર)( પ્રવાસન મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડનો સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૧૮–૧૯નો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રીમતી ભાનુબેન બાબરિયા (મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૮–૧૯નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૦–૨૧નો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર (રાજ્યકક્ષાના નાગરિક પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ**

શ્રી ભીખુસિંહ ચ. પરમાર(રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ગોપાલક વિકાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૨–૨૩ના વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૦–૨૧નો ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ.**

શ્રી બચુભાઇ મગનભાઇ ખાબડ(પશુપાલન પ્રભાગનો હવાલો ધરાવતા રાજ્યકક્ષાના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત ઘેટાં અને ઊન વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૧૯–૨૦નો રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી મુકેશભાઇ ઝી. પટેલ (રાજ્યકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રી વતી રાજ્યકક્ષાના વન અને પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.**

**સન ૨૦૨૨–૨૩નો ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો વાર્ષિક અહેવાલ**

શ્રી ઋષિકેશ ગ. પટેલ (શહેરી વિકાસ પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રિયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરિટીનો સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

**વાર્ષિક અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો**

**સન ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩નો ગુજરાત મેરીટાઇમ બોર્ડનો વાર્ષિક વહીવટી અહેવાલ**

શ્રી જગદીશ વિશ્વકર્મા (રાજ્યકક્ષાના બંદરો પ્રભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મેરીટાઇમ બોર્ડના સન ૨૦૨૦–૨૧, ૨૦૨૧–૨૨ અને ૨૦૨૨–૨૩ના વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ સન ૨૦૨૦–૨૧ અને ૨૦૨૧–૨૨ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

(૧) સન ૨૦૨૦–૨૧નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૨) સન ૨૦૨૧–૨૨નો વાર્ષિક વહીવટી અહેવાલ

(૩) સન ૨૦૨૨–૨૩નો વાર્ષિક વહીવટી અહેવાલ

**વાર્ષિક વહીવટી અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં**
**વિધાનસભાની સમિતિના અહેવાલની રજૂઆત**

અંદાજ સમિતિના ત્રીજા અહેવાલની રજૂઆત

શ્રીમતી મનીષા રા. વકીલ : (સમિતિના પ્રમુખશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું અંદાજ સમિતિનો ત્રીજો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**વિધેયકો (સરકારી)**

**સને ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૯**

ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૪

**સન ૨૦૨૫ના માર્ચ મહિનાની એકત્રીસમી તારીખે પૂરા થતા નાણાકીય વર્ષની સેવાઓ માટે ગુજરાત રાજ્યના એકત્રિત ફંડમાંથી અમુક રકમો આપવાનો અને તેનો વિનિયોગ કરવાનો અધિકાર આપવા બાબત વિધેયક**

શ્રી કનુભાઇ મો. દેસાઇ(નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, *રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૯-સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક -૯- સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આપ સૌ જાણો છો કે વિધાનસભા જે બજેટ મંજૂર કરે છે અને સરકારશ્રીને વાપરવા માટેના અધિકાર આપતું બિલ દર વખતે આપણે કાયદાથી પાસ કરવાની વ્યવસ્થા આપણા બંધારણ અને નિયમોમાં છે. આજે વિનિયોગ વિધેયક સહિત અન્ય સરકારી વિધેયકો ચર્ચા માટે હાથ ધરાવાના છે. વિનિયોગ વિધેયકની ચર્ચામાં ભાગ લેવા માટે કુલ ૪ સભ્યશ્રીઓએ તેમના મુદ્દા આપેલા છે. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ ૨૩૮(૩)ની જોગવાઇ અનુસાર આ વિનિયોગ વિધેયક ઉપરની સઘળી ચર્ચા સભાગૃહની બેઠક મુલત્વી રાખવા નક્કી કરેલા સમયના ૧ કલાક અગાઉ પૂરી કરવાની થાય છે. પરંતુ આ વિનિયોગ વિધેયક બાદ અન્ય સરકારી વિધેયકો તેમજ છેલ્લા દિવસનો પ્રસ્તાવ પણ હાથ ધરવાનો હોઇ વિનિયોગ વિધેયક ઉપરની ચર્ચામાં ભાગ લેવા માટે મુદ્દા આપનાર સભ્યશ્રીઓની સંખ્યા જોતા મને મળેલી સત્તાની રૂએ હું મુદ્દાઓ ઉપરની ચર્ચા માટે દરેક સભ્યશ્રીને ૩ મિનિટનો સમય ફાળવું છું. મુદ્દાઓ આપનાર સભ્યશ્રીઓએ ઉપસ્થિત કરેલ મુદ્દાઓ પરની ચર્ચાનો જવાબ માનનીય નાણામંત્રીશ્રીએ આપ્યા બાદ વિધેયક તરત જ સભાગૃહના મત ઉપર મૂકવામાં આવશે.

શ્રી અરવિંદભાઇ જી. લાડાણી(માણાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, મારો મુદ્દો ''જૂનાગઢ જિલ્લામાં લાંબા સમયથી તૂટી ગયેલા ધોરીમાર્ગોની સમયસર મરામતની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા'' અંગેનો છે. જૂનાગઢ જિલ્લામાં ઘણા લાંબા સમયથી રોડ-રસ્તા ખૂબ જ ડેમેજ છે અને ખાસ કરીને ગયા વર્ષે જે હોનારત થઇ જેના કારણે પણ રસ્તા ધોવાણા અને નાળા તથા પુલીયા તૂટી ગયા છે. તો સરકારશ્રી આ ચોમાસા પહેલા તમામ રસ્તાઓ રિ-કાર્પેટ કરવા કે નવા પુલ બનાવવા માગે છે કે કેમ?

મુદ્દા નંબર-૧*

''લુણાવાડા તાલુકાના પાલીવાલ ડેરીથી- રાણપુર-ગોલાણા પાલ્લા- રાજગઢ વચ્ચે પાકો માર્ગ બનાવવામાં તંત્રની નિષ્ફળતા.''

મુદ્દા નંબર-૨ *

''બનાસકાંઠાના કાંકરેજ તાલુકામાં બનાસ નદીમાં આવતા પૂરથી નદી કાંઠાના ખેડૂતોની જમીનોને થતું નુકસાન અટકાવવા માટે સંરક્ષણ દિવાલ બનાવવામાં તંત્રની નિષ્ફળતા.''

મુદ્દા નંબર-૩ *

'' અમદાવાદ મહાનગરપાલિકાને વિભાગ દ્વારા પૂરતી નાણાકીય સહાય ફાળવવા છતાં શહેરમાં પૂરતા પ્રેસરથી પાણી પૂરું પાડવામાં તંત્રની નિષ્ફળતા.''

*મુદ્દા આપનાર માનનીય સભ્યશ્રીઓ ગેરહાજર હોવાથી, મુદ્દા રજૂ થઇ શકેલ નથી.

અધ્યક્ષશ્રી : માનનીય કનુભાઇનો એટલો સરસ સંપર્ક છે કે મુદ્દાવાળા સભ્યશ્રીઓ જ હાજર નથી. મેં ગઇકાલે કહ્યું હતું એ જ પ્રમાણે છે. બધાનો સહયોગ છે. સૌનો સાથ અને સૌનો વિકાસ આવું છે.

* વિધેયક તા.૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

ફાલ્ગુન ૧૦, ૧૯૪૫ શાકે

## ગુજરાત વિનિયોગ વિધેયક, ૨૦૨૪

શ્રી કનુભાઇ મો. દેસાઇ (નાણાં મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, તારીખ ૦૨/૦૨/૨૦૨૪ના રોજ વર્ષ ૨૦૨૪-૨૫નું અંદાજપત્ર આ સન્માનનીય ગૃહમાં રજૂ કરવામાં આવ્યું. આ અંદાજપત્ર ઉપર ચાર દિવસ સામાન્ય ચર્ચા કરવામાં આવી હતી. જેમાં આ સભાગૃહના માનનીય સભ્યશ્રીઓએ પોતાના વિચારો અને મંતવ્યો રજૂ કર્યા હતા તેને આવરી લઇને અત્રેથી યોગ્ય પ્રત્યુત્તરો પણ આપવામાં આવ્યા હતા. સંબંધિત વિભાગના મંત્રીશ્રીઓ દ્વારા માગણીઓ રજૂ કરવામાં આવી હતી. આ માગણીઓ ઉપર વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલ અને આ સમય દરમિયાન વિપક્ષ દ્વારા કાપ દરખાસ્તો રજૂ કરવામાં આવી હતી પરંતુ રજૂ થયેલ તમામ કાપદરખાસ્ત નામંજૂર કરવામાં આવેલી. ચર્ચાના અંતે જે તે વિભાગના માનનીય મંત્રીશ્રીઓએ માગણીઓના સંદર્ભમાં યોગ્ય પક્ષ રજૂ કરીને માગણીઓ પસાર કરવા માટે અનુરોધ કર્યો હતો.આમ ચર્ચાના અંતે ગૃહમાં રજૂ થયેલ વિગતવાર માગણીઓ બહુમતીથી પસાર કરવામાં આવી હતી. અલગ અલગ વિભાગોની માગણીઓની ચર્ચાના અંતે આપ માનનીય અધ્યક્ષશ્રીએ ગૃહના સભ્યોને તેમના પ્રશ્નો અને સૂચનો રજૂ કરવાની તક આપી હતી. સન્માનનીય સભ્યોનાં સૂચનો અને પ્રશ્નોની જે તે વિભાગે નોંધ પણ લીધેલી છે. એ માટે આપનો પણ આભાર માનું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી અરવિંદભાઇ લાડાણીએ જૂનાગઢ જિલ્લામાં ધોરી માર્ગનું સમયસર મરામત કરવામાં તંત્રની નિષ્ફળતાનો મુદ્દો ઉપસ્થિત કરેલ છે. જે બાબત સત્યથી વેગળી છે. રાજયમાં માર્ગ અને મકાન વિભાગ હસ્તકના માર્ગોની સુધારણા અને રસ્તાઓનું બાંધકામ રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ થકી હાથ ધરવામાં આવે છે. આ માર્ગોના બાંધકામ અને સુધારણાનાં કામોમાં કામ પૂર્ણ થયા બાદ ટેન્ડરમાં સૂચવેલ જોગવાઇ મુજબ ફ્રી મેઇન્ટેનન્સ, ગેરંટી પિરિયડની ઇજારદારની જવાબદારીની જોગવાઇ કરવામાં આવે છે. ગેરંટી પિરિયડમાં ઇજારદારની જવાબદારીના સમયમાં રસ્તા, પુલોની નુકસાન થાય તો ઇજારદારના ખર્ચે રિપેર કરવાની કામગીરી હાથ ધરવામાં આવે છે. જે ઇજારદાર કામગીરી ન કરે તેની સામે ટેન્ડર કલોઝ મુજબ પગલાં લઇ વિભાગ દ્વારા સમારકામની જરૂરી કામગીરી કરવામાં આવે છે. ફ્રી મેન્ટેનન્સનો ગેરંટી પિરિયડ પૂર્ણ થયા બાદ રસ્તાની જાળવણી અને મરામત વિભાગીય કચેરી દ્વારા જરૂરિયાત મુજબ કરવામાં આવે છે. ચોમાસા દરમ્યાન મરામત માટે આગોતરા આયોજનથી કપચી, ગ્રીડ, મેટલ, ડામરનું મિક્સ મટિરિયલ વગેરેના વાર્ષિક ભાવો મંજૂર કરી તૈયાર રાખવામાં આવતા હોય છે. જેથી પૂર તથા ભારે વરસાદ જેવા તાકીદના સમયે નુકસાન પામેલા રસ્તાઓનું તાત્કાલિક મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪માં રસ્તા અને પુલોના કામોમાં જૂનાગઢ જિલ્લાના રાજય હસ્તકના ૨૩ કામોની લગભગ ૧૨૯૧૭ લાખ અને પંચાયત હસ્તકના ૪૯ કામોની ૭૬૫૪ લાખ મળીને કુલ ૭૨ કામોની રૂ.૨૦૫૭૧ લાખની મંજૂરી મળેલ છે. આમ જૂનાગઢ જિલ્લામાં રાજય ધોરીમાર્ગ અને જિલ્લા ધોરી માર્ગનું સમયસર મરામત કરવામાં તંત્રની નિષ્ફળતાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય ગૃહમાં રજૂ થયેલ તમામ માગણીઓ ચર્ચાના અંતે પસાર કરવામાં આવેલ છે. તે માટે હું સર્વે સન્માનનીય સભ્યોનો આભાર વ્યકત કરું છું. જે માગણીઓની ચર્ચા આ ગૃહમાં થઇ શકી નથી, તે તમામ માગણીઓ ગિલોટીનથી પસાર કરવામાં આવી હતી. હવે આ ગૃહમાં રજૂ થયેલી વિભાગવાર માગણીઓને કાયદાનું સ્વરૂપ આપવા વિધેયક સ્વરૂપે પસાર કરવી જરૂરી હોઇ હું સભાગૃહ સમક્ષ સન ૨૦૨૪નું ગુજરાત વિનિયોગ વિધેયક રજૂ કરું છું. આ વિનિયોગ વિધેયક પસાર થયા પછી જ નિયત કરેલ યોજનાઓ માટે વર્ષ ૨૪-૨૫માં ખર્ચ કરી શકાશે. એટલે કે નાણાં વિભાગ દ્વારા ગ્રાન્ટની ફાળવણી કરી શકાશે. આથી આ સભાગૃહના સૌ સભ્યો વિનિયોગ વિધેયક સર્વાનુમતે પસાર કરે એવી મારી વિનંતી છે. જય જય ગરવી ગુજરાત. જય હિંદ. ભારત માતા કી જય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક ૯-સન ૨૦૨૪ના ગુજરાત વિનિયોગ વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ અને ૩, અનુસૂચિ, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી કનુભાઇ મો. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક ૯-સન ૨૦૨૪ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક ૯-સન ૨૦૨૪ના ગુજરાત વિનિયોગ વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે પસાર કરવામાં આવે છે.

તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી(સુધારા)વિધેયક, ૨૦૨૪

**સને ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૮**

**ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા ) વિધેયક ૨૦૨૪**

**ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ ૨૦૦૩**

**વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(શિક્ષણ મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, * રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય મહોદય, ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી એ તા.૧–૦૫–૨૦૦૩ના જાહેરનામાથી અમલમાં આવેલ યુનિવર્સિટી છે. અગાઉના આ ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અધિનિયમ, ૨૦૦૩ ના મુખ્ય ઉદ્દેશ્ય રાજ્ય અને દેશના સામાજિક–આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવતા ટેલિકોમ્યુનિકેશન સેક્ટર માટે ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી(ICT)માં ઉચ્ચ શિક્ષણને પ્રોત્સાહન આપવાનો અને માહિતી ટેકનોલોજી માટે રાષ્ટ્રનિર્માણમાં સક્રિયપણે યોગદાન આપવાનો છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP)–2020એ શિક્ષણના તમામ તબક્કે હોલિસ્ટિક અભિગમ સાથે ગુણવત્તાયુક્ત, ટેક્નોલોજીસભર અને આપણી પ્રાચીન શિક્ષા પ્રણાલીને પ્રસ્તુત કરે છે તથા યોગ્ય એક્રેડિટેશન સાથે સંશોધન અને શિક્ષણ આધારિત સંસ્થાઓ ડેવલપ થઈ શકે અને તેના દ્વારા ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓનું પ્રદર્શન શ્રેષ્ઠ બને તે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ – ૨૦૨૦ નો મુખ્ય ઉદ્દેશ્ય છે. આ યુનિવર્સિટી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) 2020 ના ઉદ્દશો સાથે સુસંગત વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને સંશોધનની તકો પ્રદાન કરવા સક્ષમ છે અને દેશના સૌથી પ્રગતિશીલ અને વિકસિત રાજ્ય તરીકે ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ્ય સાથે આ ખાનગી યુનિવર્સિટીના અધિનિયમમાં સુધારો કરવામાં આવી રહ્યો છે. મૂળ કાયદાની કલમ 4(1), 4(2), 4(3), 4(4), 4(5), 4(6), 4(7), 6(2), 6(3), 6(9), 6(12) અને 14 અંતર્ગત યુનિવર્સિટીનો ઉદ્દેશ્ય વિવિધ શાખાઓમાં શિક્ષણ, સંશોધન અને તાલીમને આગળ વધારવા માટે વિવિધ ક્ષેત્રોને (સાયન્સ, ટેક્નોલોજી ઇન્કલુડિંગ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેક્નોલોજી, એન્જિનિયરિંગ, ગેસ, ઓઈલ, માઈનિંગ, એનર્જી, એન્વાયરમેન્ટ, સસ્ટેનેબિલિટી, મેડિકલ સાયન્સ, હેલ્થકેર, ડેન્ટલ, નર્સિંગ, ફિઝિયોથેરાપી, પેરામેડિકલ, ફાર્મસી, કોમર્સ, મેનેજમેન્ટ, લો, હ્યુમેનિટીઝ, લીટરેચર, સોશિયલ સાયન્સ, પોલિટિકલ સાયન્સ, ઈકોનોમિક્સ, એજ્યુકેશન, આર્કિટેક્ચર, અર્બન પ્લાનિંગ, ડિઝાઈન ઈન્કલુડિંગ ફેશન ડિઝાઈનિંગ, આર્ટ્સ એન્ડ ક્રાફ્ટ્સ, પર્ફોર્મિંગ આર્ટ્સ, કોમ્યુનિકેશન, માસ મિડિયા, ફિલ્મ, ડ્રામા એન્ડ એન્ટરટેઈન્મેન્ટ, જર્નાલિઝમ, સ્પોર્ટ્સ, ડેરી, અનિમલ હસબંડરી, એગ્રીકલ્ચર, ફાર્મિંગ, હોર્ટીકલ્ચર, ફોરેસ્ટ્રી, ફિશરીઝ, સ્કિલ ડેવલોપમેન્ટ એન્ડ એની અધર ફીલ્ડ એન્ડ/ઓર એજ્યુકેશનલ ડિસિપ્લીન એન્ડ ઈન્ટરડિસિપ્લીનરી એરિયાસ એક્રોસ ફિલ્ડ્સ / ડિસિપ્લીન ફોર ધ એડવાન્સમેન્ટ ઓફ મેનકાઈન્ડ) ઉમેરવામાં આવેલ છે. વ્યવસ્થાપન, કાયદો વગેરે સહિતની વિવિધ શાખાઓમાં શિક્ષણ, સંશોધન અને તાલીમને આગળ ધપાવવાના ઉદ્દેશ્ય સાથે મૂળ કાયદાની કલમ ૪, ૬ અને ૧૪ માં સુધારો કરવામાં આવેલ છે જે ભવિષ્યમાં આ ખાનગી યુનિવર્સિટીને મલ્ટી ડિસિપ્લીનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટી (MERU)માં રૂપાંતરિત કરવા માટે વ્યાપક બની રહેશે. આ સુધારો શિક્ષણ પ્રણાલીમાં આંતરશાખાકીય અભ્યાસક્રમો/સંશોધન/તાલીમ, ચોઈસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ(CBCS) અને NEP 2020 હેઠળની અન્ય સુવિધાઓ સહિતની સુગમતા પ્રદાન કરવા માટે પ્રસ્તાવિત કરવામાં આવેલ છે. વધુમાં, આ વિધેયક મારફતે મૂળ કાયદાની કલમો કે જેમાં "ઈન્સ્ટિટ્યૂટ" અને "ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી"નો ઉલ્લેખ થયેલો છે તેની જગ્યાએ "યુનિવર્સિટી" શબ્દ ઉમેરવામાં આવ્યો છે.

મૂળ કાયદાની કલમ ૨(ઙ) પછી ખંડ ૨(ઘ) "યુનિવર્સિટી એટલે કલમ (૩) હેઠળ સ્થપાયેલી ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટી, ગાંધીનગર, ગુજરાત" ઉમેરવામાં આવ્યો છે. વધુમાં, કલમ (૯), (૧૦), (૧૨), (૧૪), (૧૬), (૧૮), (૧૯), (૨૦), (૨૧), (૩૨), (૩૩), (૩૪) અને (૩૫)માં "ડાયરેક્ટર" શબ્દની જગ્યાએ "ડાયરેક્ટર જનરલ" શબ્દ મૂકવામાં આવ્યો છે. યુનિવર્સિટીના વિવિધ ફેકલ્ટી/વિભાગો/સંસ્થાઓ/કેન્દ્રોના ડાયરેક્ટરની નિમણૂક અંગેની જોગવાઇ કલમ ૧૯(ક) તરીકે ઉમેરવામાં આવેલ છે. આમ, ઉપરોક્ત વિધેયક ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક, ૨૦૨૪ દ્વારા નિશ્ચિત ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે કાયદામાં જરૂરી સુધારા સૂચવે છે. આ સુધારાનો અમલ કરીને ઉચ્ચ શિક્ષણની ગુણાત્મક તેમજ કાયદાકીય જોગવાઈઓ અનુસાર તેમની કામગીરીનું યોગ્ય

* વિધેયક તા.૨૬મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

નિયમન થઇ શકશે. આ બિલ પસાર થતાં આ યુનિવર્સિટી "ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી" ની જગ્યાએ "ધીરુભાઈ અંબાણી યુનિવર્સિટી" તરીકે ઓળખાશે અને તેનું કેમ્પસ ગાંધીનગર રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, ધીરુભાઈ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી(સુધારા) વિધેયક, ૨૦૨૪નો અમલ મૂળભૂત શૈક્ષણિક લક્ષ્યાંકો સિદ્ધ કરી આજના વિકસતા અર્થતંત્ર સાથે કદમ મિલાવી સફળતાના શિખર સર કરશે. આજ દ્દઢ નિશ્ચય સાથે સૌને આ વિધેયકને સમર્થન આપવા વિનંતી કરુ છું. આભાર.

**માનનીય અધ્યક્ષશ્રીની જાહેરાત**

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. આજે ગુરુવાર, તા. ૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ સભાગૃહના વિરામ સમયની શરૂઆતમાં પુષ્પાંજલિ કાર્યક્રમની સમાપ્તિ બાદ વિધાનસભાના ચોથા માળે આવેલ શાસક પક્ષના સભાખંડમાં ગુજરાત પોલીસ દ્વારા સાયબર ક્રાઇમ વિષય ઉપર એક આયોજન કરવામાં આવેલું છે. જેમાં આપ સૌને ઉપસ્થિત રહેવા આગ્રહભરી વિનંતી છે. કાર્યક્રમના સમાપન બાદ માનનીય ગૃહ મંત્રીશ્રી તરફથી સ્વરૂચિ ભોજનની વ્યવસ્થા પણ ચોથા માળે બેન્કવેટ હોલ ખાતે કરવામાં આવેલ છે. સાયબરની અંદર સાયબરના ક્રાઇમમાં કઇ રીતે બચી શકાય અથવા અવેરનેસ કઇ રીતે લાવી શકાય એ માટે શ્રી અજય તોમર કરીને નિવૃત્ત આઇ.પી.એસ. અધિકારી છે એમણે ખૂબ સરસ પ્રેઝન્ટેશન તૈયાર કર્યું છે. આપણે બધા ત્યાં આગળ રિસેસના સમયમાં ઉપસ્થિત રહીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે બિલ લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો વ્યક્ત કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બિલનો સ્કોપ બહુ મોટો નથી. થોડા માળખાકીય ફેરફારો છે અને તેનો ખૂબ મોટો વ્યાપ વધારવા માટેનું આ બિલ છે. પહેલાં માત્ર ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી વિષય પૂરતી આ ઇન્સ્ટિટ્યૂટ સીમિત હતી. હવે જે યુનિવર્સિટી બનવા જઇ રહી છે તેના કારણે તેનો વ્યાપ સ્કાય ધી લિમિટ ત્યાં સુધી થવાનો છે. રાજ્યની જવાબદારીઓમાં મુખ્ય જવાબદારી જે હતી અને હોવી જોઇએ તેમાં શિક્ષણ અને આરોગ્ય બે જવાબદારીઓ છે તે હંમેશાં રાજ્યએ લેવી જોઇએ. બાકીની જે જવાબદારીઓ છે તે નાગરિકો પોતે જ જવાબદારી અદા કરે અને તેના માટેનો ખર્ચ પણ ભોગવે તો એમાં કોઇ વાંધો ન હોઇ શકે. પરંતુ શિક્ષણ અને આરોગ્ય છે તે રાજ્ય સરકારની જવાબદારી છે, કલ્યાણ રાજ્યની પણ જવાબદારી છે. વિશ્વની અંદર ઘણા અખતરાઓ થયા. ફાઇનલી આ બે ક્ષેત્રો એવા છે કે, જે સરકારે આ ક્ષેત્રો છોડયા છે તે દેશનું પતન થયું છે અથવા તો દેશ ખૂબ પાછળ ગયો છે. હમણાં કોરોના કાળમાંથી પસાર થયા. તે વખતે આપણે જે ખાનગી હોસ્પિટલોથી માંડીને ખૂબ મોટાપાયે વાતો કરી હતી કે મેડિકલ ટુરિઝમ ખાનગી હોસ્પિટલો થાય, તેનું અપગ્રેડેશન થાય તો વધારે સારું રહે. સામાન્ય સમયમાં બરાબર લાગ્યું હશે, પણ કોરોના કાળમાં આખા દેશમાં આપણને કોઇએ બચાવ્યા હોય તો એ આપણી સરકારી હોસ્પિટલો અને સરકારી માળખું હતું તેના જ કારણે આપણે આ કોરોનાને હરાવી શકયા છીએ. એટલું જ નહીં તેના પછી પણ સરકારે જે રસીકરણથી માંડી જે બીજાં કામ કર્યાં તેમાં પણ સરકારી ઇન્સ્ટિટ્યૂશનનો બહુ મોટો રોલ હતો. અલબત્ત તેના માટે પ્રજાનો સહયોગ પણ એટલો જ જરૂરી હતો. અગાઉના સમયમાં પણ આપણે અનેક રોગો હતા તેને દેશવટો આપી દીધો છે. આપણા દેશમાં નહીં પણ વિશ્વની અંદર પણ દેશવટો આપી દીધો છે. તેમાં પણ આપણી જે પબ્લિક ઇન્સ્ટિટ્યૂશનો છે તેનો ખૂબ મોટો ફાળો રહ્યો છે. આ યુનિવર્સિટી છે તે સરકારી નહીં પરંતુ લોકભાગીદારી વાળી છે. હું એમ નથી કહેતો કે, લોકભાગીદારી ન હોવી જોઇએ. શિક્ષણ અને આરોગ્ય બંનેની અંદર લોકભાગીદારી હોવી જોઇએ. તેમાં નફો કમાવાની મનોવૃત્તી ન હોવી જોઇએ. તો જ આ ઇન્સ્ટિટ્યૂશનો સફળ થશે.

**માનનીય સભાપતિશ્રી પંકજભાઇ દેસાઇ અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ઘણી યુનિવર્સિટીઓ બનાવી છે. તે યુનિવર્સિટીઓમાં ઘણી સારી યુનિવર્સિટીઓ છે અને ઘણી બંધ કરવા જેવી યુનિવર્સિટીઓ છે. આપણે ત્યાં કોઇ ઇન્સ્ટિટ્યૂશન શરૂ કરવા માટે જે મીનીમમ રિક્વાયરમેન્ટ છે, તેના ધોરણો તો હોય છે જ પણ આ ધોરણોનું પાલન થતું નથી. એટલે ઘણી યુનિવર્સિટીઓ તો ચાર–પાંચ માળના મકાનની અંદર કાર્યરત થતી હોય છે અને શિક્ષણનો વેપાર કરતી હોય છે. જ્યારે ઘણી યુનિવર્સિટીઓ એવી છે કે, જે લોકભાગીદારીથી શરૂ થઇ હોય. તેમાં ગણપત યુનિવર્સિટી હોય કે પછી નિરમા યુનિવર્સિટી હોય કે આપણી કડીની કડી વિશ્વ વિદ્યાલય હોય. આવી કેટલી યુનિવર્સિટીઓ બની કે જે યુનિવર્સિટીઓએ આજે પણ તે પરંપરા જાળવી રાખી છે અને સારી રીતે ચાલી રહી છે. આ પણ એક ઇન્સ્ટિટ્યૂટ તરીકે શરૂ થઇ અને આજે આપણે તેનો વ્યાપ વધારવા જઇ રહ્યા છીએ. તેમાં ડુપ્લિકેશન થવાની સંભાવના છે. આર્ટસ, કોમર્સ, સાયન્સના જે સામાન્ય પ્રવાહના વિષયો છે તે વિષયો તો બીજી યુનિવર્સિટીઓ પણ ભણાવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે આપણે આ ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફોર્મેશન કોમ્યુનિકેશન ટેકનોલોજી ત્યારે આપણે આઇ.ટી. સેકટર અને કોમ્પ્યૂટર સેકટરની અંદર આપણા એક્સપર્ટસ તૈયાર કરવાના હતા તેના માટે આ ઇન્સ્ટિટ્યૂટ બનાવી હતી. આપણે અપેક્ષા રાખતા હતા તેટલા લેવલે આ ઇન્સ્ટિટ્યૂટ, આ યુનિવર્સિટી આગળ વધી શકી નહીં. હવે આપણે ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટી કરી હ્યુમેનિટીથી માંડી લિબરલ સાયન્સિસના બધા સબ્જેકટ આ યુનિવર્સિટીની અંદર ભણાવવાના છે. એટલે જે ફોકસ આપણું હતું કે આઇ.ટી.માં ગુજરાત ખૂબ પાછળ છે તો આગળ લઇ જવાનું છે એ આપણે

હજુ સુધી લઇ જઇ શક્યા નથી. આજે પણ આટલાં વર્ષો પછી પણ આપણા જે આઇ.ટી. પર્સોનેલ છે કે આઇ.ટી. કે કોમ્યુનિકેશન ટેકનોલોજીમાં ભણેલા યુવાન અને યુવતીઓ છે એને જોબ માટે રાજ્ય બહાર જવું પડે છે. એ પછી હૈદરાબાદ હોય, બેંગ્લોર હોય, પૂના હોય કે દિલ્હી હોય ત્યાં જવું પડે છે. માનનીય કનુભાઇની વાત સાચી છે કે, હવે ગિફ્ટ સિટી આવી ગયું છે અને ગિફ્ટ સિટીનો પ્રોગ્રેસ પણ સારો થાય છે એની હું ના નથી કહેતો પણ ગિફ્ટ સિટીમાં જે પર્સોનેલ આજે પણ આવે છે એ આપણા કરતા બહારનાં રાજયોના વધારે આવે છે એ વાત આપણે સ્વીકારવી જોઇએ. આપણે એવા ગ્રેજ્યુએટ ઊભા કરી શક્યા નથી કે જે વૈશ્વિક કક્ષાએ કોમ્પિટ કરી શકે. આપણે આ પી.પી.પી. કે લોકભાગીદારી લઇ આવવાનું કારણ એ હતું કે, આપણે ત્યાં એવા ટીચર્સ આવે કે જે ટીચર્સ વૈશ્વિક કક્ષાના હોય અને જે રિસર્ચમાં જેનું નામ હોય, જેની બ્રાન્ડ હોય એવા શિક્ષકો આવે તો જ વિદ્યાર્થીઓ તૈયાર થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, હૈદરાબાદમાં ધારાસભ્યશ્રીઓનો ૫ દિવસનો ઇન્ડિયન સ્કૂલ ઓફ બિઝનેશનો વર્કશોપ હતો. એમાં હું ૫ દિવસ રહ્યો હતો અને ત્યાંના ફેકલ્ટીને મળ્યો હતો. એ ફેકલ્ટીનું રિઝ્યુમ જોઇએ તો એ રિઝ્યુમમાં ઇન્ટરનેશનલ લેવલની કોન્ફરન્સોથી માંડીને જે સંસ્થા ૧થી ૧૦ માં આવતી હોય વિશ્વની અંદર એવા ફેકલ્ટી મેમ્બર ત્યાં ભણાવવા આવતા હતા અને એટલા માટે જ આઇ.એસ.બી. આજે દુનિયાની ૧થી ૧૦ બિઝનેશ સ્કૂલ છે એમાં આવે છે. આપણે આઇ.આઇ.એમ. અમદાવાદને બાદ કરો તો આપણે આવી ઇન્સ્ટિટ્યૂટનું સર્જન કરી શક્યા નથી એ વાત સ્વીકારવા જેવી છે અને એનું કારણ એ છે કે, મેં અગાઉ કહ્યું તેમ આપણે ઇન્ફ્રાસ્ટ્રક્ચર બનાવી દઇશું પણ જો એમાં યોગ્ય ફેકલ્ટી નહીં હોય તો એમાં ભણનારા વિદ્યાર્થીઓની ક્વોલિટી જે આંતરરાષ્ટ્રીય કક્ષાની લઇ આવવી છે એ લાવી શકાશે નહીં. આઇ.ટી. સેકટરમાં ખૂબ મોટા પડકારો અત્યારે આવી રહ્યા છે. એવા પડકારો આવે છે કે, વિશ્વના નિષ્ણાતો સાથે એ પડકારોની સામે આપણે આપણી જે ડિજિટલ સેફ્ટી છે એના માટે પણ ખૂબ મોટા પાયે કામ કરવાનું છે. હમણાં જ સાઇબર ક્રાઇમની વાત કરી. આ પણ એક નવો ઊભરતો સબ્જેક્ટ છે. સાઇબર ક્રાઇમ આપણા માટે મોટો પડકાર છે અને એ પડકારને ઝીલી લઇએ અને સોલ્યુશન લઇ આવીએ તો બીજો પડકાર આવે છે. આર્ટીફિશિયલ ઇન્ટેલિજન્ટ્સ છે એ નવો આવિષ્કાર પણ છે, નવી શોધ પણ છે અને માનવ જાતની સામે સૌથી મોટો પડકાર પણ છે. એની સાથે જો ડગલા નહીં માંડીએ, આપણે વારંવાર કહીએ છીએ કે, દુનિયા દોડે છે ત્યારે આપણે ચાલીશું તો પાછળ રહી જવાના છીએ, જનરેશન આગળ નિકળી જવાની છે. જો એની સાથે જોડાઇશું અને એમાં લીડ લઇ એક પગલું આગળ જઇશું તો જ આપણે દુનિયાની અંદર આઇ.ટી. ક્ષેત્રમાં જે અત્યાર સુધી ભારતે થોડી ક લીડરશીપ જાળવી રાખી હતી, ગુજરાત તો એમાં પાછળ રહી ગયું છે પણ તો જ આપણે કંઇક કરી શકીશું. દેશની અંદર આઇ.ટી. ટેકનોલોજી લાવવાનું શ્રેય કોઇને જતું હોય તો એ સ્વ.રાજીવ ગાંધી અને ડો. સામ પિત્રોડાને જાય છે. કોમ્યુનિકેશન અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી બંનેમાં એ વખતે આખા દેશમાં ખૂબ મોટે પાયે હોબાળો થયો કે આપણા હાથમાંથી જોબ લઇ લેવાના છે. બેન્કોની અંદર હડતાળ પાડી હતી, રાજકીય પક્ષના લોકો બળદ ગાડા લઇને પાર્લામેન્ટમાં સરઘસ લઇને ગયા હતા એ વખતે કે આ દેશના યુવાનોને કામ નહીં મળે. જે તે વખતના વડા પ્રધાન સ્વ. રાજીવ ગાંધીએ કહ્યું હતું કે, કે we missed the train for industrial revolution. But we don't want to miss the train for computer revolution. ત્યારે આઇ.ટી.શબ્દ પણ નહોતો આવ્યો કોમ્પ્યુટર આવ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્ફોર્મેશન ટેકનોલોજી સબ્જેક્ટ જ તેના પછી આવ્યો અને તેના કારણે એવું થયું કે આજે દુનિયાની અંદર એવો એક પણ દેશ નથી કે જેમાં ભારતના આઇ.ટી.પર્સોનલ છે એ લીડ ન કરતા હોય. યુ.એસ.એ.ની સિલિકોન વેલી હોય કે આઇ.ટી.ની મલ્ટીનેશનલ કંપની હોય તે તમામના હેડ કે તેના પછીના પર્સોનલ છે તે ભારતીય છે અને આપણે તેનુ ગૌરવ છે. એ એટલા માટે કે આપણે એ જે દુનિયા દોડતી હતી તેનાથી બે ડગલાં આગળ નીકળીને રહ્યા. જે દેશો ભારતીયોને આવકારતા નથી તેની મજબૂરી થઇ ગઇ કે ભારતના આઇ.ટી. ટેકનોલોજીના લોકો તો જોઇશે જ એ જર્મની હોય તો જર્મનીએ પણ આજે સ્વીકારવું પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ બિલ લઇ આવ્યા તેમાં ભલે યુનિવર્સિટીનો વ્યાપ સરકારે વધાર્યો પણ સાથે સાથે લિબરલ સ્ટડી કે લિબરલ સાયન્સ ભણે વાંધો નથી પણ જે આપણો હેતુ હતો તે નિષ્ણાતો તૈયાર કરવાનો કે દુનિયાના લોકો આવી અને આપણી યુનિવર્સિટીમાંથી આપણા ભણેલા વિદ્યાર્થીઓને લઇ જાય અને તેને ટોપ ઉપર બેસાડે તે હેતુ માર્યો નહીં જવો જોઇએ. મને એવું દેખાય છે કે આપણું ફોકસ આમાં બદલાઇ જવાનું છે. આપણે ત્યાં બીજી એક યુનિવર્સિટી છે પી.ડી.ઇ.યુ. પહેલાં પી.ડી.પી.યુ. હતી પછી પીડીઇયુ થયું અને તે પણ આજે યુનિવર્સિટીની અંદર સૌથી વધારે ફોકસ કોના ઉપર છે? તો કહે લિબરલ સ્ટડી ઉપર. એમાં પેટ્રોલિયમ શબ્દ જતો રહ્યો, એનર્જી શબ્દ જતો રહ્યો અને હવે એક રુટિન યુનિવર્સિટી થઇ ગઇ. આ પણ આપણે ફરી પાછા તેના તરફ જઇ રહ્યા છીએ. જઇએ તો પણ વાંધો નહીં, પરંતુ ફોકસ આપણુ બદલાયેલું છે તે ફોકસ બદલાવું ન જોઇએ. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, સાથે સાથે આપણે જે આ મૂળ સ્વરૂપ હતું ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી તે ફોકસ ચેન્જ નહીં થવું જોઇએ. હજુ પણ આપણે આઇ.ટી.ના ક્ષેત્રમાં ખૂબ પાછળ છીએ અને તેનું કારણ એક જ છે કે આઇ.ટી.ના ક્ષેત્રની અંદર સૌથી પહેલી જરૂરિયાત મશીનની હોતી નથી. સૌથી પહેલી જરૂરિયાત પર્સોનલની હોય છે. એ જયાં હોય છે ત્યાં આપણું જે આઇ.ટી.સેકટર છે તે ડેવલપ થાય છે. અને એટલા આઇ.ટી.ના એક્સપર્ટની અંદર પણ આપણે સૌથી પાછળ છીએ.

ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી(સુધારા)વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, એટલે મારી વિનંતી એટલી છે કે આ યુનિવર્સિટીની અંદર ભલે આ સુધારા થોડા લઇ આવ્યા તેનો વાંધો નથી, પરંતુ એમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સની આખી એક નવી ફેકલ્ટી ઊભી કરી. દુનિયાથી સાથે નહીં પણ દુનિયાથી આગળ નીકળીએ એવી તૈયારી આ ઈન્સ્ટિટ્યૂટ કરે. ધીરુભાઇ અંબાણીએ શૂન્યમાંથી સર્જન કરેલુ છે. આ યુનિવર્સિટી છે તેના નામ સાથે જોડાયેલી છે તો આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં આ જે બીજા લોકો આપણાથી આગળ નીકળેલા છે. આપણે તેમાંય પાછળ છીએ તો એમાં આગળ નીકળવા માટે ખાસ ફોક્સ તેમાં રાખે. અને દુનિયાનો પડકાર ગુજરાતના યુવાનોની અને યુવતિઓની ઝીલવાની તૈયારી છે, માત્ર તેને સારી ફેકલ્ટી અને સારું ઇન્ફ્રાસ્ટ્રકચર આપવાની જરૂર છે, તો માઇગ્રેશન અટકે. brain drain અટકે આજે જયાં પણ, ગુજરાતની અંદરથી એવું થાય છે કે લોકો જીવનું જોખમ લઇને, દિવસોના રઝળપાટ પછી મૃત્યુ સામે દેખાતું હોય તો પણ દેશ છોડી અને બીજા દેશોમાં જઇ રહ્યા છે. ત્યાંની વાત નથી કરતો. આપણે ત્યાં યુક્રેનના યુદ્ધની અંદર બેકારીને કારણે આપણા યુવાનો ત્યાં જઇ રહ્યા છે. આજે ઈઝરાયલની અંદર જવા માટે કોઇ તૈયાર નથી. મારા વિસ્તારના સેંકડો યુવાન અને યુવતીઓ આ યુદ્ધો થયા પછી ઇઝરાયેલમાં રોજી-રોટી માટે ગયા છે. આ પરિસ્થિતિને રીવર્સ કરવી હોય તો આપણે આપણા શિક્ષણ પર ભાર આપવો પડશે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપ કરવું પડશે અને ફેકલ્ટીને પૂરા પગારો આપી અને મોકળાશ આપી આ ક્ષેત્ર ડેવલપ કરવું પડશે. હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીએ વિનંતી કરું છું કે આ યુનિવર્સિટીનો વ્યાપ ભલે વધારવામાં આવે પણ આપણું મૂળ ફોકસ આપણા યુવાન અને યુવતીઓને મજબૂતાઇથી આઇ.ટી.ના ક્ષેત્રમાં તૈયાર કરવાના છે. આ પડકારમાં ગુજરાતે લીડરશીપ લેવાની છે. આજે તો આપણે લાઇનમાં પણ સૌથી છેલ્લે બેઠા છીએ. એમાં સૌથી આગળ થવાનું છે. દેશમાં પણ થવાનું છે અને દુનિયામાં પણ થવાનું છે. એના માટે આ યુનિવર્સિટી પી.પી.પી. ધોરણે હોય તો વધારે સારી રીતે થઇ શકશે. આમાં મારાં સૂચનોની નોંધ લેવામાં આવે એવી વિનંતી સાથે મારી વાત પૂરી કરું છું.

શ્રી કમલેશભાઇ ર. પટેલ(પેટલાદ) : માનનીય અધ્યક્ષશ્રી, અણનમ, અનાવિલ, ગુજરાતનું ગૌરવ, ભારત રત્ન અને નિશાને પાકિસ્તાન જેવા બે રાષ્ટ્રોના સર્વોચ્ચ એવોર્ડ જેને પ્રાપ્ત થયા છે એવા આદરણીય સ્વ. મોરારજીભાઇ દેસાઇ સાહેબનો આજે જન્મ દિવસ છે. તો એમને વંદન કરી મારી વાતને આગળ વધારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના શિક્ષણમંત્રી સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૮-સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કૉમ્યુનિકેશન ટૅકનૉલૉજી (સુધારા (વિધેયક લઇને આવ્યા છે એના પર મારા વિચારો મૂકવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતવર્ષમાં નાલંદા, તક્ષશિલા, વલ્લભી હોય, વલ્લભ વિદ્યાપીઠ હોય કે મહાત્મા ગાંધીના માર્ગદર્શન હેઠળ બનેલી ગુજરાત વિદ્યાપીઠ હોય આ બધી જ વિદ્યાપીઠો અને યુનિવર્સિટીઓ પી.પી.પી. મૉડેલથી જ ચાલતી હતી. ભારતનો ભૂતકાળ મજબૂત હતો એને લક્ષમાં રાખીને ભવિષ્યને મજબૂત બનાવવાની ચિંતા હતી. આઝાદીના સમયમાં વલ્લભ વિદ્યાપીઠથી શરૂ થયેલી અને આજે સરદાર પટેલ યુનિવર્સિટીના નામથી પ્રસિદ્ધ યુનિવર્સિટી પણ લોક ભાગીદારીથી જ બનેલી હતી. આજે ગુજરાતના આણંદ જિલ્લામાં ચારૂસેટ યુનિવર્સિટી, ભાઇકાકા યુનિવર્સિટી, ધરમસિંહ દેસાઇ યુનિવર્સિટી, આણંદ કૃષિ યુનિવર્સિટી, ચારૂતળ વિદ્યામંડળ યુનિવર્સિટી આવેલી છે. ભૂતકાળમાં ગુજરાતમાં પથી ૬ યુનિવર્સિટી હતી એના બદલે આજે ૧૦૮ યુનિવર્સિટીઓ કાર્યરત છે. આજે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વમાં ભારતમાં પ્રતિ દિવસ બે નવી કૉલેજ ખૂલે છે અને એક પખવાડિયે એક નવી યુનિવર્સિટી ખૂલી રહી છે. આ વૈશ્વિક હરિફાઇ કરવા માટે 'કર લો દુનિયા મુઠ્ઠી મે' અભિગમને આગળ વધારવા માટે થઇ રહ્યું છે. ભૂતકાળમાં એઇમ્સ શું છે તે ખબર ન હતી અને આઝાદીના ઈતિહાસથી લઇને આજ સુધી ગણીગાંઠી એઇમ્સ હતી. હમણાં જ રાજકોટમાંથી માનનીય પ્રધાનમંત્રીશ્રીએ એકસાથે પાંચ એઇમ્સનું લોકાર્પણ કર્યું તે નાની વાત નથી. આઇ.આઇ.ટી. હોય, એઇમ્સ હોય, નવી નવી યુનિવર્સિટીઓ અને નવી નવી કૉલેજો બનાવીને નાલંદા અને તક્ષશિલાના ભવ્ય ભૂતકાળને પુનર્જાગૃત કરવાનું કામ ગુજરાત સરકાર અને ભારત સરકાર કરી રહી છે. ભારતવર્ષના ઇતિહાસમાં આજદિન સુધી ન જોયેલું અને ન ઉદભવેલ પરિવર્તન શિક્ષણ ક્ષેત્રમાં આવી રહ્યું છે. ભારત દેશની યુનિવર્સિટીઓમાંથી સ્નાતક અને અનુસ્નાતક થયેલા યુવાનો દુનિયાના ટોપ મોસ્ટ ઈન્સ્ટિટ્યૂટમાં સી.ઇ.ઓ. તરીકે કાર્યરત છે અને હજુ તો 2020 શિક્ષા નીતિના પરિણામો આવશે. આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં શ્રી ધીરુભાઇ અંબાણીના સ્લોગન ''કર લો દુનિયા મુઠ્ઠી મેં''ની વિચારધારા સાથે ભારતનું યુવાધન આગળ વધી રહ્યું છે ત્યારે દુનિયાની મોટામાં મોટી મલ્ટીનેશનલ કંપનીઓમાં ભારતના સી.ઇ.ઓ. કામ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના માનનીય શિક્ષણમંત્રીશ્રી ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કૉમ્યુનિકેશન ટૅકનૉલૉજી (સુધારા) વિધેયક, ૨૦૨૪ દ્વારા ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તાના ધોરણો જાળવીને વિદ્યાર્થીઓને રિસર્ચ અને નોલેજ સાથે રોજગારીની તકો વધે તે માટે પ્રવેશના રાહ તરફ દોરી જઇ રહ્યા છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસનો હેતુ આ યુનવર્સિટીના બિલમાં રહેલો છે. યુનિવર્સિટી દ્વારા શૈક્ષણિક કાર્યક્રમો જેવા કે, ડિસ્ટન્સ એજ્યુકેશન, ઓનલાઇન એજ્યુકેશન, એન્વાયરમેન્ટલ ડેવલપમેન્ટ સાથે ટૅકનૉલૉજીની જરૂરિયાતના આધારે ઇન્ટેલેક્ચ્યુઅલ એબિલિટી, એજ્યુકેશન અને ટ્રેનિંગ આધારિત આર્ટ ફેસિલિટી, ટીચિંગ અને રિસર્ચ પ્રોગ્રામ આપવામાં આવે છે.

તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

ધીરૂભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી(સુધારા)વિધેયક, ૨૦૨૪

માનનીય અધ્યક્ષશ્રી, વિકસિત ગુજરાતની સાથે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનું નિર્માણ કરવાની નેમ આદરણીય પ્રધાનમંત્રી શ્રી મોદી સાહેબે રાખી છે તેને આવી યુનિવર્સિટીઓ દ્વારા બળ મળવાનું છે. આ નીતિના અમલથી આવનારા સમયમાં ગુજરાત 'એજ્યુકેશન હબ' બનવા જઇ રહ્યું છે અને ગુજરાતની યુનિવર્સિટીઓમાંથી વૈશ્વિક કક્ષાનું શિક્ષણ પ્રાપ્ત થશે. ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કૉમ્યુનિકેશન ટૅકનૉલૉજી અધિનિયમ, ૨૦૦૩માં પ્રસ્તાવિત સુધારાનો હેતુ યુનિવર્સિટી દ્વારા રાજકીય શિક્ષણ નીતિ ૨૦૨૦ સાથે સુસંગત વિવિધ ક્ષેત્રમાં શિક્ષણ અને સંશોધનની તકો પ્રદાન કરવાનો છેઅને આ વિપુલ તકો અહીંના વિદ્યાર્થીઓને ઉપલબ્ધ કરાવવાનું છે. ઈન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશનની પ્રવર્તમાન શાખાને વિવિધ સમકાલીન ક્ષેત્રોમાં આવરી લેતી નવી ટેકનોલોજીની શાખામાં રૂપાંતરિત કરવા તેમજ મેનેજમેન્ટ, કાયદો, ડિઝાઇન વગેરે સહિતની વિવિધ શાખાઓમાં શિક્ષણ, સંશોધન અને તાલીમને આગળ ધપાવવા માટે સુધારા કરવા આવશ્યક છે અને એના માટે આ બિલ આવ્યું છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના સુસંગત વિવિધ ક્ષેત્રોમાં શિક્ષણ અને સંશોધનની તકો પ્રદાન કરવા આ યુનિવર્સિટી સક્ષમ છે. દેશના સૌથી પ્રગતિશીલ અને ગતિશીલ રાજ્ય તરીકેની ગુજરાતની સ્થિતિને વધુ મજબૂત બનાવવા માટે અને વિકસિત ગુજરાતના નારા સાથે વિકસિત ભારતના નારાને જોડવા માટે વર્ષ ૨૦૪૭ના વિકસિત ભારતના નિર્માણના ઉદ્દેશો સાથે ખાનગી યુનિવર્સિટીના કાયદા અધિનિયમ ધારાના બિલોમાં સુધારા કરવામાં આવી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉપરોક્ત વિધેયકથી શ્રી ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ બિલ વર્ષ ૨૦૨૪ના સુધારાનો અમલ કરીને પ્રાઇવેટ યુનિવર્સિટી તેમના તમામ શૈક્ષણિક નિર્ધારિત ધ્યેયોને હાંસલ કરી શકશે. આ બધી જ યુનિવર્સિટીઓમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ, એન.ઇ.પી. ૨૦૨૦ની જરૂરિયાતને સંતોષવા માટે એકસમાજ માળખા પર એક સમાન કાર્યપદ્ધતિ પર આધારિત હોય તેવી યુનિવર્સિટીઓ માટે એકસમાન કાયદો બનશે. ગુજરાતના, ભારતના અને વિદેશના વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક હેતુ માટેના તમામ વિકલ્પો ઉપલબ્ધ થશે. દિવ્ય અને ભવ્ય ભારતના નિર્માણમાં આ બિલ મદદરૂપ થશે. વૈશ્વિક ફલક પર આપણા દેશની અને ગુજરાતની યુનિવર્સિટીઓની ભાગીદારી વધશે. વર્ષો પહેલાં આપણું યુવાધન દુનિયામાં અને ગુજરાત બહાર પણ અભ્યાસ કરવા માટે જતું હતું. પણ હવે એ સમય આવ્યો છે કે દુનિયામાંથી અને ગુજરાત બહારના પ્રાંતોમાંથી ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ કે જેની દુનિયા અને ભારતવર્ષની સારી યુનિવર્સિટીઓમાં ગણના થાય છે એવી નિરમા યુનિવર્સિટી, પારૂલ યુનિવર્સિટી, ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ આવતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ માટે વૈશ્વિક હબ સરદાર સાહેબના સ્વપ્નનું વિદ્યાનગરનું પૂજ્ય ભાઇલાલભાઇ પટેલે નિર્માણ કર્યું ત્યારે વર્ષો પહેલાં સરદાર સાહેબનું જે સ્વપ્ન હતું એ આજે આદરણીય શ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં સાકાર થઇ રહ્યું છે. ગુજરાત રાજ્યમાં ૧૦૮ યુનિવર્સિટીઓ છે. આ ગુજરાતની ભવ્ય અને દિવ્ય શિક્ષણ નીતિને આભારી છે. જયારે માનનીય શિક્ષણ મંત્રીશ્રી આ બિલ લઇને આવ્યા છે ત્યારે સમગ્ર સભાગૃહને મારી વિનંતી છે કે એમાં સહભાગી બનીએ અને દિવ્ય તથા ભવ્ય ભારતના નિર્માણમાં યશભાગી બનીએ. ભારત માતા કી જય. વંદે માતરમ્.

શ્રીમતી રિવાબા ર. જાડેજા(જામનગર–ઉત્તર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૮ ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટૅકનોલોજી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે, એમાં સૂર પૂરાવવા માટે હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મેં પોતે મિકેનિકલ એન્જિનિરિંગ કરેલું છે. એટલે ખાસ એન્જિનિયરિંગ કોમ્યુનિકેશન, ઇન્ફોર્મેશન ટૅકનોલોજી અને આવનારા સમયને ધ્યાનમાં રાખીને શિક્ષણ વ્યવસ્થામાં યુવાધન કેવી રીતે આગળ વધી શકે? એ બાબતની સંપૂર્ણ તથા વિસ્તૃત માહિતી કયાંક મેં મારા વિદ્યાર્થીકાળ દરમિયાન મેળવેલી હતી. જયારે ગુજરાતની વાત આવે છે ત્યારે અમે પણ ગુજરાતના વિદ્યાર્થી તરીકે અને એક પ્રાઉડ સ્ટુડન્ટ તરીકે ગુજરાતમાં જ રહીને, ગુજરાતની જ ઇન્સ્ટિટ્યૂશનમાંથી એન્જિનિયરિંગ અથવા તો રિસ્પેક્ટિવ સબજેક્ટમાંથી ડિગ્રી હાંસલ કરી, દેશની સેવામાં કંઇક કરી શકીએ એ માટેનું અમારું એક માઇન્ડ સેટ હતું. મને કહેતા ખૂબ આનંદની લાગણી થાય છે કે જયારે આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી કે જેમણે વર્ષ ૨૦૪૭માં વિકસિત ભારતની પરિકલ્પનાની સંકલ્પના સાથે જયારે ભારત અને ભારતનું એક હબ એટલે કે ગુજરાત, જે સમગ્ર ભારતમાં નહીં, પણ સમગ્ર વિશ્વમાં એની એક અમી છાપ જયારે છોડી રહ્યું છે ત્યારે અત્યારની જે પેઢી છે અને આવનારી પેઢી છે, એ શિક્ષણ ક્ષેત્રે મહત્તમ યોગદાન આપી શકે અને આ વિકસિત ભારતના સંકલ્પમાં એ પોતાનું યોગદાન કેવી રીતે આપી શકે એ માટે એકેડમિક એજ્યુકેશન અને પૂરી સિસ્ટમ છે એને ફુટફુલ બનાવવાના હેતુથી આ વિધેયક અહીંયા ઇન્ટ્રોડ્યુશ કરાવવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કમલેશભાઇએ વિસ્તૃત વાત કરી કે, પૌરાણિક કાળથી ગુરુકુળ વ્યવસ્થા હોય ત્યારથી લઇ આઝાદીના સમય સુધીની વાત કરીએ તો આ દેશે ઘણી એવી સારી ઈન્સ્ટિટયૂટ વિશ્વને ઇન્ટ્રોડ્યુશ કરાવી છે. ઘણા એવા સારા સબજેક્ટ છે. આયુર્વેદિક હોય, વૈદિક સાયન્સ હોય, વૈદિક ગણિત હોય, એસ્ટ્રોનોમિની વાત હોય એમાં ભારત દેશે પોતાના પ્રતિનિધિત્વની સમગ્ર વિશ્વમાં એક આગવી છાપ ઊભી કરી છે. ભારતે સારા–સારા એસ્ટ્રોનોટ, સારા–સારા રોબર્ટિક ડેવલપમેન્ટ, સારા–સારા સાયન્સ એન્ડ ટૅકનોલોજીના વિદ્વાનો તથા આયુર્વેદિક ક્ષેત્રની વાત કરીએ, મેડિકલ ક્ષેત્રની વાત કરીએ કે એન્જિનિયરિંગ ક્ષેત્રની વાત કરીએ આ તમામ સેક્ટરમાં વિશ્વમાં કંઇકને કંઇક એવા આદર્શ પુરુષો છે કે જે આ

ભૂમિએ આપ્યા છે. દરેકે–દરેક ભૂમિનો પોતાનો આગવો પ્રભાવ અને આગવી લાક્ષાણિક છાપ હોય છે એમાં ગુજરાત માટે જનરલી એવું કહેવાય છે કે ગુજરાત રાજ્ય ઔદ્યોગિક હબ તરીકે જાણીતું છે. એટલે અહીંયા ઉદ્યોગકારો પેદા કરવા પડતા નથી પણ બાય બોર્ન એમના જીન્સમાં મેનેજમેન્ટનું નૉલેજ કે ઉદ્યોગોના ડેવલપમેન્ટનું નૉલેજ કયાંકને કયાંક આપેલું હોય છે. એની સાથે–સાથે સંપૂર્ણ નૉલેજ અને શિક્ષણની વાત આવે ત્યારે છેલ્લા કેટલાક દાયકાઓથી ગુજરાતને એમાં અગ્રેસર બનતા તથા આગળ વધતાં કોઇ રોકી શક્યું નથી. કેમ કે, તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી કે જેમના આગવા નેતૃત્વમાં ગુજરાતને ફક્ત યુનિવર્સિટી નહીં, પણ શિક્ષણના દરેકે–દરેક ફીલ્ડમાં ગુજરાતના સ્ટુડન્ટસ કોમ્પેકટ કરી શકે, રાષ્ટ્રીય નહીં પણ આંતરરાષ્ટ્રીલ લેવલે પોતાનું નૉલેજ આપી શકે એ માટે સરકારશ્રી સતત કાર્યરત છે. મને કહેતાં ખૂબ આનંદ થાય છે કે અમારા જામનગર જિલ્લામાં આયુર્વેદિક યુનિવર્સિટી છે ત્યાં ફૉરેનમાંથી સ્ટુડન્ટસ આયુર્વેદિક નૉલેજ લેવા માટે આપણા રાજયમાં અને અમારા સૌરાષ્ટ્રના જામનગર જિલ્લામાં જયારે આવતા હોય ત્યારે હું ખૂબ–ખૂબ આનંદની લાગણી અનુભવી રહી છું અને આ સરકારશ્રીને ધન્યવાદ આપી રહી છું. કોઇપણ એક ટર્મને ફક્ત એક સેક્ટરની ફીલ્ડ પૂરતું મર્યાદિત ન રાખતા વેરિયસ સેકટરમાં તબદીલ કરવામાં આવે અને એક યુનિવર્સિટીની પરિકલ્પના અને એક યુનિવર્સિટીનું વ્યવસ્થાપન સમગ્ર રાષ્ટ્ર અને આ રાજયને મળવા જઇ રહ્યું હોય ત્યારે એના ઉદ્દેશો વિશેની આપણે વાત કરીએ તો, કોઇ એક સેક્ટરની યુનિવર્સિટીને ટ્રાન્સફોર્મ કરવામાં આવે તો એ યુનિવર્સિટીના ઉદ્દેશો કયા કયા હોઇ શકે? જેમ કે, કૌશલ્ય વિકાસ અને માનવજાતિની પ્રગતિ માટે શૈક્ષણિક ક્ષેત્રો અંતર્ગત આવતા આંતરવિદ્યાકીય ક્ષેત્રોનો પણ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ–૨૦૨૦ના આશય અને એની પરિકલ્પના હેઠળ ઘડેલા ઉદ્દેશો અને અગત્યની માર્ગદર્શિતા સાથે સુસંગત રીતે વિકાસ કરી શકાય એ માટેનો છે. આ ઉપરાંત, એજ્યુકેશન એટલે ફક્ત અક્ષરજ્ઞાન નહીં, આજની પેઢી એ ફક્ત સારું લખતાં–વાંચતા શીખી શકે અને મલ્ટીનેશનલ કંપનીમાં જોબ મેળવી શકે એના પૂરતો એમનો વિકાસ સીમિત ન રહેતા સમાજ ઉપર પણ અસરકારક રીતે એનું નિર્દેશન, કોર્પોરેટ જીવનના પ્રભાવ દ્વારા અધ્યાપન, સંશોધન, તાલીમ અને વિસ્તરણ..

સભાપતિશ્રી : ગૃહનો વિરામનો સમય થયો છે. આજ રોજ વિરામ સમયમાં સ્વર્ગસ્થ માનનીય વડાપ્રધાન શ્રી મોરારજી દેસાઇને શ્રદ્ધાંજલિ આપ્યા બાદ સાયબર ક્રાઇમ અંગેનો કાર્યક્રમ અને ત્યારપછી મંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી તરફથી ભોજનનો કાર્યક્રમ હોઇ ગૃહનો વિરામનો સમય સવારના ૧૧.૦૦ થી ૧.૦૦ સુધીનો રહેશે. સભાગૃહ બપોરના ૧.૦૦ કલાકે ફરી મળશે અને માનનીય રિવાબા, આપનું વકતવ્ય ચાલુ રહેશે.

**(વિરામ સવારના ૧૧.૦૦થી ૧.૦૦)**

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રીમતી રિવાબા ર. જાડેજા (ક્રમશઃ): માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના રિસેશના વિરામ સમય પહેલાં આ ગૃહ સમક્ષ જે માનનીય મંત્રીશ્રી ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ૮ ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સુધારા વિધેયક ઉપરની જે ચર્ચા થતી હતી એમાં મેં મારા થોડા વિચારો રજૂ કર્યા છે અને હવે હું એ ઉપરાંતના મારા વિચારો રજૂ કરું તો મને એ કહેતા ખૂબ આનંદ થાય છે કે હમણાં જ ગુજરાત સરકાર દ્વારા ધો. ૬થી લઇ પ્રાથમિક શિક્ષણ અને માધ્યમિક શિક્ષણ સુધી ગીતાજીના અધ્યયનને અભ્યાસમાં સંમેલિત કરી અને જે એક આવનારા ભવિષ્ય આપણા દેશની સંસ્કૃતિ, આપણું કલ્ચર, આપણો વારસો એને સંભાળવાની અને એની જાળવણી કરવાની જે પહેલ અને જે બિલ પસાર કર્યું છે એના માટે હું ગુજરાત સરકારની ખૂબ ખૂબ આભારી છું, કારણ કે મેં પહેલાં જ કહ્યું હતું એમ કે શિક્ષણ એ ફકત અક્ષરજ્ઞાન નથી, શિક્ષણ એ આવનારા સમયને પારખીને બાળકોમાં કલ્ચરલ વેલ્યુસની જાળવણી થાય, સંસ્કાર, સભ્યતા જ્ઞાનની સાથેસાથે આપણો પૌરાણિક વારસો જળવાય અને વિજ્ઞાન અને ટેકનોલોજીના આ યુગમાં આ પેઢી અને ભાવી પેઢી સંયુકત રીતે પોતાનો મહત્તમ ફાળો આપી શકે એ માટે સંપૂર્ણ રીતે આ દેશની પેરફેરી, આપણી સભ્યતાને જાણવી પણ ખૂબ જરૂરી છે. જયારે આવાં બાળકો પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાંજ આપણા જ્ઞાનનો વારસો લઇ અને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે આવા ઇન્સ્ટિટ્યૂટમાં જયારે પ્રવેશ મેળવે છે ત્યારે આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રીની જે પરિકલ્પના છે કે સન ૨૦૪૭ સુધીમાં આપણા દેશને વિકસિત ભારત દેશ તરીકે વિશ્વમાં આપણે પ્રસ્થાપિત કરવાના છીએ ત્યારે આવા બાળકોનું આ ભાવિ પેઢીનું મહત્તમ યોગદાન ન કેવળ શિક્ષણથી પણ પૂરા સંસ્કાર અને જ્ઞાનના વારસા સાથે આ દેશના ભવિષ્યમાં અને આ દેશના વિકાસમાં એમનું મહત્તમ યોગદાન રહેશે ત્યારે મારે બે બાબત આપના માધ્યમથી આ ગૃહ સમક્ષ મૂકવાની છે કે આજે દુર્લભ રોગ દિવસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતા ખૂબ આનંદ થાય છે કે ઘણાં વર્ષો પહેલાં આદરણીય પ્રધાનમંત્રીશ્રી દ્વારા અમારા જામનગર જિલ્લામાં જે ગોરધનપર ગામ ખાતે વિશ્વનું પ્રથમ ગ્લોબલ સેન્ટર ફોર ટ્રેડિશનલ મેડિસીન એનું અત્યારે કામ પણ ચાલુ છે ત્યારે ન ફકત ઇન્ફર્મેશન એન્ડ ટેકનોલોજી, માનનીય અર્જુનભાઇએ ગુજરાત છે એ ઇન્ફર્મેશન અને ટેકનોલોજીમાં પાછળ રહી જશે એની ચિંતા વ્યકત કરી પણ મને એ કહેતા આનંદ થાય છે કે ફકત આઇ.ટી. નહીં પણ જુદા જુદા અનકોમન, અનઓર્થોડોક્સ ઘણા બધા આવા સેકટર્સ છે કે જેમાં ગુજરાતના સ્ટુડન્ટસ ભાવી પેઢી પોતાનું યોગદાન, પોતાના જ્ઞાન એ ફકત ગુજરાતની ભૂમિ પર નહીં પણ સમગ્ર ભારતને કંઇક આપી શકે એવા હેતુથી આજના દિવસે આજે જયારે દુર્લભ રોગ દિવસ છે ત્યારે ટ્રેડિશનલ મેડિસીન સેન્ટર ખાતે પણ રિસર્ચ એન્ડ એનાલીસીસ કરીને ઘણું બધું પ્રાપ્ત કરીને જશે. બીજી એક

બાબત મારે ગૃહ સમક્ષ કહેવાની કે હમણાં જ સરકારશ્રી અને આજ ગૃહમાં જયારે સેમી કંડકટર ચીપનું નિર્માણ અને એનું પ્રોડકશન જયારે ગુજરાતમાં સરકારશ્રીના અથાગ પ્રયત્નને અંતે જયારે થવા જઇ રહ્યું છે ત્યારે બહારના સ્ટુડન્ટસને તો એનો લાભ મળશે, સેમી કંડકટર એવો સબજેકટ છે કે જેને વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસક્રમ દરમિયાન જાણતા આવ્યા છે, સમજતા આવ્યા છે પણ પ્રેક્ટિકલ નોલેજમાં, ગ્રાઉન્ડ નોલેજમાં એમને જયારે ગુજરાત સરકારના અથાગ પ્રયત્નોથી આવી કંપનીઓ એમનું ઇન્ફ્રાસ્ટ્રકચર કરશે, ત્યારે સારા સ્કિલકુલ મેનેજમેંટ અને મેનપાવરની જરૂરીયાત આપણા ગુજરાતને પણ પડવાની છે. જયારે આવી યુનિરર્સિટી એટલે કે ધીરુભાઇ ઇન્સ્ટિટ્યૂટ યુનિવર્સિટી તરીકે જયારે નવા અનઓર્થોડોક્સ કોર્સને ઇન્ટ્રોડ્યુસ કરવા જઇ રહ્યું છે ત્યારે આ વિધેયકને હું મારું સમર્થન આપું છું અને આ અનઓર્થોડોક્સ અભ્યાસક્રમો જે વેરી અનકોમન છે અને જે હાલની આ વિજ્ઞાન અને ટેકનોલોજીના યુગમાં આપણા બધાની વચ્ચે એને ઇન્ટ્રોડ્યુસ કરી અને ભાવી પેઢી માટે આંતરાષ્ટ્રીય ક્ષેત્રે જેટલા પણ ટેકનોલોજીના નવા આયામો જયારે ખેડાઇ રહ્યા છે ત્યારે આપણા વિદ્યાર્થીઓ અને ભારતભરના વિદ્યાર્થીઓ કયાંય પાછા ના રહી જાય એ માટે એન્વાયર્મેન્ટલ સસ્ટેનેબિલિટીની વાત હોય, રોબોટિક્સની વાત હોય, મરીન એન્જિનિયરિંગની વાત હોય, જર્નાલિઝમની વાત હોય, સ્પોર્ટસની વાત હોય, કે પછી હોર્ટિકલ્ચર હોય અર્બન ડેવલપમેન્ટ અને પ્લાનિંગ કંઇક એટલા આવા અનકોમન, અનઓર્થોડોકસ સબજેકટસ જે આ ઇન્સ્ટિટ્યૂટના માધ્યમથી આપણા બધાની વચ્ચે યુનિવર્સિટી થઇ જવાથી ઇન્ટ્રોડ્યુસ કરશે તો આ ભાવી પેઢીને એનાથી ખૂબ જ લાભ મળવાનો છે.ન કેવળ ગુજરાતના પણ સમગ્ર ભારત દેશના સ્ટુડન્ટસ અહીંયા આવીને શીખી શકશે, ગ્રહણ કરી શકશે અને ભારતના વિકાસમાં એનો મહત્તમ ફાળો અને કોન્ટ્રિબ્યુશન આપી શકશે અને ખાસ જયારે મારે આ વિધેયક ઉપર બોલવાનું હતું ત્યારે મેં ત્યાંના એલીમીનાઇઝ સ્ટુડન્ટસ સાથે, એના મેનેજમેન્ટ સ્ટાફ સાથે અને ત્યાંના શિક્ષકગણો સાથે પર્સનલી ફોન કરીને પૂછયું કે તમારી એકેડેમિકસની એન્ટ્રી અને એની પ્રોસેસ શું હોય છે? ત્યારે મને કહેતા ખૂબ આનંદની લાગણી થાય કે વૈશ્વિક સ્તરે અને રાષ્ટ્રીય ક્ષેત્રે જે એક મોડલ અને જે એક એન્ટ્રન્સ એક્ઝામની જે પરિભાષા હોય એને પૂર્ણ રીતે જે.ઇ.ના માધ્યમથી એમને એન્ટ્રન્સ મળે છે એટલે સ્ટુડન્ટનું જે મેન્ટલ અને એજ્યુકેશનલ લેવલ છે એ લેવલ પ્રમાણે ત્યાં એમને એન્ટ્રી આપવામાં આવે છે, એટલે ફકત આવી કોઇ ઇન્સ્ટિટ્યૂશન છે એ ફેન્સી ઇન્સ્ટિટ્યૂશનને બદલે ખરા અર્થમાં શિક્ષણને, યોગ્યતાને અને લાયકાતને ચરિતાર્થ કરીને પછી જ એડમિશન આપે છે, જેથી કરીને આવનારા સમયમાં આ ભારત દેશના વિકાસ માટે આવા બ્રેઇન પાવર, આવા સ્કિલ્ડ મેન પાવર છે એ પોતાની અમીટ છાપ ભારત દેશને આપી શકે. આ ઉપરાંત જયારે કોઇ આવી શૈક્ષણિક સંસ્થા છે એને યુનિવર્સિટીમાં તબદીલ કરવાની વાત આવે ત્યારે અમુક એના ઉદ્દેશ્ય, અમુક એના ધારાધોરણો હોય છે, જે જે તે ઇન્સ્ટિટ્યૂશને કુલફીલ કરવાના હોય છે. આ યુનિવર્સિટીના ઉદ્દેશ્યોની વાત કરીએ તો કૌશલ્ય વિકાસ અને માનવ જાતિની પ્રગતિ માટે શૈક્ષણિક ક્ષેત્રો અંતર્ગત આવતા આંતરવિદ્યાકીય અને આંતર વિદ્યાશાખાકીય ક્ષેત્રોનો રાષ્ટ્રિય શિક્ષણ નીતિ ૨૦૨૦ના આશય અને હેતુ હેઠળ એના જે કાંઇપણ ઉદ્દેશ્ય છે એને કુલફીલ કરવાના રહેતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત સામાન્ય રીતે સમાજ ઉપર અસરકારક નિર્દેશન અને કોર્પોરેટ જીવનના પ્રભાગ દ્વારા અધ્યાપન, સંશોધન, તાલીમ અને વિસ્તરણ પ્રવૃત્તિઓથી જ્ઞાન અને સમાજનો મોટા ભાગનો એક અભિગમ રહેતો હોય છે. એને ડેવલપ કરવાની નીતિ તેમજ એનો વિકાસ કરવાનો અને એની જાળવણી કરવાનો હેતુ રહેતો હોય છે. યુનિવર્સિટીમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે આર્થિક જરૂરીયાત સંબંધી જે આપણે વાત કરી કે આઇ.ટી. સેકટર્સમાં આપણે બહુ પાછળ છીએ. આપણી પાસે એવા સ્કિલ્ડ શિક્ષકગણો, અધ્યાપકોનો ખામી અને અભાવ છે. એના માટે થઇને પણ અહીં જોગવાઇ કરવામાં આવેલી છે કે એને પ્રોપર અધ્યાપન મળી શકે. એ માટે તાલીમ અને સંશોધન અને ઉદ્યોગો સાથે સાંકળીને પ્રોપર રીતે એનું એક ફોર્મેટ નક્કી કરવામાં આવે. પરામર્શ તેમજ સંશોધન અને વિકાસ સેવાને પૂરતો ન્યાય આપવાનો, આ ઉપરાંત વર્તમાન સ્થિતિ મુજબ અને ભવિષ્યમાં વિકસિત થઇ શકે તેવી અન્ય પદ્ધતિઓ મુજબ પણ ઓનલાઇન અને દૂરવર્તી શિક્ષણની સેવાઓ પણ પૂરી પાડવાની હોય છે. અહીં મારા સાથી સભ્યો દ્વારા પણ આ બાબતે ઘણી વાતો થઇ છે એટલે અંતમાં હું એટલું કહીશ કે શિક્ષણ પ્રણાલીમાં ટેકનોલોજી ક્ષેત્રે થયેલા સુધારા ઓનલાઇનમાં મોટા પ્રમાણમાં કન્ટેઇનની પ્રાપ્યતા, અર્થવ્યવસ્થામાં બદલાવ, પ્રાઇવેટ સેકટરની ભૂમિકા, કૌશલ્ય આધારિત શિક્ષણ અને આ તમામે તમામ ફેકટર્સ ઉપર ધ્યાન કેન્દ્રિત કરી વિશ્વની વસ્તીના આધારે દરેક ક્ષેત્ર ઉપર આવેલા પરિવર્તન વગેરે જેવા પરિબળો અને વિશ્વભરની સંસ્કૃતિઓના સંમેલનને કારણે નોંધપાત્ર જે ફેરફાર થઇ રહ્યા છે. એ ફેરફારને ધ્યાનમાં રાખી આવી ઇન્સ્ટિટ્યૂશનને જયારે યુનિવર્સિટીનો દરજજો આપવાની વાત થતી હોય તો એમાં તમામે તમામ ગૃહના સાથી સભ્યોને હું વિનંતી કરું છું કે આ વિધેયક સર્વસંમતિથી પસાર કરી અને આપણે શિક્ષણની દૃષ્ટિએ એજ્યુકેશન અને ગુજરાતનું જે શિક્ષણક્ષેત્રે જે આગવું સ્થાન ધરાવે છે એમાં આપણું કોન્ટ્રીબ્યુશન આપીએ. આભાર.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ**(**મહેસાણા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનશેરીયા વિધાનસભા ગૃહ સમક્ષ ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમને હું સમર્થન આપું છું અને તેના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે જ ૨૮ ફેબ્રુઆરી એટલે નેશનલ સાયન્સ ડે તરીકે આપણે ઉજવતા આવ્યા છીએ. આજનો યુગ ટેકનોલોજી અને ડિજિટલ યુગ તરીકે ઓળખાય છે. આપણે જોઇએ છીએ કે અત્યારની પેઢી કે જયારે બાળક જન્મે

છે અને જયારે એક, દોઢ વર્ષનું થાય ત્યારથી જ એ મોબાઇલની અંદર કાર્ટુન જોવાનું ચાલુ કરે છે. સાથેસાથે આપણા માનનીય અધ્યક્ષશ્રીએ ગ્લોબલ વોર્મિંગની ચિંતા કરીને ગૃહને પેપરલેસ બનાવીને જ્યારે આ આઇપેડ દ્વારા આપણા શ્રી કરસનકાકા પણ એ આઇપેડનો ઉપયોગ કરી ટેકનોલોજી સાથે જોડાયા છે. આપણા દેશના યશસ્વી વડાપ્રધાન માનનીયશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું સ્વપ્નું છે કે, વર્ષ ૨૦૪૭ની અંદર જ્યારે દેશની આઝાદીનાં ૧૦૦ વર્ષ પરિપૂર્ણ થાય ત્યારે વિશ્વની અંદર આપણો દેશ એક વિકસિત રાષ્ટ્ર તરીકે ઓળખાય. એટલા માટે આપણા દેશની અંદર ટેકનોલોજી અને કોમ્યુનિકેશન ઇન્ફર્મેશન સાથે જોડાવવું બહુ જ અગત્યનું છે. આપણે જોઇએ છીએ કે, ફ્યુચરિસ્ટિક આઇડિયા અને ફ્યુચરિસ્ટિક ઇનોવેશન હોય અને આ ફ્યુચરિસ્ટિક ઇમ્પ્લિમેન્ટેશન કરવા માટે ફ્યુચરિસ્ટિક પ્લાનિંગ કરવું જરૂરી છે. તેના માટે જ્યારે માનનીય મંત્રીશ્રી ધીરુભાઇ ઇન્સ્ટિટ્યૂટ છે તેને યુનિવર્સિટીમાં તબદિલ કરવાનું વિધેયક લઇને આવ્યા છે તે ખૂબ જ પ્રશંસનીય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઇન્સ્ટિટ્યૂટ આપણા દેશના નંબર વન ઉદ્યોગપતિ માનનીય સ્વ.ધીરુભાઇ અંબાણીનો પરિવાર ચલાવતો હોય ત્યારે માનનીય અર્જુનભાઇએ કહ્યું હતું કે, તેની પાછળ મોટી ફી લઇને ધંધાકીય તરીકે ના જોડાય. પરંતુ આ પરિવાર છે તે ખરેખર દેશની સેવા કરે છે અને દેશને અગ્રતાક્રમ આપી વિશ્વની અંદર આપણા દેશનું નામ કઇ રીતે રોશન થાય તેના માટે જોડાયેલ હોય ત્યારે હું નથી માનતો કે ફક્તને ફક્ત આ યુનિવર્સિટી ધંધાકીય યુનિવર્સિટી બની રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી ગુજરાત રાજ્યના વકતવ્ય મુજબ શ્રી ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન ટેકનોલોજી અધિનયમ-૨૦૦૩માં સુધારો કરીને આ કાયદાને ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ બિલ-૨૦૨૪ તરીકે ઓળખવામાં આવશે. કેન્દ્ર સરકાર દ્વારા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ને તા.૨૯ જુલાઇ ૨૦૨૦ના રોજ મંજૂરી આપવામાં આવેલ છે. જેના મુખ્ય ઉદ્દેશ ૨૧મી સદીમાં પ્રચલિત શિક્ષણ પ્રણાલીને અનુરૂપ રોજગારલક્ષી, વૈજ્ઞાનિક અભિગમ, સર્જનાત્મક કલ્પનાશક્તિ, નૈતિક મૂલ્યો સભર શિક્ષણની સાથે સાથે સર્વગ્રાહી અને ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવાનો છે. ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન ટેકનોલોજી રિસર્ચ એન્ડ મેનેજમેન્ટ એક્ટ-૨૦૧૩, સ્કિલ યુનિવર્સિટી એક્ટ-૨૦૨૧, ગણપત યુનિવર્સિટી અધિનિયમ-૨૦૧૬, નિરમા યુનિવર્સિટી અધિનિયમ-૨૦૦૯ તેમજ પંડિત દીનદયાલ એનર્જી યુનિવર્સિટી એક્ટ-૨૦૦૭ અંતર્ગત ડાયકેટર જનરલના હોદ્દાને મંજૂર કરવામાં આવેલ છે. તે જ રીતે યુનિવર્સિટીના અધિકારીઓ, બોર્ડ ઓફ ગવર્નન્સ એકેડેમિક કાઉન્સિલ અને ફાઇનાન્સ કમિટીનું નિયમન કરતી કલમોમાં ડાયરેક્ટર જનરલની જોગવાઇ હેતુ આ ખાનગી યુનિવર્સિટીના બોર્ડને જરૂર જણાય છે. જેથી નોમિની કલ્ચર બદલીને આ સુધારો કરવામાં આવેલ છે. ડાયરેક્ટર જનરલ તે યુનિવર્સિટીના મુખ્ય કાર્યકારી અધિકારી રહેશે. નિયામકોની જગ્યાઓ દાખલ કરવામાં આવેલ છે. જેથી સંબંધિત ફેકલ્ટીઝ, સંસ્થાઓ, પી.જી.વિભાગો અને તેમની નિમણૂકની પ્રક્રીયાના વડા રહેશે. ડાયરેક્ટરની નિમણૂક માટે હાલની પ્રવર્તમાન જોગવાઇઓ લાગુ કરવામાં આવી છે. જેથી કામગીરીમાં વહીવટીકરણ થાય અને વહીવટી પ્રક્રિયાઓ ચાલતી રહે. ડિરેક્ટર તથા ડાયરેક્ટર જનરલ પદ માટેની નિમણૂકની પ્રક્રિયા પ્રવર્તમાન અધિનિયમની કલમ-૧૮ હેઠળ નિયત કરવામાં આવેલ છે. આ વ્યવસ્થા પ્રાઇવેટ યુનિવર્સિટી એક્ટ-૨૦૦૯ પ્રમાણે કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ બિલ-૨૦૨૪ એન.ઇ.પી-૨૦૨૦ના ઉદ્દેશોને હાંસલ કરવા માટે યોગ્ય છે. જેથી શિક્ષણ પ્રણાલિમાં આંતર શાખાકીય અભ્યાસક્રમો, સંશોધનો, તાલીમ તથા ચોઇસ બેઝ ક્રેડિટ સિસ્ટમ અને એન.ઇ.પી-૨૦૨૦ હેઠળ પરિકલ્પિત અન્ય વિશેષતાઓ પૂરી પાડી શકાય. ઇલેક્ટ્રોનિક્સ અને ઓનલાઇન લર્નિંગ સિસ્ટમ તેમજ ભવિષ્યમાં વિકસિત થઇ શકે તેવી શિક્ષણની અન્ય કોઇપણ પદ્ધતિ સહિત યોગ્ય શિક્ષણશાસ્ત્ર સૂચના અને વિતરણ પદ્ધતિઓ આ સુધારામાં સૂચવવામાં આવેલ છે. રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઇ જે વિધેયક લઇને આવ્યા છે તેને સમર્થન આપું છું અને મારી વાણીને વિરામ આપું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી આદરણીય પ્રફૂલભાઇ ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયક- ૨૦૨૪ લઇને આવ્યા છે એ વિશે મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ જે બિલ લઇને આવ્યા છે એના ઉદ્દેશો અને કારણોમાં જણાવ્યું છે કે, રાજ્ય સરકારે ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી માટેની સંસ્કૃતિ વિક્સાવવા અને ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી અંગે જાગૃકતા લાવવા માટે આ બિલ લાવવાની જરૂર પડી છે. વર્ષ ૨૦૦૩માં યુનિવર્સિટીનું બિલ લાવેલા અને એના પછી ઘણી બધી ખાનગી યુનિવર્સિટી વિધેયક પણ લાવ્યા. જ્યારે આ ઇન્સ્ટિટ્યૂટમાંથી યુનિવર્સિટી બનાવીએ છીએ તો એ ખાનગી યુનિવર્સિટી વિધેયકમાં સમાવેશ કર્યો હોય જે રીતે બીજી યુનિવર્સિટીને ખાનગી યુનિવર્સિટીના દરજ્જા આપ્યા છે એટલે આ ઉદ્દેશમાં માત્ર બે જ બાબત બતાવી છેઃ નામ બદલવાનું અને નિયામકનો હોદ્દો. પરંતુ આડકતરી રીતે આની અંદર ઘણા બધા મોટા સુધારા કર્યા છે એ સુધારા એવું બતાવે છે કે, આ ખાનગી યુનિવર્સિટીમાં જે સરકારી યુનિવર્સિટી અને કોલેજો છે એને નુકસાન થાય એ પ્રમાણેની આડકતરી રીતે કાર્યવાહી કરીને યુનિવર્સિટીને કાયદાકીય સ્વરૂપ આપીને કરવા જઇ રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના ઉદ્દેશોમાં જણાવ્યું છે કે, એન.ઇ.પી. નેશનલ એજ્યુકેશન પોલિસી ૨૦૨૦માં કેન્દ્ર સરકારે જે ઉદ્દેશો બતાવ્યા છે એ ઉદ્દેશો પાર પાડવા માટે ગુજરાતમાં શિક્ષણનું પ્રમાણ વધારવા માટે અને નવી એજ્યુકેશન પોલિસીનો અમલ થાય એ વિદ્યાર્થીઓ અને લોકો સુધી પહોંચે એના માટે આ બિલ લાવ્યા છે. પરતું મને લાગે છે કે, જ્યારે

કોઇને લાભ આપવો હોય ત્યારે નવી એજ્યુકેશન પોલિસીની વાત કરવાની પણ નવી એજ્યુકેશન પોલિસી પ્રમાણે અધ્યાપકોને પૂરતો પગાર નહીં આપવાનો. એન.ઇ.પી.માં કોઇ જગ્યાએ પાર્ટ ટાઇમ અધ્યાપક કે સહાયક અધ્યાપકની જોગવાઇ નથી. જ્યારે લાભ આપવાનો હોય ત્યારે કર્મચારીઓને એન.ઇ.પી. પ્રમાણે નહીં આપવાનો. કર્મચારીઓનો પગાર હોય, શિક્ષકોનો પગાર હોય અન્ય કર્મચારીઓનો પગાર હોય એ એન.ઇ.પી. પ્રમાણે આપવામાં આવતો નથી. અધ્યાપક સહાયકોનો પગાર હાઇસ્કૂલના શિક્ષકો કરતા ઓછો છે. આવી કોઇ નીતિ એ એન.ઇ.પી.માં નથી તો લાભ આપવાનો હોય ત્યારે એન.ઇ.પી.નો આધાર નહીં લેવાનો. જે રીતે મેરુ એટલે મલ્ટી ડિસિપ્લિનરી એજ્યુકેશન એન્ડ રિસર્ચ યુનિવર્સિટીની વાત કરી છે એટલે આ બધી મલ્ટી ડિસિપ્લિનરી એજ્યુકેશનની જે વાત છે એ માત્ર ખાનગી યુનિવર્સિટીમાં જ શા માટે કરવામાં આવે છે? તમે સી.બી.સી.એસ. ચોઇસ બેઝ્ડ ક્રેડિટ સિસ્ટમ લાવ્યા અને એવું કહ્યું કે, સાયન્સની કોલેજમાં વિદ્યાર્થીએ ભગવત ગીતા ભણવી હોય તો ભણી શકે છે. પણ સાયન્સમાં ભગવત ગીતા ભણાવે એવા અધ્યાપકો તમારી પાસે છે? માત્ર પોલિસી લાવીને સારી સારી વાતો કરવી અને કાયદાઓ બનાવવાથી કોઇ ફાયદો થવાનો નથી. હમણાં જ એવી વાત થઇ કે અમે આટલી બધી યુનિવર્સિટી બનાવી. તમે કેટલી યુનિવર્સિટી બનાવી એના કરતા કેવી યુનિવર્સિટીઓ બનાવી એ બહુ મહત્ત્વની બાબત છે. ખાનગી યુનિવર્સિટી લાવો, બિલ લાવો તેનો અમને વાંધો ના હોઇ શકે પરંતુ Quantity of the educational institutions is not necessary but quality is more necessary. આવી શૈક્ષણિક સંસ્થાઓની ગુણવત્તા સારી હોય તો અમે તેને સમર્થન આપીએ. હમણાં મેં અગાઉ પણ કહ્યું હતું કે જે યુનિવર્સિટીને મંજૂરી આપીએ અને અઠવાડિયા પછી તેની હરાજી થઇ ગઇ હોય. મેં પત્ર લખ્યો એ તપાસ કોણે કરી? તેની એલઆઇસી કોણે નીમી? એની ફાઇનાન્શિયલ આર્થિક એનું ભંડોળ કોણે તપાસ્યું? આવા લોકો માત્ર કમિટીમાં જાય અને તેને યુનિવર્સિટી મંજૂરી આપી દે તેના લીધે સરકારની પણ બદનામી થાય છે. એટલે ખરેખર જે સક્ષમ હોય તેને તમે આપો તેનો વાંધો ના હોઇ શકે. પરંતુ સૌથી મહત્ત્વની બાબત જોઇ રહ્યા છી., હું તો શિક્ષણ સાથે સંકળાયેલો છું જે રીતે self finance કોલેજો વધારો થઇ રહ્યો છે તેના લીધે સરકારી કોલેજો અને યુનિવર્સિટીઓની અંદર સંખ્યા ઘટતી જાય છે. મેં પહેલાં પણ કહ્યું હતું કે યુનિવર્સિટી આપી તેનો અમને વાંધો ના હોઇ શકે, પરંતુ જે રીતે કોમન યુનિવર્સિટી એક્ટ લાવ્યા અને સરકારી યુનિવર્સિટી ઉપર કન્ટ્રોલ કરવાનો આપણે પ્રયાસ કર્યો, એ રીતે આજદિન સુધી આટલી બધી યુનિવર્સિટીની અંદર ખાનગી યુનિવર્સિટી ઉપર કન્ટ્રોલ કરી શકીએ એવી કોઇ ઓથોરિટી રાજ્ય સરકારે બનાવી નથી, એટલે આ બિલની સાથે સાથે એ પણ તમે વિચારો કે આટલી બધી યુનિવર્સિટી આપ્યા પછી આપણે ખેતર વાવવા આપી દીધું અને પછી ખબર ના રાખીએ તો કેટલાય લોકો ભળી જાય આવી પરિસ્થિતિ આજે self finance ની અંદર થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોલેજમાં જવાનું નહીં, ફી આપવાની અને સરકારી કોલેજના રિઝલ્ટ કરતા ખાનગી કોલેજનું રિઝલ્ટ વધારે હોય એટલે વિદ્યાર્થીઓ સરકારી કોલેજો અથવા ગ્રાન્ટેબલ કોલેજો છોડી અથવા યુનિવર્સિટી છોડી અને ખાનગી યુનિવર્સિટી તરફ જઇ રહ્યા છે. જે રીતે વાત થઇ..

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય ડો. કિરીટકુમાર, જેટલો સમય બોલવું હોય એટલો સમય બોલે પણ જરા within scope, કારણ કે માનનીય પ્રફુલભાઇએ જે બિલ મૂક્યું હોય within scope અને સ્કોપની લિમિટમાં જ તેમણે વાત કરી છે.

ઉપાધ્યક્ષશ્રી : ડો. કિરીટકુમાર, હવે સ્કોપમાં જ બોલો. તમે ઊભા થાવ છો એટલે આખું હાઉસ ખુશ થઇ જાય છે પણ તમે બોલવાનું સ્કોપમાં રાખો. તમે આડું અવળું ના બોલતા, સીધા બિલના સ્કોપમાં જ બોલો. (અંતરાય)

શ્રી અમિત ઠાકર : માનનીય અધ્યક્ષશ્રી, યુનિવર્સિટીને લગતી બાબત હોય તો ગૃહનો સમય વધારે સારી રીતે વપરાશે માટે સ્કોપમાં બોલે.

ડો. કિરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સ્કોપની સાથે એમને કંઇ લેવા દેવા નહોતું પણ હું તો સ્કોપમાં બોલુ છું. આ જે એન.આર.આઇ.એફ. National Ranking of Institutions Framework. આની અંદર જે આવ્યું તેની અંદર આપણી યુનિવર્સિટીને સ્થાન નથી એટલે જે બિલ લઇને આવ્યા છે તેની અંદર કલમ–૬(૨) તેની અંદર તમે જુદાં જુદાં સેન્ટરો દેશની અંદર અને વિદેશની અંદર ઊભાં કરવાની વાત કરી છે. ખરેખર તો કોઇ ખાનગી યુનિવર્સિટી હોય તે તેના કેમ્પસની બહાર આવા સેન્ટર ઊભાં કરી શકતા નથી. અને જો આવી યુનિવર્સિટીઓ મનફાવે તેવા સેન્ટરો ઊભાં કરશે તો તેનાથી એજ્યુકેશન, શિક્ષણની ગુણવત્તા ઘટવાની છે, એટલે યુનિવર્સિટીને આપણે મંજૂરી આપીએ, પણ એને મનફાવે ત્યાં સેન્ટરો ઊભાં ના કરી શકે તે જોગવાઇ રદ કરીએ.

માનનીય અધ્યક્ષશ્રી, બીજુ, તેની અંદર ડેરી, પશુપાલન, કૃષિ અને ખેતી,બાગાયતી આ બધા વિષયોની વાત કરી છે. અત્યાર સુધી આપણે જેટલી પણ યુનિવર્સિટીઓને મંજૂરી આપી એમાં કૃષિ અને બાગાયતનો ક્યાંય ઉલ્લેખ કરેલ નથી. આપણા ગુજરાત રાજ્યમાં ૪ એગ્રિકલ્ચર યુનિવર્સિટી છે. એગ્રિકલ્ચર કે પશુપાલનને લગતો કોઇ પણ કોર્સ શરૂ કરવો હોય તો એ યુનિવર્સિટી હેઠળ કરી શકાય. મને લાગે છે કે આવું કરીને આપણે સરકારી એગ્રિકલ્ચર અને વેટરનરી યુનિવર્સિટીને નુકસાન કરી રહ્યા છીએ. બીજું કે કલમ –૬(૧૨)માં દર્શાવવામાં આવ્યું છે કે એ 'યુનિવર્સિટી કોઇ પણ સાથે ભાગીદારી કરી શકશે.' શું આપણે યુનિવર્સિટીને મંજૂરી આપી છે કે ભાગીદારી પેઢીને મંજૂરી આપી છે. યુનિવર્સિટી કઇ રીતે ભાગીદારી કરી શકે? યુનિવર્સિટી એનો કોર્સ આપી શકે. એના કોર્સના સેન્ટર રાજ્ય સરકારની મંજૂરી લઇને ખોલી શકે પણ કોઇની સાથે ભાગીદારી કેવી રીતે કરી શકે? મેં બિલમાં જોયું તો એન્જિનિયરિંગમાં રૂ.૧૨થી ૧૫ લાખ રૂપિયાની ફી હોય છે અને આટલી બધી ફી

ગુજરાતના ગરીબ વિદ્યાર્થીઓને પોષાય તેમ નથી. બીજું કે એની બૉડીમાં મહાનિયામકના નામ નિયુક્ત કરવાની વાત કરી છે. એ નામ સિનિયોરિટીના આધારે નક્કી કરશે કે એમને પસંદ હોય એવા વ્યક્તિઓની નિમણૂક કરશે. એમાં પણ સુધારો કરવા વિનંતી છે. કલમ–૩૪(૧૭) સેવા, શિસ્તના નિયમો અને પગાર ભથ્થાંની વાત કરી છે. તમે જાણો છો કે કોઇ પણ સેલ્ફ ફાયનાન્સ કૉલેજો કે યુનિવર્સિટી પૂરતો પગાર આપતી નથી. એને રાજ્ય સરકારના નિયમો મુજબ પગાર ભથ્થાં અને રજાઓ મળવી જોઇએ. એ પણ મળતું નથી તો એ યુનિવર્સિટી ક્યા ધારાધોરણ મુજબ પગાર ભથ્થાં આપવાની છે? અને રાજ્ય સરકારે નક્કી કરેલા હોય એ મુજબ પગાર ભથ્થાં ના આપે તો એના વિરુદ્ધમાં શું કાર્યવાહી કરવામાં આવશે? એનો પણ સમાવેશ કરવામાં આવ્યો નથી. આવી સારી સંસ્થાનું બિલ લઇને આવ્યા છે એને અમે સમર્થન કરીએ છીએ, પણ મેં કહ્યું એ પ્રમાણે આ યુનિવર્સિટીને મન ફાવે એમ સેન્ટરો ખોલવાની પરમિશન આપશો તો કોમર્શિયલ કોમ્પલેક્ષમાં સેન્ટર ખૂલી જશે. ત્યાં માત્ર વિદ્યાર્થીઓનું રજિસ્ટ્રેશન થશે. ફી ઉઘરાવવામાં આવશે પણ ત્યાં ભણાવવા માટેની કોઇ ફેસિલિટી નહિ હોય. પહેલાં રાજ્ય સરકારે રાજ્ય બહારની ઘણી બધી યુનિવર્સિટીઓનાં સેન્ટરો ખોલ્યાં હતાં. એના કારણે ઘણી વાર વિદ્યાર્થીઓ સાથે પણ છેતરપિંડી થતી હોય છે. કેમ્પસમાં જેટલી સારી સુવિધા ઊભી કરી શકાતી હોય એ કરીને વિદ્યાર્થીઓને ભણાવવામાં આવે અને મેં જે સૂચનો કર્યાં એ ધ્યાને લેવામાં આવે તો ચોક્કસ અમે એને સમર્થન કરીશું. આભાર.

શ્રી ઉમેશભાઇ ના. મકવાણા**(**બોટાદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પ્રફુલભાઇ પાનસેરીયા સાહેબ આજે જે સન ૨૦૨૪ ગુજરાત વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કૉમ્યુનિકેશન ટૅકનૉલૉજી (સુધારા) વિધેયક લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું અને સાથો–સાથ મારાં સૂચનો પણ આપવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ બિલનો મુખ્ય હાર્દ જોવા જઇએ તો 'ઈન્સ્ટિટ્યૂટ' ના બદલે 'યુનિવર્સિટી' એવું નામકરણ કરવા માટે આ બિલ લાવવામાં આવ્યું છે. બિલનો અભ્યાસ કરતાં ખૂબ જ ગંભીર વિષયો જાણવા મળ્યા છે. આ બિલ મારફત પ્રાઇવેટ યુનિવર્સિટીને જે સત્તા આપવામાં આવી છે જેમ કે અન્ય સાથે ભાગીદારી કરવી. મેડિકલ કૉલેજથી લઇને તમામ પ્રકારના કોર્સને આ યુનિવર્સિટીમાં માન્યતા આપવી. એટલે આ બિલની ઘણી કલમોમાં સુધારો કરવા જેવો છે. ગુજરાતમાં ખાનગી યુનિવર્સિટીઓનું પ્રમાણ ખૂબ જ ચિંતાજનક રીતે વધી રહ્યું છે. આ એક ગંભીર વિચારણાનો વિષય છે. આ ધીરુભાઇ અંબાણી ઇન્ફર્મેશન અને કોમ્યુનિકેશન ટૅકનૉલૉજી ઈન્સ્ટિટ્યૂટને યુનિવર્સિટીનો દરજ્જો આપવાથી ઇ.ડબલ્યુ.એસ., ઓ.બી.સી., એસ.સી., એસ.ટી., લઘુમતી કે મારા કોળી સમાજમાંથી આવતા વિદ્યાર્થીઓ, ખેડૂત કે ખેતમજૂરનાં બાળકો, છેવાડાનાં માણસનાં બાળકો આ ખાનગી યુનિવર્સિટીમાં અભ્યાસ કરી શકશે નહીં. કારણ કે આ યુનિવર્સિટીની ફી જ લાખ બે લાખ રૂપિયા હોય તો પછાત સમાજના વિદ્યાર્થી આ ફી કેવી રીતે આપી શકશે? હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આ બિલમાં ઇ.ડબલ્યુ.એસ., ઓ.બી.સી., એસ.સી., એસ.ટી., લઘુમતિ સમાજ, દરેક પછાત વર્ગના વિદ્યાર્થીઓ માટે આ ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટીમાં ૩૩ ટકા બેઠકો અનામત રાખવામાં આવે અને આ વિદ્યાર્થીઓની સંપૂર્ણ ફી માફ કરવામાં આવે. મેં અગાઉ જણાવ્યું તેમ ગુજરાતમાં સરકારી યુનિવર્સિટીનું પ્રમાણ ઓછું થતું જાય છે અને ખાનગી યુનિવર્સિટીઓનું પ્રમાણ દિવસે ને દિવસે વધતું જાય છે. ખાનગી યુનિવર્સિટી સામે મને કોઇ વાંધો નથી, હું તેના સમર્થનમાં જ છું. ગુજરાતમાં જેટલી વધારે યુનિવર્સિટીઓ ખુલશે તે સારું જ છે, પણ પછાત સમાજના વિદ્યાર્થીઓ માટે ખાનગી યુનિવર્સિટીની દરેક ફેકલ્ટીમાં ૩૩ ટકા અનામત આપવામાં આવે અને તેની શૈક્ષણિક ફી રાજ્ય સરકાર દ્વારા ચૂકવવામાં આવે અને જો રાજ્ય સરકાર ફી ન ચૂકવી શકતી હોય તો યુનિવર્સિટીની માન્યતા આપતાં પહેલાં આ બિલમાં જોગવાઇ કરવામાં આવે કે ૩૩ ટકા અનામત બેઠકના વિદ્યાર્થીઓની ફી માફ કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથોસાથ મારા સાથી સભ્યશ્રીએ પણ ખૂબ મોટું ધ્યાન દોર્યું છે કે આવી ખાનગી યુનિવર્સિટી/કૉલેજમાં જે પ્રાધ્યાપક કામ કરી રહ્યા છે તેને ખૂબ ઓછું પગારધોરણ આપવામાં આવે છે. કારણ કે હું પોતે એક શિક્ષક રહી ચૂક્યો છું એટલે મને ખ્યાલ છે. આ પ્રાધ્યાપકોના પગારની પણ આ બિલમાં ચોક્કસપણે ચિંતા કરવામાં આવે. આ બિલમાં સુધારો કરવામાં આવે. જેથી કરીને મારા ગુજરાતના પ્રાધ્યાપકોને પૂરતો પગાર મળશે તો તેઓ વિદ્યાર્થીઓને ન્યાય આપી શકશે. મેં કહ્યું તે પ્રમાણે જો આપણા દેશને ખરેખર વિશ્વગુરુ બનાવવો હોય તો છેવાડાના માણસને સારામાં સારું શિક્ષણ મફત આપીશું તો જ આપણા ગુજરાતનો અને દેશનો વિકાસ થઇ શકશે. આજે અદાણી અને અંબાણી જેવા ઉદ્યોગપતિઓ શિક્ષણનું વ્યાપારીકરણ કરવા જઇ રહ્યા છે તે આપણા માટે ખૂબ ચિંતાનો વિષય છે. હું આ બિલનો વિરોધ કરતો નથી પણ મને ભવિષ્યની ચિંતા છે કે જો આવી રીતે ઉદ્યોગ જગતને શિક્ષણમાં વ્યાપારીકરણની છૂટ આપીશું તો આવનાર ભવિષ્યમાં આપણા પછાત સમાજના વિદ્યાર્થીઓ માટે ખૂબ મોટું સંકટ ઊભું થવા જઇ રહ્યું છે અને ભવિષ્યમાં એક વર્ગવિગ્રહ થશે. પછાત સમાજનાં બાળકો ઉચ્ચ શિક્ષણથી વંચિત રહી જવાના છે. તેઓ અભ્યાસ નહીં કરે તો ભવિષ્યમાં આઇ.એ.એસ., આઇ.પી.એસ., એન્જિનિયર કે ડૉક્ટર નહીં બની શકે. કારણ કે તેઓ આટલી બધી ફી ચૂકવી શકવાના નથી. ગુજરાતમાં વર્ગવિગ્રહ ન થાય એ માટે આ તકે ચિંતા કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ધીરુભાઇ અંબાણી આપણા ગુજરાતનું ગૌરવ છે એનું મને ગૌરવ છે અને દરેક ગુજરાતીઓને ગૌરવ હોવું પણ જોઇએ. આપણે એમને જંગલની જમીન આપી દઇએ તો ચાલશે, ગૌચરની જમીન પણ

અદાણીજીને આપી દો તો મને વાંધો નથી. એમની લાખો કરોડો રૂપિયાની લોન માફ કરી દઇએ તો એનો પણ મને વાંધો નથી. પણ શિક્ષણક્ષેત્રમાં આ ઉદ્યોગપતિઓની દખલગીરી ન કરાવાય. આપણે એમને શિક્ષણમાં વેપાર કરવાની છૂટ આપીશું તો આવનારા ભવિષ્ય માટે આપણા ગુજરાત અને દેશ માટે ખતરો છે. ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટીનું બિલ લઇને આવ્યા છે એને ચોક્કસપણે સર્મથન આપીશ પણ ૩૩ ટકા મારા ઇ.ડબ્લયુ.એસ. ના પછાત વર્ગના વિદ્યાર્થીઓનું પ્રાઇવેટ યુનિવર્સિટીમાં રિઝર્વેશન કરવામાં આવે અને એની ફી રાજ્ય સરકાર ઉઠાવે એ બાબત આ બિલમાં એડ કરવામાં આવે એવી વિનંતી છે. આભાર.

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા(રાજ્યકક્ષાના શિક્ષણમંત્રીશ્રી):માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહમાં ધીરુભાઇ અંબાણી યુનિવર્સિટીને વર્ષ ૨૦૦૩માં આ જ ગૃહમાં અનુમોદન મળ્યું ત્યારથી આ યુનિવર્સિટી કાર્યરત છે. આ ગૃહમાં આદરણીય વિપક્ષના નેતા શ્રી અર્જુનભાઇ મોઢવાડીયા, શ્રી કમલેશભાઇ પટેલ, શ્રીમતી રીવાબા જાડેજા, શ્રી મૂકેશભાઇ પટેલ, ડો. કિરીટકુમાર અને શ્રી મકવાણા ભાઇએ આ વિષય પર પોતાના વિચારો રજૂ કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વંચિતો અને અંત્યોદયનો વિકાસ એ ભારતીય જનતા પાર્ટીની મૂળ વિચારધારા છે. દરેક ક્ષેત્રે શિક્ષણનો વ્યાપ વધે અને એકપણ વિદ્યાર્થી કે જે ક્વોલિફાઇડ છે એ શિક્ષણથી વંચિત ન રહે એ માટે પ્રયત્નશીલ છે. શ્રી મકવાણાભાઇએ ૩૩ ટકા અનામતની વાત કરી. ગર્વમેન્ટ રોસ્ટર પ્રમાણે દરેક ક્ષેત્રે ગર્વમેન્ટની ફેકલ્ટીમાં આપણે દરેક નીતિ નિયમોનું ચુસ્તપણે પાલન કરી રહ્યા છે. પ્રાઇવેટ યુનિવર્સિટીઓમાં એવા અનેક વિદ્યાર્થીઓ છે કે જે ડૉક્ટર અને એમ.બી.બી.એસ. બન્યા છે. આવા વિદ્યાર્થીઓની રૂ.૩૨ લાખ સુધીની ફી રાજ્ય સરકારની યોજનામાંથી ભરાઇ છે. આજે ગરીબ પરિવારના દીકરો કે દીકરી રાજ્ય સરકારની યોજનાઓ થકી પાયલોટ બન્યા છે. આપણે વાઇબ્રન્ટ મહોત્સવો કરીએ છીએ. દુનિયાના બેસ્ટ વિચારો, બેસ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બેસ્ટ નોલેજ આપણે સ્વીકારવા માટે તૈયાર છીએ. આથી જ આપણે વાઇબ્રન્ટના મેળાવડાઓ કરીને એમને બોલાવીએ છીએ અને વિચારોનું આદાન–પ્રદાન કરીએ છીએ. આ આદાન–પ્રદાનથી ગ્લોબલાઇઝેશનમાં આજની શોધ કાલે આઉટઓફ થઇ જાય. ઘણા એવા વિધેયકો આ ગૃહમાં પસાર કર્યા છે અને સુધારા પણ કર્યા છે. ખાસ કરીને, મહેસૂલ વિભાગના અનેક વિધેયકો પસાર કરીને સુધારા કર્યા છે. એ સમયે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ શબ્દ હતો જ નહીં. કોઇએ કલ્પના પણ ન કરી હોય. તો એ શું નવી યુનિવર્સિટીમાં ન ભણાવાય? પ્રાઇવેટ યુનિવર્સિટી એટલે એક તંદૂરસ્તતા સાથે જે શિક્ષણ આપે છે. એક સમય હતો કે ડિપ્લોમાં કે એન્જિનિયરિંગમાં એડમિશન નહોતું મળતું. મેં સ્ટડી કરી ત્યારની વાત કરું છું. એ વખતે મહારાષ્ટ્ર, ધુલિયા અને બેંગ્લોર વિગેરે સ્થળોએ સ્ટડી માટે જવું પડતું હતું. કેટલું ડૉનેશન લેતા હતા? માનનીય અર્જુનભાઇએ મૂળ વિષયની વાત કરી હતી પરંતુ યુનિવર્સિટીનો જે મૂળ વિષય છે એ વિષય સાથે ચેડાં થયાં નથી. એ વિષયને ઇન્ફોર્મેશન ટૅકનોલોજીની પદ્ધતિ સાથે ઇન્કલુડ કર્યું છે, માટે એ પ્રશ્ન રહેતો નથી. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્ટમાં આવનારા સમયમાં જે કામગીરી થઇ રહી છે એ શ્રેષ્ઠ છે. વિરોધપક્ષમાં વાત થઇ કે યુનિવર્સિટીનું તો ભારતમાં નામ નથી. પરતું મને સભાગૃહને ગર્વ સાથે કહેતા આનંદ થાય છે કે એન.આર.આઇ. એક્ટ ૨૦૨૩ના ક્રમાંકમાં ગુજરાતમાં ૨૯ કૉલેજો અને યુનિવર્સિટીઓ ૧થી ૧૦૦ના ક્રમાંકમાં છે. કંટ્રોલની વાત અંગે જણાવું કે, ગુજરાત ખાનગી યુનિવર્સિટી વિધેયક વર્ષ ૨૦૦૯માં જયારે આપણે દાખલ કર્યું હતુ ત્યારે પ્રાઇવેટ યુનિવર્સિટી ઉપર સંપૂર્ણપણે કંટ્રોલ રાજ્ય સરકારનો હતો. ત્યાં સુધીનો કંટ્રોલ છે કે એના વહીવટી ક્ષેત્ર સુધીમાં ત્યાં આપણે આપણા જ અધિકારીને બેસાડી શકીએ છીએ. તમામ પ્રકારનો હિસાબ લઇ શકીએ છીએ. વર્ષ ૨૦૦૯ના વિધેયક દ્વારા યુનિવર્સિટીની માન્યતા રદ કરી દેવા સુધીની આ સભાગૃહને સત્તા સોંપવામાં આવી છે. અહીંયા ફી બાબતે વાત થઇ, પણ આપણા ત્યાં ફી બાબતે ફી નિયમન કમિટી છે. યુનિવર્સિટી ખોલી દીધા પછી વિદ્યાર્થીઓ અભ્યાસ માટે જશે નહીં, પરંતુ હવે ક્રેડિટ સિસ્ટમથી નવી શિક્ષણ પદ્ધતિમાં આવનારા સમયમાં જે વિચારી રહ્યા છીએ એથી ખૂબ મોટો વ્યાપ વધી રહ્યો છે. તે માટે અમે આ સભાગૃહમાં શાળા, કૉલેજો અને હાયર એજ્યુકેશનમાં અંત્યોદય સુધીનાં બાળકોની પહેલા ચિંતા કરી છે. તે માટે અમે પહેલા યોજના બનાવી છે અને આ યોજનાનો ગરીબો સુધી લાભ મળે છે. આ યોજનાનો અંત્યોદય સુધી લાભ મળે છે. જેથી કરીને, એકપણ સ્ટુડન્ટ અભ્યાસથી વંચિત ન રહી જાય. અમે પ્રાથમિક શાળામાં પણ આર.ટી.ઇ.ની બાબતમાં ૨૫ ટકા સુધીના વિદ્યાર્થીઓ જે પ્રાઇવેટ શાળામાં જાય છે ત્યાં રૂ.૧૩,૦૬૫/– વિદ્યાર્થીની ફી ભરીએ છીએ. માટે ગુજરાતના સર્વાંગી વિકાસમાં દુનિયા સાથે કદમ મિલાવવા માટે જે યુનિવર્સિટીને આપણે માન્યતા આપી છે એમાં પણ ટૅકનિકલ બાબતમાં કયાંક ક્ષતિ હોય અથવા તો નવા કોર્સિસ હોય એ બાબતના સુધારાની સભાગૃહને જે સત્તા આપી છે એ પ્રમાણે આજે તમામ સભ્યશ્રીઓનાં સૂચનોને આવકારીએ છીએ. હું આશા રાખું છું કે આ વિધેયકને સભાગૃહ વિનાવિરોધે પસાર કરે. અસ્તુ.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટયૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ફાલ્ગુન ૧૦, ૧૯૪૫ શાકે

ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૨૪

**કલમ–૨ થી ૩૭, કલમ–૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી પ્રફુલભાઇ પાનસેરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

ઉપાધ્યક્ષશ્રી **:** સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૮–સન ૨૦૨૪નું ધીરુભાઇ અંબાણી ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ફર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને વિધેયક પસાર કરવામાં આવે છે.

**સન ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંકઃ ૭**

**ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયક, ૨૦૨૪**

**ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ વધુ સુધારવા બાબત વિધેયક**

શ્રી જગદીશ વિશ્વકર્મા (**રાજ્ય કક્ષાના સહકાર મંત્રીશ્રી ) : ***રાજપત્રમાં અગાઉ પ્રસિદ્ધ થયેલા સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૭–સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકને આપની અનુમતિથી હું દાખલ કરું છું.

ઉપાધ્યક્ષશ્રી : **વિધેયક દાખલ કરવામાં આવે છે.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક–૭– સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું પહેલું વાચન કરવામાં આવે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સહકારી મંડળી સુધારા અધિનિયમ ૨૦૨૪ની ગુજરાતી કોપી જે છે, જે માનનીય સભ્યશ્રીઓને આપવામાં આવી છે તેના પેઇજ નંબર ૩માં બિલના કલોઝ નંબર–૮ના બદલે ટાઇપ મિસ્ટેકથી ૯ લખાયેલ છે. ત્યાં કલોઝ નંબર ૮ વાંચવા સભ્યશ્રીઓને મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત વર્ષમાં લગભગ વર્ષ ૧૯૦૪ માં સૌપ્રથમ વખત સહકારી મંડળીઓ સંબંધિત કાયદો બન્યો. ત્યારપછી વખતોવખત સુધારા થતા ગયા અને વર્ષ ૧૯૬૦માં જયારે ગુજરાત રાજયની સ્થાપના થઇ. ત્યારબાદ ગુજરાતમાં સહકારી મંડળીઓ સંબંધમાં અલગ અલગ કાયદાઓ આવ્યા જે હાલમા અમલમાં છે. ગુજરાતમાં કાયદા અમલમાં આવ્યા ત્યારથી સહકારી પ્રવૃત્તિને નિયંત્રિત કરવાની કામગીરી શરૂ થઇ તેના ભાગરૂપે રાજયની અંદર ૮૭૦૦૦ કરતા વધારે મંડળીઓ છે. લગભગ ૧.૭૧ કરોડ જેટલા વ્યક્તિઓ તેમાં સભાસદથી જોડાયેલા છે. રાજયમાં સહકારી મંડળીઓની સંખ્યા વધતી ગઇ તેમ તેમ સાથે સાથે સંકલનના પ્રશ્નોમાં પણ વધારો થતો ગયો. તેથી સમયાંતરે આ પ્રશ્નોના નિરાકરણ કરવા માટે કાયદામાં સુધારા કરવા જરૂરી બને છે. ગુજરાતમાં હાલમાં સહકારી મંડળીનું ચિત્ર જોઇએ તો ૮૭૦૦૦ મંડળીઓ પૈકી લગભગ ૩૦૦૦૦ મંડળીઓ હાઉસિંગ સર્વિંગ સોસાયટી પ્રકારની છે. સાથે સાથે આવી સોસાયટીના વ્યક્તિત્વ અને અહંકારના પરિણામે સતત પ્રશ્નો સામે આવે ત્યારે ઘણી વખત સોસાયટીના પ્રમુખ, સેક્રેટરી વગેરે પોતાને મન ફાવે તે રીતે વહીવટ કરતા હોય છે. પરિણામે સહકારી કાયદામાં હાઉસિંગ સોસાયટીને માટે જોગવાઇ લાવવી જરૂરી છે.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના સહકારી માળખાની વાત કરું તો ઓલઓવર દૂધ મંડળી હોય, ફેડરેશન હોય, નાગરિક બેંક હોય, પેક્સ હોય, ક્રેડિટ સોસાયટી હોય. લગભગ અઢી લાખથી ત્રણ લાખ કરોડ જેટલું વ્યાપક ટર્નઓવર જયારે કરી રહી છે, ત્યારેઆ સહકારી કાયદો જરૂરી બને છે. સમયાંતરે સુધારા પણ જરૂરી હોય છે. આપણે સૌ જાણીએ છીએ કે કેન્દ્રમાં માનનીય નરેન્દ્રભાઇએ જયારે અલગ સહકારી મંત્રાલયની રચના કરી ત્યારબાદ સહકારી ક્ષેત્રમાં એક પછી અનેક સુધારાઓ કર્યા. ભારત સરકારે તાજેતરમાંજ મલ્ટી સ્ટેટ કો–ઓપરેટીવ સોસાયટીના એકટમાં પણ સુધારા કર્યા છે અને ગુજરાત સરકાર કેન્દ્ર સરકાર સાથે કદમથી કદમ મિલાવીને સરકારી ક્ષેત્રના વિકાસ માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકી છે, પરંતુ સહકારી સંસ્થાના વ્યાપ સાથે નાગરિકોને સરળતાથી કાયદાનું સુચારું અમલીકરણ થાય અને તે કાયદાઓમાં કેટલાક સુધારા જરૂરી બને તેથી આજે હું સન્માનનીય ગૃહમાં જે કાયદામાં સુધારા લઇને આવ્યો છું, સહકારી કાયદામાં કરવાપાત્ર સુધારાના ઉદ્દેશની વાત કરું તો કાયદાની કલમ–૬ અને ૮ મુજબ સહકારી મંડળીની નોંધણીમાં જે દસ વ્યકિતને નોંધણી ફોર્મમાં સહી કરવી જરૂરી છે એ હવે હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીમાં આપણે સૌ જાણીએ છે તે મુજબ જેવો પ્લોટ હોય, અને જે મુજબ બાંધકામ થતું હોય જેટલા મકાન બનતા હોય એની મંજૂરી મળતી હોય છે...

**અધ્યક્ષશ્રી** : માનનીય મંત્રીશ્રી સાથે જે માણસ હોય એ મંત્રીશ્રીને પીવા માટે પાણીની બોટલની વ્યવસ્થા કરી આપે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : સોસાયટી અલગ બનાવવાની હોય તો સહકારી કાયદા મુજબ આવી સોસાયટી બનાવી શકાતી નથી. આઠ મકાન હોય દસ મકાન હોય તો અત્યારે જે કાયદો છે એ માત્ર દસ મકાન હોય તો જ કરી શકીએ પણ મકાન ઓછા બનતા હોય ત્યારે શું? તો આઠ કે નવ મકાન બનતા હોય તો પણ સોસાયટી બનાવી શકાય. વધુમાં રાજ્યમાં 'રેરા' નો

* વિધેયક તા.૨૬મી ફેબ્રુઆરી ૨૦૨૪ના ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટમાં પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

કાયદો અમલમાં આવ્યા બાદ આવા હાઉસિંગ પ્રોજેક્ટોની નોંધણી કરાવવી ફરજિયાત થઈ છે. ' રેરા 'ના કાયદાની જોગવાઈ મુજબ 8થી વધુ યુનિટ હોય તો તે કાયદા મુજબ ફરજિયાત નોંધણી કરાવવાની હોય છે, સાથે સાથે હાઉસિંગ સોસાયટી પણ બનાવવાની થાય છે. ત્યારે સહકારી કાયદાની જોગવાઈને કારણે 10થી ઓછા યુનિટમાં સહકારી મંડળીની નોંધણી થઈ શકતી નથી.

માનનીય અધ્યક્ષશ્રી, આથી નાગરિકોની સરળતા માટે આવા પ્રકારની હાઉસિંગ સોસાયટી માટે નોંધણી સમયે નોંધણી ફોર્મમાં 10 વ્યક્તિઓના બદલે 8 વ્યક્તિઓની સહીથી પણ હાઉસિંગ સોસાયટીની નોંધણી થઈ શકે તે માટે આજે સહકારી કાયદામાં સુધારો રજૂ કરું છું.આ સુધારો અમલમાં આવેથી હવે 10 ના બદલે 8 યુનિટ (મકાન/ફ્લેટ ના પ્રોજેક્ટો) ની નોંધણી પણ સહકારી કાયદા અન્વયે સર્વિસ હાઉસિંગ સોસાયટી તરીકે થઈ શકશે. જે રાજયના નાગરિકોને ચોક્કસથી ઉપયોગી સાબિત થશે. સહકારી કાયદાની કલમ ૬૭(ક) માં કરવામાં આવનારા સુધારાની વાત કરું તો, સહકારી મંડળીઓ જ્યારે ધિરાણ કરતી હોય છે ત્યારે આપેલી લોન ઘણીવાર પરત આવતી નથી. જેના કારણે આવી સંસ્થાઓની આર્થિક સ્થિતિ ખરાબ થતી હોય છે. જેથી આ મંડળીઓ માટે વર્ષ 2007માં અમારી સરકારે ડૂબત લેણા ફંડ રાખવું તેવી જોગવાઈ કાયદામાં કરી છે. આથી આવી મંડળીઓને જ્યારે જરૂરિયાત થાય ત્યારે આવી વસૂલ ન થઈ શકે તેવી લોન સામે આવા ફંડમાંથી માંડવાળ કરવાની રહે છે. પરંતુ કાયદામાં રાજ્ય સરકારની મંજૂરીથી જ આવી માંડવાળ કરવી તેવી જોગવાઈ હોવાથી ૧ રૂપિયાથી લઈને ગમે તેટલી રકમ સુધીના માંડવાળના કેસોમાં રાજ્ય સરકારની મંજૂરી લેવી પડે છે. જેના કારણે સમય, શક્તિ, નાણાંનો વ્યય થાય છે. આ જોગવાઈમાં ફેરફાર કરીને રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેર કરીને જે સત્તાધિકારી નક્કી કરે એવા સત્તાધિકારી ડૂબત લેણા ફંડના વપરાશ માટે મંજૂરી આપી શકે તેવી બાબત સૂચવેલ છે, જેથી સહકારી મંડળીઓની દરખાસ્તોના સંદર્ભે સમયસર નિર્ણય કરી શકાય, અને સમય તથા નાણાંનો વ્યય અટકાવી શકાય.

માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રકારનો સુધારો સત્તાનું વિકેન્દ્રીકરણ કરી રાજ્ય સરકારની સત્તાઓ તાબાના અધિકારીઓને સુપ્રત કરવામાં આવશે. જેથી સહકારી મંડળીઓના વસૂલ ન આવી શકે તેવા લેણાં માંડવાડ કરવામાં ઝડપ આવશે. વધુમાં ખરાબ લેણાઓ માંડવાળ કરવાથી મંડળીની બેલેન્સશીટ ચોખ્ખી અને વિશ્વાસપાત્ર બનશે અને જે મંડળીની વાસ્તવિક નાણાંકીય સ્થિતિ રજૂ કરશે. અધિનિયમ કલમ-૧૧૦(ચ) ની હાલની જોગવાઈ મુજબ રાજ્યમાં કોઈ પણ સહકારી મંડળી ફડચામાં જાય ત્યારે મંડળીના ચૂકવવાના દેવાં જેવાં કે, રાજ્યમાં કોઈ પણ સહકારી મંડળી ફડચામાં જાય ત્યારે મંડળીના ચૂકવવાના કેવી રીતે એની કોઇ ગાઇડલાઇન નહોતી, સુપ્રીમકોર્ટ હાઇકોર્ટમાંથી એમના પણ નોટિફિકેશન આવ્યા હતા, એમનાં પણ સૂચનો આવ્યાં હતાં કે પહેલું પેમેન્ટ કોણ લે? કેન્દ્ર સરકાર કે રાજય સરકારનું લેણું હોય તો પહેલું કોને આપવું? આર.બી.આઇ. અથવા તો થાપણ કે વીમાની રકમ કોને આપવી, મંડળીના કર્મચારીઓના બાકી નાણાં, સુગરમાં જાય તો ખેડૂતોને પૈસા આપવા કે કેમ? સ્થાનિક સત્તા મંડળને ચૂકવવાના વેરા, કોર્ટ કેસ અન્વયે બાકી નાણાં ચૂકવવા માટે કોને અગ્રતા આપવી એવી જોગવાઇ હાલ કાયદામાં નથી, પરંતુ ફડચા અધિકારી દ્વારા આવા દેવાનો ચૂકવવાનો અગ્રતાક્રમ નક્કી કરવામાં આવે છે. આ પ્રકારે ફડચા અધિકારી દ્વારા જુદી જુદી મંડળીઓમાં દેવાનાં નાણાં ચૂકવવા સંબંધે અલગ અલગ અગ્રતાક્રમ નક્કી કરવાનો નિર્ણય લેવામાં આવે છે જેના કારણે પ્રશ્નો ઉદભવે છે તેમજ કોર્ટ કેસો થાય છે.નામદાર સુપ્રીમકોર્ટ તથા નામદાર હાઈકોર્ટ દ્વારા આવા કેસોમાં અગ્રિમતા નક્કી કરવા માટે વખતોવખત ચુકાદા આપે છે. જે કંપનીઓના કાયદામાં જયારે કોઇ કંપની ફડચામાં જાય ત્યારે દેવાની ચૂકવણીમાં કોને અગ્રતા આપવી એવી જોગવાઈ થયેલી છે. જેથી આ તમામ બાબતોને ધ્યાને લેતા આ કાયદામાં સુધારો સૂચવેલ છે. ગૃહ સમક્ષ રજૂ થયેલ સૂચિત કાયદાથી ગુજરાતની મંડળીના નિયમના ૧૯૬૫ માં રાજ્ય સરકારને અગ્રિમતા નક્કી કરવાની સત્તા મળશે. આ પ્રકારના નિયમોથી રાજયની તમામ સહકારી ફડચા બેંકો તથા ફડચા મંડળીઓમાં દેવાં ચૂકવણી સંબંધે ફડચા અધિકારી દ્વારા કરવામાં આવતા અગ્રતાક્રમના હુકમોમાં સુસંગતતા આવશે અને બીનજરૂરી વિવાદો નિવારી શકાશે અને લેણદારોને ઝડપથી નાણાં ચૂકવી શકાશે.

**સભાગૃહનો સમય લંબાવવા અંગે.**

શ્રી વિજયભાઈ ર. પટેલ (નાયબ મુખ્યદંડક) : માનનીય અધ્યક્ષશ્રી, આજની સભાગૃહની બેઠકની કામકાજની યાદી ઉપરનું કામકાજ પૂરું ન થાય ત્યાં સુધી ગૃહની બેઠકનો સમય લંબાવવાની દરખાસ્ત કરું છું.

ડો. કિરીટકુમાર પટેલ (કોંગ્રેસ પક્ષના દંડક): અમે સંમત છીએ.

અધ્યક્ષશ્રી : (સૌ સંમત છે?) આજના દિવસમાં નક્કી કરેલું કામકાજ પૂર્ણ થાય ત્યાં સુધી આજના દિવસની ગૃહની કાર્યવાહી લંબાવવામાં આવે છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, આભાર. સહકારી કાયદાની કલમ-૧૧૪માં સુધારાની વાત કરું તો હાલમાં રાજયમાં આવેલ ફડચા હેઠળની સહકારી બેંકો તથા ફડચા મંડળીઓના વિવિધ પ્રકારના કોર્ટ કેસો થયેલા છે. જે લાંબા સમય સુધી નિકાલ થાય તેમ નથી. ઉપરાંત ફડચા હેઠળની મંડળીમાં કેટલાક કાયદાકીય પ્રશ્નોની સમયસર વસૂલાત ન થવાને કારણે સંસ્થાની ફડચાની કામગીરી ઝડપથી પૂર્ણ કરી શકાતી નથી. હાલના કાયદાની જોગવાઇ મુજબ ૫ વર્ષ સુધી ફડચાની કામગીરી ચાલુ રાખી શકાય છે. ત્યારબાદ રજિસ્ટ્રાર દ્વારા ૧-૧ વર્ષ એમ કુલ ૫ વર્ષનો વધારો આપી શકે છે. આમ કુલ ૧૦ વર્ષ સુધીની મુદત મળે અને ૧૦ વર્ષ પછી ફડચાની મંજૂરીની કામગીરી ચાલુ રાખી શકાતી નથી, પરંતુ હજારો થાપણદારો

સહકારીક્ષેત્રમાં વિશ્વાસ રાખીને જ્યારે થાપણ મૂકતા હોય ત્યારે તેઓને એ રકમ પરત ચૂકવવાની આપણા સૌની ફરજ છે, ત્યારે આજથી ૧૦ વર્ષ પછી પણ ફડચા મંડળની કામગીરી ચાલુ રાખવી જરૂરી છે. વળી રાજ્ય સરકારને આવી મુદત વધારાની સત્તા ન હોય ૧૦ વર્ષ પછી મંડળીઓની ફડચાની કામગીરી પૂર્ણ કેમ ન થઇ શકી એનું મૂલ્યાંકન સરકાર કક્ષાએ થઇ શકતું ન હતું. આથી થાપણદારો અને નાગરિકોના હિતમાં આવી ફડચાની મંડળીઓ ૧૦ વર્ષ પછી રાજ્ય સરકાર મુદત વધારો આપે એવી જોગવાઇ લાવવી જરૂરી બની છે. કાયદાની કલમ-૧૫૯(ક)ની નવી જોગવાઇમાં ઉમેરો કરવા જઇએ છીએ. રાજ્યનાં શહેરોમાં મોટાભાગે વસ્તી વધારો જોવા મળી રહ્યો છે ત્યારે આ લોકોના રહેણાક માટે મોટી સ્કીમો બને છે. રહેણાકો બનતા જાય છે અને હજારો ફ્લેટો અલગ અલગ હાઉસિંગ સોસાયટીઓ બની છે. રાજ્યમાં દર વર્ષે ૧૫૦૦ કરતા વધારે હાઉસિંગ સોસાયટીની નોંધણી થાય છે ત્યારે જેમાં લાખો સભાસદો હોય છે. આ સભાસદો પૈકી ઘણા સભાસદો પોતાનું મકાન વેચવાનું થતું હોય ત્યારે વેચાણ આપેલ વ્યક્તિ આ સોસાયટીનો સભ્ય બનતો હોય છે અને એ માટે સોસાયટીને ટ્રાન્સફર ફી ભરવી પડતી હોય છે. કાયદામાં ટ્રાન્સફર ફીની જોગવાઇ ન હોવાના કારણે ઘણી સોસાયટીઓ દ્વારા હજારોથી લઇ લાખો રૂપિયા સુધીની ટ્રાન્સફર ફી ભરવા માટે લોકોને મજબૂર કરવામાં આવતા હોય છે. હાઉસિંગ અને હાઉસિંગ સર્વિસ સોસાયટીના ટ્રાન્સફર ફી માટે કાયદાકીય કલમમાં સુધારો થઇ રહ્યો છે. આ કાયદો અમલી થયેથી રાજ્ય સરકાર ટ્રાન્સફર ફી બાબતે એક ચોક્કસ નિયમોની જોગવાઇ કરી શકશે. જેના કારણે સોસાયટીના પ્રમુખ, ચેરમેન કે સેક્રેટરી લોકો પોતાની મનમાનીથી ટ્રાન્સફર ફી નક્કી કરશે નહીં અને એ વસૂલ કરી શકશે નહીં. આમ, ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ના આ સુધારાઓ ગુજરાત સહકારી પ્રવૃત્તિને વધુ સુદૃઢ બનાવશે તેવી આશા છે. આ જેટલા પણ મેં સુધારા મૂક્યા છે એ આ રાજ્યની જનતા માટે ખૂબ અગત્યના સુધારા છે. તમામ ધારાસભ્યશ્રીઓ જેટલા પણ વિપક્ષના બધા જ મિત્રો છે એ બધા જ આ નજીવા સુધારા છે. આનાથી આવનારા દિવસોમાં ચોક્કસ રીતે પ્રજાને લાભ થવાનો છે તો મને આશા છે કે બધા જ આને સહમતિ આપી સુધારાઓને પારિત કરીએ.

શ્રી અર્જુનભાઇ દે. મોઢવાડિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે ગૃહનિર્માણ મંડળીઓ છે તેના અધિનિયમમાં સુધારા વિધેયક લઇને આવ્યા છે તેમાં મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત અને મહારાષ્ટ્ર આમ તો જૂનું મુંબઇ રાજ્ય આવતું હતું. દેશની જે સહકારી પ્રવૃત્તિ થઇ તેમાં હંમેશાં અગ્રેસર રહ્યું છે અને આખા દેશને રસ્તો બતાવ્યો છે. એટલું જ નહીં આપણી અમૂલ ફેડરેશન હોય, ક્રિભકો હોય કે ઇફકો હોય કે ગુજરાત એગ્રીકલ્ચર બેંક હોય. દેશ માટે તો આ એક મોડલ સમાન છે પણ વિશ્વના લોકો માટે આપણે એક નવું મોડલ પ્રસ્થાપિત કર્યું છે. આજે પણ આપણું કો.ઓપરેટીવ ડેવલપમેન્ટનું મોડલ છે તે સમગ્ર દેશ અને દુનિયાની અંદર નોંધ લઇ શકાય તેવું છે. આ કો.ઓપરેટીવ કલ્ચર ઊભું કરવાની અંદર આપણા જે વડવાઓ હતા તેમણે ખૂબ મોટાપાયે ફાળો આપ્યો હતો. એક તપસ્વીની જેમ કોઇ અપેક્ષા રાખ્યા વગર તે બધા લોકોએ કો.ઓપરેટીવ મૂવમેન્ટ ચલાવી અને દેશ સમક્ષ દાખલો બેસાડયો કે સભાસદોની સેવા માટે થઇને એક વ્યક્તિ અથવા એક ટીમ શું કરી શકે. દાખલાઓ આપવા માટે અનેક દાખલાઓ આપણી સામે છે. સ્વ.ગોકુલભાઇ ભટ્ટ હોય, સ્વ.ત્રિભોવનભાઇ પટેલ હોય, ડૉ.કુરિયન હોય કે પછી જિલ્લા કક્ષાની અંદર જિલ્લા બેંકોથી માંડીને આપણા દૂધ સંઘો છે તેના સ્થાપકો હોય તે બધાએ આ એક મોડલ પૂરું પાડેલું છે. આ જે ગૃહનિર્માણ મંડળીઓ છે તેમાં જી.આઇ.પટેલ કે જે પહેલાં સંસદસભ્ય હતા અને આ ફેડરેશનના ચેરમેન હતા તેમને યાદ કરવા પડે. તેમણે તે વખતે ગૃહનિર્માણ મંડળીઓની સ્થાપના કરવા અને વિકાસ કરવા ખૂબ મોટું પ્રદાન કરેલું છે. એક વખત એવો હતો કે અમદાવાદ દેશનું માન્ચેસ્ટર ગણાતું. તે વખતે મિલોની અંદર કામ કરનારાં લોકો હતાં. તેમને રોજી ઊંચી આપતા હતા અને તેમને ક્વોલિટી રોજગાર મળતો હતો. એટલે ઉત્તર ગુજરાતમાંથી કેટલાંય લોકો શિક્ષકોની નોકરી છોડી મિલની નોકરી કરવા માટે આવતા હતા. અહીં આવ્યા પછી સરકારે ઉદારતાથી આ જે ગૃહનિર્માણ મંડળીઓ છે તે રજિસ્ટર કરાવી અને રાજ્ય સરકારે અથવા તો તે વખતના કોર્પોરેશને જમીનો આપી. જમીનો આપી ત્યાં આજે મિલ કામદાર કોઇ કલ્પના ના કરી શકે તેવા ઘરો બનાવવામાં આવ્યા. તેમાંય ખાસ કરીને દલિત સમાજના ઘરો બનાવ્યા.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે જૂના અમદાવાદમાં આવા ઘર જોઇએ છીએ તેની પાછળ આ સહકારી ભાવના કાર્યરત હતી. એક-એક કામદાર પાસે, કોઇની પાસે ૨૦૦ વાર, કોઇની પાસે ૩૦૦ વાર કે ૫૦૦ વારના ઘર મળ્યા છે. તેનું અનુકરણ કરીને આખા રાજ્યની અંદર ગૃહનિર્માણ કરતી જે મંડળીઓ ઊભી થઇ. ગામેગામ અને શહેરોમાં આવી મંડળીઓ વિકાસ પામી. ધીમે ધીમે આ કલ્ચર ઓછું થયું અને તેના પછી બિલ્ડરો અને પ્રયોજકો આવ્યા. તે પછી આ ફીલ્ડ ખાનગી લોકોના હાથમાં ગયું. ઘર બાંધવાનું કામ છે તે આવી મંડળીઓ જાતે જ કરતી હતી. અત્યારે ઘર બાંધવાની જે મંડળીઓ છે તે નહીંવત પ્રમાણમાં છે. કરે તો થઇ શકે તેમ છે અને તેનો એક દાખલો મારા ગામમાં જ છે. ઘર બાંધવાનું કામ કરનારો જે સમાજ છે તે ભોઇ સમાજ છે. તેના પાંચ-છ યુવાનોએ ભેગા થઇ ધરતીકંપ પછી બહાર જમીન લીધી. ખેતીની જમીન હતી તે બિનખેતી કરાવી અને સરકારની મદદથી તેમણે ત્યાં તેમના સમાજ માટેના સારા મકાનો બનાવ્યા અને આજે આ મકાન એક મોડલ તરીકે ઊભા છે. ધારે તો બધુ થઇ શકે તેવું છે. આવા કાર્યકર્તાઓની આજે ખોટ પડી છે. આ ક્ષેત્રના કાર્યકર્તાઓ નથી. મારી રાજ્ય સરકારને વિનંતી છે કે, આવી મંડળીઓ જ્યાં બનતી હોય અને જેન્યુઇન મંડળી હોય તો તેવી સહકારી મંડળીઓને સરકારી જમીન, ખરાબાની જમીન હોય તો તે વ્યાજબી ભાવથી આપવી જોઇએ. અહીં આ બિલ લઇને આવ્યા છે તે બિલની અંદર તો

ખાલી ઘર બાંધવા કરતાં હવેનો સમય એવો આવ્યો છે કે, રેસિડન્સ વેલફેર એસોસીએશન (આર.ડબલ્યુ.એ) જે સોસાયટીઓ અસ્તિત્વમાં આવી છે અને બિલ્ડરોએ બાંધીને આપી છે. એનું સંચાલન કરવું કોમન સર્વિસીસનું એ મોટું કામ છે અને માટે સહકારી ભાવના ખૂબ જરૂરી છે. જ્યાં સારી સહકારી ભાવના છે ત્યાં એ એસોસીએશન વ્યવસ્થિત રીતે ચાલતું હોય છે અને એની અંદર અનેક પ્રકારની બીજી પ્રવૃત્તિઓ પણ એ લોકો કરતા હોય છે. ઘણાં શહેરોમાં આ કન્સેપ્ટ હજુ વિકસ્યો નથી એટલે જે કોમન સર્વિસીસ છે, લિફ્ટની સર્વિસીસ હોય, કોમન પ્લોટની વ્યવસ્થા હોય, સોસાયટીની સફાઇની વ્યવસ્થા હોય એ જ્યાં કો-ઓપરેટીવ ભાવના નથી ત્યાં યોગ્ય રીતે એનું સંચાલન થતું નથી. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે અને તેઓ અમદાવાદ શહેરમાં રહે છે તેઓને આ બાબતનો ડાયરેક્ટ કે ઇનડાયરેક્ટ અનુભવ પણ હશે એટલે આ જે રેસિડન્સ વેલ્ફર એસોસીએશન છે એ અત્યારે આખા દેશમાં સોસાયટીની કોમન સર્વિસીસનું સંચાલન કરે છે એ દરેકે દરેક સોસાયટીમાં આવું રજિસ્ટર્ડ એસોસીએશન બને, રજિસ્ટર્ડ કો-ઓપરેટીવ સોસાયટી બને અને એમાં જે સંચાલન કરતા હોય એના માટે એક ટ્રિબ્યુનલ બનાવવામાં આવે કે જેથી સભ્યો વચ્ચેના મતભેદોનું નિરાકરણ એ ટ્રિબ્યુનલ દ્વારા થાય અથવા તો કોઇ સભ્ય અસહકાર કરતો હોય તો એનું અને મંડળીનું સંચાલન કરતા હોય એ પણ જોહુકમી કરતા હોય તો એની સામેની ફરિયાદો આવી ટ્રિબ્યુનલ સાંભળે અને એનું જલદીથી નિરાકરણ લાવે તો જે સોસાયટીમાં ઝગડાઓ થાય છે એ ઓછા થાય. માનનીય મંત્રીશ્રી આ જે બિલ લઇને આવ્યા છે એમાં કોઇ વાંધો કે વિરોધ કરવા જેવું નથી પણ આ મારાં સૂચનોની નોંધ લેવામાં આવે એવી વિનંતી સાથે હું મારી વાત પૂરી કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી ગુજરાત સહકરી મંડળી (સુધારા) વિધેયક-૨૦૨૪ ક્રમાંક-૭ લઇને આવ્યા છે એમાં હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો પણ રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે આમ તો પ્રથમ નીચે જઇને મેં પુષ્પાંજલિ તો અર્પણ કરી જ છે પણ ગુજરાતના પનોતા પુત્ર મોરારજીભાઇ દેસાઇને ને હું પાવંજલિ અર્પણ કરું છું કારણ કે, એમના જીવન વિશે એમની વાતો મેં બહુ સાંભળી છે. અમારા પરિવાર સાથે અને મારા પિતાશ્રી સાથે એમનો ખૂબ નજીકનો નાતો હતો. તેઓ જ્યારે વડાપ્રધાન હતા ત્યારે સહકારી ક્ષેત્ર મારફત જ ખાંડ મંડળીની સ્થાપના કરીને એનું ખાત મુહૂર્ત તાલાલા મૂકામે જયારે કરવા આવ્યા હતા ત્યારે મને સહકાર વિભાગમાં બોલવાનો મોકો મળ્યો છે ત્યારે હું આ ગૃહ મારફત મોરારજી દેસાઇને ફરીથી પાવંજલિ અર્પણા કરું છું અને સાથે સાથે એમના ચરણોમાં વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રમાં સહકારી મંડળીઓનું બહુ મોટું પ્રદાન હોય છે. કોઇ પણ ક્ષેત્રમાં તમે દૂધ સહકારી મંડળી જુઓ, શાકભાજી સહકારી મંડળી જુઓ, ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટીવ બેન્ક જુઓ, સંઘ જુઓ કોઇ પણ સહકારી ક્ષેત્રમાં જે સહકારી મંડળી હોય છે એ પાયાના પથ્થર તરીકે કામ કરતી હોય છે અને એ માટેના સુધારા લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે એમાં મંડળીની અંદર જે મંડળી ફડચામાં ગઇ હોય એ મંડળીના કામકાજ બંધ ન થાય અને આવનારા સમયમાં એની અંદર એ સુધારા થકી એ મંડળી ફરી પાછી ચાલુ થાય અને એ મંડળીમાં કોઇ પણ ફ્રોડ થયો હોય અથવા કોઇ સભાસદને અન્યાય થયો હોય તો એને રક્ષણ મળી રહે એટલા માટે આ સુધાર લઇને આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું પણ એક મંડળી સાથે ઘણાં વર્ષોથી સંકળાયેલો છું અને એના પ્રમુખ તરીકે કામ કરું છું એટલે મને ખ્યાલ છે કે, આજે બેન્કમાં લોન લેવા જઇએ તો એક સભાસદને કે ખેડૂતને ઘણી બધી પ્રોસિઝરમાંથી પસાર થવું પડતું હોય છે. પણ જયારે સહકારી મંડળી કામ કરતી હોય અને સહકારી મંડળી જયારે ધિરાણનું કામ આપતી હોય ત્યારે તેની અંદર ખાલી ખેડૂત અથવા તેનો સભાસદ તે પોતે તેનું ફોર્મ ભરે અને પોતાની જે જમીન કે મિલકત હોય એમની ૭/૧૨ આપે અને તેના ઉપર તેમને ઘર બેઠાં કોઇ ધિરાણ આપી શકતું હોય તો એ સહકારી મંડળીઓ આપતી હોય છે. ત્યારે માનનીય મંત્રીશ્રી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તે સુધારા વિધેયકની અંદર હું મારું સમર્થન પણ આપું છું અને આજે આપણા ગુજરાતની સહકારી પ્રવૃત્તિની વાત કરીએ તો લગભગ રાજયમાં કુલ-૨૧૦ સહકારી બેન્કો આવેલી છે. અને બેન્કોની અંદર ૧૧૧૩ શાખાઓ પણ છે અને આપણા રાજયની અંદર ૬૪૩૩ ક્રેડિટ સોસાયટીઓની પણ સ્થાપના થયેલી છે. જયારે મહિલા સંચાલિત બેન્કો પણ આપણા રાજયની અંદર જયારે કાર્યરત કરી હોય ત્યારે તેમની સંખ્યા પણ ૯ જેવી થાય છે આમ તો બાંધકામ માટે અને જે સોસાયટીઓમાં જે સહકારી મંડળીઓ કામ કરતી હોય તેના સુધારા વિધેયક જયારે માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે ત્યારે હું આ વિધેયકને મારું સમર્થન આપું છું અને આવનારા સમયમાં પણ સહકારી ક્ષેત્રની અંદર વધારે સારી રીતે સહકારી મંડળીઓ અને સભાસદો મજબૂત થાય તેના માટે જે કંઇ સુધારા લઇને આવવા પડે તે આવવા જોઇએ. અને સુધારા એ એક તેની રુટિન પ્રક્રિયાઓ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું મોદી સાહેબની ગેરંટીની છેલ્લી વાત કરીશ. એક વિકસિત ભારતની મારી પાસે હમણાં બુક આવી છે ત્યારે હું તેમાં થોડાં પાનાં ઉપર જોઇ રહ્યો હતો ત્યારે કિસાનોની વાત આવી અને એ બિલ જયારે સહકારી મંડળીનું એક સંઘનું જયારે આવ્યું છે તેના ઉપર પણ તેમણે આપણ બધાના ધ્યાન માટે થોડી ક વાત મૂકી છે ત્યારે એમણે પોતે તેમાં જે શબ્દો વર્ણવ્યા છે તે હું આ બુકની અંદરથી વાંચીને રેકર્ડ ઉપર મૂકવા માગું છું.

"**छोटे किसानों को संगठित करने के लिए भी आजकल देश में बहुत बड़ा अभियान चल रहा है। हमारे अधिकारतः किसानों के पास बहूत कम जमीन है।** 80-85 **प्रतिशत किसान ऐसे हैं जिन के पास** 1

**एकड़ से 2 एकड़ ही भूमी है। ऐसे में एक से अधिक किसान एक समुह में जुटेंगे तो उनकी ताकात भी बढ़ेगी। इसी लिए किसान उत्पादक संघ भी बनाया जा रहा है "**

માનનીય અધ્યક્ષશ્રી, આ દેશના વડાપ્રધાનશ્રીની દીર્ઘદષ્ટિ કેટલી છે તે આ બુકના તેના પોતાના વાકયો લખેલા છે તેના ઉપરથી અને આ જે દરેક ક્ષેત્રના સંગઠિત લોકોને તેમનો લાભ મળી રહે અને તે અંગેનું આ સુધારા વિધેયક જયારે લઇને આવ્યા છે ત્યારે હું તેમાં મારું સમર્થન આપું છું અને આવનારા સમયમાં પણ દૂધ મંડળીઓ, સહકારી મંડળીઓને વધારે પ્રાધાન્ય મળે એવી વિનંતી સાથે હું આ બિલને સમર્થન આપું છું.

શ્રી સંદીપ દેસાઇ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સહકાર મંત્રીશ્રી જગદીશભાઇ વિશ્વકર્મા આજે સને ૨૦૨૪નું ગુજરાત વિધેયક ક્રમાંક–૭– સને–૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી સુધારા વિધેયક લઇને આવ્યા છે ત્યારે એમાં મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં તો આપને ખૂબ ખૂબ અભિનંદન કે આપે બનાસ ડેરીના ચેરમેન તરીકે ઉત્તર પ્રદેશના વારાણસી ખાતે જે ડેરીના પ્લાન્ટનું ઉદઘાટન કર્યું છે અને આપણા માનનીય પ્રધાનમંત્રીશ્રીનો મત વિસ્તાર અને આપણી ગુજરાતની સુવાસ દેશના મોટાં રાજયો સુધી પહોંચાડવા બદલ આપને ખૂબ ખૂબ અભિનંદન.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્રની વાત કરીએ તો આપણે સવારે ઉઠીએ અને પહેલાં ચા પીએ. એટલે ચામાં તમારે દૂધની જરૂર પડે એટલે આપણે ડેરીને યાદ કરવી પડે. એમાં ખાંડ નાંખવાની હોય એટલે સુગર ફેક્ટરીને યાદી કરવી પડે. બપોરે ભાઇઓ નોકરી–ધંધા અર્થે જાય ત્યારે ઘરેથી પત્ની એમને ટિફિન બનાવીને આપે. એમાં શાક બનાવવું પડે એટલે એ.પી.એમ.સી.ને યાદ કરવી પડે. સાંજે આપણા ભાઇઓ બે પૈસા કમાય તો એ પૈસા મૂકવા માટે બેંકની જરૂર પડે. એમાં આપણી સહકારી બેંક અને ડિસ્ટ્રિક્ટ બેંકને યાદ કરવી પડે. આ રીતે સહકારી ક્ષેત્ર આમ જનતા માટે ખૂબ ઉપયોગી છે એમ કહું તો ખોટું નથી. આપણા માનનીય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ અને આપણા ડાયનેમિક સહકાર મંત્રી જગદીશભાઇ વિશ્વકર્મા સાહેબ જે બિલ લઇને આવ્યા છે એમાં ખાસ કરીને આપણી હાઉસિંગ કૉ–ઓપરેટીવ સોસાયટી, દૂધ મંડળીઓ, સેવા મંડળીઓના નાના–મોટા કાયદામાં સુધારો કર્યો છે એ ખૂબ જરૂરી છે. હાઉસિંગ સોસાયટીમાં નાના માણસો સોસાયટી બનાવતા હોય, એમાં નાનાં–મોટાં કામો થતાં હોય તેમાં આ કરવું ખૂબ જરૂરી છે. આ સુધારા કરવા બદલ મારું એમને સમર્થન છે. ગુજરાત સહકારી મંડળી અધિનિયમ–૧૯૬૧ તથા ગુજરાત સહકારી મંડળી નિયમો–૧૯૬૫ અંતર્ગત મુખ્ય કામગીરી સહકારી ધોરણે સ્થાપિત થવા માગતી સહકારી મંડળીઓનું રજિસ્ટ્રેશન કરવાની હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદાની કલમ–૪ મુજબ જે મંડળીઓનો હેતુ સહકારી સિદ્ધાંતો અનુસાર પોતાના સભ્યો/લોકોના આર્થિક હિતો કે સામાન્ય કલ્યાણને આગળ વધારવાનો હોય તે મંડળી અથવા આવી કોઇ મંડળીનું કામકાજ સરળ બનાવવાના હેતુથી સ્થપાયેલી કોઇ મંડળીને આ અધિનિયમ હેઠળ રજિસ્ટર કરી શકાય છે. કાયદાની કલમ–૬માં સમવાયી મંડળી સિવાયની સહકારી મંડળીઓની નોંધણી માટે ઓછામાં ઓછા ૧૦ પ્રાયોજકો જોઇએ તેવી જોગવાઇ છે. જ્યારે સમવાયી સહકારી મંડળીની નોંધણી માટે ઓછામાં ઓછા ૧૦ મંડળી આયોજકો હોવા જોઇએ તથા કાયદાની કલમ–૯ હેઠળ કોઇ પણ મંડળીનું રજિસ્ટ્રેશન કરવા અંગેની કાર્યરીતિ અન્વયે દિશા નિર્દેશ કરવામાં આવેલ છે. જે અંતર્ગત મંડળીઓની નોંધણી માટેની અરજી કાયદા અને નિયમો વિરુદ્ધમાં હોય તો રજિસ્ટ્રેશન દ્વારા આવી મંડળીની નોંધણી કરવી જોઇએ. તેમજ નોંધણી અંગે પ્રમાણપત્ર પણ આપવું જોઇએ. રાજ્યમાં સહકારી મંડળીની નોંધણીની વાત કરું તો ગુજરાતમાં ૨૭,૦૦૦થી વધુ સહકારી મંડળીઓની નોંધણી કરવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સહકારી મંડળીની નોંધણી ease of doing બિઝનેસ અંતર્ગત વર્ષ ૨૦૧૭થી આઇ.એફ.પી. (ઇન્વેસ્ટર ફેસિલિટી પોર્ટલ) પર કરવાનો નિર્ણય કર્યો છે. જેમ અરજદાર મંડળીની નોંધણીનું સ્ટેટસ જાણી શકે છે તેમ મંડળીની નોંધણી અંગેનું રેકર્ડ પણ સાચવવામાં આવે છે. અત્યાર સુધી ૧૧,૮૪૦ મંડળીઓના રજિસ્ટ્રેશન ઓનલાઇન કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મંડળીઓની નોંધણીની સમય–મર્યાદા ૬૦ દિવસથી ઘટાડીને ૪૫ દિવસ કરવામાં આવેલ છે. સહકારી મંડળીની નોંધણી કરવા માટે જોઇતા દસ્તાવેજ અને જાણકારીના અભાવે પ્રાયોજકોને સહકારી મંડળીની નોંધણી કરવા માટે ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડતો હોઇ તેના બદલે મંડળીના પ્રકારમાં નોંધણી સમયે દસ્તાવેજ યાદી પરિપત્રિત કરવામાં આવેલ છે. આવા દસ્તાવેજના આદર્શ નમૂના તૈયાર કરીને મંડળીઓની નોંધણી પ્રક્રિયા સરળ બનાવેલ છે. સહકારી ક્ષેત્રમાં દૂધ મંડળીઓ અને દૂધ સંઘોનો ફાળો પણ ખૂબ મહત્ત્વનો રહ્યો છે. રાજ્ય અને રાષ્ટ્રના આર્થિક તેમજ સામાજિક વિકાસમાં સહકાર ક્ષેત્રનું ખૂબ મહત્ત્વ રહેલ છે. તેમજ ગુજરાત રાજ્યનું સહકારી ક્ષેત્ર સૌનો સાથ સૌનો વિકાસનું શ્રેષ્ઠ ઉદાહરણ છે. રાજ્યના સહકારી ક્ષેત્રમાં જેનો અમૂલ્ય ફાળો છે એવા અમૂલનું યોગદાન પણ ખૂબ જ મહત્ત્વનું છે. અમૂલના વિશાળ વટવૃક્ષની શરૂઆત એક નાનકડા બીજમાંથી થઇ હતી. ખેડા જિલ્લાના દૂધ ઉત્પાદકોએ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રેરણાથી પોલ્સન ડેરી દ્વારા તેઓના આર્થિક શોષણ વિરુદ્ધ શ્રી ત્રિભુવનદાસ પટેલના નેતૃત્વમાં ઇ.સ. ૧૯૬૪માં ખેડા જિલ્લાના સહકારી દૂધ ઉત્પાદક સંઘ એટલે કે અમૂલ ડેરીની સ્થાપના કરવામાં આવી હતી. એક સમય એવો આવ્યો કે જ્યારે ગુજરાત રાજ્યમાં સહકારી દૂધ ઉત્પાદક સંઘોને સમજાવ્યું કે અંદરોઅંદર હરીફાઇ ના કરશો. તે દૂધ ઉત્પાદકો માટે નુકસાનકારક નીવડશે. જેમ–જેમ જિલ્લાના સહકારી દૂધ ઉત્પાદક સંઘો ક્રમશ: વધ્યા તેમ બધા સહકારી દૂધ ઉત્પાદક સંઘોને લાગ્યું કે દૂધ

ઉત્પાદક સંઘનો સમવાયી માર્કેટિંગ સંઘ ઊભો કરવો જરૂરી છે. દૂધના વેપારમાંથી મળતા લાભો દરેક સંઘને સરખી રીતે મળી રહે, દૂધ સંઘો વચ્ચે સ્પર્ધાની તકો નાબૂદ થાય, ઉચ્ચ ગુણવત્તાવાળા દૂધના પદાર્થોનું ઉત્પાદન શક્ય બને અને પોતાની દરેક પ્રવૃત્તિનું સંકલન થઇ શકે તે માટે વર્ષ ૧૯૭૩ના નવેમ્બર મહિનામાં ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનની સ્થાપના કરવામાં આવી હતી. આ ફેડરેશનમાં શરૂઆતમાં ૬ જિલ્લા દૂધ ઉત્પાદક સંઘો અને સાડા ચાર લાખ દૂધ ઉત્પાદક સભાસદ હતા. હાલમાં ૧૦ સભ્ય સંઘો અને ૩૬ લાખ જેટલા દૂધ ઉત્પાદકોનું સંખ્યાબળ ધરાવે છે. મેં અગાઉ પણ સહકાર ક્ષેત્રની વાત કરી હતી કે આખા રાજ્યની એ.પી.એમ.સી., ડિસ્ટ્રિક્ટ કૉ-ઓપરેટિવ બેંક, દૂધ સંઘો, સહકારી સંઘો, ખરીદ-વેચાણ સંઘ, ગુજકો માર્શલ, ખેતી બેંક એવી આખા રાજ્યની સહકારી સંસ્થાઓનું ટર્ન ઓવર ગણીએ તો લગભગ રૂ.૩ લાખ કરોડથી વધારે છે એટલે આપણે સહકારી બજેટના બરાબર છે એમ કહું તો ખોટું નથી. આ માધ્યમથી આપણા ગુજરાતના ગામડાના ખેડૂતોને રોજગારી પણ મળે છે અને આ સંસ્થાઓ થકી ગુજરાતના વિકાસમાં એમનો ખૂબ ફાળો રહ્યો છે ત્યારે આપણા સહકાર મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માજી જે સુધારા વિધેયક લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સંદીપભાઇ એ.પી.એમ.સી.ના ડાયરેક્ટર, બેંકમાં ડાયરેક્ટર, ડેરીમાં ડાયરેક્ટર અને સુગરમાં પણ ડાયરેક્ટર તરીકે રહી ચૂક્યા છે એટલે ચાર સંસ્થાઓના અનુભવ સાથે એમણે વાત કરી.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે સુધારો લઇને આવ્યા છે ત્યારે કોઇ પણ કાયદામાં સુધારો હોય અમે સમર્થન જ કરીએ છીએ પણ જે રીતે આ બે-ત્રણ નાના સુધારા લઇને આવ્યા છે તે ભલે નાના હોય પણ ભવિષ્યમાં તેના બહુ મોટાં પરિણામો મળવાના છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ માનનીય સંદીપભાઇએ વાત કરી કે સૌનો સાથ, સૌનો વિકાસ. વર્ષ ૧૯૦૪થી શરૂઆત થઇ અને સહકારિતાનો મુખ્ય હેતુ એ મૂડીવાદી વ્યવસ્થામાંથી લોકોનું જે શોષણ થતું હતું તે દૂર કરવાનો હતો. આજે ગ્રામીણ ક્ષેત્રમાં ગ્રામીણ તંત્રને મજબૂત કરવાનું જો કોઇએ કામ કર્યું હોય તો તે સહકારી તંત્રએ કર્યું છે. વર્ષ ૧૯૦૪માં તે માત્ર ગ્રામીણ પૂરતું હતું. વર્ષ ૧૯૧૨માં સુધારો કરીને સર્વગ્રાહી સ્વરૂપ આપવામાં આવ્યું. હું નાનો હતો ત્યારે અમને મહેસાણા ડેરીનું એક કેલેન્ડર આપવામાં આવતું હતું. તેના ઉપર લખ્યું હતું ''વિના સહકાર નહીં ઉદ્ધાર.'' અત્યારે જે રીતે સહકારી તંત્ર ઉપર સરકારની પકડ છે ત્યારે મને લાગે છે કે વિના સરકાર નહીં સહકાર. હમણાં મને સહકારી આગેવાન કાકાએ કહ્યું કે, સહકારી કાયદો એ ઘઉંના લોટ જેવો છે લાડુ, શીરો, રોટલો જે બનાવવું હોય તે બને. માનનીય સહકાર મંત્રી જે પ્રમાણે આદેશ આપે તે પ્રમાણે થતું હોય છે એટલે આ સુધારો કરીને ખરેખર સહકારી તંત્રને મજબૂત બનાવવા માગતા હોય તો અમને વાંધો નથી, પરંતુ શા માટે સુધારો કરવામાં આવ્યો તેનાં વ્યાજબી કારણો આપવામાં આવ્યાં નથી કે ગૃહમંડળીની નોંધણીની બાબતમાં પણ જે સુધારો છે તેનાં પણ સ્પષ્ટ કારણો નથી. કલમ ૬૭ની રોકાણની જે વાત કરી અને કોઇપણ અધિકારીને નિયુક્ત કરવાની વાત થઇ. એ બહુ સારી બાબત છે કે સહકારી સંસ્થાઓમાં સરકારના અધિકૃત અધિકારી કે વ્યક્તિ દ્વારા ઓડિટ થવું જોઇએ. આજેપણ ઘણી બધી એવી સહકારી છે દા.ત. ગુજકો. ગુજકોમાં છેલ્લા ઘણા સમયથી સરકાર દ્વારા ઓડિટ થયેલ નથી. ઘણીવાર આવી સંસ્થાઓમાં ઓડિટરોને અંદર જવા દેવામાં આવતા નથી. સહકારી કાયદામાં જોગવાઇ છે કે, કોઇપણ પ્રોપર્ટી ખરીદવી હોય તો રાજ્ય સરકારની મંજૂરી લેવી. આવી મંજૂરીઓ પણ લેવામાં આવતી નથી. એટલે એમાં ભ્રષ્ટાચાર થવાની સંભાવના વધુ રહે છે. જે અધિકારીને નિયુક્ત કરવામાં આવે એની ફરજો એ સારી રીતે બજાવે અને એને કોઇ અડચણ ન આવે એ વાતની પણ યોગ્ય કાળજી લેવામાં આવે. કલમ-૧૧૦માં જે સુધારો સૂચવ્યો છે એમાં કોઇ સ્પષ્ટ કારણ નથી.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં સૌથી વધુ બેંકો ફડચામાં ગઇ છે. એનો સમય પણ પૂર્ણ થઇ ગયો. એમાં વન ટાઇમ સેટલમેન્ટની યોજના પણ બનાવવામાં આવી હતી. આની હાઇલેવલની કમિટી પણ રાજ્ય સરકારે બનાવી છે. મને લાગે છે કે માનનીય સહકાર મંત્રીશ્રી આ કમિટીના ચેરમેન છે. પરંતુ છેલ્લા ઘણા સમયથી આવી હાઇ લેવલની કમિટીની મિટિંગ થઇ નથી. ફડચામાં ગયેલી જે બેંકો છે એ બેંકોની વસૂલાતનો નિકાલ થતો નથી અને ફરીથી આનો સમય વધારવામાં આવે. જેના કારણે વસૂલાત થઇ શકશે નહીં અને ઘણી ફાઇલો અટવાયેલી પડી રહે છે. ઝડપથી વસૂલાત થાય અને આ સુધારો કોના માટે લાવ્યા એ સમજાતું નથી. હમણાં જ માનનીય સંદીપભાઇએ સહકારની ઘણી બધી વાતો કરી. હાલ જે પ્રમાણે સહકારી સંસ્થાઓ માત્ર રાજકીય પ્રવૃતિઓ કરતી હોય એવું લાગી રહ્યું છે. માનીતા હોય એવા લોકોને રાખવાના. ભ્રષ્ટાચારમુક્ત શાસનની વાતો કરો છો. મેં લેખિતમાં પણ કહ્યું છે કે, *(xxx) એટલે આ જે બિલ લઇને આવ્યા છે એને સમર્થન કરું છું. પરંતુ સાથે-સાથે સહકારમાંથી તમે તો માનનીય મંત્રીશ્રી ભણેલા-ગણેલા છો એટલે ભ્રષ્ટાચાર ઓછો થાય અને કાયદો લઇને આવ્યા છો, સુધારો લઇને આવ્યા છો, પણ Bill is not necessary, Will is necessary. એટલે આવી ઇચ્છાશક્તિથી તમે જે રીતે બહુ તાકાતથી, મજબૂતાઇથી બોલો છો એ રીતે આવા ભ્રષ્ટાચારોને પણ દૂર કરો એવી શુભેચ્છા સાથે સમર્થન કરું છું.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

અધ્યક્ષશ્રી : ન્યાયતંત્રએ કોઇ જજમેન્ટ આપ્યું હોય તો એની ટીકા અહીં થઇ શકતી નથી. આ ટાઇપના શબ્દો હોય તો દૂર કરવામાં આવે.

શ્રી જગદીશ વિશ્વકર્મા(રાજ્યકક્ષાના સહકારમંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, There is a will, there is a way. આ ભારતીય જનતા પાર્ટીએ પ્રૂવ કર્યું છે. માનનીય શ્રી સંદીપભાઇ, શ્રી ભગાભાઇ, શ્રી અર્જુનભાઇ અને ડો. કિરીટકુમાર તમે તો અભ્યાસુ છો. મારી કલમો મેં ખૂબ સ્પષ્ટ રીતે વાંચી છે કે, જેટલો પ્લોટ હોય એ પ્લોટની અંદર મકાન બને અને કોઇકમાં ૮ મકાન બન્યા, કોઇકમાં ૯ મકાન બન્યા અને કોઇકમાં ૧૦ મકાન બન્યા. રેરાની અંદર કાયદામાં સ્પષ્ટ જોગવાઇ છે કે, આઠ મકાન બન્યા હોય એટલે મંડળી ફરજિયાત નોંધવી. પણ સહકારી કાયદામાં ૧૦ સભ્યોની મંડળી હોય. એટલા માટે આ સુધારો આવશ્યક છે અને આ સુધારો કોઇ વ્યકિતના લાભ માટે નથી. માત્રને માત્ર પ્રજાના લાભ માટે લાવવામાં આવ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી વસ્તુ જે શ્રી અર્જુનભાઇએ કહી એમ, બોર્ડ ઓફ નોમિનીઝ રાજ્ય સરકારમાં ૧૫ હજાર છે. ઘણા બધા કાયદાઓ ચાલી રહ્યા છે, કેસો પણ ચાલી રહ્યા છેએટલે એમના ધ્યાને મૂકું છું. માનનીય કિરીટભાઇ, ૧૧૦ની જે વાત કરી એમાં એવું છે કે આપણે ૧૧૦માં સુધારો લઇને આવ્યા છે એમાં પૈસાની જોગવાઇમાં પહેલા કોના કેટલા આપવા અને કોને આપવા તે અંગેની પ્રાયોરિટી નક્કી કરવાની છે એટલે જરૂરિયાત મંદ વ્યકિત રહી ના જાય. અગાઉની સુપ્રીમ કોર્ટ અને હાઇકોર્ટની ગાઇડલાઇન છે કે પ્રાયોરિટી નક્કી કરો. હવે સરકારના પૈસા પહેલા ચૂકવવા, ખેડૂતના પૈસા પહેલા ચૂકવવા કે કોના ચૂકવવાના? આ પ્રાયોરિટી નક્કી કરવા માટે સરકારશ્રી આ સુધારા બિલ લાવી છે. અમારી એચ.એ.સી.ની કમિટી છે અને એનો હું અધ્યક્ષ છું. અમારી સરકાર બનાવ્યા પછી અને હું મંત્રી બન્યા પછી એચ.એસ.સી.ની કમિટી બોલાવી પણ જયારે કમિટી બોલાવી ત્યારે મને લાગ્યું કે એમાં નાણાં વિભાગ તથા કાયદા વિભાગનો વ્યકિત જોઇએ. એટલે માનનીય કનુભાઇ અને માનનીય ઋષિકેશભાઇ સાથે સંકલન કર્યા બાદ એમાં સુધારા કરી, અમે સભ્યો મૂકવાની એમની પરવાનગી માગી છે અને એ મળી ગઇ છે. આ એચ.એ.સી. વખતોવખત મળતી હોય છે અને યોગ્ય નિર્ણયો પણ લેતી હોય છે. એટલે મને એવું લાગે છે કે કદાચ બંને સભ્યશ્રીઓએ જે કંઇપણ સૂચનો મૂક્યાં છે, એ બાબતે એમણે ફરી વખત આ વાંચવું જોઇએ. આ પ્રજાના હિત માટે છે કોઇના હિત માટે નથી. ફરીથી તમામ સભ્યશ્રીઓને મારી વિનંતી છે કે આ કાયદા જે પ્રજાના હિત માટે આવ્યા છે એને પારિત કરવા જોઇએ. આભાર.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું બીજું વાચન કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

**કલમ-૨ થી ૮, કલમ-૧, દીર્ઘસંજ્ઞા અને ઇનેક્ટિંગ ફોર્મ્યુલા વિધેયકનો ભાગ બની.**

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે અને તે પસાર કરવામાં આવે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સન ૨૦૨૪નું વિધેયક ક્રમાંક-૭-સન ૨૦૨૪નું ગુજરાત સહકારી મંડળી (સુધારા) વિધેયકનું ત્રીજું વાચન કરવામાં આવે છે અને તે સર્વાનુમતે પસાર કરવામાં આવે છે.

**છેલ્લા દિવસનો પ્રસ્તાવ(નિયમ-૧૦૨)**

**વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંગે**

શ્રી માવજીભાઇ મ. દેસાઇ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, " ગુજરાતે છેલ્લા બે દાયકામાં સાતત્યપૂર્ણ વિકાસ કરી, જી.એસ.ડી.પી.માં ૧૪.૮૯%નો વિકાસદર હાંસલ કર્યો છે. વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં દેશના જી.ડી.પી.માં ગુજરાત રાજ્યનો ફાળો ૫.૧% હતો, જે આજે વધીને ૮.૨% થયેલ છે. આમ, દેશના વિકાસમાં ગુજરાતે પોતાનો ફાળો ઉત્તરોત્તર વધારી, દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત થયેલ છે. રાજ્યની આ વિકાસયાત્રાના પ્રણેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત રાષ્ટ્ર બનાવવા વિકસિત ભારત@૨૦૪૭નું આહ્વાન કર્યું છે. વિકસિત ભારતની આ સંકલ્પનામાં, ગુજરાત અગત્યનો ફાળો ભજવી, દેશના આર્થિક અને સામાજિક વિકાસનું સુકાન સંભાળે તે રાજ્ય સરકારનું ધ્યેય છે.

માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતમાં તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમિયાન ભારતની સમૃદ્ધિ અર્થે ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવા દૂરંદેશી સાથે એક નાનકડું લાગતું પણ વિરાટ કદમ ઉઠાવ્યું. એ વિરાટ કદમ એટલે ''વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ". વર્ષ ૨૦૦૩માં વાવેલું વાઇબ્રન્ટનું "વિચાર બીજ'' આજે વટ વૃક્ષ બની ગયું છે. જેના ખૂબ જ સારાં પરિણામો મળ્યાં છે. પરિણામે ગુજરાત વિકાસની તેજ ગતિએ આગળ વધી રહ્યું છે.વેપાર અને વાણિજ્ય જેના લોહીમાં વહે છે એવી છાપ ધરાવતા ગુજરાતીઓના વેપાર વાણિજ્યના પાંચ હજાર વર્ષના ઇતિહાસમાં વસુધૈવ કુટુંબકમની ભાવના પ્રતિબિંબિત થાય છે. એ અર્થમાં ગુજરાતના આંગણે યોજાતી આ સમિટ આર્થિક ઉત્કર્ષની સાથે સાથે સંસ્કૃતિઓનું પણ આદાન-પ્રદાન કરવા માટેનું એક મજબૂત મંચ બની રહી છે. ગુજરાતના સપૂત અને વિશ્વ માનવ મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશને જીવંત કરતાં મહાત્મા મંદિરના પ્રાંગણમાં યોજાતી ગુજરાત ગ્લોબલ સમિટે સમસ્ત વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે.

## તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

માનનીય અધ્યક્ષશ્રી, દેશના યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટનો શાનદાર પ્રારંભ કરાવ્યો ત્યારે મહાત્મા ગાંધીની સ્મૃતિ અને સંદેશ સાથે અમૃત કાળના આરંભની અનુભૂતિ થઈ હતી. ૧૦મી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં ચાર દેશોના વડા સહિત ૧૩૦ કરતાં પણ વધુ દેશોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. આ અમૃતકાળની પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં વિવિધ દેશોના પ્રતિનિધિઓ ભારતની વિકાસયાત્રામાં મહત્ત્વના સહયોગી બન્યા હતા.

છેલ્લાં વીસ વર્ષોમાં વાઈબ્રન્ટ સમિટે વૈશ્વિક સ્તરે નવા વિચારોને પ્લેટફોર્મ આપ્યું છે તેમજ નવા રોકાણો અને વળતર માટે નવો માર્ગ કંડાર્યો છે અને તે ઈકોનોમિક ડેવલપમેન્ટ અને ઇન્વેસ્ટમેન્ટ સાથે જોડાયેલી જાણકારીઓ અને અનુભવો વહેંચવાનું ગ્લોબલ પ્લેટફોર્મ બન્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૨૪માં દેશ–વિદેશના વિવિધ ઉદ્યોગપતિઓને મૂડીરોકાણની તકો વિશે માહિતગાર કરી આ સમિટને સફળ બનાવવાનો પૂરો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. વિવિધ ક્ષેત્રોમાં આશરે ૪૫ લાખ કરોડથી વધુ રકમના ૯૮,૦૦૦થી વધુ એમ.ઓ.યુ. કરવામાં આવ્યા છે. આનાથી રાજ્યના વિકાસનો પાયો નક્કર અને મજબૂત બનનાર છે, ત્યારે ગુજરાત રાજ્યમાં ઊભી થયેલ વિકાસની આ આશાને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા માટે જરૂરી અસરકારક પગલાં લેવાં આ સભાગૃહ ચર્ચા–વિચારણા કરે.

અધ્યક્ષશ્રી : **પ્રસ્તાવ રજૂ થાય છે.**

શ્રી માવજીભાઇ મ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૫મી ગુજરાત વિધાનસભાના ચોથા સત્રના અંતિમ દિવસે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪નો પ્રસ્તાવ લઇને આવવાનું મને સૌભાગ્ય મળ્યું તે બદલ આપસૌનો હું ખૂબ ખૂબ આભાર વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, અમૃત કાળની આ પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના અતિ ભવ્ય આયોજન અને ગુજરાતને ગૌરવ અપાવવા બદલ ગુજરાતના મૃદુ અને મક્કમ, સરળ અને લોકપ્રિય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ, રાજયના ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહજી રાજપૂત સાહેબ, મંત્રીમંડળના તમામ સન્માનનીય મંત્રીશ્રીઓ તથા સમગ્ર ગુજરાત સરકાર અને વહીવટીતંત્રને હું ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છું. વાઇબ્રન્ટ સમિટના આયોજન વખતે આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે જે રીતે વન ટુ વન મીટિંગો, જે ઊર્જાસભર બેઠકો કરી રહ્યા હતા તે ખરેખર ખૂબ પ્રશંસાને પાત્ર છે, અભિનંદનને પાત્ર છે તથા અતિથિ દેવો ભવઃ ના મંત્ર સાથે સમગ્ર વાઇબ્રન્ટ સમિટ દરમ્યાન સુરક્ષા પૂરી પાડનાર રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઇ સંઘવી સાહેબ અને ગૃહ વિભાગને પણ હું વિશેષ અભિનંદન પાઠવું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણા રાજયના તત્કાલીન મુખ્યમંત્રી અને અત્યારના વૈશ્વિક નેતા વિઝનરી, ડાયનેમિક એવા યુગપુરુષ અને ભારત દેશના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબની વિશ્વ કલ્યાણની ભાવનાથી તેમના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળ દરમ્યાન ભારતની સમૃદ્ધિ અને ગુજરાતની સમૃદ્ધિનો માર્ગ કંડારવા માટે પ્રથમ વખત ગુજરાત વાઇબ્રન્ટ સમિટ ટાગોર હોલ ખાતે કરેલી એક નાનકડી શરૂઆતથી પોતાની સફરના આ ૨૦ વર્ષ પૂર્ણ કરી અમૃત કાળની પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત સમિટે આજે વિશ્વસ્તરે એની એક ઓળખ ઊભી કરી છે. એટલું જ નહીં, પરંતુ આમાંથી પ્રેરણા લઇ અનેક દેશોએ, અનેક રાજયોએ અને અનેક સમાજોએ અને ઘણાબધા જિલ્લાઓએ પણ આની શરૂઆત કરી. ગ્લોબલ સમિટ થકી એક સુવર્ણ યુગની શરૂઆત આપણા સૌના માટે થઇ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતની છબિ રાતોરાત નથી બની. બે દાયકા પૂર્વે આપણા શ્રી નરેન્દ્રભાઇ સાહેબે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌના વિશ્વાસ થકી શરૂ કરેલી વિકાસ યાત્રાના આપણે સૌ પરિણામ ભોગવી રહ્યાં છીએ. માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળથી શરૂ કરાયેલી આ વન વલ્ડ, વન ફેમિલી, વન ફ્યુચર, વિશ્વમિત્રની ભાવનાના સૂત્રને સાર્થક કરતી આ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ આજે નોલેજ શેરિંગ સ્ટેટેજિકલ પાર્ટનરશીપ માટેના પ્રતિષ્ઠિત વૈશ્વિક મંચ તરીકે ઉભરી આવી છે. વિનાશમાંથી વિકાસ, નિરાશામાંથી આશા અને આફતને અવસરમાં પલટવાની આપણા જે શ્રી નરેન્દ્રભાઇ સાહેબની કુનેહના કારણે આજે સમગ્ર કચ્છ, કચ્છનો ધોરડો, આજે ગિફ્ટ સિટી હોય, સ્ટેચ્યૂ ઓફ યુનિટી હોય, ધોલેરા એસ.આઇ.આર. હોય આપણું રિવરફ્રન્ટ હોય, દહેજ એ કેમિકલવાળો વિસ્તાર હોય, સાણંદ, બેચરાજી ઓટો હબ હોય આવા અનેક પ્રકારના પ્રોજેકટો રાજયની વિશેષ ઓળખ બની છે અને એ બની હોય તો ફકત અને ફકત વાઇબ્રન્ટ ગુજરાતના કારણે બની છે. વેપાર અને વાણિજય જેના લોહીમાં વહે છે એવી છાપ ધરાવતા ગુજરાતીઓનો વેપાર વાણિજયમાં ૫૦૦૦ વર્ષનો ઇતિહાસ અને એમાં વસુધૈવ કુટુંમ્બકમની ભાવના પ્રતિબિંબિત થાય છે. હું જે વિસ્તારમાંથી આવું છું એ છેવાડાનો વિસ્તાર રાજસ્થાનને અડી અને છેક પાકિસ્તાનને અડીને જે વિસ્તાર છે. જયારે વાઇબ્રન્ટ નહોતું અને સન ૨૦૦૦ પહેલાંના વર્ષોમાં ત્યાં આગળ જમીનોના ભાવ સામાન્ય હતા. પાંચ હજાર અને દસ હજાર રૂપિયે વીઘો જમીન કોઇ લેવા તૈયાર નહોતું, પણ વાઇબ્રન્ટ થયા પછી જે જે નવી કંપનીઓ આવી એ કંપનીઓ આવ્યા પછી આજે પાંચ લાખથી દસ લાખ રૂપિયાની કિંમત અને એનું ભાડું મળે છે એ વાર્ષિક ૨૫–૨૫ હજાર રૂપિયા ભાડું મળતું થયું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એ આર્થિક સમિટ ઉત્કર્ષની સાથે સાથે સંસ્કૃતિનું પણ આદાન પ્રદાન કરવા માટેનો એક મજબૂત મંચ બન્યું છે. ગુજરાત દેશના વિકાસમાં પોતનો ફાળો ઉત્તરોત્તર વધારી દેશના ગ્રોથ એન્જિન તરીકે પ્રસ્થાપિત

થયેલ છે. રાજયની વણથંભી વિકાસ યાત્રાના પ્રણેતા અને યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ સાહેબન આઝાદીની શતાબ્દી એટલે કે વર્ષ ૨૦૪૭ સુધીમાં ભારતને વિકસિત કરવા માટેનું આ સમગ્ર આયોજન છે. કોરોના પછી પ્રથમ વખત યોજાયેલી આ વર્ષની વાઇબ્રન્ટ ગુજરાત સમિટ એની મુખ્ય થીમ ગેટ ટુ ધ ફ્યુચર હતી. વાઇબ્રન્ટ સમિટને હજી પણ ગ્રાસરૂટ ઉપર પહોંચાડવા માટે જિલ્લાના સ્થાનિક નાગરિકો સ્થાનિક કક્ષાના ઉદ્યોગની ભાગીદારી કરે તેવા ઉદ્દેશ સાથે આ વર્ષે પણ રાજય સરકારના તમામ જિલ્લાઓમાં વાઇબ્રન્ટ ગુજરાત થકી વાઇબ્રન્ટ ડિસ્ટ્રિકટનું ભવ્ય આયોજન કર્યું હતું. એના ભાગરૂપે આપણા બનાસકાંઠા જિલ્લામાં પણ સન્માનનીય આપ અધ્યક્ષશ્રી શંકરભાઇ ચૌધરી સાહેબ, ઉદ્યોગમંત્રીશ્રી બળવંતસિંહ સાહેબના નેતૃત્વ નીચે ભવ્ય આયોજન થયું અને મારા બનાસની મુખ્ય શકિત એવી સોલાર ઇન્ડસ્ટ્રી કૃષિ, ડેરી, માર્બલ અને ગ્રેનાઇટ છે ત્યારે આ સમિટમાં ડેરી, ઓઇલ, એગ્રો અને માર્બલ, ગ્રેનાઇટ અને સોલાર પ્રોજેકટને આવરી લેતા માનવશકિતને પ્રત્યક્ષ તથા પરીક્ષ રીતે રોજગાર મળી રહે તે પ્રકારના અનેક એમ.ઓ.યુ. થયા છે જે આવનારા સમયમાં બનાસ માટે પણ પ્રગતિનો મોટો માપદંડ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાત જણાવતા પણ આનંદ થાય કે ભારતને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાં અનેક બાબતોમાં પોતાની છબી ઉજાગર કરવા માટે અને વૈશ્વિક સમસ્યાઓમાં પોતાનો મત મજબૂત રાખવા માટે ગત વર્ષે જી.૨૦ની યજમાની મળી હતી અને જેના ભાગરૂપે ગુજરાત સહિત ભારતમાં સફળ રીતે આયોજન કરવામાં આવ્યું અને જી.૨૦ની ગુજરાતની વિવિધ ૧૭ બેઠકોમાં સફળતાનો યશ ટીમ ગુજરાતને જાય છે. અમૃતકાળની આ પ્રથમ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૪૭ માટે રાજયના રોડમેપના લક્ષ્યાંકો સિદ્ધ કરવા માટે એક સિમાચિન્હ હતું. અત્યાર સુધીમાં ૪૫ લાખ કરોડથી પણ વધુ રકમના અને ૯૮હજારથી પણ વધુ એમ.ઓ.યુ. આજ દિવસ સુધી કરવામાં આવ્યા છે. હું ગૌરવ સાથે કહી શકું કે આપ પણ આ સભાગૃહના અધ્યક્ષ તરીકે બિરાજમાન થયા ત્યારથી માંડી અને આ વિધાનસભાને પણ આપે વાઇબ્રન્ટ કરવામાં કોઇ કસર છોડી નથી.

**માનનીય ઉપાધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી રમણભાઇ ભી. સોલંકી(બોરસદ) : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયની સ્થાપના જેમના કરકમળોથી થઇ છે એવા પૂજ્ય રવિશંકર મહારાજની પવિત્ર કર્મભૂમિ બોરસદમાંથી મને ગુજરાત વિધાનસભામાં પ્રતિનિધિત્વ કરવાનો સૌ પ્રથમ જયારે મોકો મળ્યો છે ત્યારે હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું. સાથેસાથે મારા વિસ્તારના સૌ મતદારો અને ભારતીય જનતા પાર્ટીનો પણ આભાર માનું છું. ગૃહના સભ્ય આદરણીય શ્રી માવજીભાઇ દેસાઇ નિયમ–૧૦૨ હેઠળનો વાઇબ્રન્ટ ગુજરાત ૨૦૨૪નો જે પ્રસ્તાવ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો વ્યકત કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, નવા ઉદ્યોગોનું નિર્માણ, નવી રોજગારીની તકો, નવા રોકાણકારો માટે ગુજરાત રાજયમાં વાઇબ્રન્ટ ગ્લોબલ સમિટ ખૂબ જ નાના પાયે તત્કાલીન નાયબ વડાપ્રધાનશ્રી એલ.કે. અડવાણીજીની ઉપસ્થિતિમાં અને તત્કાલીન ગુજરાત રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન ભારતના યશસ્વી વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના દૂરંદેશી નેતૃત્વ હેઠળ યોજાઇ હતી જેના કારણે ગુજરાત રાજય આજે વિકાસ માટે સૌથી પ્રતિષ્ઠિત અને વૈશ્વિક પ્લેટફોર્મ તરીકે ઉપસી આવેલું છે. ગુજરાત સરકારે વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની ૨૦ વર્ષ પહેલા શરૂઆત કરી હતી જેની આજે વિશ્વ ફલક ઉપર આગવી ઓળખ ઊભી થઇ છે. જયારે વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઇબ્રન્ટ યોજાઇ ત્યારે એ સમિટમાં ૭૬ જેટલા એમ.ઓ.યુ. થયા હતા. ત્યારબાદ વર્ષ ૨૦૦૫માં બીજી સમિટમાં ૨૨૬ એમ.ઓ.યુ. થયા અને સન ૨૦૦૭ની સમિટમાં ૩૬૩ એમ.ઓ.યુ. થયા અને સાથેસાથે જયારે વર્ષ ૨૦૦૯ની સમિટ યોજાઇ ત્યારે વિવિધ ૨૮ સેકટરમાં ૮૬૬૦ એમ.ઓ.યુ. થયા હતા. સાથેસાથે વર્ષ ૨૦૧૧ ની સમિટમાં પણ ૭૯૩૬ જેટલા એમ.ઓ.યુ. થયા હતા. આમ ઉત્તરોત્તર એમ.ઓ.યુ.ની સંખ્યા વધી તેના પરિણામે ગુજરાતમાં મૂડીરોકાણનું પ્રમાણ પણ વધતું ગયું અને જેના કારણે ગુજરાતમાં રોજગારીની તકો પણ વધારે વિકસતી ગઇ.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૧૧ના વાઇબ્રન્ટમાં એક આપણા ગુજરાતના અગ્રણી ઉદ્યોગપતિએ કહ્યું હતું કે ગુજરાત સોનાના દીપકની જેમ ચમકી રહ્યું છે અને તેનો શ્રેય માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના દૂરંદેશીભર્યા અસરકારક અને પ્રખર નેતૃત્વને જાય છે. લોકોના જીવનની ગુણવત્તા અને સમૃદ્ધિ પ્રત્યે ગુજરાતની પ્રતિબદ્ધતા જોતા ગુજરાત ભારતમાં ગરીબી દૂર કરનારું પ્રથમ રાજય હશે અને આજે આપ સૌ જોઇ રહ્યા છો એ મુજબ દેશમાં આજે ૨૫ કરોડથી પણ વધારે પરિવારો ગરીબીમાંથી બહાર નીકળી ગયા હોય તો એનું કારણ જે તે વખતનું આ પ્રતિનિધિત્વ હતું. વાઇબ્રન્ટ સમિટ એ વિશ્વભરના નેતાઓ, ઉદ્યોગપતિઓ અને રોકાણકારોને એક સાથે લાવવા માટેનું વૈશ્વિક મંચ પણ છે. આ સમિટથી ગુજરાતમાં રોકાણ વધ્યું જેને કારણે નવી રોજગારીની તકોનું સર્જન થયું. સાથેસાથે ગુજરાતનો સર્વાંગી અને આર્થિક વિકાસ પણ થયો છે. આ ઉપરાંત સમિટ ૨૦૨૪ દ્વારા ગુજરાતની સંસ્કૃતિ, પરંપરા પૂરા વિશ્વને પણ જોવા મળી છે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ ની ઘણી વિશિષ્ટતાઓ અને સિદ્ધિઓ પણ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના મૃદુ અને મકકમ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના માર્ગદર્શનમાં અને માનનીય મંત્રીશ્રીઓની સલાહકાર સમિતિ તેમજ સરકારના વિવિધ વિભાગો દ્વારા આ સમિટનું ખૂબ જ સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. માનનીય વડાપ્રધાન આદરણીયશ્રી મોદી સાહેબ સાથેસાથે ૪ દેશના વડાઓ, અન્ય ૧૫ દેશના નાયબ વડાપ્રધાનશ્રીઓ, મંત્રીશ્રીઓ, ગ્લોબલ સી.ઇ.ઓ. તેમજ કેન્દ્ર સરકારના મંત્રીઓ અને અધિકારીઓ ઉપરાંત વેપાર ઉદ્યોગ

## તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

જગતના અગણિત પ્રતિનિધિઓ સાથે ગુજરાત સરકારના રાજયપાલ આદરણીય શ્રી દેવવ્રતજી, સમગ્ર મંત્રીમંડળ અને વિભાગના વિવિધ અધિકારીઓના સહકારથી વાઇબ્રન્ટનું ખૂબ જ સફળતાપૂર્વક કાર્ય થયું છે. અમૃત કાળની પહેલી વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અને વિશ્વની અગ્રણી કંપનીના વડા અને વિવિધ દેશના પ્રતિનિધિઓના સબંધમાં એમણે આ ઇવેન્ટમાં કહ્યું હતું કે તમારા સ્વપ્ના એ જ મારો સંકલ્પ છે. જેટલા તમારા સ્વપ્ના મોટા હશે એટલો મારો સંકલ્પ પણ મોટો હશે. એ વાકય દ્વારા સમગ્ર ઉદ્યોગ જગતને એમણે ખૂબ મોટો સંદેશો પણ આપ્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૪માં હજારો કરોડો રૂપિયાના સમજૂતિ કરારો ઉપરાંત ગુજરાત, ભારત દેશને સક્ષમ અને સમૃદ્ધ બનાવવાના સંકલ્પો જાહેર મંચ પરથી અગ્રણી કંપનીઓ અને વિવિધ દેશના પ્રતિનિધિઓએ વ્યક્ત કર્યા હતા. ભારતને વિશ્વનું ત્રીજું સૌથી મોટું અર્થતંત્ર બનાવવાના વડાપ્રધાનશ્રીના નિર્ધારનો પ્રતિઘોષ વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટમાં જોવા મળ્યો હતો. આ સમિટના પ્રારંભે આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ દ્વારા વાઇબ્રન્ટ ગુજરાત-૨૦૨૪ અમૃતકાળનું પ્રથમ સમિટની યાદીમાં સ્મારક સિક્કા તેમજ સ્મારક સ્ટેમ્પનું અનાવરણ કરવામાં આવ્યું હતું. ગુજરાતને વિકસિત રાજ્ય બનાવવામાં મહત્ત્વનો ફાળો આપનાર વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને ૨૦ વર્ષ પૂરા થાય છે ત્યારે આ સમિટમાં હજારો, કરોડો રૂપિયાના જે એમ.ઓ.યુ. થયા છે તેના થકી આવનારા સમયમાં રોજગારીની અનેક તકો ઊભી થશે. જે ગુજરાતની ખૂબ મોટી સિદ્ધિ ગણાશે. બે દાયકાની સફર દરમ્યાન સમિટ ગુજરાતના વિકાસ મોડલ તરીકે રજૂ થયેલ છે. ગુજરાત ભાજપ સરકારને એક મજબૂત પકડ પણ આ સમિટે આપી છે. આ ઉપરાંત સમિટથી ગુજરાતની જનતા, રાજ્યની આર્થિક સિદ્ધિ અને લોકોની સુખાકારીમાં ખૂબ મોટો વધારો થયો છે. વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની દસમી આવૃત્તિ ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિરના કન્વેન્શન હોલમાં તા.૧૦, ૧૧ અને ૧૨ જાન્યુઆરી દરમ્યાન યોજવામાં આવી હતી. જેમાં રશિયા, સાઉદી અરેબિયા સહિત ૨૮ દેશોના લોકોએ વાઇબ્રન્ટ સમિટમાં ભાગ લીધો હતો. જેમાં નવા નવા ઉદ્યોગો, નવી રોજગારીની તકો, નવા રોકાણકારો માટે નક્કર આયોજન પણ કરવામાં આવ્યું હતું. વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૪માં પાવર, ઓઇલ, ગેસ, કેમિકલ, એન્જિનિયર ઓટો, શહેરી વિકાસ, પોર્ટ, ખનીજ, કાપડ, રોડ, રેલવે, પ્રવાસન, નાગરિક ઉડ્ડયન, હેલ્થકેર, પર્યાવરણ, એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ, પાણી પુરવઠો, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ, શિક્ષણ અને ગ્રામીણ વિકાસ જેવા અનેક ક્ષેત્રોમાં આશરે રૂ.૪૫ લાખ કરોડના મૂડીરોકાણ સાથે ૯૮૫૪૦ એમ.ઓ.યુ. તે આપણી સૌથી મોટી સિદ્ધિ ગણાય છે. વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૪માં હજારો કરોડોના સમજૂતિ કરારો ઉપરાંત ગુજરાત, ભારત દેશને સક્ષમ અને સમૃદ્ધ બનાવવાના સંકલ્પો વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૪માં જાહેર મંચ પરથી વિશ્વની અગ્રણી કંપનીઓ, વિવિધ દેશના પ્રતિનિધિઓએ વ્યક્ત કર્યા હતા.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતની વાઇબ્રન્ટ સમિટ-૨૦૨૪ની બીજી એક વિશેષતા એ રહી હતી કે, ગુજરાત સરકારે માનનીય વડાપ્રધાનશ્રીની ઉપસ્થિતિમાં તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ સાયન્સ સિટી અમદાવાદ ખાતે સમિટ ઓફ સકસેસ તરીકે વાઇબ્રન્ટ ગુજરાતના ૨૦ વર્ષની ઉજવણીના એક કાર્યક્રમનું ખૂબ જ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪ના આવા કાર્યક્રમો જુદા જુદા જિલ્લાઓમાં કરવામાં આવ્યા હતા. તેના દ્વારા પણ ચાર મહિના પહેલાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. જેનો મુખ્ય હેતુ આ ક્ષેત્રોમાં રાજ્યના પ્રયાસોને ઉજાગર કરવાનો અને આર્થિક વૃદ્ધિ તથા નવીનતાને પ્રોત્સાહન આપવાનો હતો.

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહની અંદર છેલ્લા દિવસનો પ્રસ્તાવ વાઇબ્રન્ટ થકી વિકાસ માનનીય માવજીભાઇ લઇને આવ્યા છે તેને મારું સમર્થન આપું છું અને તે બાબતમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત એટલે જ્યાંની માટી, સામા વ્હેણે તરવાની જેનામાં ક્ષમતા છે તે ગુજરાત છે. રાખમાંથી ફિનિક્સ પક્ષીની જેમ ઊભા થવાની ક્ષમતા એ આપણા ગુજરાતમાં છે તેવું આ ગુજરાત છે. આપણા ગુજરાતીઓમાં નખશિખ તે લક્ષણો સિંચાયેલા છે. સાહસ એ આપણું આગવું અંગ છે. ઇતિહાસના પત્તાં આપણે ખોલીએ તો ખબર પડે કે એક-એક સાહસનો કિસ્સો તે ગુજરાતની સાથે વણાયેલો છે. આજનો ઇતિહાસ પણ આ ઇતિહાસને દોહરાવે છે. બરાબર મને ખ્યાલ છે કે, બંને વક્તાઓએ વાઇબ્રન્ટ ગુજરાતની સફળતાની વાત કરી અને કેટલાક આંકડાઓ પણ આપ્યા છે. મારે થોડાક ભૂતકાળના ગર્તમાં જવું છે. કેવા સંજોગો હતા ગુજરાતની અંદર? વાવાઝોડાના વંટોળથી કચ્છ આખું ધ્રૂજી ઉઠ્યું હતું. બાકી રહી ગયું હોય તેમ કુદરતના પ્રકોપ ધરતીકંપે આખા ગુજરાતને ધમરોળી નાખ્યું હતું. જાણે માનવ જીવન ઉપર એક કુદરતનું સંકટ આવ્યું હોય. વ્યવહારો રોળાઇ ગયા હતા. માનવ જીવન ઉપર મોટું સંકટ એટલા માટે આવ્યું હતું અને કાલે શું થશે અને શું નહીં થાય તેના ભવિષ્યની કોઇને ખબર ન હતી. બાકી હતું તો ક્યાંક માનવ સર્જીત આપત્તિ આવી, ગોધરાકાંડ અને ગોધરાકાંડ પછીનાં તોફાનોએ ગુજરાતના જીવનને અસ્તવ્યસ્ત કરી નાંખ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના લોકોનો ગુણાત્મક અને ગુજરાતના લોકોનો સાહસિક સ્વભાવ, ગુજરાતના લોકોનો વિવેક, ગુજરાતની ગરિમા, ગુજરાતના લોકોની અસ્મિતા આખા દેશમાં અને દુનિયામાં વગોવાઇ ગઇ હતી અને એના કેટલાક પ્રયાસો કેટલાક રાજકીય લોકોએ કર્યા. ગુજરાત નિરાશાની ગર્તમાં ધકેલાયું. માણસ માણસની વચ્ચે વિશ્વાસ નહોતો રહ્યો. અન્ય પ્રાન્તના લોકોને ગુજરાતની ઉપર ભરોસો નહોતો રહ્યો તો વિદેશના લોકોને તો કેવી રીતે આપણા પર ભરોસો રહે? આ

સ્થિતિ હતી ત્યારે એક નૈતિક બળની જરૂર હતી, એક લાંબા વિઝનની જરૂર હતી. આ ગુજરાતના અસ્તવ્યસ્ત થઇ ગયેલા જનજીવનને ફરીથી ઉઠાવી શકે, ગુજરાતની ઘવાયેલી અસ્મિતાનું પુનઃસ્થાપન કરી શકે એવા વ્યક્તિત્વની જરૂર હતી, ત્યારે મને કહેતા આનંદ થાય છે કે, એવા વખતે આજના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી ગુજરાતના મુખ્ય મંત્રી હતા. તેઓએ આ જનજીવનને ઉઠાવવાનો પ્રયાસ કર્યો. મેં કહ્યું તેમ ગુજરાતના વિકાસને ફાસ્ટટ્રેક પર લાવવા માટે એક સસ્ટેનેબલ ગતિ સાથે આગળ વધવાની જરૂર હતી, એક સસ્ટેનેબલ ગ્રોથની જરૂર હતી એવો વિચાર એ સમયે આપણા લોકપ્રિય દીર્ઘદ્રષ્ટા એવા મુખ્ય મંત્રી અને હાલમાં દેશનું નેતૃત્વ કરતા આપણા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇએ આપ્યો અને સાર્થક પણ કરી બતાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વપ્નું પણ જોયું અને એ સ્વપ્નાને સાર્થક કરવા માટેના પ્રયાસો પણ કર્યા. નરેન્દ્રભાઇએ જે પ્રયાસો કર્યા, નરેન્દ્રભાઇએ જે શરૂઆત કરી મને કહેતાં આનંદ થાય છે કે જે હમણા મારી આગળના બંને વક્તાઓએ વાત કરી કે આજે એ ઇતિહાસને નવા શબ્દોમાં નવાં પાનાં ઉપર લખવાનું કામ રાજયના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ, રાજયના ઉદ્યોગ મંત્રી અને રાજયની સરકાર કરી રહી છે એ વાતનો મને આનંદ છે. માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાતનું બીજ વર્ષ ૨૦૦૩માં રોપાયું અને આજે એ વટવૃક્ષ થઇ ગુજરાતને એના ફળો આપી રહ્યું છે. વાઇબ્રન્ટ ગુજરાત દ્વારા ઇન્વેસ્ટમેન્ટ લાવવું એ કોઇ સહેલી વાત ન હતી, કારણ કે કેવી સ્થિતિમાંથી ગુજરાત પસાર થયું. કેટલાક એવા પરિબળો હતા એણે ગુજરાતને બદનામ કરવામાં કોઇ પણ પ્રયાસ બાકી નહોતો રાખ્યો. મને ખબર છે, માત્ર વ્યાપાર લાવવાની વાત ન હતી, બદનામ થયેલા ગુજરાતને, ગુજરાતના સાહસને, ગુજરાતના વિવેકને, ગુજરાતની શાંતિ, ગુજરાતનો મૈત્રિભાવ, ગુજરાતના સંસ્કારને પુનઃ દુનિયા સમક્ષ ઉજાગર કરવાનું કામ આ વાઇબ્રન્ટ ગુજરાતથી થયું. ઘવાયેલું ગુજરાત, ગુજરાતને બદનામ કરવાના જે પ્રકારે પ્રયાસો થયા ત્યારે આજના પ્રધાનમંત્રી ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેઓ કોઇ વ્યવહારિક કામે, ઘરના કામે અમેરિકા એમને નહોતું જવું, કોઇ પોતાના પ્રસંગ માટે નહોતું જવું, ગુજરાતના હિત માટે, ગુજરાતમાં વેપાર કેવી રીતે આવી શકે, ગુજરાતના લોકોને રોજી કેવી રીતે મળી શકે? એના માટે અમેરિકા જવું હતું. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, એ સમયે પ્રતિપક્ષના ૬૦ સાંસદોએ અમેરિકાના પ્રમુખને વિઝા નહીં આપવા માટેનું દુષ્કૃત્ય કર્યું હતું એ ઇતિહાસને ઉજાગર કરવો પડે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતને ભડકે બળતું દેખાડવાના કેટલાક પ્રયાસો કરવામાં આવ્યા. ગોધરા કાંડ પછી ગુજરાતને બદનામ કરવાનો એક પણ પ્રયાસ છોડવામાં આવ્યો નથી અને એવા વખતે ગુજરાતની અસ્મિતાને પુનઃ સ્થાપિત કરવાનું કપરું કામ આ દેશના પ્રધાન મંત્રીશ્રીએ વાઇબ્રન્ટ સમિટ ગુજરાતથી કર્યું હતું. સ્વપ્ન જોયું, (અંતરાય) બેન તમારી વાત જ નથી, હવે તમે બધા રામ રામ બોલતા શીખી ગયા છો આ અમારી સફળતા છે. વર્ષ ૨૦૦૩માં નાનો પ્રયાસ કર્યો અને ટાગોર હોલમાં વાઇબ્રન્ટ સમિટ રાખી. સામા પાણીએ ચાલવાનું હતું, કેન્દ્રમાં વિરોધી લોકોની સરકાર હતી, ગુજરાતમાં કોઇ પણ પ્રકારે સત્તા મેળવવા માટેના હવાતિયાં મારતાં હતાં. એવા વખતે સામા પાણીએ ચાલીને વર્ષ ૨૦૦૩ની સમિટ યોજવામાં આવી અને એ સફળ થઇ ત્યાર પછી વર્ષ ૨૦૦૭ની બીજી સમિટ આવી. જે લોકોએ એમ.ઓ.યુ. કરવાના હતા, જે લોકો સમિટના ભાગીદાર બનવાના હતા, જે લોકો સમિટની અંદર સંમિલિત થવાના હતા, ગુજરાતની અંદર તેમને ધંધો, રોજગાર કરવા માટેની ઇચ્છા દર્શાવી હતી કયાંક કેટલાક લોકોએ અગાઉ એમ.ઓ.યુ. કર્યા હતા એ લોકોને નોટિસ આપી અને ડરાવવાનું પાપ એ આ લોકોએ જે તે વખતની સરકારે કર્યું હતું અને ઇતિહાસને આપણે ઉજાગર એટલા માટે કરવો પડે કે આપણે સફળતાની વાત કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, આ મિનિટો કાપવાનું મારો પીછો જ છોડતું નથી. સંગઠનમાં હતો તો પણ મારી મિનિટો કપાય, ટી.વી.માં જાઉં તો ત્યાં એન્કર કાપી લે અને અહીંયા આપ,

ઉપાધ્યક્ષશ્રી : દંડકશ્રીને પૂછો એટલે ખબર પડશે.

શ્રી મહેશ કસવાલા : નહીં, હું તો ખાલી મજાક કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રકારે ગુજરાતને ઉઠાવવાની વાત વાઇબ્રન્ટ સમિટની સફળતા એક પછી એક સફળતા માનનીય નરેન્દ્રભાઇએ કરી આજે લોકોએ એનો મનથી સ્વીકાર કર્યો, એમનો અમલ કર્યો. જે ઇકોનોમી બારમા સ્થાને અને આપણને તે લોકો માંદગીવાળું રાજય કહેતા તેમાંથી ભારતની ઇકોનોમી આજે પાંચમી છે અને મને કહેતા ગર્વ થાય છે કે, નરેન્દ્રભાઇ મોદીની ત્રીજી ટર્મમાં ભારતની ઇકોનોમી ત્રીજા નંબરની હશે આ બધા પાછળનું કોઇ રહસ્ય હોય તો એ આ વાઇબ્રન્ટ સમિટની સફળતા એનો મહત્ત્વનો હિસ્સો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને ખબર છે કે મારી મિનિટ પૂરી થઇ છે અને એટલા માટે ફરી એક વખત વિવેકપૂર્વક આ જે પ્રસ્તાવ લઇને આવ્યા છે માનનીય માવજીભાઇ પ્રસ્તાવ લઇને આવ્યા છે તેને હૃદયના ભાવથી ટેકો આપીને મારી વાતને વિરામ આપું છું, ધન્યવાદ.

શ્રી પ્રવીણકુમાર ગો. માળી**(**ડીસા**)** : માનનીય અધ્યક્ષશ્રી, વાઇબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ–૨૦૨૪નો સભ્યશ્રી માવજીભાઇ છેલ્લા દિવસનો પ્રસ્તાવ લઇને આવ્યા છે તેના માટે મારા વિચારો રજૂ કરવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે આ વાઇબ્રન્ટ સમિટનું ઇનોગ્રેશન કર્યું તેની પહેલાં એક હજારથી વધુ જેના એક્ઝિબીટરો આવ્યા હતા એવું ગુજરાત ગ્લોબલ ટ્રેડ શોનું ઉદઘાટન કરવામાં આવ્યુ. એ જગ્યા ઉપર મહાત્મા મંદિર ઉપર અમૃતકાળની આ પ્રથમ સમિટ થઇ છે. યુ.એ.ઇ.ના રાષ્ટ્રપતિ ચીફ ગેસ્ટ તરીકે આવ્યા, તિમોર લેસ્ટરના રાષ્ટ્રપતિ, મોઝામ્બિકાના રાષ્ટ્રપતિ તરીકે અહીંયા આપણી ગુજરાતની ધરતી પર આવ્યા અને વાઇબ્રન્ટ ગ્લોબલ સમિટનું ઇનોગ્રેશન કર્યું.

તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ-૧૦૨)

માનનીય અધ્યક્ષશ્રી, ૩૦થી વધુ દેશોના ડેલિગેટ્સ આપણી ગુજરાતની ધરતી ઉપર આવ્યા અને તેની મહેમાનગતિ કરવાનો અવસર આ ગૃહના નેતા આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે કર્યું છે એટલે તેમને પણ હું અભિનંદન આપું છું અને સાથે સાથે આ વિભાગના તમામ અધિકારીઓને આની પાછળ જેટલા લોકો કેટલાય દિવસ સુધી મહેનત કરતા હતા તે તમામ અધિકારીને, વિભાગોને પણ અભિનંદન આપવા ઘટે કે ગાંધીનગરને એ રીતે સજાવ્યું કે લાખો, હજારો લોકો માત્ર જોવા માટે આવતા હતા કે ગાંધીનગરને કેવું સજાવ્યું છે. આ વાઇબ્રન્ટ સમિટ કેવી છે એના માટે અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ સમિટના સાક્ષી બનવાનો અવસર આ સૌ સદસ્યોને મળે છે. જયારે શ્રી નરેન્દ્રભાઇએ પ્રવેશ કર્યો હતો અને જે રીતે એની સાથે યુ.એન.ના રાષ્ટ્રપતિ અને અન્ય ડેલિગેટસ તેમજ કંપનીઓના એમ.ડી.જયારે એક પછી એક આવતા હતા, કંપનીના ઓનર જયારે આવતા હતા ત્યારે આપણને એમ લાગતું હતું કે હવે આપણા ગુજરાતનું સ્વપ્નું જે શ્રી નરેન્દ્રભાઇએ જોયું હતું એ પૂરું થવા જઇ રહ્યું છે અને એવી જ રીતે અહીં આપણા નાણામંત્રીશ્રી જે રૂપિયા ફાળવે છે તેનો પ્રત્યેક રીતે ઉપયોગ કેવી રીતે કરવો એવી રીતે દેશના નાણામંત્રીશ્રીએ અહીંયા સંભાવનાઓ વ્યકત કરી છે કે આ દેશનું ભારત સરકારનું, આવનારા વર્ષ ૨૦૨૭-૨૮ સુધી ત્રીજા નંબરની વૈશ્વિક ઇકોનોમી બનવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે અને તે આ સમિટની અંદર વ્યકત કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કેટલાક words મને યાદ આવે છે the most prestigious investors summit in the world today said by Mukesh Ambani. મુકેશ અંબાણીજીએ કહ્યું છે મને ગુજરાતી હોવાનું ગર્વ છે ત્યારે આપણી પણ છાતી ગદગદ ફૂલે કે આવી સમિટ આપણા આંગણે થઇ રહી છે. ટાટા ગ્રુપે સેમી કન્ડકટરનો પ્લાન્ટ આ જ વર્ષે ધોલેરાની અંદર સ્થાપવાની જાહેરાત કરી. અદાણી ગ્રુપે બે ટ્રિલિયન ડૉલરનું ઇન્વેસ્ટમેન્ટ કરવાની જાહેરાત આ સમિટમાં કરી છે. વર્ષ ૨૦૩૦ સુધી આપણી જે વીજળીની ખપત છે એમાં ૫૦ ટકા રિન્યુએબલ એનર્જી વર્ષ ૨૦૩૦ સુધી થશે એની જાહેરાત પણ આ સમિટમાં કરવામાં આવી.

માનનીય અધ્યક્ષશ્રી, મારુતિ સુઝુકીના અધિકારીએ પણ ગુજરાતમાં એક પ્લાન્ટ ચાલે છે અને બીજો પ્લાન્ટ નાંખવાની જાહેરાત પણ આ ગ્લોબલ સમિટમાં કરી છે. એન્ડ મિડિયા કંપનીના વાઇસ પ્રેસિડન્ટે ગિફ્ટ સિટીમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ડેટા સેન્ટર સ્થાપવાની જાહેરાત પણ આ સમિટમાં કરી છે. લૂલૂ ગ્રુપ દ્વારા વિશ્વનો સૌથી મોટો મોલ સ્થાપવાની જાહેરાત આ સમિટમાં કરી છે. એગ્રો અને ફૂડ પ્રોસેસિંગમાં રૂ.૩૨૬૫ કરોડના એમ.ઓ.યુ. થયા છે. જેની વેલ્યુ એડિશન કરી જી.ડી.પી.માં એની અસર કેવી રીતે આવી શકે એ પ્રકારની કંપનીઓના એમ.ઓ.યુ. આ સમિટમાં થયા છે. ગ્રીન હાઇડ્રોજનના ક્ષેત્રમાં રૂ.૮ લાખથી વધુના એમ.ઓ.યુ. થયા છે. જે આવનારા સમયમાં વિશ્વને ગ્રીન હાઇડ્રોજન ક્ષેત્રે લીડ કરનાર ગુજરાત થવાનું છે. રૂ.૪૮ લાખ કરોડથી વધુના એમ.ઓ.યુ.થી ફોર્થ ઇન્ડસ્ટ્રીયલ રિવોલ્યુશન આવી રહ્યું છે. આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, રોબોટિક ટૅકનૉલૉજી, વર્ચ્યુઅલ રિયાલિટી,ઓગમેન્ટ રિયાલિટી જેવા ક્ષેત્રોમાં ગુજરાત લીડ કરે એના માટેના પણ એમ.ઓ.યુ. થયા છે. મરીન ક્ષેત્રે, એરક્રાફ્ટ ક્ષેત્રે, એવિએશન ક્ષેત્રે, ઇ-કોમર્સના ક્ષેત્રે, આઇ.ટી. ક્ષેત્રે, એમ.એસ.એમ.ઇ.ના ક્ષેત્રે આ સમિટમાં એમ.ઓ.યુ. થયા છે. હમણાં જ દેશના વડાપ્રધાનશ્રીએ એક વાક્ય કહ્યું હતું કે, ''દેશ વિકાસ સાથે દેવ વિકાસ'' હમણાં જ દ્વારકામાં દેશના વડાપ્રધાનશ્રીએ કેસરી વસ્ત્રો પહેરીને સ્કૂબા ડાઇવિંગ કરવાનો સૌપ્રથમ અવસર પ્રાપ્ત કર્યો. એડવેન્ચર ટુરિઝમના એમ.ઓ.યુ. અંતર્ગત એમણે એડવેન્ચર કર્યું ત્યારે એમણે મોરપીંછ લઇ અને દરિયામાં સ્થાપના કરી ત્યારે મને રાજભા ગઢવીની ગીતની પંક્તિ યાદ આવે છે કે-

''દેવોની નગરી દ્વારકા કહેવાય, મધદરિયે બેટ જવા પુલિયા બંધાય,
નમીએ નાગેશ્વર તું કરજે સહાય, ભારતમાં જુઓ હવે ભગવો લહેરાય,
ભારતમાં જુઓ હવે ભગવો લહેરાય.
જ્ઞાનવાપીનું જ્ઞાન જગમાં ફેલાય, મનડું તો દોડી હવે મથુરામાં જાય,
પાછું ન હટાય હવે આગળ વધાય, ભારતમાં જુઓ હવે ભગવો લહેરાય,
ભારતમાં જુઓ હવે ભગવો લહેરાય.''

મને એમના શબ્દો યાદ આવે છે કે,''યહી સમય હૈ, સહી સમય હૈ.'' એટલા માટે ગુજરાત આ સમિટ અંતર્ગત આગળ વધી રહ્યું છે ત્યારે કેટલાય શબ્દો આપણે સાંભળ્યા છે. 'Modi is Boss.' આ એમ.ઓ.યુ. અંતર્ગત લોકો ગુજરાત આવી રહ્યા છે કારણ કે, ''સુવિધાઓનો વિશ્વાસ, પ્રગતિનો પ્રકાશ, શિક્ષણમાં પ્રગતિ, જન-જનની ઉન્નતિ, કૃષિમાં આગવી સિદ્ધિ, વેપારમાં સમૃદ્ધિ, પરિવહનમાં સુગમતા, સ્વચ્છતા અને સુંદરતા છે. એટલા માટે રાજ્યમાં વધુમાં વધુ એમ.ઓ.યુ. થઇ રહ્યા છે. માનનીય માવજીભાઇ આજે જે પ્રસ્તાવ લઇને આવ્યા છે એને મારું સંપૂર્ણ સમર્થન આપું છું, ટેકો આપું છું અને રાજ્ય સરકારને અભિનંદન પણ આપું છું.

ડો. કિરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા સાથી ધારાસભ્ય વાઇબ્રન્ટ ગુજરાતનો પ્રસ્તાવ લઇને આવ્યા છે. ગુજરાત વાઇબ્રન્ટ બને, વધુને વધુ વાઇબ્રન્ટ બને. હમણાં જ કોઇએ કહ્યું કે વિધાનસભા પણ વાઇબ્રન્ટ બની પણ હજી સુધી ધારાસભ્ય બોલે છે એનું રેકોર્ડીંગ મળતું નથી. એ મળે અને વધુ વાઇબ્રન્ટ બને એવી શુભેચ્છા. ગુજરાતનો વિકાસ થાય એમાં અમારી સંમતિ જ હોય. અમારા ઉદ્યોગ મંત્રી પાટણના છે. વાઇબ્રન્ટ સમિટમાં ખૂબ ઇન્વેસ્ટમેન્ટ થયા,

ઉદ્યોગમંત્રી પણ વાઇબ્રન્ટના હોય અને મોસાળમાં મા પીરસનારી હોય એવી વાત થઇ ત્યારે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે બનાસકાંઠા-પાટણ પછાત/બક્ષીપંચનો વિસ્તાર છે એટલે થોડું રોકાણ ઉત્તર ગુજરાત બનાસકાંઠા બાજુ પણ આવે તો મને લાગે છે કે તે વિસ્તારના શિક્ષિત યુવાનોને લાભ મળશે. આથી ઉત્તર ગુજરાતમાં કોઇ સારી ઇન્ડસ્ટ્રીઝ આવે તેવી મારી વિનંતી છે. આપણે જાણીએ છીએ કે દરરોજ ગુજરાતમાંથી બે હજારથી વધુ યુવાનો વિદેશમાં જઇ રહ્યા છે. વાઇબ્રન્ટ થકી આટલું મોટું રોકાણ થઇ રહ્યું છે તો ગુજરાતનું યુવાધન શા માટે બહાર જઇ રહ્યું છે તે આપણા માટે ચિંતાનો વિષય છે. ઉદ્યોગો સ્થાપાય તે સારી બાબત છે. રાજ્ય સરકારે જોગવાઇ પણ કરી છે કે સ્થાનિકોને રોજગારી આપવી પણ મોટા ભાગની ઇન્ડસ્ટ્રીઝ સ્થાનિક યુવાનોને રોજગારી આપતા નથી. બહારનાં રાજ્યોમાંથી કે બીજા કર્મચારીઓને નોકરીઓ આપે છે તેના લીધે સ્થાનિક લોકોને રોજગારી મળવાનો ઉદ્ધેશ બર આવતો નથી એટલે માનનીય મંત્રીને વિનંતી છે કે આ બાબત વિશે વિચારણા કરવામાં આવે. એમ.એસ.એમ.ઇ. એક્ટ બહુ સારો કાયદો છે પરંતુ તેની અંદર એવી જોગવાઇ છે કે કોઇ પણ ઇન્ડસ્ટ્રીઝ ચાલુ કરવી હોય તો તેમાં માલિકની જમીન હોવી જોઇએ. દરેક ખેડૂત પોતાની જમીનમાં ઇન્ડસ્ટ્રીઝ ચાલુ કરવા માટે સક્ષમ હોતો નથી એટલે ભાડાપટે આપી શકે અને તે માટે એન.એ. કે બીજી પરમિશન મળે તેના માટે મેં રજૂઆત કરી છે. આના લીધે બે ફાયદા થશે. ખેડૂતને જમીનનું યોગ્ય ભાડું મળશે અને ઇન્ડસ્ટ્રીઝને પણ પ્રોત્સાહન મળશે એટલે આ સ્વીકારવામાં આવે. અમે આ પ્રસ્તાવનું સમર્થન કરીએ છીએ.

શ્રી બળવંતસિંહ રાજપૂત(ઉદ્યોગમંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, અમારા બહુ એક્ટિવ ધાનેરાના લોકપ્રિય મુરબ્બી શ્રી માવજીભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે તે સંકલ્પમાં ચર્ચા કરવા માટે આદરણીય ધારાસભ્ય શ્રી રમેશભાઇ, શ્રી મહેશભાઇ, શ્રી પ્રવિણભાઇ, અમારા દંડક શ્રી રમણભાઇ અને ડૉ. કિરીટભાઇ સૌએ ચર્ચામાં ભાગ લઇને સમર્થન કર્યું છે તે જ પ્રત્યક્ષ રીતે બતાવે છે કે ગુજરાત આજે વિકાસ તરફ આગળ વધી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૩માં રોપવામાં આવેલ એક નાનાકડું બીજ આજે વટવૃક્ષ બની ગયું છે તે માત્ર વાતોથી નહીં પણ ગુજરાતની પ્રગતિ આજે પ્રત્યક્ષ રીતે દર્શાવી રહી છે. વર્ષ ૨૦૦૩માં માત્ર ૩ હજાર ચોરસમીટરથી શરૂઆત કરી હતી. ૧૨૫ વિદેશી ડેલિગેટ્સ અને રૂ.૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા. દસ વાઇબ્રન્ટ પૂરી થયા પછી ગુજરાતનો નકશો બદલાઇ ગયો. આ દસેય વાઇબ્રન્ટમાં જો કોઇનો સૌથી મોટો ફાળો રહ્યો હોય તો તે ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના દેશના વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનો રહ્યો છે. આ ગુજરાતનો જે વિકાસ છે એ સમગ્ર ભારતમાં ૩૩ ટકાથી પણ વધારે છે. આટલો બધો વિકાસ કરવાની કોઇની તાકાત હોય તો એ આજે ગુજરાત કરે છે. આ આપણા સૌ માટે ગૌરવની વાત છે. ઉત્પાદનની વાત કરીએ તો ૧૮ ટકાથી વધારે જો કોઇ ઉત્પાદન કરતું હોય તો એ આજે ગુજરાત કરી રહ્યું છે. ૧૧ ટકા જેટલી ફેક્ટરીઓ ગુજરાતમાં આવેલી છે. એના કારણે સમગ્ર ભારતમાં ગુજરાતનો ફાળો જી.ડી.પી. નો દર ૮.૪ ટકા છે. આ આપણા ગુજરાતની ગૌરવ લેવા માટેની સૌથી મોટી વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં માનનીય ડો.કિરીટભાઇ વાત કરતા હતા એટલા માટે હું ગુજરાતની વાત કરું છું. રોજગારી માટે સમગ્ર ભારતમાં ગુજરાતનો દર ૪.૨ ટકા હોય ત્યારે ગુજરાત છેલ્લાં વીસ વર્ષથી સૌથી વધુ રોજગારી આપનારું રાજ્ય બન્યું છે. મને જણાવતાં આનંદ થાય છે કે આપણે ૨.૨ની સ્થિતિએ હતા અને જ્યારે આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે શરૂઆત કરી ત્યારે આપણે આજે ૧.૭ સુધી પહોંચ્યા છીએ એ જ ગુજરાતની સૌથી મોટી સિદ્ધિ બતાવે છે. સ્ટાર્ટઅપમાં અને લૉજિસ્ટિકમાં આપણે નંબર વન છીએ. આપણે ૮૫ ટકાથી વધારે લોકોને રોજગારી આપી રહ્યા છીએ. સીધા મૂડીરોકાણમાં ગુજરાત આજે ત્રીજા નંબરે છે. દુનિયાની ઉત્પાદન ક્ષેત્રે પાંચસો કંપીનીઓ પૈકી સો કંપનીઓ ગુજરાતમાં છે એ આપણા સૌ માટે ગૌરવની વાત છે. ૧૬ લાખથી પણ વધારે નાના ઉદ્યોગો છે. આજે આપણે ૯૧ લાખથી વધારે લોકોને રોજગારી આપી રહ્યા છીએ. જુદા-જુદા ૨૦ સેક્ટરોમાં આપણે અનેક પ્રકારની નીતિઓ બનાવીને આગળ વધ્યા છીએ.

**માનનીય અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

માનનીય અધ્યક્ષશ્રી, મારે કહેવું છે કે ભારતનું ગ્રોથ એન્જિન ગુજરાત છે. ગુજરાતે જે પ્રમાણે વિકાસની શરૂઆત કરી અને વિકાસનું મોડલ બન્યું એ જોઇને અનેક રાજ્યોએ એ તરફ વિકાસની શરૂઆત કરી. આજે ગુજરાત અનેક ક્ષેત્રે સિદ્ધિઓ થકી આગળ જઇ રહ્યું છે. છેલ્લાં ૨૦ વર્ષમાં ૫૫ મિલિયન યુ. એસ. ડોલર અને એનાથી પણ વધારે એફ. ડી. આઇ. થકી ગુજરાતમાં પ્રત્યક્ષ વ્યક્તિની આવક રૂ.૧૮,૩૯૨/-થી વધીને રૂ.૨,૭૩,૦૦૦/-થઇ છે. ગિફ્ટ સિટી થકી સિંગાપુર અને દુબઇની જો કોઇ હરીફાઇ કરતું હોય તો એ ગુજરાત કરે છે એ પણ આપણા માટે ગૌરવની વાત છે. ધોલેરા આપણા સૌ માટે ગૌરવ લેવા જેવી બાબત છે. ધોલેરામાં અનેક પ્રકારની મોટી કંપનીઓ આવવાની છે. ટાટા કંપનીએ હમણાં રૂ.૪૦,૦૦૦/- કરોડનું રોકાણ કર્યું છે. આપણે ત્યાં અનેક પ્રકારના પાર્ક થયા છે. પી. એમ. મિત્ર પાર્ક હોય, ડાયમંડ બુશ પાર્ક હોય, મેડિકલ ડિવાઇઝન પાર્ક હોય, સિરામિક પાર્ક હોય. આવા અનેક પ્રકારના સ્માર્ટ પાર્ક બનાવીએ છીએ. સ્માર્ટની સાથે-સાથે કોમન ફેસિલિટી ડેવલપ થાય એ પ્રકારની વ્યવસ્થા આપણે કરી રહ્યા છીએ.એ જ ગુજરાતની સૌથી મોટી સિદ્ધિ છે. એના કારણે આવનારા સમયમાં ગુજરાત અનેક ક્ષેત્રે આગળ વધવાનું છે. જયારે આપણા ત્યાં ૧૦મી વાઇબ્રન્ટ ગુજરાત સમિટ થઇ ત્યારે એમ કહી શકાય કે ગુજરાતમાં કંઇક નવીનતા થાય.

## તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
## છેલ્લા દિવસનો પ્રસ્તાવ (નિયમ–૧૦૨)

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે અને ગુજરાતના મુખ્યમંત્રીશ્રી આદરણીય શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે, ગુજરાત રાજ્યના નાના જિલ્લાઓમાં જઇને વન પ્રોડક્ટ, વન ડિસ્ટ્રિક્ટ થકી ત્યાં પણ લોકો પ્રોત્સાહિત થાય એ પ્રકારની વ્યવસ્થા માટેના પ્રયત્નો કર્યા. એ આંકડા બતાવતા મને આનંદ થાય છે કે, આજે જિલ્લાઓમાં અનેક લોકોએ રૂ.૪૫,૦૦૦/– કરોડથી વધારે રકમના એમ.ઓ.યુ. કર્યા. આપણે દરેક ડિસ્ટ્રિક્ટમાં ગયા છીએ. આપણે બનાસકાંઠા જિલ્લામાં જોયું કે એક જ દિવસમાં કલ્પી ના શકાય એટલા રૂ.૩૦૦૦/– કે રૂ.૩૨૦૦/– કરોડના એમ.ઓ.યુ. થયા હતા. આજે ગુજરાત રાજ્યનો કોઇ જિલ્લો વિકાસથી વંચિત ન રહી જાય એ પ્રકારની વ્યવસ્થા ઊભી થઇ છે. ગુજરાત રાજ્યમાં એવી પૉલિસી છે કે ગુજરાતના દરેક તાલુકાનો વિકાસ થાય. જે તાલુકાનો વિકાસ થયો છે એને આપણે ઓછી વ્યાજ સહાયથી માંડીને અનેક પ્રવૃત્તિઓ કરીએ છીએ અને જે તાલુકાનો વિકાસ થયો નથી ત્યાં વધારે ડેવલપમેન્ટ કરીને આજે આપણે ચાલી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વખતની વાઇબ્રન્ટ ગુજરાત સમિટમાં સૌથી મોટી બાબત દુનિયાએ જોઇ કે આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ અહીંયા હાજર હતા. સમિટમાં ૪ દેશોના વડાઓ આવ્યા. ૪૦ દેશોના મંત્રીશ્રીઓ આવ્યા. ૧૪૦થી વધારે દેશોનું પ્રતિનિધિમંડળ આવ્યું અને ૬૧,૦૦૦થી વધારે મુલાકાતીઓએ સમિટમાં ભાગ લીધો. ૩૫ દેશોના લોકો આપણી સાથે ભાગીદારીમાં જોડાયા. ૩૬ દેશોના ૧૩ રાજ્યોમાં સૅમિનારો યોજાયા. સમગ્ર રીતે એમ કહી શકાય કે વર્ષ ૨૦૨૪માં આપણને કલ્પના ન આવે કે રૂ.૪૫ લાખ કરોડના ૯૮૯૬૪ એમ.ઓ.યુ આખા ભારત દેશમાં સૌથી વધારે થયા હોય તો ગુજરાત રાજ્યમાં થયા છે. એના કારણે ૮૧,૦૦,૦૦૦ લોકોને નવી રોજગારી પ્રાપ્ત થવાની છે. આજે ૭૫થી વધારે બી ટુ બીની બેઠકો યોજાઇ. નાના ઉદ્યોગોને વિકસાવવા માટેની ઉત્તમ તકો પ્રાપ્ત થાય એ પ્રકારની વ્યવસ્થા કરી. ૧,૩૧,૯૩૪ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું. આ સૌથી મોટી સિદ્ધિ છે. આટલા મોટા પ્રમાણમાં લોકોએ ઓનલાઇન રજિસ્ટ્રેશન કરાવ્યું અને એમાં હાજર રહ્યા. એમાં ૩૫૦૦થી વધારે ઇન્ટરનેશનલ ડેલિગેટો પણ સહભાગી બન્યા. આ વખતે આપણા ત્યાં જે એમ.ઓ.યું. થયા છે તે એ પ્રકારના થયા છે કે ગ્રીન હાઇડ્રોજન હોય, બાયો ટૅકનોલોજી હોય, ઇલેકટ્રિક મૉનિટ્રિટ હોય, એ.આઇ. હોય, રોબેટિક્સ હોય, ડ્રોન હોય, થ્રીડી પ્રિન્ટિંગ હોય કે સેમિ કન્ડકટર હોય, દુનિયામાં એવું કહેવાય છે કે સેમિકન્ડકટર આખા વિશ્વમાં પાંચ જ દેશોમાં છે. એટલે કલ્પી ના શકાય કે, આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ અમેરિકા ગયા અને એમણે ઇચ્છા વ્યકત કરી અને દુનિયામાં બધા જ લોકો સમજી શકે કે ગુજરાત એક એવું રાજ્ય હતું કે જેણે ૬ દિવસમાં જમીન આપી, ૯૦ દિવસમાં ખાતમુહૂર્ત થયું અને ૧૮ મહિનામાં ફેક્ટરી ચાલુ થઇ જશે. આ ગુજરાત રાજ્યનો અદભૂત વિકાસ છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ગુજરાત રાજ્ય ખૂબ ઝડપથી આગળ ચાલી રહ્યું છે. ખાસ કરીને, મારે કહેવું છે કે ગુજરાત રાજ્ય એ ૫૦ ટકાથી વધારે ગ્રીન ગ્રોથ એમ.ઓ.યુ. કર્યા છે. આવનારા સમયમાં ગુજરાત રાજ્ય અનેક રાજ્યોને પોતાની સાથે જોડીને આજે આપણી જે કલ્પના છે કે આવનારા સમયમાં ગુજરાતના વિકાસફાળાનો માત્ર ભારતમાં જ નહીં પણ દુનિયામાં ડંકો વાગે, એ પ્રકારની વ્યવસ્થા ચાલી રહી છે. આજે મને એક વાત જણાવતાં આનંદ થાય છે કે, આપણા વડાપ્રધાન માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબની હંમેશા દીર્ઘદ્રષ્ટિ છે.આજે ૨૫ વર્ષનો ગ્રોથ, આત્મનિર્ભર ભારત. આ આત્મનિર્ભર ભારતનો અર્થ સાચા અર્થમાં સમજીએ તો આ દેશમાં ટાંકણીથી માંડીને એમ કહી શકાય કે અણુબોંબ અહીં બેઠા બેઠા દુનિયાના કોઇપણ ખૂણે મોકલી શકીએ એવી તાકાત કોઇ દેશમાં હોય તો આજે ભારત બનાવવાનું છે. એને આપણે આત્મનિર્ભર કહી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : દુનિયાના સેટેલાઇટ મૂકવા માટેનું કામ પણ સરકાર કરી રહી છે એ રીતે માનનીય મંત્રીશ્રી બહુ ઉત્સાહપૂર્વક વાત કરી રહ્યા છે. અભિનંદન.

શ્રી બળવંતસિંહ રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, એ પણ મારા મુદ્દા છે. મારો કહેવાનો મુદ્દો એ છે કે આ દેશની અંદર આપણે આત્મનિર્ભર આપણે બનીએ એ પ્રકારે આપણો ૨૫ વર્ષનો મેપ છે. આપણા વડાપ્રધાન સાહેબ જયારે હતા ત્યારે આપણે ૧૧માં નંબરે હતા. આજે દુનિયામાં આપણે પાંચમાં નંબરે છીએ. હવે ત્રીજા નંબરે પહોંચવા માટે, પહેલા માનનીય અધ્યક્ષશ્રી, શસ્ત્રોથી યુદ્ધ થતું હતું. આજે જમાનો બદલાયો છે. ઇકોનોમીથી યુદ્ધ થાય છે. ઇકોનોમીથી યુદ્ધ થતું હોય ત્યારે આપણે ત્રીજા નંબરે આપણે વર્ષ ૨૦૪૭ સુધીમાં પહોંચવાના છીએ, એનો મેપ પણ આપણો તૈયાર થઇ ગયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એમ કહી શકાય કે ગુજરાત એક એવું પહેલું રાજ્ય છે કે પોતાનો ૨૫ વર્ષનો મેપ તૈયાર કર્યો છે. ગુજરાત એક એવું પહેલું રાજ્ય છે કે એણે પણ ૨૫ વર્ષની અંદર અનેક પ્રકારની વાત કરી છે. આપણો પણ જી.એસ.ડી.પી. સાડા ત્રણ ટ્રિલિયન યુ.એસ.ડોલર ગુજરાત વર્ષ ૨૦૪૭ સુધીમાં કરવાનું છે. એની માથાદીઠ આવક ૩૮થી ૪૩ હજાર યુ.એસ. ડોલર. એટલે કલ્પના કરીએ તો ૧૨ મહિનાની અંદર આપણી માથાદીઠ આવક રૂ.૩૦ લાખથી વધારે, આપણા રૂપિયામાં એ

વખતે તો કઇ પ્રકારનું હશે, તો આપણે એમ કહી શકાય આ રીતે થવાનું છે. આપણે રોજગારી આપવામાં જે હાલ આપણી નારી શક્તિ ૪ર ટકા છે એને ૭૫ ટકા કેવી રીતે કરી શકાય, એ પ્રકારનો ગુજરાત સરકારે મેપ બનાવ્યો છે. આજે ગુજરાત સરકારના આદરણીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબે એ પ્રકારની વ્યવસ્થા ગુજરાતમાં ડેવલપ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપ જેમ કહેતા હતા એમ ચરખાથી ચંદ્રયાન, વેદથી ઉપગ્રહની કલ્પનાને સાકાર કરવા માટે વર્ષ ર૦૪૭માં જયારે આ દેશની આઝાદીને ૧૦૦ વર્ષ પૂરાં થશે ત્યારે ભારત વિકસિત દેશ બને. જેમ પહેલા આપણે વિશ્વગુરુ હતા. જે પ્રકારે વિશ્વમાં ભારત દેશ એ સોનાની ચિડિયા કહેવાતો હતો, એ પ્રકારે ફરીથી એ વ્યવસ્થા પણ આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે પ્રકારની વ્યવસ્થા કરી છે એ પ્રકારે થવાની છે.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં એ વાતનો આનંદ છે કે ગુજરાતમાં હમણા જેમ કહેવામાં આવતું હતું. માનનીય ડો.કિરીટભાઇ કહેતા હતા. સાહેબ, સરખો વિકાસ થાય. પાટણમાં પણ મને જે કહ્યું કે આપણે પણ રૂ.૩૭૪૪ કરોડના એમ.ઓ.યુ. કરીને ૭૮૦ પ્રોજેકટ ડેવલપમેન્ટ કર્યા છે. ઉત્તર ગુજરાતમાં વધુમાં વધુ જી. આઇ. ડી. સી.નું ડેવલપમેન્ટ આપણે કર્યું છે, ત્યારે હું આપ સૌને વિનંતી કરું છું કે આપ સૌ જાણો છો કે ગુજરાતનો વિકાસ, ગુજરાતનું મોડલ અને આવનાર સમયનું ભારત. ભારતની પહેલા વિદેશમાં જે પરિસ્થિતિ હતી. કદાચ બધા ફોરેન જતા હશો ત્યારે અને આજની પરિસ્થિતિ છે, તેમાં આના કારણે અનેક ફેરફારો આવ્યા છે ત્યારે આવી સરસ વાઇબ્રન્ટની વ્યવસ્થા, આજની સ્થિતિ, આપણી પોલિસીઓ, આપણી ઝડપી કામગીરી અને જે પ્રકારે આપણે બધાએ સાથે મળીને ૧૦મી વાઇબ્રન્ટ ગુજરાત સમિટને જે લોકોએ સફળ બનાવી છે તેવા તમામ અધિકારીઓ, પદાધિકારીઓ, જેમણે જેમણે આમાં મોટામાં મોટો સહયોગ કર્યો છે, એ બધાને હું દિલથી બિરદાવું છું અને અભિનંદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, એક વાત ચોક્કસ કહીશ. જે મારા દિલની વાત છે. આપણા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબનું જે સ્વપ્ન છે. ''વસુધૈવ કુટુંબકમ્'' આખા વિશ્વને જયારે આપણે એક પરિવાર સમજતા હોઇએ. આખા વિશ્વને જયારે આપણે સાથે લઇને ચાલવાની વાત કરતા હોઇએ, ત્યારે હું એમ કહું કે સાહેબની જે લાગણી છે, જે ભાવના છે. મેં અનેક પ્રકારે સાહેબ જોડે અનેક રીતે કામ કર્યું છે. આપણો જે મેપ છે, આપણી જે પરિસ્થિતિ છે, કદાચ ઘણા બધા મિત્રો વારાફરતી બોલે પણ હું વિદેશોમાં બહુ ફર્યો છું.

સાહેબ, પહેલાં આપણે જેટલું ભાડું આપતા હોઇએ અને એસ.ટી.માં બેઠા હોઇએ, ફરવા ગયા હોઇએ, છેલ્લો રૂમ આપે, પહેલાં ભારત માટે જોવાની સ્થિતિ જુદી હતી, આજે એ બધું બદલાઇ ગયું છે. બે દેશ યુદ્ધ કરતા હોય અને ભારત એમ કહે કે યુદ્ધ બંધ કરી દેવાનું છે તો યુદ્ધ બંધ કરે, ર૦ હજાર વિદ્યાર્થીઓ ભારતમાતાનો ઝંડો લઇને નીકળે, એની સાથે પાકિસ્તાનવાળા પણ નીકળે, લોકો સેલ્યુટ મારીને જવા દે એટલી તાકાત આપણી વિશ્વની અંદર બની છે. માત્ર હું તો એટલું જ કહું કે આપણે જેમ માતાજીને માનીએ એમ સાહેબની લાગણીમાં હું તો કહું કે યા દેવી સર્વસ્વ ભૂતેષુ..

અધ્યક્ષશ્રી : યા દેવી સર્વ ભૂતેષુ શકિત રૂપેણ સંસ્થિતા, નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ.

શ્રી બળવંતસિંહ રાજપૂત : સાહેબ, દરેકનું કુટુંબ વિશ્વ કુટુંબ ગણીને ચાલ્યા છીએ ત્યારે આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીસાહેબ જે પ્રમાણે ચાલે છે, આપણા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબ ચાલે છે એમ આપણે બધાનું કલ્યાણ થાય, બધા આગળ વધે એ પ્રકારની વ્યવસ્થામાં ગુજરાત મોખરે રહે એ વાત સાથે મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય વાઇબ્રન્ટ મંત્રીશ્રીની વાઇબ્રન્ટ પ્રસ્તાવની ચર્ચા અહીંયા પૂર્ણ થાય છે.

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

સચિવશ્રીઃ માનનીય અધ્યક્ષશ્રી, હું જેના લેખિત જવાબો સત્ર દરમ્યાન મળ્યા છે પણ સમયના અભાવે સભ્યશ્રીને મોકલી શકાયા નથી તેવા ર૮ અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો નિયમ ૮૭-ક અન્વયે સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

અધ્યક્ષશ્રી : અતારાંકિત પ્રશ્નો અને તેના જવાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

### પ્રોટોકોલ પ્રભાગ દ્વારા મુલાકાતીઓના સરભરા ખર્ચની ચૂકવણી

અતારાંકિતઃ ૧૪૩ર (૦૮-૧૧-ર૦ર૩) **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર): **માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

(૧) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૬/૧ર/૧૯૯૬ અને તા. ૩૦/૦૮/ર૦૦૩ના ઠરાવ અન્વયે માન. મંત્રીશ્રીઓના કાર્યાલય ખાતે સરકારી સમારંભ / બેઠકોમાં તેમજ માન. મંત્રીશ્રીઓના મુલાકાતીઓ માટે ચા, કોફી, ઠંડા પીણા, હળવા નાસ્તા તથા ભોજન બિલોની ચૂકવણી અંગેની વ્યવસ્થા સંબંધિત વિભાગો દ્વારા કરવાની થાય છે તે અન્વયે તા. ૩૧/૧૦/ર૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં માસવાર પ્રોટોકોલ પ્રભાગ કે તેના તાબા હેઠળની કચેરી દ્વારા કયા મંત્રીશ્રી / રાજ્યકક્ષાનાં મંત્રીશ્રીના કાર્યાલયના કેટલી રકમના બિલની ચૂકવણી કોને કરવામાં આવે, અને

(ર) ઉક્ત રકમ બજેટના કયા હેડ હેઠળ ઉધારવામાં આવી ?

**પ્રોટોકોલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) **:** (૦૬-૧ર-ર૦ર૩)

## તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪

## સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

(૧) માન. મંત્રીશ્રીઓના કાર્યાલય ખાતે સરકારી સમારંભ/બેઠકોમાં તેમજ માન. મંત્રીશ્રીઓના મુલાકાતીઓ માટે ચા, કોફી, ઠંડા પીણા, હળવા નાસ્તા તથા ભોજન બિલોની ચૂકવણી અંગે તા. ૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં પ્રોટોકોલ પ્રભાગ કે તેના તાબા હેઠળની કચેરી દ્વારા મંત્રીશ્રી/રાજ્યકક્ષાનાં મંત્રીશ્રીના કાર્યાલય માટે કોઇ ચૂકવણું કરવામાં આવેલ નથી.

(૨) બજેટ હેડનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

--------

**રાજ્યમાં ઈંડાનું ઉત્પાદન**

અતારાંકિતઃ ૧૩૬૯ (૧૬-૧૨-૨૦૨૩) **શ્રી દિનેશભાઈ ઠાકોર** (ચાણસ્મા): **માનનીય પશુપાલન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ઈંડાનું કેટલું ઉત્પાદન થયું, અને

(૨) ઉક્ત વર્ષવાર ઈંડાનું ઉત્પાદન ઘટ્યું હોય તો તેના કારણો શા છે ?

**પશુપાલન મંત્રીશ્રી :** (૧૫-૦૨-૨૦૨૪)

(૧) તા.૩૦/૦૯/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ઈંડા ઉત્પાદન નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | ઈંડા ઉત્પાદન (લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૨૦-૨૧ | ૧૯૩૧૯ |
| ૨ | ૨૦૨૧-૨૨ | ૧૯૪૯૪ |
| ૩ | ૨૦૨૨-૨૩ | ૧૮૭૯૦ |

(૨) વર્ષ ૨૦૨૧-૨૨ની સરખામણીમાં વર્ષ-૨૦૨૨-૨૩માં ઈંડા આપતી મરઘાઓની વસ્તીમાં ૨.૧૦% ઘટાડો નોંધાયેલ હોવાથી વર્ષ-૨૦૨૨-૨૩માં ઈંડા ઉત્પાદનમાં ઘટાડો નોંધાયેલ છે.

--------

**રાજ્યમાં હોસ્પિટલોમાં ઓક્સિજન પ્લાન્ટ બાબત**

અતારાંકિતઃ ૨૧૭ (૧૬-૦૫-૨૦૨૩) **શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા** (પોરબંદર): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યની કઈ સરકારી હોસ્પિટલોમાં કેટલી કેપેસિટીનો, કઈ કંપની દ્વારા, કેટલા ખર્ચે ઓક્સિજન પ્લાન્ટ સ્થાપવામાં આવ્યા,

(૨) ઉક્ત પ્લાન્ટવાર ઓએન્ડએમ અને વોરંટી કેટલા વર્ષની લેવામાં આવેલ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત કયા-કયા પ્લાન્ટ કાર્યરત છે અને કયા-કયા પ્લાન્ટ કયા કારણોસર ક્યારથી બંધ છે ?

**આરોગ્ય મંત્રીશ્રી:** (૧૭-૦૨-૨૦૨૪)

(૧) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યની સરકારી હોસ્પિટલોમાં સ્થાપિત ઓક્સિજન પ્લાન્ટસની માહિતીનું *પત્રક-અ સામેલ છે.

(૨) પ્લાન્ટવાર ઓએન્ડએમ અને વોરંટી અંગેની માહિતીનું *પત્રક-અ સામેલ છે.

(૩) તા.૩૧-૦૩-૨૦૨૩ની સ્થિતિએ કાર્યરત પ્લાન્ટ અને બંધ પ્લાન્ટની માહિતીનું પત્રક-અ સામેલ છે.

(*પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

--------

**રાજ્યમાં સરકારી હોસ્પિટલોમાં બેડની સુવિધા**

અતારાંકિતઃ ૧૦૬૮ (૧૭-૧૦-૨૦૨૩) **ડૉ. તુષાર ચૌધરી** (ખેડબ્રહ્મા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી હોસ્પિટલો આવેલી છે,

(૨) ઉક્ત હોસ્પિટલોવાર કેટલા બેડ છે,

(૩) ઉક્ત હોસ્પિટલોવાર કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે, અને

(૪) તે ક્યાં સુધી વધારવામાં આવનાર છે ?

**આરોગ્ય મંત્રીશ્રી :** (૦૫-૦૨-૨૦૨૪)

(૧) રાજ્યમાં જિલ્લાવાર કુલ-૯૫ હોસ્પિટલો છે.

(૨) પત્રક-અ મુજબ

(૩) પત્રક-અ મુજબ

(૪) પત્રક-અ મુજબ

**પત્રક-અ**

**રાજ્યની સરકારી હોસ્પિટલોમાં બેડની સુવિધા**

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | ઉક્ત હોસ્પિટલમાં કેટલા બેડ છે. | કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે. | તે ક્યાં સુધી વધારવામાં આવશે ? |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | સરકારી હોસ્પિટલ સિંગરવા | ૧૫૦ | ૦ | - |
| ૨ | અમદાવાદ | સરકારી હોસ્પિટલ ધંધુકા | ૧૦૦ | ૦ | - |
| ૩ | અમદાવાદ | રૂક્ષ્મણીબેન સરકારી હોસ્પિટલ ખોખરા | ૧૦૦ | ૦ | - |
| ૪ | અમદાવાદ | જનરલ હોસ્પિટલ વિરમગામ | ૫૦ | ૦ | - |
| ૫ | અમદાવાદ | માનસિક આરોગ્યની હોસ્પિટલ અમદાવાદ | ૩૯૨ | ૦ | - |
| ૬ | અમદાવાદ | સિવિલ હોસ્પિટલ અમદાવાદ | ૩૨૦૦ | ૦ | - |
| ૭ | અમદાવાદ | ગવર્મેન્ટ સ્પાઈન ઈન્સ્ટીટ્યુટ અને ફીઝીયોથેરાપી કોલેજ, અમદાવાદ | ૮૦ | ૦ | - |
| ૮ | અમદાવાદ | એમ એન્ડ જે ઈન્સ્ટીટ્યુટ ઓફ ઓપ્થલ્મોલોજી, અમદાવાદ | ૨૫૦ | ૦ | - |
| ૯ | અમદાવાદ | સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, અમદાવાદ | ૨૨ | ૦ | - |
| ૧૦ | આણંદ | જનરલ હોસ્પિટલ આણંદ | ૧૦૦ | ૦ | - |
| ૧૧ | આણંદ | એસ. એસ. હોસ્પિટલ પેટલાદ | ૧૧૯ | ૦ | - |
| ૧૨ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ સુરેન્દ્રનગર | ૧૫૦ | ૦ | - |
| ૧૩ | સુરેન્દ્રનગર | સરકારી હોસ્પિટલ ધ્રાંગધ્રા | ૮૦ | ૦ | - |
| ૧૪ | સુરેન્દ્રનગર | જનરલ હોસ્પિટલ લિંબડી | ૨૧૨ | ૦ | - |
| ૧૫ | ખેડા | જનરલ હોસ્પિટલ નડીયાદ | ૨૩૦ | ૦ | - |
| ૧૬ | ખેડા | જનરલ હોસ્પિટલ ખેડા | ૧૫૦ | ૦ | - |
| ૧૭ | ખેડા | જનરલ હોસ્પિટલ ડાકોર | ૧૦૦ | ૦ | - |
| ૧૮ | ગાંધીનગર | જનરલ હોસ્પિટલ માણસા | ૧૫૭ | ૦ | - |
| ૧૯ | મહેસાણા | જનરલ હોસ્પિટલ મહેસાણા | ૨૪૩ | ૦ | - |
| ૨૦ | મહેસાણા | કોટેજ હોસ્પિટલ ઉંઝા | ૧૦૦ | ૦ | - |
| ૨૧ | મહેસાણા | સરકારી હોસ્પિટલ વિસનગર | ૧૫૭ | ૦ | - |
| ૨૨ | મહેસાણા | સરકારી હોસ્પિટલ કડી | ૫૦ | ૦ | - |
| ૨૩ | મહેસાણા | સરકારી હોસ્પિટલ વિજાપુર | ૧૦૦ | ૦ | - |
| ૨૪ | પાટણ | જનરલ હોસ્પિટલ સિદ્ધપુર | ૧૫૦ | ૦ | - |
| ૨૫ | પાટણ | જનરલ હોસ્પિટલ રાધનપુર | ૧૦૦ | ૦ | - |
| ૨૬ | બનાસકાંઠા | સરકારી હોસ્પિટલ ડીસા | ૧૫૦ | ૦ | - |
| ૨૭ | બનાસકાંઠા | સરકારી હોસ્પિટલ થરાદ | ૧૫૦ | ૦ | - |
| ૨૮ | બનાસકાંઠા | આદ્યશક્તિ જનરલ હોસ્પિટલ અંબાજી | ૧૦૦ | ૦ | - |
| ૨૯ | બનાસકાંઠા | જનરલ હોસ્પિટલ ભાભર | ૧૦૦ | ૦ | - |
| ૩૦ | અરવલ્લી | કોટેજ હોસ્પિટલ ભિલોડા | ૭૦ | ૦ | - |
| ૩૧ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ ખેડબ્રહ્મા | ૧૦૦ | ૦ | - |
| ૩૨ | સાબરકાંઠા | જનરલ હોસ્પિટલ ઈડર | ૧૫૦ | ૦ | - |
| ૩૩ | વડોદરા | જમનાબાઈ હોસ્પિટલ વડોદરા | ૨૧૩ | ૦ | - |
| ૩૪ | વડોદરા | આઈ. ડી. હોસ્પિટલ વડોદરા | ૫૦ | ૦ | - |
| ૩૫ | વડોદરા | માનસિક આરોગ્યની હોસ્પિટલ વડોદરા | ૩૦૦ | ૦ | - |
| ૩૬ | વડોદરા | એસ.એસ.જી હોસ્પિટલ, વડોદરા | ૧૫૧૩ | ૧૦૦ | વર્ષ ૨૦૨૩-૨૪ નવી બાબતમાં સમાવેશ કરેલ છે. |
| ૩૭ | દાહોદ | સરકારી હોસ્પિટલ દેવગઢબારીયા | ૧૩૪ | ૦ | - |
| ૩૮ | દાહોદ | જનરલ હોસ્પિટલ ઝાલોદ | ૧૦૦ | ૦ | - |
| ૩૯ | છોટાઉદેપુર | જનરલ હોસ્પિટલ છોટાઉદેપુર | ૧૦૦ | ૦ | - |

તા.૨૯મી ફેબ્રુઆરી, ૨૦૨૪
સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા અતારાંકિત પ્રશ્નો (૮૭-ક)

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | ઉક્ત હોસ્પિટલમાં કેટલા બેડ છે. | કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે. | તે ક્યાં સુધી વધારવામાં આવશે ? |
|---|---|---|---|---|---|
| ૪૦ | મહિસાગર | કૉટેજ હોસ્પિટલ લુણાવાડા | ૧૦૦ | ૦ | - |
| ૪૧ | પંચમહાલ | સરકારી હોસ્પિટલ સંતરામપુર | ૫૬ | ૦ | - |
| ૪૨ | પંચમહાલ | સરકારી હોસ્પિટલ હાલોલ | ૭૦ | ૦ | - |
| ૪૩ | પંચમહાલ | સરકારી હોસ્પિટલ મોરવા હડફ | ૫૦ | ૦ | - |
| ૪૪ | રાજપીપળા | જનરલ હોસ્પિટલ રાજપીપળા | ૩૩૦ | ૦ | - |
| ૪૫ | રાજપીપળા | સરકારી હોસ્પિટલ ડેડીયાપાડા | ૧૦૦ | ૦ | - |
| ૪૬ | રાજપીપળા | જનરલ હોસ્પિટલ ગરૂડેશ્વર | ૫૦ | ૦ | - |
| ૪૭ | રાજપીપળા | સરકારી હોસ્પિટલ કેવડીયા કોલોની | ૧૦૦ | ૦ | - |
| ૪૮ | ભરૂચ | જનરલ હોસ્પિટલ જંબુસર | ૫૦ | ૦ | - |
| ૪૯ | સુરત | સરકારી હોસ્પિટલ માંડવી-સુરત | ૧૦૦ | ૦ | - |
| ૫૦ | સુરત | જનરલ હોસ્પિટલ બારડોલી | ૫૦ | ૦ | - |
| ૫૧ | સુરત | સરકારી હોસ્પિટલ સુરત | ૫૦ | ૦ | - |
| ૫૨ | સુરત | નવી સિવિલ હોસ્પિટલ સુરત | ૧૨૫૦ | ૨૫૦ | વર્ષ ૨૦૨૪-૨૫ની નવી બાબતમાં સમાવેશ કરેલ છે. |
| ૫૩ | આહવા | જનરલ હોસ્પિટલ આહવા-ડાંગ | ૧૫૦ | ૦ | - |
| ૫૪ | નવસારી | જનરલ હોસ્પિટલ નવસારી | ૩૩૦ | ૦ | - |
| ૫૫ | નવસારી | કૉટેજ હોસ્પિટલ વાંસદા | ૧૦૦ | ૦ | - |
| ૫૬ | નવસારી | સરકારી હોસ્પિટલ બિલિમોરા | ૩૦ | ૨૦ | જનરલ હોસ્પિટલ બિલીમોરા ખાતે ખુટતા બેડ સહિતના નવા આધુનિક હોસ્પિટલ બિલ્ડિંગ બનાવવા માટે રૂ. ૫૦૦.૦૦ લાખની વહીવટી અને નાણાકીય મંજૂરી મળેલ છે. PIU દ્વારા કામગીરી હાથ ધરેલ છે. જે પ્રગતિમાં છે |
| ૫૭ | નવસારી | સરકારી હોસ્પિટલ ચીખલી | ૫૦ | ૦ | - |
| ૫૮ | તાપી | જનરલ હોસ્પિટલ વ્યારા | ૧૫૦ | ૦ | - |
| ૫૯ | તાપી | સરકારી હોસ્પિટલ સોનગઢ | ૫૦ | ૦ | - |
| ૬૦ | તાપી | જનરલ હોસ્પિટલ ઉચ્છલ | ૫૦ | ૦ | - |
| ૬૧ | વલસાડ | સ્ટેટ હોસ્પિટલ ધરમપુર | ૧૫૦ | ૦ | - |
| ૬૨ | વલસાડ | સરકારી હોસ્પિટલ વાપી | ૫૦ | ૦ | - |
| ૬૩ | રાજકોટ | પી. કે. હોસ્પિટલ રાજકોટ | ૧૧૫ | ૦ | - |
| ૬૪ | રાજકોટ | સરકારી હોસ્પિટલ ધોરાજી | ૫૬ | ૦ | - |
| ૬૫ | રાજકોટ | સરકારી હોસ્પિટલ ગોંડલ | ૧૫૦ | ૦ | - |
| ૬૬ | રાજકોટ | સરકારી હોસ્પિટલ જેતપુર | ૬૮ | ૦ | - |
| ૬૭ | રાજકોટ | સરકારી હોસ્પિટલ ઉપલેટા | ૫૬ | ૦ | - |
| ૬૮ | રાજકોટ | જનરલ હોસ્પિટલ જસદણ | ૫૦ | ૦ | - |
| ૬૯ | રાજકોટ | પી. ડી. પી. યુ હોસ્પિટલ, રાજકોટ | ૧૦૮૮ | ૦ | નવી MCH બિલ્ડિંગ તૈયાર છે જેનું લોકાર્પણ થયા બાદ ૫૦૦ પથારીનો MCH વિભાગ શરૂ કરવામાં આવશે. |
| ૭૦ | દેવભૂમિ દ્વારકા | જનરલ હોસ્પિટલ જામ ખંભાળીયા | ૧૫૦ | ૦ | - |
| ૭૧ | દેવભૂમિ દ્વારકા | સરકારી હોસ્પિટલ દ્વારકા | ૧૦૦ | ૦ | - |
| ૭૨ | મોરબી | જનરલ હોસ્પિટલ મોરબી | ૩૭૪ | ૦ | - |
| ૭૩ | મોરબી | સરકારી હોસ્પિટલ વાંકાનેર | ૫૦ | ૦ | - |
| ૭૪ | મોરબી | જનરલ હોસ્પિટલ હળવદ | ૧૦૦ | ૦ | - |
| ૭૫ | મોરબી | સરકારી આંખની હોસ્પિટલ મોરબી | ૧૦૦ | ૦ | - |

| ક્રમ | જિલ્લાનું નામ | હોસ્પિટલનું નામ | ઉક્ત હોસ્પિટલમાં કેટલા બેડ છે. | કેટલા બેડ વધારવાની જરૂરિયાત છે. | તે ક્યાં સુધી વધારવામાં આવશે ? |
|---|---|---|---|---|---|
| ૭૬ | પોરબંદર | જનરલ હોસ્પિટલ પોરબંદર | ૨૪૧ | ૦ | - |
| ૭૭ | કચ્છ | સરકારી હોસ્પિટલ ગાંધીધામ | ૧૨૫ | ૦ | - |
| ૭૮ | કચ્છ | સરકારી હોસ્પિટલ માંડવી-કચ્છ | ૧૦૦ | ૦ | - |
| ૭૯ | કચ્છ | જનરલ હોસ્પિટલ અંજાર | ૫૦ | ૦ | - |
| ૮૦ | કચ્છ | સરકારી હોસ્પિટલ રાપર | ૧૦૦ | ૦ | - |
| ૮૧ | કચ્છ | માનસિક આરોગ્યની હોસ્પિટલ ભૂજ | ૭૫ | ૦ | - |
| ૮૨ | જામનગર | માનસિક આરોગ્યની હોસ્પિટલ જામનગર | ૫૦ | ૦ | - |
| ૮૩ | જામનગર | જી. જી. સરકારી હોસ્પિટલ, જામનગર | ૨૦૯૮ | ૦ | - |
| ૮૪ | જામનગર | સરકારી ડેન્ટલ કોલેજ એન્ડ હોસ્પિટલ, જામનગર | ૦ | ૨૦ | અંદાજે ૧ વર્ષ સુધીમાં |
| ૮૫ | ભાવનગર | સરકારી હોસ્પિટલ પાલીતાણા | ૫૬ | ૦ | - |
| ૮૬ | ભાવનગર | જનરલ હોસ્પિટલ મહુવા | ૨૦૦ | ૦ | - |
| ૮૭ | ભાવનગર | સર. ટી હોસ્પિટલ, ભાવનગર | ૧૦૨૧ | ૦ | - |
| ૮૮ | અમરેલી | સરકારી હોસ્પિટલ સાવરકુંડલા | ૧૫૦ | ૦ | - |
| ૮૯ | અમરેલી | જનરલ હોસ્પિટલ રાજુલા | ૧૦૦ | ૦ | - |
| ૯૦ | અમરેલી | સરકારી હોસ્પિટલ લાઠી | ૫૧ | ૦ | - |
| ૯૧ | બોટાદ | જનરલ હોસ્પિટલ બોટાદ | ૧૦૦ | ૦ | - |
| ૯૨ | ગીર સોમનાથ | જનરલ હોસ્પિટલ ઉના | ૫૦ | ૦ | - |
| ૯૩ | ગીર સોમનાથ | સરકારી હોસ્પિટલ ગીર-ગઢડા | ૧૦૦ | ૦ | - |
| ૯૪ | જૂનાગઢ | જનરલ હોસ્પિટલ કેશોદ | ૫૦ | ૦ | - |
| ૯૫ | વેરાવળ | જનરલ હોસ્પિટલ વેરાવળ | ૧૫૦ | ૦ | - |

--------

**રાજ્યમાં ખાદ્યચીજોની ભેળસેળની તપાસ**

અતારાંકિતઃ ૧૧૨૬ (૧૭-૧૦-૨૦૨૩) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા): **માનનીય આરોગ્ય મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૧૫-૦૯-૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર ખાદ્ય વસ્તુઓ અને તેલમાં ભેળસેળની તપાસ કરવા કેટલા દરોડા પાડવામાં આવ્યા,

(૨) તેમાં મુખ્યત્વે કેવા પ્રકારની ભેળસેળવાળી વસ્તુઓ મળી, અને

(૩) ભેળસેળની પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા જિલ્લાવાર કેટલા ઈસમો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

